
# સમયસાર વૈભવ

ભાગ-૨







પ્રકાશક

શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ

રાજકોટ

ॐ

परमात्मने नमः।

# સમયસાર વૈભવ

શ્રી કુંદકુંદાચાર્યદેવ રચિત સમયસાર પરમાગમ ઉપર
અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
૧૫મી વખતના સળંગ અક્ષરશઃ પ્રવચન

(ભાગ-૨)

(ગાથા ૮થી ૧૩, શ્લોક ૪થી ૯, પ્રવચન-૩૦થી ૬૨)

પ્રકાશક
સ્વ. શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર
(મૂળ રહેવાસી બરવાળા ઘેલાશા, હાલ સુરત)
હ : અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ
સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ

**વિક્રમ સંવંત**
**૨૦૭૩**


**વીર સંવંત**
**૨૫૪૩**

**ઈ. સન**
**૨૦૧૭**

**પ્રકાશન**
તા. ૨૩-૩-૨૦૧૭
**પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૮૫મી સમ્યક્જયંતિ**

**પ્રાપ્તિ સ્થાન**
**જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનોને પ્રસ્તુત પુસ્તકની નકલ જોઈતી હોય તેમણે શ્રી સુધીરભાઈ શાહનો સંપર્ક કરવા વિનંતી.**
**મો. ૦૯૩૭૪૭૧૯૨૦૨**

**ટાઈપ સેટિંગ :**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧



ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दुजो भावो।
एवं भणंत्ति सुद्धंणादो जो सो दु सो चेव।।६।।

# પ્રકાશકીય નિવેદન

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રીમહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ગુણસમુદ્ર એવા આચાર્ય ભગવંતો થયા છે. તેઓએ નિજાનુભવ તથા ભગવાનની દિવ્યધ્વનિના આધારે અનેક મહાન પરમાગમોની રચના કરી, તેમ જ જન્મ-મરણના દુઃખથી મુક્ત થઈ અવિનાશી નિજાનંદ સુખ, શાંતિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનો માર્ગ પ્રકાશી, ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભગવાન મહાવીરસ્વામીના મોક્ષગમન બાદ ત્રણ કેવળી અને પાંચ શ્રુતકેવળી થયા. આચાર્યોની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યદેવની પરંપરાના કહેવરાવવામાં ગૌરવ અનુભવે છે. તેઓશ્રીને ભગવાન મહાવીરનું જ્ઞાન આચાર્યોની પરંપરાથી મળ્યું હતું, એટલું જ નહિ પણ આઠ દિવસ સુધી મહાવિદેહવાસી શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ શ્રવણ કરવાનું મહાભાગ્ય પણ તેઓશ્રીને પ્રાપ્ત થયું હતું.

પવિત્રતાના સ્વામી એવા કુંદકુંદાચાર્યદેવે અનેક કૃતિઓની રચના કરી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ પંચ પરમાગમો સહિત બીજી પણ અનેક ભવ્ય કૃતિઓની રચના કરીને જિનશાસન-સ્તંભનું કાર્ય કર્યું છે. શ્રી સમયસાર પરમાગમ તેઓશ્રીની એક અદ્વિતીય કૃતિ છે, જગતનું અદ્વિતીય ચક્ષુ છે. પાંચમી ગાથામાં તેઓશ્રી ફરમાવે છે મારા નિજ વૈભવથી હું સમયસારને કહીશ. જિનેન્દ્ર ભગવાન અને ગણધરદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતના ઉપકારીઓ દ્વારા પ્રસાદરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વક ઉપદેશથી થયો છે. નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદન છે તેનાથી પણ તેનો જન્મ થયો છે. આ સમયસાર અદ્ભુત શાસ્ત્ર છે. તેમાં પોતાનો નિજ વૈભવ બતાવ્યો છે. તેથી આ પ્રવચન ગ્રંથનું '**સમયસાર વૈભવ**' નામ આપવામાં આવ્યું છે. આવા નિર્વિકારી અતીન્દ્રિય આનંદની મહોરછાપ યુક્ત પ્રત્યેક વાક્યો ભવ્યજીવોના આત્મહિતાર્થે લખાયેલા છે.

આ મહાન પરમાગમ ઉપર શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ રચિત આત્મખ્યાતિ ટીકા ખરેખર અમૃતને રેલાવી ભવ્યજીવોને અજર-અમર પદની પ્રાપ્તિ કરાવે છે. આ દૈવી ટીકા છે. ૪૧૫ ગાથાની ટીકા કર્યા બાદ આચાર્ય ભગવાને પરિશિષ્ટની રચના કરીને સ્યાદ્વાદ અધિકાર લખ્યો તથા આત્મસ્વરૂપનો વૈભવ એવી ૪૭ શક્તિઓની રચના કરી. આથી સમયસાર પરમાગમ વૈભવથી ભરપૂર એક મહાન કૃતિ છે.

સાંપ્રત સમાજમાં આવા મહાન વૈભવયુક્ત પરમાગમની ઉપલબ્ધિ હોવા છતાં, અંતરંગ રહસ્ય ઉકેલનારું કોઈ નહોતું, તેથી મોક્ષમાર્ગ લુપ્તપ્રાયઃ થઈ ગયો હતો. મિથ્યાત્વનું ભયંકર સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે એવા દુષમકાળમાં તેવા ઘોર અજ્ઞાન-અંધકારનો નાશ કરવા તેજસ્વી સૂર્યનો ઉદય થયો. એ સૂર્ય છે-પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. ભાવિમાં સૂર્ય સમાન કીર્તિ ઉદિત થઈ ચૌદ બ્રહ્માંડમાં મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાની છે, તેની વર્તમાનમાં ઝાંખી કરાવનાર એવા તારણહાર, યુગપુરુષ, ભવ્યાત્માઓના આત્મ-હિતકર ગુરુદેવશ્રીએ દિગંબર સત્શાસ્ત્રોના રહસ્યો ઉકેલી મોક્ષમાર્ગને સ્પષ્ટ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં શબ્દોમાં કહીએ તો પાંચમા આરાના છેડા સુધી ગુરુદેવશ્રીની વાણી રહેશે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ચારે પડખેથી માર્ગને સ્પષ્ટ કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને તો શ્રુતની લબ્ધિ હતી.

સમયસાર પરમાગમ તેઓશ્રીને સ્વાનુભવ થવામાં મહાન નિમિત્ત થયું છે. તેઓશ્રીનાં પ્રત્યેક પ્રવચનોમાં કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેની સાતિશય ભક્તિ પ્રદર્શિત થાય છે. અનેક વાર પ્રવચનોમાં તેઓશ્રી કહેતાં કે અમે તો કુંદકુંદાચાર્યદેવના દાસાનુદાસ છીએ. તેઓશ્રીનાં વ્યક્તિગત સ્વાધ્યાયમાં તો તેઓશ્રીએ અનેક વાર સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય કરી અમૃતપાન પીધાં જ છે, પરંતુ નિષ્કારણ કરુણાથી ધબકતા તેઓશ્રીનાં હૃદયમાંથી મોક્ષમાર્ગ રહસ્યોદ્ઘાટક પ્રવચનધારા વહી અને જાહેરમાં ૧૯ વાર પ્રવચનો કર્યાં. અમૃત ઝરતી તેઓશ્રીની જ્ઞાન-લહેરીઓ આકાશને આંબવા જેટલી ઊંચે ઉછળતી. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી એ સામાન્ય વાણી નથી, પરંતુ મિથ્યાત્વના ભૂક્કા ઊડાવી દે તેવી ભવદુઃખ નાશ કરનારી વાણી છે. તેઓશ્રીનાં પ્રત્યેક વચન અનેક આગમોથી યુક્ત છે. અનેક આગમોના રહસ્ય તેઓશ્રીનાં પ્રત્યેક વચનોમાં ભર્યાં છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો રેકોર્ડિંગ કરવામાં આવ્યા અને જતન કરીને સાચવ્યા તેમ જ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટે તેની ડી.વી.ડી. બનાવી તેમજ અક્ષરશઃ પ્રવચનો ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ કરાવી સમાજ ઉપર જે ઉપકાર કર્યો છે તે માટે સર્વેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપલબ્ધ આશરે ૯૦૦૦ પ્રવચનોમાં સમયસાર પરમાગમ ઉપરના ૧૩મી અને ૧૫મી થી ૧૯મી વારના પ્રવચનો ઉપલબ્ધ છે. તેમાં ૧૫મી વારના પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના સુધીરભાઈ શાહ, (ડેલીવાલા) પરિવાર, સુરતને થઈ. પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ઝરેલું આ અમૃત જો પુસ્તક રૂપે થાય તો મુમુક્ષુજીવોને મહાલાભનું કારણ થાય. તેઓએ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ પાસે પોતાના વિચારો રજુ કર્યા અને વેબસાઈટ ઉપર આ પ્રવચનો સર્વ સાધારણ મુમુક્ષુજનોને ઉપલબ્ધ થાય તેવી ભાવના વ્યક્ત કરી. ટ્રસ્ટ દ્વારા તેમને સુંદર આવકાર પ્રાપ્ત થયો, સહર્ષ સ્વીકૃતિ આપી અને આ કાર્યને આગળ ધપાવવા માટે પૂરી અનુમોદના વ્યક્ત કરી. ઉક્ત ભૂમિકા સાથે ૧૫મી વખતના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય શરૂ થયું. શ્રી સમયસાર ગ્રંથના ૧૫મી વખતના કુલ ૫૯૫ પ્રવચનો છે, જે લગભગ


૨૧ ભાગમાં પૂર્ણ કરવાની ગણતરી છે.

આ પ્રવચનોના પ્રથમ ચાર ભાગ પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૮૫મી સમ્યક્ત્વ જયંતિ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી તથા ભગવતી માતાને અર્પણ કરવામાં આવી રહ્યાં છે. પ્રવચનોને કમ્પ્યુટરમાં ટાઈપ કરી આપવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રવચનોને તપાસી આપવાનું કાર્ય શ્રી સુનીલભાઈ શાહ, મુંબઈ, શ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ તથા શ્રી અતુલભાઈ જૈન, મલાડ, મુંબઈ દ્વારા કરી આપવામાં આવેલ છે. તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. દરેક સમયે માર્ગદર્શન આપવા બદલ બ્ર. હેમંતભાઈ ગાંધીનો આભાર માનીએ છીએ. અને આ પ્રવચનો વેબસાઈટ ઉપર મૂકવાની સ્વીકૃતિ આપવા બદલ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈનો પણ હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે.

આ પ્રવચનો અક્ષરશઃ છાપવાનો મૂળ ઉદ્દેશ અંગ્રેજીમાં અભ્યાસ કરનારા આજના યુવાનો પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી સહેલાઈથી સમજી શકે અને સ્વયં વારંવાર અભ્યાસ કરીને ગુરુદેવશ્રીનાં વચનના મર્મને સમજી શકે છે. પ્રવચનોને પૂર્ણ ચોકસાઈથી તથા ચીવટ રાખીને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની તૃટિ રહી જવા પામી હોય તો ધ્યાન દોરવા વિનંતી. અનાદિ કાળથી મોહાગ્નિમાં બળી રહેલા જીવોને આ પ્રવચન ગ્રંથના નિમિત્તે ભવ્ય જીવોને સમાધિ-સુખ ને શાશ્વત પરમાનંદની પ્રાપ્તિનો પંથ મળે એવી અમારી ભાવના છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપવિનાશક પ્રવચનોનો પ્રત્યેક મુમુક્ષુ લાભ લઈ આત્મહિત સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. આ પ્રવચનો Vitragvani.com ઉપર મુકવામાં આવેલ છે.

શ્રી શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર વતિ
અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ
સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ
સુરતના જય જિનેન્દ્ર



ઉપકાર તારા શું કથું, ગુણગાન તારા શું કરું?
વંદન કરું, સ્તવના કરું, તુજ ચરણસેવાને ચહું.

## સ્મરણાંજલિ





**અમારા પૂજ્ય માતા-પિતાના નિમિત્તે અમને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતાના સમાગમનો યોગ પ્રાપ્ત થયો. નાનપણથી તેમની પ્રેરણાને કારણે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવછેદક વાણી સાંભળી અને અખંડ મોક્ષમાર્ગ પ્રત્યે પ્રયત્નશીલ થવાનું બન્યું. આપે આજીવન પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય માતાજી પ્રતિ સમર્પિત રહી અમોને પણ સતત તે જ પ્રેરણા આપી અમારા ઉપર ઉપકાર કર્યો છે. સમયસાર વૈભવ પ્રકાશન નિમિત્તે આપના ઉપકારને સ્મરણમાં લઈ આપને શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ છીએ.**

કલ્પનાબેન અશ્વિનભાઈ વૃજલાલ શાહ, સુરત
પરીન્દાબેન સુધીરભાઈ વૃજલાલ શાહ, સુરત
કજરીબેન તેજસભાઈ અશ્વિનભાઈ શાહ, સુરત
સ્નેહાબેન પ્રજ્ઞેશકુમાર જયંતિભાઈ શાહ, સુરત
વિરલબેન (પ્રિયલ) રીતેશકુમાર જીતુભાઈ શાહ, દાદર
વિદેહીબેન જીગરકુમાર કમલેશભાઈ શાહ, અમદાવાદ
નિરજાબેન જીનેશકુમાર યોગેશભાઈ દેસાઈ, ભાવનગર

કુ. રુચિ, કુ. સપના, કુ. નિયતી. કુ. સુહાની, ચિ. શુભ, કુ. શ્રેયા



વૈરાગી અંતર્મુખી, મંથન પારાવાર,
જ્ઞાતાનું તળ સ્પર્શીને, કર્યો સફળ અવતાર.

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૩૦ | ૨૮–૦૮–૧૯૬૬ | ગાથા–૮ | ૦૦૧ |
| ૩૧ | ૨૯–૦૮–૧૯૬૬ | ગાથા–૮–૯ | ૦૧૪ |
| ૩૨ | ૩૦–૦૮–૧૯૬૬ | ગાથા–૯–૧૦ | ૦૨૯ |
| ૩૩ | ૩૧–૦૮–૧૯૬૬ | ગાથા–૯–૧૦ | ૦૪૩ |
| ૩૪ | ૦૧–૦૯–૧૯૬૬ | ગાથા–૧૧ | ૦૫૭ |
| ૩૫ | ૦૨–૦૯–૧૯૬૬ | ગાથા–૧૧ | ૦૭૧ |
| ૩૬ | ૦૩–૦૯–૧૯૬૬ | ગાથા–૧૧ | ૦૮૫ |
| ૩૭ | ૦૪–૦૯–૧૯૬૬ | ગાથા–૧૧–૧૨ | ૧૦૦ |
| ૩૮ | ૦૫–૦૯–૧૯૬૬ | ગાથા–૧૨ | ૧૧૬ |
| ૩૯ | ૦૬–૦૯–૧૯૬૬ | ગાથા–૧૨ | ૧૩૨ |
| ૪૦ | ૦૭–૦૯–૧૯૬૬ | ગાથા–૧૨ | ૧૪૬ |
| ૪૧ | ૦૮–૦૯–૧૯૬૬ | ગાથા–૧૨ | ૧૬૧ |
| ૪૨ | ૦૯–૦૯–૧૯૬૬ | ગાથા–૧૨ | ૧૭૫ |
| ૪૩ | ૧૦–૦૯–૧૯૬૬ | ગાથા–૧૨ | ૧૮૯ |
| ૪૪ | ૧૧–૦૯–૧૯૬૬ | ગાથા–૧૨ | ૨૦૬ |
| ૪૫ | ૧૨–૦૯–૧૯૬૬ | ગાથા–૧૨ | ૨૨૨ |
| ૪૬ | ૧૩–૦૯–૧૯૬૬ | શ્લોક–૪ | ૨૩૮ |
| ૪૭ | ૧૪–૦૯–૧૯૬૬ | શ્લોક–૪ | ૨૫૨ |
| ૪૮ | ૧૫–૦૯–૧૯૬૬ | શ્લોક–૪ | ૨૬૮ |
| ૪૯ | ૧૬–૦૯–૧૯૬૬ | શ્લોક–૫ | ૨૮૩ |

| | | | |
|---|---|---|---|
| ૫૦ | ૧૭–૦૯–૧૯૬૬ | શ્લોક–૫ | ૨૯૭ |
| ૫૧ | ૧૮–૦૯–૧૯૬૬ | શ્લોક–૫ | ૩૧૧ |
| ૫૨ | ૧૯–૦૯–૧૯૬૬ | શ્લોક–૫ | ૩૨૬ |
| ૫૩ | ૨૦–૦૯–૧૯૬૬ | શ્લોક–૭ | ૩૪૨ |
| ૫૪ | ૨૧–૦૯–૧૯૬૬ | ગાથા–૧૩ | ૩૫૭ |
| ૫૫ | ૨૨–૦૯–૧૯૬૬ | ગાથા–૧૩ | ૩૭૩ |
| ૫૬ | ૨૩–૦૯–૧૯૬૬ | ગાથા–૧૩ | ૩૮૮ |
| ૫૭ | ૨૪–૦૯–૧૯૬૬ | ગાથા–૧૩, શ્લોક–૮ | ૪૦૩ |
| ૫૮ | ૨૫–૦૯–૧૯૬૬ | શ્લોક–૮ | ૪૧૯ |
| ૫૯ | ૨૬–૦૯–૧૯૬૬ | શ્લોક–૮ | ૪૩૪ |
| ૬૦ | ૨૭–૦૯–૧૯૬૬ | શ્લોક–૮ | ૪૫૦ |
| ૬૧ | ૨૮–૦૯–૧૯૬૬ | શ્લોક–૯ | ૪૬૬ |
| ૬૨ | ૩૦–૦૯–૧૯૬૬ | શ્લોક–૯ | ૪૮૧ |

# શ્રી સમયસારજી સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી તરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# સમયસાર વૈભવ

(ભાગ-૨)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર ૧૫મી વખતના સળંગ પ્રવચનો)

**દ્વિતીય શ્રાવણ સુદ ૧૩, રવિવાર તા. ૨૮-૦૮-૬૬**
**ગાથા-૮. પ્રવચન-૩૦**

આ 'સમયસાર', જીવ-અજીવ અધિકાર ચાલે છે. એમાં સાત ગાથા ચાલી. છ અને સાતમાં એમ ચાલ્યું, એમાં શિષ્યને પ્રશ્ન ઉઠે છે. શિષ્યને આઠમી ગાથાનો પ્રશ્ન કેમ ઉઠ્યો? મહારાજ! આપ તો કહો છો કે એક આત્મા અભેદ એ જ વસ્તુ (છે). એમાં પર્યાયભેદ પણ ન લેવા અને ગુણ-ગુણી ભેદ પણ ન લેવા. સમજાય છે? એકલો જ્ઞાયક ચૈતન્ય ધ્રુવ સ્વરૂપ, એને અમે આત્મા કહીએ છીએ અને એની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. એકલો અભેદ અભેદ અભેદ તમે તો બહુ સિદ્ધ કર્યો. તો અમારો પ્રશ્ન છે કે '**જો એમ છે તો એક પરમાર્થનો જ ઉપદેશ કરવો જોઈએ;...**' અમારો પ્રશ્ન છે કે આવા અભેદનો જ એકલો ઉપદેશ દેવો જોઈએ. સમજાય છે કાંઈ?

છઠ્ઠી ગાથામાં કહ્યું કે ગુણસ્થાનભેદ, પર્યાયભેદ એમાં નથી. પછી સાતમીમાં કહ્યું કે એમાં ગુણ-ગુણીનો ભેદ પણ નથી. એક અભેદ શુદ્ધ શુદ્ધનયનો વિષય એ જ જ્ઞાયકભાવ, એ જ ધ્રુવભાવ, કારણ પરમાત્મા. એને જ તમારે આત્મા કહેવો છે તો ઈ એક જ વાત કહો ને પરમાર્થની. '**એક પરમાર્થનો...**' ભાષા છે ને? જુઓ! પાઠમાં છે. એક. '**એક પરમાર્થનો જ ઉપદેશ કરવો જોઈએ;...**' વ્યવહારનો ઉપદેશ શા માટે આપો છો? સમજાય છે કાંઈ? આપ તો પરમાર્થની વાત કરો છો કે આત્મા અભેદ એક શુદ્ધ ધ્રુવ (છે). એમાં કોઈ ગુણ-ગુણીના ભેદ નથી અને પર્યાય-ફર્યાયના ભેદ તો છે જ નહિ. એવી વાત આપ

કરો છો તો આપે એક પરમાર્થનો જ ઉપદેશ કરવો જોઈએ. સમજાય છે કાંઈ? એમ પાઠ છે ને? '**तर्हि परमार्थ एवैको वक्तव्य ति चेत्–**'. એવો પ્રશ્ન છે. 'વ્યવહાર શા માટે કહો છો?' તમારે સિદ્ધ તો અભેદ કરવો છે અને અભેદનો આશ્રય કરાવવો છે અને આપ અભેદ એ જ વસ્તુ છે એમ કહો છો. સમજાય છે કાંઈ? શિષ્યે આટલું તો પકડ્યું છે ને. એકલો પરમાર્થ જ કહેવો જોઈએ, બીજા વ્યવહારની જરૂર શું છે? સેઠી! '**વ્યવહાર શા માટે કહો છો?**' એમાંથી કાઢ્યું છે, હોં! પાઠ તો આટલો છે. '**परमार्थ एवैको**' છે ને? તો એનો અર્થ બીજા વ્યવહારનું શું કામ છે? ભાઈ! એમાંથી કાઢ્યું. સમજાય છે કાંઈ? એમાંથી કાઢ્યું છે, હોં! ઘરનું કાંઈ નથી, અર્થ કરનારે પાઠમાં છે એમાંથી (કાઢ્યું છે). '**परमार्थ एवैको**' પરમાર્થ ભગવાન આત્મા એક સમયમાં શુદ્ધ અભેદ અખંડાનંદ પ્રભુ છે તેને જ આપે કહેવો હતો. પરમાર્થ જ કહેવો હતો, વ્યવહાર શા માટે કહ્યો? '**તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે :–**' આવી જિજ્ઞાસા છે એને સમજાવવાની ગાથા છે, એમ કહે છે. સમજાય છે કાંઈ?

**जह ण वि सक्कमणज्जो अणज्जभासं विणा दु गाहेदुं।**
**तह ववहारेण विणा परमत्थुवदेसणमसक्कं ।।८।।**
**ભાષા અનાર્ય વિના ન સમજાવી શકાય અનાર્યને,**
**વ્યવહાર વિણ પરમાર્થનો ઉપદેશ એમ અશક્ય છે. ૮.**

ટીકા લેવી છે ને ટીકા સીધી? ખુબી એટલી છે કે પાઠમાં અનાર્ય શબ્દ પડ્યો છે અને 'અમૃતચંદ્રાચાર્યે' કાઢ્યો છે મ્લેચ્છ શબ્દ. સમજાય છે કાંઈ? કેમકે 'કુંદકુંદાચાર્ય' વખતે ૨૦૦૦ વર્ષ પહેલાની વાત (છે) અને લગભગ ૧૦૦૦ વર્ષ પછી 'અમૃતચંદ્રાચાર્ય' થયા. ભાષામાં પણ અહીંયાં મ્લેચ્છ ભાષા આવી.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ભગવાન કહે છે એવું અમે કહીએ છીએ. સમજાય છે કાંઈ?

અહીંયાં બીજી વાત કરે છે કે પહેલા ભાષા છે અનાર્ય–'**अणज्जभास**' અને 'અમૃતચંદ્રાચાર્યે' મ્લેચ્છ શબ્દ વાપર્યો છે. એનો અર્થ છે કે કાળ થોડો હિણો આવ્યો ને. પહેલા જે અનાર્ય ભાષા હતી એને મ્લેચ્છ ભાષા (કહી). ભાષામાં પણ એટલું અંતર થઈ ગયું. સમજાય છે કાંઈ? કોઈપણ શબ્દમાં.. આ તે અધ્યાત્મ શાસ્ત્ર છે અને મહા સંતોનું કહેલું છે. આ કોઈ સાધારણ કથા વાર્તા નથી. એના એક એક શબ્દમાં કેમ ફેર પડ્યો એનો પણ કોઈ ઈતિહાસ છે. એમાં કાંઈક ઈતિહાસ છે. સમજાય છે કાંઈ?

ભગવાન 'કુંદકુંદાચાર્યે' પહેલા એમ શબ્દ કહ્યો કે '**जह ण वि सक्कमणज्जो अणज्जभासं विणा दु गाहेदु**' ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' ૧૦૦૦ વર્ષ પછી અર્થ કરે છે, '**જેમ કોઈ મ્લેચ્છને...**' કોઈ મ્લેચ્છને. બધા મ્લેચ્છ નહિ, કોઈ મ્લેચ્છ. મ્લેચ્છ શબ્દ છે ને? પંડિતજી!

હલકી ચીજ થઈ ગઈ. અનાર્યથી મ્લેચ્છ હલકો થઈ ગયો. અને શબ્દમાં અનાર્ય એટલું (છે). અહીં મ્લેચ્છ (છે). મ્લે-મળ.. મળ. મળને ઈચ્છનારો. ભાષાની સ્થિતિ એવી થઈ ગઈ છે. એ તો કુદરતી ભાષા નીકળે છે, કરવી પડે એવી ભાષા નથી. ઈ શૈલી જ સહજ એવી નીકળી જાય છે.

કહે છે કે '**જેમ કોઈ મ્લેચ્છને...**' કદાચિત્. કોઈ મ્લેચ્છ અને કદાચિત્. '**કોઈ બ્રાહ્મણ 'સ્વસ્તિ' શબ્દ કહે છે ત્યારે તે મ્લેચ્છ એ શબ્દના વાચ્યવાચક સંબંધના જ્ઞાનથી રહિત હોવાથી...**' વાચ્ય-વાચક સંબંધ. સ્વસ્તિ વાચક છે તો એનું વાચ્ય શું? ભાવ શું? સમજ્યા નહિ? જેમ સાકર શબ્દ છે, સાકર શબ્દ સાકર પદાર્થને બતાવે છે. એમ સ્વસ્તિ શું બતાવે છે એની ખબર નહિ. પાત્ર શ્રોતા કેવો હોવો જોઈએ ઈ પણ એમાં લેશે. આ ગાથા તો આચાર્યની છે. શ્રોતા કેવો હોવો જોઈએ અને તેને ધર્માત્મા ઉપદેશ આપે છે. બેય વાત એમાં સમાઈ જાય છે. જેમ પહેલી ગાથામાં કહ્યું કે અમે સર્વ સિદ્ધોને અમારા જ્ઞાનમાં સ્થાપીને, હે શ્રોતાઓ! તમારા જ્ઞાનમાં સર્વ સિદ્ધોને સ્થાપીને સમયસાર કહીએ છીએ. જુઓ! એવા તો શ્રોતા લીધા છે. અને.. સમજાણું? અંતેવાસી લીધા, ભાઈ! સમજાય છે કાંઈ? અંતેવાસી લીધું ને? આવ્યું ને? ૭માં. અંતેવાસી છે, સમીપમાં છે, સમીપમાં છે. ક્ષેત્રથી સમીપ, ભાવમાં સમજવાને લાયક છે, સાંભળવાને લાયક છે. સમજાણું કાંઈ?

પમી ગાથામાં (એમ કહ્યું કે), હું કહીશ. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।**' '**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण**' '**जदि दाएज्ज**' હું કહીશ. તો અનુભવ પ્રમાણ કરવું. અનુભવ પ્રમાણથી માનવું. એવો શિષ્ય જ સામે રાખ્યો છે. સમજાય છે કાંઈ? પહેલા શ્રોતાના (આત્મામાં) સિદ્ધને સ્થાપ્યા. સાંભળો! તમે સિદ્ધ છો. અમે સ્થાપીએ છીએ. સર્વ અનંત સિદ્ધને પર્યાયમાં (સ્થાપ્યા). એનો અર્થ કે તારું લક્ષ જ્ઞાયક ઉપર હોવું જોઈએ. હવે સમયસાર સાંભળ. અમે કહીએ છીએ. પાંચમીમાં એમ લીધું, અમે જે કહેશું તેને પ્રમાણ કરજે. '**जदि दाएज्ज पमाणं**' '**पमाणं**' અનુભવ પ્રત્યક્ષથી પ્રમાણ કરવું. બીજો તર્ક નહિ કરવો. '**छलं ण घेत्तव्वं**'. કોઈ શબ્દ આદિમાં સ્ખલના થઈ જાય અને તને ખ્યાલમાં આવી જાય, તને એવો ક્ષયોપશમ હોય અને ખ્યાલમાં આવે તો જાગરૂક નહિ થતો. '**जागरूक**' ન થવું એમ લીધું છે. એ ખ્યાલમાં નહિ રોકાતો. અમારે જે કહેવું છે અનુભવનો ભાવ એ તું ખ્યાલમાં લઈને અનુભવ કરજે. ૭મી ગાથામાં એમ કહ્યું કે અંતેવાસી શિષ્યને કહીએ છીએ. શિષ્ય, એક ધર્મી એવા દ્રવ્યને સમજતો નથી તેને અસાધારણ ધર્મના નામમાત્ર ભેદ પાડીને, નામમાત્ર ભેદ, હોં! વસ્તુમાં ભેદ નથી પડતા. સંભળાવીએ છીએ. એમ કહીને અભેદને સિદ્ધ કર્યો. તો શિષ્યે એમ પ્રશ્ન કર્યો કે અભેદ જ તમારે સ્થાપવો હતો તો એકલો અભેદ કહો ને. સાંભળ તો ખરો.

જેમ મ્લેચ્છને સ્વસ્તિ શબ્દ કહે તો એ '**વાચ્યવાચકના સંબંધના જ્ઞાનથી રહિત હોવાથી...**'

શબ્દ સાંભળ્યો પણ એનો ભાવ શું કહે છે? તારું અવિનાશી કલ્યાણ-સ્વસ્તિ-તારું કલ્યાણ એવો ભાવ એ સમજતો નથી. સમજ્યા? '**જ્ઞાનથી રહિત હોવાથી કાંઈ પણ ન સમજતાં...**' ભાષા એમ લીધી છે. કાંઈ સમજ્યો નહિ, કાંઈ સમજ્યો નહિ. સ્વસ્તિ શબ્દ સાંભળ્યો પણ કાંઈ સમજ્યો નહિ. '**બ્રાહ્મણ સામે...**' હવે અહીંયાં ખુબી જુઓ. પણ એ સ્વસ્તિ સાંભળનારની યોગ્યતા એવી છે કે '**બ્રાહ્મણ સામે મેંઢાની જેમ...**' મેંઢા હોય ને? મેંઢા કહે છે ને? એ અનુસરણ કરે. એક મેંઢો બીજા મેંઢાની પાછળ આમ ચાલે છે, અનુસરણ કરે છે. ઊંચું ન જુએ. પહેલો કૂવામાં પડે તો આ પણ કૂવામાં પડે. અહીં એટલું લેવું છે કે અનુસરણ કરનારો શિષ્ય લીધો છે. ઈ પણ સાંભળનારો, ધર્મ પછી.

'**બ્રાહ્મણ સામે મેંઢાની જેમ...**' એમાં શું લીધું? કે જે કહે છે એમાં એને કંટાળો નથી લાગતો. આ શું કહે છે? આવું કેમ કીધું? એમ નહિ. હું તો સમજતો નથી, આમ કેમ કહ્યું? એમ નહિ. પણ '**મેંઢાની જેમ આંખો ફાડીને ટગટગ...**' '**इवानिमेषोन्मेषितचक्षुः**' સમજાય છે કાંઈ? લૌકિક જે દૃષ્ટાંત આપ્યો છે એમાં પણ કહેનારનું અનુસરણ કરનાર (લીધો છે) કે આ શું કહે છે? શું કહે છે? બસ, એટલું. ઈ શું કહે છે એ સાંભળવાની ઈચ્છા છે. સમજાય છે કાંઈ? આહાહા..! '**બ્રાહ્મણ સામે મેંઢાની જેમ...**' ઘેંટા અમારે કહે છે, ઘેંટા. ઘેટાની જેમ.. ઘેટા કહે છે ને આપણે? કાળાને બકરા કહે છે. કાળા બકરા કરતાં ઘેટા બહુ અનુકરણ વૃત્તિવાળા હોય છે. '**આંખો ફાડીને ટગટગ...**' આંખ મીંચે નહિ. અનિમેષ. શું કહે છે? શું કહે છે? '**જોઈ જ રહે છે,...**'

'**પણ જ્યારે બ્રાહ્મણની ભાષા અને મ્લેચ્છની ભાષા-એ બન્નેનો અર્થ જાણનાર...**' હવે આવ્યું. બ્રાહ્મણ કહે છે એ ભાષા અને આ શું કહે છે, તેને કઈ રીતે સમજવું, કઈ ભાષા છે. '**બ્રાહ્મણની ભાષા અને મ્લેચ્છની ભાષા-એ બન્નેનો અર્થ જાણનાર અન્ય કોઈ પુરુષ અથવા તે જ બ્રાહ્મણ...**' અન્ય કોઈ પુરુષ અથવા તે જ બ્રાહ્મણ '**મ્લેચ્છભાષા બોલીને તેને સમજાવે છે...**' મ્લેચ્છભાષા બોલી સમજાવે છે '**કે 'સ્વસ્તિ' શબ્દનો અર્થ 'તારું અવિનાશી કલ્યાણ થાઓ'...**' સ્વસ્તિનો અર્થ ઈ છે ભાઈ! તારું અવિનાશી કલ્યાણ થાઓ એ સ્વસ્તિ શબ્દનો અર્થ છે.

'**ત્યારે...**' ભાષા જુઓ! '**તુરત જ...**' તત્કાળ-આંતરો પડ્યા વિના. ઓહો..! શું કહે છે! '**તુરત જ...**' એમાં પાઠ છે ને? સમજાય છે કાંઈ? '**सद्य**' '**सद्य**' શબ્દ છે ને અંદર? '**તુરત જ ઉત્પન્ન થતા અત્યંત આનંદમય...**' હરખ આવી ગયો. એ સંબંધી હરખ, હોં! પોતાનો અતીન્દ્રિય આનંદની વાત નથી. એ વાત સમજ્યો એનો હરખ આવી ગયો. ઓહોહો..! આંખમાં આંસુ આવી જાય, હરખના આંસુ આવી જાય, હરખના આંસુ આવી ગયા. આ..હા..! સ્વસ્તિનો અર્થ-તારું અવિનાશી કલ્યાણ થાઓ. આંખમાંથી આંસુ ચાલ્યા જાય છે. '**અત્યંત આનંદમય આંસુઓથી જેનાં નેત્રો ભરાઈ જાય છે એવો તે મ્લેચ્છ...**' એવો તે મ્લેચ્છ,

ઈ દશામાં **'એ 'સ્વસ્તિ' શબ્દનો અર્થ સમજી જાય છે;...'** એ તો દૃષ્ટાંત આપ્યો. સમજાય છે કાંઈ?

**'એવી રીતે વ્યવહારીજન...'** હવે વ્યવહારીજન પણ સાંભળનારો કેવો હોય છે, તેની યોગ્યતા-તેની પાત્રતા-સાંભળનારની લાયકાત, સમજાવવાવાળાને અનુસરણ કરવાની, અનુવૃત્તિ કરવાની એની લાયકાત કેવી છે! આખા શાસ્ત્રમાં ઘણું ભરી દીધું છે. સમજાય છે કાંઈ? **'વ્યવહારીજન...'** પેલામાં મ્લેચ્છ હતો, આ વ્યવહારીજન. **'આત્મા' એવો શબ્દ કહેવામાં આવતાં...'** પેલાએ સ્વસ્તિ કહ્યું હતું, આ આત્મા કહ્યું. આત્મા! **'આત્મા' શબ્દનો અર્થ છે તે અર્થના જ્ઞાનથી રહિત હોવાથી...'** શું કહે છે આ આત્મા? શું કહે છે? કંટાળો નથી, હોં! એનો ભાવ નથી સમજતો કે આ શું કહેવા માગે છે? આત્મા કહીને શું કહેવા માંગે છે? અમે તો કાંઈ સમજ્યા નહિ.

**'કાંઈપણ ન સમજતાં...'** કાંઈપણ ન સમજતાં. જુઓ! આત્મા શબ્દ કાને પડ્યો, કાંઈ ન સમજ્યો. **'મેંઢાની જેમ...'** આત્મા કહેનારની તરફ **'મેંઢાની જેમ...'** ઘેટાની અનુકરણ વૃત્તિ છે. આ શું કહે છે? શું કહે છે? શું કહે છે? બસ. પોતાની કોઈ વાત અંદર નથી. સમજાય છે કાંઈ? **'મેંઢાની જેમ...'** અનુકરણ કરવાની દૃષ્ટિ. **'આંખો ફાડીને...'** બહારમાં આંખો ફાડે છે અને અંદરમાં ક્ષયોપશમભાવ થયો છે એવો. શું કહે છે? **'ટગટગ જોઈ જ રહે છે,...'** સાથે વિકલ્પ પણ આવ્યો, શું કહે છે? સાંભળો! પાંચ લબ્ધિ છે ને? તો ચાર લબ્ધિ એમાં સમાવી દીધી છે. ક્ષયોપશમ-આ શું કહે છે એવો ક્ષયોપશમ થયો છે, વિકલ્પ છે કે આ શું કહે છે. પ્રયોગલબ્ધિ થઈ ગઈ છે તો સામે એકીટસે ટગટગ જોવે છે કે શું કહે છે આત્મા? અને દેશના તો વાણી છે, કરણ તો પછી કરવું છે એને. સમજાય છે કાંઈ? આહાહા..! **'મેંઢાની જેમ...'** સરળ માણસ છે. સરળતાથી અનુકરણ કરવાની જિજ્ઞાસા છે. ક્ષયોપશમ બરાબર કરીને ટગટગી લગાવીને. શુભ વિકલ્પમાં જિજ્ઞાસા છે **'જોઈ જ રહે છે,...'** જોઈ જ રહે છે. શું કહે છે આ? સમજાય છે કાંઈ?

**'પણ જ્યારે વ્યવહાર પરમાર્થ માર્ગ પર સમ્યગ્જ્ઞાનરૂપી મહારથને ચલાવનાર...'** શું કહે છે હવે? **'જ્યારે વ્યવહાર પરમાર્થ...'** પરમાર્થનું તો ભાન છે પણ જ્યારે એને સમજાવવાનો વિકલ્પ આવ્યો તો વ્યવહાર આવી ગયો. સમજાવવાવાળાના નિશ્ચય, વ્યવહાર બેય આવી ગયા. અભેદ અનુભવ તો છે, દૃષ્ટિ પરમાર્થ છે, વિકલ્પ આવ્યો કે આને સંભળાવું. ભેદ કરીને સંભળાવું. એ વ્યવહાર આવી ગયો. એ વ્યવહાર આવ્યો પણ આગળ કહેશે કે એને પણ અનુસરણ કરવા લાયક નથી. અને સાંભળવાવાળાને કહેશે, વ્યવહારથી ભેદ પાડીને અભેદ કહીશું તો તારે પણ વ્યવહારનું અનુસરણ કરવા લાયક નથી. સમજાય છે કાંઈ? બહુ ઝીણી વાત છે.

**'વ્યવહાર-પરમાર્થ માર્ગ પર સમ્યગ્જ્ઞાનરૂપી મહારથને ચલાવનાર...'** અંદરમાં વિકલ્પ

આવ્યો છે. ભેદ પાડીને સમજાવવું એ જ વિકલ્પ વ્યવહાર થઈ ગયો. અંતરમાં અભેદ અનુભવ (છે), અભેદ દૃષ્ટિ છે, સ્થિરતા છે અભેદ છે. કહે છે કે '**વ્યવહાર-પરમાર્થ માર્ગ પર સમ્યગ્જ્ઞાનરૂપી મહારથને ચલાવનાર...**' મહારથને ચક્ર હોય છે ને? પરમાર્થ પણ છે અને ધર્મના લોભીને સમજાવવાનો વ્યવહારનો વિકલ્પ પણ આવ્યો. '**સારથી સમાન અન્ય કોઈ આચાર્ય...**' કહેનાર આચાર્ય અથવા બીજા આચાર્ય, એમ કહે છે. શબ્દ સાંભળ્યો તો એ શબ્દ કહેનારે કહ્યું અથવા કોઈ બીજાએ આવીને એનો અર્થ કર્યો. બે વાત લીધી છે. '**કોઈ આચાર્ય અથવા તો 'આત્મા' શબ્દ કહેનાર...**' આ કેમ લીધું છે? કે એને સમજવામાં થોડો કાળ લાગી ગયો. પછી કહેનારા નહોતા તો બીજાએ આવીને એને સમજાવ્યું. સમજાય છે કાંઈ? એવી પણ જીવની યોગ્યતા (હોય છે). કોઈ તત્કાળ સમજે છે અને કોઈ ન સમજ્યો તો બીજાએ એનો અર્થ કર્યો. એ અર્થ સમજ્યો. સમજાય છે કાંઈ?

'**અન્ય કોઈ આચાર્ય અથવા તો 'આત્મા' શબ્દ કહેનાર પોતે જ વ્યવહારમાર્ગમાં રહીને...**' જુઓ! વિકલ્પમાં આવ્યા છે, ભેદ કરીને બતાવવું છે એ વ્યવહાર થઈ ગયો. આહાહા..! '**વ્યવહારમાર્ગમાં રહીને...**' '**'આત્મા' શબ્દનો અર્થ સમજાવે છે...**' આત્મા શબ્દનો જ અર્થ સમજાવે છે. કોણ? થોડામાં થોડું આટલું તો કહેવું પડે, એમ કહે છે. રાગ કરે તે આત્મા, રાગ કરે તે આત્મા એ નહિ. સમજાય છે કાંઈ? અશુદ્ધતા તે આત્મા.. ભાઈ! એ નહિ. છેલ્લે એને એટલો વ્યવહાર કરવો પડે છે. પ્રરૂપકને, ઉપદેશ દેનારને (સામેવાળો) આત્મા સમજે નહિ, અભેદ આત્મા સમજે નહિ, અભેદ સ્વરૂપ જે ૬-૭ ગાથામાં કહ્યું એવો એકલો જ્ઞાયક સમજે નહિ, તો પરમાર્થ અને વ્યવહારમાં રહેનાર શ્રોતાને '**દર્શન-જ્ઞાન-ચારિત્રને જે હમેશાં પ્રાપ્ત હોય તે આત્મા છે**' આટલો ભેદ પાડવો પડ્યો. ભગવાન આત્મા... 'અતતિ ગચ્છતિ ઈતિ આત્મા'. આત્મા દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત હોય તે આત્મા. એટલો ભેદ પડી ગયો. દર્શન, જ્ઞાન... સાતમીમાં છેલ્લે લીધું ને? '**ववहारेणुवदिस्सदि**'. એ છેલ્લો બોલ લીધો એટલો. સમજાય છે કાંઈ? એટલું એને થોડામાં થોડું, પૂરેપૂરો પરમાર્થ બતાવવામાં છેલ્લે એટલો શબ્દ આવ્યો, ભાઈ! દર્શન-શ્રદ્ધા અથવા દેખવું, જાણવું અને સ્થિરતાને જે સદા પ્રાપ્ત હોય, સદા સહિત હોય, સદા પ્રાપ્ત હોય 'ગચ્છતિ' તે આત્મા. 'દર્શન-જ્ઞાન-ચારિત્રને જે હમેશાં પ્રાપ્ત હોય તે આત્મા છે' બસ, એટલું ટૂંકામાં કહ્યું. આ ઉપદેશ. લોકો કહે છે કે આ 'ધવલ' નહોતું, 'જયધવલ' નહોતું, 'મહાધવલ' નહોતું. એટલે એ લોકો બરાબર સમજી નહોતા શકતા, હવે અમે બરાબર સમજીએ છીએ. 'ધવલ'નો ઘણો અભ્યાસ કર્યો, 'જયધવલ', 'મહાધવલ'નો કર્યો તો અમે બરાબર સમજીએ છીએ. 'ટોડરમલ'ને આવું મળ્યું નહોતું. અરે..! ભાઈ! શબ્દમાં શું છે?

આટલો વ્યવહાર આવ્યો, બસ. 'કુંદકુંદાચાર્યે' પણ પાંચમી ગાથામાં એમ જ કહ્યું. ભગવાન સર્વજ્ઞ પરગુરુ, અપરગુરુ ગણધરથી માંડીને અમારા ગુરુ પર્યંત, અમારા ઉપર કૃપા કરીને

'**प्रसादीकृत अनुशासनजन्मा**'. મહેરબાની કરીને ભગવાનથી માંડી અમારા ગુરુ પર્યંત આત્માનો, શુદ્ધ આત્માનો ઉપદેશ અમને આપ્યો. એક જ શબ્દ. સમજાય છે કાંઈ? એક જ શબ્દ. શુદ્ધ આત્માનો ઉપદેશ અમને અમારા ગુરુએ કૃપા કરીને... વિનય છે ને! ઘણો વિનય છે. અનુશાસન કરીને અમને અનુસરીને (કહ્યું), ભાઈ! આ શુદ્ધાત્મા તે આત્મા છે, એમ કહ્યું. ત્યાં એમ લીધું, ભાઈ! શુદ્ધાત્મા. અહીં કહ્યું કે.. સાધારણ પ્રાણીને સમજાવવા છે તો વ્યવહારીજન એવા છે તો એ થોડામાં થોડો એટલો ભેદ પાડવો પડે. પરને કરે એ આત્મા એમ નહિ, રાગ વ્યવહાર રત્નત્રય રાગને કરે તે આત્મા એમ નહિ. એ આત્મા નહિ. અશુદ્ધ એ આત્મા નહિ. પણ એકરૂપ જે ભગવાન આત્મા છે તે ત્રણને પ્રાપ્ત હોય, શ્રદ્ધાને.. વિશ્વાસ કોણ કરે છે? જ્ઞાન કોણ કરે છે? સ્થિરતા ક્યાં થાય છે? એમ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત હોય-'**સદા પ્રાપ્ત હોય તે આત્મા છે.**' આહાહા..! જુઓ! આટલા શબ્દમાં દેશના લબ્ધિ આવી ગઈ. સમજાય છે કાંઈ? પહેલા ક્ષયોપશમ હતો, સાંભળવાનો વિકલ્પ હતો, (કર્મની) સ્થિતિ ઘટી હતી, પ્રાયોગલબ્ધિ હતી, દેશના મળી ગઈ અંદર. ઓહો..! સમજાય છે કાંઈ? હવે અંતરમાં લક્ષ કરીને આનંદ ઉત્પન્ન થાય છે એમ કહે છે. શું કહે છે?

'**ત્યારે તુરત જ...**' ભાષા જુઓ! આહાહા..! દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત હોય તે આત્મા, એમ જ્યારે સાંભળ્યું.. લક્ષ તો આત્માનું કરાવવું છે, ભાઈ! ભેદનું નહિ, ભેદનું નહિ. ભેદથી અભેદનું (લક્ષ કરાવવું છે કે) આ આત્મા. દર્શન-શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રને સદા પ્રાપ્ત હોય. એ બતાવવું છે વ્યવહારથી, ભેદથી, બતાવવો છે અભેદ. વ્યવહાર બતાવવો નથી. વ્યવહાર દ્વારા-ભેદ દ્વારા નિશ્ચય બતાવવો છે. ભગવાન આત્મા દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત હોય તે આત્મા. એમ બતાવનારનો જે આશય હતો, ભેદ પાડીને અભેદ બતાવવાનો આશય હતો તે ભેદને લક્ષમાં લઈ અભેદમાં ચાલ્યો ગયો. સમજાય છે કાંઈ?

'**ત્યારે તુરત જ ઉત્પન્ન થતા...**' એમ અહીંયાં સમીપમાં અનુભવ થયો ઈ વાત કરે છે, ભાઈ! અધિગમની વાત કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**તુરત જ ઉત્પન્ન થતા અત્યંત આનંદથી...**' અત્યંત આનંદ, અતીન્દ્રિય આનંદ આવ્યો. આ ગુરુ કહે છે કે દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત હોય તે આત્મા. આ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત આ આત્મા, એમ આત્મા ઉપર દૃષ્ટિ થઈ, એકત્વ થયું (ત્યાં) ભેદથી સાંભળવું થયું હતું તેનો પણ ભેદ પડી ગયો. તેને છોડીને. સમજાય છે કાંઈ? આ ત્રણ બોલનું લક્ષ પણ છોડી દીધું. આહાહા..!

'**અત્યંત આનંદથી...**' પાઠ છે ને અંદર? '**अमन्दानन्द**' '**अमन्दानन्द**' '**अमन्दानन्द**'. '**सद्य अमन्दानन्द**' એમ છે ને? '**सद्य**' નામ તત્કાળ. સમજાય છે કાંઈ? '**ઉત્પન્ન થતા...**' આહાહા..! આ આત્મા, આ આત્મા. ભેદથી બતાવ્યું કે દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત હોય તે આત્મા. એમાં એમ નથી કહ્યું કે અમને સાંભળે છે તે આત્મા. છેલ્લે એટલું કહ્યું, ભગવાન!

અંદર ભગવાન બિરાજે છે ને! એ દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત થાય છે. એ ભેદથી અભેદ બતાવ્યો. ભેદ, ભેદને નથી બતાવતો. ભેદથી અભેદ બતાવ્યો. આગળ કહેશે કે વ્યવહાર સ્થાપન કરવા યોગ્ય છે. વ્યવહાર છે ખરો પણ આદરણીય નથી. સમજાય છે કાંઈ? સાંભળનારને અને કહેનારને વિકલ્પ આવ્યો. સાંભળનારને ભેદનું લક્ષ થયું. એ છે ઈ બરાબર છે પણ આશ્રય કરવા લાયક નથી. સમજાય છે કાંઈ? એ ટીકામાં છે. આગળ લેશે.

**'અત્યંત આનંદથી જેના હૃદયમાં સુંદર...'** પેલામાં આંખમાં હતું. સમજાય છે કાંઈ? એની આંખમાં હરખના આંસુ આવ્યું. બહારની વાત કરીને. આ તો અંતર હૃદયમાં-જ્ઞાનમાં. અંદર હૃદય નામ જ્ઞાનમાં **'સુંદર બોધરંગો (જ્ઞાનતરંગો) ઊછળે છે...'** આનંદ અને જ્ઞાન બેય સાથે ઉઠે છે. આહાહા..! સમજાય છે કાંઈ? અહીં તો બે વાત કહેવી છે. એકલું જ્ઞાનેય નહિ. આનંદ પહેલા લીધો. પછી બોધતરંગ ઉઠે છે. આ હા પાડે છે કે નહિ? ચોથે ગુણસ્થાને આનંદ ન હોય, સ્વરૂપાચરણ ન હોય. અરે..! ભગવાન! તું શું કહે છે? અરે..! ભગવાન! તારી ચીજની તને ખબર નથી, પ્રભુ! એ ચીજ એવી છે કે એ ચીજ, આ ચીજ, આ અભેદ ચીજ. ભેદનું લક્ષ કરાવી લક્ષ તો અભેદનું કરાવ્યું. એવા અભેદ ઉપર દૃષ્ટિ જવાથી શ્રોતાને-વ્યવહારીજનને. **'અત્યંત આનંદથી જેના હૃદયમાં...'** પેલામાં આંખમાં (હતું). **'સુંદર બોધતરંગો...'** એ જ્ઞાનની વ્યાખ્યા છે. સુંદર. અત્યંત આનંદ, અત્યંત આનંદ. એ આનંદમાં અત્યંત આનંદ લીધો. જેના હૃદયમાં **'સુંદર બોધતરંગો...'** જ્ઞાનની કળા જાગી. 'જ્ઞાનકલા ઊપજી અબ મોકૂ, કહૂં ગુણ નાટક આગમ કેરો.' સમજાય છે કાંઈ? આહાહા..! અહીં તો તત્કાળ. રાજમલજી! વાયદા નહિ, વાયદા સમજ્યા? એવા શ્રોતા જ નથી લીધા. આહાહા..!

મુમુક્ષુ :-...

ઉત્તર :- એ આવ્યું છે, છાપવામાં ફેર છે. સુધારો આવ્યો છે. શુદ્ધિમાં છે, ખબર છે. સમજાય છે કાંઈ? એ તો છાપવામાં કોઈ શબ્દ રહી ગયા હોય. આ ટીકામાં છે ને, જુઓને! **'तदा सद्य एवोद्यदमन्दानन्द'** શું કહે છે? બહુ સાર અને બહુ અલ્પ કાળ. એક શબ્દ કાને પડ્યો એટલું. બસ, થઈ રહ્યું ખલાસ! બાર અંગ અને અગિયાર અંગ ન ભણ્યો હોય. ભગવાન આત્મા વસ્તુ આ વસ્તુ છે તે દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદથી અભેદ બતાવે છે. આ ભેદથી અભેદ બતાવે છે. આત્મા દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત હોય તે આત્મા છે. એની દૃષ્ટિ આત્મા ઉપર ગઈ. આત્મા ઉપર જવાથી અત્યંત આનંદ ઉત્પન્ન થયો. જુઓ! અહીંયાં પહેલા આનંદ લીધો છે. અમરચંદજી! સમ્યગ્જ્ઞાન થયું અને આનંદ સાથે આવ્યો. નહિતર સમ્યગ્જ્ઞાન નથી. સમજાય છે કાંઈ? મિથ્યાજ્ઞાનમાં દુઃખ હતું, આકુળતા હતી, મિથ્યાજ્ઞાનમાં આકુળતા હતી. તો સમ્યગ્જ્ઞાનમાં કંઈક અનાકુળતા ન આવે તો એ જ્ઞાન કેવું? આહાહા..! સમજાય છે કાંઈ? એક એક શબ્દમાં કેટલું સ્પષ્ટ કર્યું છે! પણ સમજે નહિ

અને પક્કડ મૂકે નહિ તો એને કોણ સમજાવે? તીર્થંકરની પણ તાકાત નથી કે કોઈને સમજાવી શકે. ભગવાન! તું તારાથી સમજ તો બીજાને નિમિત્ત કહેવાય. આહાહા..!

ભગવાન 'કુંદકુંદાચાર્ય' કહે છે, '**ववहारेण विणा परमत्थुवदेसणमसक्कं**' તો પરમાર્થ શબ્દ (કહ્યો) તો પામી ગયો એવો અર્થ એમાં લીધો છે. એવો અર્થ એમાંથી કાઢ્યો છે. વ્યવહાર વિના પરમાર્થનો ઉપદેશ અશક્ય છે. વ્યવહાર ભેદ પાડીને કહે છે કે ભાઈ! પ્રભુ! તું આત્મા છો ને! એકલો આત્મા શબ્દ ન સમજાય તો દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત હોય તે અભેદ આત્મા તે આત્મા છે. પાઠમાંથી એમ કાઢ્યું છે, હોં! પરમાર્થને કહેનારો જે વ્યવહાર કહ્યો તો પરમાર્થ સમજી ગયો. પામી ગયો પરમાર્થ એમ અહીંયાં પાઠમાં લખ્યું છે, ભાઈ! ઓહોહો..! '**तह ववहारेण विणा परमत्थुवदेसणमसक्कं**' ભાષા અનાર્ય વિના એ ન સમજે. એમ આ ભેદ વિના સમજી શકે નહિ. એટલો ભેદ તો આવે છે, ભાઈ! એ ભેદ એવો નથી કે કષાય મંદ કરો તો અભેદ લક્ષમાં આવે. સમજાય છે કાંઈ? ફક્ત એટલું કે ભગવાન આત્મા આખા અનંત ગુણનો પિંડ એકરૂપ અભેદ વસ્તુ છે. તો દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત એટલો ભેદ લક્ષમાં લઈને અભેદમાં ગયો. સમજાય છે કાંઈ? કષાયની મંદતા કરતા કરતા અભેદમાં ગયો એ વસ્તુની સ્થિતિમાં નથી. તારાચંદજી! પાઠ શું કહે છે? જુઓ! એટલું એના લક્ષમાં આવ્યું અને ગુરુએ કહ્યું કે સમ્યગ્જ્ઞાનરૂપી રથમાં નિશ્ચય-વ્યવહારમાં ચાલે છે. નિશ્ચયનું ભાન છે, વિકલ્પ ઉઠ્યો છે ભેદ પાડવાનો, એ અનુસરણ કરવા લાયક નથી પણ આવ્યો છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર બસ, ત્રણ જ ગુણ છે? ગુણ તો અનંત છે. સાંભળને! મુખ્ય અસાધારણ ગુણ તો કહ્યા. ૭મીમાં કહ્યું હતું, અસાધારણના નામમાત્ર કહીને વ્યવહારથી કહ્યું.

ભગવાન આત્મા અભેદ ચૈતન્ય એકરૂપ વસ્તુ છે. ઓ..હો..હો..! આ તો ભાઈ! રાત્રે પ્રશ્ન ઉઠ્યો હતો ને? તમને રાત્રે થોડું કહ્યું હતું. કીધું, એ તો સામાનો પ્રશ્ન હતો એટલે અસંખ્ય પ્રદેશ સરખા વિકારના છે. ખરેખર તો વિકારના પ્રદેશ ભિન્ન છે, લ્યો! આ વિકારના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ચારેય ભિન્ન છે. એઈ..! સેઠી! એની તો અહીંયાં વાત જ કરી નથી. સમજાય છે કાંઈ? આહાહા..! ભગવાન આત્મા... લાલચંદજી! સમજાણું? સંવર અધિકારમાં આવે છે ને? કે વિકારનું ક્ષેત્ર ભિન્ન છે.

મુમુક્ષુ :- ત્યાં દ્રવ્યથી પણ ભિન્ન લીધું છે.

ઉત્તર :- એ દ્રવ્ય નામ વસ્તુ. ઈ વસ્તુ, એમ. બે વસ્તુ ભિન્ન છે. છેલ્લા શબ્દ ઈ છે. અજ્ઞાન, એ પુણ્ય-પાપના ભાવ અજ્ઞાન છે. અજ્ઞાનનો અર્થ એમાં ચૈતન્યનું નુર-તેજ નથી. છેલ્લે એ લીધું છે. ભાઈ! અંદર અજ્ઞાન લીધું છે. કેટલામું હતું? (૧૮૧-૧૮૩ ગાથાની ટીકામાં) છેલ્લે છે, જુઓ! '**વસ્તુઓ ભિન્ન જ છે. આ રીતે જ્ઞાનને અને અજ્ઞાનને...**' એમ લીધું છે. સમજાય છે કાંઈ? છે ને નીચે? '**આ રીતે જ્ઞાનને અને અજ્ઞાનને (ક્રોધાદિકને) આધારાધેયપણું નથી.**'. ક્યાં આવ્યું છે? આ અજ્ઞાન આવ્યું. '**स्वभावभेदाच्च वस्तुभेद एवेति**'

(૨૮૮ પાને) '**स्वभावभेदाच्च वस्तुभेद एवेति नास्ति ज्ञानाज्ञानयोराधाराधेयत्वम्**'. જુઓ! ભાષા અજ્ઞાન લીધી. ટીકા છે. ૨૮૮ પાને સંસ્કૃત ટીકા છે. પુણ્ય-પાપના ભાવ, દયા, દાનના ભાવ, શુભાશુભના ભાવ '**स्वभावभेदाच्च**'. વસ્તુભેદ, વસ્તુભેદ. '**एवेति नास्ति**' બેય એક નથી. જ્ઞાન અને અજ્ઞાનને આધાર-આધેયપણું નથી. '**नास्ति ज्ञानाज्ञानयोराधाराधेयत्वम्**'. અહીંયાં તો વિકારને અજ્ઞાન કહ્યું. આહાહા..! ... અજ્ઞાન કહ્યું.

ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવ વસ્તુ, તેનાથી (ભિન્ન) વિકલ્પ આદિ છે તેમાં જ્ઞાનના તેજનો-નુરનો દ્રવ્ય-ગુણ-પર્યાયનો અભાવ છે. તેથી કહ્યું કે.. છેલ્લે કહ્યું, ભાઈ! 'જ્ઞાન અને અજ્ઞાનને (ક્રોધાદિકને) આધારાધેયપણું નથી.' અને છેલ્લે આવ્યું, વસ્તુભેદ છે. વસ્તુ એક છે જ નહિ, એમ આવ્યું ને?

મુમુક્ષુ :- 'એ રીતે સ્વભાવો ભિન્ન હોવાથી વસ્તુઓ ભિન્ન જ છે.'

ઉત્તર :- વસ્તુ ભિન્ન છે. માથે છે ને? ઉપર છે, જુઓ! '**स्वभावभेदेनोद्भाभसमानत्वात्**'. વસ્તુભેદ-વસ્તુ પણ ભિન્ન જ છે. ઓ..હો..હો..! આ વ્યાખ્યાનમાં ઘણી વાત આવી ગઈ છે. પુણ્ય-પાપની અશુદ્ધતા... ભગવાન! સાંભળ તો ખરો. એની તો વાત લીધી જ નથી અહીંયાં, ભાઈ! ત્યાં તો તેના ક્ષેત્રમાં જે ગુણ-ગુણીના ભેદ છે એ નથી લીધા. એ તો લીધા જ નથી. અજ્ઞાન કાઢી નાખ. ભગવાન જ્ઞાનસ્વભાવથી ભિન્ન. હવે, જ્ઞાનસ્વરૂપી ભગવાનમાં અભેદ બતાવવા એમાંથી ત્રણ ભેદ કહ્યા. દર્શન, જ્ઞાન, ચારિત્રને સદા પ્રાપ્ત હોય તે આત્મા. સમજાય છે કાંઈ? વિકારને પ્રાપ્ત હોય તે આત્મા, અશુદ્ધતાને પ્રાપ્ત હોય તે આત્મા, એ તો વાત જ અહીંયાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ? સમયસારની અંતરની અનુભવની શૈલીની વાત છે. સમજાય છે કાંઈ? એક એક શબ્દ

અને એક એક ટીકા ગજબ વાત છે! ભરતક્ષેત્રમાં સર્વજ્ઞના વિરહ ભૂલાવે એવી આ ટીકા છે. સમજાય છે કાંઈ? સર્વજ્ઞના વિરહ ભૂલાવી દે. એવા મુનિ 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય' આહાહા..!

કહે છે, ભગવાન! આત્મા વિકારથી ભિન્ન છે એમ ન કહ્યું, ભાઈ! આહાહા..! ગુરુએ એ આત્મા કહ્યો. આત્મા ન સમજ્યો, ન સમજે અને એ કહેનારા કદાચિત્ ચાલ્યા ગયા તો એની યોગ્યતા-પાત્રતા છે ને, એમ કહે છે. એને બીજા મળી જશે, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ આત્માના કહેનારા ધર્માત્મા કદાચિત્ ચાલ્યા ગયા અને કદાચિત્ રહ્યા હોય, પણ સાંભળવાની લાયકાત છે ને, જિજ્ઞાસા છે ને કે શું કહે છે? એ જ કહેનારા મળે અને ચાલ્યા ગયા તો બીજા મળ્યા વિના રહે નહિ. એની પાત્રતા છે તો મળ્યા વિના રહે જ નહિ. એમ કાઢ્યું છે. પંડિતજી! બેય છે ને? શ્રોતાની યોગ્યતાની તીવ્રતા બતાવે છે. શિષ્યને સમજવું છે ને. શું કહે છે આ? શું કહે છે? કદાચિત્ આવો આત્મા કહેનારા ચાલ્યા ગયા, .. કર્યા વિના.. સમજ્યા? બીજા આવ્યા. ભાઈ! દર્શન, જ્ઞાન,

ચારિત્રને પ્રાપ્ત (તે આત્મા). વિકારથી ભિન્ન આત્મા છે એમ ન કહ્યું, કર્મથી ભિન્ન આત્મા એમ ન કહ્યું. બસ, છેલ્લે એટલે કહેવું પડ્યું, દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રભુઆત્મા તેને પ્રાપ્ત થાય છે. તે આત્મા. એનું લક્ષ આત્મા ઉપર ગયું. સમજાય છે કાંઈ?

વાત નિમિત્તની નથી, હોં! આ તો વીતરાગી વાત છે, વીતરાગી કથા છે, ભાઈ! જેમાં આત્માની સત્યતા પ્રગટ થાય એનું નામ ધર્મકથા છે. જેમાં રાગનું સ્થાપન હોય કે રાગ પહેલા કરો તો આત્મા મળી જશે, એ સ્થાપન ભગવાનના શાસ્ત્રનું નહિ. વિકથા છે. સમજાય છે કાંઈ? આહાહા..! પણ એટલો વ્યવહાર વિકલ્પ આવે છે. સાંભળનારને પણ એટલો તો વ્યવહાર સમજાવવામાં આવે છે, ભાઈ! ભગવાન આત્મા છે ને, ચૈતન્યપ્રભુ તે દર્શન, જ્ઞાન, ચારિત્રને સદા પ્રાપ્ત છે. સદા, હોં! સદા પ્રાપ્ત હોય.

સાંભળીને **'અત્યંત આનંદથી...'** તત્કાળ ઉત્પન્ન થયો. આહાહા..! રોકડિયા નાણા અહીંયાં તો છે. ઉધાર-બુધાર નહિ. એ.. લાલચંદજી! આહાહા..! 'કુંદકુંદાચાર્યે' પંચમઆરામાં તીર્થંકર જેવા કામ કર્યા છે. 'અમૃતચંદ્રાચાર્યે' 'કુંદકુંદાચાર્ય'ની ગણધર જેવી ટીકા કરી છે. આ કોઈ પક્ષપાત (નથી). વસ્તુસ્થિતિ અંદર સમજે તો ખબર પડે, બાકી એમ ને એમ ઉપરથી જોવે તો શું ખબર પડે? સમજાય છે કાંઈ? કહે છે, તુરત જ, **'ત્યારે તુરત જ...'** સમજાય છે કાંઈ? આ આત્મા છે ત્યારે તુરત. **'તુરત જ...'** નિશ્ચયથી તરત. તુરત કહે છે ને? **'ઉત્પન્ન થતા...'** આનંદ નહોતો, આનંદ નહોતો તો પર્યાયમાં આનંદ ઉત્પન્ન થયો એમ કહે છે. ત્રિકાળમાં તો આનંદ છે. પણ આ આત્મા એમ જ્યાં અભેદ દૃષ્ટિ થઈ, નવો અતીન્દ્રિય આનંદ ઉત્પન્ન થયો. પર્યાયમાં આનંદ નહોતો. સમજાય છે કાંઈ? જ્યાં સુધી રાગની એકતામાં પડ્યો હતો (ત્યાં સુધી) આનંદ નહોતો, એકલું દુઃખ હતું. ચાહે તો નવમી ગ્રૈવેયક ગયો, મુનિ થઈને પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ પાળીને દ્રવ્યલિંગી (થયો) પણ એની પર્યાયમાં તો દુઃખ જ હતું. સમજાય છે કાંઈ? તુરત જ. ભગવાન અતીન્દ્રિય આનંદથી ભરેલો છે, પ્રભુ! જ્ઞાન અને આનંદ બે લીધા છે અહીં તો, ભાઈ! બે છે ને? 'પ્રવચનસાર'ની પહેલી ગાથા છે ને? એમાં જ્ઞાન અને આનંદ લીધા છે. એમાં પણ બે લીધા છે. જ્ઞાન અને આનંદ, બસ. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં પણ એ લીધું. આચાર્યોની શૈલી, દિગંબર સંતોની શૈલી કોઈ અલૌકિક છે! એ તો ભાવલિંગી સંત હતા. એ કંઈ બહારની વસ્તુ નથી. અંતરથી સહજ આવી ગયું તે આવી ગયું. ભાષાના પણ કર્તા નથી. ભાષા એ આવનારી પર્યાયનું પરિણમન છે .. વિકલ્પ પણ આવી ગયો તે આવી ગયો. કર્તા કોણ છે વિકલ્પનો? સમજાય છે કાંઈ?

કહે છે, **'અત્યંત આનંદથી જેના હૃદયમાં...'** હૃદય નામ અંદર જ્ઞાનમાં, હોં! મનોહર, સુંદર અને મનોહર. આહા..! મનને હરનાર. **'બોધતરંગો (જ્ઞાનતરંગો) ઊછળે છે...'** વિશેષ સમજવાની શક્તિ પહેલા ઓછી હતી. નિજ સ્વરૂપને સમજવાની સમ્યગ્જ્ઞાનની કળા ઉત્પન્ન

થઈ ગઈ અને અતીન્દ્રિય આનંદ આવી ગયો. બસ, એનાથી ઉપાસ્યમાન થઈ ગયો. જે છઠ્ઠી ગાથામાં કહેતા હતા ઈ. પરદ્રવ્યના ભાવથી ભિન્ન ઉપાસ્યમાન. બસ, નિજ દ્રવ્ય ઉપર લક્ષ થયું તો પર્યાયમાં ઉપાસ્યમાન થયો. અતિ આનંદ અને જ્ઞાનના તરંગ પર્યાય ઉત્પન્ન થયા. સમજાય છે કાંઈ? એવી ચીજ-શાસ્ત્ર જેની પાસે પડી છે, એનો વાચ્યાર્થ સમજવાની લાયકાત હોય તો એમાંથી ઘણી વસ્તુ નીકળે છે. સમજાય છે કાંઈ? પણ અહીંની વાત કરે તો કહે, એકાંત છે. તારાચંદજી! અરે..! ભગવાન! સાંભળ તો ખરો. વ્યવહારથી લાભ માને તો અનેકાંત છે? નિશ્ચયથી લાભ માને અને વ્યવહાર (પણ માને) એ અનેકાંત છે? અરે..! ભગવાન! એ બેય વસ્તુ છે.

હમણાં કહેશે, વ્યવહાર સ્થાપવા યોગ્ય છે, છે, પણ આદરણીય નથી, અનુસરણ કરવા લાયક નથી. આ કહ્યું શું? સ્થાપન ન કર્યું? વ્યવહાર નથી એમ નથી. વ્યવહારનો વિષય નથી? છે, એટલું સ્થાપન જાણવા લાયક છે. ૪૬મી ગાથામાં કહ્યું ને? વ્યવહાર. 'સમયસાર' ૪૬. વ્યવહાર છે, સ્થાપન કરવા લાયક છે. ત્યાં ૪૬માં એમ કહ્યું છે. સ્થાપન કરવા યોગ્ય છે. ૪૬ ગાથા છે, ૪૬ હોં! એમ જ કહે ને. બીજું શું કરવા કહે? જેમ હોય તેમ કહે કે બીજું કહે? જુઓ, ૪૬. ૪૬ સમજ્યા? ચાર અને છ. 'અપરમાર્થભૂત હોવા છતાં પણ, ધર્મતીર્થની પ્રવૃત્તિ કરવા માટે (વ્યવહારનય) દર્શાવવો ન્યાયસંગત જ છે.' પાંચમી લીટી છે. જુઓ!

**'આ બધાય અધ્યવસાનાદિ ભાવો જીવ છે એવું જે ભગવાન સર્વજ્ઞદેવોએ કહ્યું છે તે, જોકે વ્યવહારનય અભૂતાર્થ છે તોપણ,...'** જુઓ! **'તોપણ વ્યવહારને પણ દર્શાવ્યો છે; કારણ કે જેમ મ્લેચ્છભાષા...'** જુઓ! અહીં ભાષા આવી, લ્યો! **'મ્લેચ્છભાષા મ્લેચ્છોને વસ્તુસ્વરૂપ જણાવે છે...'** જુઓ! અહીં આ આવ્યું. જુઓ! આપણે અહીં મ્લેચ્છ છે ને? એ અહીં આવ્યું. **'તેમ વ્યવહારનય વ્યવહારી જીવોને પરમાર્થનો કહેનાર છે...'** હોં! **'તેથી, અપમરાર્થભૂત હોવા છતાં પણ, ધર્મતીર્થની પ્રવૃત્તિ કરવા માટે (વ્યવહારનય) દર્શાવવો ન્યાયસંગત જ છે.'** દર્શાવવો ન્યાયસંગત છે. આદરવો ન્યાયસંગત છે એમ નહિ. છે કે નહિ? ન્યાયસંગત છે. સમજાય છે કાંઈ?

**'પરંતુ જો વ્યવહાર ન દર્શાવવામાં આવે તો, પરમાર્થ (પરમાર્થનયે) શરીરથી ભિન્ન દર્શાવવામાં આવતો હોવાથી, જેમ ભસ્મને મસળી નામવામાં હિંસાનો અભાવ છે તેમ,...'** નહિ રહે, તારો અશુભભાવ છૂટશે નહિ. નિમિત્ત-નૈમિત્તિક સંબંધને લક્ષમાં લઈને મારવાનો ભાવ થાય છે. વ્યવહાર છે ખરો પણ આદરણીય નથી. સમજાય છે કાંઈ? ન્યાં પણ મ્લેચ્છભાષા આવી. ઓ..હો..હો..! આ 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા છે. ૪૬માં વ્યવહાર સ્થાપ્યો છે. શું વ્યવહાર નથી? ભાઈ! વ્યવહાર આ આવ્યો, ઈ પણ .. કહેશે, હોં! જુઓ! છેલ્લે છે, જુઓ! **'વ્યવહારનય સ્થાપન કરવાયોગ્ય છે; તેમ જ બ્રાહ્મણે મ્લેચ્છ ન થવું-એ વચનથી**

**તે (વ્યવહારનય) અનુસરવા યોગ્ય નથી.**' ૮મી ગાથામાં છેલ્લો શબ્દ છે. સમજાય છે કાંઈ? આહાહા..! આ તો હજી ચાલે છે, આપણે થોડું થોડું ચાલે છે ને. એક એક શબ્દનો અર્થ થવો જોઈએ ને. એકદમ ક્યાં વાંચી જઈએ છીએ.

ભગવાન આત્મા... છેલ્લામાં છેલ્લો વ્યવહાર બતાવી દીધો. આત્મા દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત. બસ, આ છેલ્લો વ્યવહાર આવ્યો. આમ સાંભળવાથી '**અત્યંત આનંદથી જેના હૃદયમાં સુંદર બોધતરંગો (જ્ઞાનતરંગો) ઊછળે છે એવો તે વ્યવહારીજન...**' જુઓ! '**તે 'આત્મા' શબ્દનો અર્થ સુંદર રીતે સમજી જાય છે.**' લ્યો. આત્માનું વાચ્ય જે છે તે બરાબર સમજી લે છે. ઓ..હો..! પરિણમન થઈ ગયું અભેદ આ આત્મા, અભેદ આ આત્મા. આહાહા..! સમજાય છે કાંઈ? '**શબ્દનો અર્થ...**' શબ્દનો અર્થ એટલે વસ્તુ. આત્મા તો શબ્દ છે. તેના અર્થને-ભાવ-આત્મા અભેદસ્વરૂપ-અભેદને '**સુંદર રીતે સમજી જાય છે.**' બરાબર સમ્યગ્જ્ઞાનમાં વસ્તુ આવી જાય છે. સમજાય છે કાંઈ? '**અર્થ સુંદર રીતે સમજી જાય છે.**' ભગવાન આત્મા દર્શાવ્યો તો પકડી લીધો.

'**એ રીતે જગત મ્લેચ્છના સ્થાને હોવાને લીધે...**' જુઓ! આખું જગત મ્લેચ્છના સ્થાનમાં છે. '**અને વ્યવહારનય પણ મ્લેચ્છભાષાના સ્થાને હોવાને લીધે...**' આહાહા..! વ્યવહારનય પણ. પણ લીધું ને? જગત મ્લેચ્છને સ્થાને છે અને વ્યવહારનય પણ. એમ બેય ભેગાં. '**મ્લેચ્છભાષાના સ્થાને હોવાને લીધે પરમાર્થનો પ્રતિપાદક (કહેનાર) હોવાથી...**' પરમાર્થનો કહેનાર છે, પરમાર્થને બતાવનાર છે. માટે '**વ્યવહારનય સ્થાપન કરવાયોગ્ય છે.**' છે, એમ સ્થાપન કરવા લાયક છે. આહાહા..! સમજાય છે કાંઈ? વ્યવહારનય ભેદ વિકલ્પ છે. ત્યાં અભેદનું લક્ષ કરવાનું છે. વ્યવહારનય છે એટલું ખરું, આદરણીય નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ભેદનો આદર તે તો વિકલ્પ છે, એ તો વિકલ્પ થયો. અભેદમાં ભેદ પડ્યો એ તો વિકલ્પ થયો. એ તો સાતમીમાં આવી ગયું. એનો જ પરમાર્થ અહીંયાં છે. ત્યાં જા. અમે તો ટૂંકામાં બતાવીએ છીએ, આ દર્શન, જ્ઞાન, ચારિત્રને (પ્રાપ્ત હોય તે આત્મા). એટલું એકલો આત્મા ન સમજે તો આટલો ભેદ પાડીને સમજાવીએ છીએ. પણ સમજનારે ભેદ ઉપર લક્ષ ન કરવું. ભેદને છોડી અભેદ ઉપર દૃષ્ટિ દેવી. ત્યારે વ્યવહારનય સ્થાપવા યોગ્ય કહ્યું.

'**તેમ જ બ્રાહ્મણે મ્લેચ્છ ન થવું...**' બ્રાહ્મણને ભલે વિકલ્પ આવ્યો અને કહે (પરંતુ તેણે) મ્લેચ્છ ન થઈ જવું. '**એ વચનથી તે (વ્યવહારનય) અનુસરવા યોગ્ય નથી.**' વ્યવહારનય સ્થાપવા યોગ્ય છે એમ કહેવામાં આવ્યું છે. પણ અનુસરવા યોગ્ય નથી. એમ ભગવાન ત્રિલોકનાથ (અને) સંતોનો ઉપદેશ છે. એનું ભાવાર્થમાં વિશેષ સ્પષ્ટ આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**દ્વિતીય શ્રાવણ સુદ ૧૪, સોમવાર તા. ૨૯-૦૮-૬૬**
**ગાથા-૮ તથા ૯-૧૦, પ્રવચન-૩૧**

... આઠમી ગાથાનો થયો. આઠમીમાં શું કહ્યું? એના ભાવાર્થમાં ચાલતી ભાષામાં પંડિતજીએ કહ્યું છે. ભાવાર્થ છે આઠમીનો?

**ભાવાર્થ :- 'લોકો શુદ્ધનયને જાણતા નથી...'** સામાન્ય જનતા અનાદિથી શુદ્ધનયને નથી જાણતી. કેમ? શા માટે નથી જાણતા? **'શુદ્ધનયનો વિષય અભેદ એકરૂપ વસ્તુ છે;...'** ભગવાન આત્મા એક સમયમાં અભેદ (છે). રાગાદિ પર્યાય તો નહિ, પણ ગુણ-ગુણી ભેદ પણ નહિ એવો એક સમયમાં અભેદ ચીજ સામાન્ય વસ્તુ, ધ્રુવ વસ્તુ અભેદ એ શુદ્ધનયનો વિષય (છે). અભેદ એકરૂપ વસ્તુ. એને તો અજ્ઞાની અનાદિથી જાણતા નથી. એનું કદી એણે ભાન કર્યું નહિ. સમજાય છે કાંઈ? **'લોકો શુદ્ધનયને જાણતા નથી...'** શુદ્ધનય કહો કે શુદ્ધનયનો વિષય.. અહીં બે ભેદ પાડી દીધા છે. શુદ્ધનયને અર્થાત્ અહીંયાં વિષય અને વિષયીનો ભેદ પાડ્યો છે પણ ખરેખર એક જ છે. આત્મા એક સમયમાં શુદ્ધ ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વરૂપ અભેદ એનું નામ શુદ્ધનય. એ સમ્યગ્દર્શનનો વિષય. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શનનો વિષય-ધ્યેય અભેદ શુદ્ધનય કહો કે સમ્યગ્દર્શનનો વિષય કહો, એ ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ અનંત ગુણનું એકરૂપ એ શુદ્ધનય સ્વરૂપ (છે). તેને તો અનાદિથી અજ્ઞાની જાણતા નથી. કારણ કે શુદ્ધનયનો વિષય અભેદ એકરૂપ વસ્તુ, એકરૂપ વસ્તુ છે એનો તો અનાદિથી અજ્ઞાનીને પત્તો નથી કે એકરૂપ વસ્તુ શું છે. સમજાય છે કાંઈ? અને એકરૂપ વસ્તુનું અંતર ભાન કર્યા વિના એને કદી સમ્યગ્દર્શન થતું નથી અને સમ્યગ્દર્શન વિના જ્ઞાન અને ચારિત્ર એની પાસે કદી હોતાં નથી. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા એક સમયમાં શુદ્ધ ધ્રુવ ચૈતન્યદ્રવ્ય, એકરૂપ અભેદ તે શુદ્ધનય અથવા શુદ્ધનયનો વિષય. એ તો વ્યવહારનયથી કથન છે. નહિતર શુદ્ધનય કહો. **'भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो'** ત્યાં **'भूदत्थो देसिदो दु सुद्धणओ'**. ૧૧મી ગાથામાં આવશે. ભૂતાર્થ ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ સ્વરૂપ, અભેદ સ્વરૂપ, એક વસ્તુ ગુણ-ગુણીના ભેદનું લક્ષ છોડી રાગનું, પર્યાયનું, નિમિત્તનું લક્ષ છોડી પોતાના એકરૂપ સ્વભાવમાં દૃષ્ટિ દેવાથી સમ્યગ્દર્શન થાય છે. સમજાય છે કાંઈ? લોકો તો અભેદને સમજતા નથી. અનાદિ કાળથી અગિયાર અંગ ભણી ગયો, નવ પૂર્વ પણ જાણ્યા અને નવમી ગ્રૈવેયક પણ અનંત વાર (ગયો). 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો'. આત્મા એક સમયમાં શું વસ્તુ છે એને અનંત કાળમાં કદી દૃષ્ટિમાં અજ્ઞાનીએ મિથ્યાદૃષ્ટિએ અનાદિ કાળથી લક્ષમાં, દૃષ્ટિમાં, ધ્યેયમાં લીધી નથી. શશીભાઈ!

મુમુક્ષુ :- કાંઈ સમજાતું નથી.

ઉત્તર :- હજી કહેશું વધારે, હજી ક્યાં મૂકી દઈએ છીએ. એક વાત છોડી દઈએ એમ નહિ, અહીં તો પૂરું લઢણ કરીને (કહીએ છીએ). ઓળખો છે ને? આ પ્રોફેસર. વડોદરાના પ્રોફેસર (છે). સમજાય છે કાંઈ?

અહીં તો આઠમી ગાથામાં કહ્યું.. સંસ્કૃતમાં ગૂઢ છે. તો 'જયચંદ્ર પંડિતે' સામાન્ય ચાલતી ભાષામાં શું કહ્યું તેને ખુલ્લું કરે છે. સમજાય છે કાંઈ? અહીંયાં શુદ્ધનયનો વિષય, સમ્યગ્દર્શનનો વિષય ભગવાન આત્મા એક સ્વરૂપે છે. એક સ્વરૂપ વસ્તુને તો અનાદિથી જ્ઞાનીએ જાણી નથી. પરંતુ '**તેઓ અશુદ્ધનયને જ જાણે છે...**' અજ્ઞાની તો અનાદિથી... આત્મા દર્શન, જ્ઞાન, ચારિત્ર એ અશુદ્ધનય, હોં! અત્યારે તો એટલું. ભાઈ! સમજાય છે કાંઈ? આત્મા દર્શન, જ્ઞાન, ચારિત્ર સંપન્ન એવા જે ભેદ એ અશુદ્ધનયનો વિષય છે. એનો અર્થ કે દર્શન, જ્ઞાન ભેદવાળો આત્મા એમ કહે છે પણ દર્શન, જ્ઞાન, ચારિત્ર ભેદ ઉપર લક્ષ જાય તો અશુદ્ધનયનું કથન છે. કેમકે ભેદના આશ્રયે તો રાગ જ ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે. એ ચીજ એવી છે કે અનંત કાળમાં એણે શું ચીજ છે એને રુચિગત કરી જ નથી. બાકી અંતર સમ્યક્ અનુભવ વિના અનંત વાર એવી ક્રિયાકાંડ કરીને મરી ગયો, સૂકાઈ ગયો. નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો પણ એક જન્મ-મરણના ભવનો અંત આવ્યો નહિ.

ભગવાન 'કુંદકુંદાચાર્ય' ઈ કહે છે કે ભાઈ! લોકો અભેદ વસ્તુને તો જાણતા નથી. વસ્તુ અનંત ગુણનું એકરૂપ વસ્તુ જે ચીજ છે, જે શુદ્ધનયનો વિષય છે કે જેનો આશ્રય કરવાથી સમ્યગદર્શન થાય છે, એવી ચીજને તો અજ્ઞાની જાણતા નથી. પરંતુ '**અશુદ્ધનયને જ જાણે છે કેમ કે...**' ભાઈ! બેયમાં કેમ કે કહ્યું છે. જુઓ! '**તેનો વિષય ભેદરૂપ અનેકપ્રકાર છે;...**' સમજાય છે કાંઈ? બેય કારણ બતાવે છે. લોકો શુદ્ધનયને જાણતા નથી. કેમ? શુદ્ધનયનો વિષય અભેદ એકરૂપ વસ્તુ છે. પરંતુ '**અશુદ્ધનયને જ જાણે છે કેમ કે તેનો વિષય ભેદરૂપ અનેકપ્રકાર છે;...**' સમજાય છે કાંઈ? આ જ્ઞાનવાળો આત્મા, દર્શનસંપન્ન આત્મા, ચારિત્રસંપન્ન આત્મા એ બધા અનેકરૂપ ભેદ અશુદ્ધનયનો વિષય છે. સમજાય છે કાંઈ? જાણે તે આત્મા, શ્રદ્ધે તે આત્મા એ તો ભેદ થઈ ગયો. સમજાય છે કાંઈ? કહે છે કે અજ્ઞાની તો, જ્ઞાન જાણે તે આત્મા (એમ) એક ગુણનો ભેદ પાડીને (સમજે છે). શ્રદ્ધે તે આત્મા અથવા અંદરમાં એકાગ્ર થાય, સ્થિર થાય તે આત્મા. તો એ તો ત્રણ ભેદ થઈ ગયા. ત્રણ ભેદ થયા એ અશુદ્ધનયનો વિષય છે. અર્થાત્ તે આત્માને આશ્રય કરવા લાયક નથી. ભેદ આત્માને આશ્રય કરવા લાયક નથી. કારણ કે ભેદનો આશ્રય કરે છે તો રાગ ઉત્પન્ન થાય છે અને એ ભેદ અશુદ્ધનયનો વિષય છે. શુદ્ધનય ત્રિકાળ જે વિષય છે એ અશુદ્ધનયના વિષયમાં આવતો નથી. સૂક્ષ્મ વિષય છે. આ પહેલી ગાથા

ઈ છે.

અનંત કાળમાં એણે કદી સાંભળ્યું જ નથી. ચોથી ગાથામાં આવી ગયું. 'શ્રુત પરિચિત અનુભૂત કામભોગ કથા'. એણે તો રાગને કરવો, રાગને ભોગવવો, વિકલ્પ કરવો, વિકલ્પને ભોગવવો-એ વાત અનંત કાળથી સાંભળી છે. પણ વિકલ્પથી પાર ચિદાનંદ પ્રભુ એક સમયમાં અભેદ અખંડાનંદનો આશ્રય કરવો અને એના આશ્રયથી ધર્મ થાય છે તે વાત એણે અનંત કાળમાં સાંભળી નથી. સમજાય છે કાંઈ?

કહે છે, **'તેનો વિષય...'** અશુદ્ધનયનો વિષય. આ જ્ઞાન, આ દર્શન, આ ચારિત્ર. ઈ હોં! અત્યારે તો ઈ કહેવું છે, ભાઈ! રાગવાળો એ વાત અત્યારે નથી કહેવી. અહીં તો આટલું લેવું છે. હજી એમાંથી એક કાઢી નાખશે. એક જ રહેશે છેલ્લે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા કર્મવાળો તો નહિ, શરીરવાળો તો નહિ, વિકારવાળો નહિ પણ એમાં ગુણ-ગુણીનો ભેદ કરવો કે આ આત્મા જ્ઞાનવાળો છે, દર્શન સંપન્ન છે, ચારિત્ર સંપન્ન છે. એવા ભેદ એ અશુદ્ધનયનો વિષય છે. અશુદ્ધનયનો અભેદ એ વિષય નથી. સૂક્ષ્મ વાત છે, ભાઈ! એને સમ્યગ્દર્શન કેમ ન થયું એની વાત કરે છે. સમ્યગ્દર્શનનો વિષય શુદ્ધનયનો વિષય અભેદ અખંડ આનંદકંદનો એણે આશ્રય કર્યો નહિ. સમજાય છે કાંઈ? અનંત કાળમાં એણે આશ્રય કર્યો નથી. નવમી ગ્રૈવેયક ગયો. 'મુનિવ્રત ધાર અનંત બૈર' અઠ્યાવીસ મૂળગુણ પાળ્યા. શુક્લલેશ્યા. શરીરના ખંડ ખંડ કરે તોપણ કષાય ન કરે એવી ક્રિયાકાંડ સ્વભાવનો, આત્માના આનંદનો આશ્રય કર્યા વિના એવી ક્રિયાઓ કરી એમાં કંઈ આત્માનો લાભ થયો નહિ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હતું કે દિ' માહાત્મ્ય. કોણ કહે છે? બાબુભાઈ? ઈ તો વાત કરે છે. અહીં તો ભેદનું માહાત્મ્ય નહિ. સાંભળો! રાગની ક્રિયાનું તો માહાત્મ્ય છે નહિ, નિમિત્તનું સંયોગનું માહાત્મ્ય નથી, અહીંયાં તો ભેદ આત્માને આમ કહેવો કે આ જ્ઞાન તે આત્મા, શ્રદ્ધે તે આત્મા, સ્થિર થાય તે આત્મા, એ ભેદ છે એ ભેદનું પણ અહીંયાં માહાત્મ્ય નથી. બાબુભાઈ!

**વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ,**
**ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ.**

નપુંસક જેવા વીર્યવાળાને ભગવાનના તત્ત્વનો ભાવ પ્રતિકૂળ પડે છે. આ! આવું? સમજાય છે કાંઈ?

કહે છે, જુઓ! 'જયચંદ્ર પંડિતે' ખુલાસો કર્યો કે ભગવાન આત્મા અંતરમાં એકરૂપ વસ્તુ શુદ્ધ ચિદાનંદમૂર્તિ પ્રભુ એ શુદ્ધનયનો વિષય, એ જ સમ્યગ્દર્શનનું ધ્યેય, એનો આશ્રય-અભેદનું લક્ષ કરવાથી ધ્યેય બનાવવાથી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ઉત્પન્ન થાય છે. પણ અજ્ઞાનીને તો કદી અભેદનું લક્ષ નથી, અભેદનું જ્ઞાન નથી, અભેદ કદી એણે લક્ષમાં લીધો

નથી. તો '**લોકો શુદ્ધનયને જાણતા નથી...**' અભેદ ચીજ શું છે તેને તો જાણતા નથી. કેમકે એનો વિષય અભેદ અને એકરૂપ છે. પરંતુ '**અશુદ્ધનયને જ જાણે છે...**' અશુદ્ધનયને જાણે છે એની વ્યાખ્યા કે '**તેનો વિષય ભેદરૂપ અનેકપ્રકાર છે;...**' આ જ્ઞાન, દર્શન, આનંદ એમ ભેદ કરીને ભેદ જાણે, ભેદને જાણે. એ ભેદ જ આત્મા છે એમ માને છે. એ ભેદને જ આત્મા માને છે. એ અશુદ્ધનયનો વિષય છે. સમજાય છે કાંઈ?

'**તેથી વ્યવહાર દ્વારા જ પરમાર્થને સમજી શકે છે.**' જુઓ! તેથી. આ કારણ આપ્યું. કારણ શું આપ્યું? બે કારણ આપ્યા. એક કારણ એવું છે કે એ શુદ્ધનયને અભેદ ભગવાનને (જાણતા નથી). નિમિત્ત તો નહિ, રાગ પણ નહિ અને એક સમયની પર્યાયનું પણ લક્ષ નહિ. અને ગુણી આત્મા છે અને એમાં અનંત ગુણ છે એવા ભેદનું પણ લક્ષ નહિ. એવો અભેદ એકરૂપ વસ્તુ તે શુદ્ધનયનો વિષય-ધ્યેય છે. સમજાય છે કાંઈ? તેને તો કદી જાણી નથી. સાંભળી નથી, ખબર નથી શું ચીજ છે. પરંતુ '**અશુદ્ધનયને જ જાણે છે કેમ કે તેનો વિષય ભેદરૂપ અનેકપ્રકાર છે;...**' સમજાય છે કાંઈ? જ્ઞાન કરે છે, દર્શન કરે છે, શ્રદ્ધા કરે છે, સ્થિરતા કરે છે, આમ એકાગ્ર થાય છે, આવું આવું વીર્ય ફોરવે છે, એમ એક એક ગુણનો ભેદ કરીને જાણે છે કે આ આત્મા. સમજાય છે કાંઈ? ભેદને જાણે છે. '**તેથી...**' આ કારણે '**તેઓ વ્યવહાર દ્વારા જ...**' અશુદ્ધનય દ્વારા જ, અશુદ્ધ દ્વારા જ. અશુદ્ધ દ્વારા જ કહો કે વ્યવહારનય દ્વારા જ કહો (બન્ને એકાર્થ છે). સમજાય છે કાંઈ? '**પરમાર્થને સમજી શકે છે.**'

એમ કહે, જુઓ પ્રભુ! જાણે-દેખે-શ્રદ્ધે તેને પ્રાપ્ત હોય તે આત્મા. ભેદ દ્વારા અભેદને જણાવ્યો. ખ્યાલ તો કરાવવો છે અભેદનો. પણ ભેદથી એને બતાવ્યું. કેમકે ભેદને જાણે છે. અભેદને કદી જાણ્યો નથી. તો એને આચાર્યદેવ ખાસ અસાધારણ ધર્મને લક્ષમાં લઈને (કહે છે), ભાઈ! આત્મા એને કહે છે કે દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત હોય તે આત્મા. દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત તો ભેદ થઈ ગયો. સમજાય છે કાંઈ? હજી એ ભેદ (છે). દર્શન, જ્ઞાન, ચારિત્ર ભેદ (છે). તેને પ્રાપ્ત હોય તે આત્મા. એમ કહીને અભેદ આત્માનું લક્ષ કરાવ્યું છે. આવી વાત, ભાઈ! મૂળ ચીજની અત્યારે ખબર ન મળે. એ વિના એકડા વિનાના મીંડા. સમજાય છે કાંઈ? એકડા વિનાના મીંડા સમજો છો? એક નહિ, શૂન્ય લાખ કરોડ. એમ વાસ્તવિક અભેદ દૃષ્ટિ શું છે, સમ્યગ્દર્શન કઈ રીતે ઉત્પન્ન થાય છે એની ખબર નથી. સમ્યગ્દર્શન તો પછી રહ્યું. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે.. એ તો આપણે કાલે આવી ગયું છે, હોં! આ તો 'જયચંદ્ર પંડિત' ચાલતી ભાષામાં કહે છે કે ભાઈ! અજ્ઞાની પ્રાણી એકલા ભેદને જાણે છે, અનેકને જાણે છે, એકને અભેદને જાણતા નથી. એની સામે લીધું, ભાઈ! અભેદ એકરૂપ વસ્તુ છે તેને જાણતા નથી. ભેદ અનેકરૂપ છે. સામે સામે લીધું છે. ભગવાન આત્મા એક સમયમાં અભેદ વસ્તુ

છે. અનંત ગુણનો એકરસ પી લીધો છે, અનંત ગુણ જે દ્રવ્ય પી ગયું છે. એ સાતમી ગાથામાં આવી ગયું છે. અનંત ગુણ જે પી ગયું છે (એવો) ભગવાન આત્મા, એવું દ્રવ્ય સામાન્ય સ્વરૂપ ધ્રુવ સ્વરૂપ જ્ઞાયકભાવ અભેદભાવ એકભાવની દૃષ્ટિ અજ્ઞાનીને અનાદિકાળથી નથી.

મુમુક્ષુ :-...

ઉત્તર :- હા, ઈ ઠીક કહ્યું. પણ ભેદને સમજાવીને અભેદમાં લઈ જવા ભેદ કહ્યા છે. એકલું ભેદનું જ્ઞાન કરે એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે, એમ છે. ઠીક. નેમચંદભાઈ પ્રશ્ન કરે છે. નેમચંદભાઈ! અહીં તો બીજી વાત છે. જ્ઞાન, દર્શન ગુણભેદ જાણે છે. બસ. પણ એ જાણવું મિથ્યાત્વ છે. ભેદથી આત્માને જોવો તે મિથ્યાત્વ છે. ભેદ દ્વારા અભેદમાં દૃષ્ટિ લઈ જવી, ભેદ ભેદને ખાતર નથી. જ્ઞાન, દર્શન, ચારિત્રને સંપન્ન કોણ? તે આત્મા. એમ અભેદ ઉપર દૃષ્ટિ લઈ જવા ભેદથી કથન કર્યું છે. ભેદમાં રોકાઈ જાય તો મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ છે. ઈ હમણાં કહેશે. સમજાય છે કાંઈ? આહાહા..! ભારે કઠણ. હજી તો રાગ પુણ્ય, દયા, દાનના ભાવ મારા છે એ તો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે જ. નરશીભાઈ! એમાં ઘૂસેલા હતા ને, દયામાં ને.. દરિયાપરી અપાસરો છે ને એને? પ્રોફેસર છે, પ્રોફેસર. પંદર વર્ષ પહેલાં પ્રોફેસર હતા. ૯૫૦નો પગાર હતો. પછી મૂકી દીધું. પણ હજી આ દરકાર બહુ નહિ અંદર. સમજાય છે કાંઈ? ધૂળની દરકાર એટલી આ દરકાર નહિ. નરશીભાઈ!

મુમુક્ષુ :- ધૂળ વિના ચાલતું નથી.

ઉત્તર :- ધૂળ વિના જ ચાલે છે. કોણ કહે છે નથી ચાલતું? નક્કી કરો. સ્વદ્રવ્યમાં પરદ્રવ્યનો અભાવ ત્રણે કાળ છે. નિજ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ (ચારેનો) અભાવ છે. પોતાનું ટકવું પરના અભાવરૂપે ટકી રહ્યો છે. બરાબર છે નરશીભાઈ! શું કહ્યું?

મુમુક્ષુ :- અભેદમાં..

ઉત્તર :- અભેદ નહિ, ઈ નહિ. આ તો પાછળથી કીધું ઈ. રામજીભાઈએ કહ્યું એનું.

દરેક પદાર્થ.. આત્મા જે છે નિજ દ્રવ્ય નામ ગુણ-પર્યાયનો પિંડ, ક્ષેત્ર નામ અવગાહના, કાળ નામ પર્યાય અને ભાવ નામ શક્તિ, એ નિજ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં છે અને અનંત પરદ્રવ્યના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એમાં છે જ નહિ. તો નિજ દ્રવ્ય પરના અભાવથી જ નભે છે. આહાહા..!

મુમુક્ષુ :- ક્યારે?

ઉત્તર :- ત્રણે કાળ. સમજાણું કે નહિ? શું કહે છે?

આત્મા કોને કહ્યો? પોતાનો આત્મા, હોં! નિજ આત્મા દ્રવ્ય. ગુણ-પર્યાયનો પિંડ. ક્ષેત્ર-અવગાહન. અવગાહન કહે છે? શું કહે છે? કદ-પહોળાઈ, પહોળાઈ શબ્દ કહે છે

તમારામાં? ચૌડાઈ. કાળ-એની એક સમયની પર્યાય. ભાવ-એની અનંત શક્તિઓ. ઈ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં છે. અને પોતા સિવાય અનંત સિદ્ધ આદિ કે પરમાણુ આદિ કે બીજા જીવો, તેના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એનામાં છે જ નહિ. સમજાય છે કાંઈ? તો નિજ આત્માએ પરથી રહિત જ નભાવ્યું છે. નભાવ્યું કહે છે? ટિક રહા હૈ. અમને બહુ એવી હિન્દી નથી આવડતી. સમજાય છે કાંઈ? પ્રત્યેક પદાર્થ પરપદાર્થના અભાવથી જ પોતાનું દ્રવ્ય ટકી રહ્યું છે. પરને કારણે દ્રવ્ય ટકી રહ્યું છે એમ વસ્તુમાં છે જ નહિ. સમજાય છે કાંઈ? એ વાત તો ક્યાંય રહી ગઈ. અહીં તો ઈથી આગળ બીજી વાત છે. સમજાય છે કાંઈ? એ વાત તો ક્યાંય રહી ગઈ. આ તો ઈથી બીજી વાત છે.

ભગવાન આત્મા નિજ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં છે. તો પોતાના કાળમાં જે વિકાર છે-રાગ, દ્વેષ, દયા, દાન, કામ, ક્રોધ તેને પણ અહીં કાઢી નાખવા છે. એ નિજ સ્વભાવ છે જ નહિ. અને એક સમયની પર્યાય જે જ્ઞાન, દર્શન, ચારિત્રની, વીર્યની વિકસીત થયેલી છે તે પર્યાયનું પણ લક્ષ છોડાવવું છે અને નિજ આત્મા અનંત ગુણરૂપ વસ્તુ છે. (તેને) મુખ્ય ગુણ દ્વારા (કહે છે કે) આત્મા શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત તે આત્મા, એમ ભેદ કરીને બતાવવું, એ ભેદ કરીને બતાવવો છે અભેદ, ભેદમાં રોકાવા માટે બતાવતા નથી. ભેદથી ભેદને નથી બતાવવા. આહાહા..! ભગવાન આત્મા એ અભેદને કદી સમજતો નથી તો એમ કહ્યું કે જો ભાઈ! જાણે છે, શ્રદ્ધે છે, માને છે, વિશ્વાસ કરે છે એવા ગુણ તે આત્મા. એમ ભેદ બતાવીને અભેદમાં લઈ જવા છે. તો ભેદમાં રોકવો નથી. ભેદમાં તો અનાદિથી પડ્યો છે. ઈ તો કહ્યું, એનો વિષય ભેદ તો અનેક પ્રકારે કરી જ રહ્યો છે. મિથ્યાદૃષ્ટિ પોતાના આત્માને ગુણભેદરૂપ માનીને, ભેદરૂપ માનીને વ્યવહારદૃષ્ટિનો આશ્રય કરીને અનાદિથી પડ્યો છે. નવું શું કર્યું એણે? સમજાય છે? ભાઈ! સૂક્ષ્મ વાત છે, હોં! બહુ સૂક્ષ્મ પડશે થોડી પહેલી, નવા છે ને, નવા. એઈ..! લાલચંદજી! આરે..! જૈનમાં પડ્યા હોય વાડામાં જૈનની ખબર ન મળે. સમજાય છે કાંઈ?

અહીં કહે છે, જૈન પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ વીતરાગદેવની દિવ્યધ્વનિમાં આવ્યું એમ સંતો 'કુંદકુંદાચાર્યે' અનુભવ કર્યો. ભગવાન 'કુંદકુંદાચાર્ય' ત્યાં ભગવાન પાસે આઠ દિવસ ગયા હતા. 'સીમંધરપ્રભુ' પાસે. સમજાય છે? આઠ દિવસ રહીને અહીં આવીને આ શાસ્ત્ર બનાવ્યા. ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર આમ કહે છે. જ્ઞાની હતા, ચારિત્રવંત હતા પણ વિશેષ સ્પષ્ટતા ઘણી થઈ (પછી) શાસ્ત્ર બનાવ્યા. ભગવાન એમ કહે છે કે અજ્ઞાની લોકો અભેદને જાણતા નથી. કેમ કે વસ્તુ એકરૂપ ચિદાનંદ સામાન્ય ધ્રુવ છે તે તરફ અજ્ઞાનીની દૃષ્ટિ નથી. ભેદને જાણે છે. રાગને જાણે એ વાત કાઢી નાખી, ભાઈ! રાગ આત્મા ને ધૂળ આત્મા... દયા, દાનના વિકલ્પ તો આસ્રવતત્ત્વ છે. આસ્રવતત્ત્વ એ આત્મા છે? આ શરીર, વાણી, મન અજીવતત્ત્વ છે. શરીર, વાણી, મન જડ અજીવતત્ત્વ છે. એ આત્મા

છે? દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ આસ્રવતત્ત્વ છે. એ આત્મા છે? એ તો આસ્રવતત્ત્વમાં ગયા. અહીંયાં તો નિજ આત્મામાં અભેદમાં ભેદ કરવા તે પણ મિથ્યાદૃષ્ટિ ભેદ કરીને રોકાય છે તેની વાત કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? કઠણ-બઠણ કાંઈ નથી પણ એણે કોઈ દિ' સાંભળ્યું નથી, કદી એ માર્ગ લીધો નથી. માથાકૂટ કરીને મરી ગયો. ત્યાગી થઈને સાધુ થઈને. અગિયાર અંગ ભણી ગયો, નવ પૂર્વ ભણી ભણીને વાંચી નાખ્યા. શું કહે છે એનો આશય પકડમાં લીધો નહિ. સાદી ભાષામાં તો 'જયચંદ્ર પંડિતે' કહ્યું છે. પાઠમાં તો કાલે આવી ગયું છે.

અશુદ્ધનયને જાણે છે, ફક્ત ભેદને જાણે છે. એટલી વાત અહીંયાં લેવી છે. અજ્ઞાનીને તો જ્ઞાન આત્મા (સમજાય છે). વસ્તુ તો એકરૂપ છે, અભેદ છે. સમજાય છે કાંઈ? આ લાકડી જુઓ. આ સુખડની છે. એકરૂપ છે. સુંવાળી, ગોળ એમ એકરૂપ છે. એમાંથી એમ કહેવું કે જો ભાઈ! આ સુખડ છે. સુંવાળી. સુંવાળી સમજો છો? મુલાયમ. સુંવાળું તે સુખડ. તો શું એમાં સુંવાળું જુદું પડે છે? સમજ્યા? તોલ એ સુખડ. તો શું તોલ શક્તિ જુદી પડે છે એમાં? એમાં જે ઉપર મેલ છે અને જે ડબ્બીમાં રાખી છે એ ડબ્બી જુદી, મેલ જુદો. હવે રહી એ ચીજ. એમાંથી પણ ત્રણ બોલ કાઢવા-સુંવાળું, સુગંધ અને વજન. એમાં તો અભેદમાં તો બધું એકસાથે પડ્યું છે. પણ અજ્ઞાની અભેદને નથી જાણતા તો બતાવે છે કે આ લાકડી જુદી છે, આ શીશપેન જુદી છે. એમાં સુગંધ નથી. એને ભિન્ન બતાવવા (કહે કે), સુગંધ એ સુખડ, સુગંધ એ સુખડ. એમ છે નહિ. બતાવવી છે સુગંધવાળા આખા સુખડની એકતા. સમજાય છે કાંઈ? મેલથી નહિ, જે ડબ્બીમાં રાખ્યું છે તે ડબ્બી નહિ. એમ આ શરીર ડબ્બી છે એ નહિ. અને પુણ્ય-પાપના ભાવ મેલ-આસ્રવ છે એનાથી નહિ. સમજાય છે કાંઈ? ભારે વાત! વીતરાગની વાત એવી થઈ પડી, લોકને પ્રતિકૂળ થઈ પડી એવી છે. ઈ વાત સાંભળે તો કહે, અરર..ર..! આ તો એકલો નિશ્ચય.. નિશ્ચય.. નિશ્ચય છે. હવે સાંભળને! નિશ્ચય. તને નિશ્ચયની પણ ખબર નથી અને વ્યવહારની પણ ખબર નથી. સમજાય છે કાંઈ?

એ તો આપણે આવ્યું ને? ઈ કહેવું છે. સવારમાં નહોતું આવ્યું? 'વિદ્વજ્જનો નિશ્ચય તજી...' પંડિતજી! આપણને શબ્દ બરાબર (યાદ નથી). ૧૫૬ ગાથા છે ને? 'વ્યવહારમાં વર્તન કરે'. છે ને? ૧૫૬ ગાથા છે ને. પુણ્ય-પાપ અધિકાર, ૧૫૬. પુણ્ય-પાપ અધિકારની ગાથા. એમાંથી કાઢો. તમારી પાસે 'સમયસાર' છે ને.

**मोत्तूण णिच्छयट्ठं ववहारेण विदुसा पवट्टंति।**
**परमट्ठमस्सिदाण दु जदीण कम्मक्खओ विहिओ।।१५६।।**

**'मोत्तूण णिच्छयट्ठं'** નિશ્ચયનો અર્થ ભૂલીને વિદ્વજ્જનો. એમ લીધું છે. **'मोत्तूण णिच्छयट्ठं'** આપણે આ ચાલતા સમયસારમાં છે. આમાં જ છે. પણ જાણે પેલું 'નિયમસાર' વાંચીએ

ને એમ થઈ ગયું. ૧૫૬ ગાથા છે, જુઓ! ૨૫૦ પાનું.

**मोत्तूण णिच्छयट्ठं ववहारेण विदुसा पवट्टंति।**
**परमट्ठमस्सिदाण दु जदीण कम्मक्खओ विहिओ।।१५६।।**

નીચે અર્થ, હરિગીત.

**વિદ્વજ્જનો ભૂતાર્થ તજી વ્યવહારમાં વર્તન કરે,**
**પણ કર્મક્ષયનું વિધાન તો પરમાર્થ-આશ્રિત સંતને. ૧૫૬.**

વિદ્વાનો વ્યવહાર વ્યવહાર કરીને નિશ્ચયને છોડી દે છે. ઈ વખતે એવું થતું હતું. ૨૦૦૦ વર્ષ પહેલા 'કુંદકુંદાચાર્ય'ના કાળમાં વિદ્વજ્જનો ભૂતાર્થ તજી. નિજ અભેદ ભગવાન ચૈતન્યનો આશ્રય છોડી વ્યવહારમાં વર્તન કરે. સમજાય છે કાંઈ? એમાં આત્માનો કાંઈ લાભ નથી, વ્યવહારમાં વર્તન કરવાથી. એઈ.. તારાચંદજી! '**પણ કર્મક્ષયનું વિધાન તો...**' ભગવાને કર્મક્ષયનું-મિથ્યાત્વનો નાશ, કર્મક્ષય શબ્દે મિથ્યાત્વનો નાશ, રાગનો નાશ તે '**પરમાર્થ-આશ્રિત...**' ભગવાન અભેદ ચૈતન્યમૂર્તિના આશ્રયે મિથ્યાત્વનો નાશ થાય છે, તેના આશ્રયે જ કર્મનો ક્ષય થાય છે. વ્યવહાર ક્રિયાકાંડથી ક્યારેય ત્રણ કાળમાં કર્મનો નાશ કે સંવર, નિર્જરા થતા નથી. પણ વિદ્વાનો નિશ્ચયને ભૂલી અને ભણ્યા કે શાસ્ત્રમાં તો આમ લખ્યું છે ને આમ લખ્યું છે ને આમ લખ્યું છે, કાઢી કાઢીને વ્યવહારને સ્થાપે છે. સમજાય છે કાંઈ? તારાચંદજી! ઈ વખતમાં 'કુંદકુંદાચાર્ય' કહે છે.

શ્વેતાંબરમાં 'યશોવિજય' થયા ને? 'યશોવિજય' થયા છે. અહીં પુસ્તક મૂક્યું હતું. વળી આજ સવારે (હાથ આવ્યું). લખ્યું છે? શું લખ્યું છે? દિગ્પટ. એમાં ૮૪ ભૂલ કાઢી છે. દિગંબરની ૮૪ ભૂલ કાઢી છે. શ્વેતાંબરમાં 'યશોવિજય' ૩૫૦ વર્ષ પહેલા થયા. કહે છે, ૫૮૫ છે. શું કહે છે? તમે દિગંબર લોકો.. એને ખ્યાલ આવી ગયો હતો કે દિગંબર આમ કહે છે. કેમકે 'હેમરાજ' પંડિત થયા ને? પંડિતજી! 'પ્રવચનસાર'નો બાલાબોધ કરનારા. એ 'હેમરાજે' પહેલાં શ્વેતાંબર વિરુદ્ધ ૮૪ બોલ કાઢ્યા હતા. બધું અમારી પાસે છે. આ બાજુના છે, આ બાજુના છે. અમારી પાસે બધો સંગ્રહ છે. શ્વેતાંબર વિરુદ્ધ ૮૪ બોલ કાઢ્યા. તો 'યશોવિજયે' ૮૪ બોલ દિગ્પટ (માં કાઢ્યા). પાઠ છે, જુઓ!

ઉપાધ્યાય યશોવિજય દિગ્પટ ૮૪. દિગંબરના ૮૪ બોલની ભૂલ. એમાં એક ભૂલ એવી કાઢી છે, 'નિશ્ચયનય પહેલા કહે ને પછી લે વ્યવહાર, ભાષા ક્રમ જાણે નહિ, જૈનમાર્ગકો સાર.' શ્વેતાંબર કહે છે. તમે દિગંબર લોકો નિશ્ચય નિશ્ચય નિશ્ચય હોય તો વ્યવહાર હોય, નિશ્ચય પહેલા અને વ્યવહાર પછી. તમારી ભૂલ છે. તારાચંદજી! બધાએ ઈ જ પકડી લીધું. આપણે ત્યાં જ્યારે વિદ્વત પરિષદ હતી ને? ત્યારે ૩૨ પંડિત આવ્યા હતા. જુઓ! આ કહે છે, તમે દિગંબર પહેલા નિશ્ચય અને પછી વ્યવહાર કહો છો. અમે કહીએ છીએ કે પહેલા વ્યવહાર છે અને પછી નિશ્ચય છે. તમે પણ કહો છો, વ્યવહાર હોય તો નિશ્ચય

થાય. તમે પણ શ્વેતાંબર થઈ ગયા. લાલચંદજી! આ તો અમે ઘણાં વર્ષ પહેલા બધું જોયું છે ને. શ્વેતાંબરના કરોડો શાસ્ત્ર જોયા છે. એના લેખ-બેખ બધું જોયું. પછી દિગંબરના (સંવત) ૧૯૭૮ની સાલથી બધા જોયા. ૧૯૭૮ની સાલ. ૪૪ વર્ષ થયા. એ પહેલા આ બધું જોયું હતું. એમાં આ લખ્યું છે કે 'નિશ્ચયનય પહેલા કહે'. વાત તો સાચી છે એની, એણે પકડી લીધું હતું. દિગંબર અનાદિથી એમ કહેતા આવ્યા છે '**भूदत्थमस्सिदो खलु**'. ભૂતાર્થનો આશ્રય કરો તો ધર્મ થાય છે. એ વિના વ્યવહારથી થતો નથી. ઈ એના ખ્યાલમાં આવી ગયું. નિશ્ચય પહેલા કે પછી. 'ભાષાક્રમ જાણે નહિ' ભાષા જૈનમાર્ગનો સાર છે? ઈ કહે છે કે જૈનમાર્ગનો સાર ભાષા છે. એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? ઈ કહે છે એ વખતમાં. તારાચંદજી! સમજાણું કે નહિ? તમે પણ આવી ગડબડ કરતા હતા. તમે એટલે આ... આ તો એક દૃષ્ટાંત છે.

ઈ કહે છે કે, અનાદિ જૈનદર્શન દિગંબર જે કહો છો, અનાદિથી માને નહિ એ તો અર્વાચીન માને, નવો થયો છે, તમારા માર્ગમાં તો નિશ્ચય માર્ગ હોય તો પછી રાગની મંદતાને વ્યવહાર કહેવામાં આવે છે. તમે તો પહેલા નિશ્ચય લ્યો છો, અમારે પહેલા વ્યવહાર જોઈએ. સમજાય છે કાંઈ? ઈ જ વાત અત્યારે બધા લ્યે છે. રાગ કરો, રાગની મંદતા કરો, વ્યવહાર હોય તો નિશ્ચય થાય છે. એ દૃષ્ટિ જ જૈનદર્શનની નથી. સમજાય છે કાંઈ? એ.. જ્ઞાનચંદજી! આહાહા..! ભારે આકરું જગતને.

અહીંયાં કહે છે, અહીંયાં આપણે ચાલતા વિષયમાં. ચાલતો વિષય શું છે? એ પણ ૧૫૬માં કહ્યું. અમારે નેમચંદભાઈએ કહ્યું ને કે એટલો તો ભેદનો લાભ થયો ને. વિદ્વાન કહ્યા, એને મૂઢ કહ્યા. વિદ્વાન ભણીને આવું તેં કાઢ્યું? ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા વસ્તુનું સ્વરૂપ અભેદ ચૈતન્ય અખંડાનંદ દ્રવ્ય સામાન્ય છે તેના આશ્રયે પ્રથમ સમ્યગ્દર્શન થાય છે. એ વિના ત્રણ કાળમાં થતું નથી. એવી તો દૃષ્ટિ નિશ્ચય કાઢી નહિ અને જ્યાં ત્યાં તમે (એમ કહો છો કે), આ લખ્યું છે, જુઓ! સાધન લખ્યું છે, વ્યવહારને સાધન લખ્યું છે, નિશ્ચયનયનો હેતુ કહ્યો છે. આવે છે ને 'છ ઢાળા'માં? એ તો વ્યવહારથી કથન છે. પરમાર્થ કથન બીજું છે. સમજાય છે કાંઈ?

અહીં ઈ કહે છે, અજ્ઞાની વ્યવહારને જાણે છે. નિશ્ચય અભેદને જાણતા નથી તો એને એટલું બતાવવું... શું? જુઓ! '**પરમાર્થને સમજી શકે છે...**' '**વ્યવહાર દ્વારા જ પરમાર્થને સમજી શકે છે.**' સમજવાની વાત છે, હોં! ભેદ પાડીને બતાવવું કે જો ભાઈ! ભગવાન આત્મા જાણે તે આત્મા, પ્રતીત કરે (તે આત્મા), એમ કરીને અભેદ ઉપર લઈ જવા છે. ભેદ દ્વારા અભેદ ઉપર લઈ જવા છે. તો વ્યવહાર દ્વારા નિશ્ચય બતાવવો છે. અહીંયાં વ્યવહાર ક્રિયાકાંડની વાત નથી. ભેદરૂપ જ્ઞાનમાં ભેદ ઉપજાવીને કહેવું એનું નામ વ્યવહાર. તે વ્યવહાર અભેદને બતાવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ ત્રણે શબ્દ એક છે,

હોં! અશુદ્ધનય કહો કે વ્યવહાર કહો, ભાઈ! અશુદ્ધનય જ જાણે છે એમ કહો કે વ્યવહાર દ્વારા જ જાણે છે એમ કહો. વ્યવહાર દ્વારા પરમાર્થને સમજી શકે છે. ભગવાન! આત્મા અભેદ છે, એકરૂપ ચૈતન્ય છે, હોં! આ જ્ઞાન, દર્શન, ચારિત્રને પ્રાપ્ત (હોય તે આત્મા), એ ભેદથી તને કહ્યું. તારે ભેદ ઉપર લક્ષ નથી રાખવાનું. સમજાય છે કાંઈ? લક્ષ તારું દ્રવ્ય ઉપર રાખવું. અભેદ ઉપર જાવું. આહાહા..! સુરેન્દ્રભાઈ!

મુમુક્ષુ :- અભેદના અર્થમાં વાંધા.

ઉત્તર :- અભેદના અર્થમાં વાંધા પાડે છે. એ હોય, પહેલા ખ્યાલમાં .. જાય, થઈ જાય. એઈ..! એનું કાંઈ નહિ. એક વાતની ચોખવટ રહી ગઈ. આ 'નિયમસાર'નો અધિકાર પૂરો થશે. ત્રણ ગાથા છે. ઉપયોગનો અધિકાર ચાલે તો કાલે બીજી પણ સ્પષ્ટતા થઈ જાય. જ્ઞાન પરને જાણે, દર્શન સ્વને જાણે એના પણ ખુલાસા થઈ જાય. ઈ ચાલે તો. સમજાય છે કાંઈ?

અહીં કહે છે, અરે..! ભગવાન! તારે સત્ય સમજવું છે કે આગ્રહ રાખવો છે? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે કહેલું સંતો 'કુંદકુંદાચાર્ય' કહે છે, ભાઈ! અજ્ઞાની અભેદ વસ્તુ આત્માને ક્યારેય સ્પર્શ્યો નથી, એક ઉપર દૃષ્ટિ દીધી નથી તો એકને- અંતર એકરૂપ સ્વરૂપને-તો સમજતા નથી તો એ ભેદને સમજે છે તો એને ભેદ દ્વારા બતાવવું કે જો, ભાઈ! આ જ્ઞાન છે તે આત્મા, જાણે છે તે આત્મા, ઠરે તે આત્મા. અંદર એકાગ્ર થાય છે તે આત્મા. એમ કરીને ભેદ દ્વારા અભેદને દર્શાવ્યો છે. વ્યવહાર દ્વારા પરમાર્થને સમજી શકે છે, એમ. સમજાવવો છે પરમાર્થ પણ ભેદ પાડીને સમજે છે ઈ અપેક્ષાથી વ્યવહાર દ્વારા પરમાર્થને સમજે છે એમ કહેવામાં આવ્યું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ આવશે, ખુલાસો હમણાં આવશે. એ પણ ખુલાસો (આવશે). ઈ આપણે કાલે આવી ગયું છે, ભાઈ! જુઓ!

'**આ કારણે વ્યવહારનયને પરમાર્થનો કહેનાર જાણી...**' આ કારણે વ્યવહારનયને, ભેદ દ્વારા અભેદ આત્માને બતાવવો છે તો એને કહ્યું કે ભગવાન અભેદ ચૈતન્ય આ એક વસ્તુ (છે). રાગ તો નહિ, પુણ્ય-પાપ તો નહિ પણ જ્ઞાન, દર્શન, ચારિત્ર એવા ભેદ પણ અંદરમાં નથી. ભેદથી અભેદ બતાવવો છે. '**વ્યવહારનયને પરમાર્થનો કહેનાર જાણી તેનો ઉપદેશ કરવામાં આવે છે.**' ઉપદેશ શું કરે? ઈ અભેદમાં સમજે નહિ એટલે એને ભેદથી સમજાવે છે. '**અહીં એમ ન સમજવું...**' ભાઈ! તારાચંદજી! '**અહીં એમ ન સમજવું કે વ્યવહારનું આલંબન કરાવે છે...**' એઈ..! નેમિચંદજી! એવો અર્થ ન સમજવો કે વ્યવહારનું આલંબન, ભેદનું આલંબન કરાવે છે. એમ ન સમજવું. રાગની તો અહીં વાતેય નથી, નિમિત્તથી તો વાતેય નથી. પણ ભેદ ગુણી અનંત ગુણનો પિંડ એકરૂપ વસ્તુ એ નથી સમજતા તો

ત્રણ ભેદ પાડીને બતાવવું તે ત્રણ ભેદ વ્યવહાર છે. પણ વ્યવહાર દ્વારા બતાવવો છે નિશ્ચય. પણ એમ ન સમજવું કે વ્યવહારનું આલંબનથી ભેદનું આલંબન કરાવે છે. એમ ન સમજવું. લાલચંદજી! ગાથા તો બહુ સારી આવી છે. ઓહોહો..!

**'પણ અહીં તો વ્યવહારનું આલંબન છોડાવી પરમાર્થે પહોંચાડે છે...'** દર્શન, જ્ઞાન, ચારિત્રના એક સ્વરૂપમાં ત્રણ ભેદ પાડવા તે વ્યવહાર. એ વ્યવહાર દ્વારા નિશ્ચયમાં પહોંચાડે છે. વ્યવહારનું આલંબન કરવાનું નથી કહેતા. આહા..! ભારે વાત ભાઈ! વાદવિવાદ વાદવિવાદ એવા થઈ ગયા. વીતરાગ માર્ગ રહી ગયો એક કોર. એ.. નરશીભાઈ! આ બધા તમારા જેવા પ્રોફેસર જડ જેવા. ખરું કે નહિ? સાવ જડ જેવા, ઈ પોતે કહેતા હતા, હોં! ઈ પોતે કહે છે. પંદર વર્ષ પહેલા ૯૦૦ રૂપિયાનો પગાર (હતો), હવે છોડી દીધું. કાંઈ ભાન ન મળે. નરશીભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હવે દુનિયા બધા પગાર ઘણાં મૂરખને આપે છે. પૂર્વના પુણ્ય હોય તો મળે, એમાં શું પગાર આવ્યો? પૈસા શું ડહાપણથી મળે છે? ડહાપણને શું કહે છે? હોંશિયારીથી મળે છે? રામજીભાઈને મળતા હતા ને? એની હોંશિયારીથી મળતા હતા? હોંશિયારી નહિ તમારા પુણ્ય હતા માટે આપતા હતા. હોંશિયારીથી શું પૈસા મળે ધૂળમાં. બુદ્ધિ વિનાના બારદાન, બુદ્ધિના બારદાન નથી દેખાતા? બારદાન સમજ્યા? ખાલી કોથળા. બુદ્ધિના બારદાનને અત્યારે પાંચ-પાંચ, દસ-દસ લાખની પેદાશ મહિનાની હોય. પેદાશ સમજ્યા? આમદની. એઈ..! કેટલી બુદ્ધિ છે? તમારી બુદ્ધિ છે? બુદ્ધિથી કમાણા છો? ધૂળમાં પણ બુદ્ધિ નથી. આ છોકરાઓ બેઠા એના. એ તો પૂર્વના પુણ્યને લઈને પાંચ-પચાસ લાખ ભેગા થઈ જાય. એમાં ધૂળ ભેગી થઈ એમાં તારી હોંશિયારી શું કામ કરે? સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- કોઈ ધંધો-વેપાર નહિ કરે.

ઉત્તર :- કોણ કરે છે? કરી શકે છે કોઈ પરનો ધંધો? કોણ કર્યો છે? રાગ કરે છે, બસ. રાગને ઓળંગીને જડની ક્રિયા કદી કોઈએ ત્રણ કાળ ત્રણ લોકમાં કરી નથી. ધંધો-બંધો કોણ કરે છે? પોપટભાઈ!

કહે છે, અહીં તો આચાર્યને એટલું કહેવું છે, એ અહીંયાં સ્પષ્ટ કરે છે. ભાઈ! વ્યવહાર નામ દર્શન, જ્ઞાન, ચારિત્ર. પણ ઈ (વ્યવહાર), હોં! રાગ નહિ, પુણ્ય નહિ, દયા અશુદ્ધ પરિણામ નહિ. એકરૂપ વસ્તુને નથી જાણતા, અભેદને નથી જાણતા તો એને ભેદ દ્વારા (બતાવે છે કે) આ જાણે છે તે આત્મા, દેખે છે તે આત્મા, એમ કરીને અભેદમાં લઈ જવા છે. ભેદને બતાવીને અભેદને બતાવવો છે. એ સિવાય બીજો કોઈ ઉપાય નથી. કારણ કે અભેદને જાણતા નથી. એની દૃષ્ટિ, અભેદ શું વસ્તુ છે એ કોઈ દિ' સાંભળવા મળી

નથી. જેનાથી સમ્યગ્દર્શન થાય છે. પહેલી સીઢી, ધર્મની પહેલી સીઢી. અભેદ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્માનો અંતર આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. ત્રણ કાળમાં ભેદના આશ્રયે, રાગના આશ્રયે, નિમિત્તના આશ્રયે સમ્યગ્દર્શન ધર્મની પહેલી સીઢી ઉત્પન્ન થતી નથી. ખબર નથી શું સમ્યગ્દર્શનનો વિષય છે અને ક્યાંથી ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? તો અજ્ઞાનીને સમજાવવા માટે (ભેદ પાડીને સમજાવે છે).

એમાં પણ આવ્યું ને? ભાઈ! તમારે આવી ગયું ને? 'પુરુષાર્થ સિદ્ધ ઉપાય'માં. અબુદ્ધસ્ય બોધનાર્થં. પંડિતજી! અભૂતાર્થં. અજ્ઞાનીને બતાવવા અભૂતાર્થ દ્વારા બતાવવું છે. શું કરે? અજ્ઞાનીને બતાવે છે કે ભાઈ! આ જ્ઞાન. ગુણનો પિંડ એકરૂપ અભેદ છે આખો. એમાં ત્રણ ગુણના ભેદ પાડવા કે આ જ્ઞાન, આ દર્શન એમ એમાં જુદા પડે છે? પણ અનંત ગુણના એકરૂપમાં, (તેને) નથી જાણતા માટે નામભેદથી કથન કરીને ભેદ દ્વારા કથન કરીને અભેદને સમજાવવો છે. આટલો વ્યવહાર કર્યા વિના, ભેદ કર્યા વિના અભેદ સમજતો નથી. છતાં એનો અર્થ એમ ન સમજવો કે વ્યવહારનું આલંબન કરાવે છે. ભેદનું આલંબન કરાવે છે એમ ન સમજવું. સમજાય છે કાંઈ? દર્શન, જ્ઞાન, ચારિત્ર ભેદરૂપ આત્મા એમ આલંબન કરનારને તો રાગ જ ઉત્પન્ન થાય છે, સમ્યગ્દર્શન ઉત્પન્ન નથી થતું. સમજાય છે કાંઈ? માણેકલાલભાઈ! કેવી આ ગરમી છે? પૈસાની ગરમી બહુ લાગે છે. ધૂળમાંય નથી ત્યાં હવે ન્યાં. કરોડ, બે કરોડ ધૂળ ભેગી કરી એમાં તારે શું? એ તો માટી ધૂળ છે. તને શું મળ્યું? તારી પાસે આવ્યા છે? તારી પાસે શું આવ્યું? મમતા આવી.

મુમુક્ષુ :- તિજોરીમાં રૂપિયા આવ્યા.

ઉત્તર :- ધૂળમાં તિજોરી એના બાપની ક્યાં હતી? એની જ હતી. ખરી વાત છે? એના દીકરા પાસે બે કરોડ રૂપિયા છે, લ્યો. તમારી પાસે છે અહીંયાં? ધૂળમાંય નથી. પૈસા પૈસામાં રહ્યા. એ અજીવતત્ત્વ છે. એની પાસે મમતા આવી એ આસ્રવતત્ત્વ છે. ભગવાન તો અજીવ અને આસ્રવતત્ત્વથી ભિન્ન છે. આહાહા..! કંઈ ખબર ન મળે. શું કહે છે અને શું માને છે. માર ગપ્પે ગપ. અને દુનિયા બિચારી ભોળી.

મુમુક્ષુ :- સસ્તામાં માલ જોઈએ છે.

ઉત્તર :- માલ સસ્તો છે પણ અંદરમાં આવે તો સસ્તોને. બહારથી ઘૂંટે તો શું મળે? કહો, સેઠી! આ છે કે નહિ? અંદર લખ્યું છે કે નહિ? ભગવાન!

મુમુક્ષુ :- બીજા શાસ્ત્રમાં લખ્યું છે.

ઉત્તર :- બીજા શાસ્ત્રમાં આનાથી વિરુદ્ધ હોય નહિ. આપણે પંડિતજી... આવે છે, આવે છે. નિમિત્તથી કથન, વ્યવહારથી કથન આવે છે. પણ વ્યવહારથી કથન આવવાનું ફળ તો સંસાર છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બે સસ્તા નથી, એક જ સસ્તુ છે. સમજાય છે કાંઈ? ઈ તો કહે છે, આવી ગયું. આવી ગયું ને? વ્યવહાર અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. એક સત્યાર્થ નિશ્ચય ત્રિકાળ છે. વ્યવહાર નથી એમ નહિ, છે. સ્વભાવનો આશ્રય કરવા લાયક નથી માટે અભૂતાર્થ છે.

અહીં તો કહે છે કે આત્મામાં દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદ કરવા એ વ્યવહાર આશ્રય કરવા લાયક નથી, અવલંબન કરવા લાયક નથી. શું કહ્યું? **'અહીં એમ ન સમજવું કે વ્યવહારનું આલંબન કરાવે છે...'** એ ત્રણ ભેદનો આશ્રય કરાવે છે એમ ન સમજવું. ત્રણ ભેદ દ્વારા તો અભેદની દૃષ્ટિ કરાવે છે કે ત્યાં જા. વ્યવહારનું લક્ષણ જ એ છે ભેદ કરવા. એ તો 'આનંદઘનજી'એ કહ્યું, હોં!

વ્યવહારે લખિ જે રહૈ તેના ભેદ અનંત રે,
શુદ્ધ નય થાપના સેવતાં, નવિ રહૈ દુવિધા સાથ રે.

શબ્દ તો એવા જ કહ્યા છે, હોં! શ્વેતાંબરમાં એક 'આનંદઘનજી' થઈ ગયા.

વ્યવહારે લખિ જે રહે તેના ભેદ અનેક રે,
પરમારથ પથ જે કહે તે રંજે ઈક તંત રે.

એમાં એણે કહ્યું, હોં! એમનામાં નહોતું પણ સિદ્ધાંત પકડી લીધો હતો. સમજાય છે કાંઈ? ત્યાં છે. 'અરનાથ'ની સ્તુતિ છે. ભગવાન! 'અરનાથ' કેટલામાં (ભગવાન) છે? આ આવ્યું. ચોવીસ સ્તુતિ કરી છે.

'પરમારથ પથ જે કહે તે રંજે ઈક તંત રે,'

એકરૂપ સ્વરૂપ ભગવાન પરમાનંદની મૂર્તિ અભેદ. 'પરમાર્થ પંથ જે કહે તે રંજે એક તંત રે.' આ એક આવ્યું ને આમાં? ભાઈ! 'વ્યવહારે લક્ષ જે રહે તેના ભેદ અનંત રે.' આ ભેદ કહ્યો ને? 'વ્યવહારે લખ દોહિલો કાંઈ ન આવૈ હાથ રે,' રાગ, પુણ્ય, દયા, દાનના વિકલ્પથી આત્માને કાંઈ લાભ નથી થતો.

'વ્યવહારે લખ દોહિલો કાંઈ ન આવૈ હાથ રે,
શુદ્ધ નય થાપના સેવતાં, નવિ રહે દુવિધા સાથ રે.'

સમજાય છે કાંઈ? આ બધા શાસ્ત્ર તો અમે બધાના જોયેલા ને. બધા જોયેલા. આ 'સમયસાર' એક ચીજ અત્યારે ભરતક્ષેત્રમાં કેવળજ્ઞાનનો વિરહ ભૂલાવે એવી આ ચીજ છે. સમયસાર અને એની ટીકા 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંતો... ભરતક્ષેત્રમાં આવી કોઈ ચીજ નથી. જેને સમજાય તો ખબર પડે. સમજાય છે કાંઈ? શું કહ્યું? આમાં પુનરુક્તિ નથી લાગતી. શું કહ્યું?

**'વ્યવહારનયને પરમાર્થનો કહેનાર...'** હોં! પ્રગટ કરાવનારો એમ નહિ. ભેદ કરીને બતાવવું છે કે ભાઈ! આ ભગવાન એક સ્વરૂપે છે. પણ કોણ? આ જ્ઞાન, દર્શન, ચારિત્રને પ્રાપ્ત છે તે આત્મા. એમ ભેદ કરીને અભેદ બતાવ્યો. બસ. આટલો વ્યવહાર ઉપદેશ કરવા લાયક

છે. **'અહીં એમ ન સમજવું કે વ્યવહારનું આલંબન કરાવે છે...'** દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદનું પણ આલંબન કરાવે છે એમ ન સમજવું. રાગ અને પુણ્યનું આલંબન કરાવે છે એ વાત તો છે જ નહિ. એ.. ચંદુભાઈ! આ..હા..હા..! વીતરાગના માર્ગથી સમાજ બહુ ઉપરાંઠા થઈ ગયો. નામ ધરાવે કે અમે દિગંબર છીએ, જૈન છીએ. વ્યવહારનું આલંબન કરાવે છે એમ ન સમજવું.

**'પણ અહીં તો વ્યવહારનું આલંબન છોડાવી પરમાર્થે પહોંચાડે છે એમ સમજવું.'** આટલી સાદી ભાષામાં (કહ્યું છે). અંદર છે, એના ઘરના ક્યાં કહે છે. છે તેનું સ્પષ્ટીકરણ કર્યું, સાધારણ જનતા આટલી આટલી ટીકા પડી છે, આટલા આટલા ભાવ પડ્યા છે, આટલા વર્ષથી સમયસાર છે પણ કોઈ સમજતું નથી. કેટલા વર્ષથી સમયસાર છે? આ કાંઈ નવું નથી. આ તો બે હજાર વર્ષ પહેલા બન્યું છે. અને સંસ્કૃત ટીકા 'અમૃતચંદ્રાચાર્યે' હજાર વર્ષ પહેલા કરી છે. નહોતી? કોણ સમજતું હતું? કોને ખબર છે શું છે? સમજાય છે કાંઈ? આટલું સ્પષ્ટ કરીને કહ્યું (તો કહે છે), આમ નહિ, આમ નહિ. વ્યવહારનો લોપ થઈ જશે. અરે..! સાંભળ તો ખરો! તારે ધર્મ કરવો છે કે નહિ? વ્યવહારનો લોપ થઈ જશે. વ્યવહાર નામ સંસાર, એનો લોપ કરી અંદર નિશ્ચયમાં જવાનું છે. નહિતર જઈ શકે નહિ. ભેદનો નાશ કરી અંદર અભેદ ઉપર દૃષ્ટિ કરવાની છે. આહાહા..! અમરચંદજી!

ત્રિકાળ સત્ય. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ' વીતરાગ માર્ગમાં બીજો પંથ હોઈ શકે નહિ. બીજામાં તો છે જ ક્યાં. ... અન્ય-ફન્યમાં બધા ગપ્પે ગપ છે. સમજાણું? વેદાંત ને એક આત્મા ને.. બધું ગપ્પેગપ છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગે કહ્યું એવા અનંત આત્મા, અનંત પરમાણુ, અનંત દ્રવ્યો-એમાંથી એક દ્રવ્ય અભેદ આત્મા ભેદ કરીને દેખાડવું, ભેદનું આલંબન છોડીને અભેદમાં લક્ષ આપવું-તેથી બતાવ્યા છે. આહાહા..! શું રહ્યું? એક ભાગ તો સમજ્યા કે નહિ? નેમિચંદજી!

મુમુક્ષુ :- પચાસ ટકા.

ઉત્તર :- ધૂળમાંય ટકા નથી. વ્યવહારનું આલંબન માની લે તો મિથ્યાદૃષ્ટિ છે. પચાસ ટકા શું, સોએ સો ટકા મિથ્યાત્વ થયું. આહાહા..! લ્યો, આટલો ભાવાર્થ થયો, હોં! ભાવાર્થ .. થયો. હવે એ ગાથા પૂરી થઈ. ૯-૧૦ ગાથા. હજી પાંચ મિનિટ છે ને.

**'હવે, એ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે વ્યવહારનય પરમાર્થનો પ્રતિપાદક કેવી રીતે છે? તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે :-'** જુઓ! પ્રશ્નનું રૂપ પહેલા સમજવું, હોં! પ્રશ્નનું રૂપ એવું છે, શિષ્યનો પ્રશ્ન છે. પાઠમાં છે ને? **'कथं व्यवहारस्य प्रतिपादकत्वमिति'** વ્યવહાર અભેદનું પ્રતિપાદન કઈ રીતે કરે છે? સમજાય છે કાંઈ? વ્યવહાર નિશ્ચયને કેવી રીતે બતાવે છે? કેવી રીતે બતાવે છે? એની રીત શું છે તે અમને કહો. સમજાય છે કાંઈ? ઓ..હો..હો..! **'વ્યવહારનય પરમાર્થનો પ્રતિપાદક કેવી રીતે છે?'** કહેનાર, હોં! કહેનારો. 'તેના ઉત્તરરૂપ

ગાથાસૂત્ર કહે છે :-'

**जो हि सुदेणहिगच्छदि अप्पाणमिणं तु केवलं सुद्धं।**
**तं सुदकेवलीमिसिणो भणंति लोयप्पदीवयरा।।९।।**
**जो सुदणाणं सव्वं जाणदि सुदकेवलिं तमाहु जिणा।**
**णाणं अप्पा सव्वं जम्हा सुदगेवली तम्हा।।१०।। जुम्मं।।**

નીચે હરિગીત.

**શ્રુતથી ખરે જે શુદ્ધ કેવળ જાણતો આ આત્મને,**
**લોકપ્રદીપકરા ઋષિ શ્રુતકેવળી તેને કહે. ૯.**
**શ્રુતજ્ઞાન સૌ જાણે, જિનો શ્રુતકેવળી તેને કહે;**
**સૌ જ્ઞાન આત્મા હોઈને શ્રુતકેવળી તેથી ઠરે. ૧૦.**

મોટી ગાથા છે. અલૌકિક! ૯-૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪ આદિ બધી. આહાહા..! એક શબ્દની શરૂઆત કરવી છે. એક મિનિટ છે ને? પછી તો કાલે સવારે ઈ આવશે, ટેપ રેકોર્ડિંગ. બપોરે ચાલશે. કાલે સવારે ટેપ રેકોર્ડિંગ ચાલશે. બળેવ છે ને? આજે બપોરે 'નિયમસાર' ચાલશે. કાલે સવારમાં ટેપ રેકોર્ડિંગ, બપોરે 'સમયસાર' ચાલશે.

**ટીકા :- 'પ્રથમ, 'જે શ્રુતથી કેવળ શુદ્ધ આત્માને જાણે છે તે શ્રુતકેવળી છે'...'** આ એક પંક્તિ. શું કહે છે? પહેલા તો ઈ વાત છે કે ભાવશ્રુતજ્ઞાન દ્વારા, ભાવશ્રુતજ્ઞાન દ્વારા કેવળ શુદ્ધ આત્માને જાણે છે તે શ્રુતકેવળી છે. ભાવશ્રુત, હોં! વિકલ્પ નહિ, શરીર નહિ, વાણી નહિ. હવે અહીં તો પેલા ત્રણ ભેદ પણ કાઢી નાખશે. અહીં તો જ્ઞાન તે આત્મા, ઈ પણ વ્યવહાર કહેશે. અહીંયાં પહેલી પંક્તિમાં ઈ લીધું કે ભાવશ્રુતજ્ઞાનથી, ભાવશ્રુતજ્ઞાનથી આત્માને જાણે છે તે શ્રુતકેવળી-સમ્યગ્દૃષ્ટિ શ્રુતકેવળી છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- કઠણ છે.

ઉત્તર :- સહેલું કરી નાખશું આપણે કેળવી કેળવીને. આ લોટને કેળવે છે ને? લોટને. નહિ? એમ ને એમ કાંઈ રોટલી નથી થતી. આહાહા..! બાઈ આમ કરે છે ને? પછી રોટલી થાય છે. એમ જરી કેળવણી કરીને (સ્પષ્ટ) કરશું. એ એટલા શબ્દ આવ્યા. વખત થઈ ગયો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**દ્વિતીય શ્રાવણ સુદ ૧૫, મંગળવાર તા. ૩૦–૦૮–૬૬**
**ગાથા –૯–૧૦. પ્રવચન–૩૨**

આઠમી ગાથામાં એમ કહ્યું કે આ આત્મા અનંત ગુણ સંપન્ન શુદ્ધ ચૈતન્ય ધ્રુવ તત્ત્વ છે. એમાંથી ભેદ પાડીને એને સમજાવ્યું કે જો ભાઈ! આત્મા એને કહીએ કે જે દર્શન, જ્ઞાન, ચારિત્રને સદા પ્રાપ્ત હોય તેને આત્મા કહે છે. એમ ભેદ પાડીને અભેદને દેખાડ્યો. અભેદનો અનુભવ કરવો એ જ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ધર્મ છે. સમજાય છે કાંઈ?

શિષ્યને પ્રશ્ન થયો. પ્રશ્ન છે કે **'વ્યવહારનય પરમાર્થનો પ્રતિપાદક કેવી રીતે છે?'** પ્રતિપાદક કેવી રીતે છે? પહેલા ત્રણથી કહ્યું હતું ને? આ આત્મા શરીરવાળો છે, કર્મવાળો છે, રાગવાળો છે એ વાત તો છે જ નહિ. થોડામાં થોડું.. થોડામાં થોડી ભાષા છે? કમ સે કમ. એક આત્મા અખંડ અનંત ગુણરૂપ ચૈતન્યને અસાધારણ દર્શન, જ્ઞાન, ચારિત્રના નામ લઈને તેને ભેદ પાડીને કહ્યું કે આત્મા. એની અંતર અનુભવ દૃષ્ટિ કર. એમ ભેદ દ્વારા અભેદ બતાવ્યો. તો પ્રશ્ન થયો કે **'વ્યવહારનય પરમાર્થનો પ્રતિપાદક કેવી રીતે છે?'** સમજાય છે કાંઈ? વ્યવહારનય, સત્ય પરમાર્થ અભેદ ભગવાન આત્માને કહેનારો કેવી રીતે છે? પ્રતિપાદક કેવી રીતે છે? એવો પ્રશ્ન શિષ્યને થયો. રચના જ એવી કરી છે. એનો ઉત્તર દે છે. ગાથા કાલે બોલાઈ ગઈ છે. ટીકા.

કથનપદ્ધતિ જરી ઝીણી છે, થોડી સૂક્ષ્મ છે. હમણાં અડધો કલાક હિંમતભાઈને બોલાવીને ચર્ચા થઈ. માંડ માંડ કથન પદ્ધતિ મને થોડી પકડમાં આવી છે. સમજાય છે કાંઈ? વિશેષ હોય તો રાત્રે હિંમતભાઈ સ્પષ્ટ કરશે. સેઠી! સમજો અહીંયાં.

પ્રથમ.. '**तावत**' શબ્દ પડ્યો છે ને પહેલો? સંસ્કૃતમાં '**तावत**' શબ્દ છે. પ્રથમ તો આ વાત કહેવી છે અને એ છે કે **'જે શ્રુતથી કેવળ શુદ્ધ આત્માને જાણે છે...'** જુઓ! શ્રુતકેવળી કોને કહે છે? નિશ્ચય અને વ્યવહાર શ્રુતકેવળી કોને કહે છે અને વ્યવહાર નિશ્ચયનો પ્રતિપાદક કેવી રીતે છે તે અહીંયાં કહેવામાં આવ્યું છે. પહેલી તો એ વાત છે કે જે શ્રુત નામ ભાવશ્રુતજ્ઞાનથી, વિકલ્પથી નહિ, પરથી નહિ, અંતર ભાવશ્રુતજ્ઞાન દ્વારા. શબ્દ શૈલી એવી સૂક્ષ્મ છે કે એ ભાવશ્રુતજ્ઞાન જે પર્યાય નિર્મળ છે તેનાથી કેવળ શુદ્ધ, એકલો શુદ્ધ ભગવાન આત્માને જાણે છે. અર્થાત્ ભાવશ્રુતજ્ઞાન દ્વારા ભગવાન આત્માને પ્રત્યક્ષપણે અનુભવે છે.

રાગ ને નિમિત્ત ને વિકલ્પનો આશ્રય છોડીને નિજ ભાવશ્રુતજ્ઞાન દ્વારા. એમ છે ને? સન્મુખ થઈને જાણે છે. પહેલો શબ્દ છે ને? '**अभिगच्छति**'. મૂળમાં. અહીંયા એનો સાધારણ શબ્દ કહ્યો છે. મૂળ શબ્દ તો એમ છે કે જે જીવ નિશ્ચયથી '**श्रुतेन**' શ્રુતજ્ઞાન દ્વારા, શ્રુતજ્ઞાન

દ્વારા. ભાવશ્રુતજ્ઞાન દ્વારા. '**इमं**' અનુભવગમ્ય. ભગવાન આત્મા અંતર આનંદથી, સ્વવેદનથી-સ્વસંવેદનથી અનુભવમાં આવવા લાયક. એમાં તો હરકત નથી, જરી વ્યવહારમાં ભાષામાં અટપટી થાય છે. નિશ્ચય તો ઠીક છે, વ્યવહારમાં જરી અટપટી કથનપદ્ધતિ છે. આ તો બરાબર છે.

ભાવશ્રુતજ્ઞાન દ્વારા અંતરમાં અનુભવગમ્ય કેવળ એક શુદ્ધ આત્માને સન્મુખ થઈને જાણે છે. અર્થાત્ ભગવાન આત્મા પૂર્ણ સ્વરૂપ અભેદ ચૈતન્ય પદાર્થને ભાવશ્રુતજ્ઞાન દ્વારા અંતર સન્મુખ થઈને નિજ આત્મા પ્રત્યક્ષ મતિ-શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ કરી, સ્વસંવેદન આત્માના અનુભવથી-આનંદથી જે આત્માને જાણે છે તેને નિશ્ચય શ્રુતકેવળી કહે છે. એ તો ઠીક, એ વાતમાં બહુ વિશેષ (હરકત નથી). વ્યવહારમાં જરી ભાષા એવી છે. સમજાય છે કાંઈ? સમજાણું?

સમ્યગ્દર્શન થવામાં કે ભાવશ્રુતજ્ઞાન પ્રગટ થવામાં જે અંતરમાં જ્ઞાનની નિર્મળ દશા-ભાવ, એને અંતરમાં ભગવાન આત્મા અભેદ સ્વરૂપને સન્મુખ થઈને તેનો અનુભવ કરવો, આત્માનો અભેદ અનુભવ કરવો, સ્વસંવેદન દ્વારા નિર્વિકલ્પ શાંતિ અને સમાધિ દ્વારા.. સમજાય છે કાંઈ? નિર્વિકલ્પ શાંતિ. શ્રુતજ્ઞાનમાં રાગ વિના અંતર શાંતિ અને ભાવશ્રુતજ્ઞાન દ્વારા સન્મુખ થઈને આત્માનું વેદન આનંદનું પ્રત્યક્ષ કરવું એનું નામ નિશ્ચય સત્ય શ્રુતકેવળી કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? સેઠી! '**તે તો પરમાર્થ છે.**' એ તો સત્ય વસ્તુ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

બાહ્ય લક્ષવાળું જ્ઞાન નહિ. ભાઈ! બાહ્ય લક્ષવાળી વ્યવહાર શ્રદ્ધા પણ નહિ. કષાયની મંદતાનું પણ સાધન નહિ. સીધો ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ સહજ સ્વભાવિક પ્રભુ, એને અંતરમાં ભાવશ્રુતજ્ઞાન દ્વારા સન્મુખ થઈને પ્રત્યક્ષ થવું, આત્મામાં સમ્યગ્દર્શનના કાળમાં મતિ-શ્રુતજ્ઞાનથી આત્માને પ્રત્યક્ષ કરવો અને આનંદના વેદન સાથે એનો અનુભવ થવો તેનું નામ આત્માનો અનુભવ થયો તેને અહીંયાં નિશ્ચય શ્રુતકેવળી કહે છે. બહુ ઝીણું છે. તમારા પથરામાંથી માંડ માંડ આવ્યા છે. ઝટ સમજાય એવું નથી, બહુ ધ્યાન આપે તો સમજાય એવું છે.

મુમુક્ષુ :- પર્યાયને ..

ઉત્તર :- અભેદ દ્રવ્ય તરફનું લક્ષ કરીને અનુભવ કર્યો તે નિશ્ચય. ભાવશ્રુતજ્ઞાનથી ત્યાં અભેદ થઈ ગયો. અંતરમાં અનુભવ કરીને. સમજાય છે કાંઈ?

શ્રુતજ્ઞાન-ભાવશ્રુતજ્ઞાન દ્વારા અંતર્મુખ દ્રવ્યને લક્ષમાં લઈ એક સ્વરૂપે શુદ્ધ પ્રભુ આત્મા, એનો ભેદ-આ જ્ઞાન છે અને આ આત્મા છે-એવો ભેદ પણ નહિ કરીને, સીધો જ્ઞાન દ્વારા આનંદસ્વરૂપનું વેદન કરવું, પ્રત્યક્ષ અનુભવ કરવો, પ્રત્યક્ષ આત્માને શ્રુતજ્ઞાનમાં લેવો, પ્રત્યક્ષ આનંદ જેવો અંતરમાં છે તેવા આત્માના અતીન્દ્રિય આનંદથી, સમાધિથી, શાંતિથી

નિર્વિકલ્પ સ્વસંવેદનથી, સમાધિથી આ આત્મા છે એમ અનુભવ કરવો તેનું નામ સત્ય પરમાર્થ નિશ્ચય શ્રુતકેવળી કહે છે. સમજાય છે કાંઈ?

**'અને...'** હવે બીજી ગાથાનો અર્થ ચાલે છે. એ પહેલી ગાથા થઈ. **'જે સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે...'** જે પોતાની પર્યાયમાં ભાવશ્રુત જે છે કે જે ભાવશ્રુત સ્વરૂપને પકડવાની લાયકાતવાળું છે તે અહીંયાં દ્રવ્યશ્રુતને જાણે છે, એ ભાવશ્રુત લીધું છે. તેને **'જાણે છે તે શ્રુતકેવળી છે' તે વ્યવહાર છે.'** સાંભળો! સમજાય છે કાંઈ? ભગવાન આત્મા અંતર્મુખ દ્રવ્યને પકડીને પ્રત્યક્ષપણે વેદન કરવું તે તો નિશ્ચય પરમાર્થ થયો. પણ અહીંયાં કહે છે, સર્વ શબ્દ પડ્યો છે અને શ્રુતજ્ઞાન શબ્દ પડ્યો છે. જે વર્તમાન જ્ઞાનપર્યાય છે, ભાવશ્રુત હોં! તેને અહીંયાં સર્વ શ્રુત કહ્યું. કેમ? એ (સંવત) ૧૯૯૯માં રાજકોટમાં કહ્યું હતું કે આ સર્વ શબ્દ કેમ કહ્યો છે? કહ્યું હતું... પેલી મેડીમાં.. બીજે ક્યાંક વ્યાખ્યાન આપ્યું હતું ને? મેડી ઉપર ઓલું તૂટી ગયું હતું. ત્યારે. પેલું મકાન તૂટી ગયું હતું ને? પછી એક મેડી ઉપર ક્યાંક આપ્યું હતું. ઈ આ જ મેડી. વાંકાનેર. તે દિ' તો હતી નહિ. ત્યાં આપ્યું હતું. અહીં મેડી ઉપર.

આ સર્વ શ્રુત જે શબ્દ પડ્યો છે એ અંતરમાં શ્રુતજ્ઞાનની એટલી તાકાત છે કે સ્વદ્રવ્યને પકડે, સંપૂર્ણ દ્રવ્યને પકડવાની તાકાત છે તો ભાવશ્રુતજ્ઞાનને સર્વ શ્રુત કહેવામાં આવ્યું છે. જ્ઞાનનો વિકાસ ભલે થોડો હોય એનો અહીં અર્થ નથી. સમજાય છે કાંઈ? પણ જે જ્ઞાન ભાવશ્રુતજ્ઞાન છે તેને અહીંયાં સર્વશ્રુત કહ્યું છે. સમજાય છે કાંઈ? કેમકે એ શ્રુતજ્ઞાનમાં ભગવાન આત્મા અભેદ ચૈતન્ય પૂર્ણ પ્રભુને જાણવાની તાકાત છે અથવા એની સન્મુખ થઈને એનો અનુભવ કરવાની ભાવશ્રુતજ્ઞાનમાં તાકાત છે તો એ ભાવશ્રુતજ્ઞાનને સર્વ શ્રુત કહેવામાં આવ્યું છે. નરશીભાઈ! આ બહુ ઝીણું છે, હોં! તમે પ્રોફેસર થઈને ઝીણું? સમજાય છે કાંઈ?

**'જે સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે...'** ભગવાન આત્માને પકડવા લાયક જે ભાવશ્રુત છે, ભાવશ્રુત હોં! સ્વભાવને પકડવાની તાકાતવાળું તે ભાવશ્રુતને સર્વ કહેવામાં આવ્યું છે. તેને જાણે છે **'તે શ્રુતકેવળી છે' તે વ્યવહાર છે.'** કારણ કે એનો ભાગ, આખા દ્રવ્યનો એક શ્રુતજ્ઞાન પર્યાય એને જાણે છે તેને વ્યવહાર કહેવામાં આવે છે. વ્યવહાર કહીને બતાવવું તો એ છે. સમજાણું કાંઈ? જ્ઞાન, સર્વ શ્રુતજ્ઞાન તેને જાણે છે તે વ્યવહાર. કેમકે એ જ્ઞાન દ્વારા આ આત્મા છે, આ જ્ઞાન જ આત્મા છે એમ પકડવાની લાયકાત છે તો ભાવશ્રુતજ્ઞાનને જાણે છે તો ખરેખર તો એ આત્માને જ અંદરમાં જાણે છે. પણ અહીંયાં ભાવશ્રુતને જાણે છે તેને વ્યવહાર કહેવામાં આવ્યું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ પછી આવશે. હજી આટલું છે. ઈ પછી. જુઓ! અહીં તો આટલું છે

**'श्रुतकेवलीति तावत्परमार्थो; श्रुतज्ञानं सर्व जानाति स श्रुतकेवलीति तु व्यवहारः'** હજી આટલાનો અર્થ ચાલે છે. સંસ્કૃતમાં આટલું છે. તેનો અર્થ આમ છે. **'श्रुतज्ञानं सर्व जानाति स श्रुतकेवलीति तु व्यवहारः'** બસ, આટલું છે. પહેલું (એમ કહ્યું), **'यः श्रुतेन केवलं शुद्धमात्मानं जानाति त श्रुतकेवलीति तावत्परमार्थो'**. એ પહેલી લીટીનો અર્થ. **'यः श्रुतज्ञानं सर्व जानाति'** હવે અહીંયાં. શ્રુતજ્ઞાનથી આત્માને જાણ્યો, સીધો અનુભવ કર્યો એ તો નિશ્ચય શ્રુતકેવળી-પરમાર્થ. અહીંયાં હવે વ્યવહાર સિદ્ધ કરવો છે. **'श्रुतज्ञानं सर्व जानाति'** એમ શબ્દ પડ્યા છે. જે અંદર જ્ઞાન-શ્રુતજ્ઞાન છે તેને જાણે છે.. કેમ? કે એ શ્રુતજ્ઞાન આત્મા છે, શ્રુતજ્ઞાન આત્મા છે અને શ્રુતજ્ઞાનમાં આત્માને પકડવાની તાકાત છે. તો જે શ્રુતજ્ઞાન પર્યાય છે તેને જાણે છે, સર્વ નામ એ શબ્દ, સ્વરૂપને પકડવાની તાકાતને શ્રુતજ્ઞાન કહીએ, **'स श्रुतकेवलीति तु व्यवहारः'**. બસ એટલું. હવે એ જ્ઞાન, શ્રુતજ્ઞાન જે છે તે વ્યવહાર સિદ્ધ કરવા માટે ... સમજાય છે કાંઈ? ઝીણું છે. પકડાતું નથી, ન્યાં કાંઈ દવા નથી વેચવી એકલી. માણેકલાલભાઈ! ઝીણું છે ભઈ. વ્યવહાર છે, પણ જરી શૈલી વ્યવહારની કથનપદ્ધતિ એવી છે કે ધીમેથી આવે છે, પકડો. પછી વિશેષ રાત્રે હિંમતભાઈ સ્પષ્ટ કરશે. રાત્રે આવવું પડશે અહીં. કહો, સમજાણું આમાં? આ વ્યવહારની અંદરમાં (જરી અટપટી વાત છે). આ તો બરાબર છે અહીંયાં સુધી. પણ હવે એ વ્યવહાર કેમ કહ્યો એ વાત સિદ્ધ કરે છે. પહેલી વાત તો એટલામાં આવી.

હવે કહે છે, **'અહીં બે પક્ષ લઈ પરીક્ષા કરીએ છીએ :- ઉપર કહેલું સર્વ જ્ઞાન...'** આ શ્રુતજ્ઞાનની વાત છે, ભાઈ! સર્વ (એટલે) એની વાત ચાલે છે. સર્વ જ્ઞાન. જ્ઞાન છે ને શ્રુતજ્ઞાન? શ્રુતજ્ઞાન છે ને? ભાવશ્રુતજ્ઞાન છે ને? એ **'ઉપર કહેલું...'** ઉપર કહેલું શ્રુતજ્ઞાન. બીજી ગાથાનું, અહીંયાં બીજી લીટીનું. **'ઉપર કહેલું સર્વ જ્ઞાન...'** ભાવશ્રુતજ્ઞાન **'આત્મા છે કે અનાત્મા?'** ભઈ, પહેલા કહ્યું હતું, કાલે રાખ્યું હતું. આજે સવારમાં તો... બપોરે કાલે એક સાધારણ વાત ચાલી હતી. ભાવશ્રુત બતાવે છે આ. એટલે એટલો વ્યવહાર પ્રતિપાદન કરવામાં તેને કહ્યું. પણ સીધો અનુભવ કરી લે એ તો નિશ્ચય છે. એ નિશ્ચય સમજે નહિ. આત્માનો અનુભવ નિશ્ચય, આત્માનો અનુભવ નિશ્ચય. પણ આત્માનો અનુભવ ... એને કહે છે કે, સાંભળ! જે તારી પર્યાયમાં ભાવશ્રુત છે તે ભાવશ્રુતને સર્વ શ્રુત કહ્યું. એને જાણે તેને વ્યવહાર કહ્યો. હજી સર્વ શ્રુતને અહીં સિદ્ધ કરે છે. સર્વ શ્રુતને.

**'ઉપર કહેલું સર્વ જ્ઞાન આત્મા છે કે અનાત્મા? જો અનાત્માનો પક્ષ લેવામાં આવે તો તે બરાબર નથી...'** કારણ કે જ્ઞાન પાંચ દ્રવ્યમાં નથી. સમજાય છે કાંઈ? જે જ્ઞાન, ભાવશ્રુતજ્ઞાન પર્યાય છે તે ચાર અરૂપીમાં નથી અને કર્મના ઉદયમાં નથી, મનમાં નથી, વાણીમાં નથી. એ જ્ઞાનની પર્યાય જે ભાવશ્રુતને જાણે તે વ્યવહાર કહ્યું, તે જ્ઞાન પાંચ દ્રવ્યમાં નથી. આ બાજુ પાંચ દ્રવ્ય રહી ગયા. સમજાય છે કાંઈ? **'જો અનાત્માનો પક્ષ**

**લેવામાં આવે તો તે બરાબર નથી કારણ કે સમસ્ત જે જડરૂપ અનાત્મા આકાશાદિ પાંચ દ્રવ્ય છે તેમનું જ્ઞાન સાથે તાદાત્મ્ય બનતું જ નથી...**' અહીં તો ભાઈ! પેલા રાગાદિ બધું પરમાં લઈ લીધું. રાગાદિ છે તેની સાથે જ્ઞાનને તાદાત્મ્યપણું નથી. શરીર, કર્મ, વ્યવહાર વિકલ્પની સાથે જ્ઞાનનું તાદાત્મ્ય નથી. ભાવશ્રુતજ્ઞાન છે તેને જાણે તેને વ્યવહાર કહ્યું એ હવે અહીં સિદ્ધ કરે છે. કહે છે કે જે જ્ઞાન છે એ...

'**જો અનાત્માનો પક્ષ લેવામાં આવે તો તે બરાબર નથી કારણ કે સમસ્ત જે જડરૂપ અનાત્મા આકાશાદિ પાંચ દ્રવ્ય છે તેમનું જ્ઞાન સાથે તાદાત્મ્ય બનતું જ નથી...**' કહો, સમજાય છે કાંઈ? જ્ઞાનનો તાદાત્મ્ય સંબંધ આત્મા સાથે છે. જ્ઞાનનો તાદાત્મ્ય સંબંધ પાંચ દ્રવ્ય અને રાગ સાથે પણ નથી. સમજાય છે કાંઈ? '**(કેમ કે તેમનામાં જ્ઞાન સિદ્ધ જ નથી)...**' રાગાદિ અને મનાદિ, વાણી આદિ, કર્મ આદિ, પાંચ દ્રવ્ય આદિ બધામાં જ્ઞાનની હયાતી નથી. સમજાય છે કાંઈ? 'તેથી અન્ય પક્ષનો અભાવ હોવાથી...' રાગાદિ અને પર છે એમાં જ્ઞાન નથી, તેનો તો સિદ્ધ કરવામાં અભાવ થઈ ગયો. 'જ્ઞાન આત્મા જ છે એ પક્ષ સિદ્ધ થાય છે.' તો એ જ્ઞાન આત્મા જ છે એમ સિદ્ધ થયું. હજી તો દલીલથી સિદ્ધ કરે છે. ભાવશ્રુત જ્ઞાન, તેને જાણવું વ્યવહાર છે તો એ જ્ઞાન શું વસ્તુ છે? સમજાય છે કાંઈ?

'**અન્ય પક્ષનો અભાવથી જ્ઞાન આત્મા જ છે એ પક્ષ સિદ્ધ થાય છે.**' તો એ શ્રુતજ્ઞાન જે ભાવ છે, ભાવશ્રુતજ્ઞાન જે છે તે આત્મા જ છે. '**માટે શ્રુતજ્ઞાન પણ આત્મા જ છે.**' સમાડી દીધું હવે. જ્ઞાન આત્મા જ છે. એ ભાવશ્રુત જે સર્વ કહ્યું હતું તે આત્મા જ છે. માટે શ્રુતજ્ઞાન પણ આત્મા છે. શ્રુતજ્ઞાન એટલે સર્વ શ્રુત. ભાઈ! ભાવશ્રુત જે સર્વ છે, જે કહ્યું હતું કે ભાવશ્રુતને જાણે એમ કહ્યું હતું તો ભાવશ્રુતજ્ઞાન પણ આત્મા જ છે. સર્વની વાત ચાલે છે ને અહીં તો? વ્યવહારને સિદ્ધ કરીને વ્યવહાર બતાવે છે શું? અહીં લક્ષ કરાવે છે. વ્યવહાર વ્યવહારને નથી બતાવતો, એમ કહે છે. શ્રુતજ્ઞાન શ્રુતજ્ઞાન વ્યવહાર (કહ્યું પણ) એ વ્યવહારને (નથી બતાવતું), અહીં બતાવે છે, આ છે. શ્રુતજ્ઞાન, આ આત્મા છે એમ પ્રતિપાદન શા માટે કરે છે? કેમ કે એ શ્રુતજ્ઞાન બીજામાં નથી. તેથી શ્રુતજ્ઞાન પણ આત્મા જ છે.

'**આમ થવાથી 'જે આત્માને જાણે છે...**' એ લઈ લીધું. '**જે આત્માને જાણે છે તે શ્રુતકેવળી છે' એમ જ આવે છે;...**' ભાવશ્રુતજ્ઞાન બતાવે છે આત્માને. ભાવશ્રુતજ્ઞાનને તાદાત્મ્ય સંબંધ આત્મા સાથે છે. એ નિશ્ચય તો એકદમ સમજતો નથી. તો ભાવશ્રુતજ્ઞાન ભાવશ્રુતજ્ઞાન ભાવશ્રુતજ્ઞાન આ આત્મા. એ આત્મા સાથે તાદાત્મ્ય સંબંધ છે. સમજાય છે કાંઈ? '**આમ થવાથી 'જે આત્માને જાણે છે તે શ્રુતકેવળી છે**' તો ખરેખર ભાવશ્રુતજ્ઞાન દ્વારા આત્મા જાણ્યો. જ્ઞાન અને જ્ઞાની એટલો ભેદ ભલે કર્યો પણ ભેદ કરીને... ખરેખર

તો અહીંયાં જે જ્ઞાન લક્ષણ છે તેને ઘટાવીને લક્ષમાં લઈ જવા છે. સમજાય છે કાંઈ? લક્ષણ જે ભાવશ્રુત છે તે રાગમાં નથી, પુણ્યમાં નથી, દયા, દાન, વ્રતમાં, શરીરમાં એ જ્ઞાન નથી. એ જ્ઞાન શ્રુતજ્ઞાન જ આત્મા છે. જ્ઞાનની પર્યાય છે તે આત્મા છે. કેમકે અહીંયાં અંદર જુઓ તો શ્રુતજ્ઞાનની પર્યાય.. વ્યવહાર કહ્યું તો એનું લક્ષ તો ત્યાં અભેદમાં જાય છે. **'જે આત્માને જાણે છે તે શ્રુતકેવળી છે' એમ જ આવે છે;...'** એમાંથી પણ એ જ સાબિત થયું કે શ્રુતજ્ઞાન જે છે, ગુલાંટ ખાઈને એણે પણ એ જ બતાવ્યું કે આ આત્મા. શ્રુતજ્ઞાન દ્વારા, હોં! શ્રુતજ્ઞાન દ્વારા આ આત્મા. ભાવશ્રુતજ્ઞાન વ્યવહાર કહ્યું તેનાથી પણ સાબિત તો એ જ થયું કે જ્ઞાન તે આત્મા. શ્રુતજ્ઞાન તે આત્મા એમ સિદ્ધ થયું. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બતાવે છે (અભેદ). એકલી જ્ઞાનની પર્યાયને બતાવતું નથી, જ્ઞાન બતાવે છે એને-અભેદને. સમજાય છે કાંઈ? થોડી વિશેષ ચર્ચા રાત્રે હિંમતભાઈ લેશે. આપણે તો હોય એમ કહીએ ને. મને પણ અડધો કલાક તો કઠણ પડ્યું. એવી વાત કરે છે. એનો ક્ષયોપશમ તો ઘણો છે. હિંમતભાઈનો ક્ષયોપશમ. અને બીજી આડીઅવળી વાત આવે ઈ ચલાવે નહિ. એમ તો બોલે છે ઘણી વાત પણ મૂળ પક્કડ થઈને આવવી જોઈએ. સમજાય છે કાંઈ? આ તો કથનપદ્ધતિ શું છે એ શૈલી પકડવી છે ને.

કહે છે, **'આમ થવાથી 'જે આત્માને જાણે છે તે શ્રુતકેવળી છે' એમ જ આવે છે;...'** ભાવશ્રુતને જાણ્યું તો એનું લક્ષ ક્યાં જાય છે? આત્મા ઉપર જાય છે. આ જ્ઞાન આત્મા, આ જ્ઞાન. એટલે વ્યવહારથી પણ નિશ્ચયને સિદ્ધ કર્યું. વ્યવહારનું પ્રતિપાદન કરીને પણ નિશ્ચયને સિદ્ધ કર્યું. અહીં નિશ્ચય આત્મા જ સિદ્ધ થાય છે. સમજાય છે કાંઈ? વ્યવહાર સિદ્ધ નથી થતો, ભાઈ! આહાહા..! ૮મી ગાથામાં વ્યવહારથી જેમ અભેદ બતાવ્યો હતો, આ જ્ઞાન એક ગુણથી ભેદ કરીને બતાવ્યું તો એ જ. આહાહા..! અંતરની વાત છે ને બહુ સૂક્ષ્મ છે.

કહે છે, **'જે આત્માને જાણે છે તે શ્રુતકેવળી છે' એમ જ આવે છે;...'** એ તો ત્યાં જ્ઞાન શ્રુતકેવળી, જ્ઞાન શ્રુતકેવળી એ સીધું ન સમજે, આ આત્માને જાણે તે શ્રુતકેવળી. અહીંથી લીધું, જો ભાઈ! આ જ્ઞાન છે કે નહિ? જાણે છે ને જેના અસ્તિત્વમાં, તે શ્રુતકેવળી છે. કારણ કે તેની જાણવાની તાકાત છે. જ્ઞાન તે આત્મા, જ્ઞાન તે આત્મા, એ શ્રુતજ્ઞાન તે આત્મા. એમ કહીને વ્યવહાર શ્રુતજ્ઞાનને આત્મા સ્થાપીને વ્યવહારે નિશ્ચયને જ સિદ્ધ કર્યો છે. વ્યવહારે નિશ્ચયનું પ્રતિપાદન કર્યું છે. ચંદુભાઈ! અંતરની વાત. વિકલ્પ ને શરીર ને વાણી ક્યાંય કાઢી નાખ્યા. અનાત્મામાં છે. વ્યવહાર રાગ ને વ્યવહાર રત્નત્રય પણ અનાત્મામાં છે, એમ અહીંયાં કહે છે, ભાઈ! આહાહા..!

આમ વસ્તુ જ્ઞાનસ્વરૂપ સીધો અનુભવ વેદનથી કરે એ તો નિશ્ચય છે. એ નિશ્ચય સીધો નથી સમજતો તો અહીંયાં જેમ આત્મા આત્મા કરવાથી આત્મા છે, આ આત્મા છે, આત્મા છે, શ્રુતકેવળી તે આત્મા, આત્મા શ્રુતકેવળી. સમજાય છે કાંઈ? એને સમજે નહિ તો (કહે છે), આ જ્ઞાન નથી? આ જાણે છે ને? જાણે છે... જાણે છે.. જાણે છે.. તો ભાવશ્રુત જે સર્વ છે તે જ આત્મા. તેણે બતાવ્યો તો પરમાર્થ આત્માને. સમજાય છે કાંઈ? તો એને ખ્યાલમાં આવી શકે. વ્યવહારથી નિશ્ચયને બતાવ્યો તો પ્રતિપાદક શૈલીથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનો ભાવ તો અત્યારે ક્ષયોપશમ જ છે ને. આ ભાવશ્રુતજ્ઞાન ક્ષયોપશમ જ છે. શ્રુતજ્ઞાન ક્ષાયિક હોતું જ નથી. ભાવશ્રુતજ્ઞાન ઉદય નથી હોતું, ઉપશમ નથી હોતું, ક્ષાયિક નથી હોતું. સમજાય છે કાંઈ? પણ અહીં ઈ વાત નથી.

અહીં તો જ્ઞાનનો જે અંશ છે તેને શ્રુતકેવળી કહ્યું તેને વ્યવહાર કેમ કહ્યું? જ્ઞાન દ્વારા આ આત્મા છે, સંબંધ એની સાથે છે, આમ નથી એટલું બતાવવા વ્યવહાર નિશ્ચયનો પ્રતિપાદક (કહ્યું છે). વ્યવહારે બતાવ્યું તો એ જ બતાવ્યું કે આ આત્મા નિશ્ચય છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :-...

ઉત્તર :- અવક્ત્વય શું? વક્તવ્ય તો વચનમાં આવે છે પણ અનુભવમાં તો વક્તવ્ય છે જ નહિ. સમજાય છે કાંઈ? અહીંયાં અવક્તવ્યનો અર્થ, અહીંયાં વાણીની વાત નથી.

અહીંયાં તો આત્મા વિકલ્પથી રહિત નિર્વિકલ્પ જ્ઞાન દ્વારા આત્માને સીધો અનુભવે તે નિશ્ચય શ્રુતકેવળી. એમ એને ખ્યાલમાં નથી આવતો કે આ આત્મા નિશ્ચય, નિશ્ચય શું? તો એને શ્રુતજ્ઞાનથી બતાવ્યું. ભાવશ્રુતજ્ઞાન છે તે કોનામાં છે? રાગમાં છે? શરીરમાં છે? પરમાં છે? અનાત્મામાં છે? હવે રહ્યું અહીંયાં. એ ભાવશ્રુતજ્ઞાન છે એમાં શું થયું? કે શ્રુતજ્ઞાન પણ આત્મા છે. તો એ ભાવશ્રુતજ્ઞાન આત્મા જ છે. અનાત્મા નથી, એ તો આત્મા જ છે. '**આમ થવાથી 'જે આત્માને જાણે છે...'** સિદ્ધ થઈ ગયું. '**જે આત્માને જાણે છે તે શ્રુતકેવળી છે**' કેમકે શ્રુતજ્ઞાનનો તદાત્મ્ય સંબંધ આત્મા સાથે છે. તો અહીંયાં આત્માને (જાણવા ગયો) ત્યાં આ શ્રુતજ્ઞાન તે આત્મા (એમ જ આવે છે). સમજાય છે કાંઈ? એનું લક્ષ શ્રુતજ્ઞાનનું લક્ષ પર ઉપર તો ગયું નહિ અને પરમાં છે નહિ. તો જેની સાથે સંબંધ છે એમાં લક્ષ ગયું તો ભાવશ્રુતજ્ઞાન એ બતાવે છે તો નિશ્ચયને જ, પણ ભાવશ્રુતજ્ઞાન દ્વારા સ્થાપન કર્યું. તે એકદમ પકડી શકે નહિ સીધો. એકલો આત્મા, એકલો આત્મા શ્રુતકેવળી, શ્રુતકેવળી (એમ સમજી શકતો નથી). (તેથી કહે છે), જો ભાઈ! આ ભાવશ્રુતજ્ઞાન છે ને? તે આત્મામાં છે. તે આત્મા, તે જ આત્મા. એમ બતાવીને વ્યવહાર દ્વારા નિશ્ચયનું પ્રતિપાદન કર્યું છે. જો બધું પડ્યું છે અંદરમાં, બધું પડ્યું છે. '**अतः**

**श्रुतज्ञानमप्यात्मैव स्यात्। एवं सति यः आत्मानं जानाति स श्रुतकेवलीत्यायाति, स तु परमार्थ एव।**' સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- પર્યાય દ્વારા...

ઉત્તર :- જાણે તો ઈ પણ પર્યાય દ્વારા જાણે, દ્વારા જાણે એ પણ ભેદ થઈ ગયો તેથી તેને વ્યવહાર કહ્યો. આ જ્ઞાન, જ્ઞાનીને જ બતાવે છે. એકલું જ્ઞાન જ્ઞાનને બતાવે છે એમ નથી. આ શ્રુતજ્ઞાન આત્મા છે, આ શ્રુતજ્ઞાન આત્મા છે. સમજાય છે કાંઈ? વ્યવહારે પણ નિશ્ચયને જ બતાવ્યો છે એમ કહે છે. વ્યવહારે વ્યવહારને બતાવ્યો અને વ્યવહાર વ્યવહારને સ્થાપે છે એમ નહિ. નિશ્ચયને બતાવવામાં વ્યવહારને સ્થાપે છે. સમજાય છે કાંઈ?

'**અને તે તો પરમાર્થ જ છે.**' શ્રુતજ્ઞાન તે આત્મા, શ્રુતજ્ઞાન તે અનાત્મામાં નથી તો શ્રુતજ્ઞાન તે આત્મા, એમ કહીને નિશ્ચય શ્રુતકેવળીને સિદ્ધ કર્યું. તો એમાં નિશ્ચય શ્રુતકેવળી સાબિત થયું. સમજાય છે કાંઈ? '**આ રીતે જ્ઞાન અને જ્ઞાનીને ભેદથી કહેનારો જે વ્યવહાર તેનાથી પણ પરમાર્થમાત્ર જ કહેવામાં આવે છે.**' જ્ઞાન તે આત્મા, તેણે પણ પરમાર્થ જ કહ્યો છે. સમજાય છે કાંઈ? ભારે વાત ઝીણી. એકલો નિરાલંબન ભગવાન આત્મા સીધો ભાવશ્રુતજ્ઞાનથી અંતરમાં આત્માનો અનુભવ કરે એ તો નિશ્ચય. પણ એટલું સીધું સમજે નહિ.. સમજાય છે કાંઈ? તેથી એટલો વ્યવહાર કહીને બતાવ્યું કે જો, આ શ્રુતજ્ઞાન છે ને? શ્રુતજ્ઞાન છે, સર્વ શ્રુત, હોં! એ સર્વ શ્રુત છે, એ સર્વ શ્રુત જ છે. કારણ કે બાર અંગમાં પકડવાનું જે જ્ઞાન થયું આત્માને, તે જ્ઞાનને સર્વ શ્રુત જ કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? તે જ્ઞાન બહાર નથી, અહીંયાં છે. તદાત્મ્ય સંબંધ અહીંયાં છે.

મુમુક્ષુ :-

ઉત્તર :- કહ્યું હતું, મેં કહ્યું હતું, નિશ્ચય કરતાં આ વ્યવહારમાં (કથન પદ્ધતિ અટપટી છે). ઈ કહેતા કહેતા, અડધો કલાક કહેતા પણ મને હજી માંડ માંડ પકડાણું છે. વ્યવહાર ભાષા. આપણે તો ચોખ્ખી વાત કરીએ, ભાઈ! ઈ કહેશે વિશેષપણે. પછી રાત્રે સાંભળજો. કથનની પદ્ધતિની જે શૈલી છે એ ક્ષયોપશમની વિશેષતા હોય એ ... વાસ્તવિક આવવું જોઈએ ને, પાછું એમાં જરીયે ફેર ન આવવો જોઈએ. અહીંયાં.. કહ્યું હતું ને કે વ્યવહારમાં શું કહે છે એમાં બહુ કઠણ છે. સમજાય છે કાંઈ? પેલી તો સીધી વાત છે. પણ સીધી ન સમજે માટે વ્યવહાર (દ્વારા બતાવે છે). પ્રશ્ન તો એમ હતો ને. વ્યવહારનય પરમાર્થનો પ્રતિપાદક કેવી રીતે છે તેનો ઉત્તર છે. પ્રશ્ન છે. '**कथं व्यवहारस्य प्रतिपादकत्वम**' સમજાય છે કાંઈ? એટલું આવે છે, એને ભાવશ્રુતજ્ઞાન છે, સર્વ શ્રુતજ્ઞાન છે તે આત્મા છે, અનાત્મા નથી. તો ભાવશ્રુતને જાણે તેને વ્યવહાર કહ્યો. તો એને ભાવશ્રુત જાણવામાં આત્મા જ આવ્યો પાછો. આ ન આવ્યું-પર તો આવ્યું નહિ. નિશ્ચય શ્રુતકેવળી આત્મા જ એમાં

આવ્યો છે. સમજાય છે કાંઈ?

પહેલા ત્રણથી સમજાવ્યો, આ એકથી સમજાવે છે. આઠમીમાં ત્રણથી સમજાવ્યો-દર્શન, જ્ઞાન અને ચારિત્ર. અને આ એકથી સમજાવ્યો-શ્રુતજ્ઞાનથી. ફક્ત શ્રુતજ્ઞાન, હોં! શ્રુતજ્ઞાનથી જ સ્વરૂપનો અનુભવ થાય છે, સમાધિ-શાંતિ આદિ થાય છે. સમ્યગ્દર્શન પણ થાય છે ત્યારે પહેલા તો ભાવશ્રુતને અંદર લગાવ્યું તો શાંતિ અને સમાધિ થાય છે. નિર્વિકલ્પ આનંદની દૃષ્ટિ ધ્યાનમાં થઈને સમાધિ-શાંતિ થાય છે ત્યારે આત્માનું ભાન થાય છે. આવી વાત છે. સમજાય છે કાંઈ? ભારે ભાઈ. લાલચંદજી!

ક્ષયોપશમજ્ઞાન છે ઈ પ્રશ્ન નહિ. અહીં તો એ જ્ઞાન છે... અહીં કેવળીની વાત છે ક્યાં? અહીં તો જ્ઞાન જે છે તેને સર્વ શ્રુત કહ્યું અને તેને કેવળી કહ્યું. વ્યવહાર કેવળી કહ્યું ને? અહીંયાં જાણે તે નિશ્ચય કેવળી. પણ એ વ્યવહાર શ્રુતજ્ઞાનની જે પર્યાય છે તે શ્રુતજ્ઞાન છે એ કોનો અંશ છે? આત્માનો. તો એ જ્ઞાનથી આત્માને બતાવ્યો. તો જ્ઞાની અને જ્ઞાનનો ભેદ કરનારો વ્યવહાર.. જુઓ! '**કહેનારો જે વ્યવહાર તેનાથી પણ પરમાર્થમાત્ર જ કહેવામાં આવે છે.**' ભાવશ્રુતજ્ઞાન કહ્યું પણ તેના દ્વારા આત્મા છે એમ કહ્યું છે. સમજાય છે કાંઈ? ભારે વાત, ભાઈ! '**તેનાથી ભિન્ન અધિક કાંઈ કહેવામાં આવતું નથી.**' અભેદ ચીજ હતી તેને વ્યવહારથી કહી છે. શ્રુતજ્ઞાન, શ્રુતજ્ઞાન સર્વ આત્મા. એ જ્ઞાન અને જ્ઞાનીનો ભેદ કરીને પણ બતાવ્યો તો પરમાર્થને જ. સમજાય છે કાંઈ? '**તેનાથી ભિન્ન અધિક કાંઈ કહેવામાં આવતું નથી.**'

'**વળી 'જે શ્રુતથી કેવળ શુદ્ધ આત્માને જાણે છે...**' હવે કહે છે કે આવો પરમાર્થ તો ઝટ સમજાય નહિ. કથનમાં આવે નહિ. '**જે શ્રુતથી કેવળ શુદ્ધ આત્માને જાણે છે તે શ્રુતકેવળી છે' એવા પરમાર્થનું પ્રતપાદન કરવું અશક્ય હોવાથી...**' આ રીતે સમજી શકતો નથી. પરમાર્થને સીધું સમજી શકતો નથી. એક તો હિન્દી કરવાનું છે અને વળી સૂક્ષ્મ વાત છે. એ પરમાર્થને સીધું સમજી શકતો નથી. તો કહે છે કે પરમાર્થનું પ્રતિપાદન અશક્ય છે. સીધું એ સમજી શકતો નથી. '**જે સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે તે શ્રુતકેવળી છે' એવો વ્યવહાર પરમાર્થના પ્રતિપાદકપણાથી પોતાને દૃઢપણે સ્થાપિત કરે છે.**' લો. વ્યવહાર સ્થાપ્યો. સ્થાપ્યો એટલે છે એટલું. વ્યવહારથી પ્રાપ્ત થાય છે એમ નહિ. સમજાય છે કાંઈ?

જ્ઞાન, શ્રુતજ્ઞાન, શ્રુતજ્ઞાન એ વ્યવહાર. નિશ્ચય સીધો સમજી શકતો નથી. જ્ઞાન તે આત્મા, ભાવશ્રુતજ્ઞાન તે આત્મા. સમજ્યા? જ્ઞાન છે, જ્ઞાન સમજે છે? જ્ઞાન છે કે નહિ? જ્ઞાન તે આત્મા. એમ '**જે સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે તે શ્રુતકેવળી છે' એવો વ્યવહાર પરમાર્થના પ્રતિપાદકપણાથી પોતાને...**' પોતાને એટલે વ્યવહાર. '**દૃઢપણે સ્થાપિત કરે છે.**' વ્યવહાર છે એમ સાબિત કરે છે. આદરણીય છે એમ નહિ. સમજાય છે કાંઈ? જ્ઞાન જ્ઞાનીને

બતાવે છે એવો વ્યવહાર છે. પણ વ્યવહાર આદરણીય નથી. સમજાય છે કાંઈ? આહાહા..! હજી તો રાગના વિકલ્પ આદરણીય નથી એ તો ક્યાંય રહી ગયું, ભાઈ! આહાહા..! વિકલ્પ આવે છે ને? દયા, દાન, મંદ કષાય વ્યવહાર-ફ્યવહાર આદરણીય એ તો ક્યાંય રહી ગયા, ધૂળમાં. એ તો આદરણીય છે જ નહિ. પણ ભગવાન સ્વરૂપ અભેદમાં એક જ્ઞાન દ્વારા બતાવવું એટલો વ્યવહાર સ્થાપે છે કે, છે. આદરણીય નથી. પછી એ પ્રશ્ન છે, પરમાર્થનો પ્રતિપાદક છે તો વ્યવહારને કેમ અંગીકાર ન કરાય ? ૧૧મી ગાથામાં.. શું કહેવાય ઉપરનું? સમજાય છે? ઉત્થાનિકા, ઉપોદ્‌ઘાત. એ ૧૧મી ગાથા આની સાથે સંબંધ રાખે છે. ૧૧મી ગાથા આખા જૈનશાસનનો સાર છે. સમજાય છે કાંઈ? હવે જુઓ ૧૧મી આવશે. પણ ૧૧મી ગાથા પહેલા જે લીધું.

મુમુક્ષુ :- આમ જ છે.

ઉત્તર :- આમ જ હોય. જ્ઞાન આત્મા. એટલો ભેદ કરીને કહ્યું ને? ... એ વ્યવહાર. કેમ વ્યવહાર? કે ભેદથી બતાવ્યું અહીં. જ્ઞાન ... આત્માને જાણે છે. આત્મા સાથે સંબંધ છે. વ્યવહારે પણ પરમાર્થનો પ્રતિપાદક હોવાથી વ્યવહાર છે એમ દઢતાપૂર્વક સાબિત થાય છે. છે ને? '**श्रुतकेवलीति व्यवहारः परमार्थप्रतिपादकत्वेनात्मानं प्रतिष्ठापयति**'. બસ, એને સ્થાપે છે. વ્યવહાર સ્થાપન વ્યવહાર છે. ભાવશ્રુતજ્ઞાન છે? છે. કોનામાં છે? મારામાં. ક્યાં છે? આ તાદાત્મ્ય સંબંધ તો આત્મા સાથે છે. સમજાણું? એ વ્યવહારે પણ નિશ્ચયનું પ્રતિપાદન કર્યું. તો વ્યવહાર વચમાં આવે છે, આદરણીય નથી. એ તો પહેલા ૮મી ગાથામાં પણ કહી ગયા કે વ્યવહારથી ત્રણ ભેદ કરીને બતાવ્યું. પણ એ ભેદ કહેનારે પણ અનુસરવા લાયક નથી, સાંભળવાવાળાએ પણ અનુસરણ કરવા લાયક નથી. આહાહા..! સમજાય છે કાંઈ? સાંભળનારને અને કહેનારને અભેદ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્માને ઉપાદેય કરવો. કેવળચંદજી! બહુ સૂક્ષ્મ વાત છે, ભાઈ! લોકો ઉપર ઉપરથી (માને કે) ધર્મ કરીએ છીએ, ધર્મ કરીએ છીએ. ભાઈ! ધર્મની ચીજ બહુ અમૂલ્ય છે, અમૂલ્ય છે. સમજાય છે કાંઈ?

કહે છે, આ બીજી ગાથા ચાલે છે ને? પહેલીમાં (એમ કહ્યું), ઋષિશ્વર કેવળીઓ, નિજ અનુભવ કરે છે તેને શ્રુતકેવળી કહે છે. તેને લોકપ્રદીપકરા એ શબ્દાર્થમાં છે એટલે આમાં નથી લીધું. પણ લોકપ્રદીપકરા ઋષિશ્વર શ્રુતકેવળી કહે છે. કોને? જે ભગવાન આત્મા અંતર ભાવશ્રુત દ્વારા જે અંતરમાં અનુભવ કરે છે, નિશ્ચય દ્રવ્યને, તેને લોકના પ્રદીપ કરનારા જિનેશ્વરો કેવળીઓ શ્રુતકેવળી કહે છે.

જરી અન્વયાર્થનું લઈએ. '**જે જીવ સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે...**' સર્વ શ્રુત એટલે ભાવશ્રુત. તેને જિનદેવો શ્રુતકેવળી વ્યવહારથી કહે છે. કેમ? '**કારણ કે જ્ઞાન બધું આત્મા જ છે...**' જ્ઞાન દ્વારા લક્ષ આત્મામાં લઈ ગયો, તદાત્મ્ય સંબંધ છે. '**તેથી તે શ્રુતકેવળી છે.**' વ્યવહાર શ્રુતકેવળી છે. કેમકે શ્રુતજ્ઞાન આત્મા છે એમ બતાવીને વ્યવહારે વ્યવહાર

સિદ્ધ કર્યો કે છે, શ્રુતજ્ઞાન એક અંશ છે, ભાગ છે તે આત્મા છે. એમ વ્યવહાર સિદ્ધ કર્યો. નિશ્ચય સિદ્ધ કર્યો કે નિશ્ચય આત્મા એ સર્વજ્ઞે કહ્યો. વ્યવહાર તેને કહે છે એ પણ (કહ્યું). ઋષિશ્વરો તેને વ્યવહાર કહે છે. સમજાય છે કાંઈ? અંતર શ્રુતજ્ઞાન દ્વારા આ શ્રુતજ્ઞાન છે. ત્યાં લક્ષ નથી કરાવતા. રાગમાં, નિમિત્તમાં, સંયોગમાં, અનાત્મામાં લક્ષ નથી કરાવતા કેમકે એ જ્ઞાન નહિ. તો એ જ્ઞાન છે (તેના દ્વારા) અહીં લક્ષ કરાવે છે. સમજાય છે કાંઈ? તદાત્મ્ય સંબંધ આત્માની સાથે છે તો એકલો પરમાર્થ એને સમજાય નહિ માટે તેને વ્યવહારથી સમજાવ્યું કે વ્યવહાર શ્રુતજ્ઞાન જે છે તે જ આત્મા છે. તેના દ્વારા આત્માને પકડો. સમજાય છે? તો વ્યવહાર શ્રુતકેવળી એમ અનુભવ કર્યો તો પેલા શ્રુતજ્ઞાનને વ્યવહાર કહ્યો. નહિતર તો વ્યવહાર પણ નથી. સમજાય છે કાંઈ?

રાત્રે પ્રશ્ન આવ્યો હતો ને? નેમચંદભાઈએ પ્રશ્ન નહોતો કર્યો? આ ત્રણને ભેદને જાણે એટલો ભાગ તો સાચો છે કે નહિ? ના. એ ભેદથી અભેદમાં દૃષ્ટિ લઈ જઈ અનુભવે તો પછી ભેદ રહ્યા, વિકલ્પ આદિ તે જાણવા લાયક રહ્યા. સમજાય છે કાંઈ? ઓ..હો..હો..! પોપટભાઈ! બહુ ઝીણું છે, હોં! અત્યારે ઝટ એકદમ સમજી શકાય એવું નથી. આ સમજ્યા વિના નિવેડો નથી, હોં! ક્યાંય. સંસારમાં લાખ ક્રિયાકાંડ કરીને મરીને જાય. દાન, દયા ને ભક્તિ ને પૂજા ને વ્રત. કારણ કે એમાં આત્મા નથી, એમાં જ્ઞાન નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા એકલો ચૈતન્યસૂર્ય અભેદ, તે જ અહીંયાં બતાવવો છે. વ્યવહારથી વ્યવહાર નથી બતાવવો. નિશ્ચય આ ભગવાન સીધો સમજતો નથી તો વ્યવહાર દ્વારા સમજાવ્યું. એને કહ્યું, જ્ઞાન જાણે છે તે આત્મા. સમજાય છે કાંઈ? તો વ્યવહાર પણ પરમાર્થનો જ કહેનાર થયો. વ્યવહાર વ્યવહારને કહેનારો ન રહ્યો. સમજાય છે કાંઈ? આહાહા..! એવા આત્માનો અંતર અનુભવ કરવો એનું નામ નિશ્ચય શ્રુતકેવળી, ભાવશ્રુતજ્ઞાની અને એને જૈનશાસન કહેવામાં આવે છે. એ ૧૫મી ગાથામાં લેશે. ભાવશ્રુતથી આત્માનો અનુભવ કરે છે તો એ ભાવશ્રુતજ્ઞાનને જ જૈનશાસન કહ્યું. ભાઈ! એમ આવ્યું. પર્યાય જૈનશાસન છે. આહાહા..! પર્યાયે અનુભવ કર્યો અભેદ દ્રવ્યનો. સમજાય છે કાંઈ? **'जो पस्सदि अप्पाणं'** ૧૫મી ગાથા આવશે. ભગવાન અભેદ એકરૂપ સામાન્ય ધ્રુવ ચીજ. પર્યાયે લક્ષ અહીં કર્યું. એનો અનુભવ થયો તો પર્યાયમાં ભાવશ્રુત રહ્યું, એ ભાવશ્રુતને ત્યાં જૈનશાસન કહ્યું. અહીં ભાવશ્રુતથી અંદરમાં જાય છે તો એને વ્યવહાર કહ્યો. દ્રવ્યની અપેક્ષાએ પર્યાય ભેદ છે ને અને પર્યાય શાસન છે એ પર્યાય છે. શાસન કોઈ દ્રવ્ય નથી. મોક્ષમાર્ગ છે ને? તો મોક્ષમાર્ગ તો પર્યાય છે. પર્યાયમાં જિનશાસન રહે છે, દ્રવ્ય તો ત્રિકાળી છે. પણ એ ત્રિકાળી અભેદનો અનુભવ કરે છે (અને) જે દશા પ્રગટ થઈ (તે) ભાવશ્રુતને જ અહીંયાં ભગવાને જૈનશાસન કહ્યું છે. જૈનશાસન આત્માની નિર્મળ પર્યાય સિવાય બહાર કોઈ નથી

રહેતું. સમજાય છે કાંઈ? અને એ જૈનશાસન કોઈ રાગમાં, બાહ્ય દેહની ક્રિયામાં, કોઈ ડુંગરમાં, પર્વતમાં, સમેદશિખરમાં જૈનશાસન નથી રહેતું, એમ કહે છે. ન્યાલભાઈ!

મુમુક્ષુ :- આજે તો વ્યવહાર કઠણ થઈ ગયો.

ઉત્તર :- આજે વ્યવહાર કઠણ છે. પ્રશ્ન ઈ કરશે રાત્રે. સમજાય છે? અડધો કલાક બોલાવ્યા હતા, ભાઈ! અહીં હમણાં સવારે. કીધું, શબ્દમાં કોને સર્વ કહેવું ને કોને.. શબ્દની શૈલી જરી એવી છે ને.

અહીં તો એમ કહેવું છે, શિષ્યે એમ પ્રશ્ન કર્યો કે વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક કેવી રીતે છે? બસ. એ બતાવો. એટલો એનો પ્રશ્ન છે. એના ઉત્તરમાં પહેલા કહ્યું, પહેલી ગાથામાં એમ કહ્યું, સીધો અનુભવ કરે એની તો વાત છે નહિ. પણ એ સીધું સમજી શકતો નથી એટલે બીજી ગાથા લીધી. સમજાય છે કાંઈ? ભગવાન! અંદર જ્ઞાન છે ને જ્ઞાન? જ્ઞાનદશા છે ને? એ ક્યું જ્ઞાન? એ સર્વ શ્રુત છે, હોં! જ્ઞાન. કારણ કે આત્માને પકડવાની તાકાત (રાખે છે). ભગવાન પરિપૂર્ણ છે એને પકડનારા જ્ઞાનને જ સર્વ શ્રુત કહ્યું છે. ચાહે તો અલ્પ વિકાસ હો. સમજાય છે કાંઈ? ઓહો..હો..! એગં જાણઈ સવ્વં જાણઇ. આવા ભગવાન આત્માને જેણે જાણ્યો તેણે સર્વને જાણ્યું. અને એ જ્ઞાનને સર્વ જ્ઞાન અમે કહીએ છીએ. આહાહા..! એ સર્વ જ્ઞાનને પણ વ્યવહાર કહ્યું. કેમકે જ્ઞાન તે આત્મા છે (એટલો ભેદ પાડીને કહ્યું). અમરચંદજી! આહા..! ભાઈ! તારો અંતર માર્ગ તો એવો છે કે એ પકડ્યા વિના એનો આત્મા અનુભવમાં આવતો નથી. સમજાય છે કાંઈ?

ભાવાર્થમાં થોડું સ્થુળ કરી નાખ્યું છે. ભાઈ! 'જયચંદ્ર પંડિતે'. શાસ્ત્રજ્ઞાનથી અભેદરૂપ જ્ઞાયક આત્માને (જાણે), એમ લઈ લીધું છે. દ્રવ્યશ્રુત લીધું છે ને. ભાષા પાછી એવી લીધી કે દ્રવ્યશ્રુતને વ્યવહાર કહેવો પણ દ્રવ્યશ્રુતને આધારે જે ભાવશ્રુત ઉત્પન્ન થાય, એમ પણ પછી લઈ લીધું. અહીંયાં 'જયચંદ્ર પંડિતે' થોડો એવો અર્થ લીધો. મૂળ 'અમૃતચંદ્રાચાર્ય'ની શૈલીમાં તો ભાવશ્રુતજ્ઞાનથી આત્માને અનુભવે તેનું નામ નિશ્ચય કેવળી છે. આ શાસ્ત્રજ્ઞાન જે કહે છે એ તો હજી પરલક્ષીજ્ઞાન છે. શાસ્ત્રજ્ઞાન પરલક્ષી છે, તેનાથી આત્માનું ભાન નથી થતું. પણ શાસ્ત્રજ્ઞાનમાંથી પોતાનું ભાવશ્રુતજ્ઞાન કાઢ્યું, ભાવશ્રુત નિજ ચૈતન્યના અવલંબનથી (થયું), એવા '**અભેદરૂપ જ્ઞાયકમાત્ર...**' વાડીલાલભાઈ! આ તમારા મુંબઈનું આવે છે. ઈ તો વાત આવે. '**અભેદરૂપ જ્ઞાયકમાત્ર...**' સમજાય છે કાંઈ? '**શુદ્ધ આત્માને જાણે છે...**' એકરૂપ વસ્તુ અભેદ. જાણનારી પર્યાય જાણે છે પણ પર્યાય જાણે છે અભેદને. સમજાય છે કાંઈ? દેવીલાલજી! આહા..! આવી શૈલીથી પહેલા કહ્યું તે ... સમજાય છે કાંઈ? રાત્રે વિશેષ ચર્ચા કરવી. આ કહ્યું છે ને. રાત્રે વધારે આવશે. ઈ વધારે સ્પષ્ટીકરણ કરશે. એની ક્ષયોપશમની શક્તિ તો ઘણી છે, ઘણી છે. સમજાય છે કાંઈ?

'**તે શ્રુતકેવળી છે એ તો પરમાર્થ (નિશ્ચય કથન) છે.**' ભગવાન આત્મા અંતર

ભાવજ્ઞાનથી... શાસ્ત્રજ્ઞાનથી (કહ્યું) પણ શાસ્ત્રજ્ઞાનથી કહેલું એવું જ્ઞાન પરિણમ્યું છે. એવું જ્ઞાન પરિણમ્યું છે. પણ એ આગમજ્ઞાન... સમજાય છે કાંઈ? આગમમાં કહ્યું એવું જ્ઞાનમાં આવ્યું. એ તો આપણે ત્યાં આવ્યું ને? ૩૪ ગાથામાં નથી આવ્યું? 'પ્રવચનસાર'માં. શ્રુત જે છે એમાં એમ આવ્યું છે કે જાણએ વાણીની ઉપાધિ છે. એ ઉપાધિ કાઢી નાખ. વાણી-શ્રુત સાંભળ્યું એ ઉપાધિ છે, એ વધારાની વસ્તુ છે, કાઢી નાખ તો એકલું શ્રુતજ્ઞાન જ રહેશે. ૩૪ છે ને? પંડિતજી! અને ૩૩માં એમ લીધું છે કે મુનિ કહે છે કે અમે શ્રુતકેવળી છીએ. લ્યો, આ પંચમઆરાના. સમજાય છે કાંઈ? ૩૩મી ગાથામાં છે. ૩૩ છે ને 'પ્રવચનસાર'ની?

**'જેમ ભગવાન, યુગપદ્ પરિણમતા સમસ્ત ચૈનત્યવિશેષોવાળા કેવળજ્ઞાન વડે,...'** કેવળજ્ઞાન વડે. ભગવાન. **'અનાદિનિધન...'** દ્રવ્ય. **'નિષ્કારણ...'** કારણ વિના **'અસાધારણ...'** સાધારણ નહિ, બીજા કોઈ દ્રવ્યમાં નહિ, **'સ્વસંવેદ્યમાન...'** વેદાતું-અનુભવાતું **'ચૈતન્યસામાન્ય જેનો મહિમા છે...'** સામાન્ય ધ્રુવ **'તથા ચેતકસ્વભાવ વડે એકપણું...'** પાછો સ્વભાવ લીધો. એ પણ એકરૂપ ત્રિકાળ દર્શન-જ્ઞાન. એકલો અખંડ જે છે એવા આત્માને, આત્માથી, આત્મામાં અનુભવે છે તે કેવળી છે. **'તેમ અમે પણ,...'** અમે પણ. એમ કહ્યું. મુનિ 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે. તમે તો છદ્મસ્થ છો ને, તમને ખબર પડી ગઈ કે આ શ્રુતકેવળી છે? પંચમઆરો છે ને? અમને ખબર પડે નહિ. અરે..! ભગવાન! ખબર ન પડે? સ્વસંવેદન થાય, અનુભવ થાય એ ખબર ન પડે? મને અનુભવ થયો, હું સમ્યગ્જ્ઞાની છું, સમ્યગ્દૃષ્ટિ છું એમ ખબર ન પડે? શું આંધળો છો? સમજાય છે કાંઈ?

**'અમે પણ,...'** ગુજરાતી છે, હોં! **'ક્રમે પરિણમતા કેટલાક ચૈતન્યવિશેષવાળા શ્રુતજ્ઞાન વડે, અનાદિનિધન-નિષ્કારણ- ...'** વસ્તુ તો ઈ જ છે. **'સ્વસંવેદ્યમાન ચૈતન્યસામાન્ય જેનો મહિમા છે તથા ચેતકસ્વભાવ વડે એકપણું હોવાથી જે કેવળ (નિર્ભેળ) છે...'** એમાં કોઈ રાગ-દ્વેષ આદિનો મેળ (નથી), ગુણ-પર્યાયના ભેદ વિનાનો. ગુણ-પર્યાયના ભેદ વિનાનો. સમજાય છે કાંઈ? **'આત્માને આત્માથી આત્મામાં અનુભવવાને લીધે શ્રુતકેવળી છીએ,...'** પંચમઆરાના 'અમૃતચંદ્રાચાર્ય'ને તો હજી ૯૦૦ વર્ષ થયા. ભગવાન પછી તો ઘણાં વર્ષે (થયા). ૧૬૦૦ વર્ષ પછી થયા. અંદર શુદ્ધનો અનુભવ થાય છે તો વસ્તુ એને ખ્યાલમાં આવી જાય છે કે આ આત્મા. પ્રત્યક્ષ જ્ઞાનનો અનુભવ થાય ત્યારે તેણે આત્મા જાણ્યો એમ કહેવામાં આવે છે. તો એને ખબર ન પડે? આનંદનું વેદન થાય છે ને. સમજાય છે કાંઈ? શું કહે છે?

જુઓ! છઠ્ઠે ગુણસ્થાને મુનિ પંચમઆરામાં (કહે છે), અમે શ્રુતકેવળી છીએ, અમે શ્રુતકેવળી છીએ. તમને બાર અંગનું જ્ઞાન નથી ને? 'જયસેનાચાર્ય'માં આવ્યું છે, 'જયસેનાચાર્ય'માં લીધું છે, તમે નિશ્ચય શ્રુતકેવળી કહો છો તો સ્વસંવેદનથી નિશ્ચય શ્રુતકેવળી

હોઈ શકે છે, એમ હોઈ શકે છે. પણ એની તો શ્રુતકેવળીની તો ના પાડી છે. ભઈ, એ તો શુક્લધ્યાનની અપેક્ષાથી જે સ્વવેદન છે અને બહુ શ્રુતનું જ્ઞાન, એ અત્યારે નથી. ધર્મધ્યાન યોગ્ય શ્રુતકેવળી તો અત્યારે છે. સમજાય છે કાંઈ?

ત્યાં તો આચાર્ય કહે છે, '**વિશેષ આકાંક્ષાના ક્ષોભથી બસ થાઓ; સ્વરૂપનિશ્ચળ જ રહીએ છીએ.**' આહાહા..! .. છે ને, પ્રભુ! અરે..! સાંભળ તો ખરો. ભગવાન આત્મા શુદ્ધ બ્રહ્મ આનંદકંદમાં સ્વરૂપમાં નિશ્ચળ જ રહીએ છીએ, નિશ્ચળ જ રહીએ છીએ. એમ ટીકા છે. જુઓ! '**स्वरूपनिश्चलैरेवावस्थीयते**'. અરે.. ભાઈ! ભગવાન આત્મા કેવળજ્ઞાન લેવાની તાકાત જેમાં છે એવા દ્રવ્યનો જેને અનુભવ થયો તો એને ભાન થાય છે. ઓ..હો..! છદ્મસ્થ મુનિ (છે). અત્યારે તો કહે છે કે ઈ આપણને ખબર ન પડે. નિશ્ચય સમ્યગ્દર્શન હોય કે નહિ એની ખબર ન પડે. એ તો ભગવાન જાણે. આ તો કહે છે, કે અમે જાણીએ છીએ, ભગવાન જાણે શું. એ.. અમરચંદજી! સમજાય છે કાંઈ? અમે જાણીએ છીએ. સ્વરૂપનિશ્ચળ રહીએ છીએ. એવા આત્માનો અંતરનો અનુભવ થવો તે નિશ્ચય. પણ એને પકડી ન શકે તો જ્ઞાન તે આત્મા એમ કહીને સ્વભાવને સમજાવ્યો છે. સમજનારની તાકાત ઓછી છે તે કારણે એને વ્યવહાર કહેવામાં આવ્યો છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**દ્વિતીય શ્રાવણ વદ ૧, બુધવાર તા. ૩૧–૦૮–૬૬**
**ગાથા –૯–૧૦ તથા ૧૧, પ્રવચન–૩૩**

૯-૧૦ ગાથાનો ભાવાર્થ ચાલે છે. જે આ આત્મા છે આત્મા, તે આત્માને જાણવો, એકલો આત્મા (જાણે) તેને તો નિશ્ચય શ્રુતકેવળી કહેવામાં આવે છે. આત્મા શાસ્ત્રજ્ઞાનથી એટલે અંતર ભાવજ્ઞાન થયું, ભાવજ્ઞાનથી આત્મા જાણ્યો, ભાવજ્ઞાનથી તે '**શુદ્ધ આત્માને જાણે છે...**' અભેદ થઈ ગયો તો દ્રવ્યને જાણ્યું તો એ શ્રુતકેવળી છે. એ તો પરમાર્થ (થયું). જે સર્વ શાસ્ત્રજ્ઞાન એટલે ત્યાં જ્ઞાન લેવું. ભાવજ્ઞાનને જાણે છે,... શાસ્ત્રના જ્ઞાનનો અર્થ જ્ઞાન છે ને. ભાવજ્ઞાનની વાત છે. એમાં ભાવની વાત છે. સર્વ અંતરમાં ભાવશ્રુતજ્ઞાન.. થોડું સૂક્ષ્મ છે, રાત્રે ભાઈએ ઘણું સ્પષ્ટ કર્યું હતું, અમારા પંડિતજીએ. ગુજરાતી ભાષામાં કહ્યું અને અમને તો હિન્દી બરાબર આવડતી નથી. થોડું થોડું સમજી લેજો, ભાઈ! શું થાય? સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- પંડિતજીએ હિન્દીમાં...

ઉત્તર :- ઈ બરાબર છે. ... મને ભાષા આવડતી નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ કહે છે? પણ એ કથન પદ્ધતિની રીત આપણને આવડતી નથી બરાબર. કથન પદ્ધતિ રીતમાં કેમ કહેવું એ આપણને બરાબર પકડાતું નથી. વાત કહે છે એ બરાબર છે. કારણ કે ભાષા એક તો ગુજરાતી અને એનો અભ્યાસ ઘણો. એમાં વળી આ હિન્દી, અભ્યાસ નહિ ફક્ત વાંચન કરતા કરતા થોડું (બોલીએ). એમાં ચિંતવન અંદર ચાલે અને ભાષા નીકળે એવું હિન્દીમાં નથી નીકળતું. અંદર સાથે ચાલે એ ગુજરાતીમાં જેટલું સ્પષ્ટ થાય છે એટલું હિન્દીમાં નથી આવતું. હિન્દીમાં જેટલા ભાવ પહેલા પકડ્યા છે એ જ હિન્દીમાં આવે છે. ગુજરાતીમાં તો ચાલતા ચાલતા ચાલતા વ્યાખ્યાનમાં અંદરથી નવી વાત આવે છે. ભાષા ઉપર વિશેષ લક્ષ કરવું નથી પડતું. અમારા પંડિતજી જેવા કરતા નથી તો અમે તો ભાષા જાણતા નથી. રામજીભાઈએ એટલું કહ્યું તોય ચાર-છ દિ' ના ના કરે છે. રામજીભાઈએ એમ કહ્યું કે તમે ચાર-છ દિ'નું નક્કી કરો અને હિન્દીમાં શીખી જાઓ થોડું થોડું. આપણને હિન્દી આવડતું નથી. આ તો સાધારણ ભાષા છે એટલી આવડે છે. પણ અહીં સાર સમજો ને.

આત્મા અંદર એકાકાર છે એ શુદ્ધાત્માનો અનુભવ તે તો કેવળ આત્મા, કેવળ આત્મા, એક આત્માનું ભાન થવું તેને નિશ્ચયથી શ્રુતકેવળી કહે છે. અને જ્ઞાનથી આત્માને જાણ્યો, જ્ઞાનને જાણ્યું, ભાવજ્ઞાન; આ સર્વ શાસ્ત્રજ્ઞાન ભાવજ્ઞાન છે, હોં! '**તેણે પણ જ્ઞાનને જાણવાથી**

**આત્માને જ જાણ્યો...**' ભાવજ્ઞાન જાણે તો આત્મા જ જાણ્યો. એણે ભેદથી પણ આત્મા જ જાણ્યો. '**કારણ કે જ્ઞાન છે તે આત્મા જ છે.**' જ્ઞાન કંઈ પરવસ્તુ નથી. '**તેથી જ્ઞાન-જ્ઞાનીનો ભેદ...**' સિદ્ધાંત અહીંયાં છે. ફક્ત ભાવશ્રુતજ્ઞાન તે આત્મા, એમ જ્ઞાન અને જ્ઞાની નામ આત્મા, નિશ્ચય શ્રુતકેવળી, તેણે ભેદને કહેનારો '**વ્યવહાર તેણે પણ પરમાર્થ જ કહ્યો.**' પરમાર્થ વસ્તુ સ્વરૂપ છે તેને બતાવ્યું. '**અન્ય કાંઈ ન કહ્યું. વળી પરમાર્થનો વિષય તો કથંચિત્ વચનગોચર પણ નથી...**' બહુ ન આવી શકે, આવે તો ખરું. અભેદ અભેદ કહે છે ને? કથંચિત્ ન આવે. '**તેથી વ્યવહારનય જ...**' સિદ્ધાંત તો થોડો અહીંયા છે. રાત્રે ચાલ્યું હતું ને? વ્યવહારનય જ ખરેખર તો... આ ગાથામાં પરમાર્થ અને વ્યવહારને સિદ્ધ કરવો છે. તો શ્રુતકેવળીનો દૃષ્ટાંત દઈને પરમાર્થ શ્રુતકેવળી, વ્યવહાર શ્રુતકેવળી જાણવાથી ત્યાં ગયું એ, એટલું સિદ્ધ કરવું છે. અહીંયાં છેલ્લે 'અમૃતચંદ્રાચાર્યપ્રભુ'એ એમ લીધું કે '**परमार्थप्रतिपादकत्वेनात्मानं प्रतिष्ठापयति**'. વ્યવહારનય જે જ્ઞાન છે તે આત્મા, એમ વ્યવહારનય પોતાને બળજોરીથી સ્થાપે છે. ભાઈ! ત્યાં 'પંચાધ્યાયી'માં આવે છે ને? જ્ઞાન આત્મા. જ્ઞાનને જાણવું, શ્રુતજ્ઞાનને જાણવું, શ્રુતજ્ઞાનને જાણ્યું તેણે આ જાણ્યું એટલો વ્યવહાર બળજોરીથા આવ્યા વિના રહેતો નથી. તો વ્યવહારનય પોતાને સ્થાપે છે એટલું. છે એટલું, હોં! એનાથી લાભ છે કે એવી કોઈ વાત નથી. સમજાય છે કાંઈ? આત્માને એટલે વ્યવહારનય પોતાને સિદ્ધ કરીને. જ્ઞાન ભાવશ્રુતજ્ઞાન તે આત્મા. ભાવશ્રુતજ્ઞાન તે આત્મા. એટલો ભેદ કરીને પણ બતાવ્યો તો અભેદ નિશ્ચય શ્રુતકેવળીને. સમજાય છે કાંઈ? અહીં શ્રુતકેવળીની વાત છે ને. પછી 'જયચંદ્ર પંડિતે' એવું કાઢ્યું, સિદ્ધાંત કાઢ્યો છેલ્લે, ભાઈ!

'**તેથી વ્યવહારનય જ આત્માને...**' એમ એમણે લીધું છે. ટીકામાં તો વ્યવહારનય પોતાને સ્થાપે છે. એમ કરીને નિશ્ચયશ્રુત અને વ્યવહાર શ્રુતકેવળીનું સમાપ્ત કર્યું. પણ એમાંથી એમ કાઢ્યું કે '**વ્યવહારનય જ આત્માને પ્રગટપણે કહે છે...**' ભેદ પાડીને પણ આત્માને જ કહે છે. '**એમ જાણવું.**' હવે ૧૧મી. હવે થોડો વખત વિશેષ રહે ને ભાઈ કહે તો બહુ સારુ. રામજીભાઈ ભલામણ કરે છે ઠીક કરે છે. કહો, સમજાણું કાંઈ?

હવે આપણે સારમાં સાર ૧૧મી ગાથા છે. આ ભેદ આટલા પાડ્યા કે જ્ઞાન ગુણીને બતાવે છે. એટલો પણ અનુપચાર વ્યવહાર પણ અભૂતાર્થ છે. ૧૧મી ગાથા જૈનશાસનનો પ્રાણ. સમજાય છે કાંઈ? પ્રશ્ન કરે છે. '**હવે વળી એવો પ્રશ્ન ઊઠે છે...**' વાત તો આટલી છે '**कुतो व्यवहारनयो नानुसर्तव्य**' આપ જ્યારે એમ કહો છો કે વ્યવહારનય પોતાને સ્થાપે છે. નિશ્ચયને બતાવવામાં સ્થાપે છે તો '**व्यवहारनयो नानुसर्तव्य**'. કેમ અંગીકાર ન કરવો? વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક છે તો વ્યવહારને કેમ અંગીકાર ન કરવો? સમજાય છે કાંઈ? એવો શિષ્યનો પ્રશ્ન છે. કેવલચંદજી! સમજાય છે કે નહિ? રાત્રે તો ગુજરાતીમાં નથી ચાલતું. તમે બોલ્યા હતા, ખબર છે. ચિંતવન ચાલતું હોય અને હિન્દી ગોતવા જઈએ તો ચિંતવન

અટકી જાય. અંદરથી વાત ચાલતી હોય (તો અટકી જાય). ગુજરાતીમાં ચાલતું હોય તો નવું નવું કોઈ ચિંતવન અંદરથી નીકળતું હોય. હિન્દીમાં તો ભાષામાં આવે એટલું લક્ષ ત્યાં રહી જાય છે થોડું. શું કહે છે?

શિષ્યનો પ્રશ્ન છે. 'પહેલાં એમ કહ્યું હતું કે વ્યવહારને અંગીકાર ન કરવો, પણ જો તે પરમાર્થનો કહેનાર છે તો એવા વ્યવહારને કેમ અંગીકાર ન કરવો?' '**कुतो व्यवहारनयो नानुसर्तव्य**' એમ શબ્દ છે ને? મૂળ સંસ્કૃત એમ છે. '**कुतो व्यवहारनयो नानुसर्तव्य**'. આટલો વ્યવહાર પોતાને જોરથી સ્થાપે છે તો શા માટે અંગીકાર ન કરવો? તેનો ઉત્તર છે. ગાથા બહુ સારી અને બરાબર તમારે ક્લાસમાં આવી ગઈ છે.

**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।**
**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो।।११।।**
**વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;**
**ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે. ૧૧.**

**ટીકા :- 'વ્યવહારનય બધોય અભૂતાર્થ હોવાથી...'** બધોય નામ ચાર નય અહીંયાં અધ્યાત્મમાં સિદ્ધ કરવી છે. વ્યવહારનય ચાર પ્રકારની છે. એક અસદ્‌ભુત વ્યવહાર, એક સદ્‌ભુત વ્યવહાર. અસદ્‌ભુતના બે પ્રકાર-ઉપચાર અને અનુપચાર. સદ્‌ભુતના બે પ્રકાર-ઉપચાર અને અનુપચાર. ચારેય નય અહીંયાં અભૂતાર્થ બતાવવી છે. છઠ્ઠી ગાથામાં પહેલા વાત આવી ગઈ છે. પ્રમત્ત-અપ્રમત્ત ભગવાન આત્મા નથી. કારણ કે આત્મા જ્ઞાયકભાવ ધ્રુવ ત્રિકાળ શુભ-અશુભભાવે થયો જ નથી. ત્રિકાળ ધ્રુવ સ્વરૂપ છે એ... શુભ-અશુભભાવ ખરેખર અચેતન છે, શુભ-અશુભભાવમાં ચેતનનો અંશ નથી. સમજાય છે કાંઈ? જ્ઞાયકભાવ ધ્રુવભાવ અભેદભાવ એકરૂપ સ્વભાવ એ પ્રમત્ત-અપ્રમત્ત નથી. કેમ નથી? જ્ઞાયકભાવ શુભ-અશુભભાવરૂપ થયો નથી. કૌંસમાં કહ્યું કે એ જડ નથી થયો. અર્થાત્ ચૈતન્યનો અંશ, નિજ જ્ઞાયક ત્રિકાળ ચૈતન્યપુર ચૈતન્યનુર ધ્રુવ એ શુભાશુભભાવપણે થયો નથી, તેથી પ્રમત્ત-અપ્રમત્ત થયો નથી. આ સિદ્ધાંત મૂક્યો. અને પ્રમત્ત-અપ્રમત્ત થયો નથી તો આત્મા અપ્રમત્ત-પ્રમત્ત રહિત, ભેદ રહિત એકલો જ્ઞાયક ચૈતન્ય અભેદ શુદ્ધ ચૈતન્ય છે. ધ્રુવ, એકલો ધ્રુવ. પર્યાયને તો પ્રમત્ત-અપ્રમત્ત ચૌદ ગુણસ્થાનના ભેદમાં ચૌદ પર્યાય કાઢી નાખી. સમજાય છે કાંઈ? એ શુભાશુભ જે કાઢી નાખ્યા એમાં અસદ્‌ભુત વ્યવહારનયના બે ભેદ કાઢી નાખ્યા.

શુભ-અશુભ જે વિકાર છે એમાં ખ્યાલમાં આવનારને ઉપચાર અસદ્‌ભુત કહે છે, ખ્યાલમાં નહિ આવનારને અસદ્‌ભુત અનુપચાર કહે છે. કાઢી નાખ્યા, બે નય કાઢી નાખી. ત્રીજી (નય), એ આત્મા રાગને જાણે છે, જ્ઞેયને જાણે છે તોપણ પોતાના જ્ઞાનને જ જાણે છે. રાગ અને જ્ઞેયને જાણવા એ સદ્‌ભુત ઉપચારનય છે. સદ્‌ભુત (એટલે) કેમકે પોતાનું જ્ઞાન પોતાને જાણે છે અને પરને જાણે છે. સ્વપરપ્રકાશ. તો પ્રમાણજ્ઞાન છે એ સદ્‌ભુત

ઉપચારનયનો વિષય છે. છે પ્રમાણ, પણ પ્રમાણ પર્યાય અંશ છે. સમજાય છે કાંઈ? અરે..! ભારે વાત ભાઈ! વળી પ્રમાણને વ્યવહારનય (કહ્યું). ભાઈ! દ્રવ્ય જે ત્રિકાળ સ્વરૂપ છે ધ્રુવ જ્ઞાયક, તેમાં પ્રમાણ જે છે એ શ્રુતજ્ઞાનની પર્યાય છે, પ્રમાણ પર્યાય છે. ત્રિકાળ વસ્તુનો પ્રમાણજ્ઞાન એક ભેદ છે. પ્રમાણ છે અખંડ દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણનાર, પણ એ પર્યાય છે એ અપેક્ષાથી પ્રમાણને સદ્ભુત ઉપચારનયનો વિષય કહ્યો છે. 'પંચાધ્યાયી'માં કહ્યું અને અહીં એ સિદ્ધ કર્યું. 'પંચાધ્યાયી'માં આમાંથી કાઢ્યું છે. બાર ગાથામાંથી બધું કાઢ્યું છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા શુભાશુભ ભાવરૂપ થયો નથી તો એનો અર્થ થયો કે આત્મા પ્રમત્ત-અપ્રમત્ત થયો જ નથી. એનો અર્થ થયો કે અસદ્ભુત ઉપચાર, અનુપચારનય એમાં છે નહિ. અભૂતાર્થ થઈ ગઈ, વસ્તુમાં નથી. અને જ્ઞાન જે પોતાની પર્યાયમાં જ્ઞેયને જાણે છે, પોતાને જાણે છે, પરને જાણે છે એવો જે ઉપચાર લાગુ પડે છે એ પણ નહિ. જ્ઞાન જ્ઞાનને જાણે છે, જ્ઞાયકની દૃષ્ટિથી જોવાથી, સ્વરૂપ નિર્વિકલ્પ અનુભવથી જુઓ તો સ્વપ્રકાશમાં પોતાનો જ આત્મા જ્ઞાયક ભાસે છે. પરજ્ઞેયને જાણે છે તે વાતનો નિષેધ થઈ ગયો. સદ્ભુત ઉપચાર પ્રમાણનો જે વિષય છે તેને કાઢી નાખ્યા. સદ્ભુત વ્યવહારનયનો.

હવે રહી સદ્ભુત અનુપચાર. એ સાતમી ગાથામાં (કહ્યું). ગુણ અને આ ગુણી, ગુણ અને ગુણી આ ભેદ છે તે પણ સદ્ભુત અનુપચાર છે. ગુણ-ગુણી ભેદ પણ વસ્તુમાં નથી. વસ્તુ અખંડ ધ્રુવ છે. જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયક. સમજાય છે કાંઈ? કહે છે કે જે દ્રવ્ય છે દ્રવ્યાર્થિકનયનો વિષય. દ્રવ્યાર્થિકનયનો વિષય દ્રવ્યાર્થિકનય કહો, કે દ્રવ્ય સામાન્ય કહો, એ દ્રવ્ય એટલે પર્યાય અને દ્રવ્ય બે થઈને એક નહિ. દ્રવ્યાર્થિક એટલે દ્રવ્ય નામ જે સામાન્ય ધ્રુવ જ્ઞાયક છે તેનો જે વિષય છે તે જ્ઞાયક શુભાશુભ પરિણામરૂપે નથી, પરને જાણવારૂપે નથી અને ગુણી અને ગુણના ભેદ પણ એકલા જ્ઞાયકમાં નથી.

કહે છે, **'વ્યવહારનય બધોય અભૂતાર્થ...'** છે. એ ચારેયને અભૂતાર્થ કહ્યા. જુઓ! જરી સાંભળજો. એની પર્યાય છે ને પર્યાય? વર્તમાન, તેને પણ અહીંયાં તો અભૂતાર્થ કહી દીધી છે. વર્તમાન પર્યાય, હોં! ભાઈ! કેમકે ત્રિકાળ દ્રવ્યનો એક પર્યાય અંશ ભેદ છે. ભેદ છે તે વ્યવહારનયનો વિષય થયો. પર્યાય પણ વ્યવહારનયનો વિષય થયો. અહીંયાં અભૂતાર્થ કહી દીધું. ભૂતાર્થ નામ ત્રિકાળનો આશ્રય કરનાર જે ભૂતાર્થ શુદ્ધનય છે, ભૂતાર્થ કહો કે શુદ્ધનય કહો, બેય એક છે. અહીં નય અને વિષય બે ભિન્ન નથી પડતા. ભૂતાર્થ જે છે, શુદ્ધનય જે છે, શુદ્ધનયનો વિષય-બિષયની અહીં વાત નથી, અહીં એવા ભેદ નહિ લેવા. અહીં તો **'भूदत्थो देसिदो दु सुद्धणओ'** ભૂતાર્થ જ્ઞાયક ધ્રુવ એકરૂપ, જેમાં ઉત્પાદ-વ્યયની પર્યાયનો અભાવ છે. સમજાય છે કાંઈ? ઉત્પાદ-વ્યય વ્યવહારનયનો વિષય છે. સમજાય છે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ આખું દ્રવ્ય સામાન્ય. સામાન્ય દ્રવ્ય, ધ્રુવ દ્રવ્ય. પર્યાય સહિત નહિ. પર્યાય સહિત પ્રમાણનો વિષય થઈ જાય છે. સમજાય છે કાંઈ?

કહે છે કે વ્યવહાર... આ ખુલાસો 'જયચંદ્ર પંડિત' કરશે, હોં! કે વ્યવહારનય અભૂતાર્થ કહ્યું છે તો પર્યાય પણ અભૂતાર્થ-નથી એમ થઈ ગયું, ભાઈ! પર્યાય નથી એમ થઈ ગયું. વેદાંત થઈ જશે. કઈ અપેક્ષાથી કહ્યું છે? અભૂતાર્થ કઈ અપેક્ષાથી કહ્યું છે? ત્રિકાળ ચીજ નથી, આશ્રય કરવા લાયક નથી તે અપેક્ષાથી પર્યાયને તેમાં થતી ઉત્પાદ પર્યાય છે.. છે.. છે.. વિદ્યમાન હોવા છતાં અભૂતાર્થ કહે છે, અસત્યાર્થ કહે છે, નથી એમ કહે છે, જૂઠી છે કહે છે. સમજાય છે કાંઈ? શા કારણે? '**भूदत्थो देसिदो दु सुद्धणओ**'. એકરૂપ જ્ઞાયક ધ્રુવ ધ્રુવ ધ્રુવ ધ્રુવ પરમ પારિણામિક સ્વરૂપ ધ્રુવ જ્ઞાયક. એના આશ્રયથી પોતાનું પ્રયોજન સિદ્ધ થાય છે. આશ્રય કરનાર પર્યાય છે પણ પર્યાયનો વિષય ત્રિકાળ ધ્રુવ છે. સમજાય છે કાંઈ? ધ્રુવ એક સમયમાં અનંત ગુણના પિંડરૂપ અભેદ, ભેદ પણ નહિ, ગુણ-ગુણીના ભેદ પણ નહિ, એ તો કાઢી નાખ્યા. એ ૯-૧૦માં ચાર દૃષ્ટાંત આપ્યા. શ્રુતકેવળી અને નિશ્ચય અને વ્યવહાર સ્થાપ્યા. એમાંથી સિદ્ધાંત કાઢી લેવો કે ગુણ-ગુણીનો ભેદ પણ એમાં નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અભેદ નિશ્ચય થયો. પર્યાય વ્યવહાર થઈ. વ્યવહાર એટલે જૂઠી થઈ. જૂઠી અર્થાત્ નથી. કઈ અપેક્ષાથી? ત્રિકાળમાં નથી એ અપેક્ષાથી જૂઠી થઈ. પોતાની પર્યાયમાં છે-પોતામાં છે.

મુમુક્ષુ :- ત્રિકાળની અપેક્ષાથી અસત્યાર્થ...

ઉત્તર :- અસત્યાર્થ કહેવામાં આવ્યું છે. ત્રિકાળની અપેક્ષાથી અસત્યાર્થ કહે. વર્તમાન પર્યાય જ નથી એમ કહે તો રહ્યું શું? વેદાંત થઈ ગયું. એવી વસ્તુ નથી. સમજાય છે કાંઈ?

અહીંયાં પહેલો શબ્દ ઉપાડ્યો છે. ટીકા છે ને? '**व्यवहारनयो हि सर्व एवाभूतार्थत्वादभूतमर्थं प्रद्योतयति**'. સંસ્કૃત થોડુ થોડુ આવડે છે, હોં! પંડિતજી! આપણે તો ભાવ કાઢવા છે. '**व्यवहारनयो हि सर्व एव**' જુઓ! '**सर्व एव**' સર્વ શબ્દે અનુપચાર સદ્ભુત, ઉપચાર સદ્ભુત, અનુપચાર અસદ્ભુત અને ઉપચાર અસદ્ભુત. અહીં મુખ્ય તો અધ્યાત્મમાં ચાર નય લીધી છે. 'પંચાધ્યાયી'માં એમાંથી ... આગમની નય. સાત નય છે ને? નૈગમ ને સંગ્રહ. એ આગમની વ્યવહારનય છે. વ્યવહારનયનો અહીંયા નિષેધ કર્યો છે. 'પંચાધ્યાયી'માં પણ ખુલાસો કર્યો છે. 'પંચાધ્યાયી'માં પણ કાઢ્યું છે આમાંથી, હોં! ઘરનું એમાં કાંઈ કહ્યું નથી.

કહે છે, '**વ્યવહારનય બધોય...**' સર્વ શબ્દ પડ્યો છે ને? સંસ્કૃતમાં '**सर्व**' શબ્દ પડ્યો છે. '**सर्व**' કહેતાં એ પર્યાય છે, જે સદ્ભુત વર્તમાન અનુપચાર વિષય છે, પર્યાય અને

ગુણી, પર્યાય અને ગુણી એવા જે પર્યાયના ભેદ છે તેને પણ વ્યવહાર કહીને બધોય અભૂતાર્થ (કહ્યું છે). અભૂત-એ પર્યાય છે જ નહિ. દ્રવ્યમાં નથી. ... એક પર્યાયમાં પ્રમાણજ્ઞાન લીધું અને એક લીધો ગુણ-ગુણીનો ભેદ. આવો જે ભેદ છે તે અસત્યાર્થ છે. વસ્તુમાં નથી, ધ્રુવમાં એ ચીજ નથી. સમજાય છે કાંઈ? આ ગાથા તો વસ્તુનો પ્રાણ છે. જૈનશાસન શું વસ્તુનો પ્રાણ છે. એક સમયના ઉત્પાદ-વ્યય છે તેનાથી રહિત જે દ્રવ્ય છે તે જ ભૂતાર્થ છે. આહા..! સમજાય છે કાંઈ? એક સમયની વર્તમાન પ્રગટ પર્યાય જે છે, તે તો વ્યવહારનયનો વિષય છે, પર્યાયનયનો વિષય છે. તેનાથી રહિત એકલો ધ્રુવ. વર્તમાન પર્યાય સિવાયનો એકલો ધ્રુવ તે ભૂતાર્થ છે, છતો પદાર્થ છે. છતોને શું કહે છે? વિદ્યમાન છે તે જ સત્ય છે, તે જ સત્ય છે, પર્યાય અસત્ય છે. આ અપેક્ષાથી, હોં! પર્યાય અસત્ય છે. પર્યાય પર્યાયની અપેક્ષાથી છે. સમજાય છે કાંઈ?

કહે છે, '**અવિદ્યમાન,...**' છે. આત્માના દ્રવ્યમાં પર્યાય છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? ધ્રુવ કહો કે દ્રવ્ય કહો. અહીં દ્રવ્યાર્થિકનયનો વિષય લેવો છે ને.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નહિ, નહિ. ઉત્પાદ-વ્યય-ધ્રુવ તો પ્રમાણનો વિષય થઈ ગયો. એ તો પ્રમાણ થઈ ગયું. ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં પ્રમાણ થઈ ગયું. અહીં તો ઉત્પાદ-વ્યય નહિ. ધ્રુવમાં ઉત્પાદ-વ્યય છે જ નહિ. સમજાય છે કાંઈ? અસત્યાર્થ, અવિદ્યમાન છે. ભગવાન આત્મા જે દૃષ્ટિનો વિષય છે, સમ્યગ્દર્શનનો વિષય છે એમાં પર્યાય છે જ નહિ. પર્યાય વિદ્યમાન નથી. ચાર નય વિદ્યમાન નથી. આહાહા..! આ સમજે નહિ તો આમાં વેદાંત થઈ જાય એવું છે. લ્યો, આ તો અસત્યાર્થ કીધી. પર્યાય છે નહિ, એકલો કૂટસ્થ છે. એમ નહિ. સમજાય છે કાંઈ?

અવિદ્યમાન, બીજી ભાષાએ અભૂત, અભૂત, અસત્ અસત્ય છે. જુઓ! ધ્રુવ ભગવાન આત્મા જેને દ્રવ્ય વસ્તુ કહે છે, દ્રવ્ય ક્યુ? ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું દ્રવ્ય નહિ. એ તો પ્રમાણના વિષયભૂત દ્રવ્ય થયું. પણ જે દ્રવ્યાર્થિકનયનું દ્રવ્ય છે, દ્રવ્યાર્થિકનય છે ને અહીંયાં? નય છે તે એક અંશને પકડે છે, નય આખા બેયને પકડે તો પ્રમાણ થઈ જાય. નયનો વિષય એક અંશ છે. ચાહે તો સામાન્ય અંશ હો, ચાહે તો વિશેષ અંશ હો. અહીંયાં સામાન્ય અંશ કહેવામાં વિશેષ અંશને અસત્યાર્થ કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? આ ભાષા કાંઈ બહુ એવી ઝીણી નથી, સમજાય એવી છે. રાજમલજી!

'**વ્યવહારનય બધોય...**' ભેદ પાડીને કહેવું, બધી પર્યાયને બતાવે છે તે અભૂતાર્થ છે. તેથી અવિદ્યમાન છે, તેથી જૂઠી છે. જૂઠી છે. પર્યાય જૂઠી છે, વ્યવહારનય જૂઠી છે. એ ત્રિકાળ સત્‌ની અપેક્ષાથી. સમજાય છે કાંઈ? જેમ નિજ દ્રવ્યની અપેક્ષાથી બધા દ્રવ્ય અદ્રવ્ય છે. નિજ દ્રવ્યની અપેક્ષાથી બીજા દ્રવ્ય અદ્રવ્ય છે. બીજા (ક્ષેત્ર) નિજ ક્ષેત્રની અપેક્ષાથી અક્ષેત્ર છે. નિજ કાળની અપેક્ષાથી પર અકાળ છે, નિજ ભાવની અપેક્ષાથી અભાવ

છે. નિજ વસ્તુની અપેક્ષાથી પરવસ્તુ અવસ્તુ છે. સાતમી ગાથા. સમજાય છે કાંઈ? શિષ્યે પ્રશ્ન કર્યો હતો ને કે મહારાજ! ગુણ-ગુણી ભેદ અવસ્તુ છે? પરવસ્તુ છે કે તમે એને નથી એમ કહો છો? સમજાય છે કાંઈ? શું ગુણ એમાં નથી? વસ્તુમાં છે કે નહિ? તો એને વ્યવહાર કેમ કહ્યો? વ્યવહાર તો અવસ્તુને કહો. અવસ્તુ નામ એમાં ન હોય એવી પરચીજને વ્યવહાર કહો. એને તમે વ્યવહાર કેમ કહો છો? અરે..! સાંભળ તો ખરો. પ્રભુ! અવસ્તુ કઈ અપેક્ષાથી કહીએ છીએ? અભેદની દૃષ્ટિ કરાવવા ભેદ એમાં છે છતાં દેખાતા નથી. ગુણ છે, ગુણ છે છતાં દેખાતા નથી. પર્યાય રહી ગઈ એક બાજુ. સમજાય છે કાંઈ? ભેદ દેખાતા નથી. એ અપેક્ષાથી અભેદને બરાબર સારી રીત જોવામાં ભેદને વ્યવહારનય કહી દીધું છે. સમજાય છે કાંઈ? ભેદ એમાં નથી એમ નહિ, પણ દેખાતા નથી. અભેદ એકાકાર અનંત ગુણના એકરૂપમાં અનંત ગુણ એમ દેખાય તો ભેદ થઈ ગયો. સમજાય છે કાંઈ? અભેદમાં ભેદ દેખાય તો અભેદ રહેતો નથી અને અભેદ એકરૂપની ભલી રીતે દૃષ્ટિ કરવી એમાં વળી આ ગુણ અને આ ગુણી, આત્મા આધાર અને આધેય ગુણ એ તો ભેદ થઈ ગયો, વ્યવહાર થઈ ગયો. એકત્વ નહિ થાય, એમાં એકત્વ નહિ થાય. સમજાય છે કાંઈ?

કહે છે, '**અભૂત અર્થને પ્રગટ કરે છે;...**' પાઠ છે કે નહિ? '**अभूतमर्थं प्रद्योतयति**'. જૂઠા અર્થને કહે છે. કોણ? વ્યવહારનય જૂઠા પદાર્થને કહે છે, જૂઠા ભાવને કહે છે. પણ છે ખરા એ ભાવ. સમજાય છે કાંઈ? ત્રિકાળ સત્યની અપેક્ષાથી એક સમયની પર્યાયને જૂઠા, જૂઠા, જૂઠા, જૂઠાને પ્રગટ કરે છે એમ કહેવામાં આવ્યું છે. અહીં તો સમ્યગ્દર્શનનો જ વિષય લીધો છે, હોં! પાઠમાં એટલું આવ્યું, '**व्यवहारनयो हि सर्व एवाभूतार्थत्वाद**' અસત્ય હોવાથી અસત્ય અર્થને કહે છે, અસત્ય અર્થને કહે છે. તમારે બપોરે ચાલે છે એ આમાંથી જ કાઢ્યું છે. 'ટોડરમલે' ઘરનું ક્યાંય નથી કહ્યું. ચાલતી ભાષામાં શાસ્ત્રમાંથી સામાન્યપણે રહસ્યપણે હોય તેને ખોલીને કહ્યું છે. સમજાય છે કાંઈ?

હવે '**શુદ્ધનય એક જ ભૂતાર્થ હોવાથી...**' શુદ્ધનય.. અહીં નય કહ્યું. નય તો શ્રુતજ્ઞાનનો અંશ છે. નય તો શ્રુતજ્ઞાનનો અંશ છે પણ અહીંયાં એમ નથી લેવું. અહીંયાં શુદ્ધનય કહેતાં ત્રિકાળ ધ્રુવ, તેને અહીંયાં શુદ્ધનય કહ્યું છે. નય અને નયના વિષયને એકરૂપ કહીને અધ્યાત્મમાં ભૂતાર્થને શુદ્ધનય કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? '**શુદ્ધનય એક જ ભૂતાર્થ...**' સત્ય અર્થ, સાચો અર્થ, વિદ્યમાન અર્થ હોવાથી. વિદ્યમાન ત્રિકાળ ધ્રુવ વિદ્યમાન, ત્રિકાળ ધ્રુવ ભૂતાર્થ, ત્રિકાળ ધ્રુવ સત્યાર્થ, સત્યરૂપ ભગવાન એકરૂપ એવો વિદ્યમાન, એવો સત્ય, એવો હોવાવાળો '**ભૂત અર્થને પ્રગટ કરે છે.**' શુદ્ધનય ભગવાન એકલા શુદ્ધ ધ્રુવને બતાવે છે અથવા ભૂતાર્થને જ બતાવે છે, ભૂતાર્થને જ શુદ્ધનયને કહેવામાં આવ્યું છે. ઓ..હો..હો..! સમજાય છે કાંઈ? પહેલા શબ્દાર્થ લઈ લીધો. '**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ**'.

પણ એનો ન્યાય આગળ લેશે. બીજા બે પદનો. બે પદ છે ને બાકી? પહેલા અર્થ કહ્યો. '**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ**'. બસ. હવે દાખલો કહેશે. પછી '**भूदत्थमस्सिदो खलु**' સામાન્ય જ્ઞાયક ભગવાન આત્માનો આશ્રય કરે છે તે જ સમ્યગ્દષ્ટિ થાય છે. ભેદના આશ્રયથી, નિમિત્તના આશ્રયથી, રાગના આશ્રયથી સમ્યગ્દર્શન થતું નથી. સ્થિર વસ્તુ હોય, સ્થિર વસ્તુ હોય, ધ્રુવ વસ્તુ હોય એનો આશ્રય કરવાથી સ્થિર દષ્ટિ થાય છે, નવી પર્યાય (શુદ્ધ) ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? નેમચંદભાઈ! પેલા કહે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો તે સમ્યગ્દર્શન છે. નવ તત્ત્વની ભેદની શ્રદ્ધા કરો સમ્યગ્દર્શન છે. છ દ્રવ્યની શ્રદ્ધા કરો (એ સમ્યગ્દર્શન છે). અહીં ના પાડે છે. એકલો ભૂતાર્થ ત્રિકાળ ધ્રુવનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે.

મુમુક્ષુ :- પહેલાથી બહુ ઉંચી વાત કરી...

ઉત્તર :- એમ કહે છે. પણ આ જ વસ્તુ છે, ભાઈ! મૂળ વસ્તુ આ છે. ઠીક છે, કેવલચંદજી પ્રશ્ન બરાબર કરે છે. પહેલા ઈ લો, પહેલા ઈ લો, પાધરી આવી ઊંચી ... ગુણ-ગુણીનો ભેદ નથી એવા અભેદ ઉપર એકરૂપ વસ્તુ છે, સમજ્યા? એકરૂપ છે તેના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. અનેકના આશ્રયે સમ્યગ્દર્શન કઈ રીતે થાય? એમાં તો વિકલ્પ ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? ચાહે તો પરલક્ષી છ દ્રવ્યનું જ્ઞાન કરો, શાસ્ત્રનું જ્ઞાન કરો, નવ તત્ત્વના ભેદની શ્રદ્ધા કરો પણ એ સમકિત છે જ નહિ, એ તો રાગ છે, એ તો રાગ છે. નવ તત્ત્વના ભેદની શ્રદ્ધા એ પણ રાગ છે. સમજાય છે કાંઈ? છ દ્રવ્યના ભેદની શ્રદ્ધા પણ રાગ છે. પરમ આવશ્યકમાં આવી ગયું. નિજ દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણનો વિચાર કરવો એ રાગ છે. પરમ આવશ્યકમાં આવ્યું. પોતાના અને પરના દ્રવ્ય-ગુણ-પર્યાય. દ્રવ્ય-ગુણ-પર્યાય, દ્રવ્ય-ગુણ-પર્યાય એ તો ભેદ થઈ ગયો, વિકલ્પ ઉઠે છે. સમજાય છે કાંઈ?

જેની ખાણમાં ધ્રુવરૂપ અનંત શક્તિ પડી છે તેનો આશ્રય કરવાથી પર્યાય પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ? '**શુદ્ધનય એક જ...**' એક જ. તેથી 'પંચાધ્યાયી'માં કહ્યું છે ને? નિશ્ચયનયને બે કહે છે તે સર્વજ્ઞની આજ્ઞા બહાર છે. પંડિતજી! એ 'પંચાધ્યાયી'માં એમ કહ્યું છે. નિશ્ચયનયના બે ભેદ પાડે છે તે સર્વજ્ઞની (આજ્ઞા બહાર છે). ઈ આ લીધું છે. '**शुद्धनय एक एव**' સંસ્કૃતમાં છે ને? ઈ બધું અહીંથી લીધું છે. અશુદ્ધનય આદિ ઘણાં ભેદ બીજા આગમમાં છે. પણ ખરેખર અધ્યાત્મની દષ્ટિમાં બધો વ્યવહાર છે. અશુદ્ધનિશ્ચય કહો તો તે પણ વ્યવહાર છે. સમજાય છે કાંઈ? એક સમયની પર્યાય વ્યવહાર છે, મતિ, શ્રુત, કેવળજ્ઞાન પણ સદ્‌ભુત વ્યવહારનયનો વિષય છે, કેવળજ્ઞાન સદ્‌ભુત વ્યવહારનયનો વિષય છે. નિશ્ચયનયનો વિષય નહિ. કેવળજ્ઞાન ગુણનો એક અંશ પર્યાય છે. તો પર્યાય એ દ્રવ્યાર્થિકનયનો વિષય છે જ નહિ. દ્રવ્યનો એ વિષય જ નથી. સદ્‌ભુત વ્યવહારનયનો વિષય છે. પોતાને તો કેવળજ્ઞાન નથી, જેને કેવળજ્ઞાન છે તેનું લક્ષ કરવા જાય છે તો

વિકલ્પ ઊઠે છે. પોતામાં કેવળજ્ઞાન નથી તો હું કેવળજ્ઞાન ઉત્પન્ન કરું એમ લક્ષ કરે છે તો વિકલ્પ ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**'શુદ્ધનય એક...'** આપણે વજન અહીં એક ઉપર આપવું છે. 'પંચાધ્યાયી'માં એમ લીધું છે તો (લોકો કહે છે), ખોટું લીધું છે, ખોટું લીધું છે. મખનલાલજીએ બે અર્થ કર્યા છે. નીચે કર્યો છે કે સ્વસમયની અપેક્ષાથી આ વાત છે. ત્યાં તો એણે અર્થ ઠીક કર્યો છે. પછી બધું ફરી ગયું. પહેલા બરાબર કર્યું છે એણે. નીચે, હોં! બધું જોયું છે ને. (સંવત) ૧૯૮૨થી સાલથી જોઈએ છીએ. 'પંચાધ્યાયી' ૮૨ની સાલથી જોઈએ છીએ. એણે નીચે નોટમાં લખ્યું છે કે આ સર્વજ્ઞની આજ્ઞા બહાર નિશ્ચયને કહે છે એ સ્વસમયની અપેક્ષાથી કહે છે. એમ લખ્યું છે. સમજાય છે કાંઈ? આ ભગવાન આત્મા એક શુદ્ધનય ભૂતાર્થ ત્રિકાળ ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. જેમાં પર્યાયનો લગાવ નથી. સમજાય છે કાંઈ? એવો પર્યાયનો લગાવ તો વ્યવહાર થઈ ગયો, અસત્યાર્થ થઈ ગયો. સત્યાર્થ એક જ ત્રિકાળ ચીજ છે. **'એક જ...'** શબ્દ પડ્યો છે ને? **'शुद्धनय एक एव'** એમ શબ્દ છે. **'एक एव'**. 'અમૃતચંદ્રાચાર્યે' કહ્યું ને. શુદ્ધનયના બે ભાગ પાડશે તો વ્યવહાર થઈ જશે. શુદ્ધનયના બે ભાગ છે જ નહિ. દેવીલાલજી! શુદ્ધનય **'एक एव'** **'એક જ...'**.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વળી બીજી વાત છે. એ વળી વ્યાખ્યા એની.. એ બીજી વાત છે, આ તો નયની વ્યાખ્યા છે. શુદ્ધનયના બે ભેદ પાડે તે મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. એક અને અનેક તો નિષેધમાં જાય છે, એ બીજી વાત છે, એ બીજી વાત છે. એ તો ગુણ છે? નહિ. પર્યાય છે? નહિ. ઘણી ચર્ચા થઈ ગઈ છે, અહીં તો ઘણી ચર્ચા ચાલે છે. સમજાય છે કાંઈ? અહીંયાં તો સામાન્ય એકરૂપ. 'પંચાધ્યાયી'માં લીધું છે. નિશ્ચયનયનો વિષય.

અહીંયાં કહે છે, **'શુદ્ધનય એક જ...'** એક જ. એક જ કહે છે ને હિન્દીમાં? એક હી. આ લખ્યું છે એ પ્રમાણે. **'ભૂતાર્થ હોવાથી,...'** શુદ્ધનય એક જ સત્ય હોવાથી, સત્ય એક જ હોવાથી. ત્રિકાળ વસ્તુ ધ્રુવ એક જ સત્ય હોવાથી, **'વિદ્યમાન, સત્ય, ભૂત અર્થને...'** એવા સત્યને **'પ્રગટ કરે છે.'** સમજાય છે કાંઈ? **'આ વાત દૃષ્ટાંતથી બતાવીએ છીએ :-'** લ્યો. **'જેમ પ્રબળ કાદવના મળવાથી...'** હવે દૃષ્ટાંત આપે છે, હોં! જળનો. પ્રબળ શબ્દ પડ્યો છે, હોં! જુઓ! કર્મમાં પણ પ્રબળ લેશે. **'જેમ પ્રબળ કાદવના મળવાથી જેનો...'** જેનો એટલે પાણીનો. **'સહજ એક નિર્મળભાવ...'** સહજ એક નિર્મળભાવ **'તિરોભૂત (આચ્છાદિત) થઈ ગયો છે...'** પાણીનો જે નિર્મળભાવ છે તે કાદવના નિમિત્તના મળવાથી પોતાની પર્યાયમાં મલિન થઈ ગયું છે, નિર્મળતા ઢંકાઈ ગઈ છે. **'એવા જળનો અનુભવ કરનાર પુરુષો...'** આવા જળનો–મળ સહિત જળનો. નિર્મળતા તિરાભૂત થઈ ગઈ છે એવા જળનો. **'અનુભવ કરનારા પુરુષો–જળ અને કાદવનો વિવેક નહિ કરનારા...'** જળ અને

કાદવનો વિવેક-ભેદ નહિ કરનારા, બન્નેના ભેદને નહિ સમજનારા. નહિ સમજનારા **'ઘણા તો...'** ઘણા તો. વિવેક કરે છે એટલે ઘણા લીધાં છે, બધા નહિ. **'ઘણાં તો, તેને (જળને) મલિન જ અનુભવે છે;...'** સમજાય છે કાંઈ? પાણી મેલું જ છે. અમે કુકડા ગયા હતા ને? કુકડા. એકલું પાણી મેલું. કુકડા છે. મૂળી પાસે કુકડા (ગામ) છે. આખા ગામમાં મેલું પાણી. કેમ (ચોખ્ખુ) પાણી નથી? તો કહે, અહીંયાં તો તળાવ મેલું છે. અહીંયાં લાવે, ભરે, બે-ચાર-છ આઠ કલાક રાખે પછી મેલ નીચે બેસી જાય તો જળ પીવે. અમે તો તરત ગયેલા. પાણી મેલું મળ્યું. મેલવાળું પાણી, હોં! પછી થોડું ઠાર્યું તો મેલ નીચે બેસી ગયો. આખા ગામને મેલું પાણી આવે. તળાવ છે ને, તળાવ. કૂવો નહિ. ત્યાં તળાવમાં બધું મેલું જ પાણી. બારે માસ કીચડવાળું પાણી. ભરીને લાવે પછી ઠારે. કેટલાક તો એવું જ પીવે, કહે છે. સીધું મેલવાળું પાણી પીવે છે. **'વિવેક નહિ કરનારા...'** હોં! વિવેક નહિ કરનારા ઘણાં. **'વિવેક નહિ કરનારા ઘણા તો, તેને (જળને) મલિન જ અનુભવે છે પણ કેટલાક પોતાના હાથથી નાખેલા કતકફળ...'** કોઈ બીજા દ્વારા નહિ. બીજા કોઈએ નાખ્યું હોય... ખીચડીમાં એમ થાય છે ને? ખીચડી કહે છે? ખીચડીમાં એક બાઈએ મીઠું નાખ્યું હોય અને બીજી બાઈને ખબર ન હોય તો બીજું નાખી આવે. ઘરમાં બે-ત્રણ બાયું હોય. નહિ નાખ્યું હોય, નાખો બીજું. ખાય ત્યાં ખારું લાગે. આમ કેમ? કોણે નાખ્યું છે? મેં તો એકવાર નાખ્યું હતું, બીજી કોઈક નાખી ગઈ હશે. ખબર ન હોય ને નાખે બીજો ધોબો એક.

અહીંયાં **'કેટલાક પોતાના હાથથી...'** પાણીમાં મેલ છે તો બીજા કોઈએ તો અંદર નાખ્યું નથી. **'કેટલાક પોતાના હાથથી નાખેલા કતકફળ (નિર્મળી ઔષધિ)...'** જેનાથી કાદવ નીચે બેસી જાય છે. **'પડવામાત્રથી...'** જ્યાં પડી **'પડવામાત્રથી ઊપજેલા જળ-કાદવના વિવેકપણાથી,...'** લ્યો. જળ અને કાદવ ભિન્ન પડી ગયા. મેલ નીચે બેસી જાય છે, પાણી નીતરી જાય છે. **'પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા...'** પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરેવામાં આવેલા-પ્રગટ કરવામાં આવેલા. નિર્મળ પાણી મેલમાં જે આચ્છાદિત હતું, મેલમાં ઢંકાઈ ગયું હતું તે પ્રગટ કર્યું. **'પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા સહજ એક નિર્મળભાવપણાને લીધે...'** એક નિર્મળભાવપણાને લીધે **'તેને (જળને) નિર્મળ જ અનુભવે છે;...'** કહો, બરાબર છે? એ તો દૃષ્ટાંત થયો.

**'એવી રીતે પ્રબળ કર્મના મળવાથી...'** જુઓ! ચાહે તો પ્રબળ કર્મ હો, એમ કહે છે. સમજાય છે કાંઈ? લોકો કહે છે ને કર્મ મંદ પડે તો વિવેક થઈ શકે, કર્મ મંદ પડે તો ભેદજ્ઞાન થઈ શકે. તે વિના પુરુષાર્થ કામ કરે નહિ. તો આચાર્યે પહેલેથી લીધું છે.

મુમુક્ષુ :- આચાર્યના વખતમાં એવું હશે.

ઉત્તર :- આચાર્યના વખતમાં (શું) ત્રણે કાળ એમ છે. સમજાય છે કાંઈ? કેવલચંદજી!

**'એવી રીતે પ્રબળ કર્મના મળવાથી...'** કર્મનો ઉદય તીવ્ર હોય, એમાં જોડાણ થઈ ગયું છે **'મળવાથી જેનો સહજ એક...'** મળવાથીનો અર્થ એમ નથી કે કર્મનો ઉદય તો જડ પર્યાય છે, જ્ઞાનની પર્યાયમાં એક થઈ ગયો છે એમ નથી. માટીના પરમાણુ પણ પાણીરૂપે થઈ ગયા છે એમ નથી. પણ જડકર્મના ઉદયમાં લક્ષ કરીને એકાકાર થઈ ગયો છે, મલિન થઈ ગયો છે. સમજાય છે કાંઈ?

અમારે એક હતા. એવું દૃષ્ટાંત આપતા હતા. અમે જ્યારે પુરુષાર્થની વાત કરતા હતા કે પુરુષાર્થથી પોતાનું કામ થાય છે. ત્યારે એ કહેતા હતા કે વિકાર પણ પુરુષાર્થથી થાય, એમ નથી. કેમ? જેમ એક રૂપિયાભાર સાકર હોય, રૂપિયાભાર સાકર, એનો સ્વાદ સીધો ઘણો આવે છે. અને સાકરમાં એક રૂપિયાભાર ચણાનો લોટ.. ચણાનો લોટ હોય ને? બેસન, બેસન. એક રૂપિયાભાર નાખી દો અડધી મીઠાશ તૂટી જશે. સાકરનો સીધો પૂરો સ્વાદ નહિ આવે. એમ આત્મામાં કર્મનો થોડો જડનો ભાગ આવી જાય છે અને આત્માનો.. એમ વિકાર કરે છે, એમ કહે છે. અમારે ઘણી ચર્ચા થઈ છે. (સંવત) ૧૯૮૩ની સાલ પહેલા ૧૯૭૬થી ચાલે છે. વાત તો ૧૯૭૧થી ચાલે છે. વિકાર છે એ થોડો જડનો ભાગ છે અને થોડો આત્માનો, એમ વિકાર છે? ના, એમ નહિ. જડની પર્યાયનો તો ચૈતન્યની વિકારી પર્યાયમાં અભાવ જ છે. સમજાય છે કાંઈ? પણ પોતાની પર્યાય જડના લક્ષે મિશ્રિત છે તો કર્મના ઉદયથી મિશ્રિત થયેલી છે તો પોતાનું સ્વરૂપ ઢંકાયેલું છે એમ કહેવામાં આવ્યું. સમજાય છે કાંઈ?

**'એવી રીતે પ્રબળ કર્મના મળવાથી...'** જુઓને! આચાર્યની પણ શૈલી તો જુઓ! ઓ..હો..હો..! પંચમકાળના .. કહે છે, ભલે પ્રબળ કર્મ હો પણ આત્મા વિવેક કરી શકે છે. પોતાના પુરુષાર્થની જાગૃતિથી વિવેક ભેદજ્ઞાન રાગથી-મેલથી, પરથી ભેદ કરી શકે છે. એમ ન સમજો કે અરે..! કર્મ મંદ પડે તો (થાય). એમ કેટલાક કહે છે. સમજાય છે કાંઈ? કર્મ જ્યારે મંદ પડી જાય.. એકેન્દ્રિયમાં બિચારા શું કરે? અરે..! એકેન્દ્રિયમાં પોતાની ભૂલથી રહ્યો છે, ત્યાં કર્મથી રહ્યો છે? સમજાય છે કાંઈ? અહીંયાં પંચેન્દ્રિય પ્રાણીને સમજાવવાની વાત છે. એકેન્દ્રિયનો .. ક્ષયોપશમ છે પણ આગળ વધે નહિ.

અહીંયાં કહે છે, **'પ્રબળ કર્મના મળવાથી જેનો...'** એટલે? આત્માનો. **'સહજ એક જ્ઞાયકભાવ...'** સમજો. **'સહજ એક જ્ઞાયકભાવ...'** સહજ એક જ્ઞાયકભાવ, ભાઈ! સહજ એક જ્ઞાયકભાવ ત્રિકાળ. સમજો. શું કહે છે? **'સહજ એક જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો છે...'** સહજ એક જ્ઞાયકભાવ દૃષ્ટિમાં આવ્યો નથી. દૃષ્ટિમાં આવતો નથી (તેને કહે છે કે) તિરોભૂત થઈ ગયો. જ્ઞાયકભાવ ઢંકાઈ નથી જતો. ભાષા શું છે? જુઓ! **'જેનો સહજ એક જ્ઞાયકભાવ...'** શબ્દ તો આવા પડ્યા છે. ઢંકાઈ ગયું. સહજ એક ભાવ છે તે અહીંયાં કર્મના લક્ષમાં રાગ-દ્વેષનું અસ્તિત્વ લક્ષમાં આવે છે તો અહીંયાં સહજ એક જ્ઞાયકભાવ,

મિથ્યાદષ્ટિને સહજ એક જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો છે. જ્ઞાયકભાવ ઢંકાતો નથી, જ્ઞાયકભાવ તો એકરૂપ ત્રિકાળ છે. પણ એના જ્ઞાનમાં આવતો નથી તો ઢંકાઈ ગયો એમ કહેવામાં આવે છે. આહા..! ભારે અર્થ, ભાઈ! શાસ્ત્રના અર્થ કરવામાં પણ મોટા ફેર.

અહીં કહે છે, સહજ એક જ્ઞાયકભાવ તો જેવો છે તેવો છે. શબ્દ જુઓ! એ તો ત્રિકાળ એકરૂપ છે. એને આવરણ છે? જ્ઞાયકભાવને આવરણ છે? નિત્ય નિરાવરણ છે, ત્રિકાળ નિરાવરણ છે. ત્રિકાળ અખંડ એકરૂપ છે. ત્રિકાળ શુદ્ધભાવ એકરૂપ છે. પરમ સ્વભાવરૂપ ધ્રુવ એકરૂપ છે, જેમાં આવરણ-ફાવરણ છે નહિ. પાઠ તો આમ લીધો છે. ભાઈ! કઈ અપેક્ષાથી કહે છે તે તો સાંભળવું પડે કે નહિ? આહાહા..! છઠ્ઠી ગાથામાં આવી ગયું આપણે. ક્યાંક આવ્યું હતું. પરદ્રવ્યથી.. શું પંડિતજી! પરદ્રવ્યથી '**भिन्नत्वेनोपास्यमानः**'. પરદ્રવ્યના લક્ષથી છૂટીને દ્રવ્ય જે જ્ઞાયક શુદ્ધ એકરૂપ છે તેની ઉપાસના પર્યાયમાં કરી. પર્યાયમાં ઉપાસના કરવાથી આ શુદ્ધ છે, એમ ભાન થયું. શુદ્ધ તો જ્ઞાયક એકરૂપ એ શુદ્ધ છે. પણ જ્ઞાયકનું જ્યારે ભાન થયું, '**उपास्यमानः**' જ્ઞાયક તરફની સેવા કરવાથી, (પર તરફથી) લક્ષ હટાવવાથી રાગની પણ એકતા છૂટી ગઈ, સ્વભાવમાં એકતા થઈ. '**उपास्यमानः**' સમ્યગ્દર્શન, જ્ઞાનમાં એ વિષય દષ્ટિમાં આવ્યો. '**उपास्यमानः**' શુદ્ધ છે. તેને શુદ્ધ કહેવામાં આવે છે. અજ્ઞાનીને ભાન નથી, એને શુદ્ધ ક્યાંથી આવ્યો? શુદ્ધ તો છે જ. સમજાય છે કાંઈ? આહાહા..! '**उपास्यमानः**' એમ શુદ્ધ કહેવાય છે. પરનું લક્ષ છોડી સ્વ દ્રવ્યનું લક્ષ કર્યું તો જ્ઞાયક ઉપર દષ્ટિ ગઈ તો પર્યાયમાં શુદ્ધતા ઉત્પન્ન થઈ તો સેવા કરી, તો શુદ્ધતાના ભાનમાં આ શુદ્ધ છે એમ એને પ્રતીતિ થઈ. એ તો દ્રવ્ય સિદ્ધ કરવું છે.

એમ અહીંયાં એક જ્ઞાયકભાવ પોતાની દષ્ટિમાં લીધો નહિ અને રાગાદિ મેલને દષ્ટિમાં લીધા છે તો એક જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો છે એમ કહેવામાં આવ્યું. આહાહા..! તારાચંદજી! પાછા કોઈ એમ કહે, ભાઈ! કર્મના મળવાથી. મળવાનો અર્થ એ કે કર્મના ઉદય ઉપર એનું લક્ષ ગયું. જોડાણ કર્યું તેને મળવાથી કહે છે. કર્મના રજકણની પર્યાય તો જડ અચેતન છે. કર્મની પર્યાય તો અચેતન, ઉદય અચેતન જડ અજીવ રંગ, ગંધ, રસ, સ્પર્શની એ તો પર્યાય છે. એ પર્યાય શું આત્મામાં ઘૂસી જાય છે? આવે છે? આત્મા ઉદયને કદી સ્પર્શતો જ નથી.

મુમુક્ષુ :- ત્રિકાળ ભિન્ન છે.

ઉત્તર :- ત્રિકાળ ભિન્ન છે. એ કર્મના ઉદયને આત્મા પર્યાયથી કદી અડતો જ નથી. એ તો ત્રીજી ગાથામાં પહેલા આવી ગયું. ત્રીજી ગાથામાં. પ્રત્યેક પદાર્થ પોતાના અનંત ધર્મને ચુંબે છે તોપણ, પ્રત્યેક વસ્તુ પોતાના અનંત ધર્મને ચુંબે છે, આલિંગન કરે છે, દઢપણે રહે છે, લીન છે તોપણ અનંત દ્રવ્યને કદી અડતા નથી, આલિંગન કરતા નથી, ચુંબતા નથી. એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યની પર્યાયને કદી અડતી નથી. સ્પર્શી નથી,

સ્પર્શશે નહિ ત્રણ કાળ ત્રણ લોકમાં. એકત્વ નિશ્ચયગતમાં બધો ખુલાસો કર્યો છે.

અહીંયાં કહે છે, કર્મના મળવાનો અર્થ એ તરફનું લક્ષ કરવાથી એકલા કર્મ હું છું અથવા રાગ હું છું એવી જેની દૃષ્ટિ થઈ તેને રાગાદિ ભાસવાથી અથવા કર્મના પ્રદેશમાં સ્થિત છે એમ એને ભાસવાથી જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો છે. સમજાય છે કાંઈ? '**જેનો...**' આત્માનો '**સહજ એક જ્ઞાયકભાવ...**' આત્માનો સહજ એક જ્ઞાયકભાવ. સહજ જ્ઞાયક ધ્રુવ શુદ્ધ ભાવ. ધ્રુવભાવ ધ્રુવભાવ તિરોભૂત થાય છે? પાઠ તો એમ લીધો છે, જુઓ! '**સહજ એક જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો છે એવા આત્માનો...**' એવા આત્માનો. શબ્દ તો એવા પડ્યા છે. છે પણ જ્ઞાનમાં આવ્યો નહિ તો તેને તો તિરોભૂત જ છે. જ્ઞાયકભાવ એને તિરોભૂત થઈ ગયો–ઢંકાઈ ગયો. આહાહા..! સમજાય છે કાંઈ? આગળ કહેશે, એક જ્ઞાયકભાવ પ્રગટ થઈ જશે. એમ કહેશે. જેમ અહીંયાં તિરોભૂત કહ્યું, ત્યાં આવિર્ભાવ થઈ જશે (એમ કહેશે). આવિર્ભાવ તો શું જ્ઞાયકભાવ એકરૂપ ધ્રુવ છે તે આવિર્ભાવ થાય છે? પર્યાય પ્રગટ થાય છે. પર્યાય પ્રગટ થઈ તો જ્ઞાયકભાવ પ્રગટ થયો એમ કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? ઓ..હો..હો..! સમયસાર તો બહુ ગૂઢ ગંભીર ભાષા છે. ભાવ પણ ગંભીર અને એની કથનશૈલી પણ ઘણી ગંભીર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું સહન કરવાનું? અહીંયાં સમ્યગ્દૃષ્ટિની વાત ચાલે છે. સ્વરૂપચંદજી! ભાઈ! ક્ષાયિક જ છે. સાંભળો તો ખરા. આત્માનો કદી નાશ થાય છે? એની દૃષ્ટિ થઈ તો એક ન્યાયે ક્ષાયિક જ થઈ ગયું. ક્ષાયિક સમકિત શું, ક્ષાયિક અને ક્ષયોપશમ સમકિતના વિષયમાં ફેર નથી. શું કહ્યું? ઉપશમ અને ક્ષયોપશમ, ક્ષાયિક સમકિતની પર્યાયના વિષયમાં ફેર નથી. વર્તમાનમાં થોડી મલિનતા છે. એની સાથે સંબંધ નથી. સહનનનું શું કામ છે? સ્વરૂપચંદજી! ઠીક છે, એ તો જરી સ્પષ્ટ કરાવે છે ને. બરાબર સ્પષ્ટ કરવું. સમજીને જવું. નહિતર ત્યાં જઈને ગોટા વાળશે. ત્યાં શું સમજીને આવ્યા? કેવલચંદજી! શું તમને સોનગઢની હવા લાગી ગઈ? એમ થયું છે, હોં!

કહે છે કે જેમ જળને મેલ સહિત પીવાવાળાને એકરૂપ જળ ઢંકાઈ ગયું છે. તેમ ભગવાન આત્મા પોતાના જ્ઞાયક શુદ્ધ ધ્રુવની દૃષ્ટિ નહિ કરવાથી અને દૃષ્ટિમાં રાગ–દ્વેષ ને કર્મની અસ્તિ–હયાતીમાં લક્ષ કરવાથી મેલનો અનુભવ કરે છે. તેને સહજ એક જ્ઞાયકભાવ દૃષ્ટિમાં ઢંકાઈ ગયો છે. સમજાય છે કાંઈ? આ ફેરી બહુ માણસ આવ્યા છે. થોડું થોડું બરાબર લઈને જજો, હોં! થોડું થોડું લ્યો, ભાઈ! ઘણું તો ઘણી વાત છે. સત્ય વાત આ છે. ત્રિકાળ સત્ય અમર વાત છે.

કહે છે, આહાહા..!

અબ હમ અમર ભયે ન મરેંગે, યા કારણ મિથ્યાત્વ દિયો તજ

યા કરણ મિથ્યાત્વ દિયો તજ, ક્યું કર દેહ ધરેંગે? ક્યું કર ધરેંગે?
અબ હમ અમર ભયે ન મરેંગે...
બિન સમજ અનંત બૈર પ્રાણી, ઉસકો હમ હરેંગે
અબ હમ અમર ભયે ન મરેંગે...

ભગવાન આત્મા જ્ઞાયક એકરૂપ સ્વભાવની દૃષ્ટિ થઈ. ભગવાન અમર છે તો પર્યાયમાં અમરની દૃષ્ટિ થઈ તો અમર થઈ ગયો. સમજાય છે કાંઈ? એકાદ, બે ભવ હોય, હોય તો જ્ઞાનનું જ્ઞેય રહી ગયું. એ જ્ઞાનનું જ્ઞેય રહી ગયું. પોતાના જ્ઞાનમાં ભવ અને ભવનો ભાવ છે નહિ. આહાહા..! આ તો સમ્યગ્દર્શનની વાત ચાલે છે, હોં! ભાઈ. એમ કહે છે, આ કાળમાં આવું ન હોય, આ તો સમ્યગ્દર્શનની વાત છે. આ કાળમાં આવું ન હોય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ ક્ષાયિકનો અર્થ શું? ક્ષયોપશમ સમકિતમાં એક પ્રકાર એવો છે, એક ક્ષયોપશમ એવો છે કે ક્ષાયિક લઈને કેવળજ્ઞાન લઈને છૂટકો. એવી ચીજ છે. સમજાય છે કાંઈ? સ્વરૂપથી પડે-ફડેની વાત ક્યાં કરવી?

અહીં તો ભગવાન આત્મા એકરૂપ સહજ એક જ્ઞાયકભાવ, એ ત્રિકાળની વાત છે, હોં! સહજ એક જ્ઞાયકભાવ ત્રિકાળ, દ્રવ્ય ત્રિકાળ, એકરૂપ ત્રિકાળ, ધ્રુવ ત્રિકાળ, સામાન્ય ત્રિકાળ તિરોભૂત થઈ ગયો. સામાન્ય તિરોભૂત થઈ ગયો. સામાન્ય તિરોભૂત થાય છે? પર્યાયના લક્ષમાં રાગ જ લક્ષમાં રહ્યો, જ્ઞાયકભાવ દૃષ્ટિમાં આવ્યો નહિ તો એની દૃષ્ટિમાં તિરોભૂત થઈ ગયો. સમજાય છે કાંઈ?

**'એવા આત્માનો અનુભવ કરનાર પુરુષો...'** એવા આત્માનો અનુભવ કરનારા. એવા, હોં! કોણ? કર્મના ઉદયમાં મળવાથી. ઢંકાઈ ગયો, જ્ઞાયકભાવ દૃષ્ટિમાં રહ્યો નહિ. એમ અનુભવાનારા પુરુષ **'આત્મા અને કર્મનો વિવેક નહિ કરનારા,...'** આત્મા અને કર્મ, રાગ અને ભગવાન જ્ઞાયકભાવ બેનો વિવેક નહિ કરનારા **'વ્યવહારથી વિમોહિત હૃદયવાળાઓ...'** લ્યો. રાગ ને વિકલ્પ ને ભેદમાં વિમોહિત જેનું હૃદય છે. બસ, એમાં મૂંઝાઈ ગયા છે. અમારી ભાષામાં. તમારી ભાષા શું છે? મૂર્છિત. મૂંઝાઈ ગયેલા, અમારી કાઠિયાવાડી ભાષામાં, મૂંઝાઈ ગયા. એમાં મૂઢ થઈ ગયા. પોતાના ચૈતન્ય ભગવાન જ્ઞાયકને લક્ષમાં નહિ લઈને રાગના પરિણામ, ભેદના પરિણામ, મલિન પરિણામમાં વિમોહિત (થઈને). વિમોહિત ભાષા છે, હોં! વિશેષ પ્રકારે મોહિત-મિથ્યાત્વ થઈ ગયું એમ કહે છે. થઈ ગયા છે. **'હૃદયવાળાઓ તો, તેને (આત્માને) જેમાં ભાવોનું વિશ્વરૂપપણું (અનેકરૂપપણું) પ્રગટ છે એવો અનુભવે છે;...'** આત્મામાં વિશ્વરૂપતા-અનેક પ્રકાર. રાગ-દ્વેષ રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, પુણ્ય-પાપ અનેક છે તેનો અનુભવ કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે. બીજું કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**દ્વિતીય શ્રાવણ વદ ૨, ગુરુવાર તા. ૧-૦૯-૬૬**
**ગાથા –૧૧, પ્રવચન-૩૪**

'સમયસાર' ૧૧મી ગાથા ચાલે છે. એમાં શિષ્યે એવો પ્રશ્ન કર્યો કે વ્યવહારનય પરમાર્થને બતાવનારી છે તો એવા વ્યવહારનયને કેમ અંગીકાર ન કરવો? સમજાય છે કાંઈ? ભગવાન આત્મા અભેદ સ્વરૂપ એક સમયમાં ચૈતન્ય પદાર્થ, તેને વ્યવહારનય બતાવે છે. પરમાર્થને બતાવનારી છે તો એ વ્યવહારનયને કેમ અંગીકાર ન કરવો? એવો શિષ્યનો પ્રશ્ન છે. તેના ઉત્તરરૂપ આ ગાથા છે. આ ગાથા તત્ત્વની મૂળ જડ છે.

પહેલા કહ્યું, શબ્દાર્થ તો થઈ ગયો. વ્યવહાર બધોય અસત્યાર્થ છે. સમજાય છે કાંઈ? જેમ પોતાના સ્વરૂપની અપેક્ષાથી બીજા બધા પદાર્થ અસત્યાર્થ છે. એમ ભૂતાર્થ ત્રિકાળ સત્ય વસ્તુ, ધ્રુવ વસ્તુ, એક સમયમાં સત્ય વસ્તુ, ધ્રુવ વસ્તુ પરમભાવ પારિણામિક જ્ઞાયકભાવની અપેક્ષાથી એક સમયની એની જે પર્યાયાદિ છે તે પણ અસત્ય છે. સમજાય છે કાંઈ? અસત્યાર્થ છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પર્યાય અસત્યાર્થ છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ બીજી વાત. અહીંયાં તો ત્રિકાળ સત્ય ધ્રુવ અસલ ખરું.. ખરું શબ્દ છે હિન્દીમાં? ખરા. ખરા કહે છે ને? ખરો એક સમયમાં ધ્રુવ એકરૂપ સદશ શાંત એકલો જ્ઞાયકભાવ તે સત્ય છે, તે સત્ય છે. તે અપેક્ષાથી આશ્રય કરવાલાયક ધ્રુવ આત્મા છે તે અપેક્ષાથી તેની એક સમયની દશા પણ અસત્યાર્થ છે.

બીજી ભાષાએ કહીએ તો વસ્તુ એક સમયમાં ધ્રુવ તે સત્ય છે. તો પર્યાયાદિ અસત્ય છે. એઈ..! વજુભાઈ! આહાહા..! પોતાની ચીજ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી સત્ય છે. પોતાની અપેક્ષાથી આખું જગત અસત્ય છે. સમજાય છે કાંઈ? એમ પર અને સ્વ વચ્ચેનો ભેદ (થયો). હવે પર્યાય અને દ્રવ્યના ભેદમાં એક સમયનું ધ્રુવ સ્વરૂપ, સત્ય સ્વરૂપ, પરમાર્થ સ્વરૂપ, અસલ સ્વરૂપ તે જ સત્ય છે અને એક સમયની પર્યાય મલિન કે અમલિન.. સમજાય છે? એ ત્રિકાળ સત્‌ની અપેક્ષાથી અસત્ય છે, આ સત્ય છે તો એ જૂઠ છે, આ યથાર્થ છે તો એ માયાજાળ છે. લે! માયાજાળ આવ્યું હતું. ભાઈ! 'પરમાત્મ પ્રકાશ'માં એક શબ્દ આવ્યો હતો. માયાજાળ. એ અન્યનો શબ્દ મૂકીને પેલા માયાજાળ કહે છે ને? પણ એમ નથી. ત્રિકાળની અપેક્ષાથી એક સમયની પર્યાય માયાજાળ નામ અસત્ય છે. ઈ અપેક્ષાથી. પેલા લોકો તો સર્વથા માયાજાળ કહીને પર્યાય છે જ નહિ (એમ કહે છે).

એ ભાવાર્થમાં આવશે. (પરંતુ) એમ નથી. સમજાય છે કાંઈ? ભગવાન આત્માનું ખરું સ્વરૂપ, અસલ સ્વરૂપ, મૂળ સ્વરૂપ, મૂળભૂત સ્વરૂપ.. એ શબ્દ આવે છે ને? 'દ્રવ્ય સંગ્રહ'માં આવે છે. ન્યાં છાપવામાં ભૂલ થઈ છે. થલભૂત લઈ લીધું છે. મૂળભૂત સંસ્કૃત શબ્દ છે. પાછળ નહિ? જ્યાં પુરુષનું સ્વરૂપ વર્ણવ્યું છે ત્યાં. પુરુષનું સ્વરૂપ વર્ણવ્યું છે ત્યાં. બંધન મુક્ત. એક પુરુષ છે. વર્તમાનમાં બંધન એક સમયની એક અવસ્થા દેખાય છે. બંધન છૂટીને મુક્ત થયો તો એક સમયમાં. એ કંઈ ખરા પુરુષનું સ્વરૂપ નથી. આખા હાથ, પગ આદિ અંખડ સ્વરૂપ છે એ પુરુષનું સ્વરૂપ છે.

એમ ભગવાન આત્મા એમાં શરીર, સંયોગ, કર્મ તો છે જ નહિ, એની વાત તો અહીંયાં છે જ નહિ. પણ પોતાની વર્તમાન દશામાં પરિણમનરૂપ મલિન-અમલિન જે પર્યાય છે, કેમકે કેટલીક મલિન પર્યાય છે અને અસ્તિત્વ, વસ્તુત્વ આદિ ગુણની નિર્મળ પર્યાય છે.. સમજાય છે કાંઈ? એ ત્રિકાળ સત્યની અપેક્ષાથી એક સમયની અવસ્થાને ખોટી કહી છે, અસત્ય કહી છે, અસત્ય કહી છે. કેમકે એ આશ્રય કરવા લાયક નથી તેથી તે અપેક્ષાથી ત્રિકાળ જ્ઞાયક એક સ્વરૂપ ભગવાન, જે સમ્યગ્દર્શનનો વિષય છે, જે પરમભાવ પરમભાવ.. અહીં જ્ઞાનનો પરમભાવ નથી લેવો, પરમભાવ અનાદિઅનંત એકરૂપ ભાવની દૃષ્ટિથી ભગવાન આત્મા એકરૂપ છે તે જ સત્ય છે અને પર્યાયમાં અનેકતા છે તે સત્યની અપેક્ષાથી અસત્ય છે. છેની અપેક્ષાથી ઈ છે નહિ. એમાં નથી તો આ અપેક્ષાથી તે નથી. નરશીભાઈ! આ તમે ત્યાં વાંચ્યું છે કે નહિ?

એ માટે ભગવાન આત્મા એક સમયમાં, એમાં ક્ષાયિક પર્યાય પણ નથી. સમજાય છે કાંઈ? ચાર ભાવ જે છે, ઉદયભાવ, ઉપશમભાવ, ક્ષયોપશમભાવ, ક્ષાયિકભાવ એ ચાર એક સમયની પર્યાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? સ્વરૂપ દ્રવ્ય ધ્રુવ એકરૂપ, એકરૂપ ચિદાનંદ ભગવાન આત્મા જે આશ્રય કરવા લાયક છે, જે સત્ય છે, ત્રિકાળ પરમસત્ય અનાદિઅનંત ધ્રુવ શાશ્વતની અપેક્ષાથી તે વસ્તુ સત્ય છે, વિદ્યમાન છે, સદા સ્વરૂપ છે, સત્ય જ ઈ છે અને એક સમયની પર્યાય અવિદ્યમાન છે, અસત્ય છે, અભૂતાર્થ છે, જૂઠી છે, માયાજાળ છે. ભારે વાત ભાઈ! સમજાય છે કાંઈ? તારાચંદજી! આ ગાથા તો (અલૌકિક છે). કેટલાક અજ્ઞાનીને તો એમ લાગે.. ઈ ભાવાર્થમાં આવશે, કે પર્યાય છે જ નહિ? છે નહિ કોણ કહે છે? આ સ્વરૂપમાં નથી. અહીંયાં નથી તો અહીંયાં છે, તો અહીંયા નથીની અપેક્ષાથી છે નહિ એમ કહ્યું છે. સમજાય છે કાંઈ?

કહે છે, વ્યવહાર બધો અસત્ય, જૂઠો છે. આહાહા..! કોઈને એવું લાગે, કેટલાક કહે છે, પેલા કેવા? નાથુરામ પ્રેમી. મુંબઈમાં હતા ને? એણે તો એવું કહ્યું કે આ 'કુંદકુંદાચાર્યે' 'સમયસાર'ને વેદાંત તરફ ઢાળીને લખ્યું છે. એમ લખ્યું છે. વેદાંતના ઢાળામાં ઢાળ્યું છે એમ લખ્યું હતું એક વાર. ભગવાન! તને ખબર નથી. વેદાંતના ઢાળામાં નથી ઢાળ્યું. સમજાય

છે કાંઈ? એવું લખ્યું હતું. એની કિંમત શું છે, રહસ્ય સમજે નહિ અને પોતાની દૃષ્ટિથી (અર્થ કરે કે) વેદાંતના ઢાળામાં ઢાળ્યું છે. અરે..! વેદાંત ક્યાં, આત્મા એક માને છે, એ બધું આવશે, સર્વ ક્ષેત્રથી એક જ માને છે, ગુણથી અનંત ગુણ છે એ માનતા નથી, પર્યાય માનતા નથી. સમજાય છે કાંઈ? અશુદ્ધતા માનતા નથી. વેદાંતના ઢાળામાં ઢાળ્યું છે એ છે જ ક્યાં.

અહીં તો ભગવાન એકસ્વરૂપ પ્રભુ પરમાત્મા પરમાત્મા પરમાત્મા. પરમાત્મા એટલે? અર્થાત્ પરમ આત્મા-પરમ સ્વરૂપ, પરમ સ્વરૂપ. પરમભાવ પરમભાવ ત્રિકાળ પરમભાવ એ અપેક્ષાથી ચાર ભાવ પણ અપરમભાવ છે, ભાઈ! સમજાય છે કાંઈ? એ તો 'નિયમસાર'માં કહ્યું. એ તો વસ્તુની સ્થિતિ કહે છે. એક ભાવ, પરમભાવ, પરમભાવની અપેક્ષાથી ક્ષાયિકભાવ પણ સદ્ભુત વ્યવહારનયનો વિષય છે તો આ પરમભાવની અપેક્ષાથી, ભલે કેવળજ્ઞાન સાદિઅનંત હો, પણ છે અપરમભાવ. સમજાય છે કાંઈ? ચંદુભાઈ! લાલચંદ આવી ગયા. આહાહા..!

કહે છે, તે '**એક જ ભૂતાર્થ હોવાથી...**' શુદ્ધનયનો વિષય અથવા શુદ્ધનય એકરૂપ જેમાં પર્યાયનો પણ અભાવ છે. દ્રવ્યમાં પર્યાયનો અભાવ અને પર્યાયમાં દ્રવ્યનો અભાવ. એવો આત્મા સત્યરૂપ એક જ છે. તેનો આશ્રય કરવાથી જ સમ્યગ્દર્શન થાય છે. સમજાય છે કાંઈ? તો સમ્યગ્દર્શનનો વિષય શું છે અને સમ્યગ્દર્શન તો પર્યાય છે, એ ત્રિકાળની અપેક્ષાથી સમ્યગ્દર્શન પણ અસત્ય છે. આરે..આરે..! ભારે વાત, ભાઈ! સમજાય છે કાંઈ? અમરચંદજી! જૈનદર્શન અને એનું 'સમયસાર' માખણ કાઢીને મૂક્યું છે. ચૌદ બ્રહ્માંડ અને ચૌદ પૂર્વનો સાર. એક ગાથા '**ववहारोऽभूदत्थो**' ઓ..હો..હો..! '**भूदत्थो देसिदो दु सुद्धणओ**'. ભગવાન એક સમયમાં ધ્રુવ, જેમાં પર્યાયનો લગાવ નહિ. એક સમયની પર્યાયનો સંબંધ નહિ. સમજાય છે કાંઈ? એવો ભગવાન, એની મહિમા એને કદી આવી નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા સત્ય, સત્ય, સત્ય, સત્, સત્ મહા મહાપ્રભુ સત્, એક સ્વરૂપ સત્ એ જ સત્ય છે. એ અપેક્ષાથી પર્યાયને અસત્ય કહેવામાં આવી છે. જૂઠી કહેવામાં આવે છે, છે નહિ એમ કહેવામાં આવ્યું છે, લ્યો! છે? આહાહા..! હવે દૃષ્ટાંત આપીને સિદ્ધ કરે છે. આ તો પહેલા ગાથાનો અર્થ કાલે કર્યો હતો એવો થોડો વિશેષ કર્યો. સમજાય છે કાંઈ?

કહે છે કે અજ્ઞાની સંસારનો મૂર્ખ પાણી, જેમ જળમાં કાદવ મિશ્રિત હોય, મેલાપણે પાણીને અનુભવે છે તે લૌકિક મૂર્ખ છે. સમજાય છે કાંઈ? પણ લૌકિકમાં લૌકિકનો હોશિયાર માણસ.. હોશિયાર કહે છે ને? લૌકિક શાણો, તે કતકફળ નાખીને-નિર્મળી ઔષધિ નાખીને મેલ અને નિર્મળ (જળ) બેને ભિન્ન કરીને નિર્મળ પાણી પીવે છે, નિર્મળ પાણી પીવે

છે. પોતાના પુરુષાર્થથી નિર્મળ પાણી પીવે છે. એકવાર તો કોઈકે એવો અર્થ પણ કર્યો હતો, પોતાનો પુરુષાર્થ દેખાય ત્યારે ને. એવો ભાઈ! અર્થ કર્યો હતો. પાણી નિર્મળ હોય ને? પુરુષાકાર શબ્દ પડ્યો છે ને? એકવાર એક આવો કોઈ અર્થ લાવ્યું હતું. ખબર છે? એને ખબર છે. એમ આમાં નથી. અહીં તો પુરુષાર્થ દ્વારા નિર્મળ કર્યું, એટલી વાત છે. એક જણો કહે, જુઓ! એમાં આવ્યું કે નહિ? ઉપર આવ્યું ને? 'પોતાના હાથથી નાખેલા.. પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા...' પુરુષાકાર આવ્યું ને મૂળ હિન્દીમાં એટલે પછી એણે એમ લીધું. જળમાં મેલ હોય એને કાઢી નાખ્યો. તો પોતાનું (સ્વરૂપ) એમાં જોવે. પુરુષાકાર અંદર જોવે. અહીં તો અનેક માણસ આવે છે ને. ખરેખર એમ નથી. પુરુષાકાર શબ્દ હિન્દીમાં પડ્યો છે. અહીં તો પુરુષાર્થ દ્વારા, પોતાના પુરુષાર્થ દ્વારા પાણી અને મેલ વચ્ચે નિર્મળ ઔષધિ નાખીને નિર્મળ જળ પીવે છે.

**'એવી રીતે પ્રબળ કર્મના મળવાથી...'** હવે આવ્યું, જુઓ! પ્રબળ કર્મ, હોં! ભલે ચાહે તો પ્રબળ હો, એમાં શું થયું? ઘણાં કર્મ, વિકારી પર્યાયનું ઘણું જોર.

મુમુક્ષુ :- ...હલાવે તો?

ઉત્તર :- કોણ હલાવે? ધૂળમાં કોઈ હલાવે નહિ. એ તો પ્રબળ કર્મના લક્ષમાં પોતાના પુરુષાર્થની ઊલટી ગતિથી વિકારનું ઘણું જોર છે. સમજાય છે કાંઈ? કર્મ તો કર્મમાં રહ્યા, જડમાં રહ્યા, એને તો આત્મા અડતોય નથી. પણ કર્મનો ઘણો તીવ્ર ઉદય આવે છે એમાં પોતાના પુરુષાર્થની ગતિ જોડાય છે.

**'પ્રબળ કર્મના મળવાથી જેનો સહજ એક જ્ઞાયકભાવ...'** ભગવાનસ્વરૂપ એક ચૈતન્ય, જે ભૂતાર્થ કહ્યું, એકરૂપ ભાવ. જુઓ! એક લીધું એની સામે અનેક લેશે. જેનો સહજ એકરૂપે ભગવાન જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો. અજ્ઞાનીને રાગની મલિનતાની એકતાના અનુભવને કારણે એ જ્ઞાયક એકરૂપ તિરોભાવ દૃષ્ટિમાં, જ્ઞાનમાં આડમાં, રાગની એકતાની આડમાં.. આડ કહે છે? સમજાણું? જ્ઞાયકભાવ દેખાતો નથી. શું ભાષા કીધી? ઓટ. ઓટ.. ઓટમાં. રાગ અને વિકલ્પની મલિનતાનો અંશ તીવ્ર, એની આડમાં, એની એકતામાં ભગવાન આત્મા એકરૂપ જ્ઞાયકભાવ છે તે તિરોભૂત થઈ ગયો. તિરોભૂત નામ પોતાની પર્યાયમાં રાગની મલિનતાનો અનુભવ કરવાથી જ્ઞાયકભાવ દૃષ્ટિમાં આવ્યો નહિ. ન આવ્યો તે તિરોભૂત થઈ ગયો એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! આવ્યું?

**'એવા આત્માનો...'** એવા આત્માનો **'અનુભવ કરનાર પુરુષો...'** કેવા છે? જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો અને રાગભાવની અનેકતા, કષાયની અનેકતા **'આત્મા અને કર્મનો વિવેક નહિ કરનારા,...'** આત્મા અને વિકાર અને કર્મના લક્ષથી ઉત્પન્ન થયેલો ભાવ, તેને ભિન્ન નહિ પાડનાર **'વ્યવહારથી વિમોહિત...'** વર્તમાન દશામાં જ વિશેષે મોહિત થઈ ગયો છે. એ રાગમાં, કષાયમાં, વર્તમાન મલિન પર્યાયમાં જ જેનું ચિત્ત મિથ્યાત્વથી વિમોહિત થઈ ગયું

છે. સમજાય છે કાંઈ? '**વિમોહિત હૃદયવાળાઓ...**' ભગવાન એકરૂપ ચૈતન્યને નથી જોતા. વિકારના અસ્તિત્વ તરફ એની દૃષ્ટિ છે. એ કર્મ ઉપર લક્ષ છે તો કર્મ સાથે એક થયો એમ કહેવામાં આવ્યું છે. કર્મ સાથે તો કદી એક થતો જ નથી. પણ કર્મમાં લક્ષ કરીને પોતાના સ્વભાવને પ્રાપ્ત નહિ કરીને વિકારને વર્તમાનમાં નિમિત્તને આધીન થઈને વિકારને પ્રાપ્ત થાય છે તે વિકારને આત્મા અનુભવે છે. એ મારું સ્વરૂપ છે એમ અજ્ઞાની વિકારને અનુભવે છે, તે મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાદૃષ્ટિ વિકારનો જ અનુભવ કરે છે. અહીં હજી આવશે.

'**જેમાં...**' આ શબ્દ પડ્યો છે. '**ભાવોનું વિશ્વરૂપપણું (અનેકરૂપપણું) પ્રગટ છે...**' એમ. જ્ઞાયકભાવ અંતર એકરૂપ છે. એ રૂપની દૃષ્ટિ ન કરી તો પુણ્ય-પાપના અશુભ-શુભભાવની અનેકતા. અહીંયાં તો છેલ્લે એવી વાત છે, બહુ અંદર વિચાર કરવા જઈએ તો એને શુભ વિકલ્પ જ છે. શુભરાગની અનેકતા છે. એક એક કરીને શુભરાગની અનેકતા છે, મલિનતાની અનેકતા છે. જેમાં ભાવોની અનેકતા. વિશ્વ શબ્દે અનેકતા. તેને પ્રગટ છે. જ્ઞાયકભાવ સ્વભાવની દૃષ્ટિ નથી, જ્ઞાયકની દૃષ્ટિ નથી તો એકભાવ પ્રગટ નથી. તો વિકારની દૃષ્ટિ છે તો અનેક ભાવ એમાં પ્રગટ છે. પર્યાયમાં વિકારી અનેક ભાવ પ્રગટ છે. આ તો મૂળ ગાથા છે. જરી સૂક્ષ્મ પડે પણ શાંતિથી સમજે તો સમજાય એવી છે. ન સમજાય એવી નથી. સમજાય છે કાંઈ?

કહે છે, '**જેમાં...**' જેમાં કહેતા અનુભવ '**ભાવોનું વિશ્વરૂપપણું...**' વિકલ્પ.. વિકલ્પ.. વિકલ્પ મલિન પર્યાય, એટલી મલિનતાની અનેકતા '**પ્રગટ છે...**' ઈ તો પ્રગટ છે. જ્ઞાયકભાવ પ્રગટ નથી (એટલે) દૃષ્ટિ ત્યાં રહી. સમજાય છે કાંઈ? એકરૂપ ભગવાન જ્ઞાયકસ્વરૂપ સત્ય જે છે, સત્ય જે છે, સત્ય છે એ દૃષ્ટિમાં નથી તો એકરૂપ પ્રગટ નથી. અસત્ય જે છે, જે વસ્તુમાં નથી એવા વિકલ્પની જાળ પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત-ભક્તિ, કામ-ક્રોધ વગેરે વિકલ્પ. એ વિકલ્પમાં એકતા કરીને પોતાને એવો અનુભવે છે. વજન અહીંયાં છે. '**ભાવોનું વિશ્વરૂપપણું...**' ત્યાં વજન છે. ભાવોનું વિશ્વરૂપપણું. ભાવ શબ્દે અહીં વિકાર છે, હોં! અહીં ગુણ નહિ, દ્રવ્ય નહિ. વર્તમાન વિકારી ભાવ જે છે, શુભ-અશુભ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધાદિ ભાવ એ ભાવોની અનેકતા છે, પર્યાયમાં પ્રગટ છે. એ તો પ્રગટ થયું, ઈ જ પ્રગટ થયું, આ તો પ્રગટ થયું નહિ. સૂક્ષ્મ વાત છે, ભાઈ! પોપટભાઈના દીકરાને કહું છું. ન્યાં લાદી ફેરવવા જેવી વાત નથી આ. સમજાય છે કાંઈ? વાડીલાલભાઈ! પૈસા પેદા થઈ જાય તો હોંશિયાર કહેવાય. લ્યો. દસ લાખ, પંદર લાખ ભેગા થાય તો હોંશિયાર છે. ધૂળમાંય નથી હોંશિયાર. એ.. છોટાભાઈ! આહાહા..! કહે છે, પ્રભુ!...

મુમુક્ષુ :-

ઉત્તર :- મરી જાય છે મમતા માટે. મમતા માટે મરી જાય છે. ધૂળમાં છે શું? ધૂળ તો એને અડતી નથી, સ્પર્શતી નથી, મમતા સ્પર્શે છે. આહાહા...! ઈ જ કહે છે.

ભગવાન આત્મા સમતાનો પિંડ પ્રભુ, બીજી ભાષાએ કહીએ તો વીતરાગસ્વરૂપ ભગવાન ધ્રુવ. આત્મા વીતરાગસ્વરૂપ ધ્રુવ છે. એમાં રાગની અને વીતરાગની પર્યાયનો અભાવ છે. ધ્રુવ વીતરાગસ્વરૂપ, જે એકરૂપ એની દૃષ્ટિ નહિ કરીને પર ઉપર લક્ષ કરીને કર્મના નિમિત્તમાં પ્રબળપણે જોડાણ થાય છે, વિકારની અનેકતા ઉત્પન્ન થાય છે. એમ આત્માને વિકારરૂપ અનેકરૂપ અનુભવે છે. એકને અનેકરૂપ અનુભવવાલે તે જ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભારે ભાઈ ઝીણી વાત. ક્યાં ગયા તમારા આવ્યા કે નહિ? ... નથી આવ્યા? ત્યાં કેમ બેઠા છો? નજીક આવો. દૂર કેમ બેસો છો? મોડા આવે તો છેલ્લા બેસી જાય. બેડી લાગી. પણ આમાં બેડી લાગી? સમજાય છે કાંઈ? અહીં આવજો. અહીં તારાચંદજીની પીઠ પાછળ. શું કહ્યું સમજાણું? આ તો બહુ ધ્યાન રાખે તો સમજાય. નહિતર આ કાંઈ વાર્તા કથા નથી. વાર્તા તો છે પણ આત્માની છે. આહાહા..!

'**જેમાં ભાવોનું વિશ્વરૂપપણું (અનેકરૂપપણું) પ્રગટ છે એવો અનુભવે છે;...**' જુઓ! ભગવાન આત્મા એકરૂપ જ્ઞાયકભાવ શુદ્ધ ધ્રુવભાવ, સત્‌રૂપ ભાવ, પરમાર્થરૂપ ભાવ તરફની દૃષ્ટિ નથી, સત્યનો સ્વીકાર નથી તો એની દૃષ્ટિ વર્તમાનમાં કર્મના નિમિત્ત તરફના અસ્તિત્વમાં રાગાદિના મલિન પરિણામ શુભાશુભ પરિણામ ઉત્પન્ન થાય છે તે અનેક છે. અનેક ઉત્પન્ન થાય છે તે અનેકને અનુભવવા તે મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? લાલચંદજી! આ ગાથા તો બરાબર આવી છે તમારે. ઘણાં આવ્યા છે તો એના પ્રમાણે આવે છે ને. ઓ..હો..હો..!

ભગવાન આત્મા સત્ય પ્રભુ, એનો આશ્રય લીધો નહિ. પરમાનંદ સ્વરૂપ ભગવાન આત્માનો આશ્રય લીધો નહિ તો નિમિત્તનો આશ્રય લીધો, એમ કહે છે. એને ખબર નથી કે શું થાય છે? અહીંયાં આશ્રય ન લીધો, અનાદિથી નિમિત્ત તરફનું લક્ષ આશ્રય લીધો. તે આશ્રયથી પોતાની પર્યાયમાં અનેકરૂપ મલિનતા ઉત્પન્ન થાય છે એવો આત્મા છે, એમ મિથ્યાદૃષ્ટિ અનુભવે છે. સમજાય છે કાંઈ? આહાહા..! થોડો અભ્યાસ કરવો પડશે. ન્યાં એમ નહિ ચાલે. આ પોપાબાઈના રાજ નથી. જરૂર કરશે? ઠીક. આહાહા..!

શું પણ વસ્તુ! આચાર્યની રજુ કરવાની રીત, સત્યને રજુ કરવાની રીત. રીત કહે છે ને? પદ્ધતિ. વ્યવહાર અભૂતાર્થ છે. ભગવાન! નિમિત્તના આશ્રયે ઉત્પન્ન થનારા વિકારીભાવ અભૂતાર્થ છે. આહાહા..! સત્ સ્વરૂપમાં નથી એવા દયા, દાન, વ્રત, ભક્તિ આદિ (ભાવ). નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો, જૈન દિગંબર સાધુ થઈને, મિથ્યાદૃષ્ટિ એવા અઠ્યાવીસ મૂળગુણ પાળ્યા તો એમાં રાગની અનેકતા પરલક્ષે જે ઉત્પન્ન થઈ તેને જ અજ્ઞાની અનુભવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભગવાન ચૈતન્યપ્રભુ ધ્રુવ એક સમયમાં પરમાત્મા એનું લક્ષ, આશ્રય કર્યો નહિ. એનો આશ્રય કર્યો નહિ. એનું અવલંબન લીધું નહિ. એક સમયની દશામાં કર્મના નિમિત્તના આશ્રય-અવલંબનથી પોતાની પર્યાયમાં વિકારની અનેકતા-ભિન્નભિન્નતા

(પ્રગટ કરી) તેને આત્મા જાણી અજ્ઞાની અનુભવે છે. સમજાય છે કાંઈ? એ '**વ્યવહારથી વિમોહિત હૃદયવાળાઓ...**'.

'**પણ...**' હવે સવળું લ્યે છે. પહેલા ઊલટું લીધું. અનાદિનો ઊંધો છે ને. અનાદિનો ઊંધો છે તો પહેલી એ વાત બતાવી. '**પણ ભૂતાર્થદર્શીઓ (શુદ્ધનયને દેખનારાઓ)...**' અર્થાત્ ત્રિકાળ ધ્રુવ સત્ સ્વરૂપ પરમાત્મા, એની દૃષ્ટિમાં ભૂતાર્થ આત્માને લેવાથી એ આત્મા ભૂતાર્થ તે જ શુદ્ધનય છે. એ ભૂતાર્થદર્શી '**પોતાની બુદ્ધિથી...**' જુઓ! '**નાખેલા...**' બીજા કર્મ મંદ પડ્યા એમ નહિ, પોતાના પુરુષાર્થથી, નિજ જ્ઞાનની તીવ્રતાથી. સમજાય છે કાંઈ? '**શુદ્ધનય અનુસાર બોધ થવામાત્રથી...**' ભગવાન જ્ઞાયકસ્વરૂપના આશ્રયથી જે જ્ઞાન થયું, સમજાય છે કાંઈ? '**અનુસાર બોધ થવામાત્રથી ઊપજેલા...**' જ્ઞાન ઉત્પન્ન થયું. સ્વભાવના આશ્રયથી જ્ઞાન ઉત્પન્ન થયું.

'**આત્મ-કર્મના વિવેકપણાથી,...**' મલિન પર્યાય નિર્મળાનંદ ભગવાનમાં નથી. આત્મા શુદ્ધ ધ્રુવ પરમ પરમ પરમભાવ એવું સ્વરૂપનો આશ્રય લેવાથી રાગથી ભિન્નનો બોધ થયો. '**પોતાના પુરુષાર્થ દ્વારા...**' જુઓ! પોતાના પુરુષાર્થ દ્વારા. સ્વભાવ સન્મુખ પુરુષાર્થ કર્યો. ભૂતાર્થ એક સમયમાં આખો આત્મા એકરૂપ પરમાત્મા છે તે તરફ દૃષ્ટિ લગાવી તો પોતાના પુરુષાર્થ દ્વારા કર્યું. એમાં પાંચેય સમવાય આવી જાય છે. પુરુષાર્થની પ્રધાનતામાં ચારેય બોલ આવી જાય છે. 'ટોડરમલજી'એ પુરુષાર્થ પ્રધાન પાંચ સમવાય, એમ લખ્યું છે ને? મોક્ષમાર્ગના પુરુષાર્થની પ્રધાનતાથી. પુરુષાર્થ દ્વારા. સમજાય છે કાંઈ?

પોતાનો શુદ્ધ ચૈતન્યપ્રભુ એક સમયનો સત્ પરમેશ્વર એ સત્ પરમેશ્વર પોતાનો તેના તરફ દૃષ્ટિ લગાવી રાગ અને પર તરફનું લક્ષ છોડી અહીં આવ્યો તો ભેદજ્ઞાન થયું, એમ કહે છે. '**પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા...**' પોતાના પુરુષાર્થ દ્વારા પ્રગટ કર્યું. શું પ્રગટ કર્યું? અજ્ઞાનમાં શું પ્રગટ કર્યું? અજ્ઞાનમાં તો રાગ-દ્વેષ, પુણ્ય-પાપને પ્રગટ કર્યા. અને પ્રગટ કરી તેનો જ અનુભવ કર્યો. વસ્તુમાં નથી, વસ્તુમાં નથી એવા પુણ્ય-પાપના વિકલ્પ નવા ઉત્પન્ન કર્યા. કરીને તેનો અનુભવ કર્યો. અનેકપણાના વિકારનો અનુભવ કરે છે. અનાદિના મિથ્યાદૃષ્ટિનું એ જ લક્ષણ અને સ્વરૂપ છે. રાજમલજી! પકડાય છે કે નહિ? થોડું બોલ્યા, ધીમું બોલ્યા. સમજાય છે કાંઈ? આહા..!

'**આવિર્ભૂત કરવામાં આવેલા સહજ એક જ્ઞાયકભાવપણાને લીધે...**' લ્યો. '**આવિર્ભૂત કરવામાં આવેલા સહજ એક જ્ઞાયક...**' જુઓ! એક જ્ઞાયકભાવ પ્રગટ કર્યો. પ્રગટનો અર્થ દૃષ્ટિમાં લીધો. એ તો વસ્તુ છે. એ કાંઈ આવિર્ભાવ ને તિરોભાવ જ્ઞાયકભાવમાં થતું નથી. એ તો ધ્રુવરૂપ સત્ય પરમ પરમેશ્વર પરમાત્મસ્વરૂપ છે. સમજાય છે કાંઈ? પણ જેણે પરનું, રાગનું, વિકલ્પનું લક્ષ છોડી શુદ્ધનય અનુસાર સ્વભાવ અનુસાર ભેદજ્ઞાન પ્રગટ કરી પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કર્યો સહજ એક જ્ઞાયકભાવ. '**જ્ઞાયકભાવપણાને લીધે...**' સહજ

એક જ્ઞાયકભાવ છે ને? જ્ઞાયક સ્વભાવત્વ-સ્વભાવપણું. જ્ઞાયકસ્વભાવપણું. આત્મા સ્વભાવવાન છે તો આ જ્ઞાયક સ્વભાવપણું છે. એવા એક જ્ઞાયકસ્વભાવને લીધે '**તેને (આત્માને)...**' ભારે વાત, ભાઈ! એક એક શબ્દમાં (ગંભીરતા ભરી છે). અહીં જ્ઞાયકસ્વભાવત્વ લીધું છે ને? ભાઈ! પણું લીધું છે. ભાવ લીધો છે, ભાવ. દ્રવ્ય છે તે ભાવવાન છે. જ્ઞાયકસ્વભાવપણું એનો ભાવ છે. ત્રિકાળી એકરૂપ, ત્રિકાળી એકરૂપ. આહાહા..! તેને એટલે આત્માને '**જેમાં એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે...**' પેલામાં કહ્યું હતું, ભાવોનું વિશ્વરૂપપણું પ્રગટ છે એવો અનુભવતો હતો.

દિશા પલટવાથી દશા પલટી ગઈ. શું કહ્યું? રાગ અને દ્વેષની દિશા તરફ એની દૃષ્ટિ હતી તો એનો અનુભવ કરતો હતો તો દશા મિથ્યાત્વની હતી. સમજાય છે કાંઈ? જ્યાં સુધી એની દૃષ્ટિમાં ભગવાન આત્મા આવ્યો નથી તો એની દિશા પર ઉપર છે. એની દિશા જ પર ઉપર છે. કર્મના નિમિત્તના લક્ષમાં જોર ગયું છે. એમાં દિશા નામ પર આશ્રયનો ભાવ દિશા (હતી) તો એની દશામાં વિકારની અનેકતા અનુભવતો હતો એ મિથ્યાદૃષ્ટિની દશા છે. આહાહા..! પોપટભાઈ! હા આવે છે. પણ દિશા પલટવાથી અર્થાત્ રાગ અને દ્વેષ, વર્તમાન પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પમાં જે દિશા પર તરફની છે એ દિશા સ્વ તરફ થઈ. એ રાગાદિ નહિ, હું સ્વરૂપ શુદ્ધ ચિદાનંદ છું. એને અનુસારે રાગથી ભિન્ન પડી પુરુષાર્થ દ્વારા જ્ઞાયકભાવ પ્રગટ કર્યો. અર્થાત્ દિશા નામ દ્રવ્ય ઉપર લક્ષ જવાથી એની દશામાં જ્ઞાયકભાવ એક સમયમાં એકરૂપ જ્ઞાયકભાવ પ્રગટ થયો, ભાનમાં આવ્યો તો જ્ઞાયકભાવ એક સમયમાં પ્રગટ થયો, એવા એકપણાને સમ્યગ્દૃષ્ટિ અનુભવે છે.

ફરીથી, ફરીથી લઈએ. ઓ..હો..હો..! આ ગાથા આખા જૈનદર્શનનો પ્રાણ છે. કૈલાશચંદ્રજીએ પણ લખ્યું હતું. કોઈ ગડબડ કરતા હતા ને સામે, એમાં લખ્યું છે કે આ તો પ્રાણ છે. તમે વ્યવહાર વ્યવહાર સત્ય કહેશો તો આ તો વ્યવહારને અભૂતાર્થ કહે છે. વ્યવહાર પહેલા ને વ્યવહાર આમ ને વ્યવહાર તેમ ને વ્યવહાર હોય તો આ હોય. વ્યવહાર તો અસત્યાર્થ છે. શું અસત્યાર્થથી સત્યાર્થ ખ્યાલમાં આવશે? સમજાય છે કાંઈ? અને વ્યવહાર પહેલા અને નિશ્ચય પછી એ એમાં ક્યાં રહે છે? અસત્યાર્થ પહેલા અને પછી સત્યાર્થ, એનો અર્થ શું? સમજાય છે કાંઈ? સત્યાર્થ ભગવાન આત્મા રાગાદિનો વ્યવહાર જે વિકલ્પ આદિ કષાય મંદ છે તેને કોઈ વ્યવહાર કહે તો સાંભળ તો ખરો. કષાયની મંદતાની અનેકતા ઉપર લક્ષ કરવું અને તેને અનુભવવું એ તો મિથ્યાદૃષ્ટિની દશા અને દિશા છે. સમજાય છે કાંઈ? સમજાય છે કાંઈ એ વિશ્રામ છે. (વિશ્રામનું વાક્ય છે).

કહે છે, આહાહા..! આ ટીકા ને આ 'કુંદકુંદાચાર્ય'ની મહા જૈનશાસનની પ્રાણ ગાથા છે. બધા ઝઘડા એમાંથી નીકળી જાય છે. પહેલા વ્યવહાર ને પહેલા નિમિત્ત હોય તો થાય છે, નિમિત્ત આવે તો નૈમિત્તિક થાય છે ને વ્યવહાર હોય તો નિશ્ચય (થાય). ..

એ નિમિત્ત છે ખરેખર અંદર. વ્યવહાર રાગની મંદતા હોય તો સમ્યગ્દર્શન થાય એ બધી વાત ઊડી જાય છે. કારણ કે રાગની મંદતાનું લક્ષ પર ઉપર છે અને પર ઉપરની અનેકતાનો અનુભવ કરવો એ તો મિથ્યાદૃષ્ટિની દિશા પર ઉપરની છે તો દશા મિથ્યાત્વની છે. જ્યારે પર ઉપરથી લક્ષ ઉઠાવી, રાગાદિ અનેક પ્રકારના હતા ત્યાંથી લક્ષ હટાવી દ્રવ્ય ઉપર લક્ષ ગયું. પરમ સત્ય ભગવાન આત્માની દૃષ્ટિ થઈ તો રાગથી પૃથક્ પોતાનો અનુભવ થયો. રાગ જે મંદ કષાય છે તેનાથી પૃથક્ નિજ બોધ નિજ આશ્રયથી થયો. નિજ આશ્રયથી બોધ થયો તે પોતાના પુરુષાર્થથી થયો છે. રાગની મંદતા છે તો થયો છે એમ નથી. આહાહા..!

પુરુષાર્થ (કેવો)? રાગની એકતાનો અનુભવ કરતો હતો ત્યાંથી ગુલાંટ ખાઈને આ બાજુ દૃષ્ટિ કરી. સમજાય છે કાંઈ? એમાં વ્યવહાર પહેલા અને નિશ્ચય પછી આવે છે જ ક્યાં? બહુ ગડબડી, બહુ ગડબડી. શ્વેતાંબર કહે છે, પહેલા વ્યવહાર, પછી નિશ્ચય. તમે દિગંબર કહો છો કે 'નિશ્ચયનય પહેલા કહે, પછી લે વ્યવહાર'. નિશ્ચય પહેલા હોય અને પછી વ્યવહાર કહો છો એમ નથી, એમ એ સામે કહે છે. તો આ તમે લોકો પણ એમ જ કહો છો. આ રાગની મંદતા પહેલા કરો, કરતા કરતા સમ્યગ્દર્શન થશે-નિશ્ચય થશે. પરની દિશા તરફનો રાગનો અનુભવ કરો, સ્વ તરફની દિશાનું સમ્યગ્દર્શન થશે. એઈ.. માણેકલાલજી! આ ગાથા શું પોકારે છે? જુઓ! સમજાય છે કાંઈ? આ તો જૈન સનાતન દર્શનનો પ્રાણ અને સત્ત્વ છે. દિગંબર દર્શન કોઈ વાડો નથી, સંપ્રદાય નથી. દિગંબર દર્શન એ જૈનદર્શન છે. જૈનદર્શન અહીંથી શરૂ થાય છે. સમજાય છે? એમ નથી કે અમારી માન્યતા આવી છે અને તમારી માન્યતા આવી છે. એમ નહિ. એવી ચીજ છે.

એક સમયમાં નિજ પરમાત્મા-નિજ સ્વરૂપ એ જ સત્ય છે અને વિકારની પર્યાયનો અનુભવ કરવો એ અસત્ય છે. અજ્ઞાની પરના લક્ષે એકલા પુણ્ય-પાપનો, દયા, દાન, વ્રતનો અનુભવ કરે છે. પરના લક્ષે, પરની દિશા તરફ પોતાની દશામાં એકલો વિકારનો અનુભવ છે તે મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? એ તરફનું બહિર્મુખ જે લક્ષ હતું.. વસ્તુ તો અંતર્મુખ છે. પર્યાય એક સમયની એનું લક્ષ બહિર્મુખ હતું. બહિર્મુખ દિશા તરફ હતું. સમજાય છે કાંઈ? એ દિશામાં બહિર્મુખ રહીને સ્વરૂપમાં નથી એવા બહિર્મુખ વિકલ્પ વિકાર, મંદ કષાય, દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ ઉત્પન્ન થાય છે અને એનો અનુભવ કરે છે કે આ મારી ચીજ છે. કેમકે આત્મા રાગથી ભિન્ન અંદરમાં અંતર્મુખ આખો આત્મા પડ્યો છે તેની દિશા અંતર્મુખમાં જાય તો સમજાય. બહિર્મુખથી એ સમજાતું નથી. સમજાય છે કાંઈ? ઓ..હો..! ભારે ભાઈ!

વ્યવહાર મોક્ષમાર્ગ છે, બે મોક્ષમાર્ગ છે એવું મોટું લખાણ આવ્યું છે. અરે..! ભગવાન તેં વીતરાગ માર્ગ સાંભળ્યો નથી. આહા..! જૈન ગેજેટમાં બહુ આવ્યું છે. સોનગઢવાળા

બે મોક્ષમાર્ગ નથી માનતા. એક આમ અને એક આમ, બે માર્ગ છે? બહિર્મુખ લક્ષ એ પણ મોક્ષમાર્ગ અને અંતર્મુખ લક્ષવાળી પર્યાય પણ મોક્ષમાર્ગ, એનો અર્થ શું? સમજાય છે કાંઈ? તારાચંદજી! ન્યાયથી લોજીકથી તો કહેવામાં આવે છે. એમાં ન્યાયથી બધી વાત ભરી છે. ભગવાન આત્મા વસ્તુ તો અંતર્મુખ ચિદાનંદ પરમાત્મા છે અને બહિર્મુખના લક્ષમાં તો એકલો રાગ ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- પશ્ચિમમાં ચાલે છે અને પૂર્વમાં..

ઉત્તર :- હા, પશ્ચિમમાં ચાલતા પૂર્વમાં પહોંચે એવું છે. એમ ઈ કહે છે અને લસણ ખાતા ખાતા કસ્તૂરીનો ઓડકાર આવશે. લસણ હોય છે ને? લસણ. લસણ ખાતા ખાતા કસ્તૂરીનો ઓડકાર આવશે? અરે..! બે જાત ભિન્ન છે. સમજાય છે કાંઈ? એમ બહિર્ લક્ષમાં બહિર્ લક્ષે જે કષાયના મંદ પરિણામ નિમિત્તને આધીન થઈને થયા, પરના લક્ષે વશ થઈને (થયા) એ તો દિશા પરની બહિર્મુખ દૃષ્ટિ છે. એમાં જે રાગની મંદતાનો અનુભવ કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? વકીલ! આ બીજી જાતની વકીલાત છે. આહાહા..!

ભાઈ! તેં પરમાત્માના માર્ગ, પરમાત્માનો પંથ શું છે તે સાંભળ્યો નથી. પરમાત્માના ભેટા કઈ રીતે થાય છે એ વાત બીજી રીતે રહી છે. કષાયની મંદતાનો રાગ પર તરફનું લક્ષ છે, એ બંધનો ભાવ છે. તો પરના લક્ષે અને બંધના ભાવથી અંતર્મુખ થાય છે એમ છે નહિ. અહીં તો કહ્યું કે બેને ભિન્ન પાડીને કહ્યું છે. એમ કહ્યું છે, જુઓ! '**શુદ્ધનય અનુસાર બોધ થવામાત્રથી...**' એમ કહ્યું છે. સ્વભાવ અનુસાર લક્ષ કરી રાગથી ભિન્ન પડીને બોધ ઉત્પન્ન થયો છે. સમજાય છે કાંઈ? '**આત્મ-કર્મના વિવેકપણાથી, પોતાના પુરુષાર્થ દ્વારા...**' અંતર્મુખ, અંતર્મુખ આખું પરમાત્મ સ્વરૂપ અંતરમાં છે તે તરફના આશ્રયથી, તે તરફના લક્ષથી, અંતર્મુખ દૃષ્ટિ કરવાથી '**પુરુષાર્થ દ્વારા...**' પોતાના પુરુષાર્થ-વીર્ય દ્વારા નિજ ત્રિકાળ સ્વભાવને સ્પર્શ કર્યો. નિજ વર્તમાન પુરુષાર્થ દ્વારા ત્રિકાળ સ્વભાવને સ્પર્શ કર્યો. આહાહા..! સમજાય છે કાંઈ?

'**આવિર્ભૂત કરવામાં આવેલા...**' પ્રગટ કર્યું. શું પ્રગટ કર્યું? '**સહજ એક જ્ઞાયકસ્વભાવપણાને લીધે...**' મેં જ્ઞાયકસ્વભાવ પ્રગટ કર્યો. જ્ઞાયક સ્વભાવ પ્રગટ કર્યો. એનો અર્થ શું?. જ્ઞાયક સ્વભાવ પ્રગટ થાય છે? એને વિષય બનાવીને-ધ્યેય બનાવીને લીનતા કરી તો લીનતામાં આ જ્ઞાયકભાવ એમ પ્રગટ થયો. જ્ઞાયકભાવ પ્રગટ થયો એ તો પર્યાય છે. નિર્મળ સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થઈ તો એમાં ભાન થયું કે આ જ્ઞાયકભાવ છે, તો એ જ્ઞાયકભાવ પ્રગટ થયો એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ! હવે તમારા બાર દિવસ તો થઈ ગયા અહીંયાં. આઠ દિવસ રહ્યા. બાર થયા ને? બાર. બારમો દિવસ. થોડું થોડું કાંઈક લઈ જવું પડશે કે નહિ? માણેકલાલભાઈ! પૂરું તો એટલું બધું (લઈ ન જઈ શકે). અત્યારે તો બહુ ગડબડ ચાલે છે. બહુ ચાલે છે. સોનગઢ ઉપર તો

જાણે ઝપટ મારતા હોય, નામ આવે ત્યાં (ભડકે). અરે..! ભગવાન! જાણે સોનગઢે શું કરી નાખ્યું હોય. જૈનશાસનનો જાણે લોપ કરી નાખ્યો. આહાહા..! અરે..! ભગવાન! પ્રભુ! તેં સાંભળ્યું નથી, હોં! ભગવાન! તેં તારો રસ્તો સાંભળ્યો નથી, પ્રભુ! શાંત થા, શાંત થા, ભાઈ! આવા આક્ષેપ કરવાથી તને બહુ નુકસાન થશે. એ નુકસાનીનું શું ફળ છે એ તને અત્યારે ખ્યાલમાં નહિ આવે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા ત્રિલોકનાથે કહેલું 'કુંદકુંદાચાર્ય' મહારાજ (કહે છે), '**भूदत्थो देसिदो दु सुद्धणओ**'. ભગવાન ધ્રુવ સ્વરૂપ એક સમયમાં પરમાનંદમૂર્તિ એક સ્વરૂપ, તે જ શુદ્ધનય. એનું લક્ષ કરવાથી, તેનો આશ્રય કરવાથી. આશ્રય કરનાર તો પર્યાય છે. પર્યાયે આશ્રય કર્યો તો પર્યાયમાં જ્ઞાયકભાવનું ભાન થયું, આનંદનો અનુભવ થયો, શાંતિનો અનુભવ થયો, સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થઈ, સ્વરૂપાચરણની દશા પ્રગટ થઈ, અનંત ગુણના અંશની (દશા પ્રગટ થઈ). આત્માનો અનુભવ કરવાથી, જ્ઞાયક તરફ દૃષ્ટિ કરવાથી, જેટલા અનંત ગુણ છે તેટલા ગુણની એક સમયમાં દ્રવ્યમાં અનંત ગુણ અભેદ હોવાથી એક સમયમાં અનંત ગુણની પર્યાય શુદ્ધતાનો અંશ બધાનો પ્રગટ થયો. સમજાય છે કાંઈ? બધાનો અનુભવ પ્રગટ થયો તેના દ્વારા આ જ્ઞાયક પ્રગટ થયો એમ કહેવામાં આવે છે. ક્યાં ગયા દેવીલાલજી! ક્યાં બેઠા છે? ઈ બધા વિદ્વાન માણસ કહેવાય. વ્યાખ્યાની છે ને, વ્યાખ્યાની છે.

બધાએ બરાબર સમજવું પડશે ને? સામે શું કહે છે અને આ શું વસ્તુ છે. હલ્લો તો બહુ આવે છે ઉપરથી. આહાહા..! મખનલાલજીએ ૪૧ બોલ કાઢ્યા છે. દિલ્હીમાં એક પંડિત છે ને? મખનલાલજી. પંડિતજી! એક મખનલાલજી કરીને એક પંડિત છે ને. દિલ્હીવાળા. ઈ આવ્યા હતા. ભજન બનાવે છે. આ કેવી કહેવાય બાઈ? મેના. મેના સુંદરીએ આમ કર્યું ને આઠ કર્મનો નાશ થયો. ધૂળમાંય નથી થતો, સાંભળને હવે. મેના સુંદરીએ આમ કર્યું, ભગવાનની પૂજા કરી, રોગ મટી ગયો. એ તો અશાતાનો ઉદય મટી ગયો તો મટ્યો છે. એની પૂજાથી શું મટે છે? સાંભળ તો ખરો. અને એનાથી આઠ કર્મનો નાશ થશે. ભગવાનની પૂજા કરતા કરતા. ધૂળમાંય નહિ થાય. સમજાય છે કાંઈ? પૂજા તો શુભભાવ છે. શુભભાવનું લક્ષ તો પર ઉપર છે. અંદરમાં નિમિત્ત ઉપર લક્ષ છે અને બહારમાં નોકર્મ ઉપર લક્ષ છે. સમજાય છે કાંઈ? અંતર સ્વભાવ ઉપર લક્ષ છે જ ક્યાં? નિમિત્ત કર્મને વશ થઈને એને શુભભાવ પોતામાં ઉત્પન્ન થાય છે. અને નોકર્મ ભગવાન સામે છે. એના આશ્રયે શું સમ્યગ્દર્શન થાય છે? સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- મહા મિથ્યાત્વનું પાપ એ જ સંસાર છે. ભગવાનની મૂર્તિ જોવાથી મિથ્યાત્વનો નાશ થાય છે. ભગવાન! એમ નથી. સાંભળ તો ખરો. સમજાય છે કાંઈ? ઈ છે ને? 'ધવલ'માં એમ છે. જિનબિંબના દર્શન કરવાથી મિથ્યાત્વના ટૂકડે ટૂકડા થઈ જાય છે. નિકાચિત

કર્મ એવો પાઠ છે. હાથીને જેમ સિંહ થાપો મારે એમ ટૂકડા કરી નાખે છે. ભાઈ! જિનબિંબથી નહિ. જિનબિંબ આત્મા. એ તો નિમિત્તનું કથન છે. જિનબિંબના દર્શન કરવા એ તો વિકલ્પ છે, પરદિશા તરફ લક્ષ છે. પરદિશા તરફ લક્ષથી અંતર્મુખ દૃષ્ટિ થાય છે? હજી અધઃકરણ, અપૂર્વકરણના પરિણામ પણ પરના લક્ષે થાય છે? ભલે એને ખ્યાલ ન આવે પણ શુદ્ધાત્માભિમુખ, શુદ્ધાત્માભિમુખ પરિણામ થયા વિના એકાગ્રતા થતી નથી અને સમ્યગ્દર્શન કદી થતું નથી. સમજાય છે કાંઈ? નિમિત્તઅભિમુખ થવાથી મિથ્યાત્વનો નાશ થાય છે? નિમિત્તઅભિમુખ? ભગવાને તો શાસ્ત્રમાં કહ્યું, શુદ્ધાત્માભિમુખ. ભગવાન આ શુદ્ધ જે ધ્રુવ, આ જે કહ્યો ઈ. ધ્રુવ શુદ્ધ અભિમુખ. તેની સન્મુખ. સમજાય છે કાંઈ? જે અહીંયાં સન્મુખ છે એ સન્મુખનો અનુભવ મિથ્યાત્વ છે. પછી બારમી ગાથામાં કહેશે, સ્વસન્મુખ થઈને સમ્યગ્દર્શન થયું પછી રાગાદિ મંદતાનો ભાવ છે તે જાણવાલાયક છે. જાણેલો પ્રયોજનવાન છે. એ ખુલાસો આવશે. સમજાય છે કાંઈ? છે તો ખરો, સમ્યગ્દૃષ્ટિને પણ પૂજા, ભક્તિનો રાગ છે, એને પણ છે. પણ અજ્ઞાની એકલા રાગની એકતામાં નિમિત્તની પ્રધાનતાને વશ થઈને એકલો રાગને અનુભવે છે તે મિથ્યાદૃષ્ટિ છે. દિશા ફેર છે અને દશા મિથ્યાત્વની છે. સમજાય છે કાંઈ? ઓહો..હો..!

આ વાત તો ત્રણે કાળ દુર્લભ છે અને એમાં આ પંચમકાળ. ઓહોહો..! હળાહળ કાળ આવ્યો. પણ એને અનુભવ કરવા માટે કાળ કોઈ નડતો નથી. સમજાય છે કાંઈ? એ સ્વતંત્ર ભગવાન આત્મા છે. જ્યારે કર્તા થઈને પોતાના પુરુષાર્થથી રાગને હટાવીને, લક્ષ હટાવીને હોં! રાગને હટાવીને નહિ, લક્ષ (ફેરવી) અંતર્મુખ લક્ષ થયું તો શુદ્ધ અનુસાર બોધ થયો. દ્રવ્ય સ્વભાવ અનુસાર બોધ થયો, રાગથી ભિન્ન પડી ગયો. પોતાના પુરુષાર્થ દ્વારા જ્ઞાયકભાવને પ્રગટ કર્યો. '**જેમાં એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે...**' જુઓ! પેલામાં હતું, અનેક ભાવ પ્રગટ છે, એમ કહ્યું હતું. જેમાં ભાવોની અનેકતા પ્રગટ છે, વિશ્વરૂપ કહ્યું હતું. અહીંયાં એકરૂપતા પ્રગટ છે. ભગવાન આત્મા શુદ્ધ ધ્રુવમાં એકત્વ થાય છે તો નિર્મળ પર્યાયનો વિષય ધ્રુવ છે, તો નિર્મળ પર્યાય એકરૂપ ઉત્પન્ન થઈ છે. સમજાય છે કાંઈ? શ્રદ્ધા-સમ્યગ્દર્શન, જ્ઞાનની પર્યાયમાં ચૈતન્ય આવ્યો તો એકરૂપનો અનુભવ થયો, અનેક વિકલ્પનો અનુભવ એને નથી. ઓહોહો..! સમજાય છે કાંઈ?

'**જેમાં...**' એટલે આત્માને '**જેમાં એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે...**' ભગવાન આત્માને એકલો જ્ઞાયકભાવ પરમભાવ ધ્રુવભાવ શુદ્ધભાવ એકરૂપ ભાવની સન્મુખ દૃષ્ટિ થઈને એક સ્વરૂપ છે એમ અનુભવમાં આવ્યું એનું નામ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આહાહા..! હજી સમ્યગ્દર્શનની કળા કઈ રીતે પ્રગટ થાય એ કળાની ખબર નથી. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન કળા કઈ કળાથી ઉત્પન્ન થાય, કઈ રીતે ઉત્પન્ન થાય એ રીતની ખબર નહિ અને કહે કે અમને સમ્યગ્દર્શન તો છે, હવે ચારિત્ર કરો, વ્રત, નિયમ લઈ લ્યો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સર્વજ્ઞને જાણવામાં આવે. આહાહા..! ભાન ન પડે, આંધળો છો? અનુભવ ચૈતન્યમૂર્તિનો આનંદ સહિત થાય અને ખબર ન પડે, તો શું આંધળો છે આત્મા? સમજાય છે કાંઈ? અનાદિકાળનો દુઃખનો અનુભવ હતો, ગુલાંટ ખાઈને ઓ..હો..! આ શું કહે છે?

**'જ્ઞાયકપણાને લીધે તેને (આત્માને) જેમાં એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે...'** આનંદની પર્યાયનો અનુભવ થયો. એક ધ્રુવનો અનુભવ નથી. ધ્રુવનો અનુભવ છે? પણ ધ્રુવ ઉપર એકાકાર થવાથી ધ્રુવનો અનુભવ છે એમ કહેવામાં આવ્યું. અનુભવ તો આનંદનો છે. દ્રવ્યનો ક્યાં અનુભવ છે? દ્રવ્યનો અનુભવ થાય તો એક સમયે અનુભવ (થાય), બીજે સમયે ... અનુભવ પર્યાયનો થાય છે. સમજાય છે કાંઈ? પણ એ વિકારી પર્યાયનો પરમાં એકત્વનો અનુભવ હતો એ મિથ્યાત્વ હતું, સંસાર હતો, પરલક્ષી ભાવ હતો, અનેકપણાના ભાવનું વેદન કરતો હતો. ભગવાન આત્મા... તેનાથી (પરલક્ષી ભાવથી) ખસી આઠ વર્ષની બાલિકા હો, અરે..! દેડકો હોય, દેડકો-મેંઢક, એ પણ પરનું લક્ષ છોડી અંતર શુદ્ધનય અનુસાર (પરિણમન કરે છે). નય શબ્દની ખબર ન હોય. ધ્રુવ આ છે એવા શબ્દની ખબર ન હોય. પણ એ પરનું લક્ષ છોડી અંતર સ્વરૂપ આનંદમૂર્તિમાં આવ્યો આનંદના વેદનમાં આવી ગયો કે ભૂતાર્થ આ ચીજ આત્મા છે. સમજાય છે કાંઈ?

ઓહોહો..! કેટલી વાત કરી છે! વ્યવહાર પહેલા અને નિશ્ચય પછી, એ પણ ઊડી જાય છે. ઊડી જાય છે કે નહિ એમાં? નિમિત્ત પહેલા અને પછી નૈમિત્તિક એ પણ એમાં ઊડી જાય છે. સેઠી! પહેલા ભગવાન દૃષ્ટિમાં આવ્યો. બસ, દૃષ્ટિમાં આવ્યો, આ દૃષ્ટિ છૂટી ગઈ તો જ્ઞાયકનો અનુભવ (થયો). એની અનંત આનંદ આદિ શક્તિઓ છે એ પ્રતીતમાં, જ્ઞાનમાં જ્ઞેય તરીકે આવી તો પર્યાયમાં આનંદનો અનુભવ થયો, સમ્યગ્દર્શન થયું, સ્વરૂપાચરણ થયું, શાંતિ સ્થિરતા એ સ્વરૂપાચરણમાં થઈ, સ્વચ્છતા થઈ, પ્રત્યક્ષતા થઈ. કેમકે આત્મામાં પ્રકાશ નામનો અનાદિ ગુણ છે. ૪૭ ગુણમાં એક પ્રકાશ નામનો ગુણ છે. સમજાય છે કાંઈ? ૪૭ શક્તિ છે ને? ૪૭ શક્તિ. આપણે બહાર આવી ગઈ છે થોડી, હજી નવી આવવાની છે બહુ સરસ. હજી છપાશે, હળવે હળવે. એનો કાળ આવે ત્યારે છપાય ને. થાય છે તૈયાર. જીવતરશક્તિ, ચિતિ, દર્શિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શિત્વ, સર્વજ્ઞત્વ, સ્વચ્છત્વ અને પ્રકાશ. એ બારમી શક્તિ છે આત્મામાં. જેનો સ્વભાવ પ્રકાશત્વ નામ પ્રત્યક્ષ થવું. દ્રવ્યનો જ્ઞાયકભાવ અનુસાર દૃષ્ટિ થઈ તો અંતરમાં પ્રકાશ નામનો ગુણ છે કે જે ગુણ દ્રવ્યમાં વ્યાપ્યો છે, ગુણમાં વ્યાપ્યો છે. અંતર એકાગ્ર થયો તો એ પ્રકાશશક્તિ પર્યાયમાં વ્યાપી ગઈ. પર્યાયમાં વ્યાપી ગઈ એટલે પર્યાયમાં પ્રત્યક્ષપણું થઈ ગયું. સમજાય છે કાંઈ?

**'એવો અનુભવે છે.'** એટલો એકલો જ્ઞાયક જ્ઞાયક (એમ નહિ), પણ જ્ઞાયકનો અનુભવ

કરે છે. આ જ્ઞાયક જ્ઞાનમાં પ્રત્યક્ષ થઈ ગયો. આહાહા..! સમજાય છે કાંઈ? જે રાગની આડમાં-એકત્વમાં આત્મા દેખાતો નહોતો એ રાગનું લક્ષ છોડી પરની દિશાને ફેરવીને અંતર દિશામાં ગયો તો પર્યાયમાં પર્યાયે આખા દ્રવ્ય-ગુણને પ્રતીતમાં લીધું. પર્યાયે આખા દ્રવ્ય-ગુણને પ્રતીતમાં લીધું તો એમાં પ્રકાશ નામનો ગુણ પણ પ્રતીતમાં આવી ગયો. એ પ્રકાશ નામનો ગુણ છે તેનું કાર્ય શું? કે પર્યાયમાં આત્મા પ્રત્યક્ષ થઈ જવો તે એનું કાર્ય છે. રાજમલજી! આહાહા..! એમ નથી કે આત્મા અંદર ખબર ન પડે. આત્મા કોણ છે, એની ખબર નથી. અરે..! શું કહે છે? આત્મા કોને કહે છે? સમજાય છે કાંઈ? આત્મામાં તો અનંત ગુણ પડ્યા છે. અનંત ગુણનું એકરૂપ આત્મા છે. સામાન્ય અનંત ગુણ છે તો એનું એકરૂપ સામાન્ય દ્રવ્ય છે તે એકરૂપ છે. એકરૂપની જ્યાં સન્મુખ થઈને જ્ઞેય બનાવીને પ્રતીતિ થઈ તો જેટલા ગુણ છે અંદર તેની પર્યાય કાર્યમાં આવી ગઈ. પર્યાયરૂપ કાર્યમાં આવી, પર્યાય થઈ ગઈ. ગુણ કારણરૂપ પડ્યા હતા, દ્રવ્ય કારણરૂપ પડ્યું હતું. અહીંયાં પ્રતીત, અનુભવ થયો તો બધા ગુણનું કાર્ય (પ્રગટ થઈ ગયું). પ્રકાશગુણનું કાર્ય પર્યાયમાં પ્રત્યક્ષ થવું તે તેનું કાર્ય છે તે પર્યાયમાં આવી ગયું. સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- આ જ ધર્મ..

ઉત્તર :- આ ધર્મની રીત છે. બાબુલાલજી! સેઠી!

**'એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે.'** પ્રકાશમાન ઉપરથી પેલું આવ્યું. નહીં તો પ્રકાશ જાણવામાં આવવાનું છે, પણ એ જાણવામાં બધા ગુણ આવી ગયા. ત્યારે તેને આત્માની સત્યાર્થ ભૂતાર્થ દૃષ્ટિ થઈ તેને સમ્યગ્દૃષ્ટિ કહે છે. આ રીત વિના કદી સમ્યગ્દર્શન થતું નથી. વિશેષ આવશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**દ્વિતીય શ્રાવણ વદ ૨, શુક્રવાર તા. ૨-૦૯-૬૬**
**ગાથા -૧૧, પ્રવચન-૩૫**

'સમયસાર' શાસ્ત્ર, એમાં જીવ-અજીવ અધિકાર. ૧૧મી ગાથા ચાલે છે. શિષ્યનો પ્રશ્ન હતો કે વ્યવહાર જે પરમાર્થનો કહેનાર છે તો એ વ્યવહાર કેમ અંગીકાર ન કરવો? આત્માને, અભેદ અખંડ સ્વરૂપ આત્મા છે, તેને ભેદથી બતાવનાર, ભેદથી બતાવનાર વ્યવહારનય આત્માને દેખાડે છે અથવા પરમાર્થનું એ પ્રતિપાદન કરે છે તો એવા વ્યવહારને અંગીકાર કેમ ન કરવો? એવો પ્રશ્ન છે. સમજાય છે કાંઈ? એનો આ ઉત્તર ચાલે છે. જુઓ! અહીં સુધી આવ્યું છે.

આત્મ સ્વભાવ એકરૂપ ચૈતન્ય જ્ઞાયકભાવ, જેમાં પર્યાય પણ નથી. રાગાદિ તો નહિ, વિકલ્પ નિમિત્ત કર્મ તો નહિ પણ વર્તમાન પર્યાય પણ એમાં નથી. એવો '**એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે એવો અનુભવે છે.**' ધર્મીજીવ સમ્યગ્દૃષ્ટિ પોતાનું સ્વરૂપ એકરૂપ જ્ઞાયકભાવ ધ્રુવભાવ છે એવો દૃષ્ટિમાં લઈને જ્ઞાયકભાવનો અનુભવ કરે છે. કહો, સમજાણું કે નહિ? સેઠી! ન સમજાણું. એમ કહે છે, પહેલા દૃષ્ટાંત આવ્યું ને? જળનો દૃષ્ટાંત ન આવ્યો? જળમાં કાદવનો મેલ છે તો લૌકિક મૂર્ખ છે તે મેલને જ પાણી જાણીને અનુભવે છે. અને લૌકિક વિવેકી છે તે જળમાં કતકફળ-નિર્મળી ઔષધિ નાખી એમાં નિર્મળ જળ-પાણી છે એવો અનુભવ કરે છે.

એવી રીતે અનાદિકાળનો અજ્ઞાની ભગવાન આત્મા જ્ઞાયક સ્વરૂપ એકરૂપ પરમાનંદની મૂર્તિ છે તેની ઉપર દૃષ્ટિ નહી દઈને કર્મની અસ્તિ-હયાતી છે તેના ઉદયના કાળમાં તે તરફના અસ્તિત્વમાં જોડાવાથી અનેક પ્રકારના પુણ્ય-પાપ, વિકારાદિ થાય છે તો અનેક પ્રકારના વિકારને જ પોતાના જાણી તેને અનુભવે છે. કહો, સમજાય છે કાંઈ? આ તો માલની ગાથા છે. મૂળ. ભગવાન આત્મા એક સ્વભાવી અનંત ગુણનો પિંડ પણ એક સ્વરૂપે (છે). તેને મિથ્યાદૃષ્ટિ વર્તમાન જેની રાગ વિકાર પુણ્ય-પાપ આદિ વિકલ્પ ઉપર દૃષ્ટિ છે, પર્યાયદૃષ્ટિ છે, અંશ ઉપર દૃષ્ટિ છે તે કર્મના નિમિત્તને વશ થઈને પોતાના આત્માને જ્ઞાયકભાવ ત્રિકાળ છે તેને તિરોભૂત કરીને, ઢાંકીને વર્તમાન એકલા પુણ્ય-પાપ વિકારભાવને અનુભવે છે. તેનું નામ મિથ્યાદૃષ્ટિ અને અજ્ઞાન સંસાર કહે છે.

મુમુક્ષુ :- પ્રબળ કર્મ છે તો શું કરીએ?

ઉત્તર :- કાલે ખુલાસો કર્યો ને? પ્રબળ કર્મ એના ઘરે રહ્યા. કર્મના નિમિત્તમાં પ્રબળપણે જોડાણ થાય, જોડાણ તોપણ પોતાના સ્વભાવના પુરુષાર્થ દ્વારા.. આવ્યું ને? પોતાના પુરુષાર્થ દ્વારા આત્મા અને વિકારને પૃથક્ શુદ્ધનય અનુસાર જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ અનુસાર બોધ થવામાત્રથી

રાગથી ભિન્ન પાડી પોતાના સહજ એક જ્ઞાયકભાવને ધર્મીજીવ અનુભવે છે. કહો, સેઠી!

હવે અહીંયાં તો મારે એટલું લેવું છે, એક જ્ઞાયકભાવ આવિર્ભાવ (કર્યો). એક જ્ઞાયકભાવ પુરુષાર્થ દ્વારા આવિર્ભાવ કર્યો. સહજ એક જ્ઞાયક સ્વભાવ. એનો અર્થ શું? પોતાનો જ્ઞાયક ચૈતન્યદ્રવ્ય મહાપ્રભુ, જે વિકારની આડમાં, વિકાર વર્તમાન વિકૃતદશાની આડમાં પોતાના આત્માને તિરોભૂત ઢાંકી દીધો હતો. તે પોતાના પુરુષાર્થથી વિકાર અને સ્વભાવ અનુસાર જ્ઞાન કરીને વિકારથી પૃથક્ થઈને પોતાનો જ્ઞાયકભાવ આવિર્ભાવ કર્યો. ઢંકાયેલો હતો તે પ્રગટ કર્યો. પ્રગટ કર્યો, એનો અર્થ એ તો છે ઈ છે. સમજાય છે કાંઈ? પણ પર્યાયમાં એનો આશ્રય કરીને જ્ઞાયકભાવ પ્રગટ કર્યો તેનો અર્થ કે જે દૃષ્ટિમાં નહોતો તે દૃષ્ટિમાં લીધો. આહાહા..! સમજાય છે કાંઈ?

'**એવો અનુભવે છે.**' અહીંયા ભાષા જરી.. જ્ઞાયકભાવ એક જ્ઞાયકભાવ પ્રકાશ અને સ્વાનુભવ કરે છે. એમાં જ્ઞાયકભાવનો અનુભવ નથી થતો, દ્રવ્યનો અનુભવ નથી થતો. અનુભવ તો પર્યાયનો થાય છે. સમજાય છે કાંઈ? પણ અનાદિ અજ્ઞાની રાગ-દ્વેષ, દયા-દાન, કામ, ક્રોધનો એકલી ત્યાં દૃષ્ટિ દઈને જે અનુભવ કરે છે તો વિકારનો-ઉદયનો અનુભવ હતો. અહીંયાં સ્વભાવનો અનુભવ એને કહે છે કે જ્ઞાયક ચૈતન્યપ્રભુ એકરૂપને અનુસાર સમ્યગ્દર્શન પ્રગટ થયું, એને અનુસાર સમ્યગ્જ્ઞાન થયું તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનો, આનંદનો અનુભવ થયો એ જ્ઞાયકનો અનુભવ થયો એમ કહેવામાં આવ્યું છે. ભારે જીણું, ભાઈ! સમજાય છે કાંઈ?

અલિંગગ્રહણમાં છે ને? ભાઈ! અલિંગગ્રહણમાં છે. અલિંગગ્રહણ છે ને? ૧૭૨ (ગાથા). આપણે એ બધા બોલ છપાઈ ગયા છે. ૧૮, ૧૯, ૨૦ ત્રણ બોલ છે. એમાં એમ કહ્યું કે ભગવાન આત્મા પોતાના ગુણભેદને સ્પર્શતો નથી. આહાહા..! પર્યાયની વાત પછી. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા.. ૧૮મો બોલ છે. વીસ બોલ છે ને અલિંગગ્રહણના? સમજાય છે કાંઈ? અહીં હિન્દી નથી ને? અહીં તો ગુજરાતી ચાલે, આ તો તમારા ક્લાસ છે એટલે હિન્દીમાં ચાલે છે, હોં! નહિતર અહીંયાં ગુજરાતી ચાલે છે.

'**લિંગ એટલે કે ગુણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ (પદાર્થજ્ઞાન)...**' જ્ઞાન તો એક ઉદાહરણ તરીકે કહ્યું '**તે જેને નથી...**' ભગવાન આત્મા એકરૂપ સ્વભાવમાં, જેમાં આ ગુણી અને જ્ઞાન, દર્શન, આનંદ ગુણ એવા પણ જેમાં ભેદ નથી. સમજાય છે કાંઈ? '**ગુણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ (પદાર્થજ્ઞાન) તે જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા ગુણવિશેષથી નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે...**' આહાહા..! ભગવાન આત્મા શુદ્ધ દ્રવ્ય એને કહે છે કે જેને આ ગુણ અને ગુણી એવા ભેદને શુદ્ધ દ્રવ્ય સ્પર્શતું નથી. અડતું નથી, આલિંગન કરતું નથી, ચુંબતું નથી. ભારે વાત.

મુમુક્ષુ :- આનંદ આવે છે.

ઉત્તર :- એમ! સમજાય છે કાંઈ? પથ્થરના વેપારી છે. પૈસા બહુ સંગ્રહીને બેઠા છે અને હવે આનંદ આવે છે.

મુમુક્ષુ :- અહીંનો આનંદ.

ઉત્તર :- અહીંનો આનંદ. ઈ જ કહ્યું ને. સમજાય છે કાંઈ? અત્યારે પૈસાની વાત નથી. નિરાંતે પડ્યું છે ને એટલે અહીંયાં નિવૃત્તિથી... શું કહ્યું?

જુઓ! આ ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' અલિંગગ્રહણ ભગવાન 'કુંદકુંદાચાર્યે' કહ્યું, એમાં ૧૮મો બોલ. એક એક બોલ વીસ બોલ અધ્યાત્મથી ભર્યા છે. બધા વ્યાખ્યાન થઈ ગયા છે. અલિંગગ્રહણ નામનું એક પુસ્તક પણ બહાર પડી ગયું છે. પુસ્તક ઘણાં બહાર પડ્યા છે. ૧૮મા બોલમાં... 'આત્મપ્રસિદ્ધિ'નું જુદું, હોં! આ બીજું. લિંગ નામ ગુણ. આત્મા અનંત ગુણનો પિંડ દ્રવ્ય અને આ જ્ઞાન, દર્શન ગુણ એવા પણ જેમાં ભેદ નથી. આહાહા..! અલિંગગ્રહણ. ગુણવિશેષથી નહિ સ્પર્શિત. ભગવાન આત્મા અભેદ ચૈતન્યપ્રભુ એકરૂપ સ્વભાવ તે ગુણની અનેકતાને, વિશેષને નહિ સ્પર્શિત થયેલો, એકલા સામાન્ય દ્રવ્યને સ્પર્શે છે એવા દ્રવ્યનો અનુભવ કરવામાં આવતા નિર્મળ પર્યાય પ્રગટ થાય છે. તેનો ધર્મી આનંદનો અનુભવ કરે છે. સમજાય છે કાંઈ?

પછી પર્યાયની વાત છે. '**લિંગ એટલે કે પર્યાય એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધવિશેષ તે જેને નથી...**' '**આત્મા પર્યાયવિશેષથી નહિ આલિંગિત...**' ભગવાન ચૈતન્ય અભેદ વસ્તુ તેની એક સમયની અવસ્થાને સ્પર્શતો નથી, અડતો નથી. સમજાય છે કાંઈ? ૧૧મી ગાથામાં ઈ કહે છે. આ તો વિસ્તારથી 'પ્રવચનસાર' છે તો આત્મા જ્ઞેય જ્ઞેય ધ્રુવ શુદ્ધ કોને કહે છે તેનું ઈ લખાણ છે. ઈ અહીંયાં લીધું છે. પર્યાયવિશેષને ભગવાન આત્મા દ્રવ્યની દૃષ્ટિમાં દ્રવ્ય શુદ્ધ જે દૃષ્ટિમાં આવ્યું તે દ્રવ્ય પર્યાયને પણ સ્પર્શતું નથી. પણ દૃષ્ટિમાં આવ્યું તો પર્યાય પ્રગટ થઈ પણ એ દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી. સમજાય છે કાંઈ?

ત્રીજો બોલ તો બહુ કડક લીધો છે. સમજાય છે કાંઈ? પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી. વીસમો બોલ એવો છે. અહીંયાં ઈ લેવું છે જરી. અનુભવ શબ્દ પડ્યો છે. '**એવો અનુભવે છે.**' તેના ઉપરથી ખ્યાલ આવ્યો કે ન્યાં આ શબ્દ કહ્યો છે. આ બધા વ્યાખ્યાન થઈ ગયા છે. વીસમા બોલમાં એમ છે કે ભગવાન આત્મા દ્રવ્ય જે ધ્રુવ શુદ્ધ છે તે વર્તમાન પર્યાયનો અનુભવ થવાથી, શુદ્ધ આનંદનો પર્યાયનો અનુભવ થવાથી તે પર્યાયનો અનુભવ કરનાર આત્મા દ્રવ્યને સ્પર્શતો નથી. એ.. નવરંગભાઈ! આરે..! ભારે વાત, ભાઈ! સમજાય છે કે નહિ? પર્યાય અને સામાન્ય ને વિશેષ બે પદાર્થ ભિન્ન છે. સામાન્ય વિશેષને સ્પર્શતું નથી, વિશેષ સામાન્યને સ્પર્શતું નથી. અનુભવ પર્યાયનો છે તો ત્યાં છેલ્લે એ સિદ્ધ કર્યું કે ભગવાન આત્મા પોતાના દ્રવ્યને નહિ સ્પર્શતો પોતાની પર્યાયને શુદ્ધ આનંદને, દ્રવ્યના લક્ષે ઉત્પન્ન થયા એવી શાંતિ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રને અનુભવે છે. એ અનુભવની પર્યાય

દ્રવ્યને અડતી નથી.

મુમુક્ષુ :- એક બાજુ .. અભેદ કહે, બીજી બાજુ કહે, અડે નહિ.

ઉત્તર :- ઈ અભેદ કઈ અપેક્ષાથી? એ તો પ્રમાણનો વિષય લે તો અભેદ છે. સમજાય છે કાંઈ? વાત બહુ (સૂક્ષ્મ).

ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ ધ્રુવ, એનો અભેદનો આશ્રય કરીને જે નિર્મળ દશા ઉત્પન્ન થઈ, અનુભવ કરે છે એ અનુભવ પર્યાયમાં અનુભવ થાય છે. ભાષા એમ લીધી, 'જ્ઞાયકભાવ પ્રકાશમાન છે એવો અનુભવે છે.' પાઠ એમ છે. પાઠ એમ છે પણ સમજવું જોઈએ ને. સમજાય છે કાંઈ? એક જ્ઞાયકભાવનો અનુભવ કરે છે. નવરંગભાઈ! શું શબ્દ છે? વ્યાકરણવાળા હોય એને પૂછો કે આમાં વ્યાકરણનો અર્થ શું થાય? આ બે પંડિત રહ્યા આપણે. હિંમતભાઈ છે, બંસીધરજી. મોટા પંડિતના પંડિત છે. બે બાજુ બે રાખ્યા છે, જુઓ! સમજાય છે? શબ્દાર્થ કરવો હોય તો શું થા?

એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે, પ્રકાશનમાન છે એવો અનુભવ કરે છે. જ્ઞાયકભાવ એકરૂપ અભેદ અભેદ જે પર્યાયને સ્પર્શતો નથી, ગુણભેદને અડતો નથી એવું એકરૂપ દ્રવ્ય-વસ્તુનો આશ્રય કરવાથી જ્ઞાયક પ્રકાશમાન થયો. સમ્યક્‌દર્શન, જ્ઞાનમાં આત્મા પ્રકાશમાન થઈ ગયો. તો એવો અનુભવ કરે છે, જ્ઞાયકનો અનુભવ કરે છે. પેલો વિકારનો જે અનુભવ હતો તેમાં જ્ઞાયકનો અનુભવ નહોતો. તો જ્ઞાયકનો આશ્રય કરવાથી નિર્મળ પર્યાય સમ્યગ્દર્શન, જ્ઞાન પ્રગટ થયા તો જ્ઞાયકનો અનુભવ કરે છે એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! ભારે વાત, ભાઈ! મૂળ ચીજ અધ્યાત્મ નામ આત્મ આશ્રયે ચીજ જે છે તે શું છે એમાં અનંત કાળથી ભૂલમાં પડી ગયો છે. આહાહા..!

આચાર્યોએ મૂળ ચીજને સ્પર્શ કરવાનું બધામાં કહ્યું. દ્રવ્ય સ્વભાવ, દ્રવ્ય સ્વભાવ એકરૂપ ભાવ, જેમાં પર્યાયભેદ તો નહિ પણ ગુણ-ગુણી ભેદ નથી. એવો એક જ્ઞાયકભાવ. ત્યાં પણ એક લીધો, અલિંગગ્રહણમાં. '**પ્રકાશમાન એવો અનુભવે છે**.' લ્યો, સમજાય છે કાંઈ? અનુભવ કરે છે એમાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિનો અનુભવ આવ્યો. મોક્ષમાર્ગનો અનુભવ આવ્યો. ત્રિકાળ જ્ઞાયક સચ્ચિદાનંદ પ્રભુ એક સ્વરૂપે છે એવી દૃષ્ટિ કરવાથી જે દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા થયા તેનો અનુભવ છે. તેનું નામ મોક્ષમાર્ગ છે, તે મોક્ષનું કારણ છે. ભારે સૂક્ષ્મ વાત. ચંદુભાઈ! સવારે પૂછ્યું હતું ક્યાં ગયા? ગયા હતા. આ સમજવા જેવી ચીજ છે. સમજાય છે કાંઈ?

'**અહીં, શુદ્ધનય કતકફળના સ્થાને છે...**' જુઓ! જેમ જળમાં અને કાદવમાં નિર્મળી ઔષધી નાખીને જેમ જળને નિર્મળ કરવામાં આવે છે, નિર્મળ થાય છે, કરવામાં આવે છે એ તો નિમિત્તથી વાત છે. કથનની રીતમાં દૃષ્ટાંત દેવું હોય તો શું કહે? ત્યાં એમ કહે, નિર્મળી ઔષધી નાખી નથી શકતો. અહીં તો દૃષ્ટાંત આપવો છે. બાકી તો ઔષધી

કોણ નાખી શકે અને કોણ ભિન્ન કરી શકે, જડની પર્યાયને-મેલને અને (પાણીને). અહીંયાં તો દૃષ્ટાંતનો એક સિદ્ધાંત આત્મામાં લેવાનું કહ્યું છે. દૃષ્ટાંતનો સર્વ અંશ આત્મામાં મળે નહિ. નહિ તો દૃષ્ટાંત કહેવાય નહિ.

અહીંયા તો જળમાં મેલ હોવાથી નિર્મળી ઔષધિ નાખીને જેમ જળને અને મેલને ભિન્ન કરીને જળને અનુભવે છે. તેવી રીતે શુદ્ધનય ભગવાન આત્મા એકરૂપ ભૂતાર્થ '**કતકફળના સ્થાને છે...**' એનો આશ્રય કર્યો તો રાગથી ભિન્ન પડી ગયો. શુદ્ધનય નામ ભૂતાર્થ વસ્તુ ત્રિકાળ એકરૂપ છે તેનું જ્યાં લક્ષ કર્યું તો પ્રગટ થઈ ગયો. સમજાય છે કાંઈ? પુણ્ય-પાપના વિકલ્પથી પણ પૃથક્ થઈ ગયો. '**તેથી જેઓ શુદ્ધનયનો આશ્રય કરે છે...**' જુઓ! શુદ્ધનયના આશ્રયનો અર્થ, શુદ્ધનય તો જ્ઞાનનો અંશ છે પણ શુદ્ધનયનો વિષય જે ધ્રુવ ભૂતાર્થ એક સમયમાં ત્રિકાળ એકરૂપ ભગવાનનો જે આશ્રય લે છે '**તેઓ જ સમ્યક્ અવલોકન કરતા (હોવાથી)...**' પાઠ છે ને? ભાઈ! '**सम्यक् पश्यन्तः**'. '**सम्यक् पश्यन्तः**' યથાર્થ વસ્તુ દેખે છે, એમ કહે છે. જો કોઈ એક સમયનો આત્મા ભગવાન પૂર્ણ અભેદ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય, તેને દેખે છે તે જ સમ્યક્ દેખે છે. સમજાય છે કાંઈ? અને રાગ અને પર્યાયને જોવે છે તે સમ્યક્ દેખતા નથી. આહાહા..! ભારે વાત. '**पश्यन्तः**' સમ્યક્ અવલોકન કરવાથી. વજન અહીં છે. '**सम्यक् पश्यन्तः सम्यग्दृष्टयो भवन्ति**'. પછી વળી '**न पुनरन्ये**' પછી લઈશું. '**पश्यन्तः**' આમ જોતાં સમ્યગ્દૃષ્ટિ થાય છે, એમ કહે છે. '**पश्यन्तः**' શુદ્ધનયનો સમ્યક્ આશ્રય લે છે. ભગવાન આત્મા, બધાનું લક્ષ છોડી પોતાનો પૂર્ણાનંદ પ્રભુ એક સ્વરૂપી ભગવાનનો અંતર આશ્રય લે છે '**તેઓ જ સમ્યક્ અવલોકન કરતા (હોવાથી)...**' કેમ? કે આત્મા એને જ કહે છે. આત્મા પૂર્ણ અભેદ શુદ્ધને જ આત્મા કહે છે. ખરેખર આત્મા જ એ છે. આહાહા..! એક સમયની પર્યાય વ્યવહાર આત્મા છે. સમજાય છે કાંઈ?

ખરેખર સત્યાર્થ ભૂતાર્થ સત્ સત્‌રૂપ એકરૂપ સત્ ધ્રુવ, એકરૂપ સત્ ધ્રુવનું અવલોકન કરવાથી, તેને જોવાથી સમ્યગ્દૃષ્ટિ થાય છે. '**સમ્યગ્દૃષ્ટિ છે...**' એ વિના સમ્યગ્દૃષ્ટિ થતો નથી. આ તો હજી ચોથા ગુણસ્થાનની વાત કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભગવાન એકરૂપ સચ્ચિદાનંદ પ્રભુ, એમાં ત્રણ ભેદ પણ નહિ. છે, જ્ઞાન છે અને આનંદ છે, અનંત ગુણ છે એમ નહિ. એકરૂપને જ સત્ કહ્યું. તેને જ વસ્તુ કહી, તેને જ આત્મા કહ્યો, તે જ યથાર્થ સત્ય જગતનો આત્મા એને કહે છે. તેનું સમ્યક્ અવલોકન કરવાથી. કારણ કે પૂર્ણ સ્વરૂપ ભગવાન આત્મા ઉપર લક્ષ હોવાથી તેનાથી સમ્યક્ આત્મા જેવો છે, પૂર્ણ જેવો છે, અભેદ જેવો છે, અખંડ જેવો છે, એકરૂપ જેવો છે તેનું અવલોકન કર્યું. સમજાય છે કાંઈ? '**સમ્યગ્દૃષ્ટિ છે...**' લો, આ સમ્યગ્દૃષ્ટિ છે. ઓહો..! અહીં તો દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા કરો સમકિતદૃષ્ટિ છે, નવ તત્ત્વની (શ્રદ્ધા સમ્યગ્દૃષ્ટિ). આહાહા..! લાલચંદજી!

ભગવાન આત્મા... લક્ષ કરનારી પર્યાય છે પણ જેની ઉપર લક્ષ કરવું છે તે એકલો

સામાન્ય ધ્રુવ છે. '**पश्यन्तः**' છે તે પર્યાય છે. '**पश्यन्तः**' કોને '**पश्यन्तः**' કરે છે? સામાન્ય ધ્રુવને. એ દ્રવ્ય છે. સમજાય છે કાંઈ? એકરૂપ ભગવાન આત્મા એ દ્રવ્ય છે. '**पश्यन्तः**' એ પર્યાય છે. પણ એ '**पश्यन्तः**' એને દેખે છે. આત્મા ખરેખર ભૂતાર્થ છે, સત્યાર્થ છે, એક છે તે જ સત્ય છે, તે જ સત્ય છે. પર્યાય, રાગ બધું અસત્ય છે. પછી ખુલાસો કરશે પાછો, હોં! સર્વથા અસત્ય છે એમ નહિ. પર્યાયમાં પર્યાય છે. પર્યાયમાં પર્યાય છે. પર્યાય વિષય કોને કરે? જો પર્યાય ન હોય તો દ્રવ્યને વિષય કરે કોણ? આનંદનો અનુભવ કોણ કરે? અનુભવ કાંઈ દ્રવ્યનો નથી થતો, અનુભવ પર્યાયનો થાય છે. ત્રણે કાળમાં. સંસારદશામાં પણ વિકારી પર્યાયનો અનુભવ, મોક્ષમાર્ગમાં કંઈક અવિકારી અને કંઈક વિકારી, મોક્ષમાં એકલી અવિકારી પર્યાયનો અનુભવ થાય છે. દ્રવ્યનો અને ગુણનો અનુભવ થતો નથી. દ્રવ્ય-ગુણ તો ધ્રુવ છે. સમજાય છે કાંઈ? ઓહોહો..!

સમ્યક્ '**આશ્રય કરે છે તેઓ જ...**' તેઓ જ, એમ છે ને? '**त एव**' '**तदत्र ये भूतार्थमाश्रयन्ति त एव**'. જે ભગવાન સ્વરૂપ પ્રભુ સામાન્ય એકરૂપ આત્મા અભેદ એકરૂપ પ્રભુ તેને જ અહીંયાં સત્ કહેવામાં આવે છે. તે જ જગતનો આત્મા સત્ આત્મા છે. એમ બધા આત્માનો ધ્રુવ સ્વભાવ તે જ સત્ આત્મા છે. તે અપેક્ષાથી પર્યાય અને રાગ પણ અસત્ કહીને વ્યવહારનયના વિષયમાં નાખીને તેને અસત્યાર્થ કહી દીધું. એ ત્રિકાળ સત્‌ની અપેક્ષાથી. સમજાય છે કાંઈ? આહાહા..! '**બીજા સમ્યગ્દષ્ટિ નથી.**' પાઠ તો એટલો છે. પછી થોડો ખુલાસો (કર્યો). '**(જેઓ અશુદ્ધનયનો સર્વથા આશ્રય કરે છે તેઓ)**' અર્થાત્ પર્યાય લક્ષમાં લઈને, પર્યાય છે પણ આશ્રય કરવા લાયક દ્રવ્ય છે. એમ લક્ષ કરીને દ્રવ્યનો આશ્રય કરે છે તે યથાર્થ જોવે છે. પણ પર્યાય છે જ નહિ એમ છોડીને દ્રવ્યનો આશ્રય કરે તો કોણ દ્રવ્યનો આશ્રય કરે? અશુદ્ધનયનો સર્વથા આશ્રય લ્યે છે અર્થાત્ એક સમયની દશાનો જ સર્વથા (અર્થાત્) તે જ આત્મા છે, રાગ જ આત્મા છે, એક સમયની અવસ્થા જ આત્મા, એક સમયની દશા જ આત્મા એમ જે લક્ષમાં લ્યે છે તે સમ્યગ્દષ્ટિ નથી. સમજાય છે કાંઈ? અનેકાંત કર્યું. '**पश्यन्तः सम्यग्दृष्टयो भवन्ति, न पुनरन्ये**' નથી. જો એકલી ભગવાન આત્માની પર્યાય અવસ્થાનો-હાલતનો આશ્રય કરે છે, આશ્રય-લક્ષ કરે છે તો એ ભેદનો-અશુદ્ધનયનો આશ્રય કરે છે તે સમ્યગ્દષ્ટિ નથી, મિથ્યાદષ્ટિ છે. ઓહો..! શ્રીનંદનજી! બહુ ઝીણી વાત છે. પણ આ બધા શેઠિયાઓ આવે ને સાંભળે તો ખબર પડે કે નહિ. ન્યાં છેટે છેટે (રહીને) આમ છે ને તેમ છે એમ કરીને ઉડાવી દે છે. એઈ..! તારાચંદજી! પણ અહીં આવીને પંદર દિ' રહે, સાંભળે, શું છે શું નહિ (સમજે તો ખબર પડે).

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વ્યવહારથી લાભ થાય છે એમ ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. વ્યવહાર નથી એમ નથી. વ્યવહાર નથી એમ નથી, વ્યવહાર છે.

મુમુક્ષુ :- વ્યવહારથી લાભ હતો.

ઉત્તર :- લાભ ધૂળમાંય નહોતો. તેથી તો આ ચાલ્યું છે.

મુમુક્ષુ :- અમે કરીએ છીએ એ બરાબર કરીએ છીએ અને આપ અમારી ભૂલ કાઢવા આવ્યા.

ઉત્તર :- માણસ બુદ્ધિવાળો છે કે નહિ? કંઈક તુલના કરશે કે નહિ કે શું સત્ય છે? કેમ તારાચંદજી! તારાચંદજી તો ઘણો પ્રમોદ વ્યક્ત કરે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાન સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકર પરમેશ્વર, એમની દિવ્યધ્વનિમાં, દિવ્યધ્વનિમાં-પ્રધાન અવાજમાં આવ્યું તે જ મુનિ પોતાનો અનુભવ કરીને કહે છે. સમજાય છે કાંઈ? સાક્ષાત્ 'કુંદકુંદાચાર્ય' પ્રભુ લગભગ સંવત ૪૯માં ત્યાં ભગવાન પાસે ગયા હતા. સાક્ષાત્ પરમાત્મા બિરાજે છે. ઓહો..! સમજાય છે કાંઈ? ત્યાં બિરાજે છે, એ ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા. મુનિ હતા, ભાવલિંગી સંત હતા. ત્યાં નહોતા ગયા તોય ભાવલિંગી સંત હતા. સમજાય છે કાંઈ? પણ એવા કોઈ પુણ્યનો યોગ અને પવિત્રતા, બેયનો યોગ 'કુંદકુંદાચાર્ય'ને (બની ગયો કે) સાક્ષાત્ ભગવાનના (દર્શન થયા). ભરતક્ષેત્રમાં જન્મ અને મહાવિદેહ ક્ષેત્રની જાત્રા! આહાહા..! સમજાય છે કાંઈ? એવા ભગવાન પાસે રહીને સમવસરણમાં આઠ દિવસ રહીને ભગવાનની સમીપ સાંભળીને કેટલાક શ્રુતકેવળીઓ મહારાજ શ્રુતકેવળીઓ સંતો બિરાજતા હતા તેમની પાસે કેટલુંક સમાધન કરીને અહીં આવ્યા. આહાહા..! સમજાય છે કાંઈ? અને આ ગાથા, ગાથા, ગાથા અમૃતની ધારા વહાવી. પોન્નુર હિલ. પોન્નુર હિલ ને? પોન્નુર હિલ-સોનાની ટેકરી કહે છે ત્યાં. મદ્રાસથી એંસી માઈલ આ બાજુ છે. વંદેવાસ નાનું ગામ છે. લગભગ દસ હજારની વસ્તી છે. ત્યાંથી પાંચ માઈલ દૂર પોન્નુર હિલ છે. ત્યાં ભગવાન 'કુંદકુંદાચાર્ય' મહારાજ બિરાજતા હતા. ત્યાં ધ્યાનમાં રહેતા હતા. ત્યાં વિચાર કરતા કરતા કરતા..

અહો! સીમંધરનાથના વિરહા પડ્યા આ ભરતમાં
અરેરે..! સીમંધરનાથના વિરહા પડ્યા આ ભરતમાં..

અંદરમાં ધ્યાન કરતાં ભગવાનને વંદન કર્યા. ભગવાને કહ્યું, સત્ ધર્મ વૃદ્ધિ હો! દિવ્યધ્વનિમાં અવાજ આવ્યો, સત્ ધર્મ વૃદ્ધિ હો! 'કુંદકુંદાચાર્ય' ભગવાન પાસે ગયા. ત્રણ કાળ ત્રણ લોકમાં સર્વજ્ઞે કહેલું એ તત્ત્વ છે. સમજાય છે કાંઈ? ત્યાંથી લાવીને અહીંયા શાસ્ત્ર બનાવ્યા. ૧૧મી ગાથામાં પોકાર કરે છે. ભગવાન આમ કહે છે. સમજાય છે કાંઈ?

જે કોઈ એક સમયમાં પરમાત્મા પોતાનું શુદ્ધ ધ્રુવ સ્વરૂપ, પર્યાયનું લક્ષ પણ નહિ, ગુણભેદનું પણ લક્ષ નહિ એવા ભગવાન આત્માને '**पश्यन्तः**' જોવે છે તે યથાર્થ સમ્યગ્દૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? એકલા ગુણભેદને, પર્યાયને, રાગને, નિમિત્તને, અશુદ્ધનયના વિષયનો આશ્રય લે છે તે સમ્યગ્દૃષ્ટિ નથી. સર્વથા કેમ લીધું છે? કે પોતાના સ્વરૂપમાં દૃષ્ટિ થઈને

પર્યાય છે તેનું જ્ઞાન કરે છે તો એનો સર્વથા આશ્રય છે એમ કહ્યું નહિ. આશ્રય નથી. પણ છે એમ જાણવું. પણ વસ્તુમાં એ પર્યાય નથી, અશુદ્ધનયનો વિષય વસ્તુમાં નથી. એવી દૃષ્ટિ અંદર ધ્રુવ ચિદાનંદ ભગવાનની '**पश्यन्तः**' વિના સમ્યગ્દૃષ્ટિ થાય નહિ. એકલા ગુણભેદને જોવે, એકલી પર્યાયને-એક સમયની દશાને જોવે.. સમજાણું? એ અશુદ્ધનયને જોવે તો એકાંત મિથ્યાદૃષ્ટિ છે. લક્ષ કરીને સ્વભાવને જોવે તો પર્યાય છે ખરી, નથી એમ નહિ, અશુદ્ધનયનો વિષય છે પણ એનો આશ્રય, લક્ષ છોડીને એકલો અભેદ ચિદાનંદ ભગવાનને '**पश्यन्तः**' દ્રવ્યને '**पश्यन्तः**'. '**पश्यन्तः**' છે પર્યાય, (પણ એ) દ્રવ્યને જોવે છે, સામાન્ય ધ્રુવને જોવે છે. તે સમ્યગ્દૃષ્ટિ છે, બીજા સમ્યગ્દૃષ્ટિ નથી. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો.' 'છ ઢાળા'માં 'દૌલતરામજી'એ લીધું છે ને? પરદ્રવ્યથી ભિન્ન, આવે છે ને? 'પરદ્રવ્યથી ભિન્ન રુચિ સમ્યક્ ભલા હૈ.' આ રુચિ, હોં! કેમકે પરદ્રવ્યથી ભિન્ન જ્યારે લક્ષ છૂટી ગયું તો પોતાના અભેદ સ્વભાવનો અનુભવ થયો. સમજાય છે કાંઈ? ઓ..હો..!

'**માટે કર્મથી ભિન્ન આત્માના દેખનારાઓએ વ્યવહારનય અનુસરવા યોગ્ય નથી.**' લ્યો, સરવાળો. .. જાણવો એ બારમી ગાથામાં આવશે. છે ખરી, પણ અનુસરવું નહિ. પર્યાયને અનુસરવું નહિ. રાગને અનુસરવું નહિ, અનુકરણ કરવું નહિ. અનુકરણ ભગવાન દ્રવ્ય તરફનું કરવું. ઓ..હો..હો..! કર્મોથી એક જોનારને તો આત્મા તિરોભૂત થઈને વિકારનો અનુભવ કરે છે. કર્મથી ભિન્ન આત્મા જોનારને.. પેલામાં અભિન્ન લેવું. ભાઈ! કર્મથી અભિન્ન આત્મા જોનારને. અભિન્ન એટલે એક. એ અશુદ્ધનયનો વિષય થયો, કર્મથી આત્મા એક છે, વિકાર અને સ્વભાવ દ્રવ્ય એક છે એવો અનુભવ કરનાર મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? પણ કર્મથી ભિન્ન, (અન્ય) દ્રવ્યથી ભિન્ન પોતાના દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ થઈ તો પર્યાયમાં નિર્મળ દશા થઈ. આમ જોનારને વ્યવહારનય અનુસરણ કરવા લાયક નથી. લ્યો, અહીં કહે કે, વ્યવહાર મોક્ષમાર્ગ એ પણ અનુસરણ કરવા લાયક છે. આહાહા..!

મુમુક્ષુ :- આઠમાથી..

ઉત્તર :- અરે..! ચોથાથી. આઠમાની ક્યાં વાત છે. પ્રશ્નનો જવાબ આવી ગયો. શું પૂછ્યું હતું?

વ્યવહારનય પરમાર્થનો પ્રતિપાદક છે તો એ વ્યવહારનયનું કેમ અનુસરણ ન કરવું? અંગીકાર કેમ ન કરવો? પ્રતિપાદક છે તો ત્યાં લક્ષ જાય છે પણ એનું અનુસરણ કરવું નહિ. એક અભેદને બતાવે છે, અભેદને બતાવે છે, ભેદને નહિ. એનું અનુસરણ કરવું નહિ. સમજાય છે કાંઈ? આ વળી આવી ગયા ને? માંડ આવ્યા, કેટલા દિ'એ. આ બધા કેટલા દિ'થી આવ્યા છે, જુઓને! બહારથી. હવે ભાવાર્થ જુઓ. ભાવાર્થ કેટલો સરસ કર્યો છે.

**ભાવાર્થ :- 'અહીં વ્યવહારનયને અભૂતાર્થ...'** જુઓ! અહીં વ્યવહારનયને જૂઠી-પર્યાયને જૂઠી કીધી. શું કહ્યું? એક દ્રવ્યમાં પર્યાય જૂઠી, પર્યાય અસત્ય. વ્યવહારનયને અભૂતાર્થ,

અસત્યાર્થ અથવા જૂઠો કહ્યો. અને શુદ્ધનયને સાચી કહી, ભૂતાર્થ કહી. ભૂતાર્થ ત્રિકાળ એકરૂપ તે સત્ય. અને પર્યાય તે જૂઠ છે એમ અહીંયાં કહ્યું છે. સમજાય છે કાંઈ? એનો આશય બતાવે છે, હોં! અજ્ઞાનીને એકાંત ન થઈ જાય કે પર્યાયમાં પર્યાય છે જ નહિ. એ તો દ્રવ્યની દૃષ્ટિ કરવાથી દ્રવ્યમાં પર્યાય નથી. પણ પર્યાય છે જ નહિ (એમ નહિ). પાઠ તો એમ લીધો કે વ્યવહાર જૂઠો છે. અર્થાત્ એક સમયની આત્મદ્રવ્યમાં અવસ્થા જૂઠી છે. એમ અહીંયાં કહ્યું. એક સમયની અવસ્થા આત્મામાં અસત્ય છે, અભૂતાર્થ છે, જૂઠી છે.

**'અને શુદ્ધનય ભૂતાર્થ કહ્યો છે.'** સાંભળો! પહેલો શબ્દ. એકરૂપ દ્રવ્ય સ્વભાવને જ સત્ય કહ્યું. ધ્રુવ ધ્રુવને સત્ય કહ્યું, પર્યાયને અસત્ય કહ્યું. ધ્રુવને ભૂતાર્થ કહ્યું, પર્યાયને અભૂતાર્થ કહ્યું. ધ્રુવને સત્ય કહ્યું, પર્યાયને અસત્ય કહ્યું. સમજાય છે કાંઈ? **'જેનો વિષય...'** હવે જુઓ. **'જેનો વિષય વિદ્યમાન ન હોય...'** વિદ્યમાન ન હોય. **'અસત્યાર્થ હોય, તેને અભૂતાર્થ કહે છે.'** જેનો વિષય જગતમાં છે જ નહિ અને જૂઠો હોય તેને અભૂતાર્થ કહે છે. **'વ્યવહારનયને અભૂતાર્થ કહેવાનો આશય એવો છે કે–શુદ્ધનયનો વિષય અભેદ એકાકારરૂપ નિત્ય દ્રવ્ય છે,...'** જુઓ, હવે. સમજાય છે કાંઈ? વ્યવહાનયને જૂઠી કહેવાનો આશય, વ્યવહારનયને અસત્ય કહેવાનો આશય, વ્યવહારનયને અભૂતાર્થ કહેવાનો વિષય, વ્યવહારનયનો વિષય છે જ નહિ એમ કહેવાનો આશય.. સમજાય છે કાંઈ? આહાહા..! વ્યવહારનયને.. ધીમેથી સમજવું, હોં! અહીંયાં ઉતાવળ નથી. અહીં કથા–બથા નથી, અહીં તો આત્માની વાત છે ને. એકદમ ન સમજાય તો ધીમે ધીમે એનું મનન કરીને ખ્યાલમાં લેવું.

ભગવાન આત્મા પરમાત્માએ એમ કહ્યું કે વ્યવહાર તો અભૂતાર્થ છે, પ્રભુ! અભૂતાર્થનો અર્થ જેનો વિષય જગતમાં છે જ નહિ, જેના વિષયભૂત વસ્તુ જગતમાં છે જ નહિ, તેને અસત્યાર્થ અને જૂઠું કહે છે. (અભૂતાર્થ) **'કહેવાનો આશય એવો છે કે–શુદ્ધનયનો વિષય...'** અહીં ભેદ પાડ્યો, હોં! ભેદ પાડ્યો. પાઠમાં એક હતું, ભાઈ! અહીં સમજાવવું છે. પેલો વ્યવહારનો વિષય અને નિશ્ચયનો વિષય બતાવવા (ભેદ પાડીને કહ્યું છે). **'શુદ્ધનયનો વિષય અભેદ એકાકારરૂપ...'** વસ્તુ એકરૂપ. ગુણભેદ નહિ, પર્યાયભેદ નહિ. **'નિત્ય દ્રવ્ય છે,...'** ધ્રુવ નિત્ય દ્રવ્ય તે શુદ્ધનયનો વિષય છે. સમજાય છે કાંઈ? એમાં પર્યાય નથી આવતી. એક સમયની પર્યાયને અહીં જૂઠી કહી. સમજાય છે કાંઈ? **'શુદ્ધનયનો વિષય...'** લક્ષ અભેદ એકરૂપ અભેદ એકાકાર, એક સ્વરૂપે (જેમાં) પર્યાયનો ભેદ નહિ એવું નિત્ય દ્રવ્ય છે. શુદ્ધનયનો વિષય નિત્ય દ્રવ્ય છે. પર્યાય નહિ, રાગ નહિ, ગુણભેદ નહિ, નિમિત્ત નહિ. સમજાય છે કાંઈ?

**'તેની દૃષ્ટિમાં...'** સમ્યગ્દર્શનનો વિષય અભેદ, શુદ્ધનયનો વિષય અભેદ એકાકારસ્વરૂપ નિત્ય દ્રવ્ય, નિત્ય વસ્તુ, નિત્ય ધ્રુવ છે. **'તેની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી;...'** ભેદ દેખાય નહિ. અંતરમાં અનંત ગુણ છે, છતાં એકાકાર દૃષ્ટિ છે, એકરૂપ દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી.

સમજાય છે કાંઈ? નિત્ય દ્રવ્ય છે, અનંત ગુણ છે. પણ અભેદ દૃષ્ટિ શુદ્ધનયની દૃષ્ટિ તો એકરૂપ ઉપર છે. અભેદનું લક્ષ કરવાવાળા સમ્યગ્દૃષ્ટિને, શુદ્ધનયને વિષય કરનાર, નિત્ય દ્રવ્ય જોનારને ભેદ દેખાતો નથી. સમજાય છે કાંઈ? એકાકાર દૃષ્ટિ થાય તેનું નામ નિત્ય દ્રવ્ય શુદ્ધનયનો વિષય કહેવામાં આવે છે. '**તેની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી; માટે તેની દૃષ્ટિમાં ભેદ અવિદ્યમાન,...**' છે. આ અપેક્ષાથી ગુણભેદ, પર્યાય, રાગ બધું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? સમજાય છે કે નહિ આ? પ્રોફેસર છે પણ હવે...

'**તેની દૃષ્ટિમાં...**' ભેદ અવિદ્યમાન છે. ભેદનો અર્થ શું? કે ગુણ-ગુણી ભેદ જૂઠો છે. પર્યાય જૂઠી છે, રાગ જૂઠો છે, નિમિત્ત પણ જૂઠું છે. આહાહા..! '**અવિદ્યમાન, અસત્યાર્થ કહેવો જોઈએ.**' ત્રિકાળ દ્રવ્ય નિત્ય દ્રવ્યની દૃષ્ટિની અપેક્ષાથી ગુણભેદને, પર્યાયને,.. સમજાણું? રાગને અસત્યાર્થ-છે જ નહિ, વિદ્યમાન જ નથી, એની હયાતી જ નથી, ભેદની હયાતી નથી, અભેદમાં ભેદની હયાતી નથી, અભેદ દૃષ્ટિમાં પર્યાયની હયાતી નથી, અભેદ દૃષ્ટિમાં રાગની હયાતી નથી. ભેદ જોવાથી તો વ્યવહાર થઈ ગયો, વિકલ્પ થઈ ગયો. રાગ જ ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? ઓહો..હો..! '**અસત્યાર્થ જ કહેવો જોઈએ.**' ખુલાસો પણ બહુ સરસ! ગાથામાં કોઈ એકાંત ન લઈ જાય, વેદાંત ન થઈ જાય કે આ વેદાંત કહે છે કે આત્મા એક જ છે, ક્ષેત્ર વ્યાપક છે, પર્યાય છે જ નહિ, અશુદ્ધતા છે જ નહિ એમ નહિ. એ દૃષ્ટિનો અને શુદ્ધનયનો વિષય નહિ. માટે તેને અસત્યાર્થ (કહ્યો). ચંદુભાઈ! શરૂઆત છે ને, હળવી શરૂઆત છે. એક અભેદ, એક અભેદ, એક અભેદ... એમ નથી. આ તો બીજી રીતે કહ્યું.

'**તેની દૃષ્ટિમાં...**' કોની દૃષ્ટિમાં? શુદ્ધનયની દૃષ્ટિમાં '**ભેદ દેખાતો નથી; માટે તેની દૃષ્ટિમાં ભેદ...**' નથી. ભેદ છે જ નહિ. ભેદ જૂઠો જ કહેવો જોઈએ, ભેદ અસત્ય જ કહેવો જોઈએ. '**એમ ન સમજવું કે ભેદરૂપ કાંઈ વસ્તુ જ નથી.**' હવે ખુલાસો કરે છે. શુદ્ધનયનો વિષય, સમ્યગ્દર્શનનો વિષય તો નિત્ય દ્રવ્ય અભેદ એક જ છે. પણ પર્યાય છે નહિ, અનંતગુણરૂપ એક દ્રવ્યમાં અનંત ગુણ છે જ નહિ, રાગ છે જ નહિ એમ નહિ. સમજાય છે કાંઈ? '**એમ ન સમજવું કે ભેદરૂપ કાંઈ વસ્તુ જ નથી.**' વસ્તુ છે જ નહિ. ગુણી એકરૂપની દૃષ્ટિમાં ગુણ અંદરમાં હોવા છતાં ગુણ છે જ નહિ એવો એકાંત નથી. પર્યાયનયનો વિષય ભેદ છે, પર્યાયનો વિષય ભેદ છે. નિશ્ચયનયની દૃષ્ટિમાં ભેદ છે જ નહિ, અવિદ્યમાન, જૂઠો છે ભેદ.

'**જો એમ માનવામાં આવે તો તો જેમ વેદાંતમતવાળા...**' આ બહુ સમજવાની વસ્તુ છે. કારણ કે ભગવાન 'કુંદકુંદાચાર્યે' તો એમ પણ કહ્યું કે એક સત્ દ્રવ્ય તે જ સત્ છે. પર્યાય-ફર્યાય અસત્ છે એમ અહીં તો કહી દીધું. સમજાય છે કાંઈ? વસ્તુ એકરૂપ ત્રિકાળ ધ્રુવ એકરૂપ સામાન્ય તે જ સત્ય છે એમ કહ્યું. એની પર્યાય, અનંત ગુણ અંદર

છે તેનો પણ અભાવ થઈ જાય છે. સમજાય છે કાંઈ? '**વેદાંતમતવાળાઓ ભેદરૂપ અનિત્યને દેખી...**' જુઓ! અનંત ગુણ અને એક સમયની પર્યાય એ છે જ નહિ. એમ '**અનિત્યને દેખી...**' અનિત્યને દેખી, પર્યાયને દેખી '**અવસ્તુ...**' પર્યાયને અવસ્તુ કહે છે. વેદાંત એક સમયની પર્યાયને અવસ્તુ કહે છે. નિત્યને જ વસ્તુ કહે છે. સમજાય છે કાંઈ? નિત્ય દ્રવ્યને જ વસ્તુ કહે છે, પર્યાયને અવસ્તુ કહે છે. જે એકાંત શુદ્ધનયનો વિષય દ્રવ્ય છે અને વસ્તુમાં પર્યાયનયથી પર્યાય છે જ નહિ એમ કરવા જશે તો પર્યાય અવસ્તુ થઈ જશે, વેદાંત કહે છે તેમ, પણ એમ છે નહિ. સમજાય છે કાંઈ?

'**જો એમ માનવામાં આવે તો વેદાંતમતવાળા ભેદરૂપ અનિત્યને...**' માયા કહે છે એ. માયા-યામા. યા-તે, મા-નહિ. ચંદુભાઈ! એ પર્યાય ને અનેક દ્રવ્ય ને એક દ્રવ્યમાં અનંત ગુણ ને અનંત દ્રવ્ય એ બધું છે જ નહિ, બધું માયા છે એમ કહે છે. યામા- તે નહિ, તે નહિ, તે નહિ, તે નહિ. મા-નહિ.. નહિ.. નહિ.. એમ નથી. સમજાય છે કાંઈ? '**અનિત્યને દેખી અવસ્તુ માયાસ્વરૂપ કહે છે...**' 'પરમાત્મ પ્રકાશ'માં માયાજાળ લીધી. સ્ત્રી, કુટુંબ, પરિવાર બધું માયાજાળ છે, માયાજાળ છે. માયાજાળ પણ વસ્તુ છે કે નહિ? ભગવાન આત્મા એક ધ્રુવને જ સત્ કહ્યો. એ જ સત્ય છે, બાકી અસત્ય છે એમ કહ્યું. એક સાચું છે, બાકી બધું ખોટું છે એમ કહ્યું. તો એનો આશય એકાંત વસ્તુ કોઈ છે જ નહિ, પર્યાય જગતમાં છે જ નહિ, વ્યવહારનયનો વિષય પર્યાય નથી, વ્યવહારનયનો વિષય પર્યાય છે જ નહિ, રાગ છે જ નહિ, નિમિત્ત છે જ નહિ-એમ માનનાર વેદાંતની જેમ અનિત્ય દેખી અવસ્તુ માયાસ્વરૂપ કહે છે. એ તો અવસ્તુ છે.

હવે જરી પાંચ બોલમાં જુઓ! પાંચ બોલમાં ખુબી છે. એ લોકો સર્વવ્યાપક કહે છે. દ્રવ્યને ક્ષેત્રથી વ્યાપેલો (કહે છે). સર્વવ્યાપક કહે છે તો એમ નથી. જો એકલા ભૂતાર્થને સત્ય કહો અને પર્યાય છે જ નહિ કહો તો અનિત્યને માયાજાળ કહીને ઊડાવી દે છે. આત્મા સર્વવ્યાપક-ક્ષેત્રથી સર્વવ્યાપક થઈ જશે. સમજાય છે કાંઈ? એક, દ્રવ્યથી એક જ છે એમ કહે છે. વસ્તુથી એક જ આત્મા કહે છે. સમજાય છે કાંઈ? કઈ અપેક્ષાથી એક કહે છે? પહેલા એક જ્ઞાયકભાવ આવ્યું ને? વસ્તુ પોતાની એકરૂપ છે એ અપેક્ષાથી એક છે. બધા દ્રવ્ય એક છે એમ નહિ. બધા આત્મા એક છે એમ નહિ. માટે ખુલાસો કર્યો છે. સમજાય છે કાંઈ? સર્વવ્યાપક (કહે છે). આત્મા આટલામાં રહે? અરે..! એ તો ખંડ થઈ ગયો. નહિ, નહિ. શરીર પ્રમાણે અખંડ ગુણનો પિંડ પ્રભુ શરીર પ્રમાણે રહે છે. અને એને ધ્યાન કરવું હોય તો આમ કરે છે. આમ (બહાર જોઈને) કરે છે? આમ કરે છે. સર્વવ્યાપક હોય તો આમ કરે તો એકાગ્ર થાય. જેટલા ક્ષેત્રમાં છે તો એનું ક્ષેત્ર એટલું છે એમ સિદ્ધ કરે છે. સમજાય છે કાંઈ? પણ બે માનવા અને લાંબું માનવું હોય તો એ તો માનતા નથી. આટલો ટૂંકો (શરીર પ્રમાણ) માનતા નથી. નહિ, સર્વવ્યાપક હોય

તે વસ્તુ છે. એમ નથી. સમજાય છે કાંઈ? પોતાનો અનુભવ આટલા ક્ષેત્રમાં દેખાય છે. અનંત ગુણનો પિંડ એમાં એકાગ્રતા થવાથી, આટલા ક્ષેત્રમાં એકાગ્ર થવાથી, જેટલામાં છે તેટલામાં એકાગ્ર થવાથી, તો આત્મા એટલા ક્ષેત્રમાં છે. સર્વવ્યાપક ક્ષેત્રમાં નથી. સમજાય છે કાંઈ?

એ એક કહે છે, સર્વથા એક જ દ્રવ્ય છે એમ નહિ. અનંત દ્રવ્ય છે. અનંત આત્મા છે ત્રિકાળ. અનંત રજકણ છે ત્રિકાળ. અહીં તો પાઠમાં એ કહ્યું, એક આત્મા ભૂત ધ્રુવ જ સત્ય છે, બાકી બધું અસત્ય કહી દીધું. એ પર્યાયનયના વિષયને ત્રિકાળની અપેક્ષાથી અસત્ય કહ્યું. પણ પર્યાયનયનો વિષય છે જ નહિ જગતમાં, ભેદ છે જ નહિ જગતમાં- એમ નથી. પણ ભેદ અને પર્યાયનયના આશ્રયથી લાભ થાય છે, એમ પણ નથી. આરે..! ભારે વાત, ભાઈ! સમજાય છે કાંઈ? બે બોલ આવ્યા. સર્વવ્યાપક થઈ જશે. એક જ સત્ કહેશો, એક જ સત્ કહેશો તો સર્વવ્યાપક ક્ષેત્ર થઈ જશે. એક જ સત્ કહેશો તો દ્રવ્ય એક જ થઈ જશે, દ્રવ્ય અનંત નહિ રહે. અભેદ એક જ કહેશો તો અનંત ગુણ આત્મામાં છે તે ગુણ નહિ રહે. અનંત ગુણ આત્મામાં છે, અનંતાનંત ગુણ છે. અનંતાનંત ગુણ છે. એક જ લેશો એકાંતથી અને અનંતાનંત ગુણ છે જ નહિ, ભેદરૂપ વ્યવહારનયનો વિષય છે જ નહિ (એમ લેશો) તો આત્મા અનંત ગુણરૂપ છે એ સિદ્ધ નહિ થાય. ઈ અભેદ કહે છે. ગુણ અને ગુણી એવું કાંઈ છે જ નહિ. તો ગુણ નહિ રહે. સમજાય છે કાંઈ? અને અનિત્ય પર્યાય નહિ માને તો એકલો નિત્ય રહેશે. સર્વવ્યાપક નિત્ય થઈ ગયો. ક્ષેત્રથી સર્વવ્યાપક, દ્રવ્યથી એક, ગુણથી એકરૂપ અભેદ અને પર્યાયરહિત એણે નિત્ય માન્યું. નિત્ય, નિત્ય માન્યું. પર્યાય નિકળી ગઈ. પર્યાય છે જ નહિ એમ માને છે. પર્યાય નથી એમ નહિ. સમજાય છે કાંઈ? પર્યાય છે. શુદ્ધનયનો વિષય નથી. સમજાય છે કાંઈ? દ્રવ્યદૃષ્ટિનો વિષય નથી. સામાન્યના વિષયમાં એ પર્યાય આવતી નથી. પણ પર્યાય પર્યાયમાં નથી (એમ માનવાથી) એકાંત થઈ જશે, મિથ્યાદૃષ્ટિ થઈ જશે. અને શુદ્ધ. કેટલા શબ્દ લીધા છે? એક, બે, ત્રણ, ચાર અને પાંચ.

સર્વવ્યાપકમાં ક્ષેત્ર આવી ગયું. એક જ સત્ય છે એમ કહો તો સર્વવ્યાપક થઈ જશે, ક્ષેત્ર એક થઈ જશે. એક જ સત્ કહો તો દ્રવ્ય એક થઈ જશે. એક જ સત્ કહો તો અનંત ગુણ નહિ રહે. દ્રવ્ય એકલું રહેશે, અનંત ગુણ નહિ રહે. એક જ સત્ કહો તો નિત્ય જ રહેશે, પર્યાય નહિ રહે. અને શુદ્ધનય એક જ રહેશે, અશુદ્ધ પર્યાય નહિ રહે. સમજાય છે કાંઈ? ભારે ઝીણું, ભાઈ! કેટલું સરસ કીધું. અહીં તો કહ્યું ને? ભાઈ! '**અનિત્યને દેખી...**' પર્યાય છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- બધું. શુદ્ધ અને અશુદ્ધ પર્યાય બધી અનિત્ય, બધી અનિત્ય. પર્યાય શુદ્ધ,

અશુદ્ધ બધી અનિત્ય. સમજાય છે કાંઈ? પર્યાયને જ અનિત્ય કહે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ક્યાં ના પાડી? ક્યારે ના પાડી? એ તો દ્રવ્યમાં નથી એમ ના પાડી. બાબુલાલજી! દ્રવ્યમાં પર્યાય છે? દ્રવ્યમાં પર્યાય હોય તો વિષય કરનાર કોણ રહ્યું? સમજાય છે કાંઈ? આ દ્રવ્ય છે તેનું ચિંતવન કરનાર કોણ રહ્યું? આ દ્રવ્ય છે એવી દૃષ્ટિ કરનાર કોણ રહ્યું? પર્યાય એમાં ઘૂસી ગઈ તો ચિંતવન કરનાર કોણ રહ્યું? ઈ કહે છે. દ્રવ્યમાં પર્યાય છે જ નહિ. સમજાય છે કાંઈ?

પાંચ બોલ લીધા. ગાથામાં વ્યવહાર અસત્યાર્થ છે એમ કહ્યું છે, એમ સર્વથા માની લેશે... તો દ્રવ્યની અપેક્ષાથી પર્યાયને જૂઠી કહી. દ્રવ્યની અપેક્ષાથી ગુણભેદને જૂઠા કહ્યા. દ્રવ્યની અપેક્ષાથી રાગ નથી એમ કહ્યું. નિજ દ્રવ્યની અપેક્ષાથી બીજા નિમિત્ત પણ નથી એમ કહ્યું. નિમિત્ત નામ બીજા દ્રવ્ય જ નથી એમ. સમજાય છે કાંઈ? એ તો ત્રિકાળ જ્ઞાયકભાવની દૃષ્ટિ કરાવવા પર્યાયને ગૌણ કરીને, વ્યવહારનયના વિષયને ગૌણ કરીને મુખ્ય દ્રવ્યને મુખ્ય કરીને નિશ્ચય કહીને તેનો આશ્રય કરાવ્યો છે. સમજાય છે કાંઈ? સર્વથા અસત્ય જે ગાથામાં કહ્યું કે વ્યવહાર અભૂતાર્થ છે. એમ એકાંત લઈ જશે તો તો વેદાંત જે સર્વવ્યાપક કહે છે, ક્ષેત્રમાં ભેદ નથી કહેતું કે આટલો આત્મા આટલામાં રહે છે અને બીજો આટલામાં રહે છે અને ત્રીજો આટલામાં રહે છે. એવો ભેદ થયો તો એની દૃષ્ટિમાં વ્યવહાર થઈ ગયો. સમજાય છે કાંઈ? એમ નથી. એક જ દ્રવ્ય છે એમ નથી. ભૂતાર્થની અપેક્ષાથી એક જ દ્રવ્ય રહેશે. બે દ્રવ્ય તો વ્યવહાર થઈ ગયો. બે દ્રવ્ય, અનંત દ્રવ્ય તો વ્યવહાર થઈ ગયો. એમ નહિ. એક દ્રવ્યની અપેક્ષાથી બધો વ્યવહાર અવસ્તુ છે. આખો લોક પોતાની અપેક્ષાથી છે જ નહિ. સમજાય છે કાંઈ?

એ મોટી ચર્ચા (સંવત) ૧૯૮૫માં થઈ હતી. વિરજીભાઈ સાથે. નારણભાઈએ દીક્ષા લીધી ને. વિરજીભાઈ આવેલા. રાત્રે પ્રશ્ન થયો. ૮૫. ૩૭ વર્ષ થયા. આ વસ્તુ કેમ છે? સ્વરૂપની અપેક્ષાથી બધું માયાજાળ છે. સતિનું નહિ? શું કહેવાય ઈ? બહાર. વઢવાણ. ધર્મશાળા, લાલચંદની ધર્મશાળામાં નારણભાઈને દીક્ષા આપી તો રાત્રે ચર્ચા થઈ હતી. વિરજીભાઈ સાથે. ૧૯૮૫માં. કીધું, આ ચીજની અપેક્ષાથી સર્વ વસ્તુ અવસ્તુ છે. વેદાંત કહે છે ઈ અપેક્ષાથી નહિ. એ તો પરથી પણ વસ્તુ નથી એમ કહે છે. આ અપેક્ષાથી એક જ આત્મા જગતમાં છે, પોતાનો. એ અપેક્ષાથી અવસ્તુ છે. સમજાય છે કાંઈ? દ્રવ્યની અપેક્ષાથી પર્યાય અવસ્તુ છે. આહાહા..! બીજી તો અવસ્તુ છે જ પણ એકરૂપ સામાન્યની અપેક્ષાથી પર્યાય અવસ્તુ છે, એમ અહીંયા કહે છે. પણ પર્યાયની અપેક્ષાથી પર્યાય વસ્તુ છે. સમજાય છે કાંઈ? ભેદની અપેક્ષાથી ભેદ છે, વ્યવહારનયની અપેક્ષાથી વ્યવહારનો વિષય છે.

**'સર્વવ્યાપક એક અભેદ નિત્ય શુદ્ધબ્રહ્મને વસ્તુ કહે છે એવું ઠરે...'** એમ સિદ્ધ થશે.

પર્યાય છે જ નહિ પર્યાયનયના વિષયમાં, ગુણભેદ છે જ નહિ વ્યવહારનયના વિષયમાં, રાગ છે જ નહિ વ્યવહારનયના વિષયમાં, છે જ નહિ તો એવું થઈ જશે. '**અને તેથી સર્વથા એકાંત શુદ્ધનયના પક્ષરૂપ મિથ્યાદષ્ટિનો જ પ્રસંગ આવે.**' લો. સમજાય છે કાંઈ? '**તેથી સર્વથા એકાંત...**' પર્યાય વિનાનું એકલું દ્રવ્ય છે, અનંત ગુણ અંદર છે જ નહિ, એક જ દ્રવ્ય છે અંદર ગુણ છે જ નહિ, સમજાણું? રાગ છે જ નહિ, કર્મ છે જ નહિ, સંસાર છે જ નહિ, એમ એકાંત માનનાર શુદ્ધનયના પક્ષરૂપ, '**એકાંત શુદ્ધનયના પક્ષરૂપ મિથ્યાદષ્ટિનો જ પ્રસંગ આવે.**' સમજાય છે કાંઈ? માટે એમ છે નહિ. પર્યાય છે, દ્રવ્યની અપેક્ષાથી અવસ્તુ કહી. ગુણભેદ છે, અભેદની અપેક્ષાથી અવસ્તુ કહ્યું. અશુદ્ધતા છે, ત્રિકાળની અપેક્ષાથી ના પાડી. પર્યાય છે, ત્રિકાળ નિત્યની અપેક્ષાથી પર્યાયની ના પાડી. નથી એમ કહ્યું. સમજાય છે કાંઈ? નહિતર એકાંત મિથ્યાત્વીનો પ્રસંગ આવે. '**માટે અહીં એમ સમજવું...**' એમ સમજવું,.. એ વાત લેશે..

**દ્વિતીય શ્રાવણ વદ ૩, શનિવાર તા. ૩–૦૯–૬૬**
**ગાથા –૧૧, પ્રવચન–૩૬**

**'સર્વથા એકાંત શુદ્ધનયના પક્ષરૂપ મિથ્યાદષ્ટિનો જ પ્રસંગ આવે.'** ત્યાં સુધી આવ્યું છે? શું કહ્યું એમાં? પછી લેશે, **'માટે અહીં એમ સમજવું...'** અહીંયાં ૧૧મી ગાથામાં ભગવાન 'કુંદકુંદાચાર્યે' એમ કહ્યું કે આ આત્મા જે છે એમાં ભેદ છે, ગુણભેદ છે, પર્યાય છે, રાગાદિ પછી. એ જેટલા ભેદ ભાવ છે તે બધા અભૂતાર્થ છે, અસત્યાર્થ છે, જૂઠ છે. એક ત્રિકાળ જ્ઞાયકભાવ સત્ પરમેશ્વર પરમાનંદમૂર્તિ એક સ્વરૂપને અહીંયાં સત્ય કહેવામાં આવ્યો છે. સમજાય છે કાંઈ? એ સત્ય પરમ સ્વરૂપ સત્ય એક સમયનું, તેના ઉપર દૃષ્ટિ દેવાથી દૃષ્ટિમાં સમ્યક્ અવલોકન કર્યું એમ કહેવામાં આવે છે. તેને સમ્યગ્દર્શન થાય છે. સમજાય છે કાંઈ?

એક સમયમાં પૂર્ણાનંદ પ્રભુ એક સ્વરૂપ આત્મા, એને અહીંયાં સત્ય કહીને, શુદ્ધનય કહીને, સમ્યગ્દર્શનનો વિષય કહીને તે જ આત્માનું સ્વરૂપ છે, ખરેખર તે જ આત્મા છે એમ કહેવામાં આવ્યું. મુખ્ય ચીજની દૃષ્ટિ કરાવવા. પણ કોઈ એમ સમજી લે કે અહીંયાં આવું સત્ય દ્રવ્ય જ કહ્યું છે તો પર્યાય છે જ નહિ, એમાં ગુણભેદ છે જ નહિ, પર્યાયદૃષ્ટિથી રાગાદિ છે જ નહિ, અનેક આત્મા છે જ નહિ, એક આત્મા સર્વ ક્ષેત્રમાં વ્યાપક છે એમ અહીંયાં કહ્યું છે એમ કોઈ માની લે તો કહે છે કે એમ કહ્યું નથી. સમજાય છે કાંઈ?

કાલે પાંચ બોલ કહ્યા હતા ને? **'સર્વવ્યાપક એક અભેદ નિત્ય શુદ્ધબ્રહ્મને વસ્તુ કહે છે...'** વેદાંત એકાંત એક જ વસ્તુ, એક જ ક્ષેત્ર, એક જ ચીજમાં ગુણભેદ નહિ, એક ચીજમાં પર્યાય નહિ, એક ચીજમાં અશુદ્ધતા નહિ–એમ એકાંત જે અજ્ઞાની કહે છે એમ જો અહીંયાં માની લે કે આત્મા એક જ છે, સર્વવ્યાપક છે, ભેદરહિત છે, ગુણ રહિત છે, પર્યાય રહિત છે, અશુદ્ધતા રહિત છે. એમ પર્યાયમાં છે એમ નહિ માનીને આત્મા એકલો આવો માની લે તો મિથ્યાદૃષ્ટિ થઈ જશે.

મુમુક્ષુ :– મિથ્યાદૃષ્ટિ...

ઉત્તર :– પર્યાયમાં છે તેના એક અંશને છોડી દીધો. લક્ષમાં છે એનો તો ખ્યાલ કર્યો નહિ, જ્ઞાન કર્યું નહિ. અને એકલો ભૂત એકાંત સ્વરૂપ એક છે એને જ સ્વીકાર્યું. તો સ્વીકાર પર્યાય તો છે તો પર્યાયને જેણે સ્વીકારી નહિ (તો એ) એકાંત મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. સમજાય છે કાંઈ?

**'એવું ઠરે અને તેથી સર્વથા એકાંત શુદ્ધનયના પક્ષરૂપ...'** એકાંત શુદ્ધનય. ઈ તો અહીંયાં કહેશે. **'મિથ્યાદૃષ્ટિનો જ પ્રસંગ આવે. માટે અહીં એમ સમજવું કે જિનવાણી**

**સ્યાદ્‌વાદરૂપ છે,...**' વીતરાગ વાણીમાં મુખ્ય પ્રયોજન (સિદ્ધ કરવા) માટે ગૌણ કરવા આવું સ્યાદ્વાદ કથન આવે છે. '**પ્રયોજનવશ...**' જુઓ! વીતરાગની વાણી પ્રયોજનવશ વસ્તુ દ્રવ્ય છે (એને મુખ્ય કરે છે.) એક સમયનું પૂર્ણ સ્વરૂપ સત્ય સ્વરૂપ છે અને એમાં પર્યાય.. પર્યાય.. પર્યાય.. પર્યાય.. પર્યાય.. પર્યાય.. એક સમયની પર્યાય પણ છે. પણ પર્યાયને ગૌણ કરીને પ્રયોજન સિદ્ધ કરવા માટે મુખ્ય દ્રવ્યાર્થિક દ્રવ્ય છતો ભૂત પદાર્થ તેને મુખ્ય કરીને (કહ્યું છે). કારણ કે તેના આશ્રયથી સમ્યગ્દર્શન થાય છે. તેથી પર્યાયને ગૌણ કરીને પ્રયોજન સિદ્ધ કરવા, એક સમયમાં ધ્રુવ સામાન્ય પરમાત્મા એકરૂપ આત્મા છે એમ આશ્રય કરાવવા(થી) તેમાંથી ધર્મની લબ્ધિ થાય છે. સમજાય છે કાંઈ? પ્રયોજન નામ ધર્મની પ્રાપ્તિ, શાંતિની પ્રાપ્તિ, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પ્રાપ્તિ (થાય છે). એ પ્રાપ્તિના પ્રયોજનને કારણે એક સ્વરૂપ ત્રિકાળને ભૂતાર્થ નામ સત્યાર્થ કહ્યું અને પર્યાયને અસત્યાર્થ કહી. સમજાય છે કાંઈ? કેવલચંદજી!

યથાર્થ પ્રયોજન સિદ્ધ કરવા માટે આ કથન છે. નય ગુંચવણ ઉત્પન્ન કરે, એમ નથી. અજ્ઞાની પોતાની કલ્પના દૃષ્ટિથી જોવે કે આ વ્યવહાર છે, પર્યાય છે. છે, તો પર્યાય લક્ષે આત્માનો લાભ થાય છે? નહિ. પર્યાય છે. દ્રવ્યમાં પર્યાય એક એક અંશ.. અંશ.. અંશ પર્યાય છે. પણ પર્યાયના આશ્રયે ધર્મ લબ્ધિની પ્રાપ્તિ થતી નથી. સમજાય છે કાંઈ? તેથી એક સમયની પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહ્યું. ત્રિકાળી મુખ્ય એક ચીજને મુખ્ય કરીને ભૂતાર્થ કહી, તે પ્રયોજન-ધર્મની પ્રાપ્તિ અર્થે. સમજાય છે કાંઈ? આહા..!

'**જિનવાણી સ્યાદ્વાદરૂપ છે, પ્રયોજનવશ...**' પ્રયોજનવશ. દ્રવ્ય સામાન્ય અને પર્યાય એક સમયની, બેયનું એકલું જ્ઞાન કરવું એમ નથી. બેનું જ્ઞાન કર્યું એમાં શું થયું? એમાં પ્રયોજન શું સિદ્ધ થયું? સમજાય છે કાંઈ? સામાન્ય પણ છે (અને) એક સમયની અવસ્થા વિશેષ (પણ છે). લો, જાણ્યું. જાણ્યું એમાં શું થયું? પ્રયોજન શું સિદ્ધ થયું? પ્રયોજન સિદ્ધ કરવા-પોતાની શાંતિની ધર્મ લબ્ધિ પ્રાપ્તિના પ્રયોજન માટે એકરૂપ ત્રિકાળને મુખ્ય કરી ભૂતાર્થ કહ્યું, પર્યાયને ગૌણ કરીને અસત્યાર્થ કહી. સમજાય છે કાંઈ? સમજાય છે કે નહિ? સમજાય છે. આ તો સમજાય એવું છે. બાળકને પણ સમજાય એવું છે. આ ભાષા એવી કોઈ કઠણ નથી.

ભગવાન આત્મા.. બીજી વાત છોડી દો, બીજા આત્મા એના ઘરે રહ્યા. એક આત્મા વસ્તુ. આત્માના બે અંશ. એક ત્રિકાળી ધ્રુવ અને એક વર્તમાન વિશેષ દશા. બસ. એ ત્રિકાળી ધ્રુવમાં બધા ગુણ આવી ગયા, અભેદ. એક સમયની અવસ્થા (અને) આ આત્મા. એ આત્મા, એક સમયની અવસ્થા અને સામાન્ય-બે. જ્ઞાન કરીને રોકાઈ જવું કે આ છે અને આ છે. એમ નહિ. જાણીને રોકાઈ જવું કે સામાન્ય છે એનું જ્ઞાન કર્યું અને વિશેષનું જ્ઞાન (કર્યું). પણ એનું પ્રયોજન સિદ્ધ કરવું છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે મોક્ષમાર્ગ

મોક્ષનું કારણ એવા કારણને ઉત્પન્ન કરવું છે. મોક્ષના કારણને ઉત્પન્ન કરવું છે. કારણ ઉત્પન્ન થાય તો મોક્ષકાર્ય ઉત્પન્ન થશે. તો મોક્ષનું કારણ ઉત્પન્ન કરવું છે અર્થાત્ અહીંયાં તો સુખ જોઈએ ને? તો સુખ કંઈ શરીરમાં છે? રાગમાં છે? એક સમયની પર્યાયમાં સુખ વર્તમાનમાં છે?

મુમુક્ષુ :- નિરોગપણામાં..

ઉત્તર :- ધૂળમાંય નિરોગતામાં સુખ નથી. નિરોગતા એના ઘરે રહી–શરીરમાં, આત્મામાં ક્યાં આવી? રોગ હોય તો જડમાં છે, નિરોગ હોય તોય જડમાં, આત્મામાં શું આવ્યું? આ પક્ષઘાત થયો તો શરીરને, તમને શું થયું છે અંદર? એ તો જડની પર્યાયને કીધી. જાણી શકતા નથી?

અહીંયાં આત્માને આનંદની પ્રાપ્તિ અર્થે, હવે ધર્મને ઠેકાણે આનંદ. પ્રાપ્તિ તો આનંદની પ્રાપ્તિ કરવી છે, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું છે એનો અર્થ એમાં આનંદ આવે છે. સમ્યગ્દર્શનમાં અતીન્દ્રિય આનંદ આવે છે. આત્મા સામાન્ય ત્રિકાળ વસ્તુ અને એક સમયની દશા. બે અંશ છે. બે અંશમાં એકને મુખ્ય કરીને, એ જ છે એમ સિદ્ધ કર્યું. બીજી અવસ્થા વર્તમાન છે. (તેને) ગૌણ કરીને નથી, અસત્યાર્થ છે એમ કહ્યું છે. સમજાય છે કાંઈ? સમજાય છે કે નહિ આમાં? છોટાભાઈ!

ઈ તો ભાઈએ આમાં પણ લીધું છે. આ નહિ? 'આનંદઘનજી'. કાલે રાત્રે નહોતું યાદ આવ્યું? સ્વસમયનું ભાઈનું યાદ આવ્યું ને? કે સ્વસમય તો તેરમે જ હોય. આ શ્વેતાંબર છે એ પણ કહે છે અને આપણે તો ૧૬૪ ગાથાથી આવે છે. ૧૬૪ થી ૧૭૦. સ્વસમય પરસમય. ત્યાં ઘણું આવે છે. સમ્યગ્દષ્ટિ હોય તેને થોડો રાગ હોય તે પરસમય છે. એ સૂક્ષ્મ પરસમય લીધો છે. અને એટલાને જો પોતાનો માને તો સ્થૂળ પરસમય છે. એ અધિકાર ત્યાં બહુ લીધો છે. સ્વસમય તેરમે જ હોય એમ નહિ. સ્વસમય નામ શુદ્ધ ચૈતન્યના આશ્રયથી આનંદના અનુભવની ઉત્પત્તિ ચોથા ગુણસ્થાનથી છે. સમજાય છે કાંઈ? આ 'આનંદઘનજી' પણ લખે છે. 'અરનાથ'નું છે ને? કેટલામી સ્તુતિ છે ઈ? ચૌદમી. ચૌદમા 'અરનાથ'ને? અઢારમા. જુઓ!

ધરમ પરમ અરનાથનો, કેમ જાણું ભગવંત રે,

સ્વ–પર સમય સમજાવીએ..

હે ભગવાન! સ્વ–પર સમયને સમજાવો.

સ્વપર સમય સમજાવીએ, મહિમાવંત મહંત રે.

આ ગુજરાતી સાદુ છે. સમજાય છે કે નહિ?

શુદ્ધાતમ અનુભવ સદા, શુદ્ધાતમ અનુભવ સદા, સ્વ સમય એહ વિલાસ રે..

આ ભૂતાર્થ કહ્યો એ. એક સમયમાં શુદ્ધાત્મ અનુભવ ધ્રુવ એકરૂપ ચૈતન્ય ઉપર દષ્ટિ દેવાથી શુદ્ધ અનુભવ થાય છે.

**શુદ્ધાતમ અનુભવ સદા, સ્વ સમય એહ વિલાસ રે..**

આ ચોથા ગુણસ્થાનથી છે. શું કરે છે? પંડિતજી! પંડિતજી રાત્રે નહોતા. કોટા.. કોટા. કોટામાં ચર્ચા થઈ. રતનચંદજી સાથે. આપણા જુગલકિશોર છે ને? રતનચંદજી સાથે ચર્ચા થઈ. સ્વસમય તો તેરમે છે, નીચે નહિ. એ તો પૂર્ણ સ્વસમયની અપેક્ષાએ તેરમે કહ્યું છે. સમજાય છે કાંઈ? અરે..! ભગવાન! શું થાય છે આ? સમજાય છે કાંઈ? અહીં તો આ શ્વેતાંબરમાં હતા પણ જરી મધ્યસ્થ હતા તો એને સિદ્ધાંત તત્ત્વનો ખ્યાલ આવી ગયો હતો. સમજાય છે કાંઈ?

**શુદ્ધાત્મ અનુભવ સદા, સ્વ સમય એહ વિલાસ રે...**

એને મોઢે છે. અમારા ભૂરાભાઈ છે ને? એ અંધ છે. એને આખી ચોવીસી કંઠસ્થ છે.

**પરબડી છાંહડિ જે પડે, તે પર સમય નિવાસ રે...**

રાગને આધીન થાય તો પરસમય થઈ જાય છે, એમ કહે છે. ચંદુભાઈ! ભગવાન આત્મા એક સમયનો... આ તો અમુક સિદ્ધાંત ખ્યાલમાં આવી ગયા, હોં! બાકી એમાં ઘણો ફેર હતો. સમજાય છે કાંઈ? આ જે વાત છે 'કુંદકુંદાચાર્ય'ની એ તો અલૌકિક વાત. જેમાં દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા યથાર્થ, છ દ્રવ્યની શ્રદ્ધા યથાર્થ.. સમજાય છે કાંઈ? એક સમયની પર્યાયમાં છ દ્રવ્યની શ્રદ્ધા યથાર્થ ન હોય, છ દ્રવ્યની પ્રતીત ન હોય તો એને આત્માની એક સમયની પર્યાયની પ્રતીત નથી. શું કહ્યું સમજાણું? જેને છ દ્રવ્યની પ્રતીત નથી તેને આત્માના એક જ્ઞાનગુણની એક સમયની પર્યાયની પ્રતીત નથી. એક ગુણની પ્રતીતિ એવડી છે, એક સમયની પર્યાય એવડી છે કે છ દ્રવ્યનો નિશ્ચય કરે, એક સમયમાં જાણે એવી એક સમયની પર્યાયમાં તાકાત છે. તો જો કોઈ છ દ્રવ્યને ન જાણે, અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને આકાશ-છ દ્રવ્યને ન જાણે, ન માને તે આત્માના જ્ઞાનગુણની એક પર્યાયને માનતો નથી. સમજાય છે કાંઈ? અને એટલું માને તોપણ ભેદદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? એ પર્યાયની માન્યતા... અહીં ભેદબુદ્ધિ લેવી છે ને? ભાઈ! ભેદ કહેશે અહીંયાં. પર્યાયને ભેદ કીધો છે. ત્રિકાળ દ્રવ્યનો એક અંશ વર્તમાન પર્યાયને માનવો એ ભેદબુદ્ધિ છે, મિથ્યાબુદ્ધિ છે. એ આવશે. એમાં છે. જુઓ! શું કહે છે?

'**ભારી પીલો ચીકણો...**' સોનાનો દાખલો આપ્યો છે. આપણે ૧૪મી ગાથામાં આવે છે ને? વિશેષ. સોનાના ત્રણ બોલ-પીળાશ, ચીકાશ.. સામાન્ય. 'સમયસાર'ની ૧૪મી ગાથા. એને કેટલાક સિદ્ધાંત ક્યાંકથી મળી ગયા. '**ભારી પીલો ચીકણો, કનક અનેક તરંગ રે...**' સોનાના ત્રણ ભેદ. '**પરજાય દૃષ્ટિ ન દીજીયે, એકજ કનક અભંગ રે...**' પર્યાયદૃષ્ટિ ન દીજીયે. સોનામાં ત્રણ ભેદ પણ એ પર્યાયદૃષ્ટિ છે. '**દૃષ્ટિ ન દીજીયે,...**' અભંગ અખંડ

એકરૂપ સોનાને જોવું. સોનાને ... જોયું. એમ '**દરસણ જ્ઞાન ચરણ થકી,..**' ભાઈ! આપણે આ સાતમીમાં આવ્યું હતું ને? સાતમી ગાથા. '**ववहारेणुवदिस्सदि**'. '**ववहारेणुवदिस्सदि णाणिस्स चरित्त दंसणं णाणं**' એ વાત લીધી છે એણે. 'અરનાથ'ની સ્તુતિમાં લીધું છે.

'**દરસણ જ્ઞાન ચરણ થકી, અલખ સરૂપ અનેક રે...**' અલખ ભગવાન આત્મા ઈન્દ્રિયથી લક્ષમાં આવે નહિ, વિકલ્પથી જાણ્યો ન જાય, એવો ભગવાન આત્મા

**દરસણ જ્ઞાન ચરણ થકી, અલખ સરૂપ અનેક રે..**
**નિરવિકલપ રસ પીજીયે, સુદ્ધ નિરંજન એક રે.**

ત્રણનું લક્ષ છોડી, દર્શન, જ્ઞાન, ચારિત્રની ભેદદષ્ટિ છે, પર્યાયદષ્ટિ છે તેને છોડીને... '**સુદ્ધ નિરંજન એક રે, નિરવિકલપ રસ પીજીયે.**' ભગવાન આત્મા ત્રણ ભેદરૂપ નથી. એકરૂપ એકરૂપ શુદ્ધ ધ્રુવની દષ્ટિ કરવાથી નિર્વિકલ્પ રસ પીજીયે. આત્માનો નિર્વિકલ્પ આનંદનો અનુભવ કરીએ. એ અભેદ દષ્ટિ થાય તો થઈ શકે, ભેદદષ્ટિમાં એવો અનુભવ થઈ શકે નહિ. કહો, સમજાય છે કાંઈ? વિષય સૂક્ષ્મ છે પણ એ જ પદાર્થનું સ્વરૂપ છે. સમજાય છે કાંઈ?

'**પરમારથ પંથ જે કહૈ, તે રંજે ઈક તન્ત રે...**' અભેદ અભેદ શુદ્ધ એકાકાર. પર્યાય પણ નહિ. સમજ્યા? ઈ પહેલા આવી ગયું '**પરજાય દષ્ટિ ન દીજિયે.**' આ તો ઘણાં વર્ષ પહેલા બધું જોયું હતું ને. બધું સાહિત્ય શ્વેતાંબરનું, દિગંબરનું ટીકા, કરોડો બધું જોયું છે. આ 'સમયસાર' ચીજ અંતરની અનુભવની ચીજ છે. સમજાય છે કાંઈ? '**પરમારથ પંથ જે કહૈ, તે રંજે ઈક તન્ત રે...**' અભેદ અભેદ અખંડાનંદ પ્રભુ શુદ્ધનયનો ભૂતાર્થ વિષય. '**વ્યવહારે લખિ જે રહૈ, તેના ભેદ અનન્ત રે..**' ભાઈ! અહીંયાં ભેદ છે. '**તેના ભેદ અનન્ત રે...**' જ્ઞાન ને દર્શન ને આનંદ ને પર્યાભેદ કરે તો અનંત ભેદ છે. એને કોઈ શીખી લે છે.

'**વ્યવહારે લખ દોહિલો, કાંઈ ન આવૈ હાથ રે...**' પર્યાયનું લક્ષ કરવાથી, ગુણ-ગુણી ભેદનું લક્ષ કરવાથી કાંઈ તારા હાથમાં નહિ આવે, ભગવાન! સમજાય છે કાંઈ? આહાહા..! '**વ્યવહારે લખ..**' આ બધા ચિહ્ન પહેલાના કરેલા છે, હોં! તે દિ' વાંચેલા ને. આ લાલ ચિહ્ન બધા. વારંવાર ક્યાં વાચવું. '**વ્યવહારે લખિ જે રહૈ, તેના ભેદ અનન્ત રે,.. વ્યવહારે લખ દોહિલો, કાંઈ ન આવે હાથ રે.. શુદ્ધનય થાપના સેવતાં, નવિ રહે દુવિધા સાથ રે..**' ભગવાન આત્મા.. જુઓ! અહીં શુદ્ધનય આપણે કહ્યું. '**भूदत्थो देसिदो दु सुद्धणओ.. भूदत्थो देसिदो दु सुद्धणओ**' એ જ વાત 'આનંદઘનજી'એ ત્યાં લીધી છે. '**શુદ્ધનય થાપના સેવતાં, નવિ રહે દુવિધા સાથ રે..**' એક સમયમાં ભગવાન આત્મા પૂર્ણ પૂર્ણ એક સ્વભાવરૂપ દષ્ટિ દેતાં દુવિધા ન રહે. પર્યાયના ભેદ લક્ષમાં ન રહે. ભેદ લક્ષમાં ન રહે ત્યારે અભેદ દષ્ટિ થવાથી આત્મામાં નિર્વિકલ્પ આનંદનો અનુભવ થાય છે. કેવલચંદજી! સમજાય છે કે

નહિ? આ તો સાદી ભાષા છે.

અહીંયાં કહે છે કે '**જિનવાણી સ્યાદ્વાદરૂપ છે, પ્રયોજનવશ...**' પોતાનો આનંદનો અનુભવ પ્રગટ કરવો છે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદથી ભરેલો પ્રભુ છે. અતીન્દ્રિય આનંદથી પરિપૂર્ણ પ્રભુ, છલોછલ કહે છે, તમારે ઠસોઠસ કહે છે? ઠસાઠસ. લબાલબ. ભગવાન આત્મા.. જેમ તળાવમાં ઠસોઠસ પાણી ભર્યું હોય ને? મોટું સરોવર હોય ને? સરોવર. માન સરોવર. માન સરોવરના હંસલા મોતીનો ચારો ચરે, એ જુવાર ન ખાય. સમજાય છે કાંઈ? એ માનસરોવરના હંસલા મળે તોપણ મોતી ખાય, મરે તોપણ જુવાર ખાય નહિ. જુવાર સમજો છો? આ જુવાર. બાજરી જુવાર હોય ને? ભાઈ! એ મોતીના દાણા જેવી જુવાર હોય. જુવારમાં માણસ એમ કહે છે, નહિ? મોતીના દાણા જેવી. પણ એ હંસલા ન ખાય. એ માન સરોવરના હંસલા મોતીને ચરે. એમ કહે છે, કે ભગવાન આત્મા ભેદ ઉપર લક્ષ રાખવાથી તો પોતાનું કાર્ય કદી સિદ્ધ થતું નથી. ભગવાન માનસરોવરનો હંસલો આત્મા છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા... '**પ્રયોજનવશ નયને મુખ્ય-ગૌણ કરીને...**' મુખ્ય કર્યો. સત્ય સ્વરૂપ પરમાત્મા એકસ્વરૂપ ભાઈ! પ્રભુ! તું પૂર્ણ એકરૂપ છો. એને મુખ્ય કરવાથી એનો અનુભવનો ચારો ચરાવ્યો છે. સમજાય છે કાંઈ? એ.. પોપટભાઈ! બધી વાતું બીજી જાતની છે. કોઈ દિ' વાડામાં સાંભળી ન હોય એવી.

મુમુક્ષુ :- તેથી તો અહીં સાંભળવા માટે આવ્યા છીએ.

ઉત્તર :- વાત સાચી. આહાહા..!

ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વરની વાણીમાં પ્રયોજનવશ.. બસ, આમાં સિદ્ધાંત છે. પ્રયોજનવશ-પોતાનું પ્રયોજન આનંદની પ્રાપ્તિ કરવી તે પ્રયોજન છે. સુખની પ્રાપ્તિ કરવી. દુઃખનો નાશ કરવો એ તો નાસ્તિથી છે. આનંદની પ્રાપ્તિ કરવી એ આત્માનું પ્રયોજન છે. તો ભગવાનની વાણીમાં પ્રયોજનવશ આનંદની પ્રાપ્તિ અર્થે '**મુખ્ય-ગૌણ કરીને કહે છે.**' ભગવાનની વાણી ત્રિકાળ ધ્રુવ સ્વરૂપ અભેદ સ્વરૂપને મુખ્ય કરીને આત્મા તે જ છે એમ ભગવાનની વાણી કહે છે. અને પર્યાય છે, છે. (તેને) ગૌણ કરી, લક્ષ છોડાવ્યું (છે). કારણ કે પર્યાયમાં લક્ષ રહેશે તો રાગની અને દુઃખની ઉત્પત્તિ થશે. શું કહ્યું સમજાણું? માણેકલાલભાઈ! નિર્મળ પર્યાયનું લક્ષ કરશે તો વિકલ્પ અને દુઃખ ઉપજશે. સમજાય છે? ઈ તો બપોરે બહુ ચાલે છે. ચાર ભાવ. હમણાં સવાર-બપોર બધું સરખું ચાલે છે. આ ૧૧મી ગાથા તો કુદરતે આવી ને પેલી તો આપણે ખેંચીને લીધી, પેલું મૂકી દઈને. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા.. ભાઈ! આ કાંઈ વાતું નથી કરવાની. આ તો પ્રયોજન સિદ્ધ કરવાનું છે. એમ ભગવાન કહે છે. પ્રયોજન નામ શાંતિની પ્રાપ્તિ કરવી છે, વીતરાગ સુખની પ્રાપ્તિ

કરવી છે. સંસારી સુખ જે દુઃખ છે તે તો અનાદિથી પ્રાપ્ત છે. એ પર્યાયબુદ્ધિમાં છે. પર્યાય નામ એક સમયના અંશમાં લક્ષ રહેવાથી દુઃખી છે. રાગને ઉત્પન્ન કરે છે, દુઃખી છે. '**पज्जय मूढा हि परसमया**'. એ આવ્યું ને? પંડિતજી! ૯૩ ગાથા, 'પ્રવચનસાર'. '**पज्जय मूढा हि परसमया**'. '**अत्थो खलु दव्वमओ**' ભાષાની કથન પદ્ધતિ અલૌકિક! '**अत्थो खलु दव्वमओ**' પદાર્થ તે દ્રવ્યસ્વરૂપ છે. દ્રવ્ય તે ગુણસ્વરૂપ છે અને '**तेहिं पुणो पज्जाया**' દ્રવ્ય અને ગુણના આશ્રયે પર્યાય ઉત્પન્ન થાય છે. પર્યાય ઉત્પન્ન થાય છે દ્રવ્ય અને ગુણના આશ્રયે. નિમિત્તથી પરથી નહિ. અને '**पज्जय मूढा हि परसमया**'. ત્યાં ભગવાન 'કુંદકુંદાચાર્ય' કહે છે, એક સમયના અંશમાં જે મૂઢ છે તે પરસમય છે, મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? તો એ પરસમય એક સમયની અવસ્થા હોવા છતાં ગૌણ કરીને આનંદની પ્રાપ્તિ અર્થે ત્રિકાળ સ્વરૂપમાં તે એક સમયની પર્યાય નથી. ધ્રુવનો આશ્રય લેવા તેને જ સત્ય કહ્યું. મુખ્ય કરીને સત્ય કહ્યું. પ્રયોજન સિદ્ધિ કરવા અર્થે તેને જ આગળ કર્યો, આગળ કર્યો અને પર્યાયને પાછળ મૂકી દીધી. સમજાય છે કાંઈ? આહાહા..! સમજાણું? આ તો સમજાય એવું છે, હોં! એમાં બૈરાંઓને છોકરાઓને ન સમજાય એવી વાત નથી. બહુ સાદી ભાષા છે. સમજાય છે કાંઈ? એ.. નવરંગભાઈ!

'**જિનવાણી સ્યાદ્વાદ...**' અપેક્ષાથી કહેનારી વાણી છે. તે વાણી '**પ્રયોજનવશ નયને...**' નયને, હોં! '**મુખ્ય-ગૌણ કરીને કહે છે.**' કેમ? હવે ન્યાય આપે છે. ભલે કારણ કે નથી લખ્યું પણ એ ન્યાય આપે છે. મુખ્ય-ગૌણ સમજ્યા? દ્રવ્યને મુખ્ય કરે છે, તેને જ સત્ય કહે છે અને પર્યાયને ગૌણ કરીને નથી એમ કહે છે. પ્રયોજન સિદ્ધ કરવા માટે. અનુભવ નિર્વિકલ્પ આનંદની પ્રાપ્તિ માટે. સમજાય છે કાંઈ? પર્યાય લક્ષમાં દુઃખી થશે. એ હમણાં કહેશે, હોં! '**પ્રાણીઓને ભેદરૂપ...**' જુઓ! ભાષા એમ લીધી છે. વ્યવહારનો પક્ષ એમ નથી લીધું, ભાઈ! '**પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ...**' એમ શબ્દ લીધો છે. એમાં ઘણાં ન્યાય ભર્યા છે. વ્યવહારનો પક્ષ એમ નહિ, ભેદરૂપ વ્યવહારનો પક્ષ. અર્થાત્ ભગવાન આત્મા એકરૂપ ત્રિકાળ છે તેની એક સમયની અવસ્થા ભેદ છે. તો કહે છે કે ભેદને તો લોકો જાણે છે. ભાઈ! આહાહા..! આ તો આસ્તિક્યની વાત લીધી છે, હોં! ન માને એની તો વાત અહીં લીધી જ નથી. આસ્તિક પ્રાણી છે. પ્રગટરૂપ એક સમયની અવસ્થા છે તેને માને છે. હા, છે હોં! આત્મા છે, જ્ઞાન છે. એ એક સમય ભેદરૂપ છે, ત્રિકાળ વસ્તુ જે એકરૂપ અભેદ છે તેમાં અંશ છે તે ભેદરૂપ વસ્તુ છે. સમજાય છે કાંઈ?

'**ભેદરૂપ વ્યવહારનો પક્ષ...**' એવી ભાષા લીધી છે. રાગનો પક્ષ એમ નહિ. અહીં તો પાધરો ભેદરૂપ પક્ષ એમ લીધું છે. રાગનો પક્ષ એમ પણ નહિ. ભગવાન આત્મા એક સમયમાં ભૂતાર્થ, ભૂતાર્થ, ભૂતાર્થ અખંડ અભેદ એક.. એક.. એક.. તે અભેદ. તેને છોડીને

અનાદિ પ્રાણીને એક સમયની દશાનો પક્ષ, ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો છે. હું આવડો છું, હું આવડો છું, હું આવો છું. કેમકે પ્રગટરૂપ દશાનો ભેદરૂપ અંશનો પક્ષ છે. અપ્રગટ ત્રિકાળ દ્રવ્ય સ્વભાવ શું છે તેની દૃષ્ટિ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? 'સ્વામી કાર્તિકેય'માં પણ એમ લીધું છે, 'જયચંદ્ર પંડિતે'. સમજાય છે કાંઈ? એ વળી રહી ગયું.

અહીંયાં તો કહે છે **'પ્રાણીઓને...'** જીવોને **'ભેદરૂપ વ્યવહારનો પક્ષ...'** અંશરૂપ ભાવ વર્તમાન પર્યાય અંશરૂપ ભાવ. ભાઈ! એમાં એ લીધું છે. 'સ્વામી કાર્તિકેય'માં. જીવ પર્યાય પર્યાય પર્યાય પર્યાયને માને છે પણ અનાદિઅનંત એકરૂપ ચૈતન્યને કોઈ દિ' સ્વીકાર્યો નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? પરને માને છે એનું કામ નથી, રાગનું અહીં કામ નથી, અહીં તો એક અંશ જે વસ્તુ પ્રગટ છે એટલું તો માને છે. આહાહા..! કેમકે પ્રગટ છે ને. અંશ જ્ઞાનની પર્યાય, દર્શનની પર્યાય, સમજ્યાને? વીર્યની પર્યાય... આહા..! એવો **'ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે...'** દિગંબર જૈન સાધુ થઈને નવમી ગ્રૈવેયક ગયો પણ એની દૃષ્ટિ રહી ગઈ ભેદ ઉપર. સમજાય છે કાંઈ? અઠ્યાવીસ મૂળગુણ લીધા. કહ્યું ને? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો પૈ નિજ આત્મજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ કહે છે કે ભાઈ! અનંત વાર અનંત કાળ... કારણ કે વસ્તુ-દ્રવ્ય જે છે ચૈતન્યસૃષ્ટિ મહા... શું કીધું? 'શ્રીમદ્'નું વાક્ય નથી? ચમત્કાર! ગુપ્ત ચમત્કાર (એવો) એક 'શ્રીમદ્'નો શબ્દ છે. ચૈતન્યનો ગુપ્ત ચમત્કાર સૃષ્ટિને ખ્યાલમાં નથી. ગુપ્ત ચમત્કાર એક સમયનો પૂર્ણ ભગવાન પરમાત્મા એ સૃષ્ટિને ખ્યાલમાં નથી. સૃષ્ટિ વર્તમાન દશા પ્રગટ છે તેને જ માને છે. સમજાય છે કાંઈ?

કહે છે, **'ભેદરૂપ વ્યવહારનો પક્ષ...'** અહીં તો અનાદિ અજ્ઞાની છે પણ પંચેન્દ્રિય મનુષ્ય થઈને પણ આ પક્ષ રહે છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? શાસ્ત્રમાંથી એમ કાઢે, જુઓ! છે કે નહિ? ભેદ છે કે નહિ? આ આત્માને કહ્યું કે નહિ? પર્યાયને પણ આત્મા કહ્યો કે નહિ? પણ સાંભળ તો ખરો. પર્યાયને કહ્યો એ તો વ્યવહારનયથી કહ્યું છે. ત્રિકાળ નહિ, ત્રિકાળ આખો આત્મા એક સમય સિવાયનો ધ્રુવ રહી જાય છે. પરમબ્રહ્મ ભગવાન આત્મા તારો દૃષ્ટિનો વિષય મુખ્ય છે એ તો રહી જાય છે અને તારી દૃષ્ટિમાં પર્યાય.. પર્યાય.. પર્યાય.. પર્યાય.. પર્યાય... રહે છે. સમજાય છે કાંઈ? **'ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ...'** શબ્દ પડ્યો છે, હોં! અનાદિ કાળથી અંશને માને છે, અંશને માને છે. એ તો અનાદિથી માને છે. એમાં શું? નવી વસ્તુ તો થઈ નહિ. એમાં તો તને કાંઈ લાભ થયો નહિ. ભેદરૂપ પક્ષમાં તો દુઃખ થયું. શું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એક અંશ પણ સાચો નહિ. એ તો અમારે નેમચંદભાઈ કહેતા હતા, વયા ગયા. ભેદથી જોવે એટલું તો સાચું છે કે નહિ? એકેય દોકડો સાચો નહિ. કારણ કે અસર્વાંશને

સર્વાંશ માન્યો. એક અંશ છે, સર્વાંશ નહિ. એક અંશ છે, અસર્વાંશ છે. સર્વાંશ તો દ્રવ્ય ત્રિકાળ અને એક સમયની પર્યાય બે થઈને સર્વાંશ પ્રમાણનો વિષય છે. એક જ સમયની પર્યાય માની તેણે ત્રિકાળ ધ્રુવને માન્યો નહિ. કેમકે એ પ્રગટ નથી. મહા ચમત્કારી ચીજ જે મહા શક્તિનો ભંડાર (છે એની) દૃષ્ટિ નથી, ખ્યાલ નથી. અભેદ ચીજ શું છે તેનું અવલંબન લેવાથી લાભ (શું તેનો) ખ્યાલેય નથી. શાસ્ત્ર વાંચીને પણ એમાંથી એમ કાઢે. સમજાય છે કાંઈ?

**'ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે...'** જુઓ! **'અને...'** એનો પક્ષ પોતાથી છે એમ કહે છે, ભાઈ! **'અને એનો ઉપદેશ...'** સાંભળનારા અને સંભળાવનારા એવા મળ્યા. એક તો એનો પક્ષ છે, અંશ ઉપર બુદ્ધિ છે. ત્રિકાળ ધ્રુવ અભેદની તો ખબર નથી. ભેદનો વ્યવહારનો પક્ષ અનાદિથી છે. **'અને એનો ઉપદેશ પણ...'** એનો ઉપદેશ પણ. પણ કેમ લીધું? ઓલો પક્ષ તો છે, એને દૃઢ કરવા **'બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે.'** હા, ભાઈ! શું ન કરવો? જ્ઞાનની પર્યાય પોતાની છે કે નહિ? અંશ છે કે નહિ? રાગ કરવો કે નહિ? ભક્તિ કરવી કે નહિ? પૂજા કરવી કે નહિ? એ કરતા કરતા થશે કે નહિ? ઉપદેશ પણ એવો મળ્યો, પક્ષ તો છે. રોતી હતી ને પિયરીયા મળ્યા. સમજો છો? રોતી હોય એમાં એના પિયરીયા (મળ્યા). પિયરીયા સમજો છો? માતા-પિતા. માતા-પિતા મળે તો મૂકે સરખાઈની પોક. એમ આ તો જાણે પક્ષ તો છે. કહ્યું ને? ભાઈએ કહ્યું ને? દેવચંદજી.

દ્રવ્ય ક્રિયા રુચિ જીવડા જી, ભાવ ધરમ રુચિ ઉપદેશક પણ તેહવા,
શું કરે જીવ નવીન રે ચંદ્રાનન જિન, સાંભળીએ અરદાસ.

'ચંદ્રાનન' ભગવાન બિરાજે છે. વીસ તીર્થંકરમાં બિરાજે છે. 'સીમંધર' ભગવાન તો પહેલા. 'ચંદ્રાનન' ભગવાન બિરાજે છે. કેટલામા નંબરે છે? બારમા. બારમા 'ચંદ્રાનન' ભગવાન. એ બધા આંકડા બહુ ખબર હોય. 'ચંદ્રાનન' ભગવાન વીસ તીર્થંકરની અંદર વર્તમાનમાં બિરાજે છે. એના લક્ષે સ્તુતિ કરી છે. હે નાથ! 'દ્રવ્યક્રિયા રુચિ જીવડા' કષાય મંદ કરો, ભક્તિ કરો, પૂજા કરો, દયા કરો, વ્રત પાળો, આમ કરો, આમ કરો એમ મૂઢ પ્રાણી દ્રવ્યક્રિયા રુચિમાં પડ્યા છે. 'ઉપદેશક પણ તેહવા' ભાવ રુચિ.. ભગવાન ચિદાનંદ પ્રભુ કોણ છે એની ધર્મની દૃષ્ટિ તો છે નહિ. 'ઉપદેશક પણ તેહવા' માંહોમાંહે એકબીજા મળે તોપણ એમ કહે, વાત બરાબર છે. એ જ કરવાનું છે. અનાદિથી કાંઈ કર્યું નથી માટે પહેલા કષાય મંદ કરો, કરતા કરતા ધર્મ થઈ જશે. એ.. કેવલચંદજી!

કહે છે, ઉપદેશક પણ. પણ કેમ કહ્યું? એને તો માનતા હતા, (એમાં ઉપદેશક પણ તેવા) મળી ગયા. બરાબર છે, હોં! આમ હોય? એ તો નિશ્ચયાભાસી થઈ જાય છે, ફલાણું થઈ જાય છે. એકલા નિશ્ચય.. નિશ્ચય.. નિશ્ચય.. અરે..! સાંભળ તો ખરો. નિશ્ચય તે સત્ય

અને વ્યવહાર તે ઉપચારથી સત્ય છે. યથાર્થમાં સત્ય નથી. સમજાય છે કાંઈ? અહીં તો કાલે ન આવ્યું? ધ્રુવ આત્મા એ જ ખરેખર આત્મા છે, પર્યાય આત્મા એ ખરેખર આત્મા નથી. સાંભળને! સમજાય છે કાંઈ? રાગ તો ક્યાં રહ્યો, તારી ક્રિયા દયા, દાન ને વ્રતના પરિણામ તો (ક્યાંય રહ્યા), નિમિત્ત તો ક્યાંય રહ્યું. નિમિત્ત ફેરવી નાખ્યું, આમ ફેરવી નાખ્યું, દુકાન છોડી દીધી, બાયડી છોડી દીધી. શું છોડ્યું છે? સાંભળ તો ખરો. અજ્ઞાન જે પકડ્યું છે એને તો છોડ્યું નથી અને બહારની ચીજ શું છોડી?

ભગવાન આત્મા 'ભાવ ધર્મ રુચિ, ઉપદેશક પણ તેહવા'. અહીં પણ કહે છે, જુઓ! 'ઉપદેશ પણ બહુધા...' બહુધા હોં! સમ્યગ્જ્ઞાનનો ઉપેદશ દેનારા બહુ થોડા, બહુ થોડા. ઈ કહેશે. બાકી તો બહુધામાં... આવશે ને? પછી ખુલાસો કરશે. બહુધા તો જ્યાં જુઓ ત્યાં એ જ વાત. વ્યવહાર.. વ્યવહાર.. વ્યવહાર.. આ તો ભેદરૂપ કહે છે, પેલો તો હજી રાગની વાત કરે છે. ક્રિયા ધર્મમાં, પુણ્યમાં ધર્મ છે. લક્ષ આત્મા ઉપર કરવું એ વાત તો રહી નહિ. બસ, કરો, કરો. કરતા કરતા કરતા આપણે સંસારી ગૃહસ્થ છીએ. ગૃહસ્થને પાપ બહુ હોય છે તો પાપ ટાળવા પહેલા એ કરવું. તો આત્માનો ક્રમે ક્રમે મોક્ષ થઈ જશે. સુધારો કરતા કરતા સમ્યગ્દર્શન થઈ જશે. સમજાય છે કાંઈ? એમ ન હોય, ભાઈ! એમ નથી. એ તો રાગ છે. અહીં તો ભેદનો પક્ષ કહ્યો છે. ત્રિકાળી અભેદ છોડીને એકલી પર્યાયને માની તો પર્યાયને માનનારનું લક્ષ જાય છે રાગ ઉપર અને બાહ્ય ઉપર, ક્રિયા ઉપર લક્ષ તો જાય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

ભારે ગાથા છે ને! જૈનદર્શનનું મૂળ છે, મૂળ આ. વસ્તુદર્શન એવું છે. જૈનદર્શન કોઈ નવી કલ્પિત વસ્તુ નથી. વસ્તુ એવી છે. એક દ્રવ્ય અખંડાનંદ પ્રભુ અને એક સમયની અવસ્થા. અવસ્થાનો પક્ષ અને લક્ષ અનાદિથી છે. ભગવાન આત્માનું લક્ષ ને પક્ષ ને દક્ષ નથી. ત્રિકાળ કોણ છે, અભેદ કોણ છે. લક્ષ પણ નથી, પક્ષ પણ નથી અને જ્ઞાન પણ નથી. સમજાય છે કાંઈ?

**'એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણી...'** પાછું. અને **'પરસ્પર...'** પેલો કહે, એમ હોય, હોં! (આ કહે), બરાબર છે. બેય જણા હા એ હા. અમરચંદજી! પાકું થાય, ઊંધું. ઝાઝા માણસમાં ચર્ચા કરવા જાઓ, વોટ લ્યો બધાનો તો એના નંબરમાં બધા ઈ આવે. રાજમલજી! સત્યને સંખ્યાની જરૂર નથી. સત્યને યથાર્થપણાની જરૂર છે. સંખ્યાની જરૂર નથી. આટલા માને તો સત્ય અને આટલા ન માને તો અસત્ય. એ કોઈની સાથે સંબંધ નથી. સત્યને પુણ્યની પણ જરૂર નથી. ઘણી પ્રસિદ્ધિ હોય તો એનું સત્ય છે, ઘણી પ્રસિદ્ધિ ન હોય એનું સત્ય નથી. એવી પણ ચીજ નથી. સમજાય છે કાંઈ? દુનિયામાં બહુ પ્રસિદ્ધ થયો, બહુ પ્રસિદ્ધ થયો તો એનું સત્ય છે. એની સાથે સંબંધ નથી. એ તો પુણ્યને કારણે પ્રસિદ્ધિ થઈ જાય. એની સાથે સત્યને સંબંધ નથી. પુણ્ય કદાચિત્ મંદ હોય અને પ્રસિદ્ધિ

ન હોય, તેથી કાંઈ સત્ય ચાલ્યું જાય છે? સત્યને પુણ્યની જરૂર નથી, સત્યને પ્રસિદ્ધિની જરૂર નથી, સત્યને સંખ્યાની જરૂર નથી. લાલચંદજી! ત્યાં ભોપાલમાં બહુ પ્રચાર કરે છે. આસપાસમાં. સમજાય છે કાંઈ? લાલચંદજી! ત્યાં ઘણો કરે છે. ભોપાલ આસપાસ.

કહે છે, અનાદિકાળથી (પક્ષ તો છે અને) '**ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે.**' બે વાત આવી ગઈ. એક તો ભેદનો પક્ષ હતો. ઉપદેશ પણ એવો મળતો રહ્યો. મળતો રહ્યો. પોષણ એ મળતું રહ્યું. કેસરીચંદજી! હવે મળ્યા પાછા ભગવાન. પણ આ પાછા હવે ભગવાન મળ્યા. '**વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ...**' શાસ્ત્રમાં જુઓ ચાર અનુયોગમાં તો '**શુદ્ધનયનો હસ્તાવલંબ (સહાયક) જાણી બહુ કર્યો છે;...**' નિમિત્તનો ઉપદેશ, ભેદના કથન ઘણાં છે. ભેદના જ કથન બહુ છે. (નિશ્ચયના) કથન તો બહુ અલ્પ આવે છે. અભેદ અભેદ અભેદ... ભેદના કથન, ગુણભેદ, પર્યાયભેદ, રાગાદિ એવા અનેક કથનો જિનવાણીમાં આવે છે. કહ્યું? શાસ્ત્રમાં ગોતવા જાય તો એજ મળે. વ્યવહારના કથન ઘણાં (આવે). ત્યાં પકડાઈ જાય. એમાં લખ્યું છે ને. .. લખ્યું છે. ભગવાન દીક્ષા લ્યે છે. ખબર નથી? વસ્ત્ર ઉતારે છે કે નહિ? ઉતારે છે કે નહિ? શું લખ્યું છે એમાં? નથી લખ્યું? '**છોડ્યા નવસર હાર...**' આવતું નથી 'નેમિનાથ' ભગવાનમાં? શું આવે છે એઈ? 'તોડ્યા કંકણ દોરડા, તોડ્યા નવસર હાર,' રાજેમતિને દેખીને વૈરાગ્ય થઈને પછી (ચાલ્યા જાય છે). 'તોડ્યા કંકણ દોરડા, છોડ્યા નવસર હાર.' છોડ્યા? લખ્યું છે કે નહિ? ભાઈ, તોડ્યા-ફોડ્યા નથી. સાંભળ તો ખરો. એ તો એના કારણે ક્રિયા થાય છે. એમાં વિકલ્પ આવ્યો. પણ વિકલ્પ છે અને એ છૂટી ગયા. તો વિકલ્પ કર્તા છે અને છૂટવાની ક્રિયા થઈ એ કર્મ છે, એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? અરે..! શાસ્ત્રના કથન એટલા આવે.

એક જણો અહીં કહેતો હતો. હતા ને? ચાંદમલજી હતાને? હવે તો ગુજરી ગયા એટલે વાંધો નહિ. ચાંદમલજી હતાને? વાત તો.. શું કીધું? અકાટ્ય વાત છે. વળી બે દિ' થાય (ને કહે), પણ ભગવાને વસ્ત્ર ઉતાર્યા હતા, હોં! માટે એ વાત ખોટી નથી. અરે..! ભાઈ! વસ્ત્ર તો પુદ્‌ગલ છે. એ પુદ્‌ગલની પર્યાય અહીંથી નીચે ઉતરવી, એ વિકલ્પનું કાર્ય છે?

મુમુક્ષુ :- હાથનું કાર્ય.

ઉત્તર :- હાથ તો જડ છે. જડ એ પરવસ્તુ છે. હાથ કર્તા અને કપડા ઉતરવા કાર્ય, એમ છે નહિ. એક દ્રવ્ય કર્તા અને બીજું કર્મ એમ છે નહિ. અમરચંદજી! આહાહા..!

મુમુક્ષુ :- કાંડું...

ઉત્તર :- ક્યાં કાંડુ ઝાલે? ધૂળ. કાંડુ હતું કે દિ' આત્માને?

અહીં તો કહે છે, આ તો વિશેષ છે. વ્યવહારનો ઉપદેશ જિનવાણીમાં રાગની પ્રધાનતાથી પણ ઘણાં વ્યવહારના કથન છે. લો. ચરણાનુયોગમાં જેટલા કથન આવે, પંચ મહાવ્રત

આટલા, આટલા, એમાં દોષ લાગે, અતિચાર દોષ લાગે તો પ્રાયશ્ચિત લેવું. એ વ્રત તો રાગ છે, ઝેર છે. એમાં વળી દોષ લાગે અતિચાર, એનું વળી પ્રાયશ્ચિત લેવું. એવા અધિકારના પાર ન મળે. સમજાય છે કાંઈ? એઈ..! માણેકલાલજી! આહાહા..! કથન એવું આવે. વ્યવહારના કથન શાસ્ત્રમાં ઘણાં (આવે). પંચ મહાવ્રત ને એની પાછી ભાવના ને એના પાછા અતિચાર, એના પ્રાયશ્ચિત ને.. આહાહા..! કેટલા કથન. સમજાય છે કાંઈ? આમ પાળવું, જોઈને ચાલવું, સાડા ત્રણ હાથ જોઈને ચાલવું. જોઈને ચાલવું? ચાલી શકે છે? જ્ઞાન પર્યાય શરીરને ચલાવી શકે છે? સમજાય છે કાંઈ? અને તને રાગની મંદતા હોય તો જીવની દયા પળાશે. હિંસા નહિ થાય. એમ આવે. શું તારા રાગથી ત્યાં દયા પળાય છે? વ્યવહારના કથન નિમિત્તને જોઈને જિનવાણીમાં શુદ્ધનયનો હસ્તાવલંબ (જાણી ઘણાં કહ્યા છે). હસ્તાવલંબ નામ નિમિત્ત. રાગની મંદતા છે. પર્યાયનો અંશ છે એ પણ નિમિત્ત છે. ત્રિકાળ જ્ઞાયક સ્વરૂપમાં એક સમયની પર્યાય પણ નિમિત્ત છે. સમજાય છે કાંઈ? 'શુદ્ધનયનો હસ્તાવલંબ (સહાયક) જાણી...' સહાયક જાણીને (એટલે) નિમિત્ત. 'બહુ કર્યો છે;...'

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હસ્તાવલંબનો અર્થ, છે નિમિત્ત. એક માણસ ચડતો હતો. ચડે ને? કઠોડાની લાકડી હોય ને? કઠોડો સમજો છો? ઉપર ચડે છે ત્યાં રાખે છે ને? ચડતા ચડતા હાથ આમ રાખે. પણ ઈ ચડાવે છે? સમજાય છે કાંઈ? નિમિત્ત જોઈને ભગવાનની વાણીમાં પણ વ્યવહારનો, અંશનો, રાગનો, નિમિત્તનો, વ્યવહારનો ઘણો ઉપદેશ આવ્યો. હવે ત્રણ મળી ગયા. એક તો ભેદનો પક્ષ હતો. માંહોમાહે પણ એ વાત. હા, હા, પેલો કહે હા તો આ કહે, હા બરાબર છે, બરાબર છે. પેલા મહારાજ તો એક આત્મા.. આત્મા (કરે છે). કાંઈ સાધન બતાવતા નથી. આમાં આવ્યું છે ને? ભાઈ! યશોવિજય દિગંબર માટે કહે છે, દિગપટમાં. એ લોકો, દિગંબર લોકો અધ્યાત્મીઓ એકલો આત્મા.. આત્મા. સમજ્યા? પણ સાધન શું એ તો કહેતા જ નથી. એમ ૮૪ બોલમાં લખ્યું છે. દિગપટ ૮૪ બોલ. આત્મા અખંડાનંદ પ્રભુ... સમજ્યા ને? અધ્યાત્મની વાત કરે પણ સાધન-ફાધન શું એ તો બતાવતા જ નથી. સાધન, સાંભળને! અંતર ભગવાન આત્મામાં સાધન નામનો ગુણ પડ્યો છે. ગુણ પડ્યો છે. ગુણીનો આશ્રય કરવાથી સાધન નામ કરણ થઈને આત્માની દશા પ્રગટ થાય છે. સાધન-ફાધન તારા રાગના નિમિત્તથી કથન શાસ્ત્રમાં છે. કેવલચંદજી! શું કરવું? પાપમાં પડ્યો છે. ચૂલાનું પાપ, સ્ત્રીનું પાપ, પાણીનું.. પાણી સમજ્યા ને? જળ. .. નું પાપ. કેટલા પાપ. તો એને ધર્મ કાંઈક બીજો હશે કે નહિ? નહિ. ગૃહસ્થ અને મુનિ માટે ધર્મ તો એક જ છે. ઓછો, થોડોઘણો.. એને તો આત્માના આશ્રયે બેયને ધર્મ થાય છે. બીજો, ત્રીજો કોઈ પ્રકાર છે નહિ.

**'વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ (સહાયક) જાણી બહુ**

**કર્યો છે;...'** કેટલું લખાણ આવે. ઈર્યા સમિત, ભાષા સમિતિ. આમ બોલવું. સમજાણું? આમ આહાર લેવા જવો. જો ત્યાં કોઈ જીવાત દેખાય, કીડી આદિ તો ન લેવો. લીલોતરી દેખાય તો ન લેવો. જુઓ! લેવો, ન લવો. આ લેવો, આ ન લેવો. કેટલા કથન શાસ્ત્રમાં! શું લઈ શકે છે? શું દઈ શકે છે? છોડી શકે છે? પણ એને રાગની મંદતાની ભૂમિકામાં આવો સદોષ આહાર લેવાનો વિકલ્પ હોતો નથી. નિર્દોષ લેવાનો વિકલ્પ (હોય છે). એ વિકલ્પને બતાવવા, આમ લેવું ને ન લેવું કહ્યું. તેને પકડી લે કે અમે કરી શકીએ છીએ તો મૂઢ છે. ભેદ વ્યવહારનો પક્ષ કરનારો મિથ્યાદૃષ્ટિ છે. ઈ જ વાત ચાલે છે. સમજાય છે કાંઈ? પરસમય. ભગવાને કહ્યું, જ્ઞાનચેતના તેરમે છે. ભાઈ! 'પંચાસ્તિકાય'માં આવ્યું. 'પંચાસ્તિકાય'માં એમ આવ્યું કે જ્ઞાનચેતના કેવળીને છે. એમ આવ્યું છે, લ્યો. બસ, તો નીચે જ્ઞાનચેતના છે જ નહિ? ભગવાન 'કુંદકુંદાચાર્ય' 'પંચાસ્તિકાય'માં કહે છે. અહીં તો ચોથે ગુણસ્થાને જ્ઞાનચેતના છે. જ્ઞાનચેતના વિના સમ્યગ્દર્શન થતું નથી. જ્ઞાન અંતરમાં એકાગ્ર થયા વિના પોતાને ચેતના.. ચેતના નામ અનુભવ કરવો, એ વિના સમ્યગ્દર્શન થતું નથી. ક્યાં મુખ્યપણે ક્યુ કથન કહ્યું (તે સમજે નહિ). પૂર્ણ જ્ઞાનચેતનાને.. જાઓ! સ્વસમય તેરમે પૂર્ણ થાય છે. નીચે હોય નહિ. આહાહા..! વ્યવહારના પક્ષ સ્થાપે. કોની સાથે ચર્ચા આમાં કરે? સમજાય છે કાંઈ?

એ તો આપણે 'નિયમસાર'માં આવી ગયું. સ્વસમય પરસમય સાથે વાદ ન કરવો. ભાઈ! આ વાત તો અંતરની છે. કોને બેસશે? અને એ વ્યક્તિ પ્રત્યે તો દ્વેષ છે નહિ. સામે બધા ભગવાન છે. પર્યાયમાં ભૂલ્યો છે. પ્રભુ તો પૂરો પડ્યો છે. કોઈ પ્રત્યે સમભાવ એનો ચાલ્યો ન જાય. વીતરાગભાવ છે. ઈ આત્મા છે. અને ભૂલનું દુઃખ તો એને સહન કરવું પડે છે ને. ભૂલનું દુઃખ તો એ સહન કરે છે. એના ઉપર તિરસ્કાર કરવો એમ હોય નહિ. એક તો વિપરીત દૃષ્ટિથી દુઃખી થાય છે, પોતાથી દુઃખી છે એને દુઃખી કરવાનું કારણ નથી. કરુણાબુદ્ધિ (છે). સમજાય છે કાંઈ? પણ વાદવિવાદથી પત્તો લાગી જાય એમ છે નહિ. છોડી દે. ભાઈ! પછી એમ કહેશે કે એને આવડતું નથી માટે છોડ્યું. લાખ વાર નથી આવડતું. કહે ને હવે. એમાં શું છે? અહીં ક્યાં નાક છૂટે છે? નાક છે ક્યાં છે આત્માને? આબરૂ આત્મામાં છે નહિ. આબરૂ-અનાબરૂ બધી પુદ્‌ગલની પર્યાયની વાત છે. સમજાય છે કાંઈ?

અહીં કહે છે, **'જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો...'** શુદ્ધનય નામ ભૂતાર્થ ત્રિકાળનું નિમિત્ત જાણીને **'બહુ કર્યો છે; પણ તેનું ફળ સંસાર જ છે.'** ત્રણેનું ફળ સંસાર. એક સમયના અંશ-પર્યાયને માનવો તે પણ મિથ્યાદૃષ્ટિ, તેનું ફળ સંસાર. રાગથી આત્માને લાભ માનવો તે મિથ્યાદૃષ્ટિ. (તેનું ફળ) સંસાર. અને પરસ્પર ઉપદેશમાં કહે કે વ્યવહાર બરાબર છે, બરાબર છે તેનું ફળ સંસાર. ભગવાનની વાણીમાં આવ્યું કે પંચ મહાવ્રત ને

આમ ને આમ શુદ્ધ અનુભવ દષ્ટિ હોય, સ્થિરતા થાય તો આવા પંચ મહાવ્રત આવે છે. એનું ફળ પણ સંસાર છે. સમજાય છે કાંઈ? સંસાર નામ પુણ્યબંધનું કારણ છે. આહાહા..! અહીં તો હજી વીતરાગની મૂર્તિ જોઈને સમકિત થાય છે અને મિથ્યાત્વના ટૂકડા થઈ જાય છે. આવો તો ઉપદેશ (કરે). અરે..! ભગવાન! ભગવાન સાક્ષાત્ બિરાજે છે, હોં! એના દર્શન કરવાથી તો પોતામાં શુભભાવ થાય છે. એ શુભભાવથી સમ્યગ્દર્શન થાય એમ ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. સમજાય છે કાંઈ? આમ કહેશો તો છોકરાઓ પૂજા, ભક્તિ નહિ કરે. એઈ.. છોટાભાઈ! તમે તો કરો, પાછળના નહિ કરે. હવે નહિ કરવાની (ક્યાં વાત છે). અને સત્યને કારણે અસત્ય કરે એમ કોણ કહે છે? સત્ય તો સત્ય જ રહેશે. ત્રણ કાળ ત્રણ લોકમાં સત્ય રહેશે. પરમેશ્વર પાસે સત્ય રહેશે, ઈન્દ્રો સત્ય માને છે. ગૌતમ ગણધર અદિ સંતો. 'સીમંધર' ભગવાનના ગણધર છે ને અત્યારે. બધા માને છે. એમાં શું છે?

અહીં તો જિનવાણીમાં વ્યવહાર કહ્યો તેનું ફળ સંસાર (કહ્યું). રાડ નાખી જાય. કેવલચંદજી! રાડને શું કહે છે? પોકાર.. પોકાર. ભગવાને શા માટે કહ્યું? નિમિત્ત જોઈને કહ્યું. એ તો પહેલા કહ્યું. સમજાય છે કાંઈ? નિશ્ચય ભગવાન પોતાનો આશ્રય કરીને અનુભવ કરવો તે મોક્ષમાર્ગ. તેમાં વ્યવહાર આવે છે. ભક્તિ, પૂજા, દાન, દયાનો શુભભાવ આવે છે. એમ નિમિત્તને જોઈને વ્યવહારને સ્થાપ્યો પણ એનું ફળ તો બંધન જ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

અરે..! વીતરાગ શું કહે છે એની ખબર નહિ અને અમે વીતરાગના ભગત છીએ. સમજાય છે કાંઈ? વીતરાગ કહે એનાથી વિરુદ્ધ કહે, ગાળો આપે. અમે વીતરાગને માનીએ છીએ! અરે..! ભગવાન! મા-બાપની માળા ગણે, મા-બાપ કહે ઈ માને નહિ. સંસારમાં અમારે ત્યાં વાત આવે છે. મહાજન મા-બાપ સાચા પણ મારી ખીલ્લી ખસે નહિ. ખીલ્લી સમજ્યા? જમીન હોય ને? જમીન. થોડી જમીન પોતાની હતી ને થોડી મહાજનની હતી. મહાજન હોય ને? એની થોડી હતી. એમાં થોડી ખીલ્લી મારી દીધી. એની જમીનમાં. મકાન સરખું નહિ થતું હોય તો એકાદ-બે સુત બીજાની મળી ગઈ. મહાજન મા-બાપ સાચા પણ મેં ખીલ્લી મારી જમીનથી બે ફૂટ દૂર એ નહિ ખસે. પણ તારા બાપની ક્યાં હતી તો મારી? હે મહાજન! આવે છે. 'પંચાસ્તિકાય'માં આવે છે. મહાજન આવે છે, હે મહાજન! આ કર. આત્મા તરફ વળ. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે કે **'એનું ફળ...'** કોનું ફળ? ભેદરૂપ વ્યવહારનું. ભેદરૂપ વ્યવહાર. અહીં સૂક્ષ્મ વાત કરી છે. એકલો વ્યવહાર કહે તો રાગાદિ (પકડે). ત્રિકાળમાં એક અંશ છે અને એનો પક્ષ કરે તો એનું ફળ સંસાર છે. પર્યાયનો પક્ષ કરે તોપણ એનું ફળ સંસાર છે. સમજાય છે કાંઈ? પર્યાયના આશ્રયે દુઃખી થાય છે, રાગ જ ઉત્પન્ન થાય છે. પર્યાય આશ્રયે સમ્યક્

ક્યાંથી થાય? સમજાય છે કાંઈ? કહે છે,.. ઈ તો એ કહ્યું.

**'શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી...'** એ સામે વાત લીધી. **'ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે...'** એક વાત. એની સામે **'શુદ્ધનયનો પક્ષ કદી આવ્યો નથી...'** ચૈતન્યમૂર્તિ અભેદ અખંડાનંદ ધ્રુવ એનું લક્ષ અને પક્ષ કદી કર્યો નથી. સમજાય છે કાંઈ? દિગંબર મિથ્યાદૃષ્ટિ મુનિ થઈને પણ નવમી ગ્રૈવેયક ગયો (પણ) શુદ્ધનયનો પક્ષ આવ્યો નથી. એક ચૈતન્યપ્રભુ અખંડ અભેદ, અભેદ તે જ શરણ લેવા લાયક છે, તે જ આશ્રય કરવા લાયક છે એવો શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી.

**'અને એનો ઉપદેશ પણ વિરલ છે...'** પેલામાં કહ્યું હતું, **'એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે.'** વ્યવહારનો. અહીંયાં એનો ઉપદેશ વિરલ છે–અભેદનો ઉપદેશ તો બહુ થોડો, બહુ થોડો. જ્યાં જુઓ ત્યાં દુકાનમાં વ્યવહાર જ દેખાય, ભેદ જ દેખાય. અભેદની દુકાન બહુ થોડી મળે, એમ કહે છે. 'ઉપદેશ પણ વિરલ છે–ક્યાંક ક્યાંક છે.' કોઈ કોઈ સંત મુનિ જ્ઞાની, કોઈ કોઈ સ્થાનમાં, ભગવાન ભૂતાર્થ સત્ય છે એક સમયનો પ્રભુ આત્મા એનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે, એવો કંઈક કંઈક ઉપદેશ ક્યાંક ક્યાંક થાય છે. બધે ઠેકાણે નહિ. સમજાય છે કાંઈ? ઉપદેશ પણ વિરલ, બહુ થોડો. 'તત્ત્વરસિક જન થોડલા, નવ ... એ જાણો છો જિનરાજજી, એ સઘળો વિષવાદ રે ચંદ્રાનન જિન, સાંભળીએ અરદાસ..' પ્રભુ! તારા વિરહે ભરતક્ષેત્રમાં તત્ત્વરસિકજન થોડલા રહી ગયા. 'તત્ત્વરસિક જન થોડલા જી.. ... ' લાખો, ક્રોડ માણસ એકલા સંવાદ ઝઘડા ને વ્યવહાર ને નિમિત્તમાં પડ્યા છે. 'જાણો છો જિનરાજજી પ્રભુ'. આ ઝઘડો ભરતક્ષેત્રનો વિખવાદ, આપ તો જ્ઞાતા કેવળી છો. અમે શું કહીએ? અમે તો ભક્ત પ્રયોજનનો પોકાર કરીએ છીએ. સમજાય છે કાંઈ? માટે ભગવાને શું કહ્યું છે.. એ વાત ભગવાન કરશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**દ્વિતીય શ્રાવણ વદ ૪, રવિવાર તા. ૪-૦૯-૬૬**
**ગાથા-૧૧, ૧૨. પ્રવચન-૩૭**

'સમયસાર'માં ૧૧મી ગાથા ચાલી. એનો ભાવાર્થ છે, ભાવાર્થ. એમાં શું કહ્યું છે એ ચાલતી ભાષામાં 'જયચંદ્રજી' પંડિતે લખ્યું છે. જુઓ! વ્યવહાર અને નિશ્ચય બેયનો ખુલાસો કરે છે. એક તો આત્મા એકરૂપ ત્રિકાળ સ્વભાવ છે, એનો કદી પક્ષ લીધો નથી. અનાદિથી. ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો જીવને અનાદિથી છે. સમજાય છે કાંઈ? આ ભેદરૂપનો અર્થ, આત્મામાં પર્યાય જે થાય છે, નરગતિ આદિ ચાર ગતિ એ પર્યાય તો એક કોર રાખો. એ પણ પર્યાય છે. રાગ-દ્વેષના પરિણામ થાય છે એ પણ પર્યાય છે. બે. અને ત્રીજી, મતિજ્ઞાન આદિની પર્યાય જે થાય છે, એવી ભેદબુદ્ધિ તો અનાદિ કાળથી અજ્ઞાનીની છે. સમજાય છે કાંઈ? કારણ કે અજ્ઞાનીને એ પ્રગટ પ્રસિદ્ધમાં જોવામાં આવી છે. હું નરકગતિવાળો છું. એક. હું રાગવાળો છું. બે. હું એક સમયની અવસ્થા જેવડો છું. ત્રણ. સમજાય છે કાંઈ? એવો વ્યવહારનયનો પક્ષ,.. શબ્દ એમ લીધો છે, **'પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ...'** એ ત્રણે ભેદ છે. સમજાય છે કાંઈ? ત્રિકાળ દ્રવ્ય એક સ્વરૂપે છે એમાંથી જ્ઞાનની એક પર્યાય, દર્શનની પર્યાય, ચારિત્રની પર્યાય કે કોઈપણ અસ્તિત્વ આદિની એક એક સમયની પર્યાય, એ પર્યાય છે એ ત્રિકાળની અપેક્ષાથી ભેદ છે. અખંડ અભેદ એક સ્વરૂપમાં એક સમયની પર્યાય નિર્મળ હો, અસ્તિત્વ ગુણ આદિની કે રાગાદિની મલિન હો, કે નરકગતિ આદિનો ઉદયભાવ હો, પણ બધી પર્યાય ત્રિકાળની અપેક્ષાથી ભેદરૂપ છે. તો ભેદનો પક્ષ, ભેદરૂપ વ્યવહારનો પક્ષ જીવને અનાદિ કાળથી છે. સમજાય છે કાંઈ? એક (વાત).

બીજું, એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણી પરસ્પર કરે છે. સર્વ (એટલે) એક જ્ઞાની સિવાય. અજ્ઞાની પ્રાણી અનાદિ કાળથી પોતાને અંશ રૂપે જોયો છે. ત્રિકાળ જ્ઞાયક ચૈતન્ય ધ્રુવ અભેદ સ્વરૂપની દૃષ્ટિ તો કદી કરી નથી તો આવો ઉપદેશ પણ પરસ્પર કરે છે (કે) એક સમયની અવસ્થા એ જ આત્મા. સમજાણું કાંઈ? એનો આશ્રય કરવાથી આત્માને લાભ થશે. એવા વ્યવહાર પક્ષનો ઉપદેશ અનાદિ કાળથી જીવો કરી રહ્યા છે. એક તો એનો પક્ષ છે અને માંહોમાંહે આવો જ ઉપદેશ મળે છે. દૃઢ થઈ જાય છે. તેથી તો કહે છે. સમજાય છે કાંઈ? બે (વાત).

**'વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ (સહાયક) જાણી બહુ કર્યો છે;...'** જિનવાણીમાં પણ વ્યવહારનો ઉપદેશ શુભભાવનો, અંશનો ખુલાસો, ક્ષયોપશમ જ્ઞાનના અંશનો (ખુલાસો) એવી ઘણી વાત શાસ્ત્રમાં કરી છે. એ વ્યવહારનો ઉપદેશ નિમિત્ત જાણીને ઘણો કર્યો. **'પણ એનું ફળ સંસાર જ છે.'** ત્રણેનું ફળ સંસાર છે. ભગવાન આત્મા

પોતાનું એક સ્વરૂપ અભેદ (નો આશ્રય કરાવવા) અહીંયાં લીધું છે કે વ્યવહાર અભૂતાર્થ છે. વ્યવહારમાં ઈ ત્રણ બોલ આવ્યા. નરકગતિ આદિ, ગતિ. રાગાદિ અને નિર્મળ પર્યાય. મતિ આદિની પર્યાય તો ક્ષયોપશમ ભાવ છે ને? નિર્મળ છે. એ વસ્તુ નથી, અભૂતાર્થ છે. સમજાય છે કાંઈ? અને ગુણ-ગુણીનો ભેદ પણ અભૂતાર્થ છે. ચોથો બોલ છે. સમજાય છે કાંઈ? આત્મા આધાર છે અને અનંત ગુણ એમાં આધેય-રહે છે. એવો ભેદ કરવો એ પણ વ્યવહારનય છે. સમજાય છે કાંઈ? ચંદુભાઈ!

કહે છે, એક તો પક્ષ એનો છે, ઉપદેશ પણ એવો જ મળે છે અને જિનવાણીમાં પણ વ્યવહારનો જ ઉપદેશ ઘણો ચાલે છે. ભેદ કરીને બતાવવું. સમજાણું? સંયોગ કરીને એને દેખાડવું, એવી વાત ઉપદેશમાં વ્યવહારથી ઘણી આવી છે. પણ એનું ફળ સંસાર છે. લ્યો, જિનવાણીમાં શુદ્ધનયનું નિમિત્ત જોઈને એ નિમિત્તનું લક્ષ કરે ને વ્યવહારનું લક્ષ કરે અને ભેદ ઉપર દૃષ્ટિ રહે તો સંસાર જ છે. સમજાય છે કાંઈ? ત્રણ બોલ (થયા). હવે ત્રણની સામે (કહે છે).

**'શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી...'** ભેદરૂપ વ્યવહારનો પક્ષ અનાદિથી છે. એક વાત. સામે, **'શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી...'** ભગવાન ભૂતાર્થ એક સમયમાં પૂર્ણ સ્વરૂપ જ્ઞાયકભાવ એકરૂપ શક્તિનું આખું તત્ત્વ અભેદરૂપ, એનો પક્ષ તો કદી આવ્યો નથી. એનો વ્યવહારનો પક્ષ અનાદિનો છે, આ પક્ષ આવ્યો નથી. સમજાય છે કાંઈ? વ્યવહારનો ઉપદેશ બહુધા સર્વ પ્રાણી માંહોમાંહે કરે છે કે જુઓ, ભાઈ! રાગ કરો, પુણ્ય કરો, દયા, દાન કરો. વિકાસ કરો, રાગ મંદ પડે તો જ્ઞાનનો ક્ષયોપશમ થશે અને જ્ઞાનનો ક્ષયોપશમ થવાથી આત્માને લાભ થશે. એવો વ્યવહારનો ઉપદેશ અજ્ઞાની પ્રાણી સર્વ માંહોમાંહે કરે છે. આ શુદ્ધનયનો ઉપદેશ વિરલ છે. સામે કહ્યું. પેલો ઉપદેશ બહુ છે, બહુધા કરે છે તો આનો ઉપદેશ વિરલ છે. ક્યાંક ક્યાંક. ભગવાન આત્મા અભેદ ભૂતાર્થ વસ્તુ સત્ય વસ્તુ, સત્ય વસ્તુ ત્રિકાળ સત્ય એ અપેક્ષાથી, હોં! પર્યાય અસત્ય ત્રિકાળની અપેક્ષાથી. પર્યાય છે ખરી પણ એ ત્રિકાળ સ્વરૂપનો ઉપદેશ-અભેદનો આશ્રય લેવો, ધ્રુવનું અવલંબન લેવું, પરમ કારણપ્રભુનો આશ્રય લેવો તેનાથી લાભ છે, એવો ઉપદેશ વિરલ છે.

મુમુક્ષુ :- ક્યારથી?

ઉત્તર :- અનાદિથી. રાજમલજી! અનાદિની વાત કરે છે ને.

બે બોલ આવ્યા. વ્યવહારનો ઉપદેશ સર્વ પ્રાણી માંહોમાંહે કરે છે. પક્ષ એનો છે. કેમ વાર લાગી? જયપુરના હજી રાત્રે આવવાના છે અત્યારે શું છે? એ તો રાત્રે આવવાના છે. હજી અમારે આવ્યા કે નહિ? મલૂકચંદભાઈ ક્યાં ગયા? અહીં ન દેખાણા એટલે કીધું, ત્યાં રોકાણા કે શું? મલૂકચંદભાઈને કામ હોય, તમારે શું છે? સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા અનાદિકાળનો અંશના પ્રકારમાં અંશરૂપી ભેદ, ભેદરૂપી વ્યવહાર એમ

કહ્યું. અંશી જે ત્રિકાળ વસ્તુ છે એનું લક્ષ કર્યું નહિ. સમજાય છે કાંઈ? પર્યાયને અંશ કીધો છે ને? ભાઈ! પયાર્ય છે ને. ભલે ક્ષયોપશમભાવની હો, અંશ છે. ઈ વ્યવહાર છે. એનો ભેદરૂપ વ્યવહારનો પક્ષ અનાદિનો છે. સમજાય છે કાંઈ? અને ઉપદેશ પણ માંહોમાંહે કરે છે. જિનવાણીમાં પણ ભેદ કરીને દેખાડવું, એવો ઉપદેશ ઘણો આવે છે. એનું ફળ સંસાર છે. શું આવ્યું?

શુદ્ધનયનો '**ઉપદેશ પણ વિરલ છે...**' વિરલની વ્યાખ્યા. 'ક્યાંક ક્યાંક છે.' ક્યાંક ક્યાંક-વિરલ. ભગવાન આત્મા અભેદ ચિદાનંદ પ્રભુ અનંત ગુણની ખાણ (છે). એમાં ગુણભેદ પણ નથી. એવા અભેદ ચૈતન્યનો ઉપદેશ વિરલ છે. પક્ષ નથી, ઉપદેશ વિરલ છે. પક્ષ નથી, શુદ્ધનયનો પક્ષ નથી, ઉપદેશ વિરલ છે. સમજાય છે કાંઈ? હવે ત્રીજું, '**તેથી...**' આ કારણે. આ બે કારણ આપ્યા. '**ઉપકારી શ્રી ગુરુએ...**' ભગવાન સંતો 'કુંદકુંદાચાર્ય' આદિ મહા ઉપકારી સંતોએ. સમજાય છે કાંઈ? '**ઉપકારી શ્રી ગુરુએ...**' કૃપા કરીને. 'કુંદકુંદાચાર્યે' કહ્યું છે ને? અમારા ગુરુ, પરગુરુ સર્વજ્ઞદેવ, અપરગુરુ ગણધરદેવથી માંડી અમારા ગુરુ (પર્યંત) અમારી ઉપર (કૃપા કરી), કૃપા કરી-અનુગ્રહ કરીને અમને અનુશાસન કર્યા. ભાઈ! આત્મા શુદ્ધ છે. અમને શુદ્ધાત્મ તત્ત્વનો ઉપદેશ આપ્યો. અમારા ગુરુએ અમારી ઉપર મહેરબાની કરીને અમને એ ઉપદેશ આપ્યો. અહીં ઈ કહે છે, 'જયચંદ્ર પંડિત' ખુલાસો કરે છે કે 'કુંદકુંદાચાર્ય' આદિ ગુરુએ આ ઉપદેશ આપ્યો. સમજાય છે કાંઈ?

ઉપકારી ગુરુએ શ્રી ગુરુએ '**શુદ્ધનયના ગ્રહણનું...**' જુઓ! '**શુદ્ધનયના ગ્રહણનું ફળ...**' પેલામાં વ્યવહારનયના ગ્રહણનું ફળ સંસાર (હતો). તો વ્યવહારનયનો વિષય કેમ કહ્યો? ફળ સંસાર હોય તો. ભાઈ! ભેદથી બતાવવા સિવાય કોઈ ઉપાય નથી. ભેદથી બતાવે છે. આ જ્ઞાન, આ દર્શન, આ આનંદ એમ બતાવ્યું પણ એ ભેદ છે. ભેદથી ભેદનું લક્ષ કરીશ અને ભેદનો આશ્રય કરીશ તો મિથ્યાદૃષ્ટિ થશે. સમજાય છે કાંઈ? એકાંત, હોં! અભેદની દૃષ્ટિ થયા પછી ભેદનું જ્ઞાન, આશ્રય કરે તો એ તો વ્યવહારજ્ઞાન થયું. સમજાય છે કાંઈ? છે ને? ભાઈ! 'પંચાધ્યાયી'માં. એમ કે કોઈ કોઈને .. છે ને? આશ્રય. કેમકે એ કોઈ કોઈને આશ્રય હોય છે. ઈ આવશે આ ૧૨માં. કોઈ કોઈનો અર્થ, પોતાની પર્યાય પૂર્ણ ન થઈ હોય ત્યાં સુધી અશુદ્ધતા છે અને શુદ્ધતાના અંશમાં વૃદ્ધિ થાય છે એમ જણાય છે. સમકિતીને જણાય છે કે આવો વ્યવહાર છે. શુદ્ધતા અલ્પ છે, અશુદ્ધતા છે. અશુદ્ધતા ઘટે છે, શુદ્ધતા વધે છે. એટલું જ્ઞાન કરવું એ પણ વ્યવહાર છે. તો એ આશ્રય કરવા લાયક નથી. પણ જાણવા માટે આશ્રય કર્યો. નિશ્ચયનયનું જ્ઞાન છે એની સાથે વ્યવહાર જ્ઞાન કરીને પ્રમાણજ્ઞાન કર્યું. સમજાય છે કાંઈ? પણ એનો આશ્રય કરવાથી લાભ છે એવી બુદ્ધિ નથી.

પછી કહે છે, '**શ્રી ગુરુએ શુદ્ધનયના ગ્રહણનું ફળ...**' ભગવાન આત્મા એક સમયમાં

શુદ્ધ ધ્રુવના ગ્રહણનું ફળ–એનો અર્થ કે શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા છે તેને પરદ્રવ્યથી જુદો કરી પોતાના શુદ્ધ દ્રવ્યની ઉપાસના કરી, ઉપાસના કરી. રાગથી ખસી, પરથી ખસી, પરદ્રવ્યથી ખસી સ્વદ્રવ્યમાં–ધ્યેયમાં–દ્રવ્યમાં એકત્વ થયું તો પોતાની પર્યાયમાં સમ્યગ્દર્શન, જ્ઞાન શુદ્ધિ થઈ તો એ પર્યાયથી દ્રવ્યની સેવા કરી એમ કહેવામાં આવ્યું છે. અને તેનાથી આ દ્રવ્ય શુદ્ધ છે, ધ્રુવ છે, અભેદ છે એવી દૃષ્ટિ થઈ. એવા શુદ્ધનયના ગ્રહણનું ફળ '**મોક્ષ જાણીને...**' આહાહા..! વ્યવહારનયનું ફળ સંસાર, શુદ્ધનયને ગ્રહણ કરવાનું (ફળ મોક્ષ). ભાઈ! ગ્રહણ શબ્દ પડ્યો છે. આ વિષય ધ્રુવ છે, આ પવિત્ર છે, એકરૂપ છે એમ પર્યાય એ તરફ ઢળી ત્યારે ગ્રહણ કર્યું, ત્યારે અભેદ એની દૃષ્ટિમાં આવ્યો. ઓ..હો..હો..! સમજાય છે કાંઈ? એ '**ગ્રહણનું ફળ મોક્ષ જાણીને એનો ઉપદેશ પ્રધાનતાથી (મુખ્યતાથી) દીધો છે...**' જુઓ! મુખ્ય કરીને શુદ્ધનયનો વિષય અભેદ અભેદ અથવા શુદ્ધનય પોતે નિજ અભેદ. તે વસ્તુ સત્ય. પર્યાય અસત્ય આ અપેક્ષાથી. વસ્તુને ગ્રહણ કરવા, અભેદનો આશ્રય કરવા તેને સત્ય કહ્યું, વ્યવહારનો આશ્રય છોડાવવા તેને અસત્ય કહ્યું. સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ! આહાહા..! સમજાય છે કે નહિ કાંઈ આમાં? આપણે વાત આવી ગઈ છે. આ તો ચાલતી ભાષામાં 'જયચંદ્રજી પંડિતે' ...

ભાઈ! આ ધ્રુવ ચૈતન્યપ્રભુ એકરૂપ અનંત ગુણનો પિંડ એકરૂપનો પક્ષ કદી આવ્યો નથી અને બહારની આ ક્રિયાકાંડ (કરે છે). તારો પક્ષ થઈ ગયો. ઉપદેશક એવા મળ્યા અને જિનવાણીમાં જોવે તો જ્યાં ત્યાં એ વ્યવહાર દેખાય. સમજાય છે કાંઈ? બારમી ગાથામાં અર્થમાં જરી કહેશે, આમ કરવું, આમ કરવું, આમ કરવું. કરવું કરવું એટલે એ વખતે હોય છે એમ જ્ઞાન કરાવ્યું છે. સમજાય છે કાંઈ? ચરણાનુયોગમાં તો એમ આવે કે જોઈને ચાલવું, આમ ચાલવું. જો કોઈપણ દોષ લાગે તો (પ્રાયશ્ચિત લેવું). ચરણાનુયોગમાં તો ત્યાં સુધી આવે કે તારો ઉપયોગ બરાબર હોય કોઈને નહિ મારવાનો. એમ હોવા છતાં શરીરને અડવાથી કોઈ જીવ મરી જાય તો આલોચના કરવી. ઓ..હો..! 'પ્રવચનસાર'માં ચરણાનુયોગમાં આવ્યું છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. એ તો બીજી વાત છે. પ્રમાદ તારો આવ્યો તો વિકલ્પ ઉઠ્યો કે હું ચાલું. એમ છે. ભલે પ્રયત્ન તારો બીજાને મારવાનો નથી. વિકલ્પ તને કેમ ઉઠ્યો? એ પ્રમાદ છે. ચાલવામાં ખ્યાલ રાખ્યો પણ છતાં, નહિ મારવાનો પ્રયત્ન હોવા છતાં દેહથી તું કર... આ લીમડો છે ને? લીમડો. એના ફૂલ. લીમડાના ફૂલ કહે છે ને? ઉપરથી પડે. સાધુ નીકળ્યા. બરાબર સમિતિથી (ચાલે છે). એવો પવન આવ્યો (ફૂલ પડ્યું). શરીરને અડે તો અનંત જીવ મરી જાય. ફૂલ. શું કહે છે? કોર. કેટલી કોર! ઓ..હો..! ... ત્યાં ઢગલા. .. કંઈ ન હોય. હજી તો કાચા ફૂલ હોય. એમાં પવન નીકળે અને નીચે સાધુ

નીકળે. બરાબર સમિતિપૂર્વક, હોં! વિકલ્પ પ્રમાદ છે. એમ નથી કે હું જેમ તેમ ચાલુ. ઉપરથી પડ્યું. શરીરને અડે તો અનંત જીવ મરી જાય. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાવધાની છે છતાં 'પ્રવચનસાર'માં ચરણાનુયોગમાં વ્યવહારની પ્રધાનતાથી કથન છે તો એટલી આલોચના કરવી. સમજાય છે કાંઈ? શરીરથી મર્યા તો એમાં એને શું છે? ભાવ તો મારવાનો નહોતો. વિકલ્પ આવ્યો એ પણ બંધનું કારણ (છે). સમજાય છે કાંઈ? જોઈને ચાલવું એવો વિકલ્પ આવ્યો એ પણ બંધનું કારણ છે. પણ વ્યવહારનયના કથનમાં વ્યવહાર આવો હોવો જોઈએ એવું જ્ઞાન કરાવે છે. ફળ તો સંસાર છે. એ વિકલ્પનું ફળ બંધ છે. આહાહા..! ભારે ભાઈ! બીજા જીવને ન મારવાનો ભાવ આવ્યો એ બંધ છે. કેવલચંદજી!

કહે છે, એ પક્ષ તો અનાદિનો છે અને શાસ્ત્રમાંથી કાઢે છે. આ શાસ્ત્રમાં લખ્યું, આ શાસ્ત્રમાં લખ્યું. લખ્યું છે. શું કહેવું છે તારે? પરની અપેક્ષાથી જેટલા કથન છે અને પોતાના ભેદની અપેક્ષાથી કથન છે એ બધો વ્યવહારનય છોડવા લાયક છે. સમજાય છે કાંઈ?

કહે છે, '**શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને એનો ઉપદેશ પ્રધાનતાથી (મુખ્યતાથી) દીધો છે...**' મુખ્યતાથી પર્યાયને અસત્ય કહી. એ તો ત્રિકાળને પકડાવવા અસત્ય કહ્યું. એમ નથી કે પર્યાયમાં પર્યાય છે જ નહિ. પર્યાયમાં પર્યાય છે નહિ એમ નથી. સમજાય છે કાંઈ? પ્રધાનતાથી કહ્યું કે, ભગવાન! તારું સત્ય સ્વરૂપ તો ધ્રુવ છે ને. એકરૂપ છે ને. સામાન્ય છે ને. અભેદ છે ને. એનો આશ્રય કરવાથી તને સમ્યગ્દર્શન થશે. તો એ સત્ય છે અને પર્યાય અસત્ય છે એમ ગૌણ કરીને પર્યાયને અસત્ય કહ્યું છે. પર્યાય નથી એમ નહિ. તેમ પર્યાય છે તો એના આશ્રયે લાભ થાય છે એમ પણ નથી. ઓહોહો..! ભારે તત્ત્વની વાત. જગતને જૈનદર્શન આ વસ્તુદર્શન પકડવું મહા પ્રયત્ન માંગે છે.

'**શુદ્ધનય ભૂતાર્થ છે...**' જુઓ! આવ્યું. આમ પ્રધાનતાથી (ઉપદેશ) આપ્યો. શા માટે આપ્યો? '**શુદ્ધનય ભૂતાર્થ છે...**' એમ કહ્યું છે, ભાઈ! વસ્તુ તે સત્ય છે એમ કહ્યું. એક જ ત્રિકાળ સત્ય છે એની પ્રધાનતાથી પર્યાયને ગૌણ કરાવવા, પર્યાયનો આશ્રય છોડાવવા ત્રિકાળ વસ્તુ તે સત્ય છે, ધ્રુવ તે સત્ય છે, ધ્રુવ તે વિદ્યમાન પદાર્થ એક છે. પર્યાય વિદ્યમાન હોવા છતાં નથી, નથી. વિદ્યમાન એક જ પદાર્થ છે. સેઠી! આહાહા..! '**શુદ્ધનય ભૂતાર્થ છે...**' શુદ્ધનયનો અર્થ નય એકલો નહિ, નયનો વિષય અને (નય) બે થઈને ભૂતાર્થ છે. '**भूदत्थो देसिदो**' '**भूदत्थो देसिदो**' વસ્તુ ધ્રુવ એ સત્ય છે. એની પ્રધાનતાથી (કહ્યું છે). લક્ષ નથી, પક્ષ નથી, ઉપદેશ બીજો ચાલે છે, વ્યવહારનો ઉપદેશ શાસ્ત્રમાં ઘણો છે. એ બધાની દૃષ્ટિ છોડાવવા એકરૂપ સ્વરૂપ ભગવાન તે સત્ય છે (એમ કહ્યું છે). સત્ સત્

સાહેબો એક પરમાત્મા. એ એક જ સત્ય છે. પર્યાય અસત્ય છે. પ્રધાનતાથી આ સત્યની દૃષ્ટિ કરાવવા આ સત્ય કહ્યું, પર્યાયને અસત્ય કહ્યું. સમજાય છે કાંઈ? **'સત્યાર્થ છે,...'** ઓહો..! ત્રિકાળ ત્રિકાળ ભગવાન આત્મા તે જ સત્યાર્થ-સાચું સ્વરૂપ છે, સાચું સ્વરૂપ છે. પ્રધાનતાથી અંતર દૃષ્ટિ કર્યા વિના સમ્યગ્દર્શન થતું નથી. સમ્યગ્દર્શન વિના લાખ ક્રિયાકાંડ કરી કરીને મરી જાય. સમજાય છે કાંઈ?

'શ્રીમદ્' કહે છે. 'શ્રીમદ્ રાજચંદ્ર' થયા ને?

**યમ નિયમ સંજમ આપ કિયો, પુનિ ત્યાગ વિરાગ અથાગ લહ્યો,**
**વનવાસ લિયો મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાય દિયો.**
**મન પૌન નિરોધ સ્વબોધ કિયો, હઠજોગ પ્રયોગ સુ તાર ભયો,**
**જપ ભેદ જપે તપ ત્યૌંહી તપે, ઉરસેંહિ ઉદાસી લહી સબપૈ.**
**સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે, મત મંડન ખંડન ભેદ લિયે,**
**વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.**

'યમ નિયમ સંજમ આપ કિયો, પુનિ ત્યાગ વિરાગ અથાગ લહ્યો.' કેવલચંદજી! હળવે હળવે. કેવલચંદજી હળવે બોલે અંદર. હળવે નહિ, એમ કહે છે. પંચ મહાવ્રત અનંત વાર લીધા-યમ. નિયમ-અભિગ્રહ ધારણ કર્યા. મહા અભિગ્રહ ધાર્યા. કડક કડક અભિગ્રહ. સમજ્યા? ભિક્ષા લેવા જાઉં તો મોતીબાઈ નામ હોય, સાડલામાં મોતી હોય. મોતીચૂર સાડલા હોય છે ને? લાડવા મોતીચૂરના પડ્યા હોય. એના છેડામાં મોતીના દાણા હોય એના હાથે લઉં. નહિતર પ્રાણ જાય તોપણ ન લઉં. એવા અભિગ્રહ પણ અનંત વાર ધાર્યા.

મુમુક્ષુ :- ફળ શું આવ્યું?

ઉત્તર :- ફળ થયું સંસાર. પરલક્ષી વિકલ્પની મંદતા છે એમાં કોઈ ધર્મ-બર્મ છે નહિ.

મુમુક્ષુ :- ધીમે ધીમે ..

ઉત્તર :- શું ધીમે ધીમે? ધીમે ધીમે નથી થતું. સીધું દ્રવ્યથી થાય છે. ધીમે ધીમે વ્યવહાર કરતા કરતા થાશે, એ મૂઢ છે એમ કહે છે.

**'યમ નિયમ સંજમ...'** સંયમ લીધો, ઈન્દ્રિય દમન કર્યું. પંચ મહાવ્રત અનંત વાર (પાળ્યા). ઈ તો યમમાં આવી ગયા. સંયમમાં ઈન્દ્રિય દમન કર્યું. બહુ ઈન્દ્રિય દમન, એટલું ઈન્દ્રિય દમન કે શું છે એ નજર ન કરે સ્ત્રી સામે. સમજાય છે કાંઈ? બીજા દેવલોકની ઈન્દ્રાણી આવે તોપણ ચળે નહિ. શું છે? એ તો પરચીજનું લક્ષ, બુદ્ધિ છે. એ તો રાગ છે, પુણ્ય છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- આટલું કર્યું બધું ફોગટ...

ઉત્તર :- ફોગટ નહિ. લાભદાયક થયું સંસાર માટે. પાઠ છે ને? ભાઈ! આપણે આવે છે ને? 'પ્રવચનસાર'માં આવે છે. સમ્યગ્દૃષ્ટિનો જેટલો પુરુષાર્થ છે એ અફળ છે. અફળનો

અર્થ એને સંસારનું ફળ નહિ મળે. અને મિથ્યાદષ્ટિ જેટલી ક્રિયા કરે છે તે સફળ છે, સફળ છે. સમજાય છે કાંઈ? જેટલો અનાદિથી સંસાર ફળ્યો છે તે સંસાર ફળશે. એવો પાઠ છે. શ્વેતાંબરમાં એ પાઠ આવે છે. સમજ્યા ને? ... હે મહાભાગા! વીર્ય અધ્યયનમાં છે. આ તો બધું મોઢે હતું ને. ભૂલી ગયા, ઘણાં વર્ષ થયા ને. સમજાય છે? મહા ભાગ્યવાન પુણ્યવંત જગતમાં પ્રસિદ્ધ ઘણી હોય અને મિથ્યાદષ્ટિ હોય, સમજાય છે? જે બુધા.. હવે યાદ આવ્યું. 'જે બુધા મહાભાગા વીરા ...' એ ગાથા છે. અહીંથી લીધું ને. (આમાંથી) નીકળ્યા હતા તો કો'ક કો'ક તો વાત લે ને. દિગંબરમાંથી શ્વેતાંબર નીકળ્યા તો કોઈક વાત તો નાખી હોય ને. જેમ આપણે 'પ્રવચનસાર'માં છે, અફળ સફળ. એવા બોલ છે. 'જે બુધા મહાભાગા' છે, શાસ્ત્રને જાણનારી કેટલીક બુદ્ધિ. એ અબુધા. અબુધા નામ સાચું જ્ઞાન નહિ. પણ છે મહાભાગ્યવાન. દુનિયામાં પ્રસિદ્ધિ લાખો કરોડો માણસમાં. ઓહોહો..! વીરા છે. બહુ ક્રિયાકાંડ કરે છે. માસ માસખમણના અપવાસ. 'અબુધા મહાભાગા' છે તત્ત્વજ્ઞાન રહિત પણ છે ભાગ્યવાન. ભારે વાત, ભાઈ! અમરચંદજી! 'જે અબુધા મહાભાગા પણ વીરા અસમત દંસિણો'. વીર અને સમ્યગ્દર્શન, બેય વિરુદ્ધ. પુરુષાર્થ ઘણો, ઘણો પુરુષાર્થ. માસ માસ ખમણની ક્રિયા. શરીર જીર્ણ.. જીર્ણ.. મૌન.. મૌન.. મૌન. સમજાય છે કાંઈ? પણ છે અદંસિણો. સમ્યગ્દર્શન નથી. સમ્યગ્દર્શન નથી. સ્વભાવનો આશ્રય નથી, દષ્ટિ નથી. 'વીરા અદંસિણો, અશુદ્ધં ... ' જેટલું પરાક્રમ કરે છે, મંદ રાગનો પુરુષાર્થ બધો અશુદ્ધ છે. સફળ હોઈ ... સફળ થશે એનું પરાક્રમ. ક્યાં? અનાદિ કાળથી સંસાર મળે છે એ જ મળશે. સમજાય છે કાંઈ? પછી ગુલાંટ ખાઈને વાત છે.

'જે બુધા મહાભાગા, વીરા સમતદંસિણો સુદ્ધં તેસિં ... ' સમજાય છે કાંઈ? આ તો વીર્ય અધ્યયન છે. સૂયગડાંગના સોળ અધ્યયન છે ને. એ લોકો .. એના સોળ અધ્યયન છે. એનું આ આઠમું અધ્યયન છે. વીર્ય અધ્યયન. આ તો બધા કંઠસ્થ કર્યા હતા ને. (સંવત) ૧૯૭૧ની સાલ પહેલા, હોં! છ-સાત-આઠ હજાર શ્લોક કંઠસ્થ હતા. એમાં આવ્યું તો એ વખતે બધું કર્યું હતું. કહે છે, 'વીરા જે બુધા' તત્ત્વજ્ઞાની. આત્મા જ્ઞાનમૂર્તિ પ્રભુ આત્મા છે. 'વીરા બુધા મહાભાગા' પુણ્યવંત પણ છે. સમ્યગ્જ્ઞાની છે, સાથે પુણ્યવંત પણ છે, પ્રસિદ્ધ પણ છે. વીરા, સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ કરે છે. અને ... જેટલો એ અંદર પુરુષાર્થ કરે છે એનું ફળ અફળ છે. એને સંસાર મળશે નહિ. સમજાય છે કાંઈ?

અહીંયા કહ્યું,

**યમ નિયમ સંજમ આપ કિયો, પુનિ ત્યાગ વિરાગ અથાગ લહ્યો,**
**વનવાસ લિયો મુખ મૌન રહ્યો, દઢ આસન પદ્મ લગાય દિયો.**

**'જપ ભેદ જપે તપ ત્યૌંહી તપે,'** જપ. ભગવાન.. ભગવાન.. ભગવાન.. ભગવાન ચોવીસ કલાક (કરે). **'જપ ભેદ જપે તપ ત્યૌંહી તપે,'** તપ એટલા કર્યા. સમજાય છે

કાંઈ? '**મન પૌન નિરોધ સ્વબોધ કિયો, હઠજોગ પ્રયોગ સુ તાર ભયો,**' હઠપ્રયોગ કર્યો. બહાર ક્યાંય વિકલ્પ ન જાય એટલે આમ હઠ કરી. સમજાય છે કાંઈ? '**સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે,**' શાસ્ત્ર પણ ભણ્યો, ઘણું ભણ્યો. ભણીને ખંડન-મંડન, ખંડન-મંડન, ખંડન-મંડન. '**સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે, મત મંડન ખંડન ભેદ લિયે, વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.**' એ સાધન-ફાધન થયું નહિ. હળવે હળવે થયું નહિ. કેવલચંદજી! '**અબ ક્યૌં ન બિચારત હૈ મનસેં, કછુ ઔર રહા ઉન સાધનસેં.**' એ સાધન-બાધન નહિ. અગિયાર અંગ ભણવા એ સાધન નહિ. યમ, નિયમ, સંયમ સાધન નહિ. આહાહા..!

મુમુક્ષુ :- આટલું બધું કર્યું...

ઉત્તર :- એટલું બધું શું કર્યું? કોણ કહે છે? બાબુભાઈ! શું કર્યું? જગજીવનભાઈ. જગજીવન નાગરદાસ. શું એટલું બધું કર્યું? મીંડા વાળ્યા બધા ઉકરડાના.

'**વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.**' એ સાધન છે નહિ. નિમિત્તનું સાધન કહ્યું. સાધન અંતર સ્વભાવનું કરે તો એને નિમિત્ત કહેવાય. સાધન-બાધન છે નહિ. સમજાય છે કાંઈ?

**અબ ક્યૌં ન બિચારત હૈ મનસેં, કછુ ઔર રહા ઉન સાધનસેં.**
**બિન સદ્‌ગુરુ કોય ન ભેદ લહે, મુખ આગલ હૈં કહ બાત કહે?**

ભગવાન પરમાનંદની મૂર્તિ ધ્રુવ સ્વરૂપ એ સાધન છે. એની દૃષ્ટિ કરવી. સાધન, સ્વભાવમાં સાધન નામનો ગુણ પડ્યો છે. સમજાય છે કાંઈ? એવું શ્રદ્ધાન, પોતાના સ્વરૂપનું સાધન પોતામાં છે એવું કદી કર્યું નથી. તો શ્રીગુરુએ શુદ્ધનય ભૂતાર્થ કહીને બધા સાધનને છોડાવ્યા છે. '**એનો આશ્રય કરવાથી સમ્યગ્દષ્ટિ થઈ શકાય છે;...**' એક ભગવાન પૂર્ણાનંદ પ્રભુનો આશ્રય કરવાથી જ. પર્યાયનો નહિ, રાગનો નહિ, નિમિત્તનો નહિ, દેવ-ગુરુ-શાસ્ત્રનો નહિ. સમેદશિખર જાત્રાનો નહિ. કોઈ કહે, સમેદશિખરની જાત્રા એક-બે કરીએ, જાઓ (કલ્યાણ થઈ જશે). 'એક વાર વંદે જો કોઈ' નરકગતિ ન થાય એમાં તારા શું દાળિયા થયા? અહીં તો ચાર ગતિ ન થાય એની વાત છે. તો ચાર ગતિ ક્યારે ન મળે? નિજ ધ્રુવનો આશ્રય કરવાથી ચાર ગતિનો અભાવ થાય છે, બીજો કોઈ ઉપાય નથી.

'**આશ્રય કરવાથી સમ્યગ્દષ્ટિ થઈ શકાય છે;...**' ભગવાન આત્મા.. બધાની પર્યાય, રાગ, ભેદ બધાને છોડી એકાકાર અભેદ ચૈતન્યમૂર્તિનો આશ્રય કરવાથી સમ્યગ્દષ્ટિ થઈ શકાય છે. કેવલચંદજી! આ કદી કર્યું નથી, સાંભળ્યું નથી. સાંભળ્યું તો રુચિ થઈ નથી. '**એને જાણ્યા વિના...**' જુઓ! આને એટલે? ત્રિકાળ જ્ઞાયકભાવ શુદ્ધ અભેદ ચૈતન્યપ્રભુને જાણ્યા વિના '**જ્યાં સુધી જીવ વ્યવહારમાં મગ્ન છે...**' પર્યાયમાં, રાગમાં, નિમિત્તમાં સંયોગી ભાવમાં મગ્ન છે, નવ તત્ત્વની શ્રદ્ધા વિકલ્પમાં, નવ તત્ત્વના ભેદવાળી શ્રદ્ધા, હોં! રાગમાં, રાગના

જ્ઞાનમાં, પંચ મહાવ્રતના પરિણામમાં વ્યવહારમાં મગ્ન છે. '**જ્યાં સુધી જીવ વ્યવહારમાં મગ્ન છે...**' ભેદમાં મગ્ન છે '**ત્યાં સુધી આત્માનાં જ્ઞાનશ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ થઈ શકતું નથી.**' લો. આત્માનું જ્ઞાન, ભાન કરીને શ્રદ્ધાન, એમ કહે છે. ભાન વિના શ્રદ્ધાન કોનું? સસલાના શીંગડાની? આત્માનું જ્ઞાન કરીને શ્રદ્ધા.

'**જ્યાં સુધી વ્યવહારમાં મગ્ન છે...**' અને વ્યવહારનું લક્ષ, આશ્રય નથી છોડતો અને ધ્રુવનો આશ્રય નથી લેતો '**ત્યાં સુધી આત્માનાં જ્ઞાનશ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ થઈ શકતું નથી.**' વ્યવહારાભાસ રૂપી સમકિત-રાગ હો, એ અનંત વાર કર્યું. એનાથી આત્માનું સાધન થયું નહિ. સમજાય છે કાંઈ? પંચ મહાવ્રત અનંત વાર લીધા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા પણ અનંત વાર કરી, રાગ થયો, અગિયાર અંગનું ભણવું પણ અનંત વાર થયું. એ કોઈ સાધન-ફાદન નહિ. આહાહા..! અહીં તો એક અપવાસ કરે તો તપસ્યા અને તપસા એ નિર્જરા. લો, સીધી વાત. 'તત્ત્વાર્થ સૂત્ર'માં આવે છે કે નહિ? પણ તપસા નિર્જરા શબ્દ નથી આવતો? ... તપસા નિર્જરા. અપવાસ કરવા એ તપસ્યા. અપવાસ શું બાર (પ્રકારના) તપમાં ણમો અરિહંતાણં બોલવું એ (સજ્ઝાય છે). સજ્ઝાયમાં નથી આવતું? સજ્ઝાયમાં આવે છે કે નહિ? ણમો અરિહંતાણં. આવે છે સજ્ઝાયમાં. સજ્ઝાય એ તપ અને તપ એ નિર્જરા. બાર પ્રકારમાં આવે છે કે નહિ? અનશન, ઉણોદરિ, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયોત્સર્ગ. વિનય, વયાવચ્ચ સજ્ઝાય. તો સજ્ઝાયમાં બહુ આવે છે. ... ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આઈરિયાણં, ણમો ઉવ્વજ્ઝાયાણં... એ બધું સજ્ઝાયમાં આવે છે. સાંભળવું, કહેવું. સજ્ઝાયમાં ઘણું આવે છે. સજ્ઝાય, ધ્યાન, મનન કરવું એ બધો તો વિકલ્પ છે. સમજાય છે કાંઈ? એ સજ્ઝાય થઈ, તપ થયું, તપથી નિર્જરા થઈ ગઈ, નિર્જરાથી મોક્ષ થશે. સહેલી સટ વાત. એમ છે નહિ, સાંભળ તો ખરો. તારી સજ્ઝાય-ફજ્ઝાઈ (ક્યાંય રહી ગયા).

આત્મા જ્ઞાયકમૂર્તિ સ્વ-અધ્યાય. એનો અંતરમાં અધ્યાય-અંતરમાં અનુભવ કર્યા વિના તને કદી નિશ્ચય સમ્યગ્દર્શન નહિ થાય અને સમ્યગ્દર્શન વિના તારી એકલી સ્વાધ્યાય અને બાર પ્રકારના તપ બધું પુણ્યબંધમાં જાય છે. સમજાય છે કાંઈ? જ્યાં સુધી વ્યવહારમાં મગ્ન છે ત્યાં સુધી આત્માનું જ્ઞાન અને શ્રદ્ધાનરૂપ નિશ્ચય '**સમ્યક્ત્વ થઈ શકતું નથી. એમ આશય જાણવો.**' લ્યો, બહુ સાદી ભાષામાં ભાવાર્થમાં બહુ ભરી દીધું છે. એ ૧૧ ગાથા પૂરી થઈ. પૂરી થઈ ને? ૧૧મી તો તમારે ત્યાં વાંચી હતી, નહિ? બારમી ત્યાં નહોતી વાંચી.

'**હવે, 'એ વ્યવહારનય પણ કોઈ કોઈને કોઈ વખતે પ્રયોજનવાન છે,...**' શું કહ્યું? જુઓ! '**केषाञ्चित्कदाचित्**' એ વ્યવહારનય પણ કોઈ કોઈને એટલે જ્યાં સુધી એની અપૂર્ણ દશા છે અને '**કોઈ વખતે...**' એટલે અપૂર્ણ દશાના કાળમાં જાણવાલાયક છે. અનુભવ

થયો, દ્રવ્યના આશ્રયે શુદ્ધ ચૈતન્યનો અનુભવ થયા પછી પૂર્ણ શુદ્ધની પ્રાપ્તિ-ચારિત્ર થઈ જાય તો પર્યાયમાં શુદ્ધિની અપૂર્ણતા અને રાગની રહેતી નથી. તો એને તો વ્યવહાર જાણવા લાયક રહ્યો નહિ. પણ જ્યાં સુધી પૂર્ણ શુદ્ધ પર્યાય પ્રગટ ન થાય, દૃષ્ટિ શુદ્ધ ઉપર હોવા છતાં પર્યાયમાં ચારિત્રની પૂર્ણતા ન થાય ત્યાં સુધી ચારિત્રની નિર્મળતાની અલ્પતા અને રાગની મંદતા રહે છે તેને તેટલા સાધકકાળમાં રહેવાવાળાને. કોઈ કોઈને એટલે સાધકકાળમાં. જ્યાં સુધી સાધકકાળ છે ત્યાં સુધી '**પ્રયોજનવાન છે,...**' જાણવાલાયક છે. વ્યવહાર છે એમ જાણવાલાયક પ્રયોજનવાન છે એમ ટીકામાં લેશે. આ ગાથામાં ઘણી ગડબડ (અત્યારે લોકો કરે) છે. બધા આ વાત નાખે છે. આ ૧૨મી ગાથા. '**अपरमे ट्ठिदा भावे**'. જુઓ! પહેલો સ્થાનકવાસીમાં એણે જ મૂક્યો હતો. ઘણા વર્ષ પહેલાં, શરૂઆતમાં. કપુરભાઈનો દીકરો હતો, નહિ? કપુરભાઈનો દીકરો. પહેલા અહીંયાં આવ્યો હતો. કપુરભાઈ દરિયાપરી. એનો દીકરો (કહે), આમ છે, ૧૨મી ગાથામાં (આમ કહ્યું છે). અરે..! પણ તને ખબર નથી ૧૨મી ગાથામાં શું કહ્યું છે. ચારે બાજુ બધા ૧૨-૧૨ બોલે. ૧૨માં સમજવા જેવી વાત છે.

'**વ્યવહારનય પણ કોઈ કોઈને...**' જ્યાં સુધી પોતાની સ્વાધીન પૂર્ણ દશા ચારિત્રની પ્રાપ્ત અથવા નિર્વિકલ્પ અનુભવમાં ન થાય ત્યાં સુધી '**કોઈ વખતે...**' એટલે તેટલા કાળમાં. નિર્વિકલ્પ અનુભવમાં ઠરી ગયો, અપરમ દશા આદિમાં તો એને પછી વ્યવહારની અલ્પતા, અશુદ્ધતાની અલ્પતા, શુદ્ધતાની અલ્પતા ખ્યાલમાં લેવાની રહી નહિ. તેટલો કાળ. જ્યાં સુધી શુદ્ધતા અલ્પ છે, અશુદ્ધતા છે તે કાળમાં દૃષ્ટિ સમ્યક્ ચૈતન્ય ઉપર હોવા છતાં વ્યવહાર જાણવા લાયક રહી જાય છે. જાણવા લાયક પ્રયોજનવાન છે. '**સર્વથા નિષેધ કરવાયોગ્ય નથી;...**' પર્યાયમાં ભેદ છે જ નહિ (એમ નથી). સમ્યગ્દર્શન થયું અને પર્યાયમાં નિર્મળતા વીતરાગી થઈ ગયો એમ નથી. સમજાય છે કાંઈ? દૃષ્ટિ ચૈતન્ય ભગવાન આનંદકંદની અનુભવ દૃષ્ટિ થઈ. એમ થયું અને થોડો આશ્રય વિશેષ પણ લીધો. પાંચમું, છઠ્ઠું ગુણસ્થાન આવ્યું. છતાં પર્યાયમાં અશુદ્ધપણું છે, શુદ્ધિનો પૂર્ણ અંશ નથી તેને તે કાળમાં આ શુદ્ધતા અલ્પ છે, એમ જાણેલો તે કાળમાં જાણેલો સાધકજીવને દૃષ્ટિ નિશ્ચય ઉપર હોવા છતાં એ વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. સમજાય છે કાંઈ? જુઓ! '**તેથી તેનો ઉપદેશ છે' એમ કહે છે :-'**

**सुद्धो सुद्धादेसो णादव्वो परमभावदरिसीहिं।**
**ववहारदेसिदा पुण जे दु अपरमे ट्ठिदा भावे।।१२।।**
**દેખે પરમ જે ભાવ તેને શુદ્ધનય જ્ઞાતવ્ય છે;**
**અપરમ ભાવે સ્થિતને વ્યવહારનો ઉપદેશ છે. ૧૨.**

ઈ વ્યવહારનો ઉપદેશમાં ઘણાં ગોટા છે. વ્યવહારનો ઉપદેશ તો વાચક છે. પણ વ્યવહારના

ઉપદેશનો અર્થ પોતાની પર્યાયમાં પૂર્ણ શુદ્ધતા નથી, પૂર્ણ દ્રવ્ય ઉપર દૃષ્ટિ હોવા છતાં પર્યાયમાં પૂર્ણ શુદ્ધતા નથી થઈ અને રાગનો ભાવ વ્યવહારનો આવે છે તેને અહીંયાં અપરભાવ કહેવામાં આવ્યો છે. તેને બરાબર જાણવો કે મારી પર્યાય આવી હજી ઓછી છે, શુદ્ધતા, રાગ છે એમ જાણવું તે અપરભાવમાં સ્થિતને વ્યવહાર જાણવા લાયક છે એમ અહીંયાં કહેવામાં આવ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ઉપદેશ કરવો.

ઉત્તર :- ઉપદેશનો અર્થ જ ઈ છે. કીધું ને, ઉપદેશ એટલે વાચક થયો. એનું વાચ્ય શું છે? એનો ખુલાસો અંદર લેશે. જાણેલો. જુઓ! '**विचित्रवर्णमालिकास्थानीयत्वात्परिज्ञायमानस्तदात्वे प्रयोजनवान्**' ઈ શબ્દોનો અર્થ છે. '**अपरमे द्विदा भावे**'ની ટીકા છે. ક્યા શબ્દની એ ટીકા છે? '**अपरमे द्विदा भावे**'. સમજાય છે કાંઈ? '**વ્યવહારનો ઉપદેશ છે.**' એની વ્યાખ્યા પછી આવશે. છે ને? '**तदात्वे**' શબ્દમાં મહા વસ્તુ પડી છે. મુદ્દો ત્યાં છે. '**तदात्वे**'. તે કાળે અર્થાત્ જ્યારે આત્મા પૂર્ણની દૃષ્ટિ કરી, જ્ઞાન પણ કર્યું પણ સ્થિરતા પૂર્ણ નથી થઈ. વીતરાગની દશા અથવા નિર્વિકલ્પ અનુભવમાં નથી ત્યાં સુધી વ્યવહારમાં જાણવા લાયક રાગની મંદતા, શુદ્ધતાની અપૂર્ણતા તે કાળે તે જાણવાલાયક છે. સમય સમયનું જ્ઞાન ભિન્ન ભિન્ન છે. કેમકે સમય સમયનું જ્ઞાન જેટલો આશ્રય લઈને શુદ્ધિ પ્રગટ થઈ છે તેટલી અશુદ્ધતા ઘટી ગઈ છે. જેટલી શુદ્ધિ છે એનું જ્ઞાન કરે છે. બીજા સમયે જેટલી શુદ્ધિ વધી છે તે સમયે તેનું જ્ઞાન કરે છે. '**तदात्वे**' તે તે સમયે, તે તે પ્રકાર જાણેલો પ્રયોજનવાન કહેવામાં આવ્યો છે. એ મોટી ગડબડ છે એટલે ધીમેથી અર્થ થાય છે. સાંભળો! સમજાય છે કાંઈ? છોટાભાઈ! આ ભારે ગડબડ માણસને.

એક બાજુ કહે કે વ્યવહાર ભૂતાર્થ છે તે સમ્યગ્દર્શન છે અને બીજી બાજુ કહે કે પર્યાયમાં રાગાદિ છે તે આદરણીય છે અને અલ્પ શુદ્ધતા આદરણીય છે, એમ ક્યાંથી આવ્યું? પહેલા તો આદરણીય ત્રિકાળ '**भूदत्थो देसिदो**' કહ્યું. સમજાય છે કાંઈ? અને ત્યાં તો સમ્યગ્દૃષ્ટિ થયો એમ કહે છે. હજી તો ચોથા ગુણસ્થાનની વાત કરે છે, ભાઈ! પેલા કેટલાક કહે કે, એ તો આઠમાની વાત છે, કોઈ કહે, તેરમાની (વાત છે).

મુમુક્ષુ :- કોઈ પંદરમું કહે.

ઉત્તર :- પંદરમું છે નહિ, શું કરે?

પરમભાવ નિર્વિકલ્પ અનુભવ થયો એમાં ભેદ લક્ષમાં આવતા નથી તો એનું નામ પરમભાવ. સાતમે પરમભાવ થઈ ગયો. નિર્વિકલ્પ આનંદમાં પડ્યો છે. તેરમે કાં નિર્વિકલ્પ આનંદમાં પડ્યો છે, ભેદનું લક્ષ નથી તો એને ભેદ જાણવો છે નહિ. સમજાય છે કાંઈ? ચોથા ગુણસ્થાનમાં પણ જ્યારે સ્થિર છે ત્યારે તો લક્ષ નથી. પણ અંદર છે, ભેદ છે ને. અનુભવ દૃષ્ટિ થઈ પણ ત્રણ કષાયનો રાગ છે, શુદ્ધિ અલ્પ છે, ભલે ઉપયોગ વખતે

લક્ષ નથી પણ જ્યાં બહાર આવ્યો તો એનું લક્ષ થઈ ગયું (કે) મારી શુદ્ધતા અલ્પ છે. રાગ છે, એમ જાણવું એ ચોથા ગુણસ્થાનવાળાને પણ પ્રયોજનવાન છે. આહાહા..! છે ને, પણ એ વસ્તુ એમ છે.

૧૧મી ગાથામાં શુદ્ધનય કહ્યું તે સમ્યગ્દષ્ટિ કહ્યું. તો સમ્યગ્દષ્ટિ થયો. તો પર્યાયમાં કોઈ વ્યવહારનો વિષય રહે છે કે નહિ? વ્યવહાર છે જ નહિ? કે પૂર્ણ કેવળજ્ઞાની થઈ ગયો? પ્રમાણજ્ઞાન થઈ ગયું? સમજાય છે કાંઈ? એટલું બતાવવા ૧૨મી ગાથા છે.

મુમુક્ષુ :- આશ્રય..

ઉત્તર :- આશ્રય કરવા લાયક નથી. આશ્રય કરવા લાયક તો ત્રણે કાળ ધ્રુવનો આશ્રય નિરંતર લેવો એ એક જ વાત છે. સમજાય છે કાંઈ? આહાહા..! વ્યવહાર જાણવા લાયક છે. આશ્રય તો થયો પણ પૂર્ણ આશ્રય નથી થયો ત્યાં સુધી અશુદ્ધતા છે. શુદ્ધતા પૂર્ણ નથી થઈ તો તે કાળે એટલું જાણવું. આશ્રય કરવા લાયક નથી. પાઠ શું લીધો? '**परिज्ञायमानस्तदात्वे प्रयोजनवान्**' જાણેલો પ્રયોજનવાન છે, આદરેલો પ્રયોજનવાન છે એમ નથી. મોટી ગડબડ. અમરચંદજી!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ વળી બીજું.

અહીં તો નિશ્ચયના જ્ઞાનમાં વ્યવહારનું જ્ઞાન જોડવું એ પ્રયોજન, જાણવું એ પ્રયોજન (છે). પેલું પ્રયોજન પોતાનું બીજું. આત્મદ્રવ્યનો આશ્રય લીધા વિના શાંતિનું પ્રયોજન સિદ્ધ નથી થતું. સમજાય છે કાંઈ? એકરૂપ ભગવાન આત્માનો આશ્રય લીધા વિના પોતાને આનંદની પ્રાપ્તિ થતી નથી. આનંદની કહો કે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની કહો. આહા..! ભારે ભાઈ ગડબડ.

મુમુક્ષુ :- આ બધું સમજ્યા વિના ધર્મ ન થાય?

ઉત્તર :- સમજ્યા વિના ધર્મ થાતો હશે? પૂછો.

મુમુક્ષુ :- લૌકિકમાં ..

ઉત્તર :- લોકોત્તર ધર્મમાં ધર્મ વિરુદ્ધ હોય. લૌકિકમાં સમજ્યા વિના હોય નહિ. સેઠી! તમારી દુકાને કંઈક લેવા આવે. સેઠી! આ દસ હજાર લો. અમને કંઈ પણ આપો. શું આપે? ઈ મને ખબર નથી. હીરા, માણેક, મોતી કંઈ ખબર નથી. મૂરખ છો, શું લેવા આવ્યો છો?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એને ક્યાં ના પડાય કે હું આ પન્નાનો બોલ લેવા આવ્યો છું કે માણેક કે આ (લેવા આવ્યો છું). ખ્યાલ નથી, કઈ ચીજ અને કઈ નહિ. કઈ ચીજ અને કઈ નહિ. ખ્યાલ વિના લ્યે છે? ચોખા લેવા જાય, લ્યો. ચોખા. આ ૨૫ રૂપિયા અમારા

પિતાજીના, ચોખા આપો. ક્યા ચોખા? ચોખાની ૨૫ જાત છે. કુલ્ફા, વાંસાવડ, રંગુન ઘણા આવે છે કે નહિ? ઈ મને ખબર નથી. પણ તને (ખબર નથી) તો લેવા શું આવ્યો તું? તારાચંદજી! શું લેવા આવ્યો? ચોખા લેવા આવ્યો. પણ ચોખા કઈ જાતના? એક ઠળિયા જેવા આવે છે રંગુન, એક પાતળા આવે છે. કુલ્ફા આવતા હતા. બહુ પાતળા. હવે વાંસાવડ કહે છે. બાસમતી. પહેલા કુલ્ફાના આવતા હતા. ત્યાં દુકાન હતી ને તો અમે કુલ્ફાના જ ચોખા રાંધતા હતા. ઘરમાં બધી ઊંચી ઊંચી વસ્તુ રાખતા હતા. કુલ્ફાના બહુ પાતળા આવે. ખબર નથી. શેની ખબર નથી? શું લેવા આવ્યો? અનાજ લેવા આવ્યો છું. પણ અનાજમાં કઈ ચીજ? (એનું) શું કામ છે? અનાજ લાવો. મારી નાખશે તારો બાપ. કેવલચંદજી! કપડું લેવા જાય, કપડું. પચાસ રૂપિયા અમારા પિતાજીએ આપ્યા છે, કપડું આપો. કયું કપડું? મને ખબર નથી. મૂરખ છો. અહીં તો પચાસ જાતનું, સો જાતનું કપડું પડ્યું છે. કેટલું? પચાસનું. કઈ જાત? મને ખબર નથી. કઈ નથી અને કઈ છે, મને ખબર નથી. એમ આ ચીજ કઈ છે અને એમાં કોણ નથી, મને ખબર નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યાં જાણીને મળે છે અને અહીંયાં જાણ્યા વિના મળે છે એમ રામજીભાઈ કહે છે ને. લૌકિકથી આ વિરુદ્ધ છે. ન્યાં જાણવાથી મળે અને અહીં જાણ્યા વિના મળે, એમ થાય છે કે નહિ? અરે..! આ તો દાખલો-દૃષ્ટાંત છે. કઈ ચીજ ગ્રહણ કરવા લાયક છે, કઈ ચીજ જાણવા લાયક અને છોડવા લાયક છે, એના જ્ઞાન વિના ક્યાં દૃષ્ટિ કરશે અને કોને છોડશે? સમજાય છે કાંઈ? ઓહોહો..! જુઓ! એનો શબ્દાર્થ લઈએ પહેલાં, હોં! જ્યાં હોય ત્યાં પેલા શબ્દાર્થ લે છે ને. આહા..! જુઓ! શબ્દાર્થ લખ્યો છે.

'**परमभावदर्शिभिः**' જે શુદ્ધનય સુધી પહોંચી શ્રદ્ધાવાન, એ તો શ્રદ્ધા થઈ. શુદ્ધ દ્રવ્યનો આશ્રય લઈને શ્રદ્ધાવાન થાય અને પૂર્ણ જ્ઞાન થયું. એનો આશ્રય લઈને પૂર્ણ જ્ઞાન થયું અને ચારિત્રવાન પણ થયો. સ્વરૂપનો આશ્રય કરીને સ્થિરતા પણ થઈ. તેમને તો શુદ્ધનો ઉપદેશ કરનારો શુદ્ધનય જાણવા યોગ્ય છે. અર્થાત્ ખરેખર તો એને હવે નય રહી નહિ. પણ અભેદ અનુભવ થઈ ગયો, એમાં ભેદ રહ્યા છે તે જાણવા લાયક રહ્યા એમ કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? આખો આત્મા અખંડાનંદનો અનુભવ થયો તે જ જાણેલો પ્રયોજનવાન છે. બસ, એટલું. સમજાય છે કાંઈ? એક દ્રવ્યનો સ્વભાવ ધ્રુવ શુદ્ધ છે એનો આશ્રય લઈને સમ્યગ્દર્શન થયું. અને વિશેષ આશ્રય લઈને ચારિત્ર થયું. તો ચારિત્ર જ્યાં વિશેષ પૂર્ણ થઈ ગયું તો અભેદ થઈ ગયો. એમાં કોઈ ભેદ રહ્યો નહિ. તો એને એકલી શુદ્ધનય, દ્રવ્ય શુદ્ધનયનો વિષય છે એવી જ પર્યાય પ્રગટ થઈ ગઈ તો એને વ્યવહાર રહ્યો નહિ. પર્યાયમાં શુદ્ધતા ઓછી અને અશુદ્ધતા એવો વ્યવહાર તો રહ્યો નહિ. સમજાય છે કાંઈ? આ ૧૨મી ગાથા સમજવા જેવી છે. બહુ ગડબડી ચાલે છે.

શ્રદ્ધાવાન, જ્ઞાનવાન, પૂર્ણ ચારિત્રવાન થઈ ગયા. તેમને તો શુદ્ધ આત્માનો ઉપદેશ અર્થાત શુદ્ધ આત્મા જ અનુભવમાં આવે છે. એને બીજું છે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, ગ્રહણ (કરવું રહ્યું નહિ), એ તો અનુભવમાં પડ્યો છે, બસ. એને જાણવા લાયક આત્મા જ રહ્યો. બીજો કોઈ ભેદ છે નહિ. અનુભવની દૃષ્ટિ થઈ, સ્થિરતા પણ થઈ ગઈ, વીતરાગતા થઈ અથવા સાતમે ગુણસ્થાને નિર્વિકલ્પ અનુભવ થયો. એમાં કોઈ આ ભેદ એમ જાણવું રહ્યું નહિ. એકલો આત્મા જ જાણે છે અને અનુભવે છે, બસ. એને વ્યવહારને જાણવાની જરૂર રહી નહિ. કેમકે વ્યવહાર ભેદમાં રહ્યો જ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

પહેલા અહીંયાં કહે છે, '**भूदत्थो देसिदो दु सुद्धणओ**'. ભૂતાર્થ શુદ્ધનય. એટલે ભૂતાર્થ શુદ્ધનય ક્યાં આવ્યું? તેરમું ગુણસ્થાન થાય ત્યારે? એ તો પ્રમાણજ્ઞાન થયું, ત્યાં નય ક્યાં આવી? અહીંયાં ચોથા ગુણસ્થાનમાં જ્યારે પોતાનો શુદ્ધ ધ્રુવ આત્માનો અનુભવ થયો તો સમ્યગ્દર્શન થયું. સમ્યગ્દર્શન થયું તો શ્રુતજ્ઞાન થયું. શ્રુતજ્ઞાન થયું તો જ્ઞાનના બે ભાગ પડી ગયા. નય. શ્રુત વિકલ્પા નયા. શ્રુતજ્ઞાન થયું એનો ભેદ નય. એ પહેલા તો નય હોતી નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- અત્યારે તો જરૂર વ્યવહારની...

ઉત્તર :- ક્યાં પણ વ્યવહાર ધૂળમાં આવ્યો? વ્યવહાર આવ્યો ક્યાંથી?

મુમુક્ષુ :- એવો વ્યવહાર...

ઉત્તર :- વ્યવહારમૂઢ છે. એ તો કહ્યું ને? ૪૧૩મી ગાથામાં. ૪૧૩ ગાથા, સમયસાર. અનાદિરૂઢ વ્યવહારમૂઢ નિશ્ચય અનારૂઢ. ત્રણ શબ્દ પડ્યા છે. ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય'ના (શબ્દો). એ તો બહુ મહા સિદ્ધાંત બધા ભર્યા છે. ૪૧૩ ગાથા છે ને. અહીંયાં છે. ૪૧૩. હિન્દી છે એટલે પુસ્તક જોશે એમ થઈ ગયું. ગુજરાતી છે ને આ? ૪૧૩ ગાથા છે ને? અર્થ લઈએ. ટીકા છે ને?

'**જેઓ ખરેખર 'હું શ્રમણ છું, હું શ્રમણોપાસક (-શ્રાવક) છું'...**' જુઓ! બેયની વાત કહે છે, હોં! '**એમ દ્રવ્યલિંગમાં મમકાર વડે...**' દ્રવ્યલિંગ વિકલ્પ આદિમાં મમત્વ દ્વારા મિથ્યા અહંકાર કરે છે '**તેઓ અનાદિરૂઢ (અનાદિ કાળથી ચાલ્યા આવેલા) વ્યવહારમાં મૂઢ (મોહી) વર્તતા થકા...**' એ રાગની મંદતા તો અનાદિ કાળથી ચાલી આવે છે. મંદ તીવ્ર, મંદ તીવ્ર, મંદ તીવ્ર તો અનાદિ કાળથી થાય છે. એમાં વ્યવહાર કહે કોને? અનાદિરૂઢ વ્યવહારમાં મૂઢ. વ્યવહારનો જ્ઞાતા નહિ. અહીં '**परिज्ञायमानस्तदात्वे प्रयोजनवान्**' એમ કહેશે. ૧૨મીમાં એમ કહેશે, જાણેલો પ્રયોજનવાન છે. આ તો મૂઢ છે. કારણ કે નિશ્ચયનો અનુભવ થયો નથી એ પહેલા પર્યાયમાં વ્યવહાર જાણેલો પ્રયોજનવાન આવ્યું ક્યાંથી? તું કહે છે

કે પહેલા વ્યવહાર. તો કહે છે, મૂઢ છો. અમરચંદજી! આહાહા..!

ભગવાન આત્મા અનાદિઅનંત મૂળ ચૈતન્યના અનુભવ વિના વ્યવહાર જાણેલો પ્રયોજનવાન આવ્યું ક્યાંથી? તું કહે છે કે પહેલા વ્યવહાર. કહે છે, એવો અહંકાર કરે છે કે હું સાધુ છું ને હું શ્રાવક છું, અઠ્યાવીસ મૂળગુણ પાળું છું, પેલો કહે, હું બાર વ્રત પાળું છું, અગિયાર પડિમા પાળું છું, હું આઠ પડિમા પાળું છું. મૂઢ છો. ક્યાંથી તારે વ્યવહાર આવ્યો? કેમ? એ તો અનાદિરૂઢ છે. અનાદિની કષાયની મંદતાના પરિણામ તો અનાદિઅનંત વાર થયા છે. વ્યવહારમાં મૂઢ છે. એ તો મૂઢ છે. તત્ત્વજ્ઞાન દૃષ્ટિ થઈ નહિ તો એને જાણનારો રહ્યો નહિ. જાણનારો થયા વિના વ્યવહારનું જ્ઞાન કરે કોણ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે જ નહિ વ્યવહાર. મૂઢ છે, એમ કહે છે. તારા કષાયની મંદતા તો મૂઢ.. મૂઢ.

મુમુક્ષુ :- વ્યવહાર કરતા કરતા થાય ને.

ઉત્તર :- શું મૂઢતા કરતા કરતા ડહાપણ થશે? કેવલચંદ! શું છે? મૂઢતા ઘૂંટતા ઘૂંટતા, મૂઢતાને ઘૂંટતા ઘૂંટતા જ્ઞાન થાય છે.

મુમુક્ષુ :- પહેલા વ્યવહાર, પછી નિશ્ચય.

ઉત્તર :- ધૂળમાંય વ્યવહાર નથી. એ જૈનદર્શનનું તત્ત્વ જ નથી સમજ્યો. અનુભવ સમ્યગ્દર્શનનો થયો ત્યારે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયું. શ્રુતજ્ઞાન. શ્રુતજ્ઞાન વિકલ્પા નયા. બે નય પડી. નિશ્ચય અભેદને જાણે છે, વ્યવહાર વર્તમાન ભેદ પર્યાયને જાણે છે. બસ. સમજાય છે કાંઈ?

ઘણાં વર્ષ પહેલા આ ગાથા ચાલેલી. ગડબડ ઘણી થઈ ગઈ હતી. શ્વેતાંબરમાં .. અહીં તો કહે છે, વ્યવહાર પહેલા એકલો કહે તો મૂઢ છે. ચાહે તો અગિયાર અંગ ભણનારો હોય. વ્યવહાર ક્યાંથી આવ્યો? નિશ્ચયનો અનુભવ થયો પછી જે પર્યાયમાં અશુદ્ધતા ઓછી રહી, શુદ્ધતા ઓછી રહી એને જાણેલો પ્રયોજનવાન છે. જાણે છે. અહીં તો મૂઢ છે. ચંદુભાઈ! સમજાય છે કાંઈ? આત્મદૃષ્ટિ અંતર અનુભવ વિના, દ્રવ્યના આશ્રય વિના એકલા વ્યવહારને વ્યવહાર કહે તો કહે છે કે મૂઢ છે. કેમ? અનાદિરૂઢ છે. અને '**પ્રૌઢ વિવેકવાળા નિશ્ચય (-નિશ્ચયનય) પર અનારૂઢ વર્તતા થકા...**' જુઓ! રાગની મંદતા જેને તું વ્યવહાર કહે છે, તો તું મૂઢ છો. એનાથી ભિન્ન પડી રાગનો અભાવ કરી સ્વભાવનો આશ્રય લેવો એવું ભેદજ્ઞાન તો તને છે નહિ. પ્રૌઢ-ઘણો. આ પ્રૌઢ ક્લાસ ચાલે છે. વિશેષ વિવેકવાળો, મહા વિવેકવાળો એમ કહે છે. મહાવિવેકવાળો. કેવો વિવેક? નિશ્ચય ઉપર અનારૂઢ. રાગથી ભિન્ન પડી ભગવાન આત્મા ધ્રુવ ઉપર તો તું આરૂઢ નથી. રાગની મંદતાને તું વ્યવહાર કહે છે. લાલચંદજી! મૂઢ છે, એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... ખોટું કહે છે? સમજાય છે કાંઈ? પંચ મહાવ્રતધારી સંત છે, ભાવલિંગી મુનિ છે, ત્રણ કષાયનો અભાવ છે.

'**પરમાર્થસત્ય (-જે પરમાર્થે સત્યાર્થ છે એવા) ભગવાન સમયસારને દેખતા–અનુભવતા નથી.**' એકલા વ્યવહાર મંદ કષાય ક્રિયાકાંડમાં રોકાય છે અને એ અમારો વ્યવહાર છે. મૂઢ છે. નિશ્ચય અનારૂઢ છે, સમયસારને જાણતા નથી.

મુમુક્ષુ :- પરમાર્થ સત્ય કોણ?

ઉત્તર :- પરમાર્થ સત્ય આત્મા એક સ્વરૂપે ત્રિકાળ આનંદકંદ. એને જાણ્યા વિના તારા વ્યવહારને વ્યવહાર કહેતા નથી. ૧૨મીમાં વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**દ્વિતીય શ્રાવણ વદ ૫, ળફભવાર તા. ૫-૦૯-૬૬**
**ગાથા-૧૨. પ્રવચન-૩૮**

આ 'સમયસાર' જીવ-અજીવ અધિકાર ચાલે છે. બારમી ગાથા. શબ્દાર્થ, ફરીને. અન્વયાર્થ. આ બારમી ગાથામાં અત્યારે ઘણી ગડબડ ચાલે છે. બારમી ગાથાનો આશ્રય લઈને, વ્યવહારથી નિશ્ચય થાય છે અને વ્યવહાર આદરણીય છે એમ એમાંથી કાઢે છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- એમાં એવું લખ્યું નથી?

ઉત્તર :- એમાં એમ છે જ નહિ. આ જ્યાં ત્યાં બારમી ગાથાનો આધાર આપે છે. પહેલેથી, ઘણાં વર્ષ પહેલાંથી. સ્થાનકવાસીમાં બારમી ગાથા, દેરાવાસીમાં બારમી ગાથા, દિગંબર બારમી ગાથા. બધા આ બારમી ગાથાનો જ્યાં જુઓ ત્યાં આધાર આપે છે. અમારે પહેલેથી એ (ચાલ્યું આવે છે), જુઓ! એમાં વ્યવહાર કહ્યો છે. જુઓ, વ્યવહારથી નિશ્ચય થાય છે, વ્યવહાર આદરણીય છે. વ્યવહાર કરતા કરતા નિશ્ચય થાય છે. એમાંથી કાઢે છે.

મુમુક્ષુ :- અનાદિ કાળથી છે.

ઉત્તર :- એ તો અનાદિથી છે પણ આ વર્તમાનમાં તો આપણા અનુભવમાં (આટલું આવે છે). સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- એમાં નથી અને કાઢે છે.

ઉત્તર :- શું કરે? પોતાની દૃષ્ટિથી કાઢે. જુઓ! પહેલા શબ્દાર્થ. શબ્દાર્થ પછી એની ટીકા.

**सुद्धो सुद्धादेसो णादव्वो परमभावदरिसीहिं।**
**ववहारदेसिदा पुण जे दु अपरमे ट्ठिदा भावे।।१२।।**

**શબ્દાર્થ :- 'परमभावदर्शिभिः'** અર્થાત્ જેઓ શુદ્ધનય સુધી પહોંચી શ્રદ્ધાવાન થયા. નિજ શુદ્ધ સ્વરૂપ અખંડ.. એ આપણે ચાર શબ્દ છે, ભાઈ! આપણે આમાં નાખ્યા નથી. મૂળમાં. શુદ્ધ, નિત્ય, એક જ્ઞાયકમાત્ર આત્મા જાણવો. એ પહેલાં શબ્દ 'જયચંદ્ર પંડિત'માં છે. પહેલા જે આત્મધર્મ આવે છે ને. આમાં પણ છે. પહેલું આ છપાણું છે ને. સમય પ્રાભૃત. સાંભળો!

અહીંયાં કહે છે કે જેને આત્માના શુદ્ધ જ્ઞાયક નિત્ય એક ભાવ અંતર અનુભવમાં દૃષ્ટિમાં આવ્યો અને દૃષ્ટિ ઉપરાંત એ સ્વભાવના આશ્રયે પૂર્ણ જ્ઞાન અને આનંદ, ચારિત્રની પ્રાપ્તિ પણ થઈ ગઈ. સમજાય છે કાંઈ? ભગવાન શુદ્ધ નિત્ય એક જ્ઞાયકમાત્ર ભાવ તે વસ્તુ. તેનું પ્રથમ સમ્યગ્દર્શન થયું એ ત્રિકાળ એક ભાવ સ્વરૂપ નિત્ય. શુદ્ધ નિત્ય એક જ્ઞાયકમાત્ર ભાવ. તેનો આશ્રય કરીને સમ્યગ્દર્શન થયું. પણ પોતાની જ્ઞાનપર્યાય અને ચારિત્રપર્યાય

પૂર્ણ નથી થઈ તો એનું બીજું વધારે પદમાં લેશે. પણ જેને સમ્યગ્દર્શન થયું અને જ્ઞાન, આનંદ, ચારિત્ર '**परमभावदर्शि**' '**परमभावदर्शि**'. પરમભાવ તો ત્રિકાળ વસ્તુ છે પણ એના અનુભવમાં પરમભાવ નામ પૂર્ણ ઉત્કૃષ્ટ દશા પ્રગટ થઈ ગઈ. નિર્વિકલ્પ સમાધિ થઈ ગઈ. સપ્તમ ગુણસ્થાનમાં કે ઉપર અંતરમાં પૂર્ણ સ્વભાવ ધ્રુવનો આશ્રય લઈને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની પરિપૂર્ણતાથી નિજ આત્માને... જુઓ! શ્રદ્ધાવાન પૂર્ણ જ્ઞાન ચારિત્રવાન થઈ ગયા. પૂર્ણ સ્વરૂપની સ્થિરતા અને જ્ઞાન અંદર થઈ ગયા. નિર્વિકલ્પ સમાધિ. એને તો શુદ્ધ આત્માનો ઉપદેશ કરનાર, એને તો શુદ્ધ આત્માની આજ્ઞા એટલે શુદ્ધ આત્મા ધ્રુવ છે એવો પર્યાયમાં પણ પરિપૂર્ણ અનુભવ થઈ ગયો. તો એને શુદ્ધનય ભાવવા યોગ્ય છે. જ્ઞાતવ્યનો અર્થ એ પૂર્ણ સ્વરૂપનો અનુભવ કરવા લાયક છે. સમજાય છે કાંઈ? એ તો પૂર્ણ સ્વરૂપનો અનુભવ થઈ ગયો.

જેવું પૂર્ણ સ્વરૂપ ધ્રુવ શુદ્ધ છે એના આશ્રયે સમ્યગ્દર્શન થયું અને જ્ઞાન અને ચારિત્રની ઉત્કૃષ્ટતાનો પર્યાયમાં અનુભવ થઈ ગયો. તેને તો આત્મા જ અનુભવ કરવા લાયક છે. એમાં કોઈ વ્યવહાર-ફ્યવહાર છે નહિ. સમજાય છે કાંઈ? એને તો આત્મા જ જ્ઞાતવ્ય (છે). શુદ્ધનય એકલો આત્મા જ અનુભવ કરવા લાયક છે. પરિપૂર્ણ અનુભવ થાય છે. અનુભવ થાય છે તેને ભાવે છે તો એને શુદ્ધનય જાણવા યોગ્ય છે નામ ભાવવા યોગ્ય છે એમ થઈ ગયું. સમજાય છે કાંઈ? પણ... ત્યાં તો પૂર્ણ થઈ ગયો.

'**વળી જે જીવ અપરભાવે સ્થિત છે,...**' નિજ શુદ્ધ સ્વરૂપ એક ધ્રુવ નિત્ય જ્ઞાયક છે તેનો અનુભવ દૃષ્ટિ થઈ, પણ સ્થિરતા પૂર્ણ ન થઈ. સ્વરૂપમાં જે પૂર્ણ અભેદ દશા ચારિત્રની પૂર્ણ દશા થવી જોઈએ કે જ્ઞાનની પૂર્ણ દશા એકાકાર નિર્વિકલ્પ સમાધિમાં રહેવું (જોઈએ) એ રહી શકે નહિ તો અપરમ નામ નીચલી દશામાં વર્તે છે. સમજાય છે કાંઈ? ચોથે, પાંચમે, છઠ્ઠે આદિ ગુણસ્થાનમાં નિર્વિકલ્પ અનુભવ સાતમે છે એવો નથી, સમજાય છે કાંઈ? અર્થાત્ પૂર્ણ પર્યાય ચારિત્ર થઈ એ નહિ. પોતાનો સ્વભાવ પરમસ્વભાવનો અનુભવ પૂર્ણ થઈ ગયો તેને તો આત્મા એકલો અનુભવ કરવા લાયક છે એમ જાણવા (યોગ્ય છે). પાઠ લેશે. ભાઈ! '**परिज्ञायमानः प्रयोजनवान्**' એટલો શબ્દ ટીકામાં લીધો છે. બસ, એ જાણેલો, ભાવના કરવા યોગ્ય તેને પ્રયોજનવાન છે. બીજો કોઈ એને ભેદ નથી. પોતાની પર્યાયમાં ચારિત્રની અલ્પતા કે શુદ્ધતાની અલ્પતા, જે પૂર્ણ અનુભવ છે એવો એને નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તીર્થંકરનું કોણ કહે છે અહીં? અહીં તો નિર્વિકલ્પ અનુભવ થઈ ગયો કાં કેવળજ્ઞાન થઈ ગયું કાં સપ્તમ ગુણસ્થાનમાં નિર્વિકલ્પ અનુભવ થયો. એકલા આત્માની ભાવના છે. કાં પૂર્ણ આત્માની દશા પૂર્ણ થઈ ગઈ. કેવળજ્ઞાન આદિની. સમજ્યા? તો એને તો

આત્મઅનુભવ જ છે. તેને તો આત્માનુભવ જ છે તેનું નામ શુદ્ધનયનો અનુભવ છે. શુદ્ધનય તો દ્રવ્યને કહે છે. પણ જેવું દ્રવ્ય હતું તેવો પર્યાયમાં એકાકાર થઈ ગયો તેને ભેદ રહ્યો નહિ. અપૂર્ણ દશા ચારિત્રની, જ્ઞાનની દશા અપૂર્ણ રહી નહિ તો એને પૂર્ણનો અનુભવ છે તે જ તેણે ભાવવા લાયક, અનુભવવા લાયક એકલો આત્મા જ અનુભવ કરવા લાયક રહી ગયો. સમજાય છે કાંઈ? અમારે તાકડે આજે પંડિત નથી. એણે એ આત્મા શબ્દાર્થમાં નાખ્યો છે. ભાઈ! બીજામાં આત્મા નથી. આ છે ને શુદ્ધ આત્મા? એ આપણે ભાઈએ નાખ્યો છે. કારણ કે ત્યાં શુદ્ધ આત્મા... એ આત્મા (શબ્દ આપણે) નાખ્યો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યારે સિદ્ધ છે ઈ. અને કાં નિર્વિકલ્પ સમાધિ અપ્રમત્ત દશા. જેમાં ભેદ રહ્યો નથી ત્યાં. એ પરમભાવમાં સ્થિત છે. સમજાય છે કાંઈ? બે પ્રકાર છે. એકલો નિર્વિકલ્પ અનુભવમાં સાતમે સ્થિત થઈ ગયો અને કાં કેવળજ્ઞાન. એ તો આત્મા ભાવવા યોગ્ય છે. તેણે આત્મા જ અનુભવવો રહ્યો. બીજો ભેદ-ભેદ રહ્યો નહિ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અનુભવવા યોગ્ય, ભાવિત-ભાવવા યોગ્ય થઈ ગયો. બસ. ભાવવા યોગ્ય થઈ ગયો એટલે ભાવવા યોગ્ય છે એમ એનો અર્થ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હજી ... અહીં નીચલાની વાત છે. બારમે પછી. અહીં તો સવિકલ્પ અવસ્થાની વાત છે.

અહીંયાં મુનિ અથવા પંચમ ગુણસ્થાનમાં અનુભવમાં નથી (એની વાત છે). નિર્વિકલ્પ અનુભવ શાંત અપ્રમત્ત દશા નિર્વિકલ્પ અનુભવમાં છે. એમાં ભેદ છે ખરા પણ લક્ષમાં નથી, એકલો આત્માનો અનુભવ કરે છે, કેવળજ્ઞાની પણ એકલો આત્માનો અનુભવ કરે છે. ભેદ નથી. હવે રહ્યા નીચલી દશામાં પોતાનો શુદ્ધ (આત્મા), જે ૧૧મી ગાથામાં કહ્યો, એવો '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' ભૂતાર્થ જ્ઞાયક ભગવાન એકસ્વરૂપરૂપ નિત્યનો આશ્રય કરીને સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન અપૂર્ણ થયું અને સ્વરૂપાચરણ પણ અપૂર્ણ થયું, હજી પૂર્ણ ચારિત્ર નથી થયું. તો એની દશામાં અપરમભાવે, તે અપરભાવમાં છે. મધ્યમ ભાવમાં છે, ઉત્કૃષ્ટ ભાવમાં નથી. પરમ નામ ઉત્કૃષ્ટ, અપરનામ નામ ઉત્કૃષ્ટ નહિ. ઉત્કૃષ્ટ ભાવનો અનુભવ જેને અંતર પર્યાયમાં નથી. શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર પૂર્ણ ભાવને નથી પહોંચ્યા. પૂર્ણ દશાની પર્યાયને પ્રાપ્ત થયા નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શ્રદ્ધા થઈ ગઈ. જ્ઞાન, ચારિત્ર પૂર્ણ નથી થયા.

મુમુક્ષુ :- શ્રદ્ધાની સાથે જ્ઞાન...

ઉત્તર :- એ શ્રદ્ધા સાથે લીધી છે, સાથે લીધી છે. ત્રણે એકમાં થયા. શ્રદ્ધાની સાથે જ્ઞાન, ચારિત્રની પૂર્ણતા નથી થઈ. સમજાય છે કાંઈ? શ્રદ્ધા તો ત્યાં ૧૧મી ગાથામાં થઈ ગઈ. '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**'. પછી અહીંયા બતાવવું છે કે ૧૧ ગાથામાં તો એકલો ભૂતાર્થ એકલો નિશ્ચય તે જ સત્ય કહ્યું હતું. તો કંઈક બાકી રહ્યું કે નહિ? કોઈ વ્યવહાર છે કે નહિ? કે એકલો સત્ય ત્રિકાળ એ જ એક વસ્તુ રહી ગઈ? સમજાય છે કાંઈ? નહિ. જ્યાં સુધી સ્વરૂપમાં પૂર્ણ સ્થિરતા ન થાય, પૂર્ણ આનંદની અભેદ શ્રદ્ધાની સાથે, જ્ઞાન અને ચારિત્રની પૂર્ણ એકતા ન થાય, પરમભાવ ન થાય ત્યાં તેને દૃષ્ટિ પોતાના સ્વરૂપ ઉપર, અનુભવ ઉપર હોવા છતાં પર્યાયમાં પૂર્ણતા ચારિત્રની નથી, જ્ઞાનની નથી, શુદ્ધતા પૂરી નથી, અશુદ્ધતાનો અંશ સાથે રહ્યો છે તે અપરમભાવમાં સ્થિત છે, એ સાધક અવસ્થામાં સ્થિત છે. સમજાય છે કાંઈ?

'**તેઓ...**' '**व्यवहारदेशिताः**'. અર્થાત્.. લોકોને આમાં મૂંઝવણ (થાય છે). શું કહે છે? ઉલઝન, શું કર્યો હતો અર્થ? લોકો અહીંયાં મૂંઝાય છે. '**व्यवहारदेशिताः**'. એ તો પહેલા બંધકથા એક આવ્યું હતું. બંધકથા. તો બંધકથા નુકસાનકારી છે. બંધભાવ, ભાવ. અંદર આત્મા એકાકાર સ્વરૂપ છે તેની સાથે રાગનો બંધભાવ નુકસાનકારક છે. વિસંવાદ ઊભો કરે છે. જેમ ત્યાં બંધકથા (કહ્યું છે) ત્યાં બંધભાવ લેવો. અહીંયાં આચાર્યે વ્યવહાર... પદ્ય છે, પદ્ય, તો પદ્યમાં '**व्यवहारदेशिताः**' શબ્દ મૂક્યો એ પદને મેળવવા માટે. પણ એનો ઈ અર્થ છે, ટીકાકાર 'અમૃતચંદ્રાચાર્યે' એમાંથી કાઢ્યું છે કે એ જાણવામાં આવતો તે કાળે પ્રયોજનવાન છે. એ એનો અર્થ છે. '**व्यवहारदेशिताः**' અર્થાત્ વ્યવહારનો જે ભાવ-પર્યાયમાં અપૂર્ણ શુદ્ધતા અને રાગાદિ જે છે તે વ્યવહાર છે, તેને '**देशिताः**' નામ વ્યવહારનય દેખાડે છે કે છે. એટલી અપૂર્ણ દશા છે. એને વ્યવહાર જાણે છે. તે કાળે તે તે પ્રકારની શુદ્ધતાનો અંશ અને અશુદ્ધતાનો અંશ જાણેલો તે કાળે પ્રયોજનવાન છે. આટલા શબ્દ પરમભાવમાં તે કાળ નથી, ભાઈ! કારણ છે. પરમભાવમાં એકરૂપ થઈ ગયો. પરમભાવમાં પૂર્ણ આનંદ આદિ, પૂર્ણ શ્રદ્ધા, જ્ઞાનથી અભેદ થઈ ગયો. એ તો એકલો આત્મા જ ભાવમાં એક થઈ ગયો એને. '**परिज्ञायमानः प्रयोजनवान्**'. પરમભાવમાં એ શબ્દ પડ્યો છે. અને અપરમભાવમાં '**परिज्ञायमानस्तदात्वे प्रयोजनवान्**'. બેમાં ફેર છે. સમજાય છે કાંઈ? વસ્તુસ્થિતિ આવી છે. અંદર એ પ્રમાણે બેસાડવી પડશે.

ભગવાન આત્મા પોતાનું નિજ સ્વરૂપ ૧૧મી ગાથામાં કહ્યું, નિત્ય ધ્રુવ એક વસ્તુ શુદ્ધ, એનો આશ્રય તે જ વસ્તુ સત્ય છે. તે શુદ્ધનય કહો, ભૂતાર્થ કહો, ત્રિકાળ સત્ય વસ્તુ એ સત્ય છે. તેનો આશ્રય લેવાથી તે જ સમ્યગ્દૃષ્ટિ થાય છે. સમ્યગ્દર્શન થયું પણ પરમભાવ ઉત્કૃષ્ટ ભાવનો અનુભવ નથી. ઉત્કૃષ્ટભાવ નામ સમાધિ શાંત વીતરાગભાવ કેવળજ્ઞાન

નિર્વિકલ્પ સમાધિનો અનુભવ નથી. અને નીચલી દશામાં વર્તે છે તો એને નિશ્ચયનો આશ્રય તો છે. સમજાય છે કાંઈ? પણ પૂર્ણ આશ્રય નથી થયો, પૂર્ણ આશ્રય નથી થયો તો પર્યાયમાં શુદ્ધતાની અલ્પતા છે અને અશુદ્ધતાનો અંશ સાથે છે તેને **'व्यवहारदेशिताः'**. **'देशिताः'** નામ જાણેલો. વ્યવહાર જાણેલો તે કાળે પ્રયોજનવાન છે. સમજાય છે કાંઈ? કેવલચંદજી!

મુમુક્ષુ :- ઉપદેશ..

ઉત્તર :- નહિ, નહિ. ઉપદેશની વાત નથી અહીંયાં. માટે તો કહે છે. ઉપદેશની વાત જ નથી, ઈ છે જ નહિ. અહીં તો **'व्यवहारदेशिताः'**નો અર્થ જ ઈ છે કે વ્યવહાર જાણે છે, વ્યવહારનયથી જાણે છે એનું નામ **'देशिताः'** છે. કથન શબ્દ છે. જાણેલો. 'અમૃતચંદ્રાચાર્યે' એમાંથી એ કાઢ્યું. ઈ એમ જ છે, નહિતર મેળ નથી ખાતો કોઈ રીતે. ઉપદેશ કોણ દે? પણ અલ્પ ભૂમિકામાં ઉત્કૃષ્ટ આનંદનો, શાંતિનો અનુભવ નથી, પરમભાવનો અનુભવ નથી, મધ્યમભાવનો અનુભવ છે તો મધ્યમભાવમાં એ મધ્યમભાવ જેવો છે તેને જાણેલો તે કાળે, સમયે સમયે જે મધ્યભાવ છે, બીજે સમયે મધ્યમભાવમાં શુદ્ધિની વૃદ્ધિ થઈ છે અને અશુદ્ધિ ઘટી ગઈ તો તે સમયે તે પ્રકારનો જાણેલો પ્રયોજનવાન છે. તેથી વિશેષ આગળ વધ્યો, શુદ્ધિ વધી, અશુદ્ધિ ઘટી તો તે સમયે તે જાણેલો પ્રયોજનવાન છે. કાળ પણ લીધો. સમય સમયની શુદ્ધિ અને અશુદ્ધિ તેને જાણેલો, વ્યવહારનયથી જાણેલો પ્રયોજનવાન તે કાળે કહેવામાં આવ્યું છે. વસ્તુસ્થિતિ એમ છે. સમજાય છે કાંઈ? શું કહ્યું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લઈશું ને હજી બે-ત્રણ વાર, એમ નહિ જવા દઈએ. આ તો મૂળ વસ્તુ છે.

**'देशिताः'**નો અર્થ એમ નથી, **'देशिताः'**નો અર્થ કથન નથી. **'देशिताः'**નો અર્થ વ્યવહાર જાણવો એમ એનો અર્થ છે. ટીકામાં કહ્યું છે, ટીકામાં કહ્યું છે. એનો અર્થ એ છે. એનો અર્થ એ છે. શબ્દ **'देशिताः'** પડ્યો છે એટલે કથન શું કરે? પણ **'व्यवहारदेशिताः'**નો અર્થ 'અમૃતચંદ્રાચાર્યે' કાઢ્યો અને એમ છે. જુઓ! નીચે છે. **'જાણેલો તે કાળે પ્રયોજનવાન છે.'** **'परिज्ञायमानस्तदात्वे'**નો અર્થ કર્યો છે. એ **'व्यवहारदेशिताः'**નો અર્થ છે. શબ્દ ન મળે (એટલે) ઉપદેશ કરે (એમ કહ્યું). કોણ ઉપદેશ કરે? અહીંયાં તો અલ્પ ભૂમિકામાં પોતાના પૂર્ણાનંદનો અનુભવ નથી તો પરમભાવમાં સ્થિત નથી. અપરમભાવમાં છે તો વ્યવહાર એને જાણેલો પ્રયોજનવાન છે. જાણવું પડશે કે વ્યવહાર આવો છે. નિશ્ચય પૂર્ણ નથી થયો. સમજાય છે કાંઈ? ૧૧મી ગાથામાં તો એક જ સત્ય કહ્યું હતું. ભૂતાર્થ સત્ય. ભૂતાર્થ સત્ય ત્રિકાળ જ્ઞાયક. ત્યાં એક જ સત્ય કહ્યું તો પર્યાયમાં કંઈક અપૂર્ણતા, કંઈક શુદ્ધતા, કંઈક અશુદ્ધતા છે કે નહિ? એ તો પૂર્ણની વાત પહેલી કરી. એ તો એક જ સત્ય કહ્યું. બીજો વ્યવહારનયનો, પર્યાયનું સત્યપણું પર્યાયનય (છે કે નથી?). નિશ્ચયથી અસત્ય છે પણ એ

પર્યાયથી વ્યવહારથી તે ભૂમિકામાં સત્યપણું, અપૂર્ણતા શુદ્ધતાની (અલ્પતા) છે કે નથી? તે બતાવવા ૧૨મી ગાથા છે.

મુમુક્ષુ :- પ્રયોજનવાન...

ઉત્તર :- જાણેલો.

મુમુક્ષુ :- જાણેલો પ્રયોજનવાન છે.

ઉત્તર :- બસ. એ પાઠમાં છે, જુઓ! '**परिज्ञायमानस्तदात्वे**' તે કાળે જાણેલો, જાણેલો પ્રયોજનવાન છે. જાણેલો એટલે અનુભવ કરવા લાયક પ્રયોજવાન. ત્યાં કાળ નહિ. એકલો અનુભવ. અહીં જાણેલો '**तदात्वे**' તે તે સમયમાં પોતાની ભૂમિકામાં ચોથું ગુણસ્થાન, પાંચમું ગુણસ્થાન, છઠ્ઠું ગુણસ્થાને શુદ્ધિની વૃદ્ધિ, અશુદ્ધિ ઘટી તે બધી પર્યાયો છે. પૂર્ણ નથી થઈ ગયો. તે પ્રકારે બરાબર જાણવું તેનું નામ વ્યવહારે તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાઈ, આ મોટી ગડબડ છે. આ વસ્તુ આ રીતે નહિ સમજે તો આખી ઊલટી સ્થિતિ જ થઈ જાય. નિશ્ચયથી વ્યવહાર અસત્ય કહી દીધો. સર્વથા અસત્ય છે? પર્યાયમાં અપૂર્ણતા છે કે નહિ? ચૌદ ગુણસ્થાન વ્યવહારનયનો વિષય છે. સમજાય છે કાંઈ? ચૌદ ગુણસ્થાન વ્યવહાનયનો વિષય છે, નિશ્ચયનો નહિ. અમરચંદજી!

'**ववहारोऽभूदत्थो**' જે કહ્યું હતું અને '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' કહ્યું હતું અને '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी**'. તો એમાં કોઈ વ્યવહાર તો આવ્યો નહિ. તો પર્યાય છે કે નહિ? અપૂર્ણ પર્યાય છે કે નહિ? અશુદ્ધતા છે કે નહિ? કે બસ, એકલો જ્ઞાયક થઈ ગયો. સમજાય છે કાંઈ? ૧૧મી ગાથામાં ભૂતાર્થ એક જ સત્ય છે તેને બતાવ્યો. પણ પર્યાયમાં જ્યાં સુધી પૂર્ણ ન થયો તો એકલો ભૂતાર્થ છે એવી દૃષ્ટિ થવા છતાં સ્થિરતા પૂર્ણ ન થાય... આવ્યા, ક્યાંથી આવ્યા? કહો, સમજાય છે કાંઈ? મેં તો કીધો, આપણે આત્મા (શબ્દ) પંડિતજીએ નાખ્યો છે. એમ કીધું. આ '**शुद्धादेशः**'માં આત્મા (શબ્દ). ઈ બરાબર છે. એનો અર્થ કર્યો,.. સાંભળો ફરીને!

જે '**परमभावदर्शिभिः**' શબ્દાર્થ કરીએ છીએ, ભાઈ! જેમાં પરમભાવનો અનુભવ થઈ ગયો છે. દૃષ્ટિમાં તો થયો છે, અહીં તો પર્યાયમાં ઉત્કૃષ્ટ ભાવનો અનુભવ થઈ ગયો. પરમભાવ પર્યાયમાં ઉત્કૃષ્ટભાવ અભેદભાવ પૂર્ણભાવ ભેદરહિત ભાવ એવો અનુભવ થઈ ગયો છે. એવા શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર, પૂર્ણ જ્ઞાન અને ચારિત્રવાનને શુદ્ધ આત્મા જ જાણેલો '**ज्ञातव्य**' ભાવવાયોગ્ય છે. તેને તો એકલો આત્મા જ ભાવવાયોગ્ય રહ્યો. હિંમતભાઈ! એકલો આત્મા ભાવવાયોગ્ય રહ્યો. એને પર્યાયમાં અપૂર્ણતા નથી કે આમ દેખું કે આ પૂર્ણતા જોવી છે, પૂર્ણ થઈ ગયો. જેવું દ્રવ્ય પૂર્ણ હતું એવી પર્યાય પણ પૂર્ણ અભેદ થઈ ગઈ. તો '**परमभावदर्शिभिः**' ઉત્કૃષ્ટ ભાવનો અનુભવ કરનારને આત્મા અનુભવ કરવાલાયક થઈ ગયો. એકલો આત્મા રહ્યો. પર્યાયમાં અભેદ આત્મા રહ્યો. એને અપૂર્ણતા રહી નહિ. તો

એને તો શુદ્ધનય ભાવવાયોગ્ય છે. અર્થાત્ પૂર્ણાનંદ પ્રભુનો જ અનુભવ કરે છે. અનુભવ કરે છે તેને ભાવવાયોગ્ય છે એમ કહે છે. ભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ? પહેલા શબ્દાર્થ લઈએ છીએ એટલે પછી એમાં મેળવાવશે.

જે જીવ અપરમભાવમાં (અર્થાત્) પરમભાવ નથી, ઉત્કૃષ્ટનો અનુભવ (નથી)... ટીકામાં આવશે. ઉત્કૃષ્ટભાવનો અનુભવ નથી. બપોરે આવશે. તાર આવ્યો છે. અમદાવાદ, રખિયાલ. કહો, સમજાય છે કાંઈ? શું કહ્યું? જુઓ! આ ગાથા બરાબર સમજવા લાયક છે. આ ગાથાના નામે ઘણી ગડબડ ચાલે છે. આ ઝીણું ઝીણું કરીને... જેવું અંતરમાંથી આવે છે તેમ કહીએ છીએ. સમજાય છે કાંઈ? એનું ઘોલન કરીને આ જ આવ્યું છે.

ભગવાન આત્મા.. આચાર્ય ઈ કહેવા માંગે છે. ૧૧મી ગાથામાં જે એમ કહ્યું કે શુદ્ધનય ભૂતાર્થ, એક જ ભૂતાર્થ છે. તો દ્રવ્ય જ ભૂતાર્થ છે તો પર્યાયમાં કાંઈ છે કે નહિ? પર્યાયભેદ કોઈ ગુણ અવસ્થામાં ઓછપ, કોઈ અલ્પ શુદ્ધતા, અશુદ્ધતા છે કે નહિ? કે એક ભૂતાર્થ વસ્તુ જ રહી ગઈ? સમજાય છે કાંઈ? એમાં વ્યવહાર અભૂતાર્થ કહ્યું હતું. વ્યવહાર અસત્ય છે કહ્યું હતું. એકલો ભૂત-છતો પદાર્થ સત્ય કહ્યો હતો. તો વ્યવહાર અસત્ય કહ્યું હતું એ વ્યવહાર કોઈ પર્યાયમાં છે કે નહિ? તો એકલું વેદાંત સિદ્ધ થઈ જાય છે. ભૂતાર્થ કોની અપેક્ષાથી? સમજાય છે કાંઈ? અને અભૂતાર્થ પણ કોની અપેક્ષાથી?

પર્યાયને અસત્ય કહી એ ત્રિકાળની અપેક્ષાથી. પોતાની અપેક્ષાથી છે. તો પોતાની અપેક્ષાથી છે તો અહીંયાં પરમ ઉત્કૃષ્ટ અનુભવ થઈ ગયો, જેવું દ્રવ્ય છે એવી પર્યાય અભેદ પૂર્ણ થઈ ગઈ, તેને તો ભેદ રહ્યો નહિ. તેને નય રહી નહિ. અહીં ભલે કહ્યું શુદ્ધનય, નય નથી ત્યાં. સમજાય છે કાંઈ? એકલો આત્માનો અનુભવ છે. સમજાય છે કાંઈ? કેવળજ્ઞાન લ્યો તોપણ એમાં એકલો આત્મા જ રહ્યો. એને નય-બય છે નહિ. પણ અહીંયાં તો કહ્યું છે. એ તો આગળ આવે છે ને? કેવળજ્ઞાન શુદ્ધનયનો વિષય.. નથી આવતું? 'જયચંદ્ર પંડિતે' નાખ્યું છે ને? શુદ્ધનય તો બતાવે છે. કેવળજ્ઞાન પૂર્ણ થઈ ગયું પછી શુદ્ધનય ક્યાં રહી? સમજાય છે કાંઈ? શ્રુતજ્ઞાનની અપેક્ષાથી એને કહેવામાં આવે છે, કેવળજ્ઞાન સદ્ભુત વ્યવહાર. પૂર્ણ જ્યાં થઈ ગયો એને તો કાંઈ નય-ફય છે નહિ. નય તો શ્રુતજ્ઞાનમાં પડે છે, કેવળજ્ઞાનમાં નય ક્યાં આવી? પણ અહીં સમજાવવું છે કે જે ભૂતાર્થ એક જ સત્ય કહ્યું હતું, ધ્રુવ.. ધ્રુવ એકરૂપ જ્ઞાયક તે જ સત્ય, તે જ શુદ્ધનય, તે જ ભૂતાર્થ. એક કહ્યું હતું. તેના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. ભૂતાર્થને આશ્રયે. એમાં અભૂતાર્થ વ્યવહાર નથી એમ કહ્યું હતું. વ્યવહાર નથી એમ કહ્યું હતું. નય, વ્યવહારનય. ભાઈ! કેવળીને તો વ્યવહાર, નિશ્ચયનય છે નહિ. તો એને પરમભાવ અનુભવ કરવાલાયક એકલો આત્મા રહી ગયો.

હવે જેને નિશ્ચય છે તેને દૃષ્ટિનો વિષયમાં ભૂતાર્થ આવી ગયો. પણ પર્યાયમાં પૂર્ણ

નથી થયો તો ત્યાં ત્રિકાળની અપેક્ષાથી અસત્યાર્થ કહ્યું પણ પર્યાયની અપેક્ષાથી વ્યવહારનયની અપેક્ષાથી તે છે, અશુદ્ધતા છે, શુદ્ધતા પૂર્ણ પ્રગટ થઈ નથી, એમ બરાબર જાણવું તેનું નામ વ્યવહારનય તે કાળે તે તે સમયે જાણેલો પ્રયોજનવાન છે. વસ્તુ આ છે. વિમલચંદજી!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ જાણવા યોગ્ય 'અમૃતચંદ્રાચાર્યે' કાઢ્યું છે અને એમ જ છે. સમજાય છે કાંઈ? આ ચીજ તો અંતરની છે.

આ ચીજ એવી છે કે ૧૧માં તો એમ જ કહી દીધું કે એક જ સત્ય છે, એક જ નય સત્ય છે એટલે ભૂતાર્થ જ સત્ય છે. તો કોઈ પર્યાય-ફર્યાય છે કે નહિ? ત્યાં પર્યાયની ના પાડી હતી. અસત્ય છે. દ્રવ્યમાં નથી, વસ્તુમાં નથી. એ તો ઠીક છે. પણ પર્યાય છે જ નહિ એમ કહ્યું હતું, પર્યાય અસત્ય છે એમ કહ્યું હતું. અંતરમાં તો નથી પણ પર્યાય અસત્ય છે એમ કહ્યું હતું. પર્યાય અસત્ય છે એનો અર્થ શું? ત્રિકાળમાં નથી તે અપેક્ષાથી એક સમયની પર્યાયને અસત્ય કહ્યું. પણ અહીંયાં એને પાછી સિદ્ધ કરી કે નહિ, જ્યાં સુધી એને... આત્માના સ્વરૂપની દૃષ્ટિ થઈ, જ્ઞાન થયું પણ જ્યાં સુધી સ્થિરતા નથી થઈ તો વ્યવહાર પર્યાય છે. શુદ્ધતાનો અંશ છે. એ ગુણસ્થાનને જાણવું એ જ વ્યવહારનય છે. તેને તીર્થ કહે છે. સમજાય છે કાંઈ? વિમલચંદજી! આ વસ્તુ એવી છે પણ શું કરે? એવી ગડબડ કરે છે ને. અને ગાથા બરાબર તમારે આમાં અભ્યાસમાં આવી.

ભાઈ! પ્રભુ તો કહે છે, બાપુ! ભગવાન તો પૂર્ણ છે ને. એક સ્વરૂપે ધ્રુવ તે જ સત્ય કહીએ છીએ. વ્યવહારને અસત્ય કહ્યું, પર્યાયને અસત્ય કહ્યું, હોં! દ્રવ્યમાં નથી એ અપેક્ષાથી નહિ પણ ત્રિકાળની અપેક્ષાથી એક સમયની પર્યાય અભૂતાર્થ છે એમ કહ્યું છે. સમજાય છે કાંઈ? કહો, વસ્તુમાં પર્યાય નથી એ વાત નહિ. પણ ત્રિકાળ દ્રવ્ય સત્ય છે, વસ્તુ સત્ય છે તો એક સમયની અવસ્થાને ત્યાં અસત્ય કહ્યું હતું-જૂઠી કહી હતી. સમજાય છે કાંઈ? એમાં નથી પણ પર્યાય છે તે અસત્ય છે એમ કહ્યું હતું. સમજાય છે કાંઈ? તો શું પર્યાય છે જ નહિ? અહીંયાં ૧૨મી ગાથામાં ખુલાસો કર્યો કે જ્યાં સુધી પૂર્ણ અનુભવ ન થયો હોય ત્યાં સુધી તેને ચોથું ગુણસ્થાન, પંચમ ગુણસ્થાન, છઠ્ઠા ગુણસ્થાનની જે શુદ્ધતાની દશા છે અને સાથે અશુદ્ધતા છે તે જાણેલો '**तदात्वे**'નો અર્થ ઈ છે કે જ્ઞાનની પર્યાય સ્વને જાણતું, પરને જાણતું એવું જ સ્વપરપ્રકાશક જ્ઞાન સમયે સમયે પ્રગટ થાય છે. કેવું? કે પોતાને જ્ઞાયકરૂપ જાણે છે અને પર્યાયમાં જેટલી શુદ્ધતા છે, જેટલી અશુદ્ધતા છે તેવું સ્વપરપ્રકાશકજ્ઞાન જાણતું પ્રગટ થાય છે. તો જાણેલો પ્રયોજનવાન છે. વસ્તુ આમ છે. ચર્ચા કરે, વાદવિવાદ કરે. અમરચંદજી! પંડિતજી! તમને સંભાર્યા હતા હમણાં, હોં! આ અત્યારે ક્યાં વયા ગયા આજે? અમારા પંડિતજીએ આત્મા (શબ્દ) નાખીને બહુ સ્પષ્ટ કરી નાખ્યું છે. શુદ્ધ આત્મા શબ્દ નાખીને. ત્યાં આત્મા ભાવવાયોગ્ય છે. ત્યાં કંઈ નય-

બય છે જ નહિ. અને જે એકલા આત્માને ધ્રુવને સત્ય કહ્યું હતું, ધ્રુવને ભૂતાર્થ કહ્યો હતો તો શું પર્યાય સર્વથા અસત્ય છે? સમજાય છે કાંઈ?

અહીંયાં કહે છે કે અપરમભાવે સ્થિત. જ્યાં સુધી ચોથા ગુણસ્થાનમાં, પાંચમા, છઠ્ઠામાં છે ત્યાં સુધી અપરમભાવમાં સ્થિત છે. છઠ્ઠે લ્યો તો ત્યાં આગળ ત્રણ કષાયના અભાવની શુદ્ધિ છે અને જરાક સંજ્વલનના રાગાદિ છે, તો એટલી પર્યાયને ભિન્ન ભિન્ન (જાણે છે). ટીકામાં આવશે. અશુદ્ધ દ્રવ્યને કહેનાર એક એક ભાવ બતાવીને અનેક ભાવ બતાવે છે એવો વ્યવહારનય તે કાળે જાણલો પ્રયોજનવાન છે. એ આવશે. વર્ણમાલિકાની પેઠે. કેમકે ભિન્ન ભિન્ન શુદ્ધતા છે, ભિન્ન ભિન્ન અશુદ્ધતા છે એ બધાને જાણવી. એક એક સમયમાં જેટલી શુદ્ધતા અને જેટલી અશુદ્ધતા બધાને જાણવી. તે વ્યવહાર, તે વખતે વ્યવહાર પ્રમાણજ્ઞાન કરવા માટે વ્યવહારનય પ્રયોજનવાન છે. સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- .. નીકળી જાય છે.

ઉત્તર :- આ નીકળી ગયું. શું કીધું આ? આ અમારે દલાલ છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ '**देशिताः**' આવ્યું એમાંથી કાઢ્યું. દેખાડો, વ્યવહારનો ઉપદેશ દેવો. ઉપદેશની વાત નથી અહીંયાં. સાંભળ તો ખરો. એ તો પદની ગોઠવણીમાં (એમ કહ્યું છે). પહેલાં કહ્યું ને? '**बंधकहा एयत्ते तेण विसंवादिणी होदि**'. એ બંધકથા વિસંવાદ ખડો કરે છે? વાર્તા કથા? ભગવાન અબંધસ્વરૂપ એકાકાર એક ચીજમાં ભાવબંધનું કહેવું વિસંવાદ ઊભો કરે છે. સમજાય છે કાંઈ? દ્રવ્યબંધમાં રોકાવું એ એકમાં વિરોધ કરનારી કથા છે. ભાવ એવો વિરોધ કરનારો છે. પણ શબ્દમાં તો બંધકથા લીધું. એમ '**व्यवहारदेशिताः**' લીધું. પણ '**व्यवहारदेशिताः**'નો અર્થ કથન નહિ. પણ એનો ભાવ જે વ્યવહારનો છે, સમય સમયની દશા શુદ્ધિ અને અશુદ્ધિને જાણવી તે '**व्यवहारदेशिताः**' વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. સમજાય છે કાંઈ? ધીમે ધીમે સમજવું જોઈએ, ભાઈ! બહુ ગડબડ.

આ આખી ગાથા જૈનદર્શનની દ્રવ્યદૃષ્ટિને સિદ્ધ કરીને, ભૂતાર્થને સિદ્ધ કરીને પર્યાયમાં ઓછપ છે તે એટલું તીર્થ છે. આગળ આવશે. જો વ્યવહારને ન માને તો તીર્થનો નાશ થઈ જશે. એનો અર્થ કે વ્યવહાર છે. ચોથું ગુણસ્થાન છે, પાંચમું છે, છઠ્ઠું છે. અને છઠ્ઠી ભૂમિકામાં વિશુદ્ધિ થોડી છે અને અશુદ્ધતા છે તેને ન માને તો તીર્થનો નાશ થઈ જશે. નિશ્ચયને ન જાણે તો આશ્રય કરવાલાયકની દૃષ્ટિ વિના સમ્યગ્દર્શન ક્યાંથી થશે? આહાહા..! સમજાય છે કાંઈ? કુદરતે જુઓને ઝાઝી સંખ્યામાં આ આવ્યું. પંડિતજી! અમારે હિંમતભાઈ છે ને. આ ઝાઝા માણસમાં આ આવ્યું. સમજવા જેવું આવ્યું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જાણવામાત્ર વ્યવહારનય. નય જ્ઞાનનો અંશ છે કે શું છે? તો નય વિષયી

છે. તો એને વિષય છે એ જાણવાલાયક છે એમ કહે છે. બાબુલાલજી! છે એમ સમજાય છે કે નહિ? દેવાનુપ્રિયા! દેવાનુપ્રિયા સમજો છો? મનુષ્યદેહ દેવને વલ્લભ છે. અમારે વારંવાર ભાષા શ્વેતાંબરમાં બહુ આવે છે. કોઈને બોલાવેને (તો એમ કહે), દેવાનુપ્રિયા! હે દેવને વલ્લભ. દેવને મનુષ્યદેહ વલ્લભ છે. હે દેવાનુપ્રિય! એમ કરીને નોકરને બોલાવે તોય શેઠ એમ બોલાવે. દેવાનુપ્રિય! હે દેવને વલ્લભ! આટલું કામ કરશો? સમજાય છે કાંઈ? આ મનુષ્યદેહ દેવને વલ્લભ છે. સમજાય છે કાંઈ? આહાહા..! કહે છે, હે આત્મા! ભગવાન! એમાં લીધું હતું ને? ભાઈ! પેલા ચાર બોલ આપણે કાઢી નાખ્યા. શુદ્ધ નિત્ય એક જ્ઞાયકમાત્ર આત્મા જાણવો. એ શબ્દ પડ્યા હતા. 'જયચંદ્ર પંડિત'ના. એક. તે દિ' કહ્યું હતું, પહેલું વાંચ્યું ત્યારે કહ્યું હતું, એ છે. આમાંય છે.

મુમુક્ષુ :- ધ્રુવ નિત્ય એક જ્ઞાયકભાવ માત્ર જાણવો.

ઉત્તર :- માત્ર. માત્ર. જ્ઞાયકમાત્ર આત્મા જાણ. સમજાય છે કાંઈ? એ શબ્દ છે, મૂળમાં છે. મૂળમાં છે અને આમાંય છે. 'જયચંદ્ર પંડિત'માં છે. એ તે દિ'ની ખબર છે. ઈ કાઢી નાખ્યું હતું ત્યારે સહેજ કાંઈક કહ્યું હતું. એવા શબ્દો કાઢી નાખ્યા એમ કહ્યું હશે. કાંઈક કહ્યું હશે. બારમી છે ને? એમાં છે ને. એ નાખ્યું છે, એમાં છે ત્યારે નાખ્યું છે ને. આ રહ્યું, જુઓ! રહ્યું. બારમી છે ને? 'ઈસપ્રકાર શુદ્ધાત્મા કહા હૈ.' જુઓ! 'પરમભાવદર્શિ જે શુદ્ધનય તાંહિ પંહુચી શ્રદ્ધાવાન ભયે તથા પૂર્ણ જ્ઞાન, ચારિત્રવાન ભયે,...' જુઓ! 'શ્રદ્ધાવાન ભયે તથા પૂર્ણ જ્ઞાન, ચારિત્રવાન ભયે...' એમ છે, ભાઈ! 'તિનહી કરી તો શુદ્ધતા .. જિનકી આજ્ઞા, ઉપદેશ જામેં ઐસા શુદ્ધનય..' ઉપદેશનો અર્થ તે ભાવનો પૂર્ણ અનુભવ છે એને ઉપદેશ કહે છે. 'ઉપેદશ જામે ઐસા શુદ્ધનય ભાવનેયોગ્ય હૈ.' પૂર્ણ આનંદ કરવાલાયક છે, બસ! 'યહાં પ્રકરણ...' હવે આવે છે. 'શુદ્ધ આત્માકા હૈ. સો નિત્ય એક જ્ઞાયકમાત્ર આત્મા જાનો.' બસ, એટલું. એટલા શબ્દો ભાઈએ વધારે નાખ્યા છે. 'જયચંદ્ર પંડિતે'. ઈ અહીં તે દિ' કાઢી નાખ્યા હતા. કીધું, આ એક જરૂર છે. આમાં હતું. તે દિ' કાંઈક છપાયું હતું ખરું. આ બાજુ ... ભાઈને નહિ? ઝાટકિયાને. (સંવત) ૧૯૯૫માં ત્યાં. શબ્દ કાઢી ન નખાય. જે એનો મેળ છે એ પ્રમાણે એનો મેળ છે. ઝાટકિયાને ૯૫માં કહ્યું હતું. રાજકોટ. સમજાય છે કાંઈ?

અહીંયાં કહે છે, શુદ્ધનય જ્ઞાતવ્ય છે એનો અર્થ એ કે એકલો શુદ્ધનો... શુદ્ધનય તો ભૂતાર્થ પૂર્ણ તેને શુદ્ધનય કહ્યું. તેનો એકલો આશ્રય થઈને પૂર્ણ થઈ ગયો તેને શુદ્ધનય રહી નહિ. પણ શુદ્ધનય પૂર્ણ થઈ ગઈ તેને પ્રમાણ પૂર્ણ થઈ ગયું, એને વ્યવહાર છે નહિ. પણ જે અપરમભાવમાં છે, શ્રદ્ધા અને જ્ઞાન ચારિત્રના પૂર્ણ ભાવને નથી પહોંચી શક્યા. અર્થમાં તો અર્થકાર શ્રદ્ધા કરશે. ત્રણની એકતા નથી ને. જ્યાં સુધી ત્રણની એકતા પૂર્ણ ન થાય ત્યાં સુધી મોક્ષમાર્ગની પૂર્ણતા નથી થઈ. સમજાય છે કાંઈ? તો સમ્યગ્દર્શન

ક્ષાયિક હોવા છતાં જ્ઞાયકની ચારિત્રની પૂર્ણતા ન થાય ત્યાં સુધી ત્રણની એકતા વિના મોક્ષમાર્ગ પૂર્ણ થયો નહિ. તો પૂર્ણ જ્યાં નથી તો અપરમભાવમાં સ્થિત સાધકદશામાં ચોથે, પાંચમે, છઠ્ઠી આદિ ભૂમિકામાં સવિકલ્પ દશામાં 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં સવિકલ્પ દશામાં એમ લીધું છે. ચોથે, પાંચમે, છઠ્ઠે પ્રમત્ત-અપ્રમત્ત શુભયોગવાળી સવિકલ્પ દશા એમ લીધું છે. ત્રણ તો ઠીક, પણ મારે તો બીજું કહેવું છે. પ્રમત્ત-અપ્રમત્ત લીધું છે તો પ્રમત્ત-અપ્રમત્ત આવે-જાય છે ને તેથી પ્રમત્ત-અપ્રમત્ત લીધું છે. ખરેખર તો પ્રમત્ત સિદ્ધ કરવું છે. પણ પ્રમત્ત-અપ્રમત્તમાં આવે જાય છે. જે અપ્રમત્ત થઈને શ્રેણી માંડી દે છે એની વાત નથી. સમકિત, પાંચમું, છઠ્ઠું અને પ્રમત્ત-અપ્રમત્ત, શુભજોગ ઈ પ્રમત્ત-અપ્રમત્ત સવિકલ્પ અવસ્થા એમ લીધું છે. તો એ પ્રમત્ત સવિકલ્પ દશામાં જાય છે ત્યાં સુધી તેની અશુદ્ધતા છે, શુદ્ધતા થોડી છે તે સમયે જ્ઞાની.. ખરેખર તો એમ છે ભાઈ! જે જ્ઞાનની દશા છે ને? એવી રહે છે. એવી પ્રગટ રહી જાય છે. ધ્રુવને અભેદ જાણે એવું જ્ઞાન અને પર્યાયમાં અલ્પ શુદ્ધતા છે એવું જ્ઞાન, પર્યાયનો જાણવાનો, સ્વ-પર જાણવાની પર્યાય એવી પ્રગટ સહજ દશા રહી જાય છે. સમજાય છે કાંઈ?

ફરીને, ફરીને. આમાં બીજી વાર નડે નહિ, આ તો ભાવના છે. પુનરુક્તિ ભાવનામાં લાગતી નથી. આહાહા..! કહે છે, પોતાનો શુદ્ધ ધ્રુવ શુદ્ધનય તેને ધ્રુવ કહ્યું છે, તેને ભૂતાર્થ (કહ્યું છે). તેનું જ્ઞાન થયું. જ્ઞાન થયું. તો પર્યાયમાં શુદ્ધતા થોડી છે, અશુદ્ધતા છે તેનું જ્ઞાન કરવાલાયક કોઈ પર્યાય રહી ગઈ કે નહિ? તો એ જ્ઞાન જ્યારે અભેદનું થયું તેની સાથે જ શુદ્ધતા થોડી છે, અશુદ્ધતા (છે), તેનું જ્ઞાન સ્વપરપ્રકાશક જ્ઞાનનો સ્વભાવ છે તો સ્વનું આટલું અને પર્યાય આટલી છે, એવું સ્વપરપ્રકાશક સહજ જ પ્રગટ થાય છે. તેને કહ્યું કે આ શુદ્ધતા થોડી છે, અશુદ્ધતા થોડી છે તેને તે કાળે, તે તે જ્ઞાન તે કાળે તે પ્રકારનું જાણતું પ્રગટ થાય છે. થોડું સૂક્ષ્મ તો પડે છે. સૂક્ષ્મ થોડું પડે છે, ભાઈ! ઝાઝા માણસમાં થોડું સૂક્ષ્મ (લાગે). પણ હવે આ વાત એવી છે, ભાઈ! આહાહા..! રતિભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નીકળી જાય છે. કીધું ને? કાઢ્યું ને, વ્યવહારનું કાઢ્યું ને. વ્યવહાર નથી? વ્યવહાર નથી? વ્યવહાર સ્થાપવા યોગ્ય છે એમ ન આવ્યું ૮મી ગાથામાં? સ્થાપન કરવા યોગ્ય છે, સ્થાપે છે કે છે. છે એમ વ્યવહાર પોકાર કરે છે. અને વ્યવહારનય છે તે વિષયી છે. તેનો વિષય, વિષયને જ અહીં વ્યવહારનય કહ્યું છે. અહીં તો ભેદ નથી પાડ્યો. ત્રિકાળને શુદ્ધનય કહ્યું તો ભેદને વ્યવહારનય કહ્યું. સમજાય છે કાંઈ? નહિતર તો ભેદ વ્યવહારનયનો વિષય છે. પણ અહીં તો કહ્યું કે વ્યવહારનય '**દેશિતાઃ**'. '**દેશિતાઃ**'નો અર્થ-જાણે છે, જાણે છે. પર તરફનું સ્વપરપ્રકાશક જ્ઞાન જે પ્રગટ થાય છે તે જાણે છે કે શુદ્ધતા થોડી છે, અશુદ્ધતા છે. આ ગુણસ્થાન છઠ્ઠું છે. એવી પર્યાયને જાણવું એનું નામ વ્યવહારનયે તે

કાળે તે તે સમયે તે તે પ્રકારની શુદ્ધતાને, જેમ જેમ શુદ્ધતા વધે છે અને અશુદ્ધતા ઘટે છે તે તે પ્રકારની શુદ્ધતા-અશુદ્ધતાને તે તે પ્રકારનું જ્ઞાન સ્વપરપ્રકાશક તે જ્ઞાન જાણેલું પ્રયોજનવાન છે. આહાહા..! સમજાય છે કાંઈ? સાધક અવસ્થામાં છે. સાધક તો સમ્યગ્દષ્ટિ છે. ભાઈ! આ સાધક અવસ્થા કર્યું છે ને? અર્થમાં જરી થોડું લેશે કે જ્યાં સુધી સમ્યક્ નથી ત્યાં સુધી પણ એણે, જેના તરફથી વીતરાગનો ઉપદેશ, વીતરાગી ભાવનો ઉપદેશ મળે એવા ગુરુ પાસે તારે સાંભળવું. પણ એમાં વજન આપશે. સમજાય છે? '**યથાર્થ જ્ઞાન-શ્રદ્ધાનની પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી તો જેમનાથી યથાર્થ ઉપદેશ મળે છે...**' યથાર્થ ઉપદેશમાં વજન છે. યથાર્થ સત્‌નો ઉપદેશ જ્યાં મળે તેને સમ્યગ્દષ્ટિ થયા પહેલા પણ ત્યાં સાંભળવું. બીજા પાસે સાંભળવું નહિ. ઈ વાત કહેશે. એટલી જવાબદારી તો એના ઉપર નાખશે.

મુમુક્ષુ :- શ્રદ્ધા અપૂર્ણ કેમ બતાવી?

ઉત્તર :- ના, શ્રદ્ધાની અપૂર્ણતા નથી. વાત કરીને. શ્રદ્ધા, સાચું જ્ઞાન, ચારિત્ર ... શ્રદ્ધા અપૂર્ણ નથી. ત્રણેની એકતા નથી ને. જ્ઞાન, ચારિત્રની અપૂર્ણતાને લઈને અપૂર્ણ છે, એમ. સમજાય છે કાંઈ?

કહે છે, લો.. '**અપરમભાવે..**' ન પહોંચી શકે. પૂર્ણ દશાને અભેદ કરીને અનુભવ ન કરી શકે. પોતાની પુરુષાર્થની નબળાઈને કારણે સાધક અવસ્થામાં ધર્માત્મા સાધકદશામાં વર્તે છે. તો દૃષ્ટિમાં તો ભૂતાર્થ એકરૂપ જ છે. પણ પર્યાય છે કે નહિ? પર્યાયને ત્યાં અસત્ય કહી તો પર્યાય છે કે નહિ? ત્યાં કહ્યું હતું કે પર્યાય અસત્ય છે. વ્યવહાર અભૂતાર્થ છે. અસત્ય, જૂઠો છે. વ્યવહાર જૂઠો છે એમ કહ્યું. એ વ્યવહાર જૂઠો કહ્યો હતો તે ત્રિકાળની અપેક્ષાથી જૂઠો કહ્યો. એ અહીંયાં સિદ્ધ કર્યો કે પર્યાયમાં જેટલી શુદ્ધતા અને અશુદ્ધતા છે તે વ્યવહારનય છે. તે જૂઠો કહ્યો પણ ત્રિકાળની અપેક્ષાથી જૂઠો કહ્યો. વર્તમાનની અપેક્ષાથી સત્ય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

કહે છે, અપરમભાવ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રના પૂર્ણ ભાવને ન પહોંચી શકે, સાધકદશામાં સ્થિત છે તો '**व्यवहारदेशिताः**'. તે તે સમયમાં વ્યવહાર વિચિત્ર અનેક વર્ણમાળા સમાન હોવાથી.. ખુલાસો કરશે. અશુદ્ધ દ્રવ્યને કહેનાર. જુઓ! અશુદ્ધ દ્રવ્ય (કહ્યું). પર્યાય છે ને, અશુદ્ધતા છે ને, પૂર્ણ શુદ્ધ ક્યાં થઈ ગયો છે? અશુદ્ધ દ્રવ્યને કહેનાર હોવાથી જેણે ભિન્ન ભિન્ન એક એક ભાવસ્વરૂપ અનેક ભાવ દેખાડ્યા છે. એક એક શુદ્ધનો અંશ, અશુદ્ધનો અંશ અનેક દેખાડે છે. અનેકને જોવું એ અશુદ્ધનયનો અર્થાત્ વ્યવહારનયનો વિષય છે. સમજાય છે કાંઈ?

જાણવામાં આવતો પ્રયોજનવાન છે. એ 'અમૃતચંદ્રાચાર્યે' તો હૃદય ખોલી નાખ્યા છે. 'કુંદકુંદાચાર્ય'નું જે હૃદય હતું, ભાષા તો પદ્યમાં આવવાની હોય તે આવે, સમજ્યા? આ

પદ્ય છે. એ કોઈ ગદ્ય નથી કે અનેક શબ્દો એના ચાલે. ત્યાં એવો શબ્દ આવ્યો પણ એનો ભાવ આ છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા એક સમયમાં શુદ્ધ ધ્રુવ ચૈતન્ય તેને જ સત્ય કહ્યું, તે જ સત્ય કહ્યું, વ્યવહારને જૂઠો કહ્યો. તો વ્યવહાર તો ત્રિકાળની અપેક્ષાથી જૂઠો કહ્યો. તો કહે છે કે પૂર્ણ દશાનો અનુભવ થઈ ગયો ત્યાં તો આશ્રય લેવો રહ્યો નહિ, અપૂર્ણતા રહી નહિ. આશ્રય લેવો રહ્યો નહિ. પૂર્ણ થઈ ગયા પછી આશ્રય કોનો કરવો? અપૂર્ણતા રહી નહિ. પણ જ્યાં સુધી સાધકદશામાં દૃષ્ટિ તો થઈ છે, ભૂતાર્થની શુદ્ધનયની, શુદ્ધનય સત્ય છે એવી દૃષ્ટિ થઈ છે પણ પર્યાયમાં અશુદ્ધતા છે, શુદ્ધતા છે, વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ છે, નિશ્ચય રત્નત્રયની શુદ્ધિ, ચારિત્રની શુદ્ધિ પણ વધે છે તો અંશ અંશ કરીને ભેદને જોવો, તે ભેદને જોવા એ જ વ્યવહારનય દેખવો અને વ્યવહારે જાણેલો પ્રયોજનવાન કહેવામાં આવ્યું છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ વળી પછી નાશવાનની વાત. અહીં તો જાણે છે. નાશ તો સ્વભાવના આશ્રયે થશે. એ પ્રશ્ન છે નહિ. એ તો દૃષ્ટિમાં આવ્યું છે કે આને આશ્રયે નાશ થાય. ઈ પ્રશ્ન અહીં છે નહિ. ઈ તો પછી સમજાવવું હોય તો સમજાવવાની રીત છે. એ તો છે એમ વ્યવહાર જાણે છે અને નિશ્ચયમાં અહીં આશ્રય કરે તો નાશ થશે એ પણ દૃષ્ટિના વિષયમાં આવી ગયું છે. અશુદ્ધતાનો નાશ શુદ્ધને આશ્રયે થશે એ તો દૃષ્ટિમાં આવી ગયું છે. ત્રિકાળ જ્ઞાયક ભગવાનના આશ્રયે દર્શન થયું, તેના આશ્રયે અશુદ્ધતાનો નાશ થઈને ચારિત્ર થશે. એ તો દૃષ્ટિના વિષયમાં ઈ ભાનમાં આવી ગયું છે. સમજાય છે કાંઈ? એ.. ચંદુભાઈ! આહાહા..! અરે.. ભગવાન! એને રસ્તા કહ્યા. તો નયમાં તકરાર (કરે). નય સમજવા માટે કહી તો નયે ગુંચવાડામાં નાખી દીધા. ગુંચવાડાને શું કહે છે? ગડબડ. આ તો ગડબડ કાઢવા માટે કહ્યું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ પછી, ઈ પછી. અત્યારે ક્યાં છે. હમણાં સાંભળો.

મુમુક્ષુ :- અંગીકાર કરવા...

ઉત્તર :- અંગીકાર કરવાનો અર્થ જાણવું. સમજાય છે કાંઈ? અંગીકાર કરવાનો અર્થ જાણવું. એમ અર્થ છે. વ્યવહારનયનો ઉપદેશ જાણવા લાયક છે. એમ જ્યાં સુધી જ્ઞાની ન થાય ત્યાં સુધી યથાપદવી સમ્યગ્દૃષ્ટિ પાસે અથવા જિનનો ઉપદેશ વીતરાગનો ઉપદેશ મળે. પછી અર્થ થશે. હજી ... અહીં તો હજી આચાર્યની વાત પહેલી કરે છે. પછી 'અમૃતચંદ્રાચાર્ય' ઈ કહેવા માગે છે એની સાથે સંધિ કરે છે. પછી એ શું કહે છે એ પછી ચાલશે. સમજાય છે કાંઈ? છોટાભાઈ! આવો છે માર્ગ તો, બાપુ! 'વાદવિવાદ કરે સો અંધા, સદ્ગુરુ કહે સહજ કા ધંધા' 'બનારસીદાસ' કહે છે, હોં!

ભાઈ! પ્રભુ! તું પૂર્ણ છો ને નાથ! એ પૂર્ણને અમે સત્ય કહીએ છીએ. ભગવાન કહે છે, હોં! એને અમે સત્ય કહીએ છીએ અને બાકી પર્યાયને અસત્ય કહીએ છીએ, અભૂતાર્થ કહીએ છીએ, જૂઠી કહે છે. મહારાજ! તો શું પર્યાય છે જ નહિ? તો કહ્યું, ૧૧મી ગાથામાં જેને અમે સત્ય કહ્યું, પર્યાયને અસત્ય કહી તે નીચલી દશામાં નય રહે છે. પૂર્ણમાં તો નય છે નહિ. નીચલી દશામાં પર્યાય ભૂતાર્થ છે. પર્યાય પર્યાયની અપેક્ષાથી ભૂતાર્થ છે. તે પર્યાય વ્યવહારનયનો વિષય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

અરે..! ભગવાન! શબ્દાર્થ પણ પોતાની કલ્પનાથી કરે. સમજાય છે કાંઈ? શું કરે? શબ્દ તો બોલે નહિ. શબ્દમાં શું આશય છે, નયનું પ્રયોજન શું છે તે સમજે નહિ અને પોતાની કલ્પનાથી અર્થ કરે તો શું કરીએ? યશોવિજય કહે છે, એક ફેરી કહ્યું હતું ને? 'જાતિ અંધનો દોષ નહિ આચરો...' જન્મ અંધ. 'જાતિ અંધનો દોષ નહિ આચરો, જે જાણે નહિ અર્થ, મિથ્યાદૃષ્ટિ તેથી ... કરે અર્થના અનર્થ...' અરે..! જે ઠેકાણે જે પ્રયોજન સિદ્ધ કરવું છે તે સિદ્ધ ન કરે અને પોતાની કલ્પનાથી શાસ્ત્રને પણ પોતાની કલ્પનાથી દોરી જાય. શાસ્ત્રને શું કહેવું છે તેને પોતાની દૃષ્ટિમાં ન લઈ જાય અને શાસ્ત્રને પોતાની કલ્પનાથી સમજે. સમજાય છે કાંઈ? શાસ્ત્રમાં શું કહ્યું છે, ઈ શું કહે છે એમ પોતાની દૃષ્ટિ ત્યાં લઈ જવી એમ નહિ કરીને, પોતાની દૃષ્ટિમાં શાસ્ત્રને લઈ આવવા કે આમ કહે છે ને તેમ કહે છે. ચંદુભાઈ! આ તો અમારે ઘણાં વર્ષ પહેલા ચર્ચા થયેલી. ઘણાં વર્ષ (થયા). ૪૦ વર્ષ પહેલા. આ શાસ્ત્રના શબ્દોના અર્થ શું છે એ ઉપરથી શું કહેવું છે તે તમારી દૃષ્ટિ લઈ જાઓ. શાસ્ત્રના અર્થ સાંભળવા તમારી દૃષ્ટિ ત્યાં ન લગાવો. શાસ્ત્રને એ બાજુ ન લઈ જાઓ. સમજાય છે કાંઈ? આહાહા..! અનંત કાળ આમ કર્યું છે ને. ઈ આવે છે ને? પાછળ નહિ? ભાઈ! 'સમયસાર'. આવો અર્થ કરે છે. સર્વવિશુદ્ધિ અધિકારમાં. પોતાની બુદ્ધિના દોષથી આવો અર્થ કરે છે અમારા સાંખ્યમતિ જેવા સાધુ. આવો અર્થ કરે છે, કર્મથી થાય છે, કર્મથી જ્ઞાન (થાય છે). સમજાય છે કાંઈ? પ્રજ્ઞાદોષ એમાં આવે છે. જુઓ! સમયસારમાં. પોતાની પ્રજ્ઞાના દોષથી એ છે. ૩૩૨-૩૪૪. પોતાના દોષથી કાઢે છે એમ કહે છે. આ રહ્યું. ગુજરાતીમાં ચિહ્ન કર્યા હોય ને. (ગાથા-૩૩૨-૩૪૪). '**(આચાર્યદેવ કહે છે કે) :- આ પ્રમાણે આવા સાખ્યમતને, પોતાની પ્રજ્ઞાના (બુદ્ધિના) અપરાધથી સૂત્રના અર્થને નહિ જાણનારા કેટલાક શ્રમણાભાસો પ્રરૂપે છે;...**' 'અમૃતચંદ્રાચાર્યે' લીધું છે. '**આચાર્યદેવ કહે છે કે...**' જુઓ! માથે આવ્યું હતું. જ્ઞાનાવરણીય કર્મથી જ્ઞાન રોકાય છે, જ્ઞાનાવરણીયનો ઉઘાડ હોય તો ક્ષયોપશમ રોકાય છે એમ જે વાત કરે છે તે સાંખ્યમતને પોતાની પ્રજ્ઞા-બુદ્ધિના અપરાધથી '**સૂત્રના અર્થને નહિ જાણનારા કેટલાક શ્રમણાભાસો...**' (શ્રમણાભાસ અર્થાત્) '**મુનિના ગુણો નહિ હોવા છતાં પોતાને મુનિ કહેરાવનાર.**' '**પ્રરૂપે છે; તેમની, એકાંતે પ્રકૃતિના કર્તાપણાની માન્યતાથી, સમસ્ત જીવોને**

**એકાંતે અકર્તાપણું આવી પડે છે તેથી 'જીવ કર્તા છે' એવી જે શ્રુતિ તેનો કોપ ટાળવો અશખ્ય થાય છે...'** આત્મા પર્યાયમાં રાગનો કર્તા છે. સમજાય છે કાંઈ? અજ્ઞાનભાવે પર્યાયમાં રાગનો કર્તા આત્મા છે. શું કર્મ કરાવે છે? ભેદજ્ઞાન થયું, પરથી ભિન્ન પાડવા જ્ઞાનની યોગ્યતાનું, અલ્પતાનું આવરણનું પોતાની દશાનો કર્તા પોતે આત્મા છે. કર્મ તો નિમિત્તમાત્ર છે. સમજાય છે કાંઈ? પણ એમ નથી સમજતા તો અર્થનો અનર્થ કરે છે. પ્રજ્ઞાના અપરાધને કારણે. કોઈ કર્મને કારણે નહિ. એની પ્રજ્ઞા-બુદ્ધિમાં દોષ પડ્યો છે. તેથી અર્થનો અનર્થ કરે છે. સમજાય છે કાંઈ? આઠેય કર્મની વાત લીધી છે. એ તો આવે ત્યારે ચાલે ને. જ્ઞાનાવરણીય કર્મનો ઉદય હોય તો આત્માને જ્ઞાન અવરાઈ જાય છે. ક્ષયોપશમ હોય તો (આમ થાય). બસ, એને કારણે તારામાં પર્યાય છે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો કહ્યું ને. જ્ઞાનની યોગ્યતાથી જ્ઞાન પોતાના ક્ષયોપશમમાં આવે છે, પોતાની યોગ્યતાથી ત્યાં અલ્પતા થાય છે. શું સાચી વાત છે? નહિ. જ્ઞાનાવરણીય કર્મથી થાય છે. જ્ઞાનાવરણીય કર્તા અને જ્ઞાનની હિનતા કાર્ય. સમજાય છે કાંઈ? એમ શાસ્ત્રનો પોતાની પ્રજ્ઞાના અપરાધને કારણે આવો અર્થ કાઢે છે. એકાંત માને છે અને પોતાનો અપરાધ પોતાથી છે એમ માનતા નથી. સમજાય છે કાંઈ? સમયસાર શાસ્ત્રમાં તો બહુ ભરી દીધું છે. અનેક વાત. સમજ્યા? પ્રજ્ઞાનો અપરાધ છે. ઈ એમ કાઢે છે કે શાસ્ત્રમાં એમ નથી કહ્યું. એમ કહે છે. 'ગોમ્મટસાર'માં એમ કહ્યું નથી કે જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય છે. એ તો પર્યાયમાં હિનતા થાય તો નિમિત્ત છે એમ ત્યાં કહ્યું હતું. તમે એનો અર્થ (એમ કરો છો કે) જો, જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાઈ ગયું, અંતરાયથી રોકાઈ ગયું. અરે..! ભગવાન! પરદ્રવ્યથી થાય એમ શાસ્ત્રનો અર્થ છે જ નહિ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એના પ્રમાદને લઈને આવે છે. દર્શનાવરણીય શું ધૂળ આવે. સમજાય છે કાંઈ?

એમ અહીંયાં વ્યવહાર આદરણીય છે એમ એમાંથી કાઢે છે એ ખોટો અર્થ છે. સમજાય છે કાંઈ? અહીંયા તો વ્યવહાર સ્થાપે છે. જેમ ૧૧મીમાં વ્યવહાર ઉત્થાપ્યો હતો, વ્યવહારને અસત્ય કહ્યો હતો કે નહિ, એ તો ત્રિકાળની અપેક્ષાથી અસત્ય કહ્યો. પણ ધર્માત્માને પર્યાયમાં શુભરાગ આવે છે. ભક્તિ આદિનો ભાવ આવે છે, એવો વ્યવહાર છે. છે એટલું સિદ્ધ કરે છે. એનાથી લાભ થાય છે એવી વાત અહીંયાં નથી. સમજાય છે કાંઈ? વ્યવહાર બળજોરીથી સિદ્ધ કરે છે કે છે. વ્યવહાર નથી? ૪૬ ગાથામાં ઈ કહેશે? ૮મીમાં એ કહ્યું. વ્યવહાર બળજોરીથી પોતાની પ્રતિષ્ઠા કરે છે. એનો અર્થ એમ નથી કે વ્યવહારથી નિશ્ચય થાય છે અને વ્યવહાર લાભદાયક છે. એ વાત નથી.

અહીંયાં તો કહે છે, વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. દૃષ્ટિ અભેદ ઉપર હોવા છતાં પર્યાયમાં અપૂર્ણતા છે, શુદ્ધતા થોડી છે. બરાબર વાત છે. બરાબર, એ જ મારી દશા–ભૂમિકા છે. મારી ભૂમિકા આ છે. ભૂમિકાથી વિશેષ દૂર નહિ. આ મારી ભૂમિકાની દશા છે. એમ વ્યવહારનય બરાબર જાણે છે. તેને વ્યવહારનય જાણેલો તે તે કાળે પ્રયોજનવાન કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**દ્વિતીય શ્રાવણ વદ ૬, મંગળવાર તા. ૬-૦૯-૬૬**
**ગાથા-૧૨. પ્રવચન-૩૯**

આ 'સમયસાર' શાસ્ત્ર ચાલે છે. એની બારમી ગાથા ચાલે છે. ૧૧મી ગાથામાં પહેલા આવી ગયું, શું આવ્યું? કે આત્મા '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' '**भूदत्थो देसिदो दु सुद्धणओ**'. ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ ધ્રુવ શુદ્ધ જ્ઞાયક ધ્રુવ સ્વભાવ, એને અહીંયાં શુદ્ધનય કહ્યું છે, નિશ્ચયનય કહ્યું છે. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે. આ ૧૧, ૧૨ ગાથા તો આખા 'સમયસાર'ની મર્મ ગાથા છે. પહેલા ૧૧માં એમ કહ્યું કે '**ववहारोऽभूदत्थो**'. ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ' સર્વજ્ઞદેવે કહેલું (કહે છે કે) વ્યવહાર અસત્યાર્થ છે અને નિશ્ચય સત્યાર્થ છે. એનો અર્થ શું થયો? એક સમયમાં આત્મા શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક ધ્રુવભાવ તે જ સત્યાર્થ છે અને એની પર્યાય રાગાદિ તે અસત્યાર્થ છે એમ કહ્યું હતું. સમજાય છે કાંઈ? વ્યવહાર અભૂતાર્થ છે એમ કહ્યું હતું. '**ववहारोऽभूदत्थो**'.

'**भूदत्थो देसिदो दु सुद्धणओ**' આખા જૈનદર્શનની અથવા વસ્તુદર્શનની મહાન માર્મિક ગાથા છે. ભગવાન આત્મા એક સમયમાં સત્ સત્ સત્ ધ્રુવ જ્ઞાયકભાવ એને અહીંયાં 'કુંદકુંદાચાર્યદેવ' શુદ્ધનય કહે છે, નિશ્ચયનય કહે છે. અને એક સમયની પર્યાય-અવસ્થા-હાલતને અહીંયાં વ્યવહાર કહીને અસત્ય છે એમ કહ્યું છે. સમજાય છે કાંઈ? ગુલાબચંદજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્રિકાળી, ત્રિકાળી. એક સમયનો ત્રિકાળી. સાંભળો!

એક સમયમાં પદાર્થમાં બે અંશ. આત્મા. પરવસ્તુ નહિ. અહીંયાં કર્મ, શરીરની વાત નથી. એ પરદ્રવ્ય છે. ભગવાન આત્મામાં એક સમયમાં બે અંશ. એક ત્રિકાળી સામાન્ય અંશ, ધ્રુવ અંશ અને એક સમયની વર્તમાન ઉત્પાદ-વ્યયવાળી અવસ્થા, એક સમયની અવસ્થા તે પર્યાય અંશ. બે અંશ મળીને પ્રમાણનો વિષય છે. પણ અહીંયાં સમ્યગ્દર્શન કઈ રીતે પ્રાપ્ત થાય તે અનંત કાળમાં થયું નથી અને તેને અનંત કાળમાં એ ધ્રુવ ચીજ શું છે એની અંતરમાં મહિમા આવી નથી. તો ભગવાન 'કુંદકુંદાચાર્ય' કહે છે, એ તો સર્વજ્ઞ કહે છે તે જ કહે છે, કે આત્મામાં જે સામાન્ય ધ્રુવ જ્ઞાયક સત્ પિંડ અનંત ગુણનું સદશ સ્વરૂપ એકરૂપ ધ્રુવ, તે સામાન્ય. તેને નિશ્ચય કહ્યું, તેને શુદ્ધનય કહ્યું. અને એક સમયની પર્યાય છે, છે એની પર્યાય, પણ તેને અસત્યાર્થ કહી, અભૂતાર્થ કહી, વ્યવહાર કહી. કેમ? કે તે એક સમયની પર્યાય આશ્રય કરવા લાયક નથી. આશ્રય કરવાલાયક, અવલંબન કરવાલાયક એક સમયમાં પ્રભુ પૂર્ણ આનંદકંદ ચૈતન્યપિંડ, તેને શુદ્ધનય કહીને તેનું અવલંબન લઈને પોતાની પર્યાયમાં સમ્યગ્દર્શન અનંત કાળમાં નથી થયું એવા પ્રયોજનની સિદ્ધિ ત્રિકાળ ધ્રુવને

આશ્રયે થાય છે, તેથી ધ્રુવ સ્વભાવને સત્ય કહ્યો અને પર્યાયને અસત્ય કહી. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે જરી. આ તો ૧૧ ગાથા અને ૧૨માં શું ચાલે છે તે. ૧૧મી ચાલી તેમાંથી પ્રશ્ન નીકળ્યો. સમજાય છે કાંઈ? બહુ શાંતિથી સમજવાની વસ્તુ છે. વ્યવહાર અસત્યાર્થ છે એમ કહ્યું અને નિશ્ચય સત્ય છે એમ કહ્યું. નિશ્ચય સત્ય છે, નિશ્ચય સત્ય છે અને વ્યવહાર અસત્ય છે એમ કહ્યું. ૧૧મી ગાથા. તો એનો અર્થ એ થયો કે જે ત્રિકાળ જ્ઞાયક શુદ્ધ ચૈતન્યપિંડ પરમસ્વભાવ પારિણામિકભાવ જ્ઞાયકભાવ ધ્રુવ તેને સત્ય કહ્યું. અને તેની વર્તમાન ચાલતી પર્યાય-અવસ્થાને કહ્યું. છે તો ખરી પણ તેને-પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહીને અસત્યાર્થ કહેવામાં આવી. અને ત્રિકાળને મુખ્ય કરીને નિશ્ચય કરીને સત્યાર્થ કહેવામાં આવ્યો. આહાહા..! સમજાય છે? કેમ? આમ કેમ કહ્યું?

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ અનંત (છે). સિદ્ધ છે ને? સિદ્ધ. એ તો પર્યાય છે. સિદ્ધ છે ને મોક્ષ? એ પર્યાય છે, દ્રવ્ય-ગુણ નહિ. સંસાર તે પણ એક વિકારી આત્મા ઉપર પર્યાય છે. અને મોક્ષ પણ એક નિર્મળ દ્રવ્ય ઉપર પર્યાય છે. સમજાય છે કાંઈ? તો એક સમયની સિદ્ધની જે પર્યાય છે તે પણ અહીંયાં વ્યવહારનયનો વિષય થઈ ગયો. સાંભળો શાંતિથી. આ વાત મૂળના મર્મની છે. અનંત કાળમાં એ મૂળ પ્રયોજન કઈ રીતે સિદ્ધ થાય છે તે વાતનો એણે પત્તો લીધો નથી. કહે છે કે ભગવાન આત્મા... આ ભગવાન આત્મા, હોં! બીજા ભગવાન ભગવાન પાસે રહ્યા. ગુલાબચંદજી! આ ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં જે સિદ્ધ દશા, સિદ્ધ દશા છે ને? સિદ્ધ દશા, ક્યાં ગયા ભાઈ? તારાચંદજી! મોક્ષદશા. અનંત કેવળજ્ઞાન, અનંત કેવળદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય પણ એ છે પર્યાય. સમજાય છે કાંઈ? એવી એક સમયની જે પર્યાય છે, અનંત કેવળજ્ઞાન, અનંત કેવળદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય આદિ અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા, અનંત કર્તા, કર્મ આદિ જે અનંત ગુણની નિર્મળ એક સમયની સિદ્ધ દશા છે તે પર્યાય છે. દ્રવ્ય-ગુણ નહિ. સમજો. એવી પર્યાય સાદિઅનંત જે પ્રગટ થાય છે, સિદ્ધની પર્યાય એક સમય રહે છે, બીજા સમયે બીજી થાય છે, ત્રીજા સમયે ત્રીજી થાય છે. કેવળજ્ઞાન પણ એક સમયમાં એક રહે છે. કેવળજ્ઞાનની પર્યાય બીજા સમયે તે નથી રહેતી. એવી થાય છે, તે નથી થતી. શું કહે છે સમજાય છે?

કહે છે કે, સિદ્ધની પર્યાય કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ એક સમય રહે છે. બીજા સમયે તેનો વ્યય થઈને નવો ઉત્પાદ થાય છે. અને બીજા સમયનો ઉત્પાદ ત્રીજા સમયે વ્યય થઈને ત્રીજો ઉત્પાદ થાય છે. એવા અનંત સિદ્ધ ભગવાન, અનંત સિદ્ધ ભગવાન જે પર્યાયમાં એક સિદ્ધ પરમાત્મા એવા અનંત સિદ્ધ પરમાત્મા. જ્યારથી પરમાત્મદશા પ્રગટ થઈ તો જેટલો સાદિઅનંત કાળ છે તેટલા જે પરમાત્મા છે, અનંત પરમાત્મા થયા તે અનંત પરમાત્મા આત્મદ્રવ્યમાં પડ્યા છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા એક સમયનો

વર્તમાન, એમાં અનંત જે સિદ્ધ થયા, સિદ્ધ અનંત ગુણની પર્યાયપણે પૂર્ણ (પરિણમી ગયા) તે પર્યાય તો એક સમયની છે. એવી એવી અનંત કાળમાં અનંત પર્યાય જે પરમાત્મદશાની પ્રગટ છે તે બધી પર્યાયનો પિંડ અંદર આત્મામાં પડ્યો છે. આત્મા અનંત પરમાત્મસ્વરૂપ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાઈ! આ ભાષા સાદી છે. એવી કોઈ (કઠણ નથી). આહાહા..!

ભગવાન સામાન્ય પ્રભુ એક સમયની અવસ્થા વિના ધ્રુવ પ્રભુઆત્મા, એમાં અનંત પરમાત્મા પડ્યા છે. સમજાય છે કાંઈ? એવો જે ધ્રુવ સ્વભાવ, ભગવાનના મુખમાં આવ્યું કે તેને જ અમે સત્ય કહીએ છીએ. તેને જ અમે સત્ય કહીએ છીએ, વિદ્યમાન કહીએ છીએ, સાચો કહીએ છીએ અને એક સમયની વર્તમાન પ્રગટ પર્યાય છે તેને અસત્ય કહીએ છીએ, અવિદ્યમાન કહીએ છીએ, નથી એમ કહીએ છીએ. આહાહા..! કેમ એમ કહ્યું? કે પોતાનો આત્મા એક સમયમાં જે ધ્રુવ પરમાનંદની મૂર્તિ અનંત પરમાત્માનો પિંડ... સમજાય છે કાંઈ? તેનો આશ્રય કરવાથી પોતાનું પ્રયોજન-શાંતિ, સુખનું, સમ્યગ્દર્શનનું પ્રયોજન તેના અવલંબને (સિદ્ધ) થાય છે. સમજાય છે કાંઈ? ભાઈ! આ લોજીક કંઈ એવું સૂક્ષ્મ નથી. છે તો લોજીકથી વાત, હોં! એવી ચીજ છે. એમ નથી કે ગડબડ કરીને મનાવી લે. લોજીકથી-ન્યાયથી સર્વજ્ઞ પરમેશ્વર ... ભગવાને કહ્યું છે. ન્યાયથી વસ્તુથી સ્પષ્ટ તર્કણાથી એ વસ્તુ સિદ્ધ થાય છે એમ અમે કેવળજ્ઞાનીએ જોયું છે, એવી સ્પષ્ટતાથી, શ્રુતજ્ઞાનીને પણ એવું સ્પષ્ટ હોય છે. પરંતુ કદી એ જાતનો પ્રયત્ન અને પુરુષાર્થ શું ચીજ છે અને પુરુષાર્થ કઈ તરફ કરવો અને ક્યાંથી ખસવું એ ખબર નથી. સમજાય છે કાંઈ?

કહે છે કે ભગવાન આત્મા એક સમયમાં ધ્રુવ અંશ. જે એક સમયનો પર્યાય અંશ છે તેને વ્યવહાર કહીને, અભૂતાર્થ કહીને, અસત્યાર્થ કહીને આશ્રય કરવા લાયક નથી એમ કહીને જૂઠો છે એમ કહ્યું. અને ત્રિકાળ ધ્રુવ સ્વભાવને સત્ય કહીને, નિશ્ચય કહીને, યથાર્થ કહીને, આશ્રય કરવા લાયક છે એમ કહીને તેના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે તો ધ્રુવને સત્યાર્થ કહેવામાં આવ્યો છે. સમજાય છે કાંઈ? ત્યારે શિષ્યને પ્રશ્ન થયો. ભગવાન! આપ તો ધ્રુવ વસ્તુને સત્ય કહો છો અને પર્યાયને અસત્ય કહો છો, જૂઠી કહો છો, વિદ્યમાન નથી એમ કહો છો. સમજાય છે કાંઈ? કેમકે પોતાનું પ્રયોજન સમ્યગ્દર્શન શાંતિનું પ્રાપ્ત થવું, પ્રથમ સમ્યગ્દર્શન જે પ્રાપ્ત કરવું તેમાં આનંદ પ્રાપ્ત થાય છે. સમ્યગ્દર્શનની સાથે આનંદ પ્રાપ્ત (થાય છે). અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત થાય છે. તેનું નામ સમ્યગ્દર્શન છે. તો સમ્યગ્દર્શન સમ્યક્ જે ત્રિકાળ વસ્તુ છે, સામાન્ય ચીજ છે તેને '**पश्यन्त**'-તેને જોવાથી, જોવાથી જે ભાન થયું અને પ્રતીત થઈ તો પ્રતીતમાં આનંદની સાથે એ પ્રતીતિ ઉત્પન્ન થાય છે. એવી આનંદની પર્યાયનું પ્રયોજન સિદ્ધ કરવા સામાન્યને સત્ય અને ધ્રુવ કહ્યું, વિશેષને અસત્ય અને જૂઠ કહ્યું. સમજાય છે કાંઈ? ગુલાબચંદ! સમજાય છે? તમારી હિન્દી

ભાષા નથી આવડતી, અમારી સાધારણ ભાષા છે. અમારી તો કાઠિયાવાડી ભાષા છે ને. પંડિતજી! અહીં તો થોડી થોડી હિન્દી આવડે છે. બહુ નથી આવડતી. ગુલાબચંદ બોલે છે તો અમે માંડ માંડ સમજીએ છીએ. અહીંયાં તો સાદી સાધારણ ભાષા (છે).

કહે છે કે મહારાજ! **'વ્યવહારનય પણ કોઈ કોઈને કોઈ વખતે પ્રયોજનવાન છે,...'** એમ હવે ગુરુ કહે છે. વ્યવહારને અસત્ય કહ્યું હતું, જૂઠ કહ્યું હતું, ધ્રુવને સત્ય કહ્યું હતું તો હવે કોઈ પર્યાય છે કે નહિ? જૂઠ છે એમ કહ્યું હતું પણ ત્રિકાળની અપેક્ષાથી એક સમયની દશાને જૂઠી કહી હતી. પણ દશાની અપેક્ષાથી દશા છે કે નહિ? સમજાય છે કાંઈ? તો ભગવાન 'કુંદકુંદાચાર્ય' કહે છે કે, **'એ વ્યવહારનય પણ...'** એનો ઉપોદ્‌ઘાત છે, ૧૨મી ગાથાનો ઉપોદ્‌ઘાત છે ઉપર. ઉપોદ્‌ઘાત સમજ્યાને? સૂચનિકા. જુઓ! ઉપર બે લીટી છે. ૧૨મી ગાથા ઉપર બે લીટી. **'એ વ્યવહારનય પણ...'** ૧૨ ગાથા ઉપર. ૧૨ ગાથા ચાલે છે એના અન્વયાર્થ ઉપર બે પંક્તિ. તો ભગવાન આચાર્યે ધ્રુવને–સામાન્યને સત્ય કહ્યું અને પર્યાયને અસત્ય કહી તો આચાર્ય પોતે કહે છે, પોતે કહે છે ચાલે ને? આચાર્ય સ્વયં કહે છે કે **'વ્યવહારનય પણ કોઈ કોઈને...'** સાધક અવસ્થામાં **'કોઈ વખતે...'** જ્યાં સુધી સાધક અવસ્થા છે ત્યાં સુધી **'પ્રયોજનવાન છે,...'** પ્રયોજનવાન છે. છે એમ જાણવામાં પ્રયોજનવાન છે. આદરણીય નહિ. સમજાય છે કાંઈ? એ ખુલાસો કરશે.

અહીંયા કહે છે, વ્યવહારનય પણ જેમ નિશ્ચયનય જે સત્યાર્થ કહીને આદરણીય કહી, આશ્રય કરવાલાયક ભગવાન પૂર્ણાનંદ પ્રભુ તે જ સત્ય પરમેશ્વર ધ્રુવ (છે), તેનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્‌ચારિત્ર જે નિર્વિકલ્પ મોક્ષનો માર્ગ તે નિજ ભગવાન આત્મા ધ્રુવની અંતર દૃષ્ટિથી–અવલંબનથી ઉત્પન્ન થાય છે. તો પર્યાય છે કે નહિ? આપે પર્યાયને કાઢી નાખી જૂઠી કહીને. તો કહે છે કે પર્યાય છે. ભાઈ! પેલામાં ચાર બોલ લીધા છે ને? **'व्यवहारेण विकल्पेन भेदेन पर्यायेण'** 'જયસેનાચાર્ય'ની ટીકામાં. ભેદ છે કે નહિ? પર્યાય છે કે નહિ? વિકલ્પ છે કે નહિ? વ્યવહાર છે કે નહિ? એ ચાર બોલ સંસ્કૃતમાં લીધા છે. ... ચોથા, પાંચમા, છઠ્ઠા આદિ ગુણસ્થાનમાં છે, સાધકદશામાં છે ત્યાં સુધી વ્યવહારનય જાણેલો પ્રયોજનવાન છે. એમ કહીને વ્યવહારનયની સિદ્ધિ કરે છે. જે એકલી નિશ્ચયની સિદ્ધિ કરી હતી, ત્યાં વ્યવહારને ઊડાવ્યો હતો, અહીંયાં વ્યવહાર છે એટલું સિદ્ધ કરે છે. સમજાય છે કાંઈ? હવે ગાથા. ગાથા તો ચાલી ગઈ છે. ફરીને થોડું (લઈએ).

**सुद्धो सुद्धादेसो णादव्वो परमभावदरिसीहिं।**
**ववहारदेसिदा पुण जे दु अपरमे ट्ठिदा भावे।।१२।।**

હરિગીત, નીચે એનું હરિગીત.

**દેખે પરમ જે ભાવ તેને શુદ્ધનય જ્ઞાતવ્ય છે;**
**અપરમ ભાવે સ્થિતને વ્યવહારનો ઉપદેશ છે. ૧૨.**

મોટી ગડબડ આ ગાથામાં બહુ ચાલે છે. થોડો અન્વયાર્થ લઈએ. અન્વયાર્થ છે ને?

ગાથાર્થ :- '**परमभावदर्शिभिः**' છે અન્વયાર્થ-શબ્દાર્થ? કૌંસમાં છે ને? '**परमभावदर्शिभिः**' જેઓ શુદ્ધનય સુધી પહોંચી શ્રદ્ધાવાન થયા અને પૂર્ણ જ્ઞાન, ચારિત્ર થઈ ગયા. નિજ ધ્રુવ સ્વરૂપનો આશ્રય લઈને પોતાની પર્યાયમાં નિર્વિકલ્પ અભેદ રત્નત્રયની સમાધિ પ્રગટ થઈ ગઈ. પર્યાયમાં શુદ્ધિની પૂર્ણતા પ્રાપ્ત થઈ ગઈ. તેને તો શુદ્ધાત્માનો ઉપદેશ કરનાર અથવા શુદ્ધ આત્માનો અનુભવ કરનારી શુદ્ધનયનો જ એને અનુભવ છે. જાણવાયોગ્ય એટલે અનુભવ છે. ભગવાન આત્મા ત્રિકાળ ધ્રુવનો આશ્રય લઈને પૂર્ણ શુદ્ધ પર્યાય ચારિત્રની પણ પ્રગટ થઈ ગઈ, પોતાના આશ્રયથી દર્શન, જ્ઞાન, ચારિત્ર (પ્રગટ થઈ ગયા) તેને તો એકલો '**णादव्वो**' નામ પૂર્ણ સ્વરૂપ આત્મા છે તેનો અનુભવ કરવો-ભાવવો, અનુભવ કરવો તે જ એને જાણવાલાયક છે. તેને વ્યવહારનય નથી. પૂર્ણ દશા થઈ ગઈ પછી વ્યવહાર નથી. સમજાય છે કાંઈ? ભાઈએ કહ્યું છે ને? બે-ત્રણ ઠેકાણે ક્યાંક કહ્યું છે. કેવળજ્ઞાન અને ચારિત્ર પૂર્ણ યથાખ્યાત. પૂર્ણ થઈ જાય પછી એને આત્મા ભાવવાયોગ્ય રહી ગયો. કરવું-ફરવું કંઈ ન રહ્યું. આત્મા જ અનુભવ કરવા લાયક રહી ગયો. સાંભળો, અત્યારે સાંભળો. તમારાથી ... તેણે શુદ્ધ આત્મા અનુભવ કરવાલાયક છે. '**णादव्वो**' નામ અનુભવ કરવાલાયક છે.

વળી જે અપરમભાવમાં જ્યાં સુધી પૂર્ણ દશા ચારિત્રની (નથી થઈ).. એને શ્રદ્ધા થઈ છે, આત્મા અખંડાનંદ પ્રભુની પ્રતીતિ થઈ છે, અનુભવ થયો છે, નિર્વિકલ્પ અનુભવ થયો છે પણ જ્ઞાન અને ચારિત્ર એને પૂર્ણ નથી થયા. વચમાં એક વાત રહી ગઈ. ચાલતું હોય ને. શુદ્ધનયને... એણે ક્યાંક લીધું છે, હોં! ભાઈ! પાનું-૨૭૩-૨૭૪ છે. ૧૨૦ કળશ છે ને? કળશ. '**સાક્ષાત્ શુદ્ધનય તો કેવળજ્ઞાન થયે થાય છે.**' ઈ. અહીં તો સિદ્ધાંત લેવો છે. નીચે છેલ્લી લીટી છે. '**સાક્ષાત્ શુદ્ધનય તો કેવળજ્ઞાન થયે થાય છે.**' (૧૨૧ કળશ ભાવાર્થ), '**કેવળજ્ઞાન થતાં સાક્ષાત્ શુદ્ધનય થાય છે.**' શું કહે છે? જુઓ! 'જયચંદ્રજી પંડિતે' એમાંથી ન્યાય કાઢ્યો છે કે આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને-શુદ્ધનયને, કેવળજ્ઞાન પ્રાપ્ત થયું તો શુદ્ધનયને પ્રાપ્ત થઈ ગયા. છે તે પ્રમાણ. પણ આત્મા પર્યાયમાં પૂર્ણ થયો તે અપેક્ષાથી શુદ્ધનયનો વિષય કેવળજ્ઞાન લીધો છે. નહિતર કેવળજ્ઞાન છે એ તો સદ્ભુત વ્યવહારનયનો વિષય છે. સૂક્ષ્મ વાત છે, ભાઈ! કેવળજ્ઞાન છે તે એક સમયની અવસ્થા છે. અને ત્રિકાળની અપેક્ષાથી એક સમયની અવસ્થા વ્યવહાર છે. સદ્ભુત વ્યવહારનયનો વિષય છે. પણ અહીંયાં બીજી વાત કહેવી છે, ભાઈ!

અહીં આપણે '**परमभावदर्शिभिः**' છે ને? એ પરમભાવ પર્યાય જ્યાં કેવળજ્ઞાન આદિ પૂર્ણ થઈ ગઈ તો શુદ્ધનયની પર્યાય, દ્રવ્ય તો હતું જ એવું, પણ પર્યાયમાં જે આશ્રય કરવો હતો તે આશ્રય પૂરો થઈ ગયો. પૂર્ણ કેવળજ્ઞાન થઈ ગયું તેને શુદ્ધનય ત્યાં પર્યાયમાં

પ્રાપ્ત થઈ ગઈ એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! ગાથા એવી સૂક્ષ્મ આવી ગઈ છે. સમજાય છે કાંઈ? શુદ્ધનય ત્યાં પૂર્ણ પ્રાપ્ત થઈ ગઈ. શુદ્ધનય તો ધ્રુવ છે. ત્યાં અગિયારમી ગાથામાં તો ઈ કહ્યું. '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' ભૂતાર્થ તે શુદ્ધનય. પણ એની પર્યાય, શુદ્ધનયનો આશ્રય કરવાનો હતો તે આશ્રય બારમા ગુણસ્થાન સુધી રહ્યો. કેવળજ્ઞાન થયું પછી તે આશ્રય કરવો રહ્યો નહિ. પૂર્ણ પર્યાય થઈ ગઈ. શુદ્ધનયની જે પર્યાય પૂર્ણ કરવાની હતી, આશ્રય કરવો રહ્યો નહિ તેને ત્યાં શુદ્ધનય પૂર્ણ થઈ એમ કહેવામાં આવ્યું છે. જરી ઝીણી વાત છે, ભાઈ! આ ગાથા તાકડે આવી છે. સમજાય છે કાંઈ? 'જયચંદ્ર પંડિતે' કહ્યું ને? શુદ્ધનય.. કેવળજ્ઞાન થયું તો શુદ્ધનય (પૂર્ણ થઈ ગઈ). અર્થાત્ કેવળજ્ઞાન તો વ્યવહારનય છે. પણ શુદ્ધનય અંદર દ્રવ્ય સાથે અભેદ થઈ, પૂર્ણ પર્યાય અભેદ થઈ ગઈ તો શુદ્ધનય પૂર્ણ પ્રાપ્ત થઈ ગઈ એમ કહેવામાં આવ્યું છે.

એમ અહીંયાં... '**परमभावदर्शिभिः**'. પરમભાવ જેને પ્રગટ થઈ ગયો. '**समुद्योति**' પાઠ છે ને સંસ્કૃતમાં? અર્થમાં એમ કહેશે કે એક એક ભાવ પ્રગટ કર્યા છે. પણ પછી ભાઈને પૂછ્યું, પ્રગટ કર્યા એ તો દેખાડ્યા છે એમ કહો. '**समुद्योति**'. શુદ્ધનય તો દ્રવ્યાર્થિકને કહે છે પણ એનો આશ્રય જ્યાં પૂર્ણ થઈ ગયો તેને પણ શુદ્ધનયનો વિષય પૂર્ણ થઈ ગયો એમાં કહેવામાં આવે છે. તે પરમભાવ દેખે છે, પૂર્ણાનંદનો અનુભવ પૂર્ણ છે. તેને શુદ્ધનય અનુભવ કરવા લાયક એટલે આત્મા અનુભવ કરવાલાયક રહી ગયો. પર્યાયમાં ખંડ અને ભેદ એને રહ્યા નહિ. સમજાય છે કાંઈ? થોડું સમજીને ખ્યાલમાં તો લ્યો કે આવી ચીજ છે અંદરમાં. આમ ને આમ પાઠ ભણી લે. સમજાય છે કાંઈ? એવું તો અગિયાર અંગમાં અનંત વાર ભણ્યો. નવ પૂર્વ વાંચી નાખ્યા. વાંચી નાખ્યા. પણ ભગવાન આત્મા શાસ્ત્રમાં શું કહે છે અને કોને નિશ્ચય કહે છે અને કોને વ્યવહાર કહે છે, તો હેય કોણ છે અને ઉપાદેય કોણ છે તેનું યથાર્થ ભાન એણે કદી કર્યું નહિ. સમજાય છે કાંઈ?

કહે છે કે '**परमभावदर्शिभिः**' જે પરમભાવ પૂર્ણ પ્રગટ થઈ ગયો તે દેખાડે છે એટલે અનુભવ કરાવે છે. પૂર્ણ દશાનો અનુભવ છે તેને શુદ્ધનય જ્ઞાતવ્ય નામ ભાવના કરવાલાયક છે. એમાં ભેદ રહ્યો નહિ, અપૂર્ણતા રહી નહિ. તેને દ્રવ્યનો આશ્રય કરવા લાયક છે એવું રહ્યું નહિ. પૂર્ણ દશા પ્રગટ થઈ ગઈ. તેણે શુદ્ધનય ભાવના કરવાલાયક છે, અનુભવ કરવાલાયક છે એમ કહેવામાં આવ્યું છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ પછી રાત્રે. અત્યારે ચાલે છે એમાં નહિ. આ તો અગમ્ય વાત છે. આ તો પ્રવાહ અંદરની વાત છે. સમજાય છે કાંઈ? આ વાત એવી છે કે એવી ધારણા કરવાથી પણ સમજાતી નથી. પંડિતજી!

ભગવાન આત્મા શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ એક સમયનો ધ્રુવ ભગવાન જ્ઞાયકપિંડ પરમાત્મા,

જેમાં અનંતા પરમાત્મા પડ્યા છે. આહા..! તેને જ અહીંયાં સત્ય કહ્યું અને એક સમયની પર્યાયને અસત્ય કહી, જૂઠી કહી. તો કહે છે કે એમ કહેવામાં અમારું પ્રયોજન છે. દ્રવ્યનો આશ્રય કરવાથી જ પર્યાય જ્યારે દ્રવ્યનું આલંબન લેશે ત્યારે સમ્યગ્દર્શન થશે. માટે અમે એને સત્ય કહ્યું છે અને પર્યાયને અસત્ય કહ્યું છે. પણ પર્યાય નથી એમ નથી. તો તો વેદાંત થઈ જાય. તો ભૂતાર્થ એક સત્ય છે, બીજું કાંઈ સત્ય નથી. સમજાય છે કાંઈ? પર્યાય છે કે નહિ એનું કોઈ લક્ષણ તો રહ્યું નહિ. તો કહે છે, સાંભળ! જ્યાં સુધી પર્યાય પૂર્ણ શુદ્ધ ન થઈ, ૧૧માં તો દ્રવ્યનો આશ્રય સિદ્ધ કર્યો. આશ્રય લીધો સમ્યગ્દર્શન થયું, જ્ઞાન અને ચારિત્ર પૂર્ણ ન થયા. પૂર્ણ ન થયા તો... શું કહે છે? સાધક અવસ્થામાં અપૂર્ણ જ્ઞાનદશા છે, ચારિત્રની સ્થિરતા નથી અને હજી સાધક છે તો રાગ ભાગ પણ બાકી છે, રાગ બાકી છે. સાધક છે તો બાધક પણ છે. કેવળજ્ઞાન થયું તો સાધક પૂર્ણ થઈ ગયો, રાગ-બાગ છે નહિ.

મિથ્યાદૃષ્ટિને નય નથી, કેવળજ્ઞાનીને નય નથી. સમજાય છે કાંઈ? કારણ કે મિથ્યાદૃષ્ટિને શ્રુતજ્ઞાન નથી. શ્રુતજ્ઞાન નથી તો શ્રુતજ્ઞાનનો ભેદ નય છે. શ્રુતજ્ઞાન વિકલ્પા નયા. જ્યાં શ્રુતજ્ઞાન નથી ત્યાં નય કેવી? પણ ધર્મીજીવને પોતાનો ભૂતાર્થ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યપ્રભુ જ્ઞાયકભાવનો આશ્રય કરીને જે સમ્યગ્દર્શન થયું તો સમ્યગ્દર્શનમાં સાથે ભાવશ્રુતજ્ઞાન થયું, પ્રમાણજ્ઞાન થયું, ભાવશ્રુતજ્ઞાન થયું. પ્રમાણજ્ઞાન થયું તો એ પ્રમાણમાં બે ભાગ પડી ગયા. એક નિશ્ચય અને વ્યવહાર. સમજાય છે કાંઈ? ભારે વાતું, ભાઈ! આ ઝીણી વાતું. એણે કદી સાંભળી નથી અને એ વાતનો કદી પ્રયોગ (કર્યો નથી). શું ચીજ છે લક્ષમાં આવી નહિ તો પ્રયોગ ક્યાં કરવો અને ક્યાંથી ખસવું ખબર નથી. આમ ને આમ મૂઢપણે અનંત વાર... 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' સમજાય છે કાંઈ? મુનિવ્રત ધાર. અઠ્યાવીસ મૂળગુણ એવા (પાળ્યા કે) ખંડ ખંડ શરીરના કરે પણ ક્રોધ ન કરે. બીજા દેવલોકની ઈન્દ્રિાણી ચળાવવા આવે તો બ્રહ્મચર્યમાં ચળે નહિ. એવી જેની શુક્લલેશ્યા. પંડિતજી! શુક્લલેશ્યા. મિથ્યાદૃષ્ટિ. શુક્લધ્યાન નહિ, હોં! શુક્લલેશ્યા કહીએ છીએ. શુક્લલેશ્યા અભવિને પણ હોય છે અને મિથ્યાદૃષ્ટિને પણ હોય છે. એવી શુક્લલેશ્યા શરીરના ખંડ ખંડ થઈ જાય તોપણ ક્રોધ ન કરે. પણ ભગવાન આત્મા અખંડાનંદ ધ્રુવ શુદ્ધ કોણ છે, ઉપાદેય કોણ છે અને પર્યાય હેય કોણ છે એનો વિવેક ન કર્યો. સમજાય છે કાંઈ? વિવેક કહો કે ભેદજ્ઞાન કહો. આહાહા..! કહે છે, ધન્નાલાલજી! સમજાય છે કાંઈ?

જ્યાં સુધી પૂર્ણ ન થાય, પર્યાયમાં પૂર્ણ દશા નથી તો અપૂર્ણ છે એવી અવસ્થામાં સ્થિત. જે જીવ સાધક અવસ્થામાં છે, પૂર્ણ દશાની પર્યાયની પ્રાપ્તિ થઈ નથી અને સમ્યગ્દર્શન થયું છે. સ્વરૂપના આશ્રયે સમ્યગ્દર્શન થયું છે પણ જ્ઞાનની પૂર્ણતા અને ચારિત્રની પૂર્ણતા

થઈ નથી તો અધવચ્ચે છે. ઉત્કૃષ્ટનો અનુભવ નથી. મધ્યમ અનુભવ છે. ઉત્કૃષ્ટનો અનુભવ થઈ ગયો તેને તો કાંઈ રહ્યું નહિ. '**परमभावदर्शिभिः**'. સમજાય છે કાંઈ? અપરમભાવ મધ્યભાવમાં છે. દૃષ્ટિ આત્મામાં લાગી ગઈ, અનુભવ થયો કે આત્મા શુદ્ધ છે, પવિત્ર છે એવો અનુભવ થયો. પણ પર્યાયમાં પૂર્ણતા નથી. રાગ છે. સાધકની શુદ્ધતા થોડી છે. આ જેવી થોડી છે અને જેવો રાગ છે તે પર્યાયને જાણવી તેને વ્યવહારનય કહેવાય છે. સમજાય છે કાંઈ? ભાઈ! છે તો એના ઘરની વાત. પણ કદી જાણી નથી, કદી પ્રયત્ન કર્યો નથી. એના ઘરની વાત છે. દેડકા જેટલો નાનો જીવ પણ પોતાના આનંદનો આશ્રય લઈને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી લે છે. સમજાય છે કાંઈ?

કહે છે, જ્યાં સુધી આત્મા સમ્યગ્દર્શન પ્રાપ્ત થવા છતાં.. હોનેપર ભી કહે છે ને? પર્યાયમાં પુરુષાર્થની ઓછપ છે. રાગ છે અને શુદ્ધિની અલ્પતા છે તો એ પર્યાયમાં સ્થિત, એવા મંદ પુરુષાર્થમાં સ્થિત છે, અપરમભાવમાં સ્થિત છે, પરમભાવ છે નહિ તેને વ્યવહાર જાણવાલાયક છે. વ્યવહાર દ્વારા ઉપદેશ કરવાલાયક છે એ તો વાચક શબ્દ લીધા છે. 'અમૃતચંદ્રાચાર્યે' એમાંથી કાઢ્યું.. પાઠમાં આવશે, જુઓ! '**જાણેલો તે કાળે પ્રયોજનવાન છે.**' સંસ્કૃત ટીકામાં છે. તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. બસ, એટલું છે. '**देसिदा**'નો અર્થ ઈ. '**देसिदा**' કથન છે. પણ કથનનું વાચ્ય જ્યારે અપરમભાવમાં આત્મા પૂર્ણ દશાને પ્રાપ્ત નથી થયો તો એ પર્યાયમાં અપૂર્ણતા છે, રાગ છે, તે કાળે આમ છે તેમ જાણવાલાયક, તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. તે કાળે જાણેલો તે કાળમાં પ્રયોજનવાન છે. સમજાય છે કાંઈ? આદરણીય-ફાદરણીયની અહીંયાં વાત નથી. પાઠ જુઓ અંદર આવશે. આ તો હજી ઉપરથી અર્થ કર્યો. ટીકામાં ઈ લીધું છે. ટીકામાં ઈ લીધું છે, '**જાણેલો તે કાળે પ્રયોજનવાન છે.**' પાઠ છે, જુઓ! '**परिज्ञायमानस्तदात्वे प्रयोजनवान्**' સંસ્કૃતમાં છે, પંડિતજી! આ અમારે પંડિતજી બેઠા છે ને, ભવાનીલાલજી! છે કે નહિ સંસ્કૃતમાં? સમજાય છે કાંઈ? આહાહા..!

શું કહે છે? વ્યવહારનય જાણેલો પ્રયોજનવાન છે, હોં! આદરણીય થયેલો નહિ, હેય છે. પણ નય છે તો એનો વિષય છે. વિષય છે. જેમ શુદ્ધનયનો વિષય પૂર્ણ છે તો અશુદ્ધનય કહો, અશુદ્ધ દ્રવ્યાર્થિકનય કહો કે વ્યવહારનય કહો કે પર્યાયનય કહો. એમાં જે ભેદ રહે છે અપૂર્ણ તેને જાણવા તે વ્યવહારનયનો સહજ વિષય રહી જાય છે. જ્ઞાન નિશ્ચયને જાણે, જ્ઞાન સ્વપરપ્રકાશક છે, તો જ્યાં નિશ્ચયને જાણે છે ત્યાં શ્રુતજ્ઞાન થયું, પ્રમાણજ્ઞાન થયું, સમ્યગ્દર્શન થયું તો પ્રમાણજ્ઞાન થયું. તે સિવાય પ્રમાણજ્ઞાન વિના નય નથી. કેવળીને નય નથી. કેવળજ્ઞાન થઈ ગયું. મિથ્યાદૃષ્ટિ નય નથી, (કેમકે) શ્રુતજ્ઞાન નથી. તો કોઈ કહે છે કે પહેલા વ્યવહાર, પછી નિશ્ચય એ રહેતું નથી. સમજાય છે કાંઈ? અમરચંદજી! અરે..! ભગવાન! તકરાર.. વ્યવહાર કરો. વ્યવહાર ક્યાંથી આવ્યો? હજી નય નથી ત્યાં વ્યવહાર ક્યાંથી આવ્યો? સમજાય છે કાંઈ? વ્યવહાર અને નિશ્ચય તો નય છે. તો નયજ્ઞાન

વિષયને વિષય કરે છે. નય વિષયી છે, સામે ચીજ વિષય છે. અહીં તો અભેદ લીધું છે. ભગવાન આત્મા ધ્રુવ સ્વરૂપ શુદ્ધનય, શુદ્ધનય. તેને જ શુદ્ધનય કહ્યું. નય અને નયનો વિષય એવો અધ્યાત્મમાં ભેદ નથી. સમજાય છે કાંઈ? '**भूदत्थो देसिदो दु सुद्धणओ**'. ભૂતાર્થ સત્યાર્થ ત્રિકાળને અમે શુદ્ધનય કહીએ છીએ અને પર્યાય, ભેદ, અવસ્થાને અમે વ્યવહારનય કહીએ છીએ.

જ્યાં સુધી પરમભાવમાં સ્થિત નથી, ઉત્કૃષ્ટ ભાવમાં સ્થિત નથી, અપરમભાવમાં સ્થિત છે તો તે કાળમાં જાણેલો, જ્ઞાન તે કાળમાં કેમ લીધું? કે જેટલી શુદ્ધતા પ્રગટ થઈ, જેટલી અશુદ્ધતા છે તે જ્ઞાન તેને જાણે છે. બીજે સમયે શુદ્ધતા થોડી વધી, અશુદ્ધતા ઘટી તો તે કાળમાં જ્ઞાન તેને જાણે છે. સમય સમયમાં જેમ છે તેમ જાણવું તે વ્યવહારનયનું પ્રયોજન છે. સમજાય છે કાંઈ? આમાં બધા ગડબડ કરે છે. જ્યાં હોય ત્યાં બધા આ ગાથા મૂકે. જુઓ! આમાં વ્યવહાર કહ્યો છે, જુઓ વ્યવહાર કહ્યો. અરે..! સાંભળ તો ખરો. વ્યવહાર કોને કહ્યો? નિશ્ચય વિના વ્યવહાર આવ્યો ક્યાંથી? પ્રમાણ વિના નય આવી ક્યાંથી? સમજાય છે કાંઈ? તારાચંદજી!

વ્યવહાર દ્વારા એટલે કે તેને તે કાળમાં જાણેલો (પ્રયોજનવાન છે). એક અનંતાનુબંધી કષાયનો ચોથે ગુણસ્થાને અભાવ છે. પાંચમે બે કષાયનો અભાવ છે. છઠ્ઠે ત્રણ કષાયનો અભાવ છે. બીજો રાગ છે. તો તે શુદ્ધતાનો અંશે અંશ અને રાગનો અંશ તે બધાને એક એક કરીને અનેક જાણવું તે વ્યવહારનયનો વિષય અનેક છે. શુદ્ધનયનો વિષય એક છે. સમજાય છે કાંઈ? એ ટીકામાં લેશે. આ તો કાલે ચાલી હતી, થોડી આજે લીધી. સમજાય છે કાંઈ? કાલે તો આખો એક કલાક એમાં ચાલ્યો હતો. પણ એ તો પહેલા આવ્યું હોય એ કાંઈ ફરીને આવે? હવે ટીકા જુઓ. એની ટીકા. શબ્દાર્થ કહ્યો તેની ટીકા કરે છે.

**ટીકા :-** '**જે પુરુષો...**' બારમી ગાથાની ટીકા. '**જે પુરુષો છેલ્લા પાકથી ઊતરેલા શુદ્ધ સ્વર્ણ સમાન...**' સોનાના તાપ દેતા દેતા સોળ વલું થઈ ગયું, સોળ વલુ કહે છે ને? સોળ વલું. '**ઉત્કૃષ્ટ ભાવને અનુભવે છે...**' સોનાનો પૂર્ણ ભાવ થઈ ગયો તો '**તેમને પ્રથમ, દ્વિતીય આદિ અનેક પાકોની પરંપરાથી પચ્યમાન (પકાવવામાં આવતા) અશુદ્ધ સુવર્ણ સમાન...**' મધ્યમ ભાવ છે. સમજાય છે કાંઈ? '**(મધ્યમ) ભાવ તેનો અનુભવ નથી હોતો...**' સોનાનો ઉત્કૃષ્ટ ભાવ થઈ ગયો તો મધ્યમ ભાવ નથી. સોળ વલું થઈ ગયું તો બાર વલું, તેર વલું નથી. સોળ વલું સોનું થઈ ગયું. એનો અનુભવ નથી. મધ્યમ સોનું એને નથી.

'**તેથી, શુદ્ધદ્રવ્યને કહેનાર હોવાથી...**' હવે જુઓ! જેમ પૂર્ણ સોનાવાળાને અપૂર્ણ સોનું તેર વલું, બાર વલું નથી. એમ જેણે ભગવાન આત્માને પૂર્ણ શુદ્ધ પર્યાય કેવળજ્ઞાન આદિ નિર્વિકલ્પ અભેદ રત્નત્રય પ્રગટ કરીને પોતાનો આત્માનુભવ કર્યો તેને મધ્યમ ભાવનો અનુભવ

નથી. સમજાય છે કાંઈ? મધ્યમ ભાવ એટલે શું? નીચલી દશામાં હજી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે અપૂર્ણ છે એવા મધ્યમનો પૂર્ણતાવાળાને અનુભવ નથી. પૂર્ણતાવાળાને પૂર્ણ અનુભવ છે, મધ્યમ અનુભવ નથી. '**તેથી, શુદ્ધદ્રવ્યને કહેનાર હોવાથી...**' શુદ્ધ દ્રવ્યની પર્યાયનો પ્રગટ અનુભવ કરાવનાર હોવાથી '**જેણે અચલિત...**' ચળે નહિ એવું '**અખંડ...**' ખંડ ન થાય એવું, પર્યાયની વાત છે, હોં! '**એકસ્વભાવરૂપ એક ભાવ પ્રગટ કર્યો છે...**' એકરૂપ ભાવ પ્રગટ થઈ ગયો. તેને શુદ્ધનયે દેખાડ્યો. દેખાડ્યાનો અર્થ અનુભવ કરે છે એટલું. '**એવો શુદ્ધનય જ,...**' એવો શુદ્ધનય જ.

વસ્તુ અહીંયાં પ્રધાનપણે છે. '**અચલિત અખંડ એકસ્વભાવરૂપ એક ભાવ...**' ભાઈ! પેલામાં એક એક ભાવ કહીને અનેકભાવ કહેશે. એકરૂપ પૂર્ણ દશા પ્રગટ થઈ ગઈ. જેવું દ્રવ્ય એકરૂપ અખંડ સ્વભાવ છે તેવો તેનો આશ્રય કરીને પૂર્ણ દશા એક જ્ઞાયક સ્વભાવ પ્રગટ થઈ ગયો તેને તો શુદ્ધનય અર્થાત્ આત્માનો અનુભવ કરવો એ જ તેણે જાણવાલાયક રહ્યું, બીજું કાંઈ છે નહિ. સમજાય છે કાંઈ?

'**સૌથી ઉપરની એક પ્રતિવર્ણિકા...**' એટલે સોળ વલું સોનું. '**સમાન હોવાથી, જાણેલો પ્રયોજનવાન છે.**' જુઓ! આ વજન. '**જાણેલો પ્રયોજનવાન છે.**' વ્યવહારમાં બીજો શબ્દ આવશે. વ્યવહારમાં જાણેલો તે કાળે પ્રયોજનવાન એમ આવશે. એ કાળમાં આવશે. (અહીંયાં) કાળ ન રહ્યો, અહીંયાં તો એકાકાર ભગવાનનો-પૂર્ણ શુદ્ધનો અનુભવ થયો, બસ, એ અનુભવ કરવા લાયક રહી ગયો તેને શુદ્ધનય જાણેલો પ્રયોજનવાન છે એમ કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? આહાહા..! '**જાણેલો પ્રયોજનવાન છે.**' જુઓ! પાઠ છે. છે? '**परिज्ञायमानः प्रयोजनवान्**'. પંડિતજી! ટીકામાં ચોથી લીટી છે. '**परिज्ञायमानः प्रयोजनवान्**'. સંસ્કૃત છે. એ તો અનુભવ પૂર્ણ થઈ ગયો. શુદ્ધનયનો અર્થ પૂર્ણ આત્માનો અનુભવ છે તે જ એને બસ છે. તે જે તેણે ભાવવાલાયક છે. તેને વ્યવહારનય નથી.

'**પરંતુ જે પુરુષો પ્રથમ, દ્વિતીય આદિ અનેક પાકોની પરંપરાથી પચ્યમાન અશુદ્ધ સુવર્ણ સમાન જે (વસ્તુનો) અનુત્કૃષ્ટ (મધ્યમ) ભાવ તેને અનુભવે છે...**' ઉત્કૃષ્ટ ભાવ હજી પ્રગટ નથી થયો. કેવળજ્ઞાન પ્રગટ નથી થયું. હજી અનુત્કૃષ્ટ અથવા મધ્યમ ભાવ (છે). સમ્યગ્દર્શન છે, સમ્યગ્જ્ઞાન છે, સમ્યક્ચારિત્ર છે પણ પૂર્ણ ચારિત્ર અને પૂર્ણ જ્ઞાનનો અનુભવ નથી. મધ્યમ દશાનો અનુભવ છે. સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ! '(મધ્યમ) ભાવ તેને અનુભવે છે તેમને છેલ્લા પાકથી ઊતરેલા શુદ્ધ સુવર્ણ સમાન ઉત્કૃષ્ટ ભાવનો અનુભવ નથી હોતો;...' જે છઠ્ઠે ગુણસ્થાને છે, પાંચમે આદિ છે તેને સોનું જેમ સોળ વલું છે એવો સોળ વલાનો કેવળજ્ઞાનનો અનુભવ નથી. પરમભાવનો અનુભવ નથી. નીચલી દશાનો અનુભવ છે.

'**તેથી, અશુદ્ધ દ્રવ્યને કહેનાર...**' જુઓ! અશુદ્ધ દ્રવ્ય કેમ લીધું? કે એની પર્યાયમાં

એના ભેદ છે. '**જેણે જુદા જુદા એક એક ભાવસ્વરૂપ...**' શુદ્ધતાનો અંશ, બીજે ત્રીજે (સમયે) શુદ્ધતાનો અંશ વધે છે, અશુદ્ધતા ઘટે છે. તે બધા અંશને એક એક કરીને અનેકને દેખાડે છે તે વ્યવહારનય છે. '**એક એક ભાવસ્વરૂપ અનેક ભાવો દેખાડ્યા છે...**' અનેક ભાવ દેખાડ્યા છે, હોં! વજન અહીંયાં છે. આદરણીય છે એ પ્રશ્ન નથી. દેખાડે છે. શુદ્ધનય દેખાડે છે. જાણવાલાયક રહી જાય છે. પેલામાં કહ્યું હતું, '**समुद्योति**' એક જ શુદ્ધનય પ્રકાશમાન થઈ ગઈ. ખલાસ. અહીંયાં એક એક ભાવ શુદ્ધતા ને રાગભાવ છે ને? વ્યવહાર રત્નત્રયનો રાગ છે, શુદ્ધતા-અલ્પ શુદ્ધતા છે, તો એક એક કરીને અનેક ભાવ પડ્યા છે. અનેક ભાવને જાણેલો, '**એક એક ભાવસ્વરૂપ અનેક ભાવો દેખાડ્યા છે એવો વ્યવહારનય,...**' એવો વ્યવહારનય. '**વિચિત્ર (અનેક) વર્ણમાળા સમાન હોવાથી,...**' સોનામાં રંગ ચડે ને? કુલડીમાં. એણ અહીંયાં પર્યાયમાં અનેક ભંગ ઊઠે છે. શુદ્ધતાના, અશુદ્ધતાના. હજી પૂર્ણ નથી એટલે અનેક ભંગ છે.

'**જાણેલો તે કાળે પ્રયોજનવાન છે.**' જ્યાં સુધી મધ્યમ ભાવમાં છે ત્યાં સુધી વ્યવહારનયથી જાણેલો પ્રયોજનવાન છે. મોટી ગડબડ આમાં ચાલે છે. લો. આહાહા..! અર્થ કરવાવાળા એમ અર્થ કરે, વ્યવહાર દેખાડવો. ઈ વાત જ અહીંયાં નથી. અહીં તો કહે છે જ્યારે વ્યવહાર પર્યાયને પહેલા અસત્ય કહી અને ત્રિકાળને સત્ય કહ્યું તો સત્યનો પૂર્ણ અનુભવ થઈ ગયો તો એમાં વ્યવહાર રહ્યો નહિ. પણ સત્યનો અનુભવ થયો પણ પર્યાયમાં પૂર્ણ થયો નથી, વચલી સાધકદશામાં વિચરે છે. ચોથે, પાંચમે, છઠ્ઠી ભૂમિકામાં (છે) તો એની અપૂર્ણ પર્યાય છે, શુદ્ધ પૂર્ણ નથી. રાગ પણ સાથે છે. તે બધી અનેક પ્રકારની શુદ્ધતા અને રાગને જાણેલો તે કાળમાં સમય સમયમાં એ જ્ઞાન જ એવું પ્રગટ થાય છે કે જેટલી શુદ્ધતા અને જેટલો રાગ છે, તે સ્વને જાણતું, પરને જાણતું સ્વપરપ્રકાશક જ્ઞાનની પર્યાય એવી પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ?

ફરીથી. શું કહ્યું સમજાણું? ભગવાન આત્મા.. આ તો અધ્યાત્મની વાત છે, ભાઈ! કદી એણે લક્ષમાં લીધી નથી. સમજાય છે કાંઈ? દ્રવ્ય છે તે અનંત ગુણનો પિંડ છે. આમ હોવા છતાં એક સમયની પર્યાય છે, પર્યાય છે પણ પૂર્ણ પર્યાય જ્યાં થઈ ગઈ તો વ્યવહાર રહ્યો નહિ. કારણ કે આત્મા તરફ ઢળવું રહ્યું નહિ તો અશુદ્ધતા રહી નહીં. તો એને એકલા આત્માનો ભાવ અને ... રહી ગયા. અનુભવ કરવો એકલો, બસ. પણ નીચલી દશામાં પૂર્ણ અનુભવ નથી, સમ્યગ્દર્શન થઈ ગયું, ત્રિકાળ જ્ઞાયકના આશ્રયે અનુભવ થઈ ગયો, પર્યાયમાં પૂર્ણતા નથી. તો એને શ્રુતજ્ઞાન થયું છે. તો શ્રુત વિકલ્પા નયા. શ્રુતજ્ઞાનનો ભેદ તે નય છે. એક નય નિશ્ચયને જાણે છે, એક વ્યવહાર ભેદ છે, અશુદ્ધતા છે તેને જાણે છે. બસ. સમજાય છે કાંઈ?

આ બારમી ગાથામાં મોટા ઝઘડા છે. ૩૦ વર્ષથી આ ગાથા ચાલે છે. ૩૦ વર્ષથી.

અહીં તો ૩૧ વર્ષ થયા આ જંગલમાં. સાડી એકત્રીસ વર્ષથી અમે તો અહીંયાં છે. ....! બહાર રહે છે પણ એ બીજી રીતે મહેલમાં રહે છે ને. અમે અહીં જંગલમાં રહીએ છીએ. ૩૦ વર્ષ પહેલા પ્રશ્ન ઉઠ્યો હતો. એક જણ આવ્યો હતો. ... વ્યવહાર કરવા લાયક, વ્યવહાર કરવા લાયક.. અરે..! સાંભળ તો ખરો, પ્રભુ! શું કહે છે આચાર્ય, એના હૃદય જાણ્યા વિના એનો શબ્દાર્થ કરે, શબ્દાર્થ કરે તો '**ववहारदेसिदा**' છે. ભાવાર્થ કરે તો જાણેલો પ્રયોજનવાન છે એવો ભાવ છે. ભાઈ! આહાહા..! એક એક ગાથામાં શબ્દાર્થ, સમજાણું? ભાવાર્થ, આગમાર્થ, અન્ય મતાર્થ અને તાત્પર્ય. શાસ્ત્રકાર એક એક ગાથામાં પાંચ-પાંચ બોલ લે છે. એક એક ગાથામાં પાંચ પાંચ બોલ. પાંચ બોલ સમજ્યાને? પહેલા શબ્દાર્થ, એનો ભાવાર્થ, એનો આગમાર્થ, અન્ય મતાર્થ-અન્યમતી આનાથી વિરુદ્ધ શું કહે છે? આગમનો અર્થ શું છે? અને એમાંથી સાર શું કાઢવો છે? સમજાય છે કાંઈ?

અહીંયાં '**ववहारदेसिदा**' શબ્દાર્થ તો આવો છે. 'અમૃતચંદ્રાચાર્યે' એમાંથી એમ કાઢ્યું કે વ્યવહાર શબ્દ તો પદ્ય એવું છે એટલે આવી ગયું છે. પદ્ય છે. પણ એમાં કહેવું છે ઈ કે ભગવાન આત્મા પોતાના શુદ્ધ ધ્રુવ સ્વરૂપનો અનુભવ થયો, પર્યાયમાં પૂર્ણતા થઈ નથી તો ત્યાં નય રહી ગઈ. વ્યવહારનય તે સમયે અશુદ્ધતાનો અંશ અને શુદ્ધતાનો અંશ બધું મળીને વ્યવહારનો વિષય જાણવલાયક (રહી ગયો). તે કાળમાં, તે કાળમાં તે સમયમાં તેવું જ જ્ઞાન ઉત્પન્ન થાય છે. નિશ્ચયને જાણ્યો અને તે વખતે જેટલી શુદ્ધતા છે તેને જાણેલો જ્ઞાન જ એવું પ્રગટ થાય છે. તો એને જાણેલો પ્રયોજનવાન છે, આદરેલો પ્રયોજન છે એમ નથી. અર્થમાં કહેશે, હોં! વ્યવહારનયથી કથન લેશે. પહેલા આચાર્યનું હૃદય કહીએ છીએ. સમજાય છે કાંઈ? આહાહા..! કોઈ પચાસ રૂપિયાની ખોટ ગઈ હોય, નુકસાન થયું હોય તો કેટલું નામું કરે છે. રાત-દિ' દીવા બાળે. ઘ્યાસતેલ બાળે. આમાં શું છે, આત્મા નિશ્ચય શું, વ્યવહાર શું, ભગવાન જાણે, ભાઈ! ભગવાન તો જાણે જ છે. સમજાય છે કાંઈ?

તારે હિત કરવું છે કે નહિ? અનંત કાળે આવો મનુષ્યદેહ મળ્યો. ક્યાં હતો, ક્યાં હતો, ક્યાં આવ્યો. ચોર્યાસી લાખની પાટમાં અનંતા ભવ ક્યાં કર્યા? ક્યાં હતો ને ક્યાં આવી ગયો. આવા મનુષ્યદેહમાં વાસ્તવિક તત્ત્વની જો દૃષ્ટિ ન થાય તો ઢોરનો અવતાર મળ્યો અને ઈયળના, કીડીના, કાગડાના મળ્યા એવો અવતાર છે. એને પણ લાભ ન થયો અને આને પણ લાભ ન થયો. સમજાય છે કાંઈ? ક્યાંથી આવ્યો? આહા..! અનાદિ આત્મા ક્યા સ્થાનમાં ક્યાં હતો, કેવા સંયોગમાં, કેટલી પ્રતિકૂળતામાં, ક્યાંથી આવીને મનુષ્યદેહ મળી ગયો. હવે કહે છે, પ્રભુ! તારા આત્માની વસ્તુ જે છે તેની વાસ્તવિક દૃષ્ટિ પોતાની ન કરે અને વ્યવહાર જાણવાલાયક છે એમ ન માને તો તારું હિત કદી થશે નહિ. આહા..! સમજાય છે કાંઈ?

**'અનેક ભાવો દેખાડ્યા છે...'** **'उपदर्शित'** શબ્દ છે ને? ભાઈ! **'उपदर्शित'** છે. **'उपदर्शित'**. જુઓ! **'शुद्धद्रव्यादेशितयोपदर्शितप्रति'**. **'उपदर्शित'** શબ્દ છે. પેલામાં **'शुद्धद्रव्याश्रितया समुद्योतिता'** શબ્દ હતો. ઓ..હો..! **'જાણેલો તે કાળે...'**

'અમૃતચંદ્રાચાર્ય' ભગવાન મુનિ. 'કુંદકુંદાચાર્યપ્રભુ' સંવત ૪૯માં થયા. ભગવાન પાસે ગયા હતા. સાક્ષાત્ ત્રિલોકનાથ વર્તમાન બિરાજે છે. મહાવિદેહક્ષેત્રમાં 'સીમંધરપ્રભુ' સર્વજ્ઞપદમાં સમવસરણમાં વર્તમાન બિરાજે છે. એમની સ્થિતિ ક્રોડ પૂર્વની છે. ભગવાનની ક્રોડ પૂર્વની સ્થિતિ છે. એક પૂર્વમાં સીત્તેર લાખ ક્રોડ છપ્પન હજાર ક્રોડ વર્ષ ચાલ્યા જાય છે. એવું એવું ભગવાનનું ક્રોડ પૂર્વનું આયુષ્ય છે. 'કુંદકુંદાચાર્ય' બે હજાર વર્ષ પહેલા ગયા હતા ત્યારે પણ ભગવાન બિરાજતા હતા, અત્યારે પણ ભગવાન બિરાજે છે. સમજાય છે કાંઈ? ત્યાં ભગવાન 'કુંદકુંદાચાર્ય' આઠ દિવસ ગયા હતા. આઠ દિવસ જઈને ત્યાંથી આવી આ શાસ્ત્ર બનાવ્યા. ત્યાંથી આવીને. સમજાય છે કાંઈ? મદ્રાસથી એંસી માઈલ દૂર પોન્નુર હિલ એક ટેકરી છે. વંદેવાસ એક નાનું ગામ છે દસ હજારની વસ્તીવાળું. મદ્રાસથી એંસી માઈલ આ બાજુ. વંદેવાસથી પાંચ માઈલ દૂર પોન્નુર ટેકરી છે. ત્યાં ભગવાન 'કુંદકુંદાચાર્ય' ધ્યાનમાં રહેતા હતા. ત્યાંથી ભગવાન પાસે ગયા હતા. સમજાય છે કાંઈ? અને ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા.

આપણે ગયા નહોતા? પંડિત કેવા? મલ્લિનાથ કે કોઈક હતા. છે ને મદ્રાસમાં ભાષણ થયું હતું. અને અન્યમતીના મઠમાં પણ એવું નીકળ્યું, મઠ, અન્યમતીનો મઠ. બે હજાર વર્ષ પહેલાં અહીંયાં એક મહામુનિ હતા. ઈ તો હતા. અન્યમતીના મઠમાં આવું નીકળ્યું. ભગવાન 'કુંદકુંદાચાર્ય' સંવત ૪૯માં ભરતક્ષેત્રમાં બિરાજતા હતા. મહાભાગ્યવાન પુણ્યવંત અને પવિત્રવંત. જેનો ભરતક્ષેત્રમાં જન્મ અને સાક્ષાત્ મહાવિદેહમાં મનુષ્યદેહે ગયા. ચૌદ પૂર્વ નહોતા. કોઈ ચૌદ પૂર્વની લબ્ધિ નહોતી. આહારકની નહોતી. ચાર .. ઊંચે ચાલવાની હતી. અને દેવ એમનો મિત્ર હતો તે લઈ ગયો. આઠ દિવસ ત્યાં ભગવાન પાસે રહ્યા. સાક્ષાત્ ભગવાનની દેશના સાંભળીને આવ્યા છે. સમજાય છે કાંઈ? ભાવમુનિ તો હતા જ. વિશેષ સ્પષ્ટ નિર્મળ (જ્ઞાનથી) કહે છે ભગવાન આમ કહે છે.

સર્વજ્ઞદેવ આમ કહે છે અને કહ્યું છે, ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ભગવાનનું અવલંબન લ્યો. તે જ વસ્તુ સત્ય છે. પૂર્ણ દશા થઈ જશે ત્યારે તારી અપૂર્ણ દશા, વ્યવહાર દશા નહિ રહે. પણ જ્યાં સુધી પૂર્ણ નથી ત્યાં સુધી વ્યવહાર દશાનું તારે જ્ઞાન કરવું. અપૂર્ણ શુદ્ધ છે, પૂર્ણ નથી. રાગ છે, પૂર્ણ વીતરાગતા નથી. એમ જ્ઞાન કરવું એની તારે જરૂર છે. નિશ્ચયની સાથે વ્યવહારનું જ્ઞાન કરવાથી પ્રમાણજ્ઞાન થાય છે. સમજાય છે કાંઈ? થોડું સૂક્ષ્મ છે પણ વસ્તુ સત્ય છે. એને સમજ્યે છૂટકો છે. નહિતર જન્મ-મરણના આરા એને મટશે નહિ. ધોકા ખાઈને મરી ગયો અનંત વાર. સમજાય છે કાંઈ? રાજા, મહારાજા થયો,

ક્રોડપતિ ભિખારો અનંત વાર થયો. કેમ હશે? મલૂકચંદભાઈ ક્યાં ગયા? અહીં મોઢા આગળ બેઠા છે. સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાન! તારી સંપત્તિ, તારી લક્ષ્મી તને નજરમાં ન આવે! તારી સંપત્તિ તો તારો એક સમયમાં ધ્રુવ ભગવાન પડ્યો છે એમાં તારી પૂરી સંપત્તિ પડી છે. કેવળજ્ઞાન પણ એક સમયની સંપત્તિ છે. એવી અનંતી સંપત્તિનો પિંડ ભગવાન આત્મા તારામાં પડ્યો છે. તને કોઈ દિ' મહાત્મ્ય આવ્યું નહિ, કદી રુચિ કરી નહિ. સમજાય છે કાંઈ? વ્યવહાર.. વ્યવહાર.. વ્યવહાર કરતા કરતા મરી ગયો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હતો કે દિ' વ્યવહાર? અંતર ભાન થયા વિના તને વ્યવહાર ક્યાંથી આવ્યો? સમજાય છે કાંઈ? આહાહા..! એ કહ્યું હતું ને? 'શ્રીમદ્'નું કહ્યું હતું, નહિ? 'સાધન વાર અનંત કિયો' સમજાય છે કાંઈ? પણ આ ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ શુદ્ધ, એક સમયની પર્યાયનો પણ આશ્રય નહિ. આશ્રય લેનારી પર્યાય છે. પણ પર્યાયનો પર્યાયને આશ્રય નથી. પર્યાયને દ્રવ્યનો આશ્રય છે. સમજાય છે કાંઈ? અરે..! ભગવાન! એવો એક સમયનો ભગવાન આત્મા અંતર્મુખમાં અનુભવ કરીને, આશ્રય કરીને નિર્વિકલ્પ અનુભવ થયો, સમ્યગ્દર્શન થયું, અતીન્દ્રિય આનંદનું વેદન થયું ત્યારે તેને સમ્યગ્દર્શન અને ચોથું ગુણસ્થાન કહે છે. પણ ત્યાં સુધી તો હજી આનંદ અપૂર્ણ છે અને રાગ સાથે છે. તો એને વ્યવહારે જાણવો પ્રયોજનવાન છે. એ જ્યારે પૂર્ણ થઈ જશે ત્યારે તને વ્યવહારનય-અપરમભાવ રહેશે નહિ. પરમ થયા પછી અપરમ નહિ રહે. અપરમ છે ત્યાં સુધી જાણેલો તે કાળે પ્રયોજનવાન છે. એમ 'અમૃતચંદ્રાચાર્ય' '**वहारदेसिदा**' તાત્પર્યાર્થ કાઢ્યો છે. સમજાય છે કાંઈ? આહાહા..! 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ' બીજા કોઈ બે, ત્રણ પંથ હોય નહિ. પણ એ માર્ગ શું છે એ કદી સાંભળ્યું નથી. 'શ્રુત પરિચિત અનુભતા કામભોગ બંધ કથા'. અનંત વાર તને વિકલ્પ-રાગ કરવો, રાગ ભોગવવો એવી વાત તેં પ્રભુ! અનંત વાર સાંભળી છે. અનંત વાર આદતમાં-ટેવમાં-અભ્યાસમાં લઈ લીધી છે. અનુભવમાં પણ અનંત વાર આવી ગઈ છે. પણ ભગવાન આત્મા એ રાગથી, નિમિત્તથી પૃથક, એક સમયની અવસ્થા પણ નહિ, પૂર્ણ આનંદઘન છે તેનો આશ્રય લીધા વિના તારું કાર્ય સમ્યગ્દર્શનનું સિદ્ધ થયું નહિ. અને હવે થયા પછી જે બાકી રહે છે તેને જાણવું તેને વ્યવહાર કહે છે. આદરવું એને વ્યવહાર કહે છે એમ શાસ્ત્રમાં છે નહિ. વિશેષ ચાલશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**દ્વિતીય શ્રાવણ વદ ૭, બુધવાર તા. ૭-૦૯-૬૬**
**ગાથા-૧૨. પ્રવચન-૪૦**

'સમયસાર' એમાં પહેલો જીવનો અધિકાર ચાલે છે. જીવ કોને કહે છે? કેવા જીવની પ્રતીત કરવાથી સમ્યગ્દર્શન-ધર્મની પહેલી સીડી અનંત કાળમાં પ્રગટ નથી થઈ, તે ધર્મશ્રેણી ક્યારે પ્રગટ થાય છે? કેવા આત્માને માનવાથી? સમજાય છે કાંઈ? તો ૧૧ ગાથામાં કહ્યું કે ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં ધ્રુવ જ્ઞાયક શુદ્ધ સ્વભાવનો પિંડ વસ્તુ જે છે તે જ ભૂતાર્થ નામ સત્ય વસ્તુ છે અને તે જ શુદ્ધનયની વસ્તુ અથવા શુદ્ધનય છે. એવો જ્ઞાયક શરીર, કર્મથી રહિત, પુણ્ય-પાપના રાગથી રહિત. એક સમયની અવસ્થાથી રહિત સમજાય છે કાંઈ? એવો આત્મા જેને અહીંયાં પરમ પારિણામિક ચૈતન્ય કારણપ્રભુ કહેવામાં આવે છે-કારણપરમાત્મા.

કારણપરમાત્માની સન્મુખ થઈને અંતરમાં જ્ઞાનનું પ્રત્યક્ષ વેદન કરીને ભાવશ્રુતજ્ઞાન દ્વારા એ જ્ઞાન પ્રત્યક્ષ કરી રાગ વિના જ્ઞાનને પ્રત્યક્ષ કરીને પ્રતીત કરવી તેનું નામ ભગવાન સમ્યગ્દર્શન પહેલો ધર્મ કહે છે. સમજાય છે કાંઈ? સોભાગચંદજી! કેમકે આત્મામાં એક એવો ગુણ પડ્યો છે, પ્રકાશ નામનો ગુણ પડ્યો છે. તે પ્રકાશગુણનું કાર્ય શું? જેમ ભગવાન આત્મામાં જ્ઞાન અને આનંદ છે એમ પ્રકાશ નામનો એક ગુણ છે. ૪૭ શક્તિ વર્ણવી છે. અનંત શક્તિ છે. ૪૭ શક્તિનું વર્ણન કર્યું. એમાં એક ૧૨મી શક્તિ છે. જેને ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' પ્રકાશશક્તિ કહે છે. એ પ્રકાશશક્તિનું કાર્ય, પ્રકાશશક્તિ ગુણ છે, એનું કાર્ય જ્યારે પોતાનો સ્વભાવ ધ્રુવ શુદ્ધ ઉપર દૃષ્ટિ પડવાથી એ પ્રકાશગુણનો ધરનાર જે આત્મા છે, ગુણ આધેય અને ગુણી આધાર (છે), તે આધાર-આધેયની દૃષ્ટિ છોડી એક સ્વભાવી ભગવાનનો અનુભવ દૃષ્ટિ કરી તો પ્રકાશગુણનું કાર્ય આત્મા જ્ઞાનમાં પ્રત્યક્ષ થવો તે પ્રકાશગુણનું કાર્ય છે. સમજાય છે કાંઈ? પ્રથમ ચોથા ગુણસ્થાનમાં.

ફરીને કહીએ. આત્મામાં અનંત શક્તિઓ-ગુણ છે. એમાં ૪૭ શક્તિનું વર્ણન ભગવાન 'અમૃતચંદ્રાચાર્યે' કર્યું. એમાં એક ૧૨મી શક્તિ છે. જીવતર શક્તિ, ચિતિ, દર્શિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શિત્વ, સર્વજ્ઞત્વ, સ્વચ્છત્વ અને પ્રકાશત્વ. એવી એક ૧૨મી શક્તિ છે. અત્યારે એનું કામ (છે). બાકી તો શક્તિનું વર્ણન ઘણું આવી ગયું છે. ભગવાન આત્મામાં પ્રકાશ નામનો એક બારમો ગુણ છે. એ તો ક્રમસર ભગવાન 'અમૃતચંદ્રાચાર્યે' કહ્યું (એ હિસાબે), એમાં તો એકસાથે છે. તો પ્રકાશ ગુણનું એ કાર્ય છે કે આત્મામાં પ્રત્યક્ષ સ્વસંવેદન થવું, ભાવશ્રુતજ્ઞાન દ્વારા વિકલ્પ નામ રાગને પૃથક કરીને નિજ શુદ્ધ ભગવાન આત્માની સન્મુખ થઈને જ્ઞાનથી પ્રત્યક્ષ થઈ જવું, આત્મા જ્ઞાનમાં પ્રત્યક્ષ થઈ જવો,

શ્રુતજ્ઞાનમાં. પંડિતજી! જરી સૂક્ષ્મ વાત છે.

મુમુક્ષુ :- શ્રુતજ્ઞાનમાં..

ઉત્તર :- હા, શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ થાય છે. પરોક્ષ તો પરને જાણવાની અપેક્ષાથી પરોક્ષ છે. સમજાય છે કાંઈ? એ શ્રુતજ્ઞાન.. શ્રુતજ્ઞાન શાસ્ત્રની વાત નથી. શાસ્ત્રનું જ્ઞાન એ તો પરલક્ષી જ્ઞાન છે. એ જ્ઞાન નહિ.

ભગવાન આત્મા સચ્ચિદાનંદ શુદ્ધ ધ્રુવ સ્વરૂપ, જેમાં અનંત શક્તિનો પિંડ પડ્યો છે. અનંત શક્તિઓ છે. એમાં એક શક્તિ (એવી છે), ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વરે જોઈ છે અને છે કે એ પ્રકાશશક્તિનું કાર્ય, જે પ્રકાશશક્તિનો ધરનાર ભગવાન આત્માની અંતરમાં દૃષ્ટિ કરવાથી સમ્યગ્જ્ઞાનમાં રાગરહિત ભાવશ્રુતજ્ઞાન દ્વારા અનુભવમાં આનંદનું આવવું અને એ જ્ઞાનથી આત્મા રાગ વિના પ્રત્યક્ષ થવો એવું એ ગુણનું કાર્ય છે. આહાહા..! ભગવાન જાણે... સમ્યગ્દર્શન શું ચીજ છે એની તો કાંઈ કિંમત નહિ. આ બધું બહાર કરો, આમ કરો ને તેમ કરો. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમાં ધૂળમાંય ધર્મ નથી થતો. કોણ કહે છે ધર્મ છે? ભાષા આદિ તો જડની પર્યાય છે. ભાષાનો આત્મા કર્તા છે એ મૂઢ મિથ્યાદૃષ્ટિ માને છે. સમજાય છે કાંઈ? ગુલાબચંદજી! ભાષા ભાષા જડ છે, ધૂળ છે એ તો. સમજાય છે કાંઈ? 'કરે કર્મ સો હિ કરતારા, જો જાને સો જાનનહારા, જાને સો કર્તા નહીં હોઈ, કર્તા સો જાને નહીં કોઈ.' કોઈપણ આત્મા આ રજકણ આદિનું કામ મારું છે અને અંદરમાં શુભરાગ ઉત્પન્ન થાય છે, શુભરાગ એ મારું કર્તવ્ય છે અને મારું કાર્ય છે અને હું કરનારો છું એમ માનનારો સમ્યગ્દૃષ્ટિ નથી પણ મિથ્યાદૃષ્ટિ તેનો કર્તા થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ શ્લોક કહ્યો ને? એ 'અમૃતચંદ્રાચાર્ય'નો છે, એનું એ હિન્દી છે.

કરે કર્મ સો હી કરતારા, જો જાને સો જાનનહારા
કર્તા સો જાને નહીં કોઈ, જાને સો કર્તા નહીં હોઈ.

શું કહે છે? ભગવાન આત્મા પોતાના ચૈતન્ય જ્ઞાનસ્વરૂપને ભૂલી વાણી, દેહ અને શુભ-અશુભ પરિણામનો કર્તા થાય છે તે મિથ્યાદૃષ્ટિ 'કરે કર્મ સો હી કરતારા.' એ રાગાદિ મારું કાર્ય છે તે કર્તા છે, તે મિથ્યાદૃષ્ટિ છે. તેને આત્મા શું છે તેની ખબર નથી. 'જો જાને સો જાનનહારા.' હું તો જ્ઞાનસ્વરૂપ છું. વાણી આદિ થાય છે તે તો જડની ક્રિયા છે, એની સાથે મારે કોઈ સંબંધ નથી. અને રાગ ઉત્પન્ન થાય છે એ મારી ચીજમાં નથી. મારી ખાણમાં એ નથી. આનંદની ખાણ ભગવાન એમાં રાગ ક્યાંથી આવ્યો? વસ્તુમાં રાગ ક્યાંથી આવ્યો? જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવ પણ ભગવાન આત્મામાં ત્રણ કાળમાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિને એવો ભાવ આવે છે પણ કર્તા નથી

થતો. આહાહા..! હું તો જ્ઞાનસ્વરૂપ છું ને પ્રભુ! મારી સત્તામાં તો જ્ઞાન અને આનંદ પડ્યા છે ને. મારી ખાણમાં તો આનંદ અને શાંતિ પડ્યા છે ને. હું આત્મા સ્વભાવને જાણનારો રાગનો પણ કર્તા નથી. સમજાય છે કાંઈ? 'જો જાને સો જાનનહારા'. જાણે તે જ્ઞાન. હું કોની દયા પાળું? હું કોને મારું? કોને હું સમજાવું? એ મારો અધિકાર જ નથી. આહા..! પાટનીજી!

સમ્યગ્દષ્ટિને પોતાના આત્મામાં અકર્તાગુણ-રાગનો અને પરનો અકર્તાગુણ અંદર દેખાય છે. શું (કહ્યું)? ભગવાન આત્મામાં અનાદિઅનંત રાગ, પુણ્ય દયા દાનનો વિકલ્પ અને દેહની ક્રિયાનો કર્તા નથી એવો ભગવાન આત્મામાં અકર્તાગુણ અનાદિથી પડ્યો છે. સમજાય છે કાંઈ? એવા અકર્તાગુણનો ધરનાર ભગવાન આત્માની અંતર અનુભવમાં દૃષ્ટિ થઈ તો રાગાદિ પરનો અકર્તા થયો અને એમાં પ્રકાશ નામની શક્તિ પડી છે... કેમ નથી આવ્યા? સેઠી કેમ નથી આવ્યા? મોડા આવે તો પાછળ બેસે. સાંભળો! સમજાય છે કાંઈ? શું કહે છે?

ભગવાન આત્મા વસ્તુ જેને આત્મા (કહીએ), એ પહેલાં આવ્યું 'નિયમસાર'માં કે શુદ્ધ ધ્રુવ આત્મા તે જ વાસ્તવિક આત્મા છે. એની પર્યાય તે વાસ્તવિક આત્મા નહિ. આહાહા..! દયા, દાન, વ્રત પરિણામ એ તો આત્મા નહિ, નહિ ને નહિ. એ તો આસ્રવતત્ત્વ છે. શરીર, કર્મ ભગવાન આત્મામાં તો છે જ નહિ, એ તો અજીવતત્ત્વ છે. પણ ભગવાન આત્મા એની એક સમયની પ્રગટ વ્યક્ત પર્યાય છે તે પણ ખરો આત્મા નહિ, વાસ્તવિક આત્મા નહિ. આહાહા..! વાસ્તવિક ખરેખર ભગવાન આત્મા તો એક સમયની પર્યાય વિનાની ચીજ જે ધ્રુવ ખરેખર છે તેમાં અકર્તા નામનો અનાદિ ગુણ પડ્યો છે. તો જ્યારે દૃષ્ટિ આત્માની થઈ તો અકર્તાગુણનું કાર્ય-રાગનો અને પરનો કર્તા નહિ એવું અકર્તાનું પરિણમન થાય છે તેને સમ્યગ્દર્શન અને સમ્યગ્દષ્ટિ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? અને તેની સાથે સ્વસંવેદન પ્રત્યક્ષ પ્રકાશ નામનો ગુણ છે કે જે ત્રિકાળ આત્મામાં પડ્યો છે, એ ગુણનો ધરનારો ભગવાન આત્મા, તેની અંતર્મુખ દૃષ્ટિ અનુભવ કરીને થઈ તો પ્રકાશગુણનું કાર્ય પ્રત્યક્ષ-શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ થવું તે પ્રકાશગુણનું કાર્ય છે. આહા..! સાંભળ્યું નથી શું વસ્તુ છે અને કઈ રીતે પ્રાપ્ત થાય. સમજાય છે કાંઈ?

કહે છે, પહેલા ૧૧મી ગાથામાં એમ કહ્યું કે જ્યારે આત્માનો અનુભવ થયો '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' ૧૧નું બીજું પદ છે. ભગવાન શુદ્ધ ચૈતન્ય અનંત ગુણરૂપ એકરૂપ, અનંત ગુણરૂપ એકરૂપ. એવા ભૂતાર્થનો અનુભવ થયો, આશ્રય કરીને સમ્યગ્દર્શન થયું તો શ્રુતજ્ઞાનથી પ્રત્યક્ષ થયો અને સમ્યગ્દર્શન થયું તો એમાં જેટલા અનંત ગુણ છે, અનંત ગુણ છે તેટલા અંશ બધા પ્રગટ-વ્યક્ત અંશે બધા પ્રગટ થાય છે. અમરચંદભાઈ! આહાહા..!

અરે..! ભગવાન! એક આત્મામાં એટલા ગુણ છે... સમજાય છે કાંઈ? છ મહિના અને આઠ મહિનામાં ૬૦૮ સિદ્ધ થાય છે. સાંભળ્યું છે કે નહિ? છ મહિના ને આઠ સમયમાં ૬૦૮ સિદ્ધ થાય છે. એ અત્યાર સુધી જેટલા સિદ્ધ અનંત પુદ્ગલ પરાવર્તનમાં થયા, અનંત પુદ્ગલ પરાવર્તન થયા, એ સિદ્ધની સંખ્યા કરતાં નિગોદ-બટાટા.. બટાટા કહે છે ને? આલુ. એની રાઈ જેટલી કટકી છે એ એક કટકીમાં અસંખ્ય ઔદારિક શરીર છે. એમાં એક શરીરમાં અત્યાર સુધી જેટલા સિદ્ધ થયા તેના કરતાં અનંતગુણા આત્મા છે. સમજાય છે કાંઈ? એવા અનંત આત્માની સંખ્યા સિદ્ધ કરતાં સંસારી અનંતગુણા છે. એનાથી અનંતગુણા પરમાણુની સંખ્યા છે. પરમાણુ આ ટૂકડો એ અનંતગુણા છે. તેનાથી ત્રણ કાળના સમય જે છે તે અનંતગુણા છે. એનાથી આકાશના પ્રદેશ જે અમાપ.. અમાપ.. અમાપ.. ક્યાંય માપ નથી, હદ નથી, નથી એમ નથી એવા આકાશના પ્રદેશ ત્રણ કાળના સમય કરતાં અનંતગુણા છે અને એનાથી એક આત્મામાં અનંતગુણા ગુણ છે. સમજાય છે કાંઈ? એ અનંતામાં સામાન્ય પણ અનંત ગુણ છે. અસ્તિત્વ, વસ્તુત્વ એ સામાન્ય તો છ કહેવામાં આવે છે પણ છે અનંત. એક આત્મામાં સામાન્ય અનંત (ગુણ) કે જે બીજામાં પણ હોય અને અહીંયાં પણ હોય. અને વિશેષ પણ અનંત (છે), જે બીજામાં ન હોય અને એનામાં હોય એવા પણ અનંત. ... અનંત અનંત થયા. આહાહા..!

ભગવાન! તારી પાસે એટલી સંપત્તિ છે કે આકાશના પ્રદેશની સંખ્યા કરતાં અનંતગુણા ગુણ છે. આહાહા..! એ બધા ગુણનો પિંડ એક દ્રવ્ય છે. એવા દ્રવ્યનો જ્યાં અનુભવ થયો તો અનંત ગુણ જેટલા છે તે એક અંશે વ્યક્ત-પ્રગટ એક સમયમાં સાથે થાય છે. ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે, ભાઈ! એ જાણીને પૂછે છે. શું કહે છે? ચોથા ગુણસ્થાનમાં પહેલા અંશ રૂપ પ્રગટ થાય છે. પૂર્ણરૂપ તો કેવળજ્ઞાન થાય ત્યારે (પ્રગટ થાય). એ વાત તો કહી, ઈ જ ચાલે છે. ૧૧મી ગાથામાં ઈ કહ્યું.

હવે ૧૨મી ગાથામાં વ્યવહારનું જ્ઞાન કરાવવું છે. સમજાય છે કાંઈ? ૧૧મી ગાથામાં... આ તો મહાસિદ્ધાંત અલૌકિક ત્રણ કાળ ત્રણ લોકમાં ન ફરે એવો સિદ્ધાંત. ભગવાન આત્મા એક સમયમાં એટલા અનંત ગુણરૂપ એકરૂપ એનો સામાન્ય સ્વભાવ એ ખરેખર આત્મા. એની ઉપર અંતર્મુખ દૃષ્ટિ કરવાથી બહિર્મુખનો વિકલ્પ અને એક સમયની પર્યાયની રુચિ છોડી અંતર સ્વભાવનો દૃષ્ટિ અનુભવ કરતાં અનંત જેટલા ગુણ સંખ્યાએ છે તેનો એક અંશ પ્રગટ-વ્યક્ત તે સમયમાં સમ્યગ્દર્શનના કાળમાં થાય છે. એક અતીન્દ્રિય આનંદનો અંશ, પ્રત્યક્ષ અંશ, સ્વચ્છતાનો અંશ, પ્રભુતાનો અંશ, અકર્તાનો અંશ, અભોક્તાનો અંશ, જીવત્વશક્તિનો અંશ, કર્તાનો અંશ, કર્મનો અંશ. કર્મ એટલે જડ નહિ, કર્મ-કાર્ય નામનો આત્મામાં એક ગુણ છે. એનો અંશ, સંપ્રદાયનો અંશ, અધિકરણનો અંશ. સમજાય છે કાંઈ? ચિતિનો અંશ, દર્શિનો અંશ, સર્વજ્ઞનો અંશ, સર્વદર્શીનો અંશ એવી એવી ૪૭ શક્તિઓ

તો ભગવાન 'અમૃતચંદ્રાચાર્યે' વર્ણવી છે. આત્મપ્રસિદ્ધિ આવી ગઈ છે ને. એમાં છે. હજી તો બીજી ચાલશે. એનાથી પણ અધિક નવું છપાયું છે. રેકોર્ડિંગમાં ઉતર્યું છે, છપાશે. ૪૭ એ જ પણ બીજા અર્થથી ચાલી છે. હવે બહાર આવશે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા. પ્રકાશશક્તિનું નામ જ પ્રકાશ. એનું કાર્ય શું? આત્મામાં સ્વસંવેદન પ્રત્યક્ષ થવું તે તેનું કાર્ય. પ્રકાશ એટલે જ્ઞાનપ્રકાશની વાત નથી. જ્ઞાનપ્રકાશની વાત નથી. જ્ઞાનપ્રકાશ ભિન્ન શક્તિ છે અને સ્વસંવેદન પ્રકાશશક્તિ ભિન્ન શક્તિ છે. એ સ્વસંવેદન પ્રત્યક્ષ થવું તે પ્રકાશ નામના ગુણનું કાર્ય છે. એવો અહીંયાં અનુભવ થયો, સમ્યગ્દર્શન થયું તો અનંત ગુણમાંથી એક એક અંશ પ્રગટ (થયો). આનંદનો અંશ, સ્વચ્છતાનો અંશ, પ્રભુતાનો અંશ. પ્રત્યક્ષનો અંશ આવી ગયો. પણ હજી પૂર્ણનો અનુભવ નથી. સમજાય છે કાંઈ? જો પૂર્ણનો અનુભવ થઈ જાય તો એને નય રહેતી નથી. તો એને શુદ્ધનય જ્ઞાતવ્ય છે એમ કહ્યું. શુદ્ધનય જ્ઞાતવ્યનો અર્થ-આ ૧૨મી ગાથામાં કહ્યું ને? '**परमभावदरिसीहिं सुद्धो सुद्धादेसो णादव्वो**' એક જ શબ્દનો આટલો અર્થ છે. જ્યારે પૂર્ણ દશા થઈ ગઈ અતીન્દ્રિય સમાધિ પૂર્ણ અનંત ગુણની વ્યક્તતા પૂર્ણ પર્યાય થઈ ગઈ, તેને તો કોઈ વ્યવહારનય છે નહિ. એને તો આખો આત્મા જ પ્રત્યક્ષ અનુભવમાં આવ્યો તો એને કોઈ વ્યવહાર-ફ્યવહાર છે નહિ. શુદ્ધનય આત્માનો અનુભવ એ જ એને જાણવાલાયક છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કેવળજ્ઞાન અથવા સપ્તમ ગુણસ્થાન. બે ઠેકાણે. સમજાય છે કાંઈ? ઉત્કૃષ્ટ કેવળજ્ઞાન.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અત્યારે ઈ વાત નહિ, રાત્રે. અમારી ચર્ચા ચાલતી હોય ને. અંદર પ્રવાહ ચાલતો હોય એ રોકાઈ જાય. અમે કહીએ છીએ એમાં બધું આવી જાય છે. ધ્યાન રાખો તો કોઈ પ્રશ્ન રહે નહિ. ચોથા ગુણસ્થાનમાં આમ થાય છે. બે-બે વાર કહ્યું પહેલા.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પૂર્ણ ભલે હો. એનો પ્રશ્ન નથી. બધા ગુણની પૂર્ણ નથી. સમજ્યા?

અહીંયાં એક સમયમાં ભગવાન આત્મા શ્રદ્ધા, જ્ઞાનના અનુભવમાં પ્રત્યક્ષ આવ્યો તો પર્યાયમાં બધા ગુણના અંશ પ્રગટ વેદનમાં આવી ગયા. 'સર્વ ગુણાંશ તે સમકિત.' સમ્યગ્દર્શનની વ્યાખ્યા ઈ છે કે જેટલા ગુણ છે તેટલાના 'સર્વ ગુણાંશ તે સમકિત.' બધા ગુણોનું પ્રગટ એક અંશમાં આવવું. 'શ્રીમદ્'નું એ વાક્ય સિદ્ધાંતિક વાક્ય છે. સમજાય છે કાંઈ? ઈ 'શ્રીમદ્'નું વાક્ય છે. 'શ્રીમદ્ રાજચંદ્ર'નું. એ આપણે ત્યાં સ્વાધ્યાય મંદિરમાં આ બારણા ઉપર આ છે અને બીજા બારણા ઉપર ચારિત્ર છે. સર્વ ગુણાંશ તે સમકિત. સ્વાધ્યાય મંદિરમાં એક

બારણા ઉપર છે. રજીસ્ટર્ડ ટ્રેડ માર્ક હોય છે ને? એક બાજુ સ્વરૂપાચરણ-સ્વરૂપમાં ચરવું તે ચારિત્ર છે. બે બાજુ બે છે.

અહીંયાં કહે છે કે જ્યારે સમ્યક્ થયું તો અનંત ગુણના અંશ પ્રગટ થઈ ગયા. પણ પૂર્ણ નથી થયા. તો અહીંયાં કહે છે કે અપરમભાવમાં સ્થિત છે, પરમભાવમાં સ્થિત થઈ ગયા તેને તો એકલો આત્માનો અનુભવ રહી ગયો. એને પ્રમાણજ્ઞાન થઈ ગયું. પણ એક ન્યાયે ત્યાં શુદ્ધનયનો વિષય પૂર્ણ (થયો). ભાઈ! એમ કહ્યું. શુદ્ધનયનો વિષય પૂર્ણ થઈ ગયો. એમ બે (ઠેકાણે) આવે છે ને? 'જયસેનાચાર્ય'માં. હવે કહે છે કે અપરમભાવમાં છે ત્યાં શું કરવું? પૂર્ણ દશા પ્રગટ નથી થઈ. અનુભવ થઈ ગયો, સમ્યક્ થઈ ગયું, પૂર્ણ દશા નથી થઈ. તો એ ભૂમિકામાં જેટલી શુદ્ધિ છે-પર્યાય તે પણ વ્યવહારનયનો વિષય છે. સમજાય છે કાંઈ?

નિશ્ચયમાં તો મોક્ષમાર્ગની સાધના એ જ વ્યવહાર છે. દ્રવ્ય છે એ તો નિષ્ક્રિય તત્ત્વ અખંડ દૃષ્ટિનો વિષય છે. પણ જે નિશ્ચય મોક્ષમાર્ગ છે, સ્વરૂપનો અનુભવ, દૃષ્ટિ અને સ્થિરતા થયા એ નિશ્ચય મોક્ષમાર્ગ છે તે જ વ્યવહાર છે. કારણ કે ત્રિકાળની અપેક્ષાથી એ પર્યાય થઈ (અને) પર્યાય એ વ્યવહાર થયો. સમજાય છે કાંઈ? એણે સમજવું પડશે કે નહિ? આ બધા થોથાં અનંત કાળથી ગાળે છે. શાસ્ત્રના બહાને ભણી ભણીને ભણ્યો, .. ભણ્યા. પણ મૂળ (વસ્તુ રહી ગઈ).

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ ફરીને કહીએ છીએ ને. હજી એકવારમાં નહિ આવે. હજી બીજી પાંચ વાર ખૂબ દૃઢ થશે ત્યારે ... રહેશે. અહીં તો લઢણ થાય છે. જુઓ! 'પરમાર્થ વચનિકા' છે ને? ભાઈ! 'પરમાર્થ વચનિકા'. લ્યો, ઈ જ નીકળ્યું. જુઓ! અહીંયાં છે? 'પરમાર્થ વચનિકા' છે, 'મોક્ષમાર્ગ પ્રકાશક'. 'બનારસીદાસ'. જુઓ! શું કહે છે?

**'મોક્ષમાર્ગ સાધવો એ વ્યવહાર...'** છે. નિશ્ચય મોક્ષમાર્ગ, હોં! વિકલ્પ છે ઈ તો મોક્ષમાર્ગ છે જ નહિ, એને તો નિમિત્તથી કહ્યું છે. પણ ભગવાન આત્મા શુદ્ધ આનંદકંદની જે પ્રતીતિ, અનુભવ, સ્થિરતા શાંતિ આદિ પ્રગટ થયા તે નિશ્ચય મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર છે. **'અને શુદ્ધદ્રવ્ય અક્રિયારૂપ તે નિશ્ચય છે.'** 'પરમાર્થ વચનિકા' ચાલી ગઈ છે, એના ઘણાં વ્યાખ્યાન થઈ ગયા છે. અધ્યાત્મ સંદેશ નામનું પુસ્તક નીકળ્યું છે ને? અહીં તો પુસ્તક તો ચાર લાખ સાંઈઠ હજાર છપાયા છે અને ચાલીસ હજાર તો અત્યારે છપાય છે. હવે પ્રકાશિત થશે. અધ્યાત્મ સંદેશ નામના પુસ્તકમાં એના બધા ખુલાસા આવી ગયા છે. આ ચિઠ્ઠીના. અક્રિય દ્રવ્ય સ્વભાવ જે ધ્રુવ એકરૂપ છે એમાં પરિણમન નથી. ધ્રુવમાં પરિણમન નથી થતું. પર્યાયમાં પરિણમન થાય છે. તો ધ્રુવ છે તેને અપરિણામી કહ્યું છે. ભાઈ ગયા? વિમલચંદજી ગયા? ન્યાં કેમ બેઠા? પાછળથી કેમ આવ્યા? સેઠી નહિ, અમારા

વિમલચંદજી. અહીંયાં આવો, અહીંયાં. વાર કેમ લાગી? સમજાય છે કાંઈ? ફરીને કહીએ છીએ ને. એકદમ જવા નથી દેતા.

ભગવાન આત્મા એક સમયનો જે ધ્રુવ છે તે નિષ્ક્રિય છે. એમાં પરિણમન નથી. સમજાય છે કાંઈ? શું કહ્યું? 'બનારસીદાસ'ની ચિઠ્ઠી છે. એનું નામ 'પરમાર્થ વચનિકા' છે. કહે છે, '**મોક્ષમાર્ગ સાધવો...**' આ ગુજરાતી છે. '**મોક્ષમાર્ગ સાધવો એ વ્યવહાર...**' હિન્દીમાં છે. અહીં હિન્દી નથી. નહિ? '**શુદ્ધદ્રવ્ય અક્રિયારૂપ તે નિશ્ચય છે. એ પ્રમાણે નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ સમ્યગ્દષ્ટિ જાણે છે.**' સમ્યગ્દષ્ટિ જાણે છે. '**પણ મૂઢ જીવ જાણે નહિ અને માને પણ નહિ.**' જાણે નહિ અને માને પણ નહિ. બેય દોષ છે. જાણે નહિ અને શ્રદ્ધે નહિ. બે દોષ છે. સમજાય છે કાંઈ? 'પરમાર્થ વચનિકા' 'બનારસીદાસે' તો અંતર... આગળ લખ્યું છે, '**યથા સુમતિ પ્રમાણ કેવળજ્ઞાન અનુસાર મેં આ લખ્યું છે.**' સમજાય છે કાંઈ? વાંચવું છે ઈ? શબ્દ લ્યો ને, ભાઈ! શબ્દ લેવા સારા આપણે. આધાર જુઓ. આ ચિઠ્ઠી લખી છે. '**વચનાતીત, ઈન્દ્રિયાતીત, જ્ઞાનાતીત...**' જ્ઞાન એટલે વિકલ્પાતીત. '**તેથી આ વિચારો બહુ શા લખવા? જે જ્ઞાતા હશે તે થોડું લખેલું (પણ) બહુ સમજશે. જે અજ્ઞાની હશે તે આ ચિઠ્ઠી સાંભળશે ખરો, પરંતુ સમજશે નહિ. આ વચનિકા જેમ છે તેમ (-યથાયોગ્ય) સુમિતપ્રમાણ કેવળીવચનાનુસાર છે.**' અનુભવથી આવ્યું છે ને અંદરમાંથી. તો કહે છે, મોક્ષમાર્ગ જે નિશ્ચય છે, વ્યવહાર મોક્ષમાર્ગ તો મોક્ષમાર્ગ છે જ નહિ. એ તો એક રાગને, નિમિત્તને ઉપચાર કરીને કહ્યું છે. પણ ભગવાન આત્મા પોતાનો શુદ્ધ ધ્રુવ ચૈતન્ય એક સમયનો જે અક્રિય છે, અક્રિય સમજ્યા? એમાં ઉત્પાદ-વ્યયનું પરિણમન નથી. ઉત્પાદ-વ્યયનું પરિણમન તો એક સમયની પર્યાયમાં છે. એ અપરિણમન ધ્રુવ કૂટસ્થ છે. એનું નામ નિશ્ચય છે. અને પર્યાયનું સાધવું નિર્વિકલ્પ... ત્યાં પણ કહ્યું, સમ્યગ્દર્શન, જ્ઞાન, સ્વસંવેદન, શાંતિ, આનંદનો અનુભવ એ પર્યાય છે, એ પર્યાય ત્રિકાળ દ્રવ્યની અપેક્ષાથી અંશ છે, ભેદ છે તો એને વ્યવહાર કહ્યું. સમજાય છે કાંઈ? આહાહા..!

કહે છે, નિશ્ચય મોક્ષમાર્ગ જે નિર્વિકલ્પ આનંદનો અનુભવ છે તે વ્યવહાર છે. કેમ? કે કેવળજ્ઞાન છે તે પણ સદ્ભુત વ્યવહારનયનો વિષય છે. સમજાય છે કાંઈ? કેમકે ભગવાન આત્મા ત્રિકાળ એકરૂપ તે નિશ્ચય છે. એમાં કેવળજ્ઞાન થયું તે એક સમયની પર્યાય થઈ. પર્યાય-અંશ-દશા-અવસ્થા. ત્રિકાળની અપેક્ષાથી ભેદ થયો. ભેદ છે તે સદ્ભુત વ્યવહારનયનો વિષય છે. નિશ્ચયનો વિષય નથી. આહાહા..! ક્યાંથી ક્યાં (આવ્યું). મારે તો વ્યવહાર લઈ જવો હતો. પેલા વ્યવહાર વ્યવહાર કરે છે ને. વ્યવહાર ધર્મ, વ્યવહાર ધર્મ. શું વ્યવહાર ધર્મ, સાંભળ તો ખરો. અહીં તો શુદ્ધતા આનંદની સાથે, ત્રિકાળ સ્વરૂપની દૃષ્ટિ થઈ, શાંતિ થઈ, શુદ્ધતા થઈ તેને ખરેખર તો વ્યવહાર કહે છે. એ વ્યવહાર ધર્મ નિશ્ચય અપેક્ષાથી. અને પોતાનો નિશ્ચય ધર્મ જે થયો એ અપેક્ષાથી શુભરાગ જે આવે છે તેને વ્યવહારધર્મ

કહે છે. પણ વ્યવહાર એટલે ધર્મ છે નહિ એને ધર્મ કહેવો તેનું નામ વ્યવહાર છે. આહાહા..! સમજાય છે કાંઈ? ફૂલચંદભાઈ! ઝીણું તો પડે. એણે કોઈ દિ' અંદર તત્ત્વને જોયું નથી.

કહે છે, ભગવાન! સાંભળ તો ખરો પ્રભુ! તારી મહાન ચીજ પડી છે ને પ્રભુ! અનંત ગુણની ખાણનો અનુભવ થયો, સમ્યગ્દર્શન થયો પણ પૂર્ણ અનુભવ પર્યાયમાં આવ્યો નહિ. ત્યાં સુધી એના પુરુષાર્થની ઓછપ છે તો અશુદ્ધતા પણ છે અને શુદ્ધતાનો અંશ પણ પ્રગટ થયો છે. તો શુદ્ધતાનો અંશ પ્રગટ થયો તે ત્રિકાળ દ્રવ્યની અપેક્ષાથી તેને વ્યવહાર કહ્યો અને એ શુદ્ધતાના અંશને નિશ્ચય કહે તો રાગને વ્યવહાર કહ્યો. પણ એ વ્યવહાર નામમાત્ર છે, ધર્મ-બર્મ છે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

ઈ અહીંયાં કહે છે, '**જાણેલો તે કાળે પ્રયોજનવાન છે.**' અહીં સુધી આવ્યું છે, કાલે ત્યાં સુધી આવ્યું છે. જાણેલો. જુઓ! નીચે છેલ્લી લીટી છે. છે ને એમાં? '**વિચિત્ર (અનેક) વર્ણમાળા સમાન હોવાથી, જાણેલો તે કાળે પ્રયોજનવાન છે.**' આ મોટો સિદ્ધાંત છે. ભગવાન આત્મા નિજ શુદ્ધ સ્વરૂપનો અનુભવ, સમ્યગ્દર્શન થયા અને સમ્યગ્જ્ઞાન થયું અને ચારિત્ર પણ થયું. પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને. પણ ત્યાં આગળ અનેક પ્રકારની શુદ્ધિના અંશ પણ વધે છે અને અશુદ્ધતાનો રાગ પણ છે. તે તે વખતે વ્યવહારનય જાણેલો તે તે કાળે જાણવો. બસ, એટલી વાત છે. છે એટલું જાણવું. આદરવા લાયક નથી. વ્યવહારનયનો વિષય હેય છે. આહાહા..! નિશ્ચયનો વિષય જ્ઞેય કરીને ઉપાદેય છે, વ્યવહારનો વિષય હેય કરીને જાણવાલાયક છે. આહાહા..! આ ગડબડ આ ગાથામાંથી પહેલેથી અમારી સામે આવે છે. સ્થાનકવાસી પણ એમાં પડ્યા છે. દેરાવાસીમાં પણ એમાં પડ્યા છે અને આ લોકો પણ એમાં પડ્યા છે. એ.. ૧૨મી ગાથામાં આમ કહ્યું છે. '**ववहारदेसिदा**'. અરે..! સાંભળ તો ખરો, પ્રભુ! આ વીતરાગમાર્ગ છે, બાપા! તને ખબર નથી. વીતરાગસ્વરૂપ પરમાત્મા પૂર્ણાનંદનો નાથ.. સમજાય છે કાંઈ?

'જ્યાં ચૈતન્ય ત્યાં અનંત ગુણ' 'યોગીન્દ્રદેવ' કહે છે.

જ્યાં ચૈતન્ય અનંત ગુણ, કેવળી બોલે એમ.
પ્રગટ અનુભવ આપનો, નિર્મળ કરો સપ્રેમ રે... ચૈતન્યપ્રભુ.
ચેતનપ્રભુ ચૈતન્યતા રે તારા ધામમાં..

તારા અંતરના ધામમાં પ્રભુ મહાવૈકૂંઠ બિરાજે છે. આહાહા..! પરમાત્મા અનંતા પરમાત્મા બિરાજે છે, પ્રભુ! તને ખબર નથી. એવું દ્રવ્ય સ્વરૂપ એ છે. 'જ્યાં ચેતન ત્યાં અનંત ગુણ' ઈ કહ્યું નહિ હમણાં? 'કેવળી બોલે એમ' કેવળજ્ઞાનીની વાણીમાં આવ્યું છે, ભાઈ! સર્વજ્ઞથી સિદ્ધ થયું છે. એ કંઈ કલ્પનાથી અનુમાન કરીને કહ્યું છે એમ નથી. 'જ્યાં ચેતન ત્યાં અનંત ગુણ, કેવળી બોલે એમ, પ્રગટ અનુભવ આપનો' તું જરી અનુભવ કર તો તને પ્રગટ ખ્યાલમાં આવશે. 'નિર્મળ કરો સપ્રેમ રે ચેતનપ્રભુ' 'ચેતનતા રે તારા ચૈતન્યધામમાં'

ભગવાન! તારા ધામમાં તો પરમાત્મા બિરાજે છે ને. એનલાર્જ કરવો એ તારે પર્યાયમાં કરવું છે. સમજાય છે કાંઈ?

આવા આત્માનું ભાન થઈને સમ્યગ્દર્શન, જ્ઞાન, સ્વરૂપમાં ચારિત્ર એ ચારિત્ર, હોં! પંચ મહાવ્રતના વિકલ્પ એ કંઈ ચારિત્ર-ફારિત્ર નથી. એ રાગ છે. અઠ્યાવીસ મૂળગુણ રાગ છે. અચારિત્રને વ્યવહારનય-નથી તેને ચારિત્ર કહે છે. અન્યથા કહેવું એનું લખણ છે. વ્યવહારનયનું લખણ એવું છે. લખણ સમજાય છે? લક્ષણ. સમજાય છે કાંઈ? કહે છે, એ જાણવામાં આવતો. પર્યાયમાં શુદ્ધતા અને અશુદ્ધતા આદિ અનેક પ્રકાર છે. '**વિચિત્ર વર્ણમાળા સમાન હોવાથી, જાણેલો તે કાળે પ્રયોજનવાન છે.**' સોળ વલું સોનું થયું તેને તેર, ચૌદ વલાની જરૂર નથી. એટલે કે છે જ નહિ, તેર, ચૌદ વલુ છે જ નહિ. એવા આત્માનો અનુભવ કરીને પૂર્ણ કેવળજ્ઞાન થયું તેને નીચલી દશા, મધ્યમ દશા છે જ નહિ. ઉત્કૃષ્ટ દશાનો અનુભવ છે. તો એને વ્યવહારનય નથી. પણ જેને ઉત્કૃષ્ટ અનુભવ નથી, અનુભવ દૃષ્ટિનો થઈ ગયો છે, પર્યાયમાં ઓછપ છે. તો એ પર્યાયમાં શુદ્ધતા આદિ છે, નિર્મળ નિશ્ચય મોક્ષમાર્ગ, હોં! નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, નિર્વિકલ્પ જ્ઞાન-સ્વસંવેદન, નિર્વિકલ્પ વીતરાગતા તેને અહીંયાં વ્યવહાર કહે છે. આહાહા..! અને રાગાદિને જાણવા તે પણ વ્યવહાર છે. એ રાગ, શુભરાગ થાય છે ને? શુભરાગ ચોથે, પાંચમે, છઠ્ઠે શુભરાગ થાય છે. સમજાય છે કાંઈ? જ્યાં સુધી શુદ્ધઉપયોગની રમણતા ન થાય ત્યાં સુધી દૃષ્ટિ આત્મા ઉપર હોવા છતાં શુભરાગ ભક્તિનો, દયા, દાનનો, વ્રતનો આવે છે પણ એ ધર્મ નથી. તેને વ્યવહારનય જાણે છે કે છે. છે, બસ એટલું. પણ ઈ છે તો નિશ્ચય છે એમ નહિ. સમજાય છે કાંઈ? અને એ છે તો આત્માને ધર્મસ્વરૂપ શુદ્ધતા શુભરાગથી થઈ એમ પણ નથી. જ્યાં સુધી પૂર્ણ શુદ્ધતા ન થાય ત્યાં સુધી પર્યાયમાં એ જાણેલો તે કાળે.. કાળ શબ્દ નાખ્યો છે (કારણ કે) '**તદાત્વે**' શબ્દ પડ્યો છે. તે ભાવ. સમયે સમયે જ્ઞાનની એવી દશા રહી જાય છે કે જેટલી અશુદ્ધતા રહે અને શુદ્ધતા પ્રગટ થાય તે તે સમયે જાણતું જ્ઞાન પ્રગટ થાય જ છે. બીજા સમયે બીજું. શુદ્ધિની વૃદ્ધિ થોડી થઈ, અશુદ્ધતા ઘટી તો બીજે સમયે જ્ઞાન જ તેને જાણતું, પોતાને જાણતું અને એને જાણતું વર્તમાન સ્વપરપ્રકાશક પ્રગટ થાય છે. જાણતું (પ્રગટ થાય) છે, આદરતું નહિ. સમજાય છે કાંઈ? ગોદીકાજી! પાંચ પાંચ લાખ ખર્ચે તો ધર્મ નથી થતો એમ કહે છે. લાખ, ક્રોડ આપી દે નહિ. ક્રોડ કે દિ' તારી ચીજ હતી? એ તો જડની હતી. જડને લેવા-દેવાનો સ્વામી થાય તે મૂઢ જીવ છે. સમજાય છે કાંઈ? પરજીવનો સ્વામી છે કે તેં પરચીજને આપી કે રાખી? કષાય મંદનો ભાવ આવ્યો તો પુણ્ય છે, પુણ્ય છે, ધર્મ નહિ. નિર્જરા નહિ, સંવર નહિ.

મુમુક્ષુ :- પરંપરાએ.

ઉત્તર :- ધૂળમાંય પરંપરા નથી. એ તો વકીલ છે ને તો વકીલાતથી સ્પષ્ટ કરાવે

છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- પરંપરાનો અર્થ શું?

ઉત્તર :- પરંપરાનો અર્થ કે અત્યારે નહિ થાય તેનો અભાવ કરીને થશે એનું નામ પરંપરા. એમ છે, ભાઈ! સમજાય છે કાંઈ?

હવે આપણે આ શબ્દ આવ્યો. '**કારણ કે તીર્થ અને તીર્થના ફળની એવી જ વ્યવસ્થિતિ છે.**' ઈ શબ્દ પડ્યો છે ને? અહીં વ્યવહારને સિદ્ધ કરવો છે, હોં! પર્યાયને. કારણ કે .. અધૂરી પર્યાયરૂપ વ્યવહાર છે–શુદ્ધતા. પૂર્ણ પર્યાય પણ વ્યવહાર છે. સાંભળો! તીર્થ અથવા મોક્ષનો માર્ગ આદિ કે ગુણસ્થાનભેદ જે પર્યાય છે તેને તીર્થ કહે છે. અને એનું ફળ કેવળજ્ઞાન તે પણ વ્યવહાર થયો. અહીંયાં સ્વરૂપનું સાધન કરીને શુદ્ધતા પ્રગટ થઈ તે ત્રિકાળની અપેક્ષાથી વ્યવહાર છે. અને તેનું ફળ કેવળજ્ઞાન થયું તે પણ એક અંશ પ્રગટ થયો, એ પણ વ્યવહાર છે. પર્યાયને વ્યવહાર કહે છે. અહીંયાં તો ૧૧મી ગાથા સાથે સંબંધ છે ને. ભાઈ! '**भूदत्थ खलु सुद्धणओ**' ભૂતાર્થ અને પર્યાય અભૂતાર્થ છે. એ પર્યાય અભૂતાર્થને અહીંયાં પર્યાય નિર્મળ થઈ ભગવાન આત્માના આશ્રયે અને શુભરાગ રહ્યો તેને વ્યવહાર કહ્યો. અને તેને તીર્થ કહ્યું. ભેદ છે ને? ઈ આદરણીય નથી. પણ તીર્થ નામ ચોથું, પાંચમું, છઠ્ઠું ગુણસ્થાન ભેદરૂપ છે તેને તીર્થ કહ્યું અને તેના ફળરૂપ પૂર્ણ થયો તેને મોક્ષ કહ્યું. ખરેખર તો પર્યાય દ્રવ્યનું કાર્ય છે. કેવળજ્ઞાન દ્રવ્યનું કાર્ય છે. પણ અહીંયાં નિશ્ચય મોક્ષમાર્ગ થયો, વ્યવહાર વિકલ્પ છે તેનું કાર્ય થયું એમ કહેવું તે વ્યવહારથી છે. વ્યવહાર સાધન મોક્ષમાર્ગ .. અને તેનું ફળ નિશ્ચય એ પણ વ્યવહાર. કેમકે એક સમયની પર્યાય છે. સમજાય છે કાંઈ? તો તીર્થ અને તીર્થનું ફળ, તીર્થથી એ પ્રાપ્ત થયું એમ કહેવું પણ વ્યવહાર છે.

ત્રણ વાત છે. ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ પ્રભુ, જેની ખાણમાં અનંતા સિદ્ધ પરમાત્મા પડ્યા છે. તે જ ખરેખર તો પદાર્થ જ સમ્યગ્દર્શન, ચારિત્રનું કારણ છે. તેનાથી પ્રગટ થાય છે. તો પ્રગટ થયો તે વ્યવહાર થયો. અંશ છે ને? રાગ એ વ્યવહાર છે. તેનાથી કેવળજ્ઞાન થયું એમ કહેવું પણ વ્યવહાર છે. કારણ કે કેવળજ્ઞાન પૂર્ણ દશા નિશ્ચય મોક્ષમાર્ગનો વ્યય થઈને ઉત્પાદ થાય છે. અભાવ થઈને ઉત્પન્ન થાય છે તો અભાવમાંથી ભાવ નથી આવતો. અભાવમાંથી ભાવ નથી આવતો. ભાવમાંથી ભાવ આવે છે. ત્રિકાળ જ્ઞાયકભાવમાંથી એ ભાવ આવે છે. તો ખરેખર કારણ તો પદાર્થ છે. પણ નિશ્ચય શુદ્ધતા વીતરાગી દશા એ મોક્ષનું કારણ છે અને કારણથી કાર્ય થાય છે એ બધો વ્યવહાર છે. એક તો શુદ્ધતા પ્રગટ થઈ તે વ્યવહાર. પર્યાય છે માટે. પૂર્ણ થયો તે પર્યાય. કેવળજ્ઞાન અંશ છે માટે. પ્રગટ થયો તે પણ વ્યવહાર. આહાહા..! સદ્‌ભુત શુદ્ધ પર્યાય પ્રગટ થઈ અને રાગ પણ સાથે હોય તે અશુદ્ધ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ત્રણે વ્યવહાર. શું કહ્યું? ભગવાન! સાંભળો!

અહીંયાં આસ્રવતત્ત્વમાં અધિકાર લીધો છે ને? તો 'અમૃતચંદ્રાચાર્યદેવ' એમ કહીને બોલાવે છે, ભગવાન આત્મા. એમ કહે છે, હોં! ભગવાન આત્મા! પુણ્ય-પાપના પરિણામ છે ને પ્રભુ! એ તો અશુચિ છે ને. મેલ છે ને. જડ છે ને. અચેતન છે ને. ચૈતન્યનું નુર શુભાશુભ પરિણામમાં નથી. ભગવાન આત્મા મેલ રહિત નિર્મળ છે ને. એમ ભગવાન આત્મા કહીને બોલાવ્યા છે, હોં! શુભાશુભ પરિણામ, ભગવાન! એ અચેતન છે. તું તો ચેતન છો. ભગવાન તો ચેતન છે. શુભાશુભ પરિણામ દુઃખરૂપ છે અને તું તો આનંદરૂપ છે. ભગવાન! ત્રણ વખત ભગવાન ભગવાન કહીને બોલાવ્યા છે. આહાહા..! ગોદીકાજી!

દાનને નામે.. કેટલાક જાણે દાન કરે ને એટલે આપણો મોક્ષ થઈ જશે. માણસ કહે છે, માણસ કહે છે ને. માને છે. આવ્યા હતા ને? કીધું નહિ? મુન્નાલાલજી નહોતા? ઈન્દોરના. પંડિત નહોતા? મુન્નાલાલજી. (સંવત) ૨૦૦૬ની સાલમાં અહીંયાં આવ્યા હતા ને. રાજકોટ. નહિતર તો અમારે નથુલાલજી આવે છે. પણ એના ઘરમાં બે જીવ હતા એટલે આવી ન શકે. તો મુન્નાલાલ આવ્યા. અઢી લાખનું મંદિર બન્યું છે ને. (સંવત) ૨૦૦૬ની સાલ. ઘણું માણસ આવ્યું હતું. માથે સોનાના કળશ ચડાવ્યા છે. નાનાલાલભાઈ અમારે કરોડપતિ શેઠ હતા. સવા લાખ એણે આપ્યા હતા. ઓહો..! શેઠ! આઠ ભવે મોક્ષ થશે. ત્યારે એ શેઠ કહે છે, નાનાલાલભાઈ બહુ હોશિયાર ગંભીર હતા. અમે એમ માનતા નથી. મહારાજ એમ કહેતા નથી ને અમે એમ માનતા નથી. અમે તો અહીં કષાયની મંદતા જેટલો ભાવ પુણ્ય થયો તેટલું અમને પુણ્ય છે. પાપથી બચવા માટે. એનાથી ભવકટી થાય એ અમે માનતા નથી. નંદલાલજી! શેઠે કહ્યું. નાનાલાલભાઈ, બેચરભાઈ ત્રણ ભાઈ છે. ૮૪ વર્ષની ઉંમર છે. અહીં .. ગયા હતા. અહીંયાં મકાન છે ને. પાંચ-દસ હજાર માણસ. રાજકોટમાં પહેલુંવહેલું દિગંબર (મંદિર થયું). કાઠિયાવાડમાં મોટું શહેર છે ને. મોટા શહેરમાં મંદિર અને આસપાસ મોટો ચોક છે. દિગંબર.. દિગંબર.. ઓહોહો..! સોનાના (કળશ). આઠ ભવે મોક્ષ થઈ જશે. અમે એમ માનતા નથી. જેટલો અમારો રાગ મંદ થયો તેટલું પુણ્ય માનીએ છીએ. સમજાય છે કાંઈ? એમ છે નહિ. લાખ, ક્રોડ એ તો જડની અવસ્થા. એમાં રાગની મંદતા હોય તો પુણ્ય છે. પરલક્ષી પુણ્ય છે. પવિત્રતા એનાથી થાય છે એમ છે નહિ. અહીં તો દાંડી પીટીને કહીએ છીએ. છતાં ક્રોડો રૂપિયા લોકો ખર્ચે છે. સમજાય છે કાંઈ? અહીં કાંઈ ગુપ્ત નથી રાખતા કે તમે પૈસા ખર્ચો માટે ધર્મ થશે. ધર્મ નહિ. તો તો ગરીબને રોવું પડે. કારણ કે ગરીબ માણસને પૈસા ન મળે તો એને ધર્મ ન થાય. એમ છે નહિ.

ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એને રાગથી રહિત દૃષ્ટિ અનુભવ કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરે તો ધર્મ છે, નહિ તો ધર્મ છે નહિ. અને એ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રની

પર્યાય પણ એક સમયનો અંશ છે. તો એને અહીંયાં તીર્થ કહ્યું છે. એનું ફળ કેવળજ્ઞાન તીર્થનું ફળ કહ્યું છે. તેનું ફળ કહ્યું એ પણ વ્યવહાર છે. ખરેખર તો કેવળજ્ઞાન આદિ દ્રવ્યમાંથી આવે છે. કારણ કે પૂર્વની પર્યાયના વ્યયમાંથી કેવળજ્ઞાનનો ઉત્પાદ નથી થતો. પેલાનો તો અભાવ થયો. ઉત્પાદ તો ત્રિકાળ દ્રવ્યમાંથી આવે છે. સમજાય છે કાંઈ? જે તીર્થ છે એવો વ્યવહારધર્મ. સમજાય છે કાંઈ? કૌંસમાં. 'તીર્થ અને તીર્થના ફળની એવી જ વ્યવસ્થિતિ છે.' વ્યવસ્થિતિ છે. '(જેનાથી તરાય તે તીર્થ છે,...)' વ્યવહાર શુદ્ધ પર્યાય છે ને. શુદ્ધ પર્યાય તે તીર્થ છે. '(એવો વ્યવહારધર્મ છે).' ત્રિકાળની અપેક્ષાથી તે શુદ્ધતાનો અંશ વ્યવહાર થયો. રાગને અસદ્ભુત વ્યવહાર કહ્યો. શુભરાગ છે ખરો. શુભરાગ લેશે. '(પાર થવું તે વ્યવહારધર્મનું ફળ છે)...' શુદ્ધતાના અંશથી પૂર્ણ દશા પ્રગટ થવી તે તીર્થનું ફળ છે. '(અથવા પોતાના સ્વરૂપને પામવું...)' પૂર્ણ સ્વરૂપને. '(તે તીર્થફળ છે).' કેવળજ્ઞાન, કેવળદર્શન, પૂર્ણ આનંદ પરમાત્મદશા પ્રાપ્ત થવી તે જ મોક્ષમાર્ગ રૂપી તીર્થનું ફળ છે. ત્યાં વ્યવહાર જાણવા લાયક છે એવું આવ્યા વિના રહેતું નથી. સમજાય છે કાંઈ? હવે આ શ્લોક પણ એવો આવ્યો છે. છે ને?

**जइ जिणमयं पवज्जह ता मा ववहारणिच्छए मुयह।**
**एक्केण विणा छिज्जइ तित्थं अण्णेण उण तच्चं।।**

અંદર શ્લોક છે. સમજાય છે કાંઈ? અર્થ :- '**આચાર્ય કહે છે...**' શ્લોકનો શબ્દાર્થ છે. શ્લોક જૂનામાંથી ચાલ્યો આવે છે. આ હિન્દી છે. '**આચાર્ય કહે છે કે હે ભવ્ય જીવો! જો તમે જિનમતને પ્રવર્તાવવા ચાહતા હો...**' વીતરાગ પરમેશ્વરે કહેલો માર્ગ, એને પ્રવર્તાવવા, ચલાવવા, અનુભવ કરવાનું ઈચ્છતા હો તો '**વ્યવહાર અને નિશ્ચય-એ બન્ને નયોને ન છોડો;...**' સાંભળો!

મુમુક્ષુ :- આવ્યું.

ઉત્તર :- શું આવ્યું? સાંભળો તો ખરા, હજી અર્થ તો સાંભળો. સમજાય છે કાંઈ? '...' એવું 'બનારસીદાસ'માં આવે છે. જુઓ તો ખરા. વ્યવહાર કોને કહ્યો એ અર્થ તો થઈ ગયો. ક્યાં ગયા મણિભાઈ? ભાઈ હળવે હળવે આપતા જાય છે. બહુ સારું કર્યું. સમજાય છે કાંઈ? ભાઈ! આ તો ભગવાનનો માર્ગ છે, બાપુ! ત્યાં કોઈની સફારશ કામ આવે નહિ. સફારશને શું કહે છે? સફારશ કહે છે? સફારશ કામ ન આવે. 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ' એમાં કોઈ બીજું આડું નાખીને ઘાલમેલ કરે એમ ચાલે નહિ. ગણધર માને છે, ઈન્દ્રો માને છે, તીર્થંકર કહે છે. સમજાય છે કાંઈ? અને એવી વસ્તુની યુક્તિ લોજીકથી તો કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા... કહે છે જો તું જૈનમતને પ્રવર્તાવવા ઈચ્છતો હો તો વ્યવહાર-નિશ્ચય બેયને ન છોડો. બરાબર જાણો. એનો અર્થ આવશે. '**કારણ કે વ્યવહારનય વિના**

**તો તીર્થ-વ્યવહારમાર્ગનો નાશ થઈ જશે...**' ગુણભેદ, ગુણસ્થાનભેદ, ચોથું, પાંચમું, છઠ્ઠું એ બધો વ્યવહાર છે. એ વ્યવહારને ન માનો તો ગુણસ્થાનભેદ નહિ રહે. એનાથી લાભ થશે એ વાત અહીંયાં નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- લાભ જાણવા માટે કહ્યું છે. લાભ શું? પ્રમાણજ્ઞાન કરવામાં લાભ થયો. નિશ્ચયનું જ્ઞાન હતું એની સાથે વ્યવહાર થયો, પ્રમાણજ્ઞાનનો લાભ થયો. એનાથી આત્માને લાભ થાય છે એ વાત નથી. વ્યવહારનયના વિષયને જાણીને હેય માનવો. નિશ્ચયને જાણીને ઉપાદેય માનવો. આ તો મહા જૈનદર્શનનો મૂળ સિદ્ધાંત છે. 'ટોડરમલે' ઘણું કહ્યું છે. તમારે બપોરે ચાલે છે ને. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- બેય ઉપાદેય.

ઉત્તર :- બેય ઉપાદેય હોય નહિ. બે માર્ગ નથી. નિશ્ચય પણ ઉપાદેય અને વ્યવહાર પણ ઉપાદેય. તો બે થયા કેમ? બે થયા કેમ? એકની દિશા વ્યવહારની પર ઉપર છે, નિશ્ચયની સ્વ ઉપર છે. ત્યારે તો વ્યવહાર કહ્યું. પર ઉપર લક્ષ છે તો વ્યવહાર, સ્વરૂપનો આશ્રય છે તે નિશ્ચય. સ્વના આશ્રયમાં સંવર, નિર્જરા. પરના આશ્રયમાં આસ્રવ ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? તે આસ્રવ. તેનું ફળ બંધ. અહીં સ્વના આશ્રયે ઉત્પન્ન થયા સંવર, નિર્જરા. તેનું ફળ મોક્ષ. બેયની દિશામાં ફેર, બેયના ભાવમાં ફેર. બેયના ફળમાં ફેર. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- શબ્દાર્થ બરાબર થાય છે. અમારા દલાલ છે, ભાઈ! અમારે દલાલ છે. એમ કહે છે કે, શબ્દાર્થમાં તો એમ છે ને કે બે નયને છોડવી નહિ. એમ કહે છે. શબ્દાર્થ બરાબર થવો જોઈએ. જુઓ!

'**વ્યવહારનય વિના...**' વર્તમાન પર્યાયમાં ગુણભેદની પર્યાય નથી, ચોથું, પાંચમું, છઠ્ઠું ભેદ નથી એમ માનવાથી તો તીર્થનો નાશ થઈ જશે. વ્યવહાર હોય જ નહિ તો તીર્થનો નાશ થઈ જશે. આદરણીય છે એમ નહિ. સમજાય છે કાંઈ? એને તીર્થ કહે છે. આમ તો વ્યવહારતીર્થ એને કહે છે કે આ શ્રદ્ધા કરવા લાયક છે, આ શ્રદ્ધા છે, એવા વિકલ્પ ઊઠે તેને વ્યવહાર કહે છે, વ્યવહાર. અસદ્‌ભુત વ્યવહાર. અને ૧૩મી ગાથામાં આવશે ને? તીર્થને માટે નવ પદાર્થ કહેવામાં આવ્યા. પ્રથમ અવસ્થામાં-પહેલી અવસ્થામાં સવિકલ્પ અવસ્થામાં નવ તત્ત્વના ભેદની શ્રદ્ધા કરાવી છે. ભેદની વ્યવહારથી. એમાંથી કાઢીને એકલા આત્માની શ્રદ્ધા કરવી તેનું નામ નિશ્ચય સમકિત છે. સમજાય છે કાંઈ? એ સંસ્કૃતમાં છે. પંડિતજી! સંસ્કૃતમાં છે. તેરમી ગાથા છે ને? '**भूदत्थेणाभिगदा जीवाजीवा य पुण्णपावं च**' સંસ્કૃત છે ને? ભાઈ! તેરમી ગાથા હવે આવશે ને આપણે. આ બારમી છે. જુઓ! એમાંય

છે, પણ આ તો મારે 'જયસેનાચાર્યદેવ'ની ટીકા મારે બતાવવી છે. 'જયસેનાચાર્ય'માં છે ને? ઈ. આમાં તો આવશે જ. અહીં તો 'અમૃતચંદ્રાચાર્ય'માં આવશે. **'नव पदार्थाः तीर्थवर्त्तनानिमित्तं प्राथमिकशिष्यापेक्षया भूतार्था भण्यते तथाप्यभेदरत्नत्रयलक्षण–निर्विकल्पसमाधिकाले अभूतार्था असत्यार्था शुद्धात्मस्वरूपं न भवंति।'** નવ તત્ત્વના ભેદ શુદ્ધાત્માનું સ્વરૂપ નહિ. વ્યવહારના ભેદ ખરેખર શુદ્ધાત્માનું અભેદનું સ્વરૂપ જ નહિ. સમજાય છે કાંઈ? વ્યવહારનય ન માનો તો પર્યાય ન રહી.

૧૧મી ગાથામાં કહ્યું કે **'ववहारोऽभूदत्थो'** વ્યવહાર અભૂતાર્થ કેમ કહ્યું? એ તો નિશ્ચયનો આશ્રય કરાવવા કહ્યું. ત્રિકાળ વસ્તુ આશ્રય કરવાલાયક છે તો એ જ સત્ય છે એમ કહેવામાં આવ્યું. તો કહ્યું કે વ્યવહાર અભૂતાર્થ છે. પર્યાય જ નથી એમ કહી દીધું. ૧૧મી ગાથામાં તો પર્યાયમાં જ નથી, અસત્ય છે એમ કહી દીધું. અસત્ય–નથી એનો અર્થ ત્રિકાળ જ્ઞાયકની અપેક્ષાથી આશ્રય કરવા લાયક નથી માટે અસત્ય છે. પર્યાય નથી એમ નહિ. અહીંયાં પર્યાય છે તેને વ્યવહાર કહ્યું છે. સમજાય છે કાંઈ? આહાહા..! આ તો ગાથા પણ તાકડે (આવી છે). તાકડેને શું કહે છે? અમારી ગુજરાતી ભાષા છે. અવસરે. અમારી કાઠિયાવાડી થોડી થોડી આવી જાય ને. તાકડે એટલે અવસરે.

કહે છે, વ્યવહારનય વિના, ભગવાન! ભેદ નહિ રહે. પર્યાયનો ભેદ નહિ રહે, શુભભાવ પણ નહિ રહે. બધાને જાણવું તે વ્યવહાર છે. વ્યવહારને છોડી દો, છોડી દો એનો અર્થ જ્ઞાનમાં ન લો અને ન માનો તો ખલાસ થઈ ગયું. ભેદ જ નથી રહેતો. ચોથું, પાંચમું, છઠ્ઠું ગુણસ્થાન નથી રહેતું. શુભભાવ છે એ પણ નથી રહેતો. એટલું જાણવાલાયક છે એને છોડી દો શ્રદ્ધામાંથી કે નથી (તો કાંઈ નહિ રહે). વ્યવહારની વ્યવહાર તરીકે શ્રદ્ધા કરવી. ભાઈ! આવ્યું હતું ને? વ્યવહારની વ્યવહાર તરીકે શ્રદ્ધા કરવી કે વ્યવહાર છે. એવું શ્રદ્ધાન કરવું. એ આદરણીય છે એમ નથી. આહાહા..! વ્યવહાર છે, ના પાડે તો પર્યાયનો નાશ થઈ જશે. પર્યાય ન રહે તો રહ્યું શું? આહાહા..! મોક્ષમાર્ગની પર્યાય છે તે વ્યવહાર છે, મોક્ષ પણ પર્યાય છે, ગુણ નહિ. સંસાર પણ પર્યાય છે–વિકારી, મોક્ષમાર્ગની પર્યાય છે–નિર્વિકારી અને સાથે થોડો રાગ છે. અને મોક્ષ છે તે નિર્વિકારી પર્યાય છે. ગુણ–દ્રવ્ય નહિ, ગુણ–દ્રવ્ય તો ત્રિકાળી રહે છે. ભગવાન આત્મા દ્રવ્ય–ગુણ ત્રિકાળ છે. એની ત્રણ પ્રકારની પર્યાય. એક સંસારી પર્યાય, એક મોક્ષમાર્ગની પર્યાય, એક મોક્ષની પર્યાય. ત્રણે પર્યાયને ત્રિકાળની અપેક્ષાથી વ્યવહાર કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? ધન્નાલાલજી!

કહે છે કે જો વ્યવહારને નહિ માનો તો તીર્થ નહિ રહે, પર્યાય નહિ રહે, ભેદ નહિ રહે, મોક્ષમાર્ગ નહિ રહે, શુભભાવ છે તે નહિ રહે. છે એટલું, હોં! **'અને નિશ્ચયનય વિના તત્ત્વ (વસ્તુ)નો નાશ થઈ જશે.'** વસ્તુ ત્રિકાળ છે એને ન માનો, એનો આશ્રય ન લો તો દૃષ્ટિ ક્યાંથી પ્રગટ થશે? સમજાય છે કાંઈ? એક સમયનો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ છે

એનો જો આશ્રય ન લે તો ધર્મ ક્યાંથી પ્રગટ થશે? વ્યવહારધર્મ પણ ક્યાંથી પ્રગટ થશે? નિશ્ચયના આશ્રયે થાય છે. તેને છોડી દો અને એકલો વ્યવહાર વ્યવહાર, પર્યાય પર્યાય, પર્યાય પર્યાય કરે તો એ પર્યાય સાચી નહિ રહે. સમજાય છે કાંઈ? માટે બે નયને જાણવી બરાબર છે. એક નયને છોડવી કે વ્યવહારનયનો વિષય નથી એમ નહિ. જાણવું એનું નામ નહિ છોડવી એમ કહેવામાં આવ્યું છે. નિશ્ચયનો આદર કરવો, વ્યવહારને જાણીને છોડવો. પણ વ્યવહાર છે એમ શ્રદ્ધા કરવી. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**દ્વિતીય શ્રાવણ વદ ૮, ગુરુવાર તા. ૮-૦૯-૬૬**
**ગાથા -૧૨. પ્રવચન-૪૧**

આત્મા મુખ્યપણે કોને કહે છે અને કેવા આત્માની શ્રદ્ધા કરવાથી સમ્યગ્દર્શન કહેવામાં આવે છે એ વાત મુખ્યપણે ૧૧મી ગાથામાં કહી. ભગવાન આત્મા એક સમયમાં શુદ્ધ ધ્રુવ જ્ઞાયક અખંડ અભેદ ચીજ છે. એક સમયનો વિકાર અને સંયોગ અને એક સમયની વર્તમાન દશાને અહીંયાં અભૂતાર્થ કહ્યું છે, અસત્યાર્થ કહ્યું છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા એક સમયમાં શુદ્ધ ચૈતન્ય ધ્રુવ જ્ઞાયકભાવ પરમસ્વભાવભાવને જ અહીંયાં ૧૧મી ગાથામાં સત્ય કહ્યો છે. સત્ય કહો, ભૂત અર્થ, વિદ્યમાન પદાર્થ કહો કે સાચું સ્વરૂપ કહો કે ધ્રુવ ખરેખર આત્મા કહો. તે આત્મા શુદ્ધનયસ્વરૂપ ભગવાન આત્મા એનો આશ્રય લેવાથી **'भूदत्थमस्सिदो खलु'** એવો ભગવાન પૂર્ણ પ્રભુનો આશ્રય લેવાથી સમ્યગ્દર્શન અનંત કાળમાં નથી થયું એવી દૃષ્ટિ અનુભવમાં આવે છે. એ ત્રિકાળ જ્ઞાયકભાવના આશ્રયથી.

વર્તમાન અવસ્થા અને રાગ-દ્વેષ આદિ પરિણામ છે એને અસત્ય કહ્યા છે, જૂઠા કહ્યા છે, અવિદ્યમાન કહ્યા છે, એ છે જ નહિ એમ કહ્યું છે. સમજાય છે કાંઈ? ૧૧ અને ૧૨ તો આખા જૈનદર્શનની મર્મની ગાથા છે. એ સમજ્યા વિના શાસ્ત્રના અર્થ પોતાની કલ્પનાથી કરવા જાય તો આખા શાસ્ત્રનું તત્ત્વ વિરુદ્ધ થઈ જાય છે. સમજાય છે કાંઈ?

કહે છે કે ભગવાન આત્મા, જે ૧૧મી ગાથામાં કહ્યું, શુદ્ધ ધ્રુવ સત્ય. પર્યાય અનિત્ય અસત્ય જૂઠી એમ કહ્યું. સમજાય છે કાંઈ? ત્યાં પર્યાયને, રાગાદિ ભાવને નથી એમ કહ્યું હતું, અસત્ય કહ્યા હતા, જૂઠા કહ્યા હતા તે બારમી ગાથામાં એ વાત સિદ્ધ કરે છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા પોતાનો શુદ્ધ જ્ઞાયક ચૈતન્ય, એની અનુભવ દૃષ્ટિ સમ્યગ્દર્શન થયું અને નિજ સ્વભાવ સન્મુખ થઈને પોતાના સ્વસંવેદનજ્ઞાનમાં આત્મા પ્રત્યક્ષ થયો. પણ સ્વરૂપનું આચરણ આંશિક તો થયું, પૂર્ણ આચરણ નથી થયું. આ વર્તમાન ઝઘડા ચાલે છે ને? ચોથે ગુણસ્થાને સ્વરૂપાચરણ હોય છે કે નહિ? પંડિતજી! અમારા તારાચંદજી સાથે આજે રસ્તામાં ઘણી ચર્ચા થઈ હતી. છે, ન હોય તો અનંતાનુબંધીના અભાવનું ફળ શું છે? સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા પોતાનો શુદ્ધ ધ્રુવનો આશ્રય લઈને સમ્યગ્દર્શન થયું. સાથે સ્વસંવેદન શ્રુતજ્ઞાન પણ થયું, સાથે અનંતાનુબંધીનો અભાવ થઈને સ્વરૂપના આચરણરૂપ દશા પણ થઈ. કહ્યું હતું, જેટલા ગુણ એક આત્મામાં છે, અનંતાઅનંત, એ બધા ગુણનું અંતર દૃષ્ટિ-સમ્યગ્દર્શન થવાથી અનંત ગુણની એક સમયમાં અલ્પ વ્યક્તતા, બધા ગુણની અલ્પ વ્યક્તતા અંશ પ્રગટ થઈ જાય છે. સમજાય છે કાંઈ?

'શ્રીમદ્ રાજચંદ્રે' તો સમકિતનો ખુલાસો એવો કર્યો કે સર્વગુણાંશ તે સમકિત. આપણા સ્વાધ્યાય મંદિરમાં છે. સર્વ ગુણાંશ તે સમકિત. એવા શબ્દ 'શ્રીમદ્ રાજચંદ્રે' અનુભવ થયા પછી એ સૂત્ર મૂક્યું. બહુ નાની ઉંમરમાં. ૨૨ વર્ષની ઉંમરે આત્માનુભવ થયો. લાખોનો મોતીનો વેપાર હતો. વેપાર એના ઘરે રહ્યો. વિકલ્પ આવતા હતા એ પણ એના ઘરે રહ્યા. પોતાના સ્વરૂપમાં નથી એવો અનુભવ થઈ ગયો. સમજાય છે કાંઈ? ગૃહસ્થાશ્રમમાં સ્ત્રી, કુટુંબ, પરિવાર હો, રાજપાટ ચક્રવર્તીના રાજ હો, એમ હોવા છતાં ભગવાન આત્મા પોતાની નિજ સંપદા, શુદ્ધ સ્વરૂપની અંતર સંભાળ કરીને અનુભવ કર્યો તો તે જ સમયમાં જેટલા ગુણ છે, ભગવાન એક આત્મામાં અનંતાઅનંત ગુણ છે. એ કાલે કહ્યું હતું. અનંતાઅનંત.

આકાશના પ્રદેશ અમાપ.. અમાપ.. અમાપ.. અમાપ છે. એ સંખ્યા અનંતની છે તેનાથી પણ એક ભગવાન આત્મામાં અનંતા અનંતા ગુણ છે. એનાથી અનંતાગુણા ગુણ છે. એ બધા અનંત ગુણના પિંડને ભગવાન આત્મા શુદ્ધને ધ્રુવને ખરેખર આત્મા કહે છે, વાસ્તવિક આત્મા કહે છે. રાગ પુણ્ય-પાપને નહિ, શરીર, વાણીને નહિ પણ એક સમયની અવસ્થા એ વ્યવહારનયનો આત્મા છે. આહાહા..! વળી આત્માના બે ભેદ. સમજાય છે કાંઈ? એક સમયની પર્યાય જે પ્રગટ-વ્યક્ત છે તે વ્યવહારનયનો આત્મા છે. અને ત્રિકાળી જ્ઞાયક ધ્રુવ છે નિશ્ચયનયનો ખરેખર આત્મા છે. આહાહા..! સમજાય છે કાંઈ? તો કહે છે, જ્યારે ભગવાન આત્મા... ૧૧મી ગાથા તો મહા સિદ્ધાંત, ચૌદ પૂર્વનો સાર (છે)!

પ્રભુ પોતાનો આત્મા અનંતાઅનંત ગુણરૂપ સ્વરૂપ એક. ગુણભેદ પણ દૃષ્ટિમાં નહિ. ગુણ અને ગુણીનો ભેદ કરવાથી પણ વિકલ્પ, રાગ ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? પુણ્ય-પાપના ભાવ તો દૂર રહો, એક સમયની અવસ્થા દૂર રહો પણ ભગવાન અનંત ગુણનો આધાર એક સ્વરૂપ, એમાં આધેય રહેનારા અનંત ગુણ એવો ભેદ કરીને પણ રાગ જ ઉત્પન્ન થાય છે, સમ્યગ્દર્શન ઉત્પન્ન નથી થતું. સમજાય છે કાંઈ? પંડિતજી! ભગવાન! તારી સંપત્તિ એટલી છે અંદર એ સર્વજ્ઞ પણ વાણી દ્વારા પૂરું ન કહી શકે. સમજાય છે કાંઈ?

'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં' 'શ્રીમદ્ રાજચંદ્ર' ૩૩ વર્ષે દેહ છૂટી ગયો. ૩૩ વર્ષમાં. ૩૦ વર્ષે આ એક 'અપૂર્વ અવસર' શ્લોક બનાવ્યું. 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું...' દીઠું સમજ્યાને? દીઠા. તમારે સમજી લેવું.

જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં
કહી શક્યા નહિ પણ તે શ્રી ભગવાન જો.

શું કહે? સમજાય છે કાંઈ? એક ઘીનો સ્વાદ પણ, ગળથૂથીમાં આવે છે, તમારામાં જન્મઘૂંટી કહે છે ને? ગળથૂથીમાંથી ઘીનો સ્વાદ ખ્યાલમાં છે. પણ એ સ્વાદને કોઈ પદાર્થની સાથે મેળવીને કહો. તમને સંતોષ થાય કે અમે ઘીના સ્વાદને બરાબર વ્યવસ્થિત કહી શકીએ છીએ. સમજાય છે કાંઈ? લાવો. બતાવો એક પદાર્થ. કેવું છે ઘી? ખલાસ. કોઈ પદાર્થની

સાથે મિંઢવીને કહી શકાતું નથી. કેવું (છે)? મીઠું, બહુ ઘી મીઠું. કેવું મીઠું? સાકર જેવું? કેળા જેવું? નહિ. ગોળ જેવું? નહિ. બોરની મીઠાશ જેવું? નહિ. ઘી કેળા જેવું? ઘી કેળા થાય છે ને? તળાવમાં નથી થતાં ઘી કેળા? એક ફળ થાય છે. મીઠા હોય છે. કંઈક મીઠાશ છે પણ કોઈ પદાર્થની સાથે મિંઢવીને કહી શકાય અને અમને સંતોષ થાય કે મેં પૂરા પદાર્થને કહ્યો એવી કોઈ વાણી નથી, એવો કોઈ પદાર્થ નથી. ઘી જેવી સ્થૂળ બાદર પર્યાયનો સ્વાદ કેવો, એને મિંઢવીને કહેવામાં કોઈ કથન નથી, પદાર્થ નથી. ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ એની અનુભવકથા શેના દ્વારા કહે? શબ્દમાં તાકાત નથી. સમજાય છે કાંઈ?

જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહિ તે પણ શ્રી ભવગાન જો,
તે સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?

સર્વજ્ઞ સિવાય બીજું કોણ કહે? સર્વજ્ઞ પણ પૂરું કહી શક્યા નહિ.

તે સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.

એનું જ્ઞાન અનુભવગમ્ય રહ્યું. વાણી દ્વારા પૂર્ણ કહી શકાય એવી ચીજ નથી. સમજાય છે કાંઈ? એવો ભગવાન આત્મા એક સમયમાં અનંત ગુણનો પિંડ પ્રભુનો અનુભવ કરવાથી અનંત ગુણનો વ્યક્ત અંશ પ્રગટ થાય છે. તો સાથે સ્વરૂપાચરણનો અંશ પણ પ્રગટ થાય છે. તારાચંદજી! બીજો પ્રશ્ન થાય છે, આજે સવારે પ્રશ્ન થયો કે સ્વરૂપાચરણ અને શુદ્ધઉપયોગ, બેમાં ફેર શું? સાંભળો!

જ્યારે પ્રથમ અનુભવ સમ્યગ્દર્શન થાય છે.. સમજાય છે? ત્યારે તો શુદ્ધોપયોગ થઈને સ્વરૂપાચરણની દશાની પરિણતિપૂર્વક સમ્યગ્દર્શન થાય છે. 'દ્રવ્ય સંગ્રહ'માં પણ આવ્યું છે. પંડિતજી! ૪૭ ગાથા છે ને? ચાર અને સાત. સૈંતાલીસ. અમારે સુડતાલીસ કહે છે. '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा**'. ૪૭ ગાથા છે. અમારે સુડતાલીસ કહે છે. તમારે ચાર અને સાત. '**दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि**' નિશ્ચયથી અંતરમાં ધ્યાન. ભગવાન આત્મા પહેલા યથાર્થ સમજી લે, રાગ શું છે, પર્યાય શું છે, ત્રિકાળ શું છે, સંયોગ શું છે. વાસ્તવિક પદાર્થ સમજીને અંતર્મુખ થઈને જ્યારે અંદર નિર્વિકલ્પ ધ્યાન કરે છે... સમજાય છે? વિકલ્પ નામ રાગનું મિશ્રિતપણું છોડી ભગવાન પૂર્ણાનંદ તરફની દૃષ્ટિ સન્મુખ થઈને જે અંતરાત્મામાં ધ્યાનમાં જે નિર્વિકલ્પ શુદ્ધોપયોગ થાય છે તે જ સમયે સ્વરૂપાચરણ પણ સાથે થાય છે. એ શુદ્ધોપયોગ શુદ્ધ આચરણ થયું. અને એમાં પ્રતીતિ સમ્યગ્દર્શન થયું અને સાથે સ્વસંવેદન આત્માનું જ્ઞાન થયું. અને તે સમયે જ્ઞાનનો અંશ, પ્રતીત, સ્વરૂપાચરણ એ તો ત્રણ મુખ્ય કહ્યા. એ સિવાય જેટલા ગુણ છે તેટલા ગુણની જે અશુદ્ધતા હતી તે ઘટીને બધા ગુણની અંશે શુદ્ધતાનું સાથે પ્રગટ થવું તેનું નામ ભગવાન

સમ્યગ્દર્શન કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન શું ચીજ છે સાંભળવા મળે નહિ, વિચારમાં લઈ શકે નહિ તો રુચિ કરીને પરિણમન ક્યાંથી થાય? સમજાય છે કાંઈ? મૂળ કર્તવ્ય તો ઈ છે.

પહેલામાં પહેલું કર્તવ્ય નામ કરવા યોગ્ય હોય.. 'નિયમસાર'માં તો કહ્યુ છે, '**णियमेण य जं कज्जं**' ભગવાન 'કુંદકુંદાચાર્ય' ૩જી ગાથામાં કહે છે, '**णियमेण य जं कज्जं**'. ભગવાન! તને નિયમથી કરવાલાયક હોય તો સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર વીતરાગી દશા છે. એ નિયમથી તારે કરવાલાયક છે. એમ 'નિયમસાર'ની ૩જી ગાથામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? તો કહે છે, ભગવાન આત્મા... નિયમથી સમ્યગ્દર્શન જેનું પહેલું કર્તવ્ય છે. તે સમ્યગ્દર્શનની સાથે અનંત ગુણની વ્યક્તતા અંશનું વેદન સાથે પ્રગટ થાય છે. તે શુદ્ધઉપયોગ પ્રગટ થયો એમાં સમ્યગ્દર્શન આદિ થયા પછી શુદ્ધઉપયોગ ત્યાંથી ખસી ગયો અને શુભ ને અશુભ પરિણામમાં આવી ગયો. પણ શુદ્ધ સ્વરૂપનો જે આચરણ અંશ છે તે તો કાયમ રહ્યો. આહાહા..! સમજાય છે કાંઈ?

સમ્યગ્દષ્ટિ લડાઈમાં કદાચિત્ ઉપસ્થિત હો તોપણ તે સમયમાં પણ પોતાના સ્વરૂપના આચરણરૂપ અંશ, અનંતાનુબંધી ચારિત્રમોહની પેટાભેદ પ્રકૃતિ છે, તો એ પ્રકૃતિનો અભાવ થવાથી સ્વરૂપાચરણ ચારિત્રની દશા ન થાય તો એનો અભાવ થઈને થયું શું? શું થયું? ભગવાન આત્મા પોતાના સ્વરૂપમાં શ્રદ્ધા, જ્ઞાન અંતર સન્મુખ થઈને પ્રગટ કર્યા, સાથે સ્વરૂપની લીનતાનો અંશ, સ્થિરતાનો અંશ, આચરણનો અંશ જે આચરણ અંશ યથાખ્યાત થઈ જાય, એવા આચરણનો અંશ ભગવાન! ચોથા ગુણસ્થાનમાં ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? અને એ સ્વરૂપાચરણ ન હોય તો કોઈપણ ગુણપર્યાય એમાં પ્રગટ થતી નથી. જ્યારે ઉપયોગ બહાર આવી ગયો તો સ્વરૂપાચરણ રહી ગયું. એટલી પરિણતિ નામ દશા નામ અવસ્થા પોતાના સ્વરૂપ સન્મુખ થઈને સમ્યગ્દર્શન થયું અને સ્વરૂપના આચરણરૂપ સ્થિરતા થઈ એ તો કાયમ રહી ગઈ. સમજાય છે કાંઈ? પંડિતજી! કાયમ ન રહે તો અભાવ થયો એનું ફળ શું? પણ હજી સમ્યક્ ચીજ શું છે એ વાત જ ચાલતી નથી. અત્યારે તો વ્યવહારધર્મ કરો. નિશ્ચય વિનાનો વ્યવહારાભાસ. એ વ્યવહાર પણ નથી.

અહીં ૧૨મી ગાથામાં ઈ કહે છે, કે જ્યારે આત્માનું નિશ્ચય સમ્યગ્દર્શન, અનુભવ-વેદન અને સ્વરૂપાચરણ થયા ત્યારે દૃષ્ટિનો વિષય તો યથાર્થ ભૂતાર્થ થયો. પર્યાય રહી એ પર્યાયમાં શુદ્ધતાની મંદતા છે અને શુદ્ધતાનો અંશ છે એ ક્યા નયનો વિષય છે? શુદ્ધનયનો વિષય તો પૂર્ણ કહ્યો. સમજાય છે કાંઈ? શુદ્ધનયનો વિષય અથવા શુદ્ધનય, જ્ઞાયકભાવ પૂર્ણ ભગવાન આત્મા તે જ નિશ્ચયનય કહો કે નિશ્ચયનયનો વિષય કહો, એ તો સાથે સમ્યગ્દર્શન આદિ ઉત્પન્ન થયા. તો હવે કોઈ વ્યવહારનયનો વિષય રહ્યો છે કે નહિ? ૧૧મી ગાથામાં ના પાડી કે વ્યવહારનય છે જ નહિ. ૧૧માં કહ્યું કે વ્યવહાર વિદ્યમાન નથી.

અભૂતાર્થ કહ્યું ને? વ્યવહાર અભૂતાર્થ છે. વ્યવહાર વિદ્યમાન નથી. વ્યવહાર જૂઠો છે. તો એ સર્વથા જૂઠો છે કે કંઈ છે કે નહિ? તો ૧૨મીમાં ખુલાસો કર્યો કે જ્યાં સુધી આત્મા પૂર્ણાનંદની દશાનો અનુભવ કરી લે તો તો એને એકલા શુદ્ધનયનો અનુભવ છે. સમજાય છે કાંઈ? પણ પૂર્ણ ન થાય અને આત્માનું ભાન કર્યું, પર્યાયમાં પુરુષાર્થની ઓછપ છે, શુદ્ધતા ઓછી છે, અશુદ્ધતા પણ છે તો એ કઈ નયનો વિષય છે? એ વ્યવહારનયનો વિષય છે. એ નિશ્ચયનો વિષય નથી. સમજાય છે કાંઈ? તો છે એમ જાણવું પ્રયોજનવાન છે, એમ બારમીમાં કહ્યું. પ્રયોજનવાનનો અર્થ આદરણીય તરીકે પ્રયોજનવાન છે એમ નહિ. આહાહા..! પર્યાય ક્યાં આદરણીય છે? પર્યાયનો આશ્રય કરવા જાય તો રાગ ઉત્પન્ન થાય છે.

અહીંયાં તો ભગવાન 'નિયમસાર'ની ૫૦ ગાથામાં ત્યાં સુધી કહે છે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. તારી પર્યાયમાં ક્ષાયિક સમકિત થયું, ચારિત્ર થયું એને પણ અમે તો પરદ્રવ્ય કહીએ છીએ. સાંભળો! 'નિયમસાર'ની ૫૦મી ગાથામાં એક ભગવાન આત્મા અંતઃતત્ત્વ જ્ઞાયકમૂર્તિ શુદ્ધ ધાતુ, જેણે પરમાનંદ ધારી રાખ્યો છે. આહાહા..! આખો ચૈતન્યગોળો આખો પ્રકાશનો પૂંજ, એકલો આનંદનો સાગર.. સમજાય છે? એને સત્ય કહ્યો. તો આ પર્યાય છે એની તો ના પાડી કે એ વિદ્યમાન નથી. એ વિદ્યમાન છે, આ વિદ્યમાન નથી. ૧૧મી ગાથામાં એમ કહ્યું હતું. વિદ્યમાન નથી તો સર્વથા વિદ્યમાન નથી? એ તો પોતાના સ્વભાવનો આશ્રય લેવા અને પર્યાયનો આશ્રય નહિ લેવા માટે અસત્ય કહ્યું. તો ક્યાં સુધી કહ્યું? પોતાના સ્વરૂપનો આશ્રય લઈને ક્ષાયિક સમકિત થયું, એ ક્ષાયિક સમકિતને પરદ્રવ્ય કહ્યું છે. આહાહા..! ૫૦મી ગાથા. 'નિયમસાર'. કેમ? જેટલા આત્માની પર્યાયમાં રાગાદિ ઉદયભાવ હો, ઉપશમભાવ હો સમકિત આદિ, ક્ષાયિકભાવ હો સમકિત આદિ, ક્ષયોપશમભાવ હો વીર્ય અને જ્ઞાનાદિ, એ ચારેય ભાવને ભગવાન 'કુંદકુંદાચાર્ય' કહે છે, સાંભળ તો ખરો, એ ચાર ભાવ તારી દશામાં છે એને અમે હેય કહીએ છીએ. ૫૦મી ગાથા. સમજાય છે કાંઈ? 'નિયમસાર' છે ને? એની ૫૦મી ગાથા.

**पुव्वुत्तसयलभावा परदव्वं परसहावमिदि हेयं।**
**सगदव्वमुवादेयं अंतरतच्चं हवे अप्पा।।५०।।**

ભગવાન 'કુંદકુંદાચાર્ય' જગત પાસે પોકાર કરે છે, અરે આત્મા! તારી ચીજ અંતરતત્ત્વ શુદ્ધ ધાતુ. એક સમયમાં પૂર્ણાનંદનો નાથ પરમ પારિણામિક સ્વભાવ, એને અમે અંતઃતત્ત્વ કહીને એને અમે આત્મા કહીએ છીએ. અને '**पुव्वुत्तसयलभावा**' પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ, દયા ને દાન ને વ્યવહાર રત્નત્રય પર્યાય અને ક્ષાયિક સમકિત, સ્વરૂપાચરણરૂપ સ્થિરતા, બધાને અમે હેય કહીએ છીએ. કેમકે એ પરભાવ છે, કેમકે એ પરદ્રવ્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? ૫૦મી ગાથા. '**पुव्वुत्तसयलभावा**' ભગવાન આત્મા એક સ્વરૂપ સિવાય, એક દ્રવ્ય પ્રભુ સિવાય અંતરંગ તત્ત્વ આત્મા સિવાય એક સમયની દશામાં ક્ષાયિક

સમકિત થયું અને છઠ્ઠે ગુણસ્થાને ત્રણ કષાયના અભાવરૂપ સ્વરૂપાચરણની ચારિત્રરૂપ ઉગ્ર દશા થઈ, ભગવાન આચાર્ય કહે છે કે એ આશ્રય કરવાલાયક નથી. માટે તે નિર્મળ પર્યાયને અમે હેય કહીએ છીએ. કેમકે એ પરભાવ છે, કેમકે એ પરદ્રવ્ય છે એમ કહ્યું. ત્રણ બોલ લીધા છે. આહાહા..! અમરચંદભાઈ! અરે.. ભગવાન! તેં તારી ચીજમાં કેટલી સંપદા છે અને એક સમયની દશામાં શું છે? એક સમયની દશામાં સંપત્તિ છે કે નવી પ્રગટ થાય? સમજાય છે કાંઈ? જેમ પરદ્રવ્યમાંથી પોતાની પર્યાય પ્રગટ નથી થતી એમ નિર્મળ પર્યાયમાંથી નવી નિર્મળ પર્યાય ઉત્પન્ન થતી નથી. માટે ભગવાન 'કુંદકુંદાચાર્ય' 'નિયમસાર'માં મોક્ષમાર્ગ બતાવે છે, ભગવાન! આ મોક્ષમાર્ગ પ્રગટ થયો એ પણ હેય છે, પરભાવ છે, ત્રિકાળ સ્વભાવની અપેક્ષાથી ભગવાન પૂર્ણાનંદનો નાથ ઉપાદેય છે તો મોક્ષમાર્ગ હેય છે. ભગવાન પૂર્ણાનંદનો નાથ સ્વભાવ છે તો મોક્ષમાર્ગની નિર્મળ વીતરાગી પર્યાય પરભાવ છે. ભગવાન આત્મા જ્ઞાયક સ્વભાવ સ્વદ્રવ્ય છે તો મોક્ષનો માર્ગ પ્રગટ થયો તે પરદ્રવ્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? ૫૦મી ગાથા છે. કોઈને ન બેસે તો લખી લેજો. 'નિયમસાર'ની ૫૦મી ગાથા. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વિકલ્પ રહિત છે. એટલી સ્થિરતા થઈ ગઈ ને. રાગ વિનાની સ્થિરતા છે. કાયમ રહે છે. રાગ વિનાની સ્થિરતા સ્વરૂપાચરણ સમકિતીને કાયમ રહે છે. ભોગના કાળમાં, લડાઈના કાળમાં પણ સ્વરૂપાચરણનો સ્થિરતાનો અંશ કદી નાશ પામતો નથી. સમજાય છે કાંઈ? એ ભગવાનનો અંદરનો માર્ગ, આત્માની લીલા જુદી છે. દુનિયા વળી ઈશ્વરની લીલા કહે છે, એવું કાંઈ નથી. સમજાય છે કાંઈ? સોભાગચંદજી! આહાહા..! વર્તમાનમાં તો એવી ગડબડ (ચાલી છે). મૂળ સમ્યગ્દર્શન વિનાની બધી વાત. આમ કરો ને આમ કરો. પંડિત લોકો પણ એ કહે અને ત્યાગી લોકો પણ એ કહે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાંય નથી. સમ્યગ્દર્શન વિના ચારિત્ર ક્યાંથી આવ્યું? મિથ્યાદષ્ટિને ચારિત્ર ક્યાંથી આવ્યું? અને સમ્યગ્દર્શન કઈ રીતે પ્રાપ્ત થાય એની પણ ખબર નહિ. એ.. પંડિતજી! અહીં તો નાગી વાત છે. નાગા છે બાદશાહ. મુનિ નગ્ન છે. નાગા બાદશાહથી આઘા. એને કોઈની પડી નથી.

ભગવાન આત્મા એક સમયમાં શુદ્ધ ચૈતન્યપ્રભુ પૂર્ણ સ્વરૂપ એક સમયમાં એની પર્યાયમાં એને સ્વદ્રવ્ય કહ્યું, ઉપાદેય કહ્યું, સ્વભાવ કહ્યું. એની પર્યાયમાં ધર્મ પ્રગટ થયો, મોક્ષમાર્ગ પ્રગટ થયો એને હેય કહ્યો, પરભાવ કહ્યો, પરદ્રવ્ય કહ્યું. છ બોલ લઈ લેવા. સમજાય છે કાંઈ? એનો ખુલાસો અહીં ૧૨મી ગાથામાં કરે છે કે એને કંઈ વ્યવહારનય છે એને જાણનારી કોઈ નય છે કે નહિ? સમજાય છે કાંઈ? તમે તો એક દ્રવ્ય, એક દ્રવ્ય, એક

દ્રવ્ય-વસ્તુ વસ્તુ વસ્તુ (કહો છો). આ પર્યાયમાં મોક્ષમાર્ગ પ્રગટ થયો, રાગાદિ છે એને પરદ્રવ્ય કહ્યું તો એના અંશમાં નયથી જાણવાલાયક કોઈ વસ્તુ રહે છે કે નહિ? સમજાય છે કાંઈ? તો ૧૨મીમાં કહ્યું, તે સમયે જે ધર્મ પ્રગટ થયો, રાગાદિ બાકી શુભાદિ છે તે વ્યવહારનયથી જાણવાલાયક છે. આદરવાલાયક નથી. આહાહા..! તે સિદ્ધાંત સિદ્ધ કરવા ૧૨મી ગાથામાં સ્પષ્ટ કરે છે. ૧૧મી ગાથામાં કહ્યું એનાથી વિરુદ્ધ કહે? ત્યાં વ્યવહારને અસત્ય કહ્યો હતો, અહીંયાં વ્યવહાર આદરણીય એમ કહે? છે એમ કહ્યું. વ્યવહારનયનો વિષય સમ્યગ્દૃષ્ટિને અનુભવ થયા પછી પણ વર્તમાનમાં શુદ્ધિની ઓછપ છે, અશુદ્ધતાનો અંશ છે એને વ્યવહારનય જાણેલો પ્રયોજનવાન છે. કાલે આવ્યું હતું. '**જાણેલો તે કાળે પ્રયોજનવાન છે**.' તે કાળે. પૂર્ણ થઈ જશે પછી વ્યવહારનય રહેતી નથી. સમજાય છે કાંઈ?

હવે અહીંયાં કહે છે, '**આચાર્ય કહે છે કે હે ભવ્ય જીવો!**' '**जइ जिणमयं पवज्जह**'ની મોટી તકરાર છે. જુઓ! અહીંયાં ભગવાન કહે છે કે બે નયને ન છોડવી. અર્થાત્ બે નયને ગ્રહણ કરવી. એ છોડો નહિનો અર્થ ગ્રહણ કરવી. ગ્રહણ કરવી વાત બરાબર છે, પણ ગ્રહણ કરવાનો અર્થ શું? સમજાય છે કાંઈ? એના માટે પંડિતજીએ ખુલાસો કર્યો. પંડિતજી 'ટોડરમલજી'એ તો શાસ્ત્રનું શું રહસ્ય છે એ જ ખોલ્યું છે. પોતાની ઘરની કોઈ વાત નથી નાખી. 'કુંદકુંદાચાર્ય' ભગવાન પરમાત્મા પાસે ગયા હતા, સાક્ષાત્ ત્રિલોકનાથ પાસે. એમની વાણીનું શું કહેવું? 'કુંદકુંદાચાર્ય' પ્રભુ પાસે ગયા, આઠ દિવસ રહ્યા, આવીને આ બતાવ્યું. એમની તો શું વાત! 'ટોડરમલજી'એ એમાંથી આચાર્યોનું રહસ્ય અને હૃદય શું છે, હાર્દ શું છે (તે ખોલીને બતાવે છે). 'પ્રવચનસાર'માં આવે છે ને? ભાઈ! હાર્દ. ટીકામાં આવે છે. હાર્દ શું છે, હૃદય શું છે તે ચાલતી ભાષામાં કહ્યું છે. આચાર્યોએ પોતાની જે ભાષા હતી પ્રાકૃત એમાં લીધું છે. એનો અભ્યાસ ન હોય એટલે સાદી ભાષામાં થોડું કહ્યું. સમજાય છે કાંઈ?

અહીં કહે છે, બે નય છે-નિશ્ચય અને વ્યવહાર. 'આચાર્ય કહે છે, હે ભવ્ય જીવો! જો તમે જિનમતને પ્રવર્તાવવા ચાહતા હો...' છે નીચે શ્લોક?

**जइ जिणमयं पवज्जह ता मा ववहारणिच्छए मुयह।**
**एक्केण विणा छिज्जइ तित्थं अण्णेण उण तच्चं।।**

પોતાની વાત નિશ્ચય અને વ્યવહાર જે છે એ સિદ્ધ કરવા આ ગાથા છે. સમજાય છે કાંઈ? તો કહે છે, '**જો તમે જિનમતને પ્રવર્તાવવા ચાહતા હો તો વ્યવહાર અને નિશ્ચય-એ બન્ને નયોને ન છોડો;...**' અર્થાત્ બે નયોને ગ્રહણ કરો. અર્થાત્ બન્ને નયોને જાણો. ગ્રહણનો અર્થ જાણવું. ગ્રહણનો અર્થ આદરવો નહિ. સમજાય છે કાંઈ? મોટી ગડબડ આને માટે. અમે ૩૦ વર્ષ પહેલા આવ્યા ત્યારથી ગડબડ ચાલી છે. સ્થાનકવાસીમાંથી પહેલા નીકળ્યા પછી નિશ્ચયની વાત કરી તો કહે, નહિ, 'સમયસાર'માં ૧૨મી ગાથામાં કહ્યું છે.

પણ તને શી ખબર સમયસારમાં શું કહ્યું છે? સમજાય છે કાંઈ? દિગંબર સંતો શું કહે છે નિશ્ચય અને વ્યવહાર, તારામાં છે જ નહિ અને તારે આશ્રય લેવા માટે કહેવું છે કે ૧૨મી ગાથામાં કહ્યું છે કે વ્યવહાર કરવો, વ્યવહાર કરવો. '**ववहारदेसिदा पुण**' '**ववहारदेसिदा पुण**' માટે અપરમભાવમાં જે મિથ્યાત્વી છે, નીચલી દશાવાળાને તો વ્યવહાર જ કહેવો. આહાહા..! ક્યાંથી કાઢ્યું આવું? એવું એમાં છે જ નહિ. નીચલી દશાનો અર્થ પૂર્ણ આત્માનો સમ્યગ્દર્શનપૂર્વક અનુભવ ન થાય-પૂરી સ્થિરતા ન થાય તો એની દશામાં અપૂર્ણતા છે તેને જાણવી. જાણવાલાયક છે તેનું નામ વ્યવહારનયનું ગ્રહણ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે એટલું. જ્ઞાનમાં જાણવું કે છે. બસ એટલું. છે એટલું જાણવું. નથી તો વ્યવહારનયનો નિષેધ થઈ જાય છે. છે, આદરણીય નથી. આદરણીય તો એક જ છે. બે આદરણીય થઈ જાય તો એક આ આદરણીય અને એક આ આદરણીય (એમ થઈ જાય). ભગવાન આત્મા.. સમજાય છે કાંઈ? શુદ્ધ ચૈતન્યવસ્તુને જ ઉપાદેય કહી. ત્યાં પણ એ જ કહ્યું. શુદ્ધભાવ અધિકાર આપણે બપોરે ચાલે છે ને? પહેલી ગાથામાં કહ્યું અને ૫૦માં કહ્યું. અંતઃતત્ત્વ ભગવાન આત્મા પૂર્ણ સ્વરૂપ અને પુણ્ય-પાપ, સંવર, નિર્જરા, મોક્ષ બહિરતત્ત્વ કહ્યું. ૫૦માં પરદ્રવ્ય કહ્યું, હેય કહ્યું, પરભાવ કહ્યું. કેમકે મોક્ષના માર્ગની પર્યાય મોક્ષના માર્ગમાંથી નથી આવતી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ધારણ કોણ કરે? આવી જાય છે. ધારણ કોણ કરે? એ તો સ્વરૂપમાં દૃષ્ટિ થઈ અને સ્થિરતા કરતા કરતા થોડી સ્થિરતા થઈ તો પંચમ કહે છે. વિશેષ સ્થિરતા અંદર આનંદની થઈ તો સપ્તમ કહે છે. ઈ વાત છે. ધારણ કરવું એટલે વિકલ્પ કર્યા અને વ્રત લીધા એટલે પાંચમું આવી ગયું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ બદલે? કર્તા થાય તો મૂઢ છે. રાગને બદલવો? કોને બદલે? બધી મૂળમાં ભૂલ છે. આઠ પાંચ શેરીની મણમાં. મણમાં મણની ભૂલ. ભગવાન આત્મા એક સમયમાં શુદ્ધ ચૈતન્યધાતુનો આશ્રય લીધો, અનુભવ થયો પછી આશ્રય ઉગ્રપણે લીધો એનું નામ પંચમ ગુણસ્થાન છે. એ પંચમ ગુણસ્થાન કોઈ બહારની સ્થિતિ નથી. અંતર ભગવાન આત્મા પૂર્ણાનંદનો જઘન્ય આશ્રય લીધો. જઘન્ય સમજ્યા? થોડો. થોડો આશ્રય લીધો તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનો અંશ પ્રગટ થયા. વિશેષ ઉગ્ર અંદરમાં લીન થયો, વિશેષ આશ્રય લીધો તો વિશેષ સ્થિરતાનો અંશ થયો એનું નામ પંચમ ગુણસ્થાન. એથી વિશેષ આશ્રય લઈને સ્થિર થયો તો સપ્તમ ગુણસ્થાન (આવ્યું). પહેલા સપ્તમ આવે છે. પહેલા છઠ્ઠું નથી આવતું. એ દ્રવ્યનો સ્વભાવ જે પહેલા દૃષ્ટિમાં અનુભવમાં આવ્યો છે, આનંદકંદ,

ઈ માર્ગે ક્રમે ક્રમે જાય છે એનું નામ શુદ્ધિની વૃદ્ધિ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? 'ધવલ'માં એમ લખ્યું છે, જેણે મગ્ગ જોયો છે–અંદર માર્ગ જોયો છે. જોયો છે માર્ગ. આવે છે ને? ભાઈ! વિમલચંદજીને કહું છું. '....' ભગવાન આત્માએ સમ્યગ્દર્શનમાં માર્ગ જોયો છે કે આ શુદ્ધ ચિદાનંદ આનંદકંદ છે. એ તરફ દૃષ્ટિ ગઈ છે અને જોયું છે કે આ આત્મા. સમજાય છે કાંઈ? એ તરફ વિશેષ ઉગ્રપણે સ્થિરતા કરવી એનું નામ પંચમ ગુણસ્થાન છે. એકલા વ્રત–ફ્રત વિકલ્પ લે એ પંચમ ગુણસ્થાન નથી. સમજાય છે? એ તો રાગ છે. રાગ ગુણસ્થાનમાં વૃદ્ધિ કરે છે? સમજાય છે કાંઈ? રાગ તો હેય છે. ઉપાદેય તો ભગવાન આત્મા છે. એ ઉપાદેયનો આશ્રય ઉગ્રપણે કરે છે તો પંચમ ગુણસ્થાન આવે છે. ત્યારે એ ભૂમિકામાં બાર વ્રતનો વિકલ્પ આવે છે તે હેય છે. વિકલ્પ આવ્યો એ પંચમ ગુણસ્થાન ટકાવે છે એમ નથી. પંચમ ગુણસ્થાન આત્માના આશ્રયે ટકે છે. સમજાય છે કાંઈ? આ વાત બાપુ! અત્યારે ભારે કઠણ. ગડબડ કરી નાખી, આખા માર્ગને ભૂંસી નાખ્યો છે. વીતરાગમાર્ગને અન્ય માર્ગ જેવો કરી નાખ્યો છે.

મુમુક્ષુ :- બાહ્યથી તો કપડા ઉતારે છે...

ઉત્તર :- કપડા કોણ ઉતારે છે? હું કપડા ઊતારું (એમ માનનાર) મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? પરદ્રવ્યને હું ઊતારી શકું એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે, એને જ્ઞાન નથી. કપડા તો અજ્ઞાનીને ચાલ્યા જ કરે છે. કપડા હોય તો નહિ અને કપડા ઉતારે તો આમ. સમજાય છે? અરે..! હું રાગ ઘટાડું એમ દૃષ્ટિ પરમાં જાય એ મિથ્યાદૃષ્ટિ છે. શું કરે? કોને ઘટાડે?

અહીં તો આચાર્ય ત્યાં સુધી કહે છે કે, રાગનો ત્યાગ કર્તા આત્મામાં નામમાત્ર છે. રાગનો ત્યાગ કર્યો એ પરમાર્થે આત્મામાં છે જ નહિ. આહાહા..! ધન્નાલાલજી! ભગવાન આત્મા. ૩૪ ગાથામાં 'અમૃતચંદ્રાચાર્યે' કહ્યું કે આ રાગનો ત્યાગ આત્માએ કર્યો એ નામમાત્ર કથન છે. શું રાગ સ્વરૂપમાં હતો કે ત્યાગ કર્યો? સ્વરૂપમાં સ્થિરતા થઈ ત્યાં રાગ ઉત્પન્ન ન થયો તેને કથન કરવામાં આવ્યું કે આત્માએ રાગનો ત્યાગ કર્યો. પરમાર્થે આત્માએ રાગનો ત્યાગ કર્યો એ આત્મામાં છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? છે કે નહિ ઈ? ક્યાં છે? જુઓ! ૩૪મી ગાથા. આ 'સમયસાર' છે ને? આ હિન્દી આવી ગયું છે ને એટલે શંકા પડી જાય. જુઓ! ૩૪. ટીકા. 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા.

કહે છે, જુઓ! ચોથી લીટી છે. '**પરભાવ તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું ત્યાગના કર્તાપણાનું નામ (આત્માને) હોવા છતાં પણ, પરમાર્થથી જોવામાં આવે તો પરભાવના ત્યાગકર્તાપણાનું નામ પોતાને નથી.**' સમજાય છે કાંઈ? રાગના ત્યાગનું કર્તૃત્વ આત્મામાં નથી. આહાહા..! કોનો ત્યાગ કરવો છે એને? આત્મા જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ છે. ૩૪ ગાથા છે. ટીકા છે, 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા છે. જુઓ! '**उपाधिमात्रप्रवर्तितकर्तृत्वव्यपदेशत्वेऽपि**' નામમાત્ર હોવાથી

**'परमार्थेनाव्यपदेश्यज्ञानस्वभावादप्रच्यवनात्'** જ્ઞાનસ્વભાવથી ચ્યૂત ક્યાં થયો છે તો રાગનો ત્યાગ કરે. એવું સ્વરૂપમાં છે નહિ. આહાહા..! એ રાગનો મેં ત્યાગ કર્યો એ તો નામમાત્ર આત્મામાં છે. સમજાય છે કાંઈ? ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' (કહે છે), કારણ કે આત્મા રાગના ગ્રહણ ત્યાગથી રહિત છે. આત્મામાં એવી એક શક્તિ છે. સમજાય છે કાંઈ? ઉપાદાન શું આવે છે? ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ.

રાગનો ગ્રહણ અને ત્યાગ આત્મામાં નથી. આહાહા..! ભારે વાત ભાઈ! સાંભળી નથી, ચૈતન્યની સત્ય વાત શું છે. એમ ને એમ અજ્ઞાનમાં ઊંધે ચડી ગયો. મેં ત્યાગ કર્યો. શેનો? ધર્મનો. સમ્યગ્દર્શનનો ત્યાગ કર્યો. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા એક સમયમાં પ્રભુ પૂર્ણાનંદના નાથનો જ્યાં અંતર અનુભવ થયો, સ્થિરતા વિશેષ થઈ તો રાગ ઉત્પન્ન થતો નથી. ઉત્પન્ન નથી થતો એને વ્યવહારથી કહે છે કે ભગવાન આત્માએ ત્યાગ કર્યો. પરમાર્થે એવું આત્મામાં છે નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! વિમલચંદજી! ભારે વાત ભાઈ!

કહે છે જિનમતમાં બન્ને નયોને ન છોડો. એનો અર્થ બન્ને નયોને ગ્રહણ કરો. એનો અર્થ ૧૧મી ગાથામાં કહ્યું કે ભૂતાર્થ વસ્તુ છે, પર્યાય અભૂતાર્થ છે. તો અહીંયાં કહ્યું કે પર્યાયને જાણો. પર્યાયમાં જેટલી દશા છે તેને બરાબર જાણો. જાણો એ વ્યવહારનયનો વિષય. જાણેલો તે કાળ પ્રયોજનવાન. જાણેલો. આદરણીય (નહિ). આત્મા ઉપાદેય અને આ પણ ઉપાદેય એમ બે ઉપાદેય થઈ જાય. એવું છે નહિ. વ્યવહારનય જાણેલો હેય છે, નિશ્ચયનય જાણેલો ઉપાદેય છે. નિશ્ચયનય સ્વદ્રવ્ય છે તો વ્યવહારનયનો વિષય એક સમયની પર્યાય ખરેખર તો પરદ્રવ્ય છે. આહાહા..! જગતને આત્મા શું ચીજ છે અને આત્માનું શું કર્તવ્ય છે એ વાત એણે સાંભળી નથી. અગિયાર અંગ વાંચી નાખ્યા, નવ પૂર્વ વાંચી નાખ્યા. વાંચીને નાખી દીધા.

અહીં આચાર્ય ૧૨મી ગાથામાં એમ કહે છે કે ભગવાન આત્માને અમે ભૂતાર્થ કહ્યો. અનુભવ થયો, સમ્યગ્દર્શન થયું, આનંદનો સ્વાદ આવ્યો. સમ્યગ્દર્શન થતાં આનંદનો અનુભવ-સ્વાદ આવ્યો. આનંદના સ્વાદ વિના સમ્યગ્દર્શન થતું નથી. નિર્વિકલ્પ આનંદનો અનુભવ. આહાહા..! સમજાય છે કાંઈ?

અનુભવરસમેં રોગ ન શોગા, લોકવાદ સબ મેટ્યા,
કેવળ અચળ અનાદિ અબાધિત શિવશંકર કા ભેટા
અવધુ અનુભવ કળિકા જાગી,
મતિ મેરી આતમ સ્મરણ લાગી, મતિ મેરી આતમ સ્મરણ લાગી
અવધુ અનુભવ કળિકા જાગી.

કળિકા સમજો છો? આ પુષ્પ થાય છે ને. કળિ-કૂંપળ કહે છે ને? કળી ખીલી ગઈ. કળી ખીલી ગઈ. ભગવાન પરમ પારિણામિકભાવમાં પર્યાયમાં સંકોચ હતો, પર્યાયમાં મિથ્યાત્વના

કાળમાં (સંકોચ હતો) તે અંતર અનુભવ થયો તો સંકોચનો વિકાસ થઈ ગયો. સંકોચ છોડીને વિકાસ થયો. ભગવાન આત્માની કળી અંદરથી ખીલી ગઈ. આહાહા..! સમજાય છે કાંઈ? એ જ્ઞાતા-દૃષ્ટા થઈ ગયો, આનંદનો અનુભવ થઈ ગયો, સ્વરૂપનું આચરણ થઈ ગયું. સ્વચ્છતાનો અંશ પ્રગટ થયો, પરમેશ્વરની પ્રભુતાનો એક અંશ સમ્યગ્દર્શનમાં પ્રગટ થઈ ગયો. એનું નામ સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શન વિના જેટલી વાત કરે એ રણમાં પોક જેવી છે. અરણ્યમાં રૂદન (કરે) એનો એને કાંઈ લાભ નથી. ચાર ગતિ નિગોદનું આરાધન કરે છે. સમજાય છે કાંઈ? એ સમ્યગ્દર્શન થયા પછી સ્વરૂપની સ્થિરતાનો આશ્રય વિશેષ ઉગ્ર લઈને જે શાંતિ વિશેષ થઈ તો પંચમ (ગુણસ્થાન થયું). તે વખતે હજી ભેદ છે કે નહિ? પંચમ ગુણસ્થાન થયું તો ત્યાં બાર વ્રતનો વિકલ્પ છે, પર્યાયમાં શુદ્ધતાની મંદતા છે તેને જાણેલો પ્રયોજનવાન છે. આદરણીય-ફાદરણીય નહિ. ધન્નાલાલજી! ચોથા ગુણસ્થાનમાં અનંતાનુબંધીનો અભાવ થઈને અંતરમાં અનુભવ થયો તો હજી ત્રણ કષાયનો કષાય પર્યાયમાં બાકી રહ્યા. અને શુદ્ધિનો અંશ છે. એ પર્યાયને જાણેલો વ્યવહાર તે કાળે પ્રયોજનવાન છે. બીજા સમયે બીજું પ્રયોજન, ત્રીજા સમયે ત્રીજો જાણેલો પ્રયોજનવાન છે. કારણ કે સમયે સમયે શુદ્ધિ વધે છે, સમયે સમયે અશુદ્ધિ ઘટે છે. તો જે જ્ઞાન તે સમયે જાણેલું પ્રયોજનવાન છે, બીજા સમયે તે જ્ઞાન તે સમયે જાણેલું પ્રયોજનવાન છે, ત્રીજા સમયે તે જ્ઞાન જાણેલું પ્રયોજનવાન છે. બસ, બીજી કોઈ વાત નથી. એમાં જો જરીયે બીજી વાત નાખે તો આખા તત્ત્વનો નાશ થઈ જાય છે. સમજાય છે કાંઈ?

કારણ કે '**વ્યવહારનય વિના...**' વ્યવહારનય વિના '**તો તીર્થ-વ્યવહારમાર્ગનો નાશ થઈ જશે...**' કારણ કે ચોથું ગુણસ્થાન, પાંચમું ગુણસ્થાન, છઠ્ઠું ગુણસ્થાન એ બધા પર્યાયના ભેદ છે. એ તીર્થના ભેદ છે. જો એ નથી એમ માનો તો ભેદનો નાશ થઈ જશે. ચોથું, પાંચમું, છઠ્ઠું ગુણસ્થાન રહેતું નથી. પર્યાય છે. પર્યાય તે તીર્થમાર્ગ છે. સમજાય છે કાંઈ? પર્યાયને જાણેલો. ના પાડે કે નથી, તો નાશ થઈ જશે. ચોથા, પાંચમા, છઠ્ઠાની ભૂમિકા જ નથી. સમજાય છે કાંઈ? '**વ્યવહારનય વિના...**' વ્યવહારમાર્ગ વર્તમાન પર્યાયની શુદ્ધતા અને અશુદ્ધતા બન્ને સાથે. તે નહિ રહે. નહિ રહે તો તીર્થ છે જ નહિ. ચોથું ગુણસ્થાન નથી, પાંચમું નથી, છઠ્ઠું નથી. એ બધો વ્યવહારનયનો વિષય છે. સમજાય છે કાંઈ? બધો વ્યવહારનયનો વિષય છે. નિશ્ચયનો વિષય ત્રિકાળ છે. બધા ચૌદેય ગુણસ્થાન વ્યવહારનયનો વિષય છે. કેવળજ્ઞાન પણ સદ્ભુત વ્યવહારનયનો વિષય છે. કેવળજ્ઞાન નિશ્ચયનયનો વિષય નથી. સમજાય છે કાંઈ? આહાહા..! મૂળ વાત જ ખબર ન મળે. મૂળ વાતની વાતમાં ફેર એટલે બધામાં ફેર. એક ને એક ત્રણ થયા તો પછી બધા આંકડા ત્રણ તેરી નવ, નવ તેરી ત્રણ સત્યાવીસ, સત્યાવીસ તેરી એક્યાસી. ક્રોડો અબજો. પાંચ સાત દસ આંક પહેલા ફેરવે તો અમારામાં ભૂલ નથી. મૂળમાં ભૂલ છે. એક ને એક ત્રણ થઈ ગયા એ

મૂળમાં ભૂલ છે. એ બધામાં ચાલી આવે છે. સમજાય છે કાંઈ? એમ ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણાનંદ શુદ્ધ ચૈતન્યધાતુનો આશ્રય લેવાથી સમ્યગ્દર્શન થયું. બીજો પર્યાયનો આશ્રય, રાગનો આશ્રય, નિમિત્તનો આશ્રય, પહેલા કષાય મંદ હતો તેથી સમ્યગ્દર્શન થયું એમ ત્રણ કાળમાં નથી. સમજાય છે કાંઈ?

ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપમાં અંતર અનુભવ દૃષ્ટિ દેવાથી થયો. તો સમ્યગ્દર્શનમાં દેવ-ગુરુની ભક્તિનો રાગ આવે છે. સમજાય છે? દયા, દાનનો ભાવ આવે છે. એ આવે છે તેને જાણલો પ્રયોજનવાન છે. સમજાય છે કાંઈ? પંચમ ગુણસ્થાન શુદ્ધ સ્વરૂપનો વિશેષ આનંદ થયો. પંચમ ગુણસ્થાનમાં સર્વાર્થસિદ્ધના દેવનો આનંદ, શાંતિ છે તેનાથી વિશેષ આનંદ વધી ગયો. ઓહોહો..! પંચમ ગુણસ્થાન કોને કહે? શું વાડામાં માનેલા પંચમ ગુણસ્થાન છે? સર્વાર્થસિદ્ધના દેવ ચોથે ગુણસ્થાને એકાવતારી છે તેના કરતાં પણ પંચમ ગુણસ્થાનમાં (વેશેષ) શાંતિ, શાંતિ, શાંતિ.. સ્વરૂપના આશ્રયે બે કષાયના અભાવની શાંતિ થઈ ગઈ. એ શાંતિ અને તે સમયમાં રહેલો રાગ, તે સમયે જાણેલો વ્યવહારનય પ્રયોજનવાન છે. સમજાય છે કાંઈ? અને છઠ્ઠે ગુણસ્થાને જ્યારે સ્વરૂપનો ઉગ્રપણે આશ્રય લઈને સપ્તમ ગુણસ્થાન આવ્યું ત્યાં તો ધ્યાનમાં છે. નીચે ઊતર્યા તો વિકલ્પ આવ્યો. ત્રણ કષાયના અભાવની પરિણતિ અને જે રાગ રહ્યો પંચ મહાવ્રત કે અઠ્યાવીસ મૂળગુણનો રાગ, તેને જાણેલો જ્ઞાનીએ જાણેલો પ્રયોજનવાન છે, આદરેલો પ્રયોજનવાન નથી. સમજાય છે કાંઈ?

અર્થમાં જરી વ્યવહારનયથી કથન કરશે. પણ એ વ્યવહારનયથી કથન છે. આદરણીય છે અને કરું કરું એવી બુદ્ધિ છે ત્યાં સુધી તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? શુભરાગ પણ મારું કર્તવ્ય છે તો શુદ્ધ સ્વરૂપનું કર્તવ્ય રહ્યું નહિ. સમજાય છે કાંઈ? શુભરાગ દયા, દાન, વ્રતના વિકલ્પ ઝેર છે. સમજાય છે કાંઈ? એ રાગ છે, ઝેર છે. અમૃતને લૂંટીને ઉત્પન્ન થયો છે. આહાહા..! સ્વરૂપની જેટલી સ્થિરતા થઈ તેટલી શાંતિ છે. વ્રતનો વિકલ્પ ઉઠ્યો કે આ વ્રત ને આ વ્રત એ તો ઝેર છે. એ.. મોહનલાલજી! કડક વાત છે, ભાઈ! તમારે બધાએ તૈયાર થવું પડશે. પંડિત લોકો ને આ બધા પત્રકારે તો વધારે તૈયાર થવું પડે. સમજાય છે કાંઈ? આહાહા..!

**'વ્યવહારનય વિના તો તીર્થ-વ્યવહારમાર્ગનો...'** નવ તત્ત્વના ભેદ નહિ રહે. પર્યાયમાં નવ તત્ત્વના ભેદ નહિ રહે. જો વ્યવહારનય ન માને તો. છે. સમજાય છે કાંઈ? પંચ મહાવ્રતના પરિણામ છે, શુદ્ધિનો અંશ છે, જ્ઞાન અપૂર્ણ છે. બધાને જાણલો તે કાળે, હોં! તે કાળનો અર્થ સમયે સમયે તે પ્રકારની શુદ્ધિ અને અશુદ્ધિ છે તે પ્રકારે જાણવી. બીજા સમયે તે શુદ્ધિ વધી અને અશુદ્ધિ ઘટી તે પ્રકારે તે જાણેલો તે પ્રયોજનવાન છે. પૂર્ણ થઈ ગયા પછી વ્યવહારનય રહી નહિ. સમજાય છે કાંઈ? આ જૈનદર્શનનું હાર્દ અને મર્મ છે. આ સમજ્યા વિના એના કલ્યાણની શ્રેણી અને અંકૂર ઉત્પન્ન થાય નહિ. મરી

જાય પંચ મહાવ્રત પાળી પાળીને, અઠ્યાવીસ મૂળગુણ પાળીને મરી જાય, સૂકાઈ જાય, ભાર.. ક્લેશ.. ક્લેશ.. ક્લેશ (ભોગવે છે). 'કુંદકુંદાચાર્ય' કહે છે, ક્લેશ (છે). સમજાય છે કાંઈ? છે કે નહિ? નિર્જરા અધિકાર. બોજો ઉપાડે છે, બોજો. મજૂર છે. રાગનો બોજો ઉપાડે છે. અરાગી દશાનું ભાન આનંદ તો આવ્યો નથી. અને રાગનો બોજો ઉપાડે છે. સમજાય છે કાંઈ? પંડિતજી! આહાહા..! અનુભવ છે .... સમજાય છે? નિશ્ચયથી તો 'જયસેનાચાર્યે' વ્યવહાર રત્નત્રયને પાપ કહ્યું છે. 'જયસેનાચાર્ય' મહારાજ. 'પુણ્ય-પાપ અધિકાર'ની છેલ્લી ગાથા. વ્યવહાર રત્નત્રયનો રાગ પાપ છે. આત્માનું અમૃત લૂંટીને ઉત્પન્ન થાય છે. ઝેર છે. 'અનુભવ પ્યાલા .. પ્યાલા પીયા ન જાય, આતમ અનુભવરસ કથા પ્યાલા પીયા ન જાય, મતવાલા તો જઈ પડે ...' સમજાય છે કાંઈ? એવી વાત છે ને. આહાહા..! સમજાય છે કે નહિ? સોમલચંદજી! તૈયાર થવું પડશે, ભાઈ! જુવાન માણસોએ તૈયાર થવું. નહિતર ગડબડ બહુ થઈ ગઈ છે. લાલચંદજી!

વ્યવહારનય વિના. જો વ્યવહારનય છે નહિ તો પર્યાયભેદ નથી, ગુણસ્થાનભેદ નથી, ચોથું, પાંચમું, છઠ્ઠું છે નહિ, પર્યાય છે નહિ તો પછી રહ્યું શું? માનવું પડશે કે વ્યવહાર છે. છે એટલું માનવું પડશે. વ્યવહારનય છે એટલું ન માને તો વ્યવહારની શ્રદ્ધા ભ્રષ્ટ છે. અને વ્યવહાર છે એને આદરણીય છે એમ માને તો નિશ્ચયથી ભ્રષ્ટ છે. સમજાય છે કાંઈ? આહાહા..! ..ભાઈ! બહુ આકરું લાગે. આ બૈરાં બૈરાંને બેસે છે કે નહિ? આ માને છૂટકો છે ત્રણ કાળ ત્રણ લોકમાં. આજ માનો, કાલે માનો, પછી માનો આ માન્યે એનો નિવેડો છે. બાકી મરી જાય તોપણ કંઈ નિવેડો નથી. ધન્નાલાલજી! આહાહા..! 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ'. પરમાર્થનો પંથ કોઈ બે, ત્રણ, ચાર નથી. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથના મુખમાંથી નીકળેલો પ્રવાહ છે. આહાહા..!

વ્યવહારનય નહિ છોડોનો શું અર્થ થયો? બે નયને ગ્રહણ કરવાનું કહ્યું. ગ્રહણ કરવાનો અર્થ 'ટોડરમલજી'એ શું કર્યો? ગ્રહણનો અર્થ જાણવું કહ્યું. 'અમૃતચંદ્રાચાર્યે' કહ્યું તે જ ત્યાં કહ્યું છે. સમજાય છે કાંઈ? તમારે આવી ગયું, ભાઈ! બે નયનું ગ્રહણ આવી ગયું ને? એ આવી ગયું છે. એનો ખુલાસો તમારે ચાલે છે. ૨૫૬માં. જિનમાર્ગમાં બન્ને નયોનું ગ્રહણ કરવું કહ્યું છે તે શું છે? સામાવાળા પ્રશ્ન કરે છે. જિનમાર્ગમાં કોઈ ઠેકાણે નિશ્ચયનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે. એ તો સત્યાર્થ એમ જ છે એમ જાણવું. કોઈ ઠેકાણે વ્યવહારનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે. જુઓ! આ પર્યાય ને વ્યવહારનયની મુખ્યતા આવી. તેને એમ નથી પણ નિમિત્ત આદિની અપેક્ષાએ ઉપચાર કહ્યા છે. એમ એ પ્રમાણે જાણવાનું નામ જ બન્ને નયનું ગ્રહણ છે. એમણે તો આચાર્યનું હૃદય ખોલ્યું છે. એના ઘરની વાત કરી નથી.

અહીંયાં કહ્યું છે, છોડો નહિ, ગ્રહણ કરો. ગ્રહણની વ્યાખ્યા કરી. ગ્રહણ કરવાનો અર્થ

શું છે? જાણવું. એનો અર્થ 'અમૃતચંદ્રાચાર્ય' ભગવાન દિગંબર સંત (કરે છે). પર્યાયમાં જેટલી શુદ્ધતા અને જેટલી અશુદ્ધતા છે તે જાણેલો વ્યવહારનય પ્રયોજનવાન છે. નિશ્ચયનયની સાથે વ્યવહારને જોડવો તે પ્રમાણજ્ઞાન થયું. સમજાય છે કાંઈ? આહાહા..! મોટી ભૂલ મૂળમાં. વ્યવહાર વિના તીર્થ નામ વ્યવહારમાર્ગનો નાશ થઈ જશે. કેમકે પર્યાય નથી તો વેદાંત થઈ ગયું. અગિયારમી ગાથામાં તો એકલો શુદ્ધ ભૂતાર્થ કહ્યો હતો. એકલો શુદ્ધ.. શુદ્ધ.. શુદ્ધ. અને પર્યાયને અભૂતાર્થ કહી હતી. અવિદ્યમાન કહ્યું હતું. વિદ્યમાન નથી એ તો આશ્રય કરવા લાયક નથી એ અપેક્ષાથી અવિદ્યમાન કહ્યું હતું. પર્યાય તરીકે પર્યાય છે. તેને જાણવી. વ્યવહારનયનું જ્ઞાન કરવું તે જાણેલો પ્રયોજનાવાન કહેવામાં આવે છે.

**'અને નિશ્ચયનય વિના...'** જો તત્ત્વનો આશ્રય ન લો તો એકલી પર્યાય પર્યાય માનશે તો નિશ્ચયના આશ્રય વિના **'તત્ત્વનો નાશ થઈ જશે.'** ભગવાન જ્ઞાનમૂર્તિ સ્વરૂપ નિશ્ચય શુદ્ધનો આશ્રય ન લેવો અને પર્યાયનો આશ્રય લે તો તત્ત્વનો નાશ થઈ જશે. તારી પર્યાયમાં શુદ્ધતા ક્યાંથી આવશે? સમજાય છે કાંઈ? નિશ્ચય વિના તત્ત્વનો નાશ થશે, વ્યવહાર વિના પર્યાયનો નાશ થશે. પર્યાય નથી એમ થશે. એકને જાણીને આદરવું અને એકને જાણીને છોડવું. ભાઈ! ભગવાન! માર્ગ આવો છે, પ્રભુ! તારે શાંતિથી સમજવું જોઈએ, હોં! એમાં કોઈ વાદવિવાદથી પાર ન પડે. એવી વસ્તુ છે. અંતરની ચીજ તો અંતરથી પાર પડે એવી છે.

બે નયને અંગીકાર કરવી તો બે કેમ રહી? બે નય સાચી છે તો બે કેમ રહી? બેયનું ફળ શાંતિ હોય તો બે નય પડી કેમ? સમજાય છે કાંઈ? બે નયનો એક ભાવ હોય તો બે નય થઈ કેમ? બે નયના ભાવ ભિન્ન છે. નિશ્ચયનયનો ભાવ ધ્રુવ એકાકાર છે. વ્યવહારનયનો ભાવ વર્તમાન ભેદ પર્યાય શુદ્ધ અને અશુદ્ધ બે છે. સમજાય છે કાંઈ? વ્યવહારનું લક્ષ પર ઉપર છે, નિશ્ચયનું લક્ષ સ્વ ઉપર છે. સેઠી! આ ઝવેરાતનો ધંધો ચાલે છે. આહાહા..! આચાર્યોએ દિગંબર સંતોએ ધર્મના થાંભલા કેવળજ્ઞાનને ઊભા રાખ્યા છે. એમાં 'કુંદકુંદાચાર્ય' આદિ સંતો બધા સંતો દિગંબર સંતો એટલે ઓ..હો..હો..! એમણે ધર્મના થાંભલા કેવળજ્ઞાનને ઊભા રાખ્યા છે. એવી વાત અંતર વિના બાહ્યમાં આવતી નથી. સમજાય છે કાંઈ?

**'નિશ્ચયનય વિના તત્ત્વનો નાશ થઈ જશે.'** ભગવાન! વસ્તુ જ જ્યાં અખંડ આશ્રયમાં નહિ લે તો ક્યાંથી તને સમ્યગ્દર્શન આદિ થશે? વ્યવહાર વિના પર્યાય નહિ રહે તો એકલું તત્ત્વ શું કરે? પર્યાય તો આશ્રય કરે છે. દ્રવ્યનો આશ્રય તો પર્યાય કરે છે. સમજાય છે કાંઈ? પર્યાય નથી એમ માનો તો તત્ત્વનો આશ્રય કરનાર કોણ? નિશ્ચય ન માનો, તત્ત્વ છે એનો આશ્રય કરવો. નિશ્ચય વિના તત્ત્વ ક્યાં રહ્યું? બે નયને જાણવી. એકને જાણીને અંગીકાર કરવી, એકને જાણીને છોડવી. એ આખા શાસ્ત્રનું તાત્પર્ય છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**દ્વિતીય શ્રાવણ વદ ૯, શુક્રવાર તા. ૯-૦૯-૬૬**
**ગાથા -૧૨. પ્રવચન-૪૨**

આ 'સમયસાર' જીવ અધિકાર અને અજીવ અધિકાર ચાલે છે. એમાં અહીંયાં બારમી ગાથા ચાલી. એનો જરી ભાવાર્થ 'જયચંદ્રજી પંડિત' કરે છે. અધિકાર શું ચાલ્યો? ભાવાર્થ કેમ લખે છે? કે આ જીવ અધિકાર છે. તો વાસ્તવિક જીવ કોને કહે છે? એક સમયનો પૂર્ણ આનંદઘન શુદ્ધ જ્ઞાયકભાવ એક સ્વભાવ સ્વરૂપને અહીંયા જીવ અથવા આત્મા કહે છે. સમજાય છે કાંઈ? શરીર, વાણી, કર્મ તો આત્મા નથી. એ તો સીધી વાત છે. અને અંદર પુણ્ય અને પાપ શુભ-અશુભભાવ થાય છે એ પણ આસ્રવ, મલિન, અશુચિ, દુઃખરૂપ, અચેતન ભાવ છે. સમજાય છે કાંઈ? આત્માની પર્યાયમાં પરલક્ષી જેટલા શુભ અને અશુભભાવ થાય છે તે અશુચિ છે, મેલ છે, દુઃખરૂપ છે, અચેતન છે, જડ છે. કેમકે નિજ ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપના પ્રકાશનો અંશ ઈ રાગમાં, શુભાશુભમાં નથી. સમજાય છે કાંઈ? તો એ પોતાનો શુદ્ધ જ્ઞાયક ચૈતન્ય, જેનું લક્ષ કરવાથી, જેનો આશ્રય કરવાથી, જેનું અંતરમાં અવલંબન લેવાથી અર્થાત્ જ્ઞાયક સ્વભાવને દૃષ્ટિમાં ધ્યેય બનાવવાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સ્વભાવના આશ્રયે ઉત્પન્ન થાય છે. એવા ત્રિકાળી સ્વભાવને અહીંયાં આત્મા અથવા જીવ કહેવામાં આવ્યો છે. સમજાય છે કાંઈ?

એ જીવ તેનો અંતર આશ્રય કરી, નિશ્ચય તત્ત્વનો પરમાર્થ ભગવાન આત્મા પોતાના પૂર્ણાનંદ સ્વરૂપને વર્તમાન દૃષ્ટિ, જ્ઞાન એને ધ્યેય અને જ્ઞેય બનાવી, વસ્તુ પૂર્ણાનંદ શુદ્ધ ધ્રુવને ધ્યેય, શ્રદ્ધાથી ધ્યેય, જ્ઞાનથી જ્ઞેય... સમજાય છે કાંઈ? બહુ ઝીણું. બનાવી જે સમ્યગ્દર્શન જ્ઞાન થયા તો સાથે સ્વરૂપાચરણ સ્થિરતાનો અંશ (પણ પ્રગટ થયો.) રાત્રે પ્રશ્ન હતો કે એ તો સમ્યગ્દર્શન છે. એમાં અનંત ગુણના અંશ પ્રગટ ક્યાંથી થયા? રાત્રે કોઈનો એવો પ્રશ્ન હતો. સમજાય છે કાંઈ?

ભગવાન! તારી ચીજમાં તો અનંત અનંત શુદ્ધ સત્તા સ્વભાવ અનંત ગુણ પડ્યા છે. તો અનંત ગુણનું એકરૂપ એવું દ્રવ્ય-વસ્તુની દૃષ્ટિ કરવાથી બધા ગુણ એની પ્રતીતમાં આવી ગયા. બધા ગુણનો ધરનાર ધ્રુવ દ્રવ્ય પ્રતીતમાં આવ્યું તો અનંતા ગુણ પણ જે પ્રતીતમાં અનંત કાળમાં નહોતા તે પ્રતીતમાં અભેદમાં આવી ગયા. અનંત ગુણરૂપ એક પદાર્થની પ્રતીત કરવાથી અનંત ગુણ જેટલા છે તે બધી શક્તિનો અંશ પ્રગટ ન થાય તો દ્રવ્યદૃષ્ટિ થઈ જ નથી. સમજાય છે કાંઈ? સમજાય છે કે નહિ? લાલચંદજી! આહાહા..! એકરૂપ પૂર્ણાનંદ પ્રભુમાં અનંત ગુણના કિરણ, અનંત ગુણ કિરણ એક સ્વરૂપ સૂર્ય, એક સ્વરૂપ અનંતમાં જે અનંત ગુણ કિરણ પડ્યા છે એવો આખો આત્મા અંતર્મુખ શ્રદ્ધાનો

વિષય બનાવીને ધ્રુવનો આશ્રય લીધો તો ધ્રુવમાં જેટલા ગુણ છે તેટલા ગુણની એક સમયના શ્રદ્ધા, જ્ઞાન સાથે અનંતા ગુણો શાંતિ, આનંદ, શાંતિ શબ્દે સ્વરૂપાચરણ, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા પોતાના સ્વરૂપની વીર્યની રચના, શુદ્ધ સ્વભાવનો જે વીર્ય ગુણ છે તે શુદ્ધ સ્વભાવની રચના કરે છે. અનંત ગુણની વર્તમાન નિર્મળ (પર્યાયની) રચના કરે છે એવું વીર્ય પણ પંડિત થઈ ગયું. સમ્યગ્દર્શનના ભાનમાં એ વીર્ય પણ પંડિત થઈ ગયું. જે રાગની રચના પર્યાયમાં અનાદિથી કરતું હતું તે સ્વરૂપ એક સમયનો ભગવાન આત્મા દૃષ્ટિમાં, ધ્યેયમાં, લક્ષમાં લેવાથી સ્થિર થવાથી વીર્ય શુદ્ધ સ્વભાવની વર્તમાન અનંત ગુણની નિર્મળ પર્યાયની રચના કરે તેને વીર્ય કહે છે. સમજાય છે કાંઈ? એક જ ગુણની સમ્યક્ રચના કરે એમ નહિ. કેમકે ભગવાન આત્મા એક સમયમાં અનંત ગુણમાં વિભુ છે. વિભુ સમજ્યા? સર્વમાં વ્યાપક. એક ગુણ બીજા સર્વ ગુણમાં વ્યાપક છે.

એક ગુણ છે ત્યાં સર્વ ગુણ વ્યાપક છે. જો સર્વ ગુણ વ્યાપક છે તો સર્વ ગુણનું સ્વરૂપ ધરનાર આત્મા તેનું જ્યાં ભાન થયું તો સર્વ ગુણની પર્યાય વ્યાપક પર્યાયમાં પણ અંશરૂપ સર્વનું પરિણમન થઈ ગયું. સમજાય છે કાંઈ? આહાહા..! આ તો રાત્રે પ્રશ્ન થયો હતો કે એકલું સમકિત છે, સમકિત છે. એકલું નથી. સમજાય છે કાંઈ? ભાઈ! એને અંતરની પુંજી... પુંજી કહે છે ને? નિધાન.. નિધાન.. એનું કદી માહાત્મ્ય આવ્યું નહિ. એણે નિમિત્તનું માહાત્મ્ય (કર્યું). સંહનન આવું હોય ને મનુષ્યદેહ આવો હોય ને શુભરાગ આવો હોય ને ધૂળ આવી હોય. એનું માહાત્મ્ય જેનું કરવા લાયક નથી તેનું માહાત્મ્ય કર્યું. જેનું કરવા લાયક છે તેને છોડી દીધો. સમજાય છે કાંઈ?

મહાપ્રભુ ચૈતન્ય અનંત ગુણમાં વિભુ નામનો એક ગુણ ભગવાન વર્ણવે છે. સમજાય છે કાંઈ? આ તો અનંત ગુણની પ્રગટ કેમ થાય છે એનો ઉત્તર આવે છે. ભગવાન આત્મા એક સમયમાં આબાળગોપાળ દેહમાં બિરાજમાન પૂર્ણાનંદનો નાથ પ્રભુમાં એક વિભુ નામનો ગુણ છે. જેમ જ્ઞાન, દર્શન, આનંદ ગુણ છે એમાં એક વિભુ નામનો ગુણ છે. તો સર્વ ગુણ વ્યાપક એકસાથે રહે છે. જ્યારે આત્મા શુદ્ધ જ્ઞાયકનું ભાન થયું તો એ વિભુ દ્રવ્યમાં વ્યાપક છે, ગુણમાં વ્યાપક છે... ભાઈ! એમ કહેવું છે. સાંભળો! આત્મામાં એક વિભુ ગુણ એવો છે કે સર્વ ગુણમાં વ્યાપક છે. એવો ગુણ છે તો જ્યારે ગુણીનું સમ્યક્ ભાન થયું તો વિભુ નામનો ગુણ ત્રણેમાં પરિણમી ગયો (-વ્યાપી ગયો). વિભુ નામનો ગુણ દ્રવ્યમાં છે, ગુણમાં છે. દૃષ્ટિ થઈ તો પર્યાયમાં પણ વિભુગુણ વ્યાપક થઈ ગયો. તો જેટલા ગુણ છે તેટલી પર્યાયની પ્રગટતાના અંશમાં વિભુગુણ પણ વ્યાપક થઈ ગયો. આહાહા..! સમજાય છે કાંઈ?

દુનિયા કહે છે કે વિભુ એટલે ક્ષેત્રથી સર્વવ્યાપક. એમ નહિ. સમજાય છે કાંઈ? એક આત્મા સર્વવ્યાપક વેદાંત કહે છે એમ છે જ નહિ. કેમ નથી? એ સિદ્ધાંત છે કે અંતરમાં

આત્મામાં એકાગ્ર થવું હોય તો આમ એકાગ્ર થાય છે. આમ એકાગ્ર નથી થતો. તો જેટલા ક્ષેત્રમાં એ મોજૂદ છે એટલા ક્ષેત્રમાં એ એકાગ્રતા કરે છે. સમજાય છે કાંઈ? નરશીભાઈ! સમજાય છે કે નહિ આમાં? આ વેદાંતથી જુદું શું છે. પાછા બીજા કહે, આ તો વેદાંત જેવી વાત છે. વેદાંતમાં આવું છે જ નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો એમ ને એમ હજી નિર્ણય કર્યા વિના.. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા આટલા ક્ષેત્રમાં અને જેટલામાં બધા અનંત ગુણ છે તેટલામાં અંતર એકાગ્ર થાય છે. એનો અર્થ એ થયો કે એકાગ્રતા જેમાં કરે છે અહીંયાં, તેટલા ક્ષેત્રમાં અનંત ગુણ રહે છે. શરીર, વાણીમાં એ ગુણ વ્યાપતા નથી. શરીર, વાણીને એ સ્પર્શ જ નથી કરતા. ભગવાન આત્મા આમ એકાગ્ર થાય છે. એક અગ્ર. એકને અગ્ર નામ મુખ્ય કરીને એકાગ્ર થાય. એકને અગ્ર નામ મુખ્ય કરીને એકાગ્ર થાય તો અહીંયાં ઈ દેખાય છે કે આટલા ક્ષેત્રમાં જ તે છે. અને આટલા ક્ષેત્રમાં અનંત ગુણ છે. તો આટલા ક્ષેત્રમાં વિભુ નામનો ગુણ સર્વ ગુણમાં વ્યાપક છે. એટલા ક્ષેત્રમાં જ્યારે એકાગ્ર થયો, એકને મુખ્ય કરીને એકાગ્ર થયો તો બધા ગુણ એની પર્યાયમાં નિર્મળ થઈને આંશિક પ્રગટ થયા, વિભુ ગુણને કારણે. સમજાય છે કાંઈ? આહાહા..! એક ગુણ પરિણમનમાં શુદ્ધ થાય અને બીજા કોઈ અંશે શુદ્ધ ન થાય તો વિભુ નામનો ગુણ જ સિદ્ધ નથી થતો. સેઠી! સમજાય છે કાંઈ? અરે..! આત્માની પ્રતીત કરો, પ્રતીત કરો. પણ આત્મા શું છે? કોની પ્રતીત? એ પ્રતીત એવી નથી કે આમ ને આમ માનો. એ તો અનુભવ કરીને પ્રતીત કરવી.

અંતર ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્યધાતુ અનંત ગુણનો રાશિ-પુંજ, એને ધ્યેય બનાવીને જ્યારે પર્યાયમાં સમ્યગ્દર્શન દશા થઈ તો તે સમયે અનંત ગુણમાં વિભુ વ્યાપક ગુણ છે તો એક ગુણમાં અનંત ગુણ છે તો પર્યાયમાં જ્યારે સમ્યગ્દર્શન, જ્ઞાન પ્રગટ થયા તો અનંત ગુણની એક સમયની વ્યક્તતા અંશ વ્યાપક થઈને વિભુ નામનો ગુણ દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં વ્યાપી ગયો. સમજાય છે કાંઈ? ભારે વાત, ભાઈ! પાટનીજી!

હવે કહે છે કે જ્યારે આમ થયું તો કોઈ પર્યાયમાં પર્યાયમાં ઓછપ છે કે નહિ? રાગ છે કે નહિ? કે પૂર્ણ થઈ ગયો? પૂર્ણ સ્વરૂપનો તો આશ્રય લીધો. સમજાય છે કાંઈ? પણ આશ્રય લીધો એમાં પૂર્ણ આશ્રય લીધો છે કે ઓછો આશ્રય છે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- મારે બીજું કહેવું છે. અપૂર્ણ આશ્રય છે હજી. પૂર્ણનો આશ્રય પણ અપૂર્ણ આશ્રય છે. સમજાય છે કાંઈ? સોમલચંદજી! સમજાણું?

ભગવાન! એક સમયમાં અનંત ગુણ વ્યાપક સ્વરૂપ પ્રભુ (બિરાજે છે). એ પૂર્ણનો આશ્રય લીધો પણ આશ્રય હજી પૂર્ણ થયો નથી. પૂર્ણ દ્રવ્યનો આશ્રય લીધો પણ પૂર્ણ

આશ્રય જો થઈ જાય તો કેવળજ્ઞાન થઈ જાય. સમજાય છે કાંઈ? પહેલા તો કહ્યું કે પૂર્ણનો આશ્રય લીધો. પણ કેટલો આશ્રય લીધો? જેટલું સમ્યગ્દર્શન આદિ અનંત ગુણની વ્યક્તતા અંશનું પરિણમન થયું તેટલો આશ્રય લીધો. આશ્રય પૂર્ણનો છે પણ હજી પૂર્ણ આશ્રય નથી. પૂર્ણનો આશ્રય છે પણ પૂર્ણ આશ્રય નથી. લાલચંદજી! ભગવાન! એ બારમી ગાથામાં કહે છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આત્માની યોગ્યતા વિના કઈ રીતે સમજાય? સેઠી! અમારા નાના સેઠી તો અહીંયાં પડ્યા રહે છે. આહાહા..! સાંભળો! આ વસ્તુસ્થિતિ એવી છે. આ કોઈ બની બનાવેલી કલ્પના નથી. વસ્તુ જ એવી છે. ભગવાન સર્વજ્ઞે જેવી ચીજ છે એવી જોઈ, જોઈ એવી કહી, કહી એવી છે. સમજાય છે કાંઈ? સર્વજ્ઞે કંઈ કોઈ વસ્તુ બનાવી નથી.

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ પ્રભુ, એ પૂર્ણનો આશ્રય લીધો, ધ્યેય બનાવ્યો, જ્ઞેય કર્યો, અવલંબન લીધું તો સમ્યગ્દર્શન, જ્ઞાન આદિ બધા ગુણનો અંશ પ્રગટ થયો. પણ પૂર્ણ આશ્રય નથી ત્યાં સુધી અંદર અપૂર્ણ દશા પર્યાયમાં છે. આ લોજીકથી-ન્યાયથી તો વાત ચાલે છે. આ કંઈ ઘચડપચડની વાત નથી. ન્યાયમાર્ગ ભગવાનનો છે. સમજાય છે કાંઈ? તો પૂર્ણનો પૂર્ણ આશ્રય ન લીધો તેટલી પર્યાયમાં અશુદ્ધતા, રાગાદિ, અલ્પ શુદ્ધતા, રાગાદિનો ભાવ મોજૂદ છે. સમજાય છે કાંઈ? તો બારમી ગાથામાં કહ્યું કે એ વ્યવહારનય જાણેલો પ્રયોજનવાન છે. જેટલો પૂર્ણનો આશ્રય ઓછો છે તેટલી પર્યાયમાં શુદ્ધિ ઓછી છે. જેટલી શુદ્ધિ ઓછી છે તો સાથે અશુદ્ધતા પણ છે. સાધકભાવ હજી પૂરો નથી થયો તો બાધકભાવ રાગાદિ, શુભજોગ આદિ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે કે, ભગવાન પૂર્ણ પ્રભુનો આશ્રય લઈને સમ્યગ્દર્શન, જ્ઞાન, સ્વરૂપાચરણ, આનંદનો અંશ, શાંતિ-ચારિત્ર, સ્વરૂપાચરણમાં શાંતિ, શાંતિનો અંશ પણ આવ્યો, આનંદનો અંશ આવ્યો, સ્વચ્છતાનો અંશ આવ્યો, પ્રભુતાનો આવ્યો. સર્વ ગુણમાં કોઈ ગુણ જુદો નથી રહેતો. તો પરિણમનમાં પણ બધા ગુણો એકસાથે (પરિણમે છે). ગુણ પરિણમે છે તો પર્યાય પરિણમે છે એમ નહિ. દ્રવ્ય પરિણમે છે તો પર્યાય પરિણમે છે, એમ છે. સમજાય છે કાંઈ? ગુણ કોઈ જુદો નથી. આખું દ્રવ્ય પરિણમે છે. 'પ્રવચનસાર'માં છે ને? ભાઈ! દ્રવ્ય પરિણમે છે એવો પાઠ છે. એનો હેતુ છે. ગુણ એકલો જુદો ક્યાંથી પરિણમે? સમજાય છે કાંઈ? 'પ્રવચનસાર'માં (છે). દ્રવ્ય આખું એક સ્વરૂપની દૃષ્ટિ થઈ તો આખું દ્રવ્ય પરિણમ્યું. આખું દ્રવ્ય (પરિણમતા) વર્તમાન પર્યાયમાં સમ્યગ્દર્શન, જ્ઞાન આદિ અનંત ગુણની પર્યાય અંશે શુદ્ધરૂપે થઈ. તો અંશે અશુદ્ધરૂપે પણ રહ્યા. બસ, એને જાણવું એનું નામ વ્યવહારનય છે. સમજાય છે કાંઈ? સેઠી! આ માટે આ બારમી ગાથા છે.

બારમી ગાથામાં એમ નથી કે રાગ આવ્યો તે આદરણીય છે કે અલ્પ અશુદ્ધતા છે

અને અલ્પ શુદ્ધતા છે એ આશ્રય કરવાલાયક છે એમ અહીંયાં નથી કહેવું. આશ્રય તો જે ત્રિકાળ છે તેનો જ કાયમ આશ્રય લેવો. સમ્યગ્દૃષ્ટિનું નિરંતર ધ્યેય દ્રવ્ય ઉપરના લક્ષથી મુખ્યમાં નિશ્ચયનું લક્ષ કદી છૂટતું નથી. સમ્યગ્દૃષ્ટિનું લક્ષ મુખ્ય એવો નિશ્ચય ત્રિકાળ ધ્રુવ તેની રુચિ કદી છૂટતી નથી. કદી દૃષ્ટિમાં પર્યાય આવી જાય, મુખ્ય થઈ જાય અને દ્રવ્ય ગૌણ થઈ જાય એવું કદી સમ્યગ્દૃષ્ટિને થતું નથી. સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિને શુભરાગ મુખ્ય થઈ જાય અને દ્રવ્યનું ધ્યેય ગૌણ થઈ જાય, (એમ) કહે છે ને લોકો? જેમ ત્રિકાળ દ્રવ્ય ભૂતાર્થ છે તો એ અપેક્ષાથી પર્યાય અસત્યાર્થ અભૂતાર્થ છે. તો અમે કહીએ છીએ કે પર્યાયથી પર્યાય ભૂતાર્થ છે અને પર્યાયની અપેક્ષાથી દ્રવ્ય અભૂતાર્થ છે. એમ કહે છે. રાજમલજી! એ વકીલ બધા એવા કાયદા કાઢે. સમજાય છે કાંઈ? છાપામાં આવ્યું છે, છાપામાં આવી ગયું છે. પુસ્તક પણ અહીંયાં છે. જ્યારે તમે એમ કહો, ભગવાને એમ કહ્યું કે દ્રવ્ય ભૂતાર્થ છે. વસ્તુ સત્યાર્થ છે, પર્યાય અસત્યાર્થ છે. તો ત્રિકાળની અપેક્ષાથી પર્યાય અભૂતાર્થ અસત્યાર્થ બરાબર છે. પણ પર્યાય જ્યારે સત્ય છે તો પર્યાય સત્યાર્થ છે તે અપેક્ષાથી દ્રવ્ય અસત્યાર્થ છે. અરે.. ભગવાન! એવું કદી નથી થતું. અરે..! આહાહા..! પાટનીજી! અનેકાંત કર્યું એણે. અનેકાંત. આહા..! ભાઈ! એમ અનેકાંત ન હોય.

ભગવાન આત્મા દ્રવ્ય શુદ્ધ ચૈતન્યની મુખ્ય દૃષ્ટિ તો કદી ખસતી નથી. અને જો મુખ્યની દૃષ્ટિ ગઈ અને પર્યાય, રાગ ઉપર દૃષ્ટિ થઈ તો સમ્યગ્દર્શન રહેતું નથી. સમજાય છે કાંઈ? પર્યાયદૃષ્ટિ એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? રામસ્વરૂપજી! સમજાણું? મોટી વાત છે, ભાઈ! મૂળ સમ્યગ્દર્શનની વાત જ સૂક્ષ્મ છે. ક્યાં ગયા આપણા બનારસીદાસજી! બહાર બેઠા છે? સમજાય છે કાંઈ? મોડા આવ્યા. થોડા મોડા આવ્યા. સમજાણું? જુઓ! વિષય કેવો નીકળી ગયો. ક્યાંથી ક્યાં આવ્યું! આહાહા..!

અહીં તો ૧૨મી ગાથામાં પર્યાયને વ્યવહારનયથી જાણવું કહ્યું એનું પ્રયોજન સિદ્ધ કરવા આ સ્પષ્ટીકરણ છે. સમજાય છે કાંઈ? કોઈ એમ કહે કે જુઓ! જાણવામાં પર્યાયને ગૌણ કરીને દ્રવ્યને મુખ્ય કર્યું. તો કોઈ વખતે દ્રવ્યને ગૌણ કરીને પર્યાયને મુખ્ય કરવી. એ જાણવાની અપેક્ષા જુદી છે. જાણવાની અપેક્ષા જુદી, કથનની અપેક્ષા જુદી. શ્રદ્ધાની અપેક્ષા બીજી છે. સમજાય છે કાંઈ? શ્રદ્ધાની અપેક્ષામાં તો જે ત્રિકાળ મુખ્ય વસ્તુ છે તે જ નિશ્ચય કદી શ્રદ્ધા-જ્ઞાનમાંથી ખસતી નથી. અને મુખ્યની નિશ્ચય દૃષ્ટિ ખસી જાય તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. સમજાય છે કાંઈ? માટે ત્રિકાળ ભગવાન આત્મા સત્યાર્થ છે તે અપેક્ષાથી પર્યાય અસત્યાર્થ કહી. તો પર્યાય સત્યાર્થ છે એ અપેક્ષાથી દ્રવ્ય અસત્યાર્થ થઈ જાય છે એમ કદી બનતું નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પણ દ્રવ્ય અસત્યાર્થ ક્યાંથી થયું? દ્રવ્ય છે જ નહિ? આશ્રય કરવાલાયક

ચીજ રહી નહિ?

અહીંયાં તો એટલું સિદ્ધ કરવું છે.. એ તો ચૌદમી ગાથામાં પણ સિદ્ધ કર્યું છે– ભૂતાર્થ. વ્યવહારનયથી ભૂતાર્થ છે. સમજ્યાને? ચૌદમાં તો સ્પષ્ટ ભૂતાર્થ છે. તેરમામાં નવ તત્ત્વ ભૂતાર્થ છે. નય, નિક્ષેપ, પ્રમાણથી વિચાર કરવા એ ભૂતાર્થ છે. પણ અંતર સ્વરૂપમાં એકાગ્ર થવાથી તે નય, નિક્ષેપ, પ્રમાણના બધા વિચાર અભૂતાર્થ છે. પણ પાછું એમ નથી કે નય, નિક્ષેપ, પ્રમાણ ભૂતાર્થ છે તે અપેક્ષાથી ત્રિકાળ દ્રવ્ય અભૂતાર્થ છે. સમજાય છે કાંઈ? ભારે ઝઘડા, ભાઈ! મૂળ ચીજની ખબર નહિ ને. એ ચીજનું મૂળ મધ્ય શું છે, અંદર મધ્ય ધ્રુવ શું છે એની ખબર વિના બધી વાત કરે તો શાસ્ત્રના અર્થ પણ ઊંધા કરે.

કહે છે કે ભગવાન આત્મા પોતાના દ્રવ્ય સ્વરૂપનું ધ્યેય, રુચિનું પરિણમન કદી છૂટતું નથી. અને પર્યાયની મુખ્યતા સમ્યગ્દૃષ્ટિને કદી થતી નથી. ચોથા ગુણસ્થાનથી, હોં! અમરચંદજી! ધ્યેય પકડ્યું, આશ્રય લીધો પૂર્ણ આશ્રય નથી કર્યો તો પર્યાયમાં શુદ્ધતાની અલ્પતા રહી અને શુદ્ધતાની કમી છે તો અશુદ્ધતા થાય છે. શુભરાગ સાથે થાય છે. સમ્યગ્દૃષ્ટિને પણ પૂજાનો, ભક્તિનો, પ્રભાવનાનો એવો રાગ આવે છે. પંચમ ગુણસ્થાનવાળાને પણ બાર વ્રતનો વિકલ્પ, ભક્તિ, પૂજા, દાન, ષટ્ કર્મ નથી આવતા? દેવદર્શન, ગુરુ પૂજા એવો શુભભાવ પંચમ ગુણસ્થાનમાં ધ્યેયને મુખ્ય રાખ્યું છે, દૃષ્ટિનો વિષય ધ્યેય કદી છૂટતો નથી. પણ પર્યાયમાં આવો ષટ્ કર્મનો ભાવ આવે છે તે જાણેલો પ્રયોજનવાન છે. જાણવું જોઈએ કે આટલું શુભ છે, આટલી અશુદ્ધતા છે અને આટલી શુદ્ધતાની અલ્પતા છે. એમ જાણેલો, આદરેલો એમ નહિ. ચરણાનુયોગના કથન આવે કે તમે વ્યવહાર કરો. એમ પણ આવે. સમજાય છે કાંઈ? કરો. પણ નિશ્ચયમાં એ કરવું એમ નથી આવતું. એનો અર્થ એમ નથી. એનો અર્થ એમ છે કે પોતાની પર્યાયમાં અશુદ્ધતા છે, શુદ્ધતા ઓછી છે તો એવો ભાવ આવ્યા વિના રહેતા નથી. આવે છે એને કરો એમ વ્યવહારનય ચરણાનુયોગમાં કહે છે. સમજાય છે કાંઈ? એ ખુલાસો થયો.

એક તો દ્રવ્યની દૃષ્ટિ થઈ તો એક જ ગુણની પર્યાય પ્રગટ થઈ એમ નહિ. વ્યાપક છે માટે. બીજું, દ્રવ્યને ભૂતાર્થ કહ્યું તો પર્યાયને અભૂતાર્થ કહી. તો પર્યાયને ભૂતાર્થ કહો તો દ્રવ્ય અભૂતાર્થ થઈ જાય એમ નથી. સમજાય છે કાંઈ? તેર, ચૌદ, પંદર બધે લીધું છે. કર્મનો સંબંધ છે, કર્મનો સંબંધ છે એ વ્યવહાનયથી નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે તે ભૂતાર્થ છે. છે. જળનો દૃષ્ટાંત લીધો ને? જળ. જળમાં કમલિનીનું પત્ર પડ્યું છે. કમલિનીનું પત્ર આમ જળથી જુઓ તો સંબંધ છે એમ દેખાય છે. એમ છે. પણ કમલિની પત્રના સ્વભાવથી જુઓ તો જળને એ કદી અડ્યું જ નથી. સમજાય છે કાંઈ? એમ ભગવાન આત્મા કર્મના નિમિત્તના સંબંધથી બંધપર્યાયથી જુઓ તો છે, નિમિત્ત બંધ છે. પર્યાયનું

લક્ષ પરમાં છે એટલું છે. છે એટલું. પણ એ લક્ષ છોડી દો, એકલો અબદ્ધસ્પૃષ્ટ જ્ઞાયકમૂર્તિ શુદ્ધ ધ્રુવ ચૈતન્ય જેના સ્વરૂપમાં ભાવબંધ અને દ્રવ્યબંધ છે જ નહિ. જેનો સ્વભાવ સ્વભાવ સ્વભાવ જુઓ તો સ્વભાવ કદી વિપરીત થયો નથી, અપૂર્ણ રહ્યો નથી. અપૂર્ણ થયો નથી, વિપરીત થયો નથી. એકરૂપ અબદ્ધસ્પૃષ્ટ છે એવી દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાય છે કાંઈ?

નારકી, મનુષ્ય આદિ ગતિ જુઓ તો અન્ય અન્ય છે. ગતિ પણ અન્ય અન્ય છે. અન્ય અન્ય ગતિની અપેક્ષાથી (જુઓ તો) ભૂતાર્થ છે. પણ અનન્ય સ્વભાવ ગતિની પર્યાય સિવાય એકાકાર આત્માને જુઓ તો અન્ય અન્યપણું છે નહિ, અનન્યપણું છે. સમજાય છે કાંઈ? એમ પર્યાયમાં જુઓ, પર્યાયમાં, તો અનિયત પર્યાય અનેક પ્રકારની અવસ્થા ષટ્ ગુણ હાનિવૃદ્ધિ આદિ પર્યાયમાં દેખાય છે અનેક પર્યાય. તે અપેક્ષાથી છે. પણ સ્વભાવની દૃષ્ટિથી જુઓ તો અનિયતપણું છે જ નહિ. નિયત જ છે. એ ભૂતાર્થ જ છે. અભૂતાર્થ નથી.

એમ ગુણભેદથી જુઓ ભગવાન વિશેષથી જુઓ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ આદિ વિશેષ પ્રકાર છે. વ્યવહારનયથી એ છે. સ્વભાવની દૃષ્ટિ સામાન્યને જોવાથી વિશેષ નથી. અભૂતાર્થ છે. સમજાય છે કાંઈ? પર્યાયમાં જુઓ તો દુઃખ છે. જેમ પાણી–જળમાં અગ્નિના નિમિત્તથી ઉષ્ણતા છે. પણ સ્વભાવની દૃષ્ટિથી જુઓ તો ઉષ્ણતા–ફુષ્ણતા નથી. સમજાય છે કાંઈ? એમ ભગવાન આત્માની વર્તમાન પર્યાયનું લક્ષ કરો તો રાગ–દ્વેષ દુઃખ છે, દુઃખ છે. સ્વભાવની દૃષ્ટિથી જુઓ તો એમાં દુઃખ–બુખ છે જ નહિ. સમજાય છે કાંઈ?

આવો આત્મા પહેલા અનુભવમાં આવ્યો તો પર્યાયમાં અશુદ્ધતા છે તેને બરાબર જાણવી તેનું નામ વ્યવહાર છે. એ વ્યવહારનયનો ખુલાસો કરવા ભાવાર્થમાં થોડું 'જયચંદ્રજી પંડિત' લખે છે. સમજાય છે કાંઈ? જુઓ!

**ભાવાર્થ :– 'લોકમાં...'** પહેલા દૃષ્ટાંત આપે છે. **'સોનાના સોળ વાલ પ્રસિદ્ધ છે.'** સોનાના સોળ વલો તાપ આપે છે તો સોળ વલું સો ટચનું સોનું થઈ જાય છે. સુવર્ણ. **'પંદર વલા સુધી તેમાં ચૂરી આદિ પરસંયોગની કાલિમા રહે છે...'** પંદર વલું હોય ત્યાં સુધી ચૂરી–મેલ રહે છે. તાંબુ આદિનો થોડો ભાગ રહે છે. સમજ્યા? તાંબાનો ભાગ હોય ને? સોળ વલું થઈ જાય તો પૂર્ણ થઈ ગયું. પંદર વલામાં થોડું તાંબા આદિનો ચૂરીનો ભાગ રહે છે. સંયોગ, સંયોગ, સંયોગનો ભાવ અંદર રહે છે. **'તેથી અશુદ્ધ કહેવાય છે;...'** પંદર વલા સુધી સોનાને અશુદ્ધ કહે છે. **'અને તાપ દેતાં દેતાં છેલ્લા તાપથી ઊતરે...'** અગ્નિનો તાપ આપે ને? દેતાં દેતાં છેલ્લું સોળ વલું થઈ જાય તો સોની ઢાળી દે. **'છેલ્લા તાપથી ઊતરે ત્યારે સોળ વલું શુદ્ધ સુવર્ણ કહેવાય છે.'** એ તો સો ટચ થઈ ગયું. ખલાસ. જેવું પૂર્ણ શુદ્ધ છે તેવી પર્યાય પણ શુદ્ધ થઈ ગઈ.

**'જે જીવોને સોળ-વલા સોનાનું જ્ઞાન, શ્રદ્ધાન તથા પ્રાપ્તિ થઈ તેમને પંદર-વલા સુધીનું કાંઈ પ્રયોજનવાન નથી...'** સોળ વલું થઈ ગયું પછી પંદર વલું નથી, ભાઈ! એટલે પ્રયોજન નથી એમ કહે છે. સોળ વલુ થઈ ગયું પછી પંદર વલું રહ્યું ક્યાં? પૂનમ થઈ ગયા પછી ચૌદસ રહી ક્યાં? સમજાય છે કાંઈ? **'પંદર-વલા સુધીનું કાંઈ પ્રયોજનવાન નથી અને જેમને સોળ-વલા શુદ્ધ સોનાની પ્રાપ્તિ નથી થઈ તેમને ત્યાં સુધી પંદર-વલા સુધીનું પણ પ્રયોજનવાન છે.'** કે આ હજી પંદર વલુ છે. સોળ વલુ થયું નથી. એમ જાણવું પ્રયોજનવાન છે. પંદર વલાને સોળ વલું માની લે તો આગળ શુદ્ધ કરવાનો પ્રયોગ રહેતો નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પ્રયોજનવાન જાણવાલાયક. ચરણાનુયોગની કથનથી એ કથન છે. દ્રવ્યાનુયોગની કથની એ છે પર્યાયમાં આવી અશુદ્ધતા રહે છે તેને જાણવી તેનું નામ દ્રવ્યાનુયોગથી વ્યવહારનય જાણી કહેવામાં આવી છે. ચરણાનુયોગમાં એમ છે કે.. જુઓ! અહીં આવશે, **'જેમને સોળ-વલા શુદ્ધ સોનાની પ્રાપ્તિ નથી થઈ તેમને ત્યાં સુધી પંદર-વલા સુધીનું પણ પ્રયોજનવાન છે.'** એટલે પંદર વલા સુધી જાણવું કે આ પંદર વલું છે, સોળ વલું નથી. સુવર્ણ છે. સુવર્ણ તો પૂર્ણ શુદ્ધ છે. પણ સુવર્ણ છે, હોં! કથિર નહિ. સુવર્ણ પૂર્ણ છે. પણ પર્યાયમાં સોળ વલું પૂરું ન થયું, પંદર વલું, ચૌદ વલુ છે ત્યાં સુધી અશુદ્ધતા છે. સમજાય છે કાંઈ? પ્રયોજનવાન છે. ત્યાં સુધી પંદર વલું જાણેલું પ્રયોજનવાન છે. પંદર વલું છે, સોળ વલું નથી.

**'એવી રીતે આ જીવ નામનો પદાર્થ છે...'** ભગવાન આત્મા જો કે **'પુદ્ગલના સંયોગથી...'** જુઓ! કર્મના સંગમાં **'અશુદ્ધ અનેકરૂપ થઈ રહ્યો છે.'** કર્મના સંગમાં, કર્મથી નહિ. સમજાય છે કાંઈ? ચૂરી એટલે આત્મા પોતે નિમિત્તને વશ થઈને, નિમિત્તને વશ થઈને. નિમિત્ત વશ કરતું નથી. એની પર્યાયનો એક ધર્મ છે. ૪૭ નય વર્ણવી છે. 'પ્રવચનસાર'માં ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય'. સમજાય છે કાંઈ? નથી 'પ્રવચનસાર'? 'પ્રવચનસાર'માં સાધકજીવની ૪૭ નય સમકિતીની વર્ણવી છે, હોં! એમાં એક (નય) એવી લીધી છે, જુઓ! ઈશ્વર (નય). **'આત્મદ્રવ્ય ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે.'** ૩૪મી નય છે. શું કહે છે? ભગવાન આત્મા.. જુઓ! આ બારમી ગાથા સાથે મિંઢવણી થાય છે. ભગવાન આત્મા.. શુદ્ધ સોનું તો છે, સોનું નામ પૂર્ણ શુદ્ધની દૃષ્ટિ તો થઈ છે. સમજાય છે કાંઈ? પણ પર્યાયમાં અશુદ્ધતા રહી છે તે કેમ રહી છે? કે **'ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે, ધાવની દુકાને ધવડાવવામાં આવતા મુસાફરના બાળકની માફક.'** બાળકનું દૃષ્ટાંત આપ્યું ને? બાળક હોય ને. મુસાફર કોઈ એવી બાઈ હોય. તો દૂધની જરૂર ઊભી થઈ અને એને દૂધ (ન આવતું હોય) તો ધાવની દુકાને આપે કે આને ધવડાવો.

એમ ભગવાન આત્મા પોતાની પર્યાયમાં પૂર્ણ શુદ્ધતા નથી તો પર્યાયમાં નિમિત્તાધીન અશુદ્ધતા થવાનો પર્યાયનો ધર્મ છે. ગુણ ધર્મ નહિ. એનો ક્ષણિક ધર્મ છે એમ ભગવાન 'અમૃતચંદ્રાચાર્યે' ૪૭ નયમાં કહ્યું છે. પરને વશ થાય છે તો ઈશ્વરનય એમાં છે. અર્થાત્ પરાધીન થવાનો પોતાની પર્યાયમાં ધર્મ છે. પર પરાધીન કરે છે એમ નહિ. ધન્નાલાલજી! આહાહા..! તેમ ગુણ ધર્મ નથી. ગુણ એવો પરાધીન હોય તો તો કદી પરાધીનતા છૂટે નહિ. એક સમયની અવસ્થામાં ગણધરદેવ પણ ચાર જ્ઞાન ચૌદ પૂર્વ જેમણે અંતર્મુહૂર્તમાં રચ્યા એ ગણધરદેવ પણ ધ્રુવની દૃષ્ટિમાં એકાકાર થવાથી દર્શન, જ્ઞાન, ચારિત્ર થયા પણ પોતામાં જ્યારે પંચ મહાવ્રત આદિ વિકલ્પ જે છે તે વિકલ્પને એમ જાણે છે કે ઈશ્વરનય, હું પરને આધીન થયો છું તો મારી પર્યાયમાં એટલી મલિનતા છે. એમ ગણધરદેવ શ્રુતજ્ઞાનથી પરાધીનતાની પર્યાયમાં પોતાથી પોતામાં છે એમ જાણે છે. સમજાય છે કાંઈ? ગણધરદેવ એમ કહે છે કે અમારી પર્યાયમાં જેટલી અશુદ્ધતા છે તે નિમિત્તને આધીન અમારી પર્યાય અમારા પુરુષાર્થથી થાય છે. અમરચંદજી! અહીં ૪૭ નય છે તે શ્રુતજ્ઞાનની વાત છે. નય પ્રજ્ઞાપન નામનું પુસ્તક બહાર પડી ગયું છે. પણ એ ગુજરાતી હશે, હિન્દીમાં નહિ હોય. હિન્દી આવી ગયું? તમારા તરફથી હિન્દી આવી ગયું, નહિ? નથી આવ્યું? અચ્છા. આત્મ પ્રસિદ્ધિ હિન્દીમાં આવી ગયું ને? સમજાય છે કાંઈ? ઓહોહો..!

ગણધરદેવ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને જ્યારે ઝુલે છે ત્યારે કહે છે કે અમારી દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર પૂર્ણ શુદ્ધ પરિણમન ઉપર જ પડી છે. છતાં અમારી પર્યાયમાં ભગવાનને વંદન કરવાનો વિકલ્પ આવે છે, પંચ મહાવ્રતનો વિકલ્પ ઊઠે છે, અઠ્યાવીસ મૂળગુણનો રાગ છે એ શું છે? પર્યાયમાં અંશ ધર્મ એવો છે. પરને આધીન થવું તે પોતાના ધર્મને કારણે છે. તો વ્યવહારનય એમ જાણે છે કે પર્યાયમાં આટલું પરાધીન થવાની મારી યોગ્યતા છે અને પરાધીન થયો છું એમ વ્યવહારનય જાણે. સમજાય છે કાંઈ? જુઓ! ઈશ્વર (નય).

'**આત્મદ્રવ્ય અનીશ્વરનયે સ્વતંત્રતા ભોગવનાર છે,...**' એમ પાઠ છે. હું એક સ્વતંત્ર છું. પરને વશ ન થાઉં, સ્વ વશ થાઉં એવો પણ તે સમયે એક ધર્મ છે. જે સમયમાં પરવશ થવું એ પણ મારી પર્યાયનો ધર્મ છે અને તે જ સમયે પરને વશ ન થાઉં સ્વભાવના આશ્રયે તે પણ મારો અનીઈશ્વર ધર્મ છે. ગણધરદેવ એમ કહે છે કે અમે પણ એમ માનીએ છીએ અને જાણીએ છીએ. અમરચંદભાઈ! આ કહે કે નહિ, નહિ. અમારે તો કર્મને લઈને વિકાર થયો, કર્મને લઈને વિકાર થયો. ગણધર ના પાડે છે અને તું કહે છે કે કર્મને લઈને થયો, એ ક્યાંથી આવ્યું? સમજાય છે કાંઈ? ગણધર ભગવાન કહે છે કે અમે શ્રુતજ્ઞાની છીએ, અમે કેવળજ્ઞાની નથી તો અમારી પર્યાયમાં જરી રાગાદિ છે તો અમે પર્યાયમાં એમ જાણીએ છીએ કે નિમિત્તાધીન મારી પર્યાય થઈ છે. તેથી મારી પર્યાયમાં વિકાર છે તે મારે જાણેલો પ્રયોજનવાન છે. સમજાય છે કાંઈ?

૪૭ નય અને ૪૭ શક્તિ. સુડતાલીસ કહે છે તમારામાં? શું કહે છે? સૈંતાલીસ. આ બે ગ્રંથ એવા છે.. ૪૭ શક્તિનું વર્ણન બરાબર શાંતિથી વાંચે અને વિચારે તો એમાં બધા ખુલાસા આવી જાય છે. સમજાય છે કાંઈ? કાલે કોઈક કહેતું હતું, એક ૪૭ નય અને ૪૭ શક્તિ અને એક કાંઈક કીધું હતું, મોક્ષમાર્ગ કિરણ. કાલે કોઈક કહેતું હતું. તારાચંદજી કહેતા હતા. નહિ? સાગરવાળા તારાચંદજી કાલે ગયા ને? એ કહેતા હતા. આ બે વાંચે. નય પ્રજ્ઞાપન અને આત્મ પ્રસિદ્ધિ. ત્રીજું કાંઈક કહ્યું. મોક્ષમાર્ગ કિરણ કે કાંઈક (કહ્યું હતું). જ્ઞાનસ્વભાવ જ્ઞેયસ્વભાવ. ત્રણ વાંચે તો એમાં બધા ખુલાસા છે. પણ વાંચવું પણ પોતાની દૃષ્ટિથી છે, જે માન્યું છે એ દૃષ્ટિથી જુએ.

અહીંયાં કહે છે કે જ્યાં સુધી જીવને પરદ્રવ્યના સંયોગથી.. એ આવ્યું ને? '**અશુદ્ધ અનેકરૂપ થઈ રહ્યો છે.**' ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ નથી થયો. પોતાની પર્યાયમાં કેવળજ્ઞાન પૂર્ણ શુદ્ધિ નથી થઈ ત્યાં સુધી દ્રવ્યની દૃષ્ટિ થવા છતાં પર્યાયમાં પુદ્‌ગલના સંયોગથી. સ્વભાવનો પૂર્ણ આશ્રય જો થયો હોય તો પુદ્‌ગલનો સંગ કરવાની પર્યાય પણ થાત નહિ. શું કહ્યું? પોતાનો ધ્રુવ પૂર્ણ સ્વભાવનો જો પૂર્ણ આશ્રય લઈ લીધો હોય તો નિમિત્તનો સંગ કરનારી પર્યાય એનામાં રહેત જ નહિ. ભાઈ! આહાહા..! પણ જ્યાં સુધી ભગવાન આત્મા પોતાના પૂર્ણ સ્વરૂપ પ્રત્યે પૂર્ણ આશ્રયનું કાર્ય નથી કર્યું ત્યાં સુધી તેને પુદ્‌ગલકર્મ જન્ય, પુદ્‌ગલના સંગમાં આધીન થઈને સંયોગીભાવ એમાં ઉત્પન્ન થાય છે. સ્વભાવભાવ નહિ પણ સંયોગીભાવ. તો કહે છે, '**પુદ્‌ગલના સંયોગથી અશુદ્ધ અનેકરૂપ થઈ રહ્યો છે.**' શુભ-અશુભ પ્રકાર, વિકલ્પો અનેક પ્રકારના થાય છે. પોતાની પર્યાયમાં પૂર્ણ આશ્રય નથી તો નિમિત્તના આશ્રયને વશ થઈ (અશુદ્ધ થઈ રહ્યો છે), જે ઈશ્વરનય કહી તે, સમ્યગ્દૃષ્ટિની આ વાત છે. સમજાય છે કાંઈ? ઓહોહો..! નિશ્ચય અને વ્યવહારે ભારે ગડબડ કરી નાખી. 'બનારસીદાસ' કહે છે ને? નિશ્ચયનય અને વ્યવહારનયે ભરમાવ્યો છે. 'બનારસીદાસ'. ભાઈ! એ વ્યવહાર અનેકરૂપ પર્યાયને જાણે છે. અને દૃષ્ટિ એકરૂપ ભગવાનને જુએ છે. સમજાય છે કાંઈ? જ્યાં સુધી પૂર્ણ કેવળજ્ઞાન ન થાય તો આવા બે પ્રકાર પડ્યા વિના રહેતા નથી.

કહે છે કે સોનું જેમ સોળ વલું નથી થયું, સો ટચ કહે છે ને? તો ત્યાં સુધી એને ચૂરીનો સંબંધ છે. એમ ભગવાન આત્મા નિજ પૂર્ણ ધ્રુવ પ્રત્યે પૂર્ણ આશ્રય લઈને પૂર્ણ શુદ્ધતા કેવળજ્ઞાનની નથી થઈ ત્યાં સુધી સ્વદ્રવ્યનો આશ્રય હોવા છતાં નિમિત્તના આશ્રયમાં થોડી અશુદ્ધતાના અનેક પ્રકાર ઉત્પન્ન થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? પોતાને કારણે, હોં! પરને કારણે નહિ. નિજ પ્રભુતા, નિજ પ્રભુતા પૂર્ણ પ્રભુતાના આશ્રયે પૂર્ણ પ્રભુતા પ્રગટ કરી નથી તો પોતાની પૂર્ણ પ્રભુતાનો પૂર્ણ આશ્રય લીધો નથી તો પોતાની પર્યાયમાં એટલી નિમિત્તાધીનની પામરતા ઉત્પન્ન થાય છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અશુદ્ધ.. અશુદ્ધ. સમજાય છે કાંઈ? અહીં તો સંયોગીભાવ અશુદ્ધમાં છે. અહીં તો સ્વભાવના સંયોગથી પૂર્ણ જે થવું જોઈએ એ પૂર્ણતા નથી. પૂર્ણ જો થઈ ગયો તો ખલાસ થઈ ગયું. શુદ્ધ થઈ ગયો, કેવળજ્ઞાન. એમ પરમાત્મા પોતાનું નિજ સ્વરૂપ પૂર્ણ સ્વરૂપનો આશ્રય લીધો, સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ થયા પણ પૂર્ણ આશ્રય નથી તો થોડો નિમિત્તનો આશ્રય લીધો. નિમિત્તને વશ થયો. નિમિત્ત સંયોગને વશ '**અશુદ્ધ અનેકરૂપ થઈ રહ્યો છે.**' આ બાજુ એક છે, આ બાજુ અશુદ્ધતા અનેકરૂપ થાય છે. સમજાય છે કાંઈ?

'**તેના, સર્વ પરદ્રવ્યોથી ભિન્ન,...**' તેના, સર્વ પરદ્રવ્યોથી ભિન્ન. એ પહેલા દ્રવ્યનું કહે છે. '**એક જ્ઞાયકપણામાત્રનું જ્ઞાન, શ્રદ્ધાન તથા આચરણરૂપ પ્રાપ્તિ-એ ત્રણે જેમને થઈ ગયાં...**' જુઓ! પહેલાં તો કહ્યું, પુદ્‌ગલના સંયોગથી અશુદ્ધતા અનેક પ્રકારે છે, એટલું. હવે, આ જીવ સમસ્ત પરદ્રવ્યોથી ભિન્ન એક જ્ઞાયકસ્વભાવ. પરદ્રવ્યનું સર્વ લક્ષ છૂટે, એક જ્ઞાયકભાવનું લક્ષ કરી, એક જ્ઞાયકભાવનો આશ્રય કરી. કેવો જ્ઞાયકભાવ? '**એક જ્ઞાયકપણામાત્રનું જ્ઞાન, શ્રદ્ધાન...**' ભગવાન પૂર્ણ સ્વરૂપનું જ્ઞાન થયું, એનું શ્રદ્ધાન થયું '**તથા આચરણરૂપ પ્રાપ્તિ...**' જે સ્થિરતારૂપ પૂર્ણ આશ્રય કરીને પ્રાપ્તિ થઈ ગઈ. '**ત્રણે જેમને થઈ ગયાં તેમને તો પુદ્‌ગલસંયોગજનિત અનેકરૂપપણાનો કહેનારો અશુદ્ધનય કાંઈ પ્રયોજનવાન (કોઈ મતલબનો) નથી;...**' અર્થાત્ એને પૂર્ણ આશ્રય કરીને પૂર્ણ પર્યાય થઈ ગઈ તેને કર્મના સંયોગથી અશુદ્ધતા ઉત્પન્ન થતી નથી તો પ્રયોજનવાન નથી એમ કહ્યું. સમજાય છે કાંઈ?

'**તેમને તો...**' તેમને એટલે? જેણે નિજ ભગવાન આત્મા પૂર્ણ સ્વરૂપનો આશ્રય કરીને જ્ઞાન, શ્રદ્ધાન પ્રગટ કર્યા અને આશ્રય કરીને પૂર્ણ ચારિત્ર-આચરણ શાંતિ-ચારિત્ર પ્રગટ થઈ ગયા. તો એ દશામાં કર્મના સંયોગમાં અનેક પ્રકારની વિકૃત દશા હતી તે નથી. સમજાય છે કાંઈ? નથી. '**તો પુદ્‌ગલસંયોગજનિત અનેકરૂપપણાને કહેનારો...**' વ્યવહારનય '**અશુદ્ધનય કાંઈ પ્રયોજનવાન...**' અર્થાત્ છે જ નહિ. છે જ નહિ એટલે પ્રયોજન નથી. સમજાય છે કાંઈ? આહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પોતાની પર્યાયનો ધર્મ પરવશ કરે છે. કર્મ પરવશ નથી કરાવતા. એ કહ્યું ને, બે-ત્રણ વાર કહ્યું. ગણધર પણ એમ માને છે કે અમારી પર્યાયમાં સ્વના આશ્રયનો પુરુષાર્થ ઓછો છે તો પરના આશ્રયમાં પરાધીન થઈ જાય છે. અનેકરૂપ વિકૃત થાય છે. પોતાની પર્યાયને કારણે, હોં! પરને કારણે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આ ૧૧ અને ૧૨ ગાથા સમજી લે તો આખા જૈનદર્શનનો સાર સમજી લીધો. એમાં મોટી ગડબડ છે. ૧૨મી ગાથા (આવે ત્યાં આધાર આપે), વ્યવહાર પ્રયોજનવાન છે, વ્યવહાર પ્રયોજનવાન છે. પણ પ્રયોજનનો અર્થ શું? સોળ વલા સોનાવાળાને પંદર વાલનું પ્રયોજન નથી. એનો

અર્થ કે પંદર વલું છે જ નહિ. સમજાય છે કાંઈ? તો પાછા પેલા કહે, પંદર વલું અંગીકાર કરવું, અંગીકાર કરવું. ..ભાઈ! એવા અર્થ કરે છે. ક્યાં ગયા મોટાભાઈ? એ બેઠા. સમજાણું કાંઈ? આ બધું ધીમે ધીમે સમજવું પડશે, હોં! જાણેલો પ્રયોજનવાન. પ્ર-વિશેષે યોજવું. નિશ્ચયનય સાથે વ્યવહારનયને જોડવી કે આ આમ છે. નય પ્રયોજનવાન કહ્યું ને? જાણવું પ્રયોજનવાન કહ્યું ને? જાણેલો પ્રયોજનવાન તે કાળે છે. એમ 'અમૃતચંદ્રાચાર્યે' કહ્યું છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આશ્રય કરીને કાઢે છે એ જુદી વાત છે. અહીં તો છે એટલું જાણવું. બસ. જ્ઞાન કરવાની વાત છે. પછી કાઢવું તો સ્વભાવના આશ્રયે નીકળે છે. જેટલો સ્વભાવનો આશ્રય કરે છે નીકળી જાય છે. એ જુદી વાત છે. સમજાય છે કાંઈ? એ તો પહેલાં કહ્યું ને? કે જેટલો સ્વનો આશ્રય પૂર્ણ નથી થયો તો પૂર્ણ શુદ્ધતા થઈ નહિ. એટલો આશ્રય નથી તો પર્યાયમાં પરનો આશ્રય થઈ જાય છે. બસ, એને જાણવું એનું નામ વ્યવહારનય. આહાહા..! આચાર્યનું હૃદય-હાર્દ આ છે. સમજાય છે કાંઈ? પાટનીજી! ભાઈ! આ બધું થોડું થોડું લઈ જાવું, હોં! સાચું.

મુમુક્ષુ :- એની માટે તો આવ્યા છીએ.

ઉત્તર :- આવ્યા છે, લ્યો. સાચી વાત છે. વાત તો સાચી છે. ત્યાં વેપાર-ધંધો છોડી એટલા છેટેથી આવ્યા. '..કોટ' ક્યાં આવ્યું? શું કીધું? જાતે વાંચે તો કહ્યું ને, વાંચવાની દૃષ્ટિ, આ દૃષ્ટિએ વાંચવું જોઈએ. કારણ કે આચાર્યે પહેલા એમ સિદ્ધ કર્યું કે વ્યવહાર અસત્યાર્થ છે, નિશ્ચય સત્યાર્થ છે. તો એ નિશ્ચય સત્યાર્થની દૃષ્ટિ રાખીને વ્યવહારને અસત્યાર્થ કહ્યું હતું, તે વ્યવહાર છે તે જાણવાલાયક છે એમ અહીંયાં કહ્યું. ત્યાં અસત્યાર્થ કહ્યું હતું તો વ્યવહાર છે તે અહીંયાં સિદ્ધ કર્યું. નહિતર વ્યવહાર છે જ નહિ એમ નથી.

એક તો પહેલી વાત ઈ છે કે જ્યારે ભૂતાર્થ ભગવાન આત્મા પૂર્ણાનંદનો આશ્રય લીધો સમ્યગ્દર્શન થયું. સમ્યગ્દર્શન થયું તો સાથે શ્રુતજ્ઞાન થયું. શ્રુતજ્ઞાનને પ્રમાણ કહે છે. પ્રમાણજ્ઞાન થયું તો શ્રુત વિકલ્પા નયા થયું. શ્રુતનો ભેદ તે નય. એ ભેદમાં બે નય થઈ ગઈ-નિશ્ચય અને વ્યવહાર. એક નય નિશ્ચય અભેદને દેખે છે અને એક નય વર્તમાન અશુદ્ધ આદિ પર્યાયને દેખે છે. બસ, આ બેયનું પ્રમાણજ્ઞાન થઈ ગયું. સમજાય છે કાંઈ? અમરચંદભાઈ! આહાહા..!

**'પણ જ્યાં સુધી શુદ્ધ ભાવની પ્રાપ્તિ નથી થઈ...'** પૂર્ણ પર્યાયમાં. **'ત્યાં સુધી જેટલું અશુદ્ધનયનું કથન છે તેટલું યથાપદવી પ્રયોજનવાળું છે.'** યથાપદવી. ચોથે ગુણસ્થાને અનુભવ થયો, આનંદ આવ્યો. પૂર્ણ આનંદ નથી, પૂર્ણ શાંતિ નથી, પૂર્ણ સ્થિરતા નથી. એટલી અસ્થિરતા અને એટલું દુઃખ છે. અસ્થિરતા અને એટલું દુઃખ છે. એ છે તેને જાણેલો

પ્રયોજનવાન છે. અપૂર્ણ છે, અપૂર્ણ છે, પૂર્ણ થયું નથી. સમજાય છે કાંઈ? આહાહા..! '**યથાપદવી પ્રયોજનવાળું છે.**' આ પ્રયોજનવાળામાં ગોટા ઉઠાવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એમ. અથવા કરવાયોગ્ય છે, કરવાયોગ્ય છે એવો અર્થ કરે છે. ભગવાન! એક કરવાયોગ્ય તો વ્યવહારનયથી કથન છે. એ કરવાલાયક છે એવી દૃષ્ટિ હોય તો દ્રવ્યદૃષ્ટિ રહેતી નથી. સમજાય છે કાંઈ? રાગ અશુદ્ધતા કર્તવ્ય છે, કર્તવ્ય છે, કરવાલાયક છે એવી દૃષ્ટિ હોય તો દ્રવ્યદૃષ્ટિ રહેતી નથી. સમજાય છે કાંઈ? અને દ્રવ્યદૃષ્ટિ રહી તો કર્તવ્ય છે એમ નથી. પણ પરિણમન છે એટલું બરાબર જાણવાલાયક છે.

૪૭ નયમાં કર્તૃત્વનય છે. ૪૭ નયમાં એક કર્તૃત્વનય છે અને અકર્તૃત્વનય છે. મારે કરવાલાયક ઠીક છે એવી બુદ્ધિ નથી. પણ પરિણમન નબળાઈનું રાગનું, અશુદ્ધતાનું છે તો કર્તૃત્વનય મારી પર્યાયમાં છે એમ ગણધરદેવ પણ જાણે છે. આહા..! સમજાય છે કાંઈ? ઓહોહો..! કર્તવ્ય છે, રાગ કરવાલાયક છે એવી બુદ્ધિ નથી રહેતી પણ રાગનું પરિણમન થયા વિના રહેતું નથી. કેમકે સ્વનો પૂર્ણ આશ્રય લીધો નથી તો પરમાં નિમિત્ત આદિનો આશ્રય થયા વિના રહેતો નથી. તો એ પોતાની પર્યાયની યોગ્યતાથી પરને આધીન થયો છે. તો એવી અશુદ્ધતા છે તેને જાણેલો પ્રયોજનવાન છે. આદર કરવો એમ નહિ. આદર કરવાનો હોય તો અહીં પણ આદર કરવો અને આનો પણ આદર કરવો, બે નય રહી નહિ. બે નય ઉપાદેય હોય તો અજ્ઞાનીનો ભ્રમ થઈ ગયો. બે નય ઉપાદેય ક્યાંથી થઈ? બે નય પડી કેમ? બે ભાગ પડ્યા કેમ? બે ભાગ પડ્યા કેમ? એક નયનો વિષય અભેદ, એક નયનો વિષય ભેદ. એક નયનો વિષય કરતાં આનંદ આવે છે, બીજી નયનો આશ્રય કરતાં દુઃખ થાય છે. એક નયનો વિષય આદરણીય છે તો બીજી નયનો વિષય હેય છે. એક નયના વિષયમાં શુદ્ધતા ઉત્પન્ન થાય છે, વ્યવહારનયથી પર્યાયમાં અશુદ્ધતા છે. અશુદ્ધતાનું ફળ બંધ છે, શુદ્ધતાનું ફળ બંધનો અભાવ છે. બેય નયનો ભાવ ફેર, ફળ ફેર, દિશા ફેર છે. આગળ આવશે ઈ. '**उभयनयविरोध्वंसिनि**'. એ પછી આવે છે ને? તરત આવે છે. જુઓ! '**उभयनयविरोध्वंसिनि**' બે નયને વિરોધ છે. બેય નયમાં વિરોધ છે. નહિતર બે નય થાય ક્યાંથી? એ વિરોધનો સ્યાત્ પદ નિકાલ કરે છે. કે ત્રિકાળ વસ્તુ છે તેનો આશ્રય કરવો તે નિશ્ચય છે. પર્યાયમાં ભેદ રહે છે તેને જાણવું તેનું નામ વ્યવહાર છે. નિશ્ચય અને વ્યવહાર બેય સાથે રહી શકે છે. વિરોધ હોવા છતાં. સમજાય છે કાંઈ? ભારે ભાઈ! આ ૧૨મી ગાથાના ભાવાર્થમાં તો મોટી તકરાર ઊઠી છે.

પહેલા આચાર્ય મહારાજ એમ ફરમાવે છે કે ત્રિકાળ પરમ સત્ય ટ્રેડ માર્ક–કે '**भूदत्थमस्सिदो खलु**' ત્રિકાળ ભગવાન આત્માનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. વ્યવહાર અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. ત્યાં અસત્યાર્થ કહ્યું, આશ્રય કરવાલાયક નથી એમ કહ્યું, તો બીજે

ઠેકાણે આશ્રય કરવાનું કહે?

મુમુક્ષુ :- જૂઠા બોલનારા..

ઉત્તર :- જૂઠા બોલનાર.. અહીં તો સંતની વાત છે. સર્વજ્ઞ ભગવાનની વાણીમાં આવ્યું ઈ સંતો કહે છે.

આ આત્મા એક સમયમાં ભૂતાર્થ છે. તે જ વસ્તુ છે. પર્યાયને અવસ્તુ કહી. અવસ્તુ કહી. વળી ત્યાં પર્યાયને વસ્તુ કહીને આશ્રય કરવાલાયક કહે? કહ્યું કે છે ખરી, છે ખરી પણ જાણવાલાયક છે. સમજાય છે કાંઈ? ૧૧મી ગાથામાંથી વ્યવહાર ઊડાવી દીધો હતો. વ્યવહાર અભૂતાર્થ છે, અસત્યાર્થ, જૂઠો અર્થ કહે છે, અવિદ્યમાન વ્યવહારનય છે. એમ કહ્યું હતું. મુખ્યનો આશ્રય લેવા માટે, આશ્રય કરાવવા માટે (કહ્યું હતું). અહીંયાં કહ્યું કે વ્યવહારનયની ના પાડી હતી કે નથી, અવિદ્યમાન છે. તો કહે છે કે છે. પર્યાયમાં અશુદ્ધતા બાકી રહી છે, શુદ્ધતા ઓછી છે. એમ છે. છે. છે તો શું કરવું? જાણવી. જાણવું. આદરવા-ફાદરવાની વાત નથી. ચરણાનુયોગના કથનમાં એમ આવે કે આમ કરવું, આમ કરવું. એમ આવે. સમજાય છે કાંઈ? પણ એનો ખરો અર્થ તો છે તેને જાણવું. એનો ખરો અર્થ ઈ છે.

મુમુક્ષુ :- પ્રયોજનવાન ... ભૂલ છે.

ઉત્તર :- ઈ પ્રયોજનવાનમાં ભૂલ કરે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**'જ્યાં સુધી યથાર્થ જ્ઞાન-શ્રદ્ધાનની પ્રાપ્તિરૂપ...'** હવે પોતે (ખુલાસો કરે છે). અહીં સુધી તો ટીકાનો ભાવાર્થ આવ્યો. ત્યાં સુધી તો ૧૧ અને ૧૨ની સંધિનો ભાવ આવ્યો. હવે 'જયચંદ્ર પંડિત' પોતે જરીક પોતાનો ભાવ (કહે છે). એમાં નથી. ત્યાં તો સમ્યગ્દર્શન પૂર્વક જે પર્યાયમાં કમી રહી તેને જાણવી તે જ સંધિ ૧૧-૧૨માં કરી છે. હવે અજ્ઞાનદશામાં પહેલા સમ્યગ્દર્શન ન હોય તો શું હોય છે, તેને શું હોય છે ઈ વાત કહે છે. પાઠની વાત અહીંયાં પૂરી થઈ ગઈ.

'કુંદકુંદાચાર્ય' અને 'અમૃતચંદ્રાચાર્ય' બેને જે કહેવું છે એ તો અહીંયાં પૂરું થયું. પણ એ તો સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું છે પછી પર્યાયમાં અપૂર્ણતા છે તેને જાણવી. એ બારમી ગાથામાં આવ્યું. હવે સમ્યગ્દર્શન જેને પ્રાપ્ત નથી થયું તેને કોઈ ભાવ થાય છે કે નહિ? કેવા હોય છે તે અહીંયાં સમજાવે છે. આગળ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**દ્વિતીય શ્રાવણ વદ ૧૦, શનિવાર તા. ૧૦-૦૯-૬૬**
**ગાથા-૧૨, પ્રવચન-૪૩**

આ 'સમયસાર' શાસ્ત્ર ચાલે છે. એની ૧૨મી ગાથાનો ભાવાર્થ. ૧૨મી ગાથામાં ૧૧મી ગાથામાં કહ્યું એની સંધિ કરી છે. એટલે શું?

મુમુક્ષુ :- સંધિ એટલે શું?

ઉત્તર :- એટલે શું કીધું ને એટલે શું? કે ૧૧મી ગાથામાં એમ કહેવામાં આવ્યું. મહાસિદ્ધાંત. ૧૧મી ગાથામાં જૈનદર્શનનો કહો, વિશ્વદર્શનનો કહો, વસ્તુદર્શનનો કહો. એ મહાસિદ્ધાંત (છે) કે વ્યવહાર તે અભૂતાર્થ નામ અવિદ્યમાન નામ અસત્ય છે અને નિશ્ચય તે ભૂતાર્થ નામ વિદ્યમાન નામ સત્ય છે. કહ્યું કે વ્યવહાર અભૂતાર્થ નામ નથી, અવિદ્યમાન છે. માટે વિદ્યમાન એવો ભગવાન ધ્રુવ, એક સમયની પર્યાય વિનાનું તત્ત્વ. શરીર, વાણી, મન પર તો ક્યાંય રહી ગયા. એની એક સમયની દશામાં-પર્યાયમાં-હાલતમાં-એક જ અર્થ છે બધો, જે કાંઈ પુણ્ય-પાપના ભાવ (થાય) એ તો આસ્રવતત્ત્વમાં ગયા. એનો વર્તમાન જ્ઞાનના ક્ષયોપશમનો વિકાસનો પર્યાય, દર્શનનો વિકાસનો પર્યાય, ક્ષયોપશમ વીર્યનો એ એક સમયની પર્યાય એ પણ અભૂતાર્થમાં ગઈ. નથી એમ ગયું. એ છે નહિ. વિદ્યમાન નથી. કેમ? કે એનો આશ્રય કરવાથી જીવને પ્રયોજન સિદ્ધ થતું નથી. એટલે કે એક સમયની પર્યાય, રાગ અને નિમિત્ત એ ખરેખર તો એક સમયની પર્યાયને જ અવિદ્યમાન અને અસત્યાર્થ કહીને ત્રિકાળ ચૈતન્ય જ્ઞાયક ધ્રુવ સ્વરૂપ છે એનો આશ્રય લેતા સમ્યગ્દર્શન થાય છે, માટે ત્રિકાળ જ્ઞાયક ચૈતન્ય તે જ છે. તે જ છે. પર્યાય નથી એમ કહેવામાં આવ્યું છે. 'વજુભાઈ'! જરી ઝીણી વાત છે.

મુમુક્ષુ :- 'વજુભાઈ'...

ઉત્તર :- 'વજુભાઈ' ત્યાં હજી શેઠાઈમાં પડ્યા છે. ઘણું એને કામ બધા ધંધા-ફંધા. વેચ્યું તો ઘણા પ્રકાર પડે, એય..! 'કાંતિભાઈ'! અને અંદર પાછા શેઠાઈમાં રોકાવું તો પડે ને ક્યાંક? 'રામજીભાઈ'એ ન કહ્યું? શેઠાઈ મૂકવી કઠણ, એમ જરીક બોલ્યા હતા.

અહીં તો એમ કહેવું છે કે એક સમયનો આત્મા કોને કહ્યો આત્મા? 'શાંતિભાઈ'! જરી ઝીણી વાત છે, હોં! આ મૂળ તત્ત્વ જૈનદર્શનનું અનાદિ સનાતન (તત્ત્વ છે). સંતો એ અનાદિથી કહેતા આવ્યા છે, મહાવિદેહમાં કહે છે, ભરતમાં કહે છે. ત્રણે કાળમાં આ તત્ત્વ કહે છે. આ આત્મા એક સમય નામ સેકન્ડના અસંખ્ય ભાગમાં આત્મામાં બે અંશ છે. એક વર્તમાન વિશેષ પર્યાય ભાગ ભેદરૂપ અંશ. અને એક ત્રિકાળ અભેદ ધ્રુવરૂપ અંશ. તો અહીંયાં બેનું જ્ઞાન કરવું એ પ્રયોજન નથી. બેનું જ્ઞાન કરવું એ પ્રયોજન નથી. પ્રયોજન

પોતાને સુખની પ્રાપ્તિ થાય, આનંદની પ્રાપ્તિ થાય તે પ્રયોજન છે. આનંદની પ્રાપ્તિ કહો કે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કહો, બધી એક વાત છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય એટલે કે આનંદ પ્રાપ્ત થાય, અતીન્દ્રિય આનંદ પ્રાપ્ત થાય. એ એનું પ્રયોજન છે. તો એ પ્રયોજન, સામાન્ય જે વસ્તુ એકરૂપ શુદ્ધ ધ્રુવ અને એક સમયની પર્યાય (છે) તો પર્યાયને આશ્રયે એ પ્રયોજન સિદ્ધ થતું નથી. અને પર્યાયમાંથી નવી પર્યાય આવતી નથી. માટે તે પર્યાયને વર્તમાન પર્યાય વિદ્યમાન હોવા છતાં એ નથી, એ જૂઠી છે, એ અસત્ય છે એમ કહીને તેનું લક્ષ છોડાવ્યું છે. સમજાય છે કાંઈ?

એક સ્વરૂપે ભગવાન પૂર્ણાનંદનો નાથ સહજાનંદમૂર્તિ કારણપ્રભુ, ધ્રુવ જ્ઞાયકભાવ, એને અહીંયાં વિદ્યમાન છે, સત્ય છે, સાચું એ તત્ત્વ છે એમ કહીને એને જ શુદ્ધનય કીધી છે, એને જ સત્ય વસ્તુ કીધી છે. એ સત્યનો આશ્રય લેતા સમ્યગ્દર્શન થાય માટે શુદ્ધનયનું તત્ત્વ તે સત્ય છે. વ્યવહારનયનું તત્ત્વ જે અવસ્થા એ અસત્ય છે. આશ્રય લેવા લાયક નથી. એના આશ્રયે આત્માના સુખની, શાંતિની પ્રાપ્તિ નથી. માટે અવસ્થા દશાને પણ નથી, જૂઠી છે, ખોટી છે એમ કહીને ત્રિકાળ ચૈતન્ય ધ્રુવનો આશ્રય કરાવ્યો છે. 'વજુભાઈ'! આહાહા..!

ભગવાન આત્મા એક સમયમાં અનંત અનંત ગુણની ખાણ, એવું એકરૂપ સ્વરૂપ એને જ અહીં સત્ય કહ્યું છે. એને સત્ય કહ્યું છે. અને એક સમયની દશા એને અસત્ કીધી છે. સમજાણું કાંઈ? જેમ આ આત્માની અપેક્ષાએ બીજા આત્માઓ અને બીજા દ્રવ્યો અસત્ય છે. એની અપેક્ષાએ સત્ય છે. પણ આની અપેક્ષાએ એ બધા અદ્રવ્ય છે, અવસ્તુ છે, અક્ષેત્ર છે, અકાળ છે, અભાવ છે, અવસ્તુ છે, આ અપેક્ષાએ એ વસ્તુ નથી. સમજાય છે? એમ જ્યારે પરવસ્તુને સ્વવસ્તુની અપેક્ષાએ જ્યારે અવસ્તુ કીધી, તો અહીં તો હવે અંતરમાં લઈ જવું છે એને. ભગવાન અંતર આત્મા એક સમયમાં શુદ્ધ છે એ વસ્તુ છે અને એક સમયની પર્યાય તે અવસ્તુ છે. આહાહા..! જૈનદર્શનની વાત... સમજાય છે કાંઈ? સરીયા નાખે, ગાંસડી વાળે. ગાંસડી સમજ્યા ને? ગાંઠડી બાંધે. ચારેકોર સરિયા નાખીને. સરિયા સમજે. ઊના ધગધગતા અંદર. ઉપર મારે ઘણના ઘા.

મુમુક્ષુ :- શરીરને ...

ઉત્તર :- શરીરને અડતું નથી. ઓલો મૂઢ (છે). અહીં શરીર છે એ મારું માન્યું માટે એને દુઃખ લાગે છે. સમજાણું કાંઈ? 'કેસરીચંદજી'! છે કે નહિ? કઈ અપેક્ષાએ? કહ્યું ને. શરીર તો છે જ નહિ આત્મામાં. કર્મ તો છે જ નહિ આત્મામાં. આ પુણ્ય-પાપ વિકાર પણ છે નહિ આત્મામાં. હવે અહીં તો એક સમયની એની પોતાની જે ક્ષયોપશમ જ્ઞાન, ક્ષયોપશમ દર્શન, ક્ષયોપશમ વીર્ય અને અસ્તિત્વ આદિ ગુણની વર્તમાન પર્યાય જેટલી અનંતી છે એને પણ અહીંયાં તો કહે છે કે નથી... નથી... નથી. કઈ અપેક્ષાથી?

'અમરચંદભાઈ'! આહાહા..! આ તો જૈનદર્શન, બાપુ! સર્વજ્ઞનું તત્ત્વ છે. એ કાંઈ આમ વાંચે, ભણ્યે, ગોખ્યે સમજાય એવું નથી.

ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ ધ્રુવ પરમાત્મા અનંત જેના પરમાત્માના અંતર ધ્રુવમાં અનંતા પરમાત્મા જેના ગર્ભમાં, પેટમાં પડ્યા છે. અંદર ગર્ભમાં અનંતા પરમાત્મા સિદ્ધ ભગવાન પડ્યા છે. એવું એકરૂપ સામાન્ય ધ્રુવ જ્ઞાયક તે છે. પર્યાય નથી. વસ્તુ વિદ્યમાન છે. પર્યાય અવિદ્યમાન છે. એમ કહ્યું છે ૧૧મી ગાથામાં. એય..! 'વજુભાઈ'! આહાહા..! કેમ? ભગવાન 'કુંદકુંદાચાર્ય'ની ગાથામાં સર્વજ્ઞથી ચાલી આવેલી વાત (કહે છે). પોતે તો ભાવલિંગી સંત હતા, મુનિ હતા, મહાપરમેષ્ઠી આચાર્યપદમાં ભળેલા હતા. ભગવાન પાસે જઈ સાક્ષાત્ સાંભળી, ઘણી નિર્મળતા પોતામાં વધારીને આવ્યા પછી આ શાસ્ત્ર રચ્યા છે. સમજાય છે કાંઈ? '...ભાઈ'! આહાહા..!

ત્યારે પોકાર કર્યો ૧૧મી ગાથામાં. અરે..! સુણો આત્માઓ! અમે આત્મા ખરેખર નિશ્ચયથી, વાસ્તવિકથી, યથાર્થથી એને આત્મા કહીએ છીએ કે જે શરીર તો નહિ, વાણી નહિ, કર્મ નહિ, પુણ્ય-પાપના ભાવ એ આત્મા નહિ. પણ એક સમયની પ્રગટ દશાનો અંશ જે અનંત ગુણનો નિર્મળ છે એ આત્મા નહિ. 'કેસરીચંદજી'! એ આત્મા નહિ, ખરો આત્મા નહિ, સત્ય આત્મા નહિ, સત્ સાહેબ પરમેશ્વર પ્રભુ એ નહિ. આહાહા..! 'વજુભાઈ'! એવું છે, બાપુ! એક સમયની એના અસ્તિત્વમાં થયેલી વિશેષરૂપ દશા, વિશેષરૂપ દશા એ ખરો આત્મા નહિ. આહાહા..!

ખરો આત્મા એને કહીએ છીએ એમ સંતો પોકાર કરે, સર્વજ્ઞની વાણીમાં એ આવ્યું છે. ખરો આત્મા, સત્ય આત્મા, વિદ્યમાન આત્મા, હયાતી ધરાવતું તત્ત્વ, એને અમે કહીએ છીએ કે જે ધ્રુવ એકરૂપ સામાન્ય સ્વભાવ ચિદાનંદ એને અમે વાસ્તવિક આત્મા કહીએ છીએ. સમજાય છે કાંઈ? કે જે વાસ્તવિક આત્મા વસ્તુ છે એનો આશ્રય કરતા આત્માને આનંદની દશા પ્રગટ થાય છે. આનંદની સાથે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ આચરણનો અંશ, આનંદ બધું સમ્યગ્દર્શન થતાં અનંતા ગુણની નિર્મળ વ્યક્ત દશાઓ એક સમયે સાથે પ્રગટ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે, ૧૧મીમાં એમ કહ્યું હતું. ત્યારે હવે ઓલી પર્યાય છે કે નહિ? તમે ના પાડી હતી. પર્યાય છે જ નહિ. વિદ્યમાન નથી. જૂઠી, અભૂતાર્થ છે એમ કહ્યું હતું. તો એ સર્વથા અભૂતાર્થ છે કે કાંઈ છે કે નહિ? હવે ૧૨મી ગાથામાં ખુલાસો કરે છે. કહે છે, જો ભાઈ! વસ્તુ તો ત્રિકાળ શુદ્ધ તે સત્ય છે. એનો આશ્રય લઈ સમ્યગ્દર્શન થયું, અનુભવ થયો. આત્મા આનંદમૂર્તિ છે એવો અનુભવ થયો. સમ્યગ્દર્શન થતાં આનંદનો સ્વાદ આવ્યો. સમજાય છે? આનંદનો સ્વભાવ એનો સ્વાદ આવ્યો. જ્ઞાયકના સ્વભાવનો જ્ઞાનનો એક અંશ પ્રગટ્યો કે જે જ્ઞાયકને પકડી શકે. જ્ઞાયકમાંથી વીર્યનો એક અંશ આવ્યો કે જે

વસ્તુના સ્વરૂપની નિર્મળદશાને રચી શકે. સમજાણું કાંઈ?

ત્યારે કહે છે કે પર્યાય નથી એમ કીધી હતી તો હવે કહે છે, ભાઈ! નથી એ તો આશ્રય લેવા માટે કહી હતી કે એ પર્યાય નથી. પણ હવે પર્યાય છે. સમજાય છે? ચોથા ગુણસ્થાનની દશામાં વસ્તુની દૃષ્ટિનો અનુભવ થયો. દ્રવ્યનો ત્રિકાળ ધ્રુવનો આશ્રય કરીને નિર્વિકલ્પ દૃષ્ટિ અને નિર્વિકલ્પ વેદન અને શાંતિ થઈ. તો હવે કહે છે કે એ પર્યાય જે થઈ એને શું કહેવું? ત્રિકાળીને તો આપે નિશ્ચય કહ્યો. તો આ છે એને શું કહેવું? એને શુભરાગ હોય છે ચોથે ગુણસ્થાને, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, એને દાન, દયાનો ભાવ, તેમ પંચપરમેષ્ઠીનું બહુમાન એવો ભાવ છે કે નહિ? અને એ ભાવ કાળે શુદ્ધતાની નિર્મળતા છે કે નહિ? એને શું કહેવું? આપે તો એકલા ઓલાને સત્ કહ્યું... સત્ કહ્યું... સત્ કહ્યું.

ત્યારે કહે છે કે જ્યારે સમ્યગ્દર્શન થયું ત્યારે આત્માનો અનુભવ થતાં સમ્યગ્જ્ઞાન થયું. શ્રુતજ્ઞાન, ભાવજ્ઞાન થયું. ભાવજ્ઞાન થતાં એ શ્રુતજ્ઞાનના પેટાભેદ જે અવયવ, શ્રુતજ્ઞાન અવયવી છે તો શ્રુત વિકલ્પા નયા. તે એના બે ભાગ પડી ગયા. એક નય ત્રિકાળને જુએ છે નિશ્ચય, તો એક નય વર્તમાન દશામાં શુભ રાગાદિ છે તેને જાણે છે, તેને માને છે કે છે. એ પર્યાય છે. એ પર્યાયમાં અપૂર્ણતા અને રાગ છે તે જાણેલો, વ્યવહારનય જાણેલો પ્રયોજનવાન છે. આહાહા..! સમજાણું કાંઈ? 'વલ્લભદાસભાઈ'! આહાહા..!

આ દૃષ્ટિનો વિષય ત્રિકાળ ચૈતન્યપ્રભુ છે. એનો ભેદ શ્રદ્ધા કરવી કે પર્યાયની શ્રદ્ધા કરવી એ સમ્યગ્દર્શન નથી. સમ્યગ્દર્શનનો વિષય તો ધ્રુવ ચૈતન્યપ્રભુ એક સમયમાં પરમ સ્વરૂપ અનંતગુણનો પિંડ જેને કારણ પરમાત્મા કહે કે કારણ જીવ કહે કે શુદ્ધ ધ્રુવ સ્વભાવ કહે, એનો આશ્રય લેતાં સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું, સ્વરૂપાચરણ થયું, આનંદનો અંશ થયો, સ્વચ્છતાનો અંશ થયો. પરમેશ્વર જે પૂર્ણ છે એમાંથી પર્યાયમાં પરમેશ્વરતાનો અંશ પ્રગટ થયો. તો થયો એને કેમ જાણવો? એને જાણવું કઈ રીતે? કે થયેલી દશાને અને રાગ રહે તેને વ્યવહારનય જાણેલો પ્રયોજનવાન, જાણવું જોઈએ કે વ્યવહાર છે. વ્યવહારનયનો વિષય છે. નથી એમ નહિ. એક જ નિશ્ચયનયનો વિષય છે અને વ્યવહારનો વિષય નથી તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. સમજાય છે? અને વ્યવહારનયનો વિષય છે એને આદરણીય માને તો નિશ્ચય તત્ત્વનો આશ્રય રહેતો નથી તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે.

મુમુક્ષુ :- ... એને જાણવું.

ઉત્તર :- છે એને જાણવું. છે એને જાણવું છે ને. હોય એને જાણવું છે ને. પર્યાયમાં શુભરાગ નથી? પર્યાયમાં શુદ્ધતાની અલ્પતા નથી? છે એને જાણવું કે નથી જાણવું? તો તો જ્ઞાન ખોટું થયું. સમજાણું કાંઈ?

એ ૧૨માં ખુલાસો કર્યો કે **'परमभावदरिसीहिं' 'सुद्धो सुद्धादेसो णादव्वो परमभावदरिसीहिं।'**

પરમભાવ જેને દૃષ્ટિ થઈ ગઈ છે, જેને સ્થિરતાની પૂર્ણ વીતરાગતા કેવળજ્ઞાન થઈ ગયું છે. એને પછી અપૂર્ણ અવસ્થા વ્યવહારનયનો વિષય એને રહેતો નથી. માટે '**सुद्धो सुद्धादेसो**' શુદ્ધની આજ્ઞા કરનારી, શુદ્ધ આત્માનો અનુભવ કરનાર, એવો શુદ્ધનય, ભાવવાયોગ્ય '**णादव्वो**' એટલે ભાવવાયોગ્ય છે. આત્મા અખંડાનંદ તેને જાણીને પર્યાયમાં ભાવવાયોગ્ય થઈ ગયો આખો આત્મા. હવે એને વ્યવહારનય રહ્યો નહિ. પણ '**ववहारदेसिदा पुण जे दु अपरमे ट्ठिदा भावे।।**' પણ વ્યવહાર એને કહ્યો કે '**अपरमे ट्ठिदा भावे**' પરમ કેવળજ્ઞાનની દશા વર્તતી નથી, દૃષ્ટિમાં ભૂતાર્થ આવી ગયો છે, એની પર્યાયમાં પૂર્ણતા થઈ નથી એ પર્યાયને કહેવું શું? સમજાય છે કાંઈ? તે કાળે તે વ્યવહારનય જાણેલો જરૂરનો છે. તે પર્યાયનો નિષેધ કરે કે નથી તો શુદ્ધતા પૂર્ણ થઈ નથી. સમજાય છે કાંઈ? અને શુદ્ધતા પૂર્ણ માની લે તો દૃષ્ટિ મિથ્યાત્વ થઈ જાય છે. અને એ વ્યવહારની પર્યાય છે એ આદરણીય માને તો આ આદરણીય રહેતો નથી. અને જાણેલો ન માને તો પર્યાયની હયાતી નથી એમ થઈ જાય છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? હવે આ તો તમારું ગુજરાતી સાદું છે. બાયું હોય ને ..બહેન બધા હિન્દી સમજતા હશે કે નહિ? શું હશે? .. શું કરે? પણ આ તો ગુજરાતી છે કે નહિ? આજ તો ગુજરાતી ચોખ્ખું આપણું કાઠીયાવાડી છે.

મુમુક્ષુ :- 'ઉમરાળા'નું છે.

ઉત્તર :- 'ઉમરાળા'નું છે. વાત સાચી. સમજાણું કાંઈ? સાદી ભાષામાં તત્ત્વ છે આ.

કહે છે કે, ભાઈ! ભગવાન એમ કહે છે કે '**सुद्धो सुद्धादेसो**' ૧૨મી ગાથા. '**परमभावदरिसीहिं**' શુદ્ધનો અનુભવ કરનાર, શુદ્ધાત્માનો એવો શુદ્ધનય એ પરમપૂર્ણ થઈ ગયો એને હવે પછી એકલો શુદ્ધનયનો અનુભવ જ રહ્યો, એકલો પૂર્ણ અનુભવ. પર્યાય રહી નહિ અપૂર્ણ, રાગ રહ્યો નહિ. તો હવે રાગ છે એને શું કરવું? કે '**ववहारदेसिदा**' વ્યવહાર જાણવા યોગ્ય છે. '**देसिदा**'નો અર્થ ત્યાં કથન છે. કથનનો અર્થ ત્યાં અર્થમાં વાચ્ય જાણેલો કહ્યો છે. વાચ્ય જાણેલો કહ્યો છે કે વ્યવહાર જાણેલો.. ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે, એ સમયમાં શુભરાગ હોય છે એને જાણવું જોઈએ. એને જાણેલો પ્રયોજનવાન તે તે કાળે કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં કહ્યું હવે જુઓ!. '**સર્વ દ્રવ્યોથી ભિન્ન,...**' ભાવાર્થમાં સાતમી લીટી છે. '**સર્વ પરદ્રવ્યોથી ભિન્ન, એક જ્ઞાયકપણામાત્રનું જ્ઞાન, શ્રદ્ધાન તથા આચરણરૂપ પ્રાપ્તિ-એ ત્રણે જેમને થઈ ગયાં...**' પૂર્ણદશા સ્વભાવનો આશ્રય લઈને, પર્યાયમાં પૂર્ણ શુદ્ધનયનો વિષય તો દ્રવ્ય છે પણ શુદ્ધ નયનો આશ્રય લેવાનું હતું એ પૂર્ણ થઈ ગયું. એને જ્ઞાયકપણાનું જ્ઞાન થયું તેને '**પુદ્ગલસંયોગજનિત...**' એને તો કર્મના નિમિત્તથી લક્ષે ઉત્પન્ન થતો શુભરાગ એવા '**અનેકરૂપપણાને કહેનારો અશુદ્ધનય કાંઈ પ્રયોજનવાન (કાંઈ મતલબનો) નથી;...**' એટલે કે તે અશુદ્ધનયનો વિષય એને રહેતો નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- છે. અશુદ્ધ દ્રવ્યાર્થિક કહો, અશુદ્ધનય કહો, વ્યવહારનય કહો કે પર્યાયનય કહો. અશુદ્ધ દ્રવ્યાર્થિક પહેલું આવી ગયું છે. અશુદ્ધ દ્રવ્યાર્થિક કેમ કહ્યું છે? એની પર્યાય પોતે અશુદ્ધ થાય છે. એથી દ્રવ્ય ત્રિકાળ શુદ્ધ હોવા છતાં જ્યાં સુધી પર્યાયમાં અશુદ્ધતા થાય છે અને અશુદ્ધ દ્રવ્યાર્થિક નય કહીને એનામાં પરિણમન વિકારનું છે એમ બતાવ્યું છે. પણ એ અશુદ્ધ દ્રવ્યાર્થિકનય વ્યવહારનો જ વિષય છે. એને વ્યવહારનય કહીને પર્યાયનયનો વિષય કીધો છે. ભગવાનના શાસ્ત્રોને જાણવા, એ સમજવા એમાં કુંચિ કઠણ છે. સમજાણું કાંઈ?

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ. એક સમયમાં જેને.. આહા..! એને સાંભળનારા ઈન્દ્રો અને ગણધરો. સાંભળનારા ઈન્દ્રો અને ગણધરોની વચ્ચે જે દિવ્યધ્વનિ હશે એ કેવી હશે! સમજાય છે કાંઈ? એ કાંઈ સાધારણ આલીદુઆલી બેઠા હોય અને વાત કરે કે આમ છે ને તેમ છે. એમ નથી કાંઈ. ત્રણ લોકના નાથ સર્વજ્ઞની ધ્વનિ ઊઠે ઈચ્છા વિના. મોટા અર્ધદેવલોકના સ્વામી, અર્ધલોકના સ્વામી શક્રેન્દ્ર, દક્ષિણાર્ધનો સ્વામી, ઉત્તરાર્ધનો સ્વામી ઈશાનઈન્દ્ર, સો સો ઈન્દ્રો બેઠા હોય સભામાં. સિંહ, ગણધર, ગણધરની ટોળી બેઠી હોય હોં! સભામાં. ચૌદ પૂર્વ અને ચાર જ્ઞાન અંતર્મુહૂર્તમાં રચે એવા સંતો સભામાં બેઠા હોય. આહાહા..! એમાં દિવ્યધ્વનિમાં આવે છે. ભગવાન એમ કહે છે. એને ગણધર પછી વાણીમાંથી રચે છે. ભગવાન એમ કહે છે, ભગવાન! આ આત્મા એક સમયમાં પૂર્ણ ધ્રુવ શુદ્ધ, એનો આશ્રય કરતાં જીવને સમ્યગ્દર્શન પ્રથમ ભૂમિકા થાય છે. આ વિના મરી જાય ક્રિયાકાંડ કરીને, દયા, દાન અને વ્રત પાળીને. 'વજુભાઈ'! આત્માનો આશ્રય લીધા વિના સમ્યગ્દર્શન, રાગની મંદતા, વ્રત ને દયા ને દાન અને બ્રહ્મચર્ય પાળે અને સમ્યગ્દર્શન થાય, ત્રણ કાળમાં થાય નહિ. એકડા વિનાના મીંડા લ્યો તમારે. સમજાણું કાંઈ?

માટે ભગવાન એમ કહે છે કે ત્રણ લોકના નાથનું તારું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે પ્રભુ, એનો અંતર પહેલો આશ્રય લે, શરૂઆતમાં આશ્રય લે. પહેલી ભૂમિકા તારે સુધારવી હોય, દશા સુધારવી હોય તો ત્રિકાળ સ્વભાવનો દશાવાન ભગવાન, એની સન્મુખ થઈને અનુભવ કર. ત્યારે એને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપ આચરણનો અંશ પ્રગટ થાય. આગળ જતાં પાંચમું ગુણસ્થાન હોય ત્યારે સ્વરૂપ શુદ્ધનો ઉગ્ર આશ્રય હોય છે. એ સમ્યગ્દર્શનમાં આશ્રય તત્ત્વનો અલ્પ હોય છે. પણ જ્યારે પંચમ ગુણસ્થાન થાય ત્યારે શુદ્ધનો આશ્રય ઉગ્ર હોય છે. ઉગ્ર આશ્રયથી એને બીજા કષાયનો અભાવ થઈને શાંતિની વૃદ્ધિ ચોથે ગુણસ્થાને શાંતિ છે તેથી પાંચમાં ગુણસ્થાનમાં શાંતિ... શાંતિ... શાંતિ... વધારે હોય છે. જે સર્વાર્થસિદ્ધના દેવને ન હોય એટલી પાંચમા ગુણસ્થાનમાં શાંતિ એથી અનંતગુણી વધી હોય છે. આહાહા..! આ તે કાંઈ (વાત)! એ કાંઈ વાડાના ગુણસ્થાન છે? શું કીધું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. પાંચમામાં .. જાય. અઢી દ્વીપ બહાર અસંખ્યાતા સમકિતી, ચોથાવાળા અને પાંચમાવાળા. માછલા અંસખ્યાતા પાંચમા ગુણસ્થાનવાળા. સ્વયંભુરમણસમુદ્રમાં હજાર હજાર યોજનના માછલા પાંચમા ગુણસ્થાનવાળા, ત્રણ ત્રણ જ્ઞાનવાળા, ત્રણ ત્રણ જ્ઞાનવાળા! આહાહા..! અસંખ્યાત પડ્યા છે અત્યારે. સમકિતી આત્માના આનંદનો અનુભવ કરનારા સ્વયંભુરમણ સમુદ્રમાં અસંખ્યાતા પડ્યા છે, અત્યારે છે. સમજાય છે કાંઈ? તિર્યંચ થયો તો શું છે, એ તો શરીર તિર્યંચ છે. આત્મા ક્યાં ચાલ્યો ગયો છે. સમજાય છે? સિંહ, વાઘ, વરુ, મગરમચ્છ..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ભવમાં. તિર્યંચમાં સમકિત લઈને જાય નહિ. એ તો મિથ્યાદૃષ્ટિ છે. અસંખ્ય શ્રાવક પાંચમા ગુણસ્થાનવાળા ભગવાન ત્રિલોકનાથે 'ધવલ'માં કહ્યા છે. સમજાણું કાંઈ? આપણે આ સ્થાનવાસીમાં તો બહુ બોલે છે. પડિકમણું આવડે એને ખબર હોય. ઠામણામાં. અઢી દ્વીપ બહાર અસંખ્યાતા શ્રાવક-શ્રાવિકા બિરાજે છે. એવું લખે છે. ઠામણા બોલે ત્યારે. બીજું ખામણું. લ્યો કોણ બોલ્યું એ? 'જગજીવનભાઈ'. બહુ કર્યું છે એણે. ક્રિયાકાંડ બહુ કરેલી એણે. ગમે ઈ પણ એમાં બહુ આવે છે. અસંખ્યાતા શ્રાવક-શ્રાવિકા અઢી દ્વીપ બહાર (અત્યારે છે). સાંજ-સવાર પડિકમણા કરે છે. કરતા કે નહિ કાંખમાં પથરણું નાખીને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. એમ આવે છે. હંમેશા બોલે. અઢી દ્વીપ બહાર અસંખ્યાતા શ્રાવક-શ્રાવિકા. એ છે હોં! અત્યારે. ત્રણે કાળે કોઈ દિ' અસંખ્ય સમકિતી અને પાંચમા ગુણસ્થાનના તિર્યંચનો અસંખ્યમાં વિરહ હોય જ નહિ. ત્રણે કાળે અસંખ્ય હોય છે. સમજાય છે કાંઈ? આહાહા..! અઢી દ્વીપ બહાર. અઢી દ્વીપમાં માણસો થોડો સંખ્યાતા, પશુ પણ સંખ્યાતા અને માણસો પણ (ઓછા). પેલા તો અસંખ્ય પંચમ ગુણસ્થાનમાં પડ્યા છે. એને પણ આમ આત્માના આનંદનો આશ્રય ઉગ્રપણે લઈ, ચોથા ગુણસ્થાન કરતા, હોં! ચોથાવાળા પણ અસંખ્ય છે, પાંચમાવાળા પણ અસંખ્ય છે. છઠ્ઠું તો હોય નહિ ત્યાં તિર્યંચદશામાં. એ આનંદ અને શાંતિની પાંચમા ગુણસ્થાનમાં વૃદ્ધિ હોય છે ત્યારે એની દશામાં હજી બાર વ્રતના વિકલ્પો આવે છે. પાંચમા ગુણસ્થાનમાં ભક્તિનો ભાવ આવે છે, પાંચ પરમેષ્ઠીના સ્મરણનો ભાવ આવે છે. એ ભાવને શુભરાગને વ્યવહારનયે જાણેલો પ્રયોજનવાન (છે કે) છે આ. આ છે એમ જાણેલો પ્રયોજનવાન છે. આદરેલો પ્રયોજનવાન નથી, એનાથી આત્માને લાભ થાય એમ નથી. આહાહા..! ભારે વાત! સમજાય છે કાંઈ?

છઠ્ઠે ગુણસ્થાને મુનિ આવ્યા. પહેલા સાતમે આવે શરૂઆતમાં. એકદમ સાતમે આવે

ત્યારે ધ્યાનમાં હોય. વિકલ્પ ઉઠ્યો શુભરાગનો પંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણનો. દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર છે, આશ્રય દ્રવ્ય ઉપર છે. દ્રવ્યને આશ્રયે મુનિપણું પ્રગટ થાય છે. કંઈ પાંચ મહાવ્રતના વિકલ્પના આશ્રયે પ્રગટ થતું નથી. સમજાય છે કાંઈ? આ વાત જ આખી ભૂલાઈ ગઈ છે. આમ કર્યું ને આમ કરું અને આમ થયું અને આમ થાશે. ધૂળમાં પણ નહિ થાય સાંભળને હવે. ભગવાન જ્યાં બિરાજે ત્રણ લોકનો નાથ અંદર એનો આશ્રય તને નથી, એનો અનુભવ કર્યો નથી. એનો આશ્રય લીધા વિના માર્ગ આવ્યો ક્યાંથી તારી પાસે? સમજાય છે કાંઈ? 'મૂળચંદભાઈ'!

મુમુક્ષુ :- ચારિત્ર..

ઉત્તર :- ચારિત્ર તો અંદર સ્વરૂપમાં રમણતા કરે એ ચારિત્ર છે. પણ એવા આનંદની રમણતાની દશામાં એને પંચ મહાવ્રતનો, અઠ્યાવીશ મૂળગુણનો રાગ હોય છે. છઠ્ઠે ગુણસ્થાને હોય છે. એને બીજો વિકલ્પ એવો ન હોય. વસ્ત્ર લઉં કે પાત્ર લઉં કે એને માટે કરેલો આહાર લઉં. એવો ભાવ ન હોય. એ ભૂમિકાને યોગ્ય છે. એ ભૂમિકાને યોગ્ય જે અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ છે એ હોય છે. શરીરની નગ્નદશા થઈ જાય છે.

મુમુક્ષુ :- કર્યા વિના થાય?

ઉત્તર :- કર્યા વિના થાય છે. ધૂળ કરે, પરને શું કરે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ કાઢે? ભૂત કાઢે. ભૂત ગરી ગયું છે એને કર્તાપણાનું. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- વાત અટપટી..

ઉત્તર :- અટપટી નથી. સીધી છે. રજકણની એક સમયની પર્યાયનો બીજો આત્મા કર્તા ત્રણ કાળ ત્રણ લોકમાં બનતું નથી.

મુમુક્ષુ :- એ તો નિમિત્તથી પકડાવે છે.

ઉત્તર :- પણ નિમિત્તથી કહેવાય એનો અર્થ શું થયો? કે એમ છે નહિ. એમ છે નહિ. હમણાં આવી ગયો નહિ તમારે વ્યવહારનયનો વિષય? વ્યવહારનય કોઈ ઉપચારથી, કોઈ અપેક્ષાએ અન્યથા કહે છે. વ્યવહાર નયના લક્ષણ જ એવા છે. લક્ષણ. તેથી 'ટોડરમલે' તો બહુ એક ટૂકડો મૂક્યો. 'સર્વત્ર નિશ્ચય વ્યવહારનું આ લક્ષણ જાણવું.' સર્વત્ર. સત્ય તે નિશ્ચય છે અને ઉપચાર તે આરોપ છે. આરોપ એટલે વ્યવહાર છે. મહા સિદ્ધાંત. 'ટોડરમલજી'એ તો શાસ્ત્રનું ઘણું દોહન કર્યું. પણ લોકોને ત્યારે પોતાના અભિમાન આગળ એ પંડિતની વાત એને ખ્યાલમાં આવતી નથી. અમે પણ ભણ્યા છીએ.

મુમુક્ષુ :- ઊંધી...

ઉત્તર :- ઊંધી છે. ખુબ લખ્યું છે, કાલે જ આવ્યું 'જૈન ગેજેટ'માં. બે મોક્ષમાર્ગ

ન માને તે મૂઢ જીવ. ભવગાને બે મોક્ષમાર્ગ કહ્યા છે. અહીં 'જૈન ગેજેટ' હતું. કાંઈ ઠેકાણું નહિ. અરે..! ભગવાન! બહુ લખ્યું છે, ખૂબ લખ્યું છે 'સોનગઢ'ને નામે. 'સોનગઢ' એક જ મોક્ષમાર્ગ કહે છે. બે મોક્ષમાર્ગ ભગવાન 'કુંદકુંદચાર્યે' કહ્યા અને કહે કે અમે 'કુંદકુંદાચાર્ય'ના ભગત છીએ. એમ કહેવરાવવું અને 'કુંદકુંદાચાર્ય' બે મોક્ષ માર્ગ(નો નકાર) કહે એને માનવા નથી. એય.! 'ધન્નાલાલજી'! અરે..! ભગવાન 'કુંદકુંદાચાર્ય' શું કહે છે પ્રભુ! શાંતિથી તારે સમજવું પડશે. એ શાંતિથી સમજવું પડશે. એમ કાંઈ વાદવિવાદ કર્યે કાંઈ પત્તો ખાય એવો નથી. એ આવશે હમણાં આમાં-કળશમાં.

કહે છે કે જ્યારે પરદ્રવ્યથી ભિન્ન પડીને ભાન થયું તો તો ખલાસ થઈ ગયું. તો તે અશુદ્ધનયથી એટલે વ્યવહારનયથી જાણેલો પ્રયોજનવાન એ એને રહ્યું નહિ. '**પણ જ્યાં સુધી શુદ્ધ ભાવની પ્રાપ્તિ નથી થઈ ત્યાં સુધી જેટલું અશુદ્ધનયનું કથન છે તેટલું યથાપદવી પ્રયોજનવાળું છે.**' જેટલી પૂરી દશા નથી થઈ ત્યાં સુધી અપૂર્ણ દશાને રાગને જાણવો તે પ્રયોજન-પોતાના જ્ઞાન સાથે યોજીને વ્યવહારનયને જાણવો જોઈએ. પ્રયોજન એટલે કર્તવ્ય છે એમ નથી. આખું તત્ત્વ ફરી જાય છે તો તો જૈનદર્શનનું. પહેલું 'અમૃતચંદ્રાચાર્યે' કહ્યું કે તે કાળે જાણેલો, '**यदात्वे**' જાણેલો પ્રયોજનવાન છે. સમજાય છે કાંઈ? આવ્યું હતું ને એમાં? દેખો! '**परिज्ञायमानस्तदात्वे प्रयोजनवान्**'. સંસ્કૃત ટીકામાં મહાસિદ્ધાંત. દિગંબર સંતોએ તો ટૂંકા શબ્દમાં મહાસિદ્ધાંત કહ્યા છે. પણ લોકોને પોતાની દૃષ્ટિએ જોવું છે અને શાસ્ત્રને પણ પોતાની દૃષ્ટિએ આમ ખેંચી લેવા છે. શાસ્ત્ર જે આશય કહે છે એમ દૃષ્ટિ લઈ જવી નથી. 'અમરચંદભાઈ'! આહાહા..! શાસ્ત્રના અર્થો સ્વયં પોતાની દૃષ્ટિએ આમ લાવવા છે એને. પણ આ દૃષ્ટિ એની તરફ લઈને એ શું કહે છે એમ દૃષ્ટિ કરવી નથી.

અહીંયાં તો 'અમૃતચંદ્રાચાર્યે' પોકાર કરીને ટીકામાં લઈ લીધું. નિશ્ચયની વાત સત્ય કીધી હતી તો વ્યવહાર નથી એમ નહિ. પણ તે કાળે તે જાતનો શુભરાગાદિ હોય અને શુદ્ધના અંશો હોય તે તે તેને જાણેલો તે તે સમયે તેને જાણવો જોઈએ તે પ્રયોજનવાન. આદરવો જોઈએ એમ કહ્યું નથી. એ તો એક વ્યવહારનય હેય છે અને નિશ્ચયનય ઉપાદેય છે. નહિતર બે નય રહેતી નથી. બે નયનો વિષય વિરોધ છે, બે નયના ફળ વિરોધ છે, બે નયના ભાવ વિરોધ છે, બે નયની દિશા વિરોધ છે.

મુમુક્ષુ :- માત્ર જાણવાની.

ઉત્તર :- જાણવાની. વાત એ છે. આ વાંધા મોટા ઉઠ્યાને તમારે ત્યાં બધે ચારેકોર. આ વ્યવહાર કહ્યો છે. એ '**ववहारदेसिदा**' પણ દેખાડ્યો. શું કહ્યું? દેખાડ્યો છે કે છે એમ. ઓલા વેદાંતવાળા કહે કે પર્યાય જ નથી, શુભરાગ નથી એમ નહિ. સમજાણું કાંઈ? નહિતર એમ થઈ ગયું કે ત્રિકાળ સત્ છે અને પર્યાય અસત્ છે. થઈ રહ્યું જાવ. વેદાંત થઈ ગયું. એમ નથી. એ તો ત્રિકાળની અપેક્ષાએ એક સમયનો આશ્રય કરવા લાયક નથી

માટે એક સમયની પર્યાયને અસત્ કહી. એ અહીં પાછી સત્ ઠરાવી. વ્યવહારનય છે. ચોથા ગુણસ્થાનને લાયક નિર્મળતા અને મલિનતા-રાગ. પાંચમા ગુણસ્થાનને લાયક નિર્મળતા અને રાગ. છઠ્ઠા ગુણસ્થાને લાયક નિર્મળતા અને રાગ. એવી ભૂમિકાને બરાબર જાણવી જોઈએ તો વ્યવહારનય જાણ્યો કહેવાય છે. થયું? ત્યાં સુધી તો આવ્યું હતું. ત્યાં સુધી તો ૧૧-૧૨મી ગાથાની સંધી કરી છે. હવે જરી પોતે 'જયચંદ્ર પંડિત' (સ્પષ્ટીકરણ કરે છે).

**'જ્યાં સુધી યથાર્થ જ્ઞાન-શ્રદ્ધાની પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ હોય...'** જ્યાં સુધી યથાર્થ જ્ઞાન-શ્રદ્ધાન. ભગવાન આત્મા નિર્મળાનંદ પ્રભુ, એનું સમ્યગ્દર્શન આશ્રય કરી અને એનું સ્વસંવેદનજ્ઞાન, એવી પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ હોય **'ત્યાં સુધી તો જેમનાથી યથાર્થ ઉપદેશ મળે છે...'** જેનાથી યથાર્થ ઉપદેશ મળે એવું સમકિત પામવા પહેલાં પણ તેને સાંભળવાનો ભાવ આવ્યા વિના રહે નહિ, એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હજી ખુલાસો કરીએ છીએને. ક્યાં જવા દઈએ છીએ? યથાર્થ ઉપદેશ મળે એમાં મહા વજન છે. સમ્યગ્દર્શન પામ્યા પહેલાં પણ યથાર્થ વીતરાગી ઉપદેશ ક્યાં છે? વીતરાગનું સ્થાપન કોણ કરે છે? કારણ કે વીતરાગમાર્ગ વીતરાગપણાને પ્રગટ કરવાની વાત કરે છે. રાગને રાખવાની વાત વીતરાગમાર્ગમાં હોય નહિ.

મુમુક્ષુ :- રાગથી લાભ થાય...

ઉત્તર :- એ વળી શું થઈ ગયું? રાગથી લાભ થાય એ વીતરાગની વાણી જ નથી.

મુમુક્ષુ :- શરૂઆતમાં.

ઉત્તર :- શરૂઆતમાં કે છેલ્લે ક્યાંય ત્રણ કાળમાં નથી.

મુમુક્ષુ :- પહેલામાં ઉપાદેય અને પછી હેય.

ઉત્તર :- એમ છે નહિ. પહેલું રાગ હેય ઝેર અને અમૃત આત્મા ઉપાદેય પહેલેથી છે. એ માટે તો કહ્યું યથાર્થ ઉપદેશ મળે. સમ્યગ્દર્શન પામ્યા પહેલા પણ એની એટલી જવાબદારી છે સમ્યગ્દર્શન પામવાને લાયકવાળાની કે જ્યાં યથાર્થ વીતરાગપણાની પ્રાપ્તિનો ઉપદેશ હોય તેને સાંભળે. એટલી તો એને જવાબદારી માથે છે. જેમાં રાગથી લાભ મનાવતા હોય એ યથાર્થ ઉપદેશ વીતરાગનો નથી.

મુમુક્ષુ :- પહેલી ફરજ.

ઉત્તર :- પહેલી પંક્તિનો અર્થ ચાલે છે. યથાર્થ ઉપદેશ મળે. યથાર્થ ઉપદેશની વ્યાખ્યા શું? જુઓ કહે છે. **'એવા જિનવચનો...'** એવા જિનવચનો, જિનવચન. જિનવચનમાં વીતરાગતાની દૃષ્ટિ કરાવે, વીતરાગતાનું જ્ઞાન કરાવે, ત્રિકાળનું, વીતરાગતાની સ્થિરતાના વચન જ્યાં હોય એને પહેલા સાંભળે. એવો એને ભાવ સમ્યગ્દર્શન પહેલા પણ આવ્યા વિના રહેતો નથી. એને અહીં કહે છે કે તું સાંભળ, એમ વ્યવહારનયથી કથન કર્યું છે. સમજાણું

કાંઈ? પહેલું વજનમાં અહીં વાંધા છે.

**'યથાર્થ ઉપદેશ મળે છે એવા જિનવચન...'** આહાહા..! કેમ કે સમ્યગ્દર્શન પામનાર પણ વીતરાગભાવને શોધે છે ને. વીતરાગભાવ પ્રગટ કરવો છે ને? વીતરાગભાવ મેળવવો છે ને? વીતરાગભાવને સિદ્ધ કરવો છે ને? કારણ કે રાગભાવ તો અનાદિથી છે. હવે વીતરાગભાવ એને પ્રગટ કરવો છે અને વીતરાગભાવની પ્રાપ્તિ કરવી છે તો એ પહેલી થયેલી નથી. તો જ્યાં વીતરાગી વચનો આવતા હોય, વીતરાગી વચનનું સ્થાપન ચાલતું હોય, યથાર્થ ઉપદેશ વીતરાગે કહેલો, વીતરાગ... વીતરાગ... વીતરાગ... એવા ગુરુને શોધીને એને સાંભળે. એમ કહે છે. 'મૂળચંદભાઈ'!

મુમુક્ષુ :- જિનવચનો..

ઉત્તર :- એવા જિનવચન. પણ એ વીતરાગની વાણી એવી હોય એમ કહે છે. એના મુખમાં, ગુરુના મુખમાં એવી વાણી હોય. વીતરાગ. બાપુ! નિમિત્ત અને રાગની ઉપેક્ષા કરવી, સ્વભાવની અપેક્ષા કરવી એ આખા જિનવચનનું તાત્પર્ય છે. એનાથી વિપરીત હોય, સમ્યગ્દૃષ્ટિનો કામી હોય તો એણે સાંભળવું નહિ. કારણ કે એને સમ્યગ્દર્શન પ્રગટ કરવું છે. એને વીતરાગી પર્યાય પ્રગટ કરવી છે, એને રાગ રાખવો નથી. રાગ રાખવો હોય તો પછી સમ્યગ્દર્શનની શોધ ક્યાં રહી એને? એ તો છે અનાદિનો રાગ. સમજાય છે કાંઈ? આહાહા..! કહો, 'રતિભાઈ'! યથાર્થ ઉપદેશ. હવે ઈ એણે શોધવું પડશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સ્વતંત્ર છે. યથાર્થ દર્શનની વ્યાખ્યા કરી કે એવા જિનવચનો. જે વાણીમાં વીતરાગનું સ્થાપન આવે, વીતરાગનો આશ્રય કરવાનું આવે, રાગની ઉપેક્ષા કરવાનું આવે, પરના આશ્રયથી લાભ મનાવવાનું ન આવે, સ્વઆશ્રયે લાભ મનાવવાનું આવે એને યથાર્થ જિનઉપદેશ અને જિનવચન કહેવામાં આવે છે. આહાહા..! કહો, 'વલ્લભદાસભાઈ'! પહેલું જ વચન મૂક્યું છે. પાઠમાં તો ૧૧-૧૨ની સંધી કરી નાખી. બસ.

હવે એમણે પોતે જરી ઉપરથી નાખ્યું છે. એ તો ત્યાં સમ્યગ્દર્શનનો આશ્રય દ્રવ્ય કહ્યું અને પર્યાય અપૂર્ણ છે એને જાણવાનું કહ્યું. પણ હવે સમ્યગ્દર્શન નથી એને શું? એ ઉપરથી વાત એણે નાખી. એને માટે આ કે ત્યાં વીતરાગપણાનો સ્વભાવનો આશ્રય કરાવ્યો છે, પર્યાયનો આશ્રય છોડાવ્યો છે અને પછી પર્યાય થાય એને જાણવાનું કહ્યું છે. એવો ઉપદેશ જ્યાં મળતો હોય, જેમાં રાગની રુચિ કરાવે નહિ, નિમિત્તનો પ્રેમ છોડાવે, સ્વભાવનો પ્રેમ કરાવે એવી જ્યાં યથાર્થ વાણી હોય એવા જિનવચનોનું સાંભળવું.

મુમુક્ષુ :- ભૂતાર્થને આશ્રયે ધર્મ થાય ...

ઉત્તર :- આત્માને આશ્રયે વીતરાગપણાને આશ્રયે વીતરાગપણું પ્રગટે એ કહે એને સાંભળવું.

મુમુક્ષુ :- બીજાનું ન સાંભળવું?

ઉત્તર :- બીજાનું સાંભળવું નહિ એમ કહે છે.

મુમુક્ષુ :- પણ જોઈ આવીએ તો ખરા કે એમાં શું કહે છે?

ઉત્તર :- ધૂળ ત્યાં શું જોવું હતું? શું સાંભળવું ખબર નથી? ક્યાં શું કહે છે લોકો અત્યારના વાતાવરણમાં. શું કહે છે અમને ખબર છે કે વ્યવહારથી ધર્મ થાય, કરતા કરતા ધર્મ થાય. ચોખ્ખી વાતું બહાર આવે છે. હવે સાંભળવા તો કોને? રાગ પહેલો જોઈએ. રાગ હોય તો નિર્વિકલ્પતા આવે, કષાય મંદતા પહેલા અણુવ્રત, મહાવ્રત કરે તો પછી સમ્યગ્દર્શન થાય. આવી તો ઊંધી પ્રરૂપણા છે જેની. એ પ્રરૂપણા સાંભળવા જેવી નથી સમ્યક્ દષ્ટિ જેને પ્રાપ્ત કરવી હોય તો. એમ કહે છે. 'વિમલચંદજી'! આકરી શરત કહે છે. બરાબર છે? લ્યો અમારે શેઠી એ કહે છે. 'મીઠાલાલજી'એ કહ્યું. બરાબર કહે છે હવે અમારે અહીંયાં એક મહિનો રહેવું છે. આવો કીધું ભાઈ!. તમારા મોટા ભાઈ.

આહાહા..! જુઓ! 'જયચંદ્ર પંડિત'નું લખાણ તો જુઓ! '**જેમનાથી યથાર્થ ઉપદેશ...**' યથાર્થ ઉપદેશ. કારણ કે એને સત્ય જોવે છે ને. સમ્યગ્દર્શન જેને પ્રાપ્તિ કરવી એને સત્ય જોઈએ છે ને? સત્ય. તો સત્યમાં યથાર્થ ઉપદેશ આવવો જોઈએ. યથાર્થ ઉપદેશ નામ જેમાં વીતરાગપણાનો આશ્રય લેવાનો, વીતરાગપણું પ્રગટ કરવાની વાત હોય. જેમાં રાગનો નિષેધ વર્તતો હોય, નિમિત્તના આશ્રયનો નિષેધ વર્તતો હોય, એવી જ્યાં વાણી હોય તેવા ગુરુની વાણી જિનવચનો તેને કહીએ અને તેને સાંભળીએ.

મુમુક્ષુ :- કથંચિત લાભ થાય. તો અનેકાંત થયું ને.

ઉત્તર :- ધૂળેય ન થાય. એનાથી વીતરાગથી લાભ થાય અને રાગથી ન થાય એનું નામ અનેકાંત છે. સમજાણું કાંઈ? એ તો આમાં લેશે હજી. આગળ તો. જિન વચનનો વિરોધ ટાળશે આ શ્લોકમાં? ત્યાં તો '**जिनवचसि रमन्ते**' છે ને શબ્દમાં? એ '**रमन्ते**'નો અર્થ જ આમણે તો કાઢ્યો છે કે જિનવચન મુખ્યપણે સ્વભાવનો આશ્રય કરાવે છે. આમાં કહ્યું. અને ભાઈએ પણ કહ્યું. આ શું છે? પરમઅધ્યાત્મ તરંગિણી. કેટલામો શ્લોક છે આ? ચોથો. '**रमन्ते**' શબ્દ છે ને. '**रमंते क्रिडंति एकत्वं भजंतं**' જુઓ સંસ્કૃત છે. '**रमन्ते**'ની વ્યાખ્યા એવી કરી છે. સંસ્કૃતવાળાને બતાવવું જોઈએને પંડિતજી અમારે. '**रमन्ते**' શબ્દ છે ને? '**उभयनयविरोधध्वंसिनि**' પછીનો કળશ છે ને? એમાં જે '**रमन्ते**' આવે છે ને એમાં આચાર્યે '**रमन्ते**' '**एकत्वं भजंतं**' આખું ભાઈ એમાં કહેવું છે. '**एकत्वं भजंतं**'. ભગવાનનું વચન ... એકત્વ કરવાની વાત કરે છે. એ પછી આવશે ત્યારે વાત. કારણ કે એમાં તકરાર કરે છે. જુઓ, બે નયનું સેવન કરવું, બે નયનું સેવન કરવું. પણ બે નયના સેવન હોઈ શકે નહિ. સાંભળને. મોટી વાત આવે છે પત્રોમાં. જુઓ! '**उभयनयविरोधध्वंसिनि**' બેયની સેવા કરતા મોહનો ધ્વંસ થાય. પણ બેયની શી રીતે કરવી? પર્યાયની સેવા કરવી અને

દ્રવ્યની સેવા કરવી એ થાય શી રીતે? માટે ભગવાનનું વચન... એને કહેશે પોતે. સમજાય છે? '**જિનવચન દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક-એ બે નયોમાં, પ્રયોજનવશ શુદ્ધદ્રવ્યાર્થિક નયને મુખ્ય કરીને તેને નિશ્ચય કહે છે...**' ભાવાર્થમાં કહેશે. આ બાજુ. ગુજરાતીમાં ૨૯ પાને છે. '**જિનવચન દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એ બે નયોમાં...**' ત્રિકાળ દ્રવ્ય અને એક સમયની પર્યાય બેમાં '**પ્રયોજનવશ શુદ્ધદ્રવ્યાર્થિક નયને...**' ધ્રુવ જ્ઞાયક ચિદાનંદને '**મુખ્ય કરીને તેને નિશ્ચય કહે છે અને અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ પર્યાયાર્થિકનયને ગૌણ કરી તેને વ્યવહાર કહે છે- આવા જિનવચનમાં જે પુરુષ રમણ કરે...**' તેને મિથ્યાત્વનો નાશ થઈ જાય છે. ભારે વાત કરી. આમાં આપણે લીધું ને? 'શુભચંદ્રાચાર્ય'નું. '**एकत्वं भजंतं**'. એકત્વપણું ભજે. કારણ કે એકત્વ પૃથક બતાવવું છે ને? પંડિતજી! એકત્વ વિભક્ત. '**एयत्तणच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे**' પછી પણ કહ્યું '**एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण**'. 'કુંદકુંદાચાર્ય' પાંચમી ગાથામાં કહે છે,

**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।**
**जदि दाएज्ज पमाणं चक्केज्ज छलं ण घेत्तव्वं।।५।।**

હું તમને રાગથી, પરથી ભિન્ન અને સ્વરૂપથી એકત્વ વાત બતાવીશ. એનું નામ નિશ્ચયનો વિષય છે. એનું નામ જિનવચન છે. સમજાણું કાંઈ? આહાહા..! શબ્દના અર્થના વાંધા ઊઠ્યા બધા. 'યશોવિજય' બિચારા કહે છે. 'યશોવિજય' એ તો શ્વેતાંબર એને તો..

જાતિ અંધનો રે દોષ નહિ આકરો.
જે જાણે નહિ અર્થ જન્મ અંધનો રે દોષ નહિ આકરો.
જે જાણે નહિ અર્થ મિથ્યાદષ્ટિ રે તેથી આકરો.
કરે અર્થના અનર્થ...

કાંતિભાઈ! આહાહા..! વલ્લભદાસભાઈ! આ તો જ્યાં ત્યાં એ સાંભળવાનું મળ્યું છે અત્યાર સુધી તમને.

એક વીતરાગમાર્ગ તે પણ આ સનાતન વીતરાગ દિગંબર પંથ. સમજાણું? એ કોઈ પંથ નથી એ તો અનાદિનો માર્ગ છે. એ સિવાય એકત્વની વાત, રાગથી પૃથકની વાત બીજે ક્યાંય હોઈ શકે જ નહિ. 'વજુભાઈ'!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે. થોડી પણ અંદર યથાર્થ નથી. આગળ-પાછળ વિરોધ ઘણો છે. બહુ વિપરીત છે. એણે સ્થાપી છે, યશોવિજયે થોડી. એના કરતા 'આનંદઘનજી'એ વિશેષ સ્થાપી છે. પણ બીજામાં ઘણો ફેરફાર, ઘણી ગડબડ. કેવળીને આહાર અને ભગવાનને રોગ, સ્ત્રીને મુક્તિ બધું વિપરીત કરી નાખ્યું છે. પણ હવે એ શું કરે?

મુમુક્ષુ :- .. તો સરખી ચાલે.

ઉત્તર :- એકેય સરખી ચાલતી નથી. એટલો ફેરફાર છે. આ તો સનાતન સત્ય. સર્વજ્ઞ પરમેશ્વરે જેવું કહ્યું એ અનાદિ સનાતન. ભરતમાં હો, ઐરાવતમાં હો કે મહાવિદેહમાં હો.

ભગવાન અહીંયાં કહે છે કે ભાઈ! જે કોઈ જિનવચનને સાંભળતો હોય, સમ્યગ્દર્શન ન હો ભલે. પણ સમ્યગ્દર્શનનો કામી છે એ વીતરાગી વચનોને સાંભળે, યથાર્થ ઉપદેશને સાંભળે. ત્યારે એ ગોતવું પડશે કે નહિ એને? ગોતવું સમજ્યાને? શોધવું. આહાહા..! બીજા કરતાં અયથાર્થ ઉપદેશ કરતાં યથાર્થ ઉપદેશ ક્યાં છે એટલો વિવેક તો એને આવવો જોઈએ. સમજાય છે કાંઈ? નહિતર ઊંધા લાકડા ખોસી ઘાલશે. એને ખબર ન મળે. અને ગોતવા જાશે કાંઈક અને મળી જાશે કાંઈક. સમજાણું? એ કહ્યું છે ક્યાંક. આનંદઘનજીમાં કાંઈક છે. શબ્દ ક્યાંક છે, અભિનંદન. .. જેને વિષ મળે. અમૃતને ઠેકાણે વિષ મળે. બધું ભૂલી ગયા. આ પુસ્તક છે ને. 'જેને પિપાસા અમૃત પાનની' લ્યો એ. એ બિચારા કહે છે હોં! અંદર છે. ચોથું છે. અભિનંદન.

મત મત ભેદે રે જો જઈ પૂછીએ. સહુ થાપે અહમેવ
સામાન્યૈ કરિ દરિસણ દોહિલૂં,

હે નાથ! તારા તત્ત્વની વાત અમને સામાન્યપણે તો મુશ્કેલ પડશે.

નિરણય સકળ વિશેષ
મદ મેં ઘેર્યો હો આંધો કિમ કરૈ.

પોતાના મતના અભિમાનમાં ચડી ગયેલા સત્‌ની વાત કઈ રીતે કરશે અને સત્ કેમ બેસશે એને. પછી કહે છે.

હેતુ વિવાદે ચિત ધરિ જોઈયૈ, અતિ દુરગમ નયવાદ,
આગમ વાદે, ગુરુગમ કો નહીં, એ સબલો વિષવાદ.

દરસણ દરસણ રટતૌ જો ફિરું, તો રણ રોઝ સમાન

રણનો રોઝ. રોઝ હોય છે ને? મૃગલા નથી હોતા? રોઝ હોય છે હરણ જેવા. મોટા રોઝ હોય છે. રોઝ જાનવર થાય છે.

દરસણ દરસણ રટતૌ જો ફિરું, તો રણ રોઝ સમાન,
જેહનૈ પિપાસા અમૃત પાનની, કિમ ભાંજૈ વિષ પાન.

પ્રભુ! જ્યાં હોય ત્યાં ઝેરના ઉપદેશ મળે અમને તો. અમને તો અમૃતની પિપાસા (છે). ભગવાન આત્મા શુદ્ધ અમૃતની કેમ પ્રાપ્તિ થાય એના અમે પિપાસુ. જ્યાં જઈએ ત્યાં લાકડા ખોસે ઊંધા. સમજાણું કાંઈ? ઊંધા એટલે સમજ્યા? ઊલટા.

જેહનૈ પિપાસા અમૃત પાનની, કિમ ભાંજૈ વિષ પાન.
તરસ ન આવૈ મરણ જીવન તણોં, સીઝૈ જો દરસણ કાજ,
દરસણ દુર્લભ સુલભ કૃપા થકી, આનંદઘન મહારાજ.

આનંદઘન આત્મા હોં! એ આનંદઘનની એકાગ્રતાની કૃપા થાય એટલે દર્શનની પ્રાપ્તિ થઈ જાય. બાકી આ લોકો તો ઊંધે ઊંધા લાકડા ખોસે જ્યાં ત્યાં. અમે અમૃતના પિપાસુ અને મળે ઝેર અમને. કહેનારા અમે મોટા આચાર્ય છીએ, મોટા ઉપાધ્યાય છીએ, અમે આટલા ભણેલા છીએ, ૬૦-૬૦ વર્ષના ભણેલા. હવે સાંભળને. ભણ્યા તે શું છે? આહાહા..! જેને પિપાસા અમૃત પાનની. પ્રભુ! અમારે તો અમૃત આત્મા જોઈએ છે. એને ઠેકાણે લાકડા ખોસે. એ રાગ કરજો, આમ કરજો, આટલી ભક્તિ કરજો, આટલા દેરાસર કરાવજો, પૂજા કરજો તમને સમકિત થઈ જશે. લ્યો! ધૂળમાં પણ નહિ થાય મરી જાને તોય. સાંભળને. એય..! 'વજુભાઈ'! આટલી જાત્રા કાઢો પાંચ-પાંચ, દસ-દસ લાખની.

મુમુક્ષુ :- વહેલી..

ઉત્તર :- સમ્યગ્દર્શન અહીંથી થાય છે. સ્વને આશ્રયે થાય છે, પરના આશ્રયે નહિ. પરનો આશ્રયે કોઈ બતાવે તો ઝેર પાય છે, એમ કહે છે. 'અમરચંદભાઈ'! દસ લાખ ખર્ચી નાખો. પચ્ચીસ લાખ ખર્ચો, જાત્રા કાઢો મોટી. સમ્મેદ શિખરની જાત્રા કાઢો. પાંચ હજાર-દસ હજાર માણસને બસ ઓહો..! શું છે પણ હવે. સમ્મેદશિખર લાખવાર જા ને કરોડવાર સમવસરણમાં તો શું છે? ભગવાન જે રાગરહિત આત્માની દૃષ્ટિ કરાવવાની વાત કરે છે એ જો ન બેસે અને એવો ઉપદેશ ન મળે તો ધૂળેય સાંભળ્યું નથી તેં કાંઈ. કહો, 'મલૂકચંદભાઈ'!

મુમુક્ષુ :- બહારથી નથી આવતું.

ઉત્તર :- બહારથી નથી આવે એવું. અંદરમાં છે એનું એને ભાન નથી અને ઓલા પાછા ભમરાવે. એમ હોય? એવો કોઈ માર્ગ હોય? પાધરો નિરાલંબ હોય? પગથિયે-પગથિયે ચડાય. શું છે તારે? પગથિયું કયું હશે? પગથિયે-પગથિયે ચડાય એનો અર્થ કે ચોથું પહેલું જોઈએ અને પછી પાંચમું એ પગથિયે પગથિયે ચડાય. રાગ મંદ કરીને એ પગથિયું કોના ઘરનું લાવ્યો? એય..! 'વજુભાઈ'! આ બધી જવાબદારી બહુ છે હોં! તમારે માથે, એમ કહે છે. દૃષ્ટિ પર ઉપર છે. એને સ્વઆશ્રય કરવામાં રાગ મંદ થાય તો સ્વઆશ્રય થાય એ કોના ઘરની વાત છે? રાગ મંદ તો પરદિશાની વાત છે.

મુમુક્ષુ :- બધા લોકો એમ કહે છે.

ઉત્તર :- દુનિયા આખી કહે તો શું છે? આખી કહે તો ઊંધા પ્રરૂપણા કરનારા છે. સમ્યગ્દર્શન જેને પ્રાપ્ત કરવું હોય એણે એનો ઉપદેશ સાંભળવા લાયક નથી. અહીં એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જોવા જવામાં શું વાંધો?

ઉત્તર :- કાંઈક એને બહુમાન છે. કાંઈક હશે ન્યાં. જોવા જવાના બે લક્ષણ-બે પ્રકાર. કાં એને સમજાવવા જાય અને કાં ત્યાંથી લેવા જાય. તો સમજાવવા જાય છે કે લેવા

જાય છે? તો લેવા જાય છે તો એમાં કાંઈક છે એમ માને છે એ.

મુમુક્ષુ :- સમજાવવા જાતો હોય તો?

ઉત્તર :- સમજાવવા ક્યાંથી જાય? લેવા જાય છે ત્યાં. એ ખોટો છે અને આમ ન હોય એમ કહેવા જાય છે ત્યાં? 'અમરચંદભાઈ'! આમાં વચન બહુ નાખ્યું છે આકરું. એ વસ્તુની સ્થિતિ મૂકી છે. જ્યાં-ત્યાં ઉપદેશ સાંભળવો અને માથા ફોડવા એમ ન હોય. ચાલો અહીંયાં સાંભળીએ... ચાલો અહીંયાં સાંભળીએ... કાંઈક તો મળશે ને. ધૂળ મળશે, સાંભળને. લાકડા ખોસી ઘાલશે.

મુમુક્ષુ :- ગુણગ્રાહી નહિ?

ઉત્તર :- ગુણગ્રાહી કોને કહેવા? મિથ્યાત્વના ભાવને ગુણગ્રાહી ક્યાંથી લાવ્યો? 'કુંદકુંદાચાર્ય' તો ત્યાં સુધી 'મૂલાચાર'માં કહે છે, ભાઈ! મુનિ! હે મુનિ! એ જે કુસંગી મિથ્યાદૃષ્ટિના સાધુઓ હોય એના ગણમાં જઈશ નહિ. એકલો રહેજે અને તને ન ગોઠે તો બાયડી પરણજે. એય..! 'વજુભાઈ'!

મુમુક્ષુ :- આચાર્ય એમ કહે?

ઉત્તર :- આચાર્ય એમ કહે છે 'મૂલાચાર'માં. છે કે નહિ? અહીં લાવોને એય..! અહીં તો પુસ્તક અહીં છે. આપણે બતાવવું સારું ને. 'રામજીભાઈ' બતાવે ઓલી કોર્ટમાં. ત્યારે ઓલા હા પાડે. નહિતર નહિ, નહિ કરે. એક જણો કહેતો કે આ તમારા 'રામજીભાઈ' મહારાજ! જજને ધોળે દિ'એ તારા બતાવે. પણ ધોળે દિ'એ ઓલો માને શેનો? એક જણો કહેતો હતો. ઓલો 'મણિલાલ' છે ને? ઓલાને. ધોળા દિ'એ તારા બતાવે કે અમારી વાત ખોટી ઠરે અને એની વાત સાચી. પણ ઓલો કાંઈ મૂરખો છે?

અહીંયાં કહે છે કે હે મુનિ! તને જો સંગ કરવો ગોઠતો હોય અને સંગ કરવો હોય તો કુશાસ્ત્ર અને કુપ્રરૂપણા કરનારા મિથ્યાત્વના રાગના પોષકના લાકડા ખોસી ઘાલશે એનો સંગ કરીશ નહિ. પણ એકલા ન ગોઠે તો શું કરવું? બાયડી પરણજે ને. બાયડી પરણવામાં રાગ થાશે ચારિત્રદોષનો. મિથ્યાત્વનો દોષ નહિ થાય. ૯૬ ગાથા છે.

મુમુક્ષુ :- કેટલામો અધિકાર?

ઉત્તર :- અધિકાર મૂળાચાર અધિકાર લખ્યો નથી. પણ હશે. ૯૬ ગાથા છે એમાં અધિકાર નથી...

**वरं गणपवेसादो विवाहस्स पवेसणं।**
**विवाहे रागउप्पत्ति गणो दोसाणागरो।।९६।।**

કુસાધુઓ, મિથ્યાત્વના પોષકો ઊંધી પ્રરૂપણના ટૂવા મારી નાખશે તને. એ તો દોષનો આગાર છે. '**विवाहे रागउप्पत्ति**' લગન કરીશ તો રાગની ઉત્પત્તિ ચારિત્રદોષની (થશે). '**वरं गणपवेसादो**' ગણમાં જવા કરતા '**विवाहस्स पवेसणं**' સારું છે. આહાહા..! અરે..! મુનિ

પંચ મહાવ્રતધારી આમ કેમ કહે? કહે છે કે મિથ્યાત્વના પાપ કરતાં... એય..! કોઈ એમ કહે કે આવા મુનિ, નવ કોટીએ ત્યાગ (કર્યો ચે). અરે..! સાંભળને શું કહે છે એ. મિથ્યાત્વનું મોટું પાપ છોડાવવા રાગની મંદતા ત્યાં ચારિત્રદોષ છે. દર્શનભ્રષ્ટ છે એ ચારિત્ર તો નહિ લઈ શકે. પણ સમકિત ભ્રષ્ટ છે અને ક્રિયાકાંડ ઠીક છે (એમ માનતા) મરી જાશે ચાર ગતિમાં. પણ જેને ચારિત્ર ન હોય પણ સમકિત છે તો દર્શનભ્રષ્ટ નથી, ચારિત્રભ્રષ્ટ છે.. સિજ્ઝંતિ–એ અનંતકાળમાં મુક્તિને પામશે. સમજાણું કાંઈ? **'वरं गणपवेसादो विवाहस्स पवेसणं।'** ઉત્પત્તિ ઠીક છે. કારણ કે લગનમાં તો રાગ થાશે. એકલો ચારિત્રદોષ. ઓલા ખોસી ઘાલશે લાકડા.

મુમુક્ષુ :- મિથ્યાત્વદર્શન નહિ થાય?

ઉત્તર :- મિથ્યાત્વ નહિ થાય. બાયડી પરણવામાં મિથ્યાત્વ છે? એ તો રાગ છે, ચારિત્રદોષ છે. જાણે છે કે પાપ છે, દોષ છે, સુખ નથી, હું રહી શકતો નથી માટે અસ્થિરતા આવી જાય છે. ઓલા અજ્ઞાનીઓ લાકડા ખોસી જાશે. શરીરથી બ્રહ્મચર્ય પાળોને...

મુમુક્ષુ :- એમ કહો છો કે પરથી નુકસાન ન થાય ને વળી આ...

ઉત્તર :- લાકડા ખોસવાની એની યોગ્યતા છે ને. ત્યાં જાય છે શું કરવા સાંભળવા? એ ઉપર તો પ્રશ્ન ચાલે છે અહીં. એ ઉપર તો પ્રશ્ન આવ્યો કે જાય છે શું કરવા? સમજાવવા કે લેવા? 'ધન્નાલાલજી'! એની વિશેષ વાત આમાં છે. એ વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**દ્વિતીય શ્રાવણ વદ ૧૧, રવિવાર તા. ૧૧-૦૯-૬૬**
**ગાથા-૧૨. પ્રવચન-૪૪**

આ 'સમયસાર'ની ૧૨મી ગાથાનો ભાવાર્થ ચાલે છે. અહીં સુધી આવ્યું, જુઓ! યથાર્થ ઉપદેશ આવી ગયું છે. જુઓ! એનો વિસ્તાર. પહેલી તો વાત મહાસિદ્ધાંત તરીકે થઈ ગઈ કે ભગવાન આત્મા એકરૂપ શુદ્ધ ધ્રુવ જ્ઞાયકભાવ, એને જ અહીંયાં સત્યનય અથવા શુદ્ધનય કહેવામાં આવે છે અને એનો આશ્રય લેવાથી સમ્યગ્દર્શન થાય છે. બીજો કોઈ એનો રસ્તો નથી. રસ્તો એક જ હોય. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' સમજાય છે કાંઈ? એમ તો 'ટોડરમલજી'એ કહ્યું કે તત્ત્વના નિર્ણય વિના એકલા વ્રત ધારે, શાસ્ત્રનો અભ્યાસ કરે, તપ કરે પણ તત્ત્વનો નિર્ણય કરે ત્યારે સમકિતનો અધિકારી થાય. તત્ત્વના નિર્ણય વિના સમકિતનો અધિકારી બની શકે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ચારિત્રનો અધિકારી થાય

ઉત્તર :- ચારિત્રની સાથે એને કાંઈ સંબંધ નથી. તત્ત્વનો નિર્ણય કરે તે જ સમ્યગ્દર્શનનો અધિકારી થાય. કહો, સમજાય છે? વ્રતાદિના પરિણામ હોય કે તપાદિના પરિણામ હોય કે એકલો શાસ્ત્રનો અભ્યાસ હોય. પણ નિર્ણય કરવાનો પ્રયત્ન ન કરે તો એ સમકિતનો અધિકારી બની શકે નહિ. સમજાય છે કાંઈ?

અહીંયાં કહે છે કે જે સમ્યગ્દર્શન પામે છે એ તો પોતાના શુદ્ધ સ્વરૂપના આશ્રયે જ પામે છે. ધ્રુવ ચિદાનંદ એનો નિર્ણય કરતાં સ્વસન્મુખ થઈ અને સ્વભાવનો અનુભવ કરતાં સમ્યગ્દર્શન પામે એ ત્રિકાળ એક જ પ્રકાર સમ્યગ્દર્શન પામવાની રીત છે. હવે એમ કહ્યું કે સમ્યગ્દર્શન પામ્યો ધ્રુવને આશ્રયે. તો એ તો નિશ્ચયની એકલી વાત થઈ. તો એને કાંઈ વ્યવહાર રહે છે કે નહિ? સમ્યગ્દૃષ્ટિ થયો અથવા આગળ વધ્યો પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને આગળ વધ્યો. સ્વભાવની ઉગ્રતાનો આશ્રય લઈને. તો એ તો નિશ્ચયનો આશ્રય લઈને આગળ વધ્યો. એ ઠીક. પણ એને કાંઈ વ્યવહાર રહે છે કે નહિ? પર્યાયને જૂઠી કીધી, અસત્ કીધી તો પર્યાય છે કે નહિ? છે. ચોથા ગુણસ્થાનને લાયક એની નિર્મળ પર્યાય અને અશુદ્ધતા. પાંચમા ગુણસ્થાનની અપેક્ષાએ નિર્મળ વધારે અને અશુદ્ધતા થોડી. છઠ્ઠાની અપેક્ષાએ નિર્મળતા ઘણી અને અશુદ્ધતા થોડી. એને તે કાળે તેને-પર્યાયને જાણવો તેનું નામ વ્યવહારનય કહેવામાં આવે છે. એ તો સમ્યગ્દૃષ્ટિ અને તેની પર્યાય, એનો ખુલાસો ૧૧ અને ૧૨ ગાથામાં કહ્યો. ત્યારે 'જયચંદ્ર પંડિત'એમાંથી થોડું કાઢે છે ઉપરથી.

સમ્યગ્દર્શન ન પામ્યો હોય, સ્વસન્મુખ થઈને દ્રવ્યનો આશ્રય લઈને અનુભવમાં સમ્યક્ ન પામ્યો હોય અને સમ્યગ્દર્શન પામવાની પહેલાં શું એને? પહેલા કેવો એને ભાવ હોય?

છતાં એ ભાવ હોય એ ભાવ વડે સમકિત પામે એમ નહિ. સમજાય છે કાંઈ? એને સમ્યગ્દર્શન પામવા પહેલાં એને વ્યવહારુ ભાવ કેવા હોય? હજી વ્યવહારનય અને નિશ્ચયનય નથી. પણ એને કષાયની મંદતાના ભાવ કેવા હોય? એ ભાવ હોય એ તત્ત્વનો નિર્ણય કરાવે એમ નથી. તેમ એ ભાવ આદરણીય છે એમ નથી. પણ એને ભાવ હોય કેવા એ વાત અહીંયાં વર્ણવે છે. સમજાય છે કાંઈ?

કહે છે કે '**જેમનાથી યથાર્થ ઉપદેશ મળે છે એવાં જિનવચનોનું સાંભળવું,...**' પહેલા શાસ્ત્ર લીધા, ભાઈ! શાસ્ત્ર લીધા, પછી ગુરુ અને પછી જિનબિંબ લેશે. નહિતર તો આમ એવું આપણે આવે છે સ્તુતિમાં, દેવ-શાસ્ત્ર-ગુરુ તીન. દેવ-શાસ્ત્ર-ગુરુ તીન, એમ આવે ને ભક્તિમાં? પણ આ તો પહેલી શરૂઆત છે એટલે એણે શાસ્ત્રનું શ્રવણ કેવું કરવું? એ મૂળ મુદ્દો છે. એના ઉપર આખો આધાર છે. દેવના નિર્ણયનો, ગુરુના નિર્ણયનો અને શાસ્ત્ર શું કહે છે? અને કેની કોર ઢળતાં સમકિત થાય અને કેની કોરથી ખસતાં સમકિત થાય એવી વાત મૂળ શાસ્ત્ર સંભળાવે છે. સમજાય છે કાંઈ?

એથી કહે છે કે '**જેમનાથી...**' જેમનાથી-જે પુરુષથી. સમ્યગ્દર્શન પામ્યા પહેલાં જીવને શું હોય છે? કે '**જેમનાથી યથાર્થ ઉપદેશ મળે છે...**' યથાર્થ ઉપદેશની પ્રાપ્તિ થાય. યથાર્થ એટલે? જિનવચનો. જેમાં વીતરાગભાવનું સ્થાપન થાય, રાગભાવનું ઉથાપન થાય એવા જિનવચનનું સાંભળવું એને હોય છે. હોય છે એ સાંભળવું શુભરાગ. સમજાય છે કાંઈ? એવો એને શુભરાગ જિનવચનને સાંભળવાનો આવ્યા વિના રહેતો નથી. પણ કેવો? કે યથાર્થ ઉપદેશ મળે એવા જિનવચન. એક મહાસિદ્ધાંત મૂક્યો છે અહીંયાં.

આખા વીતરાગ માર્ગનું તાત્પર્ય તો વીતરાગતા છે. બીજી રીતે કહીએ કે જે પ્રાણી સમ્યગ્દર્શનને પામવા માગે છે તો એને નિર્દોષતા પ્રગટ કરવી છે અને સદોષતા નાશ કરવી છે. આ વિના એ સમકિતને શું કરવા પામવા ઈચ્છે? સદોષતાનો નાશ કરવો છે અને નિર્દોષતાની પ્રાપ્તિ કરવી છે. ત્યારે સદોષતા એ રાગ-દ્વેષ અને ભ્રાંતિ-ભ્રમણા એ સદોષતા છે. પ્રરૂપણામાં, જેની પ્રરૂપણામાં વીતરાગપણાની શ્રદ્ધા, વીતરાગપણાનું જ્ઞાન, વીતરાગપણાનું ચારિત્ર અને જેની પ્રરૂપણામાં રાગના અભાવની વાત આવતી હોય એવા પુરુષ પાસે યથાર્થ ઉપદેશ મળે ઈ સાંભળે.

જે એવા ઉપદેશ આપે કે જેમાં રાગથી, પરાલંબનથી, પરાશ્રયથી લાભ થાય એમ કહેનારા હોય એનો ઉપદેશ એણે સાંભળવા જવો નહિ એમ કહે છે. સમજાય છે? બીજી રીતે કહીએ તો એ સમ્યગ્દર્શન પામવા પહેલાં પણ એ કાંઈક બીજાથી જુદો પડવા માગે છે. દોષથી જુદો પડવા માંગે છે અને પોતાના સ્વભાવમાં એકત્વ કરવા માંગે એવી જિજ્ઞાસા છે. આ અનાદિ સદોષમાં છે ને? અનાદિ સદોષમાં એકત્વ છે. હવે સમ્યગ્દર્શન પામવાની લાયકાતમાં એને સદોષથી જુદું પડવું છે અને નિર્દોષમાં એકત્વ થવું છે. એકત્વ-વિભક્ત

જે શાસ્ત્રનો મહાસિદ્ધાંત (છે) એવી જે વાણી કહેતા હોય કે સદોષથી જુદું પાડવાનું અને નિર્દોષથી એક્તા કરવાનું, એ વાણીને જિનવચન કહેવામાં આવે છે. સમજાણું કે નહિ? તમારે ચિરંજીવીને કહું છું.

'**જેમનાથી...**' એટલી તો એને વિવેકની યોગ્યતા હોય જ. જેને હજી આત્મા શું ચીજ છે, આત્મા શું ચીજ છે એમ જેને જાણવું છે. અને સદોષતા ચાર ગતિના કારણરૂપ સદોષતાનો નાશ કરવો છે અને નિર્દોષતા જેને પ્રગટ કરવી છે. 'ધન્નાલાલજી'!

'**જેમનાથી યથાર્થ ઉપદેશ મળે છે...**' પ્રશ્ન કરતા હતા ને સવારમાં 'મોરારીજી' ક્યાં ગયા? શું નામ? 'મોરલી' આ આવી મોરલીધર તમારું જુઓ આ. એની મોરલી સાંભળવી એમ કહે છે. કે જે કોઈ ઉપદેશ (સાંભળે)... '**જેમનાથી...**' અહીં વજન છે. '**યથાર્થ ઉપદેશ મળે...**' યથાર્થ વ્યાખ્યા છે. ઉપદેશને યથાર્થ કહ્યો છે. ઉપદેશ મળે એમ નહિ. જે-તે ઉપદેશ મળે તે સાંભળવો એમ નહિ. શેઠી! '**યથાર્થ ઉપદેશ મળે...**' તો યથાર્થ ઉપદેશમાં શું આવ્યું? '**એવા જિનવચન...**' જિનવચનમાં યથાર્થ ઉપદેશ છે. જિનવચન વીતરાગી વચનો હોય છે. સમજાણું કાંઈ?

'પંચાસ્તિકાય'માં કહ્યુંને? કે જેના મુખથી શબ્દો... પંડિતજી! એ શબ્દઆગમ. શબ્દઆગમ, જ્ઞાનઆગમ અને અર્થઆગમ. તો શબ્દ આગમ કેવા હોય? કે એમાં રાગ-દ્વેષ મિશ્રિત વિકૃત થયેલો પાઠ ન હોય. 'પંચાસ્તિકાય'માં (આવે છે). રાગ-દ્વેષથી વિકૃત થયેલો પાઠ-શબ્દ ન હોય. મુખમાં ન હોય, લખેલો ન હોય. જેમાં રાગ-દ્વેષથી સદોષતાવાળો વિકૃત બનેલો કે રાગ-દ્વેષ કરવા લાયક છે, રાગ-દ્વેષથી લાભ થાય, રાગ-દ્વેષ હોય તો આગળ વધાય એવી જે વાત હોય તેને શબ્દઆગમ કહેતા નથી. એને શબ્દઆગમ શાસ્ત્ર કહેતા નથી. એટલે લખેલા શબ્દો હોય કે મુખથી બોલતો હોય. એમાં રાગ-દ્વેષના, પુણ્ય-પાપના વિકલ્પોથી લાભ થાય એવો પાઠ-શબ્દ ન હોય. સમજાણું કાંઈ?

'પંચાસ્તિકાય'માં શબ્દઆગમ, જ્ઞાનઆગમ, અર્થઆગમ-ત્રણ આવે છે. અર્થઆગમ એટલે પદાર્થ, જ્ઞાનઆગમ એટલે જ્ઞાન. શબ્દથી જ્ઞાનની પ્રસિદ્ધિ માટે અર્થને બતાવે છે. તો શબ્દઆગમ કેવા હોય? શબ્દઆગમ કોને કહીએ? બોલતો હોય મુખથી કે લખેલા હોય? કે જેમાં રાગ અને દ્વેષથી વિકૃત નામ મેલો પાઠ ન હોય. એટલે કે જેમાં રાગ-દ્વેષ સ્થાપનની વાત ન હોય. રાગ-દ્વેષને જણાવવાની વાત હોય. પણ રાગ-દ્વેષ કરવા જેવા છે, પુણ્યપરિણામ કરવા જેવા છે એ પાઠ છે એ શબ્દઆગમ નથી. ભાઈ! સમજાણું કાંઈ આમાં? એ 'પંચાસ્તિકાય'માં છે. ક્યાં છે એ? પંડિતજી સાથે વાત થઈ ગઈ હતી. .. આવે છે ને? જુઓ! (ગાથા-૩).

'**સમ એટલે મધ્યસ્થ...**' સંસ્કૃત. '**રાગદ્વેષથી વિકૃત નહિ બનેલો. 'વાદ' એટલે વર્ણ (અક્ષર), પદ (શબ્દ) અને વાક્યના સમૂહવાળો પાઠ.**' સમજાણું? એટલું. પછી એનો અર્થ

આપણે કરશું નીચે. મુખથી બનેલો હોય કે મૌખિક કૌંસમાં નાખ્યું. એ પંચાસ્તિકાયનો મધ્યસ્થ બનેલો પાઠ. પછી કૌંસમાં નાખ્યું મૌખિક કે શાસ્ત્રારૂઢ. અમરચંદભાઈ! વાણી પણ એવી હોય અને લખેલા શબ્દો એવા હોય પાઠના કે જેમાં રાગ અને દ્વેષથી લાભ થાય, રાગ-દ્વેષ હોય તો આગળ વધાય, રાગ-દ્વેષ હોય તો જીવને ધર્મ પામવામાં અનુકૂળ પડે-એવો જે પાઠ હોય તેને શબ્દ આગમ કહેતાં નથી. એ કોઈપણ બોલતો હોય તો એ વાણી શબ્દઆગમ નથી એટલે એ દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ છે. જેના ઉપદેશમાં રાગ-દ્વેષનું કરવું અને લાભ છે એમ મનાય એનો ઉપદેશ જ મિથ્યાદૃષ્ટિનો ઉપદેશ છે. એ શબ્દઆગમ નથી, એનું જ્ઞાન સમ્યક્ નથી, એની દૃષ્ટિ સમ્યક્ નથી. સમજાણું કાંઈ? ભારે ભાઈ નાખ્યું છે આમાં જુઓને! સમજાણું? એય..! ન્યાલભાઈ! આ તો જવાબદારી મોટી આવી.

‘**જેમનાથી...**’ જેમનાથી. આ શબ્દ પડ્યો છે. ‘જયચંદ્ર પંડિતે’ તો બહુ સરસ અર્થ કર્યા છે. ‘**યથાર્થ ઉપદેશ મળે છે...**’ જેમનાથી યથાર્થ ઉપદેશ. તો યથાર્થ ઉપદેશ એને કહીએ કે જેમાં નિર્દોષતાનું સ્થાપન હોય અને સદોષતાનું ઉત્થાપન હોય. સદોષતા રાગ-કરો, પુણ્ય કરો, ક્રિયાકાંડ કરો, રાગ કરો તો તમને હળવે હળવે સમકિત થશે. એ શબ્દઆગમ નથી, એ પ્રરૂપણા જ ખોટી છે, એ શબ્દો જૂઠા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વધારે ચોખ્ખું કરો.

ઉત્તર :- ચોખવટ હળવે હળવે કરીએ ને. ભાઈએ પૂછયું હતું રસ્તામાં, ‘મોરલીધરજી’એ. મેં કીધું આજ આવશે. પૂછયું હતું ને ભાઈ? રસ્તામાં આજે પૂછ્યું હતું એનો આ અર્થ આવે છે. આહાહા..!

ભાઈ! જેને યથાર્થ ઉપદેશ મળે એવા જિનવચન શબ્દ લીધા છે. જિનવચનમાં તો આત્માની વીતરાગતા તરફ લઈ જાય અને સરાગતાથી ખેંચે એને જિનવચન કહેવામાં આવે છે. રાગની ઉપેક્ષા કરાવે અને સ્વભાવની અપેક્ષા કરાવે. આ ટૂંકી વ્યાખ્યા છે. આખા જૈન આગમ, જૈન શાસ્ત્ર શબ્દો હોય કે લખેલા હોય. સમજાય છે કાંઈ? જેમાં આત્મા પ્રભુ વીતરાગસ્વરૂપ છે, સચ્ચિદાનંદ સ્વરૂપ. એની એક્તા તરફ લઈ જાય અને વિકારથી પૃથક તરફ લઈ જાય એવી વાણીને જિનવચન અને યથાર્થ ઉપદેશ કહેવામાં આવે છે. કહો, ‘ધન્નાલાલજી’!

મુમુક્ષુ :- કદાચિત, કથંચિત...

ઉત્તર :- કદાચિત, કથંચિત્ એમાં હોય નહિ.

મુમુક્ષુ :- કોઈ પ્રકારથી. પરંપરાએ થઈ જાય.

ઉત્તર :- પરંપરાથી નથી થતું. એમ કહે છે. સમજાણું કાંઈ? આ છોકરાઓ છે ને.

‘**જેમનાથી યથાર્થ ઉપદેશ મળે છે એવા જિનવચનો...**’ એવી વીતરાગી વાણી, વીતરાગી મુખ, વીતરાગી વાણી, મુખમાંથી નીકળતા શબ્દો કાં પાઠમાં લખેલા શબ્દો.

મુમુક્ષુ :- આ તો ઉપદેશ..

ઉત્તર :- હા. પણ છતાં આ તો ઉપદેશમાં એ વાંચતો હોય કો'કનો પાઠ એમાં ઊંધું માર્યું હોય અને એ કહે તો એ પાઠ પણ સાચો નથી. સમજ્યા ને? એક જણા કહેતા હતા કે અહીં આવીને કે મારી પાસે... આ શું કહેવાય? સમ્મેદશિખરનું માહાત્મ્યનું પુસ્તક છે. મેં કહ્યું શું છે એમાં બોલો જોઈ. એમાં એમ લખ્યું છે કે સમ્મેદશિખરના દર્શન કરે તો ૪૯ ભવે મોક્ષ જાય. કીધું, એ વીતરાગની વાણીનું શાસ્ત્ર નહિ. વીતરાગી વાણી-પરને લઈને, પરના દર્શનથી, પરને લઈને ભવકટી થાય એ વીતરાગી વાણી નહિ. વીતરાગી વાણી-આત્માના આશ્રયે ભવકટી થાય એ સમ્મેદશિખર ભગવાનઆત્મા છે. એનો આશ્રય લે તો ભવકટી થાય. એક ભવ પછી એક-બે ભવે. એ વાણીને વીતરાગવાણી કહેવાય. માટે સમ્મેદશિખરના માહાત્મ્યનું પુસ્તક ભગવાનનું કહેલું નથી. સમજાણું કાંઈ? પછી વળી ફર્યા પાછા. કે ખોટું પડ્યું. કહે, ના ના હું ક્યાં.. પણ ક્યાં તમે પહેલું કહ્યું, સમ્મેદશિખરના દર્શનથી ૪૯ ભવ રહે.

મુમુક્ષુ :- ૪૯નું .

ઉત્તર :- એવું કાંઈક લખ્યું છે એક માહાત્મ્ય. જેમાં આ શ્વેતાંબરે. આ શેત્રુંજય માહાત્મ્ય લખ્યું છે ને મોટું? એવું આ લોકોએ આ લખી નાખ્યું. બેય સમજવા જેવી વાતું છે. એલા પરદર્શનથી પરના લક્ષે તો રાગ છે. પરાશ્રય તો રાગ થાય. પરાશ્રયથી ભવનો અભાવ થાય?

ભગવાન આત્મા.. પહેલું ૧૧મી ગાથામાં કહ્યું '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**' ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ ધ્રુવ, એનો આશ્રય લેતા સમ્યગ્દર્શન થાય. બાકી ત્રણ કાળમાં બીજી કોઈ રીત છે નહિ. ભગવાનના દર્શનથી થાય, દેવ દર્શનથી એ બધા નિમિત્તના કથનો છે. સમજાણું કાંઈ? વેદનાથી થાય. આવે છે ને શાસ્ત્રમાં? જાતિસ્મરણથી થાય, વેદનાથી સમકિત થાય, દેવદર્શનથી થાય, જિનબિંબના (દર્શનથી) થાય, એ બધા નિમિત્તના કથનો છે. એ આ રીતે અહીં કરે ત્યારે ઓલા નિમિત્તો હતા એનું જ્ઞાન કરાવવા માટે કથન છે. સમજાણું કાંઈ? જવાબદારી મોટી પણ. આ પથરા-બથરામાં કાંઈ વિચાર કરતા હશો કે નહિ? એમ ને એમ ઘડી નાખતા હશે? કે આ નંબરના કરજો, ફલાણું કરો. એવું આવે છે કે નહિ? ભાત-ભાત. ડિઝાઈન. આવી ડિઝાઈન જોઈશે. એ ધ્યાન રાખવું પડે એનું. આવી આમ પતરી નાખી. ધોળી નાખી, કાળી નાખી, આ નાખી, ધૂળ નાખી. એ ધૂળ છે ને.

મુમુક્ષુ :- .. ગોઠવે...

ઉત્તર :- એ તો ગોઠવાય એને કારણે. કોણ ગોઠવે? પણ આ તો કહેને ઓલા કે આવી જોઈશે અમારે લાદી. વચમાં ધોળી-ધોળી જોઈશે. ચારે કોર કાળી-કાળી જોઈશે, ફલાણી રાતી જોઈશે. એ બધા પ્રકાર આવે છે ને.

અહીં કહે છે કે ઉપદેશ યથાર્થ એને કહીએ કે જેમાંથી સદોષતાનો નાશ થાય અને નિર્દોષતાની પ્રાપ્તિ થાય એવો જે ઉપદેશ હોય. કોઈ સદોષ નામ રાગથી, પુણ્યથી, શુભથી ધર્મ થાય એ વાણી શાસ્ત્રની નહિ, એ ઉપદેશ શાસ્ત્રનો નહિ, એ વાણી જિનવચન નહિ.

મુમુક્ષુ :- નિમિત્તથી તો લાભ ખરો ને?

ઉત્તર :- નિમિત્તથી લાભ થાય એની વાત નથી. લાભ સ્વને આશ્રયે થાય. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો.' ભાઈએ કીધું ત્યાં 'દોલતરામજી'એ. સ્વ ભગવાન આત્મા. એક ટૂંકી ભાષા એકત્વ અને પૃથક. બસ આ છે. પરથી પૃથકત્વ અને સ્વથી એકત્વ. આ આખા સિદ્ધાંતનો ઉપદેશ આ છે. એવો ઉપદેશ જ્યાં મળે. એટલો તો એણે વિવેક કરવો પડશે. નહિતર લાકડા ખોસી ઘાલશે આડાઅવળા. નીકળવું મુશ્કેલ પડશે. પહેલાં એમ નહિ. આ વ્રત પાળવા, પહેલા ચારિત્ર કહેવાય, ચારિત્ર આમ પાળે, ત્યારે હળવો થાય. અરે..! તને આવ્યું ક્યાંથી સમ્યગ્દર્શન વિના? ધૂળેય થાય નહિ. મિથ્યાત્વ થાય. આત્માના અનુભવના આશ્રય વિના જેટલા વ્રતાદિની ક્રિયા કરે એમાં મિથ્યાત્વનું પોષણ થાય. કેમ? કે રાગની મંદતામાં એ ધર્મ માને છે. એનાથી શુદ્ધિ થશે એમ માને છે. ક્ષણે ક્ષણે મિથ્યાત્વની પુષ્ટિ થાય છે. 'નરશીભાઈ'!

મુમુક્ષુ :- મરી જાય.

ઉત્તર :- મરી ગયા ને પણ અનંતા વકારે? આહાહા..!

કોઈપણ પ્રાણી સત્યનો શોધક હોય. 'શ્રીમદ્' એમ કહ્યું ભાઈ! એક સત્પુરુષને તું શોધ. એમ કહ્યું છે એમણે. પછી તને જો જ્ઞાન ન મળે તો મારી પાસે આવજે. કારણ કે સત્પુરુષને શોધ તો સત્પુરુષ કેવો હોય એનું જ્ઞાન તો હોવું જોશે ને એને. એ તો એવી શૈલી કરી છે એમણે-'શ્રીમદ્'. સમજાય છે કાંઈ? સત્પુરુષને શોધ અને સત્પુરુષ તને મળે અને તને પછી જ્ઞાન ન થાય એમ બને નહિ. કારણ કે તારું શોધન આ ચીજ સાચી છે, આ માર્ગ સાચો આ કહે છે એ. એમ તને બેઠું તારું સ્વના આશ્રયે થયા વિના રહેશે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

**'જેમનાથી યથાર્થ ઉપદેશ મળે છે...'** આમાં બધું મોટું વજન છે. વજન એટલે તોલ હશે એમાં? સમજ્યા? 'મોરલીધરજી'! **'એવા જિનવચનોનું સાંભળવું,...'** સમ્યગ્દર્શન ન પામ્યો હોય તો એને પહેલાં આવા વચનો સાંભળવાના એવા ભાવ આવે. છતાં એ ભાવથી સમ્યગ્દર્શન પામે, એમ નહિ. કેમ? કે યથાર્થ જિનવચન સાંભળવા જાય છે એ ઉપદેશમાં એમ આવશે કે અમારા તરફ તું સાંભળે છે એ શુભરાગથી સમ્યગ્દર્શન નહિ થાય. એ જિનવચનના યથાર્થ ઉપદેશમાં એમ આવશે. સમજાણું કાંઈ?

**'જેમનાથી યથાર્થ ઉપદેશ મળે છે...'** યથાર્થ ઉપદેશની વ્યાખ્યા આ છે. એ ઉપદેશ યથાર્થ કહેનાર વીતરાગભાવ સ્થાપશે અને એ શ્રવણ કરનારને પણ કહેશે કે તારે ધર્મ પામવો

હોય તો સ્વઆશ્રયે જા, રાગથી પ્રથક થા. આહાહા..! વિચાર કર એમ કહે છે ભાઈ, લ્યોને ટૂંકામાં. એ વિચાર કરનો અર્થ જ સ્વ તરફ છે. 'કર વિચાર તો પામ.' એનો અર્થ એ છે. તું વિચાર પામ પરથી જુદો પડીને. 'શ્રીમદ્'માં એમ છે. એમ અનેક પ્રકારની રીત છે ઈ. સમજાણું કાંઈ? જ્ઞાનની ક્રિયા છે અંદર એમ કહે છે. ઈ એમ કહેશે યથાર્થ ઉપદેશવાળો એને. ભાઈ! રાગ અને પુણ્ય-પાપના વિકલ્પો છે, છે. તને આવે છે. પહેલી દશામાં સાંભળવા માટે એવા ભાવ હોય છે. પણ તારે ધર્મ પામવો હોય તો અમારું અને અમે સાંભળીએ, તને સંભળાવ્યું એવો અમારો રાગ. અમારા તરફનો રાગ કે સાંભવાનો રાગથી ખસીને સ્વભાવ ઉપર જા. એવો યથાર્થ ઉપદેશ મળે એ સાંભળે તો ત્યાં સમકિતમાં પહેલો અધિકારી અથવા એની ભૂમિકામાં આવો ભાવ હોય છે. આહાહા..! સમજાય છે? 'શશીભાઈ'!

સમ્યક્ પામવા પહેલાનો મિથ્યાદૃષ્ટિ પણ આવી ભૂમિકાવાળો હોય. સમજાણું કાંઈ? એને આત્મા પામવો છે કે નહિ? બીજી ભાષાએ (કહીએ તો) તેને નિર્દોષતા લેવી છે કે નહિ? તો સદોષતામાં તો પડ્યો છે. હવે કાંઈ કરવા માગે છે નિર્દોષતા. તો એને સાંભળવામાં નિર્દોષ શું છે એ સાંભળવાનો ભાવ છે. અને તે નિર્દોષ શું? એવો અહીંયાં સાંભળવાનો ભાવ તો શુભ છે. પણ નિર્દોષ ઉપદેશ કહેનાર એને એમ કહેશે કે આ જે અમારી પાસે તું સાંભળે છો એનું લક્ષ ફેરવીને તારા તરફ લક્ષ કરીશ ત્યારે તને સમ્યગ્દર્શન થશે. એ ઉપદેશને યથાર્થ ઉપદેશ કહેવામાં આવે છે. એમ કોઈ કહેનાર મળે કે અમારી સામું જોયા કરજે, અમારો ઉપદેશ સાંભળીશ તો તને સમકિત થશે. તો એ યથાર્થ ઉપદેશ જ નથી. સાંભળે તો શુભ કીધો. શુભભાવ કીધો. પણ શુભભાવમાં સાંભળનાર... સંભળાવે છે, સંભળાવનાર શું સંભળાવે છે? યથાર્થ ઉપદેશ. યથાર્થ ઉપદેશનો અર્થ રાગથી પૃથક કરવું અને સ્વભાવનું એકત્વ કરવું એ ઉપદેશ છે. 'અમરચંદભાઈ'!

મુમુક્ષુ :- એ જ કરવાનું છે.

ઉત્તર :- આ જ કરવાનું છે. કરવું શું ... છે કોઈ? આહાહા.!

'**एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण**' કીધું ને પાંચમી ગાથામાં? '**जदि दाएज्ज पमाणं चुक्केज्ज छलं ण धेत्तव्वं**' પ્રમાણ કરજે. પરથી પૃથક પડીને સ્વમાં એકત્વ કરીને પ્રમાણ કરજે. એવો જ ઉપદેશ સમ્યગ્દૃષ્ટિ હો કે મુનિ હો કે શ્રાવક હો. એના મુખમાં આવો જ ઉપદેશ આવે છે. અને વિપરીત ઉપદેશ આવે કે રાગથી લાભ થાય કે કરતા કરતા થશે, એ મિથ્યાદૃષ્ટિ છે, ઉપદેશ જૂઠો છે, જ્ઞાન ખોટું છે, એના સાંભળનારા એ પ્રમાણે માને તો એ પણ મિથ્યાત્વનું પોષણ કરે છે. કહો, સમજાણું આમાં? 'ઈશ્વરચંદજી'!

મુમુક્ષુ :- ...દિગંબર થવાનો તો કોઈ વાત આવી નહિ.

ઉત્તર :- દિગંબરમાં... રાગનો અભાવ કરવાની વાત ન આવી? સ્વનો તીવ્ર આશ્રય કરે અને રાગનો તીવ્ર અભાવ થાય તો મુનિપણું થઈ જાય છે. એનું નામ મુનિપણું છે.

સ્વનો આશ્રય કરીને સમ્યગ્દર્શન પામે, સ્વનો ઉગ્રપણે આશ્રય કરે તો સાધુપણું-ચારિત્ર પામે. અને એની ભૂમિકામાં શું હોય એ કહેશે હમણાં પછી. અહીં તો હજી પહેલો ઉપદેશ સાંભળે. એના પછી કહેશે. પરદ્રવ્યનું આલંબન છોડવા અણુવ્રત, મહાવ્રતના પરિણામ હોય છે. સમજાણું કાંઈ? સમકિતદર્શન થયા પછી. એની પછી વાત લેશે.

અહીં તો હજી યથાર્થ ઉપદેશના શબ્દોમાંથી ભાવ આવે છે. એટલો તો એને વિવેક ન હોય તો એ સાંભળવાને પણ પાત્ર નથી. સત્ય જિનવચન સાંભળવાને પાત્ર નથી. '**જેમનાથી યથાર્થ ઉપદેશ મળે છે એવાં જિનવચનોનું સાંભળવું,...**' તો જિનવચનો તો એમ કહેશે કે, સ્વનો આશ્રય લે, પરનો આશ્રય છોડ. એમ જિનવચન કહેશે. મુનિ પણ એમ કહેશે, શ્રાવક પણ એમ કહેશે, સમકિતી પણ એમ કહેશે. સાંભળનારને પણ એમ સાંભળવું પડશે. એય..! સમજાય છે કાંઈ? પાછું 'ધારણ કરવું' એ બીજો શબ્દ આવ્યો. એ સાંભળેલું ટકાવી રાખવું. એનાથી વિરૂદ્ધ કોઈ કાંઈ ફેરવા માગે તો ફરે નહિ. એણે ધારી રાખવું. એ ઉપદેશમાં એમ આવ્યું હતું કે રાગથી પૃથક થવું અને સ્વભાવથી એકત્વ થવું. સદોષતાનો અભાવ કરવો અને નિર્દોષતા પ્રગટ કરવી. એમ જે કહ્યું તે વાતને ધારી રાખવી.

મુમુક્ષુ :- ધારી રાખવી એટલે?

ઉત્તર :- પક્કડ રાખવી અંદર અવાય કરી નિર્ણય કરી રાખવો પાકો. બીજી વાત કોઈ કહેતા હોય તો સામે (કહે કે) નહિ, એમ ન હોય. સમજાણું કાંઈ? .. એમ કહે છે. અરે..! ભગવાન!

મુમુક્ષુ :- ભરવાડ જેવા હોય..

ઉત્તર :- ભરવાડ જેવો હોય એ પણ સાંભળે. કીધું નહિ? કાલે રાત્રે નહોતું કીધું? ભરવાડની વાત નહોતી સાંભળી કાલે? 'શ્રીમદ્ રાજચંદ્ર' આમ જતા હતા અને ભરવાડ ઊભા રહ્યા જોતા જોતા. હાથમાં લોટો (લઈને) જંગલ જાતા હતા. આમ ... ભરવાડ લોકો ઊભા હતા. ભરવાડ સમજો છો ને? ગોવાળિયા. ગામને પાદરે ઊભા હતા. 'શ્રીમદ્' જંગલ જતા હતા. લોટો હાથમાં હતો. આમ જોતા હતા ભરવાડ. આમ ધીરેથી ચાલે છે. અંદરની ... પાછા આવ્યાને પાછી જોયા કરે. 'શ્રીમદ્'ને એમ લાગ્યું કે આની અનુકરણ વૃત્તિ લાગે છે આ લોકોની. અનુકરણવાળી અનુસરણ કરનારી આની વૃત્તિ લાગે છે. એટલે આવીને કહ્યું, ભાઈઓ! તમે આંખો મીંચીને હું પરમેશ્વર છું એમ વિચારો. આમ પાધરો શબ્દ કહ્યો. ભાઈઓ! તમે આંખ મીંચીને હું એક પરમેશ્વર છું એમ કહો. ભરવાડ સરળ હતા ને અંતરંગ જોયું હતું એટલે તર્ક ન ઉઠ્યો. અરે..! પણ અમે અત્યારે ભગવાન! વાણિયો હોય તો ના પાડે. ભણેલા-ગણેલા ના પાડે. ભણેલા ના પાડે. ના ના ભગવાન અત્યારે? અત્યારે ભગવાન! આમ જ હોં! પાધરા સીધા. વાતચીત કરી નહિ. પણ એણે જોયું કે આ મારી સામે બહુ .. અનુકરણ કરીને .. ગયો તે આવ્યો ત્યાં સુધી સામું જોયા કરે. કીધું ને

૮મી ગાથામાં? ટગ ટગ જોયા કરે છે. અનિમેષ. એની એક યોગ્યતા છે અનુકરણની. જ્ઞાની ધર્માત્મા શું કહે છે? સમજે ભલે નહિ કંઈ. શું કહે છે આ? પછી એનો અર્થ કરે છે ત્યારે.. ઓ..હો..! આ! આત્મા. કહ્યું તો સમજ્યા નહિ. આત્મા એટલે ભાઈ! એ શ્રદ્ધા, જાણે અને ઠરે એ આત્મા. ઈ આત્મા! એમ આને જો ભરવાડને.. સેઠી! આ ભણેલા શાસ્ત્રના હોય તો ભગવાન કહે તો કહે નહિ. એમ ન હોય. ભગવાન અત્યારે હોય?

૭૨ ગાથામાં ન કહ્યું? ભગવાન આત્મા. ભગવાન આત્મા. આસ્રવ અશુચિ છે. પુણ્ય-પાપના ભાવ તે અશુચિ મેલ છે. શેવાળની પેઠે-કાઈની પેઠે અનુભવાય છે, મેલા છે. ભગવાન આત્મા નિર્મળ છે. એમ પહેલેથી જ ૭૨ ગાથામાં 'અમૃતચંદ્રાચાર્યે' ટીકામાં લીધું છે. ભગવાન આત્મા..! પુણ્ય-પાપના પરિણામ છે આસ્રવ એ તો જડ છે, અચેતન છે, ચેતનના નૂર એમાં નથી. માટે વિપરીત છે એમ કહ્યું છે. અશુચિ, વિપરીત અને દુઃખકારણ. અને ભગવાન આત્મા ચેતનમૂર્તિ આનંદકંદ છે. માટે બે ભિન્ન જાણી અને આસ્રવ તે દુઃખરૂપ છે, ભગવાન આત્મા દુઃખનું કારણ નથી, સુખરૂપ છે. ત્રણેમાં ભગવાન-ભગવાન લીધો છે. અશુચિ, વિપરીત અને દુઃખકારણ. સમજાય છે? એને એમ ન કહે સાંભળનારને. ભગવાન-ભગવાન હજી અમે ભગવાન નથી અને ભગવાન... અરે..! સાંભળ તો ખરો. ભગવાન છો. આહાહા..! એમ (આ કહે), અરે..! ભાઈસા'બ! અમે પામર પ્રાણીને.

એક જણો અહીંથી સાંભળી ગયો હતો. .. ભગવાન આત્મા. સાંભળી ગયેલો. પછી એક મોટા પંડિત પાસે ગયેલો. ત્યાં એમ કહે છે કે (ભગવાન છે). અરે..! ભગવાન આત્મા કેવા અત્યારે? અત્યારે ભગવાન-ભગવાન નહિ. અરે..! અત્યારે નહિ, ત્રણે કાળે (છે), સાંભળને હવે. અહીં વાત આવે ને. વાત આવે કે આત્મા ભગવાન છે બાપુ! એનામાં નિર્દોષતા છે એકલી. સદોષતા તો ઉપાધિ છે. એનો મૂળ સ્વભાવ નથી. ભગવાન તરીકે જ પરમાત્મા બોલાવે છે. ભગવાન આત્મા. તો કહે, નહિ. ના પાડતો નહિ ચાલે. ... અંદર. સાંભળને હવે. હા પાડને. સમજાણું કાંઈ? હા પાડ તો હાલ્યો આવ અને ના પાડ તો નરકે જા. નરક અને નિગોદ બે છે. બીજુ છે નહિ તારે માટે. સાંભળ. એય..! સેઠી!

યથાર્થ ઉપદેશ સાંભળે છે એ એમ કહે કે તું પરમાત્મા છો શક્તિએ. ભગવાન સાક્ષાત્ પરમેશ્વર છો. એમ યથાર્થ ઉપદેશમાં આવે. તારી પર્યાયમાં મલિનતા (છે) એ મલિનતા અંતર સ્વભાવમાં એકત્વ કોઈ દિ' થઈ નથી. એકત્વ થઈ નથી અને એકત્વથી આત્માને લાભ કદી હોતો નથી. અને પુણ્ય-પાપના વિકલ્પથી પૃથક્પણું અને સ્વભાવના એકત્વથી લાભ એ યથાર્થ ઉપદેશમાં આવશે. ઓલો ઝીલશે, હા પાડશે. ભલે છે શુભરાગ. પણ એણે કહ્યું કે અમારા તરફ છે. પણ તારે તારા તરફ ઢળવાથી તને લાભ થશે. એવો યથાર્થ ઉપદેશ સાંભળે એવો એને શુભભાવ સમકિત પામ્યા પહેલા આવ્યા વિના રહેતો નથી. સમજાણું કાંઈ?

પછી '**ધારણ કરવું...**' દેખો! એને ધારી રાખે. પાછો આમ હલાહલ ગારની ખીલાની

પેઠે. ગાર સમજો છો? આ ગાર નથી કરતા? ગાર કરે છે. હવે તો પથરા થઈ ગયા. નહિતર ગાર કરતા. પછી એમાં ખીલો નાખે. ખૂંટા. ખૂંટા રહે એમાં? એ બળદ બાંધે તો આમ ખેંચે તો આમ જાય અને આમ ખેંચે તો આમ જાય. ખૂંટો મજબૂત રહે નહિ. એમ આ ધારી રાખ્યું હોય તો મજબૂત રહે. માર્ગ ભગવાનનો આ છે. સમજાય છે? રાગથી પૃથક્ થવું અને સ્વભાવથી એકત્વ થવું. એમ જિનવચનો કહેતા હતા એમ એણે ધારી રાખવું જોઈએ. ગમે ત્યાં જાય તો આ વાત એને ખસે નહિ. એવો એને ભાવ હોય છે. સમજાણું કાંઈ? એક વાત થઈ.

'**તથા જિનવચનોને કહેનારા...**' ઓલા જિનવચનની વાત કરી. એના '**કહેનારા શ્રીજિન-ગુરુ...**' દેખો આવા '**કહેનારા શ્રી જિન-ગુરુની ભક્તિ,...**' આવાની ભક્તિ. જે કોઈ રાગથી લાભ મનાવે, વીતરાગ માર્ગમાં પૃથક્પણું ન કહે અને રાગની પૃથક્તા છે એનાથી એકત્વ અને લાભ મનાવે એ જિનના ગુરુ નથી અને જિનના સાધુ પણ નથી.

મુમુક્ષુ :- એની ભક્તિ કરવી...

ઉત્તર :- એ પછી થયું ને. આની ભક્તિ કરવી અને એની ભક્તિ હોય નહિ. ન જ હોય એને. એમ કહે છે એ તો. કહો, સમજાણું આમાં? ભારે આકરું કામ છે હોં! આ બધું પણ. એમાં બધામાં મોટપ સેવી હોય એમાંથી નીકળવું. શેઠીયા કહેવાણા હોય ગામમાં લ્યો. બાયુમાં કહેવાણી હોય મોટી. હવે એમાંથી નીકળવું હોય... હાય..હાય..!

મુમુક્ષુ :- ભારે પડે.

ઉત્તર :- ભારે પડે? કોનું કહો છો તમે? કહો, સમજાણું આમાં?

પહેલા સમકિત પામવા પહેલા જિનવચનોના કહેનારા શ્રીગુરુ-જિનગુરુની ભક્તિ. આહાહા..! પણ નાખ્યું જોને! ભૂતાર્થનો આશ્રય કર્યો નથી, ભૂતાર્થનો આશ્રય કર્યો નથી. સમ્યગ્દર્શન પામ્યો નથી. પણ પામવા માગે છે એને કેવો શુભભાવ હોય? એની વ્યાખ્યા કરે છે. શુભભાવ આવો હોય. અને એ સાંભળવામાં ઓલો સંભળાવે છે એમ કે તારે રાગ છે એમ સાંભળે છો ને અમારા તરફ? હા. પણ એનાથી પૃથક્ થઈને સ્વનો આશ્રય કર તો ધર્મ પામીશ. સમજાણું કાંઈ? આ શુભરાગ રાખીને તને સમકિત થશે, એમ નહિ, એ યથાર્થ ઉપદેશ કહેવાય નહિ જો એમ કહે તો. સમજાણું કાંઈ? ભાઈ કરો. કષાય મંદ કરો. કરતા કરતા બેડો પાર થઈ જશે. એ જિનવચનો છે જ નહિ. '**જિનવચનોને કહેનારા...**' અરે..! કોઈએ શાંતિથી વાંચ્યું નથી. પંડિતે કહ્યું છે, ફલાણાએ કહ્યું છે કરીને કાઢી નાખે. હવે સાંભળ તો ખરો ઈ શું કહે છે એ? સમજાણું કાંઈ? એ અંદરની ૧૧-૧૨ની સંધિમાંથી અધૂરું રહ્યું, હજી નથી સમ્યક્ પામ્યો અને પૂર્ણ થયો નથી એને કેવું હોય? આવી વાત એને હોય છે. એમ વાત વર્ણવે છે.

'**જિનવચનોને કહેનારા શ્રી જિન-ગુરુની ભક્તિ,...**' જેની દૃષ્ટિ સમ્યક્ છે, જેનું જ્ઞાન

સમ્યક્ છે, જેનું કથન જિનવચન પ્રમાણે રાગનો નાશ કરનારી અને આત્માની નિર્દોષતા પ્રગટ કરનારી વાણી છે એવા જિનગુરુની ભક્તિ. એ સિવાયની એ ભક્તિ એ કરી શકે નહિ. એવો એને ભાવ હોય નહિ એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આમાં બિચારા મૂંઝવાય ને.

ઉત્તર :- આ તો મૂંઝવણ ટાળવાની વાત છે. ટાળવાની વાત છે. એ તો .. 'મીઠાલાલજી'! આહાહા..! ભારે પણ. જિનવચન.. જિનવચન... પહેલું યથાર્થ ઉપદેશ મળે એમાં જિનવચન, બીજામાં પણ જિનવચનોને કહેનારા જિનગુરુ. કારણ કે જિન વીતરાગ માર્ગ છે આ. વીતરાગમાર્ગમાં ત્રણે વીતરાગ... વીતરાગ... વીતરાગ... પોકાર કરે છે. આહાહા..! પ્રભુ! આત્મા વીતરાગી પિંડ છે, અકષાય સ્વભાવ આત્મા છે. એ તરફ લક્ષ કર, એનો આશ્રય કર. રાગમાં એકત્વબુદ્ધિ તો ભાઈ અનાદિની છે તારી. સમજાય છે? રાગ ભલે તું અમારી સામે સાંભળે. પણ તારે સાંભળવામાં એ સંભળાવીએ કે રાગથી ખસીને સ્વભાવ ઉપર આશ્રય કરવો પડશે એ તારે સમ્યગ્દર્શનનું કારણ છે. એમ શુભ વિકલ્પથી પણ આવું સાંભળે છે. એને એમ નથી થતું કે લ્યો! તમારી પાસે આટલું સાંભળવું શું કામનું? એય..! '...ભાઈ'! લ્યો! આ તો પાછું નાખે છે અમારા ઉપર. એમ નથી થાતું એને. બરાબર વાત છે. વાત એ બરાબર કહે છે. અમે સાંભળીએ છીએ, અમને શુભરાગ આવે છે. પણ એ કહે છે એ શુભરાગ તરફથી લક્ષ છોડી એકત્વ કરવું પડશે, ભાઈ! જ્યાં પરમાત્મા બિરાજે ત્યાં તારી નજર કરવી પડશે. એ વિના તું સમ્યગ્દર્શન પામીશ નહિ. એ શુભભાવે પણ આવું સાંભળે છે. શુભભાવની ભૂમિકામાં આવું સાંભળીને હકાર કરે છે. સમજાણું કાંઈ? કહો, 'મુરલીધરજી'! તમે તો અહીં બહુ આવ્યા. આહાહા..!

'**જિનબિંબના દર્શન...**' ભાષા જુઓ. જિનબિંબ કહીને વીતરાગી બિંબ હોય. એને માથે આમ ફલાણા હોય અને દાગીના હોય, વસ્ત્રો હોય અને ફલાણું હોય એવું નહિ. માટે જિનબિંબ શબ્દ વાપર્યો છે. સમજાય છે કાંઈ? જિનબિંબ. જેવા વીતરાગ હતા એવું સામે પ્રતિબિંબ હોય. મૂર્તિને માથે કપડા હોય, કે આ શું કહેવાય આંગી હોય કે એવું હોય નહિ. એય..! 'જયંતિભાઈ'! દરેકમાં જિન-જિન શબ્દ વાપર્યો છે. જિનબિંબ. બિંબ, હોં! જિનમૂર્તિ નથી કરી અહીં તો. કારણ કે અમથી જિનની મૂર્તિ તો સાધરણને કહેવાય. જિનબિંબ જેવા જિનેશ્વર વીતરાગ એવું એનું પ્રતિબિંબ આમ હોય. વીતરાગ. એને દેખીને ભલે શુભરાગ હો પોતાનો. પણ જણાવે છે કે ઓહો..! તદ્દન અક્રિય જ્ઞાનબિંબ જાણે પડ્યું હોય. અક્રિય જ્ઞાનબિંબ પડ્યું હોય એવા પરમાત્મા છે. એમ એ પોતે લક્ષ કરે તો રાગ અને નિમિત્તથી હઠીને ત્યાં જવું પડે સ્વભાવમાં એમ બિંબના દેખવાના શુભભાવમાં, પણ આવું એણે લેવું જોઈએ. સમજાણું કાંઈ?

'**જિનબિંબના દર્શન ઈત્યાદિ...**' ઈત્યાદિ શબ્દે પૂજા હોય. '**વ્યવહારમાર્ગમાં પ્રવૃત્ત થવું**

**પ્રયોજનવાન છે;...**' એટલે એવો શુભભાવ આવ્યા વિના રહેતો નથી. એનું નામ પ્રયોજનવાન, હોં! આદરણીય છે અને એનાથી સમ્યક્ થાય એમ અહીં કહેવું નથી. એને ત્યાં આવા જ્ઞાનમાં શુભભાવ વર્તે છે એ જાણે છે. ભલે એ જ્ઞાન સાચું નથી. પણ આવો ભાવ હોય છે. સમ્યક્ પહેલાં આવો ભાવ હોય છે. તેથી એને પ્રયોજનવાન કહેવામાં આવ્યું છે. એનો અર્થ એવો નથી કે શુભભાવ આવો આવે માટે સમ્યગ્દર્શન થશે, એ એણે સાંભળ્યું એમ નથી. એણે સાંભળ્યું છે કે વીતરાગપણું તો આમ થશે. અમારી સામું જોવાથી રાગ થશે. સમજાણું કાંઈ? કહો, 'ચીમનભાઈ'! શું આ બધું?

મુમુક્ષુ :- .. રીત કહે છે.

ઉત્તર :- હા, ઈ કહે છે.

'**ઈત્યાદિ વ્યવહારમાર્ગમાં પ્રવૃત્ત થવું...**' એટલે કે એવો વ્યવહારમાર્ગ શુભભાવ એ ભૂમિકાએ આવો આવ્યા વિના રહે નહિ. સમજાય છે કાંઈ? હવે એ પૂરી વાત થઈ એની.

હવે જેને શ્રદ્ધાન-જ્ઞાન તો થયા છે. સમ્યગ્દર્શન અને જ્ઞાન થયું. એને શું વ્યવહાર હોય? એ કહે છે. '**જેમને શ્રદ્ધાન-જ્ઞાન...**' ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદ પ્રભુ '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**' ધ્રુવની અંતર દૃષ્ટિના અનુભવથી સમ્યગ્દર્શન થયું. એના અંતર જ્ઞાનથી સમ્યગ્જ્ઞાન થયું. '**પણ સાક્ષાત્ પ્રાપ્તિ નથી થઈ...**' પૂર્ણ શુદ્ધ ઉપયોગની પરિણતિ પૂર્ણ થઈ નથી. આત્મા તદ્દન અભેદ પર્યાયમાં પરિણમી જાય શુદ્ધમાં એવી દશા થઈ નથી. '**તેમને પૂર્વકથિત કાર્ય,...**' પૂર્વ કથિત જે લીધા એ. ક્યા? 'જેમનાથી યથાર્થ ઉપદેશ મળે છે એવાં જિનવચનોનું સાંભળવું,...'

મુમુક્ષુ :- બીજાનું ન સાંભળવું?

ઉત્તર :- ઓલાએ ન સાંભળવું તો આણે પણ ન સાંભળવું. સમ્યગ્દૃષ્ટિ અને જ્ઞાનીએ પણ જ્યાં સુધી શુદ્ધોપયોગની પૂર્ણ પ્રાપ્તિરૂપ કેવળજ્ઞાન ન થયું હોય ત્યારે એને કેવો વ્યવહાર આવે છે એ સમજાવવા આ વાત કરી છે. પૂર્વકથિત એટલે જિનવચનોનું સાંભળવું, યથાર્થ ઉપદેશ મળે એવા જિનવચનો સાંભળવા. સમકિતી પણ જ્યાં યથાર્થ જિનવચન મળે એને સાંભળવાનો ભાવ એને શુભરાગ આવે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્જ્ઞાની પણ જ્યાં યથાર્થ ઉપદેશ જિનની વાણીનો વીતરાગતાનું સ્થાપન હોય એનું સાંભળવાનો શુભરાગ સમકિતીને પણ આવે છે. છતાં એ શુભરાગથી આગળ વધશે એમ કહેવું નથી અહીં. એને શુભરાગ આવો હોય છે. આહાહા..! ભારે લખ્યું ભાઈએ.

'**એવા જિનવચનોનું સાંભળવું, ધારણ કરવું...**' એને પણ ધારી રાખવો. વીતરાગભાવ જે સામે કહેતા હોય એ ધારી રાખવો. અને જિનવચનમાં જિનગુરુની ભક્તિ કરે સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની. એ જિનગુરુની ભક્તિ કરે. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની જિનગુરુ વીતરાગી દૃષ્ટિ હોય, વીતરાગી જ્ઞાન થયું હોય, એવા વીતરાગી આચરણ થયા હોય એવા જિનગુરુની ભક્તિ સમકિતી પણ

કરે. એવો શુભભાવ આવ્યા વિના રહે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એય..! 'નેમિદાસભાઈ'! પોતા કરતા વધારે હોય તો એ ભક્તિ વ્યવહાર ખાતર છે. અહીં તો યથાર્થ ભક્તિ (કહે છે).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ નહિ. આ તો પછી પોતા કરતા અઠ્યાવીશ મૂળગુણ નિર્દોષ હોય, આગમ પ્રમાણે વ્યવહાર શ્રદ્ધા ચોખ્ખી હોય. આગમ પ્રમાણે અને અઠ્યાવીશ મૂળગુણ ચોખ્ખા (હોય). એના માટે આહાર-પાણી ચોકા કરીને લે તો વ્યવહાર પણ ખોટો છે. એને તો સમકિતી વ્યવહારે પણ વંદન ન કરે. જેના અઠ્યાવીશ મૂળગુણ (હોય). એને માટે આહાર કરી લે નહિ. નિર્દોષ આહાર-પાણી હોય. ૪૨-૪૭-૯૬ દોષ રહિત અને આગમ પ્રમાણે વ્યવહારશ્રદ્ધા ચોખ્ખી હોય. એ એમ ન કહે કે આ શરીરની ક્રિયા હું કરી શકું છું. એમ ન કહે એ. અંતર દૃષ્ટિ ખોટી ભલે હો. સમજાય છે? એનો ઉપદેશ પણ વ્યવહારુ આગમનો યથાર્થ હોય, આચરણ પણ વ્યવહારુ યથાર્થ, શ્રદ્ધા પણ વ્યવહારુ યથાર્થ, આગમનું જ્ઞાન પણ વ્યવહારુ યથાર્થ હોય. પોતા કરતા વિશેષ ત્યાગી દેખીને એને વંદન કરે. એ પર છે અને ભક્તિ પણ વ્યવહાર છે. શુભભાવ છે. એને હોય એવું. અંદર સમજે કે વસ્તુ એને નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના ના. કહે નહિ. અંદરમાં ફેર જ હોય. આવે પ્રરૂપણા (એમાં) પૂર્વાપર વિરોધ થયા વિના રહે જ નહિ.

મુમુક્ષુ :- પણ અત્યારે તો પંચમકાળ છે ને.

ઉત્તર :- પંચમકાળ છે તો શું છે? પંચમકાળમાં રોટલીને ઠેકાણે, લોટના ઠેકાણે ધૂળ ખાય છે કોઈ? શું છે? પંચમકાળમાં લોટની જગ્યાએ ધૂળ ખાય છે? પંચમકાળમાં પાણી પીવાને બદલે પેશાબ પીવે છે કોઈ? પંચમકાળમાં. પંચમકાળમાં જેવા દર્શન અને જ્ઞાન હોવા જોઈએ એવા અત્યારે પણ હોવા જોઈએ. સમજાય છે કાંઈ? અમારે 'ધન્નાલાલજી' વકીલ છે. જોયું!

'**જિનવચનોને કહેનારા શ્રી જિન-ગુરુની ભક્તિ,...**' સમકિતી કરે. વીતરાગી પ્રરૂપણા કરતા હોય, વીતરાગી દૃષ્ટિ અને વીતરાગી જ્ઞાન હોય એવાઓની સમકિતી ભક્તિ કરે. સમજાણું કાંઈ? આ તો સાચાની વાત છે ને. ઓલી તો પછી એક દ્રવ્યની.. જાણે કે આને દૃષ્ટિ નથી, ભાન નથી પણ વ્યવહાર એનો ચોખ્ખો છે. આગળ વધેલો છે વ્યવહારમાં. કષાય મંદ, પંચ મહાવ્રત ચોખ્ખા, અઠ્યાવીશ મૂળ ગુણ ચોખ્ખા, શાસ્ત્ર પ્રમાણે શ્રદ્ધા (ચોખ્ખી છે). આ તો શાસ્ત્ર પ્રમાણે શ્રદ્ધાના ઠેકાણા પણ અત્યારે ક્યાં છે વ્યવહારે? વ્યવહારના આચરણના પણ ઠેકાણા નથી. એ તો બધું ઉઘાડું છે. અત્યારે ઉઘાડું પટ દેખાય એવું છે. અત્યારે કાંઈ ગુપ્ત વાત નથી.

અમે તો અમારું બધું જોયું છે ને અમે અમારું? ૧૫-૧૫ વર્ષ અમારી ક્રિયા જોઈ હોય તો તમને એમ લાગે અમારા ગુરુ કહે કે આ તે 'કાનજી'ને શું થઈ ગયું? જેના સાધુ માટે દસ-દસ શેર પાણી ઊના કરીને દે એના કમંડળમાં. પાંચ શેર પાંચ શેર ઊના એના માટે કરે સવારથી લે. અમારા ગુરુ તો એક પાણીનો બિંદુ ક્યાંક કર્યો આમ પાશેર પાણી ઊનું. કહે, અહીં પાણી કેમ છે? મહારાજ! અમારા ન્હાવા માટે કર્યું હતું. કોણ ન્હાયું છે? પૂછે હોં! પરીક્ષા (કરે). ક્યાં ન્હાયો છે? કયે ઠેકાણે ન્હાયા? પોકળ નીકળે. પાણી ન લે. પાણી વિના દિવસના દિવસ ચલાવેલા. પાણી નહિ હોં! મઠ્ઠા લઈ આવે ક્યાંકથી. મઠ્ઠા સમજ્યાને? છાશ મળે. કોઈવાર તો છાશ પણ ન મળે ચોવિહાર અપવાસ કરી નાખે.

એક અહીં અમારે 'ધોલેરા' છે. 'ધોલેરા'થી ૭૨ માઈલથી આવ્યા હતા. સોઢી ગામ છે, સોઢી. ત્યાં બધા મોઢ. પાણી મળે નહિ નિર્દોષ. અમે સાથે હતા. પાણી વિના ચોવિહારા. એટલે? ૪૮ કલાકે પાણી મળ્યા. ગામમાં જાય તો પાણી મળે પણ બનાવેલા. કરી રાખ્યા હોય સાધુ માટે કર્યા હોય. મોઢની વસ્તી. સોઢી છે 'નાવડા' 'ધોલેરા'થી 'નાવડા' વચ્ચે આઠ ગાવ. 'ધોલેરા' આહાર કર્યો હતો તો ૪૮ કલાકે 'નાવડે' પાણી પીધું. અમે પોતે એ વખતે એવી ક્રિયા હતી અમારી. સખત ક્રિયા આકરી. અમને વહોરાવવું પડે તો શેઠિયા ધ્રુજે, બાયું ધ્રુજે, હોં! શેઠાણી ધ્રુજે કે હાય...હાય! અહીં દોષ કાઢશે, અહીં દોષ કાઢશે. નિર્દોષ આહાર-પાણી હોય પણ જો એક જરીક પણ એનો સાડલો આમ.. સાડલો કહે ને. છેડો. એક કપાસિયાનો દાણો પડ્યો હોય એને ઊભી થતા એને અડી જાય તો આહાર બંધ. આહાર બંધ, તે ઘર બંધ. અહીં જોવે તો ઠેકાણા ન મળે. અહીં તો સવારથી સાંજ સુધી બાર સુધી તો પાણી લાવો. એને માટે ઊનો કરો. આ કાળાકેર. આ તે જૈનમાર્ગ છે? એય..! 'શશીભાઈ'! આજ મહારાજને દાન દેવું છે. વહોરાવવું છે. સવારથી અગિયાર સુધી રમઝટ આરંભની. મોસંબી પાણી જોઈશે. મોસંબી લઈ આવો રૂપિયા-બે રૂપિયાના. આ માર્ગ તે વ્યવહારના ઠેકાણા નથી એને નિશ્ચયનું તો ક્યાં ભાન છે? સમજાણું કાંઈ? એવા જિનગુરુની ભક્તિ ન કરે, એમ કહે છે.

મુમુક્ષુ :- એ ગુરુ જ ક્યાં છે? જિન ક્યાં છે?

ઉત્તર :- જિન બહારથી તો કહેવાયને નામ. આવા પ્રરૂપણા આદિ કરતા હોય એની ભક્તિ.

સમકિતી જિનબિંબના દર્શન કરે. એને એવો ભાવ આવ્યા વિના રહે નહિ. એમ માની લે સમકિત દર્શન થયું પછી જિનબિંબનું શું? પણ એવો ભાવ આવે. જાત્રાનો ભાવ આવે, જિનબિંબના દર્શનનો ભાવ આવે, સાચા સંતના દર્શનનો ભાવ આવે. હોય. એને વ્યવહાર કહેવામાં આવે છે. છતાં એની દૃષ્ટિમાં એનો આશ્રય નથી. સમજાય છે?

મુમુક્ષુ :- .. રાખવું છે.

ઉત્તર :- હા. એ રાખ્યા વિના તો ક્યાં હતો વ્યવહાર? પીંછી, કમંડળ હોય તો શું કરે? ઊંધુ મારતો હોય પ્રરૂપણા શ્રદ્ધા આદિને. પીંછી કમંડળ ક્યા ગઈ? આવતું નથી 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં ઓલા સાધુ હતા. ત્યાં નહિ. વહોરવા આવ્યા હતા. તમે અહીં ક્યાંથી? આ સાધુ નહિ. આહાર ન આપ્યા. ક્યાંક હતા. લબ્ધિ હતી. નહિ? સપ્ત ઋષિ. ક્યાંક હતા અને એકદમ આવ્યા કારતક વદ એકમે. આ ક્યાંથી? ચોમાસુ આસપાસ તો કોઈનું હતું નહિ. આ સાધુ નહિ. આહાર ન આપ્યા. પછી વળી જ્યાં દેરાસરમાં દર્શન કરવા જાય ત્યાં બેઠા. ઓહો..! આ તો મુનિને ... અમને ખબર નહિ. તમે આવી ગયા ક્યાંથી? આસપાસમાં હતા નહિ. અમે તો લબ્ધિધર છીએ માટે આવ્યા. ઓહો..! એટલી શંકા પડે તો ન આપ્યો.

મુમુક્ષુ :- આ તો શંકા પડે એવું છે જ નહિ.

ઉત્તર :- આ શંકા પડે એવું છે જ નહિ. આ તો ચોખ્ખી વાત છે. અત્યારે તો દાંડી પીટીને ઉઘાડી વાત છે બધી.

અહીં તો કહે છે કે સમ્યગ્દૃષ્ટિ જીવ જિનબિંબના દર્શન કરે, જિનવચનને સાંભળે અને જિનગુરુની ભક્તિ કરે. જિનબિંબના દર્શન કરે, હોં! એમ નહિ કે ઓલો સમકિતી થઈ ગયો (એટલે કાંઈ નહિ). બાપુ! હજી વીતરાગતા નથી. એટલે એને વીતરાગ પ્રતિમા, વીતરાગ દેવ, વીતરાગી ગુરુ એના ઉપર બહુમાનનો ભાવ ભૂમિકા પ્રમાણે આવ્યા વિના રહે નહિ. એને વ્યવહાર જાણવા લાયક કહે છે. એને વ્યવહાર જાણવા લાયક છે. તમે તો પામવા પહેલા વ્યવહાર આવે ત્યાં નિર્ણય કરવાનું (આવે), નિર્ણય કરે તો ઓલાને રાગ અને મંદતા કહેવામાં આવે. કહો, સમજાણું? એટલી તો વાત પૂર્વે કીધી એટલી સમકિતીને હોય.

હવે એ ઉપરાંત '**પરદ્રવ્યનું આલંબન છોડવારૂપ...**' હવે એના અણુવ્રત-મહાવ્રતના પરિણામની વાત કરે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત. અને અનુભવ સ્થિરતા સહિત ચારિત્ર સહિત. અહીં વ્યવહાર સિદ્ધ કરવો છે ને. પરદ્રવ્યનું આલંબન. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં ૫૭ પાને પરદ્રવ્યનું નિમિત્ત મટાડવાની અપેક્ષાએ એવો પાઠ છે. ૫૭ પાને. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. એ આવ્યું હતું તમારે. અહીં આવ્યું હતું. નિમિત્ત મેટવાની સાપેક્ષતા. ૨૫૭ પાને છે. ૨૫૭. તત્ત્વશ્રદ્ધાન જ્ઞાનપૂર્વક.. અહીં આવ્યું. અહીં પણ તત્ત્વશ્રદ્ધાન જ્ઞાન તો થયા છે, ભાઈ! એના પછીની વાત છે. અહીં પણ એ છે. તત્ત્વશ્રદ્ધાન જ્ઞાનપૂર્વક પણ વ્યવહારનયથી... એ શબ્દ પહેલો પડ્યો છે. વ્યવહારનયથી એટલું. તત્ત્વશ્રદ્ધાનપૂર્વક એ નિશ્ચય છે. વ્યવહારનયથી શબ્દ પડ્યો છે એ પરદ્રવ્યના નિમિત્તને મટાડવાની અપેક્ષાએ પડ્યો છે. પાછું એમ નહિ કે વ્યવહારનયથી તત્ત્વ શ્રદ્ધાન જ્ઞાનપૂર્વક એમ નહિ. ભાષા તો એમ છે લખાણમાં. વ્યવહારનયથી તત્ત્વશ્રદ્ધાન જ્ઞાનપૂર્વક એટલે કે તત્ત્વશ્રદ્ધાન જ્ઞાન તો નિશ્ચય છે. એને વ્યવહારનયથી પરદ્રવ્યના નિમિત્ત મટાડવાની અપેક્ષા વડે .. વીતરાગભાવના ભેદો વ્યવહારે. વીતરાગભાવના ભેદો વ્યવહારે

(એટલે) ઓલો વિકલ્પ હોં! એને બતાવતા વીતરાગભાવની ઓળખાણ થાય. અહીં પ્રવૃત્તિની વાત કરવી છે. એને શુભભાવ કેવો હોય. સમજાણું કાંઈ?

પરદ્રવ્યનો જેટલો રાગ મંદ થાય. સ્વભાવ આશ્રિત દૃષ્ટિ છે સમકિતીની. સ્વભાવ આશ્રિત જ્ઞાન છે, સ્વભાવ આશ્રિત સ્થિરતા પણ છે. પણ વ્યવહાર એને એવો આવે છે કે વ્રતમાં જેટલો અવ્રતના પરિણામમાં પર ઉપર લક્ષ છે વિશેષ. સ્ત્રી, કુટુંબ પાપના પરિણામ. એનાથી ખસવા અણુવ્રતના પરિણામમાં રાગની મંદતા થાય છે. પરદ્રવ્યના નિમિત્તનું આલંબનનું લક્ષ છોડવા. સમજાય છે? એટલો રાગ મંદ થાય છે એને વ્યવહાર કહેવામાં આવે છે.

'**અણુવ્રત-મહાવ્રત...**' મુનિને મહાવ્રત. તે પણ પરદ્રવ્યનું વિશેષ લક્ષ છે ને. બહુ કષાયનો ભાવ થઈ ગયો, પંચ મહાવ્રતના એવા પરિણામ છે. એને ઘણો વેપાર-ધંધા આદિનું લક્ષ પણ છૂટી ગયું. ઓલાને હજી વેપાર-ધંધાનું હતું. તીવ્ર જે રાગ .. હતો આને એ પણ છૂટી ગયું. ઘણા પરદ્રવ્યનું લક્ષ, આલંબન છૂટી ગયું. વિશેષ સ્થિરતાનો કષાયનો મંદ ભાવ મહાવ્રતનો હોય. એ એને અણુવ્રત-મહાવ્રતનું ગ્રહણ એટલે એવા ભાવ હોય તેને ગ્રહણ એમ કહેવામાં આવ્યું છે.

'**સમિતિ,...**' એને સમિતિ, હોં! બેયને હોં અંશે. શ્રાવકને અંશે હોય. 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં કહ્યું છે કે જેટલો આચાર મુનિનો કીધો એનો એક દેશ શ્રાવકને પણ હોય. પંડિતજી! શ્લોક છે. જેટલા સમ્યગ્દૃષ્ટિ શ્રાવક છે પાંચમા ગુણસ્થાને એને થોડો અંશે પણ સમિતિ આદિ બધું હોય છે. આ શુભભાવની વાત છે આ તો.

મુમુક્ષુ :- બુદ્ધિપૂર્વકની વાત છે.

ઉત્તર :- બુદ્ધિપૂર્વકની વાત છે આ. શુભરાગ.

'**સમિતિ, ગુપ્તિ,...**' શુભરાગ. '**પંચપરમેષ્ઠીનું ધ્યાન...**' પંચ પરમેષ્ઠીનું ધ્યાન કરે. મુનિ કરે, શ્રાવક પણ કરે. એવું '**પ્રવર્તન, એ પ્રમાણે પ્રવર્તનારાઓની સંગતિ કરવી...**' લ્યો! શુભભાવ આવે અને આવા જીવો હોય એનો સંગ કરે એવો શુભભાવ હોય છે. આવા જીવોનો સંગ કરવો એવો શુભભાવ હોય છે. '**એ વિશેષ જાણવા માટે શાસ્ત્રોનો અભ્યાસ કરવો...**' એ વ્યવહાર હોં! હજી. એ શુભભાવ. વિશેષ જાણવા શાસ્ત્રનો અભ્યાસ એ શુભભાવ. '**ઈત્યાદિ વ્યવહારમાર્ગમાં પોતે પ્રવર્તવું...**' દેખો! શાસ્ત્રનો અભ્યાસ પણ વ્યવહારમાર્ગ શુભભાવ. આહાહા..! જિનબિંબના દર્શન શુભભાવ, પંચ પરમેષ્ઠીનું ધ્યાન શુભભાવ, સમિતિ-ગુપ્તિનો ભાવ શુભભાવ, મહાવ્રત-અણુવ્રતનો ભાવ શુભભાવ. '**અને બીજાને પ્રવર્તાવવું-**' બીજાને પણ ઉપદેશમાં આવે કે આવો શુભભાવ શ્રાવકને હોય અણુવ્રતનો, મહાવ્રતનો અને સંગતિ કરવાનો, સાચા સત્સમાગમે સંગ કરે એવો ભાવ એને હોય. એમ એને કહે. સમજાણું? '**એવો વ્યવહારનયનો ઉપદેશ અંગીકાર કરવો...**' નામ જાણવા જેવો છે. એવું હોય એ એને જાણવા જેવું છે. વિશેષ કહેશે, લ્યો... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**દ્વિતીય શ્રાવણ વદ ૧૨, સોમવાર તા. ૧૨-૦૯-૬૬**
**ગાથા-૧૨, શ્લોક-૪, પ્રવચન-૪૫**

'**એવો વ્યવહારનયનો ઉપદેશ અંગીકાર કરવો પ્રયોજનવાન છે.**' ત્યાં સુધી આવ્યું છે. શું કહ્યું ત્યાં સુધી? કે જ્યાં સમ્યગ્દર્શન આત્માનું ભાન થયું, અનુભવ દૃષ્ટિ થઈ કે રાગનો પણ હું કર્તા નથી, પરદ્રવ્યનો પણ કર્તા નથી એવું અંતરમાં જ્ઞાતા-દૃષ્ટાનું ભાન થયું એ તો નિશ્ચય સ્વભાવને આશ્રયે થયું. પણ એવા ધર્માત્માને પણ વર્તમાન દશામાં શુભરાગનો વ્યવહાર હોય છે. શુદ્ધતાની કમી હોય છે અને શુભરાગ હોય છે. એને એ વ્યવહારનય જાણેલો તે કાળે તેમ છે એમ જાણેલો પ્રયોજનવાન છે. એ જાણેલો. અંગીકાર કરવાનો અર્થ ઈ છે. સમજાણું? પ્રયોજનવાન છે એમ કીધું છે, જુઓ! ત્યાં નહોતું કહ્યું. પહેલાની વાત નથી. આપણે હજી પહેલાની વાત ચાલે છે. હજી તો પહેલી ચાલે છે, જુઓ! '.. **પ્રયોજનવાન છે.**' એ પહેલાની વાત ચાલી અત્યારે હમણા તો. હવે જ્યાં સુધી જ્ઞાન શ્રદ્ધાન.. એ પછી આવે છે. સમજાય છે કાંઈ?

પહેલામાં એમ આવ્યું કે મૂળ તો મૂળ સિદ્ધાંત રાખીને વાત હોય છે ને. આત્મા રજકણની અવસ્થામાં પણ નથી, રાગમાં પણ નથી, અલ્પજ્ઞ દશામાં પણ આત્મા નથી. સમજાય છે કાંઈ? શરીરાદિ પરદ્રવ્યમાં આત્મા પોતાનો નથી, દયા, દાનના વિકલ્પમાં આત્મા નથી. એક સમયની અવસ્થામાં આત્મા નથી. જુઓ! આ બીજી શૈલીથી વાત (આવે છે). આત્મા એક સમયમાં પૂર્ણ શુદ્ધ ચૈતન્યધ્રુવ તે આત્મા છે. એ આત્માની અંતર અનુભવ દૃષ્ટિ કરવી અને શુદ્ધ ધ્રુવનો આશ્રય કરવો એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન અને સ્વરૂપ આચરણ દશા કહેવામાં આવે છે.

હવે જ્યારે કહ્યું કે શુદ્ધનય ભૂતાર્થ સત્ય વસ્તુ ત્રિકાળ તે સત્ય છે અને પર્યાય રાગાદિ અસત્ય છે એમ જે કહ્યું હતું એને બારમી ગાથામાં ખુલાસો કર્યો કે એવા ધર્મીને સત્ય સ્વરૂપ પરમાનંદમૂર્તિ આત્મા ધ્રુવ, એનો આશ્રય લઈને સમ્યગ્દર્શન-જ્ઞાન થયું. પણ પર્યાયમાં હજી પૂર્ણ શુદ્ધતા પ્રગટ થઈ નથી. કેવલજ્ઞાનાદિ પૂર્ણ દશા થઈ નથી તો તેને તે કાળે અશુદ્ધનયનો ભાવ, એક એક ભાવ બતાવેલો એવો અનેક ભાવ જે પર્યાયમાં દેખાય છે તેને તે જાણેલો પ્રયોજનવાન છે. જાણવું એનું નામ પ્રયોજનવાન છે. સમજાય છે કાંઈ? એ વાત ૧૧-૧૨ સંધિની ધર્મીની કીધી.

હવે જે ધર્મ નથી પામ્યો એને શું? એ પોતે ખુલાસો જરી 'જયચંદ્ર પંડિત' કરે છે. ૧૧ અને ૧૨મી ગાથાની અંદરની પાઠનો તો આટલો જ અર્થ છે. હવે સમ્યગ્દર્શન, આત્મા અનુભવ શુદ્ધ ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટાનો અનુભવ શ્રદ્ધા જ્ઞાન નથી એવા જીવને શું હોય છે?

એવા જીવને શું હોય છે? એને ઠેકાણે અંગીકાર કરવું એવું કથન છે. ખરેખર એને શું હોય છે?

જિનવચનનું સાંભળવું યથાર્થ ઉપદેશ કરનારનું. જિનવચનો યથાર્થ કહેનારા ગુરુની ભક્તિ કરવી, જિનબિંબના દર્શન વગેરે. અને આગળ વધતાં પરદ્રવ્યનું આલંબન નિમિત્ત મટાડવા માટે સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત કષાયની મંદતાના જે ભાવ છે એ અણુવ્રત અને મહાવ્રત એને હોય છે. એને વ્યવહાર કહેવામાં આવે છે. કહો, સમજાણું? અને એણે શાસ્ત્રનો અભ્યાસ કરવો એમ વ્યવહાર માર્ગમાં (પ્રવર્તવું). એટલે શુભભાવ એનો હોય છે એમાં એને પ્રવર્તવું એમ અહીંયાં વ્યવહારનયની પ્રધાનતાએ કથન છે. સમજાણું કાંઈ? એથી એમ ન થઈ ગયું કે શુભભાવ આચરણીય છે, આદરણીય છે. એમ માને તો વ્યવહારનય તો અનુસરવા યોગ્ય નથી. સમકિતીને કહેનારને અને સાંભળનારને. એ ૮મી ગાથામાં આવી ગયું છે.

મુમુક્ષુ :- કોઈને અનુસરવા યોગ્ય નથી?

ઉત્તર :- કોઈને નથી. ૮મી ગાથામાં આવી ગયું છે '**व्यवहारनयो नानुसर्तव्यः**'. ભગવાન આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્રથી આત્મા પ્રાપ્ત થાય એટલે આત્મા તેને પ્રાપ્ત કરે એવો જે વ્યવહાર કહ્યો એ નિશ્ચયના અભેદને સમજાવવા. પણ કહેનારે એ વ્યવહારનું અનુસરણ ન કરવું અને સાંભળનારે એ ભેદનું અનુસરણ ન કરવું. આહાહા..!

મુમુક્ષુ :- સર્વથા '**नानुसर्तव्यः**'.

ઉત્તર :- સર્વથા '**नानुसर्तव्यः**'. કહો, એમણે સર્વથા નાખ્યું. એટલે એમ કે સર્વથા '**नानुसर्तव्यः**'? સર્વથા '**नानुसर्तव्यः**'. સર્વથા છે. કળશટીકામાં આવી ગયું છે એક પાને ચાર ઠેકાણે બોલ. 'કળશટીકા'માં બહુ સ્પષ્ટ નાખ્યું છે. સમજાય છે? સર્વથા આદરણીય નથી. છે એ અપેક્ષાએ છે, જાણવાલાયક છે. પણ વ્યવહારનય સર્વથા આદરણીય નથી. સમજાણું? શું કહેવાય એ 'કળશટીકા' છે ને? 'કળશટીકા' કઈ? આ. એક ઠેકાણે છે ને ચાર બોલ? એક ઠેકાણે છે. એક ઠેકાણે ચાર સર્વથા. લ્યો! એ ક્યાં હશે ત્યાં પાનું નીકળ્યું, ભાઈ! બગડો, ત્રગડો, ચોગડો, પાંચડો આ સર્વથા બોલને માટે કહ્યું છે. શું કહે છે? જુઓ! શ્લોક છે ૧૮૧. '**प्रज्ञाछेत्री शितेयं कथमपि निपुणैः पापिता सावधानैः**' એમાં પોતે 'રાજમલજી'એ ટીકા કરી છે. પહેલેથી શરૂ છે જુઓ એકડો.

'**જીવ કે પ્રદેશોમેં સર્વથા બંધરૂપ હોકર સંબંધ છૂટ જાય.**' સર્વથા શબ્દ વાપર્યો છે. એક. બીજું. '**શુદ્ધત્વપરિણમન સર્વથા સકળ કર્મોકો ક્ષય કરને કા કારણ હૈ.**' વ્યવહાર નહિ. બે. ત્રીજું. સમજાય છે? શુદ્ધત્વપરિણમન. પહેલું આવ્યુંને ઓલું સર્વથા અબંધરૂપ હોકર. બગડો. '**શુદ્ધત્વ પરિણમન સર્વથા સકળ કર્મોકો ક્ષય કરને કા કારણ હૈ.**' ત્રીજું. '**શુદ્ધત્વપરિણમન સર્વથા દ્રવ્ય કા પરિણમનરૂપ હૈ.**' ચોથું. '**જો જ્ઞાન વહ, જીવ કે શુદ્ધત્વ પરિણમન કો સર્વથા લિયે હુએ હૈ.**' પોતાને કારણે શુદ્ધતા પરિણમી છે. ચોથું. સમજાય

છે ને? પાંચમું. **'અન્યથા સર્વથા પ્રકાર અનુભવ નહીં હોતા.'** શું કહે છે? **'શુદ્ધજીવકા સ્વરૂપકા અનુભવ અવશ્ય હોતા હૈ.'** શુદ્ધત્વ સ્વભાવના આશ્રયે શુદ્ધત્વનો અનુભવ થાય છે. **'અન્યથા સર્વથા પ્રકાર અનુભવ નહીં હોતા.'** બહુ ટીકા સ્પષ્ટ નાખી છે. સમજાણું કાંઈ? કીધું સર્વથા ક્યાંક છે ખરું. ત્યાં એ પાનું નીકળ્યું. જુઓને! શું કામ કરે છે. પુણ્ય પણ કેટલું કામ કરે છે! આ તો પુણ્યની વાત. ત્યાં પુણ્યનો યોગ પાના એકડા, બગડા જુઓ આ લખ્યું છે, એક, બે, ત્રણ, ચાર, પાંચ. એક પાનામાં સર્વથા પાંચ શબ્દ પડ્યા છે એના. 'રાજમલ' ટીકા અને ૧૮૧ શ્લોક છે. અને શું કહેવાય આ? મોક્ષ અધિકારનો બીજો. બીજો શ્લોક. મોક્ષ અધિકારનો બીજો શ્લોક. સર્વથા. 'દેવાનુપ્રિયા'!

સર્વથા. શું કીધું? 'શુદ્ધત્વ પરિણામ કો સર્વથા લિયે હુએ હૈ. શુદ્ધત્વ પરિણમન હોતા હૈ ઉસ જીવ કો શુદ્ધ સ્વરૂપકા અનુભવ અવશ્ય હોતા હૈ.' શુદ્ધ સ્વભાવનો અનુભવ કરે અને શુદ્ધ પર્યાય નિર્મળ બરાબર પ્રગટ થાય છે. 'ઈસલિયે શુદ્ધસ્વરૂપ કા અનુભવ મોક્ષ કા કારણ હૈ. અન્યથા સર્વથા પ્રકાર અનુભવ નહીં હોતા.' વ્યવહારને અનુસરીને શુદ્ધનો અનુભવ થતો નથી. વ્યવહારના ભેદને-રાગને અનુસરીને શુદ્ધનું નામ સમ્યગ્દર્શન થતું નથી. બહુ સરસ મૂકી છે. વાંચી લેજો. મોક્ષ અધિકારનો બીજો કળશ અને સળંગમાં ૧૮૧. એ તો પંડિતજીને મોઢે છે.

**प्रज्ञाछेत्री शितेयं कथमपि निपुणैः पापिता सावधानैः**
**सूक्ष्मेऽन्तःसन्धिबन्धे निपतति रभसादात्मकर्मोभयस्य।**
**आत्मानं मग्नमंतःस्थिरविशदलसद्धाम्नि चैतन्यपूरे**
**बन्धं चाज्ञानभावे नियमितमभितः कुर्वती भिन्नभिन्नौ।।२-१८१।।**

સર્વથા. શું કીધું તમે? ઓલા હળવે દઈને બોલ્યા હતા. ભાઈ! 'ધન્નાલાલજી' એમ કહે, સર્વથા '**नानुसर्तव्यः**'? સર્વથા '**नानुसर्तव्यः**'. કેમકે અન્યથા વ્યવહારનો આશ્રય લઈને શુદ્ધનો અનુભવ થાય એમ ત્રણ કાળમાં નહિ. નિમિત્તનું લક્ષ રાખે, દયા, દાન, વ્રતના પરિણામનું લક્ષ રાખીને અનુભવ સમ્યગ્દર્શનનો થાય એમ ત્રણ કાળ ત્રણ લોકમાં બને નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નથી. સેઠી! પાંચ બોલ મૂક્યા છે. આ પુસ્તક તો બહાર પડી ગયા છે- ૩૩૦૦. બહાર પડ્યા છે ૧૮૧ સળંગ પાઠ. એમાં જોઈ લેવું. ૩૩૦૦ ખલાસ થઈ ગયા.

મુમુક્ષુ :- પાનું?

ઉત્તર :- પાનું ૧૬૧. આમાં. છે?

સંપ્રદાયમાં જ્યારે દિક્ષીત થયાને ત્યારે રાત્રે આખા આકાશમાં પાટીયાના પાટીયા ઉતરતા શાસ્ત્રના. કોણ જાણે શું હતું. એ વખતે તો કાંઈ ખબર નહોતી. સપનામાં આખા આકાશમાં. આખું પાટીયું એવું નહિ. પાટીયું તો આવડું. પણ આખા આકાશમાં, હોં! આખા આકાશમાં.

સ્વપ્નમાં દેખાય. આ શું! દિક્ષીત થયા, ને એમાંથી... કહો, સમજાણું આમાં?

અહીં કહે છે કે સર્વથા વ્યવહારનય અનુસરવા લાયક નથી. વળી કથંચિત, એમ નહિ. વ્યવહારનય છે એ બરાબર છે. પણ અનુસરવા લાયક છે (એમ નથી). હેય છે એ અનુસરવા લાયક હોઈ શકે નહિ. છે એ જુદી વાત છે, ભાઈ! છે એ જુદી વાત છે. અને અનુસરવા લાયક એ જુદી વાત છે. બે વાતમાં ફેર છે. સમજાય છે કાંઈ? 'દેવીલાલજી'! આ બધા પંડિત છે ભાઈ 'દેવીલાલજી'ને ત્યાં. 'ઉદયપુર'ના પંડિત છે.

ભગવાન આત્મા એક સમયમાં અનંત આનંદકંદ ચૈતન્ય વસ્તુ છે ને. આદિ અંત વિનાની વસ્તુ છે પદાર્થ. અરૂપી અનંત ગુણનો પિંડ. એવો શુદ્ધ સ્વભાવ એને અનુસરીને અનુભવ અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે. અન્યથા વ્યવહારને અનુસરીને કોઈ દિ' ત્રણ કાળમાં શુદ્ધનો અનુભવ થાય નહિ. સર્વથા ન થાય એ માટે અમારા 'ધન્નાલાલજી'એ હળવેક દઈને મૂક્યું સર્વથા નહિ? એટલે વળી આ (સ્પષ્ટીકરણ કર્યું). સર્વથા નથી શું? વ્યવહાર નથી સર્વથા એમ નહિ. સર્વથા વ્યવહાર નથી એમ નહિ. વ્યવહાર છે. અનુસરણીય સર્વથા નથી. ભાઈ! આહાહા..! વ્યવહાર નથી તો તો પર્યાય નથી, તો શુભરાગ પણ નથી. તો નિમિત્ત પણ નથી. નથી એમ નહિ. છે. પણ અનુસરવા લાયક નથી. એ કહે છે, જુઓ!

**'વ્યવહારનયને કથંચિત અસત્યાર્થ કહેવામાં આવ્યો છે;...'** આપણે અહીંથી નવું થઈ ગયું છે ચાલુ. વ્યવહારનયને ૧૧મી ગાથામાં અસત્યાર્થ કહ્યો હતો. અસત્યાર્થ કહ્યો હતો. ત્યાં સમજવું કથંચિત્ અસત્યાર્થ કહેવામાં આવ્યો છે. નથી એમ નહિ. છે ખરો. પણ કથંચિત્ અનુસરવા લાયક એમ નહિ, ભાઈ! કથંચિત્ સત્યાર્થ છે. એટલે કે પર્યાય છે. અનુભવ સમ્યગ્દર્શન થયું, જ્ઞાતા-દ્રષ્ટા થયો છતાં પર્યાયમાં અશુદ્ધતા છે, શુભરાગ છે, ભક્તિ-પૂજા આદિ દાનનો વિકલ્પ હોય છે. એ નથી એમ નહિ, બસ એટલી વાત. સર્વથા નથી એમ નહિ. પણ સર્વથા આદરણીય છે એમ તો બિલકુલ નહિ. આદરણીય તો બિલકુલ નહિ. જ્ઞાન કરવા લાયક છે. એમાં કથંચિત્ નહિ. છે એમાં કથંચિત્ છે. પહેલું ના પાડી હતી ને ૧૧મી ગાથામાં. કે નથી. વ્યવહાર અસત્ય છે, જૂઠો છે. એ આશ્રય કરવાની અપેક્ષાએ જૂઠો કહ્યો હતો. પણ વસ્તુ જ નથી, વ્યવહારનો વિષય નથી, પર્યાય નથી, શુભરાગ નથી. તો પર્યાય નથી તો ચૌદ ગુણસ્થાન પણ નથી. સમજાણું કાંઈ? છે ખરો વ્યવહાર. વ્યવહારનય....

આપણે નીચે ખુલાસો કર્યો છે જુઓ! **'વ્યવહારનયના ઉપદેશથી એમ ન સમજવું કે આત્મા પરદ્રવ્યની ક્રિયા કરી શકે છે,...'** પાછું પરદ્રવ્યની ક્રિયા વ્યવહારથી કરી શકે છે એમ ન સમજવું. એ સિદ્ધાંત ખોટો પાડીને પરદ્રવ્યની ક્રિયા કરી શકે એમ સ્થાપે વ્યવહારનય? વ્યવહારનય ભેદથી અભેદને બતાવે છે. પણ વ્યવહારનય એમ કહે કે કરી શકાય છે? એમ સ્થાપવું છે? કરી શકાતું છે જ નહિ. બોલાય છે. કરી શકાતું નથી. એક રજકણ અને વાણીની ક્રિયા, પગની ક્રિયા આત્મા ત્રણ કાળમાં અજ્ઞાની કે જ્ઞાની કરી શકતો

નથી. એ સિદ્ધાંત રાખીને વ્યવહારનો શુભભાવ હોય છે એમ અહીંયાં બતાવ્યું છે.

**'શુભભાવોને આત્મા વ્યવહારે કરી શકે છે. વળી તે ઉપદેશથી એમ પણ ન સમજવું કે આત્મા શુભ ભાવો કરવાથી શુદ્ધતાને પામે છે,...'** એમ નથી. વ્યવહાર છે, પણ વ્યવહારથી શુદ્ધતાને પામે છે એમ નથી. તો આખો સિદ્ધાંત ફરી જાય, તત્ત્વ આખું ફરી જાય. **'પરંતુ એમ સમજવું કે સાધક દશામાં ભૂમિકા અનુસાર શુભભાવો આવ્યા વિના રહેતા નથી.'** ભાવ છે. ઉપાદેય-ફુપાદેય નહિ. ઉપાદેય નામ જાણવાની અપેક્ષાએ કથંચિત્ ઉપાદેય. જાણવાની અપેક્ષાએ. એ આપણે 'નિયમસાર'માં નાખ્યું છે ભાઈએ. ગાથામાં નીચે.

અહીં તો એમ સિદ્ધ કરવું છે કે વ્યવહારનયને કથંચિત્ કોઈ અપેક્ષાએ આત્માના ત્રિકાળી ધ્રુવના સત્ સ્વરૂપનો આશ્રય કરાવવા વ્યવહારનયને જૂઠી કહી હતી. પણ સર્વથા વ્યવહારનો વિષય પર્યાય અને શુભભાવ છે જ નહિ, ગુણસ્થાન ભેદ છે જ નહિ એમ બતાવવા માટે વ્યવહાર જૂઠો નથી કહ્યો. સમજાણું કાંઈ? ભાઈ! આ વાંધા જ આખા તત્ત્વને સમજવાની દૃષ્ટિમાં વાંધા પડ્યા. 'અમરચંદભાઈ'!

**'પણ જો કોઈ તેને સર્વથા અસત્યાર્થ જાણી છોડી દે...'** જુઓ! શુભભાવ છે જ નહિ, પર્યાયમાં રાગ છે જ નહિ. એ પર્યાય જ નથી એમ જો માને. **'શુભપોયગોરૂપ વ્યવહાર છોડે...'** શુભપોયગરૂપી પર્યાયમાં ભાવ છે એ છૂટી જાય. શુદ્ધતા તો પ્રગટ થઈ નથી. પૂર્ણ કેવળજ્ઞાન થયું નથી. અને વ્યવહારનયનો વિષય શુભ છે એ ના કરે. ન હોય... ન હોય... ન હોય. **'શુદ્ધોપયોગની સાક્ષાત્ પ્રાપ્તિ તો થઈ નથી,...'** પૂર્ણ. **'તેથી ઊલટો અશુભોપયોગમાં જ આવી, ભ્રષ્ટ થઈ, ગમે તેમ સ્વેચ્છારૂપ પ્રવર્તે તો નરકાદિ ગતિ તથા પરંપરા નિગોદને પ્રાપ્ત થઈ સંસારમાં જ ભ્રમણ કરે,...'** કારણ કે દૃષ્ટિ ધ્રુવની રહી નહિ. પર્યાયમાં શુભભાવ છે એનો નિષેધ કરે છે કે હોય નહિ... હોય નહિ... હોય નહિ. પણ હોય નહિ (એ) કેવળજ્ઞાન વિના હોય નહિ? કેવળજ્ઞાન થાય ત્યારે શુભભાવ ન હોય. નીચલી દશામાં હોય એ ના પાડે તો શુભ નથી તો અશુભમાં જાશે. શુદ્ધતા પૂર્ણ થઈ નથી. સમજાય છે? તો દૃષ્ટિ પણ નિશ્ચયની રહેશે નહિ.

મુમુક્ષુ :- ... ત્યાં સુધી જાળવી રાખે.

ઉત્તર :- જાળવી રાખવાની ક્યાં વાત છે? હોય છે. આ વળી પાછા અમારે દલાલ છે. નીચલી દશામાં શુભભાવ હોય છે. એને કહે કે નથી, આ નથી. નથી તો ક્યાં જાઈશ તું? શુદ્ધ ઉપયોગ થયો નથી. શુભ તું માનતો નથી તો અશુભ થયા વિના રહેશે નહિ. એટલી વાત કરવી છે. જાળવી રાખવો એમ નથી. જાળવી રાખવો સમજ્યા? અમારી કાઠિયાવાડી ભાષા છે. રક્ષા કરવી. શુભભાવની રક્ષા કરવી એ પ્રશ્ન અહીં છે જ નહિ. રક્ષા કરવી, રાખવો છે અને આદરણીય (છે એમ) એનો સ્વામી થાય એ મિથ્યાદૃષ્ટિ છે.

જુઓ! શુભાશુભ પરિણામનું સ્વામીત્વ તે મિથ્યાદૃષ્ટિ છે. એ ચાકળો સામે છે. આ

ફૂલની સામે. શુભાશુભ પરિણામનું સ્વામીત્વ તે મિથ્યાદર્શન છે. શુભ-અશુભ વિકાર એનો ધણી થાય તે મિથ્યાદૃષ્ટિ છે. કારણ કે ભગવાન આત્મા સહજ સ્વસ્વામીસંબંધનો સ્વામી એવો એનામાં ગુણ છે. ૪૭ શક્તિ છે આત્મામાં. ૪૭ વર્ણવી છે, છે અનંત. એક શક્તિ એવી છે છેલ્લી ૪૭મી સ્વસ્વામીસંબંધ શક્તિ. એનામાં એવો ગુણ છે આત્મામાં કે સમ્યગ્દર્શન થતાં એ પોતાના શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયનો સ્વામી છે. શુદ્ધ દ્રવ્ય અને શુદ્ધ ગુણ અને શુદ્ધ નિર્મળ વીતરાગી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ એનું સ્વ અને એ એનો સ્વામી છે. પણ રાગ અને પુણ્ય એ એનો સ્વ અને એનો સ્વામી એ સમ્યગ્દૃષ્ટિ છે નહિ. એ દ્રવ્યમાં નથી. આહાહા..! શું કીધું?

ફરીને. આત્મદ્રવ્ય જે છે વસ્તુ ભગવાન આત્મા, એમાં જ્ઞાન આનંદગુણ આદિ છે. એ થોડું થોડું હિન્દી લોકોએ હમણાં ગુજરાતીમાં જાણી લેવું. સોમવારથી હિન્દી થાશે. આપણું પર્યુષણ બેસશે ને. દિગંબર પર્યુષણ બેસશે ત્યારે હિન્દી થશે. અને પછી તો સહારનપુરથી આવવાળા છે. 'જિનેશ્વરદાસ'ને છે ને. પાકા હિન્દી. ગુજરાતી કાંઈ સમજે નહિ. એ દસ-પંદર જણ આવવાના છે. કાલે કાગળ આવ્યો હતો. પર્યુષણ કરવા આવે છે ત્યાંથી. એ તો ઓલું સમજે નહિ. એના માટે (સંવત) ૨૦૦૯ની સાલમાં હિન્દી ૫-૬ હજાર માણસ વચ્ચે કરવું પડ્યું. આવડતું નહોતું હિન્દી કાંઈ. હવે આઠ-દસ આના સાધારણ ભાંગલી તુટલી આવડે છે. કાઠિયાવાડી જે ભાષા હોય એવી તો ભાષા ન આવે. કહો, સમજાય છે કાંઈ?

શું કહ્યું? કે વ્યવહારનો શુભરાગ નથી જ એમ માને. નથી જ એમ માને તો શુદ્ધોપયોગ તો થયો નથી. શુભ માનતો નથી. અશુભમાં જશે. અશુભમાં જઈને દૃષ્ટિ પણ ફરી જશે. વિવેક નહિ રહે દૃષ્ટિનો કે જ્ઞાયકમૂર્તિ અખંડ છું એવી દૃષ્ટિ નહિ રહે. ભાઈ! પર્યાયમાં શુભભાવ હોય છે એવો જો વિવેક જાય તો દૃષ્ટિ પણ રહેશે નહિ. એમ કહે છે. અને તો પછી શુભમાંથી અશુભમાં જઈશ (તો) નરક અને નિગોદનું સ્થાન છે. સમજાય છે? તેથી અશુભમાં આવી સ્વચ્છાએ પ્રવર્તશે. દૃષ્ટિ તો રહી નહિ. શુભભાવ છે એનો વિવેક રહ્યો નહિ, શુભભાવનું જ્ઞાન ખોટું પડ્યું, ત્રિકાળ જ્ઞાયકનો આશ્રય પણ ખોટો પડી ગયો. તેથી અશુભમાં જઈને સ્વેચ્છાચાર થઈ જશે.

**'પરંપરા નિગોદને પ્રાપ્ત થઈ સંસારમાં જ ભ્રમણ કરે,...'** સમજાણું? હવે એક આપણે એનો બીજો શબ્દ છે. આ નહિ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે ને ભાઈ! ૨૬૧ પાને છે. જુઓ! ૨૬૧ પાને છે. ત્યાં પણ તમારે આવ્યું નથી. ... માને. વસ્તુની દૃષ્ટિની ખબર નથી કે વર્તમાન સિદ્ધ સમાન પર્યાય મારે નથી. સિદ્ધ સમાન પર્યાય નથી અને સિદ્ધ સમાન માને એ નિશ્ચયાભાસી છે. પર્યાયમાં સિદ્ધ ક્યાં છે? વસ્તુ સિદ્ધ સમાન છે દ્રવ્ય. પર્યાયમાં સિદ્ધ માને, પર્યાયમાં કેવળજ્ઞાન માને, પર્યાયમાં એકલો આનંદ જ માને. પર્યાયમાં

આનંદ કે દિ' હતો પૂર્ણ? પૂર્ણ હોય તો કેવળજ્ઞાન થઈ જાય. એટલે પર્યાયમાં જે અશુદ્ધતા ન માને અને શુદ્ધતા માને એ બધા નિશ્ચયાભાસી છે. દ્રવ્ય શુદ્ધ છે પણ પર્યાયમાં અશુદ્ધતા છે. એમ ન માને તો નિશ્ચયાભાસને જાણે-માને. પરંતુ વ્યવહાર સાધનને ભલા જાણે. શુભ કરો, ભલું કરો. બધું ભલું જાણે. દયા, દાન, વ્રત, ભલા છે, કરો.

'**તેથી સ્વચ્છંદી બની અશુભ પ્રવર્તતો નથી.**' ભાઈ! આની સામે વાત છે જરી. એ સ્વચ્છંદી બની અશુભ પ્રવર્તતો નથી. ભાન દૃષ્ટિની ખબર નથી. સમ્યગ્દર્શન અનુભવ નિશ્ચયનો શું? પર્યાયમાં અશુદ્ધતા છે, પર્યાયમાં મલિનતા છે, પર્યાયમાં શુભભાવ આદિ છે એને માનતો નથી. નિશ્ચયાભાસી. વસ્તુ શુદ્ધ છે પણ પર્યાય શુદ્ધ છે એમ માની લે છે. સમજાય છે? તો વસ્તુની શુદ્ધતાના ભાન વિના પર્યાયને શુદ્ધતા માને છે એ તો મૂઢ નિશ્ચયાભાસી છે. એ જીવ વ્યવહાર સાધનને ભલા જાણે પાછો. નિશ્ચયની દૃષ્ટિ નથી, સિદ્ધ સમાન પર્યાય થઈ ગઈ. સિદ્ધ સમાન પર્યાય માને અને વળી પાછા વ્યવહાર સાધનને સારા જાણે. બે ક્યાંથી થયું? તેથી સ્વચ્છંદી બની અશુભ પ્રવર્તતો નથી. પણ વ્રતાદિ શુભ પ્રવર્તે છે. વ્રત, દયા, દાન, પૂજા, સમિતિ કરે છે તેથી અંતિમ ગ્રૈવેયક સુધીના પદ પામે. એમાં કાંઈ જન્મ-મરણ મટે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ટાંગો ઊંચો

ઉત્તર :- ટાંગો ઊંચો ક્યાં રાખ્યો છે?

મુમુક્ષુ :- નવમી ગ્રૈવેયકે ગયો.

ઉત્તર :- નવમી ગ્રૈવેયકે (ગયો તો) આ માખી પણ ઊંચી જાય છે તો ઊંચી થઈ ગઈ માણસથી? માખી સમજ્યા? મક્ખી. પંડિતજી! માખી થઈ ગઈ તમારાથી મોટી? અમારા દલાલ છે એ. કહે છે, એટલો તો ટાંગો ઊંચો રાખ્યો શુભભાવનો. અહીં તો.. નિશ્ચયાભાસની પ્રબળતાથી અશુભની પ્રવૃત્તિ થઈ જાય તો તેની કુગતિ ગમન પરિણામ અનુસાર ફળ પામે. પરંતુ સંસારનો ભોક્તા (થાય). સાચો મોક્ષમાર્ગ પામ્યા વિના તે સિદ્ધપદને પામી શકતો નથી. છેલ્લો સરવાળો ભાઈએ મૂક્યો છે. સમજાણું કાંઈ?

વસ્તુ શુદ્ધ છે પરમાનંદ મૂર્તિ ધ્રુવ. એની દૃષ્ટિ તો કરતો નથી. અને પર્યાય શુદ્ધ છે, સિદ્ધ સમાન શુદ્ધ છે. સિદ્ધ સમાન શુદ્ધ ક્યાંથી આવી? પર્યાય સિદ્ધ સમાન (કહે છે પણ) સંસારી છો અને સિદ્ધ સમાન ક્યાંથી આવી? અને પર્યાયમાં કેવળજ્ઞાન (માને છે). પર્યાયમાં ક્યાંથી કેવળજ્ઞાન આવ્યું? મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં કેવળજ્ઞાન ક્યાંથી આવી ગયું? એમ પર્યાયમાં મતિજ્ઞાન આદિને ન માનતા કેવળજ્ઞાનને માને, પર્યાયમાં સિદ્ધપદ નથી અને સિદ્ધપદ માને તે નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ છે અને વ્યવહારાભાસી.. શુભભાવને દયા, દાન, વ્રત કરતા કરતા આપણને કેવળજ્ઞાન થશે અથવા શુદ્ધ સમકિત થશે. એ વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! કાલે નહોતું કહ્યું? વાળની છાલ.. પંડિતજીએ કહ્યું હતું. બાલ

કી છાલ. આ તો પરમેશ્વરનો માર્ગ બાપુ! સર્વજ્ઞનો. એ કાંઈ કોઈ સાધારણ માણસ બે-પાંચ પચાસ કલ્પી નાખે એવો આ માર્ગ નથી. આ તો ઇન્દ્રો, ગણધરો, સંતો મહાવિદેહમાં ધોધમાર ધુરંધર ધોધમાર્ગ પ્રવર્તે છે સર્વજ્ઞ પરમેશ્વરનો. અહીં પણ એ જ પ્રવર્તતો હતો અને પાછળ બધી ગડબડ થઈ ગઈ.

કહે છે... હવે મારે તો અહીંથી લેવું છે વિશેષ. ક્યાં છે? જુઓ! '**માટે શુદ્ધનયનો વિષય જે સાક્ષાત્ શુદ્ધાત્મા તેની પ્રાપ્તિ જ્યાં સુધી ન થાય.**' હવે આમાંથી ઊંધું કાઢે ભાઈ! એટલે શુદ્ધનયની સાક્ષી એટલે કેવળજ્ઞાન થાય ત્યારે શુદ્ધનય હોય એમ કહે છે. એમ અહીં નથી કહેવું. અહીં તો શુદ્ધનયનો આશ્રય પહેલો દ્રવ્યનો કર્યો છે. પણ એની શુદ્ધનય તરફ ઢળવું એવું હવે બાકી રહ્યું નથી. પૂર્ણ દશા થઈ એને તો પછી કાંઈ વ્યવહાર હોતો નથી. અહીંથી એ લોકો કાઢે છે કે શુદ્ધનયનો વિષય તો શુદ્ધાત્મા કેવળ પામે ત્યારે (હોય). એમ નથી. આ તો બીજી વાત છે. ૨૮૭ પાને છે ભાઈ એમાં. એનો એ જ વિષય. આમાં ૨૮૭ પાને છે. એમાં બીજા પાને હશે ક્યાંક.

'**સાક્ષાત્ શુદ્ધનય તો કેવળજ્ઞાન થયે થાય છે.**' ત્યાં બીજું પાનું હશે. આસ્રવ અધિકાર. ૧૨૧ કળશ છે ને એની નીચે છે. '**સાક્ષાત્ શુદ્ધનય તો કેવળજ્ઞાન થયે થાય છે.**' એ બીજી વાત કરે છે. એની પરિપૂર્ણતાનો પર્યાય. પાછા ઊંધા એવા અર્થ કરે કે સાક્ષાત્ શુદ્ધનય કેવળજ્ઞાન થયે થાય. 'છોટાભાઈ'! એટલે હેઠે તો એકલો વ્યવહારનય હોય. એમ નથી. આ ઊંધુ માર્યું પાછું. આ તો પરિપૂર્ણ શુદ્ધનયનો વિષય તો દ્રવ્ય જ છે. શુદ્ધ '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' એને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન થયું. પણ પર્યાયમાં હજી શુદ્ધનયના વિષય તરફ વળવાનું રહ્યું છે. ત્યાં સુધી એને વ્યવહાર હોય છે. પણ વળવાનું ન રહેતા પૂર્ણ દશા થઈ ગઈ પછી એને વ્યવહાર હોતો નથી. બસ, એટલું સિદ્ધ કરવું છે. બે ઠેકાણે છે ને જરી. ૧૧મી ગાથા છે. આ કેવળજ્ઞાનનું સમકિત છે. કેવળજ્ઞાનની વાત કરે ૧૧મી ગાથામાં પાધરી? એ તો સમ્યગ્દષ્ટિની ગાથા છે. સમ્યગ્દષ્ટિ ક્યારે થાય? કેમ થાય? ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ધ્રુવ સ્વરૂપ, એનો અંતર્મુખ આશ્રય કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરે ત્યારે એને શુદ્ધનયને માની એમ કહેવામાં આવે છે, એણે ભૂતાર્થ દ્રવ્યને માન્યું એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? પછી એને શુદ્ધ તરફનું વલણ જ્યાં સુધી રહે છે ત્યાં સુધી પર્યાયમાં હજી શુભરાગ અને અશુદ્ધનયનો વિષય રહે છે. એને તેણે જાણવો જોઈએ. આમ સિદ્ધ કરવું છે. પણ જ્યારે શુદ્ધનયની પૂર્ણ દશા આશ્રય કરતા-કરતા-કરતા પૂર્ણ પર્યાય કેવળજ્ઞાન થઈ ગઈ ત્યારે સાક્ષાત્ શુદ્ધનય કેવળજ્ઞાન થયે થાય, એમ કહેવામાં આવે છે. એ અહીંયાં એમ કીધું. શુદ્ધનયનો વિષય સાક્ષાત્ શુદ્ધ આત્મા. શુદ્ધ આત્મા એટલે પર્યાયમાં પરિપૂર્ણતા પ્રગટ થઈ ગઈ. તેની પ્રાપ્તિ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી વ્યવહાર પણ પ્રયોજનવાન છે. ત્યાં સુધી એને શુભરાગ છે. છઠ્ઠા ગુણસ્થાને ગણધરદેવો જેવાને પણ. આહાહા..!

૪૭ નયમાં. ૪૭ નય કહ્યું છે ને? ગણધરદેવ શ્રુતજ્ઞાની છે. એ કાંઈ કેવળજ્ઞાની નથી. એને પણ કર્તૃત્વનયનું જ્ઞાન છે. મારી પર્યાયમાં હજી રાગ અઠ્યાવીશ મૂળગુણ આદિ રાગનું પરિણમન છે. એમ શ્રુતજ્ઞાનથી જાણે છે કે આટલું પરિણમન મારામાં છે. દ્રવ્ય શુદ્ધ છે, દૃષ્ટિ શુદ્ધ છે, જ્ઞાન શુદ્ધ છે, ચારિત્ર નિર્મળ છે. છતાં પર્યાયમાં અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પનું પરિણમન કર્તૃત્વ નામ પરિણમું છું. એ રૂપે કર્તૃત્વનયને શ્રુતજ્ઞાની જાણે છે. એમ જાણે કે મારે છે જ નહિ આ રાગનું પરિણમન. છે ને નથી ક્યાંથી લાવ્યો? સમજાય છે કાંઈ? ભારે અટપટું. કર્તૃત્વ છે, ભોક્તૃત્વ છે રાગનું. જ્યાં સુધી પૂર્ણ કેવળ ન થાય ત્યાં સુધી રાગ કરવા લાયક છે કે રાગ ભોગવવા લાયક છે એવી બુદ્ધિ ન હોવા છતાં પર્યાયમાં પરિણમે તે કર્તા એમ ગણીને રાગરૂપે ગણધર પણ પરિણમે છે. માટે કર્તૃત્વનય ૪૭ નયમાં એક નય કીધી છે. ગણધર પણ જાણે છે કે છે. અને એ વખતે રાગનો અનુભવ છે. રાગનો અનુભવ છે. એકલો શુદ્ધનયનો અનુભવ થયો પણ પૂર્ણ અનુભવ નથી હજી વીતરાગતાનો. રાગનો અનુભવ છે. ભોક્તાનય લીધી છે. ગણધર જેવા પણ ભોક્તાનયે પર્યાયમાં રાગ ભોગવાય છે એ મારી પર્યાયનો ધર્મ છે, એમ જાણે. બસ. સમજાણું? વળી એના સ્વામી નથી. અરે..રે..! ભારે અટપટું.

મુમુક્ષુ :- મારી પર્યાયમાં..

ઉત્તર :- હા. મારી પર્યાયમાં છે, જડમાં નથી. કર્તૃત્વનય, ભોક્તૃત્વનય છે ને. ૪૭ નય છે. નય-નય શું? દ્રવ્યનય, પર્યાય, અસ્તિત્વ, નાસ્તિત્વ.. આવે છે ને? સવકિલ્પ, અવિકલ્પ, નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ, સામાન્ય, વિશેષ, નિત્ય, અનિત્ય, સર્વગત, અસર્વગત, જ્ઞેય-જ્ઞાયક, દ્વૈત-અદ્વૈત, નિતય-અનિયત, સ્વભાવ અથવા કાળ-અકાળ, .. ઈશ્વર-અનિશ્વર. પછી આવ્યું કર્તૃત્વ-અકર્તૃત્વ. ૩૭-૩૮મી આવી. કર્તૃત્વ-અકર્તૃત્વ, ભોક્તૃત્વ-અભોક્તૃત્વ. સમજાય છે? ક્રિયા, જ્ઞાન, દ્રવ્ય છે ને? વ્યવહાર, નિશ્ચય, અશુદ્ધ અને શુદ્ધ. ૪૭ થઈ ગઈ. એમાં એ કર્તૃત્વ-અકર્તૃત્વ નય લીધી છે. સમજાણું કાઈ?

'પ્રવચનસાર'. ગણધર કહે છે છદ્મસ્થ જીવને, દ્રવ્યનો અનુભવ શુદ્ધનો થયો. છતાં પર્યાયમાં હજી રાગનું પરિણમન છે. એમ સિદ્ધ થઈ ગયું નથી પર્યાયમાં કાંઈ. પર્યાયમાં સિદ્ધ માને તો દ્રવ્યની દૃષ્ટિ ખોટી પડી અને પર્યાયની દૃષ્ટિ ખોટી પડી. બધું ખોટું પડ્યું. કેમ 'રામસ્વરૂપજી'! પર્યાયમાં કેવળજ્ઞાન થઈ ગયું? કેવળજ્ઞાન થયું પછી આ મતિજ્ઞાન કોનું? છદ્મસ્થ દશામાં મતિજ્ઞાનમાં છો અને કેવળજ્ઞાન થઈ ગયું? તો મતિજ્ઞાન છે તેને વ્યવહારનય જાણે છે કે અલ્પ જ્ઞાન છે આ. પૂર્ણ શુદ્ધતા નથી. અશુદ્ધતા રાગ છે અને મતિ-શ્રુત આદિ અપૂર્ણ છે. એને જાણવું એનું નામ વ્યવહારનય છે. સમજાણું કાંઈ?

'**શુદ્ધનયનો વિષય જે સાક્ષાત્ શુદ્ધાત્મા...**' એટલે પર્યાય સહિત, હોં! તેની પ્રાપ્તિ '**જ્યાં સુધી ન થાય...**' એટલે કેવળજ્ઞાનની દશા પૂર્ણ ન થાય '**ત્યાં સુધી વ્યવહાર પણ**

**પ્રયોજનવાન છે–**' જાણવાલાયક છે. પ્રયોજનનો અર્થ, છે. વ્યવહારને ઉડાડી દે તો દૃષ્ટિ ખોટી થાય. વ્યવહાર નથી?

મુમુક્ષુ :- વ્યવહારનો આશ્રય કરે તો?

ઉત્તર :- આશ્રય કરે તો મિથ્યાદૃષ્ટિ થાય. એ ક્યાં વાત છે. અનુસરણ કરવાની વાત નથી. વ્યવહાર છે. જાણેલો પ્રયોજનવાન છે. આશ્રય કરવા લાયક છે એમ માને તો એના આશ્રયથી રાગ થાય છે. લાભ થતો નથી. અને આશ્રય કરવા જાય તો દૃષ્ટિ મિથ્યાત્વ થઈ જાય. આહાહા..! હેય છે ને. વ્યવહારનય છે, પણ હેય છે. નિશ્ચયનય ઉપાદેય. બે નય છે. નય નથી એમ વ્યવહારનયને વ્યવહારનય તરીકે ન માને તો શ્રદ્ધા ભ્રષ્ટ છે. વ્યવહારને વ્યવહાર તરીકે માનવું જોઈએ કે છે. ન માને તો વ્યવહારનયની શ્રદ્ધા ભ્રષ્ટ થઈ ગયો. કેવળજ્ઞાન થઈ ગયું તો તો. સિદ્ધ થઈ ગયો? સમજાણું? બેયની શ્રદ્ધા જોઈએ. નિશ્ચયની નિશ્ચયરૂપે, પર્યાયમાં રાગની રાગરૂપે. શ્રદ્ધા. એ પણ આદરણીય નહિ. એની શ્રદ્ધા કરીને હેય માનવું. સ્વરૂપની શ્રદ્ધા કરીને ઉપાદેય માનવું.

મુમુક્ષુ :- હેયરૂપે જાણવું જોઈએ.

ઉત્તર :- હેય-જ્ઞેય. હેયરૂપે જ્ઞેય. અહીં ઉપાદેયરૂપે જ્ઞેય. બેય વાત છે ભાઈ આ તો. 'અમરચંદભાઈ'! વસ્તુ તો આ વીતરાગમાર્ગ બાપુ! એમાં કાંઈ પણ થોડું અવળું નાખવા જાય તો કાંઈ નહિ ચાલે. સર્વજ્ઞનો પંથ છે, 'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી.' 'શ્રીમદ્' કહે છે, હોં! ૧૬ વર્ષે. મોક્ષમાળામાં. 'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી, એના વિના કોઈ ન બાહ્ય સ્હાશે.' એમ છે ને? 'અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાહ્ય સ્હાશે.' ૧૬ વર્ષે હોં! 'મોક્ષમાળા'માં. ૧૬ વર્ષ અને ૪ મહિના. સમજ્યા? સોલહ વર્ષ કી ઉંમર. 'શ્રીમદ્ રાજચંદ્ર' સોલહ. એક અને છ. એમાં ૧૦૮ પાઠ બનાવ્યા. 'મોક્ષમાળા' ૧૦૮. પછી ૧૦૮ બનાવીને 'મોક્ષમાળા' નામ આપ્યું. કેમકે માળાના મણકા ૧૦૮ હોય છે ને. એમાં એક ભાવનામાં મૂકી દીધું ભાઈ! એના પહેલા બનાવી ભાવના એક. એમાં નાખ્યું. 'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી...' આ સર્વજ્ઞ તો પહેલા મૂક્યા છે. એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણે. ભગવાન એણે જે કહ્યું નિશ્ચય-વ્યવહાર. 'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી.' મહિમા કરીને આરાધન કર. 'અનાથ એકાંત સનાથ થાશે,...'

મુમુક્ષુ :- એમાં એકાંત આવ્યું.

ઉત્તર :- એકાંત છે. 'અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાહ્ય સ્હાશે.' સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે જે માર્ગ કહ્યો છે. એ માર્ગનું અનુસરણ કર. એ વિના તારો આરો સંસારનો આવે એવો નથી.

ભગવાન સર્વજ્ઞની આજ્ઞામાં એમ આવ્યું કે ભગવાન આત્મા ધ્રુવ પ્રભુ છે ને સત્ય.

એનું શરણ લે. એનું શરણ લે. ભગવાન એમ કહે છે. એક સમયમાં પ્રભુ શુદ્ધ ધ્રુવ જ્ઞાયક ચિદાનંદ એનું શરણ લે. એના શરણે તને સમ્યગ્દર્શન-જ્ઞાન થશે. વ્યવહારના શરણે સમ્યગ્દર્શન-જ્ઞાન નહિ થાય. આહાહા..! સમજાય છે કાંઈ?

જ્યાં સુધી શુદ્ધનયની પ્રાપ્તિનો પર્યાય પૂર્ણ ન થાય ત્યાં સુધી વ્યવહાર પણ પ્રયોજનવાન, જાણવારૂપ પ્રયોજનવાન છે. વ્યવહારને કાઢી નાખે કે અશુદ્ધતા પર્યાયમાં નથી, શુભરાગ નથી. તો પર્યાયમાં તો છે. એને કાઢી નાખીને ક્યાં જઈશ તું? તારી દૃષ્ટિ પણ દ્રવ્ય ઉપર સરખી રહેશે નહિ. જો દ્રવ્ય ઉપર દૃષ્ટિનો વિવેક થયો તો પર્યાયમાં અશુદ્ધતા જેટલી છે એને બરાબર જાણવાયોગ્ય વ્યવહારનય એને રહેશે. સમજાય છે કાંઈ? પણ પર્યાયના વ્યવહારની વાતને છોડી દે શ્રદ્ધા તો નિશ્ચયની શ્રદ્ધા નહિ રહે. કારણ કે જ્ઞાન ખોટું પડતાં સ્વનો આશ્રય પણ રહેશે નહિ.

મુમુક્ષુ :- ગજબ વાત છે.

ઉત્તર :- ગજબ વાત છે? ભગવાનનો માર્ગ, બાપા! પ્રભુ છે. આહાહા..! સાક્ષાત્ કેવળજ્ઞાની બિરાજે છે. ભગવાન મોક્ષ પધાર્યા. મહાવીર આદિ. પ્રભુ તો બિરાજે છે. મહાવિદેહ ક્ષેત્રમાં સાક્ષાત્ જમીન ઉપર સમવસરણમાં બિરાજે છે. એમ નથી કે કલ્પનાની વાતું છે. મહાવિદેહ ક્ષેત્ર છે. કોઈ હજી તો મહાવિદેહ ક્ષેત્રને ઉડાડે છે. અસંખ્ય દ્વીપ સમુદ્ર હોય કે નહિ? અરે..! સાંભળને. મરી જઈશ. અસંખ્ય દ્વીપ સમુદ્ર છે. એમાંથી મહાવિદેહ ક્ષેત્ર છે, ભગવાન બિરાજે છે. વીસ તીર્થંકરો ધર્મ ધોરી ધુરંધા. શું કીધું છે? ધોરી ધર્મ ધુરંધરા. અમારે પંડિતજીએ સમવસરણની સ્તુતિ કરી છે. 'હિંમતભાઈ'એ. ધોરી ધર્મ ધુરંધરા. મોટા બળદ જેમ ગાડાને હાંકનારા હોય ને. એમ ભગવાન ધર્મના ધોરી છે. ધોક માર્ગ (પ્રવર્તે છે). ભગવાન વીસ તીર્થંકરો બિરાજમાન મનુષ્ય ક્ષેત્રમાં અત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં. એક એક મહાવિદેહમાં ચાર, પાંચ મહાવિદેહમાં વીસ. ચાર અહીંયાં. ધાતકી ખંડમાં આઠ. બે બાજુ. આઠ અર્ધપુષ્પકર દ્વીપ. વીસ ભગવાન સાક્ષાત્ બિરાજે છે અઢી દ્વીપની અંદર. સમજાય છે કાંઈ?

કહે છે કે એ ભગવાને એમ કહ્યું, શુદ્ધ સ્વરૂપ પ્રભુ તારો એક સમયમાં ભાઈ! શાંત થા, ધીરો થા. પૂર્વના આગ્રહ આદિ પકડ્યા હોય એને છોડી દે. એક સ્વરૂપી પ્રભુ અનંત ગુણનો નાથ એકરૂપે (મોજૂદ છે) એનો અંતર આશ્રય લે. એના આશ્રય વિના ત્રણ કાળમાં એકલા વ્યવહારના વ્રત ને નિયમ ને દયા ને દાન એને આશ્રયે તને સમ્યગ્દર્શન ત્રણ કાળમાં નહિ થાય. સમજાય છે કાંઈ? અને એનો આશ્રય લે અને સમ્યગ્દર્શન-જ્ઞાનાદિ થયા. છતાં પર્યાયમાં હજી શુભરાગ છે, અશુદ્ધતા છે, શુદ્ધતા થોડી છે. જો પૂર્ણ શુદ્ધતા હોય તો તો કેવળજ્ઞાન થઈ જાય. સમજાય છે કાંઈ? દૃષ્ટિમાં પૂર્ણ દ્રવ્ય છે, પર્યાયમાં પૂર્ણ થયું નથી. માટે વ્યવહારનય જાણેલો પ્રયોજનવાન છે. કહો, સેઠી!

**'એવો સ્યાદ્વાદમતમાં શ્રી ગુરુઓનો ઉપદેશ છે.'** આહાહા..! 'કુંદકુંદાચાર્ય' મહા સંતો 'અમૃતચંદ્રાચાર્ય' મહા ભાવલિંગી ધર્મધોરી સંતો, દિગંબર મુનિઓ ધર્મના આધાર-થાંભલા મોટા. સમજાય છે? કેવળજ્ઞાનની દશાને થંભાવી રાખનાર દિગંબર સંતો છે. એવા શ્રીગુરુનો સ્યાદ્વાદમતમાં ઉપદેશ છે. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો, એ પૂરું થયું. ઠીક! આમાં મોટા ગોટા હતા એટલે હળવે હળવે થોડું થોડું લીધું.

'એ અર્થનું કલશરૂપ કાવ્ય...'

**उभयनयविरोधध्वंसिनि स्यात्पदाङ्के**
**जिनवचसि रमन्ते ये स्वयं वान्तमोहाः।**
**सपदि समयसारं ते परंर ज्योतिरुच्चै-**
**रनवमनयपक्षाक्षुण्णमीक्षन्त एव।।४।।**

આહાહા..! ત્રણ પહેલા કળશ આવ્યા હતા. પહેલી ગાથા શરૂ કર્યા પહેલા ત્રણ આવ્યા હતા. આ બાર ગાથા પૂરી કરીને ચોથો શ્લોક આવે છે. પંડિતજી! પહેલા ત્રણ આવ્યા હતા ને? સમયસારાય, અનેકાન્ત અને પરપરિણતિ હેતુ. એ ત્રણ શ્લોક પહેલી ગાથા શરૂ કર્યા પહેલા. આ બાર ગાથા પછી ચોથો શ્લોક આવ્યો. કારણ કે આ બાર ગાથામાં આખી વસ્તુ કહી દીધી છે. પીઠિકા છે. 'જયસેનાચાર્ય' અંદર ટીકામાં કહે છે કે આ બાર તો પીઠિકા છે. હવે વિસ્તારથી શરૂ થશે. સંક્ષેપવૃત્તિવાળો બારમાં સમજી જશે. જૈનદર્શનનો સાર બાર ગાથામાં સમજી જાશે. પણ સાધારણ બુદ્ધિ હો એ તેરમેથી શરૂ કરશે. એ કહે છે. જુઓ! અર્થ છે ને?

**શ્લોકાર્થ :- 'નિશ્ચય અને વ્યવહાર-એ બે નયોને વિષયના ભેદથી...'** જુઓ! પાઠ છે ને? '**उभयनयविरोधध्वंसिनि**' બે નયને વિરોધ છે. નિશ્ચય સ્વને કહે છે, વ્યવહાર ભેદને કહે છે. નિશ્ચય શુદ્ધને કહે છે, વ્યવહાર અશુદ્ધને કહે છે. નિશ્ચય એકાકાર સ્વરૂપ દ્રવ્યને સ્વીકારે છે, વ્યવહાર ભેદને અંશને સ્વીકારે છે. બેયનો વિરોધ છે. નિશ્ચયનો સ્વ વિષય છે, વ્યવહારનો ભેદવાળો પરવિષય છે. નિશ્ચયનું ફળ શુદ્ધતા આવે છે, વ્યવહારનું ફળ બંધ આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ખટકવાવાળી છે એ ખુલાસો થઈ ગયો. જુઓ! '**रमन्ते**' એ આવશે. જે પુરુષો રમે છે ને શબ્દ? એમાં આવશે.

**'એ બે નયોને વિષય...'** વિષય ફેર છે ને? આમાં તો સાધારણ વાત કરીને એનો સાર કહેશે. ભાવાર્થમાં. અને ટીકામાં તો ભાઈએ 'શુભચંદ્રાચાર્ય' 'અધ્યાત્મ તરંગણિ' એમાં '**रमन्ते**'નો અર્થ એવો કર્યો છે કે ભગવાનનું વચન એમ કહે છે અને ખુલાસો કરશે આ પોતે ભાવાર્થમાં 'જયચંદ્ર પંડિત' અને કળશટીકાકારે પણ ખુલાસો આમાં કર્યો છે. જિનવચન

દ્રવ્યાર્થકનયને મુખ્ય કરી અને પર્યાયાર્થિકનયને ગૌણ કરીને આત્માની વાત કરે છે. આ કળશના અર્થમાં મૂક્યું છે. આ કળશના અર્થમાં 'શુભચંદ્રાચાર્યે' આમાં... શું કહેવાય એ? 'પરમ અધ્યાત્મતરંગિણી' એમાં '**रमन्ते**'નું કાલે બતાવ્યું હતું 'હિંમતભાઈ'ને. એકત્વ. જિનવચન સ્વમાં એકત્વપણું બતાવે છે. પરથી ભિન્નપણું અને સ્વમાં એકત્વપણું. બીજી ભાષાએ કહીએ તો જિનવચન દ્રવ્યાર્થિકનયને મુખ્ય કરી અને શુદ્ધતાને બતાવે છે. પર્યાયાર્થિકને ગૌણ કરીને અશુદ્ધતાને ભેદને બતાવે છે. એમાંથી મુખ્યતા જે દ્રવ્યાર્થિકનયની કીધી છે એમાં જે જીવો રમે છે એ સમ્યગ્દર્શનને પામે છે. સમજાણું?

આમાં વાંધા ઉઠાવે છે. બે નયમાં રમે તે સમ્યગ્દર્શન પામે છે એમ અહીં કહે છે કેટલાક. બે નયમાં રમે શી રીતે? પર્યાયમાં પણ લક્ષ રાખે અને દ્રવ્યમાં લક્ષ રાખે તો એકાકાર થાવું શેમાં? આમાં એમ કહે છે ને? પાઠ એવો આવે છે ને? 'उभयनयविरोधध्वंसिनि स्यात्पदाङ्के जिनवचसि रमन्ते' જિનવચનમાં રમે છે? વાણીમાં? પાઠ તો એવો છે. '**जिनवचसि रमन्ते**' એનો અર્થ વીતરાગી વચન એમ કહે છે કે શુદ્ધ દ્રવ્ય સ્વભાવ એકત્વપણું એમાં એકાકાર થા. એ જિનવચનનું કથન છે. એ વાચ્યમાં એકાકાર થા. અને ભેદ આદિને જાણવા લાયક રાખીને તેનું લક્ષ છોડી દે. પર્યાય છે એમ લક્ષ રાખીને, પર્યાય છે એમ લક્ષ રાખીને અભેદ દૃષ્ટિ કર. પર્યાય નથી (એમ) ઉડાડીને અભેદ દૃષ્ટિ થઈ શકશે નહિ. સમજાણું કાંઈ? પર્યાય છે, અશુદ્ધતા છે. એ આવી ગયું છે ને પહેલું? શુદ્ધ નયનું લક્ષ કરીને સ્યાદ્વાદને સમજીએ. શેમાં આવી ગયું? પહેલામાં આવી ગયું. મારે તો ઓલામાં છે ને. ક્યાંક આવી ગયું છે. સ્યાદ્વાદ રીતે... નથી આવ્યું?

મુમુક્ષુ :- સ્યાદ્વાદનું શરણું લીજીએ

ઉત્તર :- શરણ લીજીએ. એ આવ્યું છે. એ છે જુઓ! ચોથી લીટી છે. માટે સ્યાદ્વાદનું શરણ લઈ શુદ્ધતાનું આલંબન કરવું જોઈએ. સ્યાદ્વાદનું શરણ લઈ એનો અર્થ કે પર્યાય છે, અશુદ્ધતા છે, એમ લક્ષ રાખીને પછી ધ્રુવનું શરણ લેવું. છે જ નહિ પર્યાય અને અશુદ્ધતા છે જ નહિ તો નિશ્ચયાભાસ થઈ જશે. એ પોતે નાખ્યું છે, હોં! એમાં. છઠ્ઠી ગાથા. છઠ્ઠી ગાથાનો ભાવાર્થ લખીને બહુ સરસ લખ્યું છે. ભાઈએ 'જયચંદ્ર પંડિતે' અર્થ બહુ સરસ કર્યો છે. ઘણો સરસ. સ્યાદ્વાદનું શરણ લઈને શુદ્ધનયનો આશ્રય કરજે. એટલે? પર્યાય છે, ભેદ છે, અશુદ્ધતા છે એ માનીને ધ્રુવનું શરણ લેજે. નહિતર તો શી રીતે શરણું ક્યાંથી લઈશ તું? પર્યાય નથી તો શરણ (કોણ લેશે)? સમજાણું કાંઈ? કારણ કે પર્યાયનો આશ્રય કરવો નથી. પર્યાય આશ્રય કરનાર છે. તો પર્યાયને ન માને તો પર્યાય આશ્રય કરનાર દ્રવ્ય છે એનો આશ્રય કરશે કોણ? આહાહા..! કહો, 'જ્ઞાનચંદજી'!

આ બારમી ગાથામાં બધા.. એય..! વ્યવહારનય બારમાં કહે છે. બધા પોકારે છે. તમારે નહોતો ઓલો કપુરનો દીકરો 'નટવર' 'વઢવાણ'. અમારા દરિયાપરી... તમે દરિયાપરી

છો? તમે કોણ છો? એ ઓલા હતો ને 'કપુર'? 'કપુરભાઈ' હતા ને દરિયાપરી એનો દીકરો હતો 'નટવર'. એ પહેલો આવ્યો હતો અહીં. પહેલા બહુ અનુકૂળ (બોલતો). પછી લખ્યું અહીંથી જઈને, બારમી ગાથામાં વ્યવહારથી નિશ્ચય પામે એમ 'સમયસાર'માં કહ્યું છે. પણ તને 'સમયસાર'ની ખબર નહિ અને તું ક્યાં દીધે રાખે છે. (સંવત) ૧૯૯૪માં પહેલા અહીં આવ્યો હતો. આમાં આમ કહ્યું છે. ત્યાં દેરાવાસીમાં 'સુમનવિજય' છે. એ પણ હમણા અહીંયાં 'કુંડલે' અમે હતા ત્યાં સામો આવ્યો હતો. જુઓ! બારમી ગાથામાં 'સમયસાર'માં કહે છે વ્યવહાર પહેલો જોઈએ, પછી નિશ્ચય થાય. આ બારમી ગાથામાં કહ્યું. આ બધા બારમાનો આધાર આપે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ના, ના કાંઈ ભાન ન મળે. આ લોકો સામે જ્યાં-ત્યાં મૂકે છે હવે. આમાં મૂક્યું હમણા જૈન ગેજેટમાં. જુઓ! બારમી ગાથામાં કહ્યું છે. વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર... એ પૂર્ણ દશા પામ્યા એને વ્યવહાર ન હોય. અપૂર્ણવાળાને તો વ્યવહારથી જ ઉપદેશ દેવો, વ્યવહારથી લાભ થાય. અરે..! એમ વાત છે જ નહિ, સાંભળને! ઉપદેશ દેવાની વાત ક્યાં છે? પૂર્ણ દશા પામ્યો નથી એને વ્યવહારનયનો વિષય છે એમ એણે માન્ય રાખવું જોઈએ. એમ કહે છે ત્યાં. આહાહા..!

જુઓ! 'પરસ્પર વિરોધ છે;...' બે નયનો પરસ્પર વિરોધ છે. વ્યવહારનય પર્યાયને ભેદને બતાવે, નિશ્ચયનય એકને અભેદને બતાવે એકલાને. વ્યવહારનય રાગને જાણે અને કબુલ કરે, આ શુભરાગ છે. એનું ફળ તો બંધ છે. નિશ્ચય અભેદને બતાવે એનું ફળ મોક્ષ છે. એ પહેલાં આવી ગયું ૧૧મી ગાથામાં. શાસ્ત્રકારે પણ જેટલો વ્યવહારનય નિમિત્ત તરીકે ગણીને કહ્યો પણ એનું ફળ સંસાર છે. એ ૧૧મી ગાથામાં આવી ગયું છે. વ્યવહારનય છે. જ્ઞેય છે પણ હેય છે. અને આ જ્ઞેય છે અને ઉપાદેય છે. દ્રવ્ય જ્ઞેય છે. જ્ઞેય તો બેય છે. આ ઉપાદેય છે, આ હેય છે. એમ બેયનો વિષય જુદો છે. પરસ્પર વિરોધ છે. બેયનો પરસ્પર વિરોધ છે. નિશ્ચયથી વ્યવહારનો વિરોધ અને વ્યવહારથી નિશ્ચયનો વિરોધ. એવું સ્વરૂપ જ એનું છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગોટાળા આ બધા તમે સમજ્યા વિનાનું કર્યું માટે. તમે પ્રોફેસર હતા પણ ક્યાં એમાં સમજતા હતા કાંઈ? પોતાની દૃષ્ટિથી શાસ્ત્રને વાળવા માગે છે. પણ શાસ્ત્રની દૃષ્ટિ શું છે તેમ પોતાની દૃષ્ટિને કરતો નથી. એટલે પકડાય છે. સમજાણું?

પાઠમાં છે ને? '**उभयनयविरोधध्वंसिनि**' '**બે નયોને વિષયના ભેદથી...**' વ્યવહારનો વિષય પર્યાય, ભેદ, નિમિત્ત આદિ એનો વિષય છે. અને નિશ્ચયનો વિષય અભેદ, એક સ્વરૂપ દ્રવ્યાર્થિક દ્રવ્યસ્વરૂપ એ અભેદનો વિષય. બેયના વિષયમાં ફેર છે. વિષયના ભેદથી

એટલે વિષયના પ્રકારથી પરસ્પર વિરોધ છે. બેમાં વિરોધ છે. **'એ વિરોધને નાશ કરનારું 'સ્યાત' પદથી ચિહ્નિત...'** કથંચિત્ વ્યવહાર છે એ જાણવાલાયક છે પર્યાયને. અને આ નિશ્ચય છે તે આદરવા લાયક. એમ બે નયનો વિરોધ કથંચિત્ મટાડી (જાણવું જોઈએ). નિશ્ચયનય કહે છે કે સત્ય જ એક વસ્તુ છે. વ્યવહાર કહે છે કે અમે પણ એક છીએ. નિશ્ચયની અપેક્ષાએ વ્યવહાર અસત્ય છે. વ્યવહારની અપેક્ષાએ વ્યવહાર સત્ય નામ છે. સત્ય છે. એને ઉડાડી દે કે પર્યાય પણ નથી, વ્યવહાર પણ નથી, શુભ નથી. મુનિ થઈ ગયા પછી એને થઈ ગયું કેવળજ્ઞાન? ભાવલિંગ આત્માનો આનંદનો અનુભવ થતાં સમ્યક્ અનુભવ થઈને છઠ્ઠું આવ્યું. તોપણ હજી વ્યવહાર છે. અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ એને હોય છે. નગ્નદશા એને નિમિત્તમાં થઈ જાય છે. થઈ જાય છે. નગ્નદશા થઈ જાય છે અજીવની.

મુમુક્ષુ :- લૂગડા ઉતારે છે.

ઉત્તર :- ઉતારે-ફુતારે છે નહિ. ઉતારે કોણે કહ્યું? પંડિતજી! નગ્નદશા થઈ જાય છે. એ નિમિત્તમાં. અઠ્યાવીશ મૂળગુણ રહી જાય છે પર્યાયમાં.

મુમુક્ષુ :- કરે છે કોણ પણ?

ઉત્તર :- કોણ કરે? જડની પર્યાય જડથી થાય.

મુમુક્ષુ :- જીવ ન કરે?

ઉત્તર :- જીવ કરે તો કર્તા થઈ ગયો, મૂઢ થઈ ગયો. અજીવનો સ્વામી થઈ ગયો એ તો. જીવનો સ્વામી રહ્યો નહિ.

મુમુક્ષુ :- ભગવાને લૂગડા ઉતાર્યા.

ઉત્તર :- ઉતાર્યા નથી ઉતરી ગયા છે. ઉતાર્યા અને ઉતરી ગયા એમાં ફેર છે. વિકલ્પ હોય છે, કરવા જેવો છે એ બેમાં ફેર છે. પરિણમન તરીકે કર્તૃત્વ છે. પણ કરવા લાયક ઠીક છે એમ નથી. વિકારની ઠીકબુદ્ધિ હોય તો નિર્વિકારની ઠીકબુદ્ધિ રહેતી નથી. આહાહા..! 'નિશ્ચય-વ્યવહારે જગત ભરમાયો હૈ.' કહ્યું છે ને આમાં? 'બનારસીદાસે'.

મુમુક્ષુ :- નિશ્ચયમાં એક.. જગત ભરમાયો

ઉત્તર :- જગત ભરમાયો. એમ છે. આમાં જ કાંઈક છે. આમાં જ હશે હોં! કેટલામા પાને? પાનું લખ્યું છે? પાનું નહિ હોય. પાંચ શ્લોક. ઉભયનય.

**નિહચૈમૈં રૂપ એક, વિવહારમૈં અનેક,**
**યાહી નૈ - વિરોધમૈં જગત ભરમાયો હૈ.' આમાં લખ્યું છે.**
**જગકે વિવાદ નાસિવેકૌ જિન આગમ હૈ,**
**જામૈં સ્યાદ્વાદ નામ લચ્છન સુહાનૌ હૈ.**
**દરસનમોહ જાકૌ ગયૌ હૈ સહજરૂપ,**

**આગમ પ્રમાન તાકે હિરદૈમેં આયો હૈ.**
**અનૈસૌં અખંડિત અનૂતન અનંત તેજ,**
**એસો પદ પૂરન તુરંત તિનિ પાયૌ હૈ.** ૫.

ઈ આ (શ્લોકનું) છે. 'બનારસીદાસે' પણ બહુ કામ ઘણાં (કર્યા છે). આનો અર્થ કર્યો છે. કહો, સમજાણું આમાં? એ નયના વિષયમાં વિરોધ હોવા છતાં બે નયનો વિષય છે. ઓલા માને ને આત્મા નિત્ય છે, તે અનિત્ય છે? હા. બીજી અપેક્ષાએ. દ્રવ્ય અપેક્ષાએ નિત્ય છે, પર્યાય અપેક્ષાએ અનિત્ય છે. બેય છે. વિરોધ હોવા છતાં બેય છે. સમજાણું?

**'જે જિન ભગવાનનું વચન તેમાં જે પુરુષો રમે છે...'** રમેનો અર્થ એ કર્યો કે જિન વચનમાં દ્રવ્યાર્થિક નયને મુખ્ય કરીને શુદ્ધતા બતાવી છે. એમાં જે રમે છે. આ 'પરમ અધ્યાત્મ તરંગણી'માં એકત્વ (લીધું છે). ભગવાને સ્વભાવની એકત્વતા જિનવચનમાં બતાવી છે. એમાં એકત્વમાં જે રમે છે એને સહજ **'वान्तमोहाः'** મિથ્યાત્વનો મોહ વમી જાય છે. પર્યાય આશ્રયમાં, રાગ આશ્રયમાં મિથ્યાત્વનો નાશ થતો નથી એમ જિનવચન કહે છે. **'(–પ્રચુર પ્રીતિ સહિત અભ્યાસ કરે છે)'** ઓલા અર્થ કરે, બે નયમાં પ્રચુર પ્રીતિ સહિત અભ્યાસ કરે છે. બે નયમાં શી રીતે થાય? એક નયને મુખ્ય કરીને દ્રવ્યમાં જે એક્તાપણાનો અભ્યાસ કરે છે એનો મિથ્યાત્વનો નાશ થાય છે. વ્યવહારનયથી કાંઈ મિથ્યાત્વનો નાશ થતો નથી. વિશેષ કહેશે...

**દ્વિતીય શ્રાવણ વદ ૧૪, મંગળવાર તા. ૧૩-૦૯-૬૬**
**શ્લોક-૪. પ્રવચન-૪૬**

'સમયસાર', એનો ચોથો કળશ છે. બાર ગાથાના સારરૂપ આ શ્લોક આવ્યો છે. બાર ગાથા પછી આવ્યો છે ને. '**નિશ્ચય અને વ્યવહાર-એ બે નયોને વિષયના ભેદથી...**' વિષયના પ્રકારથી '**પરસ્પર વિરોધ છે;...**' નામ વેર છે. એ પહેલો શબ્દ આવ્યો છે એમાં. છે ને? '**उभयनयविरोध**' પહેલો શબ્દ છે. '**उभयनयविरोध**' નિશ્ચયનય અને વ્યવહારનય બે વચ્ચે વેર છે, વિરોધ છે, પ્રતિપક્ષ છે. સમજાય છે કાંઈ? કેમ? કે છઠ્ઠી ગાથાથી ચાલ્યું આવે છે. નિશ્ચય તે એકલો જ્ઞાયકભાવ બતાવે છે, વ્યવહાર એના ભેદ બતાવે છે. ચૌદ ગુણસ્થાનાદિ છે ને? સમજાય છે કાંઈ? નિશ્ચય એકરૂપ સ્વભાવને બતાવે છે. વ્યવહાર અનેક પ્રકારના ભેદને જણાવે છે. પરસ્પર વિરોધ છે. આ એકરૂપને જણાવે, ઓલો અનેકને જણાવે. આ અભેદને જણાવે, આ ભેદને જણાવે. સાતમામાં આવ્યું હતું. નિશ્ચય ગુણ-ગુણીના ભેદને સ્વીકારતું નથી. અભેદ એકલો આત્મા એને સ્વીકારે છે. વ્યવહાર ગુણ-ગુણીના ભેદને જાણવું, એમ સ્વીકારે છે. સમજાય છે કાંઈ?

નવમાં આવ્યું કે ભાવશ્રુતથી આત્માનો સીધો અનુભવ કરે એનું નામ નિશ્ચય શ્રુતકેવળી છે. વ્યવહાર 'જ્ઞાન તે આત્મા' એટલો ભેદ પાડે એ વ્યવહાર છે. ભેદ પાડીને નિશ્ચયમાં જાવું એ નિશ્ચય છે. એ સ્વ છે. એ બેને વિરોધ થયો. ૧૧મી ગાથામાં વ્યવહાર જૂઠો કહ્યો. નિશ્ચય સાચો કહ્યો. ૧૧મી ગાથામાં વ્યવહારનય જૂઠો કહ્યો. નિશ્ચય સાચો કહ્યો. બે વિરોધ થઈ ગયો. સમજાણું કાંઈ? વળી ૧૧મીમાં (એમ કહ્યું), નિશ્ચય '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी**' ત્રિકાળ જ્ઞાયક ભગવાનને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. વ્યવહારના આશ્રયે થતું નથી. બેયનો વિરોધ છે. નિશ્ચય અને વ્યવહાર બેને વેર છે, પ્રતિપક્ષ છે.

૧૨મી ગાથામાં કહ્યું, નિશ્ચય દૃષ્ટિ થઈ અને પર્યાયની પૂર્ણતા થઈ ગઈ. એને કોઈ વ્યવહાર હવે રહ્યો નથી. પણ જ્યાં અપૂર્ણ દશા છે, દૃષ્ટિ ભૂતાર્થ ઉપર થયેલી છે છતાં પર્યાયમાં અશુદ્ધતા છે તો વ્યવહારનય છે એ એનાથી જાણેલો પ્રયોજનવાન છે. આદરેલો નિશ્ચય પ્રયોજનવાન છે, વ્યવહાર જાણેલો પ્રયોજનવાન બેયમાં વિરોધ થઈ ગયો. સમજાણું કાંઈ? નિશ્ચય એક દ્રવ્ય ઉપાદેય છે. વ્યવહાર આ નહિ. જાણવાયોગ્ય છું એ ઉપાદેય છે. જાણવા યોગ્ય એમ ઉપાદેય. એટલે કે જાણીને હેય કરવા લાયક વ્યવહાર છે. નિશ્ચય જાણીને ઉપાદેય કરવા લાયક નિશ્ચય છે. કહો, સમજાય છે કાંઈ? આ ઉભયનયની વ્યાખ્યા થઈ એટલી. આ '**उभयनयविरोध**'ની વ્યાખ્યા થઈ એટલી. '**उभयनयविरोध**'.

હવે '**ध्वंसिनि**' '**उभयनयविरोधध्वंसिनि**' કહે છે, જુઓ! એનો વિરોધ-વિરોધને નાશ

કરનારું અર્થમાં એમ શબ્દ છે ને બીજો? '**ध्वंस**' એટલે નાશ. ભગવાનની વાણી અથવા ભગવાને કહેલો ભાવ, સમજાય છે કાંઈ? એ વિરોધનો નાશકરણશીલ છે. ભગવાને કહેલી વાણીમાં આત્માને, દિવ્યધ્વનિમાં એમ આવ્યું કે આત્મા એકરૂપ છે તે ઉપાદેય છે. અને અનેકરૂપ એની દશા છે. એ જાણવાલાયક છે, ઉપાદેય નથી. સમજાય છે? કેમકે પોતાનું પ્રયોજન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અથવા આનંદની પ્રાપ્તિ શુદ્ધ ધ્રુવના ઉપાદેયપણે પ્રગટ થાય છે. વ્યવહારના આશ્રયે થતું નથી માટે વ્યવહાર જાણવા યોગ્ય ખરો. પણ હેયરૂપે જાણવો આને આદરણીયને આદરણીય કરીને જાણવો, એમ બેનો વિરોધ મટાડ્યો ભગવાને. સમજાણું કાંઈ?

'**વિરોધને નાશ કરનારું 'સ્યાત્' પદથી ચિહ્નિત...**' એટલે કે મુખ્યપણે ભગવાન આત્મા ઉપાદેય છે એમ અને ગૌણપણે એને જે વ્યવહાર હતો તે વ્યવહાર ગૌણ કર્યો હતો. એને વ્યવહાર જાણવાયોગ્ય છે એમ કહેવામાં આવે છે. એટલે વ્યવહાર છે. ૧૧મામાં ના પાડી હતી કે વ્યવહાર નથી. ત્યારે પછી કહ્યું કે વ્યવહાર છે. નથી કેમ કહ્યું હતું? કે આશ્રય કરવા લાયક નથી માટે નથી કહ્યું હતું. પણ વ્યવહારનો વિષય છે. ગુણસ્થાનભેદ છે. પર્યાયમાં મંદતા છે. એ બધું જાણવાલાયક છે. નિશ્ચય કહે કે તું નથી, વ્યવહાર કહે કે હું છું. સમજાય છે કાંઈ? આ તો બધી ગાથાનો ૧૧-૧૨નો આખો ટોટલનો આ કળશ છે. આમાં અર્થ કેટલાક કરે છે કે આ બેય નય સરખા છે, બે નય સરખા છે. બે નય સરખા ન હોય. બેમાં વિરોધ છે. વિરોધ છે ને. વિરોધમાં સરખા કેમ હોય? સમજાય છે? ઘણા (એવો) અર્થ (કરતા હતા). પહેલા ત્યાં સાંભળ્યો હતો 'તલોદ'માં. જો બે નયનું બરાબર જ્ઞાન સરખું કરીને બેયમાં રમે તો મિથ્યાત્વનો નાશ થાય. પછી તો બહારમાં ઘણું છાપામાં આવ્યું હતું. ઉભયનય છે. એનો આશ્રય કરવાથી.. પણ '**उभयनयविरोधध्वंसिनि**' એનો અર્થ શું? '**उभयनयविरोध**' વેરી છે બેય એકબીજાના. સમજાણું કાંઈ?

જિનવાણીમાં ઉપાદેય વસ્તુ. કળશમાં એ લીધું છે કારણ કે મૂળ ૧૧મી ગાથામાં અને ૧૨મી ગાથાનો બેનો કરીને આ કળશ કર્યો છે. ભગવાન આત્મા એક સમયમાં.. સમજાણું? 'સ્યાત્ પદથી ચિહ્નિત' કોઈ અપેક્ષાએ કહેવું છે એમાં. નિશ્ચય વસ્તુ ભગવાન આત્મા સચ્ચિદાનંદ ધ્રુવ સ્વરૂપ છે તે આદરણીય છે. તેથી તેને સત્ તરીકે કહેવામાં આવે છે. અને પર્યાયમાં-અવસ્થામાં રાગાદિ છે એ નથી એમ જે કહ્યું હતું. પાછું છે એમ કહીને કથંચિત્ વ્યવહાર અસત્યાર્થ કહ્યો હતો. એટલે કે વ્યવહાર નથી એમ નહિ. છે પણ આશ્રય કરવા લાયક નથી માટે તેને વ્યવહારને અસત્ કહ્યો છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા સચ્ચિદાનંદ ધ્રુવ સત્ જ્ઞાનાનંદ, એકરૂપ વસ્તુ. અનંત અનંત કાળથી ચીજ અખંડાનંદ ભગવાન. એ જિનવાણીમાં આવ્યું કે તે ઉપાદેય છે. એનો આશ્રય કરીને અને એનો અનુભવ કરવા લાયક. અનુભવ કરવા લાયક છે. વ્યવહારનો આશ્રય કરવા લાયક

નથી. રાગાદિ હોય. પણ જાણીને હેય કરવાલાયક છે. સમજાય છે કાંઈ?

**'જે જિન ભગવાનનું વચન...'** વચન નામ વાણી. **'તેમાં જે પુરુષો રમે છે...'** વાણીમાં રમે? શબ્દ તો એમ પડ્યો છે. **'जिनवचसि रमन्ते'** વીતરાગભાવમાં, વીતરાગની વાણીમાં, સર્વજ્ઞની વાણીમાં એમ આવ્યું કે આત્મા અખંડાનંદ પ્રભુ શુદ્ધ આનંદનો કંદ ધ્રુવ છે. તે જ દૃષ્ટિમાં લેવા લાયક અને આદરણીય અને અંગીકાર કરવા લાયક છે. જેથી આત્માની શાંતિ પ્રાપ્ત થાય અને પરતંત્રતાનો નાશ થાય અને સ્વતંત્રતાની જાહેરાત થાય. જાહેરાત શબ્દ અહીં કેમ આવ્યો? આત્મખ્યાતિ કહ્યુંને. પંડિતજી! ટીકાનું આત્મખ્યાતિ છે ને. 'સમયસાર'ની ટીકાનું નામ આત્મખ્યાતિ છે. પ્રસિદ્ધ થયો આત્મા. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણાનંદ પ્રભુ ધ્રુવ અનંત ગુણના પિંડસ્વરૂપ અને એક સમયની અવસ્થા-હાલત. એ હાલતને ગૌણ કરીને નથી એમ કહ્યું હતું. અને એક વસ્તુ અખંડ છે એ આદરણીય કરવા માટે, શુદ્ધ ચૈતન્ય આનંદઘનમાં લક્ષ કરવા માટે એને સત્ય અને એને જ ભૂતાર્થ ને સાચો ભાવ જગતનો આત્મા છે એમ કહેવામાં આવ્યું છે. વ્યવહારનયનો પાછો વિષય કે છે ખરી પર્યાયમાં. જ્યાં સુધી પૂર્ણદશા-પરમાત્મા દશા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી દશામાં રાગભાગ છે, શુદ્ધતાની કમી છે એને વ્યવહારનય જેમ છે તેમ જાણે છે. નથી એમ નહિ. નથી એમ (કરશે) તો એકાંત થઈ જશે એમ કહે છે. એમ છે અને આદરણીય છે તો એકાંત થઈ જશે. કારણ કે વસ્તુ આદરણીય અને પર્યાય પણ આદરણીય. બે આદરણીય હોય શકે તો બે ભાગ કેમ પડ્યા? બે નય કેમ પડી? કહો, 'ચંદુભાઈ'! ઝીણું બહુ પણ ભાઈ. સમજાય છે કાંઈ?

નિશ્ચય સ્વરૂપ ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ, એનો અંતર આશ્રય કરીને અનુભવ કરતાં આત્માને આનંદ પ્રાપ્ત થાય અને એના ફળ તરીકે તેને મોક્ષ મળે. વ્યવહારનયનો આશ્રય કરવા જાય તો રાગ થાય અને વ્યવહારનય જાણવાયોગ્યનું સત્ છે. પર્યાય છે, ભેદ છે પણ એનો આશ્રય કરવા જતા રાગ થાય અને એનું ફળ ખરેખર તો બંધ છે. આનું મોક્ષ ફળ છે, આનું બંધ ફળ છે. આહાહા..! સમજાણું કાંઈ? અવસ્થામાં જ્યાં સુધી પૂર્ણ દશા ન હોય ત્યાં શુદ્ધ ચૈતન્યનો આદર કરીને રમણતા હોવા છતાં પૂર્ણ શુદ્ધતા નથી. એથી વચમાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના શુભભાવ આદિ આવ્યા વિના રહેતા નથી. પણ એનુ ફળ બંધ છે. સમજાણું કાંઈ? અને ઉપાદેય ચીજ છે એનું ફળ મુક્તિ છે.

ભગવાન આત્મા અનાકુળ આનંદનો કંદ છે. એનો આશ્રય અને અંગીકાર કરતા શુદ્ધતા પ્રગટ થઈ, ક્રમે કરીને એને મુક્તિ થાય છે. બે નયના વિષયમાં ફેર, બેના ફળમાં ફેર, બેમાં હેય-ઉપાદેયમાં ફેર. જ્ઞેય તો બેય છે. સમજાણું કાંઈ? બેની દિશા ફેર. વ્યવહારનય પરલક્ષમાં જાય છે, નિશ્ચય સ્વલક્ષી થાય છે. સમજાય છે કાંઈ?

'જે પુરુષો રમે છે...' એનો અર્થ કર્યો. કળશકારે એમ કર્યો કે રમે છે એટલે ભગવાનની

વાણીમાં શુદ્ધ જીવવસ્તુ ઉપાદેય આવી છે. એમાં જે રમે છે. કળશ ટીકાકાર 'અધ્યાત્મ તરંગણી'. રમે છે એટલે એમાં એમ કહ્યું, એક સ્વરૂપ એકત્વ છે એમાં રમે છે. એ તો એનું એ થયું. ભગવાન આત્મા રાગ, પુણ્ય, પાપ, વિકલ્પ જે દયા, દાન, વ્રતાદિ રાગ છે એનાથી ભિન્ન એવો ભગવાન આત્મા પોતે એકત્વમાં રમે એને વાણીમાં ઉપાદેય કરીને રમવાનું કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? '**જે પુરુષો રમે છે...**' એટલે કે જે કોઈ આત્મા રમે છે. વળી કોઈ કહે પુરુષ અને સ્ત્રી. અહીં તો આત્માની વાત છે. '(**–પ્રચુર પ્રીતિ સહિત અભ્યાસ કરે છે**)' એટલે? અંતર આનંદમૂર્તિ ધ્રુવ સ્વરૂપની રુચિની પ્રીતિ કરી અને એમાં એકાગ્રતાથી રમે છે. પ્રીતિ શબ્દ આગળ આવે છે નિર્જરા અધિકારમાં. નિર્જરા અધિકારમાં આવે છે. ૩ બોલ. ૨૦૩ ગાથા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના ના. માટે તો ખુલાસો કર્યો. ૨૦૬ ગાથામાં આવે છે. સમજાણું? એ રુચિ કરવી એમ છે એનો અર્થ. આ છે, જુઓ!

**एदम्हि रदो णिच्चं संतुट्ठो होहि णिच्चमेदम्हि।**
**एदेण होहि तित्तो होहदि तुह उत्तमं सोक्खं।।२०६।।**

'(**હે ભવ્ય!**) **એટલો જ સત્ય આત્મા છે જેટલું આ જ્ઞાન છે–એમ નિશ્ચય કરીને જ્ઞાનમાત્રમાં જ સદાય રતિ...**' સદાય રતિ. એમ શબ્દ સંસ્કૃત ટીકામાં. એ રીતિનો અર્થ ભલે કૌંસમાં કર્યો. '(**પ્રીતિ, રુચિ**)' રતિનો અર્થ, પ્રીતિનો અર્થ બીજો છે. રાગ એમ નહિ. અંતર શુદ્ધ ચૈતન્યમૂર્તિ એની રુચિ કરવી, પ્રીતિ એટલે પ્રેમ કરવો એનું નામ અહીં પ્રીતિ છે. રાગના અર્થમાં પ્રીતિ નથી. '**एदम्हि रदो**' પાઠ છે. મૂળ પાઠમાં છે. ભગવાન 'કુંદકુંદાચાર્ય' '**एदम्हि रदो**' તો '**रदो**'નો ભલે રતિ કર્યો 'અમૃતચંદ્રાચાર્યે'. રતિનો અર્થ એમ કર્યો. ભગવાન આત્મા એક સમયની પર્યાય- અવસ્થામાં રાગાદિ છે તેનું લક્ષ છોડી દઈને ત્રિકાળમાં રુચિનો પ્રેમ કરીને રમે છે તેને નિર્જરા થાય છે. એ નિર્જરા અધિકાર છે. શુભ-અશુભભાવમાં આવે એને નિર્જરા નથી. શુભભાવમાં નિર્જરા નથી એમ સિદ્ધ કરે છે. પંચ મહાવ્રતના પરિણામ, અઠ્યાવીશ મૂળગુણના ભાવ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, શાસ્ત્રનું જ્ઞાન પરલક્ષી શુભરાગ, એ બંધનું કારણ છે, નિર્જરાનું કારણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? નિર્જરા નામ શુદ્ધિની વૃદ્ધિનું કારણ એ નથી. અથવા શુદ્ધિની ઉત્પત્તિનું કારણ વ્યવહાર નથી. શુદ્ધિની ઉત્પત્તિનું કારણ ભગવાન ત્રિકાળ આનંદકંદ સ્વરૂપ છે. '**एदम्हि रदो**' એમ છે ને? '**एदम्हि रदो**' ભગવાન શુદ્ધ ધ્રુવ ચૈતન્ય, એમાં રુચિમાં રમવું. '**णिच्चं संतुट्ठो**' અંતર સંતોષ થા. '**होहि णिच्चमेदम्हि**' આમાં અનુભવનીય છે. એ જ અનુભવવા લાયક છે. ત્યારે તેને નિર્જરા નામ અશુદ્ધતાનો નાશ થઈ, શુદ્ધતાની-પવિત્રતાની, આનંદની, શાંતિની વૃદ્ધિ થાય છે. એ શાંતિ અને આનંદની વૃદ્ધિ થાય તેને ભાવનિર્જરા કહેવામાં આવે છે. આહાહા..! ભારે વાત!

નિર્જરાના ત્રણ પ્રકાર. એક, કર્મનું-નિમિત્તનું ખરવું એ નિર્જરા. એક, અશુદ્ધતાનો નાશ થવો એ નિર્જરા અને એક, શુદ્ધિની ઉત્પત્તિ વૃદ્ધિ થવું એમ શુદ્ધોપયોગને નિર્જરા કહેવામાં આવે છે. ટીકામાં શુદ્ધોપયોગને નિર્જરા કીધી છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભગવાન આત્મા.. નિ- વિશેષે ઝરી જવું. એટલે અશુદ્ધતાનું ઝરવું, ટળવું, પરનું ટળવું. અને નિ-જરા એટલે અંદર શુદ્ધિની વૃદ્ધિ (થવી). ભગવાન આત્મા પૂર્ણ ચૈતન્ય આનંદકંદ છે એની એકાગ્રતાથી જે શુદ્ધિની વૃદ્ધિ થઈ, ઉત્પત્તિ થઈ તે સંવર અને વૃદ્ધિ થઈ તે નિર્જરા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઝરવું એમ કહ્યું હતું, એ વખતે એમ આવ્યું હશે. એ તો એનું એ થયું આ. શુદ્ધોપયોગને નિર્જરા કીધી એટલે આનંદ ઝર્યો. એમાં જ છે ને. જુઓને. એમાં નિર્જરા છે. સંતોષમાં છે. અનુભવનીય.

ભગવાન આત્મા, જેનું લક્ષ અનાદિથી રાગ અને પર અને અવસ્થા ઉપર છે, પર્યાય ઉપર છે એ ત્રિકાળ જ્ઞાયક ઉપર દૃષ્ટિ કરીને રમે છે ત્યાં ખરે, ઝરે છે. ડુંગરમાંથી પાણી ઝરે એમ આનંદ ઝરે છે. રાગ પુણ્ય-પાપના પરિણામમાં એકાગ્ર થવાથી દુઃખ વેદન થાય છે. પુણ્ય-પાપના ભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ એ બધા દુઃખરૂપ છે. ભારે વાત! રાડ નાખે ઓલા. અર..ર..! દયાનો ભાવ એ રાગ? અને એ હિંસા? અરે..! સાંભળને. પર તરફનો રાગ દયાનો ભાવ એ પર તરફનો ભાવ એ વ્યવહારે ભલે એને અહિંસા કહો, નિશ્ચય રાગની ઉત્પત્તિ છે તે હિંસા છે. રાગની અણુત્પત્તિ તેને ભગવાન અહિંસા કહે છે. આહાહા..! ભારે તકરાર. પંડિતોના એવા ઝઘડા. અરે..! દયા તો કરુણાનો સ્વભાવ કીધો છે. ભાઈ! કેવળીને કરુણા કીધી પણ એ તો અકષાય કરુણા છે. વિકલ્પ ઊઠે અને પરની દયા એ તો શુભરાગ છે, ઉત્થાન છે ઉત્થાન. વૃત્તિ ઉઠે છે. ઉત્થાન રાગ છે. રાગ તે આત્માના સ્વરૂપને હણીને દશા ઊભી થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં '**તેમાં...**' તેમાં એટલે વીતરાગે કહેલો ઉપાદેય આત્મા. મુખ્યપણે ૧૧મી ગાથામાં કહ્યું હતું કે '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' એમ જે ભગવાનની વાણીમાં આવ્યું. એમ એ કહે છે, ભાઈ! એ કહે છે, અમે કાંઈ ઘરનું નથી કહેતા. એ ભગવાને કહ્યું છે એ પ્રમાણે અમે આ ગાથાઓ કરી છે. ભગવાનની વાણીમાં આવ્યું છે કે ભૂતાર્થ તે નિશ્ચય છે. તે શુદ્ધનય છે, ત્રિકાળ જ્ઞાયક તે શુદ્ધનય છે. એમ ભગવાનની વાણીમાં એમ આવ્યું હતું. એનો આશ્રય કરતાં સમ્યગ્દૃષ્ટિ થાય છે, વ્યવહારનો આશ્રય કરતાં સમ્યગ્દર્શન થાતું નથી. સમજાણું કાંઈ? એમ જિનવચનમાં આવ્યું હતું. એમ અમે અહીંયાં કહ્યું છે. આહાહા..!

**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।**
**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो।।११।।**

વીતરાગ પરમેશ્વર ત્રિકાળ અનંતચક્ષુ જેને અસંખ્ય પ્રદેશે ખીલી ગઈ છે. અનંતચક્ષુ કીધું છે ને 'પ્રવચનસાર'માં. પંડિતજી! અનંતચક્ષુ. આગમચક્ષુ સાધુ, ચર્મચક્ષુ સાધારણ પ્રાણી, ભગવાન અનંત ચક્ષુ. 'પ્રવચનસાર' ત્રીજા ચરણાનુયોગ (અધિકારમાં). અસંખ્ય પ્રદેશી ભગવાન અનંત ચક્ષુ ખીલી ગયા છે. અનંત દીવડા પ્રકાશ સૂર્ય થઈ ગયો. એવા પરમેશ્વર સર્વજ્ઞની વાણીમાં એમ આવ્યું હતું કે ઉપાદેય આ આત્મા ત્રિકાળ ધ્રુવ છે એ જ અંગીકાર કરવા લાયક છે. અને જિનવચનમાં એ કહ્યું છે. તેમાં જે પુરુષો રમે છે. રાગથી પૃથક્ થઈ, વિકલ્પથી પૃથક્ થઈ નિર્વિકલ્પ ભગવાનઆત્મામાં રુચિ કરીને રમે છે તે પુરુષો, '**તે પુરુષો પોતાની મેળે (અન્ય કારણ વિના) મિથ્યાત્વકર્મના ઉદયનું વમન કરી...**' ભ્રમણાનો નાશ થઈ જશે. કર્મનો નાશ થશે અને ભ્રમણાનો નાશ થશે. ભગવાનનો આશ્રય કરતાં ભ્રમણાનો નાશ થશે. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ શુદ્ધ આનંદકંદ અનાદિઅનંત છે. એની એક સમયની દશા વર્તમાન છે એ વિપરીત અને અલ્પજ્ઞ છે. એનું લક્ષ છોડી દઈને અવિપરીત અને પૂર્ણ, એવો જે ત્રિકાળી સ્વભાવ, એનો આશ્રય કરીને રમે છે તેને કોઈ કારણ વિના મિથ્યાત્વકર્મનો ઉદય વમન-વમી નાખે છે. ભાષા કેવી વાપરી છે? '**वान्तमोहाः**' જેમ વમેલું માણસ ખાતો નથી. એમ એક વાર વમ્યું એ ફરીને આવતું નથી. એટલું જોર બતાવે છે. આહાહા..! અપ્રતિહતભાવ બતાવે છે. સમજાણું કાંઈ? ભલે વર્તમાન ક્ષાયિક જે ભગવાન કહે છે એ જાતનું ન હોય. પણ આ જાતનું જોર કહ્યું છે આચાર્ય મહારાજે. 'કુંદકુંદાચાર્ય' એના હૃદયને ખોલી અને આ કળશ મૂક્યો છે. વમન.

ભગવાન આત્મા પૂર્ણ આનંદ સત્... સત્... સત્... શાશ્વત સત્ એનો આનંદ આદિ અનંત ગુણનું એકરૂપ, એનો આશ્રય કરે છે, એનો અનુભવ કરે છે (તો) મિથ્યા ભ્રમણા વમાઈ જાય છે, છૂટી જાય છે. વમી જાય છે એટલે ફરીને લેતા નથી. ફરીને એને આવવાનું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આ પંચમકાળના મુનિ આવા જોરથી વાત કરે છે. કહો, 'ચંદુભાઈ'! જેને પરમાત્મસ્વરૂપ જ પોતાનું અંદર બિરાજમાન છે. એમાં જેને સમ્યગ્દર્શન દ્વારા ભેટા થયા, અનુભવ થયો હોં!

રમે છે એટલે અહીં કહેશે. '**આ અતિશયરૂપ પરમજ્યોતિ પ્રકાશમાન શુદ્ધ આત્માને તરુત દેખે જ છે.**' એટલે? ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ સ્વરૂપ શુદ્ધ ધ્રુવ ચૈતન્ય, એનો આશ્રય કરી અને મિથ્યાત્વને વમે છે તે '**અતિશયરૂપ પરમજ્યોતિ પ્રકાશમાન શુદ્ધ...**' ભગવાન. અતિશય મહાશોભિત ચિદાનંદ પ્રભુ! એવી ચૈતન્યજ્યોતિ ભગવાન આત્મા, ચૈતન્યજ્યોતિ ભગવાન. સમજાય છે કાંઈ? એ કેમ કહે છે? જેમ અગ્નિ ઉધઈને બાળીને રાખ કરે છે. ઉધઈ સમજો છો ને? ઉધઈ? દિમક. નાના હોય છે. શરીર બહુ પાતળું. દિમક. દિમક આ ધૂળમાં હોય અને આ શું કહેવાય? તેતર ખાય. તેતર-તેતર પંખી હોયને

એ ચાંચથી ધૂળમાંથી ખોદી ખોદીને (ખાય). બહુ પાતળી સુંવાળી નાની હોય. આ લાકડામાં હોય, ધૂળમાં હોય. બહુ નાની ધોળી આવડી હોય છે. ગરમી થોડી પડે તોપણ .. મરી જાય. નજર સામે જોયું છે. પાળિયાદમાં (સંવત) ૧૯૭૫માં બહાર નીકળ્યા હતા. ત્યાં તડકો. બહાર નીકળ્યા જરી. શરીર બહુ સુવાળું હોય. તડકો હતો એમાં સસડી ગયું. સસડીને મરી ગયું. બહુ કોમળ હોય.

એમ અગ્નિ અથવા તાપ જેમ એને બાળી નાખે છે એમ ભગવાન ચૈતન્ય જ્યોતિનો અનુભવ વિકારને દિમકની જેમ બાળીને રાખ કરી નાખે છે. સમજાણું કાંઈ? ઉધઈ જોઈ છે કે નહિ ઉધઈ? આ લાકડામાં બહુ હોય છે. જંગલમાં બહુ થાય છે. માટી કાઢે છે ને. આહાહા..!

કહે છે, ભગવાન આત્મા શુદ્ધ પરમબ્રહ્મ આનંદ સ્વરૂપ ત્રિકાળ વસ્તુ એની છે. એની વર્તમાન દૃષ્ટિ પર ઉપર અને વિકાર અને અંશ ઉપર છે. અંશ દશા ઉપર. એને ગુલાંટ મારીને ત્રિકાળ જ્ઞાયક ઉપર દૃષ્ટિ કરીને આત્માના આનંદને અનુભવીને મિથ્યાત્વને છોડે છે. તે અતિશય પરમ જ્યોતિ, પરમ જ્યોતિ એમ કહ્યું છે. છે ને એમાં? '**परंम ज्योतिरुच्चै**' જ્યોતિની ઉપમા આપી છે. પરમ ચૈતન્ય જ્યોતિ, પરમ ચૈતન્ય જ્યોતિ. '**શુદ્ધ આત્માને...**' એવું પરમ જ્યોતિસ્વરૂપ, ચૈતન્ય પરમ જ્યોતિસ્વરૂપ ભગવાન આત્માને '**તુરત...**' જ. એમ શબ્દ પાછો. '**सपदि**' '**તુરત...**' '**ईक्षन्त**' અનુભવે છે. '**તુરત...**' '**ईक्षन्त**' અનુભવે છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય એકસ્વરૂપી, આનંદસ્વરૂપી, એનો આશ્રય કરીને એને અનુભવે છે. એ પરમ ચૈતન્યજ્યોતિ સ્વરૂપ આત્માનો અનુભવ અને આનંદને વેદે છે. તરત. એમ નહિ કે આ પહેલો જાણવામાં આવ્યો અને પછી અનુભવમાં આવ્યો. એ તો અંદર જ્યાં સ્પર્શ્યો, તરત જ તે કાળે એને અનંત આનંદ સહિત આત્માનો અનુભવ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

વમન કરીને શબ્દ વાપર્યો છે ને? થાય છે એને કરીને વાપર્યો છે. '**वान्तमोहाः**' વમીને મોહ. આ મોહ છે, લાવ છોડું. એમ છે ત્યાં? પણ કથનની પદ્ધતિ શું લાવે? ભગવાન આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ ઉપર અનુભવમાં આવ્યો એટલે મિથ્યાત્વને એણે વમ્યું છે એમ વ્યવહારનયથી કથન થાય છે. વમન કરીને એમ શબ્દ છે ને? તો કરવું છે એ વમન? થઈ જાય છે, નાશ થઈ જાય છે. આહાહા..! સ્વયં નાશ થઈ જાય છે, ઉત્પત્તિ થતી નથી. ફડાક નાશ થઈ જાય છે.

ભગવાન આનંદમૂર્તિ પ્રભુ, સચ્ચિદાનંદ પ્રભુ આત્મા એનો અંતરમાં દૃષ્ટિ અને અનુભવ થતાં મિથ્યા ભ્રાંતિ ઉત્પન્ન થતી નથી અથવા પહેલી હતી તેનો નાશ થઈ જાય છે. એને વમન કરે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! શબ્દે-શબ્દે વાંધા. સરખા ન સમજે (પછી કહે), આમાં આમ લખ્યું. ભાઈ! બધું લખ્યું છે, સાંભળને હવે. ત્યાં નજર કરવા જાય

છે કે આ મિથ્યાત્વ છે એને છોડું, એમ છે? આ મિથ્યા ભ્રાંતિ છે તો છોડું. એ તો પર્યાયબુદ્ધિ થઈ. વસ્તુબુદ્ધિમાં જ્યાં ઠર્યો (ત્યાં) ભ્રાંતિનો નાશ થઈ જાય છે. એને વમન કરે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! તૂટી જાય, નાશ થઈ જાય.

એવા શુદ્ધ આત્માને '**सपदि ईक्षन्त**' એકદમ ભગવાન આત્માના આનંદનો અનુભવ કરે છે. દેખે છે એનો અર્થ ઈ–'**ईक्षन्त**'. આ સ્વરૂપ શુદ્ધ આનંદ એને પ્રત્યક્ષ અનુભવે છે. પ્રત્યક્ષ અનુભવે તેને '**ईक्षन्त**'–દેખે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ ચોથા ગુણસ્થાનની વાત છે. ઓલા વળી ક્યાંનું ક્યાંય લઈ ગયા. આઘે છે. અરે..! સાંભળને હવે. અહીં તો હજી ચોથા ગુણસ્થાને, મિથ્યાત્વને વમીને કહ્યું છે ને. શું કહ્યું છે આ? આ કોની વાત છે આ? ચારિત્રમોહને વમીને વીતરાગ થઈ ગયા એની વાત છે અહીં? '**वान्तमोहाः**' કહ્યું છે, ભાઈ! '**मोहाः**' એટલે મિથ્યાત્વની વાત છે અહીં. કારણ કે જે ૧૧મી ગાથામાં '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**' એ વાત અહીં કળશમાં લીધી છે. સમજાણું કાંઈ? એટલે કોઈ એમ કહે કે અહીં મિથ્યાત્વનો નહિ પણ રાગ-દ્વેષનો (નાશ કરે છે). એમ વાત છે જ નહિ. મિથ્યા ભ્રાંતિનો નાશ થઈને ભગવાન આત્મા, પોતાના આનંદને પ્રત્યક્ષ વેદનમાં અનુભવે છે. એને અહીંયાં સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. આહાહા..! અરે..! આવી જેને હજી ખબર ન મળે એ આ વ્રત ને પર્યાય ને લઈ આવે ક્રિયાકાંડ અને આ મારું ચારિત્ર, અમે વ્રતમાં વધી ગયા. ધૂળમાં પણ વધ્યા નથી. મિથ્યાત્વમાં વધ્યા છે. એય..! જેને હજી વસ્તુની ખબર નથી એને કષાયની કોઈ મંદતાના પરિણામ (થાય અને) એને ધર્મ માને અને એને ચારિત્ર માને (તો એ) ક્ષણે ક્ષણે મિથ્યાત્વની પુષ્ટિ કરે છે. અરે..! જગતની ઊંધાઈ.

મુમુક્ષુ :- કંઈક તો લાભ થશે.

ઉત્તર :- થશે, મિથ્યાત્વનો ભાવ. કંઈ નહિ થાય છે એમ છે? પર્યાયબુદ્ધિમાં મિથ્યાત્વની પુષ્ટિ થાય છે એ જ થશે. નહિ શું કામ થાય? સમજાય છે કાંઈ? ભારે પણ બધું.

બાર ગાથા પછી આ પહેલો કળશ આવ્યો છે. બાર ગાથા પહેલા ત્રણ આવ્યા હતા. નમઃ સમયસારાય, અનેકાન્તમય મૂર્તિ, પરપરિણતિ હેતુ એ ત્રણ આવ્યા હતા. આ ચોથો આખો સાર નાખ્યો છે. બાર ગાથાની પીઠિકા સ્થાપીને. સમજાણું કાંઈ? ઓહો..! 'અમૃતચંદ્રાચાર્ય'ની રચનાની પદ્ધતિ. પાછળ ભાવ શું ઘૂંટાય છે એમને? સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા.. ભાઈ! તારી પૂરી પૂર્ણતા પ્રભુ તારામાં છે. સમજાય છે? આહાહા..! 'પ્રભુ તારી પાસે રે હરિ નથી વેગળા, પ્રભુ તારી પાસે...' પૂર્ણાનંદનો નાથ બાપુ તું પ્રભુ છો, તને ખબર નથી. આ રાગ ને દ્વેષ ને દયા ને દાય ને વ્રત ને ભક્તિ આ ધૂળ અને ધાણી આ શરીર આમ નજરું બહાર કરી મરી ગયો છે અનાદિકાળથી. સમજાણું કાંઈ? 'પ્રભુ તારી પાસે રે હરિ નથી.' હરિ એટલે સમજાય છે? પાપં અજ્ઞાન ઓઘં હરતિ ઈતિ

હરિ. એવો આ આત્મા. પંચાધ્યાયીમાં પાઠ છે. એ શ્લોકનો. પાપને હરતિ આ હરિ ભગવાન છે. બીજો હરિ ક્યાં? એનો હરિ બીજો એનો અને આ આનો. 'હરિ તારી પાસે રે હરિ નથી વેગળા, પણ આડો આવ્યો તને રે અહંકાર' રાગ ને દયા ને વ્રત ને ભક્તિ ને પૂજા આ... આ... આ હું... આ હું... એ મિથ્યાત્વની આડપમાં ભગવાન ભળાતો નથી. 'તરણા ઓથે ડુંગર રે ડુંગર કોઈ દેખે નહિ.' તરણા સમજો છો? તરણું-તિનકા. એક તરણું (આડું હોય તો) કંઈ દેખાય નહિ. 'તરણા ઓથે ડુંગર રે ડુંગર કોઈ દેખે નહિ.' એક વિકલ્પ પુણ્ય ને દયા, દાનના, વ્રતના વિકલ્પમાં અધિકપણે માનીને બેઠો. એ વિકલ્પની આડમાં ભગવાન ત્રિલોકનાથ ચૈતન્યમૂર્તિ એને દેખી શકતો નથી. સમજાણું કાંઈ? આહાહા..! ભૂલ તે પણ આઠ પાંચ શેરીની. મણમાં કેટલી ભૂલ? મણભરની. અમારે કાઠિયાવાડમાં કહે છે કે મણમાં આઠ પાંચશેરીની ભૂલ. આઠ પાંચશેરી એટલે મણમાં મણની ભૂલ. અરે..! ભગવાન! તારી સંપદાની તને ખબર નહિ, પ્રભુ! તું કોણ છો અંદર? સચ્ચિદાનંદ સત્ શાશ્વત. અણકરેલી અકૃત્રિમ ચીજ પદાર્થ. એના અનંત આનંદના સ્વભાવની પરિમિતતા નથી. એવો ભગવાન આત્મા એનો આશ્રય કરે એને તરત જ અનુભવ આનંદનો થાય છે અને મિથ્યાત્વનું વમન થઈ જાય છે. આહાહા..! અહીં તો ભાઈ! આ વાત કરી છે. અહીં તો મિથ્યાત્વ વમન અને પ્રત્યક્ષ ઈક્ષન્ત અનુભવે છે એમ કીધું. એ કાંઈ આઠમા અને દસમાની વાત નથી. કોણ જાણે શું કરે છે? 'અમરચંદભાઈ'! આ પંડિતો કેટલા શું અર્થ કરે છે? કેટલા શબ્દ વાપરે છે. આહાહા..! ભગવાન! ભૂલે તો ભીંત ભૂલે એમ નથી કહેતા? મોટા ભીંત ભૂલે. ભીંત સમજ્યા? હાલવા જાય ત્યાં ભીંત આડી આવે. બારણું ભૂલી જાય. અરે..! પણ અહીં ક્યાં (આવ્યો)? હું વિચારમાં હતો. બારણે નીકળવું જોઈએ. બારણું સમજ્યા? એમ અજ્ઞાની ભીંત ભૂલે છે તત્ત્વને સમજ્યા વિના. માથા પછાડે ભીંત સાથે. નીકળવાનો રસ્તો શું છે એની ખબર નથી. દેહની ક્રિયા અમારી, આ દેહ. એટલું તો અમે કરીએ છીએ ને, શરીર તો કરીએ છીએને, કાંઈક અમે વ્રત તો પાળીએ છીએ ને. મૂઢ વ્રત ક્યાં હતા તારે?

મુમુક્ષુ :- અપવાસ.

ઉત્તર :- અપવાસ-બપવાસ કે દિ' હતા પણ? ઉપવાસ હોય એને ઉપવાસ (કહેવાય), આ તો અપવાસ છે. ઉપ નામ ભગવાન આનંદકંદમાં સમીપમાં વસે તેને ઉપવાસ કહેવામાં આવે છે. એના ભાન વિના બધા અપવાસ-માઠો વાસ છે. મરી જાય મહિના-મહિનાના અપવાસ કરીને સૂકાઈ જાય. ભગવાન ચિદાનંદમૂર્તિ રાગ વિનાની ચીજનો અનુભવ નથી એને અપવાસ બધા માઠા ચાર ગતિમાં રખડવા માટે છે. ભૂંડા-બુરા. અપ એટલે બુરા. વાસ. રાગમાં તારો વાસ છે. આત્મામાં છે નહિ. અપવાસ કરે, ભક્તિ કરે. મહિનાના-મહિનાના. નિર્જરા અધિકારમાં ભાર-બોજો છે. પંચ મહાવ્રત આત્માના અનુભવ વિના ભાર.. ભાર, વિકલ્પનો ભાર-બોજો. હળવો ભગવાન રાગ વિનાની ચીજનો અનુભવ નથી એથી

વિકલ્પનો બોજો તારે વહેવો પડે છે. '**क्लिष्यतां**' આવે છે ને કળશ? નિર્જરા અધિકારમાં આવે છે. સમજાય છે? આચાર્યે તો ભારે ગજબ વાતું કરી છે! ઓહોહો..! 'સમયસાર' ભરતક્ષેત્રનો કેવળજ્ઞાનનો સૂર્ય બતાવે છે. એના શબ્દે-શબ્દે, એના શબ્દે-શબ્દે ચૈતન્યના પોકાર, ચૈતન્યના પોકાર (ઊઠે છે!). અજ્ઞાનના નાશ અને ચૈતન્યની આત્મ પ્રસિદ્ધિ. ભગવાન આત્મા જાહેર થાય છે. ભગવાન આત્મા પ્રસિદ્ધિને પામે. આત્મખ્યાતિ છે ને! ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ જે વિકલ્પની આડમાં નહોતો દેખાતો. આખો દરિયો હોય... આમાં છે ને છેલ્લો કળશ (૩૨). '**मज्जन्तु निर्भरसमी सममेव लोका**' આડ કરી છે. જેમ દરિયો મોટો હોય ને દરિયો? ત્રણ હાથ કપડું આડું હોય, ત્રણ હાથ. અને માણસ ઊભો હોય તો આખો દરિયો ન દેખાય. અને પોતે ત્રણ-ચાર હાથનો ઊંચો હોય અને એટલું કપડું રાખ્યું હોય તો આખો દરિયો ન દેખાય. જ્યાં આડ તોડી નાખી ઓહોહો...! એમ છે ને? ૩૮ (ગાથામાં) છે ને? ૩૮માં પૂરું થાય છે ને. છેલ્લું છે ને?

**मज्जन्तु निर्भरममी सममेव लोका**
**आलोकमुच्छलति शान्तरसे समस्ताः।**
**आप्लाव्य विभ्रमतिरस्करिणीं भरेण**
**प्रोन्मग्न एष भगवानवबोधसिन्धुः।।३२।।**

ભગવાન આત્મા.. જેમ દરિયો મોટો હોય. ચાર હાથનું કપડું આડું માર્યું હોય. સમજાય છે? દેખાય નહિ. કપડું તોડી નાખે. એમ '**विभ्रम**'ની આડમાં પુણ્ય અને પાપ, વિકલ્પ મારા, મેં કર્યા એની આડમાં ભગવાન આખો ચિદાનંદ દેખાતો નથી. એ છેલ્લો શ્લોક છે. જીવ અધિકારની ૩૮ ગાથા થઈને એટલે છેલ્લો એ શ્લોક લીધો છે. '**विभ्रम**'ની ચાદર આડી છે. છે ને આપણે કર્યું છે કે નહિ? જુઓ!

'**આ જ્ઞાનસમુદ્ર ભગવાન આત્મા વિભ્રમરૂપ આડી ચાદરને સમૂળગી...**' ચાદર એટલે કપડું. '**ડૂબાડી દઈને...**' '**विभ्रमतिरस्करिणीं**' '**પોતે સર્વાંગ પ્રગટ થયો છે;...**' આત્મખ્યાતિ. આખો આત્મા અનંત આનંદના રસથી ઝરતો શ્રદ્ધા-જ્ઞાનના અનુભવમાં એ આત્મા આવે છે. એને આત્મા જાહેર થાય છે. આત્મા ત્યારે જાહેર થાય છે. અમથો આમ વિકલ્પથી, પુણ્ય-પાપથી માને, શાસ્ત્રની ધારણાથી માને, શાસ્ત્રની ધારણાથી માને ત્યાં સુધી એણે આત્મા માન્યો નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પૂર્ણાનંદનું જેનું અનાદિઅનંત અકૃત્રિમ અકરાયેલું તત્ત્વ છે એના સન્મુખ થઈને વિભ્રમ આડી ચાદરને તોડી ભગવાન આત્મા જાગ્યો. કહે છે કે આનંદનો અનુભવ લેતો પ્રસિદ્ધ થયો કે હું આત્મા છું. આ આત્મા છે. આનંદસ્વરૂપ તે આત્મા છે. વિકારસ્વરૂપ તે આત્મા નથી. આહાહા..! ભારે!

૧૧-૧૨ની આખી સંધિ કરી નાખી. પાંચમામાં એમ કહ્યું કે હું કહીશ. '**एयत्तविहत्तं**' કહીશ. રાગથી પૃથક્ અને સ્વભાવથી ભરેલો એકત્વ એને કહીશ. પ્રભુ! પ્રમાણ કરજે હોં!

અનુભવથી પ્રમાણ કરજે એમ લીધું. સમજાય છે કાંઈ? છઠ્ઠીમાં કહ્યું હતું, ભગવાન જ્ઞાયકભાવ છે ને પ્રભુ! એકરૂપ સ્વભાવ. આ ગુણસ્થાન ભેદ આદિ એ તો પર્યાય છે. પ્રમત્ત-અપ્રમત્ત તો ભેદ છે. વ્યવહારનો વિષય છે ખરો પણ એ આશ્રય કરવા લાયક નથી. ત્રિકાળ જ્ઞાયક આશ્રય કરવા લાયક છે. નિશ્ચય અને વ્યવહાર ત્યાં થઈ ગયું.

૭મીમાં પણ એમ કહ્યું. નિશ્ચયથી ભગવાન આત્મામાં ગુણભેદ નથી. કારણ કે આ આત્મા જ્ઞાન. એમ કાંઈ જુદું જ્ઞાન પડતું નથી. આ શ્રદ્ધા કાંઈ જુદી પડતી નથી. એ તો વસ્તુનો આખો પિંડ છે, અનંત ગુણનો રસકંદ એક છે. એવા ભેદથી કહેવું એ વ્યવહારનો વિષય જાણવાલાયક છે. પણ એનાથી અંતરમાં આદરવાલાયક એકરૂપ ચીજ છે એમ કરીને ત્યાં નિશ્ચય-વ્યવહાર કહ્યો.

૮મીમાં પણ એ જ કહ્યું. દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા. એટલે ભેદને કહેનારે અનુસરવો નહિ, સાંભળનારે અનુસરવો નહિ. ભેદના લક્ષે અભેદમાં જાવું. ત્યાં વ્યવહાર છે એમ સિદ્ધ કર્યું. નિશ્ચયમાં જાવું એ સિદ્ધ કર્યું. સમજાય છે કાંઈ? ૧૧માં ચોખ્ખું સિદ્ધ કર્યું, ૧૨માં સંધિ કરી એનો આ કળશ છે. સમજાણું કાંઈ? કહો, 'કેસરીચંદજી'! આહાહા..!

એ જ્યાં સુધી પરની મહત્તા આપે છે, પરમાં મહત્તા આપે છે, પુણ્યના, દયા-દાનના વ્રતના પરિણામને પણ મહત્તા આપે છે કે વર્તમાન જ્ઞાનના ક્ષયોપશમની ઉગ્રતાને પણ જ્યાં સુધી મહત્તા આપે છે ત્યાં સુધી એને ચૈતન્યની મહત્તા અંદર નહિ સૂઝે. આહાહા..! એય..! અગિયાર અંગનું જ્ઞાન, નવ પૂર્વનું જ્ઞાન એની પણ જ્યાં મહત્તા છે એ પર્યાયબુદ્ધિવાળો છે. રાગની મંદતા છે, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એની મહત્તા આપે છે, મિથ્યાદૃષ્ટિ મહત્તા પર્યાય ઉપર, રાગ ઉપર આપે છે. એને આ સ્વરૂપની મહત્તા આવતી નથી. આહાહા..! કહો, 'અમરચંદભાઈ'!

જેને વ્યવહારની મહત્તા અને કિંમત છે એને નિશ્ચયની મહત્તાની કિંમત નથી. આહાહા..! આ મોટા વાંધા અનાદિકાળના છે. એ એના ખ્યાલમાં આવતા નથી. ભગવાન આત્મા પૂર્ણ આનંદનું એક સ્વરૂપ, એની જ્યાં અંતર મહત્તાના અનુભવ આવ્યા, એને હવે વ્યવહાર વ્રતાદિના પરિણામ આવે પણ મહત્તા રહેતી નથી. એની કિંમત કાંઈ થતી નથી. એ કિંમત ટાંકતો જ નથી. બંધના કારણ હેય છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- .. આત્મા જણાય એવો છે.

ઉત્તર :- ક્યાં રહે છે? પછી કાંઈ રહેતું નથી.

મુમુક્ષુ :- નથી રહેતું?

ઉત્તર :- કાંઈ રહેતું નથી. રાગની અસ્થિરતા થાય એને જાણે છે. કાંઈ રહેતું નથી. સમજાણું કાંઈ? ભલે છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં દેખાય, રાગ દેખાય પણ રાગથી પૃથક્નો જેને આનંદ વર્તે છે. રાગની એક્તા તે કાળે પણ થતી નથી. આહાહા..! છન્નું હજાર સ્ત્રીના

વૃંદમાં, લડાઈમાં પચ્ચીસ વર્ષનો રાજકુમાર હોય, ક્ષાયિક સમકિત હોય. હાથી (ઉપર) બેઠો હોય અને બાણ આમ ફેંકતો હોય. પણ અંદરમાં રાગ અને દેહની ક્રિયાથી ભિન્ન આત્માનું ભાન નિરંતર વર્તે છે. આહાહા..! સમજાણું?

એ તો આવી ગયું નહિ અધ્યવસાયની ગાથામાં? ભગવાને જ્યારે એમ કહ્યું કે સંતો કહે છે. મહામુનિઓ સંતો ભગવાનના પેટ ખોલીને કહે છે. ભગવાને જ્યારે એમ કહ્યું કે ભાઈ! બીજાના જીવન-મરણ, સુખ-દુઃખને તું કરી શકતો નથી. બીજાને જીવાડી દઉં, મારી દઉં, શરીરને હલાવી દઉં એવી ભાવના તો પ્રભુ! એ તો એકત્વબુદ્ધિનો અધ્યવસાય છે, એ તો મિથ્યાત્વ છે. આ એક દ્રવ્ય બીજા દ્રવ્યની ક્રિયા કરે અને રાખે, જીવાડે, મારે, ભગવાન કહે છે કે એ તો મિથ્યાત્વનો અધ્યવસાય છે. મુનિ કહે છે, ભગવાને જ્યારે બે દ્રવ્યની એક્તાના અધ્યવસાયને છોડાવ્યો તો અમે તો એમ માનીએ છીએ કે પરાશ્રિત જેટલો વ્યવહાર (છે તે બધોય) ભગવાને છોડાવ્યો છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? બહુ એવું કાંઈ (અઘરું નથી). હિન્દી અને ગુજરાતીમાં થોડો થોડો ફેર પડે પણ હળવે હળવે હમણા સમજવું તો ખરું ને થોડું થોડું. કહો, 'પૂનમચંદજી'! પછી સોમવારથી તો હિન્દી કરીશું. ઓલા આવવાના છે. 'સહારનપુર'થી આવવાના છે 'જિનેશ્વરદાસજી' ને ૧૪-૧૫ માણસ આવે છે. કાગળ આવી ગયો. એ લોકો તો કાંઈ (ગુજરાતી) સમજે નહિ બિચારા. પહેલા પણ જ્યારે (સંવત) ૨૦૦૯ની સાલમાં માનસ્તંભનું હતું ને? ૧૩ વર્ષ પહેલાં. ત્યારે પાંચ-પાંચ હજાર, સાડા પાંચ હજાર લોકો. આપણને હિન્દી આવડે નહિ. ભાંગ્યું તૂટ્યું કરતા હતા. શું કરીએ? અમે ત્યાંથી આવ્યા (છીએ) મહારાજ! હવે કાંઈક તો અમને.. હવે થોડું ઘણું આઠ-દસ આના થાય છે. હિન્દી. ગુજરાતી જેવું આવે એવું હિન્દી ન આવે. કહો, સમજાય છે કાંઈ? આહાહા..!

જુઓ તો ખરા! 'તુરત દેખે જ છે.' દેખેનો અર્થ અનુભવે છે. 'અમરચંદભાઈ'! 'ઇૃષદ્ટ'. આમ દેખતો (હતો) ને? પુણ્ય-પાપ અને પર્યાયના અંશને દેખતો. એમાં તો આત્મા પરોક્ષ રહી ગયો. પ્રત્યક્ષ ન થયો. એકલા રાગનું વેદન (થયું). નવમી ગ્રૈવેયકે જૈન દિગંબર સાધુ થઈને ગયો. અઠ્યાવીશ મૂળગુણ એવા ચોખ્ખા (પાળ્યા) પણ એને એકલું રાગનું જ વેદન અને આત્માનો અભાવ દૃષ્ટિમાં હતો. આહાહા..! અહીંયાં ભગવાન આત્મા... 'જે સંભાળે તે શેઠ, બીજા અનુચર જાણજો જી.' ભગવાન અનંતગુણનો પિંડ પ્રભુ, એણે અનુભવથી પોતાને ખ્યાલમાં લીધો એ શેઠ કહેવાય, બાકી બધા હેઠા કહેવાય છે. સમજાણું કાંઈ? એય..! વેઠ-વેઠ કરનારા. એય..! વેઠિયા બધા શેઠીયા એ. ધૂળના વેઠિયા. એય..! કેમ હશે? 'કુંવરજી'! આ બધા વેઠિયા કહીએ છીએ તમને. લાદીના ફેરફાર કરે અને રાગ-રાગ આખો દિ'. એય..! કરોડપતિ અને અબજોપતિ બધા પાપના પાપના વેઠિયા છે. વેઠ કરનારા. વેઠ સમજો છો? ફોજદારથી હુકમ આવે ને. ફરજિયાત એને જાવું પડે. ગામના

ખેડું હોય એને જ્યારે કોઈ ગામમાં ફોજદારી આવ્યું હોય તો ફોજદાર હુકમ કરે કે જાવ આજ વેઠ એક દિ' (કરવાની છે). સવારથી સાંજ સુધી. વેઠ એટલે પૈસા ન લે.

મુમુક્ષુ :- બેગારી કહે છે.

ઉત્તર :- બેગારી કહે છે તમારે? હા ઈ. અમારે અહીં વેઠ કહે. આજે વેઠે જાવું પડશે. રોટલા ઘરના બાંધીને વેઠે જાવું પડે. ત્યાં ક્યાં રોટલો લાવતો હતો. એમ આત્માના ભાન વિનાના પૈસાના અર્થી, અરે..! પુણ્ય-પાપના અર્થી એ બધા વેઠિયાઓ મજૂર છે ચાર ગતિના રખડનારા. સમજાણું કાંઈ?

**'શુદ્ધ આત્માને...' 'सपदि ईक्षन्त' 'सपदि ईक्षन्त' 'सपदि ईक्षन्त'** આહાહા..! ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યના આનંદનો કંદ સાગર, એના ઉપર નજર પડતાં પ્રત્યક્ષ કહે છે કે એને દેખે છે એટલે અનુભવમાં આવે છે. **'કેવો છે સમયસારરૂપ શુદ્ધ આત્મા?'** હવે એ પ્રગટ્યો એ હતો કે નહિ? હતો કે નહિ? કે નવો પ્રગટ્યો આત્મા? **'કેવો છે સમયસાર શુદ્ધ આત્મા?' 'अनवम', 'अनवम' 'નવીન ઉત્પન્ન થયો નથી,...'** એ તો હતો જ અંદર શુદ્ધ ચિદાનંદમૂર્તિ. એનું લક્ષ નહોતું, દૃષ્ટિ નહોતી. બાકી વસ્તુ તો એવી ને એવી જ હતી. આહાહા..! શુદ્ધ ચિદાનંદની મૂર્તિ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, શાશ્વત તત્ત્વ તો એવો ને એવો નવીન થયો નથી. **'अनवम'. 'પહેલાં કર્મથી આચ્છાદિત હતો તે પ્રગટ વ્યક્તિરૂપ થઈ ગયો છે.'** જે નિમિત્તના રાગમાં અને નિમિત્તને લક્ષે ઢંકાઈ ગયેલો હતો એ સ્વભાવના લક્ષે વ્યક્તિ પૂર્ણ પ્રગટ થયો. ઓહો...! આત્મા પ્રત્યક્ષ શુદ્ધ આત્મા. આનંદનો અનુભવ થતાં એ આત્માનો આનંદનો અંશે અનુભવ થતાં આખો આત્મા આનંદસ્વરૂપ છે એમ ભાન થઈ ગયું. એ જ્ઞાનનો અંશ કોને પકડવાની લાયકાતવાળો પ્રગટ થતાં આખો આત્મા જ્ઞાનની જ્યોત છે એમ નક્કી થઈ ગયું. ભગવાન આત્મા અંશે પ્રગટ પ્રત્યક્ષ થતાં આખો આત્મા પ્રત્યક્ષ થવાને લાયક એનામાં શક્તિ પડી છે એનું ભાન થઈ ગયું. સમજાણું કાંઈ? વ્યક્તિરૂપ થઈ ગયો-પ્રગટ વ્યક્તિરૂપ. પદાર્થ તો હતો જ. પણ પર્યાયમાં-અવસ્થામાં અંતર આશ્રય કર્યો એટલે અવસ્થામાં આ આત્મા છે એમ પ્રગટ થયો. વસ્તુ તો હતી. પણ પર્યાય એટલે અવસ્થા ઉપર દૃષ્ટિ હતી ત્યારે એ પ્રગટ નહોતો. વસ્તુ તો હતી. પણ એ અવસ્થાને અંદરમાં વાળી, ચિદાનંદમાં એકાકાર કરી પર્યાયે પ્રગટ થઈ ગયો આત્મા. ઓહો..! આ આત્મા! જ્ઞાયકભાવ આવિર્ભાવ થઈ ગયો. જ્ઞાયકભાવ આવિર્ભાવ થયો. જ્ઞાયકભાવ તો છે એ છે. પણ ભાન થયું એટલે જ્ઞાયકભાવ આવિર્ભાવ થઈ ગયો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! આવી ધર્મની વાતું હશે? ધર્મ તો એમ કહે કે પૂજા કરીએ, ભક્તિ કરીએ, ટોકરા વગાડીએ, બે-પાંચ દેરાસર કરી નાખીએ. લ્યો! અરે..! સાંભળને! વ્રત પાળી નાખીએ. લ્યો, આ સુગંધી શું કહેવાય? સુગંધ દશમી ને ફલાણાં વ્રત... હવે એ બધા તારા વ્રતમાં રાગની મંદતા હોય તો પુણ્ય છે. ધર્મ-બર્મ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વીતરાગ કથા આવી હોય છે?

ઉત્તર :- વીતરાગ કથા આવી હોય છે. ઓલી મિથ્યાત્વ કથા છે. દર્શનભેદણી. જે કોઈ રાગથી લાભ મનાવે, વ્રતના વિકલ્પથી લાભ મનાવે, સમકિતને તોડનારી વિકથા ધર્મકથા નહિ પણ અધર્મકથા છે. માને એમ કે અમે ધર્મ સાંભળવા ગયા હતા. શ્રદ્ધા સત્યના ભેદ કરનારી કથા તે ધર્મકથા નથી. કરનારો પણ મિથ્યાત્વને સેવે છે, સમકિતને તોડે છે. સાંભળનાર માને કે આપણે ધર્મ કરીએ છીએ. પણ એ મિથ્યાત્વને સેવે અને સમકિતને તોડે છે. સમકિતની ભેદની કથા છે એ. આહાહા..! દંસણ ભેદણી. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો બધી એક જ વાત છે. શ્રુત પરિચત અનુભૂત કામભોગ બંધન કથા. રાગાદિથી એકત્વથી લાભ, પુણ્યથી લાભ, વ્યવહારથી લાભ, નિમિત્તના સંગથી સ્વરૂપની પ્રાપ્તિ, એમ બતાવનારી કથા દંસણ ભેદની કથા છે. વીતરાગ પરમેશ્વરની એ કથા નહિ. અરે..! એની ખબર ન મળે. અને લાભ કરી આવ્યા. બે કલાક સાંભળી આવ્યા. એટલું તો પાપથી બચ્યા, ઘરે બેઠા રહ્યા ઈ કરતાં તો.

મુમુક્ષુ :- મિથ્યાત્વના પાપ .. એનું શું?

ઉત્તર :- આહાહા..! મહાન પાપ મિથ્યાત્વ એની તો એને ખબર નથી. મહાન ધર્મ સમ્યગ્દર્શન એની તો એને કિંમત છે નહિ. સમજાણું કાંઈ?

વળી કેવો છે? '**अनय-पक्ष-अक्षुण्णम्**' '**अनय**' નામ કુનય. એકાંત માનનારા જે રાગને જ આત્મા માનનારા, રાગથી ધર્મને માનનારા, એકલો નિત્ય જ માનનારા, એકલો અનિત્ય જ માનનારા, એકલો દ્રવ્યે શુદ્ધ માનનારા અને પર્યાયે પણ અશુદ્ધ નહિ માનનારા અને શુદ્ધ જ માનનારા. અનાદિથી પર્યાયમાં અશુદ્ધતા છે કે નહિ? સ્વભાવે શુદ્ધ છે, અવસ્થામાં અનાદિ અશુદ્ધ છે. એવા એકાંતને માનનારા, સર્વથા એકાંત માનનારા. પર્યાય પણ શુદ્ધ છે. દ્રવ્ય શુદ્ધ છે, ગુણ શુદ્ધ (છે) તો પર્યાયમાં અશુદ્ધતા ક્યાંથી આવી? લ્યો, એક જણ એમ પૂછતો હતો. છ દિ' સુધી પ્રશ્ન ચાલ્યો. છ દિ' સુધી પ્રશ્ન ચાલ્યો. ઓલા ક્ષુલ્લક આવ્યા હતા ક્ષુલ્લક નહિ? ચિદાનંદજી. અહીં એક ચોમાસુ રહ્યા હતા ને. બે ચોમાસા. પહેલો પ્રશ્ન છ દિ' સુધી આ જ. દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ, પર્યાયમાં અશુદ્ધતા ક્યાંથી આવી? કર્મથી આવી. કીધું, તમે હળવે-હળવે સાંભળો. પછી બેસશે. અરેરે..! ભાઈ! પર્યાયમાં અશુદ્ધતા પોતાના અપરાધથી છે. સમજાણું કાંઈ? ઈ છે. એકાંત માને કે અપરાધ નથી. કર્મનું કારણ છે. કુનય છે. એવા એકાંત કુનયના પક્ષથી '**अक्षुण्णम्**' ખંડિત નથી. '**ખંડિત થતો નથી,...**' '**નિર્બાધ છે.**' ભગવાન આત્મા. લ્યો! ભગવાન આત્મા પૂણાનંદનો નાથ ભાનમાં આવતા કુનયથી ખંડિત થાય એવો નથી અને નિર્બાધ અવ્યાબાધ સ્વરૂપ એનું છે એનો આશ્રય કરતાં આનંદની પ્રાપ્તિ થાય છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**દ્વિતીય શ્રાવણ વદ ૦)), બુધવાર તા. ૧૪-૦૯-૬૬**
**શ્લોક-૪, પ્રવચન-૪૭**

આ 'સમયસાર'. બાર ગાથા થઈ ગઈ. એના સરવાળાનો આ કળશ છે. કાલ તો એક કલાક જ હતું. હતા તમે બપોરે? બપોરે નહોતા? એક કલાક એટલામાં જ કાઢ્યો હતો નહિ? ફરીને. આ તો આખી બાર ગાથાનું છે ને આપણે? મૂળભૂત આધાર છે.

મુમુક્ષુ :- આખા જૈનશાસનનો અર્થ કેમ કરવો એ આમાં છે.

ઉત્તર :- આખું મૂળ છે એમાં છે.

**'નિશ્ચય અને વ્યવહાર-એ બે નયોને વિષયના ભેદથી પરસ્પર વિરોધ (વેર) છે;...'** એ વેર છે એમ શબ્દ લેવો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે એના અર્થમાં છે. અર્થમાં છે. ઘરનો શબ્દ નથી. ત્યાં છે. 'કળશટીકા' ને? છે ક્યાંક. '**विरोधध्वंसिनि**' છે ને? શું આવ્યું એ? વિરોધ, લ્યો! '**दो (नय) पक्षपात (विरोध) परस्पर वैरभाव.**' પરસ્પર વેરભાવ. પરસ્પર વેરભાવ છે ને? પરસ્પર. નિશ્ચય કહે કે હું એકરૂપ શુદ્ધ છું, વ્યવહાર કહે કે ચૌદ ગુણસ્થાનાદિ ભેદરૂપ છું. પરસ્પર વિરોધ થયો, વેર થયો. વેરનો અર્થ કે બેયના લક્ષ ફેર છે, બેયના ફળ ફેર છે, બેયનો સિદ્ધાંત ફેર છે.

નિશ્ચય કહે છે કે ભૂતાર્થ આત્મા એક સ્વરૂપે ધ્રુવ છે તે સત્ય છે. એ જ સત્ય છે એમ નિશ્ચય કહે છે. કાલે આવ્યું હતું ઘણું ત્યાં. આ તો ૬-૭મેથી લીધું હતું. નિશ્ચય કહે છે કે હું જ્ઞાયકભાવ એકરૂપ રહેલો છું. હું પુણ્ય-પાપ અને શુભાશુભભાવરૂપે કે ગુણસ્થાનરૂપે મારું જ્ઞાયકસ્વરૂપ થયું નથી. એમ નિશ્ચય કહે છે. વ્યવહાર કહે છે કે ગુણસ્થાનભેદ છે, પ્રમત્ત-અપ્રમત્તપણું છે, રાગાદિ શુભાશુભભાવ છે. એ તો વિરોધ થયો એકબીજાથી. એક કહે છે કે છે કે હું આમ છું. આ કહે, નથી તું, જ્ઞાયક જ હું સત્ય છું. સમજાણું કાંઈ? સાતમી ગાથામાં કહ્યું વ્યવહારે દર્શન-જ્ઞાન અને ચારિત્રના ભેદ છે. વ્યવહારનયથી ભેદ છે. કથનથી માત્ર, હોં! નામકથનથી ભેદ છે. નિશ્ચય કહે છે. ભેદ-ફેદ નથી. અભેદ અખંડ દ્રવ્યમાં ભેદ-બેદ છે નહિ. એમ કાંઈ ગુણ જુદો પડે છે તે ભેદ છે? એમ કહે છે. સમજાણું કાંઈ? એમ આઠમી ગાથામાં કહ્યું કે એને સમજાવવા માટે આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા. એમ વ્યવહારે કહ્યું. ભેદથી કહ્યું, અભેદ સમજાવવા. સમજાવવું છે અભેદ. પણ અભેદ સમજાવવામાં એ નિશ્ચય એક રહ્યો. ભેદથી સમજાવ્યું. બેનો વિરોધ થઈ ગયો. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- મદદ કરે છે.

ઉત્તર :- મદદ કરી નથી જરીએ. જરીએ મદદ કરી નથી. અનુસરવા યોગ્ય નથી. ભેદ પાડીને કથન કહ્યું તે કહેનારને અને સમજનારને અનુસરણ કરવા લાયક નથી. એ તો ખુલાસો કર્યો છે ટીકામાં.

મુમુક્ષુ :- એટલો લાઢ તો

ઉત્તર :- લાભ જરીએ નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ પ્રશ્ન જ ક્યાં? એણે બતાવ્યું કે આ અંદર જ્ઞાયકમૂર્તિ ચિદાનંદ અભેદ સ્વરૂપ છે. બસ એટલું. પણ એણે બતાવ્યું છે અભેદને, પરમાર્થને બતાવ્યું. આ કહે છે કે હું ભેદ છું ને. હું છું ને. પણ છું તે શું? છું તે બતાવે છે આને. બેનો વિરોધ છે. નિશ્ચય અને વ્યવહારનો વિરોધ છે. 'બે નયે ભરમાયો હૈ' આવ્યું હતું ને? સમજાણું?

૧૧મી ગાથામાં કહ્યું કે વ્યવહાર જૂઠો છે. નિશ્ચય કહે છે કે હું ભૂતાર્થ અને સત્ય છું. સમજાય છે કાંઈ? નિશ્ચય ભૂતાર્થ એક સમયનો ભગવાન પૂર્ણાનંદ ધ્રુવ શુદ્ધ. લ્યો, આ વાંધા કાઢ્યા હતા ને બધાએ. કાલે આવ્યા હતા. શુદ્ધ નહિ. અરે..! શુદ્ધ નહિ, તો દ્રવ્ય અને ગુણ તો ત્રિકાળ શુદ્ધ છે. શુદ્ધ વસ્તુ ન હોય તો પર્યાયમાં અશુદ્ધતા છે એ ટાળશે કોણ? સમજાય છે કાંઈ? તેથી તો '**भूदत्थमस्सिदो खलु**' ૧૧મીમાં કહ્યું. ભગવાન આત્મા શુદ્ધ આનંદકંદ એકરૂપ એવી જે વસ્તુ તે સત્ય છે. કેમકે એનો આશ્રય કર્યે સમ્યગ્દર્શન થાય. કેમકે સમ્યગ્દર્શન-પ્રતીતનું કારણ એ વસ્તુ ત્રિકાળ છે. એમાં શુદ્ધતા અને આનંદ પડ્યો છે. ભગવાન આત્મામાં એક સમયમાં અતીન્દ્રિય આનંદ છલોછલ (ભર્યો છે). શું તમારી ભાષા હિન્દી? લબાલબ. શું કહે છે? જેમ મોટો દરિયો પાણીથી છલોછલ ભરેલો છે. ક્ષેત્ર ન જુઓ. ક્ષેત્ર મોટું માટે એમ ન જુઓ. અહીં ક્ષેત્ર ભલે અસંખ્ય પ્રદેશ છે. પણ એમાં આનંદ આમ લબોલબ, અમાપ-અમાપ, જેની શક્તિના અવિભાગ પ્રતિચ્છેદ કરો તો અનંતા... અનંતા... અનંતા... અનંતા... થઈ જાય છે. એક એક ગુણની અનંતી પર્યાય અને એક એક પર્યાયના અનંતા અનંતા અવિભાગ પ્રતિચ્છેદ. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા સત્ એકરૂપ સ્વરૂપ નિશ્ચય કહે છે કે હું જ છું, વ્યવહાર જૂઠો છે. વ્યવહાર કહે છે કે હું છું, હું છું. છું એ જાણવાલાયક છે. આ તો જાણવાલાયક પણ છે ને. જાણવાલાયક પણ ભેદ છે. વિષય વ્યવહારનો છે. નિશ્ચયથી ના પાડી હતી કે વ્યવહાર-બ્યવહાર છે નહિ. એ નિશ્ચયનો આશ્રય કરવા માટે (કહ્યું હતું). આશ્રય વ્યવહારનો કરવાથી રાગ ઉત્પન્ન થાય. પ્રયોજનની, આત્મધ્યાનની, આત્માની શાંતિની સિદ્ધિ થતી નથી, પર્યાયને આશ્રયે. ભગવાન આત્મા પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... નાથ! એના અંતર્મુખ-અંદર વળતા આનંદ અને શાંતિની પ્રાપ્તિ થાય માટે તેને સત્ કહ્યું છે. વ્યવહારને અસત્ કહ્યો છે. કહો, સમજાણું

કાંઈ? આ મોટા વાંધા ઊઠે આમાંથી. વ્યવહાર છે ખરો જાણવાલાયક. આદરવાલાયક નથી. કહો, સમજાણું આમાં.

૧૨મી ગાથામાં ખુલાસો કર્યો. ભાઈ! વ્યવહારની ના પાડી હતી ને? તમે તો ભૂત-છતો અર્થ એક જ કહ્યો હતો. વ્યવહાર તો જૂઠો કહ્યો હતો. તો એકાંત છે જૂઠો? કે છે. ૧૨મી ગાથામાં કહ્યું કે જૂઠો કહ્યો હતો પણ છે. સમજાણું કાંઈ? વ્યવહાર '**परमभावदरिसीहिं**' જેને પરમભાવ પર્યાયની પૂર્ણતા પ્રગટ થઈ ગઈ, જેને શુદ્ધ ધ્રુવ તરફ વળવાનું રહ્યું નથી એને વ્યવહાર હોતો નથી. જેણે ભગવાન આત્મા અંતર્મુખ દૃષ્ટિ કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના અંશો પ્રગટ કર્યા છે. પણ પૂર્ણ દશા થઈ નથી એને તે કાળે અશુદ્ધતા અને શુદ્ધતાના અંશો એક એક કરીને અનેક બતાવે તેવો વ્યવહારનય, અશુદ્ધ દ્રવ્યાર્થિકનયે એક એક અંશને અનેકપણે બતાવે એવો વ્યવહારનય તે કાળે ત્યાં જાણેલો પ્રયોજનવાન છે. સમજાણું કાંઈ? નિશ્ચય કહે કે તું નથી, વ્યવહાર કહે કે હું છું. જાણવાલાયક છે. આદરવા લાયક નથી.

કહ્યું કે '**નિશ્ચય અને વ્યવહાર-એ બે નયોને વિષય...**' જુઓ! વિષય. નિશ્ચયનો વિષય અભેદ છે, વ્યવહારનો વિષય એક સમયની પર્યાય રાગાદિ ભેદ છે. ભેદ થઈ ગયોને વિષયનો? '**વિષયના ભેદથી પરસ્પર વિરોધ છે;...**' માહોમાંહે વિરોધ છે. વ્યવહારથી નિશ્ચય વિરોધ છે, નિશ્ચયથી વ્યવહાર વિરોધ છે. સમજાણું કાંઈ? આ તો આખા બાર ગાથામાં ૧૧-૧૨નો ખુલાસાનો સાર કહ્યો છે. ત્રણ કળશ પહેલાં આવી ગયા શરૂઆતમાં. સમજાય છે? દેવ-શાસ્ત્ર-ગુરુ ત્રણ આવે છે? પહેલા દેવનું કીધું, નમઃ સમયસારાય. પછી અનેકાંતમય મૂર્તિ શાસ્ત્રનું કહ્યું. પછી ગુરુ તો પોતે જ ગુરુ છે મુનિ. એટલે પોતાની વાત ત્યાં મૂકી ત્રીજા કળશમાં. કે હું આ ટીકા કરતાં મારી ચીજ તો દ્રવ્યાર્થિકનયે હું શુદ્ધ ધ્રુવ છું. એમ આવ્યું કે નહિ ત્રીજામાં? આ તો વાંધા ઉઠાવે. હું એક શુદ્ધ ત્રિકાળ આનંદકંદ છું. પણ મારી વર્તમાન પર્યાય પરિણતિ મોહ નામના નિમિત્તના હેતુને લક્ષે વિકારપણે થયેલી છે. આ ટીકા કરવાના કાળમાં મારું લક્ષ અંતરમાં ઘૂંટાશે એના કાળમાં એ અશુદ્ધતાનો નાશ થાવ અને શુદ્ધિની પ્રાપ્તિ થાવ એમ પ્રાર્થના કરી છે. સમજાણું કાંઈ? પછી ગાથા શરૂ કરી છે. '**वंदित्तु सव्व सिद्धे**' ત્યાં પણ શુદ્ધતાને સ્થાપી. અનંત સિદ્ધોને પર્યાયમાં સ્થાપ્યા. અનંત સિદ્ધોને પર્યાયમાં સ્થાપ્યા. પર્યાયમાં સ્થાપ્યા એનું લક્ષ જાય છે શુદ્ધ ઉપર. ઢળતાં આમ અખંડાનંદ જ્ઞાયક છું એના ઉપર જાય છે. સમજાણું કાંઈ?

એમ બીજી ગાથામાં કહ્યું. '**जीवो चरित्तदंसणणाणठिदो**' શુદ્ધતામાં આવતા શાંતિ, દર્શન, જ્ઞાનની એમાં ઠરતાં સ્વસમય કહેવાય છે. એકલા કર્મપ્રદેશમાં ઠરે તો પરસમય મિથ્યાદૃષ્ટિ છે. પાધરી વાત જ એ ઉપાડી છે. ત્યાં પણ વાંધા. સ્વસમય કેવળીને હોય ત્યાં સુધી પરસમય. અરે..! ભગવાન! સાંભળને ભાઈ. એ તો પરસમયનો અંશ રહે છે માટે હજી

અંતરઆત્માને પણ એક અપેક્ષાએ પરસમય કહ્યો છે. પણ સ્વરૂપનું ભાન-અનુભવ આનંદકંદ થયો છે. સમજાય છે? સમ્યગ્દર્શનમાં સ્વસંવેદન પ્રત્યક્ષજ્ઞાન, સ્વાનુભવ અનુભૂતિ, વૈરાગ્ય પરથી ઉદાસ વગેરે એવા ગુણો સમ્યગ્દર્શન થતાં, ભેદજ્ઞાન. આવે છે ને ભાઈ! ઓલા 'પંચાધ્યાયી'માં એક આવે છે. 'પંચાધ્યાયી'માં બીજો અધ્યાય એમાં ૯૪૧ ગાથા. સમ્યક્દૃષ્ટિને ક્યા ક્યા ગુણો હોય છે. છે આમાં?

**स्वसंवेदनप्रत्यक्षं ज्ञानं स्वानुभवाह्वयम्।**
**वैराग्यं भेदविज्ञानमित्याद्यस्तीह किं बहु।।९४१।।**

સમ્યક્ આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ, એનું ભાન થતાં સ્વસંવેદન જ્ઞાનનું પ્રત્યક્ષપણું થાય છે. સ્વાનુભૂતિની સ્થિરતા પણ સાથે પ્રગટ થાય છે. વૈરાગ્ય-પરથી ઉદાસ... ઉદાસ... ઉદાસ.. છે. ભેદવિજ્ઞાન અને પોતાના સ્વભાવનો કર્તા અને રાગાદિ પરનો કર્તા નહિ એવું ભેદવિજ્ઞાન પ્રગટ થાય છે. કહો, સમજાણું કાંઈ? ૯૪૧ શ્લોક છે. બહુ સરસ. પંચાધ્યાયીકારે ઘણો.. પણ વર્તમાન માણસને જરી કઠણ પડે. આ ભાઈ એમ કહે કે 'પંચાધ્યાયી' ગ્રંથ આર્ષવાક્ય નથી, ફલાણું નથી. પણ... પ્રમાણે છે, સાંભળને હવે. આર્ષવાક્ય છે. પંડિતજી તો કહેતા હતા. આનું બહાર આવવું જોઈએ વધારે. પણ અમારે નવરાશ ક્યાં? અહીં તો બધું 'સમયસાર'માં આવી જાય છે ઘણું બધું. પણ એને 'સમયસાર', 'પ્રવચનસાર', 'તત્ત્વાર્થસૂત્ર' આદિ હતી જ ને. એના ઘરનું છે નહિ. પણ માણસને પોતાની દૃષ્ટિથી મેળ ન ખાય એટલે કહે, જાવ ખોટું છે. એમ હોય? ભાઈ!

અહીં કહે છે કે સમ્યગ્દર્શન થતાં એના અનેક ગુણોની દશા પ્રગટ થાય છે. અને અનંત ધર્મ ત્યાં સ્થાપ્યા છે પાછળ. દ્રવ્યમાં, જીવમાં અનંત ધર્મ ગુણ છે એ પણ પછી સ્થાપ્યા. અનંત ગુણ છે આત્મામાં. એક એક ગુણ કોઈને આધારે નથી, કોઈનો આધેય નથી, કોઈનો હેતુ નથી, કોઈનો હેતુમાન નથી. એમ સિદ્ધ કર્યું છે. ભગવાન આત્મા અનંતા ગુણો છે એની અંદર. એમાં એક એક ગુણને બીજા ગુણનો આધાર-આધેય નહિ, હેતુ-કારણ કાર્ય નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એવો સ્વતઃસિદ્ધ ભગવાન આત્મા (છે) એવી જ્યાં અંતરમાં દૃષ્ટિ થઈ અને સમ્યક્ થયું... કહે છે અહીં તો મારે ઓલું ભેદવિજ્ઞાન ઉપર લેવું છે થોડું, એને ભેદવિજ્ઞાન એટલે કે આ આત્મા સિવાય કોઈ બીજા પદાર્થનો કર્તા-હર્તા એ માનતો નથી. ભેદ-મારાથી બીજી ચીજ જુદી છે. મારાથી રાગ પણ વ્યવહાર વિકલ્પ ઊઠે વ્યવહારનયનો વિષય એ જુદો છે. એનો પણ કર્તા હું અને હર્તા હું એમ સમ્યગ્દર્શનમાં હોતું નથી. આહાહા..! ભારે. સમજાણું કાંઈ?

અને પછી અહીંયાં કહ્યું ને સંવર અધિકારમાં.

**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**
**अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन।।१३१।।**

આ મહાસિદ્ધાંત. અત્યાર સુધીમાં જો કોઈ મુક્તિને પામ્યા હોય તો ભેદવિજ્ઞાનથી પામ્યા છે. '**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन**' એનો અર્થ શું? પરવસ્તુની પર્યાય મારામાં નથી. હું એનામાં નથી. રાગ મારામાં નથી અને હું રાગમાં નથી. મારામાં છે તે અનંત ગુણનો પિંડ અભેદ એકાકાર છું. એમ ભેદજ્ઞાન દ્વારા જે કોઈ અત્યાર સુધી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને મુક્તિને પામ્યા એ ભેદજ્ઞાનથી પામ્યા છે. એમાં એમ ન આવ્યું કે કર્મનું મંદ પડવું થયું માટે ભેદવિજ્ઞાન થયું. કર્મે માર્ગ આપ્યો. તમે એમ કેમ કહો છો કે પોતાના પુરુષાર્થથી આમ થાય ત્યારે કર્મ ક્ષય થાય. હવે સાંભળને. એમ જ થાય. કર્મ તો એને કારણે ક્ષય થાય? ભેદવિજ્ઞાન-આત્મા રાગ અને પરથી ભિન્ન પડતાં, સ્વભાવનો આશ્રય લેતા જે સમ્યગ્દર્શન-જ્ઞાન થયું તેમાં રાગનો કર્તા રહેતો નથી. અને પર ખસે તો ભેદવિજ્ઞાન થાય, એમ છે નહિ.

પછી પણ શું લીધું છે? '**अस्यैवाभावतो बद्धा**' જેને રાગ અને પરની ભિન્નતાનું ભાન નથી તે કર્મથી બંધાણા. એમ નથી કહ્યું કે એને કર્મનો ઉદય આકરો આવ્યો માટે બંધાણા. આ જ કથન યથાર્થ છે. સમજાણું કાંઈ '**अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन**' નિગોદથી માંડી નવમી ગ્રૈવેયક ગયા એ દ્રવ્યલિંગી મિથ્યાદૃષ્ટિ એ કેમ રહ્યા? '**अस्यैवाभावतो बद्धा**' શરીર કર્મ અને રાગથી ભિન્ન પડવાનો પુરુષાર્થ કર્યો નથી, ભેદવિજ્ઞાનના અભાવે. એનો અર્થ એ થયો કે રાગ અને પર હું એવી એકત્વબુદ્ધિથી પોતાના અપરાધથી તે બંધાયેલા છે. આહાહા..! નિગોદથી માંડીને કહ્યું ત્યાં. કોઈ ફેર રાખ્યો છે? ધન્નાલાલજી! ભેદજ્ઞાનનો જેને અભાવ છે. જે રાગ અને દેહની ક્રિયા મારી એમ માને છે એવા અભેદ પરના કરનારાઓ સંસારમાં બંધાયેલા છે. એક જ સિદ્ધાંત આખો મૂક્યો છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આમાં તો એક છે પણ 'ગોમ્મટસાર'માં...

ઉત્તર :- 'ગોમ્મટસાર'માં બીજું હોય. એ 'ગોમ્મટસાર'નું શું બીજું હોય? જ્ઞાનાવરણીયએ જ્ઞાનને રોક્યું એ તો નિમિત્તનું કથન છે. જડ રોકતો હશે આત્માને? એ દૃષ્ટિથી જો તો. જ્ઞાન પોતાની પર્યાયપણે હીણું પરિણમે છે ત્યારે આઠ કર્મમાં શું નિમિત્ત છે એમ બતાવવા જ્ઞાનાવરણીય નિમિત્ત કીધું. દર્શનાવરણીય બીજું કર્મ છે. એમ કર્મની જાત કઈ નિમિત્ત હતી એ બતાવવા એને કીધું. 'ગોમ્મટસાર' હોય કે ચારેય પંચસંગ્રહ હોય કે 'આત્મસાર' હોય. આત્મસાર એટલે 'સમયસાર'. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એણે જ્યાં આશ્રય કર્યો, મુક્તિ (થઈ ગઈ) એની. અને આશ્રય નથી કર્યો એ પરનો આશ્રય કરે માટે બંધાય છે. એક જ સિદ્ધાંત છે. આમાં એ આવ્યું. આ નિશ્ચય જે આશ્રય કરે છે એ મુક્તિ પામે. વ્યવહારનો આશ્રય કરે.. બેયના પક્ષ જુદા, દિશા જુદી, ફળ જુદા. વ્યવહારનો વિરોધ છે. નિશ્ચયથી પરસ્પર વિરોધ છે. લ્યો, આ વિરોધની વ્યાખ્યા ચાલે છે. વેર છે એકબીજાને. વ્યવહારને આશ્રયે બંધ થાય

છે, નિશ્ચયને આશ્રયે નિર્જરા અને સંવર થાય અને મુક્તિ થાય. કહો, સમજાણું આમાં? વળી તમે કીધું, ભાઈ કાલે તો આવ્યું હતું એક કલાક. વળી કાંઈ એકની એક વાત આવે? કાંઈક બીજું આવે ને પાછું થોડું. આહાહા..! આ ગાથા તો એક કલાક ચાલી. ૧૧ અને ૧૨નો આખો ખુલાસો. ખરેખર તો ૧૧ અને ૧૨ની સંધિ છે આખી.

એક ભગવાન આત્મા શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ.. ત્રણે કાળમાં પુણ્ય-પાપરૂપે થયો નથી. ગુણસ્થાનભેદરૂપે થયો નથી. એવું જેનું પરમસત્ય સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ ધ્રુવ. એનો આશ્રય કરતા ધર્મ અને સમ્યક્ થાય. વ્યવહાર કહે કે હું છું માટે. તું છો જાણવાલાયક, આદરવાલાયક નથી. વ્યવહાર હેય છે, નિશ્ચય ઉપાદેય છે. બેય વિરોધ થયો. બેને વેર થયું. સમજાણું કાંઈ? કહો, ચંદુભાઈ! આમાં ક્યાં આવે તેરમી. એ કહે, તેરમી સાંભળતો જઈશ. બે દિ' રહેવું છે એને. નિશ્ચય અને વ્યવહાર બે નયોને વિષયના ભેદથી, વિષયના લક્ષના-ધ્યેયના ભેદથી પરસ્પર બેને માંહોમાંહે વેર છે. વિરોધ છે.

**'એ વિરોધને નાશ કરનારું 'સ્યાત્' પદથી ચિહ્નિત...'** સ્યાત્ પદથી લક્ષણવાળું **'જે જિન ભગવાનનું વચન (વાણી)...'** વચન એટલે વાણી. પણ તેમાં કહેલો ભાવ. **'તેમાં જે પુરુષો...'** એટલે? ભાઈ! નિત્ય ત્રિકાળની અપેક્ષાએ અમે તેને સત્ય કહીએ છીએ. પર્યાયની અપેક્ષાએ તેને સત્ય કહીએ છીએ, વ્યવહારની અપેક્ષાને તેને સત્ કહીએ. એમ સ્યાત્ લક્ષણથી લક્ષિત વીતરાગી ભાવથી તેનો વિરોધ ટળી જાય છે. છે ને 'પ્રવચનસાર'માં. અમોઘ મંત્રસારથી ઝેર ઊતરી જાય એકાંતના. સમજાણું કાંઈ? 'પ્રવચનસાર'માં છે. 'અમૃતચંદ્રાચાર્ય'નું. સપ્તભંગી છે ને એમાં.

**'સ્યાત્ પદથી...'** એક ત્રિકાળનો આશ્રય લેવાથી, ધ્રુવનો આશ્રય લેવાથી લાભ થાય માટે અમે એને સત્ કહ્યું હતું. પર્યાયનો આશ્રય લેવાથી રાગ થાય માટે તેને અમે અસત્ કહ્યું હતું. એ વિષયનો વિરોધ સ્યાદ્પદથી તેનો નિવેડો થઈ જાય છે. ભગવાનનું વચન એટલે વાણી. તેમાં પુરુષો વાણીમાં રમે? વાણીમાં રમે જડમાં? **'તેમાં જે પુરુષો રમે છે...'** એની વ્યાખ્યા કરી. 'પરમ અધ્યાત્મ તરંગિણી'માં એકત્વ કહ્યું છે. ભગવાન આત્મા વીતરાગે કહેલી વાણીમાં, દિવ્યધ્વનિમાં એ આવ્યું છે કે આત્મા એને કહીએ કે જે રાગ અને પરથી તદ્દન પૃથક્. એક સમયની અવસ્થા જેટલો નહિ પૂર્ણાનંદ પ્રભુ, એ જ ઉપાદેય છે એમ જિનવાણીની દિવ્યધ્વનિમાં આ આવ્યું છે. સમજાણું કાંઈ? 'કળશ ટીકાકાર' અહીં લેશે, **'પ્રયોજનવશ શુદ્ધ દ્રવ્યાર્થિક નયને મુખ્ય કરીને તેને નિશ્ચય કહે છે અને અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ...'** એવા જિનવચનમાં રમે. નીચે અર્થમાં કરશે. સમજાણું કાંઈ?

જિનવચન વીતરાગતાની પ્રસિદ્ધિ માટે છે. જિનવચન વીતરાગતાની પ્રસિદ્ધિ માટે છે. વીતરાગતાની પ્રસિદ્ધિ સ્વમાં એકત્વમાં રહેતા વીતરાગપણું પ્રગટ-પ્રસિદ્ધ થાય છે. આત્મખ્યાતિ થાય છે. ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુમાં અંતર વળતા વીતરાગભાવની પ્રસિદ્ધિ, આત્મભાવ

વીતરાગભાવ છે એની પર્યાયમાં પ્રસિદ્ધિ થાય છે, વીતરાગદશા ઉત્પન્ન થાય છે. સમ્યગ્દર્શન વીતરાગ છે, સમ્યગ્જ્ઞાન વીતરાગ છે, ચારિત્રનો અર્થ વીતરાગ છે. ત્રિકાળ વીતરાગભાવનો આશ્રય કરતા વીતરાગી પર્યાય પ્રગટ થાય છે. એ જિનવચન તે જ પ્રસિદ્ધિ કરવાનું કહે છે. વ્યવહારનયને ગૌણ કરીને. કેમકે એમાંથી વીતરાગતાની પ્રસિદ્ધિ થતી નથી. આખા જૈનશાસનનો સાર વીતરાગપણું છે.

'પંચાસ્તિકાય'માં આવે છે કે નહિ? શાસ્ત્ર તાત્પર્ય અને સૂત્ર તાત્પર્ય. પંડિતજી! બે આવે છે ને. સૂત્ર તાત્પર્ય તો ગાથાદીઠ કહે તે. શાસ્ત્ર તાત્પર્ય વીતરાગતા. ૧૭૨ ગાથા. મહાસિદ્ધાંત કહે છે. પરની ઉપેક્ષા અને સ્વનો આશ્રય કરતા વીતરાગતા થાય તે વીતરાગતા આખા શાસ્ત્રનો સાર છે. દેવીલાલજી! સમજાણું કાંઈ? આખી શાસ્ત્રની કથનીનો આ રીતે પહેલો અર્થ સમજવો જોઈએ કે જેમાંથી વીતરાગતા પ્રગટે તેવું જિનવચન છે. ચારેય અનુયોગનું કથન, ચારેય અનુયોગના કથનમાં વીતરાગતા પ્રસિદ્ધ થાય તે કથન છે. સમજાણું કાંઈ? કોઈપણ વાક્ય અને કોઈપણ એનું પદ હોય, સ્વભાવ તરફ ઢળીને વીતરાગતા થાય એ માટે એનું કથન છે.

મુમુક્ષુ :- હેતુ.

ઉત્તર :- હેતુ એક જ છે. સમજાય છે? લાખ વાત કરી હોય નહિ. કથા ને વાર્તા અને ચરણાનુયોગમાં આમ છે ને ઢીકણું આમ છે. પણ જે વાક્ય અને શબ્દોમાંથી સ્વનો આશ્રય થઈને વીતરાગતા પ્રગટ ન થાય એ વીતરાગની વાણી હોઈ શકે જ નહિ. સમજાણું કાંઈ?

**'જે પુરુષો રમે છે (-પ્રચુર પ્રીતિ સહિત અભ્યાસ કરે છે)...'** અંતરનો અભ્યાસ, હોં! વાણીનો નહિ અહીં. અંતરમાં પૂર્ણ જ્ઞાયકભાવ (છું) એમ પ્રતીતિ પહેલાં કરીને આ એક વસ્તુ પૂર્ણ આનંદનો અપાર અપાર સમુદ્ર છે. આનંદ અને જ્ઞાનનો આ સ્વભાવ એક અપાર સમુદ્ર છે. એમ પ્રતીત કરીને એના સન્મુખની એક્તાનો જે અભ્યાસ કરે છે. આ અભ્યાસ. **'તે પુરુષો પોતાની મેળે...'** એટલે કે મિથ્યાત્વ કર્મને ટાળવું પડતું નથી. એની મેળે મિથ્યાત્વકર્મ ટળી જાય છે. **'મિથ્યાત્વકર્મના ઉદયનું...'** દર્શનમોહના પાકનું **'વમન કરીને...'** એના તરફ ન જોડાતા. સ્વભાવ તરફ જોડાણો છે એ મિથ્યાત્વ કર્મના પર્યાયને તે છોડી દે છે. સ્વભાવ ત્રિકાળને અંગીકાર કરે છે અને મિથ્યાત્વના પર્યાયને છૂટી જાય છે તેને છોડે છે, વમન કરે છે એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? મહા 'અમૃતચંદ્રાચાર્ય' આખા શાસ્ત્રનું દોહન-દોહન એવું... આહાહા...!

ભાઈ! બે નયના વિષયનો વિરોધ છે. તો વીતરાગ ભગવાન એની વાણીમાં વીતરાગતાની પ્રગટતાનું (કથન આવ્યું). કેમ? પોતે સર્વજ્ઞ વીતરાગ થયા. અલ્પજ્ઞ અને રાગનો વ્યય થયો. સર્વજ્ઞ અને વીતરાગ થયા. ધ્રુવપણું કાયમ રહ્યું. તો એની વાણીમાં ધ્રુવપણાના અવલંબે

વીતરાગતા થાય તે વાણીનો સાર છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞપણું થયું, વીતરાગ થયા તો અલ્પજ્ઞ અને રાગ છૂટી ગયો. નાશ થયો. તો એની વાણીમાં એમ આવે કે રાગ કરવા જેવો છે અને અલ્પજ્ઞ રાખવા જેવું છે એમ આવે? સહેજે આ વિકલ્પમાં એવું (આવ્યું), જ્યારે સમ્યગ્દર્શન-જ્ઞાનના કાળમાં જ્યારે તીર્થંકરગોત્ર બંધાણું ત્યારે વિકલ્પ એવો હતો કે હું પૂર્ણ થઈ જાઉં. આહાહા..! એ વિકલ્પમાં એવું બંધન થઈ ગયું એ રજકણોનો પાક જ્યારે ઉઠ્યો ધ્વનિ. આત્મા પૂર્ણાનંદનો નાથ છે તેનું શરણ લે, આશ્રય લે. વ્યવહારનું લક્ષ છોડી દે. સમજાણું કાંઈ? એમ વીતરાગની દિવ્યધ્વનિમાં આ આવ્યું છે, ભાઈ! અમરચંદભાઈ! આહા..! અરે..! ભગવાન! માખણ-માખણ એણે કહ્યું છે. પણ હવે કોણ જાણે તકરાર... તકરાર... તકરાર...

કાલે તો એવું આવ્યું, 'આત્મધર્મ'માં લખ્યું છે 'સોગનઢ'વાળાએ કે પર્યાય અશુદ્ધ છે અને દ્રવ્ય-ગુણ શુદ્ધ છે. એના ઉપર ઉતરી પડ્યા. નહિ, જૂઠું છે. એને શાસ્ત્રની શ્રદ્ધા નથી, ભગવાનની શ્રદ્ધા નથી. કેમકે પર્યાયમાં અશુદ્ધતા અને દ્રવ્ય-ગુણ શુદ્ધ ક્યાંથી રહ્યું? દ્રવ્ય અને ગુણ અશુદ્ધ. ઠઈક ભગવાન! તારી પણ બલિહારી છે. 'શ્રીમદ્દે' લખ્યું છે, ને પ્રભુ સબ ગુણ સંપન્ન. પણ એના અપલખણનો પાર ન મળે. પંડિતજી! એવો એક પત્ર લખ્યો છે 'શ્રીમદ્દે'. આ લોકો નિંદા કરે છે. પ્રભુના અપલક્ષણ કાઢે છે. શબ્દ એમ લખ્યો છે. પ્રભુ સર્વગુણ સંપન્ન. પણ એમાં અપલક્ષણનો પાર નથી. એનો અર્થ આ, આત્મા સર્વગુણ સંપન્ન. પણ પર્યાયમાં મિથ્યાત્વના અપલક્ષણનો પાર નહિ, એમ કહે છે. કેટલાક વિરોધ કરે. લ્યો! ભગવાનને (અપલખણ કહે છે). અરે..! એ ભગવાન નહિ સાંભળ તો ખરો, આ તારો ભગવાન. આવે છે ને. અમારી પાસે તો ઘણા આવેલા પાછા પૂછવા. રાજકોટમાં ગયા ત્યારે. (સંવત) ૧૯૮૮ની સાલમાં રાજકોટમાં. વ્યાખ્યાન ચાલતું હતું. એમાં કોકે કાઢ્યું. આમાં આમ લખ્યું છે. શું લખ્યું છે? વાંચને, સાંભળને. પ્રભુ કેવળીની વાત કરે છે? આત્મા પ્રભુ! આ નહોતું આવ્યું? આજે સ્વાધ્યાયમાં નહોતું આવ્યું? ૨૭મી ગાથામાં? 'પંચાસ્તિકાય'ની ૨૭મી ગાથા. ભગવાન આત્મા પ્રભુ છે. ચૈતન્ય પ્રભુનું આવ્યું હતું કર્તા-ભોક્તાની ૨૭મી ગાથા. પ્રભુ છે. રાગના કરવામાં એ પ્રભુ છે, રાગને ટાળવામાં એ પ્રભુ છે, સંવર-નિર્જરા કરવામાં એ પ્રભુ છે અને મોક્ષ કરવામાં એ પ્રભુ છે. 'પંચાસ્તિકાય'ની ૨૭મી ગાથા. આજે સજ્ઝાયમાં આવ્યું હતું. 'પંચાસ્તિકાય'ના અર્થ કર્યા છે ને એમણે? પ્રભુ છે આત્મા, પ્રભુ છે આત્મા. આ ઊલટો પડીને રાગ-દ્વેષ-આસ્રવ બંધ કરવામાં પણ પ્રભુ છે અને સંવર-નિર્જરા અને મોક્ષ કરવામાં પણ પ્રભુ છે. સમજાણું કાંઈ? ઘણાં બોલ ઉતાર્યા છે ત્યાં. ૨૭મી ગાથા.

આ પ્રભુ સર્વગુણ સંપન્ન ભગવાન પણ અપલક્ષણે ચડી ગયો. રાગ મારા અને આ મારા એનાથી અપલક્ષણનો પાર ન મળે. તારી વાત કરી, સાંભળને. ભગવાન તો પૂરા

થઈ ગયા. એમાં તો ક્યાં.. એય..! નરશીભાઈ! વાંચ્યું છે કે નહિ તમે? આહાહા..! પરમાત્મા પોતે. અરે..! અનંત ગુણનો દરિયો ડોલે એને તારે નજરે લેવો નહિ. અનંત ગુણનો દરિયો ડોલે છે અંદરમાં ભગવાન છલોછલ ભરેલો પ્રભુ છે, ભાઈ! ક્ષેત્ર નાનું ન લે. એના ભાવની અપરિમિતતાની કિંમત કર. સમજાણું કાંઈ? આહાહા..! એવો પ્રભુ, પણ એના અપલક્ષણનો પાર ન મળે. પર્યાયમાં દોષ. હું એવડો નહિ, હું રાગવાળો, હું આનું કરનારો, હું આનું કરનારો. મારું દ્રવ્ય અશુદ્ધ છે, ગુણ અશુદ્ધ છે, અર..ર..! તારા અપલક્ષણના પાર નહિ, ભાઈ! કહો, સમજાણું કાંઈ? અપલખણ સમજો છો ને? અવગુણ. અમારી કાઠિયાવાડી ભાષા છે. આહા..!

કહે છે, ભગવાન! આ રીતે ભગવાનની વાણીમાં એ આવ્યું છે. વ્યવહારનો વિષય છે. આશ્રય (કરવા લાયક નથી). કારણ કે બેમાં વિરોધ છે. આનો આશ્રય કર તો આનો આશ્રય નથી કરવો, આનું ફળ મુક્તિ તો આનું ફળ બંધ છે. માટે આનો આશ્રય છોડી દે અને આનો આશ્રય કર. એમાં જે રમે છે એમ કહે છે. એમાં જે રમે છે તેને '**મિથ્યાત્વકર્મના ઉદયનું વમન કરીને આ અતિશયરૂપ પરમજ્યોતિ...**' લ્યો, આવ્યું જુઓ આ. '**આ અતિશયરૂપ પરમજ્યોતિ પ્રકાશમાન શુદ્ધ આત્માને તુરત...**' લ્યો! શુદ્ધાત્મા હશે અંદર? આહાહા..! અતિશય. ભાઈ! ચૈતન્ય પ્રભુ તને ખબર નથી. એ વેદાંતે મારીને ઊંધું માર્યું. બધા થઈને એક આત્મા. એમ નથી. એને ક્ષેત્રની મહત્તાએ આત્માની મહત્તા લાગી છે.

અહીં તો આત્માના સ્વભાવની મહત્તા એ આત્માની મહત્તા છે. ક્ષેત્ર ભલે અસંખ્ય પ્રદેશી હોય, એની સાથે સંબંધ નથી. એક પરમાણુનો અસ્તિત્વ નામનો ગુણ તે આખા પરમાણુને ટકાવી રાખે છે. જેટલું એક અસ્તિત્વના ગુણનું સામર્થ્ય એક રજકણને ટકાવવાનું, એટલું એક અસ્તિત્વ ગુણનું સામર્થ્ય અનંતા અનંત તે પ્રદેશ આકાશના (ટકાવવાનું.) ગુણ તો અસ્તિત્વ એક જ છે એનો. શું કીધું? એનો અસ્તિત્વ ગુણ (અને આનો અસ્તિત્વગુણ), બેય ગુણનું બરાબર સામર્થ્ય સરખું છે. એમ નહિ કે આકાશનો અસ્તિત્વગુણ બહુ લાંબો માટે બહુ સામર્થ્ય અને ટૂંકો માટે થોડું સામર્થ્ય. એમ છે જ નહિ, સાંભળને. સમજાણું કાંઈ?

એક પોઈન્ટ રજકણ જે નજરમાં ન આવે અતીન્દ્રિય પદાર્થ, વસ્તુ રૂપી મૂર્ત પદાર્થ છે, ભાઈ! એનો એક અસ્તિત્વ નામનો ગુણ જેટલું સામર્થ્ય ધરાવે છે એટલો એક અસ્તિત્વનો ગુણ સર્વવ્યાપક આકાશ જેનું અસ્તિપણું ક્યાંય અટકવું નથી, અસ્તિપણું ક્યાંય અટકતું નથી. એટલે શું કીધું? છે... છે... છે... છે... છે... છે... છે... છે... છે... ચાલ્યું જ જાય છે. છે... છે... એ ચાલ્યું જાય. કાંઈ નહિ એમ નહિ થાય. છતાં એ અસ્તિત્વ ગુણ એટલા સામર્થ્યવાળો છે. પરમાણુના અસ્તિત્વગુણથી એનું અસ્તિત્વ સામર્થ્ય વિશેષ છે એમ છે નહિ. વાત સમજાય છે કાંઈ આમાં? ભાવના સામર્થ્યની શક્તિનું અહીં તત્ત્વ છે. જૈનદર્શન

એ વસ્તુના સ્વભાવના સામર્થ્યની પ્રતીતિ કરાવે છે. સમજાણું કાંઈ?

એમ ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશમાં ભલે હો. અનંત અનંત બેહદ જ્ઞાનનું, એનું હોવાપણું જ્ઞાન છે... છે... છે... છે... છે... છે... છે... છે... જેમ ક્ષેત્રથી અમાપ છે, અહીં એના જ્ઞાનના ભાવના શક્તિના સામર્થ્યમાં ભાવનું છે.. છે.. છે... એમાં છે નહિ એવું ક્યાંય આવશે જ નહિ. આહાહા...! સમજાણું કાંઈ? જેની જ્ઞાનની એક સમયની પર્યાય લોકાલોકને એટલા અમાપને જાણે અહીં બેઠા. એને જાણવા (જાય) નહિ, અહીં જાણવામાં જણાઈ જાય. એની એક સમયની પર્યાયમાં આટલું આકાશ જે છે છે, ક્યાંય નથી એમ નથી. એવો એક સમયમાં છે. આકાશ છે એને જે જાણે એક સમયની પર્યાય. એના ગુણના અસ્તિત્વની સામર્થ્યની શક્તિની અપરિમિતતા શું કહેવી? વાત સમજાય છે કાંઈ? આહાહા..! પણ ઓલો અરૂપી અને એના મહાત્મ્ય એણે સાંભળ્યા નથી. એથી કહ્યું ને ભગવાન 'કુંદકુંદાચાર્યે' '**सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा**'. એકત્વ (સ્વથી) એકત્વ, પરથી વિભક્ત અને સ્વથી એકત્વ ભગવાન તેં સાંભળ્યું નથી. સમજાય છે કાંઈ?

એના સ્વભાવના સામર્થ્ય નિશ્ચયનો વિષય, પર્યાયનો વિષય તો એક સમયની અવસ્થા છે. સમજાય છે? પણ ભગવાન આત્મા નિશ્ચય વસ્તુ જેમાં એક સમયના પર્યાયનો અભાવ છે. સામાન્ય વસ્તુ પર્યાયરૂપે થઈ નથી. સમજાણું કાંઈ? અને પર્યાય તે એક સમયની છે તે સામાન્યરૂપે થઈ નથી. એવા બે નયના વિષયનો વિરોધ એના સામર્થ્યનો પાર નહિ. છતાં એક સમયનું સામર્થ્ય અનંતુ. પણ આથી અનંત-અનંતગુણું અહીં રહ્યું છે. આહાહા..!

એવા સ્વભાવમાં જે આત્માઓ. પુરુષ શબ્દે આત્માઓ. પુરુષ એટલે કાંઈ સ્ત્રી, પુરુષ લિંગવાળો એવું કાંઈ નથી આમાં. જે કોઈ આત્માઓ... આહાહા..! રમે છે. તે '**અતિશયરૂપ પરમજ્યોતિ પ્રકાશમાન શુદ્ધ આત્માને તુરત...**' તત્કાળ અનુભવે છે. દેખે નામ તત્કાળ આનંદનો અનુભવ એને થાય છે. આહાહા..! પ્રત્યક્ષ સ્વસંવેદન સ્વાનુભૂતિ, પરથી વૈરાગ્ય ઉદાસ અને ભેદજ્ઞાન તે કાળે તરત જ થાય છે. આહાહા..! અરે..! ભગવાન! આ વાદવિવાદે બાપા! પાર આવે નહિ. એ આવું છે, ફલાણું છે, ઢીંકણું છે. ભગવાન! સાંભળ બાપુ! આહાહા..! જેના ફળમાં કેવળજ્ઞાન, જેના ફળમાં સાદિ અનંત આનંદ, જેના ફળમાં દુઃખનો સંસારનો અંત (આવે), એવો જે નિશ્ચયનયનો વિષય, એને અહીંયાં આચાર્ય કહે છે જે રમે છે. વમન થઈ જાય-મિથ્યાત્વનું વમન થઈ જાય.

અહીં તો એટલું જોર છે કે જેમ દ્રવ્યનો નાશ નથી તેમ તેનો આશ્રય કરનારી પર્યાય હવે નાશ થાય એમ છે જ નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? પ્રગટ દશા થઈ તે થઈ. ભલે ક્ષયોપશમભાવે થઈ પણ એ ક્ષયોપશમભાવ ક્ષાયિક લઈને કેવળજ્ઞાન લેવાનું છે. સમજાણું કાંઈ? એટલું આ આચાર્ય પોતે જોર મારે છે. પંચમ આરાના મુનિ છે અને એમ કોઈ કહે કે ક્ષાયિક સમકિત નથી. સાંભળને હવે. એમ કહે છે. આ અમારા ક્ષયોપશમ સમ્યગ્દર્શનની

દશા પણ એવી છે. કહે છે કે એ દશા દ્વારા ક્ષાયિક લઈ, પડ્યા વિના ક્ષાયિક લઈને કેવળજ્ઞાન લેવાના છીએ. આહાહા..! સમજાણું કાંઈ? વમન શબ્દ તેથી વાપર્યો છે, હોં! માણસે વમન કરેલા કૂતરા ખાય. કાંઈ માણસ ખાતા હશે? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ... સમજાણું કાંઈ? એકવાર બેન બોલ્યા હતા (સંવત) ૧૯૮૯માં. એક શબ્દ બોલ્યા છે એકવાર. આહાહા..! ક્ષાયિક લેવાનો છું. ૮૯માં બોલ્યા હતા. 'બહેન ચંપાબહેન' છે. અનુભવ થયો, સમ્યગ્દર્શન થયું પછી એકવાર એવું બોલી ગયા હતા. ઊભા થયા. મને ખબર બરાબર છે શબ્દની. ક્ષાયિક લેવાનો છું. ક્ષાયિક. જોર હતું ને ભાઈ અંદરનું. એ પર્યાય ભલે .. એય..! એ અંતરની રમતું બાપુ જુદી છે, ભાઈ! એ બહારના ખતવે કાંઈ પાર આવે એવું નથી. સમજાણું કાંઈ? એય..! નંદલાલજી! શું? ધન્નાલાલજી! આહાહા..!

એ કહે છે, '**તુરત જ...**' અનુભવે છે. પ્રકાશમાન. એને પછી એવું જોર આવી જાય અંદર કે જાણે હમણાં જ કેવળજ્ઞાન લઉં અને ક્ષાયિક થઉં, એમ. સમજાણું કાંઈ? જોર છે અંદર. પછી વળી શાસ્ત્ર તપાસે અને જોવે કે એવું ક્ષાયિક નથી. ભલે ન હોય. સાંભળને હવે. શાસ્ત્રમાં ... ક્ષાયિક નથી ને. હવે સાંભળને. અહીં ભગવાન આચાર્ય પોકાર કરે છે. જુઓ, આ શૈલી છે અંદરની. સમજાય છે કાંઈ? આહાહા..! કહે છે કે જ્યાં અમે મિથ્યાત્વના વમન કર્યા, હવે અમારે આવે નહિ હોં! એ. એ કૂતરા ખાય પણ માણસ ખાય નહિ. આહાહા..! એ જુગરાજજી! 'આનંદઘનજી'એ કહ્યું ને.

અબ હમ અમર ભયે ન મરેંગે, યા કારણ મિથ્યાત્વ દીયો તજ...
યા કારણ મિથ્યાત્વ દિયો તજ... અબ હમ અમર ભયે ન મરેંગે,
યા કારણ મિથ્યાત દીયો તજ.

ખબર છે. સાંભળ્યું છે તે. ઉતારવું આકરું-ભારે છે. અંદર કાંઈક થાતું હોય ત્યારે આવી ભાષા આવતી હશે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. ક્યું કર દેહ ધરેંગે.. એમાં કાંઈક ભાવફેર છે. એટલે અટક્યો હતો શબ્દ. શબ્દ તો આવડતો હતો, નહોતો આવડતો એમ નહિ કાંઈ.

અબ હમ અમર ભયે ન મરેંગે, ક્યા કારણ મિથ્યા દીયો તજ.
ક્યુંકર દેહ ધરેંગે અબ હમ અમર ભયે ન મરેગે.
રાગ-દોસ જગબંધ કરત હૈ, ઈનકો નાસ કરેંગે. રાગ-દ્વેષ બાકી છે.
રાગ દોસ જગબંધ કરત હૈ ઈનકો નાસ કરેંગે
મર્યો અનંત કાલ સે પ્રાણી, સો હમ કાલ હરેંગે.

એ કાળને હરે. કાળ અમને હરે? અમે કાળને હરી નાખશું. સમજાય છે કાંઈ?

દેહ વિનાસી હું અવિનાસી અપની ગતિ પકરેંગે.
અપની અવિનાસીની ગતિ પકરેંગે. એમ.
દેહ વિનાસી હું અવિનાસી અપની ગતિ પકરેંગે.
નાસી જાસી...'
નાસી જાસી હમ થિર વાસી,
હમ થિર વાસી, ચોખે વ્હૈ નિખરેંગે.

જેમ વસ્ત્ર મેલું હોય એને પછી પાણીમાં નિખારે. અમારી કાઠિયાવાડીમાં .. છે. 'તો વ્હૈ નિખરેંગે.' સમજાયું?

મર્યો અનંત બાર બિન સમજ્યો, મર્યો અનંતવાર બિન સમજ્યો.
અબ સુખ-દુઃખ વીસરેંગે.
આનંદઘન નિપટ નિકટ અક્ષર દો, નહીં સમરે સો મરેંગે.'

અમે તો આનંદઘન સ્વરૂપ છીએ. એમાં હવે મરવાનું- બરવાનું છે નહિ. સમજાણું કાંઈ?

કહે છે, **'તુરત જ દેખે છે.'** અનુભવ આનંદનો તરત જ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આ એનું નામ આત્માનું ભાન અને આત્માનું પ્રત્યક્ષ વેદન. એમ અહીંયાં ખુલાસો આચાર્ય મહારાજ પોતાના કળશમાં કરે છે. એકલી પ્રતીતિ ભગવાન સાચા છે અને સાચા એમ નહિ. ભાન થઈને પ્રતીતિ. સસલાના શીંગડા નથી તો જ્ઞાન વિના પ્રતીતિ શેની? એ ચીજ જે છે તેનું જ્ઞાન થઈને પ્રતીતિનો અનુભવમાં ભાન (થાય) એને અહીંયાં **'ईक्षन्त'** કહેવામાં આવ્યું છે. **'ईक्षन्त' 'सपदि ईक्षन्त'** શીઘ્ર અલ્પકાળમાં પોતાના આત્માને ત્યાં તરત જ અનુભવે છે. કહો, સમજાણું કાંઈ?

**'કેવો છે સમયસારરૂપ શુદ્ધ આત્મા?'** લ્યો! 'કેવો છે સમયસારરૂપ શુદ્ધ આત્મા?' આ તો કેવળીને હશે આ વાત? ત્રિકાળ ભગવાન શુદ્ધ જ્ઞાનાનંદનો પિંડ પ્રભુ, એક સમયની વિકૃત અવસ્થામાત્ર સંસાર. એક સમયની વિકૃતમાત્ર અવસ્થા. જ્યાં એનો વિષય .. છોડીને અહીં જ્યાં આવ્યો, ખલાસ થઈ ગયું. કાંઈ છે નહિ. સમજાણું કાંઈ? 'શ્રીમદ્'માં આવે છે ને? 'અંતર્મુખ અવલોકતા વિલય થતા નહિ વાર.' આવે છે ને. છેલ્લું આવે છે ને.

ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર,
અંતર્મુખ અવલોકતા વિલય થતા નહિ વાર રે..
ચેતનપ્રભુ ચેતનતા તારી રે અંતરધામમાં.

એવો ભગવાન આત્મા.. આહાહા..! નિશ્ચય વિષય અને વ્યવહાર વિષયને વિરોધ છે. નિશ્ચયનો વિષય પકડ્યો, કહે છે કે શુદ્ધ આત્માનો અનુભવ થયો. સમજાણું કાંઈ? આ વસ્તુમાં સારમાં સાર આખા ચૌદ પૂર્વનો સાર અહીં છે. બધી વાતું ગમે તેટલી કરે. સમજાણું

કાંઈ?

અહીં તો કહે છે કે અનુભવે છે. આમ ધારણામાં શ્રદ્ધા એ આત્મા, એમ નહિ. જ્ઞાનમાં પોતાની જ્ઞાનદશામાં ભગવાન અખંડ જ્ઞેય જ્ઞાયકને દૃષ્ટિમાં લીધો એટલે કે તેના તરફનો ઝુકાવ, ઝુક... ઝુક... ઝુક... લીધો (ત્યાં) સાક્ષાત્ આત્મા કેવો છે તેનો અનુભવ થાય છે. એ કેવો છે આત્મા? કે નવીન પ્રકાશમાન શુદ્ધ આત્માને તુરત દેખે છે. આ શુદ્ધ ભગવાન ત્રિકાળ છે. એને અનુભવે છે કે આ તો શુદ્ધ ત્રિકાળ છે. પર્યાયમાં ભાન થયું ત્યારે આ ત્રિકાળ શુદ્ધ છે એમ અનુભવ થયો. સમજાણું કાંઈ?

છઠ્ઠી ગાથામાં મૂક્યું ને? છઠ્ઠી ગાથા. પરદ્રવ્યના ભાવથી ભિન્ન. પરદ્રવ્ય અને પરદ્રવ્યના ભાવથી ભિન્ન ઉપાસવામાં આવતા આત્મા શુદ્ધ કહેવામાં આવે છે. ભગવાન આત્મા વિકલ્પ આદિની પર્યાયને સમેટી લક્ષ અને સ્વભાવ તરફની દૃષ્ટિમાં જાય છે ત્યારે આત્મા શુદ્ધતાની પર્યાયને અનુભવે છે ત્યારે તેને આ આત્મા શુદ્ધ છે એમ ભાન આવે છે. આમ શુદ્ધ-શુદ્ધ છે એમ નહિ. ઘણા કહે છે કે આત્મા તો શુદ્ધ છે. હવે આપણે કરો રાગ. તમારું શુદ્ધ છે અને અમારું શુદ્ધ છે. હવે સાંભળને. શુદ્ધ છે એમ ભાન વિના શુદ્ધ ક્યાંથી આવ્યો તને? સમજાણું કાંઈ? અદ્ધરથી શુદ્ધ છે... શુદ્ધ છે... શુદ્ધ છે... એનો અર્થ શું?

ભગવાન આત્મા ચૈતન્યજ્યોત પ્રભુ, એને પરદ્રવ્યના લક્ષથી છૂટીને એની સેવા, ઉપાસવામાં સેવા કરવામાં આવી. એટલે કે અનાદિથી રાગ ને પુણ્યની, નિમિત્તની સેવા કરતો એનાથી છૂટીને ભગવાન આત્મા તરફની પર્યાયમાં સેવા કરી.. ઓહો..! આ આત્મા શુદ્ધ છે. ત્યારે એ શુદ્ધ તો પેલું દ્રવ્ય છે. સમજાય છે કાંઈ? '**શુદ્ધ આત્માને તુરત દેખે જ છે.**' આ કેવળીની વાત હશે?

મુમુક્ષુ :- મિથ્યાત્વનું વમન થાય...

ઉત્તર :- અહીં તો મિથ્યાત્વના વમનની તો વાત ચાલે છે. ૧૧મી ગાથા જે કીધી છે '**भूदत्थमस्सिदो खलु**' એ સમ્યગ્દૃષ્ટિને માટે વાત છે. એમાં વળી કેટલાક કહે છે, એ તો તેરમા ગુણસ્થાનની વાત છે. નિશ્ચય સમકિત તેરમે થાય. અરે..! ભગવાન! તને ખબર નહિ. સમકિતના બે પ્રકાર જ નથી. સવિકલ્પ સમકિત અને નિર્વિકલ્પ સમકિત, સરાગ સમકિત (અને અરાગ સમકિત) એમ બે ભેદ જ નથી. એક જ આત્માના આનંદની પ્રતીતનો અનુભવ નિર્વિકલ્પ પ્રતીત એક જ સમકિત છે. આહાહા...! શું થાય પણ. વાદવિવાદે ચડે. એ પણ ભગવાન છે ને સામો. ઊંધો પડ્યો એ પરમેશ્વર છે. 'અનુભવપ્રકાશ'માં 'દીપચંદજી' કહે છે, પ્રભુ! તારી શુદ્ધતા તો બડી પણ તારી અશુદ્ધતા પણ બડી. 'અનુભવપ્રકાશ'માં. અનંત તીર્થંકરો આવે તોય ન માને એવો મોટો પરમેશ્વર તું ઊંધો. અને સવળો પડ્યો અનંતી મેરુના જેટલા અનંતા પ્રતિકૂળતાના ઢગલા પડે તો હલ્યો હલે નહિ એવો તું જ્ઞાતા-દૃષ્ટા છો. લાખ પ્રયત્ન અને પરિષહ અને ઉપસર્ગના ઢગલા પડે બહારમાં. સાતમી નરકના

નારકીના સંયોગો હોય.. ભંગ ન થાય એના જ્ઞાતા-દૃષ્ટામાં એવો તું શુદ્ધ છો. સમજાણું કાંઈ? અગ્નિના ભંડારમાં ખોસી ઘાલે શરીરને. ભગવાન ચૈતન્ય શુદ્ધ આનંદકંદ એને કોઈ ડગાવવા અગ્નિના પ્રતિકૂળ પરિષહ પણ સમર્થ નથી. સમજાણું કાંઈ? વજ્ર ઉપરથી પડે. આવે છે ને આમાં? વજ્ર પડે. કળશમાં આવે છે. નિર્જરા અધિકાર (શ્લોક-૧૫૪). '**वज्रे पतति अपि**' વજ્ર અગ્નિના ઉપરથી પડે, ભલે પડે. અડે કોને? સમજાણું કાંઈ? અડે સમજ્યા? છુતે.

એકલો જ્ઞાયકસ્વભાવ જ્યાં પ્રકાશમાન તરત અનુભવે. '**કેવો છે સમયસારરૂપ શુદ્ધ આત્મા? નવીન ઉત્પન્ન થયો નથી,...**' હતો જ શુદ્ધ ત્રિકાળ એમ ને એમ. એમ કહે છે. પર્યાયમાં પ્રસિદ્ધપણાને પામ્યો. શુદ્ધ તો દ્રવ્ય એવું ને એવું જ છે. આહાહા..! '**પહેલાં કર્મથી આચ્છાદિત હતો...**' એટલે કર્મના લક્ષની આડમાં ભગવાન દેખાતો નહોતો. '**તે પ્રગટ વ્યક્તિરૂપ થઈ ગયો છે.**' ભગવાન પૂર્ણાનંદ પ્રભુ પર્યાયમાં પ્રગટ્યો, જાણ્યું કે આ આત્મા ત્રિકાળ છે. '**વળી કેવો છે? સર્વથા...**' લ્યો, અહીં તો થવા આવ્યું લગભગ, હોં! '**એકાંતરૂપ કુનયના પક્ષથી ખંડિત થતો નથી,...**' એકાંત એટલે કોઈ ત્રિકાળ દ્રવ્ય શુદ્ધ ન માને અને પર્યાય અશુદ્ધ છે માટે બધો અશુદ્ધ છે. એકાંત તારી કુનય છે. એને ખંડિત કરનારો આ આત્મા છે. સમજાણું કાંઈ? પર્યાય અશુદ્ધ (છે). અને સંસારમાં દ્રવ્ય-ગુણ શુદ્ધ છે માટે પર્યાય પણ શુદ્ધ છે. અંત કરી નાખે. બિલકુલ નહિ. સ્વભાવ તરફ ઢળે ત્યારે અશુદ્ધતા ટળે છે (એ વિના) અશુદ્ધતા ટળતી નથી. અશુદ્ધતા છે. અશુદ્ધતા છે. સમજાય છે કાંઈ? આહાહા..! કહે છે ને. ખુલાસો કરશે.

કુનયના એટલે સત્‌રૂપ છે તે અસત્‌રૂપ ન હોય એમ માનેને? હોય તે ન હોય? હોય તે ન હોય? હવે સાંભળને હોય તે ન હોય. પોતાની અપેક્ષાએ હોય તે પરની અપેક્ષાએ ન હોય. એ વીતરાગની વાણી બધાનો નિવેડો કરી નાખે છે. અજ્ઞાનીઓને-આંધળાને એ ખબર પડે નહિ. સમજાણું કાંઈ?

'**એકાંતરૂપ કુનયના પક્ષથી ખંડિત થતો નથી, નિર્બાધ છે.**' શબ્દ વધારે મૂક્યો છે. મૂળ તો એક વચન છે. વાણી સ્યાદ્વાદરૂપ છે. વીતરાગની વાણીમાં ત્રિકાળ શુદ્ધ છે, પર્યાય અશુદ્ધ છે એવું સ્યાદ્વાદ કથન છે એનું. સમજાય છે કાંઈ? એમ નહિ કે આ ત્રિકાળ શુદ્ધ છે માટે પર્યાય પણ શુદ્ધ છે અનાદિની. નિશ્ચયાભાસ આવ્યું હતું ને? ઓલામાં.

મુમુક્ષુ :- દ્રવ્ય-ગુણ-પર્યાય...

ઉત્તર :- અરે..! ક્યાં... સિદ્ધનો આત્મા શુદ્ધ છે એકલો. કારણ કે પર્યાય શુદ્ધ થઈ માટે. અરે..! ભગવાન સાંભળને ભાઈ! એ આરા નહિ આવે, બાપા! આ દુનિયા મૂઢ જેવી હશે એ માનશે. એ મૂઢતા તારી ખસશે નહિ અને દુઃખમાં ગરકાવ થઈ જઈશ. આહાહા..!

કહે છે કે એક પર્યાયમાં અશુદ્ધતા અને દ્રવ્યમાં પણ અશુદ્ધતા માનનાર એવા કુનયને

ખંડિત કરી નાખે છે. (પર્યાયમાં) અશુદ્ધતા છે અને દ્રવ્યમાં જો શુદ્ધતા ન હોય તો શુદ્ધતાના આશ્રય વિના અશુદ્ધતા ટાળશે કોણ? કોને લક્ષે આ અશુદ્ધતા ટળશે? અશુદ્ધતાના લક્ષે અશુદ્ધતા ટળશે? આખું દ્રવ્ય અશુદ્ધ થઈ ગયું? લક્ષ કોના ઉપર કરવું? આહાહા..! એક કોર વ્યવહાર, શુદ્ધ.. ભાઈ! બાપુ! એમ નથી હોં. નહોતું લખાણ? અમે ભણ્યા છીએ. અને આ બધા ભણ્યા નથી. અરે..! ભગવાન! ભણ્યા-બાણ્યાના બાપા. 'વાંચે પણ નહિ કરે વિચાર એ નહિ સમજે સઘળો સાર' 'દલપતરામ' કહેતા ને? ભગવાન! એમ ન હોય, ભાઈ! એ ભગવાન તો શુદ્ધ સ્વરૂપ છે હોં! એ જ પર્યાયમાં અશુદ્ધ છે. એક અંશમાં અશુદ્ધ છે. તે છતાં અશુદ્ધ થવાનો કોઈ ગુણ નથી. છતાં પર્યાયના અંશમાં અશુદ્ધતા થાય છે એવો એનો કથંચિત્ અધર્મભાવ પર્યાયમાં છે. સમજાણું કાંઈ? **'જ્યાં બે નયોને વિષયનો વિરોધ છે.'** .. એમ કહે છે, હોં! **'જે સત્-રૂપ હોય તે અસત્-રૂપ ન હોય.'** છે એ નથી? છે એ નથી? હા, છે એ નથી?

મુમુક્ષુ :- બેયમાં પોતાની તાકાત છે?

ઉત્તર :- બેય એ પોતાનું સ્વરૂપ છે. અસ્તિ પણ પોતાનું સ્વરૂપ છે, પરપણે ન થવું એ નાસ્તિ પણ પોતાનું સ્વરૂપ છે. નાસ્તિધર્મ પરનો છે એમ નહિ. છે.. છે... ..છે. તેમ છે એ પરથી નથી એવો પણ સ્વનો અસ્તિ-નાસ્તિ ધર્મ છે. સમજાણું કાંઈ? આહાહા..! **'શુદ્ધ હોય તે અશુદ્ધ ન હોય...'** એમ થાય માણસને. એમ કેમ હોય? સાંભળને. કઈ અપેક્ષાએ સત્રૂપ અને કઈ અપેક્ષાએ અસત્રૂપ? એ તો સપ્તભંગીમાં આવે છે. શૂન્ય. સમજાય છે? સ્વથી અશૂન્ય, પરથી શૂન્ય. 'પ્રવચનસાર'માં એવો શબ્દ પડ્યો છે. સ્વથી અશૂન્ય, પરથી શૂન્ય. એ પરથી શૂન્ય પણ પોતાનો ધર્મ છે. પરની અપેક્ષાનો નહિ. આ જુઓને જૈનદર્શન. એ વસ્તુનું પણ સ્વરૂપ આમ ન હોય તો કોઈ રીતે વસ્તુ સિદ્ધ જ થતી નથી. ભગવાને કહ્યું માટે એમ નથી. છે એવું એ. વસ્તુ તાકાત એની છે. અનંત પદાર્થમાં વચમાં એકલો અનંતના મધ્યમાં અન્યપણે ટકી રહ્યો, એ અન્યથી જુદો, અનંત અન્યથી જુદો એવો એનો ધર્મ છે. અનંતના મધ્યમાં રહ્યો પણ એક અંશ પરરૂપે થયો નથી. અનંતા પરમાણુના ઢગલા એમાં મધ્યમાં પડ્યો છે. પરમાણુ લ્યોને. એક પરમાણુ પણ અનંતા આત્મા અને વચમાં પડ્યો એ પરમાણુ પોતાનું અસ્તિત્વ ખોતો નથી. સમજાણું કાંઈ? પોતાથી છે એ પરથી અસત્રૂપ છે. ન હોય એમ લાગે બીજાને. સ્યાદ્વાદ છે. સ્વથી છે અને પરથી નથી. ત્યારે જ એનું આખું પૂરું રૂપ થાય છે. સમજાય છે?

**'એક હોય તે અનેક ન હોય.'** અજ્ઞાની એમ કહે. એક હોય તે અનેક હોય? હા. વસ્તુસ્વરૂપે બધા પ્રદેશ થઈને એક છે. એ ગુણભેદે અનેક છે. એક છે તે જ અનેક છે. સાંભળને. પર્યાય અનેક છે, ગુણભેદ અનેક છે, વસ્તુ એક છે. અપેક્ષા ફેર છે. સમજાણું છે? **'નિત્ય હોય તે અનિત્ય ન હોય.'** હોય. દ્રવ્યદષ્ટિએ નિત્ય છે, પર્યાયદષ્ટિએ અનિત્ય

છે. બેયનો વિરોધ સ્યાદ્વાદથી મટાડી આપે છે. સમજાણું? '**ભેદરૂપ હોય તે અભેદરૂપ ન હોય.**' હોય. ગુણપર્યાય ભેદ છે. શુદ્ધ હોય તે અશુદ્ધ ન હોય. જુઓ! '**શુદ્ધ હોય તે અશુદ્ધ ન હોય.**' અર..ર..! દ્રવ્ય-ગુણ શુદ્ધ અને પર્યાય અશુદ્ધ? હવે સાંભળને. દ્રવ્ય-ગુણે શુદ્ધ છે એ પર્યાયે અશુદ્ધ છે. સમજાણું કાંઈ? એ જ વાંધા.

'**ઈત્યાદિ નયોના વિષયોમાં વિરોધ છે–ત્યાં જિનવચન કથંચિત્ વિવક્ષાથી...**' કથંચિત્ એટલે પોતાથી છે અને પરથી નથી. '**જે રીતે વિદ્યમાન વસ્તુ છે તે રીતે કહીને વિરોધ મટાદી દે છે, જૂઠી કલ્પના કરતું નથી.**' જૂઠી કલ્પના કરતું નથી. વસ્તુ છે એમ કહે છે. એમ નહિ અદ્ધરથી ઉઠાવ્યું લ્યો ... નહિ. વસ્તુ એમ છે એમ કહે છે. જૂઠી કલ્પના કરતું નથી. એવી ચીજની દૃષ્ટિ કરીને એકાગ્ર થાય તેને આત્માની પ્રાપ્તિ થયા વિના રહે નહિ એમ વીતરાગ કહેવા માગે છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૧, ગુરૂવાર તા. ૧૫-૦૯-૧૯૬૬**
**શ્લોક-૪-૫, પ્રવચન-૪૮**

'સમયસાર' (૧૨મી ગાથાનો) કળશ કહેવાઈ ગયો. એનો ભાવાર્થ ચાલે છે. અહીંયાં આવ્યું જુઓ! 'તે જિનવચન...' ત્યાં આવ્યું છે. ત્યાં આવ્યું છે ને? 'દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક- એ બે નયોમાં,...' એટલે શું? કે આ આત્મા એક સમયમાં દ્રવ્ય નામ સામાન્ય ધ્રુવ જ્ઞાયક સ્વભાવ છે તેને બતાવનાર દ્રવ્યાર્થિકનય કહેવામાં આવે છે. જે નય એટલે જ્ઞાનનો ભાગ, ત્રિકાળ દ્રવ્યને જે દૃષ્ટિમાં લે એ જેનું પ્રયોજન છે, એનું નામ દ્રવ્યાર્થિકનય કહેવામાં આવે છે. ત્રિકાળ જ્ઞાયક સ્વભાવ, ધ્રુવ સ્વભાવ, સામાન્ય સ્વભાવ એને મુખ્ય કરીને. જુઓ! '**પ્રયોજનવશ શુદ્ધદ્રવ્યાર્થિક નયને મુખ્ય કરીને...**' આત્માના આનંદ અને હિતની પ્રાપ્તિ માટે. પ્રયોજન એ છે. આત્માને શાંતિ પ્રાપ્ત થાય, આનંદ પ્રાપ્ત થાય. બીજી ભાષાએ કહીએ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રાપ્ત થાય. એ ત્રણે શાંતિ છે, ત્રણે આનંદસ્વરૂપ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. એ અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિના પ્રયોજનને કારણે દ્રવ્યાર્થિકનયને પ્રયોજનવશ, ત્રિકાળ જ્ઞાયક સ્વરૂપ, ધ્રુવ સ્વરૂપ એને મુખ્ય કરી, એને મુખ્ય કરીને '**તેને નિશ્ચય કહે છે.**' નિશ્ચયને જ મુખ્ય કરી નિશ્ચય કહે છે એમ નહિ. મુખ્યને નિશ્ચય કરી, મુખ્યને મુખ્ય કરીને નિશ્ચય કહે છે. મુખ્ય કરી, દ્રવ્ય ત્રિકાળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, એને મુખ્ય કરીને નિશ્ચય કહે છે. નહિતર નિશ્ચય તો સ્વ દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણે નિશ્ચય છે. સમજાણું કાંઈ? સ્વઆશ્રિત નિશ્ચય, પરઆશ્રિત વ્યવહાર. સિદ્ધાંત આ છે. આ આત્મા પોતાનું દ્રવ્ય, વસ્તુ, એના અનંત ગુણ અને એની પર્યાય એ બધું સ્વ છે. એની અપેક્ષાએ તો સ્વને નિશ્ચય કહેવામાં આવે. અને પોતાની અપેક્ષાએ બીજા પરદ્રવ્યો આદિ જે છે એને વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

સ્વઆશ્રિત નિશ્ચય, પરાશ્રિત વ્યવહાર. એટલા સાધારણ શબ્દોથી લઈએ તો તો આત્મા પોતાનું દ્રવ્ય એટલે વસ્તુ, એની અનંત શક્તિ અને એની વિકારી, અવિકારી પર્યાય બધું નિશ્ચયમાં આવે છે. અને પોતા સિવાયની પર ચીજો, આત્મા હો કે પરમાણુ, એને વ્યવહાર કહેવામાં આવે છે. કેમકે આ વસ્તુમાં એ નથી. વસ્તુમાં જે હોય તેને નિશ્ચય કહે અને વસ્તુમાં ન હોય એવી ચીજને વ્યવહાર કહે. આ તો સામાન્ય વાત થઈ. પણ પ્રયોજન સિદ્ધ કરવા જે નિશ્ચય પોતાનું સામાન્ય દ્રવ્ય, સામાન્ય ગુણ અને પર્યાય. એ ત્રણમાં.. છે ત્રણે નિશ્ચય. પણ ત્રણને જાણવાથી પ્રયોજનની સિદ્ધિ થતી નથી. સમજાણું કાંઈ? એ ત્રણ સ્વના-પોતાના નિશ્ચયથી હોવા છતાં ત્રણના લક્ષે, ત્રણને આશ્રયે પોતાની શાંતિ અને ધર્મની સિદ્ધિ થતી નથી. સમજાણું કાંઈ? માટે '**દ્રવ્યાર્થિકનયને મુખ્ય કરીને...**' આ

શબ્દ છે. શુદ્ધ દ્રવ્ય એટલે શુદ્ધ દ્રવ્ય ત્રિકાળ જ્ઞાયકસ્વરૂપ ચૈતન્યપ્રભુ પૂર્ણ આનંદ એમાં અનંત સામાન્ય અને વિશેષ ગુણો અનંત છે.

આત્મા એક સમયની પર્યાય વિનાનો, વિકાર વિનાનો. સંયોગ વિનાનો તો છે જ. એ તો નિશ્ચયમાં આવી ગયું. સંયોગ વિનાનો તો નિશ્ચયમાં આવી જાય છે. પણ આ પોતાના દ્રવ્ય, ગુણ અને પર્યાય એ ત્રણ નિશ્ચય હોવા છતાં પ્રયોજન ત્રણને લક્ષે, ત્રણને આશ્રયે સમ્યગ્દર્શન અને શાંતિના પ્રયોજનની સિદ્ધિ થતી નથી. માટે શુદ્ધ દ્રવ્યાર્થિક-શુદ્ધ ચૈતન્ય વસ્તુ નિર્મળાનંદ પ્રભુ, એવા 'નયને મુખ્ય કરીને તેને નિશ્ચય કહે છે...' સમજાય છે કાંઈ આમાં?

મુમુક્ષુ :- આમાં એટલે?

ઉત્તર :- આ કહેવાય છે એમાં. ધાર્યું છે એમાં નહિ. પણ આ કહેવાય છે એમાં. શું કીધું?

ભગવાન આત્મા એક શુદ્ધ દ્રવ્ય-શુદ્ધ દ્રવ્ય. એક ચીજ જ્ઞાયકમૂર્તિ પરમાનંદ તેને શુદ્ધદ્રવ્યાર્થિકને મુખ્ય કરી તેને નિશ્ચય કહે છે. નહિતર નિશ્ચય તો ત્રણે છે. પોતાનું સ્વ છે એને નિશ્ચય કહીએ. પરને વ્યવહાર કહીએ. પણ એ ત્રણ સ્વ છે એમાં સિદ્ધિ થતી નથી ત્રણને લક્ષે. એકલો શુદ્ધ દ્રવ્ય સ્વભાવ જે ત્રિકાળ છે તેને આશ્રયે આત્માની શાંતિ અને સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? '**પ્રયોજનવશ શુદ્ધદ્રવ્યાર્થિક નયને...**' પ્રયોજનવશ. પોતાનો આત્મા આનંદની દશાને પ્રાપ્ત થાય, બીજી રીતે કહી તો મોક્ષમાર્ગની દશાને પ્રાપ્ત થાય એવા પ્રયોજનને કારણે શુદ્ધદ્રવ્યાર્થિક નય ત્રિકાળ ચૈતન્ય જ્ઞાયક પરમાનંદની મૂર્તિ, એને મુખ્ય કરીને તેને નિશ્ચય કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દ્રવ્યના લક્ષે સમ્યગ્દર્શનની પ્રયોજન સિદ્ધિ થાય છે. ગુણભેદને લક્ષે, પર્યાયને લક્ષે, રાગને લક્ષે, નિર્મળ પર્યાયને લક્ષે પણ (પ્રયોજનની સિદ્ધિ થતી નથી). અસ્તિત્વ આદિ નિર્મળ પર્યાય છે ને જીવમાં? રાગાદિ મલિન છે, અસ્તિત્વ આદિની નિર્મળ પર્યાય છે. ગુણો ત્રિકાળ નિર્મળ છે, દ્રવ્ય નિર્મળ છે. પણ વિકારની પર્યાય છે એને આશ્રયે સમ્યગ્દર્શનની સિદ્ધિ થતી નથી. સમ્યગ્દર્શન કહો કે આનંદનો અંશ પ્રગટે તે આનંદની પ્રાપ્તિની પ્રયોજન સિદ્ધિ થતી નથી. રાગને લક્ષે. છે સ્વ. એમ અસ્તિત્વની પર્યાયાદિ નિર્મળ છે આત્મામાં. અત્યારે તે અનાદિ છે. અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, દ્રવ્યત્વ, અગુરુલઘુત્વ એની પર્યાય નિર્મળ છે. પણ નિર્મળ પર્યાયને આશ્રયે સમ્યગ્દર્શન અને આનંદની પ્રાપ્તિ પ્રયોજન સિદ્ધિ થતી નથી. તેમ અનંતા ગુણ છે. તો અનંતા ગુણનું લક્ષ કરતાં, ગુણનું લક્ષ કરતાં, ગુણના ભેદનું લક્ષ કરતાં સમ્યગ્દર્શન આત્માનો આનંદનો અનુભવ એ ગુણભેદને લક્ષે પ્રયોજનની સિદ્ધિ થતી નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- નિમિત્તને લક્ષે તો થાય.

ઉત્તર :- નિમિત્ત તો ક્યાંય રહી ગયું. વ્યવહારમાં ગયું એ તો. એ તો પહેલેથી ખુલાસો કરી નાખ્યો. નિમિત્ત તો એને ઘરે રહ્યું. પરમાં ગયું એ તો. પહેલા એ તો સ્વમાં, સ્વ દ્રવ્ય-ગુણ-પર્યાય અને વિકારી અને અવિકારી પર્યાય બધાને નિશ્ચય કહીએ અને નિમિત્તને વ્યવહાર કહીએ. નિમિત્ત એટલે પર. એ તો પહેલામાં ગયું. હવે એકમાં નિશ્ચય અને વ્યવહાર ઉતારવા છે એમાં ને એમાં. સમજાણું કાંઈ? અમરચંદભાઈ!

ભગવાન આત્મા વસ્તુ અનંત ગુણનો પિંડ, અનંત ગુણ, એની પર્યાય નિર્વિકારી કે વિકારી અનાદિથી છે. અવિકારી પર્યાય પણ અનાદિની (છે). અસ્તિત્વ, વસ્તુત્વ આદિની, હોં! આનંદ અને સમકિત એ વાત નહિ. કેટલીક પર્યાયો અવિકારી સદાય છે. અભવિને પણ છે. અને કેટલીક પર્યાયમાં વિકાર છે. હવે એ વિકાર-અવિકાર પર્યાય ગુણ અને દ્રવ્ય એ ખરેખર તો બધાને સ્વ કહેવાય છે. તેને નિશ્ચય કહેવાય છે. અને નિમિત્ત એટલે પરને તો વ્યવહાર કહેવાય છે. એટલે પરનો વ્યવહાર કહેવો એમાં નિશ્ચયના સ્વઆશ્રય ત્રણમાં પણ પરનો વ્યવહાર એમાં આવતો નથી.

મુમુક્ષુ :- આવે નહિ..

ઉત્તર :- પણ એનો આવે નહિ પછી પ્રશ્ન ક્યાં. અડતું નથી ને. અહીં તો અંદર અડેલાના બે ભાગ પાડવા છે. આહાહા..! સમજાણું કાંઈ? અડેલા એટલે શું? કે પોતાનો આત્મા એક સમયમાં ધ્રુવ (છે) એમાં ગુણો સ્પર્શેલા છે, પર્યાય સ્પર્શેલી છે, અડેલી છે, સ્પર્શેલી છે. વિકારી કે અવિકારી પર્યાય ગુણને, દ્રવ્યને સ્પર્શેલી છે. નિમિત્ત સ્પર્શેલું નથી. કહો, ધન્નાલાલજી! કહો, રામસ્વરૂપજી!

ભગવાન આત્મા એ પોતે કર્મ, શરીર, વાણી એ તો બધાને અડ્યો જ નથી. આત્મા સ્પર્શ્યો જ નથી. એ ચીજ આત્માને સ્પર્શતી નથી ત્રણ કાળ ત્રણ લોકમાં. એથી જે અડી નથી તેને વ્યવહાર કહ્યો અને સ્પર્શેલી જે દ્રવ્ય-ગુણ-પર્યાય આદિ વિકારી-અવિકારી આદિ સ્પર્શેલા છે, પોતાના અસંખ્ય પ્રદેશમાં સ્પર્શેલા, રહેલા, અડેલા, આલિંગન કરેલા. અનંત ધર્મ અને પર્યાય એને આલિંગન કરેલો પદાર્થ છે. પર નિમિત્તને તો આલિંગન કરેલો નથી. કહો, સમજાય છે કાંઈ?

અહીં આચાર્ય મહારાજ કહે છે. એ ૧૧મી ગાથાનો ખુલાસો કરે છે કે ત્યાં સત્ય ત્રિકાળ જ્ઞાયક સત્ય તેને કહ્યું કેમ? એને સત્ય કેમ કહ્યું? નહિતર તો ગુણભેદ, પર્યાય, વિકાર, અવિકારી બધું સત્ય છે. સ્વની નિશ્ચયની અપેક્ષાએ બધું સત્ય છે. અને બીજી ચીજો તે અસત્ય છે. આની અપેક્ષાએ બીજી ચીજો અસત્ય છે. આની અપેક્ષાએ, હોં! સ્વની અપેક્ષાએ. એની અપેક્ષાએ ભલે સત્ હો. પણ સ્વ દ્રવ્ય-ગુણ-પર્યાયની અપેક્ષાએ સત્ અને આની અપેક્ષાએ બીજું અસત્. સમજાણું કાંઈ? સ્વ ભગવાન આત્મા અનંત

ગુણનો પિંડ, ગુણ અને પર્યાય વિકારી-અવિકારી. એ સ્વ. એ અપેક્ષાએ પરવસ્તુ તો તેને છુતી નથી-અડતી નથી, ત્રણ કાળ ત્રણ લોકમાં. માટે તેને વ્યવહાર કહ્યો, આને નિશ્ચય કહ્યો. પણ એટલા નિશ્ચયથી પ્રયોજનની સિદ્ધિ થતી નથી. તેથી એકમાં હવે બે ભાગ પાડવા છે. નિશ્ચય અને વ્યવહાર. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ સિવાય તો બધું અસત્. સ્વની અપેક્ષાએ તો બધું અસત્. હવે આત્મામાં બે ભાગમાં એક સામાન્યની અપેક્ષાએ વિશેષ અસત્ એમ સિદ્ધ કરવું છે. આહાહા..! ભાઈ! આ તો અંતરની વાતું છે. જેને પહોંચવા માટે વાત કરી છે. એ કાંઈ મફત કરી નથી ત્યાં. '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' આહાહા..! કહે છે કે પોતાનું દ્રવ્ય એટલે વસ્તુ, એની શક્તિઓ, એની અવસ્થા સત્ છે, સત્ છે. એની અપેક્ષાએ બીજી ચીજો અસત્ છે. એ વાત એકકોર રાખી.

હવે આત્મામાં સત્-અસત્ બે ઉતારવા. પોતામાં સ્પર્શેલા, અડેલા અસ્તિત્વમાં અસંખ્ય પ્રદેશમાં છે તેમાં. ઝીણું પડે પણ સાંભળ્યે છૂટકો છે કે નહિ? એને સમજવું પડશે કે નહિ? કહે છે, ભગવાન આત્મા.. ન સમજાય એ વાત કાઢી નાખવી પહેલી. ન સમજાય નહિ. ભગવાન આત્મા કેવળજ્ઞાન લેવાની તૈયારીની શક્તિવાળો છે. એનામાં એટલી તાકાત પડી છે કે અંતર્મુહૂર્તમાં ગુલાંટ ખાય તો કેવળજ્ઞાન લઈ શકે છે. એને આ ન સમજાય એ વાત એણે કાઢી નાખવી જોઈએ. બાળક હોય કે યુવાન હો. બાળક-યુવાન કોઈ આત્મા છે નહિ. ભગવાન આત્મા એક સમયમાં સેકન્ડના અસંખ્ય ભાગમાં પોતાની વસ્તુ ગુણ અને પર્યાય અસ્તિત્વ ધરાવે છે. પોતાથી અસ્તિત્વ છે. પરથી નાસ્તિત્વ છે. અને પોતાના અસ્તિત્વની અપેક્ષાએ બીજા બધા નથી... નથી... નથી.

હવે પોતાનું જે અસ્તિત્વ છે એના બે ભાગ પાડવા છે અહીં તો અત્યારે. પોતાનો આત્મા અનંત ગુણનો પિંડ દ્રવ્ય, ગુણભેદ અને પર્યાય એનું અસ્તિત્વ, એનામાં. હવે પરને વ્યવહાર કહીને પરને કાઢી નાખ્યા. પણ પોતામાં બે ભાગ પાડીને વ્યવહાર કરીને વ્યવહારને કાઢી નાખવો છે. સમજાણું કાંઈ?

કહે છે, '**જિનવચન...**' વીતરાગની વાણીમાં આવેલું, દિવ્યધ્વનિમાં આવેલું '**દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક-એ બે નયોમાં,...**' બે નયોના અંશમાં '**પ્રયોજનવશ...**' વીતરાગની વાણીમાં પ્રયોજનને કારણે એટલે કે આત્મામાં આત્માને સમ્યગ્દર્શન-જ્ઞાન અને આનંદની પ્રાપ્તિની પ્રયોજનતા છે એ કારણે '**શુદ્ધદ્રવ્યાર્થિક નયને મુખ્ય કરીને...**' શુદ્ધ ધ્રુવ જ્ઞાયકને મુખ્ય કરી તે છે.. તે છે.. તે નિશ્ચય છે... તે છે.. તે સત્ છે એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? '**શુદ્ધદ્રવ્યાર્થિક નયને...**' ભગવાન આત્મા આખો પૂર્ણાનંદ પ્રભુ જેમાં એક સમયની અવસ્થા અને ગુણભેદ પણ નથી. ભલે ગુણો અંદર હો, પણ ગુણો દેખવામાં ન આવે

એવો શુદ્ધ દ્રવ્યાર્થિક, એકલું અભેદને દેખે એવો જે શુદ્ધ દ્રવ્યાર્થિક તેને અભેદને મુખ્ય કરી, એને મુખ્ય કરીને એને નિશ્ચય કહ્યો છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- દાખલો આપોને.

ઉત્તર :- કીધું ને સોનું. સોનામાં પીળાશ, ચિકાશ આદિ લક્ષમાં ન ગણવા, એની પર્યાય લક્ષમાં ન લેવી. એની ચૂરી સમજ્યાને? શું કહેવાય ચૂરી આદિ? ત્રાંબાનો ભાગ. એ લક્ષમાં ન લેવી. એકલું સોનું... સોનું... સોનું... સોનું... સોનું... સોનું... સોનું... એમ આત્મામાં એકલો સામાન્ય ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ.. એને છે એમ કહ્યું. એને નિશ્ચય કહ્યું, એની અપેક્ષાએ ગુણભેદ અને પર્યાય ને રાગ નથી કહ્યું. નથી કહ્યું. ૧૧મીમાં એ નથી કહ્યું. આત્માની અપેક્ષાએ પર નથી એ તો સાધારણ વાતમાં ગઈ. સમજાણું કાંઈ? આ તો માખણની ગાથા છે એટલે જરી (વિશેષ સ્પષ્ટીકરણ આવે છે). આ લોકોને મૂળ વસ્તુનું પ્રયોજન નથી લક્ષમાં ને એટલે ગોટા વાળ્યા કર્યા. આ વ્રત પાળો, દયા કરો, આ કરો. ધૂળમાંય નથી કાંઈ હવે સાંભળને. ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં શુદ્ધ ચૈતન્ય પિંડ જેને મુખ્ય કરીને ભગવાનની વાણીમાં, એને સાચો કહ્યો, એને નિશ્ચય કહ્યો. સાચો કહો કે નિશ્ચય કહો કે એક છે એમ કહ્યું. એ છે એ જ કહ્યું. કેમકે એને આશ્રયે લાભ છે માટે ઈ જ છે એમ કહ્યું. સમજાણું કાંઈ?

**'અને અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ...'** ભાષા જુઓ! ભાષા જુઓ! 'જયચંદ્ર પંડિતે' પણ... અશુદ્ધ દ્રવ્યાર્થિક એટલે આત્માની પર્યાયમાં વિકાર છે, ગુણભેદ ઉઠતાં વિકલ્પ ઉઠે છે એ પર્યાયાર્થિકને ગૌણ કરી એનામાં વિકાર છે, ગુણભેદ છે, એનો આશ્રય કરતાં વિકલ્પ ઊઠે છે. એટલે **'અશુદ્ધ દ્રવ્યાર્થિકરૂપ પર્યાયાર્થિક...'** અશુદ્ધ દ્રવ્યાર્થિક કેમ કહ્યું? કે પર્યાય વિકારી એના પોતામાં પરિણમેલી છે. એ કાંઈ પરને લઈને પરિણમી છે અને વિકાર પરમાં છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? **'અશુદ્ધ દ્રવ્યાર્થિકરૂપ...'** અશુદ્ધ દ્રવ્યાર્થિક એટલે જ પર્યાય થઈ. કાંઈ દ્રવ્ય અશુદ્ધ નથી. દ્રવ્ય તો શુદ્ધ ત્રિકાળ છે. પણ એ દ્રવ્ય પોતે પર્યાયમાં અશુદ્ધપણે પરિણમ્યું છે. પોતાથી પોતે વિકારપણે થયેલું છે એને અશુદ્ધ દ્રવ્યાર્થિકનય કહીને એનું દ્રવ્ય પોતે વિકારપણે પરિણમ્યું એમ સ્વતંત્રતાની પ્રસિદ્ધિ કરવા **'અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ પર્યાયાર્થિક...'** છે તો એ પર્યાય. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! આવું દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક સમજવું કઠણ પડે એ કરતાં વ્રત ને તપ ને દયા ને પાળે તો કાંઈક મળે તો ખરું. સ્વર્ગાદિ. (પછી) ભલે ચાર ગતિમાં રખડે પણ સ્વર્ગ તો મળશે ને, એમ કેટલાક કહે છે. હવે સ્વર્ગ મળે કે નરક મળે બધું એક જ છે. ચાર ગતિ એક જ જાત, દુઃખના ઢગલા, દુઃખમાં જાવું છે. સમજાણું કાંઈ? જે ભાવે તીર્થંકરગોત્ર બાંધે એ ભાવ દુઃખરૂપ છે. આનંદને લૂંટનાર છે. એને ક્યાં ખબર છે? સમજાણું કાંઈ? એવા વિકારને અશુદ્ધ દ્રવ્યાર્થિકરૂપ પર્યાયાર્થિકને ગૌણ કરી (કહ્યું છે), નથી એમ નહિ. જેમ બીજી ચીજો નથી

એમ નહિ. પણ આની અપેક્ષાએ તેને અદ્રવ્ય અને અવસ્તુ કીધી. એમ ત્રિકાળ દ્રવ્યની દૃષ્ટિ કરાવવા પ્રયોજનની સિદ્ધિ જ્ઞાયક એકાકાર તેને આશ્રયે પ્રયોજનની સમ્યગ્દર્શનની સિદ્ધિ થાય છે. માટે અશુદ્ધ દ્રવ્યાર્થિકરૂપ ભેદને રાગને ગૌણ કરી. અભાવ કરીને નહિ. ગૌણ કરીને તેને વ્યવહાર (કહ્યું છે). વ્યવહાર એટલે નથી એમ કહ્યું. વ્યવહાર એટલે નથી એમ કહ્યું. આહાહા..! સમજાણું કાંઈ? મગનભાઈ! ગૌણ કરીને વ્યવહાર કહ્યો. વ્યવહાર એટલે નથી એમ કહ્યું. ગૌણ કરીને નથી કહ્યું. બીજા દ્રવ્યોને આમાં નથી માટે નથી કહ્યું. અને પર્યાયના ભેદ અને રાગના ભેદ એનામાં છે. પણ એનું લક્ષ છોડાવવા ત્રિકાળ દ્રવ્યના લક્ષને કરાવવા પ્રયોજનની સિદ્ધિ થાય છે. માટે ભગવાનની વાણીમાં એમ આવ્યું કે ભેદોને ગૌણ કરી, હોવા છતાં ગૌણ કરી વ્યવહાર નામ નથી એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? એય..! દેવીલાલજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સામાન્ય વસ્તુ અભેદમાં ભેદ નથી, પર્યાય નથી, રાગ નથી. આહાહા..! ભારે વાત. સમાજને આ વાત આખી વીતરાગના મૂળ માર્ગની (ખબર નથી). વીતરાગનો મૂળ દિવ્ય ધ્વનિમાં આવેલો માર્ગ આ છે બાપુ! આહાહા..! અને કઈ અપેક્ષાથી કહે છે એની અપેક્ષા ખ્યાલમાં ન આવે તો એકાંત થઈ જાય, માટે અહીં અપેક્ષા સિદ્ધ કરે છે. એકાંત થઈ જાય એટલે કે એનામાં વ્યવહાર ને રાગ ને દ્વેષ ને પુણ્ય અને પર્યાય નથી એમ નથી. છે તો એનામાં. એના અસ્તિત્વમાં, એનું સત્ છે. એનું સાચું સ્વરૂપ એનું છે એ બધું. દ્રવ્ય-ગુણ-પર્યાય વિકાર. સાચું હોવા છતાં, ખોટું નહિ હોવા છતાં.. ભગવાન આત્મા શુદ્ધદ્રવ્યાર્થિકરૂપ એકરૂપ મુખ્ય વસ્તુ કે જેને આશ્રયે ભગવાન શાંતિને પામે છે. ભગવાન આત્મા આનંદને પામે છે. સર્વ ગુણાંશના અંશને (પામે છે).

કાલે આવ્યું હતું, ભાઈ! નહિ? શેમાં? ઓલામાં જ્ઞાનાદિ. 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં આવ્યું હતું. જ્ઞાનાદિ ગુણોના અંશો પ્રગટ થાય છે. એમાં પણ સર્વ ગુણાંશ કહી દીધા છે. સમજાણું? એય..! ચિઠ્ઠી-બિઠ્ઠી ક્યાં છે અહીં? કાલે આવ્યું હતું. રાત્રે કીધું હતું કે જુઓ આમાં આવ્યું. 'ટોડરમલજી'એ તો બહુ નાખ્યું છે. 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી' છે ને. ક્યાં આવ્યું? જુઓ! દૃષ્ટાંત. એક.. ત્યાં ચિહ્ન કર્યું છે. **'એજ પ્રમાણે ચોથા ગુણસ્થાનવર્તી આત્માને...'** કાલે રાત્રે આ ચિઠ્ઠી સુધારાઈ. ઓલા 'મોક્ષમાર્ગ' છપાણાને ૧૧ હજાર ત્યાં કિસનગઢમાં. એની પાછળ આ ત્રણ નાખવાની હતી એટલે રાત્રે સુધારાઈ. અમારે હિંમતભાઈએ સુધારી. હિંમતભાઈની માથે જ નાખવાનું છે બધું? શું કહે છે?

એ પ્રમાણે ચોથા... એક દેશ કહ્યું હતું ને ઓલાને. **'વળી ભાઈશ્રી! તમે ત્રણ દૃષ્ટાંત લખ્યાં અથવા દૃષ્ટાંત દ્વારા પ્રશ્ન લખ્યા, પણ દૃષ્ટાંત સર્વાંગ મળતા આવે નહિ. દૃષ્ટાંત છે તે એક પ્રયોજન દર્શાવે છે. અહીં બીજનો ચંદ્ર, જળ બિન્દુ, અગ્નિકણ....'** એ દૃષ્ટાંતમાં

સમુદ્ર હતું. એ ચાર હતા. આ તો અમારે (સંવત) ૧૯૮૫માં ચર્ચા બહુ થઈ ગયેલી. લાઠીમાં. રાત્રે પૂનમનો દિ' હતો. અને પ્રશ્ન ઉઠ્યો હતો. પણ પૂનમને અંજવાળે વાંચ્યું હતું છેલ્લું આ. લાઠીમાં. ૮૫માં, હોં! 'અને પૂર્ણિમાનો ચંદ્ર, મહાસાગર તથા અગ્નિકુંડ-એ સર્વદેશ છે.' જુઓ!

**'એ જ પ્રમાણે ચોથા ગુણસ્થાનમાં આત્માને જ્ઞાનાદિગુણો એકદેશ પ્રગટ થયા છે...'** આ સિદ્ધાંત છે, જુઓ! બહુ રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં એક એક શબ્દમાં. '**જ્ઞાનાદિગુણો એકદેશ પ્રગટ થયા છે.**' જેટલા ભગવાન આત્મામાં ગુણ છે એ બધા ગુણનું એકરૂપ મુખ્યને નિશ્ચય કર્યો અને ત્યાં દૃષ્ટિ દીધી એટલે પર્યાયમાં જેટલા ગુણો છે તેટલા અંશે એકદેશે પ્રગટ થયા છે. 'શ્રીમદ્દે' એ વાક્ય વાપર્યું 'સર્વ ગુણાંશ તે સમકિત.' 'શ્રીમદ્'નું એ વાક્ય છે. આપણે બારણે બહાર લખ્યું છે. બહાર બારણે. બે બાજુ. એક બાજુ સમકિત અને એક કોર ચારિત્ર. બે મોટા ટ્રેડ માર્ક છે અહીંના. ટ્રેડ માર્ક હોય ને પંડિતજી! ધંધાના. અહીં લખ્યું છે. બહાર બારણે છે. બહારનું બારણું છે ને. ઉપર લખ્યું છે 'સર્વ ગુણાંશ તે સમકિત' જુઓ! અહીંથી દેખાય છે. અંદર કાચના ઉપરથી વેન્ટીલેશનમાંથી દેખાય છે જુઓ શબ્દ. પણ તમને હેઠે ન દેખાય. દરવાજે બહાર. એ વેન્ટીલેશન બારીનું. એમાંથી સામે લાલ અક્ષર દેખાય :ત. સામે નથી દેખાતું. ત્યાં સ્વરૂપે ચરણં ચારિત્ર એ બહાર બારણે છે. સમ્યગ્દર્શન અને ચારિત્રના મહા બે લક્ષણ. તો સર્વ ગુણાંશ તે સમકિત જે 'શ્રીમદ્દે' કહ્યું એ વાત અહીં કીધી છે. **'ચોથા ગુણસ્થાનમાં...'**

મુમુક્ષુ :- .. વેન્ટીલેશન આવ્યું ને.

ઉત્તર :- અહીં તો વેન્ટીલેશન હોય છે તો અક્ષર વંચાતો નથી. પણ એ લાલ છે એમ દેખાય છે. ઊંચે છે ને. હેઠે તમારે ન દેખાય. કહો, સમજાણું અહીં?

**'ચોથા ગુણસ્થાનવર્તી આત્માને જ્ઞાનાદિગુણો એકદેશ પ્રગટ થયા છે તથા તેરમા ગુણસ્થાનમાં આત્માને જ્ઞાનાદિગુણો સર્વદેશ પ્રગટ થયા છે.'** ભાષા જુઓ! ઓહોહો..! કેવળીને બધા ગુણો પ્રગટ નિર્મળ થઈ ગયા છે અને ચોથા ગુણસ્થાનમાં બધા ગુણો એક અંશે પ્રગટ થયા છે. ... સમજાણું કાંઈ? આત્મા અંનત ગુણનું એકરૂપ, એને એકરૂપને મુખ્ય કરીને નિશ્ચય કહીને સાચો કહ્યો. એ જ સાચો છે, એ જ સત્ય છે, એ જ સત્ય છે. એ દૃષ્ટિએ ગુણભેદ વિકારી પર્યાય અને નિર્મળ પર્યાય એને અસત્ય કીધું. કેમકે ગૌણ કરીને અસત્ય કહીને એને વ્યવહાર સિદ્ધ કર્યો. પ્રયોજન સિદ્ધિ મુખ્યપણાના આશ્રયે એની દૃષ્ટિ આપતાં જેટલા ગુણો અંતર છે એના ચોથા ગુણસ્થાને બધાના નિર્મળ અંશો પ્રગટ થઈ જાય છે. આહાહા..! કહો, અમરચંદભાઈ! એ કાલે ખ્યાલ આવ્યો હતો. વાંચતા હતા ને રાત્રે. સર્વ ગુણાંશનો વળી કોઈ આધાર માગતા હતા. કો'ક કહેતું હતું કે સર્વ ગુણાંશ ક્યાં આવ્યું? એ આવ્યું એ મુખ્ય નિશ્ચય કીધો દ્રવ્ય, એમાં જેટલા ગુણો છે એના એકરૂપ

ઉપર દૃષ્ટિ પડતા, એકાકાર થતાં જેટલા ગુણો તેના અંશે વ્યક્ત પર્યાયના અંશમાં આવે તેને ચોથું ગુણસ્થાન કહે છે. મગનભાઈ! સમજાણું કાંઈ? પણ માણસને એવી વાત છે કે પોતે જે શબ્દ સાંભળ્યો હોય એ સિવાય બીજો સાંભળે તો (એમ લાગે) એ નવું (આવ્યું). નવું એટલે ખોટું. નવું એટલે મૂળ તો ખોટું કહેવા માગે છે. મારે તો એ કહેવું છે. એ ખોટું. પણ સાંભળને ભગવાન! ખોટું કે કેમ છે એ છે એ રહેશે. તું લાખ સાચાને ખોટું કરવા માગે તો નહિ થાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ભગવાન આત્મા દ્રવ્યનો આશ્રય લે એ પુરાણા ભગવાનનું કથન છે. એનું નામ ભગવાનનું પુરાણું કથન છે. આ શું કહ્યું?

જિનવચન. છે? દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. જિનવચન એ પુરાણું છે કે? અનાદિના જિનવચનો. એકવાર કહ્યું હતું કે ત્રણ કાળમાં ત્રિકાળ જાણનારનો કોઈ દિ' અભાવ રહ્યો નથી. શું કીધું? ત્રણ કાળમાં, ત્રણ કાળને જાણનારા સર્વજ્ઞનો અભાવ ત્રણ કાળમાં કોઈ દિ' રહ્યો નથી. આહાહા..! કહો, રામસ્વરૂપજી! શું કીધું? ત્રણ કાળમાં ત્રણકાળના જાણનાર ભગવાન સર્વજ્ઞ ન હોય એવું કોઈ દિ' બનતું નથી. આહાહા..! કે દિ' સર્વજ્ઞ નહોતા? ત્રણ કાળ છે અને ત્રણ કાળના જાણનારા કે દિ' નહોતા? અને કે દિ' નહિ હોય? કેમકે ત્રણ કાળ વસ્તુ છે તેનો જાણનાર પણ સત્‌નો ત્રિકાળ એની સાથે ને સાથે હોય. અનાદિ વસ્તુ છે. સમજાણું કાંઈ? એવા સર્વજ્ઞ ભગવાન, એની વાણી જિનવચન. અહીં તો જિનવચન (છે). એ જિનવચન અનાદિનું એમ કહેતા આવે છે. જૂના અને અનાદિના એમ કહેતા આવે છે. નવું નથી. 'કુંદકુંદાચાર્યે' કહ્યું માટે એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..! આ તો કેવળજ્ઞાનીની વાત છે. એ પોતે અનુભવીને ચારિત્રદશામાં રહીને આ માર્ગના પ્રણેતા રહ્યા એમ કહે છે. માર્ગ કેવો છે ચારિત્રનો? અમે અનુભવીને બેઠા છીએ અને એમાં વિકલ્પની કેવી જાત હોય એ અમારા ભાનમાં વર્તે છે. એ સિવાય મુનિપણું બીજું હોઈ શકે નહિ. આ પ્રણેતા ઊભા. 'પ્રવચનસાર'માં પંડિતજી! એ 'પ્રવચનસાર'ના ત્રીજા અધિકારમાં આ પ્રણેતા ઊભા. આ અમે સ્વયં મોક્ષમાર્ગના પ્રણેતા! આહાહા..! ભગવાન કહે છે એમ નહિ. અમે ચારિત્રમાં નિર્વિકારી આનંદ અને ચારિત્રની કેવી દશા સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત અને એ ભૂમિકામાં કેટલી જાતના, કઈ જાતના કષાયની મંદતાની જાત હોય છે એ બધી અમારા જ્ઞાનમાં અત્યારે વર્તે છે. સમજાણું કાંઈ? એ રીતે અમે મોક્ષમાર્ગનો ચરણાનુયોગનો અધિકાર કહેશું એમ કહે છે. ભગવાન કહેતા હતા એમ છે નહિ. અમને ખબર છે કે આમ છે. સમજાણું કાંઈ? આહાહા..!

'કુંદકુંદાચાર્ય'. વૃંદાવનને? શું કહ્યું? વૃંદાવન. 'કુંદ કુંદ ન હુએ ન હોયેંગે.' સ્તવન છે. એના જેવા ઈ હોય ને. બીજા હોય આત્મા પણ. એની જે દશા અને એનો પ્રકાર તો

એની પાસે જ હોય. બીજા મહા સંતો તો કેવળજ્ઞાન પામનારા. આ તો આમની એક શૈલી જ કોઈ જુદી જાતની છે. સાક્ષાત્ જન્મ ભરતમાં અને મહાવિદેહમાં ભગવાનના ભેટા...! આહાહા..! પાંચસો ધનુષ્યનો દેહ અને સાડા ત્રણ-ચાર હાથનો દેહ. તીડ જેટલું લાગે. ત્યાં ભગવાન પાસે આઠ દિ' રહ્યા. આ તે કાંઈ વાત છે! પવિત્રતા પણ જુદી અને પુણ્ય પણ જુદા.

એ ભગવાન 'કુંદકુંદાચાર્ય' કહે છે કે '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' સત્યને શુદ્ધનય કહીએ છીએ. સત્યને શુદ્ધનય કહીએ છીએ. સત્ય એટલે ત્રિકાળી દ્રવ્ય શુદ્ધ મુખ્ય તેને અમે સત્ય કહીએ છીએ. અને તેનામાં રહેલા ગુણભેદો, અવિકારી કે વિકારી પર્યાયો, એમાં રહ્યા છતાં તેને અભાવ કરતા નથી. પણ એમાં હોવા છતાં એને ગૌણ કરીને લક્ષ છોડાવવા ગૌણ કરીને તે નથી એમ કહીને તેને વ્યવહાર કહ્યો છે. નિશ્ચયમાં વ્યવહાર નથી અને વ્યવહારમાં નિશ્ચય નથી એમ કહે છે હોં! અહીં તો. આહાહા..! કથન તે કથન છે.

કહે છે કે ભગવાન આત્મા શુદ્ધ દ્રવ્ય વસ્તુમાં એ ભેદ અને પર્યાય છે જ નહિ. પાટણીજી! આહાહા..! અનેકાંતની દૃષ્ટિ રાખીને ભગવાન દ્રવ્યાર્થિક અશુદ્ધને પર્યાયાર્થિક ગણી પર્યાયરૂપ છે એનો. એનો જ અંશ સત્તામાં છે પરિણમન અશુદ્ધ આદિ. છતાં તેને પર્યાય ગણી, તેને ગૌણ કરી, એટલે કે જાણે ત્રિકાળમાં નથી, માટે તેને ગૌણ કરી ત્રિકાળને સત્ય કહી, આને વ્યવહાર નામ અસત્ય છે એમ કહેવામાં આવે છે. ગૌણ કરીને અસત્ છે એમ કહ્યું છે. બિલકુલ નથી કરીને અસત્ છે એમ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! આ તો સંતોની વાણી છે. એના એક એક શબ્દમાં ઘણા ભાવ ભરેલા છે. એમ ને એમ વાંચી જાય તો પાર પડે નથી એવું આ. કહો, સમજાય છે કે નહિ આમાં? આ બે લીટીમાં તો આખો માર્ગ કઈ રીતનો છે આ 'સમયસાર'માં વર્ણન કરી નાખ્યું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વ્યવહાર છે ખરો. પણ ત્રિકાળની અપેક્ષાએ તેને ગૌણ કરીને અસત્ય કહીને વ્યવહાર કહ્યો છે. વ્યવહારની વ્યાખ્યાએ વ્યવહાર છે. પોતાની અપેક્ષાએ બીજી વસ્તુ નથી. પણ એની અપેક્ષાએ બીજી વસ્તુ છે. એમ મુખ્યની અપેક્ષાએ વ્યવહાર નથી એમ કહ્યું ગૌણ કરીને, પણ એની અપેક્ષાએ પર્યાય અને રાગાદિ છે તે એની અપેક્ષાએ છે. સમજાણું કાંઈ? આ મુદ્દાની રકમ છે. આખા જૈનદર્શનના મુદ્દાની રકમની આ વ્યાખ્યા છે. આ સમજ્યા વિના જેટલા શાસ્ત્રના અર્થ કરે એ બધા ઊંધા જ અર્થ એના થાય. સમજાણું કાંઈ?

'**આવા જિનવચનમાં જે પુરુષ રમણ કરે છે...**' જુઓ! ભાષા આવી. એ 'જયચંદ્ર પંડિતે' અંદરમાં છે એને સ્પષ્ટ કર્યું છે. ઘરનું કાંઈ કહ્યું નથી. આ આર્ષ વાક્ય છે. પણ આ આર્ષ વાક્ય શું છે? આ આર્ષનો બાપ છે કે શું છે? એક ૧૧મી ગાથામાં કહ્યું એનો ખુલાસો કરે છે. ત્યાં કહ્યું હતું ને પ્રભુ તમે. શુદ્ધનય સાચી છે એમ કહ્યું હતું ને? અને

વ્યવહાર બધો જૂઠો છે. બધોય વ્યવહાર સદ્ભુત ઉપચાર, અનુપચાર, અસદ્ભુત ઉપચાર અનુપચાર બધો વ્યવહાર અભુત અર્થને પ્રગટ કરે છે માટે બધો જૂઠો છે એમ કહ્યું. એનો શું હેતુ? કે આ હેતુ. બાપુ! ત્રિકાળ વસ્તુને મુખ્ય કરીને સત્ય કીધી અને નિશ્ચય કીધો તે જ છે એમ કહ્યું. ગુણભેદ અને પર્યાય રાગાદિને હોવા છતાં એને ગૌણ કરી, લક્ષ છોડાવવા અહીં વજન દેવા ગૌણ કરીને વ્યવહાર કહ્યો. એટલે એમાં નથી એમ કહ્યું. એમાં નથી કહ્યું. એનામાં ભલે હો પર્યાય. સમજાણું કાંઈ? '**આવા જિનવચનમાં...**' ભાષા જુઓ! આ રીતે ચાર અનુયોગમાં જ્યાં જ્યાં કથન હોય, આ રીતે જિનવચન કહેવા માગે છે. ચરણાનુયોગના કથન આવે. જુઓ! આમાં આ લખ્યું, જુઓ! આમાં લખ્યું, જુઓ! ફલાણું આમ છે. '**આવા જિનવચનમાં જે પુરુષ...**' જે પુરુષ એટલે આત્મા. '**રમણ કરે છે...**' એટલે કે પરવસ્તુને ભિન્ન રાખી તેને વ્યવહાર કહ્યો. પોતાના ગુણભેદને પર્યાયને ગૌણ કરીને તેને વ્યવહાર ને જૂઠો કહ્યો અને ત્રિકાળને મુખ્ય કરીને તેને નિશ્ચય અને સાચો કહ્યો. એ પુરુષ આ રીતે જે અંતરના અભ્યાસમાં રમે છે '**એ આ શુદ્ધ આત્માને યથાર્થ પામે છે;...**' સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- બિલકુલ કોઈ રસ્તે બીજો યથાર્થ આત્માને પામી શકતો જ નથી. તે વીતરાગ શાસનમાં આ વાત છે. જિનવચનમાં છે. અન્યમતમાં ક્યાંય ત્રણ કાળમાં આ વાત હોઈ શકે નહિ. જૈન પરમેશ્વર સર્વજ્ઞદેવે છ દ્રવ્ય. એક દ્રવ્યના અનંત ગુણ, એની અનંતી પર્યાયો, અનંતા ગુણની અનંતી પર્યાયો આવા-આવા અનંતા પદાર્થ જે ભગવાનના એક સમયના જ્ઞાનમાં.. સમજાણું? જણાણા. એમની વાણીમાં જે આવ્યા એ વાણીમાં આને મુખ્ય કરીને વાત કરી અને આ ભેદને ગૌણ કરીને લક્ષ છોડાવ્યું. આ રીતે જે સમજશે અને એ રીતે આત્માના દ્રવ્ય સ્વભાવમાં અભ્યાસ કરશે, બીજાને ગૌણ કરીને લક્ષ છોડી દેશે તે આત્મા શુદ્ધ આત્માને '**તે આ...**' '**રમણ કરે છે તે આ શુદ્ધ આત્માને...**' ભગવાન પવિત્ર આનંદકંદને યથાર્થ... જુઓ! ભાષા. '**યથાર્થ પામે છે;...**' આમ તો અજ્ઞાની બીજા ઘણા શુદ્ધાત્મા... શુદ્ધાત્મા... (બોલે છે). એમ ન ચાલે. વસ્તુ જેવી એકરૂપ શુદ્ધ છે, પર્યાયમાં અશુદ્ધ છે એવા અનંતા ગુણો શુદ્ધ છે કે વિશેષ ગુણો અનંત છે, સામાન્ય ગુણો અનંત છે, એ રીતે વસ્તુને લક્ષમાં લઈ સામાન્ય તરફની એકાગ્રતાનો અભ્યાસ કરશે, વિશેષને ગૌણ કરીને લક્ષ રાખશે નહિ તે પુરુષ યથાર્થ શુદ્ધાત્માને પામે છે. એ આત્માને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. સમ્યગ્દર્શનમાં શુદ્ધાત્માની પ્રાપ્તિ થાય છે. સમજાણું કાંઈ? કહો, આમાં કાંઈ ભાષા એવી ઝીણી નથી. મનુભાઈ! લ્યો, સમજાય છે. એય..! ભાષામાં એવું કાંઈ નથી કે બહુ આકરા વ્યાકરણ અને શાસ્ત્ર બધું જાણ્યું હોય એને આવડે આ. એવું કાંઈ નથી.

ભગવાન આત્મા... સમજાય છે? પોતામાં એવા અસ્તિત્વ આદિ ગુણો સામાન્ય છે

ને. સવારમાં એ વિચાર ઉઠ્યો હતો પહેલો. સામાન્ય આદિ છે એ કેટલા રહ્યા? છ કેમ ભગવાન આચાર્યે કેમ કહ્યા? કે ઘણાં કહ્યા છે.. ઘણાં કહ્યા છે. મુખ્યપણે કહ્યા. બાકી તો એક એક દ્રવ્યમાં ષટ્કારકો દરેક દ્રવ્યમાં સ્વતંત્ર છે. ષટ્કારક-કર્તા, કર્મ, કરણ ષટ્કારક પણ સામાન્ય ગુણ છે. દરેક આત્મામાં, દરેક રજકણમાં, દરેક કાળાણુંમાં, દરેક ધર્માસ્તિમાં. સમજાણું કાંઈ? એવા એવા સામાન્ય ગુણો ઘણા છે. વિશેષ ગુણ...

મુમુક્ષુ :- ભાવ, અભાવ પણ બધામાં..

ઉત્તર :- ભાવ-અભાવ છએ કીધા. ભાવ, અભાવ, અકાર્યકારણપણું અંદર આવી જાય છે. ઘણા આવી જાય છે. સવારમાં ૪૭થી વિચાર્યું હતું. કહો, સમજાણું આમાં? આહાહા..!

કહે છે, ભગવાન આત્મામાં, એનામાં છે અને બીજામાં નથી એવા પણ વિશેષગુણો છે અને એનામાં પણ છે અને બીજામાં પણ છે એવા પણ સામાન્ય ગુણો છે. છતાં એ બધા ગુણોને ભેદરૂપે ન ભાળતાં અભેદ તરીકે અંતર દૃષ્ટિ દેવી એને નિશ્ચય કહે છે. પર્યાયને, ગુણભેદને, વિકારને ગૌણ કરાવી લક્ષ છોડાવવા તેને અસત્ય નામ વ્યવહાર કહે છે. આવા જિનવચનમાં રમે તે શુદ્ધ આત્માને યથાર્થ પામે. મહાસિદ્ધાંત ચૌદ બ્રહ્માંડમાં. ચૌદ પૂર્વ અને ચૌદ બ્રહ્માંડનો આ સાર છે. ચૌદ પૂર્વ નામ ચૌદ બ્રહ્માંડ-ચૌદ રાજુલોક. ક્ષેત્ર અને ભાવ. આ વસ્તુ. સમજાણું કાંઈ?

**'આ શુદ્ધ આત્માને યથાર્થ પામે છે;...'** બાકી બધા વાતું કરે કે અમને અનુભવ થયો અને ઓલા અન્યમતીમાં ઘણાં કહે છે. બહુ અનુભવ છે અમને. નિરંજનનો અનુભવ. એ બધા થોથા. કોઈ શાતા વેદનીયનો આનંદનો જરીક રસ આવી જાય ને એને અનુભવ માની લે. સમજાણું કાંઈ? આ વસ્તુ આવી જેને અંતર દૃષ્ટિમાં લીધી એ આ રીતે યથાર્થ આત્માને પામે છે. **'અન્ય સર્વથા-એકાન્તી...'** અન્ય પદાર્થ નથી એમ માનનારા, પર્યાય નથી એમ માનનારા કાં દ્રવ્ય નથી અને પર્યાય છે એમ માનાનારા, કાં એક જ દ્રવ્ય છે અને અનંત ગુણ નથી એમ માનનારા. સમજાય છે કાંઈ? કાં દ્રવ્યને તદ્દન શુદ્ધ અને પર્યાયમાં અશુદ્ધતા નહિ માનનારા. સમજાણું કાંઈ? એવા અન્ય સર્વથા એકાંતી.

મુમુક્ષુ :- શુદ્ધ દ્રવ્ય અને ..ને માનનારા?

ઉત્તર :- એ પણ એકાંતી છે. પર્યાય અશુદ્ધ અને દ્રવ્ય પણ અશુદ્ધ એ એકાંતી છે. કારણ કે પર્યાય અશુદ્ધ છે એ કાળે દ્રવ્ય શુદ્ધ છે. શુદ્ધ દ્રવ્યાર્થિકનો વિષય શુદ્ધ છે એ કાળે. આહાહા..! શું થાય? ભાઈ! તને ગુરુગમ મળીને .. આ ગુરુગમ વિના ચાલે એવું નથી. કાં જોઈએ પૂર્વના ગુરુગમનો સંસ્કાર અને કાં જોઈએ આ ભવના ગુરુના સંસ્કાર. તે વિના જૈનદર્શન સમજાય એવું નથી. સમજાણું કાંઈ? પર્યાય અશુદ્ધ અને દ્રવ્ય-ગુણ શુદ્ધ એ વસ્તુનું સ્વરૂપ છે. પર્યાય અશુદ્ધ માટે દ્રવ્ય ગુણ અશુદ્ધ એકાંત છે. તદ્દન એકાંત છે.

મુમુક્ષુ :- સમ્યક્ એકાંત?

ઉત્તર :- મિથ્યા એકાંત છે. પંડિતજી! પ્રશ્ન કરે છે. ઠીક! આ સમ્યક્ એકાંત છે. જે રીતે વસ્તુ છે એ રીતે શુદ્ધને મુખ્ય કરીને નિશ્ચય કહ્યો તે સમ્યક્ એકાંત છે. લક્ષમાં રાખ્યું છે કે ગુણ-પર્યાય છે, વ્યવહાર કરી અસત્ કહીને આને સમ્યક્ એકાંત કહ્યું છે. પણ પર્યાયમાં અશુદ્ધતા અને દ્રવ્ય-ગુણ પણ અશુદ્ધ છે (એમ માનવું તે) તદ્દન મિથ્યા એકાંત છે. એને આવા આત્માની પ્રાપ્તિ ત્રણ કાળ ત્રણ લોકમાં ક્યાંય થતી નથી. સમજાણું કાંઈ?

**'એકાન્તી સાંખ્યાદિક...'** સાંખ્યાદિમાં જૈનના માનનારાઓ પણ અન્યમતીઓ છે બધા. પાંચમા અધ્યાયમાં નથી કહ્યું? ભાઈએ 'ટોડરમલજી'એ. શ્વેતાંબર આદિને અન્યમતમાં નાખ્યા છે. જૈનમાં નાખ્યા નથી. અને સાતમા અધ્યાયમાં દિગંબરમાં જન્મેલા કે નવા આવીને ગોટા ઉઠાડતા હોય એને નાખ્યા છે. સાતમા અધ્યાયમાં. બધાની તપાસ કરી. એક જણો કહેતો હતો, સાધુ વલ્લભવિજય કે 'ટોડરમલે' તો બધાની હજામત કરી નાખી છે. ઓલા વલ્લભજી છે ને? એને બેસે નહિ ને. એને બહારની શ્રદ્ધા, બહારની દૃષ્ટિ. આ વસ્તુ સર્વજ્ઞથી થયેલી સિદ્ધ અંતરની વસ્તુ છે. પંડિત 'ટોડરમલજી'એ તો બધાની હજામત કરી નાખી છે. બધાને મુંડી નાખ્યા છે કે તમે ખોટા.. તમે ખોટા. ધન્નાલાલજી! બાપુ! 'ટોડરમલજી'એ ઘરનું નથી કહ્યું. ભાઈ! ભગવાનના કહેલા શાસ્ત્રોમાં જે કોઈ સામાન્ય વાત હોય, સાધારણજન એમાંથી રહસ્યને ખેંચી ન શકે તેનું ઉદ્ઘાટન કર્યું છે. ભાઈ! આમાં આમ કહેવા માગે છે, આમાં આમ કહેવા માગે છે. એમ એણે ઉદ્ઘાટન કર્યું છે. સમજાણું કાંઈ? એને પણ અત્યારે જૂઠા અપ્રમાણિક ઠરાવવા માગે છે, લ્યો.

કહે છે, **'સર્વથા-એકાન્તી...'** એટલે પર્યાયને અશુદ્ધ. આપણે અત્યારે લ્યો, તાકડે જૈન ગેઝેટમાં આવ્યું છે. પર્યાય અશુદ્ધ તો દ્રવ્ય-ગુણ પણ અશુદ્ધ. ભગવાન! પર્યાય અશુદ્ધ તો દ્રવ્ય-ગુણ અશુદ્ધ તો ઉપચારે વ્યવહારે પર્યાયનયે કહેવામાં આવે. વસ્તુદૃષ્ટિએ ગુણ અને દ્રવ્ય શુદ્ધ ત્રિકાળ સચ્ચિદાનંદ પ્રભુ ત્રિકાળ શુદ્ધ છે. જ્યારે શુદ્ધ છે તો શુદ્ધ દ્રવ્યાર્થિકને મુખ્ય કરીને નિશ્ચય કહેવામાં આવે છે. છે તો કહેવામાં આવે છે. એક છે એમ કીધું અહીં તો. ભાઈ! લ્યો! આહાહા..! આત્મા શુદ્ધ શુદ્ધ એક સત્ય છે એમ કીધું. અહીં તો ઈ કહ્યું છે. સમજાણું કાંઈ? સત્ય જ આ છે. તું કહેતો હો કે અશુદ્ધ પર્યાય છે અને તે ટાણે દ્રવ્ય-ગુણ અશુદ્ધ છે. સત્ય જ આ છે. ત્રિકાળ વસ્તુ શુદ્ધ તે જ દ્રવ્ય અને તે જ સત્ય છે. પર્યાય-બર્યાય આ દ્રવ્યના મુખ્યપણાની અપેક્ષાએ ગૌણ કરીને વ્યવહાર કરીને કાઢી નાખીને અસત્ય કહ્યો છે. આહાહા...! અરે..! પર્યાયને અશુદ્ધ કથે એમ દ્રવ્ય-ગુણને અશુદ્ધમાં નાખ (તો) બધું અશુદ્ધ નામ જૂઠું છે એમ માનનાર છે. એમ કહે છે અહીં. એય..! સેઠી!

**'એકાન્તી સાંખ્યાદિક એ આત્માને પામતા નથી,...'** આપણે તો આ વધારે વજન

આ છે. એ તો અંદર આવ્યું છે. શુદ્ધ-અશુદ્ધરૂપ જે રીતે વિદ્યમાન વસ્તુ એમ કહ્યું હતું ને અંદર. ભેદ-અભેદ, શુદ્ધ-અશુદ્ધ. પર્યાય તે અશુદ્ધ, વસ્તુ તે શુદ્ધ, ત્રિકાળ શુદ્ધ. અભવિનો આત્મા ત્રિકાળ શુદ્ધ. સ્વભાવ-સ્વભાવ છે. કીધું ને? એની ચર્ચા અમારે ચાલી હતી (સંવત) ૧૯૮૫માં. મોહનલાલની સાથે. બે બોલ લીધા હતા કે ૨૮ પ્રકૃતિ જે છે. આ ૨૮ પ્રકૃતિ છે ને? મોહની. પંડિતજી! અભવિને ૨૬ હોય અનાદિની. અને જે ભવિને મોક્ષ નથી જવું એને ૨૭ અનાદિની અને જેને મોક્ષ જવું એને અનાદિની ૨૮ હોય. શું કહો છો આ તમે? ત્યારે તમે એમ કહેતા હોય તો હું તમને પૂછું કે અભવિને કેટલા વર્ણ હોય? કહે, ત્રણ. ૮૫માં દીક્ષા થઈને ત્યારે સુંદરવડાના અપાસરે હતા. તમે શું કહેવા માગો છો આ? અનાદિ જેને ભવિને મોક્ષ જવું એને અનાદિની ૨૮ પ્રકૃતિ છે? એ ઠાણાંગમાં આવે છે. સમવાયમાં. પણ ત્યાં તો બીજી વાત કહે છે. ત્યાં તો સત્ કહેવા માગે કે જેણે ત્રણ કટકા કરી નાખ્યા છે એને કોઈને ૨૮ અને કોઈને ૨૭ હોય છે. એમ વાત છે ત્યાં. ત્યાં અનાદિના .. મોક્ષ જાય એને ૨૮, મોક્ષ ન જાય એને ૨૭ અને બીજા જીવ અભિવીને ૨૬. ત્યારે કીધું, અભવિને પ્રકૃતિ કેટલી જ્ઞાનાવરણનીય? કહે, ત્રણ. મનઃપર્યય, કેવળજ્ઞાનાવરણી નહિ? કહે ના. કેમકે એને પ્રગટ થવાનું નથી. પ્રગટ થવાનું નથી માટે નહિ એમ કોણે કહ્યું? કીધું. આહાહા..!

એકાંત સ્વરૂપ ત્રિકાળ શુદ્ધ. અભવિનો જીવ પણ કેવળજ્ઞાનનો કંદ છે. ત્યારે આવરણ કોનું છે? આવરણ નિમિત્તરૂપે છે ને. અંદર શક્તિ કેવળજ્ઞાનની છે. સ્વભાવ કેવળજ્ઞાન અભવિનો છે. સર્વ જીવ એકસરખા દ્રવ્યે છે. પર્યાયમાં ફેર. સમજાણું કાંઈ? આહાહા..! ૮૫માં ઊંચી ચર્ચા ચાલી હતી. મણિલાલજી જરી કહે, ચાલો સાંભળવા. ખાનગીમાં ગયા સાંભળવા. ભાઈ, સાંભળો તો ખરા હવે. કીધું, એમ તમે દીધા રાખો આડીઅવળી વાત. આ તો ૩૭ વર્ષ થયા. એમ ચાલે નહિ, કીધું. અભવિને પાંચેય આવરણ છે. કેવળજ્ઞાનનો સ્વભાવ પડ્યો છે અંદર. સમજાણું કાંઈ? ઉઘડે નહિ માટે કેવળજ્ઞાન નથી એમ કોણે કહ્યું?

અહીં કહે છે '**સર્વથા-એકાન્તી...**' જે શુદ્ધમાં અંદરમાં ત્રિકાળ શુદ્ધતા પરિપૂર્ણતા ન માને અને પર્યાયમાં અશુદ્ધ એટલે બધું અશુદ્ધ માને એવા એકાંતીને આત્માની પ્રાપ્તિ થતી નથી. કહો, સેઠી!

મુમુક્ષુ :- થઈ ગઈ હોય તો?

ઉત્તર :- થઈ હોય નહિ ત્રણ કાળમાં. મિથ્યાત્વ છે. મિથ્યાત્વ થયું હોય. સમજાણું આમાં?

'**કારણ કે વસ્તુ સર્વથા એકાંત પક્ષનો વિષય નથી...**' વસ્તુ એવી નથી, વસ્તુ એવી નથી. તદ્દન અશુદ્ધ માને પર્યાયમાં અને ત્રિકાળને અશુદ્ધ માને એ વસ્તુ નથી. એક જ ગુણવાળી માને એ વસ્તુ નથી. એકલું ધ્રુવ માને અને પર્યાય ન માને એ વસ્તુ જ નથી.

એકલો અભેદ માને અને ભેદ ન માને એ વસ્તુ એવી નથી. સમજાણું કાંઈ? એકાંત નિત્ય જ માને અને પર્યાય અનિત્ય ન માને એ વસ્તુ નથી. એકાંત અનિત્ય માને અને નિત્ય ન માને એ વસ્તુ એવી નથી. એમ કહે છે અહીં. આહાહા..! શાંતિથી, ધીરેથી (સમજવું). બાપા! આમાં માંડ અવસર આવા આવ્યા. માણસપણા ભાઈ! આ પાછા જાશે હાથ નહિ આવે, હોં! આ દુનિયાને લઈને તને કોઈ આડ નહિ શરણ આપશે કોઈ. અમે આટલાને સમજાવ્યા હતા અને એટલા મારા પક્ષમાં છે. પક્ષ ત્યાં ક્યાં અંદર ગરી જાય એવો છે. મેં આટલાને રાખ્યા હતા, વાડા રાખ્યા હતા. રાખ્યા. પોપટભાઈ!

'**કારણ કે વસ્તુ...**' પોતે '**સર્વથા એકાંત પક્ષનો વિષય નથી...**' એ વસ્તુ જ્ઞાનમાં એકાંત પક્ષમાં આવે એવી ચીજ જ નથી. ચીજ જ અનેકાંત વસ્તુ અશુદ્ધ-શુદ્ધ, એક-અનેક, ભેદ-અભેદ, નિત્ય-અનિત્ય એવી વસ્તુ પોતે છે. સમજાણું કાંઈ? '**તોપણ તેઓ એક જ ધર્મને ગ્રહણ કરી વસ્તુની અસત્ય કલ્પના કરે છે–**' અશુદ્ધતા દેખીને બધું અશુદ્ધ જ છે એમ માને છે. એકપણું દેખીને અનેકપણું નથી એમ માને છે, અનેકપણું દેખીને એકપણું નથી જ એમ માને છે. અભેદ દેખીને ભેદ નથી જ એમ માને છે, ભેદ દેખીને અભેદ નથી એમ માને છે '**એક જ ધર્મને ગ્રહણ કરી વસ્તુની અસત્ય કલ્પના કરે છે– જે અસત્યાર્થ છે, બાધા સહિત મિથ્યાદષ્ટિ છે.**' કેટલું સરસ કહ્યું છે, લ્યો! એ તો ગાથામાં છે એના ભાવને ચાલતી ભાષામાં, ચાલતી ભાષામાં કહ્યું છે. એમના ઘરનું કાંઈ છે નહિ. સમજાણું કાંઈ? ઓલા કાઢીને કહે ના. એ આર્ષ વાક્ય નહિ. પણ ભાઈ! તું કહે ઈ આર્ષ? અને તું અર્થ કરે શાસ્ત્રના એ આર્ષ? એ કીધું ને. તું અર્થ કરે એ આર્ષ? ધન્નાલાલજી! છે ને. આહાહા..! કહો, સમજાણું?

'**આ રીતે બાર ગાથાઓમાં પીઠિકા (ભૂમિકા) છે.**' 'જયસેનાચાર્યે' કહ્યું કે બાર ગાથા પીઠિકા છે. એમાં બધું સામાન્ય તરીકે આખું 'સમયસાર'નું રહસ્ય આવી જાય છે. '**હવે આચાર્ય શુદ્ધનયને પ્રધાન કરી નિશ્ચય સમ્યક્ત્વનું સ્વરૂપ કહે છે.**' એ તો નિશ્ચયને પ્રધાને સમકિત થાય છે તો અહીં કહે છે કે હવે સમકિતનું સ્વરૂપ શું એ બતાવે છે. કેવું થયું સમકિત? ક્યારે ભૂતાર્થ અને કઈ રીતે? એ આમથી વાત લીધી.

'**આચાર્ય શુદ્ધનયને...**' મુખ્ય કરી, હોં! '**પ્રધાન કરી નિશ્ચય સમ્યક્ત્વનું સ્વરૂપ કહે છે.**' એને આશ્રયે નિશ્ચય થાય છે તેથી નિશ્ચય સમકિત એટલે સાચું સમકિત, સાચું સમકિત. નિશ્ચય એટલે સાચું સમકિત, વ્યવહાર એટલે ખોટું સમકિત. નિશ્ચય કીધો સાચો અને વ્યવહાર કીધો ખોટો. ન કીધો? ઓલો કહે છે કે વ્યવહાર સમકિત સાચું. ચોથે, પાંચમે, છઠ્ઠે વ્યવહાર સમકિત જ હોય. સાતમેથી તેરમે નિશ્ચય હોય. અરે..! ભગવાન! શું કર્યું તે આ? કાળાકેર કરી નાખ્યા. પ્રભુ! આ જૈનમાર્ગના લૂંટારા જાગ્યા. આહાહા..! અરે..! પ્રભુ! તારી વાત કોણ.. સમજાય છે? આત્માને નુકસાન કરશે, પ્રભુ! આ દુનિયામાં બિચારાને ખબર ન મળે.

સાંભળનારાને ખબર ન મળે અને એવી કાંઈક ગોઠતી વાત આવે (તો કહે), હા ભારે વાત કરી.. ભારે વાત કરી. એય..! કેસરીચંદજી! આહાહા..! દસ બોઘા, દસ બોઘલી, દસ બોઘાના બચ્ચા. ઓલો મારે ગપ્પા, ઓલો કહે સચ્ચા. દસ બેઠા બોઘલા સમજવા. બોઘલા એટલે ભાન ન મળે એવા દસ આદમી બેઠા. દસ બોઘા, દસ બોઘલી. ભાન વિનાની સ્ત્રીઓ બેઠી હોય બોઘલી એટલે. દસ બોઘા કા બચ્ચા. છોકરા દસ બોઘલા જેવા બેઠા હોય. ભાન વિનાના. માથે મારે ગપ્પા. ઓલો કહે સચ્ચા. એય..! ધન્નાલાલજી! અમારે કાઠિયાવાડમાં એ કાઠિયાવાડની એવી કહેવત છે. તમારી હશે ખરી ત્યાં. હિન્દુસ્તાનમાં એવો કોઈ શબ્દ હશે.

મુમુક્ષુ :- શબ્દફેરે..

ઉત્તર :- શબ્દફેરે હશે. શબ્દફેરે બધે હોય. બધે ચૂલામાં રાખ જ હોય.

કહે છે '**(વ્યવહારનયની) પ્રધાનતામાં જીવાદિ તત્ત્વોના શ્રદ્ધાનને સમ્યક્ત્વ કહ્યું છે તો અહીં એ જીવાદિ તત્ત્વોને શુદ્ધનય વડે જાણવાથી સમ્યક્ત્વ થાય છે એમ કહે છે.**' વ્યવહારથી કહ્યું તે સાચું નથી. એમ કહ્યું. હવે આનો વિસ્તાર કરે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૨, શુક્રવાર તા. ૧૬-૦૯-૧૯૬૬**
**શ્લોક-૫, પ્રવચન-૪૯**

બાર ગાથા પીઠિકા થઈ. હવે ૧૩મી ગાથાની આ બધી ભૂમિકા ઉપોદ્‌ઘાત ચાલે છે. હવે શું કહે છે, જુઓ! '**હવે આચાર્ય...**' ત્યાં આવ્યું છે ને? ચંદુભાઈ! ક્યાં આવ્યું છે? નથી તમારે પુસ્તક? પુસ્તક દો, એઈ..! છે પુસ્તક ઘણાં, પુસ્તક છે કે નહિ?

'**હવે આચાર્ય શુદ્ધનયને પ્રધાન કરી...**' એટલે શું? કે આ આત્મા એક સ્વરૂપે શુદ્ધ ચૈતન્ય પ્રાપ્તિ થાય એને આ શુદ્ધનયે પ્રધાન કરી કથન કહેવામાં આવે છે. વસ્તુ જ્ઞાયકસ્વરૂપ એક સ્વરૂપ આત્મા (છે). એને શુદ્ધનયે પ્રધાન કરી, એને મુખ્ય કરી, વ્યવહાર ગૌણ હોય છે અંદર '**નિશ્ચય સમ્યક્ત્વનું સ્વરૂપ કહે છે.**' શુદ્ધ ચૈતન્ય એક સમયમાં પૂર્ણ શુદ્ધ આનંદ, એની દૃષ્ટિ કરવી એનું નામ નિશ્ચય સમ્યગ્દર્શન, સાચું સમ્યગ્દર્શન, વાસ્તવિક યથાર્થ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ?

'**અશુદ્ધનયની (વ્યવહારનયની) પ્રધાનતામાં...**' એટલે કે જીવાદિના ભેદની શ્રદ્ધામાં. જીવ, અજીવ, પુણ્ય-પાપ, આસ્રવ-સંવર-નિર્જરા, બંધ અને મોક્ષ એવા નવના ભેદની શ્રદ્ધામાં. કારણ કે ૧૩મી ગાથામાં નવ આવે છે ને? ભાઈ! એટલે અહીં જરી લે છે. નવ આવે છે ને? એટલે કે વ્યવહારનયથી અશુદ્ધનય કહો કે વ્યવહારનય કહો. જુઓ! કૌંસમાં લખ્યું છે. આત્માને નવ તત્ત્વના ભેદવાળી શ્રદ્ધા તે અશુદ્ધનયથી વ્યવહારનયની પ્રધાનતામાં '**જીવાદિ તત્ત્વોના શ્રદ્ધાનને સમ્યક્ત્વ કહ્યું છે તો અહીં એ જીવાદિ તત્ત્વોને શુદ્ધનય વડે જાણવાથી સમ્યક્ત્વ થાય છે...**' કારણ કે નવ તત્ત્વના ભેદવાળી શ્રદ્ધા, એમાં વાસ્તવિક સમ્યગ્દર્શન આવતું નથી. વ્યભિચાર આવે છે. એ કહેશે અંદર. આગળ કહેશે. સમજાણું કાંઈ?

નવ તત્ત્વની, નવ-જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ એવા નવના ભેદની શ્રદ્ધા, એને સમ્યગ્દર્શન અશુદ્ધનયની એટલે કે પર્યાયનયથી એટલે કે વ્યવહારનયથી એને સમ્યગ્દર્શન કહે છે. પણ એ કાંઈ સાચું સમ્યગ્દર્શનનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? નવ તત્ત્વનો ભેદરૂપ અનુભવ મિથ્યાત્વ છે. એને અહીં સમકિત કહે છે, ભાઈ! સાંભળજો. ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્યજ્યોત એકરૂપ, એવો અંતરમાં અનુભવ થવો એ શુદ્ધનયનો વિષય એનું નામ સમ્યગ્દર્શન એ યથાર્થ છે. કારણ કે જેમ સ્વરૂપ છે તેમ તે અનુભવમાં, પ્રતીતમાં લે છે. પણ નવ તત્ત્વના ભેદવાળી શ્રદ્ધા એને સમકિત વ્યવહારનય કહે. અશુદ્ધનયની પ્રધાનતાથી. પણ ખરેખર એકલો નવ તત્ત્વનો અનુભવ ભેદવાળો તેને મિથ્યાત્વ કહે છે. અહીં તો ભાઈ! જે મિથ્યાત્વ છે એને સમકિત કહે છે, એમ અહીં કહેવું છે જરી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અનાદિનો .. માને વ્યવહાર.

ઉત્તર :- હા. નવ તત્ત્વ જીવ, અજીવ ભેદવાળી શ્રદ્ધા એ તો પરસન્મુખની સ્વ જ્ઞાયક સન્મુખથી વિપરીતતાની ભેદવાળી શ્રદ્ધા પરસન્મુખની અશુદ્ધનયથી, વ્યવહારનયથી કહે છે એ વ્યવહાર સમકિત છે. એ વાસ્તવિક સમકિત નથી. એ નથી. એ વાસ્તવિક સમકિત નથી. એ મોટો ગોટો અત્યારે આનો છે ઘણો. સમજાણું કાંઈ?

વાસ્તવિક જ્ઞાયક ચૈતન્યમૂર્તિ એક સ્વરૂપે અનંત અનંત સ્વભાવનો પિંડ, એકરૂપ એના સન્મુખ થઈને એના સન્મુખનો અનુભવ કરવો. પછી તો પરસન્મુખથી ખસવું એ તો એક અપેક્ષાએ કથન છે. સમજાય છે? ખરેખર તો સ્વભાવ સન્મુખ એકલો જ્ઞાયકભાવ ચૈતન્યમૂર્તિ, રાગની અપેક્ષા વિનાનો, નિમિત્તની અપેક્ષા વિનાનો નિરપેક્ષ ભાવ, જેને રાગની અપેક્ષા પૂર્વે હતી માટે આ છે એમ આ નથી. સમજાય છે કાંઈ? એ રાગ અને ભેદ, નવ તત્ત્વના ભેદવાળી શ્રદ્ધાની પણ જેને અપેક્ષા નથી. સમજાણું કાંઈ? કોઈ કહે કે કષાયની મંદતા પહેલી હોય એને આત્માના અનુભવમાં સહેલું પડે. સમજાણું કાંઈ? અમરચંદભાઈ! એમ છે જ નહિ. વસ્તુસ્થિતિમાં એમ નથી. રાગ, વિકલ્પ એ પરસન્મુખની દિશાનો ભાવ છે. નવ તત્ત્વની શ્રદ્ધાના ભેદવાળી શ્રદ્ધા પણ સ્વસન્મુખની વિપરીતતાની શ્રદ્ધાનો ભાવ છે. ખરેખર ભગવાન જ્ઞાયક ચૈતન્યજ્યોત એક સ્વરૂપે (છે) એનાથી વિપરીતનો, પરસન્મુખની નવ તત્ત્વની શ્રદ્ધા... એટલે કહેશે કળશમાં, નવ તત્ત્વની સંતતિ છોડીને. કારણ કે મૂળ નવ તો છે ખરાને, પાઠમાં આવવાનું છે એ બધી સંધિ કરીને કહે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવ, શુદ્ધનયની કથનીમાં એકલો ચૈતન્ય ભગવાન, એનો અંતર અનુભવ કરીને પ્રતીત કરવી એ વાસ્તવિક સમ્યગ્દર્શન અને વાસ્તવિક તત્ત્વ એને કહેવામાં આવે છે. પણ અશુદ્ધનય, વ્યવહારનય એ નવ તત્ત્વના ભેદવાળી શ્રદ્ધાના અનુભવને સમકિત કહે છે. પણ એ સમકિત છે નહિ. માટે વ્યવહાર કહ્યો. મિથ્યાત્વ છે ખરેખર તો એ. નવ તત્તવની એકાંત (શ્રદ્ધા), હોં! સ્વભાવની શ્રદ્ધા સહિત નવ તત્ત્વના ભેદવાળું જ્ઞાન હોય તો એ વ્યવહાર શ્રદ્ધા કહેવાય. જ્ઞાનની પર્યાયના વિકાસ અને શુભરાગની અપેક્ષાએ. સમજાણું કાંઈ? શ્રદ્ધાની અપેક્ષાએ નહિ. સમજાણું કાંઈ? જરા ધીરેથી સમજવા જેવી વાત છે, હોં! આ.

મુમુક્ષુ :- ૧૩મી આગળ.

ઉત્તર :- ૧૩મી તો આવે ત્યારે ખરી. પણ આ શરૂઆત છે કે નહિ?

મુમુક્ષુ :- આ ૧૩મીનો ઉપોદ્ઘાત છે.

ઉત્તર :- ઉપોદ્ઘાત છે. લ્યો ઠીક! રામજીભાઈ તમારું ૧૩નું પણ થોડું રાખે છે. એ તો આવે ત્યારે આવે ને. એને પાછું જાવું છે રવિવારે તો. કહો, સમજાણું આમાં?

ભગવાન આત્મા... કહ્યું ને? ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ' **'શુદ્ધનયને પ્રધાન કરી નિશ્ચય**

**સમ્યક્‌ત્વનું સ્વરૂપ કહે છે.**' ભગવાન જ્ઞાયક પ્રભુ એકરૂપ અભેદરૂપ, એનો અનુભવ, રાગ અને નવ તત્ત્વની શ્રદ્ધાના ભેદની અપેક્ષા વિનાનો. સમજાણું કાંઈ? એકદમ નિરપેક્ષ સમ્યગ્દર્શન સ્વભાવની અપેક્ષાની દૃષ્ટિ, પરની અપેક્ષા બિલકુલ નહિ. એવું ભગવાન આત્માનું સ્વરૂપ, તેને અનુસરીને, સ્વસન્મુખ થઈને, પરની અપેક્ષા છોડી દઈને ભગવાન કારણ પરમાત્માને લક્ષમાં–અપેક્ષામાં લઈને જે અનુભવ દર્શનનો થાય તેને સમ્યગ્દર્શન સાચું કહે છે. નિશ્ચય કહો કે સાચું કહો.

'**અશુદ્ધ નયની (વ્યવહારનયની) પ્રધાનતામાં જીવાદિ તત્ત્વોના શ્રદ્ધાનને સમ્યક્‌ત્વ કહ્યું છે...**' એ વાસ્તવિક સમકિત નથી. દેવ–ગુરુ–શાસ્ત્રની શ્રદ્ધા એ કાંઈ વાસ્તવિક સમકિત નથી. કેમકે સમ્યગ્દર્શનની પર્યાય તો શ્રદ્ધા સ્વરૂપ સ્વસન્મુખ થઈને થાય તે છે. નવ તત્ત્વની શ્રદ્ધાનો ભાગ તો જ્ઞાનની પર્યાયના ક્ષયોપશમનો ઉઘાડ છે. એમાં આ છે એમ માને છે એ વ્યવહાર છે. દેવ–ગુરુ–શાસ્ત્રની શ્રદ્ધા એ પણ કાંઈ શ્રદ્ધાનું સ્વરૂપ નથી. દેવ–ગુરુ–શાસ્ત્રની શ્રદ્ધા એ જ્ઞાનના ક્ષયોપશમની પર્યાય છે અને એમાં એ શુભરાગનો વિકલ્પ છે. એટલે ખરેખર એ કાંઈ સમ્યગ્દર્શનનું સ્વરૂપ નથી.

મુમુક્ષુ :- શ્રદ્ધા ગુણની પર્યાય જ નથી.

ઉત્તર :- શ્રદ્ધા ગુણ જ નથી. એ ચીજ જ જુદી છે. તેથી નિશ્ચય અને વ્યવહારને જુદા પાડે છે. અમરચંદભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- બધું કઠણ પડે એવું છે.

ઉત્તર :- કઠણ–બઠણ નથી કાંઈ. અહીં તો આપણે સહેલું કરી નાખીએ છીએ. કેળવી–કેળવીને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચાલે છે ને. ક્યાં હજી પૂરું નથી થયું. એ પૂરું થયું નથી કાંઈ હજી. શું કહ્યું સમજાણું?

નવ તત્ત્વની પ્રધાનતાની શ્રદ્ધામાં ભેદ રહ્યો છે. એટલે ખરેખર તો એ જાતના જ્ઞાનનો ઉઘાડ અને શુભરાગ એને ત્યાં નવ તત્ત્વની શ્રદ્ધાવાળાને સમકતિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વ્યવહાર સમકિત એ કોઈ શ્રદ્ધાની પર્યાય નથી. સમ્યગ્દર્શન જે શ્રદ્ધાગુણ ત્રિકાળ આત્મામાં છે, એની જે સમકિત પર્યાય એ તો સ્વસન્મુખની પ્રતીતિ થાય તે શ્રદ્ધાગુણની પર્યાય છે. પણ પરસન્મુખમાં નવ તત્ત્વની શ્રદ્ધા, દેવ–ગુરુ–શાસ્ત્રની શ્રદ્ધા એ પંચ મહાવ્રત આવા હોય એવી શ્રદ્ધા કે અગિયાર અંગનું જ્ઞાન એની શ્રદ્ધા એ શ્રદ્ધા સમકિત ગુણની પર્યાય નથી. સમજાણું કાંઈ? મગનભાઈ! એ તો જ્ઞાનના ક્ષયોપશમમાં પરલક્ષી એવો એક ક્ષયોપશમ થયો એમાં આવા દેવ, આવા ગુરુ, આવા શાસ્ત્ર, નવ તત્ત્વ આવા ભેદવાળા એવો ખ્યાલ એને આવ્યો. અને એની સાથે શુભરાગ છે. એને વ્યવહાર કહે છે કે એ

વ્યવહાર સમકિત છે. પણ એ વ્યવહાર સમકિતનું સ્વરૂપ જ સમ્યગ્દર્શનની પર્યાય એ નથી. સમજાણું કાંઈ? આ મોટા વાંધા અત્યારે એ લે છે ને. વ્યવહાર સમકિત તે પહેલું હોય, પછી નિશ્ચય આઠમે હોય, તેરમે હોય. અરે..! ભગવાન! તું શું કહે છો પ્રભુ?

શ્રદ્ધા નામનો આત્મામાં અનાદિઅનંત ગુણ છે. જેમ આનંદગુણ છે, જ્ઞાનગુણ છે, પ્રભુતા ગુણ છે એમ શ્રદ્ધા નામનો અનાદિઅનંત ગુણ છે. એ ગુણની પર્યાય થાય તેને સમ્યગ્દર્શનની પર્યાય કહેવામાં આવે. એ ગુણની પર્યાય કેમ થાય? કે એ શ્રદ્ધા ધરનાર આત્મા, શ્રદ્ધા આખી ચીજ એ ચીજની અંતર દૃષ્ટિ કરતાં નિર્વિકલ્પ પ્રતીતિ રાગ અને નવ તત્ત્વના ભેદની અપેક્ષા વિના એકલી ભગવાન જ્ઞાયક સ્વભાવની અપેક્ષાની દૃષ્ટિમાં લઈ અને જે સમ્યગ્દર્શન પર્યાય થાય એ શ્રદ્ધા નામના ગુણની સવળી પર્યાય છે. માટે તેને સમ્યગ્દર્શન સાચું કહેવામાં આવે છે. ભાઈ! અમારે મગનભાઈ કો'ક દિ' આવે. એ માંદા બહુ રહે એટલે પછી. શરીર અવસ્થા છે, શું થાય? શરીર કામ કરે. કહો, સમજાણું આમાં કાંઈ? એય..! નવરંગભાઈ! ઓઠીકણ બેઠા. જુઓ! આમાં સમજાણું કે નહિ?

ભગવાન આત્મા એનામાં એક સમકિત નામનો ત્રિકાળ ગુણ છે. શ્રદ્ધા નામનો. એ ગુણની પર્યાય પ્રગટ થાય તેને સમ્યક્ નિશ્ચય કહે છે. સાચું સમકિત. કેમ? કે સ્વસન્મુખ થતાં પરની અપેક્ષા છોડી, નવ તત્ત્વના ભેદની (અપેક્ષા છોડી).. પોતે કહેશે નવ તત્ત્વની સંતતિ છોડીને અમને એકલો આત્મા પ્રાપ્ત થાવ. એમ કહેશે બીજા શ્લોકમાં. છઠ્ઠા શ્લોકમાં કહેશે. આપણે તો આ પાંચમો ચાલે છે. એટલે કે વ્યવહારથી કહે કે આ સમકિત. પણ એ વ્યવહાર સમકિતનું સ્વરૂપ જ નથી. વ્યવહાર સમકિત એ સમકિતનું સ્વરૂપ જ નથી. કેમ કે પરાશ્રિત વ્યવહાર. પરાશ્રિત વ્યવહાર એમાં સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થતી જ નથી. સમજાય છે કાંઈ? ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા હો, ચાહે તો પંચ મહાવ્રત આવા હો એની શ્રદ્ધા હો, કેવળી આવા હો એવી પરલક્ષી શ્રદ્ધા હો. પણ એ બધા જ્ઞાનના ક્ષયોપશમની પરલક્ષી ક્ષયોપશમ થયો રાગની મંદતાથી અને રાગ મંદ છે તેને એ સમકિત કહેવામાં આવે. પણ ખરેખર એ સમકિતની પર્યાય નથી. જરીએ નજીક નથી. લ્યો કહો. એય..! પંડિતજી! 'પંચાધ્યાયી'માં આવે છે ને? રુચિ, શ્રદ્ધા, પ્રતીત એ જ્ઞાનની પર્યાય લીધી છે. એ જ્ઞાનની પર્યાય લીધી છે. અને સ્પર્શના એ શુભ રાગ લીધો છે વ્યવહાર ચાર. પંચાધ્યાયીકારે તો ઘણું તત્ત્વને ટૂંકામાં તર્કથી સિદ્ધ કર્યું છે. વાસ્તવિક 'સમયસાર'ને જ, હોં! એમના ઘરની એકેય વાત નથી. સમજાણું કાંઈ?

એથી કહે છે કે **'અહીં એ જીવાદિ તત્ત્વોને શુદ્ધનય વડે જાણવાથી સમ્યક્ત્વ થાય છે...'** એટલે કે આમ નવ ભેદને નહિ. અભેદ જ્ઞાયકસ્વભાવને જાણવાથી. **'એમ કહે છે ત્યાં ટીકાકાર એની સૂચનારૂપે ત્રણ શ્લોક કહે છે;...'** જુઓ! આના ત્રણ શ્લોક કહે છે. ૧૩મી ગાથાના ઉપોદઘાતમાં ત્રણ. **'તેમાં પહેલાં શ્લોકમાં એમ કહે છે કે વ્યવહારનયને**

**કથંચિત્ પ્રયોજનવાન કહ્યો...**' કહ્યું હતું ને બારમામાં? '**તોપણ તે કાંઈ વસ્તુભૂત નથી :–**' વ્યવહાર કાંઈ લાભદાયક નથી. વ્યવહાર લાભદાયક નથી. વસ્તુભૂત એટલે? વિષય ભલે હો પણ એ લાભદાયક કાંઈ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? વસ્તુભૂત એટલે નિશ્ચય વસ્તુ છે એ નથી. પણ એનો અર્થ જ એ કે લાભદાયક કાંઈ છે નહિ. અમરચંદભાઈ! શ્લોક બોલો.

**व्यवहारणनयः स्याद्यद्यपि प्राक्पदव्या-**
**मिह निहितपदानां हन्त हस्तावलम्बः।**
**तदपि परममर्थं चिच्चमत्कारमात्रं**
**परविरहितमन्तः पश्यतां नैष किञ्चित्।।५।।**

**શ્લોકાર્થ :– 'જે વ્યવહારનય છે તે જોકે આ પહેલી પદવીમાં (જ્યાં સુધી શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી)...**' એટલે કે પૂર્ણ શુદ્ધ ચૈતન્યની ૧૨મી ગાથાને હિસાબે, ભાઈ! આપણે ૧૧-૧૨ની સંધિ અને 'પંચાસ્તિકાયની' 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા. એમનો કરેલો આ કળશ છે. ૧૭૨ ગાથામાં પ્રાથમિક અવસ્થા નામ જે લીધું છે. ભાઈ! ત્યાં લીધું છે ને? ૧૭૨માં. એ પ્રાથમિક અવસ્થા ત્યાં સમ્યગ્દર્શન અને જ્ઞાનની લીધી છે. પૂર્ણ સ્થિરતા થઈ નથી એટલે એને પ્રાથમિક અવસ્થા લીધી છે. સમજાણું કાંઈ? 'અમૃતચંદ્રાચાર્ય' 'પંચાસ્તિકાય'માં મૂળ પાઠ જ શબ્દ છે. '**प्राथमिकाः**' સમજાય છે કાંઈ? એનો જ આ શબ્દ પ્રાથમિક શબ્દ પડ્યો છે. એમનો જ કળશ છે. એક ન્યાયે ૧૧-૧૨ની સંધિની અપેક્ષાએ પણ સમ્યગ્દર્શન તો પહેલું નિરપેક્ષ રાગાદિના વ્યવહારની અપેક્ષા છોડી દઈને થયું છે. પણ સ્વરૂપની સ્થિરતાની પ્રાપ્તિ હજી પૂરી થઈ નથી.

મુમુક્ષુ :– મુનિને ..

ઉત્તર :– એવી નથી થઈ. અંદર સમાધિ શાંત... ત્યાં સુધી એને નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન હોવા છતાં વ્યવહારના ભેદોના વિકલ્પો એને આવ્યા વિના રહેતા નથી. ત્યાં એમ લીધું છે ને ભાઈ! નહિ? પ્રાથમિક અવસ્થા પછી એમ લીધું છે. આ શ્રદ્ધવા યોગ્ય છે, આ શ્રદ્ધવા યોગ્ય નથી. એ પછી લીધું છે. એ બોલમાં લીધું છે. શ્રદ્ધવા યોગ્ય છે, આ શ્રદ્ધનાર છે, આ શ્રદ્ધા છે એવા ચાર-ચાર બોલ છે. શ્રદ્ધામાં, જ્ઞાનમાં, વર્તનમાં ચાર-ચાર બોલ લીધા છે. એ પણ પ્રાથમિક અવસ્થા એટલે સમ્યગ્દર્શન થયા પછીની વાત. પ્રાથમિક એને લીધી છે. સમજાણું કાંઈ? ૧૧-૧૨ની સંધિની અપેક્ષાએ પણ એ શૈલી છે. એકદમ નિરપેક્ષ પહેલું આત્માનું શુદ્ધનયના આશ્રયે એટલે સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન થયું, ૧૨મીમાં કહ્યું પણ જ્યાં સુધી પૂર્ણ સ્થિરતાને પ્રાપ્ત છે નહિ ત્યાં સુધી વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. એટલે કે સમ્યગ્દષ્ટિને શુદ્ધ ચૈતન્યના અનુભવમાં નિશ્ચય સમકિતીને પણ પૂર્ણ સ્વરૂપની પ્રાપ્તિ નથી ત્યાં સુધી એને નવ તત્ત્વના બોલોના વિકલ્પો, દેવ-ગુરુ-

શાસ્ત્રની શ્રદ્ધા અથવા એક એક શ્રદ્ધાના ચાર-ચાર બોલ. આ શ્રદ્ધા છે, આ શ્રદ્ધવા યોગ્ય છે, આ શ્રદ્ધવા યોગ્ય નથી. વગેરે એવા વિકલ્પો આવે છે એને વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'(જ્યાં સુધી શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી) જેમણે પોતાનો પગ માંડેલો છે...'** પગ માંડેલો છે. શુદ્ધ સ્વરૂપમાં દૃષ્ટિ છે પણ હજી સ્થિરતા નથી એટલે અંદર અસ્થિરતામાં શુદ્ધમાં નિર્વિકલ્પ સમાધિમાં નથી. ત્યારે એને પહેલી પદવીમાં **'એવા પુરુષોને, અરેરે!'** સિદ્ધ કરે છે આચાર્ય. **'હસ્તવાલંબ તુલ્ય કહ્યો છે,...'** નિમિત્ત તરીકે એવા વ્યવહારના વિકલ્પો પૂર્ણ શુદ્ધ સ્વરૂપ ન થાય ત્યાં સુધી આવા આવે છે. ખેદ છે, કહે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા. શું કરે? એના વિના એકદમ સીધું જવાતું નથી. એવા વચ્ચે આવે છે. આવે છે વિકલ્પો. સમજાણું કાંઈ?

એક અર્થ એ કર્યો. પ્રાથમિક અવસ્થા. 'અમૃતચંદ્રાચાર્ય'ની શૈલી અને આ ૧૧-૧૨ની સંધિ. એક બીજો અર્થ કળશકાર કહે છે એ ૮મી ગાથાની શૈલીની વાત કરે છે કળશકાર. કાંઈ પણ સમજ્યો નથી એને એમ સમજાવવું પડે કે આ જ્ઞાન તે આત્મા, આ દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા. એવો પહેલો વ્યવહાર એને વ્યવહારથી સમજાવવું પડે. બીજો કોઈ ઉપાય નથી. એ ૮મી ગાથાની શૈલી છે. દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય. જુઓ! વ્યવહાર આવ્યો. પણ વ્યવહાર આવ્યો છતાં એ કહેનારને અનુસરવા લાયક નથી. એને કહે છે કે જો એવો એ આત્મા. એમ વ્યવહાર પહેલો સમજવામાં, સમજાવવામાં આવે છે. સમજાણું કાંઈ? ખેદ છે કે એવો ભાવ (આવે છે). પહેલા વિકલ્પથી લક્ષ કરે છે પણ અહીં જાવું છે એને વિકલ્પનું અનુસરણ કરવું નહિ. સમજાણું કાંઈ?

બહુ વાત એવી છે કે આમ આત્મા ગમે તેવો અજાણ્યો માણસ હોય. પણ એને એકદમ આત્મા-આત્મા કરે તો સમજે નહિ. ત્યારે એને કહે કે, ભાઈ! આ વિશ્વાસ કરે છે ને એ આત્મા, હોં! જાણે છે ને એ આત્મા. એક એક ગુણને જુદો પાડીને (સમજાવે). સ્થિર થાય છે ને એ આત્મા. એમ ત્રણ ભેદ વડે એવો ભેદનો વિકલ્પ સમજાવનારને અને સમજનારને આવો એક આવે છે. પણ એ વિકલ્પમાં આવીને એને સમજવું છે તો અભેદ. સમજાય છે? પણ આવો પહેલો બોલ ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ સમજાવનાર સમજાવે છે અને ઓલો લક્ષમાં લે છે. ત્યારે આ આત્મા જ્ઞાન તે આત્મા (એમ કહેતાં) ભેદ પડી ગયો. લક્ષણ જ્ઞાન અને આત્મા લક્ષ એ ભેદ પડી ગયો. સમજાણું? બહુ ટૂંકામાં જ્યારે કહ્યું ૧૦મી ગાથા.

મુમુક્ષુ :- (સમ્યગ્દર્શન) પહેલાની..

ઉત્તર :- આ બીજી વાત પહેલાની કીધી. પહેલી કીધી સમ્યગ્દર્શન-જ્ઞાન પછીની. બેય વાત કરી. પહેલી કીધી એ ૧૧-૧૨ની સંધિની અપેક્ષાની અને 'પંચાસ્તિકાય'ના 'અમૃતચંદ્રાચાર્ય'ની ૧૭૨ ગાથાની ટીકાની. સમજાણું કાંઈ? ૧૭૨ ટીકા છે ને? ૧૭૨. **'અનાદિકાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે પ્રાથમિક જીવો વ્યવહારનયે ભિન્ન સાધ્યસાધનભાવને અવલંબીને...'** એટલે નિશ્ચય તો છે, ભાઈ! એકાંત ભિન્ન સાધ્યસાધનને તો પછી વ્યવહારભાસમાં (નાખશે). અહીંયાં ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એવી દૃષ્ટિ થઈ છે. પણ પ્રથમ ભૂમિકામાં એટલે સ્વરૂપની સ્થિરતા નથી. ત્યાં ભિન્ન સાધન એને સાધનવ્યવહાર, ભિન્ન સાધન નિશ્ચય ભિન્ન. એવા વિકલ્પો એને આવે છે. જુઓ! એ '**સુખે કરીને તીર્થની શરૂઆત કરે છે. જેમ કે (૧) આ શ્રદ્ધેય (શ્રદ્ધવાયોગ્ય) છે, (૨) આ અશ્રદ્ધેય છે, (૩) આ શ્રદ્ધનાર છે, (૪) આ શ્રદ્ધાન છે.**' એ ચાર બોલના વિકલ્પો સમ્યગ્દર્શન-જ્ઞાન થયા છતાં પણ એવા આવે છે. એને વ્યવહાર કહેવામાં આવે છે. એને પ્રથમ ભૂમિકાની દશામાં વ્યવહાર છે એમ કહેવામાં આવે છે. પૂરી દશા નિર્વિકલ્પ થઈ નથી એટલે એને પ્રથમ દશા ત્યાં ૧૭૨માં લીધી 'અમૃતચંદ્રાચાર્યે' પોતે. તે 'અમૃતચંદ્રાચાર્ય'નો કળશ છે. પ્રાથમિક અવસ્થા એમ છે ને શબ્દમાં? **'प्राक्पदव्या' 'द्यपि प्राक्पदव्या-'** છે ને? બસ, પ્રાપ્ત કહો કે પહેલી કહો. પણ એક ન્યાય જરી કળશકારે એવો લીધો છે. ૮મીની શરૂઆતનો અને દસમી. કોઈપણ તદ્દન અજાણ છે એને આટલું ભેદથી કહેવું પડે, પણ લક્ષ તો અભેદનું કરાવવું છે, હોં! આ ભેદનો આશ્રય છોડાવવો છે. નહિતર લાગુ પડે નહિ.

ભાઈ! આ દર્શન-જ્ઞાન-ચારિત્રને આત્મા પ્રાપ્ત થાય. એમ કરીને એનું અભેદ ઉપર લક્ષ જાય કે આવો વ્યવહાર વિકલ્પ પહેલો સમજવા માટે આવે છે. પછી કહે છે, '**हन्त**' ખેદ છે કે આટલું આવે છે. બાકી તો એને અડ્યા વિના અંદર જઈએ એવી અમારી સ્થિતિ છે. પણ શું કરે આવો ભાવ આવ્યા વિના રહેતો નથી. ખેદ છે. 'અમૃતચંદ્રાચાર્ય' (કહે છે). સમજાણું કાંઈ? અથવા સમ્યગ્દર્શન-જ્ઞાન થયા છતાં સ્વરૂપનું આચરણ એટલું પ્રગટ્યા છતાં આવા વિકલ્પો પૂર્ણ સ્થિરતા ન હોય તો આવ્યા વિના રહેતા નથી. ખેદ છે કે આવા વચ્ચે આવે (છે). નહિતર એને અડીએ નહિ, અમે સ્થિરતા સીધી કરી લઈએ. સમજાણું કાંઈ? કારણ કે વ્યવહારને અભૂતાર્થ કહ્યો છે, ભગવાન 'કુંદકુંદાચાર્યે'. તો અભૂતાર્થનો આશ્રય લઈને ભૂતાર્થ થાય એમ છે નહિ. એટલે ખેદ કીધો છે. અરે..! વ્યવહાર અભૂતાર્થ છે. પણ એ આ રીતે સમજવામાં એવો પહેલો જ્ઞાનનો ઉઘાડ અને વિકલ્પ આવે છે. સ્થિરતા ન હોય ત્યારે પણ એવા વિકલ્પો આવે છે. એ બેયની અપેક્ષાએ વ્યવહાર કહેવામાં આવે છે. ઓલો ખરો વ્યવહાર નથી પહેલો કીધો એ. કારણ કે નિશ્ચય પ્રગટ્યા વિનાને વ્યવહાર કહેવાતો નથી. કહો, ચંદુભાઈ!

અરે..! મૂળ તત્ત્વને શોધવામાં એની નજરું નહિ, એની કિંમત નહિ. અને બહાર એમ ને એમ રખડ્યા કરે છે. આમ છે ને આમ છે ને આમ થાય. ક્યાંય જીવનો પત્તો ખાય નહિ અને એની મુક્તિ થાય નહિ. સમજાણું કાંઈ? સમ્યક્ ભાન વિના, સમ્યક્ સ્વસન્મુખના ભાન વિના પરસન્મુખ નામ રાગ અને વિકલ્પ કરીને મરી ગયો અનંત કાળથી. પછી કહે, અમને સમકિત સમજાય નહિ. વળી .. માટે સમકિત હશે કે નહિ એ ભગવાન જાણે. આપણે વ્રત લઈ લ્યો. પણ સમકિત હશે નહિ એ શંકા તારું મિથ્યાત્વ બતાવે છે. સાંભળને! અજ્ઞાનના દોષો ત્રણ છે. સંશય, વિપરીત અને અનધ્યવસાય. એ જ બતાવે છે. અમને ખબર ન પડે એટલે કોણ જાણે હોય કે નહિ. એ જ બતાડે છે કે તું મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છો. એમાં પ્રશ્ન ક્યાં કરવો છે? કહો, સમજાણું આમાં? આહાહા..!

કહે છે કે '**જેમણે પોતાનો પગ માંડેલો છે...**' એના બે અર્થ કર્યા કે સમ્યગ્દર્શન-જ્ઞાન થયું છે છતાં હજી સન્માર્ગ સન્મુખ થઈ ગયો છે. પણ હજી પૂર્ણ ચારિત્રની પ્રાપ્તિ થઈ નથી. એ કહ્યું છે હોં આમાં. કળશટીકાકારે. 'પરમ અધ્યાત્મ તરંગિણી'. સન્મુખ શબ્દ છે. એમાં સન્મુખ શબ્દ છે, હોં! છે ને? '**प्राथमिकानां व्यवहारनयोपयोगिलां प्रदर्श्य निश्चयात्मकानां निश्चयं निश्चिनोति हंत इति वाक्यालंकारे, इह जगति, यद्यपि व्यवहरणनयः – व्यवहाराख्यो नयः, हस्तावलंबः – करावलंबनं, स्यात् – भवति, केषां निहितपदानां – निहिंत आरोपितं, पदं – स्थानं सन्मार्गे यैस्ते तथोक्ताः**' '**पदं – स्थानं सन्मार्गे यैस्ते तथोक्ताः**' સન્માર્ગમાં તો છે પણ સ્થિર થયો નથી. સમજાણું કાંઈ? છે જુઓ! '**લધ્પળર્ઉી પેશ્નટજ્ઞ**'. વાત એવી છે કે એનું સ્વરૂપ જે રીતે છે એમ એણે સમજવું જોઈએ. મેં માન્યું છે એમ સિદ્ધ થાય એમ ન કામ આવે. ધન્નાલાલજી ગયા, નહિ? મેં માન્યું છે અને અમને આમ ઠીક પડે, આ બધાને આમ ઠીક પડે માટે આમ જોઈએ, એમ ન હોય, ભાઈ! સમજાણું કાંઈ? અથવા ઘણાં માન્યતાવાળા આવા છે અને ઘણાંઓને આ રીતે લાભ થાય એમ બને નહિ. સમજાણું કાંઈ?

યશોવિજયજીમાં એમ કહે છે. 'વ્યવહારે.. બહુ દળ દિસે જીવના વ્યવહારે ...' એમ હોય નહિ. એમ લખ્યું છે પોતાના પદમાં. બધું વાંચ્યું છે ને અમે. ત્યાં ચિહ્ન પણ કર્યા છે. યશોવિજય થઈ ગયા છે ને. એ લોકો તો વ્યવહાર પહેલો અને પછી નિશ્ચય એમ કહેવા માગે છે ને આખો સિદ્ધાંત. એટલે એણે કહ્યું કે વ્યવહારે 'બહુ દળ દિસે જીવના વ્યવહારે શિવયોગ' ઘણા જીવનો સમૂહ તો વ્યવહારે મુક્તિ પામે એમ આવશ્યક પાઠમાં કહ્યું છે. એમ કહ્યું છે એમણે. ખોટી વાત છે. એમ હોઈ શકે જ નહિ. ત્રણ કાળમાં એક જ સિદ્ધાંત-'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની' જુઓ! આ સંતોનું વાક્ય. સમજાણું કાંઈ? છે અહીં ક્યાંક નહિ પદ? ઉપર હશે, જુઓ! ઓલી કોર. મહાસિદ્ધાંત છે ઉપર. 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની'. ત્રણ કાળમાં એક જ રીત છે.

ઘણા જીવનો ભાગ વ્યવહારથી પામે અને થોડા નિશ્ચયથી પામે એમ હોઈ શકે નહિ. વ્યવહાર પરાશ્રયથી સ્વઆશ્રયની પૂર્ણતા પામે એમ કોઈ દિ' હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

કહે છે, પહેલી પદવીમાં '**જેમણે પોતાનો પગ માંડેલો છે...**' સ્વરૂપની સન્મુખ છે. દૃષ્ટિ થઈ છે, સ્થિરતા થઈ નથી '**એવા પુરુષોને, અરેરે! હસ્તાવલંબ તુલ્ય કહ્યો છે,...**' ૧૧મી ગાથામાં કહ્યું ને કે વ્યવહારનયને હસ્તાવલંબ તરીકે જૈન શાસ્ત્રમાં પણ વર્ણવ્યો છે પણ એનું ફળ સંસાર છે. 'જયચંદ્ર પંડિતે' કહ્યું ને? અનાદિ ભેદનો પક્ષ છે નવ તત્ત્વના ભેદથી શ્રદ્ધા લાભ થાય એવો પક્ષ અનાદિનો છે. ભેદનો પક્ષ છે અને માહોમાંહે પ્રરૂપણા પણ આચાર્ય તરીકે કરે છે. એમ હોય... એમ હોય... પાધરા થતા હશે? એલ.એલ.બી. થઈ જવાતા હશે? પહેલું આમ ભણાય, ઢીકણું આમ ભણાય. ઓલા સાંભળનાર એમ કહે હા..! એમ એકબીજા પરસ્પર માહોમાંહે ભેદનો જ ઉપદેશ કરે છે. બે (વાત). અને ત્રીજું જૈનશાસનમાં પણ લખાણમાં શુદ્ધનયનું નિમિત્ત દેખીને, હસ્તાવલંબ દેખીને નિમિત્તનો ઉપદેશ ઘણો કર્યો છે. પણ એ ત્રણેનું ફળ સંસાર છે. ૧૧મી ગાથામાં આવી ગયું. સમજાણું કાંઈ? પછી શાસ્ત્રના આધાર આપે કે આ લખ્યું. પણ લખ્યું કઈ નયનું કથન? અમરચંદભાઈ!

મુમુક્ષુ :- નયના જ્ઞાન...

ઉત્તર :- નયના જ્ઞાન ન મળે. લખ્યા તો બધા લખ્યા છે. કઈ નયનું વચન છે? કઈ નયના ફળસ્વરૂપે છે? એમ જાણ્યા વિના... નયનો એક શ્લોક પણ આવે છે ને? પંડિતજી! નયચક્રમાં આવે છે ને? નય સમજ્યા વિના એમ કે.. એક શ્લોક આવે છે. કુનય થઈ જાય. એવું આવે છે કાંઈક. નહિ?

મુમુક્ષુ :- મિથ્યાવાદ...

ઉત્તર :- મિથ્યાવાદ એ જુદું. આ તો એક આવે છે. નયને સમજ્યા વિના હેયનું ઉપાદેય થઈ જાય અને ઉપાદેયનું હેય થઈ જાય. એવો શ્લોક આવે છે. કાંઈ બધું યાદ રહે છે? 'નયચક્ર'માં આવે છે. આપણને ભાવ યાદ રહે પણ ગાથા યાદ રહેતી નથી.

મુમુક્ષુ :- ... આવે છે. .. બીજી નય યોગ્ય માને..

ઉત્તર :- હા. ઈ. ત્યાં એ આવે છે. યોગ્યને અયોગ્ય માની લે અને અયોગ્યને યોગ્ય (માને). એ 'નયચક્ર'માં છે. હા એ. અયુક્તને યુક્તમાન થઈ જાય છે અને યુક્તને અયુક્તમાન (થઈ જાય છે). વસ્તુની ખબર ન મળે. વ્યવહાર શું? નિશ્ચય શું? ઉપાદાન શું? નિમિત્ત શું? શુદ્ધ નિરપેક્ષ શું? રાગની અપેક્ષાવાળાનું કથન શું? એવા નયના ખબર વિના વ્યાજબી તે અવ્યાજબી થઈ જાય છે અને અવ્યાજબી તે વ્યાજબી થઈ જાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- 'ધવલ'માં લગભગ દરેક ઠેકાણે આવે છે.

ઉત્તર :- આવે ને. પણ એ તો મૂળ ચીજ છે કે નહિ? હવે એને તો મૂકી દીધું. બાપા! જે નયના કથન છે તેનું હાર્દ જાણવું જોઈએ. એમ ને એમ કહ્યા કરે એ તો

અનંત કાળથી તું મથ્યો છો બહારની વાતને સ્થાપવા.

અહીં કહે છે, **'અરેરે! હસ્તાવલંબ તુલ્ય કહ્યો છે,...'** ત્યાં હસ્તાવલંબ શબ્દ મૂક્યો છે ને ૧૧મી ગાથામાં? કૌંસમાં હસ્તાવલંબ મૂક્યો છે. છે ને? ૧૧મી ગાથામાં છે, જુઓ! **'પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે...'** ૨૬ પાનું છે આમાં ગુજરાતી. **'પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે...'** જુઓ! નવ તત્ત્વનો ભેદ, દેવ-ગુરુ-શાસ્ત્રના રાગનો ભેદ એવી શ્રદ્ધા તો અનાદિની છે. **'અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે.'** માહોમાંહે કહે, હા બરાબર છે. પહેલું તો એમ થાય, આમ થાય, પહેલું આમ જોઈએ, પહેલું આમ જોઈએ. એલ.એલ.બી. થઈ જવાતા હશે? પેલો કહે, હા.

**'વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ...'** જુઓ ભાષા! કૌંસમાં. **'(સહાયક) જાણી બહુ કર્યો છે; પણ એનું ફળ સંસાર જ છે.'** ત્રણેનું ફળ સંસાર છે. આવું શું કરે છે? પણ શું કરે? સાંભળને! સમજાવવામાં પહેલો વિકલ્પ આવ્યા વિના રહેતો નથી. પણ એ વિકલ્પનું ફળ તો સંસાર છે. સમજાણું કાંઈ? અમરચંદભાઈ! સ્વભાવની દૃષ્ટિ, સ્થિરતા ન હોય ત્યાં સુધી. દૃષ્ટિ થઈ અને સ્થિરતા ન થાય ત્યારે એવા ભાવ આવે કે આ શ્રદ્ધવા યોગ્ય છે. પણ એ વિકલ્પ છે. એનું ફળ તો બંધ જ છે. પણ એ વચમાં આવ્યા વિના રહેતો નથી. એથી શાસ્ત્રકારે એને સહાયક તરીકે, નિમિત્ત તરીકે હસ્તાવલંબ કહ્યો છે. આહાહા..! ભારે વાતું. કહો, ચંદુભાઈ!

**'તોપણ...'** આમ છે તોપણ **'જે પુરુષો ચૈતન્ય-ચમત્કારમાત્ર...'** ભગવાન ચૈતન્યપ્રકાશમૂર્તિ, ચૈતન્યસૂર્ય એકલો પ્રકાશનો પૂંજ પ્રભુ આત્મા. **'પરદ્રવ્યભાવોથી રહિત...'** સમજાવે છે. જેમાં પરદ્રવ્ય અને પરદ્રવ્યના ભાવ નથી એવા **'(શુદ્ધનયના વિષયભૂત)...'** જુઓ! અહીંયાં વિષય કહ્યો. બાકી વસ્તુ તો એક છે. પણ સમજાવવું છે ને. ૧૧મી ગાથામાં કહ્યું, શુદ્ધનય તે જ ભૂતાર્થ છે. પણ અહીં વિષય કહ્યો. ઓલો વ્યવહારનો વિષય આદિ છે ને તે શુદ્ધનો વિષય અભેદ કહ્યો. **'(શુદ્ધનયના વિષયભૂત) પરમ 'અર્થ'ને...'** પરમ પદાર્થ ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ એકરૂપ સ્વભાવ, એને **'અંતરંગમાં અવલોકે છે,...'** અંતરમાં અનુભવે છે, નિર્વિકલ્પ થઈને આનંદના વેદનમાં અનુભવે છે. **'(શુદ્ધનયના વિષયભૂત) પરમ...'** પદાર્થ જ્ઞાયકભાવ, એને **'અંતરંગમાં...'** અનુભવે છે, વેદે છે, નિર્વિકલ્પ શાંતિની સમાધિમાં અનુભવમાં પડ્યો છે. સમજાય છે? **'તેની શ્રદ્ધા કરે છે...'** તેની એટલે જ્ઞાયકભાવની.

**'તથા તદ્રૂપ લીન થઈ ચારિત્રભાવને પ્રાપ્ત થાય છે...'** સ્વરૂપની લીનતા થઈ ગઈ છે. **'તેમને એ વ્યવહારનય કાંઈ પણ પ્રયોજનવાન નથી.'** એટલે કે તેને વ્યવહાર હોતો નથી. એમ કહેવું છે. સમજાણું કાંઈ? અરે..! શાસ્ત્રના અર્થને સમજવા... ગોટા આ ઉઠ્યા છે ને બધા. શાસ્ત્રના અર્થ કરવાની પદ્ધતિની રીત જાણ્યા વિના (ગોટા ઉઠ્યા). તેથી 'મોક્ષમાર્ગ

પ્રકાશક'માં કહ્યું ને. શાસ્ત્રના આમ અર્થ કરવા, ભાઈ! જ્યાં નિશ્ચયનયથી કથન હોય તેને સત્યાર્થ છે એમ સમજવું. વ્યવહારનયથી કથન છે ત્યાં એમ નથી. ઉપચારથી અપેક્ષાએ અન્યથા કથન કર્યું છે. હવે આ શાસ્ત્રને સમજવાની, અર્થ કરવાની રીત પક્ષમાં લીધા વિના વાંચ્યા જ કરે તો પાર કોઈ દિ' આવે નહિ. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં તો 'ટોડરમલજી'એ બહુ સ્પષ્ટ કર્યું છે. પણ શું થાય? ઘણાંને અભિમાન થઈ જાય ને અમે મોટા પંડિત છીએ. એ પંડિતનું કોણ માને? ભાઈ! એ પંડિતે ઘરનું નથી કહ્યું. એમણે શાસ્ત્રના સામાન્ય ભાવમાં ગૂઢપણું શું ભર્યું છે એને ખોલ્યું છે. ખોલ્યું છે. સાધારણ જનતાને ખ્યાલ ન આવે (એટલે) ખોલ્યું છે. જ્યાં જ્યાં સ્વઆશ્રય, અભેદ આશ્રિત, સત્ય આશ્રિત વાત કરવી હોય તેને તેમ જાણવું. જ્યાં નિમિત્ત સાપેક્ષ, ભેદ સાપેક્ષ એવી વાતું વ્યવહારથી કરી હોય તેને એમ જાણવું કે એમ નથી. પણ ઉપચારથી અપેક્ષાએ અન્યથા વાત કરી તેને નિમિત્તનું જ્ઞાન કરાવવા એ કથન કર્યું છે. આ પદ્ધતિ લક્ષમાં રાખ્યા વિના શાસ્ત્રના અર્થ કરે એ ખોટા થયા વિના રહે નહિ. સમજાણું કાંઈ?

**'ચારિત્રભાવને પ્રાપ્ત થાય છે...'** એવી શૈલી લીધી ભાઈ ૧૨મી ગાથાની. શ્રદ્ધા-જ્ઞાનને પ્રાપ્ત થયો પણ ચારિત્રની પૂર્ણતા થઈ નથી તેને વ્યવહારનય હોય છે. સમજાય છે ને. એ શૈલી આવી હતી ત્યાં. ભગવાન આત્મા પહેલો તો નિરપેક્ષ શુદ્ધનયના વિષયને પકડી અને અનુભવ સમ્યગ્દર્શન થયું પછી સ્થિરતામાં કચાશ છે, ચારિત્રની પૂર્ણતા નથી એથી ચારિત્રમાં પરસમયનો વિકલ્પ આવા પ્રકારનો આવે છે. જેને 'પંચાસ્તિકાય'માં પરસમય કહ્યો ભાઈ! સૂક્ષ્મ પરસમય. આવે એ વ્યવહાર. પણ અરેરે..! જે સ્વરૂપમાં ઠરે છે એને એવા વ્યવહારનું કાંઈ પ્રયોજન એટલે વ્યવહાર હોતો નથી. પણ વચ્ચે આવું આવ્યા વિના નિશ્ચયનું ભાન, સ્વસન્મુખનું ભાન, મોક્ષમાર્ગ થયો છતાં વચ્ચે વ્યવહાર આવ્યા વિના, પૂર્ણ સ્થિરતા નથી એટલે આવ્યા વિના રહેતો નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, ના કાંઈ ખબર ન મળે. નિશ્ચયમાં વ્યવહાર નહિ અને વ્યવહારમાં નિશ્ચય નહિ. સમ્યગ્દૃષ્ટિ નિશ્ચયમાં લીન અને વ્યવહારથી મુક્ત. એ વાત કરી હતી પહેલી 'સમયસાર નાટક'ની. અધ્યવસાયના કળશની અંદર. સમજાણું કાંઈ? 'બનારસીદાસે' ઘણાં કામ કર્યા છે. બંધ અધિકાર.

**'અસંખ્યાત લોક પરવાંન જે મિથ્યાત્વ ભાવ,**
**તેઈ વિવહારભાવ કેવલી-ઉકત હૈ.'**

વ્યવહારથી લાભ માનવાના જેટલા પ્રકાર છે એ બધા મિથ્યાત્વભાવ છે. વિકલ્પથી, નિમિત્તથી શુદ્ધ તત્ત્વને લાભ થાય (એવા) જેટલા પ્રકારના અસંખ્ય ભાવ ઊભા થાય એ બધા મિથ્યાત્વભાવ છે.

**‘તેઈ વિવહારભાવ કેવલી-ઉક્ત હૈ.**
**જિન્હકૌ મિથ્યાત્વ ગયૌ સમ્યક્ દરસ ભયો,**
**તે નિયત-લીન વિવહારસૌં મુક્ત હૈ.’**

વ્યવહાર છે ખરો, વ્યવહાર છે ખરો પણ નિશ્ચયની દૃષ્ટિની પરિણતિમાં વ્યવહારથી મુક્ત છે. નિશ્ચય અને વ્યવહાર એક થઈ ગયા નથી, એમ ભાઈ કહે છે આમાં. આહાહા..! ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ કરીને ઠરે છે ત્યારે સમ્યગ્દૃષ્ટિ તો નિશ્ચયનો જ આદર (કરે છે) અને (તેમાં જ) લીન છે. પણ વચ્ચે આવા વિકલ્પો હોય છે. પણ નિશ્ચય અને વ્યવહાર વચ્ચે સંધિ છે. બે એક થયા નથી. માટે સમ્યગ્દૃષ્ટિ વ્યવહારથી મુક્ત છે. મુક્તનો અર્થ વ્યવહાર ત્યાં નથી એમ નહિ. પર્યાયમાં નિશ્ચયની પરિણતિમાં વિકલ્પની પરિણતિનો અભાવ છે. સમજાણું કાંઈ?

આ વાત વિચારે નહિ. જે અનંત કાળનો સંસાર છેદનો ઉપાય છે. આહાહા..! જે સ્વભાવમાં સંસાર નથી એવા શુદ્ધ સ્વભાવનો અંતર આશ્રય લઈ, અનુભવ દૃષ્ટિ થઈ એ સમ્યગ્દૃષ્ટિ છે. એને વ્યવહાર હોય છે. પણ અંદર દૃષ્ટિના વિષયમાં વ્યવહાર નથી અને દૃષ્ટિની પરિણતિમાં વ્યવહાર નથી. આહાહા..! સમજાણું કાંઈ? કેમકે દૃષ્ટિ સમ્યક્ છે એનો વિષય તો શુદ્ધ આખું તત્ત્વ છે. એમાં એ વ્યવહાર નથી. તેમ સ્વરૂપની દૃષ્ટિ અનુભવ જ્ઞાતા-દૃષ્ટા છું. બીજું કોઈ મારું સ્વરૂપ જ નથી. એમ થતાં વિકલ્પ આદિ વ્યવહાર હોય છે. પણ અહીં નિશ્ચયની પરિણતિમાં રાગની પરિણતિનો અભાવ છે. સમજાણું કાંઈ? કહો, અમરચંદભાઈ! આહાહા..! પણ હવે એને વાદવિવાદે ચડે પ્રભુ! તો પાર આવે એવું નથી. શબ્દોમાં લખાણ શાસ્ત્રના એટલા હોય. કઈ પદ્ધતિના લખાણ છે, કઈ નયના લખાણ છે, ક્યાંક એને વ્યવહારથી લાભ થાય એમ કહે, વ્યવહાર સાધન છે એમ કહે, વ્યવહાર કારણ છે એમ કહે, વ્યવહાર હેતુ છે એમ કહે. સમજાય છે? પણ એ બધા કથનો વ્યવહારના છે, અભૂતાર્થનયના છે. સાચા નથી. તો કેમ કર્યા? પણ એ આવ્યા વિના રહેતું નથી એટલે કર્યા છે. આહા..! સમજાણું કાંઈ?

‘**પરમ અર્થને અંતરંગમાં અવલોકે છે,...**’ અનુભવે, વેદે છે. ભગવાન આત્માની દૃષ્ટિ તો થઈ છે. પછી સ્વરૂપની શ્રદ્ધા જ્ઞાન થયા છે. સ્વરૂપમાં લીન થઈને વર્તે છે એને પર્યાયમાં વિકલ્પનો ભાગ છે જ નહિ. એટલે તેમને એ વ્યવહારનય કાંઈપણ પ્રયોજનવાન નથી એટલે કે પ્રમાણજ્ઞાન કરવા માટે, યોજવા માટે વ્યવહાર રહ્યો નહિ. છે જ નહિ. અંદર ધ્યાનમાં આનંદમાં છે. સમજાણું કાંઈ? ‘**नैष किञ्चित्**’ ‘**नैष किञ्चित्**’ નથી એટલું. એનો અર્થ નથી. નથી. નથી કાંઈ, એમ. સ્વરૂપમાં અનુભવમાં ઠર્યો એને આ વિકલ્પનો ભેદ અને લક્ષ છે જ નહિ. સમજાણું? પણ એ દશા ન હોય ત્યાં સુધી તેને વચ્ચે વિકલ્પના વ્યવહારના ભાવ આવે છે. નિમિત્ત તરીકે તેને કહ્યું છે પણ છે તો એ બંધનું કારણ. સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિને એ રાગનો વ્યવહાર પરજ્ઞેય તરીકે જાણવામાં છે. સ્વજ્ઞેય તરીકે જ્ઞાયકને જાણતો જે સ્થિરતા અને દૃષ્ટિ જેટલી થઈ છે, એમાં જેટલા વિકલ્પ ઊઠે પરજ્ઞેય તરીકે એને જાણે છે. કેમકે વ્યવહાર પરઆશ્રય છે, નિશ્ચય સ્વઆશ્રિત છે. સમજાણું કાંઈ? બે વચ્ચે આંતરા છે. અત્યંત અભાવ છે. વિકલ્પનો ભાવ અને નિશ્ચયના ભાવ વચ્ચે અત્યંત અભાવ છે. આહાહા..! અરે..! પણ એને ઘરની વાત આ રીતે મળે નહિ એ પ્રયોગ કે દિ' કરે? રામસ્વરૂપજી!

ભગવાનનો માર્ગ, એની રીત એને કાન પડે નહિ. એને ખ્યાલમાં આવે નહિ કે માર્ગ તો આ છે. અહીંથી ખસીને અહીં જવું. આવે છે છતાં ત્યાંથી ખસવું છે અને અહીં રહેવું છે. એવું ખ્યાલમાં, શ્રદ્ધામાં, વ્યવહાર શ્રદ્ધામાં ન આવે એ સ્વસન્મુખનો પ્રયત્નનો પ્રયોગ કઈ રીતે કરે? સમજાણું કાંઈ? એમ ને એમ બહારમાં ગૂંચવણ ગૂંચવણ કરી. શાસ્ત્ર આમ કહે છે અને ફલાણા આમ કહે છે અને વ્યવહારથી આમ કહ્યું, ફલાણું આમ કહ્યું. જિંદગી પૂરી થઈ જાય. મગનભાઈ! આહાહા..! માંડ માંડ મનુષ્યનો અવતાર મળ્યો. કોઈ સામું જોવે એવું નથી ત્યાં. ચોર્યાશીના અવતારની પાટું પડી છે મોટી. આહાહા..!

મુમુક્ષુ :- અત્યારે કોણ જોવે છે?

ઉત્તર :- અત્યારે કોણ રૂપિયા બધા બે-પાંચ કરોડ પડ્યા હોય. ક્યાં ગયા? મલૂકચંદભાઈ! ટાંગો દુઃખે ત્યારે આવે છે ન્યાં કાંઈ? હમણાં ટાંગો મોટો આવો થઈ ગયો હતો, અમદાવાદમાં.

મુમુક્ષુ :- પણ એ સાજો હોય તોપણ ક્યાં રહે છે?

ઉત્તર :- સાજો હોય ત્યારે વાંધો નહિ. પણ આવું હોય ત્યારે કોઈ સંભારે, કોઈ ઠીક હોય તો સેવા કરે. કોણ કરે ત્યાં પણ? ધૂળ રજકણ પોતાની સ્વતંત્ર પર્યાયે પરિણમે છે. એને બીજો અડે નહિ તો કરે કોણ? આહાહા..! પણ એ માને છે કે બાયડી હોય તો છોકરા.. અરે..! માવજત કરનારા હોય તો ફેર પડે. આ મૂઢ બોલે. માવજત કરનાર હોય તો રોગમાં ફેર પડી જાય. એમ હશે કે નહિ? મગનભાઈ! માવજત સમજ્યા? સારવાર. સારવાર કરે ને. ઓલામાં એમ આવે છે. વૈદમાં એમ આવે. એક તો વૈદની આસ્થા જોઈએ, એના ઔષધની આસ્થા જોઈએ અને માવજત કરનારા સારા જોઈએ. તો એને રોગ મટી જાય. ધૂળેય નથી. મટે શું, એ તો પર્યાય મટવાની હોય તો મટે. બહારથી મટે છે? ફેર પડે કે નહિ આમાં? એય..! મોહનભાઈ! આ ત્રણ દિ' ઓલામાં પડ્યા રહ્યા તો માવજત કરનારા હોય તો ફેર પડે કે નહિ અંદર? ખબર નહોતી ને ત્રણ દિ'? કરાંચીમાં. કરાંચીમાં ને? કરાંચીમાં પડી ગયા ત્યારે. શું કરે હવે એને? આહાહા..!

કહે છે, જે ભગવાન આત્માને પ્રથમ તો સમ્યગ્દર્શનથી પકડ્યો છે, અનુભવ કર્યો છે. પછી વિકલ્પ આવ્યા વિના રહેતા નથી. ખેદ છે કે આવે છે. પૂર્ણ થતાં એને વાર લાગે છે પુરુષાર્થને. આવે છે. પણ જ્યાં સ્વરૂપમાં ઠરે એને એ હોતા નથી. '**नैष किश्चित्**' કાંઈ

છે નહિ. વ્યવહારનું કાંઈ છે જ નહિ ત્યાં. એકલો નિશ્ચયનો અનુભવ છે. કહો, સમજાણું? બે વ્યાખ્યા કહી. સમ્યગ્દર્શન પહેલા એક એવો વિકલ્પ આવે કે આ આત્મા. આ જ્ઞાન તે આત્મા, જ્ઞાન તે આત્મા. એ વિકલ્પ છે. એવો આવે છે, શું કરીએ? ખેદ છે. પણ સીધું પકડાતું નથી. પણ છતાં એ સહાયક નથી, હોં! એ નિમિત્ત તરીકે કહ્યું છે. નિમિત્ત તરીકે કહ્યું. ઉપાદાન તો અંદર ખસીને ઠર્યો ત્યારે ઓલાને નિમિત્ત તરીકે કહેવામાં આવ્યું છે. (નહિતર) કહે ક્યાંથી? આહાહા..! સમજાણું? પોતે જ નિરપેક્ષ...

'નિયમસાર'માં છે ને? ૩જી ગાથામાં. પરમ નિરપેક્ષ નિશ્ચય દર્શન-જ્ઞાન-ચારિત્ર. પરમ નિરપેક્ષ નિશ્ચય દર્શન-જ્ઞાન-ચારિત્ર. સમજાણું? ઈ છે. ટીકા તો બહુ સરસ કરી છે, 'પદ્મપ્રભમલધારીદેવે'. પણ અત્યારના પંડિતો કેટલાક (એમ) કહે, નહિ, એમ નહિ. ઠીક, બાપા! જુઓ! બીજી ગાથામાં '**નિજ પરમાત્મતત્ત્વના સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ શુદ્ધરત્નત્રયાત્મક માર્ગ પરમ નિરપેક્ષ હોવાથી મોક્ષનો ઉપાય છે...**' નિજ પરમાત્મતત્ત્વના. નિજ પરમાત્મતત્ત્વના સમ્યક્શ્રદ્ધાન-સમ્યક્જ્ઞાન-સમ્યક્અનુષ્ઠાનરૂપ શુદ્ધ રત્નત્રય સ્વરૂપ માર્ગ પરમ નિરપેક્ષ હોવાથી રાગ અને વ્યવહારની જેને અપેક્ષા નથી. નીચે કર્યું છે આખું. '**શુદ્ધરત્નત્રય અર્થાત્ નિજ પરમાત્મતત્ત્વની સમ્યક્ શ્રદ્ધા, તેનું સમ્યગ્જ્ઞાન અને તેનું સમ્યક્ આચરણ પરની તેમ જ ભેદોની લેશ પણ અપેક્ષા રહિત હોવાથી તે શુદ્ધરત્નત્રય મોક્ષનો ઉપાય છે; તે શુદ્ધરત્નત્રયનું ફળ શુદ્ધ આત્માની પૂર્ણ પ્રાપ્તિ અર્થાત્ મોક્ષ છે.**' બીજી ગાથા. '**मग्गो मग्गफलं ति य दुविहं जिणसासणे समक्खादं।**'

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, પરમ નિરપેક્ષ. પરની અપેક્ષા છે નહિ બિલકુલ. એકદમ પોતાની અપેક્ષાથી લીધું. પરથી પરમ નિરપેક્ષ. બિલકુલ પરની અપેક્ષા નથી. એકદમ સીધું. પોતાની અપેક્ષા થઈ ગઈ. પરથી વ્યાખ્યા છે ને. શુદ્ધરત્નત્રય માર્ગ પરમ નિરપેક્ષ હોવાથી એટલે પરની અપેક્ષા જરીએ નહિ. આ રાગ હતો અને વ્યવહારરત્નત્રયનો વિકલ્પ હતો માટે આ થયું. એ એમ કહે છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :-**' લ્યો, એક કળશ થયો દેવાનુપ્રિયા! આ તો બધું આ બહુ આવ્યું ને. સામે ઝપટ બહુ આવી. એય..! વ્યવહાર આવો હોય, વ્યવહાર પહેલો. બાપા! પ્રભુ! તને ખબર નથી, ભાઈ! નિશ્ચય વિના વ્યવહાર હોય નહિ. સમજાણું? '**શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન, શ્રદ્ધાન તથા આચરણ થયા બાદ અશુદ્ધનય કાંઈપણ પ્રયોજનવાન નથી.**' એમ કહેવામાં આવ્યો છે.

'**હવે પછીના શ્લોકમાં નિશ્ચય સમ્યક્ત્વનું સ્વરૂપ કહે છે :-**'

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૩, શનિવાર તા. ૧૭-૦૯-૧૯૬૬**
**શ્લોક-૬, પ્રવચન-૫૦**

જીવ અધિકાર. એનો પાંચમો કળશ ચાલ્યો. ખરેખર તો ૧૧ અને ૧૨મી ગાથાની સંધિ કરીએ તો એ કળશમાં એમ આવ્યું છે. પણ એને તો બાર ગાથા પૂરી કરીને હવે કહેવું છે ને. આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને અનુભવે છે, જાણે છે, વેદે છે. અને અનુભવમાં સ્થિર થઈ ગયો એને તો વ્યવહાર હોતો નથી. નિર્વિકલ્પ આત્માના આનંદના અનુભવના કાળમાં વ્યવહાર એને (હોતો નથી). સાતમી ભૂમિકા લ્યો કે કેવળજ્ઞાન લ્યો. પછી એને વ્યવહાર હોતો નથી. સવિકલ્પ અવસ્થા હોય છે ત્યારે સ્વરૂપનું ભાન હોવા છતાં નિશ્ચયથી તો એ રાગનું અને રાગનું જ્ઞાન પોતાનું હોવા છતાં એવી સવિકલ્પ અવસ્થામાં વ્યવહાર હોય છે. એ જાણેલો પ્રયોજનવાન છે. બસ, એટલી મૂળ વાત તો આમ છે. સમજાણું કાંઈ?

'**હવે પછીના શ્લોકમાં નિશ્ચય સમ્યક્ત્વનું સ્વરૂપ કહે છે :-**' આ નિશ્ચય સમકિતનું સ્વરૂપ કંઈ તેરમા ગુણસ્થાનની વાત નથી. સમજાણું? પૂર્ણ જ્ઞાનઘન છે ને? એ ઉપરથી કેટલાક એમ કહે કે એ તો પૂર્ણ જ્ઞાનઘન જોઈએ. લોકાલોકનું જ્ઞાન આવે છે કે નહિ ક્યાંક શબ્દમાં? અહીંયાં નથી. આ તો લોકાલોકનું જ્ઞાન છે. શ્લોક છઠ્ઠો બોલો.

**एकत्वे नियतस्य शुद्धनयतो व्याप्तुर्यदस्यात्मनः**
**पूर्णज्ञानघनस्य दर्शनमिह द्रव्यान्तरेभ्यः पृथक्।**
**सम्यग्दर्शनमेतदेव नियमादात्मा च तावानयं**
**तन्मुक्त्वा नवतत्त्वसन्ततिमिमामात्मायमेकोऽस्तु नः।।६।।**

'**શ્લોકાર્થ :- આ આત્માને અન્ય દ્રવ્યોથી જુદો દેખવો...**' 'છ ઢાળા'માં પણ આવે છે. 'છ ઢાળા'માં આવે છે ને? પરદ્રવ્યથી ભિન્ન આત્મરુચિ ભલા હૈ. એ નિશ્ચય સમકિતની જ વાત છે ત્યાં. એ શબ્દ અહીં છે. '**આત્માને...**' ભગવાન આત્મા '**અન્ય દ્રવ્યોથી જુદો દેખવો...**' અન્ય શરીર, કર્મ આદિથી જુદો અનુભવવો '**(શ્રદ્ધવો)...**' નિર્વિકલ્પ દૃષ્ટિ દ્વારા આત્માને અનુભવવો- વેદવો. આનંદના વેદનથી આત્માને જાણવો, શ્રદ્ધવો. '**તે જ નિયમથી સમ્યગ્દર્શન છે.**' તે ચોક્કસ નિયમ સત્ય સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચૈતન્ય ચમત્કાર, ચૈતન્ય રતન હીરો આ બધા કાંકરા.

મુમુક્ષુ :- આ બધા એટલે?

ઉત્તર :- આ શરીર-બરીર, આ ખડકાણું છે ને. આ બધું દેખાય એ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એનામાં જડમાં છે. આત્મામાં ક્યાં છે?

એ શરીર અને કર્મ આદિ પરદ્રવ્ય એ એના અસ્તિમાં, હયાતીમાં નથી એનાથી એને જુદો અનુભવવો. દેખવો એટલે કે શ્રદ્ધવો. શ્રદ્ધવો એટલે કે એનું જ્ઞાન કરીને શ્રદ્ધવો. સમજાય છે કાંઈ? વસ્તુ અંતર્મુખ ચીજ જે પૂર્ણ ધ્રુવ. અહીં તો હજી કહેશે ગુણ-પર્યાયમાં વ્યાપવાળો આત્મા, પણ એમાંથી શુદ્ધનય.. એ તો એકપણાને સિદ્ધ કર્યો.

મુમુક્ષુ :- એમાંથી જુદો પાડ્યો.

ઉત્તર :- જુદો પાડ્યો છે. એમ કહેશે. આખી વસ્તુ તો કહેશે ને. સમજાણું કાંઈ? ભગવાન આત્મા આમ વસ્તુમાં અનંત અનંત ગુણ અને અનંત અનંત આનંદ, શાંતિનો પિંડ પ્રભુ આત્મા , વસ્તુ મહાન પરમાત્મા પોતે છે.

મુમુક્ષુ :- ક્યારે?

ઉત્તર :- અત્યારે. ક્યારે શું? સમજાણું? એને આ પરને જોવાની ટેવ પડી ગઈ છે અનાદિથી. ખરેખર એ પરને જોતો.. આ એક પ્રશ્ન ઉઠ્યો હતો સવારમાં વહેલો. આંધળો છે પર માટે. ખરેખર એમ છે.

ભગવાન પોતે પોતાની પર્યાયને.. અહીં ૧૭-૧૮માં ન આવ્યું? પોતાના જ્ઞાનને જ અનુભવે છે આબાળગોપાળ. છતાં એ આ અનુભવ તે હું એમ ન માનતા આ તે હું, એને જાણું છું એમ માની રહ્યો છે. સમજાણું કાંઈ? જ્ઞાનસ્વરૂપ પ્રભુ ચૈતન્યના સ્વભાવથી ભરેલો ભગવાન, એવા આત્માને અંતર્મુખ એનું જ્ઞાન થઈને, અનુભવ થઈને પરથી જુદો શ્રદ્ધવો, અનુભવવો, આનંદના વેદનસહિત એને જાણવો. એનું નામ સાચું સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આહાહા..! વાત આખી મૂળ મુદ્દાની પડી રહી અને બહારના એકલા થોથા રહી ગયા. રામસ્વરૂપજી! ભગવાન આખો એક સમયમાં મહા ચૈતન્ય રત્નાકર. મહા દરિયો-સમુદ્ર અનંત ગુણનો સમુદ્ર એવા ભગવાન આત્માને પરિપૂર્ણ રીતે પરદ્રવ્યના ભાવથી-લક્ષથી છૂટી અંતરના સ્વભાવના લક્ષે જઈ, એનું થયું જ્ઞાન, એમાં થઈ પ્રતીતિ, એમાં થયું આનંદનું વેદન. એ રીતે શ્રદ્ધવો. '**તે જ નિયમથી સમ્યગ્દર્શન છે.**' સાચું સમ્યગ્દર્શન આ છે એમ કહેવું છે. આહાહા..! સમજાણું કાંઈ?

તત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શન એ નિશ્ચય સમ્યગ્દર્શન છે. અહીંયાં આત્માને આમ અનુભવવો એમાં એ બધી શ્રદ્ધા આવી જાય છે. જ્ઞાનપ્રધાન કથનથી સાત તત્ત્વની શ્રદ્ધા કીધી. અહીં દર્શન પ્રધાન એકલો આત્માને શ્રદ્ધવો, પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ.. વર્તમાન દશા દશાવાનમાં વાળીને એને અનુભવવો આનંદ સહિત, શાંતિ સહિત. શાંતિ એટલે સ્વરૂપ આચરણ. આનંદ એ સુખનો .. સમજાય છે કાંઈ? જગતનો દેખનારો પોતાને દેખીને અંદર ઠરે એને નિશ્ચય સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ?

'**અન્ય દ્રવ્યોથી જુદો...**' એટલે કે જ્યાં અન્ય દ્રવ્યથી જુદો આમ ગયો ત્યાં એના

દ્રવ્યના અભેદના લક્ષથી જે પર્યાયમાં શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ અને આનંદ. શ્રદ્ધા-જ્ઞાન-શાંતિ-આનંદ. શાંતિ એ સ્વરૂપ આચરણ, આનંદ એ સુખ. એ ચાર એના અંતરમાં દૃષ્ટિ કરતાં જે અનુભવમાં આવે તે દૃષ્ટિને, તે શ્રદ્ધાને નિયમથી સમ્યગ્દર્શન કહેવાય છે. કહો, સમજાય છે કાંઈ? આ બહુ વાંધા ઉઠે છે ને તમારા તરફથી. આ સંપ્રદાય તરફથી ઉઠે છે કે નહિ? શું કરીએ? વાત સાચી. વધારે સ્પષ્ટ આવે. એને બેસે એમ કહે. એમાં શું કરે એ? વાસ્તવિક તત્ત્વ જ જ્યાં આખું નિરાળું... નિરાળું... નિરાળું... જેને ત્રણ કાળમાં રાગનો સ્પર્શ નથી. ધર્મની વાત પણ શું કરવી? શરીરની. આ તો બધા પરદ્રવ્ય ઉપર ને ઉપર લટકતા બહિર લુઠંતિ. આવે છે ને શબ્દ? પંડિતજી! બહિર લુઠંતિ. પાછળ કળશમાં આવે છે. પરદ્રવ્ય બહિર લુઠંતિ. આહાહા..! ક્યાં ભગવાન, એને ને એને શું સંબંધ? ભાઈ! આ બધી આકૃતિ આ ને આ ને.. મને છે. આ મને છે એવું માનીને ખોવાઈ ગયો પોતે. કોના છે? આ તો જડના છે. સમજાય છે? અને કર્મ અંદર છે એ જડના છે. એ તારા ક્યાં કર્મ હતા? બાંધે કોણ અને જોડે કોણ? આહાહા..! અહીં તો કહે છે કે એ પરવસ્તુથી જુદો છે તેને જુદો દેખવો. એમ કહે છે, લ્યો. આહાહા..!

મુમુક્ષુ :- જેમ છે તેમ દેખવો.

ઉત્તર :- છે. વાત તો એમ જ છે ને. આ તો એને ગરી ગયું છે લાકડું. મગનભાઈ! આહાહા..! પ્રભુ! તારી મોટપની વાતું કેવળીએ પૂરું ન પડ્યું. વાણીમાં પૂરો તું ન આવ્યો, ભાઈ! મહા ભગવાન તારી શું લીલા! એના એક જ્ઞાનની પર્યાયમાં લોકાલોક તો ક્યાંય સમાય ગયા. ક્યાંય સમાય ગયા. એનાથી અનંત અનંતગુણા લોકાલોક અને કાળ હોત તો એ જાણે. એના સ્વભાવને શું કહેવું! આહાહા! અલોકમાં લોક બિંદુ માત્ર અને લોક અને અલોક કેવળજ્ઞાનની પર્યાયમાં બિંદુ માત્ર. આહાહા..! એનું કારણ છે કે એનો જ્યાં સ્વભાવ જ જ્ઞાનજ્યોતિ સ્વરૂપ છે એની તો શું વાત! પણ પ્રગટેલી પર્યાયની આટલી તાકાત છે. એ પ્રગટેલો તો એક સમયનો ભાવ એ સિવાય આખો ભગવાન... આહાહા..! જેના જ્ઞાનના તળિયાના તળ હાથ ન આવે. એટલો જેનો જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ, શાંતિસ્વભાવ, પ્રભુત્વસ્વભાવ. એના અમાપ સામર્થ્યનું એકરૂપ ભગવાન આત્મા એને પરદ્રવ્યથી આમ સ્વરૂપને જોવું, અંતરના સ્વભાવનું મહાત્મ્ય કરીને એમાં ઠરવું અને એનો અનુભવ થવો. આ ભગવાન આખો શુદ્ધ ત્રિકાળ છે. એમ શુદ્ધની પર્યાયમાં પ્રગટ થતાં આ આખો આત્મા આનંદરૂપ છે. એમ આનંદના વેદનમાં આખો આત્મા શ્રદ્ધા સ્વરૂપ જ છે એમ શ્રદ્ધાના પર્યાયના ભાનમાં... આહાહા..! તેને અંતરમાં સ્વસન્મુખમાં થઈ અનુભવવો, વેદવો, દેખવો, શ્રદ્ધવો, જાણવો એનું નામ સમ્યગ્દર્શન કહેવાય છે. આ તો પ્રથમ ભૂમિકાની વાત છે. સમજાણું કાંઈ? અહીંથી ધર્મની શરૂઆત થાય છે. આ વિના જેટલું કાંઈ કરે રાગની મંદતા વ્રત અને નિયમ એ બધા સંસાર ખાતે બંધ ખાતે ચાર ગતિમાં જે ભાવે રખડે એ ભાવે છે

એ. સમજાણું કાંઈ?

**'કેવો છે આત્મા? પોતાના ગુણ-પર્યાયોમાં વ્યાપનારો છે.'** જુઓ! 'કેવો છે આત્મા?' આત્મા. એના ગુણો અને એની પર્યાયો. આખું પ્રમાણ સ્વરૂપ બતાવ્યું. કેવો છે ભગવાન આત્મા? દ્રવ્ય ગુણ-પર્યાયોમાં વ્યાપનારો. દ્રવ્ય વસ્તુ, પોતાના ગુણો અને અવસ્થામાં વ્યાપનારો. એમાંથી હવે શુદ્ધનયે તારવ્યો. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પરથી તદ્દન નિરાળો પહેલું બતાવ્યું. પહેલું તો અનુભવ થયો, સમ્યગ્દર્શન ધ્યેયને પકડીને. પછી અર્થ કર્યો કે આત્માના અસ્તિત્વમાં આત્મા તો પોતાના ગુણ-પર્યાયમાં વ્યાપેલ છે. એ રજકણ, શરીર આદિ કોઈમાં વ્યાપેલ નથી. વસ્તુ અનંત ગુણનો પુંજ પોતાના ગુણ અને પર્યાયમાં વ્યાપેલો એટલી વાત લીધી. **'વળી કેવો છે? શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો છે.'** એવો ગુણ પર્યાયમાં વ્યાપ્ત હોવા છતાં શુદ્ધનયથી દ્રવ્ય ઉપર લક્ષ કરીને એકપણાને પ્રાપ્ત થયો છે. સમજાણું કાંઈ? પછી એમ કહે, આ તો ગુણપર્યાયમાં વ્યાપનારો છે. એ તો આખી ચીજની વાત કરી. આખી વસ્તુ કીધી એ તો. ભગવાન દ્રવ્ય. આત્મા તે દ્રવ્ય. કેવો છે આત્મા? એટલે દ્રવ્ય. એ દ્રવ્ય, અનંત ગુણો અને એની પર્યાયના અસ્તિત્વમાં એટલામાં વ્યાપીને રહેલું તત્ત્વ છે. બસ, એટલું સિદ્ધ કર્યું. હવે એમાંથી શુદ્ધનયનો વિષય શું? સમજાણું કાંઈ?

એમ કરીને એમ સિદ્ધ થયું કે એ પોતે ત્રણે કાળે દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયમાં વ્યાપીને જ રહેલું છે ત્રણે કાળ. સમજાણું કાંઈ? ત્રણે કાળે ભગવાન પોતાની શક્તિ એટલે ગુણો અને એના પ્રગટ અંશો. બસ, એટલામાં વ્યાપીને રહેલો છે. નથી પરમાણુને સ્પર્શ્યો, કર્મને સ્પર્શ્યો, શરીરને સ્પર્શ્યો, કોઈને સ્પર્શ્યો જ નથી ત્રણ કાળ ત્રણ લોકમાં. વ્યાપવાનું ભાઈ એમ કીધું. અડ્યો જ નથી. કર્મને અડ્યો નથી. શરીરને અડ્યો નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ શું કરવું પણ આ બધું? મંત્રી-બંત્રી ને એય..! આ બધા કેટલાય કામ કરે છે લ્યો, આ ચુનીભાઈ. કહે છે જેમાં વ્યાપેલો તેમાં થાય. જેમાં નથી વ્યાપ્યો તેનું કાંઈ થાય નહિ. આહાહા..! કહો, સમજાણું આમાં?

ભગવાન આત્મા. એક બોલ આ થયો પહેલો કે અન્ય દ્રવ્યથી જુદો અનુભવવો-વેદવો એનું નામ સમ્યગ્દર્શન. આટલી વાત છે. પછી કેવો આત્મા? એનું પ્રમાણપણું બતાવ્યું. એ કેટલામાં રહેલો છે, કેટલામાં રહેલો છે? કે પોતાના ગુણ-પર્યાયમાં રહેલો છે. ત્રણે કાળે. કર્મમાં, શરીરમાં, વાણીમાં કોઈ દિ' રહ્યો નથી, કોઈ દિ' અડ્યો નથી. આહાહા..! અહીં તો હજી શરીરની ક્રિયાથી આ પ્રશ્ન ઉઠે તમારા. શું પહેલો પ્રશ્ન શું છે તમારો ત્યાં? સચેત શરીરથી ધર્મ થાય. એવું કહે છે ને? જીવિત શરીરથી ધર્મ થાય.. અરર..ર..! ભગવાન! અરે પ્રભુ! આ તે શું થયું! અમારા રાજમલજી કહે, આવા પ્રશ્ન? સચેત શરીર? શરીર જડ છે. આત્મા પર્યાયે ગુણે તો પોતામાં વ્યાપેલો છે. પરમાં તો વ્યાપેલો નથી. એ તો

અહીં પ્રશ્ન થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હવે વ્યવહારનયો અર્થ શું? વ્યવહારનયનો અર્થ કે એ છે એમ જાણવા માટે. વ્યવહારનય અડી જાય છે એને? વ્યવહારનય અડી જાય છે? આવા ને આવા બધા. ત્રણ કાળમાં નિશ્ચયે અડતો નથી અને વ્યવહારે પણ અડતો નથી. ફક્ત સંયોગ દેખીને એને સ્પર્શે છે એમ વ્યવહાર કહેવામાં આવે છે. સ્પર્શતો નથી એને સ્પર્શે કહેવું એમ અન્યથા કથન તે વ્યવહાર છે. સમજાણું કાંઈ? કાંઈ નિર્ધાર હશે કે નિર્ધાર જ ન મળે? જૈનમાં ફૂદડીવાદ (છે). ઓલા લોકો કહે કે તમારો તો કાંઈ નિર્ણય ન મળે સ્યાદ્વાદમાં. અન્યમતીઓ કહે છે. અરે..! હાલ હાલ.

મુમુક્ષુ :- મોટા પુસ્તકો લખે છે.

ઉત્તર :- હા લખે છે ને. અનેકાંતનો નિર્ણય છે. સ્વમાં રહેલો છે, પરમાં ત્રણ કાળમાં રહેલો નથી એવો નિર્ણય છે. સ્વમાં ય રહેલો અને પરમાં રહેલો, કાંઈ ઠેકાણું નહિ? એનું નામ અનેકાંત? સમજાણું કાંઈ? એક ફેરી કહ્યું હતું ને? ભાઈ! (સંવત) ૧૯૯૨ની સાલમાં ગયા હતા ને ત્યાં. આશ્રમમાં .. પછી આ તમારો હતો ને ઓલો પેલો હતો આચાર્ય. ચંદ્રકાંત ને? ગુજરી ગયો બિચારો. એ સાથે હતા. પછી વળતા આવ્યા છેક સુધી. અમે ત્યાં રહેતા ને હીરાભાઈના મકાનમાં. તો ખુણા સુધી સાથે આવ્યા. વાત કરતા કરતા કીધું કે આ જડ છે કે નહિ? ચંદ્રકાંત? એ આચાર્ય કહેવાતાને. જડ છે કે નહિ? કહે, માનીએ તો છે અને ન માનીએ તો નથી. એમ તમારે જૈનદર્શન કહે છે ને. કથંચિત્ છે, કથંચિત્ નથી. શું કીધું. આ ૯૨ની વાત છે. ચૈત્ર સુદ ૧૩. જૈન તો એમ કહે છે કે જડ છે પણ ખરું અને નથી પણ ખરું. કઈ અપેક્ષાએ નથી અને છે? એટલે શું .. કાંઈ નિર્ધાર નહિ? એમ નથી. જડ છે. પોતાથી છે અને પરથી નથી એમ કહ્યું છે. જડ નથી જ એમ કોણ કહે છે? કોઈ અપેક્ષા છે અને કોઈ અપેક્ષાએ નથી. લ્યો, થઈ રહ્યું નથી. ઠીક! જૈનદર્શન એમ કહે છે. બિચારો આમ સીધો માણસ. મેં કીધું, એમ નથી. જડ જડપણે ત્રિકાળ છે. જડ ચૈતન્યપણે ત્રિકાળ નથી. એ અપેક્ષાએ નથી. વસ્તુ નથી? ઓલા વેદાંત કહે ને એક જ વસ્તુ છે. માનીએ તો છે અને ન માનીએ તો નથી. એમ નથી. આમને કાંઈ ખબર નહિ કે જૈન આવું કહેતા હશે. એ બિચારા સરળ હતા. તે દિ' તો વ્યાખ્યાનમાં આવતા ને બધા ઘણા. ત્યાં ત્રણ વર્ષ રહેલાં ને. અમને કાંઈ એવી ખબર નહિ. પણ તમને જૈનદર્શનની ખબર નહિ અને અનેકાંતને ફૂદડીવાદ કરીને, ફૂદડીવાદ કરીને ગોટા વાળે. જૈનમાં પણ ગોટા વાળે છે. ફૂદડીવાદ છે. એ તો આમ પણ હોય અને આમ પણ હોય. શું પણ હોય?

અહીં તો કહે છે, '**પોતાના ગુણ-પર્યાયોમાં વ્યાપનારો છે.**' અને પરમાં વ્યાપનારો

નથી. એમ નિર્ણય છે. આખી ચીજનો નિર્ણય કરે તોપણ આમ છે. હવે એમાંથી શુદ્ધનયનો વિષય તારવવો છે સામાન્ય. સમજાણું કાંઈ? અહીં સિદ્ધ શું કરવું છે? કે ગુણ-પર્યાયમાં દ્રવ્ય વ્યાપ્યું છે. પણ એ પર્યાય છે એ વિષય કરે છે દ્રવ્યને. ત્યારે એને સમ્યગ્દર્શન કહેવાય છે. એની વ્યાપેલી પર્યાય જે છે એ પર્યાય-પર્યાયનો વિષય ન કરતા પર્યાય દ્રવ્યનો વિષય કરે તેને શુદ્ધનયથી વિષય કર્યો કહેવાય છે. ભાઈ! એમ સિદ્ધ કરે છે. શું કહે છે? એમાં નથી વ્યાપેલી પર્યાયનો વિષય કરે, એમ નહિ. સમજાણું કાંઈ? એથી અહીંયાં પર્યાય સિદ્ધ કરવી છે, ગુણમાં વ્યાપેલો છે એ વ્યાપેલી અવસ્થામાં દ્રવ્ય-ગુણ-પર્યાય છે. શુદ્ધનય એને આમાં સિદ્ધ કરે છે. આ સામાન્ય ચીજ છે તે જુઓ.

'**શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો છે.**' શુદ્ધનયથી એકપણું ત્રિકાળ છે તેમ નિશ્ચિત કરવામાં આવ્યું છે. પણ નિશ્ચિત કર્યું છે પર્યાયે. એનામાં વ્યાપેલી પર્યાયે નિર્ણય કર્યો છે કે એક સ્વરૂપ છે અખંડ. સમજાણું કાંઈ? ..ભાઈ! સમજાય છે કે નહિ? ખજુર કરતાં આકરું હશે કે નહિ? ખજુરનું સહેલું. ભાઈ એ બધા પૈસા બહુ આવે છે ઢગલા. પાંચ-પાંચ લાખની પેદાશ.

મુમુક્ષુ :- પૈસા આવે છે ને. એમાં જીવને શું?

ઉત્તર :- જીવને કાંઈ નહિ?

મુમુક્ષુ :- માલિક તો છીએ ને.

ઉત્તર :- છે ને. લ્યો, આ તમારા કાકા ઠીક! માલિક તો એનો હશે ને. ધૂળનોય નથી અહીં તો કહે છે. અહીં તો એના ગુણ-પર્યાયનો માલિક. ત્રણ કાળમાં પરનો માલિક છે નહિ. હવે માલિક ગુણ-પર્યાયનો એમાંથી તારવીને સમ્યગ્દર્શન શુદ્ધનયનો વિષય એકપણાને નિશ્ચય કરે છે. સમજાણું કાંઈ? એમ કહીને.. છે ને એમાં પહેલું? શું કીધું? '**व्याप्तुर्यदस्यात्मनः**' '**एकत्वे नियतस्य शुद्धनयतो व्याप्तुर्यदस्यात्मनः**' એટલે કે ભગવાન આત્મા પોતે પોતાનું ગુણ શક્તિઓ અને પર્યાયમાં વ્યાપેલો છે. આટલી તો વાત સિદ્ધ કરી. હવે એ વ્યાપેલો છે એમાંથી, વ્યાપેલી જે પર્યાય છે એ શુદ્ધનયનો વિષય એકરૂપ કરીને પર્યાયે નિર્ણય કર્યો છે. સમજાણું કાંઈ? નિર્ણય કરનાર તો પર્યાય છે ને. એનો વિષય સામાન્ય ધ્રુવ છે. સમજાણું કાંઈ આમાં? '**શુદ્ધનયથી એકપણામાં...**' આ તો ઘણા થઈ ગયા. ગુણો અને પર્યાયમાં વ્યાપવું. ઘણા ગુણો અને ઘણું વ્યાપવું અનેકપણું થઈ ગયું, એમ. કહે છે, એમાંથી શુદ્ધનયથી અંદર ધ્રુવ તરફની નજરના જ્ઞાન દ્વારા એકપણામાં નિશ્ચય, એકરૂપ છે એમ નિશ્ચિત કરવામાં આવ્યો છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, એમાં છે ને, બાપા! શું નથી? જુઓ! એમાં છે એના અર્થ થાય છે. કાઢો. આ અમારા ભાઈ વ્યાકરણવાળા રહ્યા. કહો. સમજાણું કાંઈ? આ તો સંતોની

વાણી ગંભીર. પેલા કબીરની વાણી એ તો બધી સમજવા જેવી છે. આ તો અલૌકિક માર્ગના મર્મ ખોલ્યા ભગવાને. સંતોએ તો અંદરના કાળજા ખોલી નાખ્યા. આહાહા..! એમાં દિગંબર મુનિ એટલે શું! ભગવાનના કેડાયત. ભગવાનપણું પામવાના તરત અધિકારી. એકાદ–બે ભવમાં ભગવાન થવાના અધિકારી છે આ બધા. નહોતું કીધું? અમે મોક્ષમાર્ગના પ્રણેતા છીએ. અમે મોક્ષના અધિકારી અમે માર્ગ નિર્ણય કર્યો અને માર્ગ અનુભવીએ છીએ.

'પ્રવચનસાર'માં ૧૯૯ ગાથા છે. માર્ગ અવધાર્યો છે, કૃત કરી રહ્યા છે. એમ કહે છે. 'પ્રવચનસાર' છે કે નહિ? ૧૯૯. લ્યો, પાનું એ જ નીકળી ગયું. શું કહે છે? જુઓ! **'મોક્ષમાર્ગ અવધારિત કર્યો છે, કૃત્ય કરાય છે (અર્થાત્ મોક્ષમાર્ગ નક્કી કર્યો છે અને તે મોક્ષમાર્ગમાં તે પ્રવર્તન કરી રહ્યા છીએ).'** સંસ્કૃતમાં છે. '**अवधारितो मोक्षमार्गः, कृत्यमनुष्ठीयते**' આ શબ્દ પડ્યો. કહો, સમજાણું કાંઈ? આહાહા..! કૃત્ય કરાય છે. ખબર છે અમને. કાર્ય થાય છે, કાર્ય થાય છે. આહાહા..! લખવા કાળે કહે છે કાર્ય થાય છે. સાંભળને. નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિનું કાર્ય થાય છે. મોક્ષમાર્ગ નક્કી કર્યો છે, કાર્ય થાય છે. કૃત્ય-કૃત્ય ... આહાહા..! એ તો વાણી... સમજાણું કાંઈ? એ 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા છે. આ 'અમૃતચંદ્રાચાર્ય'નો શ્લોક છે. ૧૯૯. 'પ્રવચનસાર' જ્ઞાન અધિકાર છે ને. ૧૯૯. કહો, સમજાણું આમાં?

**'શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો છે.'** એકપણું નિશ્ચિત કરવામાં આવ્યું છે. ગુણભેદ નહિ, પર્યાયભેદ નહિ. એકલો શુદ્ધ ધ્રુવ જ્ઞાયક ભગવાન એમ શુદ્ધનયથી અંતર્મુખ થઈને એકાકાર નિશ્ચિત કરવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? **'વળી કેવો છે?'** જુઓ! આમાંથી જરી ઉઠે છે. **'પૂર્ણ જ્ઞાનઘન છે.'** અર્થમાં કર્યું છે ને. પૂર્ણ જ્ઞાન અર્થમાં કર્યું ને? સર્વ લોકાલોકને જાણનાર જ્ઞાનસ્વરૂપ છે. એ તો એનો સ્વભાવ આવો છે એમ બતાવ્યું છે. લોકાલોકને અત્યારે પર્યાયથી જાણે છે એ અહીં વાત નથી લેવી. એય..! હરિભાઈ! શું? તમારા બાપની વાત છે. કહેતા હતા ને એ. એક ફેરી કહેતા હતા એ. સમ્યગ્દર્શન થાય તો લોકાલોકનું જ્ઞાન થાય પહેલું. ખબર છે ને? ભાઈ કહેતા હતા. પછી છેલ્લે કહે, સિદ્ધાંત તો આપણે મતભેદ છે. આમ તેમ બોલ્યા. ખબર નહિ કાંઈ. આવા શબ્દો પકડે. લોકાલોકને જાણે. ત્યારે પહેલું લોકાલોક જાણે તો સમ્યગ્દર્શન કહેવાય. એય..! મગનભાઈ! આ .. છે કે નહિ? પણ એનો અર્થ જ છે લોકાલોકને જાણે એવા જ્ઞાનનો ત્રિકાળ કાયમ સ્વભાવ જ એવો છે એનો. એની પર્યાયનો સ્વભાવ તો હોય પણ એથી અનંતગુણો એક જ્ઞાનગુણમાં અનંતા લોકાલોક હોય તો એનો જાણવાનો સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા.. ન આવ્યું 'નિયમસાર'માં? કાર્ય પરમાત્મા હોવા છતાં. એ કાયમના જ્ઞાન દર્શન ગુણ વડે કારણ પરમાત્માને જાણે છે. આહાહા..! દિગંબર સંતોની કથની પણ ક્યાંય ન મળે. આવો શબ્દ ન હોય બીજે. ૪૫, ૩૨ સૂત્રમાં આ જાતનો શબ્દ નહિ.

કાર્ય પરમાત્મા હોવા છતાં અંતરમાં ત્રિકાળી જ્ઞાન દર્શન-ત્રિકાળી જ્ઞાન દર્શન વડે ત્રિકાળી આત્માને જાણે છે એવા ભગવાન છે, કહે છે. આહાહા..! પર્યાય વડે પર્યાય ગુણ વડે દ્રવ્યને જાણે એમ કરીને ત્રણે સમાડી દીધા. કથની તે કથની છે ને. વસ્તુના સ્વરૂપને બહાર મૂકવાની પ્રસિદ્ધિ.

કેવો છે? 'પૂર્ણજ્ઞાનઘન છે.' એ તો પૂર્ણ જ્ઞાનઘન છે, વસ્તુ જ્ઞાનઘન છે. વસ્તુ એટલે નિવડ છે. જેમ શિલા, બરફની શિલા જેમ પૂર્ણ શીતળ ઘન છે, શીતળ ઘન છે એમ ભગવાન પૂર્ણ જ્ઞાનઘન છે. નિવડ નકોર પૂર્ણ જ્ઞાનઘન અરૂપી સ્વરૂપ છે. અરે..! ભારે વાત. સમજાણું કાંઈ? બરફની શિલા જેમ ચાર મણની, પાંચ મણની (હોય). 'મુંબઈ'માં બહુ હોય. રસ્તામાં નીકળીએ તો ઓલા ખટારામાં હોય. નવનીતભાઈ! ઓલો બરફ જાતો હોય ને ક્યાંક. ખુલ્લી-ખુલ્લી પાંચ-પાંચ મણની આવડી ખુલ્લી (પાટ) પડી હોય. આ ભગવાન આત્મા એકલો શીતળ ઠંડો આનંદકંદની શિલા શરીર પ્રમાણે ઘન પડ્યો છે આખો. આહાહા..! બાપુ! પણ એ તો ઘણા રજકણના પિંડની એક શિલા છે. આ તો એક દ્રવ્ય છે. એક દ્રવ્ય. ઓલા તો અનંતા દ્રવ્યની બરફની શિલા છે. ઉપચારિક દ્રવ્ય થયું એ તો. વિભાવિક પર્યાય થઈ એ તો. આ તો સ્વભાવિક દ્રવ્ય, અનુપચારી વાસ્તવિક પદાર્થ પૂર્ણ જ્ઞાનઘન છે. અરૂપી પૂર્ણ જ્ઞાનઘન. આત્મજ્ઞ-જ્ઞ સ્વરૂપ છે. એ જ્ઞ છે એ પૂર્ણ જ્ઞાનઘન છે. જ્ઞ સ્વભાવમાં વળી અપૂર્ણતા શું? વિપરીતતા શું? વિકારતા શું? અધુરાશ શું?

મુમુક્ષુ :- દાખલો કાંઈક કરો ને.

ઉત્તર :- આ શિલાનો દાખલો આપ્યો ને. એમાં ન મેળ ખાધો? આ સુરણનો કંદ. સુરણ-સુરણ. ગાંઠ નથી આવતી સુરણની? કંદમૂળ નહિ? ગોળનો ભેલી એ સુરણ કંદમાં .. બહુ હોય. સુરણની ગાંઠ આવે છે ને. જ્યાં મારો તો એકલો કંદ રસકંદ. સુરણની ગાઠ કહે છે ને? કંદમૂળ. કંદ નથી હોતું? સુરણ. અંદર લાલ (હોય). એમાં આનંદકંદની ભેલી છે આત્મા. જ્ઞાનઘનની ભેલી છે. અમારે ગોળની ભેલી કહે છે ગોળની. આ ઓલી બનાવે છે ને? ભેલી બનાવે છે તમારે? આ ગોળની ભેલી. છાણા જેવી. છાણું મોટું હોય ને એવું હોય. છાણાં મોટા હોય છે ક્યાંક. મોટા છાણા જબરા.

અહીં કહે છે કે ભગવાન આત્મા એ સુરણની ગાંઠ કહો કે ગોળની ભેલી કહો, એમ આ પૂર્ણ જ્ઞાનની ભેલી પૂર્ણાનંદ પ્રભુ છે. આહાહા..! એને લક્ષમાં મહાત્મ્ય આવે નહિ. એ જાણે અરૂપી છે ને. પણ તું દેખે છો જ તને. પરને તો દેખતો જ નથી એમ કહે છે. સાંભળને! આહાહા..! પણ ભ્રમમાં તને પડી ગયું છે કે તારામાં નથી તેને દેખું છું. એમ કહે છે. તારામાં છે તેને દેખતો નથી. પૂર્ણ જ્ઞાનઘન છે, પૂર્ણ જ્ઞાનઘન છે. જ્ઞાન અને પૂર્ણ અને ઘન. પિંડ છે. પિંડલો એકલો અરૂપી ઘન છે. સમજાણું કાંઈ? એક દ્રવ્ય છે ને? ઓલા તો અનંતા દ્રવ્ય છે. સમજાય છે? સુરણકંદ લ્યો, ભેલી ગોળની લ્યો.

એ તો અનંતા રજકણનો અનંતા સ્કંધ છે. એક ભેલીનો કટકો આટલો ગોળનો લ્યો તો એમાં સ્કંધ છે. એ તો અનંત રજકણના સ્કંધ છે. એક દ્રવ્ય, એક દ્રવ્ય, એક સ્વભાવ, પૂર્ણ ઘન. સમજાણું કાંઈ? એ.. ચીમનભાઈ! આહાહા..!

'**વળી જેટલું સમ્યગ્દર્શન છે તેટલો જ આ આત્મા છે.**' જુઓ તો ખરા! એ સમ્યગ્દર્શનની પર્યાયે આખા દ્રવ્યને અભેદ તરીકેનો અનુભવ કર્યો છે. આખું દ્રવ્ય છે એવી સમ્યગ્દર્શનની પર્યાય અભેદ એકાકાર છે. એટલા દ્રવ્ય પ્રમાણે સમ્યગ્દર્શનની પર્યાય પરિણમી ગઈ છે. સમજાણું કાંઈ? '**જેટલું સમ્યગ્દર્શન છે...**' એટલે સમ્યગ્દર્શનની પર્યાયે આખા આત્માને શ્રદ્ધયો છે ને? એમ કહે છે અહીં તો. આખો છે ને. તો જેટલું સમ્યગ્દર્શન એટલો આત્મા, એમ કહે છે. આખો આત્મા સમ્યગ્દર્શને પ્રતીતમાં લીધો છે. એટલે જેટલું સમ્યગ્દર્શન તેટલો જ આ આત્મા. એક વસ્તુ તરીકે એટલો જ આત્મા થયો કે સમ્યગ્દર્શન આખા આત્માને પકડ્યો છે. સમજાણું કાંઈ? અને બીજી રીતે સમ્યગ્દર્શનનો પર્યાય આખા દ્રવ્યમાં અભેદ થઈને પરિણમ્યો છે. સમજાણું કાંઈ? આત્મા છે.

'**જેટલું સમ્યગ્દર્શન છે તેટલો જ આ આત્મા છે.**' ત્યારે બીજા ગુણો ક્યાં ગયા? હવે આ કીધું ને આત્મા છે એમાં તો બધા આવી ગયા. સમ્યગ્દર્શન જ્ઞાનાદિ બધી પર્યાયોનો આખું વ્યાપકપણું પર્યાયમાં (થયું છે). એકલી પર્યાય ક્યાં પ્રગટી છે? સમ્યગ્દર્શન પ્રગટતાં અનંતા ગુણોના અંશો અભેદપણે પરિણમ્યા છે. સમજાણું કાંઈ? જેટલો આત્મા જેટલા ગુણનો પિંડ છે એને આમ પ્રતીત કરતાં જેટલા ગુણો છે તેના અંશો વ્યક્તપણે પરિણમ્યા એટલો જ એ આત્મા છે. સમજાણું કાંઈ? અરૂપીની વાતું. પણ અરૂપી જાણનાર ન હોય તો આ છે એમ નક્કી કોણ કરશે? આંધળા, બધા આ છે. શરીર આંધળા, કર્મ આંધળા, પ્રકાશ આંધળો આ બધું આંધળે આંધળું. આંધળાને નક્કી કોણ કરશે કે આ જગતમાં છે. આહાહા..! જેના પ્રકાશમાં આ પ્રકાશે છે કે આ ચીજ છે એ પ્રકાશક પોતે કહે છે કે આ ચીજ છે. નહિતર એની હયાતીને જાણ્યા વિના કબુલે કોણ? જાણનાર ભગવાન પ્રકાશની મૂર્તિ પૂર્ણ જ્ઞાનઘન. આ છે, એ સંબંધીનું મારું પોતાનું જ્ઞાન મારામાં છે. સમજાણું?

'**તેથી આચાર્ય પ્રાર્થના કરે છે કે આ નવ તત્ત્વની પરિપાટીને,...**' સમૂહ. નવનો સમૂહ. ભેદ ભંગ '**છોડી...**' સંતતિ શબ્દ છે ને એટલે પરિપાટી કર્યું. મૂળ તો સમૂહ. નવનો સમુહ. '**છોડી, આ આત્મા એક જ...**' એની સામે આમ (લીધું). નવની અનેકતાની પરિપાટી છોડી '**આ આત્મા એક જ અમને પ્રાપ્ત હો.**' લ્યો, આમ ગુલાંટ ખાય છે વાત. શું કીધું સમજાણું કાંઈ? ગુલાંટ ખાય સમજાય છે? આમ પલટો મારે છે. આ નવની અનેકતા છે ને. જીવ શું અને અજીવ શું વિકલ્પ ઉઠે એ. અનેકતા છે ને. નવની અનેકતા છે ને. નવનો સમૂહ છે ને. નવના ભંગભેદ છે ને. એને છોડી આ આત્મા એક જ અમને પ્રાપ્ત હો. અમને તો એક જ આત્માનો અનુભવ પ્રાપ્ત થાવ. અમારે બીજું કાંઈ જોઈતું

નથી. સમજાણું કાંઈ? જુઓ! નવ તત્ત્વની પરિપાટી. ઓલો કહે, નવ તત્ત્વની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન. નવનીતભાઈ!

નવ તત્ત્વના સમૂહને છોડી દે. અનેક છે. અનેક છે એમાં તારું એકપણું ક્યાંથી પ્રાપ્ત થશે? સમજાણું કાંઈ? કહો, સંવર, નિર્જરા અને મોક્ષ હો તો બધું... અહીં તો કાલે .. નાખી હતી. શુદ્ધભાવમાં કીધું ને. અંતઃતત્ત્વ એક તત્ત્વ ભગવાન આત્મા. સંવર, નિર્જરા અને મોક્ષની પર્યાય બહિર્તત્ત્વ છે. બહિર તત્ત્વ છે. અંતરમાં એનો અભાવ છે માટે બહિર્ તત્ત્વ છે. ઓહોહો..! અશુદ્ધ પર્યાય તો બાહ્ય તત્ત્વ છે પણ શુદ્ધ પર્યાય પ્રગટી છે ને. પ્રગટી છે ને. પર્યાય છે ને, બહારમાં આવી છે ને. અંતર્મુખથી બાહ્ય બીજી દશા છે એ. માટે એને બહિર્ દ્રવ્ય કીધું છે. દ્રવ્ય કીધું છે, પરદ્રવ્ય કીધું છે. આહાહા..! એનો પર્યાય અહીંથી તો ગુણ પર્યાયમાં વ્યાપેલો છે. સમજાય છે? એ પર્યાયો બધી પરદ્રવ્ય છે. સ્વદ્રવ્ય એકલું સામાન્ય ધ્રુવ જ્ઞાયક ચૈતન્યમૂર્તિ. મગનભાઈ! આહાહા..!

એવી '**પરિપાટીને છોડી, આ આત્મા...**' આ આત્મા. '**એક જ...**' પોતાનો એક, હોં! બધું થઈને એક એમ નહિ પાછું. બધા થઈને એક, જાવ. જુઓ! એમ આવ્યું કે નહિ તમારે? એમ એક આત્મા.. લ્યો. આમાંથી કાઢીને કેટલાક એમ કહે છે. વેદાંત કહે, જુઓ! એક આવ્યો. છેલ્લે આવ્યો કે નહિ? ઈ નહિ. સાંભળને! આ તો આત્મા એકપણે પોતે છે તેને પ્રાપ્ત થાઓ એમ કહે છે. .. બધું થઈને એક અહીં વાત જ ક્યાં છે? અહીં તો ગુણ પર્યાયમાં વ્યાપનારો પહેલો કહ્યો. પોતાના ગુણ-પર્યાયમાં વ્યાપનારો, પરક્ષેત્રમાં વ્યાપનારો નથી. કહે છે ને, ઘણા આમાંથી કાઢે છે કેટલાક. તમે એકપણું કહો છો ને છેલ્લે? અંતે તો અદ્વૈત કહો છો ને. અહીં આવશે ઓલી ગાથામાં. '**उदयति न नयश्री**'માં. '**भाति न द्वैतमेव**' અદ્વૈત ભાસે છે, દ્વૈત ભાસતું નથી. '**उदयति न नयश्री**' એમાં આવશે. સમજ્યા? '**उदयति न नयश्री... भाति न द्वैतमेव**' નવમો શ્લોક. પણ એનો અર્થ અદ્વૈત અંદર અનુભવની દૃષ્ટિમાં બેપણું ગુણ-ગુણીનું ભાસતું નથી એમ છે. બધા થઈને એક ભાસે છે અને બે ભાસતું નથી એમ નથી. સાંભળને! 'સમયસાર' વાંચીને ગોટા ઉઠાવે. વેદાંત તરફ લઈ જાય. ઓલા કહેતા હતા ને? કેવા હતા? નાથુરામ પ્રેમી. એ ને? મુંબઈ. એ કહેતા હતા કે 'સમયસાર'માં 'કુંદકુંદાચાર્યે' વેદાંતની ઢાળામાં 'સમયસાર'ને ઢાળ્યો છે. અરે..! ભગવાન! તને ખબર નથી. વેદાંતની ઢાળામાં (નથી ઢાળ્યું), એ તો વસ્તુના સ્વરૂપ તરફ ઢાળ્યું છે. એ એમ કહેતા. નાથુરામ માસ્તરને? પ્રેમી. 'કુંદકુંદાચાર્યે' 'સમયસાર'માં તમે તો વેદાંતના ઢાળામાં ઢાળો. ઢાળો સમજ્યા ને? આમ ઢાળે ને જ્યાં આમ. ના ના. ત્રણ કાળ ત્રણ લોકમાં નથી ઢાળ્યો. એ તો વસ્તુનું સ્વરૂપ છે ત્યાં ઢાળ્યું છે. સમજાણું? આવું આવે એટલે એમ કહે, લ્યો..

'શ્રીમદ્' લખ્યું છે પત્રમાં. કેટલાક લોકોને 'સમયસાર' વાંચતા એક આત્માનો ભ્રમ

થઈ જાય છે. એક જ આત્મા છે એમ થઈ જાય છે. પત્રમાં છે. આવું વાંચે ત્યાં થઈ જાય જુઓ! એક જ અમને પ્રાપ્ત થાઓ (લખ્યું છે). ક્યો એક? પહેલી તો વ્યાખ્યા કહી ગયા. ગુણ-પર્યાયોમાં વ્યાપનારો બધા ક્ષેત્રમાં અને બીજામાં નહિ. એ માટે તો શબ્દ પહેલો મૂક્યો છે. સમજાણું કાંઈ? છતાં એકપણાની પ્રાપ્તિ, અમારું અભેદ તત્ત્વ છે એની જ અમને પ્રાપ્તિ હો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પૃથક્. દ્રવ્યાંતર-બીજા દ્રવ્ય છે ને. એ વિના ક્યાંથી પૃથક્ આવ્યું? દ્રવ્યાંતર જ પૃથક્. દ્રવ્યાંતર એટલે એમ કે પહેલું કહ્યું પણ કાંઈ લાગતું નથી. નેતિ-નેતિ કહે છે ને એ લોકો? નેતિ... નેતિ... નેતિ. નેતિ-નેતિ તો આમાં નથી. એમાં છે. દ્રવ્યાંતર પૃથક્ ન કહ્યું પહેલું અંદરથી? સમજાણું કાંઈ? કહો સમજાણું? દ્રવ્યાંતરેભ્ય. ત્યારે બીજા અનેરા છે કે નહિ? અનેરામાં વ્યાપ્યું નથી. પોતામાં વ્યાપ્યું એમાંથી એકપણું કાઢ્યું છે એમ કહે છે.

મુમુક્ષુ :- પહેલા પરથી જુદો પાડ્યો ને..

ઉત્તર :- હા. પછી પર્યાયમાંથી જુદો પાડ્યો. એકલું દ્રવ્ય એકપણાને પ્રાપ્ત. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- સર્વ સ્વાભાવિક તથા નૈમિત્તિક પોતાની અવસ્થારૂપ ગુણપર્યાયભેદોમાં વ્યાપનારો...**' ભગવાન વ્યાપનારની વ્યાખ્યા કરી. વ્યાપે છે કેટલામાં? એક સ્વભાવિક અવસ્થા નિર્મળ, નૈમિત્તિક અવસ્થા વિકારી. ભગવાન આત્મા ગુણમાં તો વ્યાપ્યો છે પણ એની પર્યાયો જે નિર્મળ છે એમાં અને નૈમિત્તિક-નિમિત્તના લક્ષે થયેલી વિકારી અવસ્થા એ પોતાની અવસ્થા છે. નૈમિત્તિક અવસ્થા પણ એના પોતાના ભાવની પર્યાય છે એની. સમજાણું કાંઈ? સ્વભાવિક અવસ્થા અસ્તિત્વ ગુણ આદિની પર્યાય નિર્મળ છે. નૈમિત્તિક અવસ્થા નિમિત્તના લક્ષે આધીન થયેલો પોતે એમાં થયેલી દશા, વિકારી પર્યાય. એવી અવસ્થારૂપ ગુણભેદોમાં વ્યાપનારો. એવા ગુણના ભેદમાં વ્યાપનારો પોતે વ્યાપે છે. પોતે વ્યાપે છે. કર્મને લઈને વિકારમાં વ્યાપે છે એમ નહિ. સમજાણું કાંઈ? આ તો એક એક શબ્દે કેટલી વાત કરે છે! ઓહોહો..! ગુણપર્યાયમાં વ્યાપનારો એની વ્યાખ્યા કરે છે. પોતાના જે અનંત ગુણો છે એની કેટલીક નિર્મળ પર્યાય હો કે મલિન હો એમાં એ વ્યાપનારો છે. ગુણપર્યાય ભેદોમાં વ્યાપનારો છે. હવે એમાંથી જુદો પાડવો. એ તો પરથી જુદો પાડ્યો.

'**આ આત્મા શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો...**' આહાહા..! હવે પર્યાય પણ એનામાં નથી. જેમ પર એનામાં નથી અને સ્વમાં ગુણપર્યાયમાં વ્યાપેલો છે. પણ પર્યાય અને ગુણભેદ પણ જેમાં નથી. સમજાણું કાંઈ? કહો, કાંતિભાઈ! આ બધી ગાથાઓના ઠેકાણા પણ... ગાથાના પાર ન મળે. કોણ જાણે કેમ હા પાડી હશે એ વખતે? થઈ જાય, થઈ જાય એવું. નવનીતભાઈ! એવી વાત છે. હીરાભાઈ! તમારું ઓલું કરે છે હોં!

જરી. વસ્તુ એવી છે ને જરી. બરાબર લક્ષમાં પાકું દઢ ન હોય ને એટલે હલી જાય. આમ હશે? આમ હશે? એમ થઈ જાય અંદર.

અહીં તો કહે છે કે છે પોતાની વિકારી અને અવિકારી અવસ્થામાં વ્યાપેલો ભગવાન અનાદિઅનંત. વિકારી હોય તો વિકારી, નહિતર અવિકારી. પણ વ્યાપેલો એની પોતાની અવસ્થામાં છે. હવે એમાંથી '**શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો...**' છે. સામાન્ય ધ્રુવ... ધ્રુવ.. ધ્રુવ... ધ્રુવ... ભગવાન આત્મા પોતાની પર્યાયથી ભાળે છે ધ્રુવ. એકને ભાળે. એકને ભાળે તે એક્કો થાય. હુકમનો એક્કો છે ને. આહાહા..! સમજાણું કાંઈ? એક નિશ્ચિત કરવામાં આવ્યો એ નિશ્ચિત છે એ પર્યાય છે. પણ પર્યાયે નિશ્ચિત કર્યો છે એક, આ વસ્તુ છે, એમ નિર્ણય કર્યો છે. સામાન્ય એક એમાં ગુણભેદ નહિ અને પર્યાય પણ નહિ. આહાહા..!

એક ન્યાયે તો અભેદની અપેક્ષાએ ભેદ અસત્ય છે. જૂઠો છે. અભેદની અપેક્ષાએ એકની અપેક્ષાએ દ્રવ્યથી કહો તો પર્યાય જૂઠી છે. આહાહા..! આ તો પર્યાય જૂઠી છે. એનો ઉત્પાદ-વ્યયનો પર્યાય ત્રિકાળ ધ્રુવને સત્ય કહીએ તો પર્યાયને અસત્ય કહેવામાં આવે છે. આ અપેક્ષાએ. એય..! આહાહા..! પરની અપેક્ષાએ પોતાના ગુણપર્યાય સત્ છે. પરથી જુદો પડવામાં. પણ પોતે ત્રિકાળ ભૂતાર્થ... ભૂતાર્થ... ભૂતાર્થ... સત્યાર્થ.. સત્ પ્રભુ. એ સત્ય. ઉત્પાદ-વ્યય પર્યાય અસત્ય. આ અપેક્ષાએ અસત્ય, હોં! એની પર્યાય અપેક્ષાએ પર્યાય સત્ય છે. સમજાણું કાંઈ? કેટલું આમાં એને સમજવું? સંસારમાં ધંધા આદિમાં નથી માથા ફોડતા? વિકલ્પો કર્યા કરે. વિકલ્પો કર્યા કરે. બીજું કાંઈ કરી શકે છે? ચૂનાનું કાંઈ કરી શકે છે? ચૂનાની કોથળીયુંનું કાંઈ નહિ? હવે અહીં કોથળીયું લાવ્યા હતા. ચુનાનો ધંધો એટલે લાવ્યા હતા અહીં. એક ફેરી નીકળ્યા હતા, કેટલાય કોથળા પડ્યા હતા. ઘરના ચુનાના વેપારી ઘરનો ચુનો લાવ્યા છે. એના ઘરનું હશે? બોલવામાં તો એમ આવે. આહાહા..! આ ઘરનો તો આ રજકણ પણ નથી ને. આહાહા..! આ રજકણ બધા ગોઠવાણા છે એ તો માટીના છે, આ તો ધૂળના છે. એવો આકાર દેખીને એને કહે કે હું આવા આકારવાળો જન્મ્યો છું અને એવો હું છું. પોપટભાઈ! આવા આકારવાળો જન્મ્યો. આમ અરીસામાં દેખે આ એ હું. પણ ત્યાં તું ક્યાંથી ગરી ગયો અરીસામાં? આનું પ્રતીબિંબ છે. આ તું નથી તો આનું પ્રતીબિંબ તું ક્યાંથી આવી ગયો ત્યાં? આહાહા..!

મુમુક્ષુ :- ભૂલભુલામણી.

ઉત્તર :- ભુલભુલામણી. ઓલી થાય છે ને મહેંદીની નહિ? વડોદરામાં છે. ભુલભુલામણી વડોદરામાં ગયા હતા. એક ફેરી અમારો કેસ ચાલતો હતો ને મોટો. (સંવત) ૧૯૬૩ની સાલની વાત છે. ૬૩. કેસ ચાલતો હતો અફીણનો. નવરા હોય ત્યારે જઈએ. નહિતર કોર્ટમાં જતા. બિનગુનેગારે છૂટી ગયા હતા પણ, હોં. એવો અમારો કેસ ચાલ્યો હતો.

હતો ખોટો કેસ. એમાંય ખોટા આરોપ નાખે છે. અરે..! તમે માનતા નથી. આર્ષને માનતા નથી, સર્વજ્ઞને માનતા નથી. સર્વજ્ઞ વ્યવહારથી આમ કહે છે. પણ વ્યવહારથી એટલે સાચું નહિ, સાંભળને હવે. સર્વજ્ઞ ભાળે એકસાથે. આહાહા..! સમજાણું?

ભગવાન આત્મા એ શુદ્ધનયથી એટલે ધ્રુવપણાથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો છે. '**શુદ્ધનયથી જ્ઞાયકમાત્ર એક-આકાર દેખાડવામાં આવ્યો,...**' જુઓ! એક જ્ઞાયકમાત્ર એક આકાર, એક પ્રકાર, એક સ્વભાવ દેખાડવામાં આવ્યો છે. એકરૂપ.. એકરૂપ.. એકરૂપ.. ધ્રુવ. એ સમ્યગ્દર્શનનો વિષય એ દ્રવ્યાર્થિકનયનું દ્રવ્ય. દ્રવ્ય સામાન્ય જેમાં પર્યાય આવે નહિ. સમજાણું કાંઈ? એ અપરિણમન ધ્રુવ ચૈતન્ય ભગવાન તે સાચો આત્મા. વાસ્તવિક એ આત્મા. પર્યાય વિનાનો તે વાસ્તવિક આત્મા. આહાહા..!

મુમુક્ષુ :- કૂટસ્થ છે.

ઉત્તર :- દ્રવ્ય તો કૂટસ્થ છે. વજ્ર ધ્રુવ સ્તંભ પડ્યો છે અનાદિનો આમ ને આમ. દૃષ્ટિ કરે છે પર્યાય. પર્યાય પરિણમે છે. વસ્તુ પરિણમે? એ તો સદૃશ ધ્રુવ પડ્યો છે અંદર. પર્યાયદૃષ્ટિએ ગુલાંટ ખાય એ જુદી વાત છે. સદૃશપણે તો ધ્રુવ એવો ને એવો છે.

'**શુદ્ધનયથી જ્ઞાયકમાત્ર એક-આકાર...**' એક પ્રકાર, એક ભાવ '**દેખાડવામાં આવ્યો,...**' છે. આકાર એટલે આમ આકાર એમ નહિ, હોં! એક પ્રકાર, એક પ્રકાર, એક સ્વરૂપ. આકાર એટલે આમ આકૃતિ એમ લાંબા-પહોળાની વાત નથી અહીં. સમજાણું કાંઈ? '**તેને સર્વ અન્ય દ્રવ્યો...**' જુઓ! '**द्रव्यान्तरेभ्यः**' હતું ને? '**द्रव्यान्तरेभ्यः**' એટલે અનેરા. '**સર્વ અન્યદ્રવ્યો...**' અન્ય દ્રવ્યોમાં શું આવ્યું? કર્મ, શરીર આદિ બધું આવ્યું ને? દેવ-ગુરુ-શાસ્ત્ર, સમ્મેદશિખર બધું આવી ગયું હશે?

મુમુક્ષુ :- એ તો આપે નક્કી કરવાનું. ત્યાં જાવું છે ખરું ને.

ઉત્તર :- કોણે કહ્યું જાવું છે? કાલે ન બતાવ્યું ઓલામાં? તીર્થનું ન બતાવ્યું? સાંભળ્યું નહિ? ઓલા મુનિને તીર્થનો વિકલ્પ આવ્યો એનું પ્રાયશ્ચિત લીધું. દુઃખદાયક છે ઈચ્છા. પંડિતજી! સાંભળ્યું હતું કે નહિ? કાલે બતાવ્યું હતું. સન્મતિ સંદેશ છે. કાલે બતાવ્યું હતું ને? નથી આવ્યું? સાંભળ્યું કે નહિ?

મુમુક્ષુ :- આપ બીજી રીતે એનો અર્થ કરતા હતા.

ઉત્તર :- બીજી રીતે અર્થ નથી. છે એવો એણે કર્યો છે, જુઓ. એક સંત બિલકુલ નિર્યને. નિર્ય કહ્યું નહોતું? પંડિતજીને કહ્યું, નિર્ય એટલે ઈચ્છા વિના. એક દિન ઉન્હોને એકાંત વન પ્રાંત મેં રહને કો કઠોર ... કી ઘોષણા કર દી. જંગલ મેં રહના હૈ. બાહર નહિ આના હૈ. આહાર લેવા પણ ગામમાં ન જવું. ઉનકે શીષ્યોને પૂછા, ગુરુદેવ! આપ કૌનસે અપરાધ કા પ્રાયશ્ચિત લે રહે હૈં? મુનિરાજને કહા, આજ મેરે મનમેં તીર્થ યાત્રા કરને કી ઈચ્છા ઉત્પન્ન હો ગઈ. આની ટીકા તો થાશે. એય..! કર્યા જ કરે છે ને ટીકા.

ઈસીકા યહ પ્રાયશ્ચિત હૈ. ઉસને કહા, યહ તો શુભ વિચાર હૈ. મુનિરાજ બોલે, આત્મદર્શન કે અતિરિક્ત ભગવાન-આનંદકંદના દર્શન સિવાય જિતની ભી ઈચ્છા હૈ.. એય..! ન્યાલભાઈ! વહ સબ દુઃખદાયક હૈ. ક્યોંકિ આજ તીર્થયાત્રા કી ઈચ્છા હૈ, કલ દૂસરી ઈચ્છી ભી ઉત્પન્ન હો સકતી હૈ. ઈચ્છા દુઃખરૂપ હૈ. તીર્થયાત્રાની ઈચ્છા પણ દુઃખરૂપ છે. કહો, શું છે?

મુમુક્ષુ :- યથાસ્થાન..

ઉત્તર :- યથાસ્થાન.. અમારે મીઠાલાલજીને. મીઠાલાલ છે ને. હોય એ જુદી વાત છે, પણ છે દુઃખરૂપ. નાખ્યું આવું ઘણા વખતે નાખ્યું. આહાહા..! સમજાણું?

એટલે કહે છે કે નિયમથી તેને '**અન્યદ્રવ્યો અને અન્યદ્રવ્યોના ભાવોથી ન્યારો દેખવો, શ્રદ્ધવો તે નિયમથી સમ્યગ્દર્શન છે,...**' આને સમ્યગ્દર્શન, સાચું નિશ્ચય કહેવામાં આવ્યું છે. એની સામે વિરોધ કરશે...

**ભાદરવા સુદ ૪, રવિવાર તા. ૧૮-૦૯-૧૯૬૬**
**શ્લોક-૬, પ્રવચન-૫૧**

આ 'સમયસાર' જીવ-અજીવ અધિકાર છે. એનો આ કળશ-૬. એનો ભાવાર્થ છે. છઠ્ઠો કળશ છે ને? એનો ભાવાર્થ. નિશ્ચય સમ્યગ્દર્શનનું સ્વરૂપ. સાચું સમ્યગ્દર્શન એટલે કે આત્માનો સાક્ષાત્કાર થઈને પ્રતીત થવી એવું જે નિશ્ચય સમ્યગ્દર્શન કેમ થાય અને કોને કહે છે એ આ વ્યાખ્યા છે. જે ધર્મની પહેલી સીઢી, ધર્મનું પહેલું મૂળ. ત્યાંથી ધર્મ શરૂ થાય છે. ભાવાર્થમાં એનો વિસ્તાર કર્યો. થોડો આવી ગયો. ફરીને લઈએ. ભાવાર્થ છે ને એનો ભાવાર્થ? આ આત્મા કેવો છે, કેમાં છે, કેટલામાં છે એ પહેલી વાત કરે છે.

આ આત્મા '**સર્વ સ્વાભાવિક તથા નૈમિત્તિક પોતાની અવસ્થારૂપ ગુણપર્યાય ભેદોમાં વ્યાપનારો...**' શું કહ્યું? જે આ આત્મા છે એ આત્મા વસ્તુ અને એની ત્રિકાળ શક્તિરૂપ ગુણો, સ્વભાવ અને એની વર્તમાન દશા-અવસ્થા-હાલત. એમાં ત્રિકાળ દ્રવ્ય તો છે, ત્રિકાળ ગુણ છે, એ સિવાય વર્તમાનમાં એની નિર્મળ અવસ્થાઓ અને નૈમિત્તિક કર્મના લક્ષે વિકૃત દશા થાય તે નૈમિત્તિક અવસ્થા. એવા ગુણ પર્યાયના ભેદોમાં રહેલો, વ્યાપેલો છે. સમજાણું કાંઈ? શરીર, કર્મમાં એ રહ્યો નથી. શરીર અને કર્મ એ ભિન્ન જડ પદાર્થ છે. સમજાણું કાંઈ? એ રહ્યો હોય તો પોતે આત્મા દ્રવ્ય, એના અનંત ગુણો અને એની વર્તમાન સ્વભાવિક કે વિકારી અવસ્થા-દશા-હાલત એમાં રહેલો આત્મા પોતાના ગુણ પર્યાયમાં રહેલો-વ્યાપેલો-ટકેલો છે. કહો, બરાબર સમજાય છે આમાં?

એ આત્મા પોતાની વસ્તુ જે છે અને એના ગુણ. વસ્તુ એટલે સ્વભાવવાન. એનો ત્રિકાળી સ્વભાવ અનંત ગુણ અને એની વર્તમાન સ્વભાવિક કોઈ નિર્દોષ અને વિકારી અવસ્થા એમાં રહેલું એ તત્ત્વ છે. એટલે કે બીજા તત્ત્વમાં રહ્યું નથી, બીજા તત્ત્વો એમાં રહ્યા નથી. સમજાણું કાંઈ? એથી આત્મા પોતાના ગુણ અને વિકારી, અવિકારી પર્યાયમાં રહેલો હોવાથી પોતા સિવાય બીજા પદાર્થમાં રહ્યો નથી તેથી તે પોતા સિવાય બીજા અનંત પદાર્થોની અવસ્થાને કરી શકતો નથી. સમજાણું કાંઈ? આત્મા સિવાય પરવસ્તુ કર્મ, શરીર, વાણી, મન એ બધા પરપદાર્થની હાલતને- દશાને-અવસ્થાને પોતે પોતાના ગુણ અને અવસ્થામાં વ્યાપેલ-રહેલ હોવાને લઈ પરની અવસ્થામાં નથી માટે તેના કાર્ય કરી શકતો નથી. સમજાય છે કાંઈ? કાલથી હિન્દી થાશે. શોભાલાલભાઈ! આજ તો હજી ગુજરાતી છે.

ભગવાન આત્મા કેટલામાં છે એટલી વાત અત્યારે કરે છે. પોતે વસ્તુ છે, સત્ છે, પદાર્થ છે ને. છે ને? તો છે એવો જે આત્મા પોતાના અનંત સ્વભાવવાન છે. તો એના અનંત સ્વભાવ જ્ઞાન-દર્શન આદિ ગુણો અનંત અને એની વર્તમાન થતી નિર્મળ, વિકારી

અવસ્થા, નિર્મળ કે વિકારી અવસ્થા. અસ્તિત્વ આદિ ગુણોની નિર્મળ અવસ્થા છે. કેટલાક ગુણોની વિકારી અવસ્થા છે. એટલે આત્મા પોતે પોતાના ગુણ પર્યાયમાં વ્યાપેલો-રહેલો-ટકેલો અનાદિથી છે. એટલે એ આત્મા પોતાના પર્યાય સિવાય જેમાં રહેલો છે તે સિવાય, જેમાં નથી રહેલો તે દ્રવ્યની કોઈપણ અવસ્થાને તે કરી શકતો નથી. સમજાણું કાંઈ? શોભાલાલભાઈ! આ નથી તમાકૂનું કરી શકતા એમ કહે છે આ.

મુમુક્ષુ :- શાસ્ત્રમાં લખ્યું છે.

ઉત્તર :- શાસ્ત્રમાં લખ્યું તે શું? સમજાણું કાંઈ? એક વાત.

બીજી કે જે આ આત્મા વસ્તુ છે એમાં અનંત ગુણ એની પર્યાયમાં વ્યાપેલ છે. પરમાં નથી, પરમાં વ્યાપ્યો નથી એટલે પરના કામ કોઈ દિ' ત્રણ કાળમાં એણે કર્યા નથી. તેમ પરથી એમાં કાર્ય થયું એમ પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? નૈમિત્તિક અવસ્થા ભલે પોતાની છે પણ એ અવસ્થા પોતામાં વ્યાપેલા છે અને પરપદાર્થ પોતાના ગુણ પર્યાયમાં વ્યાપેલા છે. એટલે પરપદાર્થ એની પર્યાયમાં વ્યાપેલો આ આત્માની પર્યાયને પરપદાર્થ કરી શકતા નથી.

મુમુક્ષુ :- નિમિત્ત છે.

ઉત્તર :- નિમિત્તનો અર્થ જ એ છે કે કરી શકતા નથી ત્યારે નિમિત્ત કહેવાય છે. સમજાણું કાંઈ? અમરચંદભાઈ!

ભગવાન આત્મા, આત્મા જેવું એનું વાસ્તવિક સ્વરૂપ છે, આ તો બધું ભેદવાળું છે, એને ભેદવાળો કહીને શ્રદ્ધા કરાવવી એ તો વ્યવહાર સમકિત કહેવાય. એમાં વ્યભિચાર આવે છે, વાસ્તવિકતા આવતી નથી. સમજાણું કાંઈ? એ પછી કહેશે. વ્યવહારનય આત્માને અનેક ભેદરૂપ કહે છે. ભગવાન આત્મા આ તો મૂળ રકમની વાત છે. વસ્તુ પોતે છે. એ છે એના ગુણ અને પર્યાયમાં-અવસ્થામાં છે. તેથી તેનામાં છે એને, એનામાં જે બીજા પદાર્થ નથી તે એનું કાંઈ કરી શકતા નથી. અને પોતે પરમાં નથી માટે પરનું કાંઈ કરી શકતો નથી. કહો, સમજાણું કાંઈ? એ તો સામાન્ય વાત છે. વસ્તુની કરી.

હવે સમ્યગ્દર્શનનો વિષય શું એની વાત કરે છે. એટલા ગુણ અને પર્યાયના ભેદવાળો બધાને માનવો એ કાંઈ વાસ્તવિક સમ્યગ્દર્શન નથી. એ આસ્થા કરે, તો વ્યવહાર સમ્યગ્દર્શન વિકલ્પવાળી, રાગવાળી શ્રદ્ધા એને કહેવાય. પણ એ કાંઈ વાસ્તવિક સમ્યગ્દર્શન નથી. શું કીધું સમજાણું કાંઈ? આત્મા વસ્તુ છે. એના અનંત ગુણો અને એની પર્યાય નિર્મળ કે વિકારી એમાં વ્યાપેલો (છે) એટલાની શ્રદ્ધા કરે તો તો એમાં એનું એકરૂપ સામાન્ય ત્રિકાળ લક્ષમાં નથી આવતું. એનું અનેકરૂપ લક્ષમાં આવતાં અનેકની શ્રદ્ધા કરતા સમ્યગ્દર્શનની શ્રદ્ધા પણ અનેકરૂપ એટલે વ્યવહાર શ્રદ્ધા થઈ જાય છે. એને વાસ્તવિક એકરૂપ શ્રદ્ધાનું સમ્યગ્દર્શન એમાં હોઈ શકતું નથી. સમજાણું કાંઈ આમાં? સમ્યક્ એટલે જેવું એનું એકરૂપ સ્વરૂપ

છે, અભેદ છે તેવી તેને અંદર જ્ઞાનના ભાન સહિતની પ્રતીત થાય ત્યારે તેને સત્યનો સ્વીકાર કરેલું સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

કહે છે, આ આત્મા. આ આત્મા કહ્યો પહેલો એ. હવે '**શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો–**' પહેલી વાત તો કરી કે વસ્તુ... બીજું લક્ષ છોડી દો. શરીર, વાણી, મન એને ઘરે રહ્યાં એના ઘરમાં. આત્માના એક અંશના ઘરમાં પણ આવતા નથી. સમજાય છે કાંઈ? અંશ એટલે કે આત્માની એક સમયની પર્યાયમાં પણ એ બધા દ્રવ્યો આવતા નથી. શશીભાઈ! ભગવાન આત્મા એનો પોતાનો વર્તમાન અંશ, ત્રિકાળી શક્તિ આદિનો અંશ, એ વર્તમાન અંશ પણ પરની કોઈ અવસ્થાના ઘરમાં જતો નથી. સૌ પોતપોતાના ઘરમાં પડ્યા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો વિકારી કીધું ને. વિકારી કે નિર્મળ અવસ્થા. એટલે અહીં કંઈ...

વિકારી અવસ્થા હો કે અવિકારી અવસ્થા હો. આત્મા રજકણથી માંડીને ઘણા સ્કંધ લાડવો, દાળ, ભાત, રોટલી, શાક એને લઈ શકતો નથી, છોડી શકતો નથી, મૂકી શકતો નથી, તોડી શકતો નથી, ખાઈ શકતો નથી. શોભાલાલભાઈ! આ ભારે વાત કરી. આ બધા મોટા શેઠીયાઓ કેટલા કામ કરે છે લ્યો. એય..! ભગવાનદાસભાઈ! પહેલી તો એ કબુલાત કરાવી કે વસ્તુ જે છે એ અનાદિઅનંત છે. છે એ નવી ન હોય, છે એનો નાશ ન હોય, છે એનું વર્તમાન વિદ્યમાનપણું કદી ટળે નહિ. તો એ છે એવો જે આત્મા એના અનંત શક્તિઓ–ગુણ અને એની અવસ્થા વિકારી–અવિકારી એમાં એ રહેલો, વ્યાપેલો, ટકેલો છે. નિગોદમાં હોય તોપણ એ, સિદ્ધમાં હોય તોપણ એ. સમજાણું કાંઈ? નિગોદ. નિગોદ છે ને? આલુ, શક્કરકંદ એ બધા. એમાં પણ એ આત્મા પોતાના ગુણપર્યાયમાં જ વ્યાપીને રહેલો છે. કર્મમાં વ્યાપીને રહ્યો છે કે કર્મ એને વ્યપાવી દે છે એવું છે નહિ. સમજાણું કાંઈ આમાં? કહો, સમજાય છે કે નહિ? નવીનભાઈ! આ બધું સમજવું પડશે, હોં! બહારના થોથામાં કાંઈ નથી. આ બધું બાયડી મરી જાય તો ઓલું થઈ જાય.. હાય.. હાય.. આમ થયું. એ બધું ધૂળે ધૂળ છે. એય..! વકીલ! આહાહા..! અરે..! છોકરા મરી જાય, બાયડી મરી જાય અને શરીર મરી જશે. મરી જશે એટલે ટળી જશે. આત્માનું ક્યાં હતું આ? આત્મામાં ક્યાં હતું તે આત્મામાં મરે અને આત્મામાં ક્યાં હતું તે આત્માથી જીવે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતે દ્રવ્ય–વસ્તુ ગુણ અને પર્યાય–હાલત–દશા. બસ, એટલામાં વ્યાપેલું એનું અસ્તિત્વ, મોજૂદગી વિદ્યમાન એટલામાં છે. એ સિવાય બીજી કોઈપણ ચીજના કાયમમાં કે તેની વર્તમાન દશામાં એની મોજૂદગી નથી. તેમ બીજી ચીજો જે કાયમ મોજૂદગી રાખે છે અને એની વર્તમાન દશા છે એ દશાઓ આત્માની મોજૂદગીમાં એક સમય પણ એની

અવસ્થા આવતી નથી. સમજાણું કાંઈ? એ કર્મના ઉદયની અવસ્થા, કર્મના ઉદયની અવસ્થા કર્મના રજકણમાં વ્યાપીને રહેલી છે. કર્મના ઉદયની અવસ્થા આત્માની પર્યાયમાં વ્યાપીને ત્રણ કાળમાં રહેતી નથી. અમરચંદભાઈ! મોટા વાંધા કર્મના. ધોકા મોટા. હજી તો વ્યવહારુ આત્મા એને કેવો છે એની શ્રદ્ધાના ઠેકાણા નથી. સમજાણું કાંઈ?

કહે છે કે એવો ભગવાન આત્મા શુદ્ધનયથી એકપણું (છે). ઓલું તો અનેકપણું કહ્યું. ગુણો અનંત, એની અવસ્થાઓ વિકારી અને અવિકારી પણ અનંત. હવે એને શ્રદ્ધવો એમાં અનેકરૂપને માનવું એમાં સમ્યગ્દર્શન પણ અનેકરૂપ થઈ જાય છે. અનેકરૂપ એટલે યથાર્થ સમ્યગ્દર્શન થતું નથી. સમજાણું કાંઈ? આ શુદ્ધનયથી એકપણું ધ્રુવ સામાન્ય ચૈતન્ય ચૈતન્ય. અનેકરૂપને શું કહ્યું? કે નારકીની ગતિની અવસ્થા, રાગ-દ્વેષની અવસ્થા, મતિ-જ્ઞાન આદિની અવસ્થાઓ એનામાં વ્યાપીને રહેલી છે. શું કીધું? અત્યારે મનુષ્યગતિ (છે). શરીર આ મનુષ્યગતિ નથી. અંદર મનુષ્યગતિની અવસ્થા ઉદયભાવની, એ જીવની અવસ્થામાં વ્યાપી રહેલી ટકેલી છે. કર્મને લઈને નહિ.

મુમુક્ષુ :- આયુષ્યને લઈને છે.

ઉત્તર :- આયુષ્યને લઈને વાત નહિ. ઈ બધું કર્મ આયુષ્યમાં વયું ગયું. સમજાણું કાંઈ?

પહેલું એ સિદ્ધ કર્યું જોયુંને! '**व्याप्तुर्यदस्यात्मनः**' આચાર્યોની શૈલી તો ઘણી ઊંડી, ગંભીર થોડામાં ઘણું સમજાવે છે. ગાગરમાં સાગર ભરીને વાત કરે છે. ભાઈ! તું કેટલામાં? તારા ક્ષેત્રમાં, તારા કાળમાં, તારા ભાવમાં કેટલામાં છો? આખી ચીજ. એની ગુણ અને વર્તમાન અવસ્થા છે. એ અવસ્થા પછી રાગ કરે, એ અવસ્થામાં નિરાગી અવસ્થા હો, પણ એ અવસ્થામાં વ્યાપેલો છું. એવી અવસ્થાથી તારામાં એક આ હોઠ હલે કે મુઠ્ઠી મારી શકે કે લાકડું લઈ શકે એવી આત્મામાં વિકારી પર્યાય કે અવિકારી પર્યાયમાં એ તાકાત નથી. એટલે કે એના સ્વરૂપમાં એ સ્થિતિ નથી. સમજાણું કાંઈ? ..ભાઈ! શું આ બધા તમે દલીલ કરો છો કોર્ટમાં. દલીલ કોણ કરે? જડ? આહાહા..!

ભગવાન આત્મા હવે એટલા બધા ભેદોમાં છે એ તો એકને અનેક ભેદવાળો માનવો એ તો વ્યવહાર સમકિતની શ્રદ્ધા (થઈ). છે એવી પ્રતીત રાગ સહિતની થઈ. એ કાંઈ વસ્તુ શ્રદ્ધા થઈ નહિ. એ આત્મા, '**આ આત્મા શુદ્ધનયથી એકપણામાં...**' એકરૂપ જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... ચેતન... ચેતન... ચેતન... ચેતન... ચેતન... ચેતન... ચેતન... એમાં નરક ગતિ આદિની પર્યાય ન આવે, રાગાદિની પર્યાય ન આવે અને મતિ જ્ઞાનાદિની પણ પર્યાય વર્તમાન અંશ એકરૂપમાં શુદ્ધનયના વિષયમાં આવે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અભેદરૂપે ન આવે?

ઉત્તર :- અભેદમાં આવે નહિ. અભેદમાં ભેદ ભાળે ત્યાં અસત્યાર્થ છે. આ ઝીણી વાતું છે, ભાઈ! જૈન સર્વજ્ઞ પરમેશ્વરે જે તત્ત્વો કહ્યા એ એમ જ છે. પણ એ તત્ત્વમાં... ઓલામાં આવે છે ને 'પરમાત્મપ્રકાશ'માં નહિ? ઉપાધ્યાય એવો ઉપદેશ આપે, અભેદ નિશ્ચય રત્નત્રયનો જ ઉપદેશ ઉપાધ્યાય આપે છે. એવો પાઠ આવે છે. 'પરમાત્મપ્રકાશ'માં નહિ? ભગવાન આત્મા એ પર્યાયવાળો, વિકારીવાળો એનું જ્ઞાન કરાવે. સમજાય છે? પણ એના ઉપદેશમાં વાસ્તવિક ઉપાધ્યાય, સાધુ અથવા આચાર્ય એને કહીએ કે જેના ઉપદેશમાં ભગવાન આત્મા એક સ્વરૂપે જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... અનંતી ઋદ્ધિ જેમાં એકરૂપમાં પડી છે. અને એકરૂપપણું એને શ્રદ્ધામાં બતાવે, જ્ઞાનમાં બતાવે, એમાં ઠરવાનું બતાવે. અભેદરત્નત્રયનો ઉપદેશ કરે તેને ઉપાધ્યાય કહેવામાં આવે છે. આહાહા..! અત્યારે વાંધા એ વાંધે. છે કે નહિ એમાં? સમજાણું? 'પરમાત્મપ્રકાશ'માં છે. જુઓ! ગાથા છે ને શરૂઆતમાં? ચાર વાત કરી છે ને ઓલી. 'પંચાસ્તિકાય' નિજ શુદ્ધ જીવદ્રવ્ય, નિજ શુદ્ધ જીવ તત્ત્વ, નિજ શુદ્ધ જીવપદાર્થ આપ શુદ્ધાત્મા હૈ. વહી ઉપાદેય હૈ. અન્ય સબ ત્યાગને યોગ્ય હૈ. ઐસા ઉપદેશ કરતે હૈં. ઔર શુદ્ધાત્મા સ્વભાવ કા સમ્યક્ શ્રદ્ધાન, જ્ઞાન, આચરણરૂપ અભેદ રત્નત્રય વહી મોક્ષમાર્ગ હૈ ઐસા ઉપદેશ શિષ્યોં કો દેતે હૈં ઐસે ઉપાધ્યાય કો મૈં નમસ્કાર કરતા હૂં. એમ કહે છે. બેય વાત કરી. સમજાણું કાંઈ? અમરચંદભાઈ! બે પ્રકાર વર્ણવ્યા છે એમણે. ઉપાધ્યાય છે ને. જે કોઈ ઉપદેશક આચાર્ય કે ઉપાધ્યાય એવા હોય છે, સાચા ઉપદેશક કે એને શુદ્ધાત્મા એક સ્વરૂપે અખંડાનંદ છે તેનો ઉપદેશ આપે છે. અને તેવો શુદ્ધાત્મા એકાકાર છે એની શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્રની રમણતાનો અભેદ રત્નત્રયનો ઉપદેશ આપે છે. સમજાણું કાંઈ? ભગવાનદાસભાઈ!

મુમુક્ષુ :- દાન, પૂજાનું કે દિ' આવે?

ઉત્તર :- દાન, પૂજામાં એ આવી જાય. આવું બતાવે એમાં રાગાદિ હોય એનું જ્ઞાન આવી જાય. સમજાણું કાંઈ? હજી તો ઉપદેશક કેવા હોય એની ખબર ન મળે. અને જ્યાં-ત્યાં માથા ફોડવા જાય. લાવો... લાવો. શું આપે ત્યાં? એની પાસે હોય ત્યારે ને? અહીં તો સર્વજ્ઞ પરમેશ્વર કહે છે કે અમારા ઉપાધ્યાય સંતો એવા હોય, આચાર્ય એવા હોય કે એકલો શુદ્ધ વીતરાગી પરમાત્મસ્વરૂપ આત્મા તેને શુદ્ધાત્મ તરીકે સમજાવે. સમજાય છે કાંઈ? વ્યવહારનય તરીકેનો આત્મા તો અનાદિથી માન્યો છે. એમ અહીં તો કહેવું છે, ભાઈ! સમજાણું કાંઈ?

'**શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો-**' એવા આત્માની વાત જગત પાસે મૂકે. ભાઈ! જેમાં સત્‌પણાનો આદર અને સત્‌નો સ્વીકાર થતાં સમ્યગ્દર્શન થાય છે. એવો શુદ્ધ ભગવાન આત્મા, એને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. એ '**નિશ્ચિત કરવામાં આવ્યો- શુદ્ધનયથી જ્ઞાયકમાત્ર એક-આકાર દેખાડવામાં આવ્યો,...**' ભગવાન આત્મા એકરૂપ ત્રિકાળ

જ્ઞાન-જ્ઞાન... ચેતન... ચેતન... ચેતન. પર્યાય નહિ, રાગ નહિ, ગતિ નહિ, સંયોગ નહિ. એકલો ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ એને શુદ્ધનયથી બતાવવામાં આવ્યો કે જેની દૃષ્ટિ કરતાં જીવને અનંત કાળમાં નહિ થયેલું સમ્યગ્દર્શન થાય. અને એ સમ્યગ્દર્શન ધર્મની પહેલી સીઢી છે. કહો, અમરચંદભાઈ! આ ઉઠીને આ બધું કરો, આ કરો, વ્રત પાળો, કષાય મંદ કરો. ધૂળમાંય નથી હવે. અભવિ કરે છે, સાંભળને! વીતરાગમાર્ગ સર્વજ્ઞ, એય...! ભગવાનદાસભાઈ! આ બસ શેઠીયા દાન આપે પાંચ, પજાર, લાખ. બહુ તો ન આપી દે. જેટલા હોય એટલા. થોડું-ઘણું કરે. કેમકે કરોડમાંથી કાંઈ પચાસ લાખ આપી દે એવું છે એ?

મુમુક્ષુ :- એક લાખ આપે તોપણ...

ઉત્તર :- પણ કરોડ આપે તોપણ કાંઈ ધર્મ નથી.

અહીં તો કહે છે કે અહીંયાં ભગવાન આત્મામાં રાગની મંદતા થાય અને અલ્પજ્ઞતા હોય, એને લક્ષે પણ સત્‌નો સ્વીકાર થઈ શકતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન શુદ્ધ ચૈતન્યની મૂર્તિ છે. પરમાનંદની મૂર્તિ એકસ્વરૂપ. એવા '**શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં...**' ઓલામાં અનેકપણું હતું. આ એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો. શું? એક શુદ્ધનયથી ભાઈ! એકાકાર જ્ઞાયકમાત્ર એક સ્વરૂપ દેખાડવામાં આવ્યો. એકસ્વરૂપની અંતર દૃષ્ટિ કર. એકાગ્ર થઈ એકને લક્ષમાં લે. એકાકારમાં એકાકાર (એકાગ્ર) થતાં તને સમ્યગ્દર્શન થશે. એ સિવાય કોઈ સમ્યગ્દર્શનની રીત છે નહિ. ન્યાલભાઈ!

મુમુક્ષુ :- ગુરુ કૃપાથી થાય ને?

ઉત્તર :- ગુરુકૃપા ત્યાં કામ આવતી નથી. શેત્રુંજય અને સમ્મેદશીખર પણ કામ આવતો નથી. સાક્ષાત્ તીર્થંકર ત્રણ લોકના નાથ સમવસરણ હોય એના લક્ષે પણ ત્યાં સમ્યગ્દર્શન થતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવો દેખાડવામાં આવ્યો. અસ્તિ કરી.

'**તેને સર્વ અન્યદ્રવ્યો અને અન્યદ્રવ્યોના ભાવોથી ન્યારો દેખવો,...**' નાસ્તિથી વાત કરે છે. ભગવાન આત્મા ચૈતન્યનો પિંડ પ્રભુ અનંત ગુણનું એકરૂપ, એવી શ્રદ્ધા કરવી અને અન્ય દ્રવ્યોથી અને એના ભાવોથી. અન્ય દ્રવ્યના ભાવ હોં! વિકારી નહિ. એનાથી ભગવાન આત્માને પરલક્ષ છોડીને પરના હોવાપણામાં લક્ષ જે છે તે પરના હોવાપણાના લક્ષને છોડી દઈને પોતાનું એકરૂપ ચિદાનંદ જ્ઞાયકસ્વરૂપ છે, એના હોવાપણામાં રહી અને તેને ભાવોથી ન્યારો દેખો. ભગવાન આત્માને કર્મ અને રાગથી ન્યારો દેખો. અહીં તો પરદ્રવ્યથી ન્યારો દેખતાં રાગથી પણ ન્યારો દેખાય છે. આહાહા..! ભારે વાત, ભાઈ! જુઓ! આ મંડુક-દેડકાને સમકિત થાય તો આમ થાય. દેડકા સમજો છો ને? મેઢક. મેઢક-મેઢક. ક્યાં ગયા? નવરંગભાઈ! ઈ કરાવી દો અમને (એમ કહેતા હતા).

આત્મા બાહ્ય લક્ષના અનેક ભેદોમાં પોતાના અનેક ભેદો, હોં! પરની વાતો એક કોર મૂકી દો. અનેક ભેદમાં એકપણાની દૃષ્ટિનું અવ્યભિચારીપણું સમ્યગ્દર્શન પ્રગટ થતું નથી.

તેથી ભગવાન આત્મા એક સ્વરૂપ જ્ઞાયક, એને પરદ્રવ્યથી ભિન્ન દેખવો એ નિયમથી સમ્યગ્દર્શન છે. તે નિશ્ચયથી સમ્યગ્દર્શન છે, સત્યસ્વરૂપ સમ્યગ્દર્શન છે, અવ્યભિચારી સમ્યગ્દર્શન છે. એમાં કોઈ દોષ આવતો નથી. સમજાણું કાંઈ? મોટો પરમાત્મા દૃષ્ટિએ ઉપાડવાનો છે.

આખી વસ્તુ છે કે નહિ અખંડ? આદિ-અંત વિનાની અનાદિ છે ને? છે તો અનંત ગુણનું એકરૂપ છે. એને દૃષ્ટિમાં લઈ અને નિશ્ચય સમ્યગ્દર્શન થાય તેને સત્યદર્શન કહેવામાં આવે છે. એ વખતે આત્માનો સાક્ષાત્કાર થાય છે. આહાહા..! શાંતિ પછી કહેવાશે. આનંદનું વેદન કહેવું છે ને. આ અભેદ ચેતન એકરૂપ દૃષ્ટિમાં સત્ય દર્શન થાય છે, એકરૂપ દર્શનમાં સમ્યગ્જ્ઞાન થાય છે, એકરૂપ દર્શનમાં શાંતિ થાય. સ્વરૂપાચરણ કીધું. એકરૂપ દર્શનમાં આનંદ થાય છે. અનેકરૂપ શ્રદ્ધામાં દુઃખ થાય છે, અનેકરૂપના જ્ઞાનમાં દુઃખ થાય છે, અનેકરૂપમાં ઠરવું એ દુઃખરૂપ છે. અને એકરૂપમાં શ્રદ્ધા જ્ઞાને ઠરવું તે આનંદરૂપ છે. આહાહા..! આ વાત. અરે..!

સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર કહે એની એને ખબર પડે નહિ. ભણી ભણીને ભણે. શાસ્ત્રોના થોથા ને થોથા. લાખો-કરોડો પુસ્તકો (વાંચે). પણ મૂળ વસ્તુ શું એ તો કહે હવે. સાર શું છે બધા ભણ્યા-ફણ્યાના? સમજાણું કાંઈ? જેમાં ભગવાન આત્મા પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... ગુણનો પિંડ પ્રભુ. પૂર્ણ જ્ઞાનઘન છે ને. પૂર્ણ જ્ઞાનઘન એકલો જ્ઞાનનો પિંડલો પ્રભુ છે. ભેદ વિનાની ચીજ, હોં! પર્યાય અને ભેદ વિનાની. એકલો પૂર્ણ જ્ઞાનઘન છે, ચૈતન્યઘન છે, વિજ્ઞાનઘન છે. સ્વરૂપે પૂર્ણ ચૈતન્યના નૂરથી ભરપૂર ભરેલો ભગવાન આત્મા છે. આહાહા..! ક્યાં કોઈ દિ' નજરમાં બેસે નહિ, શ્રદ્ધામાં આવે નહિ. ભટક્યા કરે બહાર ને બહાર. સમજાણું કાંઈ?

'ખગ પગ ગગન મીન પદ જલમેં .. ' 'આનંદઘનજી' કહે છે. 'ખગ પગ ગગન.' પંછીના પગલા આકાશમાં ગોતવા જાય તો ત્યાં મળશે નહિ. પંડિતજી! ખગ-ખગ. આમ ચાલે ને. ક્યાં ચાલ્યા? ત્યાં પગલા પડ્યા છે. 'ખગ પગ ગગન, મીન પદ જલમેં...' માછલા પાણીમાં ક્યાં ચાલ્યા? 'ચિત્ત પંકજ ખોજે સો ચિહ્ને રમતા આનંદ ભોરા' રાગ ને વિકલ્પ ને ભેદમાં ગોતવા જાય ત્યાં ભગવાન આત્મા હાથ નહિ આવે એમ કહે છે. સમજાણું કાંઈ? કેટલીક વાત એણે 'આનંદઘનજી'એ કરી છે.

ખગ પદ ગગન, મીન પદ જલમેં જો ખોજે સો બોરા,
ચિત્ત પંકજ ખોજે સો ચિન્હે, રમતા આનંદ ભૌરા.
અવધુ અનુભવ કલિકા જાગી,
મતિ મેરી આતમ સમરન લાગી.
મતિ મેરી આતમ સમરન લાગી,
અબધુ એસો જ્ઞાન વિચારી. ત્યાં કોણ પુરુષ કોણ નારી.'

કોણ પુરુષ અને કોણ નારી? આત્મામાં છે જ ક્યાં કાંઈ? સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે.. અર્થ પણ જે ભર્યો છે ને ભાવ, એવો જ અર્થ કર્યો છે 'જયચંદ્ર પંડિતે.' કહે છે કે એ ભગવાન આત્મા વસ્તુએ પરિપૂર્ણ એકરૂપ છે. એને શુદ્ધનય નામ સમ્યક્-સાચું જ્ઞાન તે જ્ઞેયને પકડે છે. અને તેથી તેને સમ્યગ્દર્શન સાક્ષાત્કાર આત્માનો અનુભવ થઈ અને સાક્ષાત્ વેદન થઈ, પ્રત્યક્ષ શ્રુતજ્ઞાન અને આત્માને સાચી પ્રતીતિ-સમ્યગ્દર્શન દશા પ્રગટે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ એની રીત અને આ એનો રસ્તો. આ રીત મૂકીને બીજી રીતે કરવા જાશે તો વસ્તુ હાથ નહિ આવે. આહાહા..! સમજાણું કાંઈ? અને આવા સમ્યગ્દર્શન વિના જે કાંઈ કરે, વ્રત ને નિયમ ને બધા થોથે થોથા ચાર ગતિમાં રખડવાના સાધન છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પૂર્ણાનંદ જેને કહે છે... જુઓ! હવે કહે છે કે '**વ્યવહારનય આત્માને અનેક ભેદરૂપ કહી...**' ભાષા તો પહેલી આત્માને ભેદરૂપ કહી. ભાઈ! આ નિશ્ચયનય વસ્તુને એકરૂપ કહી તેની શ્રદ્ધા કરાવે તેને સમ્યગ્દર્શન કહે છે. આહાહા..! અરે..! મૂળ મૂળ મૂળ રસ્તો આ. સમજાણું કાંઈ? જાવું હોય ઉગમણે અને ચાલવા માંડે આથમણે. આથમણે શું કહેવાય આ? પશ્ચિમ. પૂર્વમાં જાવું હોય અને પશ્ચિમમાં મુઠીયું વાળીને ચાલે તો માર્ગ કાપીએ છીએ. દૂર પડતો જાય છે, સાંભળને હવે. જેની સન્મુખ જોવું જોઈએ એને તો તું ઓળખતો નથી. જેનાથી વિમુખ થવું એ કઈ ચીજ છે એને જાણતો નથી. ક્યાં તારે જાવું છે અને શું તારે કરવું છે?

મુમુક્ષુ :- બેય વ્યર્થ છે.

ઉત્તર :- બેય વ્યર્થ છે. આહાહા..! મુદ્દાની રકમ આવી છે હોં! આજ તો બરાબર આ. રવિવાર છે ને.

કહે છે, '**વ્યવહારનય...**' ભારે અર્થ કર્યો છે ને. '**વ્યવહારનય આત્માને અનેક ભેદરૂપ...**' કહે છે. એનામાં રાગ છે, એનામાં નિર્મળ અવસ્થા છે, અનંત ગુણો છે, એ નારકી છે, દેવ છે, ક્રોધી છે, માની છે, અનંત ગુણવાળો છે એ વ્યવહારની એવા અનેક ભેદવાળો આત્માને બતાવે છે. અને '**સમ્યગ્દર્શનને અનેક ભેદરૂપ કહે છે...**' વ્યવહારનય આત્માને અનેક ભેદરૂપ કહી સમ્યગ્દર્શન અનેક ભેદરૂપ કહે છે. આને શ્રદ્ધવું એ સમકિત, આને શ્રદ્ધવું એ સમકિત, આને શ્રદ્ધવું એ સમકિત. એમ સમકિત ઈ સાચું છે નહિ. '**ત્યાં વ્યભિચાર (દોષ) આવે છે,...**' અનેક ઉપરની શ્રદ્ધા અને અનેકપણાની માન્યતા એ તો સમ્યગ્દર્શન છે જ નહિ. એ તો રાગ છે. અથવા દ્રવ્ય-ગુણ અને પર્યાય આખો ભેદવાળાની-આ નારકી છે ને દેવ છે ને રાગી છે એવી શ્રદ્ધા એ શ્રદ્ધા સમ્યગ્દર્શનની પર્યાય નથી. એ શ્રદ્ધા બહુ તો જ્ઞાનના ઉઘાડની પર્યાય રાગની, શુભ રાગવાળી છે. એ સમ્યગ્દર્શન પર્યાય નથી. માટે એમાં વ્યભિચાર આવે છે, કહે છે. આહાહા..! શું કહ્યું? સમજાણું કાંઈ? થોડું ઝીણું

પણ પૂરું સમજ્યે છૂટકો છે એને. લાંબુ સમજ્યા વિના ભલે કાંઈ ન આવડે પણ આ સમજે નહિ તો એનું કલ્યાણ થાય એવું નથી. આહાહા..! ભલે ભાષણ કરતા ન આવડે અને બીજાને સમજાવતા ન આવડે. એ બીજી ચીજ છે.

આ ભગવાન આત્મા કહે છે કે એકરૂપ વસ્તુ ભગવાન, એને શુદ્ધનય એકરૂપને બતાવીને સમ્યગ્દર્શનનું યથાર્થ સ્વરૂપ બતાવે છે. વ્યવહારનય એ આત્માને અનેકપણે બતાવી, અનેકપણાની શ્રદ્ધા એટલે એ સમ્યગ્દર્શનની પર્યાય છે જ નહિ, એમ કહે છે અહીં તો. અનેકપણાને માને એ તો અનેકપણાનું પરલક્ષી જ્ઞાન પર્યાયમાં થયું. અને શુભરાગ થયો. એ સમ્યગ્દર્શન નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ન સમજાય એમ કાઢી નાખવું જોઈએ. ભગવાન આત્મા એક સમયમાં ત્રિકાળ જ્ઞાન ચૈતન્ય શક્તિ પ્રગટ કરવી એવી તાકાત ધરાવે છે. સમજાય છે કાંઈ? નિગોદના નીકળ્યા આઠ વર્ષે માણસ થઈ સાધુ થઈ અંતર્મુહૂર્તે કેવળ પામે. આહાહા..! એનામાં તાકાત (છે) પણ ઈ કોણ છે એની એને ખબર નથી. બીજાની તાકાતની કિંમતની કિંમત ટાંકે. હીરા આવા ઊંચા, ધૂળ આવી ઊંચી, મરચા આવા, ફલાણું આવું, ઢીંકણું આવું. આ ડૉક્ટરો (એમ કહે) દવા આવી. એય..! ક્યાં બીજા આ નવરંગભાઈ! આ ડૉક્ટર બધા છે ને ઘાટકોપરથી. ડૉક્ટર આ ઈંજેક્શન ખોસવું. આ થાય અને આનું આમ ઈંજેક્શન હળવું હોય અને ઢીંકણું હોય એવી વાતું કરે.

મુમુક્ષુ :- … એવી.

ઉત્તર :- ધૂળેય નથી એમાં. પરની કિંમત (કરી). ક્યાં છે? એ.. વકીલ! એવું છે. પણ પોતે ચૈતન્ય હીરો અંદર ચૈતન્ય રત્નાકર ભગવાન પરમાનંદની મૂર્તિ કોણ છે? 'પરખ્યા માણેક મોતીયા, પરખ્યા હેમ કપુર, પણ એક ન પરખ્યો આત્મા ત્યાં રહ્યો દિગ્મૂઢ.' મૂઢ થઈને બેઠો. પંડિત થયો મોટો અગિયાર અંગ ભણી ભણીને, હોં! નવ પૂર્વ ભણ્યો. શું થયું પણ? એ તો પરલક્ષી વસ્તુ છે, ભેદવાળું જ્ઞાન છે. એની શ્રદ્ધા કરવી એ વ્યભિચાર છે. સમજાણું કાંઈ? એટલે વ્યભિચારનો અર્થ કે જે સમ્યગ્દર્શનની પર્યાય છે તે પર્યાય નથી. સમજાણું કાંઈ? જીવને ભેદવાળો શ્રદ્ધવો, પર્યાયવાળો એવો અનેકવાળો, વ્યવહારનય અનેકપણું બતાવે અને અનેકપણું શ્રદ્ધવું એ સમ્યગ્દર્શનની પર્યાય નથી. એ મિથ્યાદર્શનની પર્યાય ખરેખર છે, શુભરાગ અને જ્ઞાનનો ઉઘાડ. એ નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધાનો અનુભવ તે મિથ્યાત્વ છે. આહાહા…! ભારે વળી. સમજાણું કાંઈ? એને વ્યવહારથી એમ કહે, એને વ્યવહાર શ્રદ્ધા છે ને, શ્રદ્ધા છે ને, શ્રદ્ધા છે ને. વ્યવહાર શ્રદ્ધા છે. પણ વ્યવહાર શ્રદ્ધા એટલે શું? એ શ્રદ્ધા ગુણની પર્યાય નથી. શ્રદ્ધા નથી એને શ્રદ્ધા વ્યવહાર કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો સમજાણું કાંઈ? એ સાબડે મધ્યેમાં છે. વિસામામાં છે. આરામનું વાક્ય છે અહીંનું.

કહે છે, '**વ્યવહારનય આત્માને અનેકરૂપ કહી…**' ભેદરૂપ કહી એની શ્રદ્ધાને પણ અનેક

ભેદરૂપ બતાવે છે. આની શ્રદ્ધા... આની શ્રદ્ધા... આની શ્રદ્ધા.. પણ કેટલાની શ્રદ્ધા? એ તો પરલક્ષી જ્ઞાનની ઉઘાડની પર્યાય છે. સમજાણું કાંઈ? એ કાંઈ સમ્યગ્દર્શનની પર્યાય નથી. આહાહા..! **'ત્યાં વ્યભિચાર (દોષ) આવે છે, નિયમ રહેતો નથી.'** નિયમ નામ વાસ્તવિક સમ્યગ્દર્શનની જે પર્યાય છે એ વસ્તુ પ્રગટ થતી નથી. અનેકને આશ્રયે સમ્યગ્દર્શન થતું નથી. સમજાણું કાંઈ? નિશ્ચય રહેતો નથી, વાસ્તવિકતા રહેતી નથી, યથાર્થતા રહેતી નથી. જીવ ને અનંત ગુણ ને આ પર્યાય ને નારકી ને દેવ ને ક્રોધ ને માની.. કષાય મંદ એમ અનેકપણે ઓળખાવે એમાં સમ્યગ્દર્શનનું વાસ્તવિકપણું આવતું નથી.

**'શુદ્ધનયની હદે પહોંચતા વ્યભિચાર રહેતો નથી...'** શુદ્ધનય એક સ્વરૂપને બતાવનાર ચૈતન્યજ્યોત સામાન્ય ધ્રુવ એને બતાવનાર, એની હદે પહોંચતા વ્યભિચાર નામ જે રાગ અને જ્ઞાનની પર્યાયને સમ્યગ્દર્શન માનતા (હતા) એ વ્યભિચાર ત્યાં રહેતો નથી. તેથી તે નિયમરૂપ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શુદ્ધનયની હદે એટલે?

ઉત્તર :- શુદ્ધનયની મર્યાદા, એની મર્યાદા સામાન્ય સ્વરૂપ તે તરફ દૃષ્ટિ જવી તે. સમજાણું કાંઈ? શુદ્ધનયની મર્યાદા એ છે. વ્યવહારની મર્યાદા અનેકને બતાવે છે. શુદ્ધનયની મર્યાદા એક સ્વરૂપને બતાવે છે. ધ્રુવ ચૈતન્ય અનાદિઅનંત. મતિ આદિની પર્યાય નહિ, ક્રોધ આદિનો ભાવ નહિ, ગતિ આદિનો વિકલ્પ નહિ. સમજાણું કાંઈ? ઝીણું તો છે, ભાઈ! આ તો મૂળ વિષય છે ને. કહો, રામસ્વરૂપજી! આ વિષય ન ચાલે ને પછી બીજી રીતે કરે એ.. સોનગઢવાળા આમ કહે છે. ભાઈ! એ સોનગઢવાળા નહિ આ તો ત્રિલોકના નાથ કહે છે. સાંભળને! સમજાણું? ભગવાન ત્રણ લોકના નાથ સર્વજ્ઞદેવ આમ કહે છે. એ રીતે 'કુંદકુંદાચાર્ય' કહે છે. એ રીતે અર્થ કરાય છે. સમજાણું કાંઈ? પણ સાંભળેલી વાત ન હોય, બહારથી ગોથા ખાય. આમ છે. અમને શ્રદ્ધા નથી? અપવાસ કરીને બેઠો હોય ને મહિનાના (પછી એમ કહે) શ્રદ્ધા વિના કરે છે આ કાંઈ? પણ એ શ્રદ્ધા નહિ. સાંભળને. અપવાસ કરીને બેઠો અને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ શ્રદ્ધા નહિ. સમજાણું કાંઈ? એક જણો વળી એમ કહેતો હતો. ઘણા વર્ષ થયા. (સંવત) ૧૯૮૫ની સાલમાં. આ બધા તમે સાંભળવા આવો છો તો ભગવાનની શ્રદ્ધા વિના આવો છો? તમને શ્રદ્ધા નથી? લ્યો, આ શ્રદ્ધા. નેમીદાસભાઈ! એ આ બધું તમે સાલવ્યું છે ગોટે ગોટા. આ શ્રદ્ધા. શેની શ્રદ્ધા?

ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણાનંદનો નાથ, એના તરફની દૃષ્ટિ જઈને શ્રદ્ધા ન થાય ત્યાં સુધી શ્રદ્ધા-ફ્રદ્ધા થોથા છે તારા. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કર ને નવ તત્ત્વના ભેદવાળી શ્રદ્ધા બધા થોથા છે. સાંભળને, એ તો વ્યભિચાર છે. સમ્યગ્દર્શનનું વાસ્તવિક સ્વરૂપ અવ્યભિચારી જે છે એ તો એક સ્વરૂપની પ્રતીત કરતાં થાય છે. આહાહા..! તો એ સત્ય છે. નહિતર સત્ય છે જ નહિ. આહાહા..! એય..! ન્યાલભાઈ! ગયા છોકરા તમારા?

ગયા હશે બધા. પર્યુષણ આવે ને. આ શેઠ પણ જવાના.

કહે છે.. આહાહા..! '**શુદ્ધનયની હદે...**' હદ એટલે મર્યાદા. એનું સ્વરૂપ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ સ્વરૂપે એક, એની દૃષ્ટિ કરતાં, એની મર્યાદાએ જતા, એની હદની દશાએ જતાં વ્યભિચાર રહેતો નથી. સમ્યગ્દર્શન યથાર્થ પ્રગટ થાય છે. મિથ્યાદર્શનને સમકિત માનવું કે શુભરાગને સમકિત માનવું કે જ્ઞાનના ઉઘાડની પ્રતીત થાય એને સમકિત માનવું એ વ્યભિચાર શુદ્ધનયના હદે જતા, મર્યાદાએ જતા એ વ્યભિચાર રહેતો નથી. વાત ભારે કરી છે. કહો, સમજાણું આમાં? એય..! નટુભાઈ! છે? એમાં છે?

'**તેથી નિયમરૂપ છે.**' તેથી વ્યભિચાર રહેતો નથી. ઓલામાં કહ્યું હતું ને? નિયમ રહેતો નથી. ત્યારે અહીં કહે છે નિયમરૂપ છે. આ બેની સાથે અસ્તિ-નાસ્તિ કરી. ભગવાન આત્મા એક જ અંશવાળો માને અથવા ગુણના ભેદવાળો માને એમાં એકરૂપ આવતું નથી, પૂર્ણ રૂપ આવતું નથી. માટે ભેદવાળાની માન્યતાને સમ્યગ્દર્શન કહેતા નથી. એ તો જ્ઞાનના ઉઘાડમાં જરી પરલક્ષી ઉઘાડ એમાં જરી આવ્યું કે આટલું છે. એ સમ્યગ્દર્શનની પર્યાય નથી.

મુમુક્ષુ :- અનેકાંત થઈ ગયું.

ઉત્તર :- આ અનેકાંત થયું. એકરૂપની શ્રદ્ધા કરતાં ભેદરૂપની શ્રદ્ધાનો શ્રદ્ધામાં નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત, ભાઈ! હજી તો આ મૂળ પાયાની વાત છે. પછી વળી ચારિત્ર કેવું કહેવાય અને એની ભૂમિકામાં વ્રતના વિકલ્પો કેવા હોય એ તો પછી પણ આ વિના ક્યાંથી લાવ્યો તારું ચારિત્ર? જેમાં ઠરવું છે એ ચીજ કોણ છે એનું તો ભાન ન મળે. ચારિત્ર તો ચરવું, રમવું, જમવું, આનંદની લહેર ઉડાડવી. ચારિત્ર એટલે અતીન્દ્રિયના અતીન્દ્રિય લાડવા ખાવા. લડુ તૈયાર. અંતર અતીન્દ્રિય આનંદ ભગવાન, એને દૃષ્ટિમાં લીધો છે, અતીન્દ્રિયનો સ્વાદ આવ્યો છે અને સ્થિર થતાં અતીન્દ્રિય આનંદ એટલો આવે કે જેમાં જેને જગતમાં પરિષહ અને પ્રતિકૂળતા ક્યાં છે એનું ભાન નથી. એવા અંતર રમણતાના આનંદને ચારિત્ર કહેવાય છે. અને આ તો હજી નાગા થયા, લૂગડા ફેરવ્યા, આ ક્રિયા અને થઈ ગયા ચારિત્ર. ધૂળમાંય નથી. જિંદગી જાશે મફત. અનંત કાળ ગયા એવા આ તારો ભવ છે. સમજાણું કાંઈ? શોભાલલાભાઈ! અહીં તો દાંડી પીટીને કહેવાય છે આ.

ભગવાન પોકારે છે જુઓ અહીંયાં. નિયમથી સમ્યગ્દર્શન અભેદ ભગવાન આત્માને એકરૂપે પ્રતીત કરતાં, અનુભવ કરતાં, સાક્ષાત્કાર થતાં પ્રતીત ને જ્ઞાન ને આનંદ આવે છે. અનેકરૂપ એને શ્રદ્ધતા પણ મિથ્યાત્વ થાય છે એમ કહે છે. આહાહા..! ભારે ભાઈ! ઓલામાં કહ્યું છે ને એ? એમાં જ કહ્યું છે ને? નવ તત્ત્વનો અનુભવ તે મિથ્યાત્વ છે. એ આ કળશમાં જ કીધું છે. આમાં. આમાં છે ને? આ કળશટીકા. આ શું છે? શું છે આ? કેટલામો છે આ? છઠ્ઠો. કાંતિભાઈ! કહેતા મારે છઠ્ઠો આવ્યો અને બપોરે આવ્યો આ. આમાં છે,

જુઓ!

**'સંસાર અવસ્થામાં જીવ દ્રવ્ય નવ તત્ત્વરૂપ પરિણમ્યું છે. તે તો વિભાવ પરિણતિ છે, તેથી નવ તત્ત્વરૂપ વસ્તુનો અનુભવ મિથ્યાત્વ છે.' 'यदस्यात्मनः इह द्रव्यान्तरेभ्यः पृथक् दर्शनम् नियमात् एतदेव सम्यग्दर्शनम्'** આ શ્લોક છે છઠ્ઠો. સમજાણું કાંઈ? 'રાજમલજી'એ બહુ સરસ અર્થ કર્યા છે. પણ અત્યારના ઓલા ભણેલાનું અભિમાન હોય ને. એ પંડિત હતા. ભાઈ પંડિત બીજી જાતના હતા. એ જાણે અમે ઘણું ભણ્યા છીએ. એક પંડિત એવા પંડિતનું, બીજા પંડિતનું કેટલા પંડિતનું મેં તો જાણ્યું છે. અરે..! ભગવાન! આ આત્માને અંતર દૃષ્ટિનો અનુભવ થયા વિના એને પંડિત કહેવાતો નથી. 'સ્વામી કાર્તિકેય' કહે છે એ પંડિત, એ વીરા, એ શૂરવીર જેને ભગવાન આત્મા એક સ્વરૂપે દૃષ્ટિમાં લાધ્યો અને અનુભવ્યો. આનંદના ભાનસહિત સાક્ષાત્કાર કર્યો એ પંડિત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! નિયમ છે.

**'કેવો છે શુદ્ધનયનો વિષયભૂત આત્મા? પૂર્ણજ્ઞાનઘન છે-'** વસ્તુ તે જ્ઞાનની મૂર્તિ છે. જ્ઞાનની મૂર્તિ ક્યા જ્ઞેયને ન જાણે? જાણનાર કોને ન જાણે? ન જાણે એવું જાણનારના સ્વભાવમાં હોઈ શકે જ નહિ. અરે..! ભગવાન! શું કરે? એના અર્થ પણ બીજી જાતના કરવા, એ લાઈન જ ફરી ગઈ છે શું કરે? આત્મા જ પોતે જે તરફ જાય છે એની અશુદ્ધતા પણ બડી કે મોટા તીર્થંકરો હોય તોપણ ફરે નહિ. આહાહા..!

ભાઈ! સર્વજ્ઞ એટલે શું? એનો અહીં તો જ્ઞાનસ્વભાવ ત્રિકાળી લેવો છે, હોં! એ ત્રિકાળ જ્ઞાનઘન એવું સ્વરૂપ છે કે જેનો જ્ઞ સ્વભાવ, જ્ઞ સ્વભાવ, જ્ઞાયક સ્વભાવ, પૂર્ણ સ્વભાવ, ઘન સ્વભાવ, એકરૂપ સ્વભાવ એ કોને ન જાણે? એવું એનું સામર્થ્ય પૂર્ણ જ્ઞાનઘન છે. સમજાણું કાંઈ? પૂર્ણ જ્ઞાનઘન એ પ્રધાનતા જ્ઞાનથી લીધી. દ્રવ્ય તો આત્મા પણ વસ્તુ શું છે? પૂર્ણ જ્ઞાનઘન છે એમ. પૂર્ણ જ્ઞાનઘન છે. એકલો જ્ઞાનઘન પિંડ છે. મોટી બરફની શીલા. સમજાણું કાંઈ?

અરે..! શિયાળાના... શિયાળો શું કહેવાય? જાડાના દિવસ. શિયાળામાં જાડાના દિનમાં એવું ઘી થાતું. હવે તો બધું બગડી ગયું. પહેલાના ઘીમાં. અમે જ્યારે ગામમાં રહેતા ને. (સંવત) ૧૯૮૨માં. એ ભેસુંના ઘી. આંગળીયું તો શેની ગરે. ફાંસ વાગે તો રોગ થાય. નવનીતભાઈ! પણ તાવેથો ન ગરે. આ નજરે જોયા છે, હોં! ૮૨ની સાલમાં. નહિ? પંદર દિ' રહ્યા હતા. કેટલા વર્ષ થયા? ૪૦ થઈ ગયા. ઘી-ઘી. આ તો તમારા કાળાબજાર વાણિયા કરવા માંડ્યા અને ઘીમાં કરવા માંડ્યા. હવે તો બધું ચારો કોર થવા માંડ્યું. એ ઘી એ વખતે જોયા હોય તો આંગળી શેની પેસે? અંદર નાખે નહિ. ગરી જાય તો પાછી ફાંસ વાગે એની. પણ તાવેથો. તાવેથો સમજ્યા ને? લોઢાનો. ખુરપી-ખુરપી. ખુરપી નાખે આમ. તે દિ' તો બહુ સોંઘા ઘી હતા ને. વહોરાવે અધ શેર અધ શેર ઘી આપે. અધ

શેર અધ શેર. તાવેથો ગરે નહિ.

એમ આત્મા પૂર્ણ જ્ઞાનઘન જેમાં વિકલ્પ પેસે નહિ. સમજાણું કાંઈ? એ તો ઓલો દાખલો આપ્યો હતો. દાખલાનું કાંઈ કામ નથી. એ તો જોયેલું, ધરમસિંહભાઈને ત્યાં વ્હોરવા જતાં. ઓલા ડબા હોય ને ડબા? એમાં ઘી ભરેલું હોય. અડધિયા. અડધિયા હોય ને ડબાના? ઘી તો એવા કે ઊંધું વાળો તો પડે નહિ એવા મજબૂત ઘી. એમાં ગરે શેની આંગળી? ભગવાન વિજ્ઞાનઘન જામેલું તત્ત્વ છે અંદર. જેમાં રાગ અને વિકલ્પ અને પોતાનો વિકાર તે પ્રવેશ કરવાની જેનામાં શક્તિ છે નહિ. આહાહા..! પરદ્રવ્યની અહીં વાત નથી. પરદ્રવ્યથી નિરાળો પહેલો કહી દીધો. પણ પૂર્ણ જ્ઞાનઘન જે વસ્તુ ચૈતન્યપિંડ વસ્તુ છે. દયા, દાનના વિકલ્પો અંદર પ્રવેશ કરે એવી શક્તિ ઘનમાં નથી. વિકલ્પની તાકાત નથી કે અંદર પ્રવેશ કરી શકે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

આવડો આત્મા પણ એને એક દાળ વિના ચાલે નહિ, રોટલી વિના ચાલે નહિ, અડદની દાળ સરખી ન થાય. સદડી ન થાય તો ઢીંચણીયું ઉઠે કે આવું કર્યું. અને કહે કે એલા! પૂર્ણ જ્ઞાનઘન સાંભળ તો ખરો. છો તો એવો. આવો ક્રોધ તું કર તોપણ વસ્તુ તો એવી છે કે ક્રોધ પણ એમાં પેઠો નથી. સમજાણું કાંઈ? આમ ચૈતન્યનો પિંડલો ભગવાન જ્ઞાનનો પિંડલો છે. સમજાણું કાંઈ? પીપરના દાણાનો દાખલો આમાં આપ્યો છે. 'સમાધિશતક'માં કાલે વાંચ્યું હતું. પીપરના દાણાનો. આપીએ છીએ ને ઘણીવાર. ભાઈએ આપ્યો છે, છોટાભાઈએ નાખ્યો છે. પીપરના દાણામાં ચોસઠ પહોરી તિખાશ ભરી છે કે નહિ અંદર? આટલો દાણો છે. દાણો કેટલો? પીપર-પીપર. લીંડી પીપર-છોટી પીપીર. અંદર.. અંદર... અંદર.. ચોસઠ પહોરી તિખાશ પિંડલો ભર્યો છે, ચોસઠનો પિંડલો ભર્યો છે. તો પ્રગટ ચોસઠ થાય છે. એ ક્યાંથી થાય છે? પ્રાપ્તની પ્રાપ્તિ છે કે ન હોય એમાંથી આવે છે? ચોસઠ પહોરી આ તમારે ડૉક્ટરને તો ક્યાં ઈ હતું? વૈદોને હોય. તમારે તો ઈંજેક્શન ને દવાઓ અને ગોળીયું ધોળી ને કાળી.

એક આટલી લીંડીપીપર આટલી. એમાં ચોસઠ નામ રૂપિયે રૂપિયો. તીખો રસ પિંડ. પિંડ-દળ-સત્ત્વ પડ્યું છે આખું. ચોસઠ પહોરી કહે છે ને? ચોસઠ પહોરી પર્યાય કહેતા ને પ્રગટ થાય ત્યારે. ચોસઠ પહોરી કહેતા ને. ચોસઠ પહોરી ક્યાંથી આવી? પત્થરમાંથી આવી? એમ ભગવાન આત્મામાં ચોસઠ એટલે પૂર્ણ જ્ઞાનઘન એમ કહેવું છે અહીંયાં. પૂર્ણ જ્ઞાનઘન છે, પૂર્ણ જ્ઞાનઘન છે, પૂર્ણ આનંદઘન છે, પૂર્ણ શાંતિનો પિંડ છે. આહાહા..! એ પીપરનો બેસે ભરોસો. આવડો મોટો ત્રણ સાડા ત્રણ હાથનો વ્યાપક જુદો (એનો ભરોસો નહિ).

**'પૂર્ણજ્ઞાનઘન છે-સર્વ લોકાલોકને જાણનાર જ્ઞાનસ્વરૂપ છે.'** જાણનાર એની શક્તિની વાત કરે છે, હોં! એનામાં તો લોકાલોકને જાણવાનો સ્વભાવ છે. કોઈનું કરવું, કોઈનું ફેરવવું,

કોઈને મદદ કરવી, કોઈથી લેવું એ એના સ્વરૂપમાં છે નહિ. એ તો જગતના લોકાલોક જગતના પદાર્થોને ભગવાન જ્ઞાન દર્શનનો ભરેલો પ્રભુ જાણવાના સ્વભાવવાળું તત્ત્વ. એમ સિદ્ધ કરે છે અહીંયાં. '**એવા આત્માના શ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન છે.**' લ્યો એ પૂર્ણ એકરૂપ જ્ઞાનઘન. એની અંતર સન્મુખ થઈને સાક્ષાત્કાર આત્માનું પ્રત્યક્ષ જ્ઞાન કરવું અને એમાં પ્રતીત કરવી, એના આનંદનું વેદન કરવું, એમાં ભરોસો કરવો એને સમ્યગ્દર્શન કહે છે. આહાહા..! કહો, દેવીલાલજી! સમ્યગ્દર્શન કેમ થાય અને કેવી રીતે થાય એ સાંભળ્યું નહીં. હવે એ બિચારા માથાફોડ કરીને મરી જાય એમ ને એમ. કોઈ કહે ક્રિયા રે.. એ આવે છે ને 'આનંદઘનજી'માં? ક્રિયા કરીએ તો આમ થાય, ઢીંકણું કરીએ તો આમ થાય. મરી જા ને. ક્રિયા કરી કે દિ' એના ઘરમાં હતી? રાગનો વિકલ્પ પણ એના ઘરમાં નથી એવું ભાન થયા વિના તું કઈ ક્રિયા કરીશ? સમજાણું કાંઈ?

કહે છે, '**એવા આત્માના શ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન છે.**' એવા એટલે? '**શુદ્ધનયનો વિષયભૂત આત્મા કે જે પૂર્ણજ્ઞાનઘન છે,...**' એમ. ઓલું સમુચ્ચય લીધો ને વિષયભૂત આત્મા. એ કેવો છે? પૂર્ણજ્ઞાનઘન છે. એકલું જ્ઞાન સત્ત્વ. સત્ આનું સત્ત્વ જ્ઞાનઘન છે. આત્મા સત્ એનું સત્ત્વ એકલું પૂર્ણ જ્ઞાનઘન છે. ચૈતન્યપિંડ છે. એની અંતરમાં સન્મુખ થઈને સાક્ષાત્કાર કરવો એવા શ્રદ્ધાનરૂપને સમ્યગ્દર્શન કહે છે. એ આત્મા હથેળીમાં આવી ગયો. એમ કહે છે. આહાહા..!

આ વિષય એવી ચીજ છે કે એના ભણતર ઝાઝા ભણે તો આવી જાય એવું કાંઈ નથી. તેમ કષાયને મંદ કરીને મોટી તપસ્યાઓ કરે અને વ્રત પાળે તો હાથ આવી જાય એ ચીજ નથી. એ તો વસ્તુનું સ્વરૂપ જેને પહેલા જ્ઞાનમાં-લક્ષમાં લઈ. આવડો આત્મા! આવો આત્મા! એ પૂર્ણ જ્ઞાનઘન તે આત્મા. પર્યાય જેટલો નહિ, રાગ તો નહિ, પર તો નહિ. એવા સ્વભાવને અંતર્મુખ દૃષ્ટિમાં લઈ અને અનુભવ કરવો એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. સાક્ષાત્ આત્મા જ્ઞાનમાં આવી ગયો. આ પૂર્ણ વસ્તુ. પ્રતીતમાં આવી ગયો, સ્થિરતામાં. આમાં રમણતા કરવા લાયક છે એવી પ્રતીતિ થઈ ગઈ. રમણતાનો અંશ આવ્યો કે આમાં રમણ કર્યે મારી શાંતિ છે, આમાં રમણ કર્યે મારી મુક્તિ છે. રાગ ને વિકલ્પમાં રમણ કર્યે મુક્તિ છે એમ પછી માનતો નથી. સમજાણું કાંઈ?

'**તે કાંઈ જુદો પદાર્થ નથી-**' હવે અભેદની વાત કરે છે. સમ્યગ્દર્શન એકલો આત્મા છે ને? એની વ્યાખ્યા કરે છે. '**તે કાંઈ જુદો પદાર્થ નથી-**' સમ્યગ્દર્શન એ કાંઈ જુદી ચીજ નથી. ત્રિકાળી વસ્તુ, એનું પૂર્ણ જ્ઞાનઘન સ્વરૂપ, એની પ્રતીત એટલે દ્રવ્ય-ગુણ અને પર્યાય અભેદ થઈ ગયા એમ. દ્રવ્ય જે વસ્તુ આત્મા, એનો પૂર્ણ જ્ઞાનઘન સ્વભાવ, એની પ્રતીત-શ્રદ્ધા એ સમ્યગ્દર્શન આત્મા છે. એ સમ્યગ્દર્શન પર્યાય આત્મા છે. સમજાણું કાંઈ? '**તે કાંઈ જુદો પદાર્થ નથી-**' ભગવાન આત્માના ક્ષેત્રથી કે ભાવની દશાથી જુદી ચીજ

છે એમ છે નહિ. એ વસ્તુનું જ્ઞાનઘન સ્વરૂપ જે છે એની અંતરમાં વસ્તુને ધ્યેય કરીને જે સમ્યગ્દર્શન અનુભવ સહિત જ્ઞાન ભાન થયું એ તો પર્યાય અભેદ થઈ ગઈ. રાગાદિનો ભેદ પડતો, અનેકપણાનો પ્રકાર પડતો એ તો જુદો જુદો પડતો. આ પર્યાય તો દ્રવ્ય નામ આત્મા, એનો ગુણ જ્ઞાનઘન સ્વરૂપ પૂર્ણ, એની પ્રતીત થઈને શ્રદ્ધા અભેદ થઈ ગઈ એ તો આત્મા છે. એ દ્રવ્ય આત્મા, ગુણ આત્મા અને સમ્યગ્દર્શનની પર્યાય પણ આત્મા. સમજાણું કાંઈ? એમ કેમ કહ્યું? વ્યવહાર સમ્યગ્દર્શન છે જ્ઞાનનો ઉઘાડ એક સમયની પર્યાય અને રાગ એ કાંઈ આત્મા-ફાત્મા નથી એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

અરે..! છોકરાઓ આઠ-આઠ વર્ષના સમજીને કેવળ પામતા. હવે આ ધંધો, આ રળવું, કેળવણી કરવી પછી રળવું એ બધું મટી ગયું એને. સમજાણું કાંઈ? આઠ-આઠ વર્ષના જુવાન છોકરા, બાળક, હોં! આહાહા..! ભગવાને ખજાનો આપ્યો ને અમને. 'તે તો પ્રભુએ આપિયો.' આહા..! આવો આત્મા! એક સેકન્ડના અસંખ્ય ભાગમાં! આવી મારી નિધિની પૂંજી! એમ અંતરમાં દૃષ્ટિ આપી આઠ વર્ષના બાળકો પણ અનુભવને પામી ગયા છે. અને અંદર સ્થિર થઈને અંતરમુહૂર્તમાં કેવળ પામીને સિદ્ધમાં ચાલ્યા ગયા. આહાહા..! ભણવું-બણવું મટી ગયું. હવે આ બધી ચોપડી ભણવી અને ઢીંકણું ભણવું. સમજાણું કાંઈ?

માટે એ '**આત્માના જ પરિણામ છે,...**' તે આત્માના જ પરિણામ છે. કોણ? સમ્યગ્દર્શન. હજી એક મોટી તકરાર ચાલી છે ઘણા વખતથી. સમ્યગ્દર્શન ગુણ કહેવાય. એને તમે પરિણામ કહો છો, એને તમે પર્યાય કહો છો. સિદ્ધના આઠ ગુણમાં સમ્યગ્દર્શન છે. ગુણને તમે પર્યાય (કહો છો). એટલું તો વિચારીને લખો 'આત્મધર્મ'માં. એમ આવ્યું હતું. અરે..! ભગવાન! શું તું કરે છો? સુરિસિંહ છે નહિ? ક્ષુલ્લક. સૂરિસિંહનો કાગળ આવ્યો હતો. અરે..! તમે સમ્યગ્દર્શનને પર્યાય કહો છો. ભગવાન તો ગુણ કહે છે. અને તમે હજી પર્યાય ગુણને સમજતા નથી અને તમે 'આત્મધર્મ' કાઢવા માંડ્યા? ઠીક બાપા. અહીં કહે છે કે સમ્યગ્દર્શન આત્માના પરિણામ છે. એ તો પર્યાય છે. અમરચંદભાઈ! મિથ્યાત્વ પણ શ્રદ્ધાગુણની વિપરીત પર્યાય છે. સમ્યગદૃર્શન શ્રદ્ધાગુણની સવળી પર્યાય છે. '**તેથી આત્મા જ છે.**' એ આત્માના પરિણામ તે આત્મા. '**માટે સમ્યગ્દર્શન છે તે આત્મા છે, અન્ય નથી.**' લ્યો, એક કલાક થઈ ગયો આમાં. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૫, સોમવાર તા. ૧૯-૦૯-૧૯૬૬**
**શ્લોક-૬, પ્રવચન-૫૨**

ધર્મના દસ દિવસ છે. કારણ કે ચારિત્ર તે સાક્ષાત્ મોક્ષનું કારણ છે અને ચારિત્રનું મૂળ કારણ સમ્યગ્દર્શન, જ્ઞાન છે. ચારિત્ર એ મોક્ષનું સાક્ષાત્ કારણ વીતરાગતા છે. તો ચારિત્રના દસ પ્રકારના દસલક્ષણી પર્વમાં આરાધના કરવાના દિવસો ગણવામાં આવે છે. શાસ્ત્રની રીત એવી છે. ૫૦ દિવસ, અષાઢ સુદ પુનમ પછી ૫૦ દિવસ લગભગ સાત વર્ષ પાંચ વર્ષા થાય છે અને બે વરાંત, વરાંત નામ તડકો નીકળે છે. પછી ભરતક્ષેત્રમાં જે ઘણાં કાળનો આરો હતો ને? છઠ્ઠો આરો આદિ. એ ગયા પછી બીજો આરો આવશે. એમાં પાંચ તો સાત સાત દિવસના વરસાદ થાય છે, બે સાત દિવસના તડકા નીકળે છે. એમાં વનસ્પતિ થઈ જાય છે. આજના દિવસે શાસ્ત્રમાં એવો લેખ છે અને અમે તો શ્વેતાંબરમાં ઘણા દિવસથી કહેતા હતા, શ્વેતાંબરમાં પણ, આજના દિવસે એવું થયું છે કે આર્યવૃત્તિ ઉત્પન્ન થાય છે. જે ૪૨૦૦૦ વર્ષથી માંસ ખાતા હતા, ૪૨૦૦૦ વર્ષથી માંસ ખાતા હતા, આજના દિવસે વનસ્પતિ થઈ તો એક માણસ એમ બોલ્યો કે આજ પછી હવે કોઈ માંસ ખાશે તો એનો પડછાયો નહિ પડવા દઈએ. એમ શ્વેતાંબરમાં ભગવતી સૂત્રમાં પણ આવે છે અને આપણાંમાં પણ આવે છે. હું તો પહેલેથી ઘણીવાર કહેતો હતો. પછી મખ્ખનલાલજી આવ્યા હતા એણે કહ્યું કે આ વાત બરાબર છે. સંવત્સરી આવે છે, ઋષિ પંચમી. એનો અર્થ કે આર્યવૃત્તિ થાય છે. આજ પછી કોઈએ વનસ્પતિ સિવાય કોઈ માંસ ખાશે તો તેનો પડછાયો નહિ પડવા દઈએ. એમ અનાદિની રીત છે. તેનો પહેલો દિવસ ગણવામાં આવે છે. સમજાય છે કાંઈ? અમે તો સંવત ૧૯૭૭ની સાલમાં રાજકોટમાં કહ્યું હતું. ૧૯૭૭. કેટલા વર્ષ થયા? ૪૫ વર્ષ થયા. આર્ય દિવસ ગણવામાં આવે છે.

ખરેખર તો ચારિત્ર આર્ય છે. આર્યનું શાસ્ત્રમાં લખાણ છે, પંડિતજી! દર્શન આર્ય, જ્ઞાન આર્ય ચારિત્ર આર્ય એવી આર્યની વાત છે. ચારિત્ર આર્ય નામ આત્મામાં વીતરાગતા, આત્મઅનુભવપૂર્વક વીતરાગતા પ્રગટ કરે તે જ ચારિત્ર છે અને તે જ મુક્તિનું કારણ છે. તેના આ દસલક્ષણ પર્વ ગણવામાં આવે છે.

આજે ક્ષમાનો-ઉત્તમ ક્ષમાનો દિવસ છે. 'કાર્તિકિયાનુપ્રેક્ષા'માંથી થોડું લઈએ. 'સ્વામી કાર્તિકેય' છે ને? એમાંથી શ્લોક છે. પહેલો શ્લોક છે, જુઓ! 'હવે પ્રથમ જ ઉત્તમક્ષમા ધર્મને કહે છે.'

**कोहेण जो ण तप्पदि सुरणरतिरिएहिं कीरमाणे वि।**
**उवसग्गे वि रउद्दे तस्स खमा णिम्मला होदि।।३९४।।**

'સ્વામી કાર્તિકેય'. અર્થ :- **'જે મુનિ દેવ-મનુષ્ય-તિર્યંચાદિ દ્વારા રૌદ્ર ભયાનક ઘોર ઉપસર્ગ થવા છતાં પણ...'** **'कोहेण जो ण तप्पदि'** **'ક્રોધથી તપ્તાયમાન ન થાય...'** અને નિજ સ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટા છે, હું જ્ઞાન અને આનંદમૂર્તિ છે એમ જેને પ્રથમ અનુભવ સમ્યગ્દર્શન થયું છે. પછી સ્વરૂપમાં સ્થિરતાના પ્રસંગમાં આવા ઉપસર્ગનો કાળ આવી જાય તો ત્યાં ક્ષમા કરે છે. ક્ષમા નામ જ્ઞાતા-દૃષ્ટા તરીકે આવનારા પરિષહને જાણે-દેખે છે. એમાં ક્રોધથી તપ્તાયમાન થતાં નથી. **'તે મુનિને નિર્મલ ક્ષમા હોય છે.'** **'कोहेण जो ण तप्पदि तस्स खमा णिम्मला होदि'** તેને નિર્મળ સમ્યગ્દર્શન સહિતની ક્ષમા કહે છે, હોં! એકલી ક્ષમા કરે અનંત વાર (કરી) એ નહિ. આત્મા સચ્ચિદાનંદ પ્રભુ આનંદકંદ છે, અતીન્દ્રિય આનંદની નિત્યાનંદ મૂર્ત છે. એમ અંતરમાં સમ્યગ્દર્શનમાં પહેલા અનુભવ થઈ ગયો છે. પછી સ્વરૂપમાં સ્થિરતાના કાળમાં આવા પરિષહ કે ઉપસર્ગ આવે તો શાંતિથી ક્ષમાથી ક્ષમાથી સહન કરે છે. એમાં ઘણાં દૃષ્ટાંત આપ્યા છે. ફલાણાં ફલાણાંએ ચેલાતી મુનિએ સહન કર્યા. સ્વામી 'કાર્તિકેયે' સહન કર્યા, 'ગુરુદત્ત' મુનિ, 'શ્રીધનમુનિ' રાજકુમાર એવા ઘણાં નામ લીધા છે. આવું સહન કર્યું.

આ રીતે **'દેવ, મનુષ્ય, પશુ અને અચેતન કૃત ઉપસર્ગ...'** ચાર-દેવ, મનુષ્ય, તિર્યંચ અને અચેતન. કોઈ ભીંત પડી જાય, કોઈ ડાળ પડી જાય. એવા ચાર (પ્રકાર ગણવામાં આવ્યા છે). (એ પ્રમાણે ઉપસર્ગ કરવાવાળા ઉપર) **'ક્રોધ ન ઊપજે ત્યારે ઉત્તમ ક્ષમા હોય છે.'** ઉત્તમ ક્ષમામાં અહીંયાં એવી રીતે દલીલથી લીધું છે કે મારામાં કોઈ દોષ હોય અને દોષ કહેતા હોય તો એ તો બરાબર છે, એમાં શું? મારામાં દોષ હોય અને કોઈ દોષ કહે તો એના પ્રત્યે ક્રોધ કરવાની ક્યાં જરૂર છે? અને બીજું મારામાં દોષ નથી અને દોષ કહે તો બાળકનો શું દોષ કાઢવો? સમજાય છે કાંઈ? અને ત્રીજું, મારામાં જે દોષ નથી અને અજ્ઞાની કાઢે છે તો ક્રોધ શું કામ કરવો? અજ્ઞાનીનો તો બાળક સ્વભાવ છે એમ ચિંતવન કરવું. અજ્ઞાનીનો તો બાળક સ્વભાવ ચિંતવન કરવો. અજ્ઞાનીને ખબર નથી કે શું છે? મારામાં દોષ નથી છતાં એને લાગે છે તો અજ્ઞાનીના (બાળક સ્વભાવનું) ચિંતવન કરી ક્ષમા કરવી. કદાચિત્ પ્રત્યક્ષ પણ આવીને કહે, બીજા તો પરોક્ષ કહે, પ્રત્યક્ષ આવીને કહે તો એમ વિચારવું કે તાડન તો નથી કરતો. કુવચન કહે છે, પ્રહાર તો નથી કરતો. એમ જાણીને ક્ષમા-જ્ઞાતા-દૃષ્ટામાં સ્થિર રહેવું. તાડન કરે તો વિચારવું કે મારો પ્રાણઘાત તો નથી કરતો. આહાહા..! પ્રાણઘાત કરે તો એમ વિચારવું કે મારા ધર્મનો ઘાત તો નથી કરતો. આહાહા..! સમજાય છે કાંઈ? પ્રાણઘાત તો પરચીજ છે. એનો વિયોગ તો થવાનો છે. મારા ચૈતન્ય ધર્મપ્રાણનો ઘાત કરનારો તો દુનિયામાં કોઈ નથી. હું તો જ્ઞાન અને આનંદ છું. એમ સમજીને પોતાનો અનુભવ આનંદનો સ્વાદ લે છે. અતીન્દ્રિય આનંદનો સ્વાદ લે છે. પ્રતિકૂળતાને ક્ષમા કરે છે. જિનેશ્વરદાસજી! આ ક્ષમા છે. આમ પાધરી ક્ષમા

કરે કોઈ મારે ત્યારે, એ ક્ષમા નહિ.

આનંદસ્વરૂપ ભગવાન આત્મા નિત્યાનંદનો અંદર અનુભવમાં આનંદનો સ્વાદ લીધો છે એ સ્વાદની લહેજતમાં, સ્વાદની મોજમાં પ્રતિકૂળતા દેખાતી જ નથી. સમજાય છે કાંઈ? દુનિયાના ઉપસર્ગ અને પરિષહ જેને દેખાતા નથી. તેની ક્ષમા યથાર્થ સમ્યગ્દર્શનપૂર્વક કહેવામાં આવે છે. લો, આ એટલી વાત પર્વની શરૂઆતની કરી.

હવે આપણે ચાલે છે, 'સમયસાર'. એટલું થોડું લઈએ છીએ, પંડિતજી! દસલક્ષણ પર્વમાં એક એક (ગાથા) થોડી દરરોજ લઈએ છીએ. હવે કાલે આવશે માર્દવ. સ્વામી 'કાર્તિકેય'નું બહુ સારું છે. ઈ 'તત્ત્વાર્થ સાર'માં છે, 'પદ્મનંદી પંચવિંશતિઃ'માં છે અને બાર અનુપ્રેક્ષા 'કુંદકુંદાચાર્ય' મહારાજની છે એમાં પણ છે. અહીંયાં વિવિધ પ્રકારના બધા થઈ ગયા છે. 'સમયસાર' જીવ-અજીવ અધિકાર. હવે જુઓ, નિશ્ચય સમ્યગ્દર્શનનો અધિકાર છે. અહીંયાં સુધી આવ્યું છે. જુઓ!

'**માટે સમ્યગ્દર્શન છે તે આત્મા છે, અન્ય નથી.**' ત્યાં સુધી આવ્યું છે. છે નીચે? હિન્દી.. હિન્દી. શું કહે છે? જુઓ! હવે પછી વિષય લેવો છે તે આટલો લેવો છે. અહીં સુધી તો આવી ગયું છે. શું આવી ગયું એ થોડું લઈએ. ભગવાન આત્મા શુદ્ધનયનો વિષય, એ શુદ્ધનય એટલે શું? શુદ્ધનય જ્ઞાનનો અંશ છે. તે જ્ઞાનના અંશથી આત્મા પૂર્ણ આનંદ અને શુદ્ધ અભેદ એક સ્વરૂપ છે એવી અંતર દૃષ્ટિ કરવી તેનું નામ ભગવાન નિશ્ચય સાચું સમ્યગ્દર્શન કહે છે. સમજાય છે કાંઈ? ધર્મની પહેલી સીઢી. ભગવાન આત્મા પોતાનું સ્વરૂપ એક પૂર્ણ જ્ઞાનઘન (છે). શરીર, વાણી નહિ, કર્મ નહિ, પુણ્ય-પાપનો રાગ તે આસ્રવ તત્ત્વ છે. શરીર, વાણી, કર્મ તે અજીવ તત્ત્વ છે. તો તે હું નથી. પુણ્ય-પાપના ભાવ આસ્રવતત્ત્વ છે તે પણ હું નહિ. મારી એક સમયની પર્યાય અલ્પજ્ઞ, અલ્પદર્શી, અલ્પવીર્ય છે, એક સમયનો અંશ છે તે વ્યવહાર આત્મા છે તે પણ (હું) નહિ. આજ તો હિન્દી ચાલે છે. શોભાલાલજી! પણ હિન્દીમાં ભાવ તો ઈ જ આવે ને.

આત્મા યથાર્થ આત્મા, વાસ્તવિક આત્મા, નિશ્ચય આત્મા કોને કહે છે? કે જે આત્માનો અનુભવ કરવાથી સમ્યગ્દર્શન થાય છે. એ આત્મા એને કહે છે કે શરીર, આ કર્મ, વાણી આદિ પરપદાર્થ પર છે, ભિન્ન છે. એમાં તો આત્મા છે નહિ. એક વાત. એની અવસ્થામાં પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના વિકલ્પ જે ઊઠે છે તે આસ્રવતત્ત્વ છે, એ આત્મતત્ત્વ નહિ. સમજાય છે કાંઈ? હવે બીજો (અંશ) રહ્યો. આત્મામાં બે અંશ રહ્યા. એક વર્તમાન જ્ઞાનના વિકાસરૂપ ક્ષયોપશમ ભાવ, એક દર્શનના વિકાસરૂપ ક્ષયોપશમ ભાવ, વીર્યનો ક્ષયોપશમ ભાવ આદિ વર્તમાન પર્યાય. એક સમયની વર્તમાન પર્યાય એ તો અંશરૂપ છે, અંશરૂપ છે, વ્યવહારઆત્મા છે, નિશ્ચયઆત્મા નહિ. સમજાય છે કાંઈ? તો '**ववहारोऽभूदत्थो**'. વ્યવહાર જે એક સમયની દશા છે એ ત્રિકાળી વસ્તુમાં નથી. તે

અપેક્ષાથી તેને અસત્ય કહીને પર્યાયને ગૌણ કરીને ત્રિકાળ એકરૂપ નિત્ય ધ્રુવ નિત્યાનંદ પ્રભુ, એવો શુદ્ધ ભગવાન આત્મા સામાન્ય જ્ઞાયકપ્રભુની દૃષ્ટિ નામ શુદ્ધનય, દૃષ્ટિથી જોયેલો, અનુભવેલો તેને સમ્યગ્દર્શન કહેવાય છે. ઝીણી વાત. સમજાય છે કાંઈ?

'જયચંદ્રજી પંડિત' હવે થોડી એની વાત કરે છે. સમ્યગ્દર્શન છે તો આત્માના પરિણામ. પરિણામ સમજ્યા? આત્માની પર્યાય છે. શુદ્ધ ચૈતન્યમૂર્તિ શુદ્ધ જ્ઞાયકપ્રભુની દૃષ્ટિ કરવાથી જે નિર્મળ પર્યાય ઉત્પન્ન થઈ તેને નિશ્ચય સાચું સમ્યગ્દર્શન કહે છે. એ સમ્યગ્દર્શન આત્માના પરિણામ છે. વીતરાગી પર્યાય છે. જિનેશ્વરદાસજી! સમ્યગ્દર્શન વીતરાગી પર્યાય છે. આરે..! રાગપર્યાય નથી. ભગવાન આત્મા શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ એક સમયમાં સામાન્ય ત્રિકાળ સત્ય નિશ્ચય યથાર્થ વાસ્તવિક આત્મા, એક સમયની પર્યાય નહિ, આસ્રવ નહિ, અજીવ નહિ. સમજાય છે કાંઈ? એવો એક સમયનો પૂર્ણ ઘન જ્ઞાનઘન ચૈતન્ય... ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. એનું અંતર્લક્ષ કરીને તેની દૃષ્ટિ કરવી અને અનુભવ કરીને પ્રત્યક્ષ જ્ઞાનમાં તે આત્માને લાવવો, રાગનો, વિકલ્પનો આશ્રય છોડી સ્વનો આશ્રય કર્યો તો સમ્યગ્જ્ઞાન આત્મામાં શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ થઈ ગયું. પ્રત્યક્ષ થઈ ગયો, જ્ઞાનમાં આત્મા પ્રત્યક્ષ થઈ ગયો. પ્રત્યક્ષનો અર્થ આનંદના વેદનનો ખ્યાલ આવી ગયો.

અસંખ્ય પ્રદેશ આત્માના ખ્યાલમાં નથી આવતા. સમજાય છે? જેમ આંધળો પ્રાણી સાકરનો સ્વાદ લે છે, એ સાકરને જોતો નથી. જોતો નથી. પણ સાકરનો સ્વાદ જેવો દેખતો લ્યે છે તેવો આંધળો લ્યે છે. સમજાય છે કાંઈ? જેમ દેખનારો સાકરને જોવે છે અને સ્વાદ લે છે, તેમ આંધળો દેખતો નથી પણ સ્વાદ તો જેમ જોનારો લ્યે છે તેવો આંધળો લ્યે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ધૂળમાંય ફેર પડતો નથી. ફેર શું પડે? આ બેરિસ્ટર છે. રામજીભાઈ આંગળી અડાડે, સ્પર્શે અને બાળક અડે તો વેદનમાં ફેર પડે છે?

મુમુક્ષુ :- એને ઉનાપણાનું જ્ઞાન થાય છે.

ઉત્તર :- બસ, ખલાસ થઈ ગયું. બારિસ્ટર હો કે બાળક હો, દીવો છે ને દીવો? એની શિખા તો બળે છે. તો બળવામાં ફેર પડે છે? બારિસ્ટર હો કે બાળક હો બળવામાં ફેર નથી.

એમ પ્રત્યક્ષ જ્ઞાન કેવળીનું હો અને શ્રુતજ્ઞાનનું જ્ઞાન હો, એમાં આત્મા આનંદકંદનું વેદન છે તે વેદનમાં કોઈ ફેર નથી. આહાહા..! આ ચીજ એવી છે એની ખબર નહિ. રુચિ ક્યાં કરવી ને કેવી દૃષ્ટિ કરવી, ક્યાંથી ખસવું, ક્યાં જાવું ખબર નથી, સમ્યગ્દર્શન ક્યાંથી થાય? સમજાય છે કાંઈ? (સંવત) ૨૦૦૯ની સાલમાં આવ્યા હતા ને ત્યારે હિન્દીમાં શરૂ કર્યું હતું. થોડું થોડું, હોં! હવે થોડું થોડું આઠ-દસ આની આવડે છે. ઈ વખતે એમની

માટે શરૂ કર્યું હતું. તેર વર્ષ થયા. માનસ્તંભ વખતે. ૨૦૦૯ની સાલ. તેર વર્ષ થયા. થોડું થોડું હિન્દીમાં શરૂ કર્યું હતું. અમારી તો કાઠિયાવાડી ભાષા છે ને. હવે આઠ-દસ આની આવડે છે. સમજાય છે કાંઈ? શું કહે છે?

ભગવાન આત્મા સત્ સત્ સાહેબ, સત્ સ્વરૂપ શાશ્વત ધ્રુવ, અંતરમાં જ્ઞાન દ્વારા તેને જાણીને પ્રત્યક્ષ જાણ્યો. રાગનો આશ્રય નહિ, મનનો આશ્રય નહિ. એવા જ્ઞાન દ્વારા જાણ્યો તેવી પ્રતીતિ કરી. અને એમાં આનંદનો સ્વાદ લીધો. અનુભવમાં સ્વરૂપાચરણનો અંશ પણ સાથે વેદનમાં આવ્યો. આહાહા..! સમજાય છે કાંઈ? અરે..! ભગવાન! તકરાર કેટલી કરે છે. અરે..! નાથ! લોકો ચૈતન્યવસ્તુ શું છે (તેની ખબર નહિ). આહાહા..! સર્વજ્ઞે જોયેલો આત્મા કેવો છે તેની ખબર વિના પોતાની કલ્પનાથી શાસ્ત્રના અર્થ કરે અને જાણે એ વસ્તુ એવી નથી. સમજાય છે કાંઈ?

કહે છે, ભગવાન આત્મા પોતાના અંતરમાં જ્ઞાનના અંશથી, પર્યાયનું લક્ષ છોડવું છે ને. જ્ઞાનના અંશ દ્વારા અંતર્મુખ થઈને શુદ્ધ અનુભવ કર્યો તેનું નામ શુદ્ધનયનો અનુભવ થયો એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? તે સમ્યગ્દર્શન પરિણામ થયા, સમ્યગ્જ્ઞાન પરિણામ થયા, સ્વરૂપાચરણ પરિણામ થયા, આનંદની વ્યક્ત દશાના પણ પરિણામ થયા. સમજાય છે કાંઈ? એનું નામ ભગવાન સમ્યગ્દર્શન કહે છે. હવે અહીંથી આપણે લેવાનું છે. કાલે ત્યાં સુધી આવી ગયું હતું.

'**અહીં એટલું વિશેષ જાણવું...**' અહીંયાં એટલું ખાસ જરૂર જાણવું જોઈએ '**કે નય છે તે શ્રુતપ્રમાણનો અંશ છે...**' શું સિદ્ધ કરવું છે? છે ને એમાં? છે? ભાઈ! સમજાય છે કાંઈ? અહીં શું કહે છે? શુદ્ધનયથી આત્માને અનુભવવો એમ કહ્યું. તો એ શુદ્ધનય શું વસ્તુ છે? શુદ્ધનય શું વસ્તુ છે? સમજાય છે કાંઈ? તો કહે છે કે '**નય છે તે શ્રુતપ્રમાણનો અંશ છે...**' જરી સૂક્ષ્મ વિષય છે એટલે 'જયચંદ્ર પંડિતે' સ્પષ્ટ કર્યું છે. ભગવાન આત્માને અંતર્મુખ અંતર દૃષ્ટિ કરી સમ્યગ્દર્શન થયું તો સમ્યગ્દર્શનમાં શ્રુતજ્ઞાન પ્રમાણ થયું. શ્રુતજ્ઞાન પ્રમાણ થયું. એ પ્રમાણના અંશને નય કહે છે. પ્રમાણ અવયવી છે અને પ્રમાણનો અંશ નય તે પ્રમાણનો અવયવ છે. સમજાય છે કાંઈ? આત્મા એક સમયમાં શુદ્ધ ધ્રુવ જે ૧૧મી ગાથામાં કહ્યું. '**भूदत्थो देसिदो दु सुद्धणओ**'. સત્ય સ્વરૂપ ભગવાન પરમ ધ્રુવ જ્ઞાયકને શુદ્ધનય કહે છે. તેને ભૂતાર્થ કહે છે. તો કહે છે કે શુદ્ધનય શું વસ્તુ છે? તો કહે છે કે શુદ્ધનય શ્રુતપ્રમાણનો અંશ છે. અર્થાત્ આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુની અંતર દૃષ્ટિ થઈ તો સમ્યક્ થયું. તેની સાથે શ્રુતજ્ઞાન પ્રમાણ થયું. તેની સાથે શ્રુતજ્ઞાન પ્રમાણ થયું. એ શ્રુતજ્ઞાન પ્રમાણને અવયવી કહે છે. આખી ચીજ. છે અંશ. શ્રુતજ્ઞાન પ્રમાણ દ્રવ્યનો અંશ છે. પણ એ પ્રમાણના બે ભાગ પાડ્યા. એક નય શુદ્ધનય, એક નય વ્યવહારનય. શ્રુતજ્ઞાન પ્રમાણનો નય શુદ્ધનય એક અંશ છે. સૂક્ષ્મ વિષય છે, ભાઈ!

ભગવાન આત્મા ચિદાનંદ પ્રભુ સાક્ષાત્ જ્ઞાયકમૂર્તિ, જેવો સર્વજ્ઞે જોયો એવો. સમજાય છે કાંઈ? પહેલા એક વાર કહ્યું હતું. નહિ? 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા...' હે નાથ! આપની જાણવાની રીત એવી છે, ભગત ભગવાનને કહે છે,

પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ...
નિજ સત્તાએ શુદ્ધ સહુને પેખતા..

હે નાથ! આપના જ્ઞાનમાં આ બધા આત્મા નિજ સત્તાએ શુદ્ધ છે એમ આપ જુઓ છો. સમજાય છે કાંઈ? અર્થાત્ અર્થાત્ ભગવાનના જ્ઞાનમાં આ આત્મા આવો છે એમ જણાયો છે. એ કર્મ, શરીર રહિત, આસ્રવ રહિત, એક સમયની પર્યાયનો અંશ રહિત આખા પૂર્ણને ભગવાને આત્મા કહ્યો છે. તેને ભગવાને આત્મા જોયો છે. આહાહા..! એવા ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વર, જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક હસ્તામલવતની પેઠે પ્રગટ થઈ ગયા છે. એક સમયમાં ભૂત, ભવિષ્ય, વર્તમાન. એક સમયમાં ત્રણે કાળની પર્યાયનું એમાં ભાન થઈ ગયું છે. સમજાય છે કાંઈ? એવા સાક્ષાત્ ભગવાન સર્વજ્ઞ. ત્રણ કાળમાં ત્રિકાળને જાણનારનો કદી વિરહ હોતો નથી. ત્રણ કાળમાં ત્રણ કાળને જાણનારા સર્વજ્ઞનો કદી વિરહ નથી હોતો. સમજાય છે કાંઈ? શું કહ્યું? જિનેશ્વરદાસજી! ત્રણ કાળમાં ત્રણ કાળને જાણનારનો કદી વિરહ નથી હોતો. સર્વજ્ઞ અનાદિના છે અને સર્વજ્ઞ કાયમ રહેશે. ત્રણે કાળ સર્વજ્ઞ રહેશે. ત્રણે કાળમાં કદી સર્વજ્ઞ નહિ હોય એમ બનતું નથી. સમજાય છે કાંઈ?

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક પ્રત્યક્ષ પૂર્ણ અખંડ એક અક્રમે દેખે છે. એવા ભગવાને આત્માને કેવો જોયો? શુદ્ધ ચૈતન્ય આનંદઘન જોયો. શુદ્ધ ધ્રુવ નિશ્ચય આત્મા, પરમાર્થ આતમા, વાસ્તવિક આત્મા, સત્ય આત્મા. શરીર, કર્મ નહિ, પુણ્ય-પાપ નહિ, એક સમયની અવસ્થા જેવડો પણ નહિ. સમજાય છે કાંઈ? પૂર્ણ શુદ્ધ ચૈતન્ય ધ્રુવ ભગવાને જોયો છે. બસ, જેવો જોયો એવી દૃષ્ટિ કરે તો એને સમ્યગ્દર્શન થાય છે. પણ એ સર્વજ્ઞે જોયો. અહીંયા શ્રુતજ્ઞાનમાં શુદ્ધનયથી જોવામાં આવે છે. બસ, એટલો ફેર છે. આહાહા..! પંડિતજી! આ વાત એવી છે. પ્રભુ! આ વાત તો અંતરના ઘરની છે. શાસ્ત્ર વાંચી જાય અને ભણી જાય પણ આ ચીજ જુદી છે.

ભગવાન આત્મા જેવો સર્વજ્ઞે જોયો એવો શુદ્ધનયથી દેખે છે. તો કહે છે કે શુદ્ધનય છે કોણ? એ શ્રુતપ્રમાણનો અંશ છે. શ્રુતપ્રમાણ જે જ્ઞાન છે, શ્રુતપ્રમાણજ્ઞાન છે ને? પ્રમાણ. પ્રમાણનો અર્થ સામાન્યને પણ જાણે અને પર્યાયને પણ જાણે. બેયને જાણે તેને પ્રમાણ કહે છે. તો નય પ્રમાણનો અંશ છે. નય શુદ્ધનય પણ પ્રમાણનો અંશ છે. કેમકે શુદ્ધનય સામાન્ય ધ્રુવને જાણે છે, એક અંશ પર્યાયને નથી જાણતી. પર્યાયને જાણવી એ વ્યવહારનયનો વિષય છે. ઝીણી વાત છે, ભાઈ! સમજાય છે કાંઈ? કહે છે,...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અજ્ઞાનીને એક્કેય નયનું જ્ઞાન નથી. અજ્ઞાનીને કે દિ' હતું? અજ્ઞાનીને નય કેવી? નય તો જેને શ્રુતપ્રમાણ થયું હોય, પ્રમાણનો અંશ હોય તેને નય હોય છે. અજ્ઞાનીને નય ક્યાંથી આવી? સમજાય છે કાંઈ? બરાબર છે? ભાઈ! આ તો વસ્તુસ્થિતિ એવી છે. ત્રણ કાળ ત્રણ લોકમાં ફરે નહિ.

ભગવાન આત્મા ચૈતન્યજ્યોત મૂર્તિ પ્રભુ એક સમયની પર્યાયનું લક્ષ છોડીને, ગૌણ કરીને ત્રિકાળ સ્વરૂપને જાણનારું જે જ્ઞાન છે તેને અહીંયાં શુદ્ધનય કહેવામાં આવે છે. એ શુદ્ધનય પ્રમાણનો અંશ છે, શ્રુતપ્રમાણનો અંશ છે. તેથી '**શુદ્ધનય પણ શ્રુતપ્રમાણનો જ અંશ થયો.**' પહેલી સામાન્ય વાત કરી. ભાઈ! નય છે તે શ્રુતપ્રમાણનો ભાગ છે. તો આ શુદ્ધનય પણ શ્રુતપ્રમાણનો જ અંશ થયો. '**શ્રુતપ્રમાણ છે તે પરોક્ષ પ્રમાણ છે...**' સાંભળો! શું કહે છે? શ્રુતજ્ઞાન આત્માના અસંખ્ય પ્રદેશ પ્રત્યક્ષ નથી દેખતું. આંધળાનો દૃષ્ટાંત પહેલા આપ્યો ને?

મુમુક્ષુ :- વેદનમાં પ્રત્યક્ષ છે.

ઉત્તર :- વેદનમાં પ્રત્યક્ષ છે પણ આ સાકર ધોળી-સફેદ છે એમ (આંધળો) નથી જોતો. અનુભવમાં સ્વાદ આવે છે. પણ આ આત્મા અસંખ્ય પ્રદેશ શ્રુતપ્રમાણમાં નથી આવતા. એ કેવળજ્ઞાની જાણે છે. સાંભળો! શોભાલાલભાઈ! આમાં બહુ મહેનત કરવી પડશે. બીડીમાં બહુ ચાલ્યું છે ને.. ક્યાં ગયા ભાઈ! અમરચંદભાઈ! ઈ તમારા ભાઈબંધ છે ને. ન્યાં તમારે ભેગું રહેવાનું બહુ છે.

કહે છે, ઓહો..! '**શ્રુતપ્રમાણ છે તે પરોક્ષ પ્રમાણ છે કારણ કે વસ્તુને સર્વજ્ઞનાં આગમનાં વચનથી જાણી છે,...**' અર્થાત્ શું? ભગવાને કહ્યું કે જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ધ્રુવ પૂર્ણ છે એમ આગમમાં કહ્યું. એમ અંતરમાં જ્ઞાનથી અંદર જાવું. પણ એ અસંખ્ય પ્રદેશી છે એમ જણાતું નથી. સમજાય છે કાંઈ? વસ્તુને સર્વજ્ઞના આગમજ્ઞાન, આગમજ્ઞાન-જે આગમના વચન છે તેનું જ્ઞાન થયું તે જ્ઞાનથી જાણ્યું છે, આમ પ્રત્યક્ષ નથી જાણ્યા. નીચે શ્રુતજ્ઞાનમાં અથવા શુદ્ધનયમાં આત્મા અસંખ્ય પ્રદેશી અને એક એક પ્રદેશે અનંત ગુણ છે એમ પૃથક્ પૃથક્ નથી જોતું. એ કેવળજ્ઞાનનો વિષય છે. અહીંયાં તો સ્વાદમાં પ્રત્યક્ષ છે અને શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ કેમ કહ્યું? રાગનો મિશ્રિત ભાવ ન રહ્યો અને સીધો શ્રુતજ્ઞાને અંદર જાણ્યું તે અપેક્ષાથી તેને પ્રત્યક્ષ કહેવામાં આવે છે. પણ અસંખ્ય પ્રદેશ જોવે અને અનંત ગુણની સંખ્યા પ્રત્યક્ષ જોવે એમ શ્રુતજ્ઞાનમાં નથી. સમજાય છે કાંઈ? આહાહા..! ભારે માર્ગ, ભાઈ!

'**તેથી આ શુદ્ધનય સર્વ દ્રવ્યોથી...**' સર્વ દ્રવ્ય. શરીર, કર્મ, વાણી, ભગવાન, દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ બધું તેનાથી ભિન્ન '**આત્માના સર્વ પર્યાયોમાં વ્યાપ્ત,...**' બધી પર્યાય ચેતન.. ચેતન.. ચેતન એમ કહેવું છે, ભાઈ! ચેતન.. ચેતન.. ચેતન.. ચેતન.. ચેતન.. સામાન્ય..

સામાન્ય.. સામાન્ય.. સામાન્ય.. સામાન્ય એ બધી પર્યાયોમાં વ્યાપ્ત. '**પૂર્ણ ચૈતન્ય કેવળજ્ઞાનરૂપ...**' કેવળજ્ઞાન એટલે પેલો પર્યાય એમ નહિ. પૂર્ણ ચૈતન્ય કેવળ એક જ્ઞાનરૂપ, એક જ્ઞાનરૂપ, ચૈતન્ય એક જ્ઞાનરૂપ. સામાન્ય એક જ્ઞાનરૂપ. '**સર્વ લોકાલોકને જાણનાર,...**' ઈ શક્તિ એની એવી છે કે લોકાલોકને જાણે એવો એનો સ્વભાવ છે. જ્ઞાન ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. સામાન્ય.. સામાન્ય.. સામાન્ય.. જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયક... એમાં લોકાલોકને જાણવાની તાકાત છે.

'**અસાધારણ ચૈતન્યધર્મને પરોક્ષ દેખાડે છે.**' કહો, સમજાય છે કાંઈ? અસાધારણ ચૈતન્યધર્મ. પોતાના સ્વભાવમાં અસાધારણ એ ધર્મ છે. એ બીજામાં નથી અને પોતામાં પણ ચૈતન્ય તો અસાધારણ ધર્મ છે. બીજા દર્શન આદિ છે તે બધા નિર્વિકલ્પ છે. આ સવિકલ્પ (અર્થાત્) પોતાને અને પરને જાણે છે એવો અસાધારણ જ્ઞાન ધર્મ, અસાધારણ ચૈતન્ય ધર્મ સામાન્ય તેને શુદ્ધનય દેખાડે છે. એવા પૂર્ણ આત્માનું શ્રદ્ધાન કરે.

'**આ વ્યવહારી છદ્મસ્થ જીવ આગમને પ્રમાણ કરી,...**' સર્વજ્ઞના જ્ઞાને કહ્યું એવું પ્રમાણ કરી '**શુદ્ધનયે દર્શાવેલા...**' અંતર શુદ્ધનયથી દેખાડવામાં આવેલા '**પૂર્ણ આત્માનું શ્રદ્ધાન કરે...**' શુદ્ધ ચૈતન્ય ધ્રુવ જ્ઞાયક એકરૂપનું શ્રદ્ધાન કરે 'તે શ્રદ્ધાન નિશ્ચય સમ્યગ્દર્શન છે.' સમજાય છે કાંઈ? આ ચોથા ગુણસ્થાનની વાત છે, હોં! કોઈ કહે કે નિશ્ચય સમ્યગ્દર્શન આઠમે થાય. અરે..! તને કાંઈ ભાન જ નથી. સમ્યગ્દર્શન નિશ્ચય ચોથેથી થાય છે. સમજાય છે કાંઈ? ચોથે વ્યવહાર હોય. વ્યવહાર તો પરાશ્રય છે. વ્યવહાર તો અભૂતાર્થ છે. અભૂતાર્થને સમ્યગ્દર્શન કહે છે? સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્યબિંબ પ્રભુ એક જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયક.. સામાન્ય ધ્રુવને શુદ્ધનય દેખાડે છે અને શુદ્ધનયથી જોવાથી જે પ્રતીતિ થઈ તેનું નામ નિશ્ચય સમ્યગદ્દર્શન કહે છે. સમજાય છે કાંઈ? કહો, રામસ્વરૂપજી! ભારે વાત, ભાઈ! અહીં તો હજી દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન.

મુમુક્ષુ :- આત્માને જાણ્યા વિના...

ઉત્તર :- પણ ક્યાં દેવ કોને કહેવા? દિવ્ય શક્તિ તો ભગવાન દેવ આત્મા તો પોતાનો દેવ છે. પોતાનો આત્મા ગુરુ છે. સમજાય છે કાંઈ? પરદ્રવ્ય છે, દેવ-ગુરુ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન છે? બિલકુલ નહિ, એ તો રાગ છે, શુભરાગ છે. સમજાય છે કાંઈ? ભગવાન અનંત ગુણનો પિંડ પ્રભુ એકરૂપ ચૈતન્યની અંતર્મુખ દૃષ્ટિ કરવી અને અનુભવમાં આ આત્મા એમ પ્રતીતિ કરવી તેનું નામ સાચું સમ્યગ્દર્શન ચોથેથી ઉત્પન્ન થાય છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ નિશ્ચય ચોથેથી થાય છે અને સ્વસંવેદન પણ ચોથેથી થાય છે. જ્ઞાન

જ્ઞાનનું વેદન કરે. સ્વરૂપાચરણ પણ ચોથેથી થાય છે. આનંદનો અંશ પણ ચોથેથી થાય છે. જેટલા એક દ્રવ્યમાં અનંતાઅનંત ગુણ છે, અનંતાઅનંત એટલો જ્યાં નયથી અનુભવ કર્યો, જેટલા ગુણ છે એટલા અંશમાં વ્યક્તતા બધા ગુણની પ્રગટ થાય છે. અંશ. શુદ્ધતાનો અંશ બધા ગુણોનો પ્રગટ થાય છે. કારણ કે દૃષ્ટિ દ્રવ્ય ઉપર ગઈ છે અને દ્રવ્યમાં અનંત ગુણ છે. તો દૃષ્ટિએ જ્યાં દ્રવ્યનો સ્વીકાર કર્યો તો જેટલા ગુણ છે તેટલાનો એક અંશ વ્યક્ત એક સમયની પર્યાયમાં (પ્રગટ થાય છે). સર્વ ગુણાંશ તે સમકિત. સર્વ ગુણના અંશ પ્રગટ થાય છે એવી પ્રતીતિ તેને સમ્યક્ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયાં કહે છે કે આવા આત્માનું શ્રદ્ધાન. અનંત ગુણરૂપ પ્રભુ એક છે એની અંતર્મુખ થઈ નિર્વિકલ્પ શ્રદ્ધા કરવી, રાગનું અવલંબન, મનનું અવલંબન છોડી એકલા જ્ઞાન દ્વારા અંતરમાં અનુભવ કરવો કે આ આત્મા શુદ્ધ છે, પૂર્ણ છે, એવું પર્યાયમાં આનંદનું અને પ્રત્યક્ષ જ્ઞાનનું થવું તેમાં આત્મા શુદ્ધ છે એમ ભાસ્યું. તેની દૃષ્ટિને સમ્યગ્દર્શન કહે છે. આહાહા..! ભારે વાત, ભાઈ! દેવ-ગુરુની શ્રદ્ધા, નવ તત્ત્વની વ્યવહારુ શ્રદ્ધા, ભેદ સમકિત, છ દ્રવ્યની શ્રદ્ધા. હવે ભગવાન! સાંભળ તો ખરો. એ તો બધા ભેદ છે. ઈ તો કહે છે, જુઓ! '**જ્યાં સુધી કેવળ વ્યવહારનયના વિષયભૂત જીવાદિક ભેદરૂપ તત્ત્વોનું જ શ્રદ્ધાન રહે...**' '**જ્યાં સુધી કેવળ વ્યવહારનય...**' એકલો વ્યવહાર, ભેદ. '**વ્યવહારનયના વિષયભૂત જીવાદિક ભેદરૂપ...**' જીવ, અજીવ આદિ નવ તત્ત્વના ભેદરૂપ '**તત્ત્વોનું જ શ્રદ્ધાન રહે ત્યાં સુધી નિશ્ચય સમ્યગ્દર્શન નથી.**' નવના ભેદરૂપનો આશ્રય પર ઉપર છે. નિજ સ્વ એકના આશ્રય વિના નિશ્ચય સમ્યગ્દર્શન કદી ત્રણ કાળમાં થતું નથી. સમજાય છે કાંઈ? આહાહા..! પહેલા પાયામાં વાંધા સમ્યગ્દર્શનમાં. પેલો કહે, સમ્યગ્દર્શન ચોથેથી સાતમા સુધી વ્યવહાર સમ્યગ્દર્શન. ચોથેથી છઠ્ઠા-સાતમા સુધી વ્યવહાર રત્નત્રય, પછી નિશ્ચય રત્નત્રય. અરે..! ભગવાન! આ તેં શું કહ્યું? કાળા કેર કરી નાખ્યા તત્ત્વના. ચૈતન્ય ભગવાન આખો અંતર દૃષ્ટિમાં આવ્યા વિના સમ્યગ્દર્શન કેવું? સમજાય છે કાંઈ? વ્યવહારનું લક્ષણ તો પર આશ્રય લક્ષણમાં જાય છે. એ તો ભેદરૂપ છે. એમાં તો રાગ થયો. અને બહુ તો નવ તત્ત્વના ભેદની જ્ઞાનની પર્યાય અને શુભરાગ થયો એ તો પરલક્ષી છે. એમાં સમ્યગ્દર્શન નથી. સમજાય છે કાંઈ? આહાહા..! શું કહે છે?

'**જ્યાં સુધી કેવળ વ્યવહારનયના વિષયભૂત...**' કેમકે વ્યવહાર પરાશ્રયો, નિશ્ચય સ્વઆશ્રય. સમજાય છે કાંઈ? નયનું લક્ષણ-વ્યવહાર પરાશ્રય નય. નિશ્ચય સ્વઆશ્રય નય. ઈ બે. એમાં પણ નિજ ત્રિકાળી દ્રવ્યનો આશ્રય તે નિશ્ચય છે અને એક સમયની પર્યાયનું લક્ષ કરવું તે વ્યવહાર છે. તે વ્યવહાર પણ પરાશ્રય થઈ ગયો. ભેદરૂપ વિકલ્પ ઊઠે છે અને એક સમયની પર્યાયનું લક્ષ કરવું એ પણ પર્યાયની દૃષ્ટિ તે વ્યવહાર દૃષ્ટિ થઈ ગઈ અને ત્રિકાળ જ્ઞાયક સ્વભાવની દૃષ્ટિ કરવી તેનું નામ નિશ્ચય સ્વઆશ્રય સમ્યગ્દર્શન છે. આહાહા..!

સમજાય છે કાંઈ? ન સમજાય એવી વસ્તુ નથી. એવી પોતાની ચીજ છે. એને કાઢી નાખવું કે અમને ન સમજાય. અમને ન સમજાય એ કાઢી નાખવું. ભગવાન આત્મા એક સમયમાં કેવળજ્ઞાન લેવાની તાકાત રાખે છે. એક સમયમાં ત્રિકાળ અને લોક જાણવાની તાકાત રાખે છે. એવી ચીજ ન સમજી શકાય એમ ન કરવું. એ શલ્ય એને સમજવા નથી દેતું કે મને નથી સમજાતું, હું નહિ સમજી શકું. ઈ કાઢી નાખવું. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞે જોયેલો અનંત ગુણના પિંડરૂપ આત્મા એકરૂપ, એનો અનુભવ તે નિશ્ચય સમ્યગ્દર્શન. વ્યવહારના વિષયભૂત જીવાદિ નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા, દેવ-ગુરુની શ્રદ્ધા આદિ, એ તત્ત્વોનું શ્રદ્ધાન રહે છે '**ત્યાં સુધી નિશ્ચય સમ્યગ્દર્શન નથી.**' સમજાય છે કાંઈ? જ્યાં સુધી પરાશ્રયમાં નવ તત્ત્વના ભેદની, દેવ-ગુરુ-શાસ્ત્રની (શ્રદ્ધા) એ ખરેખર શ્રદ્ધા જ નથી. કેમકે એ શ્રદ્ધાગુણની પર્યાય જ નથી. પરના લક્ષે જ્ઞાનની ક્ષયોપશમ દશામાં આ શું છે એમ પરલક્ષી ખ્યાલ આવ્યો. એ સમ્યગ્દર્શન નથી. નવ તત્ત્વના ભેદનો ક્ષયોપશમમાં જ્ઞાનમાં ખ્યાલ આવ્યો અને શુભરાગ. દેવ-ગુરુની શ્રદ્ધા કે દેવ-ગુરુ કેવા એ પરલક્ષી જ્ઞાનમાં ખ્યાલમાં આવ્યો અને કાં રાગ, એ શ્રદ્ધાગુણની પર્યાય નથી. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મામાં અનંત ગુણમાં એક શ્રદ્ધા નામનો ગુણ પણ પડ્યો છે. એ શ્રદ્ધાગુણની પર્યાય ક્યારે થાય છે? નવ તત્ત્વની વ્યવહારુ શ્રદ્ધાથી શ્રદ્ધાગુણની પર્યાય ઉત્પન્ન નથી થતી. સમજાય છે કાંઈ? એકરૂપ ભગવાન આત્માને જ્ઞેય કરી પોતાના જ્ઞાનમાં જ્ઞેય કરી, શ્રદ્ધામાં ધ્યેય કરી, સ્થિરતામાં એમાં લીન થઈને પ્રત્યક્ષ જ્ઞાન દ્વારા આ આત્મા છે એવો અનુભવ કરવો તેનું નામ ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર સમ્યગ્દર્શન નિશ્ચય કહે છે. સમજાય છે કાંઈ? ત્રણ કાળમાં ફરે નહિ એવી વાત છે. ત્રણ કાળ ત્રણ લોકમાં. આજે માને, પછી માને, ગમે ત્યારે માને પણ આ અનુભવ કર્યે એને સમ્યગ્દર્શન છે. સમજાય છે કાંઈ? એ સિવાય વ્યવહારનયથી ષટ્ દ્રવ્ય માન્યા, દેવ-ગુરુ-શાસ્ત્ર માન્યા એ તો પરલક્ષી જ્ઞાન છે. પરલક્ષી જ્ઞાનમાં શ્રદ્ધાની પર્યાય ક્યાંથી આવી? સમજાય છે કાંઈ? એ.. સેઠી!

વ્યવહારનો વિષય જીવાદિ ભેદ, પોતાની પર્યાયનો ભેદ, રાગાદિ અરે..! સંવર, નિર્જરા આદિના ભેદરૂપ વિચાર કરીને, એવી શ્રદ્ધા રહે છે, જ્યાં સુધી વ્યવહારની શ્રદ્ધા રહે છે, પરાશ્રયમાં જ્યાં સુધી ભંગરૂપની શ્રદ્ધા રહે છે ત્યાં સુધી નિશ્ચય સમ્યગ્દર્શન નથી થતું. વ્યવહાર સમ્યગ્દર્શન, સમ્યગ્દર્શન જ નથી. વ્યવહાર સમ્યગ્દર્શન એ કોઈ શ્રદ્ધાગુણની પર્યાય છે? વ્યવહાર સમ્યગ્દર્શનનો અર્થ શું? કે ભગવાન આત્મા પોતાના અખંડ એકરૂપ સ્વભાવનો અનુભવ કરીને શ્રદ્ધા કરે તે નિશ્ચય. સાથે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા નિમિત્ત જોઈને, સહચર જોઈને ઉપચારથી વ્યવહાર સમકિત કહે છે. એ સમ્યગ્દર્શનની પર્યાય નહિ તેને (સમ્યગ્દર્શન) કહેવું તેનું નામ વ્યવહાર છે. સમજાય છે કાંઈ? એ તો રાગ છે. ઓહો..!

અહીં તો (એમ કહે છે કે) ચોથેથી સાતમા સુધી વ્યવહાર સમ્યગ્દર્શન હોય. એઈ..! તમારા શું કહેવાય? પત્રો? અખબાર. છાપામાં એવું બહુ આવે. વ્યવહાર રત્નત્રય ચોથે, પાંચમે, છઠ્ઠે, સાતમે હોય. એ.. જિનેશ્વરદાસજી! તમારા ગામમાંથી આવે છે. અરે..! ભગવાન! એમ નથી, હોં! પ્રભુનો માર્ગ બીજો છે, ભાઈ! અત્યારે આમ ચાલશે તો તત્ત્વ સહન નહિ કરે. તત્ત્વનું ખૂન થઈ ગયું, ખૂન થઈ જશે. એનું દુઃખ વેઠવું તને કઠણ પડશે, પ્રભુ! ભાઈ! એ ચૈતન્યપ્રભુ એક સમયનો પૂર્ણાનંદનો નાથ એની દૃષ્ટિમાં આવ્યા વિના સમ્યગ્દર્શન કદી થતું નથી. સમજાય છે કાંઈ? શોભાલાલભાઈ! આમાં બહુ મહેનત છે-પ્રયત્ન છે. પૈસા તો પ્રયત્ન વિના મળી ગયા, ધૂળના ઢગલા. ત્યાં કાંઈ પ્રયત્ન કામ કરતો નથી, હોં! પ્રયત્ન કામ કરે છે પૈસામાં?

મુમુક્ષુ :- તો શું બેઠા બેઠા આવે?

ઉત્તર :- ધૂળ બેઠા બેઠા આવે છે. ધૂળમાં શું છે? લક્ષ્મી તો પૂર્વના પુણ્ય હોય તો મળી જાય છે. એમાં તારો પ્રયત્ન શું છે?

મુમુક્ષુ :- ... કાંઈ આવતું નથી..

ઉત્તર :- .. રજકણ આ રહ્યા. પૈસામાં શું હખ છે? ધૂળ છે? આ નુકસાન થયું કેટલું, જુઓને! કરોડપતિનો બાપ કહેવડાવે ત્યાં પોલીસે આવીને પકડ્યા. પણ ભાઈ અમારે શું? પોલીસવાળો નવો આવીને પકડે કે તમે કરોડપતિના પિતા છો તો કાંઈક લાવો. હેરાન કર્યા ત્રણ દિ' પહેલાં. નવ પોલીસ હતા. અમારે કાંઈ સંબંધ નથી. આહા..! આ મમતાનું પરિણામ જુઓ તો ખરા.

ભગવાન આત્મા અનંત લક્ષ્મી સંપન્ન એવા પ્રભુની સન્મુખ થઈને, બહારથી વિમુખ થઈને પરની ઉપેક્ષા કરીને સ્વની અપેક્ષા કરી અંતરમાં અનુભવમાં સમ્યગ્દર્શન થાય છે, તેની પ્રતીતિ કરે છે તેને સમ્યગ્દર્શન કહે છે. બાકી બધા થોથે થોથા છે. સમજાય છે કાંઈ? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.'

મુમુક્ષુ :- એ તો અભવિને લાગુ પડે.

ઉત્તર :- અરે..! અભવિ, ભવિ બધાની વાત છે, અભવિનું કોણ કહે છે. ઈ કહે છે, પંડિતજી! ઈ તો અભવિને લાગુ પડે છે. અરે..! હાલ.. હાલ! અનંત વાર નવમી ગ્રૈવેયક ગયો. મુનિવ્રત ધારી, અઠ્યાવીસ મૂળગુણ પાળ્યા, શરીરના ખંડ કરે તો ક્રોધ ન કરે એવી ક્ષમા આત્માના ભાન વિના. સ્વસંવેદન ભગવાન ચિદાનંદની મૂર્તિના 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો'. આનંદ ન પામ્યો. સમ્યગ્દર્શનમાં તો અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. એ લીધો નહિ અને પંચ મહાવ્રતની ક્રિયાકાંડ કરીને મરી ગયો. એમાં શું થયું? સમજાય છે કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માની દિવ્યધ્વનિમાં આવ્યું. સાક્ષાત્

પરમાત્મા બિરાજે છે. મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. અનંત તીર્થંકરો તો સિદ્ધપદને પ્રાપ્ત થયા. ભગવાન તો અરિહંત પદે બિરાજે છે. વર્તમાન મહાવિદેહ ક્ષેત્રમાં ભગવાન 'કુંદકુંદાચાર્ય' એની પાસે ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા. સંવત ૪૯. સમજાય છે કાંઈ? ત્યાં આઠ દિવસ રહીને અહીં આવીને આ શાસ્ત્ર બનાવ્યા છે. સમજાય છે કાંઈ?

ભગવાનની દિવ્યધ્વનિમાં આમ આવ્યું છે. એમ ભગવાન 'કુંદકુંદાચાર્યે' શાસ્ત્ર રચ્યા. ભગવાન એમ કહે છે, પ્રભુ આત્મા.. અનુભવ તો હતો. ચારિત્રવંત હતા. વિશેષ નિર્મળતા થઈ. પછી શાસ્ત્ર બનાવ્યા. આ 'સમયસાર', 'પ્રવચનસાર' આદિ. સમજાય છે કાંઈ? તો કહે છે કે અરે..! આત્મા જ્યાં સુધી તારું પર ઉપર લક્ષ અને વ્યવહાર આશ્રય હશે ત્યાં સુધી ત્રણ કાળમાં સમ્યગ્દર્શન કદી થશે નહિ. આહા..! આ વાત છે ત્રણ કાળ ત્રણ લોકમાં.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- શું થયું? એક સમયની પર્યાયમાં છ દ્રવ્યને જાણવાની ક્ષયોપશમની તાકાત રાખે છે. એમાં શું થયું? ઈ તો અનંત વાર થયું. ઈ તો પરલક્ષીજ્ઞાન છે. સમજાય છે કાંઈ? શું કહે છે?

**'જ્યાં સુધી કેવળ વ્યવહારનયના વિષયભૂત જીવાદિક ભેદરૂપ તત્ત્વોનું જ શ્રદ્ધાન રહે...'** અહીં તો 'કળશટીકા'માં એમ કહ્યું કે નવ તત્ત્વનો ભેદરૂપ અનુભવ મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? એકરૂપ આખું ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. સામાન્ય દૃષ્ટિમાં ન આવે ત્યાં સુધી નિશ્ચય સમ્યગ્દર્શન થતું નથી. **'તેથી આચાર્ય કહે છે કે આ નવ તત્ત્વોની સંતતિને (પરિપાટીને) છોડી...'** જુઓ! હું જીવ છું ને આ અજીવ છે ને આ આસ્રવ છે ને સંવર છે, એ તો ભેદરૂપ વિકલ્પ છે, એ તો ભેદરૂપ રાગ છે. સમજાય છે કાંઈ? ભાઈ! સૂક્ષ્મ વાત તો છે. એમણે ખુલાસો કર્યો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એની વાત છે, પ્રભુ! એ તો તારી વાત છે. અહીંયાં તો અંતર પ્રભુ પરમ આત્મા પોતે બિરાજમાન છે. પોતાનો પ્રભુ નિજ આત્મા પોતાનો પ્રભુ છે. એ ભગવાન તો વ્યવહાર ભગવાન છે. સમજાય છે કાંઈ? પર છે. એની પાસેથી કંઈ મળે છે? પોતાની પર્યાયમાંથી કંઈ મળતું નથી. દ્રવ્યમાંથી મળે છે તો દ્રવ્ય પોતાનો ભગવાન છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'આચાર્ય કહે છે કે એ નવ તત્ત્વની સંતતિને (પરિપાટીને) છોડી શુદ્ધનયનો વિષયભૂત એક આત્મા જ અમને પ્રાપ્ત હો;...'**

મુમુક્ષુ :- આચાર્યને પ્રાપ્ત નહોતો?

ઉત્તર :- એ તો સમજાવે છે. પ્રાપ્ત છે, નથી ક્યાં. એમાંથી પણ અભેદ પૂર્ણાનંદની એકતા પ્રાપ્ત હો, આ ભેદરૂપ ન હો એમ પ્રાર્થના કરે છે. એકલી વીતરાગતા હો. નવ

તત્ત્વના ભેદરૂપ વિકલ્પ પણ ઉઠે છે એ જ્ઞાનની પર્યાય પરલક્ષી છે અને શુભરાગ છે તે અમારે ન જોઈએ. એમ કહે છે. મુનિ છે, ભાવલિંગી સંત છે. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલવાવાળા. એક દિવસમાં હજારો વાર છઠ્ઠે-સાતમે, છઠ્ઠે-સાતમે મુનિ ઝુલે છે. અતીન્દ્રિ આનંદનો સ્વાદ લે છે અને ક્ષણમાં વિકલ્પ ઉઠે છે, ક્ષણમાં (આનંદનો સ્વાદ લે છે). એમ હજારો વાર આવે છે. અમારે આ ભેદરૂપ ભાવ છે તે ન રહો. અમને એકલી વીતરાગતા હો એમ મુનિ પ્રાર્થના કરે છે. સમજાય છે કાંઈ?

**'બીજું કાંઈ ચાહતા નથી. આ વીતરાગ અવસ્થાની પ્રાર્થના છે,...'** જુઓ! વીતરાગ સ્વરૂપ થવું છે તેની ભાવના છે. **'કોઈ નયપક્ષ નથી.'** નયપક્ષનો અર્થ? એકલો સામાન્ય સામાન્ય કહ્યો અને વિશેષ છોડી દીધું છે. વિશેષ છોડી દીધું છે તો વીતરાગતાને પ્રાપ્ત કરવા માટે વિશેષને લક્ષમાંથી છોડી દીધું છે. સમજાય છે કાંઈ? વિશેષ નથી એમ નહિ. વિશેષ નથી એમ નહિ. પણ વિશેષનું લક્ષ થોડું છે, સામાન્યના લક્ષમાં અમારો આત્મા પ્રાપ્ત થાઓ એવી વીતરાગતાની પ્રાર્થના છે. એ વિશેષ નથી અને એકલો સામાન્ય જ છે એમ વાત નથી. પણ સામાન્ય તરફનો આશ્રય કરીને અમારી વિશેષ પર્યાય પૂર્ણ થઈ જાઓ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એમ કહ્યું ને, સામાન્યના આશ્રયે અમારી વીતરાગતા પ્રાપ્ત થઈ જાઓ. પર્યાય નથી એમ નહિ. વ્યવહાર છે, પર્યાય છે, ભેદ છે. ભેદ નથી અને એકલો સામાન્યનો પક્ષ કરીએ છીએ નહિ. અમે સામાન્યનો પક્ષ કરીએ છીએ એ વીતરાગની પર્યાય પ્રાપ્ત કરવા કરીએ છીએ. સમજાય છે કાંઈ? પર્યાય નથી એમ અમારું લક્ષ નથી. પર્યાય છે. પણ પર્યાયના લક્ષે અમારી વીતરાગતા ઉત્પન્ન થતી નથી, વીતરાગતા વધતી નથી, વીતરાગતાની શુદ્ધિ આગળ જતી નથી. તો અમારા એકરૂપ સ્વભાવમાંથી વીતરાગતા પ્રાપ્ત થાઓ એવી ભાવના છે. એ **'કોઈ નયપક્ષ નથી.'** નયપક્ષ સમજ્યા? એકલું સામાન્ય.. સામાન્ય રહ્યું. આમાં પર્યાય તો રહી નહિ. એમ નહિ. પર્યાય તો લક્ષમાં છે. પણ પર્યાયના લક્ષે વીતરાગતા થતી નથી માટે વીતરાગતાની પ્રાર્થના કરીએ છીએ. સમજાય છે કાંઈ? એકલું સામાન્ય જ છે એમ નથી. સમજાય છે કાંઈ? પર્યાય તો છે પણ પર્યાયના આશ્રયે વીતરાગતા ઉત્પન્ન થતી નથી અને અમારે તો અહીં વીતરાગતા જોઈએ છે. તો સામાન્યના આશ્રયે વીતરાગતા પ્રાપ્ત હો, એક આત્મા જ પ્રાપ્ત હો, ભેદ નહિ. પણ પર્યાયને નથી માનતા એમ નથી. પર્યાયને ન માને, એકલું સામાન્ય માને તો મિથ્યાત્વ થઈ જાય. સમજાય છે કાંઈ? પર્યાયમાં જ વીતરાગતા થાય છે. સામાન્યના આશ્રયથી પર્યાયમાં જ વીતરાગતા થાય છે. પણ વીતરાગતાની પ્રાર્થના કરવાથી પર્યાય નથી માનતા (એમ નથી). એકલા સામાન્યમાં રહો, સામાન્યમાં રહો એમ નહિ. પર્યાય છે. પણ અમારા વીતરાગ સ્વભાવના અંતર આશ્રયથી,

એકરૂપના આશ્રયથી વીતરાગતા થાઓ. અનેકરૂપના આશ્રયે વીતરાગતા નથી થતી. અનેકરૂપ નથી એમ નહિ. સમજાય છે કાંઈ? વેદાંત કહે છે એમ નથી. પર્યાય અનેક છે, ગુણભેદ અનેક છે, રાગાદિ ઉત્પન્ન થાય છે. પણ અમને તો સામાન્યના આશ્રયે જે દૃષ્ટિ થઈ તો તેના આશ્રયે અમને એકલો આત્મા વીતરાગતા પ્રાપ્ત હો. સમજાય છે કાંઈ? આહાહા..! **'જો સર્વથા નયોનો પક્ષપાત જ થયા કરે તો મિથ્યાત્વ જ છે.'**

**'અહીં કોઈ પ્રશ્ન કરે છે..'** હવે પ્રશ્ન કરે છે. આટલી બધી વાત કરે છે ઈ કરતાં **'આત્મા ચૈતન્ય છે એટલું જ અનુભવમાં આવે, તો એટલી શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે કે નહિ?'** સમજાય છે કાંઈ? 'જયચંદ્ર પંડિતે' એ પ્રશ્ન ઉઠાવ્યો છે. કોઈ એટલું માને કે આત્મા ચૈતન્ય છે. આત્મ દ્રવ્ય છે તે ચૈતન્ય છે. **'એટલું જ અનુભવમાં આવે, તો એટલી શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે કે નહિ?'**

**'તેનું સમાધાન :- ચૈતન્યમાત્ર તો નાસ્તિક સિવાય સર્વ મતવાળાઓ આત્માને માને છે.'** એમ નહિ. એકલો ચૈતન્ય.. સામાન્ય.. સામાન્ય.. સામાન્ય.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. કરે એમ નહિ. એમ ન ચાલે. સર્વજ્ઞે જોયો એવો અનંત ગુણ સંપન્ન આત્મા દૃષ્ટિમાં આવે તો સમ્યગ્દર્શન થાય છે. અજ્ઞાની કહે કે એક જ ગુણ છે, સર્વવ્યાપક છે, પર્યાય નથી અને ચૈતન્ય.. ચૈતન્ય.. છે. એવી માન્યતા સમ્યક્ નથી. સમજાય છે કાંઈ? આહા..!

મુમુક્ષુ :- અધરો પેરેગ્રાફ છે.

ઉત્તર :- અધરો પેરેગ્રાફ છે? ....

**'જો એટલી જ શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહેવામાં આવે તો તો સૌને સમ્યક્ત્વ સિદ્ધ થઈ જશે.'** ચૈતન્યમાત્રની શ્રદ્ધા એમ આસ્તિક્ય તો બધા માને છે. ચૈતન્ય... ચૈતન્ય.. ચૈતન્ય... અન્યમતીમાં પણ અનુભવની વાત તો બહુ કરે છે. વેદાંતી આદિ. વેદાંત આદિ અનુભવની ઘણી વાતો કરે છે પણ એ ખોટી છે. સર્વજ્ઞે કહ્યું, એક આત્મામાં અનંત ગુણ. અનંતા અનંતા ગુણ. સમજાય છે કાંઈ? આકાશના પ્રદેશથી અમાપ.. અમાપ.. અમાપ.. અમાપ અનંત. તેનાથી પણ એક આત્મામાં તેના પ્રદેશથી પણ અનંતગુણા ગુણ છે. એવો આત્મા માને. આત્મામાં એક ગુણ છે, ચૈતન્ય.. ચૈતન્ય છે એમ નહિ. સર્વજ્ઞ ભગવાન સિવાય અસંખ્ય પ્રદેશ અને એમાં અનંતાઅનંત ગુણ, આકાશના પ્રદેશની સંખ્યાથી પણ અનંતાગુણા ગુણ છે. એવા અનંત ગુણ સંપન્ન અસંખ્ય પ્રદેશી એકરૂપ આત્માનો અનુભવ કરે તો સમ્યગ્દર્શન થાય છે. આમ ને આમ ચૈતન્ય ચૈતન્ય માને અને અમને અનુભવ છે એમ કહે તો એવો અનુભવ ખોટો છે. સમજાય છે કાંઈ? એમ તો બીજામાં ઘણાં વાત કરે છે. અમને અનુભવ થઈ ગયો છે.

અમારા પાલેજમાં એ બાજુ તો ઘણાં. અમારી પાલેજમાં દુકાન હતી ને ગુજરાતમાં. ત્યાં એ બાજુ બધા અનુભવ અનુભવ કરતા હતા. અમને તો નાની ઉમરથી ઘણાનો પરિચય

થયો છે. ૨૦-૨૨ વર્ષની ઉંમરથી. કેટલાક કહે છે કે અમને અનુભવ થયો છે. નિરંજન નિરાકાર. પણ અનુભવનો અર્થ શું? બસ, આત્મા આવો છે. પણ આત્મા કેવડો છે? કેટલા પ્રદેશી છે? કેટલા ગુણ છે? કરનારો કોણ? એનું શું કામ છે? ઈશ્વર કરનારો છે. ઈશ્વર કર્તા છે. તારી વાત ખોટી છે. તારો અનુભવ પણ ખોટો અને કર્તા માનવો એ પણ ખોટું. સમજાય છે કાંઈ? અમારે ત્યાં ..સાહેબ ને એવા ઘણાં થઈ ગયા. અમારી દુકાનમાં માલ લેવા આવતા હતા ને. અમારી દુકાન હતી ને. નાની ઉંમરમાં (બેસતા). માલ લેવા આવતા હતા. સમજ્યાને? એની સાથે ચર્ચા થયેલી. નાની ઉંમરથી અમારે ચર્ચા થતી હતી. ૨૦-૨૨ વર્ષની ઉંમરથી. નહિ, એમ નહિ. તમે કહો છો એમ નથી. સમજાય છે કાંઈ? દેખો! સૃષ્ટિનો કર્તા કહે છે. કર્તાનો કર્તા કોણ? કીધું. કર્તા કહે તો કર્તાનો કર્તા કોણ? તો કહે, કોઈ નહિ. તો બધા દ્રવ્યનો કોઈ કર્તા નહિ. એકનો કર્તા નહિ તો કોઈનો કર્તા નહિ. એક ભગવાન આત્મા સ્વયંસિદ્ધ સ્વતંત્ર છે. એવા અનંત આત્મા સ્વતંત્ર છે. તેનાથી અનંતગુણા પરમાણુ છે, અસંખ્ય કાળાણુ છે, એક આકાશ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ બધા દ્રવ્ય છે. એક જ્ઞાનની પર્યાયમાં છ દ્રવ્યને જાણવા એ એક જ્ઞાનગુણની એક પર્યાયની તાકાત છે. તો જ્યારે એક દ્રવ્યની એક ગુણની પર્યાયને માને ત્યારે તો છ દ્રવ્ય માન્યા કહેવાય. છ દ્રવ્ય ન માને અને એક પર્યાયને માને તો પર્યાયનું સામર્થ્ય છ દ્રવ્યને જાણવાનું છે તેણે માન્યું જ નથી. તો એક પર્યાયને માનીને પણ છ દ્રવ્યને માન્યા તો પણ ખોટું છે. એવી અનંત પર્યાયનો પિંડ ગુણ અને એવા અનંત ગુણનો પિંડ દ્રવ્ય. એની પ્રતીતિ થાય અંતર અનુભવમાં તો સમ્યગ્દર્શન થાય છે. સમજાય છે કાંઈ? ભારે સૂક્ષ્મ, ભાઈ! બહુ કઠણ, માણસ એમ કહે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અઘરું નાખી દીધું? આહાહા..!

એક જ્ઞાનનો એક સમયનો પર્યાય, ગુણ નહિ, બીજા ગુણ પણ નહિ, એક પર્યાય છ દ્રવ્યને પરલક્ષી જાણવાની એક સમયની પર્યાયની તાકાત છે. તો એ છ દ્રવ્યને જાણે અને પર્યાયને માને તો એણે એક સમયની પર્યાય માની કહેવામાં આવે. સમજાણું? એક સમયની પર્યાય ત્યારે માની. એક સમયની પર્યાય છ દ્રવ્યને જાણે એવી તાકાત રાખે છે, એમ માને તો એક પર્યાયને માની. હજી દ્રવ્યને નથી માન્યું. સમજાય છે કાંઈ? જગતમાં છ દ્રવ્ય છે ને. એક જ્ઞાનની એક પર્યાયમાં જાણવાની તાકાત છે.

મુમુક્ષુ :- કેટલી?

ઉત્તર :- અનંત છ દ્રવ્યની. અનંત છ દ્રવ્યની શ્રદ્ધા. વ્યવહાર શ્રદ્ધા, હોં! અનંત ગુણની નહિ. આ એક પર્યાયમાં આટલી તાકાત. અનંતા દ્રવ્યના ગુણો, અનંતા દ્રવ્ય, અનંતા ગુણો અને એની અનંતી પર્યાય. એક સમયની પર્યાયમાં જાણવાની તાકાત છે. એટલી

શ્રદ્ધા કરે તોય સમ્યગ્દર્શન નહિ. એવી અનંતી પર્યાયનો પિંડ એક ગુણ છે, એવા એવા અનંત ગુણનું રૂપ એક આત્મા છે. આવા આત્માને સર્વજ્ઞે જોયો છે તેનો અંતર અનુભવ પ્રતીત કરે તો સમ્યગ્દર્શન છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ પહેલા આવ્યું હતું ને. ઘણી વાર કહ્યું છે. આત્મા છે એમાં જ્ઞાનગુણ છે. એ ગુણ ત્રિકાળ છે. તેની એક સમયની પર્યાય ભલે શ્રુતજ્ઞાનની હો. અજ્ઞાનની. પણ એ એક સમયની પર્યાયમાં છ દ્રવ્ય, એના અનંતા ગુણ, એની પર્યાય, અનંત ક્ષેત્ર બધું જાણવાની એક પર્યાય તાકાત રાખે છે. જિનેશ્વરદાસજી! એક પર્યાય, હોં! એ છ દ્રવ્ય માને ત્યારે તો એ પર્યાયને માની ત્યારે કહેવાય. આહાહા..! એવી એવી અનંત પર્યાયનો પિંડ એક જ્ઞાનગુણ છે. અને એવા એવા અનંત ગુણનો પિંડ એ દ્રવ્ય છે. એમ સર્વજ્ઞે જોયેલું આત્માનું આવું અભેદ સ્વરૂપ, એનો અનુભવ કરીને પ્રતીત કરવી તેનું નામ સમ્યગ્દર્શન છે.

'**સર્વજ્ઞની વાણીમાં જેવું પૂર્ણ આત્માનું સ્વરૂપ...**' જુઓ! પૂર્ણ શબ્દ લીધો છે. ભગવાન અનંત ગુણનો પિંડ પ્રભુ, એવી અનંત પર્યાયનો પિંડ ગુણ અને અનંત ગુણનો પિંડ આત્મા. '**પૂર્ણ આત્માનું સ્વરૂપ કહ્યું છે તેવું શ્રદ્ધાન થવાતી જ નિશ્ચય સમ્યક્ત્વ થાય છે એમ સમજવું.**' એના ભાવાર્થમાં આમ લીધું છે. અમરચંદભાઈ! વિશેષ આવશે...

**ભાદરવા સુદ ૬, મંગળવાર તા. ૨૦-૦૯-૧૯૬૬**
**શ્લોક-૭, ગાથા-૧૩. પ્રવચન-૫૩**

આજે દસલક્ષણી પર્વનો બીજો દિવસ છે. ઉત્તમ માર્દવ ધર્મ. ચારિત્રની આરાધનાનો બીજો પ્રકાર. ઉત્તમ માર્દવ નામ કોમળતા, નિર્માનતા. કેવી નિર્માનતા હોય છે એ 'સ્વામી કાર્તિકેય' કહે છે.

**उत्तमणाणपहाणो उत्तमतवयरणकरणसीलो वि।**
**अप्पाणं जो हीलदि मद्दवरयणं भवे तस्स।।३९५।।**

**અર્થ :- 'જે મુનિ ઉત્તમજ્ઞાનથી તો પ્રધાન હોય...'** શાસ્ત્રજ્ઞાન ઉત્કૃષ્ટ પ્રગટ્યું હોય અનુભવ સહિત. આત્માના અતીન્દ્રિય આનંદનો અનુભવ, એ ઉપરાંત એને શાસ્ત્રના બાર અંગ આદિનું જ્ઞાન થયું હોય તોપણ એનો મદ કરતા નથી. શાસ્ત્રજ્ઞાન, એનાથી અવધિજ્ઞાન મોટું, એનાથી મનઃપર્યયજ્ઞાન મોટું, એનાથી કેવળજ્ઞાન મોટું. કોનું અભિમાન કરવું? બાર અંગનું જ્ઞાન તો સ્થૂળ જ્ઞાન છે, થોડું જ્ઞાન છે. બાર અંગનું જ્ઞાન પણ સ્થૂળ જ્ઞાન છે. સમજાય છે કાંઈ? થોડું જ્ઞાન કરીને અભિમાન કરવું એ વસ્તુના સ્વરૂપથી ભ્રષ્ટ થવાનું લક્ષણ છે. નિર્માન.

**'ઉત્તમજ્ઞાનથી તો પ્રધાન હોય તથા ઉત્તમ તપશ્ચરણ કરવાનો જેનો સ્વભાવ હોય...'** ઉત્તમ ઈચ્છા રહિત પોતાનો પ્રતપન-વિજય. પોતાનો અતીન્દ્રિય આનંદનો અંતરમાં વિજય થવો એનું નામ તપ કહે છે. એવા તપનો જેનો સહજ સ્વભાવ થઈ ગયો હોય છતાં એનું અભિમાન કરતા નથી. '**अप्पाणं जो हीलदि**'. અરે..! આત્મા! તને ક્યાં કેવળજ્ઞાન છે? તને ક્યાં મનઃપર્યયજ્ઞાન, અવધિજ્ઞાન છે? એમ નિજ આત્માને પોતાને નિર્માનપણે તુચ્છ ગણે છે. આગળ આવશે. અનંતાનુબંધીનો જેને અભાવ થઈને નિજ આત્મા પરિપૂર્ણ આનંદનો અનુભવ થયો પણ પર્યાયમાં પૂર્ણ આનંદ નથી તો સમ્યગ્દૃષ્ટિ પોતાને પર્યાયમાં તુચ્છ ગણે છે. સમજાય છે કાંઈ? ત્યાં શ્લોક છે. એક શ્લોક છે ને અનંતાનુબંધીનો? ક્યાં છે? ... ૩૧૩. અનંતાનુબંધીની વાત છે ને ઈ.

**'સમ્યગ્દૃષ્ટિ થતાં અનંતાનુબંધી કષાયનો અભાવ થઈ...'** પોતાનો આનંદ શુદ્ધ પૂર્ણનું ભાન થઈને આત્માની શાંતિનું વેદન થાય છે તો કહે છે '**जो ण य कुव्वदि गव्वं**' ગર્વ નથી કરતા. '**पुत्तकलत्ताइसव्वअत्थेसु। उवसमभावे भावदि अप्पाणं मुणदि तिणमेत्तं।।**' પોતાના આત્માને પર્યાયમાં તૃણમાત્ર-તિનકામાત્ર માને છે. ઓહોહો..! સમજાય છે કાંઈ? **'પોતાના આત્માને તૃણ સમાન હલકો માને છે. કારણ કે પોતાનું સ્વરૂપ તો અનંત જ્ઞાનાદિરૂપ છે એટલે જ્યાં સુધી તેની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તે પોતાને તૃણ બરાબર માને છે...'**

ઓહો..! સમજાય છે કાંઈ? શુદ્ધ ચિદાનંદ પરિપૂર્ણનું ભાન છે પણ જ્યાં સુધી પૂર્ણ આનંદ અને પૂર્ણ કેવળજ્ઞાન ન થાય તો સમ્યગ્દૃષ્ટિ પોતાની પર્યાયમાં (તૃણ સમાન માને છે). વસ્તુમાં પૂર્ણ પ્રભુતા માને છે. પર્યાયમાં પામરતા માને છે. આહાહા..! સમજાય છે કાંઈ? વસ્તુમાં પ્રભુતા માને છે. પણ પર્યાયમાં બહુ અનુભવ નથી, ઉગ્ર આનંદ નથી, કેવળજ્ઞાન નથી તેથી સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાની પર્યાયમાં તૃણ સમાન માને છે. એમ ૩૧૩ ગાથા છે. 'સ્વામી કાર્તિકેય'. '**तिणमेत्तं**'. અરે..! હું શું છું? મારી પર્યાયમાં અલ્પજ્ઞતા છે, હું સર્વજ્ઞ નથી, શેનો ગર્વ કરું? સમજાય છે કાંઈ? થોડા શાસ્ત્ર વાંચીને અભિમાન કરે છે તેનું વસ્તુનું સ્વરૂપ એની દૃષ્ટિમાં રહેતું નથી.

કહે છે, '**तिणमेत्तं**' માને છે. અહીંયાં પણ કહે છે, '**સકળ શાસ્ત્રને જાણવાવાળો પંડિત હોય તોપણ જ્ઞાનમદ ન કરે. ત્યાં આમ વિચારે કે મારાથી મોટા અવધિ, મનઃપર્યયજ્ઞાની છે, કેવળજ્ઞાની તો સર્વોત્કૃષ્ટ જ્ઞાની છે.**' એવા વિનયવંતનો એના ગુરુ પણ આદર કરે છે, પ્રશંસા કરે છે કે ઓહો..! આટલું જ્ઞાન, ત્રણ-ત્રણ જ્ઞાન, ચાર-ચાર જ્ઞાન હોય તોપણ એને ગર્વ થતો નથી. '**અલ્પજ્ઞ છું. વળી ઉત્તમતપ કરે તોપણ તેનો મદ ન કરે...**' જાતિનું, કુળનું, બળનું, વિદ્યાનું, મોટાઈનું, તપનું અને રૂપ આદિનું અભિમાન કરે નહિ. અભિમાન કરે તો પોતાના સ્વરૂપની દૃષ્ટિ રહેતી નથી. પોતાનું અખંડ આનંદકંદ પરમાત્મ સ્વરૂપ એક સમયમાં છે, તેનું રાગથી ભિન્નપણું જેણે માન્યું છે, રાગથી જુદું માન્યું છે તેને જો અભિમાન પરનું થાય તો નિજ સ્વરૂપની અધિકતા દૃષ્ટિમાં રહેતી નથી. સમજાય છે કાંઈ? આવા ઉત્તમ માર્દવધર્મને અહીંયાં આચાર્યે રતન કહ્યું છે. '**मद्दवरयणं भवे तस्स**'. માર્દવ. રતન છે, રતન છે. પોતાનું સ્વરૂપ ચૈતન્યરત્ન.

સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રને રત્ન કહ્યું. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રને રત્ન કહ્યું તો એવા એવા અનંત રત્ન જે આત્મામાં પડ્યા છે. સમજાય છે કાંઈ? આત્મા શુદ્ધ અખંડાનંદનું અનુભવમાં ભાન થયું, અનુભૂતિ થઈ, દર્શન થયું-પ્રતીતિ થઈ અને સ્વરૂપ સ્થિરતા થઈ તો તેને રતન કહે છે. ત્રણ રતન. પર્યાયને રતન કહે છે કે નહિ? એવી એવી પર્યાય તો આત્મામાં અનંત પડી છે. શું કહ્યું સમજાણું? સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ પર્યાય છે તેને રતન કહ્યું. તો એવી પર્યાય જ્યાં સુધી સિદ્ધ ન થાય ત્યાં સુધી મોક્ષના માર્ગની પર્યાય અસંખ્ય થાય છે. અસંખ્ય પર્યાય થાય છે. તો અસંખ્ય રતન આત્મામાં ભર્યા છે. અને એ રત્નનું ફળ કેવળજ્ઞાન છે. કેવળજ્ઞાન તો એક સમયમાં પૂર્ણ થાય છે, બીજે સમયે બીજું, ત્રીજે સમયે ત્રીજું, ચોથા સમયે ચોથું. એમ સાદિઅનંત કેવળજ્ઞાનની પર્યાય, ત્રણ રત્નનું ફળ એવી જે અનંત કેવળજ્ઞાન પર્યાય જે સાદિઅનંત છે તે બધી આત્મામાં પડી છે. સમજાય છે કાંઈ? તો એને તો ચૈતન્ય રત્નાકર કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ચૈતન્ય રત્નાકર. જેમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય તો અલ્પ

છે. તે પણ અસંખ્ય સમય રહે છે, કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પહેલાં. સમજાય છે કાંઈ? સાધક સ્વભાવ અસંખ્ય સમય રહે છે. અનંત સમય નથી રહેતો. સમજાણું?

નિજ શુદ્ધ આનંદ જ્ઞાયક સ્વભાવનો અનુભવ થયો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયા તો જ્યાં સુધી મોક્ષ ન થાય ત્યાં સુધી આવી પર્યાય અસંખ્ય સમય જ રહે છે. અસંખ્ય સમયમાં એને પૂર્ણ થવું જ પડે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- સમ્યગ્દષ્ટિનો.

મુમુક્ષુ :- મુનિનો?

ઉત્તર :- મુનિ કહો કે સમ્યગ્દષ્ટિ કહો. ચોથે એકલું સમ્યગ્દર્શન છે ત્યારે તો એની વિશેષ પર્યાય છે. પણ ચારિત્ર સહિતની જે પર્યાય છે તે તો અસંખ્ય સમય જ રહે છે. ત્યારપછી અસંખ્ય સમયે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા વિના રહેતા નથી. કેમકે એક-બે ભવ હોય, પંદર ભવ હોય તોપણ એમાં અસંખ્ય સમય જ છે. અનંત સમય નથી. સમજાય છે કાંઈ?

આવું સમ્યગ્દર્શન આત્માના અનુભવમાં-અનુભૂતિમાં પ્રતીતિ અને રમણતા પૂર્ણ કરવાની પર્યાય અસંખ્ય હોય છે. તો એવી બધી પર્યાય આત્માની શક્તિમાં પડી છે અને તેના ફળરૂપ જે કેવળજ્ઞાન, સાદિઅનંત જે અનંત કેવળજ્ઞાન (રહે છે). એક સમય કેવળજ્ઞાન રહે છે તે કેવળજ્ઞાન બીજે સમયે નથી રહેતું. સમજાણું? શું કહ્યું? કેવળજ્ઞાન એક સમય રહે છે, બીજા સમયે નથી રહેતું. સમજ્યા? ફરીને કહીએ છીએ. કેવળજ્ઞાન પર્યાય છે, કેવળજ્ઞાન ગુણ નથી. ગુણ ત્રિકાળ રહે છે, કેવળજ્ઞાન પર્યાય છે તો એક સમય રહે છે. તેવી જ પર્યાય બીજે સમયે થાય પણ તે નહિ. સમજાય છે કાંઈ? સિદ્ધપદ પણ પર્યાય છે. મોક્ષમાર્ગ પર્યાય છે. સંસાર પર્યાય છે. સિદ્ધ પણ પર્યાય છે. સમજાય છે કાંઈ? કેવળજ્ઞાન ત્રિકાળ જ્ઞાનગુણમાંથી પર્યાયની ઉત્પત્તિ થાય છે.

મુમુક્ષુ :- નવી?

ઉત્તર :- નવી. અને એક સમય કેવળજ્ઞાન રહે છે. બીજા સમયે બીજું થાય છે. કેમકે એ ઉત્પાદ વ્યય છે ને. ધ્રુવ તો ત્રિકાળ છે. સિદ્ધપદ પણ એક સમય જ રહે છે. સિદ્ધ પર્યાય છે. તો સિદ્ધપદ એક સમય રહે છે અને બીજા સમયે બીજી પર્યાય થાય છે, ત્રીજા સમયે ત્રીજી અને ચોથા સમયે ચોથી. એમ સાદિઅનંત પર્યાય થાય છે. એવી કેવળજ્ઞાન આદિ સાદિઅનંત પર્યાય જેના ગુણમાં પડી છે એવા અનંત ગુણનું પુર ભગવાન આત્મા, અનંત ગુણનું પુર આત્મા, તેને ચૈતન્ય રત્નાકર કહે છે. સમજાય છે કાંઈ?

એવો ભગવાન આત્મા જેને દૃષ્ટિમાં આવ્યો, પ્રતીતમાં આવ્યો અને અલ્પ સ્થિરતા પણ થઈ તેને ગર્વ ક્યાંથી થાય. હું તો પરિપૂર્ણ આનંદકંદને જોઉં છું, માનું છું. એને આવા અલ્પ જ્ઞાન, સમ્યગ્દર્શન થયું, ચારિત્ર થયા તોપણ અભિમાન થતું નથી. ક્યાં પૂર્ણ

કેવળજ્ઞાન, ક્યાં યથાખ્યાત ચારિત્ર! આવી અનંતી પર્યાય મારા ગુણમાં પડી છે. એનું બહુમાન કરે છે (તો) પર્યાયનું અભિમાન થતું નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

આ ભગવાન આત્મા એક સમયમાં શુદ્ધ જ્ઞાયક પિંડ પ્રભુ, જેમાં એક જ્ઞાનગુણમાં અનંતા કેવળજ્ઞાનની પર્યાય, અનંતી કેવળજ્ઞાનની પર્યાય અને મનઃપર્યયજ્ઞાન, અવધિજ્ઞાન, મતિ-શ્રુતજ્ઞાનની પર્યાય બધી એક જ્ઞાનગુણમાં શક્તિરૂપે પડી છે. એવો એક જ્ઞાનગુણ, એવો દર્શનગુણ, એવો આનંદગુણ, એવો ચારિત્રગુણ, એવા અનંત ગુણના એકરૂપ ચૈતન્યનો અનુભવ પ્રતીત થયા તેને પોતાની પર્યાયનો ગર્વ થતો નથી. સમજાય છે કાંઈ? આહાહા..! એ માર્દવ અધિકાર બીજો અધિકાર થયો. થોડું લઈએ છીએ ને, થોડું લઈએ છીએ. હવે ચાલતો અધિકાર.

૧૩મી ગાથા. 'સમયસાર'. 'હવે, 'ત્યાર પછી શુદ્ધનયને આધીન, સર્વ દ્રવ્યોથી ભિન્ન, આત્મજ્યોતિ પ્રગટ થઈ જાય છે' એમ આ શ્લોકમાં ટીકાકાર આચાર્ય કહે છે :-' નીચે છે. જુઓ! શ્લોક. ઉપર શ્લોક છે.

**अतः शुद्धनयायत्तं प्रत्यग्ज्योतिश्चकास्ति तत्।**
**नवतत्त्वगतत्वेऽपि यदेकत्वं न मुञ्चति।।७।।**

ઉપર શ્લોક છે, નીચે અર્થ છે. સાતમો શ્લોક ઉપર છે, સાતમો શ્લોક સંસ્કૃતમાં ઉપર છે અને અર્થ નીચે છે. શું કહે છે 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજ? મહામુનિ 'કુંદકુંદાચાર્ય' સંવત ૪૯માં થયા. અને હજાર વર્ષ પછી 'અમૃતચંદ્રાચાર્ય' થયા. મહાસંત દ્રવ્યે નગ્ન, ભાવે ભાવલિંગ. અલૌકિક જેની દશા. ણમો લોએ આઈરિયાણંમાં ભળેલા. ણમો લોએ સવ્વ આઈરિયાણં. એવા પદમાં મહામુનિ 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે કે હે ભગવાન આત્મા! તું સાંભળ! ભગવાન કહીને જ આત્માને બોલાવે છે, હોં! ૭૨ ગાથામાં. કર્તા-કર્મની ૭૨ ગાથા છે ને? આપણે બપોરે આવશે. ૭૨ ગાથામાં કહે છે કે ભગવાન આત્મા. પ્રભુ! તારી પર્યાયમાં જેમ જળમાં શેવાળ છે એમ પુણ્ય-પાપના ભાવ તો અશુચિ મેલ છે ને, પ્રભુ! અને તારું સ્વરૂપ તો ભગવાન નિર્મળાનંદ છે ને. સમજાય છે કાંઈ? 'અમૃતચંદ્રાચાર્ય' ભગવાન તરીકે જ આત્માને બોલાવે છે. ભગવાન આત્મા. ૭૨ ગાથા છે, કર્તા-કર્મની.

અશુચિ. પ્રભુ! તારી પર્યાયમાં પુણ્ય-પાપના ભાવ થાય છે. દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપના, કામ, ક્રોધના (ભાવ થાય છે) એ તો અશુચિ છે ને. એ તો મેલ છે ને. પ્રભુ! અને તું તો નિર્મળ ભગવાન છો ને. સમજાય છે કાંઈ? ભાઈ! ૭૨ છે. આપણે તો બીજી ચાલશે. ૭૨માં છે, જુઓ! ૭૨ ગાથા છે ને? '**જળમાં શેવાળ છે તે મળ છે-મેલ છે; તે શેવાળની માફક આસ્રવો મળપણે-મેલપણે અનુભવાતા હોવાથી...**' ૭૨ ગાથા છે. ૭૦ અને ૨. પાનું-૧૩૪. શેવાળ હોય ને? શેવાળ. એ જળમાં શેવાળ મેલનો અનુભવ કરાવે છે. એવા અશુચિ અપવિત્ર આસ્રવ છે. આત્મામાં પુણ્ય-પાપના ભાવ, એ

જળમાં જેમ શેવાળ છે, એમ ભગવાન આત્માની વર્તમાન દશા પરલક્ષી, જેમાં પુણ્ય-પાપના ભાવ થાય છે તે અશુચિ છે, અપવિત્ર છે. પછી જુઓ!

**'ભગવાન આત્મા...'** જુઓ! એમાં લખ્યું છે. ભગવાન આત્મા. જુઓ! સંસ્કૃતમાં પણ છે. **'जले जम्बालवत्कलुषत्वेनोपलभ्यमानत्वाअशुचयः खल्वास्रवाः भगवानात्मा तु नित्यमेवाति-निर्मलचिन्मात्रत्वेनोपलम्भकत्वादत्यन्तं शुचिरेव।'** ભાઈ! તું ભગવાન છો ને પ્રભુ! તારો ભગવાન આત્મા તો નિર્મળાનંદ છે ને નાથ! સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ સમાન શુદ્ધ છે ને અને પુણ્ય પરિણામ, પાપ પરિણામ તો મેલ અશુચિ છે. બેનું ભેદજ્ઞાન કરીને આત્માને પકડવો તેનું નામ અનુભવ અને સમ્યગ્દર્શન છે. સમજાય છે કાંઈ? અહીં તો આત્માને ભગવાન કહીને જ બોલાવે છે. આહાહા..! ભગવાન આત્મા.. પ્રભુ! તારી પર્યાયમાં પરલક્ષી પુણ્ય-પાપના ભાવ થાય છે એ તો જળમાં શેવાળ છે તે મેલ છે, મેલપણે અનુભવાય છે. એ કંઈ આત્માની ચીજ છે? સમજાય છે કાંઈ? એ પુણ્ય-પાપના ભાવથી ભગવાન! તારી ચીજ તો અતિ નિર્મળ ત્રિકાળ છે ને. એવા અતિ નિર્મળાનંદ ભગવાનને પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન પડી નિજ આત્માનો આશ્રય કર. તને આત્મામાં આંનદ થશે. સમજાય છે કાંઈ? આહાહા..! ભગવાનની ના પાડે છે, હું ભગવાન નહિ. ભગવાન કહે છે કે તું ત્રિકાળ ભગવાન છો. સાંભળને! સમજાય છે કાંઈ? ના ન પાડ, ના ન પાડ. હા પાડ. હા પાડ કહે છે ને? શું કહે છે? સ્વીકાર કર. સ્વીકાર કર. ભગવાન ચિદાનંમૂર્તિ નિર્મળાનંદ નાથ અને પુણ્ય-પાપના મલિન પરિણામ, બે વચ્ચે ભેદ કરી નાખ. તેને પોતાના ન માન. તેને પોતાના ન માન. નિજ સ્વરૂપ અનંત કેવળજ્ઞાનનો કંદ એને પોતાનું માન. સમજાય છે કાંઈ? તો તને અનુભવ થઈને આત્માના આનંદનો સ્વાદ આવશે. તો ધર્મ થશે, નહિતર ધર્મ થશે નહિ. સમજાય છે કાંઈ? પણ તેને પામર લાગે છે.

અહીંયાં આચાર્ય કહે છે, **'ત્યાર બાદ શુદ્ધનયને આધીન...'** જુઓ! **'જે ભિન્ન આત્મજ્યોતિ...'** ચૈતન્યજ્યોતિ જ્ઞાયક સ્વરૂપ એકરૂપ **'છે તે પ્રગટ થાય છે...'** આત્મજ્યોતિ પ્રગટ થાય છે, ભાઈ! ભાષા એમ છે. સમજો. આત્મજ્યોતિ તો ત્રિકાળ છે, ઈ શું પ્રગટ થાય. પણ શું કહે છે? પોતાની પર્યાયમાં નવ તત્ત્વના ભેદરૂપ વિકલ્પનો અનુભવ છે તે મેલનો અનુભવ છે. અને નવ તત્ત્વના વિકલ્પને છોડી પોતાનું ચિદાનંદ સ્વરૂપની શુદ્ધનયથી અંતર દૃષ્ટિ કરવાથી જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ. તેનો અર્થ, તારી પર્યાયમાં 'આ જ્ઞાનજ્યોતિ છે' એવો પ્રતિભાસ થાય છે, આત્મખ્યાતિ છે તેને આત્મા પ્રગટ થયો એમ કહેવામાં આવે છે. આત્મા તો છે ઈ છે. અમરચંદભાઈ! આહાહા..! ભાષા તો એવી છે. **'શુદ્ધનયને આધીન જે ભિન્ન આત્મજ્યોતિ...'** સમજાય છે? શબ્દનો અર્થ શું, એના ભાવની મેળવણી કરવી જોઈએ ને કે શું લખ્યું છે. અહીં તો કહે છે, **'શુદ્ધનયને આધીન જે ભિન્ન આત્મજ્યોતિ...'** ભગવાન શુદ્ધનયનો આશ્રય એટલે ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ ચૈતન્યજ્યોત. એક સમયમાં નવ તત્ત્વરૂપ

પરિણમન પર્યાયનું છે તે તો અનાદિનો મિથ્યાત્વભાવ છે. સમજાય છે કાંઈ? એ તો વ્યવહારનયનો વિષય છે. શુદ્ધનયનો (વિષય) અંદર જ્ઞાયક ચિદાનંદજ્યોતિ એકરૂપ સ્વભાવ છે, જેમાં ઉત્પાદ વ્યય પણ થતા નથી. સમજાય છે કાંઈ? ચૈતન્યજ્યોત જે શુદ્ધનયનો વિષય, જેમાં ઉત્પાદ વ્યય પણ નથી. ઉત્પાદ વ્યય તો પર્યાયનય-વ્યવહારનયનો વિષય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

ઉત્પાદ વ્યય રહિત ત્રિકાળ ધ્રુવ જ્ઞાયકમાત્ર, એવી આત્મજ્યોતિ શુદ્ધનય નામ અંતર દૃષ્ટિ કરવાથી બાહ્ય દૃષ્ટિ છોડવાથી ભગવાન આત્મા જ્યોતિ છે તે પ્રગટ થાય છે. એનો અર્થ પોતાની પર્યાયમાં રાગનો જે અનુભવ હતો તેને છોડીને શુદ્ધ જ્ઞાયકનો અનુભવ થયો તો પર્યાયમાં શુદ્ધતા થઈ તો જ્ઞાનજ્યોતિ પર્યાયમાં ભાસિત થઈ, તેને જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**જે નવ તત્ત્વમાં પ્રાપ્ત હોવા છતાં...**' હું જીવ છું (એવો) વિકલ્પ, અજીવ, આસ્રવ આદિ નવ તત્ત્વ છે તે બાહ્ય તત્ત્વ છે, પર્યાયમાં ભેદ છે. ખરેખર નવ તત્ત્વ જીવ, અજીવ આદિ જે વિકલ્પાત્મક કહો તે બાહ્ય તત્ત્વ છે. અભ્યંતર તત્ત્વ જ્ઞાયકમૂર્તિ ભિન્ન છે. આહાહા..! સમજાય છે કાંઈ? પરિણમન જે બાહ્ય તત્ત્વમાં હતું, તે હોવા છતાં '**પોતાના એકપણાને છોડતી નથી.**' જ્ઞાયકજ્યોત ચૈતન્યજ્યોત ધ્રુવસ્વરૂપ છે એ કદી છોડતી નથી. જેમ છઠ્ઠી ગાથામાં કહ્યું કે ભગવાન આત્મા '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो**'. પ્રભુ! જ્ઞાયકજ્યોત ચૈતન્ય ધ્રુવ, તે પુણ્ય-પાપના શુભાશુભ ભાવરૂપ કદી થતો જ નથી. જ્ઞાયકભાવ એકરૂપ છે (અને) તે શુભ-અશુભભાવ છે, વિકારી છે, અચેતન છે. અચેતનનો અર્થ તે ચૈતન્યના નુરના પ્રકાશના પુરનો અંશ પુણ્ય-પાપના ભાવમાં નથી. સમજાય છે કાંઈ? શુભ-અશુભભાવ ચૈતન્યના પ્રકાશના અભાવસ્વભાવે છે. જિનેશ્વરદાસજી!

ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય એકલો પરમબ્રહ્મ આનંદકંદ સ્વરૂપ, શુભ-અશુભભાવ વિકલ્પ છે, રાગ છે, અચેતન છે, જડ છે. જડનો અર્થ રજકણ નહિ, રજકણ નહિ પણ ચૈતન્યપ્રકાશનો અંશ એમાં નથી. ચૈતન્યનું નુર પ્રકાશનો અંશ પુણ્ય-પાપમાં નથી. તો ભગવાન જ્ઞાયકજ્યોતિ પુણ્ય-પાપના પરિણામરૂપ કદી અનંત કાળમાં થઈ નથી. સમજાય છે કાંઈ? તેથી ભગવાન આત્મા જ્ઞાયક પ્રમત્ત અપ્રમત્ત નથી. શુભાશુભ રૂપ થયો નથી તો પ્રમત્ત અપ્રમત્ત નથી. એવો ભગવાન આત્મા પરદ્રવ્યનું લક્ષ છોડી સ્વદ્રવ્યના લક્ષમાં ઉપાસ્યમાન સ્વ સ્વભાવની સેવા કરવાથી (શુદ્ધ કહેવાય છે). જ્ઞાયક ચૈતન્યજ્યોત ધ્રુવ છું, એમ તેના તરફ ઢળવાથી પોતાની પર્યાયમાં દ્રવ્યની સેવા થઈ, શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ પ્રગટ થયા. તે સેવા થવાથી આત્મા શુદ્ધ છે એમ ભાનમાં આવ્યું. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- અનાદિથી સેવા નથી કરતો?

ઉત્તર :- અનાદિની સેવા કરતો નથી. રાગની કરે છે. સમજાય છે કાંઈ? એ ૧૯મી

ગાથામાં આવે છે. ૧૯મી ગાથા છે ને? એમાં આવ્યું છે. ૧૯.. ૧૯. ૧૯ ગાથા છે કે નહિ? '**હવે, કોઈ તર્ક કરે કે આત્મા તો જ્ઞાન સાથે તાદાત્મ્યસ્વરૂપે છે, જુદો નથી, તેથી જ્ઞાનને નિત્ય સેવે જ છે...**' પાનું-૫૨. ૫૦ અને ૨. જુઓ! ટીકા. ગુરુએ એમ કહ્યું... ૫૨. ૫૦ ને ૨. બાવન. તમારે બાવન કહે છે? ટીકા છે ને, ટીકા. જુઓ! વચ્ચે ટીકા છે. '**હવે, કોઈ તર્ક કરે કે આત્મા તો જ્ઞાન સાથે તાદાત્મ્યસ્વરૂપે છે, જુદો નથી, તેથી જ્ઞાનને નિત્ય સેવે જ છે; તો પછી તેને જ્ઞાનની ઉપાસના કરવાની શિક્ષા કેમ આપવામાં આવે છે?**' સમજાય છે કાંઈ? ભગવાન આત્મા, જ્ઞાન અને આત્મા તો તદ્રૂપ એકાકાર છે જ્ઞાયકભાવ. જ્ઞાનની સેવા તો આત્મા સદાય કરે જ છે. અને આપ કહો છો કે જ્ઞાનની સેવા કરો. જ્ઞાનની સેવા, હોં! રાગની નહિ, પરની નહિ. પરની સેવા-બેવા કરી શકતો નથી. રાગ, પુણ્ય-પાપની સેવા પણ નહિ.

'**તેનું સમાધાન : તે એમ નથી. જોકે આત્મા જ્ઞાન સાથે તાદાત્મયસ્વરૂપ છે તોપણ એક ક્ષણમાત્ર પણ જ્ઞાનને સેવતો નથી;...**' કારણ કે અનાદિકાળથી પુણ્ય અને પાપના વિકલ્પ, રાગની જ એણે સેવા કરી છે. સમજાય છે? રાગની સેવા કરી, વિકલ્પની સેવા કરી, ભેદની સેવા કરી છે. ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ ચિદાનંદની એક સમય પણ સેવા કરી નથી. લ્યો, આ સેવા. દુનિયા કહે કે પરની સેવા. કોણ ધૂળ કરી શકે છે પરની? પરદ્રવ્યની પર્યાય સ્વતંત્ર છે. એની પર્યાય થવી બીજી પર્યાયથી તો એની સેવા થાય છે? સમજાય છે કાંઈ? પોતાની પર્યાયમાં રાગ થાય છે તેની સેવા કરવી તેનું નામ પણ મિથ્યાત્વભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાયક સ્વરૂપ ચૈતન્યની સેવા નથી કરી. એનો અર્થ કે જ્ઞાયકસ્વરૂપ જ્ઞાનથી અભિન્ન તદાત્મ્ય છે એવી રાગની રુચિ છોડી, જ્ઞાયક સ્વભાવ તરફ ઢળ્યો નથી. ઢળ્યો નથી તો આત્માની સેવા કરી નથી. એક ક્ષણ પણ સેવા (કરી નથી). એક ક્ષણ સેવા કરે અને અનુભવ ન થાય એમ બને નહિ. આનંદનો અનુભવ થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! એક સમયનો અનુભવ. મહોરછાપ પડી ગઈ. તેની મુક્તિ.. મુક્તિ.. મુક્તિ થઈ જશે. કહે છે કે તેં આત્માની સેવા જ નથી કરી, જ્ઞાનની સેવા કરી નથી. કેમ? કે જ્ઞાન અને આત્મા એકરૂપ છે. બપોરે પણ ઈ ચાલે છે. અંતર જ્ઞાન આત્મા એમ એકાકાર થઈને પોતાની સ્વભાવક્રિયાનું સેવન કદી નથી કર્યું. રાગની ક્રિયાનું સેવન કર્યું. વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિ, તપના વિકલ્પ ઉઠે છે તેની સેવા કરી. એ સેવા મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :- પરંપરા તો કારણ છે.

ઉત્તર :- ધૂળમાંય પરંપરા કારણ નથી.

મુમુક્ષુ :- થોડું ઘણું...

ઉત્તર :- થોડું ઘણું ઝેર છે. અહીં તો નક્કોર વાત છે, ભાઈ! સર્વજ્ઞ ત્રિલોકનાથ

પરમેશ્વર એમની દિવ્યધ્વનિમાં એમ ફરમાવતા હતા કે આત્માના જ્ઞાયક સ્વભાવ સિવાય પુણ્ય રાગનું સેવન (કર્યું છે). કાલે તો કહ્યું હતું ને કે જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવ દુઃખ છે, આકુળતા છે. ભગવાન રાગથી રહિત પ્રભુની એક ક્ષણ પણ સેવા કરી નથી. એક ક્ષણ પણ સેવા કરવાથી મુક્તિના માર્ગનો પત્તો લાગી જાય અને મુક્તિ એના ખ્યાલમાં આવી જાય કે હું અલ્પ કાળમાં કેવળજ્ઞાની થઈ જઈશ. બીજ થઈ તો પૂનમ થશે, થશે ને થશે. સમજાય છે કાંઈ? એક ક્ષણ આત્માની સેવા કરી નથી. જ્ઞાનની સાથે તાદાત્મ્ય થયું જ નથી. આહા..! રાગ, વિકલ્પ આમ કર્યું, આમ કર્યું એવા શુભભાવ (કર્યા). શુભરાગ છે એ તો ઉદયભાવ છે. ઉદયભાવની સેવા તે મિથ્યાત્વભાવ છે. આહા..! પરમપારિણામિકભાવની સેવા એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે. સમજાય છે કાંઈ?

કહે છે, ઓહો..! એ '**નવ તત્ત્વમાં પ્રાપ્ત થવા છતાં...**' પર્યાયથી નવ તત્ત્વમાં ભેદ થયા છે તોપણ '**પોતાના એકપણાને છોડતી નથી.**' જ્ઞાયક શુદ્ધ ચૈતન્યજ્યોત છે તે એકપણાની કદી નથી છોડતી. સમજાય છે કાંઈ? એવા શુદ્ધનયનો વિષય ધ્રુવ સ્વભાવનો અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન છે. ઓહોહો..! સેઠી!

**ભાવાર્થ :- 'નવ તત્ત્વમાં પ્રાપ્ત થયેલો આત્મા અનેકરૂપ દેખાય છે;...'** ભાવાર્થ છે ને? નવ તત્ત્વમાં પ્રાપ્ત થયેલો. આપણે ચાલતી ગાથા. નવ તત્ત્વમાં પ્રાપ્ત થયેલો. પર્યાયમાં એક સમયની અવસ્થામાં. હું જીવ છું અને આ અજીવ છે એવું જ્ઞાન, રાગ છે ને આસ્રવ છે ને સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. એવા નવ પર્યાયરૂપ ભેદરૂપ દેખાય છે. '**જો તેનું ભિન્ન સ્વરૂપ વિચારવામાં આવે તો તે પોતાની ચૈતન્ય-ચમત્કારમાત્ર જ્યોતિને છોડતો નથી.**' ભગવાન ચૈતન્યજ્યોત ધ્રુવ અખંડાનંદ પ્રભુ ચૈતન્યરત્નાકર સ્વરૂપ પૂર્ણ એને કદી એણે છોડ્યું નથી. તો એવો ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદની સન્મુખ થઈ દૃષ્ટિ કરી અનુભવ કરવો એ શુદ્ધનયનો વિષય આત્માને કહે છે અને વિષય કરીને અનુભવ કર્યો એનું નામ સમ્યગ્દર્શન છે. એ નિશ્ચય સમ્યગ્દર્શન છે, જે ચોથે ગુણસ્થાને ઉત્પન્ન થાય છે.

મુમુક્ષુ :- પહેલા ચરણમાં..

ઉત્તર :- પહેલા ધડાકે ચોથા ગુણસ્થાનમાં. ચોથું ગુણસ્થાન કોને કહે છે ખબર નથી? વીતરાગી દૃષ્ટિ. સમ્યગ્દર્શન વીતરાગી દૃષ્ટિ છે. રાગભાવ એ ચારિત્રનો દોષ છે, એ આત્મામાં છે જ નહિ. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા પોતાનું સ્વરૂપ જ વીતરાગપણે રાખે છે. એનું-આત્માનું સ્વરૂપ શું છે? જ્ઞાયક કહો, અકષાય સ્વભાવ કહો, વીતરાગભાવ કહો, પૂર્ણ આનંદભાવ કહો. એવો જે આત્માનો ધ્રુવ સ્વભાવ, તેનો આશ્રય લઈને જે પર્યાય ઉત્પન્ન થાય છે તે વીતરાગી પર્યાય ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? સમજાણું? વીતરાગસ્વરૂપ છે. આત્મા તો વીતરાગસ્વરૂપ છે, અકષાય સ્વભાવ છે. ચૈતન્યપિંડ જ્ઞાયકભાવ એ અવિકારી સ્વભાવનો

પિંડ છે. આવ્યું ને? મેં પહેલાં કહ્યું હતું ને?

**કહૈ વિચચ્છન પુરુષ સદા મૈં એક હૌં,**
**અપને રસસૌં ભર્યૌ આપતી ટેક હૌં,**
**મોહકર્મ મમ નાંહિ નાંહિ ભ્રમકૂપ હૈ,**
**સુદ્ધ ચેતના સિંધુ હમારૌ રૂપ હૈ. ૩૩.**

'**કહૈ વિચચ્છન પુરુષ સદા મૈં એક હૌં,**' વિચિક્ષણ નામ સમ્યગ્દષ્ટિ. સમ્યગ્દષ્ટિ એમ માને છે, અનુભવે છે, જાણે છે. '**કહૈ વિચચ્છન પુરુષ સદા મૈં એક હૌં,**' સદા શુદ્ધ એકરૂપ. '**અપને રસસૌં ભર્યૌ આપની ટેક હૌં,**' નિજ આનંદ આદિ અનંત ગુણથી સ્વભાવથી ભરપુર એવો અનાદિનો હું છું. અનાદિનો છું. '**મોહકર્મ મમ નાંહિ નાંહિ ભ્રમકૂપ હૈ,**' રાગ-દ્વેષ આદિ વાસના ભ્રમણાનો કૂપ છે, ભ્રમનો કૂવો છે. કૂવો સમજો છો? '**મોહકર્મ મમ નાહિ નાંહિ ભ્રમકૂપ હૈ, સુદ્ધ ચેતના સિંધુ હમારૌ રૂપ હૈ.**' આહાહા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દષ્ટિ ચોથે ગુણસ્થાને આવો અનુભવ કરે છે. મારો સ્વભાવ શુદ્ધ ચેતનાસિંધુ છે. સિંધુ-દરિયો. આહા..! દરિયો પડ્યો છે. અનંત રત્નાકર. અનંત રત્નો જેમાં ભર્યા છે. એવો ચૈતન્ય રત્નાકર મહાસિંધુ શુદ્ધ ચેતનાસિંધુ અમારું રૂપ છે. પુણ્ય-પાપ, વિકલ્પ આદિ મારામાં ત્રણ કાળમાં નથી. આવા નિજ સ્વરૂપને અંતરમાં દૃષ્ટિ કરીને અનુભવ કરવો તેનું નામ નિશ્ચય સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? આખો સંસાર દૃષ્ટિમાંથી છોડી દીધો. દૃષ્ટિમાં જે પર્યાય-રાગ બુદ્ધિ હતી, તે દૃષ્ટિમાં સ્વભાવબુદ્ધિ થઈ ગઈ. ગુલાંટ ખાઈ ગઈ. ગુલાંટ સમજ્યા? પલટ ગયા. આહાહા..!

'**પોતાની ચૈતન્ય-ચમત્કારમાત્ર જ્યોતિને છોડતો નથી.**' ભગવાન પોતાનું ધ્રુવ સ્વરૂપ ક્યારે છોડે? અસંખ્ય પ્રદેશમાં શુદ્ધ ચૈતન્ય ધ્રુવ પડ્યો છે. સાતમી નરકમાં ગયો તોપણ શુદ્ધ ચૈતન્યધાતુને કદી છોડી નથી. નિગોદમાં અનંત કાળ રહ્યો તોપણ શુદ્ધ ચૈતન્યધાતુને કદી છોડી નહિ. સમજાય છે કાંઈ? પોતાનો શુદ્ધ ચૈતન્યપ્રભુ એક સમયમાં પૂર્ણાનંદ એ પર્યાયમાં ભલે નવ રૂપ દેખાય છે, વસ્તુ તો એકરૂપ છે. આવી વસ્તુની દૃષ્ટિ કરવી એનું નામ શુદ્ધનયથી આત્માનો અનુભવ (કરવો) તેને સમ્યગ્દર્શન કહે છે. હવે ૧૩મી ગાથા લઈએ.

'**એ પ્રમાણે જ શુદ્ધનયથી જાણવું તે સમ્યક્ત્વ છે...**' જુઓ! '**એ પ્રમાણે જ શુદ્ધનયથી જાણવું તે સમ્યક્ત્વ છે એમ સૂત્રકાર ગાથામાં કહે છે :-**' ૧૨ ગાથા પીઠિકા છે. બાર ગાથામાં સંક્ષેપમાં બધું આવી ગયું છે. પણ .. સૂક્ષ્મ બુદ્ધિવાળો સમજી શકે. વિસ્તારથી જે સમજે છે તો તેને વિસ્તારથી સમજાવવા ૧૩મી ગાથાથી લીધું છે. બહુ બુદ્ધિ હોય તો ૧૨ ગાથાથી સંક્ષેપમાં સમજી જાય. આખા સમયસારનો સાર. એમાં ન સમજી શકે તો વિસ્તારબુદ્ધિવાળાને હવે સમજાવે છે.

**भूदत्थेणाभिगदा जीवाजीवा य पुण्णपावं च।**
**आसवसंवरणिज्जरबंधो मोक्खो य सम्मत्तं।।१३।।**
**ભૂતાર્થથી જાણેલ જીવ, અજીવ, વળી પુણ્ય, પાપ ને**
**આસરવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ તે સમ્યક્ત્વ છે. ૧૩.**

શું આ સમકિત તેરમા ગુણસ્થાનની વાત છે? ભાઈ! અહીં તો નયની વાત છે, પ્રભુ! નય તો શ્રુતજ્ઞાનમાં હોય છે. તેરમે નય હોય છે? આહાહા..! શ્રુત વિકલ્પા નયા. શ્રુતજ્ઞાનના ભેદને નય કહે છે. તો શ્રુતજ્ઞાન તો છદ્મસ્થને હોય છે, કેવળીને હોતું નથી. સમજાય છે કાંઈ? પણ સમ્યગ્દર્શનની વ્યાખ્યા એટલી વિપરીત થઈ ગઈ કે આમ માનો, દેવ-ગુરુને માનો, શાસ્ત્ર માનો. સમ્યગ્દર્શન એમ છે જ નહિ. સમજાય છે કાંઈ?

આત્મા એક સમયમાં રાગ તો નહિ, નિમિત્ત તો નહિ પણ એક સમયની પર્યાય પણ જેનો વિષય નહિ. પરિપૂર્ણ ધ્રુવ જ્ઞાયકમૂર્તિ ભગવાન જેનો વિષય શુદ્ધનયનો છે તેને વિષય કરવાથી, ધ્યેય બનાવવાથી, જ્ઞેય બનાવવાથી, આવા ધ્રુવ સ્વભાવને ધ્યેય બનાવવાથી, જ્ઞેય બનાવવાથી જે જ્ઞાન અને શ્રદ્ધા થયા તેને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સ્વરૂપાચરણ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**ટીકા :- 'આ જીવાદિ નવતત્ત્વો ભૂતાર્થનયથી જાણ્યે સમ્યગ્દર્શન જ છે (-એ નિયમ કહ્યો);...'** જીવાદિ નવ તત્ત્વ એટલે નવ તત્ત્વમાંથી એકલો જીવ યથાર્થ કાઢવો એનું નામ સમ્યગ્દર્શન છે, એમ કહે છે. એકલો જીવ કાઢવો. સમજાય છે કાંઈ? '**કારણ કે તીર્થની (વ્યવહારધર્મની) પ્રવૃત્તિ અર્થે અભૂતાર્થ (વ્યવહાર) નયથી કહેવામાં આવે છે...**' જુઓ! વ્યવહારનય અસત્યનય અભૂતાર્થનયથી નવ કહ્યા છે. વ્યવહારની પર્યાયમાં નવ છે. સમજાય છે કાંઈ? વ્યવહારનયના વિષયમાં નવ છે. જૈનદર્શન સિવાય આવા નવ તત્ત્વ બીજામાં છે જ નહિ. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે જે નવ તત્ત્વ કહ્યા એવા વ્યવહારના નવ તત્ત્વ પણ અન્ય દર્શનમાં ક્યાંય નથી.

કહે છે કે વ્યવહારથી પર્યાયમાં નવ તત્ત્વ છે. સમજાય છે કાંઈ? વ્યવહાર સમ્યગ્દર્શનનો વિષય નવ છે. નિશ્ચય સમ્યગ્દર્શનનો વિષય એક આત્મા છે. આહા..! સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે. એણે કદી અંતરની વાત-સ્વસન્મુખ થવાની શું ચીજ છે એની કદી મહિમા આવી નથી. આમ ને આમ શાસ્ત્રના જ્ઞાન અગિયાર અંગ નવ પૂર્વ ભણી લીધા. ભણી નાખ્યા. સમજાય છે કાંઈ? વાંચી વાંચીને છોડી દીધું પણ આત્મા શું છે? એમાં શું કહે છે? (એ ગ્રહણ ન કર્યું). સમજાય છે કાંઈ? 'શ્રીમદ્' કહે છે ને? એ ઘણીવાર કહ્યું હતું. 'શ્રીમદ્ રાજચંદ્ર'.

**યમ નિયમ સંજમ આપ કિયો, પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;**
**વનવાસ લિયો મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાય દિયો. ૧.**

**મન પૌન નિરોધ સ્વબોધ કિયો, હઠજોગ પ્રયોગ સુ તાર ભયો;**
**જપ ભેદ જપે તપ ત્યૌંહિ તપે, ઉરસેંહિ ઉદાસી લહી સબપેં. ૨.**
**સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે, મત મંડન ખંડન ભેદ લિયે;**
**વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો. ૩.**

'**જપ ભેદ જપે...**' જપ જપ્યા, તપ કર્યા, સાધન કર્યા, ઈન્દ્રિયદમન કર્યું.

**યમ નિયમ સંજમ આપ કિયો, પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;**
**વનવાસ લિયો મુખ મૌન રહ્યો, દઢ આસન પદ્મ લગાય દિયો. ૧.**

મુમુક્ષુ :-

ઉત્તર :- હા, ધૂળમાં છે. આત્માના ભાન વિના તારા પદ્માસન શું? એ તો જડના પદ્માસન છે. ભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ?

'**સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે, મત મંડન ખંડન ભેદ લિયે;**' આ આમ છે ને આમ છે ને તેમ છે. ઘણી વાર એવા ખંડન મંડન કર્યા. 'વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.'

**અબ ક્યોં ન બિચારત હૈ મનસેં, કછુ ઔર રહા ઉન સાધનસેં?**
**બિન સદ્ગુરુ કોય ન ભેદ લહે, મુખ આગલ હૈં કહ બાત કહે? ૪.**

પરમ નિધાન પ્રગટ મુખ આગળે, પરમ નિધાન પ્રગટ મુખ આગળે
જગત ઉલ્લંઘી જાય જિનેશ્વર,

પ્રભુ! ચૈતન્યનું નિધાન તો અંતર સમીપમાં પોતાના સ્વરૂપમાં પડ્યું છે ને. એની સન્મુખ જોતો નથી અને બહારમાં ભટકે છે. સમજાય છે કાંઈ? સમેદશિખરથી કાંઈક મળી જાય ને શેત્રુંજયથી મળી જાય ને શાસ્ત્રના જ્ઞાનથી મળી જાય.

મુમુક્ષુ :- નહિ મળે?

ઉત્તર :- ત્રણ કાળમાં બહારથી મળતું નથી. સમજાય છે કાંઈ? ભગવાન! તારી મહિમા મોટી છે, પ્રભુ! પણ એની મહિમાની એને ખબર નથી. પત્તો જ નથી લીધો. બહારમાં ભટક ભટક આમ કરું ને આમ કરું ને આમ કરું. પોતાનું ઘર-નિજ સ્વરૂપને છોડી બધું કર્યું. સમજાય છે કાંઈ?

કહે છે, જીવાદિ નવ પદાર્થ જાણે, એ નવમાંથી એકને જાણતાં. નવ તત્ત્વમાંથી એક આત્માને તારવે. તારવાને શું કહે છે તમારી હિન્દી ભાષામાં? તારવવું-જુદા પાડવું. અમારી કાઠિયાવાડી ભાષા છે. સમજ્યા? નવ તત્ત્વના ભેદમાંથી એકલો અભેદ કાઢવો. આહાહા..! ભગવાન 'કુંદકુંદાચાર્ય' સાક્ષાત્ પરમાત્મા 'સીમંધર' ભગવાન પાસે ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા. સમજાય છે કાંઈ? અને અહીં આવીને શાસ્ત્ર બનાવ્યા. પોન્નુર હિલ ટેકરી છે. મદ્રાસથી એંસી માઈલ આ બાજુ વંદેવાસ નામનું એક નાનું ગામ છે. દસ હજારની વસ્તી

છે. ત્યાંથી પાંચ માઈલ દૂર છે. ત્યાં 'કુંદકુંદાચાર્ય' ધ્યાનમાં રહેતા હતા. ત્યાંથી ભગવાન પાસે ગયા. દિગંબર મુનિ. સંવત ૪૯. ત્યાં ભગવાન પાસે આઠ દિવસ રહ્યા. સાક્ષાત્ પરમાત્મા અત્યારે બિરાજે છે. 'સીમંધરપ્રભુ' બિરાજે છે. મનુષ્યક્ષેત્રમાં બિરાજે છે, હોં! અહીંથી સીધા. ત્યાં આઠ દિવસ રહી આવ્યા અને આવીને બનાવ્યા. પોકાર કરે છે કે પરમાત્મા આમ કહે છે. ભગવાન તું નવ તત્ત્વમાં ભેદમાં ગુંચાઈ ગયો છો. નવ તત્ત્વના ભેદમાં વિકલ્પમાં પર્યાયમાં તું ગુંચાઈ ગયો છો. તારો આત્મા એમાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

'નિયમસાર'માં શુદ્ધભાવ અધિકાર ૩૮ ગાથામાં (કહે છે), અંતઃતત્ત્વ. પહેલી ગાથા. આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ એ તો બહિર્‌તત્ત્વ છે. સમજાય છે કાંઈ? આસ્રવ, નિર્જરા, બંધ, મોક્ષ પર્યાય છે. પર્યાય છે. અંતર્મુખ તત્ત્વની અપેક્ષાથી ભગવાને એને બહિર્‌તત્ત્વ કહ્યું છે. આપણે હમણાં શુદ્ધભાવ અધિકાર આવી ગયો. સમજાય છે કાંઈ? અંતઃતત્ત્વ નિજ આત્મા. બહિરતત્ત્વ જીવાદિ નવ એ બહિર્‌તત્ત્વ છે. આ જીવ ને આ અજીવ ને સંવર, નિર્જરા, મોક્ષ પણ પર્યાય છે. એક સમયની પર્યાય છે. અંતઃતત્ત્વથી એ ભિન્ન છે. તેથી તેને બાહ્ય તત્ત્વ કહ્યું છે. તેને દ્રવ્ય-પરદ્રવ્ય પણ કહ્યું છે. સંવર, નિર્જરા, મોક્ષની પર્યાયને પરદ્રવ્ય કહ્યું છે. 'નિયમસાર' શુદ્ધભાવ અધિકાર. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા અંતઃતત્ત્વ, અંતઃતત્ત્વ આખા અનંત ગુણથી પૂરો ભરેલો, તેને સ્વદ્રવ્ય કહ્યું. ઈ સ્વદ્રવ્ય અને નવ તત્ત્વની પર્યાયને પરદ્રવ્ય કહ્યું. સમજાય છે કાંઈ? પર્યાયદૃષ્ટિથી નવ છે, છે, નથી એમ નહિ. પણ સ્વભાવદૃષ્ટિથી નવ અભૂતાર્થ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે, '**જીવાદિ નવતત્ત્વો ભૂતાર્થનયથી...**' ભૂતાર્થ નામ એકલા આત્માની દૃષ્ટિથી જુઓ તો નવ તત્ત્વમાં એક આત્મા જ દેખાય છે. સમ્યક્ સ્વભાવ ત્રિકાળ જ્ઞાયકરૂપ એનો અનુભવ થવો એનું નામ નિશ્ચય-સાચું સમ્યગ્દર્શન કહ્યું છે. સમજાય છે કાંઈ? નવ તત્ત્વના ભેદમાં તો છે એમાંથી કાઢીને એક ચૈતન્ય અભેદની દૃષ્ટિ કરવી એનું નામ ભગવાન શુદ્ધનયનો વિષય ધ્રુવનો અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શનમાં આત્મા સાક્ષાત્ થાય છે, એમ કહે છે. શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ થાય છે સમ્યગ્દર્શનમાં. સમ્યગ્દર્શન તો શ્રદ્ધા પૂરતું લક્ષણ છે પણ સાથે શ્રુતજ્ઞાન છે તે આત્માને પ્રત્યક્ષ કરે છે અને સ્વરૂપમાં સ્થિર થાય તેટલી શાંતિ પ્રગટ થાય છે. અને આનંદની સાથે... સમજાય છે? અનંત ગુણની શાંતિનો, અનંત ગુણનો એક અંશ વ્યક્ત પ્રગટ થાય છે. તેનું નામ શુદ્ધનયના વિષયનું સમ્યગ્દર્શન કર્યું, એનું નામ અનુભવ કહેવામાં આવે છે. આહાહા..! બહુ ઝીણું છે, ભાઈ! શોભાલાલભાઈ!

મુમુક્ષુ :- એટલે આપ શું કહેવા માગો છો?

ઉત્તર :- એટલે પ્રયત્ન બહુ જોઈએ. નિવૃત્તિ ઘણી જોઈએ, પ્રયત્ન બહુ જોઈએ.

એમ ને એમ મળી નથી જતું. આ પૈસા ધૂળ મળી ગઈ પૂર્વના પુણ્યને કારણે બે, પાંચ કરોડ. એ તો ધૂળ મળી. તને શું મળ્યું ધૂળમાં? તારી પાસે તો મમતા આવી, ચીજ તો ત્યાં રહી ગઈ. તારી પાસે આવી છે? સેઠી! પૈસા તો પૈસામાં રહ્યા. મને મળ્યા એવી મમતા તારી પાસે આવી. ધૂળ અહીં નથી આવી, ધૂળ તો ત્યાં રહી છે.

મુમુક્ષુ :- ધૂળ હોય તો ધર્મ થાય ને.

ઉત્તર :- ધૂળથી ધર્મ થાય છે? ધૂળથી ધર્મ થાય છે? ભાઈ! લાલબહાદુરજી! નથી થતો. અહીં તો દાનમાં દીધા, રાગની મંદતા કરી એમાં ધર્મ નથી. પૈસાથી તો ક્યાં થતો હતો. પાંચ કરોડમાંથી એક કરોડ રાગની મંદતા કરીને ધર્મમાં આપી દીધા તો રાગની મંદતા એ પણ ધર્મ નથી. આહાહા..! કેસરીચંદજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તૂટે અંદર દૃષ્ટિ કરવાથી. તૂટે કઈ રીતે શું. બાથ તો એણે ભરી છે. બાવળને બાથ ભરી છે અને પૂછે છે છૂટે કઈ રીતે? બાવળ સમજ્યાને? બબુલ.. બબુલ. બબુલ-બાવળ હોય ને કાંટાવાળા? બબુલ. એ છૂટે કઈ રીતે? અરે..! છોડી દે ને. છૂટી જશે. છૂટે કઈ રીતે શું કહે છે? કેસરીચંદજી! બાથ ભીડી છે, બાથ ભીડી છે. છોડી દે અંદરથી. એ દૃષ્ટાંત આપ્યું છે. 'અનુભવ પ્રકાશ'માં દીધું છે ને? ભાઈ! મુઠ્ઠી. વાંદરાની મુઠ્ઠી. અંદર મુઠ્ઠી તો નાખી પણ બોર ઘણા લઈ લીધા. અરે..! મને ભૂતે પકડ્યો. ભૂત નથી, છોડી દે ને. હાથ સીધો હતો તો ઘૂસી તો ગયો. પણ બોર લીધા. બોર સમજ્યા ને? બેર. આમ (મુઠ્ઠી ભરીને બહાર કાઢવા ગયો તો નીકળે નહિ). અરે..! પકડ્યો નથી, તું છોડી દે ને. મુઠ્ઠીમાં ભરી લીધા, હવે મુઠ્ઠી મોટી થઈ ગઈ તો નીકળે નહિ. અરે..! મને પકડી લીધો, કોઈ ભૂત છે અંદર.

એમ ભેદને પકડ્યા છે તેં અને માને કે કોઈએ પકડ્યો છે. કોઈએ પકડ્યો નથી. રાગાદિ ભેદની દૃષ્ટિમાં મિથ્યાદૃષ્ટિપણે પકડાઈ ગયો છે. છોડી દે. ભગવાન આત્મા અભેદ ત્રિકાળ નિરાળો ચૈતન્ય છે એવી દૃષ્ટિ કરવામાં તું સ્વતંત્ર છો. સમજાય છે કાંઈ? કોઈ કર્મ-બર્મ નડતા નથી. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહૈ ઘનઘાત લોહકી સંગતિ પાઈ'. આ તો કહે, અમને કર્મ નડે છે. ધૂળેય નડતા નથી. આવી અનીતિ ક્યાંથી લાવ્યો? કર્મ અમને નડે છે એમ ભગવાન કહે છે એવી અનીતિ ક્યાંથી લાવ્યો? અમારી જિનાજ્ઞા માને તો કર્મ નડે છે એવી વાત લાવ્યો ક્યાંથી? તારો અપરાધ કરનારો તું છો અને અપરાધ નાખે છે કર્મ ઉપર. સમજાય છે કાંઈ? મૂઢ છો. અપરાધની સ્વતંત્રતાનો પણ તને ખ્યાલ નથી તો નિરપરાધ ભગવાન આત્માની સ્વતંત્રતાની દૃષ્ટિ તને કઈ રીતે થશે? સમજાય છે કાંઈ?

કહે છે, અહીં કહેવું છે નવમાં પર્યાયમાં એકાકાર થયો છે તે આત્મા પોતાના પુરુષાર્થથી

થયો છે. સમજાય છે કાંઈ? નવમાં એકાકાર થયો છે. હું પુણ્ય છું, હું પાપ છું એવા પર્યાયમાં જે નવ ભેદ થયા છે તો નવ ભેદ પોતાથી થયા છે. જીવાદિ નવ તત્ત્વ ભૂતાર્થ, એમાંથી કાઢેલા એકલા આત્માને નયથી જાણતાં નિશ્ચય સમ્યગ્દર્શન છે.

**'તીર્થની (વ્યવહારમાર્ગની) પ્રવૃત્તિ અર્થે અભૂતાર્થ (વ્યવહારનયથી) કહેવામાં આવે છે...'** છે ભેદ છે, ભેદ છે. ચૌદ ગુણસ્થાન ભેદ છે. ચૌદ ગુણસ્થાન છે તે જ વ્યવહાર છે. એમાંથી કાઢીને એકાકાર થવું તે જ નિશ્ચય છે. વ્યવહાર છે. વ્યવહારથી સમજાવવું છે. નવ છે એમાં એકાકાર તું છો. એમ સમજાવવું છે. એમ 'નયથી કહેવામાં આવે છે એવાં આ નવ તત્ત્વો-જેમનાં લક્ષણ...' નવ તત્ત્વ જેમનાં લક્ષણ છે. ક્યા? જીવ, અજીવ, પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ. આ નવના નવે નવ લક્ષણ છે. નવનો માર્ગ ભિન્ન છે. સમજાય છે કાંઈ? નવનો માર્ગ ભિન્ન છે. 'પંચાસ્તિકાય'માં આવે છે. 'પંચાસ્તિકાય'ને? કળશમાં આવે છે. નવનો... છે ને ઈ શબ્દ? રત્ન માર્ગ... સમજાય છે કાંઈ? નવનો માર્ગ ભિન્ન છે. 'પંચાસ્તિકાય'માં 'અમૃતચંદ્રાચાર્યે' પહેલા કહ્યું છે. જુઓ! પાંચમો કળશ છે.

**जीवाजीवाद्विपर्यायरूपाणां चित्रवर्त्मनाम्।**
**ततो नवपदार्थानां व्यवस्था प्रतिपादिता।।५।।**

**'(બીજા અધિકારમાં), જીવ અને અજીવ એ બેના પર્યાયોરૂપ નવ પદાર્થોની-કે જેમના માર્ગ અર્થાત્ કાર્ય ભિન્ન ભિન્ન પ્રકારના છે...'** નવેના કાર્ય ભિન્ન ભિન્ન છે. નવેના કાર્ય ભિન્ન છે. અજીવનું ભિન્ન છે, પુણ્યનું ભિન્ન છે, પાપનું ભિન્ન છે, આસ્રવનું ભિન્ન છે, બંધનું ભિન્ન છે, સંવર, નિર્જરા, મોક્ષનું ભિન્ન છે. સમજાય છે કાંઈ? ભિન્ન ભિન્ન 'તેમની વ્યવસ્થા પ્રતિપાદિત કરી છે.' નવેના ભિન્ન ભિન્ન છે. કર્મ અજીવ છે, તેનું કાર્ય અજીવમાં આવે છે. અને આત્મામાં આસ્રવ થાય છે. પોતામાં આસ્રવ પોતાથી થાય છે. અજીવથી થાય તો બે તત્ત્વ એક થઈ જાય છે. સમજાય છે કાંઈ? ભિન્ન ભિન્ન પણ જેને યથાર્થ શ્રદ્ધામાં નથી તેને જ્ઞાયક સ્વભાવ ઉપર કદી દૃષ્ટિ થતી નથી. ઈ હવે આવશે. સમજાય છે કાંઈ? નવ તત્ત્વ જેવા ભિન્ન ભિન્ન છે, સ્વતંત્ર છે, સ્વતંત્ર છે એવી વ્યક્ત પર્યાયની પણ સ્વતંત્રતાની ખબર નથી તો એને જ્ઞાયક અવ્યક્ત ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ છે એવું જે લક્ષમાં પર્યાય છે તો દ્રવ્ય સ્વતંત્ર છે એમ એને દૃષ્ટિમાં આવતું નથી. પર્યાયની સ્વતંત્રતા ભાસતી નથી તેને દ્રવ્યની સ્વતંત્રતા કદી ભાસતી નથી. સમજાય છે કાંઈ?

**'તેમનામાં એકપણું પ્રગટ કરનાર...'** જુઓ! નવમાં એકપણું પ્રગટ કરનાર **'ભૂતાર્થનયથી એકપણું પ્રાપ્ત કરી,...'** એકરૂપ શુદ્ધ ચૈતન્ય અભેદ સામાન્ય **'શુદ્ધનયપણે...'** શુદ્ધનયપણે. વસ્તુ જ શુદ્ધનય ત્રિકાળ. **'શુદ્ધનયપણે સ્થપાયેલા આત્માની અનુભૂતિ...'** એકલો આત્મા આનંદસ્વરૂપની અનુભૂતિ **'કે જેનું લક્ષણ આત્મખ્યાતિ છે...'** આત્મપ્રસિદ્ધિ થાય છે. આ ટીકાનું નામ આત્મખ્યાતિ છે ને. ભગવાન આત્મા નવના ભેદનું લક્ષ છોડી એકલો ચૈતન્ય

જ્ઞાયક સ્વરૂપ છે એવી દૃષ્ટિ કરવાથી આત્મા ખ્યાતિ, આત્મા શુદ્ધ આનંદકંદ છે એવી પર્યાયમાં પ્રસિદ્ધિ થાય છે. પર્યાયમાં પ્રસિદ્ધિ થાય છે કે આત્મા ત્રિકાળ શુદ્ધ અને આનંદ છે. સમજાય છે કાંઈ? અનાદિ કાળની પ્રસિદ્ધિ નવ તત્ત્વના ભેદરૂપની પ્રસિદ્ધિ છે. અનાદિ કાળથી નવના ભેદરૂપની પ્રસિદ્ધિ છે તે મિથ્યા પ્રસિદ્ધિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાઈ! વીતરાગમાર્ગ અલૌકિક માર્ગ છે. જૈન સિવાય સર્વજ્ઞ સિવાય ત્રણ કાળ ત્રણ લોકમાં બીજા પંથમાં આ વાત નથી. સમજાય છે કાંઈ? વેદાંત આદિ વાત કરે છે પણ એ બધી વસ્તુ ખોટી છે. સર્વજ્ઞ પરમેશ્વરે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા, એવું કહ્યું, એમ છે. સમજાય છે કાંઈ?

નવ તત્ત્વ છે, પર્યાયમાં છે એમ કહ્યું. વ્યવહારથી સ્વીકાર છે. સમજાય છે કાંઈ? એકરૂપ સ્વીકાર કરવાથી આત્માની પ્રસિદ્ધિ થાય છે તો નવ તત્ત્વ અભૂતાર્થ છે. નવ છે તે જૂઠા છે. પોતાના આત્માનો અનુભવ કરવાથી, જ્ઞાયક સ્વરૂપની દૃષ્ટિ કરવાથી, આત્માની પ્રસિદ્ધિ થવાથી, એકરૂપનું ભાન થવાથી અનેક અભૂતાર્થ છે. અનેક છે જ નહિ. સમજાય છે કાંઈ? એકમાં અનેક છે જ નહિ. તે અપેક્ષાથી અનેકને અસત્યાર્થ કહ્યું છે. અનેકની અપેક્ષાથી અનેક છે. આહાહા..! એક ચૈતન્યમૂર્તિ ભગવાન અંતરમાં દૃષ્ટિ કરવાથી આત્મપ્રસિદ્ધિ થઈ તો એકમાં અનેક નથી. તે અપેક્ષાથી નવ તત્ત્વને અસત્યાર્થ પણ કહ્યા છે. ત્રિકાળ સ્વરૂપને સત્યાર્થ કહ્યું છે. અને ત્રિકાળ સ્વરૂપનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. એ સિવાય બીજો કોઈ ઉપાય નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૭, બુધવાર તા. ૨૧-૦૯-૧૯૬૬**
**ગાથા-૧૩. પ્રવચન-૫૪**

મનમાં વક્રતા નથી કરતા, સરળતા રાખે છે, કાયાથી વક્રતા નથી કરતા અને વચનથી વક્રરૂપ બોલતા નથી. માયા સહિત બોલવું. કપટ સહિત બોલવું. બોલવું કાંઈક, હૃદય કાંઈક, ભાવ કાંઈક. એવા વક્ર હોય તેને અહીંયાં સરળ ધર્મ હોતો નથી. ખરેખર તો વક્રતાના પરિણામ તિર્યંચ ગતિ શાસ્ત્ર કહે છે.

મુમુક્ષુ :- મનુષ્ય...

ઉત્તર :- મનુષ્ય હોય છે, પણ વક્રતા કરે તો મરીને મનુષ્ય તિર્યંચ થાય છે. તિર્યંચ થાય છે. કેમકે તિર્યંચના શરીર વક્ર-આડા છે. આડા સમજો છો? ટેઢા ટેઢા. તિર્યંચના શરીર આમ આડા છે. આડા કેમ થયા? કે પૂર્વે આડોડાઈ-વક્રતા બહુ કરેલી. સમજાય છે કાંઈ? માયા, વક્રતા, વંચન, ઠગાઈ એવું બહુ કરવાથી એની પર્યાયમાં વક્રતા થઈ પણ એના ફળમાં શરીર પણ આડું થઈ ગયું. શું કહ્યું? આડું થઈ ગયું. આ ઉંદર ને આ ભેંસ, ગાય આમ શરીર છે, જુઓ! મનુષ્યના શરીર આમ (સીધા) છે. આડું થઈ ગયું. બહુ આડોડાઈ કરવાથી શરીર પણ આડુ થઈ ગયું.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અસર-ફસર ક્યાં છે? એના શરીરની પર્યાય પણ એવી થઈ ગઈ. પોતાની વક્રતાથી, પોતાની પર્યાયમાં વક્રતા કરી તો એવા કર્મબંધ થયા તો એના ફળમાં શરીર પણ આડા થઈ ગયા. સમજાય છે કાંઈ?

કહે છે કે, વચનથી વક્રતા ન કરવી, શરીરથી નહિ, મનથી નહિ અને બીજું, '**ण य गोवदि णियदोसं**' નિજ દોષને ગોપવવા નહિ. દોષને ગોપવે તો માયા, વક્રતા, કુટિલતા થઈ જાય છે. સમજાય છે કાંઈ? બાળક જેમ પોતાની માતા પાસે પોતાના દોષ સરળપણે કહે છે, એમ પોતાના દોષ હોય તો બાળકની જેમ ગુરુ પાસે કહે. એમ વંચના ન કરે, ઠગાઈ ન કરે કે થોડા દોષ બતાવવા અને મોટા દોષ નહિ બતાવવા. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- કાંઈકને બદલે કાંઈક ગુરુ પાસે ન કહે?

ઉત્તર :- કાંઈક ને કાંઈક કહે તો એ તો વક્રતા થઈ ગઈ, કુટિલતા થઈ. જેમ છે તેમ કહેવું જોઈએ. સીધું કહેવું જોઈએ. સમજાય છે કાંઈ? ચાર બોલ લીધા છે. ચાર બોલમાં નથી આવતું? નામકર્મમાં નથી આવતું? ... વચન, કાયાથી અસરળતાથી અશુભ નામકર્મ બંધાય છે. અશુભ નામકર્મ ચાર બોલ આવે છે ને. મન, વચન અને કાયાની સરળ ઋજુતાથી શુભ પુણ્ય બંધાય છે. એ વિકલ્પની ઋજુતા છે, આ ઋજુતા તદ્દન આત્માના ભાન સહિતની

સરળતાની વાત છે. નામ કર્મમાં જે ચાર બોલ આવ્યા છે, મન-વચન-કાયા અને અવિસંવાદ. કોઈને ઠગવા નહિ. એવા ભાવથી પુણ્યબંધ થાય છે અને કાયા, વચન, મનથી વક્રતા (કરવી) અને બીજાને ઠગવા તેનાથી અશુભ નામ કર્મ બંધાય છે. આ તો બીજો સરળ ધર્મ ત્રીજો છે. પુણ્ય-પાપથી રહિત. પોતામાં આનંદ સ્વરૂપનું ભાન થઈને પોતાની પર્યાયમાં વક્રતાનું ઉત્પન્ન ન થવું અને સીધી સરળ દશાની વીતરાગી પર્યાયનું ઉત્પન્ન થવું તેનું નામ સરળ ધર્મ, સંવર, નિર્જરા કહેવાય છે. સમજાય છે કાંઈ?

**'પોતાનો દોષ છુપાવે નહિ પણ જેવો હોય તેવો બાળકની માફક ગુરુની પાસે કહે...'** આવી સરળતા ઉત્તમધર્મ સમ્યગ્દર્શન સહિતની વાત છે. એકલી સરળતા એ સરળતા નથી. સમજાય છે કાંઈ? એકલી સરળતા તો કહ્યું ને? મન-વચન-કાયાથી સરળતા ક્રિયા, શુભભાવની સરળતા તેનાથી તો નામ કર્મ બંધાય છે. સમજાય છે કાંઈ? મનમાં સરળ, વચનમાં સરળ, કાયામાં સરળ તો શુભભાવ છે. તેનાથી તો નામ કર્મ બંધાય છે. તેનાથી રહિત સરળતા જ્ઞાતા-દૃષ્ટામાં સરળતા થાય તે સંવર, નિર્જરા છે.

મુમુક્ષુ :- ... તો કર્મ બંધાય છે.

ઉત્તર :- ચાર બોલ આવે છે કે નહિ? પંડિતજી! નામકર્મમાં ચાર બોલ (આવે છે).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો નીચ ગોત્ર, ગોત્ર. ઋજુતા, અઋજુતા ચાર બોલ આવે છે. અવિસંવાદની પહેલા ત્રણ બોલ. ચાર બોલ આવે છે. એ તો અમે ઘણાં વર્ષ પહેલા કહ્યા હતા. (સંવત) ૧૯૮૨માં સભામાં લીધું. ભાઈ! ધર્મ તો એવો છે કે કોઈ મન, વચન, કાયાથી સરળતા કરે તો ધર્મ છે એમ નથી. જામનગરમાં કહ્યું ને. જામનગર. તારાચંદભાઈ બેઠા હતા. બત્રીસ સૂત્રના જાણનારા, ક્રિયાકાંડના બહુ રસિક, વૃદ્ધ માણસ વિરજીભાઈના પિતા. પહેલા જ્યારે સભામાં કહ્યું, મોટી સભા હતી, ૧૯૮૨ની સાલ. ૪૦ વર્ષ થયા. જુઓ! ધર્મ તો એવી કોઈ ચીજ છે કે મન, વચન, કાયામાં અને ઠગવાના ભાવ કરવા એ તો પાપ છે. પણ મન, વચન, કાયામાં અને ઠગવાના ભાવ નહિ કરવા અને સરળતા રાખવી એ તો શુભ પુણ્યભાવ છે, ધર્મ નહિ. આવી વાત સાંભળીને ખળભળાટ થઈ ગયો.

મુમુક્ષુ :- વ્યવહારધર્મ...

ઉત્તર :- વ્યવહારધર્મનો અર્થ શું? પુણ્ય પરિણામ છે. ૧૯૮૨ની સાલ. સંવત ૧૯૮૨. સમજાય છે કાંઈ? ૮૨ને શું કહે છે? જામનગર ગયા હતા. પહેલાં નામ તો ઘણું હતું ને. સભા મોટી હતી અને એક વારિયા હતા. શાસ્ત્રના બહુ જાણનારા. સરળ આત્મા. ઘણું જાણનારા પણ યથાર્થ દૃષ્ટિ નહોતી. પણ શાસ્ત્રના જાણનારા વૃદ્ધ હતા. વિરજીભાઈ વકીલના પિતાશ્રી હતા. સભામાં કહ્યું, જુઓ ભાઈ! કોઈ એમ માને કે મન, વચન, કાયામાં અમે સરળતા શુભભાવ કરીએ છીએ તો એનું નામ ધર્મ છે, એમ છે જ નહિ. સમજાય છે

કાંઈ? રાગની મંદતાથી મન, વચન, કાયામાં સરળતા ઋજુતા, વક્રતાનો અભાવ, એવા ભાવને તો ભગવાન પુણ્યબંધ નામકર્મના બંધનું કારણ કહે છે. સમજાય છે કાંઈ? અમરચંદભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઉપરથી. વંચાતું'તું શું? આત્માથી વાત ઉપરથી કરતા હતા. ન્યાં તો ક્રિયાકાંડી બહુ હતા. આ સાંભળીને ખળભળાટ થઈ ગયો. એક મહારાજ એવા આવ્યા છે, સરળતાથી પુણ્યબંધ કહે છે, નામકર્મનો બંધ કહે છે, ધર્મ નથી એમ કહે છે. ખળભળાટ થઈ ગયો. અહીં નજીક ન આવી શકે. બોલે અંદર. વાત તો કોઈ સાચી કહે છે, આપણે સાંભળી નથી એવી કહે છે. સરળ. મન, વચન, કાયામાં સરળતા, ઋજુતા-વક્રતાનો અભાવ એને ભગવાન નામકર્મમાં ચાર પ્રકારથી નામકર્મ પુણ્ય બંધાય છે એમ કહે છે. સમજાય છે કાંઈ? અને વક્રતાથી તો, ચાર પ્રકારે વક્રતા મન, વચન, કાયા અને ઠગવાથી તો પાપ બંધાય છે. તો જે ભાવથી પુણ્ય બંધાય છે તે ભાવથી ધર્મ થાય છે? સમજાય છે કાંઈ? પહેલીવાર સાંભળ્યું ને, લોકોમાં ખળભળાટ થઈ ગયો. શું કહે છે? અમે આવી સરળતાની ક્રિયા કરીએ છીએ. પુણ્ય છે?

આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપનું ભાન થઈને માયાનું ઉત્પન્ન ન થવું અને સરળતાની શાંતિ ઉત્પન્ન થવી એનું નામ ભગવાન સંવર, નિર્જરા ધર્મ કહે છે. સમજાય છે કાંઈ? એ સરળતા થઈ. સમજાણું? અમે તો એક શ્લોક પણ કહેતા હતા. એક આવે છે. '**સમકિતકા મૂલ જાનિયેજી, સત્ય વચન સાક્ષાત્...**' '**સમકિતનું મૂળ જાણીએ જી, સત્ય વચન સાક્ષાત્, અસત્યમેં માયા વસે જી, માયામેં મિથ્યાત્વ.**' '**માયા મેં મિથ્યાત્વ**' ભ્રમણા. કપટ કરીને માનવું કે હું ઠીક કરું છું, હિત કરું છું એવી માન્યતાને ભગવાન મિથ્યાત્વ કહે છે. આહા..! એ નામકર્મમાં આવે છે, ભાઈ! શું કહેવાય? જ્ઞાનસાગર. જ્ઞાનસાગર બહાર પડ્યું છે. પછી એમાંથી બતાવ્યું કે જુઓ! એમાં લખ્યું છે કે નહિ? નામકર્મ ચાર પ્રકારે શુભથી બંધાય છે અને નામકર્મ ચાર પ્રકારે અશુભથી બંધાય છે. એમાં સરળતા આવી ગઈ છે. મન-વચન-કાયાની સરળતાથી પુણ્ય બંધાય છે. એ સરળતા તે આ ધર્મ નહિ. જિનેશ્વરદાસજી! આહા..! આ સરળતા જે છે એ તો સીધો જ્ઞાયક સ્વરૂપ ભગવાન પરમાનંદ મૂર્તિ એના આશ્રયથી શુદ્ધતાની ઉત્પત્તિ થવી, અશુદ્ધતાની ઉત્પત્તિ ન થવી એનું નામ ભગવાન સરળ ધર્મ શાંત ધર્મ કહે છે. આહાહા..! દર્શનઆર્ય, જ્ઞાનઆર્ય, ચારિત્રઆર્ય. એ ત્રણ આર્ય સરળતા પર્યાય પ્રગટ થાય તેને ભગવાન સરળ ધર્મ કહે છે. આ દસલક્ષણી પર્વમાં ચાલે.

ભાઈ! ધર્મ તો અપૂર્વ ચીજ છે. એક સમયનો સરળ ધર્મ મુક્તિનું કારણ થઈ જાય છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિના દર્શન, જ્ઞાન અને રમણતાનો ભાવ એક સમય પણ ઉત્પન્ન થાય તો સંસારનો નાશ થઈ જાય છે. અલ્પ સંસાર એકાદ-બે ભવ રહે એ તો પછી સ્થિર થઈને નાશ કરશે. સમજાય છે કાંઈ? એવી સ્થિરતાના

પરિણામ, સરળતાના હોં!

હવે આપણે ચાલતો વિષય. ૧૩મી ગાથા. ક્યાં આવ્યું? જુઓ! અહીં આવ્યું છે. **'જેમનાં લક્ષણ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ છે-તેમનામાં એકપણું પ્રગટ કરનાર ભૂતાર્થનયથી એકપણું પ્રાપ્ત કરી,...'** ભગવાન આત્મા જીવ, અજીવાદિ નવ પ્રકારની પર્યાયના જે ભેદ છે તેને છોડીને, નવ તત્ત્વના ભેદરૂપ જે વિકલ્પ છે તેને છોડીને નિજ જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ તરફ શુદ્ધનયનો જે વિષય અભેદ ભૂતાર્થ, તે એકપણાને પ્રાપ્ત કરી, **'શુદ્ધનયપણે સ્થપાયેલા આત્માની અનુભૂતિ...'** ભગવાન આનંદસ્વરૂપમાં નવ તત્ત્વના ભેદના વિકલ્પથી ખસી નિજ એક સ્વભાવ સ્વરૂપમાં એકાગ્ર થઈને પોતાની અનુભૂતિ જેમાં પ્રગટ થાય **'કે જેનું લક્ષણ આત્મખ્યાતિ છે...'** જેમાં આત્માની શાંતિની પ્રસિદ્ધિ થાય છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા એક સ્વરૂપની અંતર દૃષ્ટિ કરવાથી આત્મામાં અનુભૂતિ થાય છે. અનુભૂતિથી આત્માની ખ્યાતિ થાય છે. આત્માની પ્રસિદ્ધિ થાય છે કે શાંત અને આનંદનો અનુભવ થયો એ શાંત અને આનંદ સ્વરૂપ આખો આત્મા છે. થોડી ઝીણી વાત છે. સમજાય છે કાંઈ? થોડી સૂક્ષ્મ છે, બહુ સૂક્ષ્મ નથી એવી. આહાહા..!

કદી પ્રયત્ન કર્યો નથી, કદી અભ્યાસ કર્યો નથી. બીજો અભ્યાસ (કર્યો). જે તત્ત્વનો નિર્ણય અભ્યાસ કરવો એ સમ્યગ્દર્શન પામવાની લાયકાત છે. તત્ત્વ નિર્ણય કરવાનો પ્રયત્ન નહિ અને બીજું બધું કરે તો રસ્તો બીજો થઈ ગયો. સમજાય છે કાંઈ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કહે છે કે વ્રત, સંયમ, તપ નહિ હોવા છતાં શાસ્ત્રનો કદાચિત્ બહુ અભ્યાસ ન હોય પણ જે તત્ત્વ નિર્ણયમાં ચાલે છે તો સમકિતનો અધિકારી છે. ..લાલજી! અને તત્ત્વ નિર્ણય નથી કરતા, એકલો શાસ્ત્ર અભ્યાસ, વ્રત, તપ કરે છે તે સમકિતનો અધિકારી નથી. ભાઈ! સમજાય છે કાંઈ? એ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં 'ટોડરમલજી'એ લખ્યું છે. એ યથાર્થ છે. જે ચીજ છે તેનો નિર્ણય કરવાની તો દરકાર નથી અને આમ કરવું ને તપ કરવા ને વ્રત કરવા ને ઘણાં શાસ્ત્ર વાંચવા. એ તો પરલક્ષી ભાવ છે, એમાં આત્મા ક્યાં આવ્યો? આત્મામાં વ્રત, તપ છે, બહારમાં વ્રત, તપ છે જ ક્યાં. સ્વરૂપ આનંદમૂર્તિમાં વીંટાઈ જવું, એકાકાર થઈ જવું એનું નામ વ્રત છે. ભાઈ! ચિદાનંદ ભગવાન આત્મા જ્ઞાયકમૂર્તિમાં વીંટાઈ જવું. વીંટાઈ સમજ્યા? તેમાં લપેટાઈ જવું એનું નામ વ્રત છે. નિશ્ચય વ્રત તો એને કહે છે. અને તપ પણ એને કહે છે, વિજયતપ. પ્રતપંતિ ઈતિ તપઃ. આનંદસ્વરૂપ ભગવાનની દૃષ્ટિમાં ઉગ્રપણે પુરુષાર્થ કરી પોતાની પર્યાયમાં, જેમ સુવર્ણને ગેરુ લગાવવાથી શોભે છે તેમ આત્મા આનંદથી શોભિત થાય, પ્રતપંતિ પોતાની આનંદની દશાની ઉગ્ર દશા થાય તેનું નામ ભગવાન તપ કહે છે. આહા..! ક્યાં ગયા તમારા બીજા બે-ત્રણ જણા હતા ને? પાછળ બેઠા છે? અહીંયાં આવવું જોઈએ. બહુ દૂરથી આવ્યા છો. નજીક આવો, નજીક. અહીંયા આવો,

આવો. ... ક્યાંય જોયું નથી. અને ચેષ્ટાની ખબર પડે. કેવું ગમે છે, કેવું નથી ગમતું. શરીરની ચેષ્ટા ઉપરથી (ખબર પડે). શું કહ્યું? જુઓ! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા એક સમયમાં જ્ઞેયાકાર નવ તત્ત્વની પર્યાયના ભેદ છે તેનું લક્ષ છોડી એક સ્વરૂપ ચિદાનંદ ભગવાનમાં અંતર એકાકાર થઈને આત્માનુભૂતિ થાય છે તેનાથી આત્મખ્યાતિ થાય છે. આ ટીકાનું નામ આત્મખ્યાતિ છે. 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકાનું નામ આત્મખ્યાતિ છે. આત્મ પ્રસિદ્ધિ. હું ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યનો અનુભવ થયો, સ્વભાવ સન્મુખ થઈને અનુભવમાં આનંદ આવ્યો, અનુભવમાં શાંતિ આવી, અનુભવમાં પ્રતીત અને રમણતા થઈ તેનાથી આ આખો આત્મા આનંદ છે, આખો આત્મા શુદ્ધ છે, એવી આત્મખ્યાતિ પ્રસિદ્ધિ થાય છે. આત્માની પર્યાયમાં પ્રસિદ્ધિ થવાથી આત્માની પ્રસિદ્ધ થઈ એમ કહેવામાં આવે છે. આહાહા..!

ફરીથી. જરી સૂક્ષ્મ વાત છે. જુઓ! શું કહે છે 'અમૃતચંદ્રાચાર્ય'? 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા ઓ..હો..! ભરતક્ષેત્રમાં અત્યારે આવી ટીકા ક્યાંય નથી. સમજાય છે કાંઈ? 'અમૃતચંદ્રાચાર્ય' મુનિ દિગંબર સંત ભાવલિંગી, જેણે અમૃત રેડ્યાં છે. શું કહે છે? જુઓ! નવ તત્ત્વમાં '**તેમનામાં એકપણું પ્રગટ કરનાર ભૂતાર્થનયથી એકપણું પ્રાપ્ત કરી,...**' સ્વરૂપમાં અંતરમાં એકાકાર થઈને નવ તત્ત્વના વિકલ્પના ભેદને છોડી એકરૂપ જ્ઞાયકમાં ભૂતાર્થ સત્યનયથી એકપણાને અંદર પ્રાપ્ત કરીને '**શુદ્ધનયપણે સ્થપાયેલા...**' આ આત્મા. આનંદનો અનુભવ થયો, '**જેનું લક્ષણ આત્મખ્યાતિ છે...**' સમજાય છે કાંઈ?

જુઓ! સમ્યગ્દર્શનમાં આત્મપ્રસિદ્ધિ થઈ. સ્વરૂપાચરણ પણ થયું, અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો, પ્રતીત થઈ, રમણતા થઈ, બધું એકસાથે થયું છે. આખો આત્મા.

મુમુક્ષુ :- સ્વરૂપાચરણ ચારિત્ર...

ઉત્તર :- એ ચારિત્રનો અંશ છે. આત્મખ્યાતિ થઈ, આખો આત્મા પ્રસિદ્ધ થયો. એમ કહ્યું ને? આખો આત્મા જે અનંત ગુણનો પિંડ જે અનંતાઅનંત ગુણ છે... સમજાણું? અનંતાઅનંત ગુણનું હમણાં એક ફેરી કહ્યું હતું ને? અનંતાઅનંત ગુણ શાસ્ત્ર કહે છે. એક જીવદ્રવ્યમાં, હોં! અત્યાર સુધી સિદ્ધ થયા, સિદ્ધ. છ મહિના આઠ સમયમાં ૬૦૮ સિદ્ધ થાય છે. અત્યાર સુધી જેટલા સિદ્ધ થયા, સંખ્યાએ અનંત, તેનાથી તો સંસારી જીવની સંખ્યા અનંતગુણી છે. અને એનાથી અનંતગુણી સંખ્યા પરમાણુની છે, એથી અનંતગુણી સંખ્યા ત્રિકાળ સમયની છે, ત્રિકાળ સમય. અને એનાથી અનંતગુણી સંખ્યા આકાશના પ્રદેશની છે. એથી અનંતગુણી સંખ્યા એક જીવના ગુણની છે. સમજાય છે કાંઈ? ભાઈ! આ તો સાદી ભાષા છે, એમાં કાંઈ (અઘરી નથી).

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ, જેણે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક પોતાની પર્યાયમાં જાણ્યા. આમ નથી જાણ્યા, પોતાની પર્યાયમાં બધું જાણ્યું છે. સમજાય

છે કાંઈ? દિવ્યધ્વનિમાં આવ્યું, ભગવાન! તું આત્મા છો ને પ્રભુ! તારામાં તો અનંતાઅનંત ગુણ છે. અનંતાઅનંત ગુણ કેટલા? કે ત્રણ કાળના સમય કરતાં અનંતગુણા તો આકાશના પ્રદેશ છે. ત્રણ કાળના સમય કરતા આકાશના પ્રદેશ અનંતગુણા અમાપ છે. અમાપ છે ને? આકાશ છે, આકાશ તો આકાશની ક્યાં નાસ્તિ હશે? અસ્તિ.. અસ્તિ.. અસ્તિ.. ચાલ્યા જાઓ અસ્તિ.. છે.. છે.. છે.. ચાલ્યું જ જાય. છે માં ક્યારેય નથી એમ નહિ આવે. ક્યારેય આવશે? નહિ આવે. કેમ? કે અસ્તિ ચાલી જ જાય છે. અમાપ.. અમાપ.. અમાપ... અમાપ.. એટલા અમાપ આકાશના પ્રદેશની સંખ્યા છે તેનાથી એક જીવના ગુણની અનંતગુણી સંખ્યા છે. રાયબહાદુરજી! આહાહા..! અરે..! ભગવાન!

અહીં શું કહેવું છે? અહીં આત્મખ્યાતિ લેવી છે. જુઓ! આત્મખ્યાતિ અર્થાત્ જેટલા આત્મામાં અનંતાઅનંત ગુણ છે તે તરફ અનુભવ થઈને બધા ગુણની આત્મખ્યાતિ પર્યાયમાં અંશ પ્રગટ થઈ ગયા. ત્યારે ખ્યાતિ કહેવાય. આત્મા પ્રસિદ્ધિમાં આવ્યો. અનંત ગુણ જે છે શુદ્ધ આનંદકંદ અંતર એકાકાર થઈને પર્યાયમાં બધા ગુણનો નિર્મળ અંશ આત્મખ્યાતિ પ્રસિદ્ધિ થઈ ગઈ. સમજાય છે કાંઈ? આહાહા..! કોઈ દિ' સાંભળ્યું નથી, સમજે નહિ અને પત્તો લાગી જાય... આ તો સર્વજ્ઞનો માર્ગ છે. આ કોઈ કલ્પિત માર્ગ નથી. ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર હાજરાહજૂર ભગવાન મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. અત્યારે પરમાત્મા બિરાજે છે. સમજાય છે કાંઈ? દિવ્યધ્વનિ છૂટે છે, ઈન્દ્રો સાંભળે છે. ઈ જ આ વાત છે. અનંત તીર્થંકરો આમ કહેતા આવ્યા છે. પ્રભુ! એક સમયમાં તારો આત્મા આવા અનંતાઅનંત ગુણની ખાણ છે. એવા આત્મા તરફ ઢળવાથી, નવ તત્ત્વની પર્યાયના ભેદ તરફથી ઝુકાવ ખસી જવાથી.. સમજાય છે? નવ તત્ત્વના ભેદનો ઝુકાવ ખસી જવાથી, એકરૂપ સ્વભાવનો ઝુકાવ થવાથી '**અનુભૂતિ-કે જેનું લક્ષણ આત્મખ્યાતિ છે...**' ભગવાન આત્માનો અનુભવ થાય છે તો આનંદનો અનુભવ, સ્વરૂપાચરણનો અનુભવ, શાંતિનો અનુભવ (થાય) તેને ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય', એ તો ત્રિલોકનાથ પરમેશ્વર કહે છે તે જ મુનિ કહે છે. મુનિ કંઈ પોતાના ઘરની વાત કરતા નથી. દિગંબર સંતોએ તો ધર્મના ધોધ, ધર્મના થાંભલા! ધર્મ એમણે ટકાવી રાખ્યો છે. પરમેશ્વરે કહ્યું તે જ દિગંબર સંતો કહે છે. બીજામાં ફેરફાર (કરીને કહ્યું) એમાં કાંઈ નથી. જુઓ! ભાષા તો જુઓ!

'**શુદ્ધનયપણે સ્થપાયેલા આત્માની અનુભૂતિ...**' અંદરમાં એકાકાર સ્થિર થયો તો અનુભૂતિ થઈ, જેનું લક્ષણ આત્મખ્યાતિ (છે). ભગવાન અનંત ગુણનો પિંડ શુદ્ધ ચૈતન્ય, એક આત્મામાં સામાન્ય ગુણ પણ અનંત છે અને વિશેષ ગુણ પણ અનંત છે. શું કહ્યું સમજાણું? આત્મા એક છે, એમાં અસ્તિત્વ આદિ છ ગુણ લીધા ને, એ તો સાધારણ લીધા છે. બાકી એક આત્મામાં સામાન્ય ગુણ અનંત છે અને વિશેષ ગુણ અનંત છે. બીજામાં ન હોય એવા વિશેષ પણ અનંત છે અને સામાન્ય પણ અનંતાઅનંત ગુણ છે.

અહીં તો મોટા થોકડા પડ્યા છે. 'પરમાત્મ પ્રકાશ'માં ટીકામાં લીધું છે. 'પરમાત્મ પ્રકાશ' છે ને? એમાં લીધું છે. એક સમયમાં ભગવાન આત્મામાં અસ્તિત્વ, નાસ્તિત્વ, પ્રમેયત્વ આદિ અનંત સામાન્ય ગુણ છે અને જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત વિશેષ ગુણ છે. અનંત વિશેષ ગુણ છે. આહાહા..! એવા અનંત સામાન્ય અને વિશેષ ગુણોનો પિંડ પ્રભુ, એ તરફની એકાગ્રતા થવાથી, એકપણાનું લક્ષ કરવાથી, અનુભૂતિ થવાથી, તેનો અનુભવ થવાથી, દ્રવ્યને અનુસરીને પર્યાય થવાથી આત્મખ્યાતિ પ્રસિદ્ધિ થાય છે. હું આવો શુદ્ધ આનંદ છું. આનંદનો અંશ આવ્યો તો આખો આત્મા આનંદ છે. સ્થિરતાનો અંશ આવ્યો તો આખો આત્મા સ્થિરતારૂપ છે. વીર્યનો અંશ આવ્યો તો આખો આત્મા વીર્યનો પિંડ છે. જ્ઞાનની અનુભૂતિ થઈ તો આખો આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એમ અનંતા ગુણના અંશ પ્રગટ થયા તો આખા આત્મા અનંત ગુણનો પિંડ છે એમ પ્રતીતમાં આવ્યું. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! આ કાંઈ સાધારણ પ્રયત્ન કરવાથી મળતું નથી. આ તો અસાધારણ પ્રયત્ન છે. સમજાય છે કાંઈ? અને પુરુષાર્થથી મળે છે. કોઈ કર્મ મંદ થાય તેથી મળે છે એમ નથી. પોતાના પુરુષાર્થના જાગૃતિથી આ ચીજ મળે છે.

કહે છે, '**પ્રાપ્તિ હોય છે.**' બસ. હવે અહીંયાં '(**શુદ્ધનયથી નવ તત્ત્વને જાણવાથી...**)' નવ તત્ત્વમાંથી એકલો આત્મા શુદ્ધનયથી જાણવાથી '(**આત્માની અનુભૂતિ થાય છે તે હેતુથી આ નિયમ કહ્યો**).' હવે એ નવના ભેદ બતાવે છે. નવના ભેદ બતાવે છે. શું કહે છે જુઓ જરી. એમાં પણ વ્યવહારથી તેની યથાર્થ સિદ્ધિ દૃષ્ટિમાં ન હોય તો નિશ્ચયનું ભાન એને નથી થતું. શું કહે છે?

'**ત્યાં, વિકારી થવા યોગ્ય અને વિકાર કરનાર-એ બન્ને પુણ્ય છે, તેમ જ એ બન્ને પાપ છે,...**' જરી સૂક્ષ્મ વાત છે, શાંતિથી સમજવું. આત્મામાં પુણ્ય થવા યોગ્ય વિકારી પરિણામ, આત્મામાં પુણ્ય થવા યોગ્ય પોતાની પર્યાયની યોગ્યતા છે. શુભભાવ થવાની આત્માની પર્યાયમાં યોગ્યતા છે. '**વિકારી થવા યોગ્ય...**' એમ શબ્દ પડ્યા છે. શું કહ્યું સમજાણું? આ તો હજી નવ તત્ત્વના ભેદ બતાવે છે. એમાંથી (એક આત્માને) કાઢીને અનુભવ કરવો તે અનુભૂતિ છે ઈ બતાવે છે. નવનું જ્ઞાન કરાવવા કહે છે કે આ નવ પ્રકાર છે. ક્યા નવ કઈ રીતે છે? પોતાની પર્યાયમાં વિકારી થવા યોગ્ય પુણ્યભાવ. પોતાની અવસ્થામાં શુભભાવ થવા યોગ્ય પોતાથી શુભભાવ થવા યોગ્ય આત્મા છે. કર્મથી શુભભાવ થાય છે એમ નહિ. હજી એટલી નવની સ્વતંત્રતા પણ પ્રતીતિમાં નથી એને એકલો આત્મા ભગવાન શુદ્ધનયનો (વિષય) અનુભવમાં આવતો નથી, એને શુદ્ધનો અનુભવ થતો નથી. પહેલાં વ્યવહારની યથાર્થ શ્રદ્ધા કરાવે છે.

પુણ્ય '**વિકારી થવા યોગ્ય...**' એ પુણ્યભાવ-શુભભાવ. શુભભાવ થવા યોગ્ય પોતાની પર્યાય. '**અને વિકાર કરનાર...**' પૂર્વના કર્મનો ઉદય પુણ્યમાં નિમિત્ત છે તો એને દ્રવ્યપુણ્ય

કહે છે. સાંભળો જરી. કહીએ છીએ, સ્પષ્ટ કરીએ છીએ ધીમેથી. આત્મામાં વિકારી થવા યોગ્ય એ જીવની પર્યાય છે. શુભભાવ થવા લાયક જીવની પર્યાય છે. સમજાય છે કાંઈ? એ પુણ્ય છે. 'અને વિકાર કરનાર...' કરનારનો અર્થ શું? વિકાર થવાનો કંઈ સ્વભાવ નથી. ભેદ થવાનો સ્વભાવ નથી. તો કહે છે કે પુણ્ય થવાને લાયક, શુભ થવાને લાયક જીવની દશા છે, અને પૂર્વકર્મનો જે ઉદય છે તે નિમિત્ત છે તેને કરનાર કહ્યું છે. નિમિત્ત છે. પૂર્વના ઉદયને દ્રવ્યપુણ્ય કહ્યું. શાંતિથી સાંભળો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- જૂના કર્મને. જૂના કર્મના ઉદયને.

મુમુક્ષુ :- મોહનીય કર્મ...

ઉત્તર :- મોહનીય છે તો ઈ જ કહે છે ને. અહીંયાં પુણ્ય થયું તો એનો નિમિત્તમાં આરોપ કરીને એને દ્રવ્યપુણ્ય કહ્યું. તેથી તો અટકી અટકીને કહીએ છીએ. શું કહ્યું?

ફરીથી લઈએ. આત્મામાં.. સાંભળો! આ નવ તત્ત્વના ભેદની સ્વતંત્રતા કેવી છે તે બતાવે છે. ભગવાન આત્મા પોતાની પર્યાયમાં શુભ થવાની લાયકાત છે તો થાય છે. શુભ. તેને ભાવપુણ્ય કહે છે, તેને જીવપુણ્ય કહે છે. અને પૂર્વના ઉદયકર્મ જે પુણ્યમાં નિમિત્ત પડ્યું તેને દ્રવ્યપુણ્ય કહે છે. છે મોહનો ઉદય.

મુમુક્ષુ :- પાપની પ્રકૃતિ...

ઉત્તર :- પાપની પ્રકૃતિનો ઉદય. તેને દ્રવ્યપુણ્ય કહે છે. નક્કી કરો. સમજાય છે કાંઈ? શું કહે છે? જુઓ!

મુમુક્ષુ :- અહીંનો ત્યાં ઉપચાર આવ્યો.

ઉત્તર :- એનો ઉપચાર આવ્યો એમ કહે છે. સાંભળો તો ખરા શું ચીજ છે.

ભગવાન આત્મા એક સ્વરૂપે અનુભવ કરવો એ તો સમ્યગ્દર્શન છે. પણ કહે છે કે એ નવ પર્યાયમાં ઉત્પન્ન કેમ થાય છે? તારી લાયકાતથી શુભભાવ તારામાં થાય છે. તેને જીવપુણ્ય કહે છે. શુભભાવને જીવપુણ્ય કહે છે. અને કર્મનો ઉદય જે છે તેને અજીવપુણ્ય કહે છે. છે મોહકર્મનો ઉદય. મોહકર્મ પાપ છે. છતાં અહીંયાં શુભભાવ થયો તો મોહકર્મના નિમિત્તને પણ દ્રવ્યપુણ્ય ઉપચારથી કહેવામાં આવે છે. નક્કી કરો પહેલાં. એઈ.. વેણીપ્રસાદજી! આ નક્કી કરવાની વસ્તુ છે. શું ભાઈ રાજબહાદુરજી! બહાદુરી અંદર કરવાની છે. આહાહા...!

ભગવાન ત્રિલોકનાથ... 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા ગજબ વાત છે! આ ભરતક્ષેત્રમાં આવી ટીકા બીજે ક્યાંય નથી. બીજા શ્વેતાંબર આદિમાં તો આવી ચીજ હોઈ શકે જ નહિ પણ દિગંબરમાં પણ 'સમયસાર'ની આ ટીકા જેવી બીજી ટીકા નથી. સમજાય છે કાંઈ? બહુ ધ્યાન રાખીને સમજવાની વસ્તુ છે. શોભાલાલજી! શું કહે છે? પહેલાં બોલના બે બોલ ઉતારે છે. જીવ છે. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળી છે. એની પર્યાયમાં શુભભાવ થવાની પોતામાં

લાયકાત છે. શુભભાવ- કષાયની મંદતાનો ભાવ, દયા-દાનનો ભાવ પોતાની પર્યાયમાં થવાની પોતાની લાયકાતથી ભાવ થાય છે. એનું નામ ભાવપુણ્ય જીવપુણ્ય કહેવામાં આવે છે. અને આવા ભાવપુણ્ય અને જીવપુણ્યમાં પૂર્વ કર્મને નિમિત્ત ગણીને એને (દ્રવ્ય પુણ્ય કહેવામાં આવે છે). છે તો પાપ, મોહ કર્મનો ઉદય છે એ તો પાપ છે. ઘાતિકર્મમાં પુણ્ય નથી થતું, પુણ્ય તો અઘાતિમાં થાય છે. અઘાતિ પાપ અને પુણ્ય બે પ્રકાર. ચાર ઘાતિ તો એકલા પાપ જ છે. છતાં શું કહે છે ખુબી? અહીંયાં શુભભાવ પોતાની લાયકાતથી થયા એ શુભમાં જીવની લાયકાત છે. પૂર્વના કર્મ નિમિત્ત છે. છે તો એ પાપનો ઉદય, પણ અહીંયાં પુણ્ય છે, ભાવપુણ્ય છે, જીવપુણ્ય છે તો એને દ્રવ્યપુણ્ય કહ્યું અથવા અજીવપુણ્ય કહ્યું. પૂર્વના ઉદયને ભાવપુણ્યમાં નિમિત્ત પડ્યું એને અજીવપુણ્ય કહ્યું. બરાબર સ્પષ્ટ કરવું. શું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ ભાવપુણ્ય છે એને આરોપ દઈને કહ્યું. ઈ તો છે ઈ છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :-

ઉત્તર :- નહિ, નહિ. તેથી તો અહીં કહે છે. શું ખુલાસો કરે છે? અહીંયાં એવી ચીજ છે. તેથી તો આચાર્ય મહારાજ અહીં સ્પષ્ટ કરે છે. નિમિત્તથી ક્યાંથી લે? નિમિત્તમાં મંદકષાયનો ઉદય આવ્યો તો અહીંયાં ભાવપુણ્ય થયું એમ નથી. વસ્તુસ્થિતિ ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' પોતાની પર્યાયમાં શુભભાવની યોગ્યતાથી થાય છે. '**વિકારી થવા યોગ્ય...**' એમ લીધું છે. આગળ લેશે કે એક જીવમાં એકલામાં નવ ભેદ નથી પડતા. બીજું નિમિત્ત છે. પોતામાં સાત પર્યાય થાય છે, એમાં પણ સાત પર્યાય થાય છે. ધીમે ધીમે સમજવું. આ તો હજી વ્યવહાર સમજાવે છે.

વ્યવહારમાં પણ જે પુણ્ય પરિણામ પોતાથી થાય છે એમ નહિ માનતા પરથી થાય છે એમ માને એની વ્યવહારની શ્રદ્ધામાં ભૂલ છે. ભાઈ! ઈ તો ઈ કહે છે. પ્રભુ! સાંભળ તો ખરો, ભાઈ! તારી પર્યાય તો તારાથી થઈ છે, ભગવાન! તું ભૂલીને તારો સ્વભાવ ભૂલીને તારી પર્યાયમાં શુભભાવ તારાથી થયો છે. અને એ કરવાનું નિમિત્ત કહ્યું છે. કહ્યું ને? એનો સ્વભાવ નથી, એનો સ્વભાવ નથી તો કરનાર કર્મ છે એમ કહેવામાં આવ્યું છે. કરે તો છે આત્મા પોતાથી. પણ સ્વભાવ નથી તો કરવાવાળું કહીને બેયને દૃષ્ટિમાંથી છોડી દે છે. ભાવપુણ્ય અને એનું નિમિત્ત પૂર્વનો ઉદય જે જડ છે એને દ્રવ્યપુણ્ય કહ્યું, અજીવપુણ્ય કહ્યું. અજીવપુણ્ય. જીવપુણ્યમાં નિમિત્ત પડ્યું એને અજીવપુણ્ય કહ્યું છે. શું કહે છે? બરાબર પકડવું, હોં! એક એક શબ્દમાં આઘુપાછું થાય તો ફેરફાર થઈ જશે.

ભગવાન આત્મા પોતાની પર્યાયમાં.... પર્યાય સમજો છો? અવસ્થામાં શુભભાવ થવાને

લાયક છે. પોતાથી પોતાની લાયકાતથી શુભભાવ થયા. અને વિકાર કરનાર બીજું પુણ્ય છે, બીજું પુણ્ય છે. બીજા પુણ્યનો અર્થ પૂર્વકર્મનો મોહનો ઉદય તેને અહીંયાં ભાવપુણ્ય થયું તો એનો આરોપ આપીને તેને દ્રવ્યપુણ્ય-અજીવપુણ્ય કહેવામાં આવ્યું. ગાથા પણ બરાબર એવી આવી ગઈ છે, હોં! ભાઈ! આ તો વીતરાગ માર્ગ છે, પ્રભુ! વીતરાગ માર્ગને તો શાંતિથી સમજવો જોઈએ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, પકડ્યું છે ને, 'દીપચંદજી'એ ઘણું લીધું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, લગાવ્યું છે ને, બધું લગાવ્યું છે. સમજાય છે કાંઈ? 'સમયસાર'માંથી જ 'દીપચંદજી'એ લીધું છે. પહેલાના સાધર્મી 'દીપચંદજી', 'ટોડરમલજી', 'બનારસીદાસ', 'ધાનતરાય', 'દૌલતરામ' બહુ સારા, બહુ સારા! એ તો ભયવાન હતા. આ તો શાસ્ત્રના આધારથી પોતાની અનુભૂતિથી (વાત કરી છે).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, લખ્યું છે, ઘણું લખ્યું છે. 'ચિદ્‌વિલાસ' છે, 'આત્માવલોકન' છે, 'અનુભવ પ્રકાશ' છે, એક 'અધ્યાત્મ પંચ સંગ્રહ' છે. ઘણી સારી વાત છે. બધું જોયું છે, અમે તો બધું જોયું છે. અહીં તો હજારો શાસ્ત્રો વાંચ્યા છે. શ્લોતાંબરના પણ કરોડો શાસ્ત્ર જોયા છે. ક્રોડો શ્લોક, શ્વેતાંબરના શાસ્ત્રના ક્રોડો શ્લોક જોયા છે. એમાં તો વીસ-વીસ વર્ષ રહ્યા ને. આ વાત, આત્માની અનુભૂતિની વાત જેવી દિગંબર સંતમાં છે એવી ત્રણ કાળમાં ક્યાંય નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ, નહિ પોતાથી થાય છે. ભાઈ એમ છે. અહીં તો ખુબી એટલી છે, સમજો.

'**વિકારી થવા યોગ્ય અને વિકાર કરનાર-એ બન્ને પુણ્ય છે,...**' બન્ને પુણ્ય છે. બન્ને પુણ્યમાં એક જીવ છે, બીજું અજીવ છે. આગળ છેલ્લે આવશે, છેલ્લા શબ્દમાં આવશે. એ બન્ને જીવ અને અજીવ છે. છેલ્લે શબ્દ છે. સમજાય છે કાંઈ? શાંતિથી સમજો, ભગવાન આત્મા! પોતાની દ્રવ્ય-ગુણ શક્તિ તો કાયમ રાખે છે, પણ પોતાની પર્યાયમાં-હાલતમાં વર્તમાન સ્વતંત્ર શુભ કરવાની લાયકાતવાળો આત્મા છે. તેને ભાવપુણ્ય કહો કે જીવપુણ્ય કહો. અહીંયાં ટીકામાં જીવપુણ્ય કહેશે, બન્ને જીવ અજીવ. અને એ પુણ્યમાં જે નિમિત્ત પડ્યું તેને કરનાર કહ્યું છે. કેમકે આત્માનો સ્વભાવ નથી એ અપેક્ષાથી. પણ છે નિમિત્ત. પૂર્વનો ઉદય છે મોહકર્મ. ઘાતિનો ઉદય કંઈ પુણ્યમાં નિમિત્ત નથી પડતો. સમજાય છે કાંઈ? ઘાતિનું પુણ્ય બંધાયું હોય તેનો ઉદય આવીને શુભભાવમાં નિમિત્ત નથી પડતું, એ તો

સંયોગ આવવામાં નિમિત્ત પડે છે. શું કહ્યું? શાતા વેદનીય આદિ ચાર અઘાતિ કર્મ છે ને? એમાં પાપ પણ છે અને પુણ્ય છે. જેમ શાતાવેદનીયનો બંધ પડ્યો તો શાતાવેદનીયનો ઉદય આત્માને ભાવપુણ્યમાં નિમિત્ત નથી પડતો. એ શાતાવેદનીયનો ઉદય અનુકૂળ સંયોગ આવવામાં નિમિત્ત થાય છે. સંયોગમાં. આ સંયોગીભાવમાં નિમિત્ત પડે છે. સમજાય છે કાંઈ?

જે મોહકર્મ છે તેને અજીવપુણ્ય કહ્યું. એ અજીવપુણ્યનો અર્થ છે તો મોહનો ઉદય, છે તો પાપ, પણ અહીંયાં ભાવપુણ્ય છે તેનો આરોપ દઈને તેને અજીવપુણ્ય કહેવામાં આવ્યું છે. શાંતિથી સાંભળો, આ વાતમાં ઘણી ગંભીરતા છે. અમરચંદભાઈ! અમારે શાસ્ત્રી પણ સાંભળવા રોકાણા. છે કે નહિ? ઈ કહે, આ ૧૩મી સાંભળવી છે મારે, નહિતર વયા જવાના હતા. કહો, સમજાય છે કાંઈ? સમજાય છે કાંઈ એટલે સમજમેં આતા હૈ. અમારી ગુજરાતી થોડી થોડી આવી જાય છે.

ભગવાન આત્મા.. ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજ નવ તત્ત્વની પ્રસિદ્ધિ કરે છે કે નવ છે. અજ્ઞાનીની જેમ એક જ જીવ છે, આ વેદાંત આદિ કહે છે એમ નથી. નવ છે, પર્યાયમાં નવ છે એમ સિદ્ધ કરે છે. પણ એ પર્યાયના ભેદ દ્રવ્યની દૃષ્ટિ કરવાથી દૃષ્ટિમાં આવતા નથી. ઈ વાત કરવામાં નવની સિદ્ધિ કરે છે. સમજાય છે કાંઈ? આવી વસ્તુ સર્વજ્ઞ સિવાય બીજામાં ક્યારેય ત્રણ કાળમાં હોય નહિ. સમજાય છે કાંઈ? આવી વાત તો શ્વેતાંબરમાં પણ સ્પષ્ટ નથી કરી. આ તો ટીકા વાસ્તવિક તત્ત્વને સિદ્ધ કરવામાં.. આહાહા..! 'અમૃતચંદ્રાચાર્યે' ભરતક્ષેત્રમાં તીર્થંકર જેવું કામ 'કુંદકુંદાચાર્યે' કર્યું છે અને ગણધર જેવું, તીર્થંકરના ગણધર 'કુંદકુંદાચાર્ય'ના ગણધર 'અમૃતચંદ્રચાર્ય'. સંતો ભાવિલંગી દિગંબર મુનિ જંગલ-વનવાસી. અદ્ભુત અદ્ભુત જેની જ્ઞાનનિધિ, આનંદનિધિ અને એની કથન પદ્ધતિ ન ભૂતો ન ભવિષ્યતિ!

શું કહે છે? સાંભળો! **'ત્યાં,...'** ત્યાં હવે નવ સિદ્ધ કરે છે. નવમાંથી કાઢીને સ્વભાવમાં એકાકાર થવું એ સમ્યગ્દર્શન અને અનુભૂતિ છે. પણ નવ છે કે નહિ? કે નવ છે જ નહિ? સમજાય છે કાંઈ? નવ છે. કઈ રીતે છે? કઈ રીતે નવ છે? **'વિકારી થવા યોગ્ય...'** પોતાની પર્યાયમાં વિકાર થવા યોગ્યને જીવપુણ્ય કહે છે. ટીકામાં આગળ આવશે. સમજાય છે કાંઈ? ટીકામાં પણ છે, જુઓ! **'तदुभयं च जीवाजीवाविति'**. સંસ્કૃત (છે). **'तदुभयं च जीवाजीवाविति'** ટીકામાં છેલ્લા શબ્દો છે. **'तदुभयं च जीवाजीवाविति'**. અહીં તો આપણે આની સાથે મેળવવા માટે તમને બતાવીએ છીએ. ત્યાં જીવ અજીવ શા માટે કહ્યું? કે અહીંયાં વિકારી થવા યોગ્ય ભાવ છે તેને જીવ કહ્યું. પર્યાય છે ને એની? અને એમાં જે નિમિત્ત પડ્યું તેને અજીવ કહ્યું. તો ભાવપુણ્યની પર્યાયને અહીંયાં ભાવપુણ્ય કહ્યું તો ઉદયને દ્રવ્યપુણ્ય નામ અજીવપુણ્ય કહ્યું. ખુબી તો જુઓ! શું? કે અહીંયાં જ્યાં ઉપાદાનમાં

પુણ્ય થયું તો નિમિત્તમાં આરોપ દઈને અજીવપુણ્ય કહેવામાં આવ્યું. શરૂઆત ઉપાદાનથી થઈ છે. આહાહા..! બનારસીદાસજી! આ ગાથા બહુ સૂક્ષ્મ છે. એમાં પાઠ પણ બહુ સ્પષ્ટ કર્યો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભલે અહીંયાં ભાવરાગ થયો, પુણ્ય કષાય મંદ (થયો) તો એને જીવપુણ્ય કહ્યું. પર્યાય છે ને એની? અને એમાં પૂર્વકર્મનો ઉદય નિમિત્ત પડ્યો. અઘાતિનો ઉદય નિમિત્ત નથી પડતો. ઘાતિ મોહનો ઉદય ભાવપુણ્યમાં નિમિત્ત પડે છે. અંતરાયનો ઉદય નહિ, જ્ઞાનાવરણીનો નહિ, દર્શનાવરણીનો નહિ, અઘાતિનો નહિ. એક મોહનો ઉદય, જ્યારે પોતામાં ભાવપુણ્ય થવાની લાયકાત છે તો દ્રવ્યપુણ્ય તરીકે-અજીવપુણ્ય તરીકે મોહકર્મનો તે સમયનો ઉદય હોય, ગમે તેવો હોય, પણ અહીંયાં ભાવપુણ્યનો આરોપ દઈને તેને અજીવપુણ્ય કહેવામાં આવ્યું છે. આહા..! આખો સિદ્ધાંત ઉપાદાનથી સિદ્ધ થાય છે એવી અહીંયાં એક એક વાત સિદ્ધ કરે છે. પર્યાયમાં વિકાર પણ તારાથી થાય છે, પરથી નહિ. આહાહા..! અમરચંદભાઈ!

શુભભાવમાં નિમિત્ત તો કર્મ-મોહકર્મ એક જ છે. મોહકર્મ સિવાય બીજા સાત કર્મ નિમિત્ત થતા નથી. મોહકર્મ તો પાપ છે. ૨૮ પ્રકૃતિ પાપ છે. એમાં આ પુણ્યના ભાવમાં નિમિત્ત પડે તો ચારિત્રમોહની પ્રકૃતિનું નિમિત્ત હોય. તો ચારિત્રમોહનીની પ્રકૃતિ તો પાપ છે. પણ અહીંયાં ભાવપુણ્ય પોતાની યોગ્યતાથી થયું તો પૂર્વના ઉદયને ત્યાં અજીવપુણ્ય-દ્રવ્યપુણ્ય (કહ્યું). આવનારાની વાત નથી, હોં! પૂર્વના ઉદયને અજીવપુણ્ય કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? ભારે વાત, ભાઈ!

મુમુક્ષુ :-

ઉત્તર :- વિકાર નિમિત્તરૂપે થયો છે તે. કેમકે સ્વભાવમાં વિકાર નથી. એ તો સંવર, નિર્જરામાં પણ પૂર્વનો ઉદય નિમિત્ત લેશે. મોક્ષમાં પણ પૂર્વનું નિમિત્ત લેશે, સંવરમાં પણ પૂર્વનું નિમિત્ત લેશે. અહીં તો પહેલેથી શરૂઆત કરે છે ને. સમજાય છે કાંઈ? નહિતર સિદ્ધ નહિ થાય.

વિકારી થવાયોગ્ય શુભભાવ જીવપુણ્ય. વિકાર કરનાર પૂર્વનો ઉદય મોહ અજીવપુણ્ય. એ બે વાત થઈ. '**તેમ જ એ બન્ને પાપ છે,...**' બીજી વાત આવી. આત્મામાં પાપભાવ થવાની લાયકાતથી પાપભાવ થયો. વિકારી થવા યોગ્ય પાપ. પાપમાં હવે બે વાત આવે છે. પહેલાં પુણ્યમાં આવી ગઈ. હવે વિકારી થવાયોગ્ય પાપભાવ તે જીવપાપ. અને વિકારમાં નિમિત્ત પડ્યો મોહકર્મનો ઉદય તે અજીવપાપ. જૂના કર્મ. સમજાય છે કાંઈ? આવી મહેનત કોણ કરે? કરો ને વ્રત કરી નાખીએ. પણ ભાઈ! તારું સ્વરૂપ જ ચિદાનંદ સ્વરૂપ છે. એમાં વ્યવહારનું પણ જેવું છે તેવું જ્ઞાન તો કરવું પડશે. વ્યવહાર જેવો છે તેવો છે. નવ

બિલકુલ નથી તો નવમાંથી એકાકાર કાઢવાનું ક્યાંથી થશે? સમજાય છે કાંઈ? નવ તત્ત્વની પણ સ્વતંત્રતા કેવી છે એ સિદ્ધ કરે છે. નવ તત્ત્વની ભેદની શ્રદ્ધા યથાર્થ ન થાય તો નવમાંથી એક આત્મા કાઢીને ક્યાંથી આવશે? સમજાય છે કાંઈ? આહા..!

**'ત્યાં વિકારી થવા યોગ્ય...'** ઈ પહેલાં પુણ્યમાં આવી ગયું. હવે વિકારી થવા યોગ્ય પાપ આવ્યું. જુઓ! **'એ બન્ને પુણ્ય છે, તેમ જ એ બન્ને પાપ છે,...'** બન્નેનો શું અર્થ? કે આત્મામાં અશુભભાવ થયો, અશુભભાવ થયો તેને થવા યોગ્ય જીવ છે. એ જીવપાપ અને પૂર્વના કર્મના ઉદયને અજીવપાપ (કહે છે). અહીં જીવપુણ્ય, અજીવપુણ્ય. જીવપાપ, અજીવપાપ. સમજાય છે કાંઈ? નિમિત્ત નિમિત્ત સંબંધ બતાવે છે. નિમિત્ત નૈમિત્તિક સંબંધથી નવ તત્ત્વ ઊભા છે. એકલા જ્ઞાયક સ્વભાવમાં નવ તત્ત્વ હોતા નથી. આહાહા..! કહો, સમજાય છે કાંઈ?

ક્યાં લાગુ પાડ્યા બે? વિકારી થવા યોગ્ય પુણ્ય અને વિકારી થવા યોગ્ય પાપ અને વિકાર કરનાર પુણ્ય અને વિકાર કરનાર પાપ. બે બે ભેદ થઈ ગયા. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. મરી જાય તોય ક્યાં એના... આહારનો ત્યાગ કરું એ ગ્રહણ ત્યાગ આત્મામાં છે જ નહિ. એક રજકણને કોઈ દિ' ગ્રહણ કર્યો છે કે તેને છોડે? રાગને પણ પર્યાયમાં ગ્રહણ કર્યો છે, દ્રવ્ય સ્વભાવમાં રાગનું ગ્રહણ ત્રિકાળમાં નથી. ગ્રહણ ત્યાગ કોનો કરે? હું પહેલાં પરનો ત્યાગ કરું એનો અર્થ કે પહેલા ગ્રહણ કર્યા હતા. એ મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું ગ્રહણ કર્યું છે કોઈ દિ'? આવે છે ને? આત્મામાં ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ (છે). ભગવાન આત્મામાં રાગનો ત્યાગ અને રાગના ગ્રહણની શૂન્યત્વ શક્તિ આત્મામાં છે. ત્રિકાળ ગુણ પડ્યો છે. પરનું ગ્રહણ કે પરનો ત્યાગ આત્મામાં છે જ નહિ. એવો આત્મામાં ગુણ છે. રાગનો ત્યાગ અને રાગનું ગ્રહણ પણ સ્વરૂપમાં છે જ નહિ. એવો ગુણ છે જ નહિ. રાગનો ગ્રહણ કરવાનો ગુણ હોય તો સદાય રાગ કર્યા જ કરે. અને રાગનો ત્યાગ કરવાનો ગુણ હોય તો રાગ ત્યાગું, ત્યાગું, ત્યાગું ઉપર જ સદાય દૃષ્ટિ રહે. એમ છે નહિ. આહાહા..! આવી વાત ઝીણી. સમજાય છે કાંઈ?

અહીંયાં તો 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજ નવ તત્ત્વની સાબિતી કરે છે. જૈનદર્શનમાં નવ તત્ત્વ જાણવા લાયક છે. એમાંથી કાઢીને એકલો જ્ઞાયકભાવ તારવવો એનું નામ સમ્યગ્દર્શન છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? પણ નવ તત્ત્વને જ ન માને એને એકલો આત્મા ક્યાંથી હાથ આવશે? સમજાય છે કાંઈ? જગતમાં અજીવ છે જ નહિ, જીવ અજીવ છે જ નહિ, એકલો આત્મા છે. ક્યાંથી તને એકલો જીવ હાથમાં આવશે? સમજાય છે કાંઈ? પુણ્ય-પાપની પર્યાય મારી પર્યાયમાં છે જ નહિ. પુણ્ય-પાપ છે જ નહિ? તો એનાથી

જુદું પડીને જ્ઞાયકમાં આવવું ક્યાંથી થશે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ કહ્યું ને, નિમિત્ત કહ્યું, નિમિત્ત.

મુમુક્ષુ :- કરનારો..

ઉત્તર :- ઈ પહેલા કહ્યું ને, આત્માનો સ્વભાવ નથી. ભેદ કરવો સ્વભાવ નથી. ભેદની યોગ્યતા છે. કરનાર નિમિત્ત કર્મને કહ્યું. કર્તા નથી પણ અહીંયાં આરોપ દઈને કહ્યું છે. સાંભળો, થોડું સમજો પણ યથાર્થ સમજવું જોઈએ. એકદમ બહુ વાંચી જાય, એકદમ વાંચી લ્યો, વાંચી લ્યો. પણ શું છે? એમાં શું છે? આહાહા..! એક જણો કહે, મેં 'સમયસાર' પંદર દિ'માં વાંચી લીધું. તમે 'સમયસાર'ના બહુ વખાણ કરો છો. બહુ સારું ભાઈ! પંદર દિ'માં શું આઠ દિવસમાં વાંચી જાય. પણ એ 'સમયસાર' શું કહે છે એ સમજ્યા વિના?

મુમુક્ષુ :- વાંચન કિયા.

ઉત્તર :- વાંચન શું, એમ ને એમ શબ્દ (વાંચી જાય), ભાવ શું કહે છે એ સમજાય નહિ. એ વાંચન જ નથી.

**'બન્ને પુણ્ય છે,...'** બન્ને કોણ? એક જીવપુણ્ય, એક અજીવપુણ્ય. **'બન્ને પાપ છે,...'** બન્ને પાપ કોણ? એક જીવપાપ, એક અજીવપાપ. સમજાય છે કાંઈ? હવે **'આસ્રવ થવા યોગ્ય...'** ત્રીજો બોલ આવ્યો. બેયને જુદા પાડીને **'આસ્રવ થવા યોગ્ય...'** એ જીવ. પુણ્ય-પાપના ભાવ ભાવઆસ્રવ થવા યોગ્ય જીવની પર્યાય છે, થવા યોગ્ય જીવભાવ. તેને જીવ કહે છે, એ જીવ. **'અને આસ્રવ કરનાર...'** પૂર્વનો ઉદય જે છે, જે વર્તમાન આસ્રવ થયો તેમાં નિમિત્ત પડે છે તેને આસ્રવ કરનાર એવો આરોપ કર્યો. સમજાય છે કાંઈ? ભારે વાત.

ભગવાન આત્માની પર્યાયમાં યોગ્યતા છે તે બતાવે છે. પણ યોગ્યતામાં નિમિત્ત બીજી વસ્તુ છે. જેમ પુણ્ય-પાપનું નિમિત્ત કહ્યું એમ બે ને સાથે લઈને આસ્રવને પૂર્વના ઉદયને અજીવઆસ્રવ કહ્યું. પૂર્વના ઉદયને અજીવઆસ્રવ કહ્યું, આ ભાવને જીવઆસ્રવ કહ્યું. બેય મળીને જીવ અને અજીવ બેયને કહેવામાં આવે છે. અહીંયાં ભાવને જીવ કહે છે, ત્યાં ભાવને અજીવ કહે છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જીવની યોગ્યતાને જીવ આસ્રવ અને અજીવ જે નિમિત્ત પડે છે તેને અજીવ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એકમાં આવા નવ ભેદ નથી થતા. એકમાં શું થાય? આસ્રવ પુણ્ય-પાપમાં નિમિત્ત છે, સંવર, નિર્જરામાં પણ નિમિત્ત છે. નિમિત્તનો અભાવ થાય છે ને એમાં? એકલા ભગવાન જ્ઞાયક સ્વરૂપનો આશ્રય કરે છે તેમાં નવ તત્ત્વનો ભેદ રહેતો જ નથી. આહાહા..!

હજી તો પહેલા નવની સિદ્ધિમાં વિરોધ. સમજાય છે કાંઈ? કર્મનો જેવો ઉદય આવે તેવો વિકાર કરવો પડે. ભગવાન! તો તારી પર્યાય તારે આધીન રહી નહિ. જેવા કર્મ આવે એવું કરવું પડે અને કરે તેવા બંધાય અને બંધાયા એવો ઉદય આવે તો પાછા કરવા પડે. તારો તો કંઈ અધિકાર રહ્યો નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ તો સમ્યગ્દર્શન તો નહિ થાય પણ તારી સ્વતંત્ર પર્યાય તારાથી થઈ એની તને કબુલાત નહિ થાય. સમજાય છે કાંઈ? 'ટોડરમલે' ન કહ્યું? તું દોષ કર્મનો કાઢે છે. પોતાનો અપરાધ કર્મ ઉપર નાખે છે. આવી અનીતિ જો જૈન આજ્ઞા માને તો આવી અનીતિ સંભવે નહિ. તું તો મહંત રહેવા ઈચ્છે છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે. છે? કેટલામે પાને છે? નવમો, નવમો. નવમા અધિકારમાં છે. (પૃષ્ઠ-૩૨૨). '**વળી તત્ત્વનિર્ણય ન કરવામાં કાંઈ કર્મનો તો દોષ છે નહિ પણ તારો જ દોષ છે. તું પોતે તો મહંત રહેવા ઈચ્છે છે...**' મારો દોષ નથી, એ તો કર્મ આવ્યા માટે દોષ થયો. મોટો મહંત રહેવા ઈચ્છે છે '**અને પોતાનો દોષ કર્માદિકમાં લગાવે છે! પણ જિનાજ્ઞા માને તો આવી અનીતિ સંભવે નહિ. તારે વિષયકષાયરૂપ જ રહેવું છે માટે આવું જૂઠ બોલે છે.**' 'મોક્ષમાર્ગ પ્રકાશક' નવમા અધિકારમાં છે. બહુ લખ્યું છે. એણે તો આખો સાર લીધો છે. એ વખતમાં પણ લોકો બહુ ગડબડ કરતા હતા ને તો સાર લીધો છે. ... કેટલું લખ્યું છે, જુઓ! '**જિજ્ઞાના માને તો આવી અનીતિ સંભવે નહિ.**' ખોટું બોલે છે, તારે વિષયકષાયરૂપ રહેવું છે તો કર્મ મને કરાવે છે, કરાવે છે, મૂઢ છો. સમજાય છે કાંઈ? તું મહંત રહેવા ઈચ્છે છે, હું તો મહંત છું, મારે કાંઈ નહિ. દોષ થાય છે કર્મને કારણે. ઈ વાત અહીંયાં કહે છે, લ્યો.

આસ્રવ થવા યોગ્ય તો તારી પર્યાય છે. તારી યોગ્યતા (છે). જુઓ! આ યોગ્યતા યોગ્યતા કરે છે, ક્યાંથી કાઢ્યું? યોગ્યતા અહીં છે. કેટલાક કહે છે, યોગ્યતા શાસ્ત્રમાં નથી. અરે..! સાંભળ તો ખરો. આ યોગ્યતા શું છે? અરે..! શાંતિથી આગ્રહ છોડીને સમજવું નહિ, સાંભળવું નહિ અને પોતાની પક્કડ મૂકવી નહિ. અને ઈ પક્કડ રાખીને વાંચવું, બધા અર્થ ઊંધા થઈ જાય છે. એ લખ્યું છે, 'યશોવિજયજી' થયા છે ને. શ્વેતાંબરમાં એક 'યશોવિજયજી' થયા એણે એમ લખ્યું છે. 'જાતિ અંધનો દોષ નહિ આકરો' જન્મઅંધ હોય ને? જન્મઅંધ. 'જાતિઅંધનો દોષ નહિ આકરો, જે જાણે નહિ અર્થ...' જાતિ અંધ શું અર્થ જાણે? 'પણ મિથ્યાદૃષ્ટિ તેથી આકરો, કરે અર્થના અનર્થ.' આંધળો છે, બિચારો જોતો નથી શું છે. પણ જેની દૃષ્ટિ વિપરીત છે તે અર્થનો અનર્થ કરી નાખે છે. પેલા અંધ કરતા મિથ્યાદૃષ્ટિ મોટો અંધ છે. મોટો અંધ છે. પેલો તો બિચારો જન્મઅંધ છે, ખ્યાલ જ નથી. તને ખબર છે .. 'મિથ્યાદૃષ્ટિ તેથી આકરો, કરે અર્થના અનર્થ'. કહો,

સમજાય છે કાંઈ?

કોણ કહે છે અહીંયાં? આસ્રવ થવા યોગ્ય તે જીવ. તે પર્યાયને જીવ કહ્યું. અને આસ્રવ કરનાર પૂર્વનો ઉદય. તે ઉદયને અજીવ કહ્યું. એ અજીવઆસ્રવ કહ્યું. આવનારા છે તે નહિ, નવા આવવાના છે તેની વાત નથી. સમજાય છે કાંઈ? **'એ બન્ને આસ્રવ છે,...'** બન્નેનો અર્થ જીવઆસ્રવ છે, અજીવઆસ્રવ છે. છે ને ભાઈ એમાં? બરાબર પકડી લેજો, હોં! કુદરતી વાત આવી ગઈ છે. તમે ઘણાં દૂરથી આવ્યા છો. બરાબર તેરમી ગાથા આવી ગઈ છે. કોઈ ખેંચીને લાવ્યા નથી. ઓહો..! ભગવાન! ભાઈ! પ્રભુ! તારા અપરાધની યોગ્યતા તો તારામાં છે ને, ભાઈ! એને જીવઆસ્રવ કહે છે, હોં! શુભાશુભ પરિણામની લાયકાત-યોગ્યતા તો તારી પર્યાયમાં છે. તેને અમે જીવઆસ્રવ કહીએ છીએ. અને પૂર્વનો ઉદય છે, ચાહે જેવો ઉદય હોય તેને અમે દ્રવ્યઆસ્રવ, અજીવઆસ્રવ કહીએ છીએ. બસ, બે નિમિત્ત નૈમિત્તિક સંબંધ કહીએ છીએ. થયો છે તારાથી, એને નિમિત્ત પડ્યું. એને અમે અજીવઆસ્રવ કહીએ છીએ. સમજાય છે કાંઈ? પૂર્વના ઉદયને, હોં! આવનારાને નહિ. નવા આવવાવાળાની વાત નથી. અહીં તો પૂર્વના ઉદયની વાત છે. સમજાય છે કાંઈ?

**'આસ્રવ થવા યોગ્ય અને આસ્રવ કરનાર-એ બન્ને આસ્રવ છે,...'** હવે રહ્યો સંવર. સમજાય છે કાંઈ? ટાઈમ થઈ ગયો ને? સંવર થવા યોગ્ય અને સંવર કરનાર બેય જીવ-અજીવ છે. એ જરી ધર્મની વાત છે, વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૮, ગુરુવાર તા. ૨૨-૦૯-૧૯૬૬**
**ગાથા-૧૩. પ્રવચન-૫૫**

ઉત્તમશૌચ ધર્મ. ક્રોધની સામે ક્ષમા, માનની સામે નિર્માનતા-માર્દવ, માયાની સામે આર્જવ હતો અને લોભની સામે શૌચ. પહેલાં ચાર બોલ છે ને? ક્રોધ, માન, માયા, લોભ. ક્ષમા, નિર્માનતા, સરળતા અને શૌચ. સામે સામે ગુણ. પેલા દોષ છે, આ ગુણ છે. ચોથો શૌચ ધર્મ. જુઓ! સ્વામી 'કાર્તિકેય' શું કહે છે?

**समसंतोसजलेण य जो धोवदि तिह्ललोहमलपुंजं।**
**भोयणगिद्धिविहीणो तस्स सउच्चं हवे विमलं।।३९७।।**

૩૯૭ શ્લોક છે. જે કોઈ આત્મા સમતા અને સંતોષ રૂપી જળથી, નિજ શુદ્ધ જ્ઞાતા-દૃષ્ટાના ભાવમાં સમતા નામ રાગરહિત દશા પ્રગટ કરીને અને નિજ આનંદનો સંતોષ લઈને, નિજ આત્મા અતીન્દ્રિય છે તેનો અતીન્દ્રિય આનંદનો સંતોષ લઈ, જે તૃષ્ણા અને લોભ રૂપી મળને ધોવે છે. તૃષ્ણા નામ આગમી પદાર્થ મળવાની ઈચ્છા, લોભ નામ પ્રાપ્ત પદાર્થની આશા-ગૃદ્ધિ. એ બેને પોતાના આત્માના અતીન્દ્રિય આનંદના સ્વરૂપનો સંતોષ દ્વારા તૃષ્ણા અને લોભ રૂપી મેલને ધોવે છે. એક વાત.

'**भोयणगिद्धिविहीणो**'. મુનિની મુખ્ય વાત છે ને. તો એને બીજી ગૃદ્ધિ કંચન, કામિનીવ ગૃદ્ધિ તો હોતી નથી. એક ભોજનની ગૃદ્ધિ છે તેની પણ આસક્તિ નથી. તેનાથી રહિત છે. શૌચ ધર્મ હોય છે. મુનિની ... સમભાવનો અર્થ કર્યો છે '**તૃણ કંચનને સમાન જાણવું...**' તૃણ હોય કે કંચન હોય, બધું જ્ઞેય છે. નિજ સ્વરૂપમાં તે નથી. અને સંતોષ, તૃપ્તિ નિજ સ્વરૂપમાં સુખ માનવું. તૃપ્તિનો અર્થ ઈ છે. સંતોષ અર્થ ઈ છે. પોતાનો આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે એવો અતીન્દ્રિય પોતાનો સ્વાદ લઈને તેમાં સંતોષ માનવો. ભારે વાત, ભાઈ! સમજાય છે કાંઈ? અતીન્દ્રિય આનંદનો આનંદ લઈને સંતોષ માનવો એનું નામ શૌચ ધર્મ છે. અરે..! આત્મા માટે ... મુનિની તો મુખ્ય વાત છે. સમજાય છે કાંઈ?

જીવિતનો લોભ, આરોગ્યનો લોભ, ઈન્દ્રિય ઠીક રહેવાનો લોભ અને ઉપભોગનો લોભ. એ બે પ્રકારના-પોતાનો અને પરનો. પોતાનો જીવિત રહેવાનો લોભ. પુત્રાદિ સંયોગનો જીવિત રહેવાનો લોભ. પોતાનું આરોગ્ય સારું રહેવાનો લોભ અને પરનું આરોગ્ય-પુત્રાદિનું આરોગ્ય સારું રહેવાનો લોભ. ઈન્દ્રિય સારી રહેવાનો લોભ, પરની ઈન્દ્રિય સારી રહેવાનો લોભ અને ઉપભોગનો લોભ. પોતાનો ઉપભોગનો લોભ અને પરનો ઉપભોગનો લોભ, એવા આઠ પ્રકારના લોભ નિજ આત્માના આનંદનો સંતોષ પ્રગટ કરી છોડવો તેનું નામ ભગવાન શૌચ ધર્મ કહે છે. સમજાય છે કાંઈ?

શુદ્ધ ચિદાનંદ પ્રભુમાં અંતર એકાગ્ર થઈ પુણ્ય-પાપના રાગથી રહિત સ્વભાવમાં લીન થઈ, અતીન્દ્રિય આનંદના સંતોષમાં નિજ તૃપ્તિ તૃપ્તિ કરીને એ ચાર પ્રકારના લોભનો ત્યાગ કરવો તેનું નામ ભગવાન શૌચ ધર્મ કહે છે. સમજાય છે કાંઈ? આ શૌચ છે. મેલ લાગે તો પાણીથી સાફ કરે છે ને. આત્મા શુદ્ધ ચિદાનંદમૂર્તિ ભરપૂર અતીન્દ્રિય નિત્યાનંદ સ્વભાવથી ભરેલો છે તેની સમ્યગ્દર્શનમાં પ્રતીત અનુભવ કરી પછી અતીન્દ્રિય આનંદમાં તૃપ્તિ.. તૃપ્તિ (કરે). જેમ ભોજન જમ્યા પછી તૃપ્તિ થાય છે. ભૂખ લાગી હોય અને જમે ને. એમ નિજ આનંદ.. અહીં તો ભાવની વાત છે. અતીન્દ્રિય આનંદની અંદર સંતોષમાં તૃપ્તિ કરવી તેનું નામ ભગવાન ચોથો લોભ રહિત નિર્લોભ શૌચ ધર્મ કહે છે. સમજાય છે કાંઈ? કદી એણે એક સેકંડ પણ અનંત કાળમાં નિજ આનંદનો સંતોષ લીધો નહિ. બાહ્ય પદાર્થ મળ્યા, ... શેઠ! પરસંગ મળ્યો બહુ થયું. એ.. શોભાલાલજી! પાંચ લાખ પેદા થયા તૃપ્તિ થઈ ગઈ ધૂળની.

મુમુક્ષુ :- સારું થયું.

ઉત્તર :- સારું શું થયું? બૂરું થયું છે. અંદર મલિન ભાવ લોભ થયો તે બૂરું થયું છે, સારું નથી થયું. બૂરા સમજો છો? માઠું. સાકરને સાફ કરે ને દૂધ વડે ધોઈને? એને પણ બૂરું કહે છે. બૂરું છે? ઈ તો સારું હોય છે. કહે છે બૂરું. સાકર છે ને? દૂધ નાખીને સાફ કરે છે તો (કહે), બૂરું થયું. બૂરું થયું? એમ સારું થયું? પૈસા મળ્યા તો સારું થાય? ઈ સારું નહિ બૂરું થયું છે. એમ છે. ઈ તો સાફ થયું.

આ ઈ કહે છે, નિજ આત્મામાં સંતોષથી શાંતિથી તૃષ્ણા અને લોભના મેલને ધોઈ નાખવો. એ ધોઈ નાખવાનું નામ જ સારું છે, સારું છે. લક્ષ્મી મળી એમાં છે બૂરાઈ અને માને છે સારું. આ સારું છે એની દરકાર કરતો નથી. ભગવાન આત્મા શાંતરસથી ભરેલો પૂર્ણાનંદ છે. એવા રસમાં લીન થઈ, એકાકાર થઈ શાંતિ, સંતોષ રહેવો તેનું નામ ભગવાન ચોથો ધર્મ, અપૂર્વ ધર્મ, ચારિત્ર ધર્મ, ચારિત્રનો ચોથો આરાધક ધર્મ શૌચ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? લ્યો, ઈ વાત થઈ. હવે અહીંયાં ચાલતી ગાથા. ક્યાં આવ્યું ચાલતી (ગાથામાં)? **'संवार्यसंवारक'**.

ત્યાંથી થોડું ફરીને લઈએ, એની સાથે સંધિ કરવા માટે. **'ત્યાં વિકારી થવા યોગ્ય...'** એમ પહેલેથી લેવું છે. શું કહે છે? ભગવાન આત્મા પર્યાયમાં-અવસ્થામાં નવ પ્રકાર થઈને અનાદિનો રહેલો છે. સમજાય છે કાંઈ? એ નવ પ્રકાર. હું જીવ છું, આ અજીવ છે, આ રાગ છે, આ આસ્રવ છે, પુણ્ય પણ આસ્રવ છે. બંધ છે, જેટલી પ્રકૃતિનો અંશ નથી આવતો એટલો સંવર છે,આંશિક ક્ષય થાય તે નિર્જરા છે. સર્વ અંશ ક્ષય થાય તેને મોક્ષ કહેવાય છે. એમ અનાદિનો નવ પર્યાયરૂપ અનુભવ છે. સમજાય છે કાંઈ? એ તો મિથ્યાદષ્ટિપણું છે. એમાંથી એક આ ચૈતન્યનો અનુભવ એણે કર્યો નથી.

અહીંયા કહે છે કે એકલા આત્મામાં નવનો ભેદ પડતો નથી. આ સંવર, નિર્જરા, મોક્ષ આદિ. એક આત્મામાં જ્ઞાયકભાવની દૃષ્ટિ કરવાથી, સ્વભાવની એકતા થવાથી આવા ભેદ નથી પડતા. પણ અનાદિ કર્મના નિમિત્તના લક્ષે પોતાની પર્યાયમાં નવ પ્રકારના ભેદ છે. એ ભેદને બરાબર જાણવા. જાણીને તેની રુચિ છોડી એકલા જ્ઞાયક સ્વભાવની દૃષ્ટિ કરવી તેનું નામ ભૂતાર્થનયથી આત્મા જાણ્યો, સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

હવે કહે છે કે કેમ આવા સાત કેમ થયા? એક જીવ બીજો અજીવ. વચ્ચે સાત થયા. નવ થયા ને? નવ. તો કહે છે, **'ત્યાં, વિકારી થવા યોગ્ય...'** પહેલેથી લઈએ છીએ. **'અને વિકાર કરનાર-એ બન્ને પુણ્ય છે, તેમ જ એ બન્ને પાપ છે,...'** સમજાય છે કાંઈ? હજી તો નવ તત્ત્વ ભેદરૂપ કેવા છે એની સિદ્ધિ કરે છે. નવ તત્ત્વમાં પણ વ્યવહારથી યથાર્થ કેમ છે એમ જે જાણતા નથી તો એનું જ્ઞાન ખોટું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તો ખલાસ થઈ ગયું. અનાદિનું ખોટું જ્ઞાન છે તો રખડે છે ચાર ગતિમાં. અનાદિથી રખડે છે, ભટકે છે.

કહે છે, પોતાના આત્મામાં દયા, દાન આદિ શુભભાવ થવાની યોગ્યતા છે. તો એને જીવપુણ્ય કહેવામાં આવે છે. અને એમાં નિમિત્ત પડે છે પૂર્વ કર્મ મોહકર્મનો ઉદય. તેને અજીવપુણ્ય કહેવામાં આવે છે. એ કાલે આવી ગયું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પાપને અહીંયાં અહીનાં (પુણ્યનો) આરોપ આપ્યો. અહીંયાં ભાવપુણ્ય થયું એમાં નિમિત્તને અજીવપુણ્યનો આરોપ આપ્યો. છે પાપ. અહીંનો આરોપ આપીને તેને અજીવપુણ્ય કહેવામાં આવ્યું છે. ઉપાદાનની વિશેષતા છે એ અહીંયાં બતાવવું છે. સમજાય છે કાંઈ?

પોતાના ભાવમાં રાગની મંદતાનો શુભભાવ થાય તેને અહીંયાં જીવપુણ્ય કહેવામાં આવ્યું છે અને એમાં જૂના કર્મ ઉદયરૂપ નિમિત્ત પડે છે તેને અજીવપુણ્ય કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? છે પાપ પણ અહીંયાં ભાવપુણ્ય-જીવપુણ્ય છે તો એને અજીવપુણ્ય કહી દીધું. તેથી તેને ત્યાં ભાવપુણ્ય કહી દીધું. ભાવપુણ્ય. ભાવપુણ્યના કારણે. અજીવને પણ, ઉદયને પણ અજીવપુણ્ય કહી દીધું. એક વાત. પાપને પણ પુણ્ય કહી દીધું અહીંને કારણે.

વિકારી થવા યોગ્ય અશુભભાવ. પાપ પોતાની પર્યાયમાં છે, પોતાથી વિકાર થવા યોગ્ય ભાવ છે. અને વિકારનું નિમિત્ત પૂર્વનો ઉદય તેને પણ ભાવપાપ કહેવામાં આવ્યું છે. એ અજીવપાપ. અહીંયાં ભાવપાપ થયું એ જીવપાપ. તો ઉદયને અજીવપાપ કહેવામાં આવ્યું.

અહીંયાં તો હજી આટલા નવ ભેદ પડે છે તેની ઓળખાણ કરાવે છે. પછી નવ ભેદમાંથી એકલો જ્ઞાયક આત્મા દૃષ્ટિમાં લેવો તેનું નામ સમ્યગ્દર્શન અને અનુભવ કહેવામાં આવે છે. કહો, શેઠ! બહુ મહેનત કરવી પડે છે. બહારમાં જેવો રસ છે ને? કેટલો રસ છે? રાત્રે પણ એમ લાગે પાંચ લાખ થયા, દસ લાખ થયા. શોભાલાલજી! એમ લગની લાગવી જોઈએ. અહો..! હું કોણ છું? અને આ ભંગભેદ કઈ રીતે ઉત્પન્ન થાય છે? એ ભંગભેદ ઉત્પન્ન થાય છે તેનું યથાર્થ જાણપણું કરીને તેની રુચિ છોડી એકલા જીવસ્વભાવ ઉપર દૃષ્ટિ કરવાથી આત્માનું સમ્યગ્દર્શન અનુભવ થાય છે. તેનું નામ ધર્મ અને મોક્ષનું કારણ કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? બેય પુણ્ય અને બેય પાપ. થયું?

હવે આસ્રવ થવા યોગ્ય જીવની પર્યાય. આસ્રવ થવા યોગ્ય જીવભાવ. જીવભાવને જીવઆસ્રવ કહેવામાં આવ્યું છે અને પૂર્વના કર્મના ઉદયને અજીવઆસ્રવ કહેવામાં આવ્યું છે. પૂર્વના ઉદયને. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :-

ઉત્તર :- નવાની અહીં વાત નથી. અહીંયાં તો ભાવ અહીં થયો એમાં જૂના કર્મનું નિમિત્ત પડ્યું તો એ નિમિત્તને પણ અજીવઆસ્રવ કહેવામાં આવ્યું. સમજાય છે કાંઈ? એ સિદ્ધાંત પ્રવેશકામાં પણ છે. આસ્રવ અધિકારમાં. પૂર્વના ઉદયને પણ આસ્રવ કહે છે, નવા આવનારાને પણ આસ્રવ કહે છે, ભાવને પણ આસ્રવ કહે છે. ત્રણ પ્રકાર લીધા છે. જૈન સિદ્ધાંત પ્રવેશિકામાં છે. અહીં તો આપણે આટલું કામ છે. સમજાય છે કાંઈ?

આત્મા પોતાની વર્તમાન પર્યાયમાં શુભ અશુભરૂપી આસ્રવભાવ થવા લાયક છે તો કરે છે તો તેને જીવઆસ્રવ કહેવામાં આવ્યું. અને એમાં પૂર્વના કર્મનો ઉદય નિમિત્ત પડ્યો એને અજીવઆસ્રવ પૂર્વના ઉદયને કહેવામાં આવ્યું. સમજાય છે કાંઈ? આહાહા..! અહીંયાં તો છેલ્લે કહેશે કે એકને પુણ્ય-પાપ આદિ ભાવની સિદ્ધિ નથી થતી. એક સામાન્ય સ્વભાવમાં કઈ રીતે થાય? વિશેષ ભેદ તો નિમિત્ત આધીનથી પોતાની પર્યાયમાં સાત પ્રકાર પડે છે. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ છે. પોપટભાઈ!

**'આસ્રવ થવા યોગ્ય...'** પોતાની જીવની પર્યાયમાં પુણ્ય-પાપના ભાવ થવા લાયક છે, થાય છે તેને જીવઆસ્રવ કહ્યું અને પૂર્વના નિમિત્તને અજીવઆસ્રવ કહ્યું. નિમિત્ત કોણ? કર્મોનો ઉદય. અહીં નોકર્મની વાત નથી, બાહ્ય નિમિત્તની વાત નથી. અંદરના કર્મના ઉદયને અજીવઆસ્રવ કહ્યું, જીવભાવને જીવઆસ્રવ કહ્યું. નિમિત્ત નૈમિત્તિક હોવાથી એમાં સાત તત્ત્વ, નવ તત્ત્વ ઉત્પન્ન થાય છે એમ બતાવે છે. ઝીણું બહુ ભાઈ. સમજાય છે કાંઈ? ભાઈ! હવે આજે આવ્યો સંવર. આ ત્રણ બોલ તો કાલે આવ્યા હતા.

હવે **'સંવરરૂપ થવા યોગ્ય...'** પોતાની પર્યાયમાં સંવરરૂપ થવા યોગ્યની લાયકાત જીવની પર્યાયમાં છે. એને સંવાર્ય નામ સંવર થવા યોગ્ય કહેવામાં આવે છે. પોતાની પર્યાયમાં,

પર્યાયમાં સંવર થવા યોગ્ય આસ્રવનો અભાવ થવા યોગ્ય પોતાની યોગ્યતાથી પોતામાં થાય છે. તેને અહીંયાં સંવાર્ય, સંવાર્ય, સંવાર્ય નામ સંવર થવા લાયક (કહે છે). પોતાની પર્યાય સંવર થવા લાયક છે તેને જીવસંવર કહે છે. જીવસંવર કહેવામાં આવ્યું છે. **'અને સંવર કરનાર...'** જૂના કર્મ સંવરમાં ન આવ્યા, અહીં આવ્યા નહિ ને? સંવર ઉત્પન્ન થયો. જૂના કર્મના નિમિત્તનો પણ એટલો અભાવ થયો તેને અજીવસંવર કહેવામાં આવ્યું છે. પૂર્વના ઉદયનો એટલો અભાવ થયો તેને અહીંયાં અજીવસંવર કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ?

અહીં તો એકમાં નવ ઉત્પન્ન નથી થતા તો નિમિત્તને આધીન થવાથી અથવા નિમિત્તના સદ્ભાવ કે અભાવથી એમાં આવા સાત તત્ત્વની ઉત્પત્તિ થાય છે. તે પર્યાયનયથી જાણવાલાયક છે. સ્વભાવની દૃષ્ટિમાં તેને છોડવાલાયક છે. કહો, સમજાય છે કાંઈ?

**'સંવરરૂપ થવા યોગ્ય...'** શાંતિથી તો કામ લઈએ છીએ, એકદમ ઉતાવળનું આ કામ નથી. આત્મા દ્રવ્ય અને ગુણ તો ત્રિકાળ છે અને એની પર્યાયમાં સંવર થવા યોગ્ય લાયકાત છે. પર્યાયમાં યોગ્યતા છે. તેને જીવસંવર કહેવામાં આવે છે. તેના પૂર્વ કર્મનો ઉદય એટલો અભાવરૂપ નિમિત્ત થયો તેને અજીવસંવર કહેવામાં આવે છે. ઉદયનો એટલો અભાવ થયો ને. સમજાય છે કાંઈ? નવા આવવાની વાત નથી. ઉદયનું એટલું નિમિત્ત ન થયું તો એને અજીવસંવર કહેવામાં આવે છે. અહીંયાં જીવસંવર પોતાની પર્યાય, અજીવસંવર અજીવની પર્યાય. આહાહા..! સમજાય છે કાંઈ? સામે પુસ્તક છે, શાંતિથી વિચાર કરે. શેઠ કાલે કહેતા હતા કે ઝીણું પડે છે. બહુ ઝીણું પડે છે. ભાઈ કાલે એમ કહેતા હતા કે બહુ ઝીણું પડે છે, સૂક્ષ્મ પડે છે. મહેનત કે દિ' કરી છે? યથાર્થ સાંભળ્યું જ નથી પહેલાં કદી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તમારો વાંક છે. ભૂલ પોતાની નહિ ને બીજાની ભૂલ. શેઠ! બીજા ઉપર દોષ ઢોળવાની અનાદિથી ટેવ-આદત પડી ગઈ છે. ઈ વાત છે. અનાદિની છે. પોતાથી પોતાની (ભૂલ છે). 'અપનેકો આપ ભૂલકર હૈરાન હો ગયા'. બીજું કોઈ ભૂલવાડે છે એમ નથી. સમજાય છે કાંઈ? ખ્યાલ નથી તો ભૂલ ક્યાંથી કબુલ કરે?

કહે છે, સંવરરૂપ થવાયોગ્ય જીવની પર્યાયને સંવાર્ય કહેવામાં આવે છે. જેને જીવસંવર કહે છે. પૂર્વના ઉદયને અજીવસંવર કહેવામાં આવે છે. **'એ બન્ને સંવર છે,...'** જુઓ! **'બન્ને સંવર છે,...'** આ બાજુ જીવસંવર, આ બાજુ અજીવસંવર. આમ નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. આહા..! કેટલી વાત આચાર્યોએ કેટલી સ્પષ્ટ કરી છે! નવ તત્ત્વ કઈ રીતે ઉત્પન્ન થાય છે અને એમાંથી કાઢીને એકલા આત્માની દૃષ્ટિ કરવી તેનું નામ જીવ ભૂતાર્થને જાણવો તે સમ્યગ્દર્શન છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં પર્યાયની વાત છે ને.

મુમુક્ષુ :- જીવનો સંવર, અજીવનો સંવર.

ઉત્તર :- પણ ત્યાં અજીવમાં જેટલું ભાવસંવરમાં નિમિત્ત થયું તો એને અજીવસંવર કહેવામાં આવ્યું. અજીવ રોકાણા એ નહિ, નવા આવ્યા એ નહિ. પૂર્વના ઉદયને જ અજીવસંવર કહેવામાં આવે છે. આહા..! અહીં સંવર કર્યો ને. તો એમાં એટલું નિમિત્ત પડ્યું ને? તો તેને અજીવસંવર કહેવામાં આવ્યું. જેમ અહીંયાં ભાવપુણ્ય થયું તો ઉદયને અજીવપુણ્ય કહ્યું. એમ અહીંયાં સંવર થયો તો ત્યાં પર્યાયને અજીવસંવર કહેવામાં આવ્યું. ભારે ઝીણી વાત. નિમિત્ત નૈમિત્તિક સંબંધ બતાવે છે, બસ એટલી વાત છે. નિમિત્ત નૈમિત્તિક સંબંધ વ્યવહાર છે તેને તોડીને એકલા જ્ઞાયક સ્વભાવની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. ઈ બતાવે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**નિર્જરવા યોગ્ય...**' પોતાની પર્યાય. જીવની પર્યાય શુદ્ધ થવાયોગ્ય એ નિર્જરા થવાયોગ્ય થઈ. તેને જીવનિર્જરા કહે છે. નિર્જરા થવા યોગ્ય સ્વતંત્ર બતાવે છે. પોતાની પર્યાયમાં પોતાની યોગ્યતાથી નિર્જરા થવા યોગ્ય થાય છે. તેને જીવનિર્જરા કહે છે. શુદ્ધિની વૃદ્ધિ અથવા અશુદ્ધતાનો નાશ, તેનું નામ નિર્જરા થવાયોગ્ય જીવની પર્યાયમાં લાયકાત છે. તેને જીવનિર્જરા કહેવામાં આવે છે. '**અને નિર્જરા કરનાર...**' કર્મનો ઉદય છે તે નિર્જરી ગયો તો એને નિમિત્ત પડ્યું તો નિર્જરા કરનાર એને અજીવનિર્જરા કહેવામાં આવ્યું. જીવનિર્જરા અહીં, અજીવનિર્જરા ત્યાં. સમજાય છે? ભાઈ! આહાહા..! ઓહો..! આચાર્યે સમજાવવાની રીત બહુ સરળતાથી કહ્યું છે. સમજાય છે કાંઈ?

તું એક આત્મા અને એક અજીવ. બે વચ્ચે આ સાત તત્ત્વના ભેદ ઉત્પન્ન થયા, એકમાં ક્યાં આવ્યું? ભિન્ન છે. બે ભિન્ન છે અને બે વચ્ચે ભેદ છે. અને તે ભેદનું પણ લક્ષ છોડીને અભેદની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે.

મુમુક્ષુ :- ભેદની દૃષ્ટિ..

ઉત્તર :- નહિ, પોતામાં આસ્રવ થવાયોગ્ય, પુણ્ય થવાયોગ્ય, સંવર થવાયોગ્ય એવી પર્યાયનું લક્ષ કરે તોપણ ભેદદૃષ્ટિ છે. તેનું પણ લક્ષ છોડી એકલા જ્ઞાયકભાવની દૃષ્ટિ કરવી તેનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા..! સમજાય છે કાંઈ? ફરીથી કહીએ છીએ, હોં! આ વિષય સમજવાની વસ્તુ છે.

ભગવાન આત્મા પોતાની પર્યાયમાં-અવસ્થામાં પુણ્ય થવાયોગ્ય, પાપ થવાયોગ્ય, આસ્રવ થવાયોગ્ય, સંવર થવાયોગ્ય, નિર્જરા થવાયોગ્ય, બંધ થવાયોગ્ય, મોક્ષ થવાયોગ્ય. એ સાત પર્યાય થવાયોગ્ય પોતાની પર્યાયમાં છે. પણ એ પર્યાયમાં પૂર્વના કર્મનું નિમિત્ત ગણીને તેમાં સાત ભાવ ત્યાં પણ લીધા. એ નિમિત્ત નૈમિત્તિક સંબંધનું લક્ષ કરવું તે વ્યવહાર

છે. તેનો આશ્રય છોડીને એકલા અભેદનો આશ્રય કરવો તેનું નામ નિશ્ચય સમ્યગ્દર્શન છે. આહાહા..! ભારે વાત, ભાઈ! '**भूदत्थेणाभिगदा**'. ભેદ જાણવા, આદરવા નહિ. છે તો છે. છે તો છે જ પણ એ ભેદ અભેદમાં લઈ જવા માટે બતાવે છે. એકાકાર જ્ઞાયક સ્વરૂપ ચિદાનંદ સામાન્ય શુદ્ધનયનો વિષય અભેદ આત્મા, ભેદનો આશ્રય, લક્ષ છોડીને અભેદની દૃષ્ટિ કરવી તેનું નામ સમ્યગ્દર્શન છે. પછી ભેદ રહ્યા તે જાણવાલાયક રહી ગયા. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વ્યવહાર છે. થશે નહિ, થશે ક્યાંથી આવ્યું? વ્યવહાર એને કહે છે કે એ ભેદનું લક્ષ છોડી નિશ્ચયની દૃષ્ટિ થઈ ત્યારે જેટલા ભેદ રહ્યા તેનું જ્ઞાન કરવું એને વ્યવહાર કહે છે. નિશ્ચય વિના વ્યવહાર આવ્યો ક્યાંથી?

મુમુક્ષુ :- કોઈ દેશમાં આવતું હશે ને?

ઉત્તર :- કોઈ દેશમાં આવતું નથી. પહેલા સાંભળો.

અહીંયાં ભૂતાર્થ આત્માનો આશ્રય લેવાથી સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શન થયું તો ત્યાં સમ્યક્ શ્રુતજ્ઞાન થયું. શું કહ્યું? શુદ્ધ દ્રવ્ય સ્વભાવ એકરૂપ સ્વભાવનું લક્ષ કર્યું, દૃષ્ટિ કરી તો સમ્યગ્દર્શન થયું. સમ્યગ્દર્શન થયું તો સાથે ભાવશ્રુતજ્ઞાન થયું. ભાવશ્રુતજ્ઞાન થયું એના બે ભેદ પડ્યા. શ્રુત વિકલ્પા નયા. એક નિશ્ચય, અને વ્યવહાર. તો શ્રુતજ્ઞાન થયા વિના નિશ્ચય વ્યવહાર હોતા નથી. સમજાય છે કાંઈ? એકલા રાગની એકતાને વ્યવહાર ક્યાં કહે છે? પણ નય જ નથી ને ત્યાં. શું કહે છે સમજો.

એકલા રાગાદિ છે તેને વ્યવહાર ક્યાં કહ્યો છે? કેમકે વ્યવહારનય જે છે તે નિશ્ચયનયની અપેક્ષા રાખે છે. તો નિશ્ચયનય જ્યારે પોતાનો શુદ્ધ આત્માનો અનુભવ થયો, શુદ્ધ જ્ઞાયક ચૈતન્ય છે એવી દૃષ્ટિ થઈ તો સાથે શ્રુતજ્ઞાન થયું. શ્રુતજ્ઞાન થયું તે પ્રમાણ થયું. પ્રમાણના બે ભાગ–અવયવ. પ્રમાણ અવયવી છે અને એના ભાગ અવયવ છે. એક નિશ્ચય અને વ્યવહાર. નિશ્ચય અભેદને જોવે છે અને વ્યવહાર ભેદને જાણે છે. પણ નિશ્ચય થયો હોય તો વ્યવહાર જણાયો. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- વ્યવહાર...

ઉત્તર :- પણ નિશ્ચય વિના વ્યવહાર કોનો? વ્યવહાર તો આંધળો છે. નય વિના વ્યવહાર કેવો? પ્રમાણ વિના વ્યવહાર કેવો? સમ્યગ્દર્શન વિના વ્યવહાર કેવો? આહાહા..! સમજાય છે કાંઈ? એ જ મોટી ગડબડ છે ને. વ્યવહાર નિશ્ચય નય છે કે નહિ? નય છે. તો નય પ્રમાણનો અંશ છે કે અધ્ધરનો અંશ છે? તો કહે છે, પ્રમાણનો. તો શ્રુતપ્રમાણ ક્યારે થાય છે? જ્યારે સમ્યગ્દર્શન થાય છે ત્યારે. સમ્યગ્દર્શન ક્યારે થાય છે? કે ત્રિકાળ ભૂતાર્થનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શન થયું તો સમ્યગ્જ્ઞાન થયું. સમ્યગ્જ્ઞાન

થયું તો એના બે ભેદ પડી ગયા. નિશ્ચય અને વ્યવહાર. એ વિના નિશ્ચય-વ્યવહાર આવ્યા ક્યાંથી? લાલબહાદુરજી! આહાહા..!

મુમુક્ષુ :- ફરીથી.

ઉત્તર :- ફરીથી કહીએ છીએ. એમાં કોઈ હરકત નથી. એ તો ઘૂંટવું છે ને. જુઓ!

નય. નયનો અર્થ શું? શ્રુત વિકલ્પા નયા. પંડિતજી! શ્રુતનો ભેદ. શ્રુત પ્રમાણજ્ઞાનનો ભેદ. શ્રુત પ્રમાણ છે, છે ભલે અંશ, જ્ઞાનનો અંશ છે પણ પ્રમાણ છે. પ્રમાણનો અર્થ, સ્વને નિશ્ચયને જાણે અને ભેદને જાણે. તો પ્રમાણને શ્રુતજ્ઞાન કહ્યું અને પ્રમાણના ભેદને નય કહ્યું. તો પ્રમાણ જ ઉત્પન્ન નથી થયું ત્યાં ભેદ ક્યાંથી લાવ્યો? અને પ્રમાણ ક્યારે ઉત્પન્ન થાય છે? સમ્યગ્દર્શન થાય તો. અને સમ્યગ્દર્શન ક્યારે થાય છે? કે ભૂતાર્થનો આશ્રય કરે તો. સમજાય છે કાંઈ? વાત નક્કી કરવી.

આત્મા એક સમયમાં.. આગળ આવે છે, ૪૧૩ ગાથામાં. વ્યવહારમૂઢ છે, એમ લીધું છે. ૪૧૩ છે, જુઓ! ૪૧૩. તેરને શું કહે છે તમારે? તેરહ. આ પુસ્તક બીજું છે. અમારું પુસ્તક (બીજું છે). ટીકા જુઓ. '**જેઓ ખરેખર 'હું શ્રમણ છું, હું શ્રમણોપાસક (-શ્રાવક) છે' એમ દ્રવ્યલિંગમાં મમકાર વડે મિથ્યા અહંકાર કરે છે, તેઓ અનાદિરૂઢ (અનાદિ કાળથી ચાલ્યા આવેલા) વ્યવહારમાં મૂઢ (મોહી)...**' છે. વ્યવહાર મૂઢ છે. કેમકે વ્યવહાર છે જ નહિ. જ્યાં સુધી નિશ્ચયનો આશ્રય થયો નથી તો વ્યવહાર હોતો નથી. તેને અહીંયાં વ્યવહારમૂઢ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- અનાદિનો મિથ્યાદૃષ્ટિ વ્યવહારમૂઢ છે?

ઉત્તર :- મૂઢ જ છે. વ્યવહાર છે જ નહિ, વ્યવહાર મૂઢ છે. જુઓ! એમાં તો મોટી ચર્ચા ચાલેલી.

'**વ્યવહારમાં મૂઢ (મોહી) વર્તતા થકા, પ્રૌઢ વિવેકવાળા નિશ્ચય (-નિશ્ચયનય) પર અનારૂઢ વર્તતા થકા...**' જુઓ! કેમકે વ્યવહારમાં મૂઢ થઈ ગયો. દયા, દાન, રાગની મંદતામાં મૂઢ છે, વ્યવહારનું જ્ઞાન નથી. કેમ? કે '**પ્રૌઢ વિવેકવાળા...**' રાગથી ભિન્ન જે નિશ્ચય સ્વરૂપ છે તેના તરફ અનારૂઢ છે. નિશ્ચયમાં અનારૂઢ, વ્યવહારમાં મૂઢ, અનાદિરૂઢ. ત્રણ બોલ છે. અનાદિરૂઢ, વ્યવહારમૂઢ, નિશ્ચય અનારૂઢ. એમાં બધું નીકળે છે. શું કહે છે? એકલા રાગમાં હું શ્રાવક છું, હું મુનિ છું એવા અઠ્યાવીસ મૂળગુણ આદિ વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાનમાં માને છે તો તો વ્યવહારમૂઢ છે. કેમ? પ્રૌઢ વિવેક-ભેદજ્ઞાન, પ્રૌઢ વિવેકવાળું ભેદજ્ઞાન. રાગથી ભિન્ન નિજ સ્વરૂપ નિશ્ચય આરૂઢ નથી, '**પરમાર્થસત્ય ભગવાન સમયસારને દેખતા-અનુભવતા નથી.**' એકલા વ્યવહારમાં અનાદિથી મૂઢ છે. અનાદિરૂઢ છે. કષાય મંદ-તીવ્ર, મંદ-તીવ્ર તો અનાદિથી ચાલ્યો આવે છે. સમજાય છે કાંઈ? વ્યવહાર ક્યાંથી આવ્યો?

એમાં તો અમારી સામે મોટો પ્રશ્ન થયો છે. એમાં છે, સમજ્યા? શ્વેતાંબરમાં 'યશોવિજય'

છે, 'યશોવિજય'. એણે દિક્ પટ ૮૪ બોલ કાઢ્યા છે. દિક્ પટ ૮૪ બોલ કાઢ્યા છે. સમજ્યા? અહીંયાં નથી. પહેલા 'હેમરાજજી' હતા. 'હેમરાજ' હતા ને? 'પ્રવચનસાર'નો (ભાવાર્થ) કરનારા. બાલાવબોધ હેમરાજ પંડિત. એણે શ્વેતાંબર સામે ૮૪ બોલ કાઢ્યા હતા. અને જ્યારે કાઢ્યો તો 'યશોવિજયે' દિક્ પટ ૮૪ કાઢ્યા. અમે તો ઘણાં પહેલાં બધું જોયું છે. એમાં એણે એક બોલ એવો કાઢ્યો છે કે દિગંબર લોકો 'નિશ્ચયનય પહલે કહે, પીછે લે વ્યવહાર.' એમાં ત્યાં કહ્યું. 'નિશ્ચયનય પહલે કહે, પીછે લે વ્યવહાર. ભાષા ક્રમ જાણે નહિ, જૈનધર્મ કો સાર'. એમ કહ્યું છે. અહીંયાં પુસ્તક નથી. બધા પુસ્તક ત્યાં પડ્યા છે ને. શ્વેતાંબરે ભૂલ કાઢી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હતી, અનાદિની હતી. પકડી લીધું.

અહીંયાં કહ્યું હતું, જ્યારે ૩૩ પંડિત આવ્યા હતા. અહીંયાં વિદ્વત પરિષદ થઈ હતી ને? ભાઈ! વિદ્વત્ પરિષદ (સંવત) ૨૦૦૩ની સાલમાં. કહ્યું હતું, જુઓ! આ શું કહે છે? 'નિશ્ચયનય પહલે કહે' એવી દિગંબરની શ્રદ્ધા છે. આવી વાત તો શ્વેતાંબર કહે છે. અને તમે લોકો માનો છો કે વ્યવહાર પહેલા, નિશ્ચય પછી. શું થયું? તમે એવા જ થઈ ગયા. સમજાય છે કાંઈ? વેણીપ્રસાદજી!

મુમુક્ષુ :- શ્વેતાંબરની વાત સાચી હોય તો માનવામાં...

ઉત્તર :- સાચી છે જ નહિ. સાચી ક્યાં છે?

આ તો કહ્યું છે ને? અનાદિ પ્રૌઢ વિવેક. રાગથી ભિન્ન પડ્યા વિના, નિશ્ચયમાં આરૂઢ થયા વિના વ્યવહાર આવ્યો ક્યાંથી? સમજાય છે કાંઈ? 'અમૃતચંદ્રાચાર્ય' ૪૧૩ ગાથામાં પોકાર કરે છે. ભગવાન આત્મા '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**'. ૧૧મી ગાથાનો પહેલો શબ્દ છે. ૧૧મી ગાથા છે ને? '**भूदत्थमस्सिदो**' ભગવાન ભૂતાર્થ.. ભૂતાર્થ.. ભૂતાર્થ.. ધ્રુવ.. ધ્રુવ.. શાંતસાગર એનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. પહેલું નિશ્ચય સમ્યગ્દર્શન થાય છે. પછી રહ્યો રાગાદિ તો એ વ્યવહાર જાણવાલાયક છે. ૧૨મી ગાથામાં કહ્યું છે. '**यदात्वे**' જાણેલો પ્રયોજનવાન છે. તે તે કાળે જાણેલો વ્યવહાર પ્રયોજનવાન છે, આદરણીય નહિ. સમજાય છે કાંઈ? આ વાતની બહુ ચર્ચા થઈ ગઈ છે. અહીંયાંથી કહ્યું તો બહારથી ચર્ચા આવી. અમે તો અહીંયાં વાત કરતા કરતા સત્ય આવ્યું છે. અમારી કોઈ વ્યક્તિગત વાત નથી. સમજાય છે કાંઈ? આ તો એમ આવ્યું કે નિશ્ચય પહેલા છે પછી રાગને અને ભેદને વ્યવહાર કહેવામાં આવે છે. એવો અનાદિસિદ્ધ સિદ્ધાંત છે. નહિતર અનાદિરૂઢ કહ્યું અહીંયાં તો. રાગની મંદતાને તમે વ્યવહાર કહો છો તો અહીંયાં કહ્યું છે કે વ્યવહાર મૂઢ છે. તું વ્યવહાર મૂઢ છો, રાગથી ભેદ પાડીને ચૈતન્ય તો જાગૃત થયો નથી. રાગથી ભેદ પાડીને અનુભવ ન થયો તો વ્યવહાર મૂઢ છે. ભેદ પાડીને જ્યારે જાગૃત થયો ત્યારે રાગ

આવ્યો એને વ્યવહાર કહે છે. જુઓ, આવ્યું. અહીં તો બધું જોયું છે. એમાં નામ છે- દિક્ પટ. અહીં તો બધું જોયેલું ને પહેલાં. જુઓ! ૭૨ શ્લોક છે, દિક્ પટ ૮૪ બોલ.

નિશ્ચયનય પહલે કહે, પીછે લે વ્યવહાર
ભાષા ક્રમ જાને નહિ, જૈન માર્ગ કો સાર.

એ જૈન માર્ગને ભાષા કહે છે. એમ નથી. એમ છે જ નહિ. ઈ કહે છે એ વાત બરાબર છે. દિગંબરની વાત અનાદિથી ચાલતી હતી એ પકડી છે બરાબર. ઠીક વાત પકડી છે, પણ એનો દોષ કાઢે છે. કોઈ વ્યક્તિનું કામ નથી. વસ્તુસ્થિતિ (એમ છે). પાઠ છે, અમે તો પહેલેથી કાઢીને નક્કી કર્યું હતું. બધા ચિહ્ન કર્યા છે. સમજાય છે કાંઈ?

ભગવાન! સત્યથી સમજાય છે. આ કોઈ પક્ષપાતથી નહિ સમજવું. કેમકે પોતાની ચીજ દૃષ્ટિમાં આવી નહિ તો સમ્યગ્જ્ઞાન થયું નહિ. સમ્યગ્જ્ઞાન થયા વિના પ્રમાણ થયું નહિ, પ્રમાણ વિના નય ક્યાંથી આવી? સમજાય છે કાંઈ? આહા..! કેમ ભાઈ લાલબહાદુરજી! આ કેવી વાત છે! વાત તો એવી છે, ત્રિકાળ એવી છે. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' પંથ કોઈ બે-ત્રણ નથી હોતા. સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથે પહેલા સચ્ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞે જોયું અનંત ગુણનું સ્વરૂપ એવા આત્માને સામાન્ય ધ્રુવને ઉત્પાદ-વ્યયની પર્યાય વિનાનો એવા ધ્રુવ ઉપર દૃષ્ટિ દેવાથી અભેદ અનુભવ થાય છે ત્યારે સમ્યગ્દર્શનમાં શ્રુતજ્ઞાનનું પ્રમાણ પ્રગટ થાય છે. પછી શ્રુતજ્ઞાન પ્રમાણમાં બે ભેદ પડે છે, એક નિશ્ચય અને એક વ્યવહાર. શ્રુતજ્ઞાન થયા વિના નિશ્ચય વ્યવહાર હોય નહિ. શ્રુતજ્ઞાન સમ્યક્દર્શન વિના હોતું નથી અને સમ્યગ્દર્શન દ્રવ્યના આશ્રય વિના થતું નથી. સમજાય છે કાંઈ? વસ્તુ એવી અનાદિથી ચાલી આવી છે. કોઈ નવી નથી કરી. આહાહા..!

મુમુક્ષુ :- ... ધ્રુવનો આશ્રય..

ઉત્તર :- ધ્રુવનો આશ્રય છે. કેમકે શુદ્ધ પર્યાય દ્રવ્યમાં પડી છે. પર્યાયમાંથી પર્યાય નથી થતી. પર્યાયમાંથી પર્યાય થાય છે? પર્યાય તો એક સમયની છે. એમાંથી નવી પર્યાય ક્યાંથી આવે? દ્રવ્યમાં અંદરમાં અનંત ગુણ પડ્યા છે એમાં દૃષ્ટિ કરવાથી નવી પર્યાય છે આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? એની શ્રદ્ધામાં તો બરાબર સુધાર કરે. અને શ્રદ્ધામાં ગડબડ થશે તો સ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ કદી થશે નહિ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, નહિ થાય. શ્રદ્ધામાં જો ગડબડ કરશે કે આમ થશે ને તેમ થશે, પર્યાય પહેલા થશે ને વ્યવહાર પહેલા હોય, શ્રદ્ધા જ વિપરીત છે એની. સમજાય છે કાંઈ? આ તો અનાદિ અનાદિ સનાતન માર્ગ છે. એ કોઈનો કરેલો નથી, અનાદિથી એવો જ માર્ગ ચાલ્યો આવ્યો છે. ભરત, ઐરાવત અને મહાવિદેહ ક્ષેત્રમાં ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર બિરાજે છે ત્યાં પણ આ જ માર્ગ છે. બીજો કોઈ માર્ગ નથી.

કહે છે કે, ભગવાન! તું પહેલા વ્યવહાર કહે છે તો વ્યવહાર કોને કહે? વ્યવહારનય કોને કહે? વ્યવહારાભાસ છે. જ્યારે નિશ્ચયમાં આરૂઢ થઈને નિશ્ચય સ્વરૂપ જ્ઞાયકભાવમાં આરૂઢ થઈને રાગથી પ્રૌઢ-ભેદજ્ઞાન કરીને અભેદમાં દૃષ્ટિ થઈ ત્યારે નિશ્ચય જ્ઞાન થયું ત્યારે એ જ્ઞાનનો વ્યવહાર અંશ તે ભેદ છે તેને જાણે છે. ભેદ છે તેને જાણે છે, બસ. સમજાય છે કાંઈ? આહાહા..! બહુ ગડબડ થઈ ગઈ. અત્યારે આ લોકો એમ કહે છે, વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થશે. વ્યવહારનો અર્થ શું? કેમ, લાલબહાદુરજી! વ્યવહાર કરતાં કરતાં (થશે). બધા એમ કહે છે. પંડિત લોકોને એ વખતે કહેલું. ૩૩ પંડિત આવેલા. તમે શું કહો છો? આ શું કહો છો? શાસ્ત્ર એમ કહે છે કે નિશ્ચય હોય તો વ્યવહાર હોય. ૧૧મી ગાથામાં પહેલા નિશ્ચય કહ્યું, પછી ૧૨મી ગાથામાં આવ્યું, એ જાણેલો પ્રયોજનવાન છે. એમ આવ્યું, જુઓ! ૧૨મી ગાથા છે કે નહિ? શું છે જુઓ! જાણેલો. '**જાણેલો તે કાળે પ્રયોજનવાન છે.**' ઈ મહા શબ્દ પડ્યો છે. '**જાણેલો તે કાળે પ્રયોજનવાન છે.**' ઈ શબ્દ પડ્યા છે. નીચે છે. '**(અનેક) વર્ણમાળા સમાન હોવાથી,...**' હમણાં જ બધું સ્પષ્ટીકરણ થઈ ગયું છે. 'જાણેલો તે કાળે પ્રયોજનવાન છે.' પાઠમાં એમ છે, '**तदात्वे**' એવો પાઠ છે. સમજાય છે કાંઈ? '**तदात्वे प्रयोजनवान्ः**' એવો પાઠ છે. '**तदात्वे प्रयोजनवान्ः**'. '**तदात्वे**' અર્થાત્ જ્યારે નિશ્ચયનું ભાન થયું તે કાળે વ્યવહાર જાણેલો પ્રયોજનવાન કહેવામાં આવે છે. નીચે એનો અર્થ છે. '**જાણેલો તે કાળે પ્રયોજનવાન છે.**' નિશ્ચય થયું, સમ્યક્ અનુભવ થયો પછી જેટલી શુદ્ધતાની મંદતા રહી, અશુદ્ધતા રહી તે જાણેલો પ્રયોજનવાન છે. આદરણીય નહિ. તેમ જાણેલો નહિ એમ પણ નહિ. સમજાય છે કાંઈ? ભારે ભાઈ. વાદવિવાદ, વાદવિવાદ. સત્ય વસ્તુ છે એને પકડવાની લાયકાત વિના બહારથી મળી જાય, બહારથી મળી જાય તેને માટે હઠ કરીને અનાદિનો પ્રયત્ન કર્યો પણ મળી નહિ. સમજાય છે કાંઈ? કહે છે, ભાઈ! પ્રભુ! આ તારી ચીજ જે શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ, જેમાં અનંત સિદ્ધ પરમાત્મા પડ્યા છે એની સન્મુખ દૃષ્ટિ કર્યા વિના તને સમ્યગ્દર્શન ત્રણ કાળમાં કદી થતું નથી. અને સમ્યગ્દર્શન વિના શ્રુતજ્ઞાન સાચું ભાવશ્રુત થતું નથી. અને ભાવશ્રુતજ્ઞાન વિના નય હોતી નથી. નય વિના નિશ્ચય વ્યવહાર હોતાં જ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ૩૫૦ વર્ષ પહેલાં કહી ગયા છે, 'નિશ્ચયનય પહલે કહે' તમે પહેલા કહો છો, પછી વ્યવહાર કહો છો. એમ જ છે. છે જ. સમજાય છે કાંઈ?

અહીં પણ આપણે શું કહે છે? નવ તત્ત્વના ભેદ છે. પણ તેને વ્યવહાર નથી કહેતા. તેને છોડીને જ્ઞાયકની દૃષ્ટિ થઈ ત્યારે જેટલો વ્યવહાર રાગાદિ રહે છે તેને વ્યવહાર કહે છે. દૃષ્ટિ ફેરે બહુ ફેર થઈ જાય છે. શાસ્ત્રનું વાંચન કરે પણ પોતાની દૃષ્ટિ સાથે મેળવી લે. જેવી એની શ્રદ્ધા હોય તે પ્રમાણે મેળવી લે. પણ એ શું કહે છે તે તરફ પોતાની દૃષ્ટિ નથી લઈ જતા. મેળવણી કરવી જોઈએ. આમ છે, જુઓ આમ છે. ભાઈ! એમ

નથી, પ્રભુ! શાંતિથી સમજવું જોઈએ, બાપુ! આવો મનુષ્યદેહ મળ્યો. આહાહા..! કોઈ સાથે આવશે નહિ. સંપ્રદાયને બહુ મનાવ્યું છે અને બહુ માને છે, કોઈ શરણ નથી, ધૂળ છે. સમજાય છે કાંઈ? એક શરણ ચિદાનંદ પ્રભુ અંતરમાં દૃષ્ટિ કરવાથી શરણભૂત પ્રભુ પડ્યો છે તેનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શનમાં શાંતિ અને શ્રદ્ધા ને સ્વરૂપાનુભવ થાય છે. પછી બાકી રહ્યું તેને જાણવું, વ્યવહારનયનો વિષય છે. નય છે તો એનો વિષય છે. ભેદ, રાગ છે એને જાણવાલાયક છે. આદરવા લાયક નથી. આદરવા લાયક નિશ્ચય ઉપાદેય, વ્યવહાર જાણવા લાયક હેય. વ્યવહાર હેય, નિશ્ચય ઉપાદેય. ભાઈ! રાત્રે ભાઈ પ્રશ્ન કરતા હતા. બે ઉપાદેય હોય તો બે રહે કેવી રીતે? બે રહે ક્યાં? એક ઉપાદેય, એક હેય. તો બે રહે. બે ઉપાદેય હોય તો બે રહ્યા ક્યાં? એ તો એક થઈ ગયા. સમજાય છે કાંઈ? આહાહા..! ભારે ઝઘડા, ભાઈ! પ્રભુ! તારે ઘરે આનામાં આટલા ઝઘડા! ઝઘડા વિનાનું ઘર છે. 'સદ્‌ગુરુ કહે સહજ કા ધંધા વાદવિવાદ કરે સો અંધા.' ઈ 'બનારસીદાસે' કહ્યું છે, હોં! ભાઈ! 'સદ્‌ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા'. આ સહજનો ધંધો છે, સહજનો ધંધો છે.

કહે છે, પોતાનો ભગવાન આત્મા પર્યાયમાં અનાદિથી સાત પ્રકારના ભેદરૂપ પરિણમે છે તો એની પર્યાયમાં પોતાની યોગ્યતાથી પરિણમે છે. ત્યારે સામી ચીજ કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. પણ એ નિમિત્ત નૈમિત્તિક સંબંધને વ્યવહાર કહે છે. તેને છોડીને સ્વભાવની દૃષ્ટિ કરે તો તેને વ્યવહારનું જ્ઞાન યથાર્થ થાય છે. કહો, સમજાય છે કાંઈ?

'**નિર્જરવા યોગ્ય...**' જીવ, જીવની પર્યાય. પર્યાયની વાત છે ને અહીંયા. કાંઈ જીવની નિર્જરા થાય છે? જીવની પર્યાયમાં અશુદ્ધતાનો નાશ થવો અને શુદ્ધિની ઉત્પત્તિ થવી એ નિર્જરા થવા યોગ્ય જીવની લાયકાત છે. તો નિર્જરા કરનાર નિમિત્ત છે. કર્મ છૂટે છે તે નિમિત્તને નિર્જરા કરનારને અજીવનિર્જરા કહ્યું. આ જીવનિર્જરા છે. બેય નિર્જરા છે.

'**બંધાવા યોગ્ય...**' ભગવાન આત્મા પોતાની પર્યાયમાં બંધનને લાયક ભાવબંધનને યોગ્ય પોતાની પર્યાયમાં છે. '**બંધાવા યોગ્ય...**' એ આપણે ચાલે છે ને? નીકળવાનો, બંધનમાંથી નીકળવાનો રસ્તો છે તો પેલામાં ઘૂસી જાય છે. નયના ઝઘડા ને આમ ને તેમ. અરે.. પ્રભુ! તને ક્યાંય શરણ નહિ મળે. દુનિયા કોઈ સાથે નહિ આવે. આ ધૂળ પણ સાથે નહિ આવે. સમજાય છે કાંઈ? વાણી શું તારી છે? શરીર શું તારું છે? અહીં તો રાગ શું તારો છે? રાગ પણ તારી ચીજ નહિ. કોની સાથે તારે અભિપ્રાય બાંધવો છે કે ઈ માને એ અમારે માનવું છે. અરે..! આત્મા છે એમ માન. સમજાય છે કાંઈ?

કહે છે, '**બંધાવા યોગ્ય...**' આત્મા છે. પોતાની પર્યાયની લાયકાતથી બંધાય છે. ભાવબંધ, હોં! ભાવબંધની વાત છે. એ ભાવબંધ જીવબંધ છે. '**અને બંધન કરનાર...**' કર્મનો ઉદય છે એને અજીવબંધ કહેવામાં આવે છે. ઉદયને, હોં! ઉદયને. નવા બંધની વાત નથી. '**એ**

**બન્ને બંધ છે...**' એક જીવ ભાવબંધ, એક અજીવબંધ. બેયને બંધ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? '**મોક્ષ થવા યોગ્ય...**' પોતાની પર્યાય મોક્ષ થવા યોગ્ય જીવ છે, એ જીવની મોક્ષ થવા યોગ્ય પર્યાય છે. '**અને મોક્ષ કરનાર...**' કર્મનો ઉદય ખરી જાય છે, ઝરી જાય છે તેને નિમિત્ત જોઈને તેને અજીવમોક્ષ કહેવામાં આવ્યું છે. જીવમોક્ષ અહીંયાં, અજીવ છૂટે છે તેને અજીવમોક્ષ કહ્યું. ભારે વાત, ભાઈ! આહાહા..! અમરચંદભાઈ! નિમિત્ત નૈમિત્તિક સંબધ ચાલે છે. પણ કહે છે કે ભેદ પડી ગયો ને. લક્ષ છોડી દે. જ્ઞાયકનું લક્ષ કર. ભેદનું જ્ઞાન કર, જાણ કે આમ છે. પણ એ છોડવા લાયક છે. છોડવા લાયકનું પણ જ્ઞાન થયા વિના છોડે કોને? હેયનું જ્ઞાન તો હોવું જોઈએ ને.

એમ સાત ભેદ કેમ પડ્યા? જીવની પર્યાયની યોગ્યતા અને કર્મનું નિમિત્ત, એમ સાત ભેદ પડી ગયા. બે તો દ્રવ્ય છે. સાત ભેદ પડ્યા. તો જાણવું તો બરાબર. જાણીને છોડવાનું છે. પોતાની પર્યાયમાં આમ થાય છે એમ જાણીને લક્ષ છોડીને જ્ઞાયક ભાવ ઉપર દૃષ્ટિ દેવી એનું નામ સમ્યગ્દર્શન ભૂતાર્થ નયથી આત્મા જાણ્યો કહેવામાં આવે છે. આહાહા..! ભારે વાત. મગજનું કામ કરવું... બહારથી મળી જતું હોય તો પકડી લીધું. દાન કરો ને ઈન્દ્રિય દમન કરી બહારથી છોડ્યું, છોડો, છોડો. શું છોડે? ધૂળ? જડ કે દિ' ઘૂસી ગયા હતા અંદર તે છોડે? હું છોડું એવી માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. શું ઘૂસી ગયા છે અંદરમાં? ઘૂસ્યા નથી ને છોડું. એનો અર્થ કે પકડ્યું હતું. પકડ્યું હતું તેથી છોડ્યું. સમજાય છે કાંઈ? એણે તો ભૂલ પકડી હતી, ભૂલ પકડી હતી. ભગવાન ચિદાનંદ આત્માનો આશ્રય કરીને ભૂલ છૂટી જાય છે. બીજો કોઈ ઉપાય નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો વસ્તુ એવી છે, એમાં કંઈ સર્વજ્ઞે કહી છે માટે એમ છે એમ નથી, એવી જ છે. વસ્તુ એવી જ છે. ત્રણ કાળ ત્રણ લોકમાં એવી વસ્તુ છે. સમજાય છે કાંઈ? પોતાની પક્કડથી જો અર્થ કરે અને પોતાની પક્કડથી લે તો કોઈ માર્ગ હાથ નહિ આવે. આહા..! લ્યો, '**એ બન્ને મોક્ષ છે,...**' આવી ગયું સાતેય? બન્ને-ભાવમોક્ષ એ જીવભાવ, છૂટ્યું એ અજીવભાવ-અજીવમોક્ષ.

કેમ? હવે કહે છે. શું કારણ પડ્યું? '**કારણ કે એકને જ...**' એકને જ, એકલા સ્વભાવની અભેદતાને જ '**પોતાની મેળે પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષની ઉત્પત્તિ (સિદ્ધિ) બનતી નથી.**' એકલામાં આવા પર્યાયભેદ નથી થતા. પુણ્ય ને પાપ ને આસ્રવ ને સંવર ને નિર્જરા ને બંધ, મોક્ષ એકલામાં નથી પડતા. એકસાથે થવા યોગ્ય અને નિમિત્ત બેના સંબંધથી આવા ભેદ પડે છે. સમજાય છે કાંઈ? '**કારણ કે એકને જ...**' એનો અર્થ એવો નથી કે બીજો કરાવે છે. ભાષા એવી છે. કેમકે સ્વભાવમાં ભેદ પડવાની તાકાત નથી. પણ પર્યાયમાં ભેદ છે તો નિમિત્તનું લક્ષ કરાવીને, નિમિત્ત કરાવે છે અને યોગ્યતા પોતાની છે એમ બતાવ્યું છે. કરાવે-ફરાવે (નહિ). કોઈ પરદ્રવ્ય પોતાને અડતું નથી અને

કરાવે છે એમ ત્રણ કાળમાં નથી. આ આધાર પણ ઘણી વાર આપે છે, જુઓ! એકને ન હોય માટે કર્મને લઈને આ ભેદ છે. અરે..! ભાઈ! અહીં યોગ્યતા તો તારી છે, એને તો નિમિત્તિ કહ્યું. યોગ્યતા તો તારી છે, પુણ્ય-પાપ, આસ્રવ, બંધ થવાની લાયકાતને તારી કહી. સમજાય છે કાંઈ? ઓહો..! શાસ્ત્રના અર્થ કરવાની દૃષ્ટિ ફરી ગઈ. શાસ્ત્રને કઈ રીતે સમજવા (એ ફરી ગયું). વ્યવહાર હોય ત્યાં નિશ્ચય લગાવી દે, નિશ્ચય હોય ત્યાં વ્યવહાર લગાવી દે.

કહે છે, ભગવાન આત્મા એકલો આત્મા સામાન્ય.. સામાન્ય.. સામાન્ય.. એકલા આત્મામાં આવા સાત ભેદ કેમ પડે? એ તો પોતાની યોગ્યતા પર્યાયમાં છે અને અજીવ નિમિત્ત છે એવા ભેદથી આવી સાત પર્યાય ઉત્પન્ન થાય છે. કેમ? '**કારણ કે એકને જ પોતાની મેળે પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષની ઉત્પત્તિ (સિદ્ધિ) બનતી નથી. તે બન્ને જીવ અને અજીવ છે. (અર્થાત્ તે બન્નેમાં એક જીવ છે ને બીજું અજીવ છે).**' એ પહેલેથી કહેતા આવ્યા છે ઈ. ભાવપુણ્ય જીવ છે, નિમિત્ત અજીવપુણ્ય છે. ભાવપાપ જીવ છે, નિમિત્ત અજીવપાપ છે. ભાવઆસ્રવ જીવ છે, નિમિત્ત અજીવ આસ્રવ છે. સંવર કરવાની યોગ્યતા જીવ છે, નિમિત્ત અજીવ સંવર છે. નિર્જરા કરવાની યોગ્યતા જીવની છે, નિર્જરા થાય છે તેને અજીવનિર્જરા કહે છે. આ જીવનિર્જરા છે. ભાવબંધ જીવ છે, દ્રવ્યબંધ પૂર્વનો ઉદય છે તેને અજીવબંધ કહેવામાં આવે છે. ભાવમોક્ષ થાય છે તે જીવનો ભાવ છે અને પરમાણુ ખરી જાય છે તેને અજીવમોક્ષ કહ્યું. સમજાય છે કાંઈ? ભારે ભઈ આ વાત. બાપુ! સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. તને સમજમાં ન આવે એવી કોઈ ચીજ નથી. આચાર્યોએ તો સમજવા માટે કહ્યું છે ને. અમે કહીએ છીએ પણ તમને નહિ સમજાય, એમ કહે? અહીં તો કહે છે, '**दाएज्ज पमाणं**'. પાંચમી ગાથામાં કહ્યું, હું દેખાડું તો અનુભવથી પ્રમાણ કરજો. એમ કહ્યું છે. અનુભવથી. પાંચમી ગાથા. '**तं एयत्तविहत्तं हाएहं अप्पणो सविवहवेण। जदि दाएज्ज पमार्णें**'. હું અભેદ ચિદાનંદ ભૂતાર્થને પરથી ભિન્ન, નિજ સ્વભાવથી એકત્વ એવી વસ્તુને કહીશ. પ્રમાણ કરજે. પોતાના અનુભવમાં લઈને પ્રમાણ કરજે. એમ ને એમ એકલી ધારણા કરીને નહિ. અને પ્રમાણ કરજે એમ કહ્યું છે. તને પ્રમાણ નહિ થાય એમ નહિ. સમજાય છે કાંઈ? અમરચંદભાઈ! એક એક શબ્દમાં ઘણું રહસ્ય ભર્યું છે. એક્કેય શબ્દ મફતનો નથી કહ્યો.

કહે છે, '**તે બન્ને જીવ અને અજીવ છે (અર્થાત્ તે બન્નેમાં એક જીવ છે ને બીજું અજીવ છે).**' આટલો ભેદ કરીને હવે (કહે છે), '**બાહ્ય (સ્થૂલ) દૃષ્ટિથી જોઈએ તો-**' કર્મના નિમિત્તથી જોઈએ. '**બાહ્ય (સ્થૂલ) દૃષ્ટિથી જોઈએ તો-જીવ-પુદ્‌ગલના અનાદિ બંધપર્યાયની સમીપ...**' જીવ અને કર્મની સમીપ દૃષ્ટિ કરવાથી '**એકપણે અનુભવ કરતાં...**' કોણ? '**બંધપર્યાયની સમીપ જઈને એકપણે અનુભવ કરતાં...**' વિકારી પર્યાય મારી છે,

ભેદ મારા છે એમ અનુભવ કરતાં '**આ નવ તત્ત્વો ભૂતાર્થ છે,...**' વ્યવહારથી નવ તત્ત્વ છે. નવ તત્ત્વ, પર્યાયમાં નવ ભેદ છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ના, એમ ક્યાં કહ્યું છે? અહીં તો નવ છે. આશ્રય કરવા લાયક નથી. છે. કોઈ નિષેધ કરે કે પર્યાયામાં નવ ભેદ જ નથી, આત્મા એકલો અનાદિથી શુદ્ધ જ છે, બિલકુલ જૂઠ છે. સમજાય છે કાંઈ? પર્યાયમાં આવા ભેદ છે.

'**અનાદિ બંધપર્યાયની સમીપ જઈને એકપણે...**' શું (કહ્યું)? ભેદને, વિકારને એકપણે અનુભવતાં આ નવ છે. નવ વ્યવહારનયનું વ્યવહાર રૂપ છે. '**એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં તેઓ અભૂતાર્થ છે,...**' લ્યો. વ્યવહારથી વ્યવહાર છે. એક જીવદ્રવ્યનો સ્વભાવ, જીવદ્રવ્ય સ્વભાવ, ધ્રુવ સ્વભાવ, ચૈતન્ય સ્વભાવ, આનંદ સ્વભાવ, જ્ઞાયક સ્વભાવ એવા દ્રવ્યના સ્વભાવની સમીપ જઈને. શું ભાષા છે, જુઓ તો ખરા. પર્યાયની સમીપ જઈને એકપણે જોતાં તે નવ છે. અહીંયાં સમીપ જાઓ, એક જીવદ્રવ્યનો સ્વભાવ. ભગવાન એક જીવદ્રવ્યનો જ્ઞાયક શુદ્ધભાવની સમીપ એકાકાર થવાથી, અનુભવ કરતાં તે નવ જૂઠા છે. નવ નથી. એકમાં નવ નથી, નવમાં નવ છે, પણ એકમાં નથી. આહાહા..! 'સમયસાર'ની ટીકા ગજબ કરી છે! સમજાય છે કાંઈ?

વ્યવહારથી નવના ભેદ છે. બંધપર્યાયની સમીપ જઈને પરના લક્ષે ઊઠે છે એવા ભેદ છે. પણ એક જીવદ્રવ્યના સ્વભાવ ઉપર દૃષ્ટિ દેવાથી એક જ ભૂતાર્થ છે અને નવ અસત્યાર્થ છે. નવ નથી. તે અપેક્ષાથી અસત્યાર્થ કહ્યું છે. વિશેષ છે એમાં...

**ભાદરવા સુદ ૯, શુક્રવાર તા. ૨૩-૦૯-૧૯૬૬**
**ગાથા-૧૩. પ્રવચન-૫૬**

દસલક્ષણી પર્વમાં ઉત્તમ સત્ય ધર્મનો આજે દિવસ છે. એને ઉત્તમ સત્ય કહે છે. દસ પ્રકારના ધર્મ એ ચારિત્રના ભેદ છે. ચારિત્ર સાક્ષાત્ મુક્તિનું કારણ છે. અને ચારિત્રનું મૂળ કારણ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે. એમાં ઉત્તમ સત્ય ધર્મ શું છે ઈ બતાવે છે.

**जिणवयणमेव भासदि तं पालेदुं असक्कमाणो वि।**
**ववहारेण वि अलियं ण वददि जो सच्चवाई सो।।३९८।।**

શું કહે છે? જુઓ! જે ધર્માત્મા '**जिणवयणमेव भासदि**' વીતરાગના શાસ્ત્ર છે એ સૂત્ર પ્રમાણે ઈ કથન કરે છે. નિજ શુદ્ધ આત્મા ઉપાદેય છે, વ્યવહાર હેય છે એવું જ મુનિ ધર્માત્મા સત્ય કથન કરે છે.

મુમુક્ષુ :- સર્વથા છે કે કથંચિત્ હેય છે?

ઉત્તર :- સર્વથા હેય છે. સમજાય છે કાંઈ?

'**जिणवयणमेव**' એમ ભાષા છે ને? વીતરાગી ભાવ. મુનિ પોતાનું સ્વરૂપ શુદ્ધ અનુભૂતિ આનંદ વીતરાગ દશાને જ ધર્મ કહે છે અને અંદર રાગાદિ આવે છે તે વ્યવહાર છે તેને હેય બતાવે છે. એનું નામ સત્ય ધર્મ કહેવામાં આવે છે. '**तं पालेदुं असक्कमाणो**' કદાચિત્ પોતાની શક્તિ ન હોય અને પાળી શકે નહિ.. સમજાય છે? તોપણ ખોટું ન બોલે. હું પાળી શકતો નથી પણ માર્ગ આવો જ છે એમ કહે. જેવો માર્ગ છે એવો આચારમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર, વીર્ય આદિમાં નિશ્ચય શું છે, વ્યવહાર શું છે, જેવું છે તેવું કહે. પોતાની શક્તિ ન હોય તો પાળી ન શકે પણ એને ખોટું કહે નહિ. આ પણ માર્ગ છે, પેલો પણ માર્ગ છે એમ ન કહે. માર્ગ એક જ છે. મોક્ષનો માર્ગ એક જ છે, આત્માના આશ્રયે થાય છે. સમજાય છે કાંઈ? એ ન થઈ શકે, અંદરમાં સ્થિરતા ન થઈ શકે તો વ્યવહાર મોક્ષમાર્ગ એ જ સાચો મોક્ષમાર્ગ છે. એમ ક્યાંય જિનવચનમાં કહ્યું નથી. તો એમ કદી મુનિ કહેતા નથી. સમજાય છે કાંઈ?

**ભાવાર્થ :- 'જૈનસિદ્ધાંતમાં આચારાદિકનું જેવું સ્વરૂપ કહ્યું હોય તેવું જ કહે પણ એમ નહિ કે પોતાથી પાલન ન કરી શકાય એટલે તેને અન્ય પ્રકારથી કહે...'** સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- આવું અનાદિથી ચાલતું લાગે છે.

ઉત્તર :- અનાદિથી ચાલે છે. શ્વેતાંબરમાં એમ થયું ને મૂળ. ત્યાંથી આ નાખ્યું છે. ગોટા ઉઠ્યા છે ને. ન પાળી શક્યા તો વસ્ત્ર સહિત પણ મુનિપણું બતાવ્યું. એમ નથી.

જિનવચન એમ નથી. સમજાય છે કાંઈ?

કહે છે, '**પાલન ન કરી શકાય, એટલે તેને અન્ય પ્રકારથી કહે...**' એમ નહિ. યથાવત કહે. '**પોતાનું માનભંગ થાય તેથી જેમ તેમ કહે...**' એમ નહિ. અપમાન તો અપમાન. અમારી પર્યાય તો મંદ છે. અમારો મંદતાનો આચાર છે એમ જેવું છે તેવું કહે. પોતાનું ગોપવીને અસત્ય કહે નહિ. વીતરાગ માર્ગનો નાશ થાય, લોપ થાય એવી પ્રરૂપણા ન કરે. સમજાય છે કાંઈ? શ્વેતાંબર વસ્ત્ર રહિત ન નભી શક્યા તો પ્રરૂપણા બદલી નાખી. કથન બદલી નાખ્યા. ... નિશ્ચય ન થાય તો વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય છે અને વ્યવહાર જ પ્રથમ ધર્મ છે એ જિનવચન જ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્રણ કાળમાં. ચોથો કાળ કે પંચમ કાળ બધો એક જ માર્ગ છે, ભગવાન! બીજો માર્ગ છે જ નહિ. સમજાય છે કાંઈ?

ચૈતન્ય જ્ઞાનાનંદ ભગવાન.. અહીંયાં હમણાં પહેલાં કહ્યું હતું, 'જિન સો હી આત્મા' ભાઈ! એમાં તો પ્રશ્ન ઉઠ્યો, અમારે શશીભાઈ વૈષ્ણવ છે એને. 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, યહી વચનસે સમજ લે જિન પ્રવચન કા મર્મ.' આ '**जिणवयणमेव**' આવ્યું ને? ભગવાન આત્મા જ્ઞાનાનંદ સહજાનંદની મૂર્તિ, અનંત ગુણનો પિંડ પ્રભુ વીતરાગસ્વરૂપી આત્મા છે. સમજાય છે કાંઈ? એવા આત્માની દૃષ્ટિ કરે અને એને સમજે એ આત્મા જૈન. સમજાય છે કાંઈ? બીજો જૈન કોઈ સંપ્રદાય નથી. વીતરાગ સ્વરૂપ પોતાનું અખંડાનંદ ચૈતન્ય પરમાત્મ સ્વરૂપ વીતરાગ છે. સમજાય છે કાંઈ?

'યશોવિજય' પણ કહે છે, જેમ સ્ફટિક મણિ... આવે છે ને? જેમ સ્ફટિક મણિ.. જેમ નિર્મળતા સ્ફટિક મણિની. એ તો દૃષ્ટાંત પર્યાયનો આપ્યો છે.

જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, જેમ નિર્મળતા રે સ્ફટિક તણી,
તેમ જ જીવ સ્વભાવ રે,

જીવ સ્વભાવ સ્ફટિક મણિ જેવો શુદ્ધ વીતરાગ સ્વરૂપ આત્મા છે.

જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તેમ જ જીવ સ્વભાવ રે..
શ્રી જિનવીરે ધર્મ પ્રકાશિયો, શ્રી જિનવીરે ધર્મ પ્રકાશિયો...

ગુજરાતી કઠણ નથી.

શ્રી જિનવીરે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય અભાવ રે..

વિકારથી–કષાયથી રહિત ભગવાન પોતાની પર્યાયમાં આત્મા પરિણમે તેને ભગવાન ત્રિલોકનાથ વીરપ્રભુએ ધર્મ કહ્યો છે. સમજાય છે કાંઈ? આ તો શ્વેતાંબરનું વાક્ય છે. ઈ પણ એમ કહે છે. પણ બીજે ઠેકાણે બીજું કહે છે. આ તો વસ્તુસ્થિતિ આવી છે. સમજાય છે કાંઈ?

જિન સો હી હૈ આત્મા. આત્મા સચ્ચિદાનંદ પ્રભુ. અનંત આનંદ અનાકુળ રસકંદ

(છે). પુણ્ય-પાપના વિકલ્પ એ આત્મા નહિ, શરીર, કર્મ આત્મા નહિ. આત્માનો અનુભવ કરવો એને જૈન કહે છે. સમજાય છે કાંઈ? જૈન કોઈ સંપ્રદાયની વસ્તુ નથી. એ તો આત્મા ભગવાન અનંત ગુણનો પિંડ પ્રભુની અંતર સન્મુખ થઈ આનંદનો સ્વાદ લઈને અનુભવ કરવો એનું નામ સમ્યગ્દષ્ટિ જૈન કહેવામાં આવે છે. જેને લઘુનંદન કહ્યા છે. જિનેશ્વરના લઘુનંદન કહ્યા છે. સમજાય છે કાંઈ? એ સંપ્રદાય નથી, વસ્તુની સ્થિતિ છે. તો જેવું છે તેવું કહે. પાળી ન શકે તો ગડબડ ન કરે. વ્યવહાર પણ છે, વ્યવહાર પણ ધર્મ છે, કરતાં કરતાં થઈ જશે. એવી વીતરાગ વાણી નથી. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ' પરમાર્થ પંથનો બીજા બે ભેદ હોતા નથી.

કહે છે, મુનિને **'વ્યવહાર ભોજનાદિ વ્યાપાર તથા પૂજા-પ્રભાવનાદિ વ્યવહાર તેમાં પણ જિનસૂત્ર અનુસાર વચન કહે...'** પૂજા પ્રભાવનાદિ પણ શુભભાવ છે. એમ ન કહે કે એનાથી ધર્મ થાય છે.

મુમુક્ષુ :- પરંપરા ધર્મ.

ઉત્તર :- પરંપરા ધર્મ નથી, એ તો નિમિત્તથી કથન છે. સમજાય છે કાંઈ? સત્ય ધર્મની વ્યાખ્યા છે. પૂજા, પ્રભાવના કહે, હોય છે, પણ એ શુભભાવ છે, એ આત્માના સંવર, નિર્જરા નથી. સ્વ આશ્રયે સંવર, નિર્જરા થાય છે. જેટલો પરાશ્રયમાં ભાવ ઉત્પન્ન થાય છે તે પુણ્યાસ્રવ શુભભાવ છે. એમ પૂજા, પ્રભાવના આદિમાં પણ ગડબડ ન કરે કે તારી ભગવાનની પૂજા કરવાથી નિર્જરા થશે, સંવર થશે. એ.. શેઠ! જાત્રા કરો, તમે બે વાર-ચાર વાર જાત્રા કરો તો તમારું કલ્યાણ થઈ જશે. એમ ત્રણ કાળમાં નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો આવે છે, શુભભાવ હો. શુભભાવ હોય છે. પાપથી બચવા હોય છે પણ એ ભાવ છે એ પુણ્ય છે, વીતરાગભાવ નહિ. સમજાય છે કાંઈ?

પૂજા, પ્રભાવના. પ્રભાવના કરો તમારું કલ્યાણ થઈ જશે. પાંચ-દસ લાખ ખર્ચી નાખો, બે-ચાર મંદિર બનાવો તમારા આઠ ભવ રહી જશે. એમ છે નહિ. ભવનો છેદ પરની ક્રિયામાં રાગ થાય છે તેનાથી ભવનો છેદ થતો નથી. નિજ ચૈતન્યપ્રભુ અખંડાનંદ આનંદકંદનો આશ્રય કરવાથી જે અનુભવ થાય તે જ ધર્મ છે અને તે જ જન્મ-મરણના અંતનો ઉપાય છે. એમ જિનનો વચન સત્ય ધર્મ છે. એ પાંચમો સત્ય ધર્મ ભગવાન 'સ્વામી કાર્તિકેયે' કહ્યો છે.

હવે ચાલતો અધિકાર. ક્યાં સુધી આવ્યું છે? જુઓ! બીજો પેરેગ્રાફ છે ને? જુઓ! નવ તત્ત્વનો અધિકાર છે. **'બાહ્ય (સ્થૂલ) દૃષ્ટિથી જોઈએ તો :-'** શું કહે છે જુઓ! ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્યજ્યોતને બાહ્ય દૃષ્ટિથી જોવામાં આવે અર્થાત્ કર્મના બંધપર્યાયના લક્ષથી એને જોવામાં આવે. જુઓ! **'જીવ-પુદ્ગલના અનાદિ બંધપર્યાયની સમીપ...'** રાગ અને

બંધનું લક્ષ કરીને જો જોવામાં આવે '**એકપણે અનુભવ કરતાં આ નવ તત્ત્વો ભૂતાર્થ છે,...**' જીવ-અજીવ આદિ નવ વ્યવહારનયથી ભૂતાર્થ છે. પર્યાયમાં નવ તત્ત્વ છે એવી વાત સાચી છે, પણ એ ધર્મ નહિ. સમજાય છે કાંઈ? એકલા નવ તત્ત્વના ભેદનો અનુભવ એનું નામ ભગવાન મિથ્યાદષ્ટિ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :-...

ઉત્તર :- જાણ્યા ક્યાં? જાણે તો ત્યારે એને કહેવાય કે નવ ભેદ છે તેનાથી રહિત થઈ અભેદ થવું એનું નામ જ્ઞાન થયું. તો ભેદ છે એનું જ્ઞાન થયું એનું નામ વ્યવહાર જ્ઞાન છે. એકલા નવનો અનુભવ કરવો એનું નામ તો મિથ્યાદષ્ટિ છે. સમજાય છે કાંઈ? એ તો પર્યાયબુદ્ધિના નવ ભેદ છે. એક સમયની અવસ્થામાં હું જીવ છું, આ અજીવ છે, આ રાગ છે, આ સંવર છે, મોક્ષ છે એવો નવનો ભેદરૂપ અનુભવ તે અનુભૂતિ નહિ, એ સમ્યગ્દર્શન નહિ, એ સ્વઆશ્રય દૃષ્ટિ નહિ, એ પરાશ્રય દૃષ્ટિ છે. આહા..! ભારે વાત. સમજાય છે કાંઈ?

'**બંધપર્યાયની સમીપ જઈને એકપણે અનુભવ કરતાં...**' એકપણું નામ રાગ અને ભેદને એકપણે અનુભવ કરતાં '**આ નવ તત્ત્વો ભૂતાર્થ છે,...**' વ્યવહારનય છે. પણ એનું યથાર્થ જ્ઞાન ક્યારે થાય છે? '**એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને...**' જુઓ! આ અનુભૂતિ. આહાહા..! આ જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા એવા ભેદનું લક્ષ છોડીને એકલું જીવદ્રવ્ય જ્ઞાયક ચૈતન્ય પૂર્ણાનંદ સ્વરૂપની સન્મુખ થઈને અનુભૂતિ કરવાથી. જુઓ! '**એક જીવદ્રવ્યના સ્વભાવની...**' જ્ઞાયક સ્વભાવ, ધ્રુવ સ્વભાવ, શાંત અનાકુળ આનંદ સ્વભાવની સમીપ જઈને એકતા કરી અનુભવ કરતાં-તેની અનુભૂતિ કરતાં '**તેઓ અભૂતાર્થ છે,...**' નવ જૂઠા છે. એક સ્વરૂપની અનુભવ દૃષ્ટિમાં નવ દેખાતા નથી. અભેદમાં ભેદ દેખાતા નથી. માટે ભેદને અભૂતાર્થ અસત્યાર્થ કહેવામાં આવ્યા છે. સમજાય છે કાંઈ? નવ છે ખરા, પર્યાયભેદે છે. પણ સ્વભાવની અનુભૂતિની દૃષ્ટિમાં એ નવ નથી. આહાહા..!

ભગવાન આત્મા.. અહીં પહેલાં બાહ્યથી લીધું ને? અહીં બાહ્યદૃષ્ટિથી લીધું. કર્મબંધની પર્યાયની દૃષ્ટિથી જુઓ તો એકપણે અનુભવ કરતાં નવ છે. જીવદ્રવ્યનો સ્વભાવ જ્ઞાયકપ્રભુ, હું જ્ઞાયક છું એવો પણ વિકલ્પ નહિ, સમજાય છે કાંઈ? હું જ્ઞાયક છું, એવો પણ વિકલ્પ નહિ. વિકલ્પ રાગ છે. આહાહા..! એ નવ તત્ત્વના ભેદરૂપથી દૃષ્ટિ ઉઠાવી પર્યાયબુદ્ધિથી દૃષ્ટિ ઉઠાવી એકરૂપ જીવદ્રવ્યનો સ્વભાવની સન્મુખ જઈને.

વસ્તુ વિચારત ધ્યાવતે, મન પાવે વિશ્રામ,
રસ સ્વાદત સુખ ઊપજે અનુભવ તાકો નામ.

સમજાય છે કાંઈ? ભગવાન આત્મા પોતાનો કાયમી અસલી શુદ્ધ ધ્રુવ આનંદ સ્વભાવની સમીપ સમીપ, ભેદથી દૂર, સ્વભાવથી સમીપ. સમજાય છે કાંઈ? નવ તત્ત્વના ભેદથી દૂર

અભાવ અને ત્રિકાળ સ્વભાવની સમીપ એકાકાર થઈને એક સ્વભાવનો અનુભવ કરવો, ભેદનું લક્ષ છોડી તેને અહીંયાં અનુભવ કહેવામાં આવે છે. આ અનુભૂતિ છે. આહાહા..!

હું અનુભવ કરું છું, એવો પણ જ્યાં વિકલ્પ નથી. સમજાય છે કાંઈ? એકલો આત્મા અતીન્દ્રિય આનંદ સ્વરૂપની સમીપ જઈને અનુભવ કરવો તો અતીન્દ્રિયનો સ્વાદ અનુભવમાં આવે છે તેને અનુભવ કહે છે. એ અનુભવમાં આત્માની પ્રતીતિ થઈ તેને સમ્યગ્દર્શન કહે છે. ભારે વાત, ભાઈ! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, ના. સૂક્ષ્મ નહિ, હવે આવશે. સૂક્ષ્મનો અર્થ અંદરથી આમ પાધરું જ્ઞાયકભાવથી જોવું એમ. સ્થૂળ દૃષ્ટિથી અહીંથી જોવું, એમ કહ્યું. હજી તો હવે આવશે. ક્યાં આવ્યું છે? સમજાય છે કાંઈ? આમથી જોવાથી, અંતર સ્વરૂપ નહિ જોવાથી કર્મના બંધની પર્યાય ઉપર બાહ્ય દૃષ્ટિથી જોવાથી, નવ છે. નવનો વિકલ્પ નવ ભેદ છે. દ્રવ્યના સ્વભાવની સમીપ જઈને એકાકાર જ્ઞાયકનો અનુભવ કરવાથી એ નવ અભેદમાં છે જ નહિ, અસત્ય છે, જૂઠા છે. જૂઠા (કઈ) અપેક્ષાથી? અભેદમાં ભેદ દેખાતા નથી. અનુભૂતિમાં એકમાં નવ દેખાતા નથી. એક જ સ્વરૂપનો અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શનની અનુભૂતિ કહેવામાં આવે છે. આહાહા..! સમ્યગ્દર્શન તો પ્રતીતરૂપ છે પણ સાથે અનુભૂતિ લક્ષણથી એ ઓળખવામાં આવે છે. આનંદની અનુભૂતિ થઈ તો સમ્યગ્દર્શન સાથે છે. એ અનુભૂતિ સમ્યગ્દર્શનનું બાહ્ય લક્ષણ છે. કેમકે સમ્યગ્દર્શન શ્રદ્ધાની પર્યાય છે, અનુભૂતિ જ્ઞાનની પર્યાય છે. તો જ્ઞાનની પર્યાયથી બીજી પર્યાયનું લક્ષ કરવું એનું નામ બાહ્ય લક્ષણથી લક્ષ કર્યું એમ કહેવામાં આવે છે. બહારની વાત નથી, અહીંયાં વિકલ્પની વાત નથી. ભાઈ! આહાહા..!

ભાઈ! એ રસ્તો શું છે એ રસ્તાનો પહેલા ખ્યાલ તો કરવો જોઈએ ને. પછી ચાલવું કે આ માર્ગ અહીં જવું છે. એમ ભગવાન આત્મા બાહ્ય દૃષ્ટિથી કર્મબંધની પર્યાય ઉપર લક્ષ કરવાથી નવના પર્યાયભેદ છે. છે તો શું કરવું હવે? એનો આશ્રય નથી કરવાનો. સમજાય છે કાંઈ? એનો આશ્રય છોડીને ભગવાન આત્મા જીવદ્રવ્ય વસ્તુ જ્ઞાયક આનંદનો કાયમી અસલી નિજ સ્વભાવ, અંતર કાયમી સ્વભાવ ઉપર દૃષ્ટિ કરવાથી, અનુભવ કરવાથી એક સ્વરૂપનો જ અનુભવ થાય છે. અનુભવનો અર્થ કંઈ દ્રવ્યનો અનુભવ નથી થતો. સમજાય છે કાંઈ? પણ દ્રવ્યનો આશ્રય કરીને પર્યાયમાં આનંદનો અનુભવ થાય તેને અહીંયાં આત્માનો અનુભવ કહેવામાં આવ્યું છે. શું કહ્યું સમજાણું? દ્રવ્યનો અનુભવ નથી થતો. દ્રવ્ય તો ત્રિકાળી વસ્તુ છે. અનુભવ તો પર્યાયનો થાય છે. સમજાય છે કાંઈ? અહીં જીવદ્રવ્યના સ્વભાવ સમીપ જઈને અનુભવ કરવો એ પર્યાય થઈ. જીવદ્રવ્યનો સ્વભાવ એ ત્રિકાળ થયો. સમજાય છે કાંઈ? જીવદ્રવ્ય જ્ઞાયક આનંદ એ ત્રિકાળ થયો. સમીપ જઈને એકાકાર થઈ એ પર્યાય થઈ. અંતર એકાકાર. એકાકાર થઈ એ પર્યાય થઈ. દ્રવ્ય સ્વભાવ ત્રિકાળ થયો.

સમજાય છે કાંઈ?

ફરીથી. કહે છે, આ આત્મા વસ્તુ વસ્તુ વસ્તુ. એ તો વસ્તુ કાયમી જીવ અનંત સ્વભાવ સંપન્ન. હવે એ તરફની દૃષ્ટિ અનાદિથી નથી. બાહ્ય દૃષ્ટિ (છે). કર્મબંધ, કર્મબંધ. મારે કર્મબંધ છે અને સંબંધ છે, એના સંબંધની દૃષ્ટિથી જુઓ તો નવ વિકલ્પ, નવ ભેદ ઊઠે છે. જ્ઞાયકભાવ તો જોયો નથી. બંધની દૃષ્ટિથી જુઓ તો નવ તત્ત્વ ઉત્પન્ન થાય છે, એ પર્યાયમાં છે. હવે એનું લક્ષ છોડી જીવ ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ આનંદ છે, વસ્તુ પહેલા ખ્યાલમાં આવવી જોઈએ કે આ વસ્તુ છે એ ત્રિકાળી અતીન્દ્રિય આનંદથી ભરેલો પદાર્થ છે અને જ્ઞાયક સ્વભાવથી ભરેલો આત્મા છે. એની સમીપ જઈને, અહીંથી લક્ષ ઉઠાવીને સ્વભાવનું લક્ષ કરવાથી જે એકાકારમાં અનુભવ થાય છે તે પર્યાય છે. એ નવ તત્ત્વની પર્યાય ભિન્ન થઈ ગઈ. એક સ્વભાવ સન્મુખ થયો અને અનુભવ થયો એ નિર્મળ પર્યાય થઈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે અંતર્મુહૂર્તમાં, ઉપયોગ અંતર્મુહૂર્ત કામ કરે છે ને. એક સમયમાં કામ કરતો નથી, અંતર્મુહૂર્તમાં કામ કરે છે. ઉપયોગ સ્થૂળ છે ને. એટલે અંતર્મુહૂર્તમાં એને જે આનંદનો અનુભવ થયો તેને પર્યાય કહે છે. આત્મા અખંડાનંદ નિત્યાનંદ મોટો ડુંગર હોય ને, જેમ પત્થર પડ્યા હોય અને એમાંથી પાણી ઝરે, ઝરણા કહે છે ને? એમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ, જ્ઞાનાદિનો મોટો ડુંગર-પર્વત છે. આહાહા..! ઝરણું, એની સમીપ થઈને એમાંથી નીકળે છે. આનંદ નીકળે છે, શાંતિ નીકળે છે. શાંતિ નામ ચારિત્ર. આનંદ નામ સુખ. સમજ્યા? સમ્યગ્દર્શન પર્યાય શ્રદ્ધાગુણમાંથી નીકળી. ચારિત્ર આદિ, સ્વચ્છતા આદિ, પ્રભુતા આદિ અનંત ગુણનો પિંડ પ્રભુની સમીપ જઈને અનુભવ કરતાં... છે ને? '**તેઓ અભૂતાર્થ છે,...**' કોણ? એ વસ્તુ અભૂતાર્થ થઈ ગઈ-નવના ભેદ પડ્યા તે જૂઠા થઈ ગયા. પોતાની દૃષ્ટિમાં રહ્યા નહિ. સૂક્ષ્મ વાત છે. આ મૂળ ચીજ છે, આ તો મૂળ ચીજ છે.

જીવ વીતરાગ સ્વરૂપે પ્રભુ છે. ત્રિકાળ વીતરાગ સ્વરૂપ એનું છે. વીતરાગ શબ્દે નિર્દોષ સ્વરૂપ. વીતરાગ શબ્દે રાગ-દ્વેષ રહિત સ્વરૂપ. એવું જ ત્રિકાળી સ્વરૂપ છે. સમજાય છે કાંઈ? એ ત્રિકાળી શુદ્ધ આનંદ સ્વરૂપની સમીપ જઈને, જે દૂર હતો, નવ તત્ત્વના ભેદમાં સ્વભાવની સમીપતાથી દૂર હતો. એ નવ તત્ત્વના ભેદનું લક્ષ છોડી અંતર સ્વભાવ સમીપ આવ્યો અને અનુભવ કર્યો તો એણે આત્માની અનુભૂતિ કરી, એમાં એક આત્મા જ પ્રતિભાસિત થાય છે, નવ પ્રતિભાસિત થતા નથી. આહાહા..!

અનુભવરસમેં રોગ ન શોકા લોકવાદ સબ મેટ્યા
કેવળ અચળ અનાદિ અબાધિત, કેવળ અચળ અનાદિ અબાધિત,
શિવશંકર કા ભેટા, અબધુ અનુભવ કણિકા જાગી,

મતિ મેરી આતમસ્મરણ લાગી, મતિ મેરી આતમસ્મરણ લાગી
અબધુ અનુભવ કણિકા જાગી

શું કહ્યું? આ સમજવું, ભાઈ! આ તો અંદરની વાતું છે. 'અનુભવરસમેં રોગ ન શોકા, લોકવાદ સબ મેટ્યા'. દુનિયાના ઝઘડા નવ તત્ત્વના ભેદ ને ભેદ એમાં કાંઈ રહ્યું નહિ. નિજ દ્રવ્ય સ્વભાવની સમીપ જઈને એકાકાર થઈને અનુભવ કરવામાં આવતાં 'અનુભવરસમેં રોગ ન શોકા, લોકવાદ સબ મેટ્યા, કેવળ અનાદિ અબાધિત અચળ અબાધિત' કેવળ અચળ અનાદિ અબાધિત દ્રવ્ય સ્વભાવ એવા 'શિવશંકર કા ભેટા' ભેટા. સમીપ ભેટો થઈ ગયો. ભેટા કરે છે ને. લ્યો, ભેટ. શશીભાઈ! આ શિવશંકર આવ્યું. આહાહા..! સમજાય છે કાંઈ? એમ કહે છે કે સ્વભાવ સમીપ જઈને અનુભવ કરતાં નવના ભેદ જૂઠા છે. જૂઠા છે નામ અંતરમાં દેખાતા નથી. નવ નવ પર્યાયરૂપ છે. વસ્તુ જ નથી એમ નહિ. છે, પણ અંતર અનુભવ કરવામાં આવતાં એકમાં અનેક દેખાતા નથી. અનેક પર્યાય તો છે. સમજાય છે કાંઈ? વેદાંતની જેમ નહિ. એક જ અનુભવ થયો, બીજી કોઈ વસ્તુ જ નથી. એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

'**(જીવના એકાકાર સ્વરૂપમાં તેઓ નથી)**.' લ્યો. ભગવાન ચિદાનંદ પ્રભુ પહેલા વિકલ્પથી વિચાર કર્યો કે આ આત્મા શુદ્ધ છે, અખંડ છે, બુદ્ધ છે, આનંદકંદ છે. પછી એવા વિકલ્પને છોડીને સ્વભાવમાં લપેટ એકાકાર થઈ જવું એનું નામ જીવનો એકાકાર અનુભવ કહેવામાં આવે છે. એનું નામ અનુભૂતિ છે. એમાં પ્રતીતિ થઈ તેનું નામ સમ્યગ્દર્શન. એમાં લીનતા થઈ એનું નામ સ્વરૂપાચરણ. એમાં આનંદનો સ્વાદ આવ્યો તે અનુભૂતિ નામ આનંદનો સ્વાદ. આહાહા..! સમજા છે કાંઈ? આહા..! મૂળ ચીજ પડી રહી ને બહારથી ધમાલ.. ધમાલ.. ધમાલ. ફોતરા ખાંડવામાં... ફોતરા સમજ્યા? છિલકા. ફોતરા ખાંડવાથી શું માલ નીકળે છે? દાણા છે? ફોતરામાં દાણા છે? પંચ મહાવ્રતના વિકલ્પ ને એ બધા ફોતરા છે. કષાયની મંદતા પૂજા, ભક્તિ, દયા, દાનના વિકલ્પ એ ફોતરા છે. એને ખાંડવાથી કંઈ માલ નથી નીકળતો. આહાહા..!

ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સત્ શાશ્વત આનંદકંદ ધ્રુવ ઉપર દૃષ્ટિ કરવાથી અર્થાત્ એની સમીપ જવાથી અથવા દૂર હતો તો એમાં એકાકાર થવાથી જે અનુભવ થાય છે તો અનુભવમાં એકાકાર આત્મા જ ભાસે છે, એમાં નવ ભાસતા નથી. માટે નવને જૂઠા કહેવામાં આવ્યા છે. સમજાય છે કાંઈ? એનો અર્થ એમ નથી કે એક અનુભવ થયો તો પછી જગતમાં અજીવ રહ્યા જ નહિ. ઉડી ગયા એમ નથી. સમજાય છે કાંઈ? કર્મ ઉડી ગયા, શરીર છે જ નહિ, એમ નથી. વસ્તુ છે. નિજ સ્વરૂપની અનુભૂતિમાં એ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ભઈ, એ તો મહાન પ્રયત્ન માંગે છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા આખો, જેને ભગવાન અહીંયાં આત્મ ખ્યાતિ કહે છે. આત્મ ખ્યાતિ

છે અને આવશે, છેલ્લે આવશે '**અનુભૂતિ તે આત્મખ્યાતિ (આત્માની ઓળખાણ) જ છે,...**' જુઓ! છેલ્લા અક્ષરો આવશે. એ અનુભૂતિ જ આત્મખ્યાતિ છે. પછી આવશે, છેલ્લી લીટી છે. સમજાય છે કાંઈ? છેલ્લી લીટી છે. '**જે આ અનુભૂતિ છે તે આત્મખ્યાતિ છે (આત્માની ઓળખાણ) જ છે, ને આત્મખ્યાતિ તે સમ્યગ્દર્શન જ છે.**' છેલ્લી બે પંક્તિના શબ્દો છે. એ તો આવશે. ભાઈ! આ વસ્તુ તો એવી છે, આ કોઈ એકલા ભણતર ભણી લે એવી વસ્તુ નથી. સમજાય છે કાંઈ? અગિયાર અંગ ભણી ગયો, નવ પૂર્વ ભણ્યો એમાં શું થયું? અનુભૂતિ થયા વિના કોઈ આત્માનું કાર્ય કદી સિદ્ધ થતું નથી. આહાહા..! અને એ અનુભૂતિ કેવી રીતે થાય છે તેનું લક્ષ અને ખ્યાલ પણ નથી તો અનુભૂતિ કેવી રીતે થાય? શ્રદ્ધામાં ખ્યાલ પણ નથી કે આ આત્મા અંદર ચિદાનંદ પ્રભુ એક સ્વરૂપે બિરાજમાન છે તેનો અનુભવ કરવાથી જ સમ્યગ્દર્શન અને અનુભૂતિ થાય છે. રાગ કરવાથી ને વ્યવહાર કરતાં કરતાં કરતાં અને પરનું લક્ષ કરતાં કરતાં અનુભૂતિ થાય છે એવી માન્યતામાં તો પરમાં જ રોકાઈ જાય છે. અંતરમાં આવવાના વીર્યની સ્ફુરણા થતી નથી. આહાહા..! ... એકાંત કહે છે. ભગવાનને કહો, બાપુ! ભગવાનને કહો કે તમે એકાંત કહો છો.

અહીં તો ભગવાન પ્રભુ નિજ સ્વભાવની સમીપ જઈને અનુભવ કરે છે એને ભગવાન સમ્યગ્દર્શન–આત્મખ્યાતિ–આત્માની ઓળખાણ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? શાસ્ત્રનું જ્ઞાન આત્માની ઓળખાણ નહિ. આહાહા..! સનાતન અનાદિ કાળની ચીજ વીતરાગ પરમેશ્વરના ઘરની ચીજ છે. એવી ચીજ બીજે ક્યાંય નથી ત્રણ કાળ ત્રણ લોકમાં. પર્યાય જ નથી, ભેદ જ નથી, અનંત ગુણ નથી, એમાં આ એકનો અનુભવ અને અનેક રહી જાય છે, રહ્યું ક્યાં?

અંતર ભગવાન આત્મા નિજ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ કાયમી અસલી ધ્રુવની સમીપ મહિમા કરીને, ભેદની મહિમા માહાત્મ્ય છોડીને સ્વભાવની મહિમાના ઉલ્લસિત વીર્યથી, ઉલ્લસિત વીર્યથી, ઉલ્લાસિત વીર્યથી ભગવાન આત્મામાં સ્ફુરણા થઈને જાય છે તો કહે છે એકાકાર જીવનો અનુભવ થાય છે તેને અહીંયાં ભૂતાર્થ કહેવામાં આવ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**તેથી આ નવ તત્ત્વમાં ભૂતાર્થનયથી એક જીવ જ પ્રકાશમાન છે.**' સમજાણું? તેથી નવ તત્ત્વમાં તો ભેદ રહિત એકલો આત્મા પ્રકાશમાન છે. જાણવું.. જાણવું.. જાણવું.. જાણવું.. જાણવું.. જાણવું–દેખવું એકલો સ્વભાવ જ પ્રકાશમાન છે. ઈ બહારથી વાત કરી. હવે જરી અંતરની વાત કરે છે.

'**એવી રીતે અંતરદૃષ્ટિથી જોઈએ તો :–**' અહીંથી જ્ઞાયકભાવથી લેવું છે. બાહ્યદૃષ્ટિથી બંધપર્યાયથી લીધું હતું. ભાઈ! બાહ્યદૃષ્ટિમાં બંધપર્યાયથી લીધું હતું. અંતરદૃષ્ટિમાં જ્ઞાયકભાવથી લે છે. ટીકા તે ટીકા છે ને પણ! શું કહે છે? '**અંતરદૃષ્ટિથી જોઈએ તો :– જ્ઞાયક ભાવ જીવ છે...**' જ્ઞાયકભાવ જીવ છે. ભાવવાન જીવ, જ્ઞાયકભાવ જીવ. સમજાય છે કાંઈ? જ્ઞાયક

ભાવ જીવ. એકલો જાણન.. જાણન.. જાણન જ્ઞાયક ત્રિકાળ સ્વભાવ ધ્રુવ, જે શુભ-અશુભભાવરૂપ કદી થયો જ નથી. જે ભેદ, ગુણસ્થાનભેદ રૂપે પણ કદી થયો નથી. એક જ્ઞાયકભાવ, એક જ્ઞાયકભાવ, એક સ્વભાવભાવ, એક ધ્રુવભાવ એ જીવ જ્ઞાયકભાવ.

**'અને જીવના વિકારનો હેતુ...'** નિમિત્ત **'અજીવ છે;...'** વિકારમાં વિશેષ ભેદમાં નિમિત્ત અજીવ છે. વિશેષ ભેદમાં નિમિત્ત અજીવ છે. **'વળી પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ-એ જેમનાં લક્ષણ છે એવા તો કેવળ જીવના વિકારો છે...'** પર્યાય. શું કહે છે? કેવળ જીવની પર્યાય વિશેષ કાર્ય. કોણ? શુભભાવ પુણ્ય, અશુભ પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, મોક્ષ એ વિકાર.. સમજાણું? **'એવા તો કેવળ જીવના વિકારો છે...'** કોણ? પહેલાં કહ્યા ઈ. પુણ્ય, પાપ, સંવર, નિર્જરા, મોક્ષ જેમના લક્ષણ છે. જીવની પર્યાયમાં ભેદ છે. એકલો જ્ઞાયક ભાવ છે, તેને નિમિત્ત ભેદરૂપ અજીવ છે તો પર્યાયમાં ભેદરૂપ પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરારૂપ પર્યાય થઈ એ જીવની પર્યાય ભેદરૂપ થઈ. સમજાય છે કાંઈ?

**'અને પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ-એ વિકારહેતુઓ કેવળ અજીવ છે.'** એ નિમિત્ત. પહેલાં પોતાની પર્યાયમાં સાત આવ્યા. જ્ઞાયક ભાવ છે તે દ્રવ્ય. એમાં અજીવ નિમિત્ત (છે). વિશેષ કાર્યમાં ભેદરૂપ થવામાં અજીવ (નિમિત્ત). એમાં અહીંયાં પર્યાયમાં ભેદ થયા, પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ એ જીવની પર્યાય અને એમાં જે નિમિત્ત થયું એમાં જે પર્યાય છે તે અજીવની પર્યાય. ઝીણી વાત છે.

ફરીથી કહીએ, એમ ને એમ નહિ જવા દઈએ. જુઓ! આ ગાથાથી તો જીવનું સ્વરૂપ બતાવવું છે. તો જ્ઞાયક ભાવ જીવ છે, જ્ઞાયક ભાવ. તો કહે છે, અંતરદૃષ્ટિથી જોઈએ, પહેલાં બાહ્યની વાત કરી, બાહ્યથી જોઈએ તો બંધની પર્યાયથી નવ તત્ત્વ ભૂત દેખાય છે. અને દ્રવ્યના સ્વભાવનો અનુભવ કરવાથી એમાં નવ તત્ત્વ ભૂતાર્થ નથી, અભૂતાર્થ થઈ ગયા. નવ અભૂતાર્થ થઈ ગયા. હવે અંતરથી જોઈએ તો જ્ઞાયક ભાવ છે, જીવ, જીવ જ્ઞાયક ભાવ (છે). અને તેના વિશેષ ભેદમાં નિમિત્ત કારણ અજીવ કર્મ છે. અજીવ નિમિત્ત છે અને પોતાની પર્યાય નૈમિત્તિક છે. શુભ, અશુભ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ એ નૈમિત્તિક પર્યાય જીવની પર્યાય નૈમિત્તિક છે. સમજાય છે કાંઈ? અને અજીવની પર્યાય, જેમ કે કર્મનો ઉદય પુણ્યમાં નિમિત્ત, પાપમાં નિમિત્ત, આસ્રવમાં નિમિત્ત, બંધમાં નિમિત્ત, એ બધી જડની પર્યાય છે. સમજાય છે કાંઈ? એ **'પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ-એ વિકારહેતુઓ કેવળ અજીવ છે.'** કેવળ અજીવની પર્યાય છે. સમજાય છે કાંઈ? ફરીથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વર્ગણાની પર્યાય. એ ઉદયની પર્યાય. કર્મના ઉદયની જે પર્યાય છે એ પર્યાયમાં

જડની અવસ્થાના સાત ભેદ પડી ગયા. અહીંયાં ભાવપુણ્ય થયું તો એ કર્મના ઉદયને અજીવપુણ્ય કહ્યું. અહીં ભાવપાપ કહ્યું તો કર્મના ઉદયને અજીવપાપ કહ્યું. ભાવાસ્રવ થયો તો ઉદયને અજીવઆસ્રવ કહ્યું. ભાવબંધ થયો તો અજીવને અજીવબંધ કહ્યું. અહીં સંવાર્ય પર્યાય થઈ તો તેના નિમિત્તને સંવારક-કરનાર કહ્યું. નિર્જરા થયું શુદ્ધતા થઈ તો તેને નિર્જરા કરનાર કહ્યું. અહીંયાં ભાવમોક્ષ થયો તો જે કર્મ ખર્યા તેને દ્રવ્યમોક્ષ કહ્યું. સાત પર્યાય એમાં થઈ અને સાત પર્યાય આમાં થઈ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ વસ્તુ છે એમ બતાવે છે. એ નથી એમ નહિ. પર્યાયભેદ નથી અને કર્મના નિમિત્તમાં એવા ભેદ નથી એમ નહિ. છે, વ્યવહાર. સમજાય છે કાંઈ? આવો વ્યવહાર ન માને તો વ્યવહારથી ખસીને નિશ્ચયમાં આવવું એ ક્યાંથી આવશે? એકલો આત્મા આત્મા કરે છે ને બધા? આત્મઅનુભવ કરો. પણ આત્મા શું? પર્યાયમાં શું? અને નિમિત્તમાં શું દશા છે? અહીંયાં નૈમિત્તિક ભાવ થયો તો એમાં શું દશા થઈ? એ વસ્તુ છે કે નહિ? સમજાય છે કાંઈ? અજીવ પણ છે, કર્મના ઉદયની પર્યાય છે, તો એ પર્યાયમાં આવા સાત ભેદ પડી જાય છે. પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. અજીવની પર્યાયમાં. અને જીવની પર્યાયમાં સાત ભેદ થઈ જાય છે તે જીવભાવ. પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ સાત પર્યાય જીવમાં થઈ, સાત પર્યાય અજીવમાં થઈ. એમ બતાવ્યું. જરી સૂક્ષ્મ વાત છે, ભઈ! તેરમી ગાથા આવી છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવા નિમિત્ત નૈમિત્તિક સંબંધની અસ્તિત્વતા છે એમ સિદ્ધ કરવું છે. ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. નો પ્રશ્ન ક્યાં છે. અહીં તો છે એટલું. છે ઈ બતાવવું છે ને. છે, વસ્તુનો અભાવ નથી. કરવાનો પ્રશ્ન અહીંયાં નથી. અહીંયાં તો જ્ઞાયકભાવ એક સ્વરૂપ છે તો એમાં એકમાં સાત પર્યાય કેમ પડી? કે સામે નિમિત્ત છે. નિમિત્તના લક્ષે ભેદ પડી ગયા. સાત પર્યાય. અને નિમિત્તમાં પણ ઉદયની પર્યાયમાં સાત ભેદ પડ્યા. અહીંયાં ભાવ થયા તો ત્યાં અજીવ (ભેદ પડ્યા). અહીં જીવ થયા તો ત્યાં અજીવ (થયા). જીવપર્યાયને જીવ કહ્યું, અજીવપર્યાયને અજીવ કહ્યું. એવી વસ્તુ છે. આહાહા..! સમજાય છે કાંઈ? સમજાય છે? નિમિત્ત નૈમિત્તિકમાં સાત સાત ભેદ છે. સમજાય છે કાંઈ? જૈનદર્શન સિવાય આવી વસ્તુ ક્યાંય છે નહિ. ક્યાં હોઈ શકે જ નહિ. કાં એકલો શુદ્ધ છે, શુદ્ધ છે (એમ કહે). એમ નહિ. અશુદ્ધતાના સાત ભેદ છે અને નિમિત્તમાં પણ એની સાત ભેદની પર્યાયનો અહીંયાંનો આરોપ આવે છે એવા સાત ભેદ છે. એની ઉપરથી દૃષ્ટિ હટાવી દે, એના ઉપર દૃષ્ટિ કરવા લાયક નથી. સમજાય છે કાંઈ? શેઠ! આ તો બહુ ધ્યાન રાખે તો સમજાય એવી ચીજ છે. આહાહા..! જુઓ તો ખરા ટીકા! 'અમૃતચંદ્રાચાર્ય' કેટલું સિદ્ધ કરે છે!

આહા..! ગજબ! મુનિની દશા આનંદનો અનુભવ તો લ્યે છે. પણ એક વિકલ્પ આવ્યો અને ક્ષયોપશમની દશામાં કેવી શાસ્ત્રની રચના થઈ ગઈ! એમાં નિમિત્ત જ્ઞાન પડ્યું અને શાસ્ત્રની પર્યાય પોતાથી રચાઈ ગઈ. ભગવાન! સાંભળ તો ખરો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ભાવ એમાં છે. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં તો ભગવાન આચાર્ય બે વાત સિદ્ધ કરે છે. એક તો જ્ઞાયકભાવ જીવ છે. એમાં સાત ભેદ છે તે પણ સિદ્ધ કરે છે. નવ સિદ્ધ કરવા છે ને. બે તો દ્રવ્ય છે. બે તો દ્રવ્ય છે. જીવ અને અજીવ તો બે દ્રવ્ય છે. હવે વચ્ચે સાત પર્યાય (રહી). તો સાત પર્યાયને સિદ્ધ કરવી છે. બે દ્રવ્ય તો છે. એક જીવદ્રવ્ય-જ્ઞાયકભાવ. અજીવદ્રવ્ય કર્મ આદિ. અંદર કર્મ. પર્યાયમાં ભેદ પડ્યા. પુણ્ય, પાપ, આસ્રવ, બંધ સંવર, નિર્જરા (એવા) ભેદ પડ્યા. એ તો **'કેવળ જીવના વિકારો છે...'** જુઓ! વિકાર નામ વિશેષ કાર્ય. જુઓ! **'પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ-એ જેમનાં લક્ષણ છે એવા તો કેવળ જીવના વિકારો છે...'** કેવળ જીવનો વિકાર. પરનો નહિ, કર્મનો નહિ, નિમિત્તનો નહિ. ભાઈ! સમજાય છે કાંઈ? જિનેશ્વરદાસજી! જીવની પોતાની પર્યાયનો ભેદ. પોતામેં વિકાર પર્યાય છે. કેવળ જીવનો, પરનો નહિ. આહાહા..! પર્યાય પણ સ્વતંત્ર સિદ્ધ કરે છે. પર્યા પણ સ્વતંત્ર. જ્ઞાયક તો ત્રિકાળ છે પણ પર્યાયમાં ભેદ પડ્યા એ કેવળ જીવના ભેદ છે. જીવની પર્યાયના ભેદ છે, જીવની પર્યાયના ભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

(હવે) સામે અજીવ. **'અને પુણ્ય,...'** અહીં ભાવપુણ્ય-જીવપુણ્ય તો ત્યાં અજીવપુણ્ય. ભાવપાપ તો અજીવપાપ. ભાવઆસ્રવ તો અજીવઆસ્રવ. ભાવસંવર તો અજીવસંવર. ભાવનિર્જરા તો અજીવનિર્જરા. ભાવબંધ અજીવબંધ, ભાવમોક્ષ તો અજીવમોક્ષ. **'એ વિકારહેતુઓ કેવળ અજીવ છે.'** કેવળ અજીવના છે. ભાષા તો જુઓ! નિમિત્તમાં સાત ભેદ કેવળ અજીવના છે, આ સાત ભેદ કેવળ જીવના છે. ભેદ સિદ્ધ કર્યા. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નથી? સિદ્ધ તો થયા. વ્યવહાર નથી? વ્યવહારનો વિષય નથી? આશ્રય કરવાલાયક નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માને છે ને. આ તો બધા માને છે ને. વ્યવહાર છે. વ્યવહાર ન હોય તો નિષેધ કોનો કરવો? છે એનો નિષેધ કરવો કે ન હોય તેનો નિષેધ કરવો? નિષેધ કોનો થાય? પર્યાયમાં સાત ભેદ છે. એકાકારમાં સાત ભેદનો અભાવ થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! થોડું પણ જેમ છે તેમ જ્ઞાન અને રુચિ થઈ જાય ને તો સ્વભાવ

સન્મુખનું વીર્ય સ્ફુરે. નહિતર સ્વભાવ સન્મુખનું વીર્ય સ્ફુરશે નહિ. જેવી ચીજ છે તેવું જ્ઞાન યથાર્થ ન થાય તો આત્મા જવાબ નહિ આપે. ખીલશે નહિ. સમજાય છે કાંઈ?

**'એવી રીતે અંતરદષ્ટિથી જોઈએ તો :- જ્ઞાયક ભાવ જીવ છે અને જીવના વિકારનો હેતુ...'** વિશેષ કાર્યનો હેતુ **'અજીવ છે;...'** નિમિત્ત, નિમિત્ત. **'વળી પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ...'** જેમનું લક્ષણ છે એ શબ્દ આમાં પડ્યો રહ્યો છે, હોં! છે એમાં? મોક્ષ જેમનાં લક્ષણ છે, એમ જોઈએ. છે? આમાં લખ્યું છે. છે એમાં ક્યાં? જેમનાં લક્ષણ એમ જોઈએ. પહેલામાં છે. બંધ તથા મોક્ષ જેમનાં લક્ષણ છે. છે? છાપેલું છે? આમાં નથી. કેવળ જીવના વિકાર છે, એમાં જેમનાં લક્ષણ છે, એમ છે. આમાં છપાણું નથી. આમાં નથી. હિન્દીમાં નથી. રહી ગયું છે. આમાં રહી ગયું છે. જુઓ! શું કહ્યું સમજાણું?

આ અનુભૂતિની વાતમાં શું ભેદ છે તે બતાવે છે. ભગવાન આત્મા જ્ઞાયકભાવ હોવા છતાં જીવ સ્વભાવ જ્ઞાયક હોવા છતાં. હોનેપર કહે છે ને? હોવા છતાં પોતાની પર્યાયમાં સાત પ્રકારના ભેદ ઉત્પન્ન થાય છે. ભાવપુણ્ય, ભાવપાપ, ભાવઆસ્રવ, ભાવબંધ, ભાવસંવર, ભાવનિર્જરા, ભાવમોક્ષ. અને સામે કર્મનો ઉદય છે... કારણ કે ભેદ પડ્યો તો એકમાં ભેદ નથી પડતા. નિમિત્તનો આશ્રય પોતે કર્યો, હોં! એણે કરાવ્યો નથી. આશ્રય કરવાથી સાત ભેદ ઉત્પન્ન થયા. અને સાત ભેદ જેવા ભાવમાં છે એવા ઉદયમાં પણ સાત ભેદની અસ્તિત્વતા છે. અજીવપુણ્ય, અજીવઆસ્રવ, અજીવપાપ, અજીવબંધ, અજીવસંવર, અજીવનિર્જરા, અજીવમોક્ષ. આહાહા..! સમજાય છે કાંઈ? જીવ અજીવ બે (છે). એમાં જીવ જ્ઞાયકભાવ ત્રિકાળ. એમાં સાત ભેદ પર્યાય. અજીવ દ્રવ્ય ત્રિકાળ. એની પર્યાય ઉદયમાં સાત પ્રકારની. કર્મના ઉદયની પર્યાયમાં સાત પ્રકાર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો ત્રિકાળી પારિણામિકભાવ જ્ઞાયકભાવ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, ઉપયોગ નહિ. ત્રિકાળી જ્ઞાયકભાવ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વિકાર થાય છે. ના પાડે છે ને. પર્યાયમાં થયો એમ કહે છે ને. એની પર્યાય તો.. ત્રિકાળ જ્ઞાયકભાવની પર્યાય નહિ. વર્તમાન પર્યાય ભિન્ન થઈ. ધ્રુવ તો કાયમ રહ્યો. ઉત્પાદમાં થઈ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પરિણતિ. ઈ જ વાત કહે છે ને. પર્યાયની વાત છે ને. પરિણતિ. ધ્રુવ તો કાયમ છે. પર્યાયમાં સાતના ઉત્પાદની યોગ્યતા ન હોય તો ક્યાંથી ઉત્પાદ થશે? અને

નિમિત્તમાં પણ જો યોગ્યતા ન હોય તો એમાં આરોપ દેવાની યોગ્યતા ક્યાંથી આવશે? એમાં પણ અજીવપુણ્ય, અજીવપાપ, અજીવસંવરની યોગ્યતા છે. નિમિત્તપણે, હોં! સમજાય છે કાંઈ? પર્યાય વિકાર છે એમ સિદ્ધ કરે છે. ભેદ છે એ સિદ્ધ કરે છે. પણ એ ભેદ આશ્રય કરવા લાયક નથી. ધ્રુવ આશ્રય કરવા લાયક છે. સમજાય છે કાંઈ?

ચીજ એવી છે કે અંતરમાં વસ્તુ જ્ઞાયક પોતે ... જો પર્યાયમાં ભેદ ન હોય તો સંસાર કોનો? સંસાર કંઈ જડમાં નથી. સંસાર દોષ છે. દોષ તો પોતાની પર્યાયમાં છે. તો પર્યાયમાં સાત ભેદના વિકલ્પ ઉઠે છે એ દોષ છે. અને નિમિત્ત વસ્તુ સામે છે. એકલા પોતાના સ્વભાવના લક્ષે ભેદ નથી પડતા, એમ કહે છે. પરના લક્ષે ભેદ પડે છે. લક્ષ કરે છે જીવ પણ પરનું લક્ષ કરે છે તો લક્ષ એક ચીજ છે. ચીજમાં સાત પ્રકાર છે. અહીંયાં સાત પ્રકાર છે. સાત, સાત તરીકે ભૂતાર્થ છે. સાત, સાત તરીકે ભૂતાર્થ છે. જુઓ!

'**આવાં આ નવ તત્ત્વો, જીવદ્રવ્યના સ્વભાવને છોડીને,...**' જુઓ! વિકલ્પ આવ્યો, હું જીવ છું ને આ સંવર આદિ ભેદ. વિકલ્પની વાત છે ને. અહીંયાં સંવર, નિર્જરા ... જુઓ! જીવ અજીવ બે દ્રવ્ય. એની સાત પર્યાય. ત્યાં સાત અને અહીંયાં સાત. '**આવાં આ નવ તત્ત્વો, જીવદ્રવ્યના સ્વભાવને છોડીને, પોતે અને પર...**' સ્વયં એટલે પેલી પર્યાય. અને પર નિમિત્ત કર્મ. '**જેમનાં કારણ છે એવા એક દ્રવ્યના પર્યાયોપણે અનુભવ કરવામાં આવતાં...**' જાણે એક જ દ્રવ્યના સાત પર્યાયભેદ છે એમ અનુભવ કરવામાં '**ભૂતાર્થ છે...**' પર્યાયમાં ઈ છે. પર્યાયમાં ઈ છે એવો ભૂતાર્થ. પર્યાયમાં ભેદ છે એવો ભૂતાર્થ. ભૂતાર્થ એટલે ત્રિકાળી ભૂતાર્થની આ વાત નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- જરાક કઠણ તો છે.

ઉત્તર :- કઠણ નથી. આપણે કંઈ બહુ એવું ઝીણું નથી થતું. ભાષા કંઈ બહુ એવી કઠણ નથી આવતી. જરી વિષય સૂક્ષ્મ છે.

અહીં તો નવ સિદ્ધ કરવા છે અને એમાંથી કાઢીને એકલા આત્માનો અનુભવ કરાવવો છે. સમજાય છે કાંઈ? નવ ન હોય તો નવમાંથી એક કાઢવાનું ક્યાંથી થશે? નવ જ કોઈ ઊડાડી દે તો એક પણ સિદ્ધ નહિ થાય. સમજાય છે કાંઈ? 'પંચાધ્યાયી'માં તો એ બહુ લીધું છે. આમાંથી બધું લીધું છે 'પંચાધ્યાયી'માં. ... ૧૮૯ ગાથામાં છે, 'પંચાધ્યાયી'માં. ભૂતાર્થ આશ્રિત. નવમાંથી એક કાઢે છે, એક કાઢે છે. ૧૮૯. એક આઠ અને નવ. બીજા ભાગમાં, હોં! બીજો ભાગ છે ને.

**तदुद्देश्यो यथा जीधः स्यादजीवस्तथास्रवः।**
**बन्धः स्यात्संवरश्चापि निर्जरा मोक्ष इत्यपि।।१८८।।**
**सप्तैते पुण्यपापाभ्यां पदार्थास्ते नव स्मृताः।**
**सन्ति सद्दर्शनस्योच्चैर्विषया भूतार्थमाश्रिताः।।१८९।।**

આમાંથી બધું લીધું છે. 'સમયસાર', 'પ્રવચનસાર', 'પંચાસ્તિકાય'. સમજાય છે? એમાંથી બધું લીધું છે. ઘરનું કાંઈ નથી કહ્યું. ઘણી વાત સિદ્ધ કરી છે. પણ એનું કોઈ માનતા નથી.

મુમુક્ષુ :- ઘરનું છે.

ઉત્તર :- પંડિતના ઘરનું નથી. શાસ્ત્રમાંથી છે. તમે પણ પંડિત છો. ભાઈએ જવાબ આપ્યો હતો. આ પંડિતનું છે. તો તમે પણ પંડિત છો તો તમારું પણ માન્ય નથી. ઈ તો પંડિત પોતાના ઘરનું કાંઈ કહે નહિ. શાસ્ત્રના આધાર લઈને પોતાની દૃષ્ટિ સાથે મિંઢવીને કહે છે. સમજાય છે કાંઈ? એક એક શબ્દમાં બહુ સંધિ કરીને કહે છે. જુઓ! શું કહ્યું?

**'આવાં આ નવ તત્ત્વો,...'** નવ તત્ત્વ છે એમ સિદ્ધ કર્યું. **'જીવદ્રવ્યના સ્વભાવને છોડીને,...'** એકલો જ્ઞાયકભાવ ધ્રુવભાવ સ્વભાવને છોડીને **'પોતે...'** એટલે પોતાની પર્યાયમાં **'અને પર જેમનાં કારણ છે એવા એક દ્રવ્યના પર્યાયોપણે...'** જાણે એક દ્રવ્યની સાત પર્યાય હોય, સાતેય પર્યાય હોય. એમ **'અનુભવ કરવામાં આવતાં ભૂતાર્થ છે...'** નવ વિકલ્પ છે. જીવનો વિકલ્પ, અજીવ, પુણ્ય-પાપ એમ. **'સર્વ કાળે અસ્ખલિત એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને...'** ભેદ કાઢી નાખ્યા. **'સર્વ કાળે અસ્ખલિત...'** ધ્રુવ એક એક એક શુદ્ધ દ્રવ્ય સ્વભાવ. શુદ્ધ દ્રવ્યના **'સ્વભાવની સમીપ જઈને...'** એકાકાર થઈને **'અનુભવ કરવામાં આવતાં તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે.'** આહાહા..! આચાર્યોએ પણ કામ કેટલા કર્યા છે! ગજબ કામ! જંગલમાં રહીને, જંગલમાં! આહાહા..! આત્મધ્યાન આનંદમાં મસ્ત.

મુમુક્ષુ :- સર્વજ્ઞ થવાનો માર્ગ...

ઉત્તર :- સર્વજ્ઞનો માર્ગ છે અને સર્વજ્ઞે કહ્યું અને સર્વજ્ઞ થવાની રીત આ છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા જ સર્વજ્ઞ સ્વભાવ છે. જ્ઞ સ્વભાવ કહો કે જ્ઞ એટલે પૂર્ણ જ્ઞ, પૂર્ણ જ્ઞ એટલે સર્વજ્ઞ. સર્વજ્ઞ સ્વભાવી ભગવાન આત્મા છે તેમાં એકાકાર થઈને સમ્યગ્દર્શનનો અનુભવ થયો તો સમ્યગ્દર્શનમાં પ્રતીત થઈ કે આખો આત્મા કેવળજ્ઞાનમય છે. આખો આત્મા આનંદમય છે. એવો અનુભૂતિમાં આનંદ આવવાથી આખો આત્મા અતીન્દ્રિય છે એવી પ્રતીત થઈ જાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'સર્વ કાળે અસ્ખલિત...'** સાત પર્યાય તો સ્ખલિત થઈ ગઈ. આ તો **'સર્વ કાળે અસ્ખલિત...'** ધ્રુવ. ધ્રુવ જ્ઞાયક.. જ્ઞાયક.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય પરમસ્વભાવભાવ, જેને અહીંયાં જ્ઞાયક કહ્યું. જેને પરમપારિણામિક કહો. પણ અહીંયાં જ્ઞાયક કેમ કહ્યું? પારિણામિકભાવ તો જડમાં પણ છે. તો અહીંયાં જ્ઞાયકભાવ કહ્યું. કારણ કે છએ દ્રવ્ય તો પારિણામિકભાવે છે. પણ પરથી ભિન્ન બતાવવા જ્ઞાયકભાવ કહ્યું. જાણનસ્વભાવ પારિણામિક, જાણન સ્વભાવ ત્રિકાળ ધ્રુવ. **'સર્વ કાળે અસ્ખલિત...'** કદી સ્ખલિત થયો

નથી. પર્યાયથી ભલે હો, વસ્તુ તો જેવી છે તેવી ને તેવી છે. એવી ને એવી અનાદિ છે. એક શુદ્ધ દ્રવ્ય. એક ભગવાન આત્માના સ્વભાવની સમીપ જઈને, સ્વભાવમાં એકાકાર થઈને. અનુભવ એ પર્યાય થઈ. એક જીવદ્રવ્ય સ્વભાવ એ ત્રિકાળ થયો. એક જીવદ્રવ્ય સ્વભાવ ત્રિકાળ થયો. એકાકાર થઈને અનુભવ એ પર્યાય થઈ. એ અનુભૂતિ પર્યાય થઈ. સમજાય છે કાંઈ? શુદ્ધ દ્રવ્ય સ્વભાવ ધ્રુવ અસ્ખલિત એકરૂપ એમાં એકાકાર થયો તો એ નવ અભૂતાર્થ થઈ ગયા. આ એકાકારમાં દેખાતા નથી. સમજાય છે કાંઈ? એ નવ અભૂતાર્થ છે.

**'તેથી આ નવે તત્ત્વોમાં ભૂતાર્થનયથી એક જીવ જ પ્રકાશમાન છે.'** **'भूदत्थेणाभिगदा जीवाजीवा य पुण्णपावं च'**. એ નવ તત્ત્વમાં એકલો જ્ઞાયકભાવ **'એક જીવ જ પ્રકાશમાન છે.'** સદા ત્રિકાળ જ્ઞાયકભાવ રહ્યો એવો અનુભવ થયો તો જ્ઞાયક જ પ્રકાશમાન રહ્યો. જાણન-દેખન સ્વભાવ રહી ગયો. બસ, ખલાસ. ભેદનો જાણનારો. ભેદ છે તેનો જાણનારો, સ્વને જાણનારો. **'એક જીવ જ પ્રકાશમાન છે...'** કહો, સમજાય છે કાંઈ? થઈ ગયો વખત, નહિ? (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૧૦, શનિવાર તા. ૨૪-૦૯-૧૯૬૬**
**ગાથા–૧૩, શ્લોક–૮, પ્રવચન–૫૭**

... પહેલી દૃષ્ટિ અને પછી '**તૃણનો છેદમાત્ર પણ ન ઈચ્છે...**' એવી ઈચ્છા નિરોધમાં સ્થિરતા કરવી એનું નામ સંયમ કહે છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...ન રાખવું એમ નહિ?

ઉત્તર :- રાખવા-રાખવાનું છે ક્યાં? મુનિને તૃણ છે જ નહિ. પણ બીજાનું તૃણ છે તેનો પણ હું છેદ કરી શકું છું એવી દૃષ્ટિ તો છે નહિ, પણ અસ્થિરતામાં તૃણનો છેદ કરવાનો વિકલ્પ પણ નથી.

'શ્રીમદ્ રાજચંદ્ર' એક પત્રમાં લખે છે, બીજી ભાષાથી-ગૂઢ ભાષાથી. અમારામાં તણખલાના બે ટૂકડા કરવાની પણ તાકાત નથી. એક પત્રમાં છે. તણખલાના બે ટૂકડા કરવાની તાકાત નથી. એમ કરીને કહે છે કે આત્મા જડની પર્યાયનો કર્તા નથી. એક તૃણના બે ટૂકડા થવા એ પોતાનું કાર્ય નથી. સમજાય છે કાંઈ? એવી ઈચ્છા કે હું કરી શકું, એ તો મિથ્યાદૃષ્ટિ છે. પણ એ દૃષ્ટિ છૂટી ગયા પછી પણ તૃણના બે ટૂકડાની વૃત્તિ જે છે-અસ્થિરતા છે તેને પણ છોડીને સ્થિરતા કરવી તેનું નામ સંયમભાવ છે. અહીંયાં આચાર્ય ઈ કહે છે. સંયમભાવ સમજાય છે?

આ બધું મોટું મોટું કરે છે ને? કોણ કરે છે? એક આંખની પાંપણ ફરકે છે તે પોતાથી નહિ. સમજાય છે કાંઈ? પાંપણ કહે છે ને? શું કહે છે? આમ ફરકવી એ પોતાને આધીન નથી. એ તો પુદ્ગલની પર્યાય છે. ક્ષેત્રાંતર થવું, ઊંચું નીચું થવું એ તો પુદ્ગલની ક્ષેત્રાંતર થવાની તાકાતથી થાય છે. આત્મા એને કરી શકતો નથી. આહાહા..! ભારે વાત, ભાઈ! અનંત શક્તિવાન છે ને? અનંત શક્તિવાન છે કે નહિ આત્મા? તો પરનું કરી શકે છે કે નહિ? પોતામાં અનંત શક્તિથી રાગનો અભાવ કરીને વીતરાગતા પ્રાપ્ત કરી શકે છે. પરમાં કિંચિત્ પણ નથી કરી શકતો. એક તૃણના બે ટૂકડા પણ નથી કરી શકતો. ત્રણ કાળ ત્રણ લોકમાં. સમજાય છે કાંઈ? એવી પ્રથમ પોતાની દૃષ્ટિમાં સમ્યક્તા આવી છે પછી તૃણનો છેદ કરવાની વૃત્તિ પણ નથી. વૃત્તિ નથી, ઈ વાત છે અહીંયાં. સંયમ છે કે નહિ? બીજાને દુઃખ દેવું એ તો નથી પણ આટલી ઈચ્છા પણ નથી. એવી વૃત્તિના અભાવનું નામ સમ્યગ્દર્શન સહિત સંયમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? સંયમની વ્યાખ્યા આ સાધારણ માને છે કે લ્યો, આ લુગડા કપડાં છોડી દીધા, નગ્ન થઈ ગયા એ સંયમ. એવો સંયમ છે જ નહિ.

પોતાના શુદ્ધ આનંદની રક્ષા. '**जीवरक्खणपरो**'. પણ નિજ શુદ્ધ ચૈતન્યની અંદર રાગની

ઉત્પત્તિ ન થવી અને અહિંસા સ્વભાવ વીતરાગની પર્યાયની ઉત્પત્તિ થવી તેનું નામ અહિંસારૂપ સંયમભાવ છે. સમજાય છે કાંઈ? પરની દયાનો ભાવ વિકલ્પ ઊઠે છે એ પણ રાગ છે. એ રાગ ખરેખર તો હિંસા છે. સંયમ નહિ. એટલો રાગ દોષ છે. સમજાય છે કાંઈ? ઈચ્છામાત્ર જે થાય બધી દુઃખદાયક છે. શુભ ઈચ્છા હો કે અશુભ ઈચ્છા હો, બધી દુઃખદાયક છે. વ્રતના પરિણામ હો કે દયાના પરિણામ હો, ઈચ્છા દુઃખદાયી છે. એ દુઃખદાયી વૃત્તિનો છેદ કરીને સ્વરૂપમાં એકાગ્રતા થવી તેનું નામ પરમાત્મા સંમય કહે છે. એ છઠ્ઠા દિવસની વાત થઈ. ચાર દિવસ બાકી રહ્યા.

આપણે ચાલે છે નવ તત્ત્વ. ક્યાં આવ્યું? છેલ્લી બે પંક્તિ રહી, જુઓ! જિનેશ્વરદાસજી કહે છે ને અનુભૂતિ. જુઓ! એ અનુભૂતિ શબ્દ એમાં આવ્યો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અરે..! ચોથા ગુણસ્થાનની વાત છે. આ ચોથાની વાત છે. સમજાય છે કાંઈ? જુઓ! ન્યાયથી સમજો. ન્યાયથી કહેવામાં આવે છે. જુઓ! અહીંયા આવ્યું છે. ભાવાર્થ ઉપર ચોથી પંક્તિ છે. ભાવાર્થ છે ને? એની ઉપર.

**'એમ તે, એકપણે પ્રકાશતો, શુદ્ધનયપણે અનુભવાય છે.'** શું કહે છે? જુઓ! **'એમ તે,...'** એમ તે, એનો અર્થ-નવ તત્ત્વનો ભેદ જે વિકલ્પ છે, નિજ શુદ્ધ અંતઃતત્ત્વથી અંતઃતત્ત્વ જે છે, તેમાંથી બહિર્તત્ત્વ ઉપર લક્ષ જવાથી એમાં વિકલ્પ ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? અંતઃતત્ત્વ જે છે, અંતઃતત્ત્વ છે એની દૃષ્ટિ કરવાથી, શુદ્ધનયનો આદર કરવાથી એકલો ચૈતન્ય એકત્વમાં પ્રકાશમાન થાય છે. જુઓ! **'પ્રકાશતો, શુદ્ધનયપણે અનુભવાય છે.'** પણ બાહ્ય લક્ષમાં આવે છે, અંતર્મુખ નહિ થઈને બહિર્ બંધ પર્યાયનું લક્ષ કરવાથી અંદર નવ તત્ત્વના વિકલ્પની ઉત્પત્તિ થાય છે.

વસ્તુ છે તે અંતર્મુખ છે. સમજાય છે કાંઈ? ચૈતન્યબિંબ, અનંત ગુણનો પિંડ અંતર્મુખ છે. અંતર્મુખ દૃષ્ટિ કરવાથી શુદ્ધનયથી જોવામાં આવે તો એકલો આત્મા પ્રકાશમાન જોવામાં આવે છે. એનું નામ ભૂતાર્થદૃષ્ટિથી આત્મા જાણ્યો અને એનું નામ સમ્યગ્દર્શન અને અનુભૂતિ કહે છે. સમજાય છે કાંઈ? **'એમ તે, એકપણે પ્રકાશતો,...'** બહિર્દૃષ્ટિમાં નવ તત્ત્વના અંતર્મુખ સ્વભાવના ભાવને છોડીને એકલા પર તરફના લક્ષથી જીવ, અજીવ, પુણ્ય-પાપ નવ તત્ત્વના વિકલ્પની લાગણી જે ઉત્પન્ન થતી હતી તેનો ભાવ તો નવ તત્ત્વનો અનુભવ, એકાંત તેનો જ અનુભવ તે તો મિથ્યાત્વ છે. એમાંથી એક સ્વરૂપ ચિદાનંદ પ્રભુ જ્ઞાયક પ્રકાશમાન અંતર્મુખ દૃષ્ટિ કરવાથી **'એકપણે પ્રકાશતો,...'** એક સ્વરૂપે. પેલા નવ ભેદ પડતા હતા. બહિર્મુખ દૃષ્ટિમાં નવના વિકલ્પ ઉત્પન્ન થતા હતા તે અંતર્મુખ સ્વભાવની દૃષ્ટિ કરવાથી તે **'એકપણે પ્રકાશતો,...'** ઓહો..! **'શુદ્ધનયપણે અનુભવાય છે.'** શુદ્ધનયનો અર્થ ધ્રુવ સ્વભાવ ચૈતન્યમૂર્તિ જ્ઞાયકનો અંતર્મુખ (થઈને) અંતર આશ્રય કરીને અનુભવ કરવામાં આવે છે.

**'અને જે આ અનુભૂતિ છે...'** જુઓ! અનુભવાય છે. આહાહા..! ચૈતન્ય સ્વરૂપ બહિર્મુખ પર્યાયનું લક્ષ જે બહિર્મુખ હતું તેમાં નવ તત્ત્વના વિકલ્પ ઉઠતા હતા. એ તો અનાદિની દશા છે. એમાંથી એકત્વ, નવમાંથી ભિન્ન પાડી એકત્વ ચૈતન્યપ્રકાશમાં એકત્વ પ્રાપ્ત કરીને અનુભવ થાય છે તે અનુભવને અનુભૂતિ કહે છે. ઓ..હો..! સમજાય છે કાંઈ? **'તે આત્મખ્યાતિ (આત્માની ઓળખાણ) જ છે,...'** આ ટીકાનું નામ છે આત્મપ્રસિદ્ધિ. ટીકાનું નામ જ 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજે આત્મખ્યાતિ આપ્યું છે. ઈ આત્મપ્રસિદ્ધિ થઈ. એકરૂપ ચૈતન્યદ્રવ્ય તરફ અંતર્મુખ દૃષ્ટિ કરવાથી એકરૂપ પ્રતિભાસ થઈને જે અનુભવ થયો તેનું નામ આત્માની પ્રસિદ્ધિ થઈ. શુદ્ધ આનંદકંદ એકરૂપ છે એમ પર્યાયમાં અનુભવ થયો તો આત્માની પ્રસિદ્ધિ થઈ. ભારે વાત, ભાઈ! સમજાય છે કાંઈ?

અનુભૂતિ કહો, અનુભવ કહો, શુદ્ધનય અનુસાર દૃષ્ટિ કહો કે આત્મખ્યાતિ કહો. આ ચોથા ગુણસ્થાનની વાત છે. સમજાય છે કાંઈ? વસ્તુ એક છે કે નહિ? વસ્તુ એક છે કે નહિ? અનંત ગુણરૂપ એક છે કે નહિ? તો એની એકરૂપ દૃષ્ટિ થવાથી, એકરૂપ થવાથી પ્રસિદ્ધિ આત્માની શુદ્ધ ચિદાનંદ છે એવો પર્યાયમાં અનુભવ થયો. એ અનુભવ થયો કે આ આત્મા છે એમ પ્રતીતિ થઈ તેનું નામ સમ્યગ્દર્શન, અનુભૂતિ, અનુભવ કહેવામાં આવે છે. સ્વસંવેદન કહેવામાં આવે છે. નિર્વિકલ્પ સમાધિ તેને કહેવામાં આવે છે. તેને ભાવ મતિ શ્રુતજ્ઞાન કહેવામાં આવે છે, તેને વીતરાગી અવસ્થા કહેવામાં આવે છે. .. ઘણાં શબ્દ છે. 'દ્રવ્ય સંગ્રહ'માં ઘણાં લીધા છે. સમજાય છે કાંઈ? કેટલાય લીધા છે. ૬૮ કે એટલા બોલ અનુભૂતિના લીધા છે. 'દ્રવ્ય સંગ્રહ' નહિ હોય. નથી. ટીકામાં લીધા છે. 'દ્રવ્ય સંગ્રહ'માં છે. અનુભૂતિ કોને કોને કહેવી એના ઘણાં બોલ છે. અહીંયાં પુસ્તક નથી. સમજાય છે કાંઈ? 'દ્રવ્ય સંગ્રહ' છે ને? 'દ્રવ્ય સંગ્રહ'. એમાં પાછળ છે.

અહીં કહે છે, આ તો મૂળ વાત છે. એણે કદી એ દૃષ્ટિ કરી જ નથી. અને કઈ રીતે દૃષ્ટિ કરવી એની વિધિની રીત પણ સમજાણી નથી. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ એકરૂપ શુદ્ધ (છે). બાહ્ય દૃષ્ટિમાં તો પર્યાયમાં નવના ભેદ ઉત્પન્ન થાય છે એ આત્મા નથી, એ તો અનાત્મા છે. નવના ભેદ તો અનાત્મા છે. સમજાય છે કાંઈ? આત્મા તો નવ પ્રકારના વિકલ્પના અનુભવની દૃષ્ટિ છોડીને અંતર શુદ્ધનય દ્વારા અંતર સ્વભાવની એકતાને પકડીને જે અનુભવ કરવામાં આવે છે તેનું નામ સમ્યગ્દર્શન, અનુભવ અને આત્મખ્યાતિ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એ ચોથા ગુણસ્થાનથી આત્માની પ્રસિદ્ધિનો ડંકો વાગે છે. હું આત્મા શુદ્ધ આનંદકંદ છું એમ પર્યાયમાં અનુભવ થયો. હું વિકારરૂપ છું કે ભેદરૂપ છું કે નિમિત્તના સંગમાં છું એમ છે નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

વસ્તુ છે ને? વસ્તુ. વસ્તુ એક સમયમાં પૂર્ણ એકરૂપ શુદ્ધ તત્ત્વ છે. તત્ત્વ છે કે

નહિ? પદાર્થ છે કે નહિ? એકલો શીતળ શાંતરસનો કંદ છે કે નહિ? 'શુદ્ધ ચેતનાસિંધુ હમારો રૂપ હૈ'. શુદ્ધ ચેતના, શુદ્ધ ચેતના. એકલો આનંદનો સાગર આત્મા, તે તરફ અંતર્મુખ થઈને શુદ્ધનય, એ વસ્તુ સ્વરૂપ જ શુદ્ધનય અથવા જ્ઞાનનો અંશ તે તરફ જાય તે શુદ્ધનય, એમાં અનુભવ થાય છે. એકપણું પ્રકાશિત થાય છે, નવ નહિ પણ એકપણું પ્રકાશિત થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'ને આત્મખ્યાતિ તે સમ્યગ્દર્શન જ છે.'** જુઓ! આત્મખ્યાતિ તો જ્ઞાનની પર્યાયમાં પ્રસિદ્ધિ થઈ. અનુભૂતિની સાથે પ્રતીતિ થઈ તો એને જ સમ્યગ્દર્શન કહી દીધું. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન છે તો શ્રદ્ધાગુણની પર્યાય. અને આત્મખ્યાતિ અનુભૂતિ છે તે જ્ઞાનની પર્યાય છે. પણ જ્ઞાન અનુભૂતિ થઈ, ચેતનાનું ભાન (થયું કે) આ શુદ્ધ છે, સ્વરૂપ તરફ ઢળીને જે અનુભૂતિ (થઈ) તેને જ અહીંયાં સમ્યગ્દર્શન કહ્યું. સમજાય છે કાંઈ? કેમકે આત્મઅનુભૂતિ અને સમ્યગ્દર્શનનો એક સમયમાં અવિનાભાવ છે. સમજાય છે કાંઈ? કહ્યું હતું ને?

પરમબ્રહ્મ સ્વરૂપ, પરમ વિષ્ણુ સ્વરૂપ, પરમ શિવ સ્વરૂપ. એ પર્યાયને, હોં! બધું કહે છે. પરમ બુદ્ધ સ્વરૂપ, પરમ નિજ સ્વરૂપ. સમજ્યા? સ્વસંવેદનજ્ઞાન, પરમ તત્ત્વજ્ઞાન, શુદ્ધાત્માનું દર્શન. તે જ ઉત્કૃષ્ટ અવસ્થારૂપ છે. પરમાત્માના દર્શન, પરમ તત્ત્વજ્ઞાન, શુદ્ધાત્મ જ્ઞાન, ધ્યાન, યોગ, શુદ્ધ પારિણામિકભાવ છે તે રૂપ છે, પારિણામિક ધ્યાનમાં પર્યાય આવી, હોં! ધ્યાનભાવ સ્વરૂપ, શુદ્ધ ચારિત્ર છે, અંતરંગ તત્ત્વ છે, એવા એવા ઘણાં બોલ છે. ઘણાં બોલ છે. સમજાય છે કાંઈ? ૬૫ છે. તે જ પરમ સમરસીભાવ છે. છેલ્લે લીધું છે. ટીકામાં ૬૫ બોલ લીધા છે. 'દ્રવ્ય સંગ્રહ' ૫૬ ગાથા. ૫૬ ગાથામાં લીધું છે. આચાર્યે ... ઘણી વાત સ્પષ્ટ કરી છે. આ શ્રુતજ્ઞાનને કહ્યું છે, હોં! સમજ્યા? એને આત્મપ્રતીતિ કહો, શુદ્ધ આત્માની અનુભૂતિ કહો, પરમજ્યોતિ કહો, સંવિતિ કહો, નિજ આત્માની પ્રાપ્તિ કહો, સંવિતિ નામ સાક્ષાત્કાર કહો, નિજ પદાર્થની પ્રાપ્તિ કહો, સમાધિ કહો, પરમાનંદ કહો, નિત્ય આનંદ કહો, સ્વભાવ ઉત્પન્ન થયો, આનંદ કહો, સહજાનંદ કહો. સમજ્યા? ભાવશ્રુત કહો, આ પરમસ્વાધ્યાય કહો. આહાહા..! સમજાય છે કાંઈ? શુદ્ધ ચૈતન્ય એકરૂપની અંતર દૃષ્ટિ કરીને અનુભવ કરવો તે જ પરમ સ્વાધ્યાય છે. આહાહા..! ... સ્વાધ્યાય છે એ તો વિકલ્પ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

નિશ્ચય મોક્ષનો ઉપાય છે, એકાગ્ર ચિંતા નિરોધ છે, પરમ જ્ઞાન શુદ્ધઉપયોગ. જુઓ! શુદ્ધઉપયોગ કહ્યું. ચોથે શુદ્ધઉપયોગ છે. અહીંથી શરૂ થઈ ગયો. કાયમ રહેતો નથી. અનુભવના કાળમાં તો શુદ્ધઉપયોગ છે. અંતરમાં જ્ઞાતા ઉપરની દૃષ્ટિથી ભેદ દૃષ્ટિ છૂટી ગઈ, અભેદનો અનુભવ થયો તે શુદ્ધઉપયોગ છે. સમજાય છે કાંઈ? જુઓ! પરમયોગ છે, ભૂતાર્થ છે, પરમાર્થ છે, જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્ય ખરો આચાર છે. ખરો આચાર ઈ છે. સમયસાર છે,

અધ્યાત્મસાર છે, નિશ્ચય છ આવશ્યક છે, અભેદ રત્નત્રય છે, વીતરાગ સામાયિક છે, પરમશાંત, મંગલ વગેરે.. વગેરે. ઘણાં બોલ લીધા છે. ઓહો..! સમજાય છે કાંઈ?

ભાવનારૂપ છે, અમૃતરૂપ છે, પરમ અદ્વૈત છે. ધર્મધ્યાન છે, એ શુક્લધ્યાન છે. સ્થિરતા આગળ વધી ગઈ તો શુક્લધ્યાન છે. શાસ્ત્રનો મૂળ સ્વાધ્યાય ઘટી ગયો. અને સ્વાધ્યાય મૂળ જે અધ્યાત્મ સ્વાધ્યાય થવો જોઈએ તે ઘટી ગયો. બહારના બીજા સ્વાધ્યાયમાં તત્ત્વજ્ઞાનની આટલી સ્પષ્ટતા નથી. બીજામાં કોઈ પુણ્યની વાત બતાવે ચરણાનુયોગમાં, કથાનુયોગમાં... આ વાત ભગવાન આત્મા દ્રવ્યાનુયોગમાં વસ્તુ દ્રવ્ય જે કહ્યું એવો અંતરમાં બોધ થયા વિના કદી સમ્યગ્દર્શન અનુભૂતિ થતી નથી. અને એ સિવાય કદી એને ચારિત્ર, વ્રત, તપ, નિયમ સાચા હોતા નથી.

મુમુક્ષુ :- આ કાળમાં ..

ઉત્તર :- આ કાળમાં ત્રણે કાળમાં હોતા નથી. 'એક હોય ત્રણ કાળમાં (પરમારથનો પંથ).' હલકો કાળ એટલે? કેવળજ્ઞાન માટે હલકો કાળ. એમ લખ્યું છે 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. એ પ્રશ્ન ઉઠ્યો છે કે આ કાળમાં ન થાય. એવો જ પ્રશ્ન ત્યાં છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'. આ કાળ નીચ છે, હિન છે તો કેવળજ્ઞાન માટે હિન છે. શું સ્વરૂપના અનુભવ માટે હિન છે? એમાં લખ્યું છે. ક્યાં લખ્યું છે એ કંઈ ખબર નથી. સમજાય છે કાંઈ? ક્યાંક ધ્યાન કરવાની વાત છે, ભાઈ! સાતમામાં હશે. દોષ કાઢ્યા છે એમાં હશે. દ્રવ્યાનુયોગના દોષ કાઢ્યા ત્યાં હશે. જુઓ! અહીં છે, આ રહ્યું, લ્યો. આ શબ્દ પણ આવ્યા, જુઓ! '**શંકા :- આ કાળ નિકૃષ્ટ (હલકો) છે માટે ઉત્કૃષ્ટ અધ્યાત્મના ઉપદેશની મુખ્યતા ન કરવી.**' 'ટોડરમલજી'એ તો ઘણી વાત લીધી છે.

'**સમાધાન :- આ કાળ સાક્ષાત્ મોક્ષ નહિ થવાની અપેક્ષાથી નિકૃષ્ટ છે પણ આત્માનુભવનાદિક સમ્યક્ત્વાદિક હોવાની આ કાળમાં મના નથી,...**' બધાના કાંડા ઝાલ્યા છે. વૈદ્ય છે ને. બધાની નાડ પકડી છે. ના પાડે છે. ૩૦૪ પાનું ગુજરાતીમાં છે. '**માટે આત્માનુભવનાદિ અર્થે દ્રવ્યાનુયોગનો અભ્યાસ અવશ્ય કરવો.**' સમજાય છે કાંઈ? ભગવાન 'કુંદકુંદાચાર્ય'નું દૃષ્ટાંત આપ્યું છે. '**अज्ज वि तिरयणसुद्धा**' ભગવાન 'કુંદકુંદાચાર્ય' કહે છે, '**આજ પણ ત્રિરત્ન વડે શુદ્ધ જીવ આત્માને ધ્યાવી સર્વલોકમાં વા લૌકાંતિકમાં દેવપણું પ્રાપ્ત કરે છે.**' 'કુંદકુંદાચાર્ય' કહે છે, ગાથા-૭૭. 'અષ્ટપાહુડમાં મોક્ષપાહુડ'માં. મોક્ષપાહુડમાં ગાથા-૭૭માં કહ્યું, '**अज्ज वि तिरयणसुद्धा**' ત્રણ રત્ન શુદ્ધ અત્યારે પણ થાય છે. કેવળજ્ઞાન નથી થતું. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની મનાઈ છે? સમજાય છે કાંઈ? તો નિકૃષ્ટ નિકૃષ્ટ કરીને આવા દ્રવ્યાનુયોગનો અભ્યાસ અને અનુભવ છોડી દેવો કે નહિ થાય, નહિ થાય, શું છે? તારે વિષયકષાયરૂપ રહેવું છે? સમજાય છે કાંઈ? ઘણી વાત કરી છે. દ્રવ્યાનુયોગનો ઉપદેશ જરૂરનો છે. ગધેડાની વ્યાખ્યા ત્યાં આવી. ગધેડો સાકર ખાય છે ને? ઈ જ છે.

'દ્રવ્યાનુયોગમાં દોષ-કલ્પનાનું નિરાકરણ'. સાકર ખાતાં ગધેડો મરી જાય તો મનુષ્યો કાંઈ સાકર ખાવાનું છોડે નહિ. એના પછી આ વાત છે. છોડી દે? સમજાય છે કાંઈ?

અધ્યાત્મ ભગવાન ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ દેવાધિદેવે જે આત્મા કહ્યો, એમણે તારો આત્મા આવો જ જોયો છે. તારો આત્મા ભગવાને આવો જોયો છે. કર્મરહિત જોયો છે, કેમકે કર્મ તો અજીવ છે, શરીર અજીવ છે. ભગવાને એમ શરીર સહિત જોયું છે? પુણ્ય-પાપના પરિણામ આસ્રવ છે. તેનાથી રહિત ભગવાને તારા આત્માને શુદ્ધ આનંદકંદ જોયો છે. સમજાય છે કાંઈ? આસ્રવતત્ત્વ. આસ્રવતત્ત્વ રૂપ ભગવાને આત્માને જોયો છે? અજીવતત્ત્વ રૂપ જોયો છે ભગવાને? ભગવાન સર્વજ્ઞે શું જોયું છે અંદરમાં? આત્મા. તો આત્મા કોને કહ્યો? પુણ્ય-પાપ તો આસ્રવતત્ત્વ છે. શરીર, કર્મ અજીવ છે. તેનાથી રહિત આત્માને ભગવાને જોયો છે કે આ તારો આત્મા છે. તારો આત્મા એવો છે એમ ભગવાને કહ્યું છે અને જોયો છે. તું એમ જો. સમજાય છે કાંઈ?

હું પુણ્ય-પાપ આસ્રવ અને શરીરાદિથી રહિત છું. એમ અંતરમાં ભેદને છોડીને અભેદની દૃષ્ટિ કરીને આત્માનો અનુભવ કરવો. તે આત્મખ્યાતિ છે, તે સમ્યગ્દર્શન છે. **'આ રીતે આ સર્વ કથન નિર્દોષ છે-...'** 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજ કહે છે, જુઓ! **'इति समस्तमेव निरवद्यम'**. **'निरवद्यम'** છે-યથાર્થ વાત છે એમ કહે છે. સર્વજ્ઞે કહેલી વાત (યથાર્થ છે). લ્યો, અહીં તો હજી સમ્યગ્દર્શનની વાત કરે છે. અહીં ક્યાં હજી સંયમની કે છઠ્ઠા ગુણસ્થાનની વાત છે? અરે..! અહીં ચોથા ગુણસ્થાનની વાત છે.

મુમુક્ષુ :- ચાર દુ આઠ.

ઉત્તર :- આઠ થઈ ગયા ને. ચાર દુ આઠ, એમ. ચોથે ચાર, આઠ એટલે ડબલ. ભગવાન સ્વતંત્ર છે. અરે..! પ્રભુ! સમ્યગ્દર્શન એટલે તો.. ત્યાં બપોરે ન આવ્યું? આવ્યું ને? બંધ નહિ, બંધ નહિ. અજ્ઞાનથી થતા બંધને જ બંધ ગણવામાં આવ્યો છે. અસ્થિરતા-બસ્થિરતા આદિ છે એ તો બંધપંક્તિમાં ગણવામાં આવ્યું છે, જ્ઞાનપંક્તિમાં નહિ. આવે છે ને. ૭૨ ગાથાના ભાવાર્થમાં આવે છે. હવે આવશે, બપોરે આવશે.

ભગવાન આત્મા પોતાનો જ્ઞાન શુદ્ધ ચૈતન્યપ્રભુની દૃષ્ટિ કરીને આત્મખ્યાતિ સમ્યગ્દર્શન પ્રગટ કર્યું તો અજ્ઞાનનો બંધ જ નથી. બસ, બંધ નથી તો અસ્થિરતાનો થોડો બંધ છે તેને બંધપંક્તિમાં નાખી દીધો. જ્ઞાનપંક્તિના ભેદમાં એ આવતો નથી. સમજાણું? એ જ્ઞાનમાં જ્ઞેય થઈ ગયું. જેમ પરદ્રવ્ય જ્ઞેય છે તેમ જ્ઞેય છે. સમ્યગ્જ્ઞાનના જોરના કથનમાં ઈ આવે છે. નીચે અસ્થિરતા છે, ખ્યાલ છે. સમજાય છે કાંઈ?

**'આ રીતે આ સર્વ કથન...'** **'निरवद्यम'** છે. **'નિર્દોષ છે...'** વસ્તુનું જેવું સ્વરૂપ છે તેવો એ ભાવ છે. એમ કહેવામાં આવ્યું છે. જુઓ! મુનિ પંચ મહાવ્રતધારી સંત 'અમૃતચંદ્રાચાર્યદેવ'. ભાઈ! આને આત્મખ્યાતિ કહે છે, ભેદને આત્મખ્યાતિ નથી કહેતા.

આત્માની પ્રસિદ્ધિ શુદ્ધ સ્વભાવની એકત્વબુદ્ધિથી થાય છે. તે જ વાત નિર્દોષ '**निरवद्यम**' અને સત્ય છે, બીજી વાત સાચી નથી એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વ્યવહાર સત્ય નથી. આ સ્વભાવની અપેક્ષાથી. છે ભલે, વિકલ્પાદિ હો. અનુભૂતિની અપેક્ષાથી વ્યવહાર અસત્યાર્થ છે. આહા..! વ્યવહાર, વ્યવહારની અપેક્ષાથી હોય. જ્ઞાન કરવાની વસ્તુ છે. સમજાય છે કાંઈ? ભારે વાત.

**ભાવાર્થ :- 'આ નવ તત્ત્વોમાં, શુદ્ધનયથી જોઈએ તો,...'** એટલે કે ભેદમાંથી નીકળીને. એમ એનો અર્થ છે. '**તો, જીવ જ એક ચૈતન્યચમત્કારમાત્ર પ્રકાશરૂપ પ્રગટ થઈ રહ્યો છે.**' ભાવાર્થ, ભાવાર્થ. એકલો જાણન.. જાણન.. જાણન.. જાણન.. જાણન સત્ એવો એકલો જ્ઞાયકભાવ જ એકરૂપ પ્રસિદ્ધ થઈ રહ્યો છે. '**તે સિવાય જુદાં જુદાં નવ તત્ત્વો કાંઈ દેખાતાં નથી.**' જુઓ! અંતર્મુખનું જ્ઞાન કરવાથી નવ ભેદ દેખાતા નથી. નવ ભેદ બહિર્મુખની દૃષ્ટિ કરવાથી નવ પ્રકારના વિકલ્પ જોવામાં આવે છે. અંતર્મુખમાં એ નવ તત્ત્વના ભેદ દેખાતા નથી. ભારે ટીકા કરી છે ને.

'જ્યાં સુધી આ રીતે જીવતત્ત્વનું જાણપણું જીવને નથી ત્યાં સુધી...' જ્યાં સુધી આ રીતે જીવતત્ત્વનું (અર્થાત્) ભગવાન જ્ઞાયકસ્વરૂપ એકરૂપ છે, એવું અંતરનું જીવને જ્ઞાન નથી ત્યાં સુધી એ વ્યવહાર દૃષ્ટિ છે. વ્યવહાર દૃષ્ટિ નામ બહિર્ દૃષ્ટિ છે. બહિર્ દૃષ્ટિ નામ અનાદિની દૃષ્ટિ છે એકલી વ્યવહાર દૃષ્ટિ છે, સમ્યગ્દર્શન છે નહિ.

મુમુક્ષુ :- વ્યવહાર દૃષ્ટિ...

ઉત્તર :- એ વ્યવહાર દૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિ નથી, મિથ્યાદૃષ્ટિ છે. એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં વ્યવહાર આવ્યો? વ્યવહાર-ફ્યવહાર આવ્યો ક્યાંથી? મૂઢ દૃષ્ટિ છે. અહીં વ્યવહાર મૂઢ કહે છે. ભેદ દૃષ્ટિ છે, એકાંત દૃષ્ટિ છે, મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- પહેલો વ્યવહાર વિના...

ઉત્તર :- પહેલો વ્યવહાર ક્યાંથી આવ્યો?

સીધી રાગ રહિત ચૈતન્યની એકતા બુદ્ધિ થાય છે તેનું નામ નિરપેક્ષ, પરની અપેક્ષા વિનાનું સમ્યગ્દર્શન કહે છે. માર્ગ આવો છે, ભાઈ! નિરાલંબી નિરપેક્ષ રાગથી ભિન્ન. સમજાય છે કાંઈ? મિથ્યાદૃષ્ટિ છે અહીં તો.

'**જ્યાં સુધી આ રીતે જીવતત્ત્વનું જાણપણું જીવને નથી ત્યાં સુધી તે વ્યવહારદૃષ્ટિ છે, જુદાં જુદાં નવ તત્ત્વોને માને છે.**' એમાં એકરૂપની દૃષ્ટિ થઈ નહિ. '**જીવ-પુદ્ગલના બંધપર્યાયરૂપ દૃષ્ટિથી આ પદાર્થો જુદા જુદા દેખાય છે.**' જુઓ! જીવ અને પુદ્ગલની બંધપર્યાયની અપેક્ષાથી જુઓ તો નવ નવ ભિન્ન ભિન્ન દેખાય છે. '**પણ જ્યારે શુદ્ધનયથી**

**જીવ-પુદ્‌ગલનું નિજસ્વરૂપ જુદું જુદું...**' ઈ દ્રવ્ય જુદું, આ દ્રવ્ય જુદું. એમ '**જોવામાં આવે ત્યારે એ પુણ્ય, પાપ આદિ સાત તત્ત્વો કાંઈ પણ વસ્તુ નથી;...**' ચૈતન્ય ભગવાન જ્ઞાયક સ્વરૂપમાં એકરૂપમાં અનુભવ કરવાથી નવ કોઈ વસ્તુ જ નથી. એકમાં નવ આવતા જ નથી, નવમાં એક છે જ નહિ. એકમાં એક છે. આ કથની પણ અત્યારે ઘસાઈ ગઈ. લોકોને આ કથની સાંભળીને એમ લાગે છે કે, આ નિશ્ચય છે, નિશ્ચય છે. નિશ્ચય એટલે સત્ય. નિશ્ચય એટલે '**निरवद्यम**'. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અરે..! ચોથા ગુણસ્થાનની કથની છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને કથન ક્યાં સાંભળવું છે? અહીં તો હજી મિથ્યાદૃષ્ટિ છે એને કહે છે કે તારો એકરૂપ અનુભવ કરવો તે સમ્યક્ છે. એમ કહે છે અહીંયાં તો. અજ્ઞાનીને તો સમજાવે છે, જેણે સાંભળ્યું નથી તેને સંભળાવે છે. એ તો પહેલા આવી ગયું. શ્રુત પરિચિત અનુભૂત.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાતમાવાળાને શું સંભળાવવું છે? સમજાય છે કાંઈ? અનાદિ અપ્રતિબુદ્ધ જીવને સમજાવ્યું છે. સમજાય છે કાંઈ? એ ગાથા આગળ આવી ગઈ. આ કેટલામી છે? ૧૩મી. ૩૮મી ગાથામાં છે ને? વારંવાર સમજાવે છે. ૩૮, ૩૮ જુઓ! છેલ્લે જીવનું પૂરું થાય છે ને ૩૮ ગાથા? '**જે, અનાદિ મોહરૂપ અજ્ઞાનથી ઉન્મત્તપણાને લીધે અત્યંત અપ્રતિબુદ્ધિ હતો...**' (ટીકાની) પહેલી લીટી છે. જીવનો (અધિકાર) પૂરો કરે છે ત્યાં. જીવ (અધિકારની) ૩૮ ગાથા છે ને? પછી ૩૯ ગાથાથી અજીવ ચાલે છે. ૩૮ ગાથા, ૮૨ પાનું. ટીકાની પહેલી લીટી. '**જે, અનાદિ મોહરૂપ અજ્ઞાનથી ઉન્મત્તપણાને લીધે અત્યંત અપ્રતિબુદ્ધ હતો અને વિરક્ત ગુરુથી નિરંતર સમજાવવામાં આવતાં...**' જુઓ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વિરક્ત નામ રાગથી નિવૃત્ત છે. સ્વરૂપનું ભાન છે ઈ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નહિ, નહિ, નહિ. વિરક્ત ગુરુનો અર્થ આ. દ્રવ્યલિંગી હોતા જ નથી. વિરક્ત નામ રાગથી રહિત આત્મામાં એકત્વ બુદ્ધિ થઈ છે તેના દ્વારા સમજાવવામાં આવતા. દ્રવ્યલિંગિથી નહિ, નિમિત્ત નથી હોતા. સમ્યગ્દર્શનમાં એવા નિમિત્ત નથી થતા. શું કહ્યું છે? જુઓને!

'**વિરક્ત ગુરુથી નિરંતર સમજાવવામાં આવતાં જે કોઈ પ્રકારે (મહાભાગ્યથી) સમજી, સવધાન થઈ, જેમ કોઈ મૂઠીમાં રાખેલું સુવર્ણ ભૂલી ગયો હોય...**' ... અહીં તો અનાદિ મોહ અજ્ઞાન ઉન્મત્તતાને કારણે. એટલા તો શબ્દ વાપર્યા છે. અને અનાદિ અજ્ઞાનથી ઉન્મત્તતાને

કારણે અત્યંત અપ્રતિબુદ્ધ હતો. એને સમજાવ્યો. ૩૮માં જીવ અધિકાર પૂરો કરે છે. પછી ૩૯માં (અજીવ અધિકાર લ્યે છે). સમજાય છે કાંઈ? વારંવાર સમજાવ્યો, હોં! **'ગુરુથી નિરંતર સમજાવવામાં આવતાં જે કોઈ પ્રકારે (મહાભાગ્યથી) સમજી,...'**

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ તો કહે છે, ગુરુથી નિરંતર સમજાવવામાં આવતાં, એની વ્યાખ્યા શું? રોજ સમજાવવાની વ્યાખ્યા છે? નવરા છે? એની વ્યાખ્યા ઈ કે જે સાંભળ્યું છે એને વારંવાર યાદ કરે છે તેનું નામ ગુરુએ વારંવાર સમજાવ્યું. ગુરુ તો અમુક વખતે બેઠા હોય. ધ્યાનમાં બેઠા હોય. અહીં તો પાઠ એવો છે '**નિરંતર સમજાવવામાં આવતાં...**' કરો અર્થ.

મુમુક્ષુ :- ..રોજ સમજાવવું પડે.

ઉત્તર :- રોજ સમજાવવું પડે ક્યાંથી? નવરા છે ઈ? સમજાય છે કાંઈ? પણ સમજનારને વારંવાર રટણ થાય છે તો એને ગુરુએ નિરંતર સમજાવ્યો એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જવાબદારી કોઈની નથી. જવાબદારી એની પોતાની છે. નિરંતર સમજાવે ક્યાં? ગુરુ નિરંતર (સમજાવે)? સાધુ હોય તો સપ્તમ ગુણસ્થાનમાં પણ કહે છે? ધ્યાનમાં રહે અને લોકોને સમજાવે? કોઈ વખતે ધર્મલોભી જીવને સમજાવવાની ઈચ્છા થાય છે તો સમજાવે છે. કોઈ વખતે ધર્મલોભીને. આવે છે ને? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે. ધર્મલોભી જીવ છે એવું દેખાય તો સમજાવવાની ઈચ્છા થાય છે. નિરંતર ક્યાંથી થાય? અહીંયાં તો સમજનાર છે તે સમજાવનારની રીતનું વારંવાર રટણ કરે છે. તેથી ગુરુ દ્વારા નિરંતર સમજાવ્યો એમ કહેવામાં આવે છે. એમ આખી વાતમાં ફેર છે, ભાઈ! શબ્દના અર્થમાં ફેર છે. આચાર્યની શૈલી કોઈ એવી છે. એમ ને એમ સીધો અર્થ કરે, નિરંતર સમજાવવામાં આવતાં. તો પાંચ-દસ વર્ષ નિરંતર સમજાવે? મુદત કેટલી? એ સમજે ત્યાં સુધી, નિરંતર રટણ કરે ત્યાં સુધી, એમ. સમજાય છે કાંઈ?

કહ્યું ને? 'કુંદકુંદાચાર્યે' અમારા ગુરુએ અમારા ઉપર મહેરબાની કરીને. પાંચમી ગાથામાં કહ્યું. 'કુંદકુંદાચાર્ય'. શુદ્ધાત્મ તત્ત્વનો ઉપદેશ આપ્યો. બસ, એટલું. અમારા ગુરુએ અનુગ્રહ કરીને અમારી ઉપર સર્વજ્ઞ મહારાજથી ચાલી આવતી વાણી. ભગવાને પણ એમ કહ્યું. પરગુરુ, અપરગુરુ અમારા ગુરુ પર્યંત બધાએ અમારી ઉપર અનુગ્રહ કરીને-કૃપા કરીને શુદ્ધ તત્ત્વનો ઉપદેશ આપ્યો. શુદ્ધ ભગવાન આત્મા, એવો ઉપદેશ આપ્યો. એટલો ઉપદેશ આપ્યો તો અમે સમજી ગયા. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ઈ તો મહાપુરુષને .. અમારા જેવાને શું?

ઉત્તર :- ઈ કહે છે, ઈ ભાષાનો અર્થ એણે વારંવાર વિચાર કરવો. વારંવાર એણે વિચાર કરવો. વારંવાર મનન કરવું. જે ઉપદેશ સાંભળ્યો છે તેનું વારંવાર રટણ કરવું. એવી

વાત છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કહેલું છે. બરાબર પકડ્યું. તેનું કહેલું જ એ નિરંતર સમજે છે. અહીંયાં દ્રવ્યલિંગી નથી. અહીં તો એકલા ભાવલિંગી સંત છે તે જ સમજાવે છે. સમજાય છે કાંઈ? ત્યારે એની દેશના નિમિત્ત પડે છે. પહેલાં પણ આવ્યું છે. પહેલાં ત્રીજી ગાથામાં આવ્યું છે. પોતે સમજ્યો નથી અને આત્મજ્ઞાનીની સેવા કરી નથી. એમ ત્રીજી ગાથામાં આવ્યું છે. આત્મજ્ઞાનીની સેવા કરી નથી એમ કહ્યું છે. ત્રીજી ગાથામાં આવ્યું છે. ત્રીજી જુઓ! અહીં તો બધા ખુલાસા એકે એક થયા છે. આહાહા..! જુઓ! ચોથી, ચોથી. '**પોતામાં અનાત્મજ્ઞપણું હોવાથી (-પોતે આત્માને નહિ જાણતો હોવાથી) અને બીજા આત્માને જાણનારાઓની સંગતિ-સેવા નહિ કરી હોવાથી,...**' (ટીકામાં છેલ્લે) ભાવાર્થની ઉપર છે. '**બીજા આત્માને જાણનારાઓની સંગતિ-સેવા નહિ કરી હોવાથી,...**' જાણનારાઓ. પોતાને તો જ્ઞાન છે નહિ, પણ આત્મજ્ઞાનીની સેવા કરી નહિ. સેવા કરી નહિ એનો અર્થ યથાર્થ રીતે એની રુચિ ન થઈ, સાંભળવાથી રુચિ ન થઈ. તો આત્મજ્ઞાનીનું સાંભળવું એ જ ત્યાં આવે છે.

મુમુક્ષુ :- મુનિ...

ઉત્તર :- મુનિ.. ભાવ એવો છે. નામ પાડવાથી શું થયું? કહો, સમજાય છે કાંઈ? શું કહે છે? જુઓ!

'**જીવ-પુદ્‌ગલનું નિજસ્વરૂપ જુદું જુદું જોવામાં આવે ત્યારે એ પુણ્ય, પાપ આદિ સાત તત્ત્વો કાંઈ પણ વસ્તુ નથી; નિમિત્ત-નૈમિત્તિક ભાવથી થયાં હતાં તે નિમિત્ત-નૈમિત્તિક ભાવ જ્યારે મટી ગયો ત્યારે જીવ-પુદ્‌ગલ જુદાં જુદાં હોવાથી બીજી કોઈ વસ્તુ (પદાર્થ) સિદ્ધ થઈ શકતી નથી.**' એકલો આત્મા સિદ્ધ થઈ ગયો. શુદ્ધ આત્મા અભેદ પોતાની દૃષ્ટિમાં આવી ગયો. પુદ્‌ગલ જુદું પડી ગયું. '**વસ્તુ તો દ્રવ્ય છે ને દ્રવ્યનો નિજભાવ દ્રવ્યની સાથે જ રહે છે...**' શુદ્ધ સ્વભાવની એકતા તે દ્રવ્ય સાથે રહી ગઈ. નવના ભેદનો વિકલ્પ છૂટી ગયો. '**તથા નિમિત્ત-નૈમિત્તિક ભાવનો તો અભાવ જ થાય છે, માટે શુદ્ધનયથી જીવને જાણવાથી જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ શકે છે.**' જુઓ! '**જ્યાં સુધી જુદા જુદા નવ પદાર્થો જાણે, શુદ્ધનયથી આત્માને જાણે નહિ ત્યાં સુધી પર્યાયબુદ્ધિ છે.**' ત્યાં વ્યવહાર દૃષ્ટિ કહી હતી, અહીંયાં પર્યાયબુદ્ધ કહી. માથે (કહ્યું હતું), ત્યાં સુધી વ્યવહાર દૃષ્ટિ છે, ત્યાં સુધી પર્યાયબુદ્ધિ છે, ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે. એકલી વ્યવહાર દૃષ્ટિ છે. સ્વભાવનું ભાન થઈને વ્યવહારને જાણે એ જુદી વાત છે, આ તો એકલો વ્યવહારની વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આશ્રય-બાશ્રય નથી. વ્યવહારનો આશ્રય માનવો એ જ મિથ્યાત્વ છે. એનાથી

લાભ માનવો એ જ મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? આહાહા..! ઈ ગાથા થઈ. હવે એનો કળશ કહે છે. બોલો, પંડિતજી!

**चिरमिति नवतत्त्वच्छन्नमुन्नीयमानं**
**कनकमिव निमग्नं वर्णमालाकलापे।**
**अथ सततविविक्तं दृश्यतामेकरूपं**
**प्रतिपदमिदमात्मज्योतिरुद्योतमानम्।।८।।**

**શ્લોકાર્થ :-** '**આ રીતે નવ તત્ત્વોમાં ઘણા કાળથી છુપાયેલી આ આત્મજ્યોતિને,...**' ઢંકાઈ ગઈ હતી, જુઓ! નવ તત્ત્વના વિકલ્પમાં ભગવાન એકરૂપ ઢંકાઈ ગયો હતો. આહાહા..! કર્મથી ઢંકાયેલો હતો એમ નહિ. હું જીવ છું અને આ અજીવ છે ને આ આસ્રવ છે ને પુણ્ય છે-એવા નવ તત્ત્વના પર્યાયબુદ્ધિથી વિકલ્પ જે ઉઠાવે છે એમાં ભગવાન એકરૂપ ઢંકાઈ ગયો હતો. આહાહા..! '**નવ તત્ત્વમાં ઘણા કાળથી છુપાયેલી આ આત્મજ્યોતિ,...**' '**શુદ્ધનયથી બહાર કાઢી પ્રગટ કરવામાં આવી છે.**' એક સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે એમ દેખાડીને બતાવ્યું કે આ આત્મા. નવ તત્ત્વના ભેદ કરવા તે આત્મા નહિ.

'**જેમ વર્ણોના સમૂહમાં છુપાયેલા...**' સોનું હોય ને? સોનું. કુલડી. કુલડીને શું કહે છે? આ સોનીની ... કરે છે ને? વર્ણમાલા ઉત્પન્ન થાય છે ને? રંગ. સોનાને અગ્નિ દે છે ને. તો રંગ ઉત્પન્ન થાય છે. એમાંથી સોનું કાઢી લીધું, એકલું સોનું. કુલડી નથી હોતી? કુલડીમાં નાખીને (તપાવે). જે તમારો શબ્દ હોય ઈ. એકાકાર સુવર્ણને બહાર કાઢે છે. અગ્નિનો તાપ દઈને જેવી વર્ણમાલા ભિન્ન ભિન્ન છે એમાંથી એકલું સોનું બહાર કાઢે છે.

'**માટે હે ભવ્ય જીવો!**' જુઓ! નવ તત્ત્વના વિકલ્પ એ વર્ણમાલા સમાન છે. એમાંથી એક આત્મા કાઢવો તે આત્મા છે. આહાહા..! '**વર્ણોના સમૂહમાં છુપાયેલા એકાકાર...**' જુઓ! વર્ણના રંગ જે ઊઠે છે કથીર કે તાંબુ, એની અંદર છુપાયેલું સોનું ભિન્ન એકાકાર છે. એમ બંધપર્યાયની દૃષ્ટિથી નવ તત્ત્વના વિકલ્પ ઉઠે છે પણ ભગવાન ચૈતન્ય એકાકાર ઢંકાયેલો છે. '**હે ભવ્ય જીવો! હંમેશાં આને અન્ય દ્રવ્યોથી તથા તેમનાથી થતા નૈમિત્તિક ભાવોથી ભિન્ન,...**' વિકાર આદિ ભાવથી ભિન્ન '**એકરૂપ દેખો.**' આહા..! ચૈતન્યનું અંતર સ્વરૂપ એકાકાર જ્ઞાયકરૂપ દેખો. અંતર સ્વભાવ એકરૂપ જ્ઞાયકરૂપ દેખો. તે જ સમ્યગ્દર્શન છે. સમજાય છે કાંઈ? '**આ (જ્યોતિ)...**'

મુમુક્ષુ :- કળશટીકામાં..

ઉત્તર :- કળશટીકા એમાંથી? '**चिरमिति नवतत्त्व**'. શું કહ્યું છે? જુઓ! '**જીવદ્રવ્યનું શુદ્ધ જ્ઞાનમાત્ર,...**' '**आत्मज्योतिः दृश्यताम्**' એનો અર્થ થાય છે. '**જીવદ્રવ્યનું શુદ્ધ જ્ઞાનમાત્ર,...**' '**दृश्यताम्**' 'સર્વથા અનુભવરૂપ હો.' દેખો! '**दृश्यताम्**'નો અર્થ આ. દેખો, દેખોનો અર્થ '**સર્વથા અનુભવરૂપ હો.**' અનુભવરૂપ હો. ભાષા કેવી છે! સર્વથા. '**કેવી છે**

**આત્મજ્યોતિ?' 'चिरमिति नवतत्त्वच्छन्नं, अथ सततविविक्तं' 'આ અવસરે નાટ્યરસની પેઠે એક જીવવસ્તુ આશ્ચર્યકારી અનેક ભાવરૂપ એક જ સમયે દેખાય છે, એ જ કારણથી આ શાસ્ત્રનું નામ નામક સમયસાર છે. તે જ કહે છે-અમર્યાદ કાળથી જો વિભાવરૂપ રાગાદિ પરિણામ-પર્યાયમાત્ર વિચારવામાં આવે તો..'** અમર્યાદ અનાદિ કાળથી વિકારની પર્યાયથી ભેદથી વિચારવામાં આવે તો **'જ્ઞાનવસ્તુ પૂર્વોક્ત જીવાદિ નવ તત્ત્વરૂપે આચ્છાદિત છે.'** વિકલ્પના નવ તત્ત્વના ભેદથી ભગવાન ચૈતન્યમૂર્તિ એકરૂપ ઢંકાયેલો છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- .. ઢંકાઈ ગયો?

ઉત્તર :- હા, વિકલ્પની આડમાં ઢંકાઈ ગયો. ધુમાડો નીકળે ને? ધુમાડો. ધુમાડામાં ઢંકાઈ ગયો. ... લાપસી જ્યારે રાંધે ને? લાપસી સમજો છો? કંસાર. કંસાર કહે છે? શું કહે છે? હલવા નહિ. લાપસી કરે ને? નવું વર્ષ બેસે ત્યારે માંગલિક માટે જમવામાં નથી બનાવતા? શું કહે છે? તમારું હિન્દીમાં નામ નથી? કંસાર કહે છે ને. ઘંઉના લોટને બરાબર કરીને શેકે છે ને. હલવો તો શિરાને કહેવાય. લાપસી.. લાપસી કહે છે.

મુમુક્ષુ :- લાપસી કહે છે.

ઉત્તર :- લાપસી તો કહીએ છીએ. ઘઉંના લોટને બાફે છે... લુપરી નહિ. સાંભળો, સાંભળો. ઘઉંના લોટમાં ગોળ નાખીને, વેલણ નાખીને બરાબર.. વેલણ સમજો છો? વેલણ હોય ને? વેલણ. સ્ત્રી એને ઘૂંટે છે. નહિતર લોટના .. બાજી જાય. ગાંઠા થઈ જાય. સાંભળ્યું છે કે નહિ? જોયું છે કે નહિ કોઈ દિ'? લોટમાં (વેલણ) નાખીને ઘૂંટે છે. કારણ કે લોટના ગાઠા થઈ જાય. એની લાપસી પોચી થાય. જે તપેલામાં હોય પણ એની નીચે લીલા લાકડા હોય તો એમાંથી ધુમાડો નીકળે. આખા ચુલામાં ધુમાડો જ દેખાય. લાપસી તો અંદર રહી ગઈ. બહાર ધુમાડો જ દેખાય છે. અંદર લાપસી છે એની ખબર નથી.

એમ આત્મા ચિદાનંદ ભગવાન જ્ઞાનમૂર્તિ એકરૂપ સ્વભાવ લાપસી અંદર આનંદકંદ છે એ નવ તત્ત્વના વિકલ્પના ધુમાડામાં ઢંકાઈ ગઈ છે. અમે દૃષ્ટાંત દઈએ એમાં કાઠિયાવાડી ભાષા હોય તો બરાબર કહેવાય. તમારી ભાષા તો ગોતવી પડે. લાપસી કરે છે, લાપસી. તપેલું હોય ને? તપેલું. ચુલા ઉપર તપેલું હોય ને. ભીના લાકડા હોય તો અગ્નિમાંથી ધુમાડો નીકળે. ચુલામાં ચારે બાજુ ધુમાડો ધુમાડો દેખાય. લાપસી તો અંદર રહી ગઈ. એમ ભગવાન ચૈતન્ય આનંદકંદ આખો પડ્યો છે એ નવ તત્ત્વના વિકલ્પમાં ઢંકાઈ ગયો છે. સમજાય છે કાંઈ? અમારી ગુજરાતી ચાલતી હોય ત્યારે દૃષ્ટાંત પણ ગુજરાતીમાં ચાલે. ઈ ચાલે તો સ્પષ્ટ ચાલે. સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા એક સ્વરૂપે અતીન્દ્રિય આનંદમય મૂર્તિ પ્રભુ છે. એ નવ તત્ત્વના ભેદથી આચ્છાદિત છે. ઢંકાઈ ગયો છે. પોતાને કારણે, હોં! પરને કારણે નહિ. વિકલ્પ

ભેદ ઉઠાવ્યો. જીવ છું ને આ અજીવ છે, આસ્રવ છે ને પુણ્ય છે ને પાપ છે એમ બંધપર્યાય ઉપર લક્ષ હોવાથી નવ પ્રકારના વિકલ્પ ઉઠાવ્યા. વિકલ્પ ઉઠાવ્યા એમાં એકરૂપ ઢંકાઈ ગયો છે. પોતાને કારણે છે, કર્મને કારણે નહિ. આહાહા..! કર્મ જડ છે. 'કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતિ પાઈ.' અગ્નિ એકલી હોય તો ઘણ મારે છે? નહિ મારે, એકલી અગ્નિને ઘણ નહિ મારે. અગ્નિ લોઢામાં પેસે તો ઘણ મારે. એમ ભગવાન આત્મા કર્મનો સંગ કરે તો રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે. સ્વભાવમાં થતા નથી. સંગ કરે તો ઉત્પન્ન થાય છે, તો દુઃખી થાય છે. સમજાય છે કાંઈ?

નવ તત્ત્વના વિકલ્પમાં ભગવાન ચૈતન્ય સ્વરૂપ એકરૂપ ઢંકાઈ ગયો. અનેકતાના લક્ષમાં રહેવાથી એકરૂપ સ્વભાવ ઢંકાઈ ગયો છે, એમ કહે છે, લ્યો. સમજાય છે કાંઈ? જીવ, અજીવ નવ તત્ત્વના ભેદરૂપ, વ્યવહારરૂપ, પર્યાયરૂપ દૃષ્ટિમાં ત્રિકાળી જ્ઞાયક ભગવાન આચ્છાદિત થઈ ગયો. ઓઝલ થઈ ગયો, દૃષ્ટિમાંથી ઓઝલ થઈ ગયો. સમજાય છે કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે જીવવસ્તુ અનાદિ કાળથી ધાતુ અને પાષાણના સંયોગની પેઠે કર્મ-પર્યાય સાથે મળેલી જ ચાલી આવે છે અને મળી ચૂકી તે રાગાદિ વિભાવપરિણામો સાથે વ્યાપ્ય-વ્યાપકરૂપે સ્વયં પરિણમે છે.'** રાગાદિના પરિણામ વ્યાપ્ય રૂપે પરિણમી રહ્યા છે. બિલકુલ રાગરૂપ પરિણમી નથી એમ નથી. અનાદિથી રાગ-દ્વેષ વિકાર રૂપે પરિણમી રહ્યો છે. વિકારી પરિણામ વ્યાપ્ય અને આત્મા વ્યાપક એમ થઈ રહ્યું છે.

**'તે પરિણમન જોવામાં આવે...'** સમજ્યા? **'જીવનું સ્વરૂપ ન જોવામાં આવે, તો જીવવસ્તુ નવ તત્ત્વરૂપ છે એમ દૃષ્ટિમાં આવે છે.'** શું કહે છે? રાગરૂપ પરિણમે છે, પુણ્યરૂપ પરિણમે છે, આસ્રવરૂપ પરિણમે છે. એમ જો જોવામાં આવે, જીવનું ત્રિકાળી સ્વરૂપ ન જોવામાં આવે તો જીવ નવ તત્ત્વરૂપ પરિણમે છે. 'આવું પણ છે, સર્વથા જૂઠું નથી.' નવ તત્ત્વરૂપ પર્યાયમાં થયો નથી, એમ નથી. સમજાય છે કાંઈ? આહા..! નવ તત્ત્વ અશુદ્ધતામાં ન હોય તો એમાંથી કાઢીને શુદ્ધતા ક્યાંથી આવશે? સમજાય છે કાંઈ? નવ તત્ત્વ પર્યાયરૂપ છે પણ એ અશુદ્ધ છે, ભેદ છે. તેની દૃષ્ટિ કરવાથી તો મિથ્યાત્વ છે. આહાહા..! **'સર્વથા જૂઠું નથી. કેમકે વિભાવરૂપ રાગાદિ પરિણામશક્તિ જીવમાં જ છે.'** કહો, સમજાય છે કાંઈ?

**'જીવવસ્તુ દ્રવ્યરૂપ છે, પોતાના ગુણ-પર્યાયે બિરાજમાન છે. જો શુદ્ધ દ્રવ્યસ્વરૂપ જોવામાં આવે, પર્યાયસ્વરૂપ ન જોવામાં આવે તો કેવી છે? નિરંતર નવ તત્ત્વના વિકલ્પથી રહિત છે, શુદ્ધ વસ્તુમાત્ર છે. ભાવાર્થ આમ છે કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ સમ્યક્ત્વ છે.'** દેખો! ભગવાન એક સ્વરૂપ ચૈતન્ય, એ નવના વિકલ્પનું (લક્ષ) છોડી એક સ્વરૂપના અનુભવનું નામ સમ્યગ્દર્શન છે. જુઓ! અહીંયાં પણ લીધું છે. **'શુદ્ધ સ્વરૂપનો અનુભવ સમ્યક્ત્વ છે.'** આનંદનું થવું, આનંદનો સ્વાદ આવવો, સમ્યગ્દર્શનમાં આનંદ થાય છે તેનું

નામ અનુભવ અને સમ્યક્ છે. એકલો આત્મા માનવો માનવો શ્રદ્ધા થઈ, એમ નહિ. સમજાય છે કાંઈ?

**'જેમ એક જ સોનું વાનભેદથી અનેકરૂપ કહેવાય છે તેમ એક જ જીવવસ્તુ દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપે અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપે અનેકરૂપ કહેવાય છે.'** જુઓ! એક બાજુ જીવના નવ તત્ત્વના ભેદ અને તેમાં જ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ, તેમાં જ ઉત્પાદ-વ્યયના અનેકરૂપ ભેદ જોવા ત્યાં સુધી તો વ્યવહારદૃષ્ટિ છે. તેની એકરૂપ દૃષ્ટિ ન થઈ. દ્રવ્ય-ગુણ-પર્યાયમાંથી એકલું દ્રવ્ય કાઢવું. આહાહા..! સમજાય છે કાંઈ? **'દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ અથવા દૃષ્ટાંતની અપેક્ષાએ વાનભેદરૂપ જેટલા ભેદો છે તે બધા ભેદોમાં પણ પોતે (એક) જ છે.'** ઉત્પાદ-વ્યયમાં એકલો ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ભગવાન તે જ આત્મા છે. સમજાય છે કાંઈ?

**'સુવર્ણમાત્ર ન જોવામાં આવે, વાનભેદમાત્ર જોવામાં આવે તો વાનભેદ છે; સોનાની શક્તિ એવી પણ છે; જો વાનભેદ ન જોવામાં આવે, કેવળ સુવર્ણમાત્ર જોવામાં આવે, તો વાનભેદ જૂઠા છે;...'** સમજાય છે કાંઈ? **'તેવી રીતે જો શુદ્ધ જીવવસ્તુમાત્ર ન જોવામાં આવે, ગુણ-પર્યાયમાત્ર કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય જોવામાં આવે તો, ગુણ-પર્યાયો છે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે;...'** પર્યાયભેદ છે. **'જીવવસ્તુ આવી પણ છે; જો ગુણ-પર્યાયભેદ કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યભેદ ન જોવામાં આવે, વસ્તુમાત્ર જોવામાં આવે, તો સમસ્ત ભેદ જૂઠા છે. આવો અનુભવ સમ્યક્ત્વ છે.'** દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે પણ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ભેદ જ...

ઉત્તર :- ભેદની દૃષ્ટિ જ અભેદમાં નથી આવવા દેતી. આ દ્રવ્ય છે, આ ગુણ છે, આ પર્યાય છે એવા ભેદથી તો વિકલ્પ ઉત્પન્ન થાય છે. ભેદની દૃષ્ટિથી વિકલ્પ ઉત્પન્ન થાય છે, રાગ ઉત્પન્ન થાય છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ-ત્રણનું પણ લક્ષ કરવાથી રાગ ઉત્પન્ન થાય છે. આહાહા..! એ તો 'કળશટીકામાં' બહુ સરસ લીધું છે. સમજ્યા? 'કળશટીકા'માં બહુ સારું લીધું છે. આહાહા..!

એવી આત્મજ્યોતિ **'ચેતનાલક્ષણથી જણાય છે, તેથી અનુમાનગોચર પણ છે. હવે બીજો પક્ષ-પ્રત્યક્ષ જ્ઞાનગોચર છે.'** પ્રત્યક્ષ જ્ઞાનગમ્ય અનુભવગમ્ય છે. **'ભેદબુદ્ધિ કરતાં જીવવસ્તુ ચેતનાલક્ષણથી જીવને જાણે છે. વસ્તુ વિચારતાં એટલો વિકલ્પ પણ જૂઠો છે.'** ક્યાં લઈ ગયા? જુઓ! પહેલા નવ તત્ત્વ લીધા. એ ભેદરૂપ. પછી દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણ ભેદરૂપ. ઉત્પાદ-વ્યય-ધ્રુવ ભેદરૂપ. પછી જ્ઞાન આત્માને જાણે છે, આ ચેતના તે આત્માનું લક્ષણ છે એવો ભેદ, ભેદરૂપ. આહાહા..! **'ભેદબુદ્ધિ કરતાં જીવવસ્તુ ચેતનાલક્ષણથી જીવને જાણે છે, વસ્તુ વિચારતાં એટલો વિકલ્પ પણ જૂઠો છે,...'** આહાહા..! આ ચેતના, આ

ચેતન. ચેતના તે આત્મા એવો ભેદ વિકલ્પ જૂઠો છે. ઓહો..! સમજાય છે કાંઈ? નવ તત્ત્વમાંથી કાઢતા કાઢતા કાઢતા બે ભેદ પણ કાઢી નાખ્યા.

મુમુક્ષુ :- ભેદનું કામ નથી.

ઉત્તર :- કામ નથી. એકલો ચૈતન્ય ભગવાન. સમજાય છે કાંઈ? એ જ દૃષ્ટિમાં આવતાં અનુભવ અને સમ્યગ્દર્શન થાય છે. આવી વાત છે.

અનેકમાં એક ક્યાંથી ભાસે? ભેદમાં અભેદ ક્યાંથી ભાસે? ત્રણમાં એક ક્યાંથી ભાસે? બેમાં એક ક્યાંથી ભાસે? ચેતના લક્ષણવાળો આત્મા, એ તો બે થયા. એ પણ છૂટીને (અનુભવ થાય છે). આહાહા..! 'રાજમલ' ટીકાકારે પણ ટીકા કરી છે ને! 'પાંડે રાજમલ જૈન ધર્મી, સમયસાર નાટક કે મર્મી.' એવું 'બનારસીદાસે' કહ્યું છે. એ તો છે ને. સમયસાર નાટક એમાંથી બનાવ્યું છે. એમાંથી બનાવ્યું છે. કળશટીકામાંથી બનાવ્યું છે. એમાં લખ્યું છે ને. રાજમલની ટીકામાંથી મેં સમયસાર નાટક બનાવ્યું છે. બહુ ઊંચી વાત છે. લોકો શાંતિથી, મધ્યસ્થતાથી પોતાનો આગ્રહ છોડીને શું વસ્તુ છે, એમ સમજે સાંભળે તો એને પત્તો લાગી જાય. એવો આગ્રહ નહિ રાખવો જોઈએ કે અમે આમ માનતા હતા, અમે આમ સાંભળ્યું હતું. હવે સાંભળ્યું મૂકને એક કોર. તારે કલ્યાણ કરવું હોય, ભગવાન!.. આહા..! આવા મનુષ્યદેહ એમાં આવો ભવ માંડ મળ્યો. કેટલા? પાંચ, પચાસ, સાંઈઠ વર્ષ. અનંત કાળ.. અનંત કાળ.. અનંત કાળ.. એમાં આટલો કાળ. અહીંથી છૂટ્યો.. પ્રભુ! તારો ક્યાં ચોરાશીમાં અવતાર થશે? ક્યાંય પત્તો નહિ લાગે. દેહ શું? અવસ્થા શી? પર્યાપ્તિ, અપર્યાપ્તિ કયાં? માટે આત્મા એકરૂપ છે તેની દૃષ્ટિ કરી લે તો જન્મ-મરણના અંત આવી જાય. સમજાય છે કાંઈ? આહાહા..!

**'આવો અનુભવ સમ્યક્ત્વ છે.'** છેલ્લે લીધું છે. ભાઈ! **'આવો અનુભવ સમ્યક્ત્વ છે.'** છેલ્લે ઈ લીધું છે. વાંચ્યું છે કે નહિ? શેઠ! અહીંથી લઈ ગયા છો કે નહિ? પડ્યું છે? પડ્યું છે કે વાંચ્યું છે? વાંચે પણ સમજે નહિ બહુ. કહો, સમજાય છે કાંઈ?

નવ તત્ત્વમાં ઘણા કાળથી છુપાયેલી ભગવાન શુદ્ધનય નામ અંતર્મુખ થવાથી એકરૂપ પ્રગટ કરી. **'આ (જ્યોતિ), પદે પદે અર્થાત્ પર્યાયે પર્યાયે ચિત્ચમત્કારમાત્ર ઉદ્યોતમાન છે.'** ચાહે જેવી સમય સમયની પર્યાય હો. અંતરમાં ધ્રુવ રૂપ તો એકરૂપ જ છે. સમજાય છે કાંઈ? એકેન્દ્રિય પર્યાય, બે ઈન્દ્રિય પર્યાય એક એક સમયની પર્યાયમાં પણ ચૈતન્ય ધ્રુવ તો કાયમ એકરૂપ જ રહેનારો છે. એકેન્દ્રિય પર્યાયરૂપ થયો નથી, બે ઈન્દ્રિય પર્યાયરૂપ થયો નથી. ત્રણ ઈન્દ્રિય, ચૌઈન્દ્રિય, પંચેન્દ્રિય આદિ પર્યાયરૂપ થયો નથી. એ તો ધ્રુવ ચૈતન્યમૂર્તિ ચૈતન્ય ચમત્કાર પર્યાયે પર્યાયે નિત્ય ઉદ્યોતમાન જ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- થયો જ નથી. પર્યાયરૂપ કેવી રીતે થાય? સામાન્ય ધ્રુવ પર્યાય રૂપે ક્યાંથી

થાય? આહાહા.! ઉત્પાદ-વ્યય પર્યાયપણે થયો નથી. દ્રવ્ય સામાન્ય છે એ પર્યાયપણે ક્યાંથી થાય? પર્યાય તો એક સમયની અવસ્થા છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કળશનો જ અર્થ છે, કળશનો જ અર્થ છે. આ શબ્દાર્થ છે. આ કળશ છે એનો. જે કળશ છે એનો શબ્દાર્થ. સમજાય છે કાંઈ?

ભાવાર્થ :- '**આ આત્મા સર્વ અવસ્થાઓમાં વિધવિધ રૂપે દેખાતો હતો તેને શુદ્ધનયે એક ચૈતન્ય-ચમત્કારમાત્ર દેખાડ્યો છે; તેથી હવે સદા એકાકાર જ અનુભવ કરો, પર્યાયબુદ્ધિનો એકાંત ન રાખો...**' પર્યાય છે ખરી. તેની ઉપર એકાંત દૃષ્ટિ ન કરો, અહીંયાં દૃષ્ટિ કરો. પછી પર્યાય જાણવાલાયક છે તેને જાણો. '**એમ શ્રી ગુરુઓનો ઉપદેશ છે.**' એમ સંતોનો ઉપદેશ છે. આવો અનુભવ કરો અને પર્યાયનો એકાંત ન કરો. ભેદનો એકાંત લક્ષ ન કરો. ભેદ છે પણ અભેદની દૃષ્ટિ થયા પછી ભેદ છે તે જાણવા લાયક છે. જાણવા લાયક છે, આદરવા લાયક નથી. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૧૧, રવિવાર તા. ૨૫–૦૯–૧૯૬૬**
**શ્લોક–૮, પ્રવચન–૫૮**

**इहपरलोयसुहाणं णिरवेक्खो जो करेदि समभावो।**
**विविहं कायकिलेसं तवधम्मो णिम्मलो तस्स।।४००।।**

**અર્થ :–** ‘**જે મુનિ આલોક પરલોકના સુખની અપેક્ષારહિત...**’ અર્થાત્ નિજ અતીન્દ્રિય આનંદની એકાગ્રતાની અપેક્ષા સહિત. આલોક કે પરલોકના સુખની અપેક્ષા છે જ નહિ. સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રમાં. ‘**સુખ–દુઃખ...**’માં સમભાવ. જ્ઞાતા–દૃષ્ટા થઈને સુખ–દુઃખ નામ સંયોગી અનુકૂળ–પ્રતિકૂળને અહીંયાં સુખ–દુઃખ કહે છે. અનુકૂળ–પ્રતિકૂળ સંયોગો. અનુકૂળ સુખ અને પ્રતિકૂળ દુઃખ સંયોગને (કહે છે). એમાં પોતાના સ્વભાવ સમતા જ્ઞાતા–દૃષ્ટા થઈને રહેવું તેનું નામ તપ કહેવામાં આવે છે. ‘**શત્રુ મિત્ર...**’માં સમભાવ. ‘**તૃણ કંચન...**’માં સમભાવ અને ‘**નિંદા પ્રશંસા...**’માં સમભાવ. ‘**રાગ–દ્વેષ રહિત થઈ સમભાવી થઈ...**’ વિવિધ પ્રકારનો કાયક્લેશ જેમાં નિમિત્ત છે ‘**તે મુનિને નિર્મલ અર્થાત્ ઉત્તમ તપ ધર્મ હોય છે.**’

**ભાવાર્થ :–** ‘**ચારિત્ર અર્થે જે ઉદ્યમ અને ઉપયોગ કરે તેને તપ કહ્યું છે.**’ એમ છે, ભાઈ! જુઓ! ચારિત્ર એટલે આત્મા આનંદસ્વરૂપમાં રમણતા કરવી તે ચારિત્ર છે. ચરવું, રમવું, જમવું, અતીન્દ્રિય આનંદનું ભોજન કરવું તેનું નામ ચારિત્ર છે. આહા..! સમજાય છે કાંઈ? અતીન્દ્રિય આનંદનું ભોજન. અમૃત ભોજન એ જ સાચું ચારિત્ર, એ જ ચારિત્ર છે. સ્વરૂપમાં ચરવું તે ચારિત્ર. સ્વરૂપે ચરણં ચારિત્ર. એ ‘પ્રવચનસાર’માં ‘કુંદકુંદાચાર્ય’નું વચન છે. સ્વરૂપે ચરણં. તો સ્વરૂપ કોને કહે છે? નિજ શુદ્ધ જ્ઞાન અને આનંદ સ્વરૂપમાં દૃષ્ટિ અને જ્ઞાન તો થયા છે એમાં ચરવું. અતીન્દ્રિય આનંદની લહેજતની મોજ માણવી અંદર. આહાહા..! સમજાય છે કાંઈ?

‘**ચારિત્ર અર્થે જે ઉદ્યમ અને ઉપયોગ કરે...**’ છે. અંદરમાં લીન થાય છે. તેમાં કાયક્લેશ સાથે નિમિત્ત છે. ‘તેથી આત્મામાં વિભાવપરિણતિના સંસ્કાર થાય છે તેને મટાડવાનો...’ આત્મામાં વિભાવ સંસ્કાર જે થોડા છે તે આનંદનો અનુભવ કરીને વિભાવસંસ્કાર મટાડવાનો ઉદ્યમ કરે છે. ‘**પોતાના શુદ્ધસ્વરૂપ ઉપયોગને ચારિત્રમાં થંભાવે છે...**’ સમજાય છે કાંઈ? પોતાના શુદ્ધસ્વરૂપ ઉપયોગને ચારિત્રમાં અંદર રોકે છે. ‘**તે ઘણા જોરથી થંભે છે;...**’ ઘણા જોરથી થંભે છે ‘**એ જોર કરવું તે જ તપ છે.**’ જુઓ! સમજાય છે કાંઈ? અતીન્દ્રિય આનંદનો.. એ આવે છે, ‘નિયમસાર’માં આવે છે, નહિ? તપનું. સ્વરૂપે વિજયં પ્રતપન ઈતિ તપઃ. નહિ? પ્રતપન ઈતિ તપઃ. સ્વરૂપનું પ્રતપન. જેમ સુવર્ણ છે તે ગેરુ હોય છે ને? ગેરુ. ગેરુથી સુવર્ણ શોભાયમાન થાય છે. ગેરુ નથી હોતું? ગેરુ કહે છે ને? એ સુવર્ણ

ઉપર લગાવવાથી ઓપ આપે છે, એમ ભગવાન અતીન્દ્રિય આનંદનું ભાન થયું છે તેમાં લીનતાના ઉગ્ર પુરુષાર્થથી શુદ્ધતાની વૃદ્ધિ થાય છે તેનું નામ ભગવાન તપ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? જુઓ!

ચારિત્રમાં શુદ્ધસ્વરૂપ ઉપયોગને રોકે. ઘણાં જોરથી રોકે છે. ઈ તપની વાત છે. મૂળ ચારિત્રની ઉગ્રતા તે જ તપ છે. તપ કોઈ બીજી વસ્તુ નથી. સ્વરૂપમાં અંતર રમણતા. આનંદ.. આનંદ.. આનંદ.. આનંદ.. એ આનંદના ઝરણાનો અનુભવ કરવો અને બળપૂર્વક જોર કરીને સ્વરૂપમાં સ્થિર રહેવું તેનું નામ સર્વજ્ઞ પરમેશ્વરે તપ ધર્મ કહ્યું છે. આહા..! **'તે બાહ્ય-અભ્યંતર ભેદથી બાર પ્રકારનું કહ્યું છે.'** નિમિત્તરૂપ પ્રકાર છે ને? **'તેનું વર્ણન આગળ ચૂલિકામાં કરવામાં આવશે.'** સમજાય છે કાંઈ? આ તપ ધર્મની વ્યાખ્યા. લોકો એકલો બાહ્યને તપ કહે છે એ તપ નથી.

મુમુક્ષુ :-..

ઉત્તર :- અનાદિ કાળની બધી માન્યતા જૂઠી. સમજાય છે કાંઈ? વ્યવહારનયના પક્ષકારની માન્યતા જ જૂઠી છે. પોતાનું શુદ્ધ સ્વરૂપ અંદરમાં કેવું છે એમ અંતરમાં ભાન કરીને લીન થવું અને એમાં ઉગ્ર પુરુષાર્થથી બળ કરીને વિશેષ લીન થવું. તેનું નામ તપ કહે છે. વ્યાખ્યા આ છે. વસ્તુનું સત્ય સ્વરૂપ. બાકી બાર પ્રકારના તપ બહારમાં ....

આપણે ૧૩મી ગાથા ચાલે છે. ક્યાં સુધી આવ્યું ખબર છે? **'પર્યાયબુદ્ધિનો એકાંત ન રાખો-એમ શ્રીગુરુઓનો ઉપદેશ છે.'** ત્યાં સુધી આવ્યું છે. આવ્યું છે? અંદર ક્યાં છે? (કળશ-૮ના ભાવાર્થમાં) છેલ્લી લીટી. **'પર્યાયબુદ્ધિનો એકાંત ન રાખો...'** એમાં શું કહ્યું છે? કાલે એકદમ ઉતાવળથી પૂરું કર્યું હતું. **'પર્યાયબુદ્ધિનો એકાંત ન રાખો...'** એનો શું અર્થ છે? છે. પોતાના આત્મામાં પર્યાયમાં નવ તત્ત્વના ભેદ છે. સમજાય છે કાંઈ? વિકલ્પનો ભાવ છે, પુણ્ય છે, પાપ છે, આસ્રવ છે, બંધ છે. પણ એનો એકાંત ન રાખો. એ પર્યાયની રુચિ છોડીને એકલા જ્ઞાયક સ્વભાવમાં અનુભવ કરવો તેનું નામ સમ્યક્ સમ્યક્ સમ્યક્ સમ્યક્ એકાંત આશ્રય કરીને અનુભવ કરવો તેનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને અનુભૂતિ છે. સમજાય છે કાંઈ? પર્યાય નથી એમ નહિ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. નહિ. પર્યાય છે એમ લક્ષમાં રાખીને પર્યાયને ગૌણ કરીને દ્રવ્યના સ્વભાવની દૃષ્ટિ કરવી. પર્યાય છે જ નહિ એમ નથી. એમ કહે છે. પર્યાયની રુચિ અને દ્રવ્યની રુચિ એમ બે રુચિ હોતી નથી. ભેદ નવ તત્ત્વના વિકલ્પમાં હોય છે. ઈ છે. સર્વથા જૂઠ છે એમ નહિ. છે જ નહિ, જેમ સસલાના શિંગડા જેવું નથી. સસલાના શિંગડા છે જ નહિ. એમ નથી. હું જીવ છું, આ અજીવ છે, આ રાગ છે, આસ્રવ છે એમ પર્યાયમાં છે, છે, સર્વથા જૂઠ નથી. પણ પર્યાયનો એકાંત ન રાખો. તેના ઉપર રુચિ ન રાખો. તેને

ગૌણ કરીને એક ચૈતન્યમૂર્તિ ભગવાન નવ તત્ત્વમાંથી સામાન્ય જ્ઞાયક સ્વભાવની દૃષ્ટિ કરી ભૂતાર્થનો અનુભવ કરો. સત્યરૂપ એક ચૈતન્યપ્રભુનો અનુભવ કરવો. તેનું નામ આત્માનો અનુભવ કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? નવ તત્ત્વનું એ પૂરું થયું. મૂળ પાઠમાં છે ઈ.

હવે 'અમૃતચંદ્રાચાર્ય' વિશેષ સ્પષ્ટ બીજી વાત કરે છે. પાઠમાં તો આટલું હતું–નવ તત્ત્વ. '**ટીકા :– હવે, જેમ નવ તત્ત્વોમાં એક જીવને જ જાણવો ભૂતાર્થ કહ્યો...**' શું કહ્યું? ભગવાન આત્મા નવ તત્ત્વના ભેદરૂપ પર્યાયનું લક્ષ છોડી એકલું સામાન્ય ચૈતન્ય સ્વરૂપ શુદ્ધ ધ્રુવ જ્ઞાયકભાવને જ ભૂતાર્થ સાચો આત્મા કહ્યો. '**તેમ...**' સમજાય છે કાંઈ? '**એકપણે પ્રકાશમાન આત્માના...**' ભગવાન આત્મા તો એકરૂપ પ્રકાશમાન છે. ચૈતન્યજ્યોત. એમાં આ પ્રમાણ, નય, નિક્ષેપના ભેદ અંતર સ્વરૂપમાં નથી. જરી વિષય પ્રમાણ, નય, નિક્ષેપનો આવ્યો છે હવે. નવ તત્ત્વના પાઠમાં હતું એટલું પૂરું થઈ ગયું. 'અમૃતચંદ્રાચાર્ય' એમાં વિશેષ કાઢે છે. શું?

ભગવાન આત્મા એકરૂપ ચૈતન્ય પ્રકાશમાન અભેદ તે વસ્તુ. પણ તેના '**અધિગમના ઉપાયો...**' એને જાણવાના વર્તમાન પરલક્ષી જ્ઞાન. જ્ઞાનમાં જાણવાનો ઉપાય '**પ્રમાણ, નય, નિક્ષેપ છે...**' શું કહે છે સમજાય છે? કોઈ માલ લે છે ને? માલ. માલ લેવા જાય છે ને? બરફી કે તમાકૂ. એનો પહેલા તોલ કરાવે. ભાવ પૂછે છે કે એક શેરના કેટલા? એક શેરના આઠ રૂપિયા. અને તમારું ત્રાજવું લાવો. ત્રાજવું હોય ને? ધડો કરે છે. ધડાને શું કહે છે? ત્રાજવું બરાબર છે કે નહિ? એક બાજુ તોલ મૂકવો છે અને માલ નાખવો હોય અને નીચે કંઈ લોચો હોય તો માલ ઓછો આવે. તો ધડો કરાવે છે ને? ધડો નામ સમતોલ છે કે નહિ? બે સમતોલ છે કે નહિ? તરાજુ ઠીક હૈ કિ નહીં? અમારે અહીંયાં ધડો કહે છે. જેમાં માલ નાખવો હોય એમાં નીચે જરી મીણ કે એવું કાંઈક લગાડી દીધું હોય તો માલ ઘટી જાય. તો ધડો કરાવે. એક (વાત). અને તોલ જે છે, તોલો તોલો. પાંચ શેર, શેર. એ બરાબર છે કે નહિ? એ નક્કી કરે છે. બે (વાત). અને ભાવ શું છે, એ ત્રણ વાત નક્કી કરે છે. પછી જમતી વખતે ત્રણેને ભૂલી જાય છે. ઈ અહીંયાં કહે છે.

પહેલાં આત્મા પ્રમાણથી (જાણે). પ્રમાણનો અર્થ આખી વસ્તુ શું છે તેને સિદ્ધ કરવું તેનું નામ પ્રમાણજ્ઞાન છે. અન્ય અજ્ઞાનીઓ કહે છે તેનાથી સર્વજ્ઞ જે કહે છે તેવા આત્માનું સામાન્ય અને વિશેષ આખા આત્માનું સર્વજ્ઞે કહ્યું એવું પ્રમાણથી સિદ્ધ કરવું તે ઉપાય છે. હજી એ વિકલ્પ છે. સમજાય છે કાંઈ? પોતાની દૃષ્ટિથી, સ્વચ્છંદથી કે અજ્ઞાનથી કલ્પના કરીને આત્માને માને તો આત્મા એવો છે નહિ. સર્વજ્ઞ ભગવાને જેવો આત્મા અનંત ગુણનો પિંડ અને અનંતી પર્યાય, એવો આત્મા જોયો. આખી વસ્તુને પ્રમાણ સિદ્ધ કરે છે. પ્રમાણથી આખી વસ્તુ સિદ્ધ કરે છે.

નય વસ્તુના એક ભાગને સિદ્ધ કરે છે. સામાન્યને કાં વિશેષને કાં ભેદને કાં અભેદને. સમજાય છે કાંઈ? અને નિક્ષેપ જ્ઞેયને સિદ્ધ કરે છે કે સંજ્ઞા રૂપ વસ્તુ છે કે સ્થાપના રૂપ છે, યોગ્યતાવાળી છે કે પ્રગટ દશાવાળી છે. સમજાય છે કાંઈ? નિક્ષેપ ચાર પ્રકારના જ્ઞેયના ભેદને સિદ્ધ કરે છે. પહેલાં સિદ્ધ કરવામાં ઈ આવ્યા વિના રહેતું નથી. સમજાય છે કાંઈ? જેમ પ્રમાણ, નય, નિક્ષેપ, એમ ભાવ, ત્રાજવું, તોલ. તોલ.. તોલ. આ પાંચ શેર બરાબર છે કે નહિ? આ સરકાર તરફથી આવે છે ને? સિક્કા ઉપર. એ બરાબર હોય તો પછી લે છે. તો પહેલાં માલ લેતી વખતે, એમ આત્માને પહેલા વિકલ્પથી, વિકલ્પથી નિર્ણય કરવામાં પ્રમાણ, નય અને નિક્ષેપ અધિગમ સમજવામાં આવે છે. છે વિકલ્પાત્મક. અંતર અનુભવ કરવામાં આવતાં તે અભૂતાર્થ છે. અંદર સ્વરૂપના અનુભવમાં નથી. લાડવો ખાય છે, બરફી ખાય છે ત્યારે તોલનો વિચાર કરે છે? કેટલા રૂપિયાનો શેર આવ્યો? કેટલા લીધા? ઘડો કર્યો છે. કાંઈ નથી.

મુમુક્ષુ :- એ તો પહેલી અવસ્થા છે.

ઉત્તર :- એ તો પહેલા અંદર વિકલ્પ છે, લેતી વખતે છે, અનુભવમાં નથી. સમજાય છે કાંઈ?

એમ સર્વજ્ઞ પરમેશ્વરે ત્રિલોકનાથ કેવળજ્ઞાનીઓએ જેવો આત્મા જોયો, કહ્યો આખો પૂર્ણ અને એમાં એક ભાગથી શું છે, સામાન્યથી વિશેષથી, એ નયથી, નિક્ષેપથી યોગ્યતાવાળું દ્રવ્ય છે કે નામસંજ્ઞાવાળું છે કે સ્થાપના છે કે વર્તમાન ભાવ જેવી વસ્તુ છે એવો છે? એમ નિર્ણય કરવામાં પહેલાં પ્રમાણ, નય અને નિક્ષેપ ત્રણ આવે છે. સમજાય છે કાંઈ? પછી એને વિકલ્પાત્મકને છોડીને એકલા જ્ઞાનાનંદનો અનુભવ કરવામાં એ ત્રણે અભૂતાર્થ નામ જૂઠા છે. સમજાય છે કાંઈ? હવે આવશે, જુઓ!

‘**એકપણે પ્રકાશમાન આત્માના...**’ પ્રકાશમાન તો એકરૂપ છે, ભાઈ! અહીં સિદ્ધ કરવું છે. ભગવાન ચૈતન્યપ્રભુ સામાન્ય એકરૂપ છે, વિશેષ અનેકરૂપ છે. એમાંથી સામાન્ય એકરૂપને કાઢવો છે. એવા પ્રકાશમાન આત્માના ‘**અધિમગમના ઉપાયો જે પ્રમાણ, નય, નિક્ષેપ છે તેઓ પણ નિશ્ચયથી અભૂતાર્થ છે,...**’ સમજાય છે કાંઈ? એકરૂપ પ્રકાશમાન ચૈતન્ય સામાન્ય તેના અનુભવમાં પ્રમાણ, નય, નિક્ષેપથી જે પહેલાં સિદ્ધ કર્યું હતું તે બધું વિકલ્પાત્મક જ્ઞાન અભૂતાર્થ છે. અંદરમાં કોઈ સહાય કરતા નથી. સમજાય છે કાંઈ? કષાયની મંદતા તો અભૂતાર્થ છે જ નહિ, સ્વભાવની દૃષ્ટિમાં નવ તત્ત્વના ભેદ પણ સ્વભાવની દૃષ્ટિમાં અભૂતાર્થ છે, અસત્યાર્થ છે પણ પ્રમાણ, નય, નિક્ષેપનો વિકલ્પાત્મક બોધ થયો તે પણ અંતર એકાકાર જ્ઞાનમાં થતો નથી તો તે પણ અસત્યાર્થ અને અભૂતાર્થ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એમાં વિકલ્પ છે.

મુમુક્ષુ :- પ્રાપ્ત કરવાનું સાધન છે...

ઉત્તર :- ના, નિમિત્ત છે. નિમિત્ત છે. જો પ્રાપ્ત કરે તો એને વ્યવહારે સાધન કહેવામાં આવે છે. નિશ્ચય સાધન છે જ નહિ.

મુમુક્ષુ :- સાચું સાધન કોણ?

ઉત્તર :- સાચું સાધન સ્વભાવ છે.

મુમુક્ષુ :- .. ભેદ નથી?

ઉત્તર :- નહિ, ભેદ સાધન નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નહિ, નહિ. 'નિયમસાર'માં આવ્યું હતું. 'નિયમસાર'માં 'પદ્મપ્રભમલધારીદેવ' મુનિ કહે છે કે ધ્યાનમાં ધર્માત્માને કદી ભેદવાદ ઉત્પન્ન થાય છે. છે ને ઈ શ્લોક? ક્યાં છે ઈ કાંઈ ખબર છે? ભેદવાદો ઉત્પન્ન થાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ, એનાથી ધર્મ થાય છે, મુક્તિ થાય છે એમ કોણ જાણે? એમ કહે છે. સમજાય છે કાંઈ? ક્યાંક છે ખરું. એકસાથે કાંઈ બધું હાથ આવી જાય? ભેદવાદ ઉત્પન્ન થાય છે, એમ આવે છે. ૧૯૪ કળશ છે. જુઓ!

**भेदवादाः कदाचित्स्युर्यस्मिन् योगपरायणे।**
**तस्य मुक्तिर्भवेन्नो वा को जानात्याज्ञते मते।।१९४।।**

'**જે યોગપરાયણમાં કદાચિત્...**' પંડિતજીને આપો. મોટા પંડિત અહીં રાખ્યા છે ને.

**भेदवादाः कदाचित्स्युर्यस्मिन् योगपरायणे।**
**तस्य मुक्तिर्भवेन्नो वा को जानात्याज्ञते मते।।१९४।।**

શું કહે છે? યોગપરાયણમાં (અર્થાત્) અંતર એકાકારમાં કદાચિત્ ભેદવાદ ઉત્પન્ન થાય છે. વિકલ્પ ઉત્પન્ન થઈ જાય છે. અર્થાત્ ક્યારેક વિકલ્પ ઊઠે છે. '**તેની અર્હંતના મતમાં મુક્તિ થશે કે નહિ થાય તે કોણ જાણે છે?**' અર્થાત્ મુક્તિ નથી થતી એમ કહે છે. સમજાય છે કાંઈ? '**मुक्तिर्भवेन्नो वा को जानात्या**' ભેદવાદથી કદી મુક્તિ નથી થતી. એમ જોર કરે છે.

મુમુક્ષુ :- ભેદવાદ સાધન ન થયું?

ઉત્તર :- સાધન-બાધન નથી, એ તો નિમિત્ત કહેવામાં આવે છે. જો સાધન કરે ત્યારે નિમિત્ત કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એઈ..! આ તો વાત સ્વતંત્ર છે. ભેદવાદ, જુઓને! ભેદો ઉત્પન્ન થાય છે પણ તે અર્હંતના મતમાં-વીતરાગ મત તો વીતરાગસ્વરૂપી છે, અભેદ સ્વભાવ વીતરાગમાં ભેદથી મુક્તિ થશે કે નહિ થાય કોણ જાણે? અર્થાત્ નહિ થાય એમ જાણે છે. ભેદવાદથી મુક્તિ થતી નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ભેદનું જ્ઞાન કરાવે છે.

ઉત્તર :- જ્ઞાન તો ઈ કરાવે છે, ભેદને છોડાવવા. પણ એને પકડી રાખે કે એનાથી થાય છે, તો એમ થતું નથી. વાત એવી છે. ૧૯૪ (કળશ) છે, હોં!

મુમુક્ષુ :- પરમાર્થનો પ્રતિપાદક છે.

ઉત્તર :- ઈ તો વ્યવહાર આવે છે, નવ વિકલ્પ છે. આ એક છે, પ્રમાણ, નય, નિક્ષેપ આ એક છે. જુઓને, પાઠ એમ લીધો છે ને? **'એકપણે પ્રકાશમાન આત્માના અધિગમના ઉપાયો જે પ્રમાણ, નય, નિક્ષેપ છે તેઓ પણ નિશ્ચયથી અભૂતાર્થ છે...'** તે અંદર મદદ કરતા નથી. ઓહોહો..!

મુમુક્ષુ :- મદદ ન કરે તો પછી કામનું શું?

ઉત્તર :- પણ નિમિત્ત ત્યારે જ કહેવાય. મદદ કરે તો તો ઉપાદાન થઈ ગયું. નિમિત્ત તો પ્રત્યક્ષ બીજી ચીજ અનુકૂળ છે તેને નિમિત્ત કહે છે. એમાં કાર્ય કરે તો તો નિમિત્ત રહ્યું ક્યું? એ તો પર અંદર ઘૂસી ગયું. વાત એવી છે.

મુમુક્ષુ :- એ ઉપાદાન થઈ ગયું.

ઉત્તર :- ઉપાદાન થઈ ગયું. ઉપાદાન પોતાનું કાર્ય કરે છે ત્યારે એ નિમિત્ત (ચીજ) છે, તે હો, પણ તે કાર્ય કરે છે એમ નથી. કારણ ત્યારે રહે છે, યથાર્થ કારણ એક જ છે. બે કારણનું તો કથન આવ્યું છે. જેમ મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારે આવ્યું છે. મોક્ષમાર્ગ એક જ છે. માર્ગ કહો કે કારણ કહો. માર્ગ કહો કે કારણ કહો. જેમ મોક્ષનું કારણ એક જ છે, તેમ વાસ્તવિક કાર્યમાં કારણ એક જ છે. બીજા નિમિત્તનું તો આરોપિત કથનથી જ્ઞાન કરાવવાની વાત કરી છે. વસ્તુ આમ છે. સમજાય છે કાંઈ? ભેદવાદ ઊડાવી દીધા, 'પદ્મપ્રભમલધારીદેવે'.

ભેદ હો, આવે છે, શરણ નહિ. તેના આશ્રયે તો બંધ થાય છે. અભેદના આશ્રયે સંવર ને નિર્જરા ને મુક્તિનો ઉપાય ઉત્પન્ન થાય છે. આહાહા..! ભારે વાત, ભાઈ! 'હરિનો માર્ગ છે શૂરાનો કાયરના નહિ કામ.' અન્યમતીમાં કહે છે, અન્યમતીમાં નથી કહેતા? અન્યમતીમાં ઈ કહે છે,

હરિનો રે માર્ગ છે શૂરાનો, કાયરના નહિ કામ જોને,
પ્રથમ પહેલું મસ્તક મૂકી વળતાં લેવું નામ જોને...

હરિનો-પ્રભુનો માર્ગ. હરિ એટલે આત્મા, હોં! ... હરતિ ઈતિ હરિ. અજ્ઞાનને વિકારને હરનારો ભગવાન આત્મા એને અહીંયાં હરિ કહે છે.

હરિનો રે માર્ગ છે શૂરાનો, કાયરના નહિ કામ જોને,
પ્રથમ પહેલું મસ્તક મૂકી,

દુનિયાની અર્પણતા છોડ. દુનિયાની લાજ ને આબરૂ ને દુનિયા આમ કહે છે, ને આમ કહેશે, વ્યવહાર આવો છે, એ બધું છોડ. વ્યવહારનયને તો લોકોક્તિ કહ્યું છે. વ્યવહારનયને

લોકોક્તિ કહ્યું છે. છોડ એનો આશ્રય. ભગવાન આત્મા ચિદાનંદ નિર્વિકલ્પ નિરપેક્ષ રાગથી, ભેદથી નિરપેક્ષ, એનો આશ્રય કરવાથી જ આત્માને કલ્યાણ અને મુક્તિનો ઉપાય સિદ્ધ થાય છે. એ સિવાય મુક્તિનો ઉપાય સિદ્ધ નથી થતો ત્રણ કાળ ત્રણ લોકમાં. સમજાય છે કાંઈ? જિનેશ્વરદાસજી! આવી વાત છે. જુઓ!

'**પ્રમાણ, નય, નિક્ષેપ છે તેઓ પણ નિશ્ચયથી અભૂતાર્થ છે,...**' હવે ભાવ પૂછ્યો, તોલો નક્કી કર્યો, ત્રાજવું નક્કી કર્યું તો ખાવામાં કામ આવે છે? બધું છૂટી જાય છે. અનુભવમાં એ કામ નથી આવતા. સમજાય છે કાંઈ? એમ આનંદના અનુભવમાં પ્રમાણ, નય, નિક્ષેપના વિકલ્પ કામ આવતા નથી. આહાહા..! માર્ગ તે પણ માર્ગ! સમજાય છે કાંઈ? હવે એનો ન્યાય આપે છે. '**તેમાં પણ આત્મા એક જ ભૂતાર્થ છે...**' જુઓ! શું કહે છે? પ્રમાણનું જ્ઞાન વિકલ્પથી થાય... પ્રમાણ પણ બે પ્રકારના છે. વિકલ્પાત્મક પ્રમાણ અને નિર્વિકલ્પાત્મક પ્રમાણ. નય પણ બે પ્રકારના છે. એક વિકલ્પાત્મક નય અને નિર્વિકલ્પ નિશ્ચયનય. સમજાય છે કાંઈ? આ વિકલ્પાત્મક પ્રમાણ, નયની વ્યાખ્યા કરે છે. એ 'નયચક્ર'માં આવ્યું છે. પ્રમાણના બે પ્રકાર 'નયચક્ર'માં છે. સવિકલ્પાત્મક પ્રમાણ, એક નિર્વિકલ્પાત્મક પ્રમાણ. સવિકલ્પ પ્રમાણ (એટલે) આ વિકલ્પથી નક્કી કરવું કે આત્મા સામાન્ય શું છે, વિશેષ શું છે, એકસાથે આખી વસ્તુ કેવી છે એનો નિર્ણય કરવો તે વિકલ્પાત્મક પ્રમાણ છે. નિર્વિકલ્પ પ્રમાણ-પોતાના સ્વરૂપનો એકાકાર થઈને અનુભવ કરવો, સામાન્યનું જ્ઞાન અને વિશેષ પર્યાય નિર્મળ થઈ તેનું જ્ઞાન કરવું એ નિર્વિકલ્પ પ્રમાણ છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ 'નયચક્ર'માં છે.

નયના બે પ્રકાર. 'સમયસાર'માં છે. ૧૪૪માં લીધું છે. અબદ્ધ, અશુદ્ધ, શુદ્ધ એ બધા વિકલ્પાત્મક છે. ૨૭૨ માં કહ્યું કે વ્યવહાર પ્રતિષેધ્ય, નિશ્ચય પ્રતિષેધક. 'નિશ્ચનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની'. એ નિશ્ચયનય વિકલ્પ રહિતની વાત છે.

મુમુક્ષુ :- ૧૧મીમાં પણ નિર્વિકલ્પ..

ઉત્તર :- વિકલ્પ રહિત છે, ૧૧માં વિકલ્પ રહિત છે. '**भूदत्थो देसिदो दु सुद्धणओ**'. ૧૪૩-૧૪૪ (ગાથા) 'કર્તા-કર્મ અધિકાર'માં વીસ બોલ લીધા છે ને? અબદ્ધ, બદ્ધ, શુદ્ધ, અશુદ્ધ, એક, અનેક એ બધા વિકલ્પાત્મક છે, નિશ્ચય નિર્વિકલ્પાત્મક છે. એટલે નયના પણ બે પ્રકાર છે. એક વિકલ્પથી, એક સ્વભાવનો આશ્રય કરવો તે નિશ્ચય છે. સમજાય છે કાંઈ? એક સ્વસંવેદન કરીને આત્માનો-સામાન્યનો વિશેષમાં અનુભવ કરવો તે નિર્વિકલ્પ પ્રમાણ છે. એ પ્રમાણથી નક્કી કરવું કે સામાન્ય શું છે, વિશેષ શું છે, આખી વસ્તુ શું છે. વિકલ્પથી સિદ્ધ કરવું તે વિકલ્પાત્મક પ્રમાણ છે.

'**આત્મા એક જ ભૂતાર્થ છે...**' આહાહા..! હવે બીજી વાત રાગની મંદતા ને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા તો ક્યાંય રહી ગઈ. આ તો આત્મા આખી વસ્તુને નક્કી કરવી અને

ભાગ નક્કી કરવો, ભાગ નામ નય, આખી વસ્તુનો એક ભાગ. એક ભાગ સમજ્યા? એક અંશ. આખી ચીજનો નિર્ણય કરવો તે પ્રમાણ છે અને આખી ચીજમાંથી એક ગુણનો અથવા પર્યાયનો ભેદથી નિર્ણય કરવો તે નય છે. અને નિક્ષેપ તો ફક્ત જે શબ્દ બોલાય છે તેમાં સંજ્ઞાવાળો કોણ છે, સ્થાપના કોણ છે, યોગ્યતા કઈ છે, પ્રગટ પર્યાય કઈ છે તે બતાવવા ચાર નિક્ષેપ છે. એ નિક્ષેપ જ્ઞેયના ભેદ છે. નય જ્ઞાનનો ભેદ છે. પ્રમાણ જ્ઞાનનો ભેદ છે, નય પણ પ્રમાણનો ભેદ છે, નિક્ષેપ જ્ઞેયનો ભેદ છે. નય વિષયી છે, નિક્ષેપ વિષય છે. એમ પહેલાં સિદ્ધ કરવા ત્રણ બોલ આવે છે. પણ '**તેમાં પણ આત્મા એક જ ભૂતાર્થ છે...**' ભગવાન આત્મા સ્વભાવ સન્મુખ થઈને નિર્વિકલ્પ અનુભૂતિ કરવી તેમાં એક આત્મા જ ભૂતાર્થ છે, સત્ય આત્મા જ દેખાય છે, બીજા ભેદ-બેદ કે વિકલ્પ છે નહિ. ઓહોહો..! માર્ગ.. માર્ગ. પરમાત્માનો માર્ગ, બાપુ! આહાહા..! પરમાત્મા પોતે છે. પોતાને શું કહે છે? સ્વયં. સ્વયં ભગવાન પૂર્ણાનંદ અનંત પરમાત્મા જેના ગર્ભમાં પડ્યા છે, ગર્ભમાં પડ્યા છે. જ્યારે પ્રસવ થાય છે એ છે એમાંથી થાય છે કે નહિ? સિદ્ધ પરમાત્મા ક્યાંથી પ્રગટ થાય છે? અંદરમાં અનંત સિદ્ધ પરમાત્મા પડ્યા છે. આહાહા..! પર્યાય તો પર્યાય પ્રગટ થાય છે, એ તો પર્યાય છે. એવા એક આત્માનો અંતર અનુભવ કરવો તે એક જ સત્યાર્થ છે અને આ પ્રમાણ, નય, નિક્ષેપથી જાણવાનો વિકલ્પ અસત્યાર્થ છે. પહેલી અવસ્થામાં છે. છે એટલું બરાબર છે. પણ અનુભવના કાળમાં નથી માટે તે અપેક્ષાથી અભૂતાર્થ કહ્યું છે. સમજાય છે કાંઈ?

'(**કારણ કે જ્ઞેય અને વચનના ભેદોથી પ્રમાણાદિ અનેક ભેદરૂપ થાય છે**).' પ્રમાણ આખી વસ્તુને નક્કી કરવામાં, નય ગુણના ભેદને નક્કી કરવામાં, ગુણ કે પર્યાય અને નિક્ષેપ વચનના ભેદ. નામ નિક્ષેપ છે, આ સંજ્ઞારૂપ છે, સ્થાપના રૂપ છે, યોગ્યતા રૂપ છે, ભાવરૂપ છે. એવા ભેદ. '(**પ્રમાણાદિ અનેક ભેદરૂપ થાય છે**). **તેમાં પહેલાં, પ્રમાણ બે પ્રકારે છે-**' જુઓ! આ વાત શા માટે કહે છે? જેમ પર્યાયમાં નવ ભેદ છે તે સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય નથી. સમજાય છે કાંઈ? જીવ, અજીવ, આસ્રવ, બંધ, પુણ્ય, પાપ, સંવર, નિર્જરા, મોક્ષ એવી પર્યાયના નવ વિકલ્પ અને ભેદ વાસ્તવિક સર્વજ્ઞ પરમાત્મા સિવાય પર્યાયના ભેદ બીજામાં નથી. તો પહેલાં નવને સિદ્ધ કર્યા. નવને સિદ્ધ કરીને ઉડાવી દીધા. પણ છે તેને ઉડાવ્યા, એ સામાન્યમાં નથી. સમજાય છે કાંઈ? આ પ્રમાણ, નય, નિક્ષેપ પણ સર્વજ્ઞના શાસ્ત્રમાં જ છે. સર્વજ્ઞના માર્ગમાં જ છે. બીજામાં આવા પ્રમાણ, નય, નિક્ષેપ ક્યાંય નથી. સમજાય છે કાંઈ?

કહે છે, '**પ્રમાણ બે પ્રકારે છે-પરોક્ષ અને પ્રત્યક્ષ. ઉપાત્ત અને અનુપાત્ત પર (પદાર્થો) દ્વારા પ્રવર્તે તે પરોક્ષ છે...**' પરોક્ષ જ્ઞાનની વ્યાખ્યા. ઉપાત્ત નામ ઈન્દ્રિય, મન ઈત્યાદિ પર પદાર્થ. ઈન્દ્રિય અને મન અહીંયાં પ્રાપ્ત છે ને. તે પરપદાર્થ છે. અનુપાત્ત અર્થાત્

અણમેળવેલા. પ્રકાશ, ઉપદેશ વગેરે અનુપાત્ત છે. પ્રકાશ અને ઉપદેશ બહારમાં છે. તે જેમાં નિમિત્ત પડે છે, (તેના દ્વારા) **'પ્રવર્તે તે પરોક્ષ છે...'** તે જ્ઞાનને પરોક્ષ કહે છે. જ્ઞાનમાં પરોક્ષતા નિમિત્તને કારણે, નિમિત્ત દ્વારા જાણવું તેને પરોક્ષ જ્ઞાન કહે છે. એવી સ્થિતિ છે. પર્યાયમાં એવી સ્થિતિ છે.

**'કેવળ આત્માથી જ પ્રતિનિશ્ચિતપણે પ્રવર્તે તે પ્રત્યક્ષ છે.'** જુઓ! અહીં તો ત્રણે બોલ લઈ લીધા, ભાઈ! અવધિ, મનઃપર્યય અને કેવળ. સમજાય છે કાંઈ? કોઈ ઠેકાણે અવધિ અને મનઃપર્યય પરોક્ષમાં ગણ્યા છે. 'પંચાધ્યાયી'માં છે. ત્યાં કેવળજ્ઞાનની અપેક્ષાથી લીધું છે. અહીં તો એકલા આત્માની અપેક્ષાથી આ લીધું છે. 'તત્ત્વાર્થ સૂત્ર'માં પણ આ પ્રમાણે છે. 'પંચાધ્યાયી'માં એ લીધું છે, ચાર જ્ઞાન સહિત. મનનો સંગ છે ને તો એ ચારેય જ્ઞાનને એક ન્યાયે પરોક્ષ કહ્યું છે. અને પૂર્ણ હોય તેને પ્રત્યક્ષ કહ્યું છે. અહીંયાં તો 'તત્ત્વાર્થ સૂત્ર'ની શૈલીથી લીધું છે. **'કેવળ આત્માથી જ પ્રતિનિશ્ચિતપણે પ્રવર્તે....'** એકલા આત્માથી–પોતાથી જ્ઞાન થાય તેમાં રાગ, મનનું નિમિત્ત ન હોય એવા જ્ઞાનને પ્રત્યક્ષ કહે છે. એવું પર્યાયમાં પ્રત્યક્ષપણું છે. ઇન્દ્રિય આદિ છે, મન આદિ છે, તેનું જ્ઞાન પરોક્ષ. અને અનુપાત્ત, પ્રકાશ આદિ છે તેનાથી થયેલું જ્ઞાન પરોક્ષ. એ ચીજ છે તેના દ્વારા જ્ઞાન કરવું તે પરોક્ષ. એવી વસ્તુ સિદ્ધ કરે છે. જ્ઞાનની પરોક્ષતામાં આ ચીજ છે. પ્રત્યક્ષતામાં એકલા આત્માના આશ્રયે થાય છે. સમજાય છે કાંઈ? વસ્તુની પર્યાયમાં એવી સ્થિતિ છે. એવી સ્થિતિને પણ જે યથાર્થ ન જાણે તેને તો આત્મા સિદ્ધ કરવાનો કોઈ યથાર્થ ઉપાય રહ્યો નહિ. સમજાય છે કાંઈ?

'**(પ્રમાણ જ્ઞાન છે, તે જ્ઞાન પાંચ પ્રકારનું છે–મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય ને કેવળ. તેમાં મતિ ને શ્રુત એ બે જ્ઞાન પરોક્ષ છે,...)**' અત્યારે પરની અપેક્ષાથી વાત ચાલે છે, હોં! અનુભવની અપેક્ષાથી મતિ-શ્રુત પ્રત્યક્ષ છે. અહીં તો પરની અપેક્ષા ભેદની અપેક્ષાથી ચાલે છે ને. વિકલ્પથી ચાલે છે. મતિ અને શ્રુતજ્ઞાન પરોક્ષ નામ મનથી, ઇન્દ્રિયથી (જાણે છે) માટે પરોક્ષ છે. પણ એમ છે. મન અને પાંચ ઇન્દ્રિય છે. તેના લક્ષે મતિ થાય છે, ઇન્દ્રિય અને મન દ્વારા થાય છે. શ્રુત મનથી થાય છે. મતિ મન અને ઇન્દ્રિયથી (થાય છે). એવી ચીજ છે, મન, ઇન્દ્રિય છે. મતિ-શ્રુત એના આશ્રયથી કામ કરે છે. આશ્રય નામ પોતે પરલક્ષી કામ કરે છે. એવી ચીજ છે. એવી પરોક્ષતા છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ પરોક્ષતા હોવા છતાં સ્વભાવનો અનુભવ કરવામાં એ કામ કરતા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? વ્યવહારને સિદ્ધ કરે છે. વ્યવહાર છે. સમજ્યા? પણ આશ્રય કરવા લાયક નથી. નવ તત્ત્વ છે, ભેદ છે, આશ્રય કરવા લાયક છે. પ્રમાણ, નય, નિક્ષેપથી વિકલ્પથી જ્ઞાન થાય છે, આશ્રય કરવા લાયક નથી.

'**(અવધિ ને મનઃપર્યય એ બે વિકલ-પ્રત્યક્ષ છે...)**' વિકલ પ્રત્યક્ષ, અપૂર્ણ પ્રત્યક્ષ.

જુઓ! જ્ઞાનની પાંચ પર્યાયમાં એવા ભેદ છે. બિલકુલ છે જ નહિ, એકલી પર્યાય એકરૂપ છે, એકરૂપ છે એમ નહિ. જ્ઞાનગુણની એક સમયની પર્યાયમાં પણ પાંચ પ્રકાર ક્રમે ક્રમે પડે છે. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળ. પરોક્ષ છે, પ્રત્યક્ષ છે એવો પર્યાયનો સ્વભાવ છે. એવી પર્યાય સિદ્ધ સિદ્ધ કરે છે. સમજાય છે કાંઈ? '**(તેથી એ બે પ્રકારનાં પ્રમાણ છે.). તે બન્ને પ્રમાતા,...**' જાણનાર આત્મા. '**પ્રમાણ,...**' જ્ઞાન, '**પ્રમેય...**' એનો વિષય પ્રમેય. એવા '**ભેદને અનુભવતાં તો ભૂતાર્થ છે.**' છે. પ્રમાણ, પ્રમેય, પ્રમાતા ત્રણ ભેદના વિકલ્પ છે, વિકલ્પ છે, અસ્તિ છે. સર્વથા સસલાના શિંગડા નથી, એમ સિદ્ધ કરે છે. સમજાય છે કાંઈ? આ કોઈ ગપ છે અને ખોટું છે એમ નહિ. એક જ આત્મા છે અને બ્રહ્મ સત્ય છે ને જગત મિથ્યા, એમ નથી, એમ અહીંયાં કહે છે. આવી પરોક્ષ પ્રમાણ, પ્રત્યક્ષ પ્રમાણ આદિ વસ્તુ છે.

'**પ્રમાતા, પ્રમાણ, પ્રમેયના ભેદને અનુભવતાં તો ભૂતાર્થ છે,...**' પર્યયામાં આટલા ભેદ પડે છે. '**સત્યાર્થ છે;...**' વ્યવહારથી વ્યવહાર છે. '**અને જેમાં સર્વ ભેદો ગૌણ થઈ ગયા છે...**' જુઓ હવે. ગૌણ થઈ ગયા, હોં! અભાવ નથી. પર્યાય નથી એમ નહિ. પણ ભેદ ગૌણ થઈ ગયા. પોતાનો જ્ઞાતા શુદ્ધ સ્વભાવ '**भूदत्थेणाभिगदा**'. ભૂતાર્થથી જાણવું. અહીંયાં અભૂતાર્થથી આત્માને જાણ્યો. પ્રમાણ, નય, નિક્ષેપ અભૂતાર્થ થઈ ગયા. '**સર્વ ભેદો ગૌણ થઈ ગયા છે...**' ભાષા જુઓને! ઓહોહો..! નિજ પ્રયોજન સિદ્ધ કરવા પ્રમાણથી જે ભેદથી સમજાણું તેને ગૌણ કરી નાખ્યું. પહેલાં વસ્તુને સિદ્ધ કરી. ગૌણ કર્યા. પોતાનું અનુભવ કાળમાં ભેદને ગૌણ કરી '**એવા એક જીવના સ્વભાવનો અનુભવ કરતાં...**' એક જ્ઞાયક સ્વભાવ, અભેદ સ્વભાવ. જુઓ! '**એક જીવના સ્વભાવને...**' જીવ સ્વભાવ શબ્દે જ્ઞાયક સ્વભાવ. એકલો અભેદ જ્ઞાયક સ્વભાવ. આ અનુભૂતિ. '**અનુભવ કરતાં તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે.**' પોતાના અભેદમાં એ દેખાતા નથી. અભેદમાં નથી, અનુભવમાં એ ભેદ નથી. સમજાય છે કાંઈ? ભેદમાં ભેદ છે. પ્રમાણ, પ્રમાતા, પ્રમેય છે, ત્રણ પ્રકાર છે. ભેદની દૃષ્ટિથી, પર્યાયદૃષ્ટિથી, વ્યવહારથી છે. પણ એ છે તેને ગૌણ કરીને. નથી એમ કરીને નહિ. સમજાય છે કાંઈ? ગૌણ કરીને. પોતાના પ્રયોજનની સિદ્ધિ ભેદના આશ્રયે થતી નથી. પ્રયોજનની સિદ્ધિ-અનુભવની સિદ્ધિ અભેદના આશ્રયે થાય છે. ભેદને ગૌણ કરીને એકલો ચૈતન્ય આત્મા જ્ઞાયકભાવ છે, જ્ઞાયકભાવ.. સમજાણું? પારિણામિકભાવે પણ એ જ્ઞાયકભાવ પારિણામિક લેવો છે. પારિણામિક તો જડમાં પણ છે. જ્ઞાયકભાવ રૂપ પારિણામિકભાવ. જ્ઞાયકભાવ-જાણન... જાણન.. જાણન... જાણન.. જાણન.. ત્રિકાળ પારિણામિક. એવો અનુભવ કરતાં પ્રમાણના ત્રણ ભેદ, પરોક્ષ ને પ્રત્યક્ષ ને પ્રમાણ ને પ્રમેય ને પ્રમાતા ને ભેદ-બેદ છે જ નહિ. સમજાય છે કાંઈ?

'અમૃતચંદ્રાચાર્યે' સીધું નવ તત્ત્વની ગાથામાંથી કાઢ્યું છે. 'શ્રીમદ્'માં એમ આવે છે,

'શ્રીમદ્ રાજચંદ્ર'માં. 'ત્યાગ વૈરાગ્ય ન ચિત્તમાં થાય ન તેને જ્ઞાન
અટકે ત્યાગ વૈરાગ્યમાં તો ભૂલે નિજ ભાન.

સાધારણ જનતાની ત્યાગ વૈરાગ્ય ઉપર વૃત્તિ હોય એટલે ત્યાંથી ઉપાડ્યું. જેને અંતરમાં કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રનો ત્યાગ નથી અને જેને હજી રાગની મંદતારૂપ વૈરાગ્ય નથી એને આત્માનું ભાન નથી. પણ એ ત્યાં અટકે તોપણ આત્માનું ભાન નથી થતું. 'અટકે ત્યાગ વૈરાગ્યમાં' ચિત્તના મંદ કષાયમાં રોકાઈ જાય અને એની રુચિ છોડીને આત્માનો અનુભવ ન કરે તો 'ભટકે સંસાર માંહી.' સમજ્યા? 'અટકે ત્યાગ વૈરાગ્યમાં તો ભૂલે નિજ ભાન.' સમજાણું કાંઈ?

અહીંયાં બીજું કહ્યું છે, અહીંયાં નવ તત્ત્વથી વાત ઉપાડી છે. સાધારણ જનતા હતી એટલે તે વખતે ઈ શૈલીથી વાત કરી. અહીંયાં આચાર્યદેવની શૈલી તો શાસ્ત્રીય રીતની જે અનાદિની છે એવી બનાવી છે. નવ તત્ત્વના ભેદરૂપ જેની યથાર્થ શ્રદ્ધા નથી તેને અભેદની શ્રદ્ધા થતી નથી. અને નવ તત્ત્વમાં રોકાઈ જાય તો અભેદની શ્રદ્ધા થતી નથી. સમજાય છે કાંઈ? જેમ પેલામાં (કહ્યું), 'ત્યાગ વૈરાગ્ય ન ચિત્તમાં', એમ નવ તત્ત્વની પર્યાયની પણ જેની શ્રદ્ધા નથી, મોક્ષ છે, સંવર છે, નિર્જરા છે, આસ્રવ છે, બંધ છે, અજીવ છે એવી શ્રદ્ધા નથી તો એને આત્માની શ્રદ્ધા થતી નથી. પણ એની શ્રદ્ધામાં રોકાઈ જાય તોપણ આત્માની શ્રદ્ધા થતી નથી. સમજાય છે કાંઈ?

અહીંયાં શું કહ્યું? ત્યાં ત્યાગ વૈરાગ્યમાંથી ઉઠાડ્યા, અહીં આચાર્યે બીજેથી ઉઠાડ્યા. અંદર પરોક્ષ અને પ્રમાણજ્ઞાનનું જ્ઞાન કરવું પરોક્ષ પ્રમાણથી. એવા વિકલ્પાત્મક જ્ઞાનથી વસ્તુ સિદ્ધ નહિ કરે તો વસ્તુની પ્રસિદ્ધિ નહિ થાય. વસ્તુ જેવી છે તેવી સિદ્ધ નહિ થાય. તો પહેલાં આવા વિકલ્પાત્મક જ્ઞાનમાં પ્રમાણમાં આવું આવે છે. એ આવ્યા વિના રહેતું નથી. પણ આવે છે છતાં તેનાથી અભેદ નથી થતો. સમજાય છે કાંઈ? ત્યાં કહ્યું, 'ત્યાગ વૈરાગ્ય ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન'. અહીંયાં કહ્યું, નવ તત્ત્વના ભેદનું જ્ઞાન નથી તેને અભેદ નથી થતું. પછી ત્યાં કહ્યું 'અટકે ત્યાગ વૈરાગ્યમાં'. જે કષાયની મંદતામાં રોકાઈ જાય તો જ્ઞાન નથી થતું. અહીંયાં નવ તત્ત્વના ભેદમાં રોકાઈ જાય તો સ્વભાવનું ભાન નથી થતું. એવી શૈલી, અધ્યાત્મ શૈલી સંતોની એ રીતે કહી છે. સમજાય છે કાંઈ? એ.. જયંતિભાઈ! ક્યાં ગયા વલ્લભભાઈ? ... આવો જે વ્યવહાર છે તે જેમ છે તેમ ન જાણે તો એનો નિષેધ કરીને નિશ્ચયમાં ક્યાંથી આવે? વ્યવહાર છે જ નહિ એમ નહિ. વ્યવહાર છે. પ્રમાણનું જ્ઞાન કરવામાં આવો વિકલ્પાત્મક બોધ પહેલા (આવે છે). બોધ, હોં! વિકલ્પાત્મક છે, પરલક્ષી છે. યથાર્થ નથી. પણ એમાં વસ્તુ સિદ્ધ કરવી છે કે આ સામાન્ય અનંત ગુણનો પિંડ છે, એક સમયની પર્યાય છે. એમાં પરોક્ષ જ્ઞાન છે, પ્રત્યક્ષ જ્ઞાન છે. તે પરોક્ષમાં પણ ઉપાત્ત અનુપાત્તનું નિમિત્ત છે. પ્રત્યક્ષમાં તો એકલા આત્માનું શરણ છે,

નિમિત્તનું નહિ. એમ વિકલ્પાત્મક બોધથી પહેલી વસ્તુની સિદ્ધ કરવી તે જ પહેલું સાધનમાં આવે છે. પણ તે અનુભવ કરવામાં અસત્યાર્થ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કંઈ નથી, એ તો જાણ્યું એટલું, એમાં શું થયું? તો તો એને નિમિત્ત જ ન કહેવાય. એવું તો અનંત વાર કર્યું. પણ તેને છોડીને અભેદ અનુભવ ન કરે તો એને નિમિત્ત પણ કહેતા નથી.

મુમુક્ષુ :- સાધન ...

ઉત્તર :- ઈ સાધન વ્યવહાર સાધન છે. વ્યવહાર સાધનનો અર્થ નિમિત્ત સાધન છે. પણ નિમિત્ત સાધન ક્યારે કહેવાય? કે એને છોડીને અભેદને સાધન કરે તો એને નિમિત્ત સાધન કહેવામાં આવે. વાત એવી કોઈ છે. સમજાય છે કાંઈ? વિલક્ષણ વાત. પ્રભુ! સર્વજ્ઞનો માર્ગ છે, પ્રભુ! તારો માર્ગ જ અલૌકિક વીતરાગ માર્ગ છે. વીતરાગ માર્ગ છે. જેમાંથી વીતરાગતા ઉત્પન્ન થાય તે માર્ગ છે. ભેદથી વીતરાગ માર્ગ ઉત્પન્ન નથી થતો. સમજાય છે કાંઈ? વીતરાગી દૃષ્ટિ કહો કે વીતરાગી સ્વસંવેદન જ્ઞાન કહો, એ ભેદથી ઉત્પન્ન નથી થતું. એ તો રાગવાળું જ્ઞાન છે. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે, '**સર્વ ભેદો ગૌણ થઈ ગયા છે...**' ગૌણ કરી દીધા અને અનુભવ કર્યો તો પહેલાં એવા વિકલ્પાત્મક ભેદ હતા એવું જ્ઞાન કર્યું. આદરણીય નથી. '**એમ એક જીવના સ્વભાવનો અનુભવ કરતાં...**' જુઓ! પ્રમેય ભેદનો અનુભવ કરતાં. અનુભવ શબ્દે જ્ઞાન. ભેદનું. પ્રમાણ, પ્રમેય, પ્રમાતા પરોક્ષ, પ્રત્યક્ષ એમ જ્ઞાનમાં ભેદનું જ્ઞાન થયું તે અપેક્ષાથી ભેદ છે. પણ ભગવાન આત્મા સર્વ ભેદોનું લક્ષ છોડી જેવી વસ્તુની સિદ્ધિ કરી છે એવા વિકલ્પને છોડીને એકલા જ્ઞાયક સ્વભાવમાં પર્યાયના પ્રત્યક્ષ પરોક્ષના ભેદને ગૌણ કરી, સામાન્ય સ્વભાવ તરફ દૃષ્ટિ થવાથી ભૂતાર્થ આત્મા અનુભવમાં આવે છે. તેને સત્યાર્થ કહે છે. તે જ સત્યાર્થ છે. ત્યારે પ્રમાણ આદિ જ્ઞાન અસત્યાર્થ છે. પેલા વિકલ્પાત્મકની અપેક્ષાથી. જ્ઞાનમાં જાણ્યું હતું કે કેવળજ્ઞાન સ્વને આશ્રયે પૂર્ણ છે એ કાંઈ અસત્ય નથી થઈ ગયું. સમજાય છે કાંઈ? પણ વિકલ્પાત્મક જ્ઞાનથી જાણ્યું હતું તે નિર્વિકલ્પ જ્ઞાન કરવાથી જૂઠું થઈ ગયું, એમ. સમજાય છે કાંઈ?

કેવળજ્ઞાન એક સમયમાં ત્રણ કાળ જાણે છે. આત્માશ્રિત છે, અવધિ, મનઃપર્યય દેશવિકલ છે અને મતિ-શ્રુત આદિ પરોક્ષ છે. એ જાણ્યું હતું એ ખોટું નથી. પણ વિકલ્પથી જાણ્યું હતું. કેવળજ્ઞાન એક સમયમાં ત્રણ કાળને જાણે છે આત્માશ્રિત, એમ વિકલ્પથી નક્કી કર્યું હતું. નક્કી કર્યું હતું એ કેવળજ્ઞાન જૂઠું નથી. પણ વિકલ્પથી નક્કી કર્યું હતું, એ નિર્વિકલ્પના આશ્રયે જૂઠું થઈ ગયું. સમજાય છે કાંઈ? વાત ઈ છે. મૂળ વાત છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ ખોટું નથી થઈ ગયું. કેવળજ્ઞાન એક સમયમાં આત્માના આશ્રયે જાણે છે એવું વિકલ્પથી નક્કી કર્યું હતું, એ વાત ખોટી નથી થઈ ગઈ, વિકલ્પાત્મકનો ભેદ અસત્યાર્થ થઈ ગયો. સમજાય છે કાંઈ? પ્રભુનો માર્ગ, બાપા! અલૌકિક માર્ગ છે. સમજાય છે કાંઈ?

ધાર તરવારની સોહ્યલી દોહ્યલી, ચૌદમા જિન તણી ચરણસેવા,
ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના ધાર પર રહે ન દેવા.

એ 'આનંદઘનજી' કહે છે. ભગવાન ધર્મનાથ આત્મા સ્વભાવનો નાથ, એની સેવા તરવારની ધાર ઉપર રહેવાવાળા બાજીગર ઘણા છે પણ પોતાના સ્વરૂપની ધાર ઉપર સેવા કરનારા પ્રાણી બહુ થોડા છે. સમજાય છે કાંઈ? ઈ ગુજરાતીમાં છે. 'આનંદઘનજી' થઈ ગયા ને.

'ધાર તરવારની સોહ્યલી...' તરવારની ધાર હોય ને? તરવાર. 'ધાર તરવાની સોહ્યલી દોહ્યલી, ચૌદમા જિન તણી ચરણસેવા' ધર્મનાથ ચૈતન્યપ્રભુ, એનો ધર્મ સ્વભાવ, એની એકાગ્ર સેવના કરવી. 'ધાર તરવારની સોહ્યલી દોહ્યલી, ચૌદમા જિન તણી' ચૌદમા એટલે અનંતનાથ. અનંતનાથ આત્મા. સમજાય છે કાંઈ? 'ધાર તરવારની સોહ્યલી દોહ્યલી, ચૌદમા જિનતણી ચરણસેવા'.

'ધાર પર નાચતા દેખ બાજીગરા' બાજીગર તરવાર ઉપર નાચે છે. 'પણ સેવના ધાર પર રહે ન દેવા' પણ સેવના ધાર ઉપર અજ્ઞાનીઓ રહી શકે નહિ. ભેદનો આશ્રય કરનારા, વિકલ્પને પોતાનું સ્વરૂપ માનનારા એ પોતાના ચિદાનંદ સ્વરૂપની સેવા નથી કરી શકતા. સમજાય છે કાંઈ? એના બે અર્થ છે. ન દેવા. દેવો પણ ત્યાં સ્વરૂપની સ્થિરતા કરી શકતા નથી. દેવોને સમ્યગ્દર્શન હોય છે પણ સ્વરૂપ સ્થિરતા હોતી નથી. 'લહે ન દેવા'. બે અર્થ છે એના. સમજાય છે કાંઈ? ભગવાન ધર્મનાથ અનંતનાથ. સમજાય છે કાંઈ? અનંતનાથ છે ને ઈ? ધર્મનાથ અનંત ગુણનો નાથ છે. ચૌદમા અનંતનાથ, પંદરમાં ધર્મનાથ આવ્યા ને પાછળ. અનંત ગુણનું સ્વરૂપ એમાં અભેદનું સેવન કરવું, તરવારની ધાર કરતાં પણ એમાં અનંતગણો એમાં પુરુષાર્થ છે. સમજાય છે કાંઈ?

**'એક જીવના સ્વભાવનો અનુભવ કરતાં...'** એક સ્વભાવ. પ્રમાણના ભેદ પહેલા કર્યા હતા તેને ગૌણ કરી, તેનું લક્ષ છોડી એક સ્વભાવ ચૈતન્યનો અનુભવ કરતાં તે ભેદ જૂઠા થઈ ગયા. ગૌણ કરીને જૂઠા થઈ ગયા. સમજાય છે કાંઈ? કેટલાક કહે છે ને?

કેવળજ્ઞાન છે તો સદ્‌ભુત વ્યવહારનયનો વિષય છે, તો વ્યવહાર તો જૂઠો છે. માટે પર્યાય જૂઠી છે. એમ નહિ. પર્યાય તો પર્યાય છે. ત્રિકાળની અપેક્ષાથી એક અંશ છે માટે તેને વ્યવહાર કહ્યો છે. સદ્‌ભુત વ્યવહારનય. સદ્‌ભુત વ્યવહારનયનો વિષય કેવળજ્ઞાન છે. અને કેવળજ્ઞાન એક સમયમાં ત્રણ કાળ જાણે છે તો પરનું જાણવું વ્યવહાર છે માટે ત્રણ

કાળ નથી જાણતા એમ નથી, સાંભળ તો ખરો. ત્રણ કાળનું અને પોતાનું જાણવું ભૂતાર્થ પોતાની પર્યાયમાં પોતાથી જાણે છે. એ તો આ પરને જાણવું એમ કહેવું તે અસદ્ભુત વ્યવહાર છે. સમજાય છે કાંઈ? સર્વજ્ઞપણાની પર્યાય જે પોતામાં ઉત્પન્ન થઈ તે અસદ્ભુત નથી. ઈ યથાર્થ છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એક સમયમાં કેવળજ્ઞાની સ્વ અને પર બેયને દેખે છે ને. એ તો પોતાની પર્યાયમાં દેખે છે. પોતાની પર્યાય એવી છે. પણ એ પર્યાય પરને જોવે છે એમ કહેવું તે અસદ્ભુત છે. બાકી પરનું જ્ઞાન, પોતાનું જ્ઞાન એક સમયમાં પૂરું થઈ ગયું છે તે અસદ્ભુત નથી. સમજાય છે કાંઈ? સર્વજ્ઞપર્યાય પ્રગટ થઈ છે તે અસદ્ભુત નથી, જૂઠી નથી. યથાર્થ છે. એક સમયમાં પોતાના પૂર્ણ દ્રવ્ય-ગુણ-પર્યાય અને ત્રિકાળ દ્રવ્ય-ગુણ-પર્યાય એક સમયમાં પૂરા જાણ્યા છે. એમ વિકલ્પથી પણ નક્કી કર્યું. ભાઈ! હજી તો વિકલ્પથી કેવળજ્ઞાન ત્રણ કાળ ત્રણ લોક જાણે છે એમ વિકલ્પમાં નક્કી નથી એના તો વ્યવહારનું પણ ઠેકાણું નથી. આ કહે છે આમાં. એક વિકલ્પ દ્વારા પણ કેવળજ્ઞાન આવું છે કે ત્રણ કાળ ત્રણ લોક પ્રત્યક્ષ દેખે. એ પોતાની પર્યાયને દેખે છે. પૂર્ણ દેખે છે. પરને જાણે છે એમ કહેવું અસદ્ભુત છે.

જેમ જળને જોવે છે... જળ છે ને? જળ. જળને જોવે છે તો ઉપરના તારા આદિ જળમાં સાથે દેખાય છે. તારાને જોવા નથી જવું પડતું. જળ સ્વચ્છ છે ને. આમ નજર કરે છે તો જળની સાથે ઉપર તારા છે ને. એંસી લાખ... એવા શું? ભૂલી ગયા. એક એક ચંદ્ર ને સૂર્ય છે ને? શું આંકડો? સીત્તેર લાખ... તારા છે ને. આંકડો શું છે? નહિતર આંકડો પહેલા આવી જાય. એક એક ચંદ્ર ને એક સૂર્ય સાથે. સમજ્યા? ૨૮ નક્ષત્ર, ૮૮ ગ્રહ, સમજ્યા? છાસઠ હજાર નવસો પંચોતેર ક્રોડાક્રોડી તારા. છાસઠ હજાર નવસો પંચોતેર ક્રોડા ક્રોડી તારા. એક એક ચંદ્રની સાથે પરિવાર છે. એ તો પહેલા શીખ્યા હતા. (સંવત) ૧૯૬૮ની સાલ. ૬૮, ૬૮. છાસઠ હજાર નવસો પંચોતેર ક્રોડા ક્રોડા તારા આમ જળમાં જોતાં ઈ દેખાય જાય છે.

એમ પોતાની જ્ઞાનપર્યાય દેખે છે તેમાં લોકાલોક દેખાય જાય છે. સમજાય છે કાંઈ? લોકાલોક જોવું અંદરમાં યથાર્થ છે. આમ કહેવું કે એને દેખે છે, એમ કહેવું તે અસદ્ભુત છે. કારણ કે પરને તન્મયપણે જોતા નથી. પરને તન્મયપણે જોતા નથી માટે અસદ્ભુત કહ્યું. પોતાની પર્યાયમાં તન્મય થઈને દેખે છે માટે યથાર્થ કહ્યું. સમજાય છે કાંઈ? પોતાના જ્ઞાનમાં સર્વજ્ઞ પર્યાય પ્રત્યક્ષ બરાબર છે. એવું તો વિકલ્પાત્મક જ્ઞાનથી નક્કી કર્યું છે, ભાઈ! આહા..! સમજાય છે કાંઈ? હજી વિકલ્પમાં પણ આવા કેવળજ્ઞાનમાં શંકા કરે કે ત્રણ કાળ ત્રણ લોક જાણતા હોય તો બધું નિયત છે, ક્રમબદ્ધ છે? ભગવાન! કેવળજ્ઞાનમાં તો ત્રણ કાળ ત્રણ લોક એક સમયમાં જાણે છે. એમાં આઘુંપાછું નથી. એક સમયમાં બધી દશા

ત્રણ કાળ ત્રણ લોકની પોતાની પર્યાયમાં જાણે છે. આવો તો વિકલ્પથી નિર્ણય કરવો હજી તે પણ પુણ્યબંધનું કારણ છે. એ સમ્યગ્દર્શન નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? ઈ વાત અહીંયાં કહે છે.

વ્યવહારનું પણ એને યથાર્થપણું હોય ત્યારે વ્યવહારનું લક્ષ છોડી એકલો અનુભવ કરે તો વ્યવહાર અભૂતાર્થ થઈ ગયો. સમજાય છે કાંઈ? ભારે ઝીણું, ભાઈ! ભાઈ! તારો રસ્તો જ એવો છે. જેને પ્રત્યક્ષ એક સમયમાં આત્મા પૂર્ણ પર્યાય પ્રગટ કરે. સર્વજ્ઞ પ્રભુ. ત્રિકાળ જેના એક સમયમાં સમાઈ ગયા. પહેલા સમયમાં જાણે છે. એ થશે ત્યારે જાણે છે એમ નહિ. થશે ત્યારે જાણે એ જ્ઞાન કેવું? એક સમયમાં ત્રણ કાળ. ભૂત-ભવિષ્ય, વર્તમાન. વર્તમાનવત્ સમયમાં જાણે છે. એવું સર્વજ્ઞપદ કેવળજ્ઞાન આત્મ આશ્રયે થાય છે. લોકાલોકાના આશ્રયે નહિ, નિમિત્તને આશ્રયે નહિ, મનના આશ્રયે નહિ, રાગના આશ્રયે નહિ. એવા આત્માના કેવળજ્ઞાનનો નિર્ણય રાગ સહિત કરવો તેને પુણ્યબંધનું કારણ કહે છે. એ નિર્ણય પણ કેવળ આત્માના સ્વભાવનો આશ્રય કર્યો તો વિકલ્પનું જે પ્રમાણ હતું તે છૂટી ગયું. સમજાય છે કાંઈ? છૂટી ગયાનો અર્થ, કેવળજ્ઞાન ત્રણ કાળ જાણે છે એ છૂટી ગયું એમ નહિ. એમ શ્રદ્ધામાંથી છૂટી ગયું છે એમ નહિ. વિકલ્પથી જે નક્કી કર્યું હતું, તે જ્ઞાનના અનુભવમાં એ વિકલ્પથી નક્કી કર્યું હતું તે જૂઠું છે. એમ. આહા..! કેટલાક કહે છે, નિર્વિકલ્પ અનુભવ થયા પછી કેવળજ્ઞાન આદિ બધું ખોટું છે. એમ નથી. સમજાય છે? બધું ખોટું છે. નવ તત્ત્વ તો પહેલાં છે એ બધું ખોટું છે. વેદાંત કહે છે ને? એ તો એકમાં કંઈ નથી. વ્યવહાર-ફ્યવહાર કંઈ નથી. નહિ, વ્યવહારથી વ્યવહાર છે. નિશ્ચયના અનુભવમાં વ્યવહાર નથી. સમજાય છે કાંઈ? તેથી આચાર્ય મહારાજે પ્રમાણજ્ઞાનને નક્કી કરાવ્યું છે. સમજાય છે કાંઈ? ભાઈ! કેવળજ્ઞાન છે, મતિજ્ઞાન છે, શ્રુતજ્ઞાન છે, પરોક્ષ છે, પ્રત્યક્ષ છે. ઇન્દ્રિય આદિ નિમિત્ત છે. પેલામાં પ્રકાશ આદિ નિમિત્ત છે. પેલામાં નિમિત્ત નથી. એવી ચીજ છે. એમ વિકલ્પથી નિર્ણય કરવો તેનું નામ વ્યવહાર. પણ તેનો પણ નિષેધ કરીને એકલો જ્ઞાનનો અનુભવ કરે તો વ્યવહાર ઊડી ગયો. ભેદનું લક્ષ રહ્યું નહિ. કેવળજ્ઞાન નક્કી કર્યું ઈ વાત ઊડી ગઈ, એમ નથી. સમજાય છે કાંઈ?

કહે છે, **'એક જીવના સ્વભાવનો અનુભવ કરતાં તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે.'** એ પ્રમાણની વ્યાખ્યા કરી, નયની કરશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૧૨, સોમવાર તા. ૨૬-૦૯-૧૯૬૬**
**શ્લોક-૮, પ્રવચન-૫૯**

પર્યુષણ પર્વનો આજે આઠમો દિવસ છે. ત્યાગ ધર્મ, ત્યાગ ધર્મ.

મુમુક્ષુ :- ઉત્તમ ત્યાગ.

ઉત્તર :- ઉત્તમ ત્યાગ છે, પણ ઉત્તમ ત્યાગનો અર્થ શું? ઈ કહે છે, જુઓ!

**जो चयदि मिट्ठभोज्जं उवयरणं रायदोससंजणयं।**
**वसदिं ममत्तहेदुं चायगुणो सो हवे तस्स।।४०१।।**

પહેલી વાત તો એ છે કે મુનિ થવાના અધિકારી, જે સંસાર દેહ ભોગથી વિરક્ત (છે). અંતરમાં સંસારના ભાવથી વિરક્ત, દેહથી વિરક્ત અને ભોગથી વિરક્ત (છે). એમ જેને અંતરમાં આત્મ અનુભવપૂર્વક રાગથી વિરક્તિ થઈ છે. સમજાય છે કાંઈ? બાહ્યનો ત્યાગ એ ત્યાગ એમ અહીંયાં નથી. સંસાર ઉદયભાવ વિકારી ચાર ગતિનો કારણભાવ, એનાથી અંદરમાં વિરક્ત છે. સમજાય છે કાંઈ? અનાકુળ આનંદ સ્વભાવ, જેમાં ભવનો ભાવ નથી. એવા સ્વભાવમાં એકાગ્રતા છે અને સંસારથી વિરક્ત છે. અશરીરી ચૈતન્યસ્વભાવમાં લીન છે અને શરીરથી વિરક્ત છે.

બીજો ભોગ. ઈ આવે છે ને? સંસાર તન ભોગ.. ઈ ભાવનામાં આવે છે. ભોગ- આત્માના અનાકુળ આનંદના ભોગમાં લીન છે અને બહારના ભોગથી વિરક્ત છે. એનું નામ ત્યાગ છે. સમજાય છે કાંઈ? જુઓ! ભાવાર્થમાં છે. મૂળ આ ત્રણ શબ્દ શું લીધા છે? મુનિ સંસાર, શરીર, ભોગથી તો વિરક્ત છે જ, ત્યારે તો મુનિ થયા છે. સમજાય છે કાંઈ? સંસારથી વિરક્ત છે, ચાર ગતિના ભાવથી વિરક્ત છે. પોતાનો સ્વભાવ અનાકુળ આનંદમાં લીન-રતિ છે. પરથી વિરતી છે, પોતામાં રતિ છે. શરીરથી વિરતી છે, નિવૃત્તિ છે. અને પોતાના આનંદ સ્વભાવમાં રતિ છે. સમજાય છે કાંઈ? એનાથી વિરક્ત છે. ભોગ- અનાકુળ આનંદના ભોગમાં લીન છે અને બાહ્ય ભોગથી, મુનિ થવાના અધિકારી વિરક્ત છે. હવે એને ત્રણમાં કામ પડે છે. એક, શરીર માટે ભોજન. એક ઉપકરણ અને રહેવાની વસ્તી. ત્રણનું કામ પડે છે. સમજાય છે કાંઈ? તો એ ત્રણના નામ લીધા.

કહે છે, મિષ્ટ ભોજન છોડે. ઈષ્ટ ભોજન, જેમાં રતિ ઉપજે એવું ભોજન છોડી દે. ત્રણની વિરક્તિ તો છે જ. સંસાર, ભોગ અને શરીર. સમજાણું? અશરીરી સ્વરૂપ ભગવાન આનંદનો ભોગ અને અનાકુળ સ્વભાવમાં સંસારનો ભાવ નથી. એવી ચીજમાં લીન છે તો પરથી વિરક્ત છે. ત્રણના કામ પડે છે. આહાર, ઉપકરણ, વસ્તી. આહારમાં મિષ્ટ ભોજનની મમતા છોડી દે. એનું નામ ત્યાગ ધર્મ છે. સમજાય છે કાંઈ?

ઉપકરણમાં '**रायदोससंजणयं**'. જેમાં રાગ-દ્વેષ ઉત્પન્ન થાય એવા ઉપકરણ. ઉપકરણમાં કોણ? પુસ્તક, પીંછી અને કમંડળ ત્રણ ઉપકરણ છે. એમાં પણ રાગ-દ્વેષ ઉત્પન્ન થાય તેવા ઉપકરણ નથી રાખતા. ગૃહસ્થને યોગ્ય ન હોય, ગૃહસ્થજનને કામ ન આવે એવી વસ્તુને ઉપકરણ તરીકે રાખે. પણ આસક્તિ તીવ્ર નથી કરતા. એનું નામ ત્યાગ ધર્મ કહેવામાં આવે છે.

ત્રીજું, વસ્તી. વસ્તીમાં રહેવાનું કામ પડે. તો એવી વસ્તીમાં ન રહે કે જેમાં મમત્વ થાય. મોટી વસ્તી, જેમાં મોટા શ્રૃંગાર કે એવી ચીજમાં મમત્વ થાય એવી વસ્તીમાં રહે નહિ. આ ત્રણ ઉપકરણ. આહારની આસક્તિનો ત્યાગ, તીવ્ર મમત્વનો ત્યાગ. સંસાર ભોગથી વિરક્તિ તો પહેલેથી છે. એનું નામ અહીંયાં ત્યાગ ધર્મ કહેવામાં આવ્યો છે. કહો, સમજાય છે કાંઈ? ત્યાગ શું, છોડી દો. થોડું છોડતા છોડતા છોડતા છોડો પર વસ્તુ. પછી મુનિ થઈ જાઓ. એમ નહિ. મુનિ થતાં પહેલાં એમ કે આ છોડી દો. વસ્ત્ર છોડો, બાયડી છોડો, કુટુંબ છોડો. એમ કરતાં કરતાં મુનિ થઈ જાઓ. ભાઈ કહેતા હતા ને. લોકો પહેલા આમ કહેતા હતા. એમ નહિ. અહીં તો પહેલેથી એ વ્યક્તિ મુનિપદની અધિકારી છે, જેને સંસાર, દેહ અને ભોગથી અંદરથી વિરક્ત થઈ ગયો છે. સમજાય છે કાંઈ? અંતરમાં વિરક્ત છે.

મુમુક્ષુ :- જીવિત શરીરથી તો ધર્મ થાય.

ઉત્તર :- જીવિત શરીરથી ક્યાં ધર્મ થાય છે. ગપ્પા માર્યા છે. પંડિતજી ક્યાં છે અંદર. પંડિતજી શું કરે? બેઠા છે મધ્યસ્થ થઈને. જયપુરમાં પહેલા પ્રશ્ન થયો હતો ને? પહેલો પ્રશ્ન જ ઈ હતો. જીવિત શરીરથી ધર્મ થાય છે કે નહિ? પંડિતજી ત્યાં બેઠા હતા. જયપુર. અરે..! ભગવાન!

અહીં તો પહેલા ટીકામાં છે, હોં! ત્યાગ ધર્મમાં ત્રણ બોલ લીધા પણ એ પહેલાં જ એનો કેટલો ત્યાગ હતો એ પહેલી વાત અંદર આવી ગઈ છે. સમજાય છે? દેહ પ્રત્યેની ક્રિયા, પર્યાયનું અભિમાન ન કર્યું, એ તો જડની છે. દેહથી તો વિરક્ત છે. દેહની ક્રિયાથી પોતાને ધર્મ માને એ તો દૃષ્ટિ મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- સાધન છે..

ઉત્તર :- સાધન-બાધન કોઈ છે નહિ. એ તો નિમિત્તના કથન છે. સાધન કેવું? સ્વરૂપ અંદર સાધન છે. અંતર આનંદમાં કરણ નામનો ગુણ આત્મામાં પડ્યો છે. સાધન નામનો અનાદિઅનંત ગુણ પડ્યો છે. એ ગુણ પોતાના સ્વભાવની સિદ્ધિમાં સાધન છે.

મુમુક્ષુ :- ઈ સાધકતમ છે.

ઉત્તર :- ઈ સાધકતમ જ સાધન છે, બીજું સાધન છે જ નહિ. એમાં ઈ શબ્દ પડ્યો છે. ૪૭ શક્તિમાં કરણ ગુણ છે ને. તમારા વતી દલીલ કરે છે. સમજાય છે કાંઈ?

અહીંયાં તો કહે છે, પ્રભુ! મુનિ કોને કહે! ઓહોહો..! જેને ગણધરના નમસ્કાર પહોંચે.

સમજાય છે કાંઈ? ગણધર જ્યારે બાર અંગ રચે, ત્યારે ચાહે તો પંચમઆરાના-પંચમ કાળના મુનિ હો, ણમો લોએ સવ્વ સાહુણં (ઉચ્ચાર કરે). એમ નમસ્કાર કરે છે. જેના ચરણમાં ગણધર-ચાર જ્ઞાન ચૌદ પૂર્વની રચના અંતર્મુહૂર્તમાં પ્રગટ થાય છે, એવા ગણધર જ્યારે બોલે, ણમો લોએ સવ્વ અરિહંતાણં. લોએ શબ્દ છે, હોં! લોએ અંત્ય દીપક છે ને! છેલ્લે છે. પણ બધામાં લેવો. 'ધવલ'માં છે. બન્ને શબ્દ લેવા. ણમો લોએ સવ્વ અરિહંતાણં, ણમો લોએ સવ્વ સિદ્ધાણં, ણમો લોએ સવ્વ આઈરિયાણં, ણમો લોએ સવ્વ ઉવ્વજ્ઝાયાણં. ગણધર બોલે, હોં! ચાર જ્ઞાન (છે). ણમો લોએ સવ્વ સાહુણં. હે સંત! તારા ચરણમાં મારા નમસ્કાર. આહાહા..! એ મુનિ. આહાહા..! જેને ગણધરના નમસ્કાર પહોંચે. સીધો વ્યવહારમાં ન કરે. પોતાથી નાની દીક્ષા હોય તો વ્યવહારમાં નમસ્કાર ન કરે. પણ પંચ પદમાં જ્યારે વિકલ્પ આવ્યો ત્યારે એમાં સાધુ આવી ગયા. બે ઘડીના ભાવલિંગી સાધુ પણ, અંદર આનંદકંદમાં ઝુલનારા બે ઘડીના સાધુ અને લાખો, ક્રોડો, અબજો વર્ષની દીક્ષાવાળા ગણધરદેવ (ઉચ્ચાર કરે છે), ણમો લોએ સવ્વ સાહૂણં. હે સંત! આહાહા..! સેઠી!

ચાર વજીર. તીર્થંકર ધર્મરાજા. ગણધર એના વજીર-દીવાન. ણમો લોએ સવ્વ સાહૂણં. હે સંત! તારા ચરણમાં મારા નમસ્કાર! આહાહા..! એ મુનિપદ કેવું! પદ્મપ્રસાદજી! આહાહા..! ગણધર નમસ્કાર (કરે). બાર અંગ રચવામાં (બોલે), ણમો લોએ સવ્વ સાહૂણં. અઢી દ્વીપમાં સંત આત્મધ્યાનમાં રમણતા કરનારા ત્રણ કષાયનો અભાવ છે, એક સંજ્વલનનો કષાય થોડો રહ્યો છે. વીતરાગી દશામાં રમે છે, અમારા નમસ્કાર છે. આહાહા..! અરે..! તમે તો ક્રોડો વર્ષ પહેલા દીક્ષિત થયા છો ને? ભલે હો. પણ એ અમારી નાતનો, જાતનો છે. સમજાય છે કાંઈ? આહાહા..! ચારિત્ર ધન્ય દશા! વીતરાગ દશા. એકલો અતીન્દ્રિય પ્રચુર સ્વસંવેદન.

'કુંદકુંદાચાર્ય મહારાજ' પાંચમી ગાથામાં કહે છે કે અમને તો પ્રચુર સ્વસંવેદન પ્રગટ્યું છે. પ્રચુર સ્વસંવેદન. અમારો નિજ વૈભવ પ્રચુર, આનંદનું પ્રચુર-અધિક સ્વસંવેદન થઈ ગયું છે. સંવેદન તો પહેલા ચોથેથી જ થઈ જાય છે. સ્વસંવેદન ચોથાથી થાય છે પણ આ તો મુનિ 'કુંદકુંદાચાર્ય' કહે છે, પાંચમી ગાથામાં છે, આ 'સમયસાર' છે ને? જુઓ, જુઓ! આ 'સમયસાર' છે ને અહીંયા. અમે તો ગુજરાતી વાંચીએ છીએ ને. એમાં બહુ ખબર પડે. જુઓ! પાંચમી ગાથા કાઢો. પાંચમી છે ને, પાંચમી. જુઓ! ઉપરથી ત્રીજી લીટી. બીજી લીટીથી. '**નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો, સુંદર જે આનંદ તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદન, તેનાથી જેનો જન્મ છે.**' આહાહા..! છે? '**નિરંતર ઝરતો...**' છે? શું કહે છે? મુનિપણું કેવું છે? કે અમને '**નિરંતર ઝરતો-સ્વાદમાં આવતો, સુંદર જે આનંદ...**' અતીન્દ્રિય આનંદ અમને પ્રગટ થયો છે અને તેની મુદ્રા-તેની મહોરછાપ છે. અતીન્દ્રિય પ્રચુર આનંદની અમારી મુનિપણાની મહોરછાપ છે. સમજાય છે કાંઈ? મહોરછાપ

સમજ્યા? સરકારી મહોર મારે ને? સિક્કો લગાવ્યો છે. જુઓ! કેટલા શબ્દ છે? અમને મુનિપણું પ્રગટ્યું છે, અમારો વૈભવ પ્રગટ્યો છે.

મુમુક્ષુ :- પ્રચુર એટલે?

ઉત્તર :- પ્રચુર-વિશેષ, અધિક, અધિક. ચોથે થોડું સંવેદન છે. આ વધારે છે માટે પ્રચુર શબ્દ વાપર્યો છે, તેથી વાપર્યો છે. સમજાય છે કાંઈ? ચોથેથી જ આવે છે, ચોથે થોડું સ્વસંવેદન છે એથી અધિક પાંચમે છે, એથી છઠ્ઠે અધિક છે. જુઓ! 'નિરંતર ઝરતો...' ભગવાન આત્મા આનંદ સ્વરૂપની અંતર દૃષ્ટિ. આહાહા..! અરે..! એ અતીન્દ્રિય આનંદ ઝરે છે, કહે છે. ડુંગરમાંથી પાણી ઝરે છે. પાણી-જળ. એમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો ડુંગર નિત્યાનંદ પ્રભુમાં અમારી લીનતા લાગી છે તો એમાં અતીન્દ્રિય આનંદ અમારા સ્વાદમાં આવે છે. સમજાય છે કાંઈ? આ મુનિપણું એને કહે છે. બનારસીદાસજી! આહાહા..! જુઓ! ભાષા તો જુઓ એની.

'**નિરંતર ઝરતો...**' અર્થાત્ '**આસ્વાદમાં આવતો...**' અતીન્દ્રિય આનંદનો અમને ઘણો સ્વાદ આવે છે, પ્રભુ! એનું નામ મુનિપણું છે. અને સુંદર આનંદ. સુંદર આનંદ, અતીન્દ્રિય આનંદ એમ કહે છે. જગતમાં આનંદ માને છે એ તો ભોગનું ઝેર-આનંદ છે. આ તો સુંદર આનંદ છે. એની મુદ્રા-એની મહોરછાપ પડી છે અમારી અનુભવદશામાં. આહાહા..! 'કુંદકુંદાચાર્ય' પોતાની મુનિપણાની દશા કેવી છે? '**પ્રચુર સ્વસંવેદનસ્વરૂપ સ્વસંવેદન, તેનાથી જેનો જન્મ છે,...**' નિજ વૈભવનો જન્મ થયો છે. અમારે વૈભવ પ્રગટ્યો છે. જુઓ! આ દુનિયાની ધૂળ.. ધૂળ પ્રગટે છે ને? વૈભવ-આ બાયડી, છોકરા, કુટુંબ, મહેલ. હવે ધૂળમાં ક્યાં તારો વૈભવ છે? એ તારો વૈભવ છે? એ તો જડનો છે. સમજાય છે કાંઈ? એ.. શેઠ! આ ચાર-ચાર, પાંચ-પાંચ લાખના સંગેમરમરના મકાન અમારા. ધૂળમાંય નથી કોઈના. એ તો પરની ચીજ છે. એ.. શોભાલાલજી!

મુમુક્ષુ :- કામમાં તો આવે છે.

ઉત્તર :- ધૂળમાંય કામમાં નથી આવતા. શું કામ આવે છે? રાગમાં નિમિત્ત પડે છે. વાત તો એવી છે. સમજાય છે કાંઈ?

આ તો કહે છે, અમારો નિજવૈભવ. અતીન્દ્રિય આનંદથી પ્રચુર સ્વસંવેદન પ્રગટ્યું એ અમારો નિજવૈભવ છે. તેનાથી જન્મ થયો. જુઓ! અમારો વૈભવ પ્રગટ થયો છે. પર્યાયમાં પ્રગટ થયો છે. વસ્તુ તો ત્રિકાળ હતી. તેનાથી હું 'સમયસાર' કહીશ, એમ કહે છે. આવા અમારા નિજ વૈભવના પ્રચુર સ્વસંવેદનમાંથી અમારો જન્મ થયો તેનાથી હું 'સમયસાર' કહીશ, એમ કહે છે. એક એક ગાથામાં તો અલૌકિકતા ભરી છે! સમજાય છે કાંઈ?

અહીં તો આપણે ત્યાગની વાત ચાલે છે ને. આવા મુનિને ઇષ્ટ ભોજનમાં મમત્વનો

ત્યાગ, વસ્તી સારી હોય તો એના મમત્વનો ત્યાગ. અને ઉપકરણ શાસ્ત્ર-પુસ્તક, પીંછી આદિ. એનું નામ ત્યાગ ધર્મ કહેવાય છે. સમજ્યા? ભાઈ! અહીં મુનિની વિશેષ વાત છે ને. ગૃહસ્થને એનો અંશ છે. ગૃહસ્થને એનો અંશ છે. અનુભવ દૃષ્ટિપૂર્વક અતીન્દ્રિય આનંદનો સ્વાદપૂર્વક જેટલી વસ્તુ છે એમાંથી આસક્તિ થોડી ઘટાડવી એ શ્રાવકનો ત્યાગ છે. અંશે સર્વ કર્યું છે. 'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય'માં આવ્યું છે.

મુમુક્ષુ :- પદાર્થનો ત્યાગ.

ઉત્તર :- પદાર્થનો ત્યાગ કોણ કરે? પદાર્થ તો પદાર્થમાં પડ્યો છે. શું ધૂળ કર્યો છે અંદરથી? ત્રણે કાળે અભાવ છે, આત્મામાં ત્રણે કાળે પરપદાર્થની નાસ્તિ છે. નાસ્તિ છે તેની નાસ્તિ કરવી છે? આસક્તિનો ત્યાગ. સ્વરૂપમાં લીન થઈને આસક્તિનો ત્યાગ. અહીં લીન થઈને આસક્તિનો ત્યાગ. એકલો આસક્તિનો ત્યાગ એમ નહિ. સમજાય છે કાંઈ? તેને ત્યાગ ધર્મ કહે છે. લ્યો, એ અધિકાર પૂરો થયો. હવે આપણે ચાલતો અધિકાર. આ તો થોડું લઈએ છીએ ને. બે દિવસ રહ્યા, બે દિવસ. આકિંચન અને બ્રહ્મચર્ય. ઓહોહો..!

હવે ચાલતો અધિકાર. ૧૩મી ગાથા. પ્રમાણનો અધિકાર ચાલ્યો. હવે નયનો અધિકાર. જુઓ! શું કહે છે? પહેલા ગાથામાં તો એમ આવ્યું હતું કે પર્યાયદૃષ્ટિથી જોવાથી અર્થાત્ કર્મના બંધની પર્યાયથી-કર્મબંધ પર્યાયથી જોવામાં આવતાં નવ તત્ત્વનો વિકલ્પ છે. નવ તત્ત્વનો વિકલ્પ છે. પણ એની દૃષ્ટિ છોડી એકલા ચૈતન્ય જ્ઞાયકભાવનો અનુભવ કરવામાં આવતાં નવ તત્ત્વ અસત્યાર્થ છે. ભૂતાર્થમાં એ નવ છે જ નહિ. પોતાના અનુભવમાં નવ નથી તો નવને અસત્યાર્થ કહેવામાં આવ્યા છે. એક ચૈતન્ય જ્ઞાયકભાવનો અનુભવ કરવો તે જ ભૂતાર્થ અને સત્યાર્થ છે. એ પહેલાં આવી ગયું.

પછી પ્રમાણ. પહેલાં પ્રમાણનું જ્ઞાન કરવું. પ્રત્યક્ષ જ્ઞાન કેવળજ્ઞાન છે. અંશ પ્રત્યક્ષ અવધિ, મનઃપર્યય છે. મતિ-શ્રુત પરોક્ષ છે. એમ બરાબર જ્ઞાન કરવું. અને એમાં-મતિ-શ્રુતમાં ઈન્દ્રિય, મન આદિ નિમિત્ત પડે છે તેનું પણ જ્ઞાન કરવું. પછી તેને છોડીને. આત્માને બરાબર સામાન્ય-વિશેષથી પ્રમાણથી સિદ્ધ કરવો. સામાન્ય-વિશેષને નયભેદથી નક્કી કરવું. નક્કી કર્યા પછી સ્વરૂપના અનુભવકાળમાં એકાકાર, જેમાં પ્રમાતા, પ્રમેય, પ્રમાણના ભેદ નથી. એકલું જ્ઞાયક સ્વરૂપનો અનુભવ કરવામાં આવતાં પ્રમાતા, પ્રમેય, પ્રમાણ અસત્યાર્થ છે. ભેદ અભૂતાર્થ છે. સમજાય છે કાંઈ? એ કાલે આવી ગયું. આજે તો હવે નયનો અધિકાર ચાલશે. સમજાય છે કાંઈ? ઝીણો અધિકાર છે. પહેલી પંદર ગાથા તો એવી છે કે આખા જૈનદર્શનનો સ્તંભ છે. સમજાય છે કાંઈ?

હવે નય આવી. '**નય બે પ્રકારે છે.**' નય કોને કહે છે? પદાર્થના એક અંશને જાણનારા (અંશને) નય કહે છે. પદાર્થ જે અખંડ છે, અનંત ગુણ પિંડરૂપ, પર્યાય, દ્રવ્ય આદિ એમાં એક ભાગનો નિર્ણય કરાવનારો અથવા જાણનારને નય કહે છે. કાં સામાન્યને, કાં વિશેષને.

એના જ્ઞાનને નય કહે છે. એ નય બે પ્રકારની છે. '**દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. ત્યાં દ્રવ્ય-પર્યાયસ્વરૂપ વસ્તુમાં...**' જુઓ! બે ભાગ છે. હવે વસ્તુ કેવી છે? વસ્તુ દ્રવ્ય-પર્યાયસ્વરૂપ છે. શું (કહ્યું)? આત્મા છે તે દ્રવ્ય અને પર્યાયસ્વરૂપ છે. દ્રવ્ય એટલે ત્રિકાળ સ્વરૂપ સામાન્ય છે અને વર્તમાન વિશેષ અવસ્થાસ્વરૂપ છે. બે મળીને આખું દ્રવ્ય છે. તો કહે છે, '**દ્રવ્ય-પર્યાયસ્વરૂપ વસ્તુમાં દ્રવ્યનો મુખ્યપણે અનુભવ કરાવે તે દ્રવ્યાર્થિક નય છે.**' શું કહે છે? હજી તો વિકલ્પથી વાત છે, હોં! દ્રવ્યનું મુખ્યતાથી જ્ઞાન કરાવે. અનુભવ શબ્દે જ્ઞાન લેવું છે. ત્યાં અનુભવ એટલે વેદન નહિ. જ્ઞાન, જાણપણું. સામાન્ય દ્રવ્ય છે, ધ્રુવ છે, એકરૂપ છે, એમ જે વસ્તુનું મુખ્યતાથી (જ્ઞાન કરાવે). કેમકે પર્યાય ગૌણ રહી ગઈ, પર્યાય ગૌણ રહી ગઈ. દ્રવ્યની મુખ્યતાથી જે પદાર્થ દ્રવ્ય અને પર્યાયસ્વરૂપ છે, જે આ આત્મા... હવે અહીંયાં પરની વાત નથી. આત્મા દ્રવ્ય-પર્યાયસ્વરૂપ છે. સામાન્ય ત્રિકાળ અને વર્તમાન વિશેષ અવસ્થાસ્વરૂપ આખું દ્રવ્ય છે. એમાં દ્રવ્યાર્થિકનય મુખ્યપણે દ્રવ્ય નામ જેનો સામાન્ય સ્વભાવ છે, તેનો જે '**અનુભવ કરાવે તે દ્રવ્યાર્થિક નય છે...**' સામાન્યનું જ્ઞાન કરાવનારને દ્રવ્યાર્થિકનય કહે છે. હજી આ વિકલ્પાત્મક છે. વિકલ્પાત્મક સમજ્યા? વિકલ્પ સહિત સામાન્ય શું છે તેનું જ્ઞાન કરાવ્યું.

દ્રવ્ય એટલે સામાન્ય દ્રવ્ય વસ્તુ. દ્રવ્ય એટલે હવે આમાં પર્યાય નહિ. પહેલાં તો કહ્યું હતું કે દ્રવ્ય-પર્યાયસ્વરૂપ વસ્તુ. વસ્તુમાંથી એક અંશ સામાન્ય દ્રવ્યને મુખ્યપણે, પર્યાયને ગૌણ કરીને મુખ્યપણે જે જ્ઞાન કરાવે તે નયને દ્રવ્યાર્થિકનય કહેવામાં આવે છે. વિકલ્પથી રાગ સહિતની વાત છે. રાગ સહિત, રાગ સહિત આ સામાન્ય છે એવું જ્ઞાન કરાવ્યું. નિર્વિકલ્પની વાત પછી આવશે. સમજાય છે કાંઈ? જરી શાંતિથી સમજવાની વાત છે. જુઓ, પહેલા શબ્દ જુઓ!

'**નય બે પ્રકારે છે–દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક.**' એ નયના બે પ્રકાર કહ્યા. વસ્તુ દ્રવ્ય-પર્યાયસ્વરૂપ છે. વસ્તુ દ્રવ્ય-પર્યાયસ્વરૂપ છે. વસ્તુ. બે ભાગ થયા. નયના બે પ્રકાર. વસ્તુ દ્રવ્ય અને પર્યાય સ્વરૂપ. સમજાય છે કાંઈ? હવે '**દ્રવ્યનો મુખ્યપણે...**' દ્રવ્ય નામ સામાન્યનું મુખ્યપણે જે જ્ઞાન કરાવે તેને અહીંયાં દ્રવ્યાર્થિક નય કહે છે. હજી જ્ઞાનની વાત છે, અનુભવની વાત નથી. ખ્યાલમાં (આવે છે કે) આ સામાન્ય છે એવું જ્ઞાન. રાગ મિશ્રિત નયથી ખ્યાલ કરાવ્યો તેનું નામ દ્રવ્યાર્થિકનય કહે છે. આહાહા..!

'**અને પર્યાયનો મુખ્યપણે અનુભવ કરાવે તે પર્યાયાર્થિક નય છે.**' અવસ્થા છે, દશા છે, હાલત છે. એવો જે મુખ્યપણે દ્રવ્યને ગૌણ કરીને, પર્યાયને મુખ્ય કરીને... અહીં તો જ્ઞાન કરાવવું છે, હોં! પ્રયોજન સિદ્ધ કરવાની વાત પછી આવશે. નહિતર અહીંયાં આવ્યું કે પર્યાયની મુખ્યતા કરી, ભાઈ! અને પર્યાયની મુખ્યતા અને દ્રવ્યની ગૌણતા (કહી). સમ્યગ્દર્શનમાં પ્રયોજન સિદ્ધ કરવાની વાત નથી. ફક્ત બેનું જ્ઞાન કરાવવું છે. દ્રવ્યનું મુખ્યતાથી

જ્ઞાન કરાવે તે દ્રવ્યાર્થિક નય. એક વાત. પર્યાયનું મુખ્યતાથી, દ્રવ્યને ગૌણ કરીને પર્યાયનું મુખ્યતાથી જ્ઞાન કરાવે તે પર્યાયાર્થિક નય. હજી તો જ્ઞાન કરાવવાની વાત છે. વસ્તુ સમ્યગ્દર્શન કઈ રીતે થાય છે એ વાત નથી હજી. આહાહા..! સમજાય છે કાંઈ? અમરચંદભાઈ! આ જુઓ, અધિકાર છે.

મુમુક્ષુ :-...

ઉત્તર :- હજી તો દ્રવ્ય પર્યાય સામાન્ય અને વિશેષ છે. તે સામાન્યનું મુખ્ય કરીને જ્ઞાન કરે છે, જ્ઞાન એટલે જાણપણું, એમાં સમ્યગ્દર્શનની વાત નથી. સમજાય છે કાંઈ? સામાન્ય એક ચીજ છે, ધ્રુવ છે. એનું લક્ષ કરીને રાગ સહિત દ્રવ્યાર્થિક નય દ્રવ્યને મુખ્યપણે બતાવે છે, પર્યાયને ગૌણ કરીને. તેનું નામ દ્રવ્યાર્થિક નય કહેવામાં આવે છે.

'**પર્યાયનો મુખ્યપણે...**' જુઓ! આમાં ફેર છે. કોઈ કહે છે કે જ્યારે તેમ એમ કહો કે નિશ્ચયનય ભૂતાર્થ છે તો વ્યવહારનય અભૂતાર્થ છે. તો અમે કહીએ છીએ કે વ્યવહારનય ભૂતાર્થ છે તે અપેક્ષાથી નિશ્ચયનય અભૂતાર્થ છે. એ વાત જ નથી, આ તો બીજી વાત છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- બેય ભૂતાર્થ છે.

ઉત્તર :- બેય ભૂતાર્થ છે. દ્રવ્યનું જ્ઞાન કરાવવું એની મુખ્યતાથી પર્યાયને ગૌણ કરીને જાણપણું હજી તો કરાવ્યું છે. સમ્યગ્જ્ઞાન કઈ રીતે થાય, એ વાત અહીંયાં નથી. સમજાય છે કાંઈ? એના જ્ઞાનના ક્ષયોપશમમાં, ક્ષયોપશમભાવમાં સામાન્ય ચીજ જે દ્રવ્ય છે, નિજ દ્રવ્ય સામાન્ય, એની મુખ્યતા કરીને પર્યાયને ગૌણ કરીને, આ દ્રવ્ય છે એમ જાણપણું ક્ષયોપશમમાં થયું. બસ, એટલું. બેસ, એટલું જાણપણું. અને પર્યાયનું મુખ્યતાથી અનુભવ નામ જ્ઞાન કરાવવા માટે જે પર્યાય છે તે પર્યાયાર્થિક નય. અહીંયાં મુખ્યતા કહ્યું. દ્રવ્યને અહીંયાં ગૌણ કરી નાખ્યું.

જે ૧૧મી ગાથા છે, '**भूदत्थो देसिदो दु सुद्धणओ**'. શુદ્ધનય ત્રિકાળ તે ભૂતાર્થ છે, એ ત્રિકાળ ભૂતાર્થ છે. એમાં પર્યાય કદી ભૂતાર્થ થતી નથી. પર્યાયની મુખ્યતા દ્રવ્યની દૃષ્ટિમાં કદી થતી નથી. આહાહા..! સમજો થોડું. નિજ શુદ્ધ ધ્રુવ સ્વરૂપનો આશ્રય લેવા એ વસ્તુને ભૂતાર્થ કહી અને ભેદ પર્યાયને અભૂતાર્થ કહી. તો એમાં તો ભૂતાર્થની મુખ્યતા ત્રણે કાળે કાયમ રહે છે. એમાં કદી પર્યાયની ભૂતાર્થતા આવી જાય, મુખ્યતા આવી જાય એમ નથી. આ તો જ્ઞાન કરાવવાની વાત છે હજી તો પહેલી. આહાહા..! જંબુપ્રસાદજી! આ બરાબર સમજવું, હોં!

કોઈ કહે કે, જુઓ! અહીંયાં પર્યાયની મુખ્યતાથી જ્ઞાન કરાવ્યું. અનુભવ કરાવ્યો કે નહિ? ના, ના. અહીંયાં ઈ વાત નથી. અહીં તો પર્યાયનું લક્ષ કરાવવું છે કે અવસ્થા છે, ભેદ છે, પર્યાય છે, હાલત છે. તેને મુખ્ય કરીને... કેમકે બેમાંથી એકને ગૌણ કરી,

બીજાને મુખ્ય કરીને જ્ઞાન કરાવ્યું. સમ્યગ્દર્શન અને જ્ઞાન સીધું એ વાત અત્યારે નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

અનાદિ કાળથી જે અજ્ઞાની દ્રવ્ય પર્યાયને નથી સમજતા, તેને અહીંયાં સર્વજ્ઞે કહેલાં દ્રવ્ય પર્યાયને મુખ્ય ગૌણ કરીને, એકને મુખ્ય કરીને, બીજાને ગૌણ કરીને દ્રવ્યને મુખ્ય કર્યું તો દ્રવ્યનું જ્ઞાન થયું, પર્યાયને ગૌણ કરી. પર્યાયને મુખ્ય કરી તો દ્રવ્ય ગૌણ થઈને પર્યાયનું જ્ઞાન થયું. અહીં તો અજ્ઞાની સામાન્ય વિશેષને નથી માનતો, બસ આત્મા આત્મા બકે છે એમ નથી. સમજાય છે કાંઈ? સામાન્ય વસ્તુ ત્રિકાળ પણ છે, સાથે પર્યાય પણ છે. બેય ભૂતાર્થ છે. ભૂતાર્થનો અર્થ, છે. આશ્રય કરવા લાયક કોણ એ વાત અત્યારે નથી. જ્ઞાન કરાવે છે.

મુમુક્ષુ :- નયોના ભેદનું જ્ઞાન...

ઉત્તર :- નયોના ભેદનું જ્ઞાન અજ્ઞાનીમાં જૈનદર્શન સિવાય ક્યાંય નથી. સમજાય છે કાંઈ? વીતરાગ સર્વજ્ઞે કહેલા સામાન્ય અને વિશેષ એવી વસ્તુ બીજે ક્યાંય નથી. તેનું જ્ઞાન કરાવવા, દુનિયાની વિપરીત બુદ્ધિ છોડાવવા પહેલા જ્ઞાન કરાવવાની વાત છે. સમ્યગ્દર્શન કરાવવાની વાત પછી આવશે. સમજાય છે કાંઈ? અહીં અનુભવનો અર્થ જ્ઞાન છે. અનુભવનો અર્થ વેદનની વાત નથી.

પર્યાયનું મુખ્યતાથી જ્ઞાન કરાવે તે પર્યાયાર્થિક નય છે, બસ. '**તે બંને નયો દ્રવ્ય અને પર્યાયનો...**' હવે, જુઓ. '**બંને નયો દ્રવ્ય અને પર્યાયનો પર્યાયથી (ભેદથી, ક્રમથી) અનુભવ કરતાં...**' જુઓ! ભેદથી, ક્રમથી જાણતાં. દ્રવ્યને મુખ્ય કરી પર્યાયને ગૌણ કરી, પર્યાયને મુખ્ય કરી દ્રવ્યને ગૌણ કર્યું, એમ ક્રમથી, ભેદથી, ભેદથી અનુભવ કરતાં (અર્થાત્) ભેદથી જાણતાં, ભેદથી જાણતાં બે નય ભૂતાર્થ છે. બે નયના વિષેય છે અને બન્ને નય બરાબર છે. હજી સમ્યગ્દર્શનની વાત નથી. સમજાય છે કાંઈ? ઓહોહો..! કેટલું..!

સર્વજ્ઞે જે આત્મા કહ્યો એવો આત્મા સામાન્ય વિશેષ છે. એવી ચીજ ક્યાંય નથી. એનું પહેલાં વ્યવહારુ સમ્યક્જ્ઞાન (કરાવે છે). જે મિથ્યાજ્ઞાન અજ્ઞાનીએ દ્રવ્ય માન્યું છે, પર્યાય માની છે તેનાથી વિરુદ્ધ જે સત્ય છે તેનું જ્ઞાન કરાવ્યું કે જો ભાઈ! દ્રવ્ય સામાન્ય ત્રિકાળ છે. અનંત ગુણરૂપ સામાન્યનું જ્ઞાન કરવું. તો પર્યાય ગૌણ થઈ ગઈ. અને પર્યાયનું જ્ઞાન કરતી વખતે દ્રવ્ય ગૌણ થઈ ગયું. તો બેનું જ્ઞાન કરાવ્યું. '**દ્રવ્ય અને પર્યાયનો પર્યાયથી અનુભવ કરતાં...**' જુઓ! પર્યાયથી એનો અર્થ બેને ભેદથી જાણીને, બેનો ભેદ જાણીને નય છે. નયનો વિષય છે. વ્યવહારનયથી બે નયનું જ્ઞાન છે. આ વ્યવહારનયનો વિષય ચાલે છે. '**સત્યાર્થ છે...**' બે નયનું-દ્રવ્ય સામાન્યનું જ્ઞાન, પર્યાય વિશેષ એ વિકલ્પાત્મક વસ્તુ છે. ભાષા કેવી છે, જુઓ! '**બંને નયો દ્રવ્ય અને પર્યાયનો પર્યાયથી...**' પાછું એમ છે. ભેદથી, ક્રમથી જાણતાં એ ભૂતાર્થ છે. સામાન્ય વિશેષનું જ્ઞાન છે, બસ એટલું. સમજાય

છે કાંઈ? લાલબહાદુરજી! સમજાણું? ભાઈ! હવે સમ્યગ્દર્શન કહે છે.

મુમુક્ષુ :-

ઉત્તર :- વિકલ્પાત્મક છે. વાત ઈ. વ્યવહાર છે. અજ્ઞાની દ્રવ્ય પર્યાય (વિપરીત) માને છે. અન્યમાં નથી તો ભગવાન આવા જે દ્રવ્ય પર્યાય કહે છે એમ પહેલાં મુખ્ય ગૌણ કરીને જ્ઞાન કરાવ્યું. બસ. પણ એ છે પર્યાયથી જ્ઞાન, ભેદથી જ્ઞાન, વ્યવહારથી જ્ઞાન થયું.

**'અને દ્રવ્ય તથા પર્યાય એ બન્નેથી નહિ આલિંગન કરાયેલા...'** હવે આ સામાન્ય અને વિશેષ બેના ભેદને સ્પર્શે નહિ, બેને સ્પર્શવું નહિ. **'શુદ્ધવસ્તુમાત્ર જીવના (ચૈતન્યમાત્ર) સ્વભાવનો અનુભવ કરતાં...'** શુદ્ધ વસ્તુ જ્ઞાનાનંદનો, **'શુદ્ધવસ્તુમાત્ર જીવના (ચૈતન્યમાત્ર) સ્વભાવનો અનુભવ કરતાં...'** આ અનુભવ વેદન છે. આનંદના વેદનમાં અનુભવ થયો. આહાહા..! **'અનુભવ કરતાં તેઓ અભૂતાર્થ છે,...'** જે પર્યાયથી વિકલ્પથી બે નયનું જ્ઞાન કરાવ્યું હતું એ પર્યાયથી, દ્રવ્ય પર્યાયનું પર્યાયથી, દ્રવ્ય પર્યાયનું ભેદથી, દ્રવ્ય પર્યાયનું અનેકતાથી જે જ્ઞાન કરાવ્યું હતું, તે એક જીવવસ્તુનો અનુભવ કરતાં એ ભેદ છે, અભૂતાર્થ છે. સમજાય છે કાંઈ? આ તો પ્રભુનો માર્ગ છે, ભાઈ! જે સર્વજ્ઞે કહ્યું એવી વાત છે. એવી કોઈ મામુલી વસ્તુ નથી. શું કહે છ?

મુમુક્ષુ :- કેવળી ભગવાનના..

ઉત્તર :- કેવળી ભગવાન. સર્વજ્ઞ સ્વરૂપ જ આત્માનું છે, પ્રભુ! એ સર્વજ્ઞપર્યાય પ્રગટ થાય છે તે ક્યાંથી થઈ? પ્રાપ્તની પ્રાપ્તિ છે કે અપ્રાપ્તની પ્રાપ્તિ છે? તો ત્રણ કાળ ત્રણ લોકને જાણવાની પર્યાય પ્રગટ થઈ એ પર્યાયનો ધરનાર ભગવાન આત્મા છે. પોતામાં છે તો થાય છે. સમજાય છે કાંઈ? કૂવામાં હોય તો અવેડામાં પાણી આવે. અંદરમાં હોય તો બહાર આવે ને. અંદર ન હોય તો ક્યાંથી આવે? એમ આત્મામાં સર્વજ્ઞશક્તિ ત્રિકાળ પડી છે. તેનો અનુભવ કરતાં કરતાં પર્યાયમાં કેવળજ્ઞાન થઈ જાય છે. ઈ અંદરમાંથી આવે છે. બહારથી આવતી નથી અને પર્યાયમાંથી પર્યાય આવતી નથી. રાગમાંથી આવતી નથી, નિમિત્તમાંથી આવતી નથી, પર્યાયમાંથી પર્યાય આવતી નથી. એ સર્વજ્ઞની પર્યાય દ્રવ્યમાંથી આવે છે. મોક્ષમાર્ગ થયો તો મોક્ષમાર્ગની પર્યાયમાંથી મોક્ષ નથી થયો. મોક્ષમાર્ગ તો પર્યાય છે. તો પર્યાયમાંથી કેવળજ્ઞાન મોક્ષ ઉત્પન્ન નથી થતો. એ પર્યાયનો વ્યય થઈને કેવળજ્ઞાનની પર્યાય અંતરમાંથી આવે છે. આહા..! પર્યાય તો એક સમયની છે. એ તો વ્યતીત થઈ ગઈ. અભાવમાંથી ભાવ ક્યાંથી થાય? આહાહા..! સમજાય છે કાંઈ? એવી વાત છે, વાત જ એવી છે. સાંભળવા, સમજવા ન મળે એટલે કંઈ વસ્તુ ફરી જાય? વસ્તુ તો જે છે ઈ છે. અત્યારે તો વાત ઘણી ફરી ગઈ, બહુ ફરી ગઈ વાત. આખો વીતરાગનો માર્ગ છે તેને ઉલટપલટ કરી નાખ્યો. સમજાય છે કાંઈ?

આ તો સર્વજ્ઞપ્રભુ આત્મા એમાંથી સર્વજ્ઞપ્રભુ પ્રગટ થયા. તો કહે છે, પ્રભુ! અમે

જે દ્રવ્ય પર્યાય આત્માના જાણ્યા, એમ તું પહેલાં દ્રવ્ય પર્યાયને જાણો. અમે જેવા દ્રવ્ય પર્યાય કહ્યા છે તેવું પહેલાં તું જ્ઞાન કર. ક્ષયોપશમમાં જ્ઞાન કરો. પણ એ જ્ઞાન વિકલ્પાત્મક રાગ સહિતનું જ્ઞાન છે. પહેલાં દ્રવ્ય પર્યાયનું કરાવ્યું ઈ. '**અને દ્રવ્ય અને પર્યાય એ બન્નેથી નહિ આલિંગન કરાયેલા...**' બે ભેદના વિકલ્પ છે તેને છોડી દીધા. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- અહીંયાં નિશ્ચય આવ્યો.

ઉત્તર :- નિશ્ચય સ્વભાવનો આશ્રય થયો.

'**દ્રવ્ય અને પર્યાય એ બન્નેથી નહિ આલિંગન કરાયેલા...**' પાછો એનો અર્થ એમ નથી કે દ્રવ્ય પર્યાય પહેલા નક્કી કર્યા હતા પછી દ્રવ્ય પર્યાય ઊડી ગયા. ઊડી ગયાને શું કહે છે? ખતમ હો ગયે, ઐસા નહીં હૈ. છે તો છે. પણ બે પ્રકારનું ભેદથી જ્ઞાન કરે છે એ ઊડી ગયું. અભેદનું જ્ઞાન થયું. સમજો પહેલા, ધીરેથી સમજો, હોં! આ તો અંતરની વસ્તુ છે ને. સમજાણું? ભેદ આવે છે. કારણ કે સામાન્ય શું, વિશેષ શું એવું ભેદનું જ્ઞાન આવે છે. પણ એ ભેદને છોડીને અભેદ કરવું એ તેનું પ્રયોજન છે. ભેદનું પ્રયોજન નથી, પ્રયોજન અભેદનું છે. પણ પહેલાં આવું ભેદજ્ઞાન આવ્યા વિના રહેતું નથી. આ ભેદજ્ઞાનનો અર્થ રાગથી ભિન્ન એમ નહિ. પણ આ સામાન્ય જ્ઞાન છે, સામાન્ય વસ્તુ છે, આ વિશેષ છે એમ રાગમિશ્રિત મનના સંગે ક્ષયોપશમ જ્ઞાનમાં એમ આવ્યું અને એમ છે, પણ એનું નામ હજી સમ્યગ્દર્શન નથી. એવો એક ભાવ છે એમ અહીંયાં સિદ્ધ કરવું છે. છે, એવું ભૂતાર્થ છે. એવી પર્યાય ભૂતાર્થ નામ, છે. ભૂતાર્થ નામ, છે. આહાહા..!

પછી '**દ્રવ્ય તથા પર્યાય એ બન્નેથી આલિંગન નહિ કરાયેલા...**' અર્થાત્ બેના ભેદના વિકલ્પને છોડીને. જુઓ! આલિંગન આવ્યું અહીંયાં. '**શુદ્ધવસ્તુમાત્ર જીવ...**' એકલું ધ્રુવ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ '**સ્વભાવનો અનુભવ કરતાં...**' સ્વભાવમાં એકાકાર થવાથી, આનંદને પ્રત્યક્ષ કરતાં. પેલું પરોક્ષ જ્ઞાન હતું. પહેલાં જે સામાન્ય વિશેષનું નયનું જ્ઞાન થયું તે પરોક્ષ જ્ઞાન છે. કારણ કે વિકલ્પ સહિત છે. એ વાસ્તવિક નથી. પછી '**શુદ્ધવસ્તુમાત્ર જીવના સ્વભાવનો અનુભવ કરતાં...**' એકલો ચૈતન્ય ધ્રુવ સામાન્ય તરફ ઢળવાથી જે પ્રત્યક્ષ જ્ઞાનનો અનુભવ થાય, તે કાળે સામાન્ય વિશેષથી જે વિકલ્પાત્મક જ્ઞાન કરાવ્યું હતું એ જૂઠું થઈ ગયું. જૂઠું નામ દ્રવ્ય અને પર્યાય નથી એમ નહિ. અનુભૂતિમાં એ વિકલ્પાત્મક જ્ઞાન ગયું. નિર્વિકલ્પ જ્ઞાન રહી ગયું. વિકલ્પ છૂટી ગયા. ઈ વાત છે. અંદરમાં ઠરી ગયો. વિકલ્પ નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

કેવી વાત કરે છે! 'અમૃતચંદ્રાચાર્યે' કેટલું કાઢ્યું! નવ તત્ત્વને ભૂતાર્થ જાણે તો એમાંથી પ્રમાણ કાઢ્યું, નય કાઢી, નિક્ષેપ કાઢ્યા. છે ને, વસ્તુ છે કે નહિ? વ્યવહાર સાધન. એ વ્યવહાર છે ખરો. બે નયનું જ્ઞાન કરવું ઈ છે ખરું. પણ એ છે ઈ વાસ્તવિક આશ્રય કરવા લાયક નથી. બેય ભેદ આશ્રય કરવા લાયક નથી. સમજાય છે કાંઈ? છે ને? પુસ્તક

સામે છે, શેનો અર્થ થાય છે એ સમજાય છે કે નહિ? છે? લખ્યું છે કે નહિ? નહિતર મેળ નહિ ખાય કોઈ રીતે. જુઓ! પહેલાં કહ્યું, **'બંને નયો દ્રવ્ય અને પર્યાયનો પર્યાયથી અનુભવ કરતાં...'** પર્યાય શબ્દે ભેદથી જાણતાં. ભેદનું જ્ઞાન કરવું ઈ છે, એટલી વાત. પણ **'દ્રવ્ય તથા પર્યાય એ બન્નેથી નહિ આલિંગન કરાયેલા...'** બે ભેદને, વિકલ્પને આલિંગન નહિ કરતાં **'શુદ્ધવસ્તુમાત્ર જીવના સ્વભાવનો અનુભવ કરતાં...'** એ બેનું વિકલ્પાત્મક જ્ઞાન **'અભૂતાર્થ છે, અસત્યાર્થ છે.'** સમજાય છે કાંઈ? ભાઈ! આ સમજવું પડશે. આત્માની તૈયારી કરવી પડશે. એવું છે. આહાહા..! અનંત કાળથી રખડ્યો છે તો આના ભાન વિના કદી સંસારથી છૂટકારો નહિ થાય. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ જ સત્યાર્થ થઈ ગયું. ઈ સત્યાર્થ થયું અને પેલું અસત્યાર્થ થઈ ગયું. પહેલા જે વ્યવહાર સત્યાર્થ કહ્યું હતું, પર્યાય છે એમ સત્યાર્થ કહ્યું હતું, પણ દ્રવ્યનો અનુભવ કરતાં એ સત્યાર્થ થયું તો પેલું અસત્યાર્થ થઈ ગયું. એક સત્યાર્થ રહી ગયું. એવી વાત છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- પ્રત્યક્ષ કર્યું?

ઉત્તર :- ઈ પ્રત્યક્ષ કર્યું. પહેલાં કહ્યું ને? સ્વભાવનો અનુભવ નામ પ્રત્યક્ષ છે. શ્રુતજ્ઞાન અનુભવ પ્રત્યક્ષ થઈ ગયું. પહેલાં સામાન્ય જ્ઞાન, સામાન્યનું જ્ઞાન વિશેષનું જ્ઞાન કર્યું એ તો પરોક્ષ જ્ઞાન છે. પરોક્ષ જ્ઞાન કંઈ વાસ્તવકિ એનું સ્વરૂપ નથી. સમજાય છે કાંઈ?

આત્મામાં પ્રકાશ નામનો એક અનાદિઅનંત ગુણ પડ્યો છે. શું કહ્યું? આત્મામાં ૪૭ ગુણ-શક્તિ કહીને ? એમાં એક બારમી પ્રકાશ નામની શક્તિ છે. બારમી. જીવત્વશક્તિ, ચિતિ, દર્શિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શિ, સર્વજ્ઞ, સ્વચ્છત્વ અને પ્રકાશત્વ. એ પ્રકાશગુણનો ગુણ શું છે? કે આત્મામાં પ્રકાશ નામનો એક ગુણ છે. એનું કાર્ય શું? કે આત્મા સ્વસંવેદન પ્રત્યક્ષ થઈ જાય એવું એ ગુણનું કાર્ય છે. ઈ અહીંયાં કહે છે.

મુમુક્ષુ :- વસ્તુમાં શક્તિ ન હોય તો ક્યાંથી...

ઉત્તર :- તો ક્યાંથી આવે? શક્તિ-ગુણ છે તો ગુણનું ધરનાર દ્રવ્ય છે તો જ્યાં દ્રવ્યની દૃષ્ટિ થઈ તો પર્યાયમાં પ્રત્યક્ષ જ્ઞાન થઈ ગયું. પ્રત્યક્ષ જ્ઞાન થયું. પ્રકાશ નામની શક્તિનો ગુણ જ ઈ છે. સામાન્ય અને વિશેષનું જ્ઞાન કર્યું એ તો સાધારણ થયું. એ તો પર્યાયમાં ભેદથી જ્ઞાન થયું. એમાં એ પ્રકાશશક્તિને ધરનાર દ્રવ્યની દૃષ્ટિનું જ્ઞાન ન થયું. ભાઈ! આ તો ભેદનું (જ્ઞાન થયું). સામાન્ય છે, વિશેષ છે. બે પ્રકાર. એ પરોક્ષ જ્ઞાન થયું. પરોક્ષ જ્ઞાન એ ખરેખર પોતાનું જ્ઞાન નથી. એ પરસત્તાવલંબી જ્ઞાન છે નિશ્ચયથી તો. એવી વાત છે.

આત્મામાં અનંત ગુણમાંથી એક પ્રકાશ નામનો ગુણ છે. તો જ્યારે ગુણને ધરનાર

દ્રવ્ય ભૂતાર્થની દૃષ્ટિ થઈ તો એ ગુણનું કાર્ય ભાવશ્રુત પ્રત્યક્ષ થઈને આત્માનું વેદન થયું. ત્યારે એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આત્મા પ્રતીતિમાં કેવી રીતે આવ્યો? એમાં પ્રકાશ નામનો ગુણ છે. તો ગુણનું કાર્ય શું છે? કે સ્વસંવેદન પ્રત્યક્ષ. સ્વસંવેદન પ્રત્યક્ષનું કાર્ય થયું તો આત્મા જે પ્રકાશ શક્તિવાળો છે એવી એની પ્રતીતિ થઈ. નહિતર પ્રતીત છે ક્યાં? આત્માની પ્રતીત થાય તેનું નામ પ્રતીતિ છે. આહાહા..! શું કહ્યું?

ફરીથી. પહેલા જે કહ્યું કે, '**તે બંને નયો દ્રવ્ય અને પર્યાયનો પર્યાયથી (ભેદથી, ક્રમથી) અનુભવ કરતાં તો ભૂતાર્થ છે,...**' એ તો છે એટલું. એ તો પરોક્ષ જ્ઞાન થયું. એમાં વાસ્તવિક દ્રવ્યનું જ્ઞાન ન થયું. સામાન્ય દ્રવ્યનું જ્ઞાન થયું, ભલે એમાં પ્રકાશશક્તિ છે. પણ એ વિકલ્પથી આ છે એમ ખ્યાલ થયો. દ્રવ્ય સામાન્ય જે ધ્રુવ છે એમાં પ્રકાશ નામનો અનાદિઅનંત ગુણ છે. તો પ્રકાશ ગુણને ધરનાર દ્રવ્યની જ્યાં દૃષ્ટિ થઈ તો પ્રકાશગુણનું કાર્ય ઈ છે, ગુણનો પર્યાય, કે સ્વસંવેદન ભાવશ્રુત પ્રત્યક્ષ થઈ જાય. પ્રત્યક્ષ આત્માનો ભાસ થાય એનું નામ પ્રકાશગુણનું કાર્ય છે એ અનુભવમાં આવી ગયું. આહાહા..! ત્યારે આત્મા આવો છે એમ માન્યું. આવો છે એ ત્યારે માન્યું કહેવાય. કેમકે એમાં પ્રકાશશક્તિ સહિત આત્મા છે, અનંત ગુણ શક્તિ સહિત છે તો આવો આત્મા છે એ ત્યારે માન્યો કહેવાય કે જે બે ભેદના વિકલ્પનું જ્ઞાન છે તેનું લક્ષ છોડીને એકલો આત્મા.. શું કહે છે? '**શુદ્ધવસ્તુમાત્ર જીવના (ચૈતન્યમાત્ર) સ્વભાવનો અનુભવ કરતાં...**' એમાં પ્રકાશ નામનો ગુણ પણ અનાદિઅનંત છે. એનો અનુભવ કરવામાં પ્રત્યક્ષ થયો. જ્યારે પ્રત્યક્ષ થયો ત્યારે આત્મા આવો છે એમ પ્રતીતમાં આવ્યો. નહિતર આત્મામાં પ્રકાશ નામના ગુણ સહિત છે પણ વેદનમાં પ્રત્યક્ષ ન થયો તો પ્રકાશ નામના ગુણ સહિત આત્મા પ્રતીતમાં આવ્યો નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- અંતરની ખોજ છે, મહારાજ!

ઉત્તર :- અંતરની ખોજ છે, ભાઈ! આ તો અંતરની ચીજ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. વાત છે. નવ (ભેદ) ભૂતાર્થપણે પર્યાયમાં છે, પ્રમાણ ભૂતાર્થપણે છે, નય પણ છે. પણ સામાન્યનો અનુભવ કરતાં બધું અભૂતાર્થ છે. અભૂતાર્થ છે. સમજાય છે કાંઈ? ઓહોહો..! ટીકા પણ ટીકા તે કેવી! પહેલા કહ્યું એ અનુભવમાં અને આ અનુભવમાં બેમાં ફેર છે. પેલા અનુભવમાં જે જ્ઞાન...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વેદન કરવા માટે. ઈ વાત છે.

સામાન્ય દ્રવ્ય જે ત્રિકાળ છે અને એક સમયની વિશેષ અવસ્થા છે. બેનું રાગથી જ્ઞાન થયું એ વાસ્તવિક જ્ઞાન નથી. પણ અજ્ઞાની જે દ્રવ્ય પર્યાય વિનાનું સામાન્ય વિશેષ

કહે છે તેનો તેમાં (વિકલ્પાત્મક જ્ઞાનમાં) ખ્યાલ આવ્યો કે સામાન્ય વિશેષ આમ છે. પણ એ હજી યથાર્થ જ્ઞાન નથી, સમ્યગ્જ્ઞાન નથી, સ્વસંવેદન જ્ઞાન નથી. સમજાય છે કાંઈ? શાસ્ત્ર કહે છે એમ વિકલ્પથી એણે જ્ઞાનમાં ખ્યાલમાં લીધું. વસ્તુ આવી છે. સામાન્ય આમ છે, પર્યાય આમ છે. બસ, એટલું. સામાન્યનું જે પ્રત્યક્ષ થવું એ નહિ. બેનું-દ્રવ્યનું અને પર્યાયનું વિકલ્પાત્મક જ્ઞાન હતું એ પર્યાયથી, ભેદથી, ક્રમથી (થયું હતું). કેમકે દ્રવ્યને મુખ્ય કર્યું તો પર્યાય ગૌણ થઈ ગઈ. પર્યાય મુખ્ય કરી તો દ્રવ્ય ગૌણ થયું. તો એમાં ક્રમ થયો. હવે બેનું ભેદથી અનુભવ જ્ઞાન હતું તે અપેક્ષાથી તે બરાબર છે, પણ '**શુદ્ધવસ્તુમાત્ર જીવના (ચૈતન્યમાત્ર) સ્વભાવનો અનુભવ કરતાં તેઓ અભૂતાર્થ છે,...**' આહાહા..! સમજાય છે કાંઈ?

આ વાતને અંતરમાં વિચાર અને મનન સાથે ન મિંઢવે ત્યાં સુધી આત્મા શું છે એ પ્રતીતમાં નથી આવતું. અને આત્મા પ્રતીતિમાં આવ્યા વિના એ જે કંઈ કરે બધું થોથા છે. મિંઢવવું જોઈએ, અંદરમાં મિંઢવવું જોઈએ. પ્રમાણ કરવું. પહેલાં કહ્યું ને? 'કુંદકુંદાચાર્ય' પાંચમી ગાથામાં કહ્યું ને? '**तं एयत्तविहत्त दाएहं अप्पणो सविहवेण। जदि दाएज्ज पमाणं**' દેખાડું તો પ્રમાણ કરજે-અનુભવ કરજે. અમે કહીએ છીએ એમ છે કે નહિ, એ અનુભવ કરીને પ્રમાણ કરજો. પાંચમી ગાથામાં કહ્યું છે. સમજાય છે કાંઈ? બહારની વાતે એટલા ઘેરા ઘાલ્યા કે અંતરની ચીજ શું છે એનો એને પત્તો લાગતો નથી. આ કરવું ને આ કરવું ને આમ કરવું ને દયા પાળવી ને વ્રત કરવા ને ત્યાગ કરવો, આમ ઘટાડવું ને તેમ ઘટાડવું.. બિચારો ગુંચવાઈ ગયો. પરમાં ગુંચાઈ ગયો.

અહીં તો ભગવાન ત્યાં સુધી કહે છે કે બે પ્રકારના ભેદથી જ્ઞાન કરવું એ નિશ્ચયની અપેક્ષાથી અભૂતાર્થ છે. તારા રાગ-ફાગ તો ક્યાંય રહી ગયા. વ્યવહાર રત્નત્રય રાગ તો અભૂતાર્થ (ક્યાંય રહી ગયો). જ્યાં જે જે સાધક છે તે તે ત્યાં બાધક છે. આવે છે કે નહિ? સમજ્યા? છે કે નહિ? ગાથા છે ને? ઉદયતિ. જુઓ! એમાં કહે છે, હોં! અનુભવની દશામાં સૂર્યનો દૃષ્ટાંત આપ્યો છે. 'બનારસીદાસ'.

જૈસે રવિ-મંડલકે ઉદૈ મહિ-મંડલમૈં,
આતપ અટલ તમ પટલ વિલાતુ હૈ.
તૈસેં પરમાતમાકૌ અનુભૌ રહત જૌલૌં,
તૌલૌં કહૂં દુવિધા ન કહૂં પચ્છપાતુ હૈ.

સામાન્ય વિશેષના પક્ષપાતનો વિકલ્પ ત્યાં નથી.

નયકૌ ન લેસ પરવાનકૌ ન પરવેસ,
નિચ્છેપકે વંસકૌ વિધુંસ હોત જાતુ હૈ.

એ પછી '**उदयति न नयश्री**'માં આવશે.

જે જે વસ્તુ સાધક હૈં તેઉ તહાં બાધક હૈં,
બાકી રાગ દોષ દસાકી કૌન બાતુ હૈ. ૧૦.

‘બનારસીદાસે’ તો બહુ (કામ કર્યા છે). પહેલા પ્રમાણ, નય સાધક કહે છે તે બાધક થઈ ગયું. વિકલ્પાત્મક છે, બાધક છે, વિરોધ છે. સમજાય છે કાંઈ?

જે જે વસ્તુ સાધક હૈં તેઉ તહાં બાધક હૈં,
બાકી રાગ દોષ દસાકી કૌન બાતુ હૈ.

પદ્મપ્રસાદજી! આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ભાઈ કહે છે એ વાત સાચી છે. ... જે જે નય પ્રમાણ સાધક કહેવામાં આવે છે તે જ અનુભવમાં બાધક છે. તો વળી તારી રાગની મંદતાની વાત તો ક્યાં રહી? કષાય મંદ કરો તો એનાથી લાભ થશે, એનાથી અનુભવ થશે. અરે.. ચાલ, ચાલ! એ તો ક્યાંય રહી ગયું. એ.. સેઠી! અહીં વિકલ્પવાળી નય લેવી છે. વિકલ્પવાળી નયથી જ્ઞાન થયું. છોડ, અભૂતાર્થ કરીને. સમજાય છે કાંઈ?

વ્યવહારની અપેક્ષાથી વ્યવહાર ભૂતાર્થ છે એમ સિદ્ધ પણ કર્યું. નવ તત્ત્વની પર્યાયદૃષ્ટિથી નવ છે. પણ સ્વભાવનો અનુભવ કરવામાં આવતા અભૂતાર્થ છે. પણ આશ્રય કરવા લાયક આ એક જ છે, ભેદ આશ્રય કરવા લાયક નથી. એમ પ્રમાણ, પ્રમાતા, પ્રમેયનું જ્ઞાન કરવામાં ઈ છે, છે, નથી એમ નહિ. જ્ઞાન પ્રત્યક્ષ છે, પરોક્ષ છે, વિકલ્પ છે, નિમિત્ત છે, બધી વસ્તુ છે. પણ અનુભવ કરવામાં એ બધા અભૂતાર્થ છે. આહાહા..! સમજાય છે? ભાઈ! આ તો સ્પષ્ટ વાત છે. એમાં ક્યાંય ગડબડ છે જ નહિ. પ્યોર સોનું છે. ચોખ્ખું સોળ વલું સો ટચનું સોનું છે. આહાહા..!

કહે છે કે જેમ નવ તત્ત્વ નવ તત્ત્વરૂપથી વ્યવહારથી ભૂતાર્થ છે. પણ આશ્રય કરવા લાયક નથી. આશ્રય તો એકાકાર ચૈતન્યનો આશ્રય કરવા લાયક છે. એ અપેક્ષાથી નવ અભૂતાર્થ થઈ ગયા. એમ પ્રમાણ, પ્રમેયથી જ્ઞાન કરતાં તે ભૂતાર્થ છે. છે એટલું. પણ સ્વરૂપનો અનુભવ કરવામાં આવતાં પ્રમાણ, પ્રમેય, પ્રમાતા અભૂતાર્થ છે. એમ નય સામાન્ય વિશેષનું જ્ઞાન કરવામાં વિકલ્પાત્મક જ્ઞાન કરવામાં છે, નથી એમ નહિ, ગપ નથી. સસલાના શિંગડા નથી. સસલાને શું કહે છે? ખરગોશ. ખરગોશ કહે છે ને. સસલાના શિંગડા જેવું નથી. પર્યાય છે. બે પ્રકારનું પર્યાયનું જ્ઞાન છે. પણ અનુભવ એ કામ નથી કરતાં. કેમકે ભેદ છે. અનાલિંગ. બેનો સ્પર્શ નહિ, એક ચૈતન્યનો જ અનુભવ કરવો. આહાહા..! ભારે વાત, ભાઈ!

અરે..! આ વાત જગતને કાને ન પડે તો પ્રયોગ કે દિ' કરે? સમજાય છે કાંઈ? આ ચીજ શું છે, કઈ રીતે પ્રાપ્ત થાય છે અને કેવી રીતે અંદર જ્ઞાન થાય છે, એ ખબર

ન હોય તો અંદર પ્રયોગ કેવી રીતે કરે? અને પ્રયોગ વિના એનો પત્તો ક્યાંથી લાગે? એવી વાત છે, ભાઈ! પહેલા ચીજ શું છે એ એના ખ્યાલમાં ન આવે તો ખ્યાલ આવ્યા વિના પ્રયત્ન ક્યાં કરે? ક્યાંથી ખસવું અને ક્યાં જવું, ખબર જ નથી. પ્રમાણજ્ઞાન કરો, પ્રમાણજ્ઞાન કરો. જ્ઞાન થઈ ગયું. એ જ્ઞાન નથી. પહેલા સાધારણ દુનિયાથી વિપરીત હતું તે થયું. એટલું. એ કંઈ આત્માના હિતનું કારણ નથી. અભૂતાર્થ કરી જ્ઞાયક સ્વરૂપ ભૂતાર્થ અનુભવમાં લે ત્યારે તે અભૂતાર્થ થઈ ગયું. તે આશ્રય કરવા લાયક નથી.

મુમુક્ષુ :- તેનાથી મતલબ જ નથી રહેતો.

ઉત્તર :- નથી રહેતો. અનુભવ થયો, અનુભૂતિમાં પરનો આશ્રય રહ્યો ક્યાં? પરના ભેદનું લક્ષ જ ક્યાં છે. હજી તો આગળ વિશેષ કહેશે, કળશમાં બહુ કહેશે. આહાહા..! નયનો અધિકાર થયો. ઠીક!

હવે આવ્યું નિક્ષેપ. બે બોલ થઈ ગયા. ત્રણ બોલ થયા. નવ તત્ત્વ, પ્રમાણ-પ્રમેય, નય. ત્રણ થયા. એક નિક્ષેપ રહ્યું. '**નિક્ષેપ ચાર પ્રકારે છે...**' જ્ઞેયના ચાર ભેદ છે. પેલા નયના ભેદ હતા. જ્ઞાનના અંશના અને તેના વિષયના. આ જ્ઞેયના ભેદ છે. '**નામ, સ્થાપના, દ્રવ્ય ને ભાવ.**' હવે એની વ્યાખ્યા કરે છે. '**વસ્તુમાં જે ગુણ ન હોય તે ગુણના નામથી (વ્યવહારથી) વસ્તુની સંજ્ઞા કરવી તે નામ નિક્ષેપ છે.**' વસ્તુમાં (ગુણ) ન હોય પણ નામ દેવું-પારસનાથ. આપે છે ને બાળકને? પાર્શ્વ વીર. પાર્શ્વ વીર અમારે ત્યાં નામ છે. વાંકાનેરમાં છે. હતા ને? વાંકાનેરમાં. પાર્શ્વ વીર. વૃદ્ધ માણસ હતા. નામ દેવું, ગુણની કંઈ જરૂર નહિ. એ નામ નિક્ષેપથી ઓળખવું. એનું નામ.

'**આ તે છે' એમ અન્ય વસ્તુમાં અન્ય વસ્તુનું પ્રતિનિધિત્વ સ્થાપવું...**' પ્રતિનિધિત્વ. આ ભગવાનની પ્રતિમા છે, ભગવાન નથી. પણ ભગવાન એમ કરીને સ્થાપન કરવું. પ્રતિમારૂપ સ્થાપન કરવું તે સ્થાપના નિક્ષેપ છે. ભગવાનને નામથી, સ્થાપનાથી, દ્રવ્યથી અને ભાવથી ઓળખવા. '**વર્તમાનથી અન્ય એટલે કે અતીત અથવા અનાગત પર્યાયથી વસ્તુને વર્તમાનમાં કહેવી તે દ્રવ્ય નિક્ષેપ છે.**' ભવિષ્યમાં તીર્થંકર થનારને વર્તમાનમાં કહેવા. સમજાયું? અને ભગવાન મોક્ષ પધાર્યા તેને વર્તમાન તીર્થંકર કહેવા. લોગસ્સમાં આવે છે ને? તીર્થંકર સ્તુતિ આવે છે ને? તીર્થંકર સ્તુતિ આવે છે. મહાવીર આદિ તીર્થંકર. તીર્થંકર તો અત્યારે નથી. એ તો સિદ્ધ થઈ ગયા. સિદ્ધ થઈ ગયા અને તીર્થંકરની સ્તુતિ કરવી તે ભૂતકાળના તીર્થંકરની અપેક્ષાથી કરવામાં આવે છે. અને શ્રેણિક રાજા ભવિષ્યમાં તીર્થંકર થવાના છે તો વર્તમાનમાં પણ જન્મ થયો તો તીર્થંકર કહે છે. તીર્થંકર જન્મ્યા. એમ કહે છે ને? તીર્થંકરનો જન્મ થયો. તીર્થંકર તો તેરમે ગુણસ્થાને થશે. પણ દ્રવ્ય નિક્ષેપથી એવું જ્ઞાન કરાવે છે.

'**વર્તમાન પર્યાયથી વસ્તુને વર્તમાનમાં કહેવી તે ભાવ નિક્ષેપ છે.**' કેવળજ્ઞાનાદિ પર્યાય પ્રગટ થાય તેને ભાવનિક્ષેપથી તીર્થંકર કહેવા, કેવળી કહેવા તે ભાવ છે. '**આ ચારેય...**'

જુઓ! આ ચારથી બરાબર જાણવું. શબ્દ વાંચે, શબ્દ વાંચીને એ શબ્દના ચાર અર્થ થાય છે. નામ શબ્દ છે, એમાં સ્થાપના બતાવે છે, યોગ્યતા કે વર્તમાન બતાવે છે. એક શબ્દમાંથી અર્થ કાઢવા. '**એ ચારેય નિક્ષેપોનો પોતપોતાના લક્ષણભેદથી...**' પોતપોતાના લક્ષણ. નામ, નિક્ષેપે તો સંજ્ઞા લક્ષણ થયું. એકલું નામ આપવું. સ્થાપના-પ્રતિનિધિત્વ સ્થાપવું. દ્રવ્યમાં ભૂત-ભવિષ્યની યોગ્યતા સ્થાપવી. ભાવમાં વર્તમાન (ભાવ). એવા '**લક્ષણભેદથી વિલક્ષણરૂપે...**' ચારેનાં વિલક્ષણ છે. ચારેના એક લક્ષણ નથી. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ. ચારેયના વિલક્ષણ-ચારેયના લક્ષણભેદ છે. '**(જુદા જુદા રૂપે) અનુભવ કરવામાં આવતાં...**' અનુભવ એટલે જ્ઞાન, અહીં અનુભવ એટલે જ્ઞાન. ચારનું જ્ઞાન કરવું કે આ નામ છે, સ્થાપના છે, એવું જ્ઞાન-વિકલ્પાત્મક જ્ઞાન. એ વિકલ્પાત્મક જ્ઞાન કરવાથી '**તેઓ ભૂતાર્થ છે, સત્યાર્થ છે;...**' એ વ્યવહારથી સત્યાર્થ છે. હવે ઊડાવે છે. સમજાય છે કાંઈ? જ્ઞેયના ભેદ લીધા. જ્ઞેય ચાર પ્રકારથી ઓળખવામાં આવે છે. કોઈ નામ નિક્ષેપથી, કોઈ સ્થાપના નિક્ષેપથી, કોઈ ભૂત-ભવિષ્યની પર્યાયની અપેક્ષાથી અને કોઈ વર્તમાન પર્યાયની અપેક્ષાથી. દ્રવ્યની એ રીતે ઓળખાણ થાય છે. તો એ અપેક્ષાથી બરાબર છે, વ્યવહારથી.

'**ભિન્ન લક્ષણથી રહિત...**' ચારના લક્ષણના ભેદ પડે છે એ તો અનેક થઈ ગયું. '**એક પોતાના ચૈતન્ય લક્ષણરૂપ જીવસ્વભાવનો અનુભવ કરતાં એ ચારેય અભૂતાર્થ છે,...**' ચારેય નિક્ષેપનું જ્ઞાન ખોટું છે. સમજાય છે કાંઈ? સ્થાપના સ્થાપના તરીકે છે, એમ જ્ઞાન કરવું. વ્યવહાર ઊડાવી દે એમ પણ નહિ ચાલે. અને તેનાથી મોક્ષ થશે અને તેના કારણે લાભ થશે એમ પણ નહિ. ઈ કહે છે. ભગવાનની પ્રતિમા છે. તો શુભભાવમાં નિમિત્ત છે તો નિક્ષેપ તરીકે છે. વ્યવહાર તરીકે છે. પણ એનાથી સમ્યગ્દર્શન થશે એમ નહિ. '**ભિન્ન લક્ષણથી રહિત એક પોતાના ચૈતન્યલક્ષણરૂપ જીવસ્વભાવનો અનુભવ કરતાં એ ચારેય અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. આ રીતે આ પ્રમાણ-નય-નિક્ષેપોમાં ભૂતાર્થપણે એક જીવ જ પ્રકાશમાન છે.**' એનો વિશેષ ખુલાસો થશે....

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૧૩, મંગળવાર તા. ૨૭-૦૯-૬૬**
**શ્લોક-૮. પ્રવચન-૬૦**

'સ્વામી કાર્તિકેય'.

**तिविहेण जो विवज्जदि चेयणमियरं च सव्वहा संगं।**
**लोयववहारविरदो णिग्गंथत्तं हवे तस्स।।४०२।।**

દસલક્ષણ (ધર્મના કથનમાં) મૂળ મુનિને ઉદ્દેશીને વાત છે ને. ચારિત્રનું આરાધન છે. ચારિત્રમાં નવમો બોલ અકિંચન છે. ધર્માત્માને મુનિને અન્ય પરિગ્રહ તો હોતો નથી. સ્ત્રી, પુત્ર, વસ્ત્ર, પાત્ર તો હોતા નથી. ફક્ત એના '**શિષ્ય, સંઘ અને અચેતન પુસ્તક, પીંછી, કમંડલ આદિ ધર્મોપકરણ...**' હોય છે. તેમાં પણ મમત્વ કરતા નથી.

મુમુક્ષુ :- પીંછી હોય તોય મમત્વ ન થાય?

ઉત્તર :- પરદ્રવ્ય છે. એમાં પોતાને શું?

મુમુક્ષુ :- શિષ્ય તો છે.

ઉત્તર :- શિષ્ય તો કહેવામાં વ્યવહાર છે. ગુરુ-શિષ્ય નિશ્ચયમાં તો છે જ નહિ.

કહે છે કે લોકવ્યવહાર. લોકનો વ્યવહાર-લૌકિક વ્યવહારથી તો વિરક્ત છે જ પણ પોતામાં શિષ્ય, સંઘ આદિમાં મમતા હોય તે લોકવ્યવહારને પણ છોડી દે. ચેતનમાં શિષ્ય, સંઘ આદિ. અચેતનમાં મોરપીંછી, કમંડલ, પુસ્તક આદિ. એમાં મારું કાંઈ નથી. વિકલ્પ મારો નથી તો બીજી કઈ ચીજ મારી છે? ઓહો..! સમજાય છે કાંઈ? જે ચીજ મારાથી છૂટી જાય તે મારી નહિ અને મારાથી ન છૂટે તે મારી છે. જ્ઞાન, દર્શન, આનંદ આદિ પોતાનો સ્વભાવ પોતાથી છૂટતો નથી. વિકલ્પ, રાગ, શરીર આદિ તો છૂટી જાય છે. એ ચીજ પોતાની નથી. પંચ મહાવ્રતના વિકલ્પ પણ પોતાના નથી. એમ આકિંચનમાં કહે છે. સમજાય છે કાંઈ? કંઈ પણ મારું નથી. હું તો શુદ્ધ આનંદ, જ્ઞાનાનંદ શુદ્ધ અનંત સ્વભાવથી ભરેલો સાગર છું. મારામાં વિકલ્પ પણ નથી તો મારા શિષ્યસંપદા, સંઘ, કમંડલ, મોરપીંછી કે પુસ્તક એ મારામાં ક્યાંથી આવ્યા? એમ અંતરમાં આનંદ સ્વરૂપનો અનુભવ કરી સહજ પરની મમતાનું છૂટી જવું તેનું નામ આકિંચન ધર્મ કહેવામાં આવે છે. જે અનંત કાળમાં એણે કદી કર્યો નથી. સમજાય છે કાંઈ? પહેલા શ્રદ્ધામાં તો લે કે રાગ પણ મારો નહિ. શ્રદ્ધામાં લીધું છે, સમ્યગ્દર્શન થયું છે ત્યારથી. રાગ મારો નથી, શરીર મારું નથી, ત્રણ કાળમાં કોઈ પરચીજ મારી નહિ. એ તો સમ્યગ્દર્શન થવાના કાળમાં જ થઈ ગયું છે. અહીં તો ચારિત્રની વાત છે. સમજાય છે કાંઈ? સ્વરૂપની સ્થિરતા ચૈતન્યધામ અનંત ગુણનો રામ, આતમરામ પ્રભુ મારી ચીજ છે. એમાં લીનતા કરી પરની મમતા છોડી દે. એનું

નામ આંકિચન ધર્મ સંવર અને નિર્જરાનું કારણ છે. મોક્ષનું કારણ એ છે. એ નવમો આંકિચન ધર્મ (થયો).

ચાલતો અધિકાર. ૧૩મી ગાથા. ક્યાં સુધી આવ્યું? સેઠી! ખબર નથી. ભાવાર્થ ચાલશે? એટલું યાદ રાખ્યું. થોડું બાકી રહ્યું છે એમાં. નિક્ષેપમાં થોડું બાકી છે. સ્પષ્ટીકરણ બરાબર નથી થયું. અહીંયાં શું કહ્યું? ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ' વાસ્તવિક તત્ત્વનું સ્વરૂપ જે અનુભૂતિથી ભિન્ન છે, વાસ્તવિક સ્વરૂપ છે તેનાથી ભિન્ન ચીજ છે તે પર્યાયમાં ભલે હો. નવ તત્ત્વના ભેદ વર્તમાનમાં વિકલ્પમાં પર્યાયમાં છે. પણ એ છે એટલું જાણવા લાયક છે. આદરવા લાયક તો એકલો ચૈતન્ય જ્ઞાયક ભૂતાર્થ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યની અનુભૂતિમાં નવ તત્ત્વના ભેદનો અભાવ છે. સમજાય છે કાંઈ? નવ તત્ત્વ અસત્યાર્થ છે. પર્યાયદૃષ્ટિથી નવ સત્ય છે. અનુભવદૃષ્ટિથી એ નવ અસત્યાર્થ છે.

મુમુક્ષુ :-

ઉત્તર :- છે, નવ છે, એમ સત્યાર્થ. આશ્રય કરવા લાયક છે એમ નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે ને. એમાં નથી? પર્યાય છે, ભેદ છે. અભેદમાં દૃષ્ટિમાં નથી આવતા. સામાન્યમાં લક્ષ કરવાથી ભેદ તો છે, નથી એમ નહિ. સર્વથા અભેદ થઈ જાય તો વીતરાગ થઈ જાય. સમજાય છે કાંઈ? પણ અંદરમાં અભેદમાં ભેદ દેખાતા નથી. પર્યાય છે,...

મુમુક્ષુ :- વિકલ્પ મટી ગયા?

ઉત્તર :- એનો આશ્રય મટી ગયો. એકલી ચૈતન્ય અનુભૂતિ સત્યાર્થ છે. એમાં નથી. પર્યાયમાં છે. પહેલાં જ્ઞાનમાં લક્ષ કર્યું હતું કે છે. સ્વભાવનો અનુભવ કરવામાં એ નથી. સમજાય છે કાંઈ?

એમ પ્રમાણ. પ્રથમ વિચાર કરવામાં પ્રમાણનું જ્ઞાન વિકલ્પાત્મક થાય છે. છે. પ્રત્યક્ષ જ્ઞાન, પરોક્ષ જ્ઞાન, નિમિત્ત છે પરોક્ષમાં એ બધું છે. યથાર્થ વસ્તુ સિદ્ધ કરવા એમ જ્ઞાન કરવું. પણ અનુભવ કરવામાં પ્રમાણ, પ્રમેય, પ્રમાતાના (ભેદ) અસત્યાર્થ થઈ ગયા. એક સ્વરૂપ ભગવાન આત્મા અનુભૂતિ કરવામાં એ કોઈ ભેદ સહાયક નથી.

એમ નય. સામાન્ય જ્ઞાન–દ્રવ્યનું જ્ઞાન મુખ્યપણે કરવું, પર્યાયને ગૌણ કરવી. અને પર્યાયનું મુખ્ય જ્ઞાન, દ્રવ્યને ગૌણ કરવું. એમ ક્રમસર, ભેદ સહિત પર્યાયથી દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક એવું જ્ઞાન થાય છે. છે એટલું. પણ અનુભૂતિ નામ અનુભવ કરવામાં એ ભેદ નથી. સમજાય છે કાંઈ?

હવે નિક્ષેપ. નામ નિક્ષેપ છે. નામ પાડે એમ જ્ઞાન કરવામાં નામ (છે). જેમ કોઈ ભગવાનનું નામ લે તો એવો નામ નિક્ષેપ છે. જ્ઞાન કરવામાં છે. સમ્યગ્દર્શનનું કારણ નથી. એમ ભગવાનની સ્થાપના છે. અને એની પૂજાનો શુભભાવ છે. હો, પણ એના આશ્રયે

સમ્યગ્દર્શન નથી થતું.

મુમુક્ષુ :- 'ધવલ'માં આવે છે.

ઉત્તર :- એ જ જ્ઞાન કરવાનું કહ્યું છે.

મુમુક્ષુ :- એના આશ્રયે નથી થતું?

ઉત્તર :- નથી થતું. ... 'ધવલ'માં જે આવ્યું છે કે જિનબિંબ દર્શન કરવાથી.. જંબુપ્રસાદજીએ ત્યાં બહુ સાંભળ્યું છે. જિનબિંબ દર્શન કરવાથી મિથ્યાત્વના ટૂકડા થઈ જાય છે. હાથીને જેમ સિંહ પ્રહાર કરે, ટૂકડા થઈ જાય છે. એમ જિનબિંબથી મિથ્યાત્વના ટૂકડા થઈ જાય છે એમ ત્યાં લખ્યું છે. સમજાય છે કાંઈ? એ વ્યવહારનયના કથન છે.

અહીં કહે છે કે જિનબિંબ એ સ્થાપના નિક્ષેપ છે. એ સ્થાપના નિક્ષેપ છે. જ્ઞેયના ચાર ભેદમાં નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ યોગ્યતા વર્તમાન છે. પણ એના આશ્રયે સમ્યગ્દર્શન નથી થતું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ. લખ્યું છે એ તો નિમિત્તથી કથન છે. જિનબિંબનું લક્ષ છે પછી પોતાના જિનબિંબમાં દૃષ્ટિ થઈ ત્યારે સમ્યગ્દર્શન થાય છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- વ્યવહાર તો હોય છે, મહારાજ!

ઉત્તર :- વ્યવહારનો અર્થ શું? વ્યવહારથી કહેવામાં આવે છે. એમ છે નહિ, એમ છે નહિ. વ્યવહાર ઉપચારથી અન્યથા કહે છે. એમ છે નહિ. વ્યવહાર કહે તેમ માની લેવું એ મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? 'ટોડરમલજી'એ ઈ લીધું છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં ભેળવી દે એ વ્યવહારનું લક્ષણ છે. એક દ્રવ્યનો ભાવ બીજા દ્રવ્યમાં ભેળવી દે, એ કારણને બીજા કાર્યમાં ભેળવી દે એમ વ્યવહારનું કથન છે. પણ એમ માની લે તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? એક દ્રવ્યનો ભાવ બીજામાં ભેળવીને વ્યવહારનય કહે છે. ફક્ત નિમિત્તનું જ્ઞાન કરાવવાની વાત છે. એના આશ્રયથી આત્માને લાભ થાય છે એમ નથી. જુઓ અહીંયાં. જિનબિંબનું યાદ આવ્યું. ભાઈ! ત્યાં સ્થાપના છે, દર્શન છે, શુભભાવ છે. જાણવાલાયક છે, આદરવાલાયક નથી.

મુમુક્ષુ :- જાણવા લાયક ..

ઉત્તર :- નથી. જ્ઞેય છે. જ્ઞેય તરીકે છે. ચાર નિક્ષેપ જ્ઞેયના ચાર ભાગ છે. નામ, સ્થાપના, યોગ્યતા વર્તમાન પ્રગટ, એ પ્રગટ પણ પર્યાય છે. એ પર્યાયને જાણવી એ બરાબર છે, આશ્રય કરવા લાયક નથી. આહા..! સમજાય છે કાંઈ? સાંભળો! સમજાય છે કાંઈ?

જુઓ! '**એ ચારેય નિક્ષેપોનો પોતપોતાના લક્ષણભેદથી (વિલક્ષણરૂપે-જુદા જુદા રૂપે) અનુભવ કરવામાં આવતાં તેઓ ભૂતાર્થ છે,...**' અનુભવ એટલે જ્ઞાન. જ્ઞાન કરવામાં નામ નિક્ષેપ, સ્થાપના, દ્રવ્ય, ભાવ છે. '**અને ભિન્ન લક્ષણથી રહિત...**' પણ એ ચાર લક્ષણ

જે ભિન્ન પડ્યા એને છોડીને એક પોતાના '**ચૈતન્યલક્ષણરૂપ જીવસ્વભાવનો અનુભવ કરતાં...**' ભગવાન ચૈતન્યસ્વરૂપ એક સ્વભાવ છે એનો અનુભવ કરતાં '**એ ચારેય અભૂતાર્થ છે,...**' ચારે નિક્ષેપ સમ્યગ્દર્શનની અનુભૂતિમાં સહાયક નથી. સમજાય છે કાંઈ? ચારેય નિક્ષેપથી આત્માનું સમ્યગ્દર્શન નથી થતું એમ કહે છે. ભાવનિક્ષેપ પણ પર્યાય છે, ભાઈ! સર્વજ્ઞની પર્યાય હો કે પોતાની પર્યાય હો, એ પર્યાયને આશ્રયે સમ્યગ્દર્શન નથી થતું એમ અહીંયાં કહે છે. ભાવનિક્ષેપ છે. દ્રવ્યનિક્ષેપ યોગ્યતા છે, સ્થાપના છે, નિમિત્ત છે. જાણવા લાયક છે.

ભગવાન આત્મા ચાર વર્તમાન પર્યાયના ભેદનું લક્ષ છોડી એકલું ચૈતન્યસ્વરૂપ... જુઓ! અહીંયાં કહે છે. અહીંયાં કહે છે તો ત્યાં ખોટું કહ્યું છે? કે ભગવાનના દર્શનથી સમ્યગ્દર્શન થાય છે. તો પરલક્ષે થાય છે? અંતર્મુખ દૃષ્ટિ કર્યા વિના સમ્યગ્દર્શન કદી થતું નથી. બહિર્‌ના લક્ષમાં તો શુભરાગ છે. સમજાય છે કાંઈ? પદ્મપ્રસાદજી! પરમાં એકાગ્ર થવું એ બાહ્ય લક્ષ શું કરે? જંબુપ્રસાદજી! નક્કી કરવું, હોં! ભાઈ! બહુ દૂરથી આવ્યા છો. ત્યાં પાછી ગડબડ થશે. બરાબર નક્કી તો કરવું.

ચાર નિક્ષેપ એનો વિષય છે, વ્યવહારનય નિક્ષેપને જાણે છે. નય છે એ વિષયી છે, નિક્ષેપ વિષય છે. નય નિક્ષેપને જાણે છે કે આ વ્યવહાર છે, સ્થાપના છે, આ દ્રવ્ય છે, આ ભાવ છે. એ જાણવા લાયક છે. પણ અંદર આદરવા લાયક નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એવી ગડબડ (કરે). શાસ્ત્રમાં એમ આવે કે ભગવાનના દર્શનથી સમ્યગ્દર્શન થાય છે, વેદનાથી સમ્યગ્દર્શન થાય છે, જાતિસ્મરણથી સમ્યગ્દર્શન થાય છે એમ આવે છે. એ તો નિમિત્તના કથન છે. એમ છે નહિ. જાતિસ્મરણ થયું એનાથી–પરલક્ષથી સમ્યગ્દર્શન થાય છે? સમજાય છે કાંઈ? પૂર્વ ભવનું જાતિસ્મરણ થયું, લ્યો. શું એના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે? બિલકુલ નહિ. સમજાય છે કાંઈ? અવધિજ્ઞાન થયું, ચાલો. તો શું અવધિજ્ઞાનની પર્યાયના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે?

સમ્યગ્દર્શન તો ભગવાન 'નિયમસાર'માં એમ કહે છે કે પોતાની પર્યાય ક્ષાયિક હો, ક્ષયોપશમ હો કે ઉપશમ હો, તેને તો અમે હેય કહીએ છીએ, પરભાવ કહીએ છીએ અને પરદ્રવ્ય કહીએ છીએ. આવા ત્રણ બોલ લીધા છે. સમજાય છે કાંઈ? 'નિયમસાર'. ક્યાં ગયું? ૫૦મી ગાથા છે, ૫૦. જુઓ! 'નિયમસાર' ૫૦મી ગાથા. શું કહે છે? જુઓ!

**पुव्वुत्तसमयलभावा परदव्वं परसहावमिदि हेयं।**
**सगदव्वमुवादेयं अंतरतच्चं हवे अप्पा।।५०।।**

પૂર્વે જે ચાર ભાવ કહ્યા–ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક. એ હેય છે. ટીકામાં છે. શુદ્ધનિશ્ચયના બળે વિભાવગુણપર્યાયના ભેદો હેય છે. શા કારણે? '**કારણ કે તેઓ પરસ્વભાવો છે,...**' સૂક્ષ્મ વાત છે. ક્ષાયિક સમકિત પર્યાયને પણ અહીંયાં પરસ્વભાવ કહ્યું છે. કારણ કે પર્યાયના આશ્રયે નવી પર્યાય ઉત્પન્ન નથી થતી. સમજાય છે કાંઈ? ૫૦મી ગાથા બરાબર

લખી લેવી. 'નિયમસાર'ની ૫૦ ગાથા. '**पुव्वुत्तसमयलभावा**' પૂર્વે જે સકળ ભાવ કહ્યાં તે બધા હેય છે. પાઠમાં હેય છે (કહ્યું છે). પાઠમાં પહેલાં પરદ્રવ્ય છે, પછી પરસ્વભાવ છે અને પછી હેય છે. અર્થમાં લીધું છે કે પહેલા હેય છે, કારણ કે પરસ્વભાવ છે, કારણ કે પરદ્રવ્ય છે. સમજાય છે કાંઈ? પોતાની પર્યાયમાં ક્ષયોપશમ સમકિત થયું, ક્ષાયિક સમકિત થયું તે પણ અહીંયાં તો હેય કહેવામાં આવ્યું છે. કેમ? કે જેમ પરદ્રવ્યમાંથી પોતાની નવી પર્યાય ઉત્પન્ન થતી નથી તેમ પર્યાયમાંથી નવી પર્યાય ઉત્પન્ન નથી થતી. તો એ પર્યાયને પણ અહીંયાં પરદ્રવ્ય કહી દીધી. 'કુંદકુંદાચાર્યદેવ' પાઠમાં એમ કહે છે.

'**सगदव्वमुवादेयं**' એક દ્રવ્ય સામાન્ય જ્ઞાયક અંતરતત્ત્વ પરમાત્મા તે જ પોતાનો આત્મા ઉપાદેય છે. સમજાય છે કાંઈ? જેમ કર્મ અને શરીરના આશ્રયે, શરીરનું લક્ષ કરવાથી સમ્યગ્દર્શન નથી થતું. એમ પર્યાયનું ક્ષયોપશમજ્ઞાન છે, ઉપશમભાવ હો, કે ક્ષાયિક હો એના લક્ષે એમાંથી નવી પર્યાય નથી આવતી. નવી પર્યાય પ્રગટ કરવામાં પોતાનો આત્મા ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ છે તેને ઉપાદેય કરીને નવી પર્યાય ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? તો ચાર નિક્ષેપ તો ક્યાંય રહી ગયા.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા. છૂટી ગયા. ભાઈ! અહીં તો ત્યાં સુધી કહે છે. ચાર ભાવ, હોં! નહિ. વિભાવ.. વિભાવ. વિશેષ ભાવ ચાર પર્યાય. ભગવાન આત્મા એક સ્વરૂપે ચૈતન્યબિંબ બિરાજમાન છે તેનો આશ્રય કરવાથી, તે જ એક ઉપાદેય છે, તેનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. તેના આશ્રયે ચારિત્ર થાય છે, તેના આશ્રયે શુક્લધ્યાન થાય છે, તેના આશ્રયે કેવળજ્ઞાન થાય છે. પર્યાયના આશ્રયે સમ્યગ્દર્શન નહિ, ચારિત્ર નહિ, શુક્લધ્યાન નહિ ને કેવળજ્ઞાન નહિ.

મુમુક્ષુ :- શું થાય છે?

ઉત્તર :- પરનો આશ્રય કરવાથી વિકલ્પ ઉત્પન્ન થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? પર્યાયનો આશ્રય કરવાથી પણ વિકલ્પ ઉત્પન્ન થાય છે. કેમકે પર્યાયમાં પર્યાય નથી, એક સમયની પર્યાયમાં બીજી પર્યાય નથી. એ પર્યાય તો વ્યય થાય છે અને બીજી પર્યાય આવે છે. પર્યાયમાં પર્યાય નથી તો અહીંયાં આચાર્ય મહારાજ કહે છે કે એ પર્યાયને તો અમે હેય કહીએ છીએ. ચાહે તો ઉદયની રાગની પર્યાય હો, ચાહે તો ઉપશમની હો, ચાહે ક્ષયોપશમની હો, ચાહે ક્ષાયિકની હો, તેને અમે હેય કહીએ છીએ, તેને અમે પરભાવ કહીએ છીએ અને તેને અમે પરદ્રવ્ય કહીએ છીએ. ત્રણ બોલ લીધા. '**हेयं**' '**परसहावमिदि**' '**परदव्वं**'. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ક્ષાયિક સમ્યક્ત્વ...

ઉત્તર :- ક્ષાયિક સમકિત હેય. કેમકે સમકિતમાંથી ચારિત્રની પર્યાય નથી આવતી. શાંતિની

ચારિત્ર પર્યાય સ્વભાવના આશ્રયે થાય છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- તેના આશ્રયે ચારિત્ર નથી થતું. ઈ વાત છે. આહાહા..! વાત એટલી ફેર છે, બહુ માર્ગમાં ફેરફાર થઈ ગયો.

ભગવાન! તારું દ્રવ્ય જ એકસ્વરૂપ છે તેને જ અમે તો સ્વદ્રવ્ય કહીએ છીએ. એમ અહીંયાં આચાર્ય કહે છે. પરદ્રવ્યને તો પરદ્રવ્ય કહીએ જ છીએ. દેવ-ગુરુ-શાસ્ત્ર સ્થાપના, નિક્ષેપ, સાક્ષાત્ સમવસરણમાં બિરાજમાન પ્રભુ, એ પરદ્રવ્ય છે. તેના આશ્રયે સમ્યગ્દર્શન થતું નથી.

મુમુક્ષુ :- દિવ્યધ્વનિથી થાય?

ઉત્તર :- દિવ્યધ્વનિ પરદ્રવ્ય છે. અહીં તો કહેવું છે કે દિવ્યધ્વનિ તો પરદ્રવ્ય છે. ભગવાન પરદ્રવ્ય છે, સમવસરણ પરદ્રવ્ય છે, સમેદશિખર પરદ્રવ્ય છે તો તેના આશ્રયે સમ્યગ્દર્શન ત્રણ કાળમાં થતું નથી.

અહીં તો કહે છે કે નિજ આત્માના આશ્રયે, ધ્રુવના આશ્રયે જે સમ્યગ્દર્શન થયું એ સમ્યગ્દર્શનના આશ્રયે પણ શુદ્ધિની નવી પર્યાય થતી નથી. નિજ શુદ્ધના આશ્રયે નવી શુદ્ધ પર્યાય ઉત્પન્ન થાય છે. આહાહા..! અરે..! ચારિત્રની પર્યાયને અહીંયાં પરદ્રવ્ય કહી દીધું. જે ચારિત્ર નિજ શુદ્ધ દ્રવ્યના અવલંબને ઉત્પન્ન થયું. સમજાય છે કાંઈ? ૫૦મી ગાથા પણ એ સમજે તો સમજાય એવી વાત છે, હોં! 'નિયમસાર'. શુદ્ધભાવ અધિકાર. શુદ્ધભાવ અધિકાર. એ શુદ્ધભાવનો અર્થ પર્યાય નહિ. શુદ્ધભાવ નામ ત્રિકાળ. જે શુભ, અશુભ અને શુદ્ધ પર્યાય છે ઈ વાત નથી. અહીં શુદ્ધભાવ અધિકાર છે. અહીંયાં પહેલી જ ગાથામાં લીધું છે. ભગવાન આત્મા.. ૩૮ ગાથામાં પણ લીધું છે. ઈ જ વાત અહીંયાં ૫૦માં લીધી છે. સમજાય છે કાંઈ? જુઓ! '**जीवादिबहित्तच्चं हेयम**'. એવો પાઠ છે. ૩૮ ગાથા, શુદ્ધભાવ અધિકારની. પેલી ૫૦મી, આ ૩૮મી. એક જ અધિકાર છે. '**जीवादिबहित्तच्चं हेयम**' જીવ, અજીવ, વિકલ્પ, પરદ્રવ્ય આદિ. સંવર, નિર્જરા, મોક્ષ આદિ પર્યાય '**हेयम**' '**जीवादिबहित्तच्चं हेयम**'. '**उवादेयमप्पणो अप्पा**'. એક પોતાનો આત્મા શુદ્ધ ધ્રુવ સ્વભાવ તે જ આદરણીય છે, આશ્રય કરવા લાયક છે. ઈ ૩૮મી ગાથા છે. શુદ્ધભાવની ૩૮મી, પેલી શુદ્ધભાવની ૫૦મી. સમજાય છે કાંઈ? અરે..! પણ શાસ્ત્ર શું કહે છે ઈ સમજવું નહિ અને પોતાનો ધોકો મૂકવો નહિ. પોતાની પક્કડ મૂકવી નહિ. અરે..! પણ સાંભળ તો ખરો.

ભગવાન આત્મા નિજ શુદ્ધ ચૈતન્ય ધ્રુવ ઉપર દૃષ્ટિ દેવાથી સમ્યક્ થયું. સ્થિરતા કરવાથી ચારિત્ર થયું. એ ચારિત્રના આશ્રયે પણ શુક્લધ્યાન થતું નથી. કેમકે એ પર્યાય છે. એ પર્યાયને પણ અહીંયાં હેય કહી દીધી. પરભાવ કહી દીધો, પરદ્રવ્ય કહી દીધું. સ્વદ્રવ્ય શુદ્ધ ધ્રુવને જ સ્વદ્રવ્ય કહ્યું. આહાહા..! સમજાય છે કાંઈ? ભગવાન પરમાત્મસ્વરૂપ છે, એક

સમયનો પૂર્ણ શુદ્ધ જ્ઞાયક ચિદાનંદ પ્રભુની અનુભૂતિ કરવાથી, આશ્રય કરવાથી અનુભવ થાય છે. તેનો આશ્રય કરવાથી શુક્લધ્યાન થાય છે, તેનો આશ્રય કરવાથી કેવળજ્ઞાન થાય છે. પર્યાયનો આશ્રય કરવાથી નવી પર્યાય ઉત્પન્ન થતી નથી. સમજાય છે કાંઈ?

ત્રણ બોલ લીધા છે. હેય, પરભાવ, પરદ્રવ્ય. ઓહોહો..! 'કુંદકુંદાચાર્ય'ની સિદ્ધ કરવાની પદ્ધતિ. ભગવાન આત્મા... એક સમયની પર્યાય છે ને? ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય એ તો વ્યવહારઆત્મા છે. શું કહ્યું? સાંભળો! વળી બીજી વાત. રાગ તો આસ્રવ છે, પણ સમ્યક્ શુદ્ધ ચૈતન્યદ્રવ્યના આશ્રયે જે સમ્યગ્દર્શન, ક્ષાયિક ચારિત્રપર્યાય ઉત્પન્ન થઈ તે વ્યવહારઆત્મા છે-પર્યાયઆત્મા છે, પર્યાયના અંશરૂપ વ્યવહાર આત્મા છે, એ નિશ્ચયઆત્મા નહિ. આહાહા..! જંબુપ્રસાદજી! ઈ આત્મા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પર્યાયમાં એકાકર થાય તો મૂઢ છે. પણ પર્યાય છે એવું જ્ઞાન કરીને દ્રવ્યનો આશ્રય કરે તો જ્ઞાની છે. સમજાય છે કાંઈ? અહીં તો થોડું બીજું કહેવું હતું.

ભગવાન આત્મા ધ્રુવ શુદ્ધ વસ્તુ છે. એ ચાર નિક્ષેપના આશ્રયથી એને આનંદની ઉત્પત્તિ કે સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થતી નથી. શુદ્ધ ભગવાન આત્મા એક સ્વભાવના આશ્રયે જે દશા થઈ એ દશાને પણ અહીં આચાર્ય કહે છે કે અમે તેને હેય કહીએ છીએ, પરભાવ કહીએ છીએ, પરદ્રવ્ય કહીએ છીએ. વ્યવહારથી આત્મા (કહીએ છીએ). શુદ્ધ પર્યાયને વ્યવહારથી આત્મા (કહીએ છીએ). સાંભળો ન્યાય! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, મોક્ષમાર્ગની પર્યાય સ્વભાવના આશ્રયે ઉત્પન્ન થઈ. મોક્ષમાર્ગની પર્યાયને અમે વ્યવહાર આત્મા કહીએ છીએ. વ્યવહાર આત્માનો અર્થ કે નિશ્ચય આત્મા નહિ. નિશ્ચય આત્માનો અર્થ ઈ (મોક્ષમાર્ગ) પરદ્રવ્ય છે. આહાહા..! ગજબ વાત છે! રાજબહાદુરજી! બહુ સૂક્ષ્મ છે, ભાઈ! વ્યવહાર છે ને, ભાઈ! વ્યવહાર અન્યથા કહે છે. આહાહા..! ગજબ શૈલી છે!

કહે છે કે આશ્રય કરવા લાયક નથી પણ એને પરદ્રવ્ય કેમ કહ્યું એ સિદ્ધ કર્યું. ક્ષાયિકભાવ સ્વભાવના આશ્રયે થયો, ચારિત્ર થયું સ્વભાવના આશ્રયે. છઠ્ઠા ગુણસ્થાને ચારિત્ર આદિ. એ પર્યાયને અહીંયાં હેય કહી, પરભાવ કહી, પરદ્રવ્ય કહ્યું. વ્યવહારથી એ ચારિત્રપર્યાય સહિત છે, નિર્મળ શુદ્ધ પર્યાય તે વ્યવહારઆત્મા છે. નિશ્ચયઆત્મા એક સમયની પર્યાય વિનાનો ત્રિકાળી ધ્રુવ તે નિશ્ચયઆત્મા છે. આહાહા..! ફરીને કહીએ છીએ. ઓહોહો..! 'કુંદકુંદાચાર્ય'ની કથન પદ્ધતિ કોઈ ગજબ શૈલી છે! આ તો બીજી રીતે કહ્યું, ભાઈ!

આત્મા એક સમયનો શુદ્ધ ધ્રુવ ત્રિકાળ ચૈતન્યમૂર્તિ એ નિશ્ચયઆત્મા. અને એના આશ્રયે જ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પર્યાય ઉત્પન્ન થઈ. હવે થઈ, એ રાગ તો અનાત્મા છે, એક કોર રાખો. હજી રાગ બાકી છે ને પર્યાયમાં? પૂર્ણ વીતરાગ નથી એટલે. એ તો અનાત્મા છે, આસ્રવમાં ગયો. પણ જે શુદ્ધ પર્યાય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની નિશ્ચય

મોક્ષમાર્ગની પર્યાય પ્રગટ થઈ તેને એક સમયનો અંશ ગણીને વ્યવહારઆત્મા કહ્યો. એક સમયની પર્યાય છે ને? શું કહ્યું સમજાણું? પ્રગટ જે છે એ તો એક સમયની પર્યાય છે. બીજા સમયે બીજી થાય છે, ત્રીજા સમયે ત્રીજી થાય છે. આહાહા..!

કેવળજ્ઞાન છે, કેવળજ્ઞાન એક સમયની પર્યાય છે. કેવળજ્ઞાન બે સમય નથી રહેતું. બીજા સમયે બીજું. એવું જ પણ બીજું. જંબુપ્રસાદજી! કેવળજ્ઞાન પર્યાય છે, ગુણ નથી. ગુણ ત્રિકાળ સદશ રહે છે. પર્યાય વિસદશ (છે). એક સમયની પર્યાય કેવળજ્ઞાન થયું, બીજા સમયે તે નથી રહેતું. એવું થાય છે, પણ તે નહિ. પર્યાય બીજી છે. કેવળજ્ઞાન પણ એક સમયનો અંશ સદ્‌ભુત વ્યવહારનયનો વિષય છે. ઓહો..! ગજબ વાત છે! સદ્‌ભુત વ્યવહારનયનો વિષય છે તો એને વ્યવહારઆત્મા કહ્યો છે. ઓહોહો..! ગજબ શૈલી! સમજાય છે કાંઈ?

કહે છે, નીચે સાધકદશામાં કેવળજ્ઞાન નથી. ક્ષાયિક સમકિત હો, ચારિત્રપર્યાય હો, એક સમયના ત્રિકાળ ધ્રુવને સત્યાર્થ આત્મા કહે છે, સત્યાર્થ આત્મા કહે છે. એક સમયની પર્યાયને અસત્યાર્થ કહે છે. ત્રિકાળની અપેક્ષાથી તેને અસત્યાર્થ કહે છે. અને વ્યવહારની અપેક્ષાથી તેને વ્યવહારઆત્મા કહે છે. એ.. હિંમતભાઈ! સમજો, ભાઈ! હજી ફરીને કહીશું. એકદમ નહિ મૂકી દઈએ.

મુમુક્ષુ :–

ઉત્તર :– દરેક સમયે બીજી છે. એક સમયનો ઉત્પાદ નવો નવો છે.

અહીં તો બીજી વાત કહેવી છે કે આત્મામાં જે પર્યાય ઉત્પન્ન છે, શુદ્ધ પર્યાય શુદ્ધ પર્યાય. એ શુદ્ધ પર્યાય શુદ્ધ દ્રવ્યના આશ્રયે ઉત્પન્ન થઈ છે. પણ એ શુદ્ધ પર્યાયને નિશ્ચયઆત્મા નથી કહેતા. વ્યવહારઆત્મા કહે છે. કારણ કે અંશ છે. એક સમયની પર્યાય ચારિત્ર મોક્ષમાર્ગની પર્યાય. મોક્ષમાર્ગની પર્યાય વ્યવહારઆત્મા છે. કેમકે અંશ છે, ત્રિકાળનો એક ભેદ છે. ત્રિકાળને નિશ્ચયઆત્મા કહે છે અને અંશને વ્યવહારઆત્મા કહે છે. વ્યવહાર કહ્યું તો નિશ્ચયથી એને પરદ્રવ્ય કહી દીધું. આહાહા..!

મુમુક્ષુ :– ..

ઉત્તર :– .. ભિન્ન છે. ધ્રુવથી ભિન્ન છે. ઉત્પાદ-વ્યયરૂપ છે. ધ્રુવ તો ભિન્ન રહી ગયો. ઉત્પાદરૂપ થઈ એટલી પર્યાયને શુદ્ધપર્યાયને નિશ્ચયઆત્મા નથી કહેતા. નિશ્ચય તો કાયમ રહે તેને નિશ્ચયઆત્મા કહે છે. અહીં તો બીજું લેવું છે, અહીં પરદ્રવ્ય કહ્યું ને? વ્યવહારે આત્મા અને નિશ્ચયથી પરદ્રવ્ય. આહા..! ગજબ વાત છે! હજી કહીએ છીએ, કહીએ છીએ. એમ નહિ જવા દઈએ.

આત્મા છે. એક સમયમાં ધ્રુવ સદશ ચિદાનંદ અનાદિઅનંત એકરૂપ વસ્તુ. એમાં ઉત્પાદ-વ્યય નથી. ઉત્પાદ-વ્યય નથી. ઉત્પાદ-વ્યય રહિત જે સ્વરૂપ ધ્રુવ છે તેને અહીંયાં નિશ્ચયઆત્મા

કહે છે. સમજાય છે કાંઈ? 'પરમાત્મપ્રકાશ' છે? 'પરમાત્મપ્રકાશ'ની ૪૩ ગાથામાં એમ લીધું છે. સંસ્કૃતમાં. પહેલા ભાગની ૪૩, અને બીજા ભાગની ૪૩. ઉત્પાદ વ્યય વિનાનું જે ધ્રુવ તે જ યથાર્થ વાસ્તવિક આત્મા છે. એમ લખ્યું છે. અહીંયાં આમાં આપણે આવ્યું ને? 'નિયમસાર'માં આવી ગયું. 'નિયમસાર'માં આવી ગયું. શું કહે છે? આપણે આમાં 'નિયમસાર'માં આવી ગયું છે. વાસ્તવિક આત્મા ક્યાં આવ્યું? આવ્યું છે ને? શુદ્ધભાવમાં આવ્યું છે? શેમાં આવ્યું છે? શુદ્ધભાવ. ઈ ભાષા જુઓ! પહેલામાં છે.

**'અનાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળો શુદ્ધ સહજ પરમ પારિણામિકભાવ જેનો સ્વભાવ છે-એવો કારણપરમાત્મા તે ખરેખર 'આત્મા' છે.'** '**अनादिनिधनामूर्तातीन्द्रियस्वभाव-शुद्धसहजपरमपारिणामिकभावस्वभावकारणपरमात्मा ह्यात्मा**।' તેને જ આત્મા કહે છે. ત્રિકાળ ધ્રુવને વાસ્તવિક આત્મા કહ્યો. ઉત્પાદ વ્યયને વાસ્તવિક આત્મા નથી કહ્યો. સમજાય છે કાંઈ? જુઓ! ખરેખર ઈ આત્મા છે. અહીં ટીકા છે ને. એક સમયનો ધ્રુવ ખરેખર આત્મા. ખરેખર કહો કે સાચો આત્મા કહો. એક સમયની પર્યાય ખરેખર આત્મા નહિ. વાસ્તવિક આત્મા નહિ. એ પર્યાયરૂપ વ્યવહારઆત્મા છે. શેઠ! બહુ ઝીણું છે.

ફરીને. એમ ને એમ કેમ જવા દઈએ. પાકું કરવું જોઈએ ને. એક સમયનો જે ધ્રુવ છે તેને અહીંયાં વાસ્તવિક આત્મા કહ્યો છે. વાસ્તવિક. તો એક સમયની જે પર્યાય છે, ચારિત્રની મોક્ષમાર્ગની પર્યાય તે વાસ્તવિક આત્મા નહિ. ભાઈ! વાસ્તવિક નહિ તો અવાસ્તવિક આત્મા ઠર્યો. અવાસ્તવિક એટલે વ્યવહારઆત્મા ઠર્યો. આહાહા..! ગજબ વાત છે! સંતોની કથની... સમજાય છે કાંઈ? એવી વાત દુનિયાને સાંભળવી કઠણ એવી વાત છે. સમજાય છે કાંઈ?

કહે છે કે એક સમયનો ભગવાન આત્મા, ઉત્પાદ-વ્યય કાઢી નાખો, ઉત્પાદ-વ્યય નહિ, ઉત્પાદ-વ્યય એક સમયની પર્યાય છે, ચાહે તો સિદ્ધ હો પણ એ ઉત્પાદ-વ્યય પર્યાય છે. શું કહ્યું? સિદ્ધ પણ એક સમયની પર્યાય છે. દ્રવ્ય ત્રિકાળી કાયમ છે. એક સમયની પર્યાય ઉત્પાદ-વ્યય વર્તમાન પર્યાય છે તે વ્યવહારનયનો વિષય થઈ ગયો. અને ત્રિકાળ સ્વરૂપ જે ભગવાન એક સ્વરૂપ છે તે નિશ્ચય વાસ્તવિક આત્મા છે. આહાહા..! પરિણમન વ્યવહારઆત્મા થઈ ગયો. પર્યાય છે કે નહિ? પર્યાય છે. આ પરની ક્રિયા તો ક્યાંય રહી ગઈ જડમાં, એ તો વ્યવહાર છે જ નહિ. દયા, દાનનો રાગ આવ્યો એ વ્યવહાર છે જ નહિ, એ તો વિકાર છે પણ અહીંયાં તો વ્યવહારઆત્મા કોને કહે છે? આહાહા..! ભગવાન આત્મા એક સમયમાં અનંત ગુણનું એકસ્વરૂપ ધ્રુવ ચૈતન્યપ્રભુ એ તો વાસ્તવિક સર્વજ્ઞ પરમેશ્વર આત્મા કહે છે. ઈ બપોરે ચાલે છે. અકારણકાર્ય ને બધાની કડી એમાં છે. એ આત્માને વાસ્તવિક આત્મા કહ્યો. અને એ આત્માના આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની જે પર્યાય ઉત્પન્ન થઈ... સમજાય છે કાંઈ? જે નિજ સ્વભાવના આશ્રયે નિશ્ચય સમ્યગ્દર્શન વીતરાગી પર્યાય, મોક્ષમાર્ગની પર્યાય પ્રગટ થઈ તે એક સમયનો અંશ છે, ઉત્પાદ-

વ્યય અંશ છે. એ વાસ્તવિક ત્રિકાળ નહિ. તો એને વ્યવહારઆત્મા કહ્યો. અવાસ્તવિક આત્મા કહ્યો. સમજાય છે કાંઈ? આહાહા..! અવાસ્તવિક આત્મા કહો.. પર્યાય, હોં! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની વીતરાગી પર્યાય, જે ત્રિકાળ આત્માના આશ્રયે પ્રગટ થઈ છે. તે પર્યાયને ભગવાન વાસ્તવિક આત્મા નથી કહેતા. એક સમયની પર્યાય છે તે વ્યવહારનો વિષય થઈ ગયો. વ્યવહાર એ અભૂતાર્થ છે. તે ત્રિકાળ ભૂતાર્થથી ભિન્ન છે. એક સ્વરૂપ ત્રિકાળ છે તેને ભૂતાર્થ આત્મા કહે છે. સત્યાર્થ આત્મા કહે છે. એક સમયની પર્યાયને અનિત્યપણાને વ્યવહારઆત્મા કહે છે. એ વ્યવહારઆત્માને ૫૦મી ગાથામાં કહ્યું, હેય છે, પરભાવ છે, પરદ્રવ્ય છે. આહાહા..! ગજબ વાત છે! સમજાય છે કાંઈ?

જુઓ! (પરમાત્મપ્રકાશ, ગાથા-૪૩). '**આગે યદ્યપિ પર્યાયાર્થિકનયકર ઉત્પાદવ્યયકર સહિત હૈ, તો ભી દ્રવ્યાર્થિકનયકર ઉત્પાદવ્યયરહિત હૈ, સદા ધ્રુવ (અવિનાશી) હી હૈ, વહી પરમાત્મા...**' વહી પરમાત્મા પોતાનો '**નિર્વિકલ્પ સમાધિકે બલસે તીર્થંકરદેવોંને દેહમેં ભી દેખ લિયા હૈ,...**' શું કહે છે? ફરીથી. પોતાની પર્યાયમાં જે ઉત્પાદ-વ્યય થાય છે, પર્યાયમાં. કર્મ જુદા, શરીર જુદું, .. જુદા. 'પરમાત્મ પ્રકાશ' રેકોર્ડિંગમાં ઉતરી ગયું છે. રેકોર્ડિંગમાં ઉતરી ગયું છે, હોં! બધું. જુઓ! પાઠ છે. '**अथोत्पादव्ययपर्यायार्थिकनयेन संयुक्तोऽपि यः द्रव्यार्थिकनयेन उत्पादव्ययरहितः स एव परमात्मा निर्विकल्पसमाधिबलेन जिनवरैर्देहेऽपि दृष्टि इति निरूपयति-**' ભગવાન આત્મા એક સમયમાં અનંત ગુણનો પુંજ. ગુણ તો એમાં અનંત છે. એવો ધ્રુવ ઉત્પાદ-વ્યયની પર્યાય રહિત ભગવાન તીર્થંકરદેવે દેહમાં દેહને સ્પર્શ કર્યા વિના આત્મા રહે છે. ઓહો..! દેહનો તો એને સ્પર્શ નથી પણ એને ઉત્પાદ-વ્યયનો સ્પર્શ નથી. ઉત્પાદ-વ્યયનો તાદાત્મ્ય સ્પર્શ નથી. એક સમયની પર્યાય ઉત્પાદ-વ્યય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદ જે મોક્ષનો માર્ગ, હોં! શુદ્ધ દ્રવ્યના આશ્રયે પ્રગટ થયેલા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર. એક સમયની પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી. આહાહા..! વળી ઈ આવ્યું. ૧૭૨ ગાથા. ૧૭૨ ગાથા, 'પ્રવચનસાર'. એમાં કહે છે કે પર્યાયને દ્રવ્ય આલિંગન કરતું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ! એક પછી એક.

શુદ્ધ ચૈતન્યધાતુ દ્રવ્ય વસ્તુ જેમાં અનંત ગુણ પડ્યા છે. અકાર્યકારણ ગુણ આદિ, જ્ઞાન-દર્શન આદિ અનંત ગુણનું ધામ, તેને વાસ્તવિક આત્મા સર્વજ્ઞ પરમેશ્વર કહે છે. એવો આત્મા દેહના સ્પર્શ વિના ભગવાન એમાં રહે છે. ભગવાન તીર્થંકરદેવે ઉત્પાદ-વ્યય વિનાનો આખો આત્મા દેહથી ભિન્ન જોયો છે. સમજાય છે કાંઈ? આહાહા..! એવો ભગવાન આત્મા ઉત્પાદ-વ્યય પર્યાયથી સહિત છે. '**તો ભી દ્રવ્યાર્થિકનયકર ઉત્પાદવ્યયરહિત હૈ, સદા ધ્રુવ (અવિનાશી) હી હૈ, વહી પરમાત્મા...**' તે જ વાસ્તવિક આત્મા. તેની અંતર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે. પ્રથમમાં પ્રથમ ધર્મની શરૂઆત ત્યાંથી થાય છે. (બાકી) માથા ફોડીને મરી જાય, ક્રિયાકાંડ કરીને, વ્રત પાળીને પણ એને સમ્યગ્દર્શન બીજી રીતે થાય નહિ. સમજાય

છે કાંઈ? મરી જાય, શરીરના ભૂક્કા થઈ જાય અપવાસ કરી કરીને. મહિના, બે મહિનાના માસ ખમણ કરી કરીને, દયાના ભાવ કરીને મરી જાય, ચૂરો થઈ જાય, ધર્મ બિલકુલ નથી એમાં. ભગવાન આત્મા એક સમયનો ધ્રુવ ચૈતન્યપ્રભુને પકડવાથી ધર્મ થાય છે, તેનો આશ્રય કરવાથી. બીજી કોઈ રીત છે નહિ.

અહીં તો કહે છે કે જે ધર્મ પ્રગટ્યો તે પણ ઉત્પાદ-વ્યયવાળી પર્યાય વ્યવહારનયનો વિષય છે. રાગથી મુક્તિ થાય એ વ્યવહાર છે, એમ છે નહિ. પણ નિશ્ચય મોક્ષ માર્ગથી મુક્તિ થાય છે એ નિશ્ચય મોક્ષમાર્ગ તો રાગની અપેક્ષાથી કહ્યું. પણ ત્રિકાળ દ્રવ્યની અપેક્ષાથી નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય વ્યવહાર છે. કેમકે અંશ ભેદ છે. સમજાય છે કાંઈ? અરે..! સર્વજ્ઞે શું જોયું અને શું કહ્યું એની ખબર નથી અને એને ધર્મ થઈ જાય. ધૂળમાંય ધર્મ નથી. મરી ગયો અનંત કાળથી ચોર્યાશીના અવતાર (કરી કરીને). જૈનનો સાધુ દિગંબર નિવૃત્તિ લઈને થયો. અનંત વાર... 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' ભગવાન આત્મા એક સમયમાં અખંડાનંદ પૂર્ણ અનંત ગુણનો પિંડ, એની અંતર દૃષ્ટિ કરવાથી, તેનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે. લાખ વાત (આવે). ચાર નિક્ષેપથી, ભગવાનની મૂર્તિથી અને ભગવાનના દર્શનથી સમ્યગ્દર્શન ત્રણ કાળમાં થતું નથી. સમજાય છે કાંઈ? જંબુપ્રસાદજી! આહાહા..! ભારે વાત, ભાઈ!

શું કહ્યું? પ્રભુ આત્મા તો એક સમયનો અનાદિઅનંત ધ્રુવ, જેમાં અનંતા પરમાત્મા પડ્યા છે. શેમાં? દ્રવ્યમાં. દ્રવ્ય જે એક સમયનું છે એમાં અનંતા સિદ્ધ પરમાત્મા પડ્યા છે. અનંતા સિદ્ધ. કેમકે સિદ્ધ છે એ પર્યાય છે. એવી અનંતી પર્યાય, સિદ્ધની અનંતી પર્યાય આત્મદ્રવ્યમાં પડી છે. એવો ભગવાન આત્મા પરમાત્મા પોતે છે તેનો અનુભવ કરીને તેનો આશ્રય કરવો તે સમ્યગ્દર્શન છે. એ સિવાય મરી જાય ક્રિયાકાંડ કરીને, લાખ બીજું કરે અને એમાં ધર્મ માને એ આત્માનું મહામિથ્યાત્વ સેવે છે. મિથ્યાત્વ ક્ષણે ક્ષણે પાપ-મહાપાપ તો ઈ છે. મિથ્યાત્વ જેવું કોઈ પાપ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? રાગથી ધર્મ થાય છે ને દયાથી ધર્મ થાય છે ને હું પરની દયા પાળી શકું છું. મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. પાપી છે, પાપી મહા મોટો પાપી છે. મિથ્યાત્વ જેવું (કોઈ પાપ નથી). સાત વ્યસનના પાપ કરતાં મિથ્યાત્વનું પાપ અનંતગણું છે. સમજાય છે કાંઈ? એ.. શોભાલાલજી! ભઈ, કઠણ વાત છે અહીંયાં.

મુમુક્ષુ :- બહુ સરળ છે.

ઉત્તર :- બહુ સરળ છે? શેઠ પણ હવે ખુશી થઈ ગયા, લ્યો!

ભગવાન આત્મા.. અહીં ૪૩મી ગાથામાં તો ઈ કહેવું છે કે ઉત્પાદ-વ્યય રહિત જે આત્મા તે દ્રવ્ય આત્મા છે, એ વાસ્તવિક આત્મા છે. અહીં પણ ઈ કહ્યું કે ખરેખર આત્મા કારણ પરમાત્મા એક સમયમાં અનંત ગુણનો પિંડ એકરૂપ તે જ ખરેખર વાસ્તવિક આત્મા

છે. પર્યાય જે છે તે વાસ્તવિક આત્મા નહિ. આહાહા..! શરીરનો પ્રશ્ન થયો હતોને? પંડિતજી! જયપુર.. જયપુર. પંડિતજીની હયાતીમાં ત્યાં જયપુરમાં પ્રશ્ન થયો હતો. જીવિત શરીરથી ધર્મ થાય કે નહિ? એવો પ્રશ્ન (થયો હતો). ભગવાન! સાંભળ તો ખરો. આત્મામાં એવો એક ગુણ છે કે સ્વધર્મવ્યાપક છે. રાગ, શરીરમાં તો આત્મા કદી વ્યાપ્યો જ નથી. એમાં સ્વધર્મવ્યાપકત્વ નામનો આત્મામાં ગુણ છે. ૪૭ શક્તિમાં એક ગુણ છે. સમજ્યા? ૪૭ શક્તિ છે. આ 'સમયસાર' છે ને, પાછળ છે. સમજાય છે કાંઈ? પોતાના અનંત ગુણમાં સ્વધર્મમાં વ્યાપક છે. કદી શરીર અને રાગમાં આત્મા વ્યાપ્યો નથી. એને આત્મા કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ દસલક્ષણીનું વ્યાખ્યાન છે. આ મોક્ષમાર્ગનું વ્યાખ્યાન છે. અકિંચનનું છે ને. ઉત્પાદ-વ્યય મારા નહિ, ધ્રુવ મારો છે. એમ છે, લો. શરીર તો મારું નહિ, વાણી મારી નહિ, ખાવું-પીવું બધી ક્રિયા જડની, મારી નહિ. અને અંદર દયા, દાનનો રાગ આવે એ મારો નહિ. એ તો નહિ પણ ઉત્પાદ-વ્યયની પર્યાય મારા ત્રિકાળમાં છે એવી પર્યાય મારામાં નથી. આહાહા..! મારી હોય તો કાયમ રહે. એક સમયનો વ્યવહાર છે. એક સમયનો છે, એક સમયનો છે, ત્રિકાળ નહિ. એ અપેક્ષાથી તો ૧૧મી ગાથામાં અભૂતાર્થ કહી દીધું. '**ववहारोऽभूदत्थो**'. પર્યાય અસત્યાર્થ છે, આ અપેક્ષાથી, હોં! ત્રિકાળમાં નથી એ અપેક્ષાથી. પર્યાય તો પર્યાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! અરે..! એને સત્યની ખબર ન મળે અને ધર્મ થાય છે અને કલ્યાણ થઈ જશે. મરી જઈશ હવે. ચોર્યાશીના અવતારમાં ગોદા ખાધા અનંત વાર. નિગોદના રસ્તે હોય અને માને કે અમે કાંઈક ધર્મના રસ્તે છીએ.

અહીં તો કહે છે, એકવાર સાંભળ તો ખરો. ચૈતન્ય ભગવાન એક સમયમાં ધ્રુવ બિરાજમાન છે તેને અમે નિશ્ચયઆત્મા વાસ્તવિક આત્મા કહીએ છીએ. કેમ? કે એના આશ્રયે જ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને મોક્ષમાર્ગ ને મોક્ષ પ્રગટ થાય છે. એના આશ્રયે મોક્ષમાર્ગ પ્રગટ થયો તે પણ ઉત્પાદ-વ્યયની પર્યાય છે. ઉત્પાદ-વ્યયની પર્યાયના આશ્રયે નવી શુદ્ધિ ઉત્પન્ન થતી નથી. માટે નિશ્ચય મોક્ષમાર્ગને અમે વ્યવહારઆત્મા કહીએ છીએ. નિશ્ચયથી એને પરદ્રવ્ય કહીએ છીએ. આહાહા..! ગજબ વાત છે! ક્યાંની ક્યાં વાત આવી ગઈ. જિનેશ્વરદાસજી! જરી યાદ રહેવું કઠણ છે. બે બોલ જરી સૂક્ષ્મ આવી ગયા ને.

અહીં તો કહે છે કે, પ્રમાણ, નય, નિક્ષેપ ચાર. ભગવાન હો, સ્થાપના હો, યોગ્યતા હો, પોતાની પર્યાયમાં ભાવનિક્ષેપ હોય, લ્યોને. ભગવાનની પર્યાયમાં કેવળજ્ઞાન ભાવનિક્ષેપ હો. તેના આશ્રયે સમ્યગ્દર્શન નથી થતું. ભાવનિક્ષેપ પર્યાય છે. વર્તમાન પ્રગટ પર્યાયને ભાવનિક્ષેપ કહે છે. તો એના આશ્રયે સમ્યગ્દર્શન નથી થતું. તો પછી ભગવાનના દર્શનથી ને બહારથી સમ્યગ્દર્શન થાય છે એમ ત્રણ કાળમાં નથી. વ્યવહાર છે ખરો, શુભભાવ છે,

હો પણ એના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે કે જ્ઞાન થાય છે કે ચારિત્ર થાય છે એમ ત્રણ કાળમાં નથી. સમજાય છે કાંઈ? રાજબહાદુરજી! એ... વેણીપ્રસાદજી! ગજબ વાત છે! પ્રભુ! તારી લીલા એવી છે એની એને ખબર નથી. ખબર નથી હજી. બેખબરો અજ્ઞાની મૂઢ. અને માને છે કે અમને ધર્મ થાય છે. ક્યાં તારો ધર્મ છે? સમજાય છે કાંઈ? એક સમયમાં ભગવાન આત્મા...

અહીં તો કહે છે કે કોઈ એમ કહે કે ભગવાનના દર્શનથી સમકિત થાય છે. તો અહીં કહે છે કે વિલક્ષણ વ્યવહારનયના વિષયમાં ગયું. એનાથી સમ્યગ્દર્શન થતું નથી. આહાહા..! એકલો '**ચૈતન્યલક્ષણરૂપ જીવસ્વભાવનો અનુભવ કરતાં...**' સમ્યગ્દર્શન થાય છે. અનુભૂતિ પોતાના આશ્રયથી થાય છે. કોઈ વિકલ્પથી કે પરના આશ્રયથી થતી નથી. સાક્ષાત્ પરમેશ્વર સમવસરણમાં બિરાજમાન હો તો એના આશ્રયથી પણ સમ્યગ્દર્શન નથી થતું. દિવ્યધ્વનિના આશ્રયથી પણ નહિ. એ પહેલાં ચાલતું ને? દિવ્યધ્વનિથી લાભ નહિ? સાંભળે છે તો ખરો. દિવ્યધ્વનિ સાંભળ તો વિકલ્પ શુભરાગ છે. કેમકે એ પરદ્રવ્ય છે. સમજાય છે કાંઈ? તેનાથી સમ્યગ્દર્શન નથી થતું. રાગ મંદ કરીને સાંભળે છે, જ્ઞાનનો ક્ષયોપશમ છે એના આશ્રયે સમ્યગ્દર્શન નથી થતું. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કીધું ને, દ્રવ્યને આશ્રયે થાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બસ, પોતાથી થાય છે. તો નિમિત્તનું કથન છે. કથન છે. તેનાથી થયું એમ કહ્યું, એમ છે નહિ. છે નહિ, નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું. એવો આરોપ આવે છે. વ્યવહારનું લક્ષણ છે કે હોય નહિ તેને કહેવું તેનું નામ વ્યવહાર છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ભાઈ! તેં તારો આત્મા સર્વજ્ઞે જોયો એવો કદી માન્યો નથી. માને તો તો સમ્યગ્દર્શન થઈ જાય અને જન્મના અંત આવી જાય. ચાહે તો છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો હોય. સમજાય છે કાંઈ? ૯૬ હજાર સ્ત્રી આવે છે ને. એમાં પડ્યો હોય તો શું છે? ભોગની વાસના હોય તો રાગદોષ છે. પણ અંતરમાં રાગથી ભિન્ન મારી ચીજ અખંડાનંદ પ્રભુ છે તેના આશ્રયે સમ્યગ્દર્શન થયું છે. તો બંધ છે જ નહિ. સમજાય છે કાઈ? મિથ્યાત્વથી બંધ પડે તેને જ બંધ કહેવામાં આવે છે. બપોરે ઈ ચાલે છે. આહાહા..! અહીં તો જરી રાગ મંદ કરે ને આમ કરે ને તેમ કરે... કરવો પડે ને. કરવો પડે. શું કરવો પડે? મંદ રાગની કર્તાબુદ્ધિ છે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે. ભગવાન આત્મા રાગથી ભિન્ન છે. રાગ કરવો પડે ને, કરવો પતો પડે ને. મૂઢ છે. ચૈતન્યનું ખૂન કરનારો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? બીજાની હિંસા કરે ન કરે, પોતાની હિંસા કરે છે. આહાહા..! સમજાય

છે કાંઈ?

અહીં તો કહે છે, આપણે તો જરી એ વિષય સૂક્ષ્મ પડ્યો કે ઉત્પાદ-વ્યય પર્યાયને પણ આત્મા નિશ્ચયથી ન કહ્યો. વ્યવહારઆત્મા (કહ્યું). પર્યાય છે કે નહિ? પર્યાયને વ્યવહાર કહો, દ્રવ્યને નિશ્ચય કહો. એક સમયની પર્યાય પ્રગટ થઈ-સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, એ પર્યાય છે તો પર્યાય પર્યાયનયનો વિષય-વ્યવહારનયનો વિષય થઈ ગયો. વ્યવહારઆત્મા થયો, નિશ્ચયઆત્મા ન થયો. અરે..! આ ભારે ગજબ વાત! તો દયા, દાનના વિકલ્પ તો તારા ક્યાંય રહી ગયા. હવે એ તો ધૂળમાં ગયા. એ તો રાગ આસ્રવતત્ત્વમાં છે. બહુ સત્ય વાત છે. એ જ સત્ય છે, એ જ સત્ય છે. શરૂઆતનું સત્ય ઈ જ છે. બીજું કોઈ સત્ય યથાર્થ છે જ નહિ, ત્રણ કાળ ત્રણ લોકમાં. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- બહુ ઊંડું સ્વરૂપ છે.

ઉત્તર :- અંદરમાં બહુ ઊંડું સ્વરૂપ ભગવાન આત્માનું, એમાં ડૂબી મારવી પડશે. ત્યાં અંદર વારંવાર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થશે, બીજો કોઈ ઉપાય નથી. લાખ તારા ક્રિયાકાંડ કરીને મરી જાય ને અપવાસ ને દયા, દાન ને વ્રત ને... આહાહા..! લાલબહાદુરજી! આ એકલો નિશ્ચયાભાસ નથી થતો? અરે..! સાંભળ તો ખરો.

ભગવાન આત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ, તે જ વાસ્તવિક આત્મા છે. તો એના આશ્રયે અનુભવ કરવાથી અનુભૂતિ થાય છે. ભગવાનના નિક્ષેપથી ને પરમાત્મા ભાવનિક્ષેપ સામે તીર્થંકર હોય તો એના આશ્રયથી સમ્યગ્દર્શન નથી થતું. સમજાય છે કાંઈ? તો વળી દયા, દાનના પરિણામથી સમ્યગ્દર્શન થાય છે અને હું પરની ક્રિયા કરી દઉં (એમ માનનાર) મહા મોટો પાપી મૂઢ છે. સમજાયું? પરદ્રવ્યમાં હું કંઈક સંસ્કાર પાડું છું. પરદ્રવ્યમાં હું કંઈક સુધારો કરું છું. મોટો પાપી મૂઢ મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- બહુ દૂરની વાત છે.

ઉત્તર :- બહુ દૂરની વાત છે. બહુ સ્થુળ મિથ્યાત્વ છે, એ તો મોટું સ્થુળ મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? અહીં તો રાગના વિકલ્પથી મને લાભ થશે, પાપી મિથ્યાદૃષ્ટિ તારી જૂઠ દૃષ્ટિ છે. સત્યનું ખૂન કરનારો છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ તો ઠીક પણ પર્યાયના આશ્રયે લાભ થશે, એ મૂઢ છે. એ રાગ એક બાજુ રહી ગયો. ક્ષયોપશમજ્ઞાન છે, ક્ષયોપશમજ્ઞાન છે, ક્ષયોપશમ દર્શન છે, ક્ષયોપશમ વીર્ય છે. પર્યાયમાં છે ને? તેના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે, પર્યાયમૂઢ જીવ મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? નિક્ષેપમાંથી એ બધું આવી ગયું. અહીં તો ભાવનિક્ષેપ ખ્યાલમાં હતો ને. ભાવનિક્ષેપ પણ કેવળજ્ઞાન છે, તેના આશ્રયે પણ નહિ. આહાહા..!

પર્યાય તો એક સમયની દશા છે. એનો આશ્રય કરે તો વિકલ્પ થાય છે. એક સમયની પર્યાયમાં બીજી પર્યાય રહે છે? એક સમયની પર્યાયમાં બીજી પર્યાય રહે છે? અનંતી શુદ્ધ

પર્યાય તો દ્રવ્યમાં રહે છે. દ્રવ્ય સ્વભાવ ત્રિકાળ ભગવાન આત્માની રુચિ કરવાથી, અનુભવ કરવાથી સમ્યગ્દર્શન થાય છે. સમજાય છે કાંઈ?

**'આ રીતે આ પ્રમાણ-નય-નિક્ષેપોમાં ભૂતાર્થપણે એક જીવ જ પ્રકાશમાન છે.'** નવ તત્ત્વમાં પ્રમાણ, નય, નિક્ષેપમાં ભગવાન આત્મા એકલો સત્ય પ્રભુ, સત્ય પ્રભુ, સચ્ચિદાનંદ ધ્રુવ પ્રભુ, એ જ બિરાજમાન છે. તેને સત્ય આત્મા કહે છે. કહો, સમજાય છે કાંઈ?

**ભાવાર્થ :- 'આ પ્રમાણ, નય, નિક્ષેપોનું વિસ્તારથી વ્યાખ્યાન તે વિષયના ગ્રંથોમાંથી જાણવું; તેમનાથી દ્રવ્યપર્યાયસ્વરૂપ વસ્તુની સિદ્ધિ થાય છે.'** કારણ કે જાણવાથી પહેલા દ્રવ્ય શું છે, પર્યાય શું છે, તેનો બોધ થાય છે. બોધ એટલે યથાર્થ જ્ઞાનની વાત નથી. સાધારણ બોધ થાય છે, એમ. **'સાધક અવસ્થામાં તો સત્યાર્થ જ છે...'** પ્રમાણથી, નયથી વાસ્તવિક વસ્તુને લક્ષમાં સિદ્ધિ કરવી તે પ્રથમ અવસ્થામાં સત્ય છે. કેમકે એ જ્ઞાનની વિશેષ દશા છે. **'તેમના વિના વસ્તુને ગમે તેમ સાધવામાં આવે...'** પોતાની કલ્પનાથી, ભગવાને કહ્યા એવા નય, નિક્ષેપથી, પ્રમાણથી વસ્તુની સિદ્ધિ ન કરે તો વિપરીત થઈ જાય. **'વિપર્યય થઈ જાય છે. અવસ્થા અનુસાર વ્યવહારના અભાવની ત્રણ રીતિ છે. પહેલી અવસ્થામાં પ્રમાણાદિથી યથાર્થ વસ્તુને જાણી જ્ઞાનશ્રદ્ધાનની સિદ્ધિ કરવી;...'** પ્રમાણથી કેવળજ્ઞાન એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક દેખે છે. એવી પર્યાયને પહેલાં વિકલ્પથી નક્કી કરવી. મતિ-શ્રુત પરોક્ષ છે. અવધિજ્ઞાન, મનઃપર્યય જ્ઞાન દેશપ્રત્યક્ષ છે. એમ બરાબર વિકલ્પથી નક્કી કરવું. તેનાથી નક્કી કર્યા પછી તેને છોડીને એકલા જ્ઞાયકભાવનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન થાય છે. આ ધર્મની પહેલી સીઢી અને પહેલી શરૂઆત. એ વિના ત્રણ કાળ ત્રણ લોકમાં કોઈ ક્ષેત્રમાં ધર્મ બીજી રીતે થતો નથી.

**'જ્ઞાન-શ્રદ્ધાન સિદ્ધ થયા પછી શ્રદ્ધાન માટે તો પ્રમાણાદિની કાંઈ જરૂર નથી.'** સમ્યગ્દર્શન-જ્ઞાનમાં વસ્તુની પ્રાપ્તિ થઈ તો પછી પ્રમાણની જરૂર નથી. **'બીજી અવસ્થામાં પ્રમાણાદિના આલંબન દ્વારા વિશેષ જ્ઞાન થાય છે...'** સમ્યગ્દર્શન થયા પછી પણ વિશેષ જ્ઞાન કરવાથી ક્રમે ક્રમે સ્વરૂપમાં સ્થિરતા કરવાથી **'રાગ-દ્વેષ-મોહકર્મના સર્વથા અભાવરૂપ યથાખ્યાત ચારિત્ર પ્રગટે છે,...'** કારણ કે પ્રમાણનું જ્ઞાન કરવું છે ને. તો દ્રવ્ય સામાન્ય ત્રિકાળ છે અને પર્યાય એક સમયની છે. એમાં આવી ગયું કે દ્રવ્યના આશ્રયે લાભ થાય છે. તો દ્રવ્યના આશ્રયથી લાભ થયો એવું વિશેષ જ્ઞાન કરવાથી, જ્ઞાન-દૃષ્ટિ તો પહેલા થઈ છે, પણ વિશેષ જ્ઞાન કરવાથી **'રાગ-દ્વેષ-મોહકર્મના સર્વથા અભાવરૂપ યથાખ્યાત ચારિત્ર પ્રગટે છે; તેથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.'** લ્યો.

**'કેવળજ્ઞાન થયા પછી પ્રમાણાદિનું આલંબન રહેતું નથી. ત્યાર પછી સાક્ષાત્ સિદ્ધ અવસ્થા છે ત્યાં પણ કાંઈ આલંબન નથી. એ રીતે સિદ્ધ અવસ્થામાં પ્રમાણ-નય-નિક્ષેપોનો અભાવ જ છે.'** શું કહે છે ટૂંકામાં? પહેલા પ્રમાણથી આખી ચીજ દ્રવ્ય અને પર્યાય શું

છે એ નક્કી કરવું. નયથી એક એક ધર્મ ને એક એક ગુણ કે એક એક પર્યાય નક્કી કરવી. અને નિક્ષેપથી નામ, સ્થાપના, યોગ્યતા અને ભાવ શું છે તે નક્કી કરવું. બસ, એટલું. પણ એ નક્કી કરીને તેના તરફથી લક્ષ છોડી દેવું. અને નિજ ચૈતન્યનો આશ્રય કરીને સમ્યગ્દર્શન, જ્ઞાન પ્રગટ કરવા. પછી પ્રમાણ, નય, નિક્ષેપની શ્રદ્ધા-જ્ઞાનમાં જરૂર નથી. પછી ચારિત્ર માટે વિશેષ સિદ્ધ કરવું કે ચારિત્ર સ્વભાવના આશ્રયથી થાય છે. રાગના આશ્રયે થતું નથી. સંહનન ને મજબૂત શરીર હોય તો ચારિત્ર થાય એમ છે નહિ. એમ નક્કી કરી ચારિત્ર પ્રગટ કરવું. પછી પ્રમાણ, નય, નિક્ષેપની જરૂર નથી. પછી કેવળજ્ઞાન થયું એને નથી, સિદ્ધ થયા પછી એને જરૂર નથી. બીજો કળશ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૧૪, બુધવાર તા. ૨૮-૦૯-૧૯૬૬**
**શ્લોક-૯, પ્રવચન-૬૧**

આત્મા આનંદસ્વરૂપ છે. આનંદસ્વરૂપમાં રુચિ છોડી જેટલી પરદ્રવ્યમાં અથવા પુણ્ય પરિણામમાં રુચિ કરવી એ જ મહા મિથ્યાત્વનો વ્યભિચાર છે. એને અબ્રહ્મચર્ય કહે છે. સમજાય છે કાંઈ? જંબુપ્રસાદજી! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધા દ્રવ્યની વાત છે. જે કોઈ આત્મા પોતાનો બ્રહ્મ નામ આનંદસ્વરૂપ, એની રુચિ છોડી શરીરમાં સુખબુદ્ધિ,... અહીં સ્ત્રીની મુખ્યતા કેમ કહી છે? કે પરદ્રવ્યમાં મનથી સ્ત્રીની ઇચ્છા વિશેષ થાય છે તો એને વ્યભિચાર ગણીને તેનો અહીંયાં ત્યાગનું નામ બ્રહ્મચર્ય કહ્યું છે. પણ ખરેખર તો આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપની રુચિ કરીને બ્રહ્માનંદ નામ આનંદમાં લીન થવું તેનું નામ પરમાત્મા બ્રહ્મચર્ય કહે છે. અને જેટલું પરદ્રવ્યમાં શરીર, વાણી, કર્મ આદિ કે શુભાશુભ પુણ્ય-પાપમાં રુચિ કરીને એમાં સુખબુદ્ધિ છે, એમાં સુખ છે, ઈ ઠીક છે, પુણ્ય આદિ પરિણામ હિતકર છે એ મિથ્યાત્વનો વ્યભિચાર અબ્રહ્મ ગણવામાં આવ્યો છે. સમજાય છે કાંઈ?

રાગમાં સુખ છે એ બુદ્ધિ તો છૂટી ગઈ હોય. પરપદાર્થમાં સુખબુદ્ધિ છે એ બુદ્ધિ છૂટી ગઈ હોય. સ્વરૂપમાં આનંદ છે એવી રુચિ થઈ. પછી પરપદાર્થમાં જે આસક્તિ રહે છે, જે ચારિત્રદોષ છે તે દોષનો અહીંયાં નિષેધ કરે છે. સમજાય છે કાંઈ? પરસ્ત્રી તો નહિ પણ સ્વસ્ત્રીમાં પણ રાગનું થવું તે આસક્તિનો અસ્થિરતા દોષ છે. '**परिहरेदि संगं महिलाणं**'. સ્ત્રીનો સંગ છોડી દેવો. રાગથી પ્રીતિ છોડી દેવી. રાગની પ્રીતિ છોડી દેવી. તેને સ્ત્રીનો સંગ છોડ્યો એમ કહેવામાં આવે છે. '**णेव पस्सदे रूवं**'. એનું રૂપ ન દેખે. ભગવાન આત્માનું અતીન્દ્રિય આનંદ રૂપ દેખે કે પરનું દેખે? સમજાય છે કાંઈ? સચ્ચિદાનંદ નિર્મળ સ્વરૂપ જ્ઞાયકભાવ ચૈતન્યસૂર્ય ઝળહળ જ્યોતિ, જેને દૃષ્ટિમાં લેવાથી જ્ઞાયકભાવ પ્રગટ પ્રગટ પ્રતીતિમાં આવે છે. ધર્મી એવા આત્માનું રૂપ દેખે કે સ્ત્રીનું રૂપ દેખે? સમજાય છે કાંઈ? ચૈતન્ય જળહળ જ્યોતિ ભગવાન જ્ઞાનસૂર્ય છે તેની દૃષ્ટિ કરવાથી ચૈતન્યજ્યોતિનું રૂપ આત્મા દેખાય છે. સમજાય છે કાંઈ? સ્ત્રીનું રૂપ શા માટે જોવે?

કામની કથા અને સ્મરણાદિ કેમ કરે? કામની કથા શા માટે કરે? સ્વરૂપના આનંદની વાર્તા કરે કે કામની કથા કરે? અને સ્મરણ. સ્ત્રીનો વિષય આદિ લીધો હોય એનું સ્મરણ પણ ન કરે. સ્મરણ કરવાથી પણ રાગ ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? સ્મરણાદિ રહિત એવું નવધા બ્રહ્મચર્ય. મન-વચન-કાયા, કરવું, કરાવવું, અનુમોદનથી રહિત જે બ્રહ્મચર્ય

અંદર રહે છે તેને દસમો બ્રહ્મચર્ય ધર્મ કહેવામાં આવ્યો છે. લીન થવું, આત્મામાં લીન થવું તે બ્રહ્મચર્ય છે. જુઓ! એમાં લખ્યું છે, હોં! પરદ્રવ્યમાં આત્મા લીન થાય તેમાં સ્ત્રીમાં લીન થાય તે પ્રધાન છે. કારણ કે કામ મનનમાં ઉત્પન્ન થાય છે. અન્ય કષાયોથી પણ પ્રધાન છે. આ કામનું આલંબન સ્ત્રી છે. સંસર્ગ છોડવાથી નિજ સ્વરૂપમાં લીન થાય છે. દૃષ્ટિ તો આનંદની થઈ છે પણ આસક્તિનો ત્યાગ કરીને સ્વરૂપમાં લીન થવું તેનું નામ બ્રહ્મચર્ય કહેવામાં આવે છે. તેથી સ્ત્રીની સંગિત કરવી, રૂપ નિરખવું, કથા કરવી, સ્મરણ કરવું છોડવું. તેને બ્રહ્મચર્ય હોય છે. સમજાય છે કાંઈ? અને તે જ...

**जो णवि जादि वियारं तरुणियणकडक्खबाणविद्धो वि।**
**सो चेव सूरसूरो रणसूरो णो हवे सूरो।।४०४।।**

છેલ્લી ગાથા લાગે છે. તરુણી સ્ત્રીના, સ્ત્રીજનના કટાક્ષથી, તેના કટાક્ષરૂપી બાણથી જેના હૃદયમાં આઘાત નથી લાગતો તે જ જગતમાં શૂરવીર કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? પોતાના આનંદની દૃષ્ટિ સહિતની વાત છે, હોં! એકલા સ્ત્રીનો ત્યાગ એમ નહિ. એમ સ્ત્રીને છોડી દે એ તો પરપદાર્થનો દ્વેષથી ત્યાગ કર્યો છે. પોતાના આનંદની રુચિમાં લીન થઈને સ્ત્રી પ્રત્યેની આસક્તિ છોડવી તેનું નામ બ્રહ્મચર્ય કહેવામાં આવે છે. આનંદની રુચિ છે નહિ અને સ્ત્રીનો ત્યાગ કરો, આ ત્યાગ કરો એ તો પરપદાર્થ ઉપર દ્વેષ થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! કહો, લાલબહાદુરજી! દ્વેષ. પોતાના આનંદસ્વરૂપ ભગવાન આત્માની રુચિ, દૃષ્ટિ વિના પરને છોડો, પર નુકસાન કરે છે, પર છોડો નુકસાન કરે છે, એ તો પર ઉપર દ્વેષ થયો. સમજાય છે કાંઈ?

કહે છે, શૂરવીર તેને કહે છે કે કટાક્ષના બાણથી પણ વિકાર ન થાય અને આત્માના આનંદની પ્રાપ્તિ થાય. એમ એકલો કટાક્ષ એમ નહિ. એ શૂરવીરમાં પ્રધાન છે. રણમાં શૂરવીર તે શૂરવીર નથી. રણમાં તો માથા દેનારા ઘણાં છે. બીજાના માથા છેદવાવાળા પણ ઘણાં છે. પણ વિકારને છેદીને આત્માના આનંદનો અનુભવ કરનારા વીર શૂરવીર કોઈક છે. સમજાય છે કાંઈ? તેને અહીંયાં બ્રહ્મચર્ય કહેવામાં આવે છે. આમ તો કાયાથી બ્રહ્મચર્ય ઘણી વાર પાળ્યું, અનંત વાર પાળ્યું. મન-વચન-કાયાથી. બીજા દેવલોકની ઈન્દ્રાણી આવે તો ચળે નહિ. એ બ્રહ્મચર્ય નહિ. નવમી ગ્રૈવેયક ગયો, દિગંબર સાધુ થઈને. નગ્ન (થયો). મોરપીંછી, કમંડળ પણ નહિ. કપડાનો તાણો નહિ. અને બીજા દેવલોકની ઈન્દ્રાણી આવે તો ચળે નહિ. પણ એ તો રાગની મંદતાની વાત છે. સ્વરૂપના આનંદની દૃષ્ટિમાં પરનું લક્ષ છોડીને સ્થિર થવું તેનું નામ અહીંયાં બ્રહ્મચર્ય કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? બહારથી પાળનારા તો ઘણાં છે. એ તો અનંત વાર પાળ્યું. અને એ તો અત્યારે પણ ક્રિયાકાંડમાં હઠથી પાળે છે. મનથી, વચનથી, કાયાથી હઠથી (પાળે છે). એ હઠથી પાળે એ બ્રહ્મચર્ય નહિ. આનંદસ્વરૂપના પ્રેમમાં રાગ છૂટી જાય એનું નામ ભગવાન યથાર્થ સહજ બ્રહ્મચર્ય કહે છે.

એ દસમા (દિવસનું થયું).

(ચાલતો વિષય). ૧૩ ગાથાનો અધિકાર. શ્લોક આવ્યો, શ્લોક. શ્લોક આવ્યો ને? કળશ આવ્યો, કળશ. ૧૩મી ગાથાનો કળશ. બોલો.

**उदयति न नयश्रीरस्तमेति प्रमाणं**
**क्वचिदपि च न विद्मो याति निक्षेपचक्रम्।**
**किमपरमभिदध्मो धाम्नि सर्वङ्कषेऽस्मि-**
**न्ननुभवमुपयाते भाति न द्वैतमेव।।९।।**

શું કહે છે? જુઓ! આખી ૧૩મી ગાથામાં જે પ્રમાણ, નય, નિક્ષેપના ભેદ કાઢીને અનુભવ બતાવ્યો તેનો સાર કહે છે.

**શ્લોકાર્થ :- 'આચાર્ય શુદ્ધનયનો અનુભવ કરી કહે છે...'** જુઓ! દ્વૈત નથી ભાસતું એમ કહે છે કે નહિ? મુનિ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને અનુભવ કરે છે. જુઓ! કોઈ કહે કે મુનિને અત્યારે આવો અનુભવ નથી હોતો, આઠમે ગુણસ્થાને હોય છે. અત્યારે એમ કહે છે. સમજાય છે કાંઈ? આ 'કુંદકુંદાચાર્ય' નહિ પણ 'અમૃતચંદ્રાચાર્ય' હજી ૯૦૦ વર્ષ પહેલાં થયા એ કહે છે, શું કહે છે? જુઓ! એમાં પાઠમાં **'न्ननुभवमुपयाते भाति न द्वैतमेव'** અમે અંતરમાં આનંદ જ્ઞાયકસ્વરૂપ જ્ઞાયકસ્વરૂપ ઉપર દૃષ્ટિ અને નિર્વિકલ્પ અનુભવ કરીએ છીએ ત્યારે હું અનુભવ કરનારો અને અનુભવ એવો દ્વૈત જ ભાસતો નથી. સમજાય છે કાંઈ? દ્વૈત જ ભાસતું નથી-બે ભાસતા નથી. હું અનુભવ કરનારો અને આ અનુભવ આનંદ એવો દ્વૈત પણ ત્યાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- આચાર્યદેવ તો ગાથામાં..

ઉત્તર :- શું કહે છે? **'न्ननुभवमुपयाते भाति न द्वैतमेव'**. અંતરમાં.. શું કહ્યું? જુઓ! **'શુદ્ધનયનો અનુભવ કરી કહે છે...'** એમાંથી કાઢ્યું છે. મુનિને, અનુભવ તો અહીં ચોથે-પાંચમે તો થાય છે પણ અહીં તો મુનિની મુખ્યતાથી અને મુનિ પોતે કથન કરે છે ને? તો પોતાના અનુભવની વાત કરે છે. ચોથા ગુણસ્થાનમાં પણ જ્યારે અનુભવ થાય છે ત્યારે તો આનંદનો એકલો અનુભવ (થાય છે), બીજા કોઈ ભેદ જ નથી. અબુદ્ધિપૂર્વક રાગ અંતરમાં થવા છતાં તેનો ભાસ નથી થતો. એકલો નિર્વિકલ્પ અનુભૂતિ શુદ્ધ જ્ઞાયકમાત્ર. એકલો પૂર્ણ ધ્રુવ ચૈતન્યસૂર્ય. વર્તમાન પર્યાયને અંતરમાં વાળી, પર્યાયનું ધ્યેય ધ્રુવ ઉપર છે એ પર્યાયનું ધ્યેય પર્યાય ન રહી. રાગ, વિકલ્પ તો નહિ, શરીર સંહનન તો નહિ પણ પોતાનો શુદ્ધ ચૈતન્ય સ્વભાવ ધ્રુવ જ્ઞાયકસૂર્ય ઉપર દૃષ્ટિ હોવાથી, પર્યાય દૃષ્ટિ છે, પણ એ પર્યાય ઢળે છે સ્વભાવ ઉપર. સમજાય છે કાંઈ?

આમ ચૈતન્યસૂર્ય છે ને આખો. જ્ઞાયકસૂર્ય સ્વરૂપ છે. પહેલાં બધા પ્રકારની યથાર્થ શ્રદ્ધા કરી છે. તો શ્રદ્ધા સાધન અને અનુભવ એનું સાધ્ય છે. શ્રદ્ધાનો અર્થ પહેલા એવો

નિર્ણય કર્યો છે કે હું એક રજકણ આદિ પરદ્રવ્યની પર્યાય ત્રણ કાળમાં કરી શકતો નથી અને મારામાં વિકલ્પ આવે છે એ પણ મારી ચીજમાં નથી. એ પણ વિકાર છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ. અહીં તો શ્રદ્ધા કહે છે, એકલી સાધારણ શ્રદ્ધા. વિચારની શ્રદ્ધા. શ્રદ્ધામાં રાગ જે છે તે મારો નહિ, એનો હું કર્તા છું એમ વસ્તુમાં નથી. એવો નિર્ણય કરે છે ત્યાં સુધી તો હજી અનુભવ નથી, સમ્યગ્દર્શન નથી. સમજાય છે કાંઈ? જેના નિર્ણયમાં પરદ્રવ્યની પર્યાય હું કરી શકું છું, એવો જેનો નિર્ણય છે તેની તો પરસન્મુખ બહિર્બુદ્ધિ તીવ્ર મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? હું પરની દયા પાળી શકું છું, પરની સહાય કરી શકું છું, પરમાં સુધારો કરી શકું છું એવી જ્યાં સુધી બુદ્ધિ છે એ તો બહિર્બુદ્ધિ તીવ્ર મિથ્યાત્વ છે. તીવ્ર મિથ્યાત્વ મહાન પાપ અનંત સંસારને ઉત્પન્ન કરનારું. ત્યાં તો નિર્ણય પણ નથી કર્યો કે હું પરનું કાર્ય કરી શકતો નથી. મારામાં વિકલ્પ રાગ આવ્યો એ પણ મારું કર્તવ્ય નહિ, મારા સ્વરૂપમાં નથી. અને હું શુદ્ધ ચૈતન્ય અનંત જ્ઞાયકમૂર્તિની પર્યાયનો હું કરનારો એમ વિકલ્પમાં શ્રદ્ધાથી નિર્ણય કરે છે ત્યાં સુધી સમ્યગ્દર્શન નથી. આહાહા..! એ શ્રદ્ધામાં જેની વિપરીતતા છે તેની તો આગળ અનુભવ કરવાની લાયકાત જ નથી. સમજાય છે કાંઈ? ભારે વાત, ભાઈ!

કહે છે, એ શ્રદ્ધા પહેલી પાકી કરી. નય, નિક્ષેપ, પ્રમાણના જ્ઞાનથી આત્મા આવો છે, ત્રિકાળ શુદ્ધ છે, પર્યાય એક સમયની છે, પરલક્ષી રાગ ઉત્પન્ન થાય છે, પરચીજ છે. બધાની યથાર્થ શ્રદ્ધા પ્રમાણજ્ઞાન, નયથી કરી. ત્યાં સુધી તો હજી વિકલ્પાત્મક શ્રદ્ધા છે. ત્યાં સુધી તો હજી મિથ્યાત્વ છે. આહાહા..! સમજાય છે કાંઈ? મંદ મિથ્યાત્વ છે, મંદ મિથ્યાત્વ છે. હું પરનું કરી શકું છું, રાગ મારું કર્તવ્ય છે, પુણ્ય પરિણામથી મને લાભ થશે એ તીવ્ર મિથ્યાત્વ છે. તીવ્ર મિથ્યાત્વની બહિર્બુદ્ધિ તો બહારમાં ઘૂસે છે. એની અંદરમાં આવવાની લાયકાત નથી. સમજાય છે કાંઈ? પદ્મપ્રસાદજી! આહાહા..!

અંતર ભગવાન આત્મા એકલો ચૈતન્યસૂર્ય જ્ઞાયકસૂર્ય છે. રાગ શુભ આદિ હો કે નય, નિક્ષેપ, પ્રમાણના વિકલ્પથી જ્ઞાન થાય એ વિકલ્પાત્મક છે, એ બંધનું કારણ છે. સમજાય છે કાંઈ? એ અધર્મ છે. આહાહા..! રાગની મંદતા પરલક્ષી તો અધર્મ છે જ, પણ પોતાના પ્રમાણથી, નય, નિક્ષેપથી વિકલ્પાત્મક જ્ઞાન કરવું એ પણ હજી વિકલ્પ છે તો અધર્મ છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...તેવું જ જાણવું એમ તો શાસ્ત્રમાં આવે છે.

ઉત્તર :- જાણે શું? તો તો અંદર જ્ઞાયકમાં ગયો. એ વિકલ્પને છોડીને સ્વરૂપમાં ગયો. એ તો અંતર દૃષ્ટિ થઈ, એને સમ્યગ્દર્શન થયું. આ તો હજી પર્યાયમાં વિચાર કરે

છે કે આ આત્મા સામાન્ય આવો છે, વિશેષ આમ છે, રાગ આવો છે, પરનું લક્ષ કરવાથી રાગ થાય છે, રાગ મારાથી થાય છે, રાગ પરથી થતો નથી, પરની પર્યાય હું કરી શકતો નથી, પર મારું કામ કરી શકતા નથી. એમ હજી જ્ઞાન-રાગમિશ્રિત વિચાર છે, ત્યાં સુધી હજી અનુભવ નથી. ત્યાં સુધી સમ્યગ્દર્શન નથી. આહા..! એને સાધકપણું કહેવામાં આવે છે. કેમકે ઈ અવસ્થા છોડીને અંદરમાં જાય છે ઈ અપેક્ષાથી. સમજાય છે કાંઈ? ભારે ભાઈ! ઓહો..!

અનંત કાળ અનંત કાળી વીતી ગયો. બાહ્ય ત્યાગ કરીને દિગંબર સાધુ અનંત વાર થયો. હજારો સ્ત્રીઓનો ત્યાગ, જંગલમાં વસે નગ્ન થઈને. સમજાય છે કાંઈ? 'વનવાસ રહ્યો મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાય દિયો'. સમજાય છે કાંઈ?

**યમ નિયમ સંયમ આપ કિયો, પુનિ ત્યાગ વૈરાગ્ય અથાગ લહ્યો,**
**વનવાસ રહ્યો મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાય દિયો,**

જપ (જપે). ભગવાન.. ભગવાન.. ભગવાન.. બસ, બીજું કાંઈ નહિ. 'જપ ભેદ જપે તપ ત્યોંહિ તપૈ'. તપ-મહિના મહિનાના અપવાસ, બાર બાર મહિનાના અપવાસ. જંગલમાં બાર મહિનાના અપવાસે ફળ ખાઈ લે. જંગલમાં મળે એવા. એવા અચેતન ફળ પણ થાય છે. એવું અનંત વાર કર્યું. સમજાય છે કાંઈ?

**જપ ભેદ જપે તપ ત્યૌંહિ તપ, ઉરસે હી ઉદાસી લહી સબપૈ**
**સબ શાસ્ત્રનકે નય ધારી હિયે, મત મંડન ખંડન ભેદ લિયે.**
**વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.**

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ તો રાગ છે, એ તો પરસન્મુખનો વિકલ્પ છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એવો ને એવો રહ્યો.

**અબ ક્યોં ન બિચારત હૈ મનસે, કછુ ઔર રહા ઉન સાધનસે**
**બિન સદ્ગુરુ કોઈ ન ભેદ લહે, મુખ આગળ હૈ કહ બાત કહે.**

સમજાય છે કાંઈ? 'શ્રીમદ્' ગુજરાતી હતા પણ એમણે હિન્દીમાં બનાવ્યું છે. 'શ્રીમદ્ રાજચંદ્ર'. સમજાય છે કાંઈ? અનુભવ થયા પછી શ્લોક બનાવ્યો. અરે..! ભગવાન! તેં સાધન તો બહુ કર્યા, એ સાધન નહિ. આહાહા..! માણસ માને કે અમે આવા સાધન કરીએ છીએ, વ્યવહાર શુદ્ધ રાખીએ છીએ, આવું સાધન કરીએ છીએ, સરળતા રાખીએ છીએ, સાદગી રાખીએ છીએ. ધૂળમાંય નથી. સાંભળ તો ખરો હવે. એવી રાગની મંદતા પરલક્ષી મિથ્યાદૃષ્ટિ સહિતની તો અનંત વાર થઈ ગઈ. એ તો કાંઈ ન મળે માલ.

અહીં તો કહે છે, ભગવાન આત્મા પોતાનો જેવો વસ્તુ સ્વભાવ પરથી ભિન્ન સ્વતંત્ર

દ્રવ્ય છે એ પર્યાયમાં વિચાર કરીને એવો નિર્ણય કર્યો ત્યાં સુધી પણ અનુભવ નથી. એ પર્યાય જ્યારે અંતરમાં વાળીને શુદ્ધનયનો અનુભવ કરીને કહે છે, '**આ સર્વ ભેદોને ગૌણ કરનાર...**' પ્રમાણ, નય, નિક્ષેપનો વિચાર પણ જ્યાં ગૌણ થઈ જાય. સાધન નહિ. તો રાગની મંદતા તો સાધન છે જ નહિ. તો નિમિત્ત-ફિમિત્ત સાધન છે નહિ. ઓહોહો..! '**સમસ્ત ભેદોને ગૌણ કરનાર...**' નથી એમ નહિ. વિકલ્પાત્મક જ્ઞાનમાં નિર્ણય કર્યો હતો કે આ દ્રવ્ય સામાન્ય છે, વિશેષ પર્યાય છે. એમાં સામાન્યું લક્ષ કરવું એવો બધો નિર્ણય કર્યો હતો. એ વિકલ્પ, પર્યાય આદિને ગૌણ કરીને અંતર્મુખ થાય છે.

'**શુદ્ધનયના વિષયભૂત ચૈતન્યચમત્કારમાત્ર તેજઃપુંજ આત્મા,...**' છે. ઓહોહો..! સમજાય છે કાંઈ? જ્ઞાન-સમ્યક્‌જ્ઞાન જે શુદ્ધનય તેનો વિષય.. અહીં વિષય કહ્યો બાકી બેય એક જ વસ્તુ છે, ચૈતન્યચમત્કારમાત્ર. ચૈતન્યસ્વરૂપ બિંબ. ચૈતન્યસૂર્ય પ્રકાશનો પુંજ ચૈતન્ય જ્ઞાનનો પુંજ એવો ચમત્કારમાત્ર તેજઃપુંજ આત્મા છે. એવી અનુભવ દૃષ્ટિ થઈ ત્યારે આત્મામાં સાક્ષાત્‌ આનંદનો સ્વાદ આવ્યો. સમજાય છે કાંઈ? '**તેનો અનુભવ થતાં...**' અર્થાત્‌ એ આનંદ અતીન્દ્રિય આનંદનો કંદ આત્મા છે. અતીન્દ્રિય આનંદ તરફ ઝુકવાથી અને વિકલ્પાદિના ભેદને ગૌણ કરવાથી જે સ્વભાવ સન્મુખનો અનુભવ થયો એમાં આત્મા સાક્ષાત્‌ આનંદનો સ્વાદ લઈને અનુભવ થયો. સમજાય છે કાંઈ? એ અતીન્દ્રિય આનંદનો અંદરમાં સ્વાદ લેવો, એમાં પ્રતીતિ કરવી તેનું નામ સમ્યગ્દર્શન છે. ઓહોહો..! ભારે વાત ભાઈ! એને પહોંચવાનું કોઈ બાહ્ય સાધન ખરું કે નહિ? બાહ્ય સાધન ખરું કે નહિ કોઈ? લાલબહાદુરજી! બહારના સાધનનો તો નિષેધ કર્યો. એ તો તેં અનંત વાર કર્યું. એમાં થયું શું?

૯૬ હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો ચક્રવર્તી અંદરમાં આનંદનો અનુભવ કરે છે તો એને બધા વિકલ્પ છૂટી જાય છે. ચૈતન્યબિંબ પ્રકાશ મહા પ્રભુ, મહા ચૈતન્ય પુંજનો સ્વભાવથી ભરેલો ભગવાન એકલો ચૈતન્યનો ગાંગડો. ધ્રુવ ચૈતન્ય ધ્રુવ તારો. એની અંતર દૃષ્ટિ કરવાથી પર્યાયના વિકલ્પને ગૌણ કરવાથી અંતર અનુભવ થયો. સાક્ષાત્‌ આત્માના આનંદનું પ્રત્યક્ષ વેદન થવું એનું નામ અનુભવ કહેવામાં આવે છે. અને એ અનુભવ થયો એમાં પ્રતીત થઈ કે આ આત્મા. એનું નામ સમ્યગ્દર્શન છે. ઈ પ્રતીતિ, એવી પ્રતીતિ.

મુમુક્ષુ :- અનુભવપૂર્વક.

ઉત્તર :- હા. સમજાય છે કાંઈ? એણે કદી સાંભળ્યું નથી. લક્ષમાં લીધું નથી. અને જાવું હોય ઉગમણે અને દોડે આથમણે. આથમણે સમજો છો? પશ્ચિમ. જાવું હોય પૂર્વમાં અને દોડે પશ્ચિમ બાજુ. એમ જાવું છે સ્વરૂપમાં અને ક્રિયાકાંડ કરે બહારમાં આમ કર્યું ને તેમ કર્યું. ધૂળમાંય નથી. મરી જા તોપણ એમાં આત્મા હાથ લાગતો નથી. આહાહા..!

અહીં તો કહે છે, પ્રભુ! જુઓ! આજે તો અનંતચતુર્દશિ છે. સમજ્યા? અને બ્રહ્મચર્યનો

દિવસ છે. બ્રહ્માનંદ ભગવાન આનંદની મૂર્તિ એકલી. ચૈતન્યચમત્કાર કેમ લીધું છે? કે ચૈતન્ય-જ્ઞાનની પર્યાય પ્રગટ છે ને. એ પર્યાય દ્વારા અંતરમાં એકાકાર થવાથી આત્માનો અનુભવ થાય છે એમ કહ્યું. આનંદનો અંશ તો પ્રગટ છે નહિ અનાદિનો. જ્ઞાનનો અંશ પ્રગટ છે. જ્ઞાનનો અંશ પ્રગટ છે, આનંદનો અંશ (પ્રગટ) નથી. તો જ્ઞાનનો અંશ પ્રગટ છે એ જ્ઞાનને અંતર ઝુકાવવાથી... સમજાય છે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, પછી આનંદ કાયમ રહે છે થોડો.

મુમુક્ષુ :- પછી લબ્ધમાં ગયો...

ઉત્તર :- લબ્ધમાં ભલે ગયો, પણ આનંદ તો અંદર છે ને. જેટલો પ્રગટ્યો એટલો કાયમ છે. જ્યારે અનુભવ કરે છે ત્યારે વિશેષ આનંદ આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એવી પ્રતીતિ થાય છે કે આ આત્મા આનંદ છે અને પરિપૂર્ણ છે એવું ભાન થઈ ગયું તેનું સ્મરણ (-લક્ષ) કાયમ રહે છે.

મુમુક્ષુ :- કોઈ પણ કામ કરે તોપણ સ્મરણ નથી છૂટતું.

ઉત્તર :- હા. કાયમ રહે છે ને. વસ્તુ ક્યાં ચાલી જાય? ઉપયોગ ભલે રાગમાં, અશુભમાં બહાર આવી ગયો. એમાં શું છે? અંતરમાં આનંદનો જે સ્વાદ આવ્યો હતો એ દૃષ્ટિ (કાયમ રહે છે). 'ચાખે રસ ક્યોં કરી છૂટે, સૂરીજન સૂરીજન ટોલી ચાખે રસ ક્યોં કરી છૂટે' એકવાર આનંદનો અનુભવ સમ્યગ્દર્શનમાં થયો 'ચાખે રસ ક્યોં કરી છૂટે, સૂરીજન સૂરીજન ટોલી' દેવના ટોળા ઊતરે પણ આનંદનો જે ભાસ થયો છે એ આનંદને કાઢવા માટે જગતમાં કોણ સમર્થ છે? એની રુચિ જે આનંદમાં ભાસ થયો.. આહાહા..! સમજાય છે કાંઈ? 'ચાખે રસ ક્યોં કરી છૂટે, સૂરીજન સૂરીજન ટોલી' દેવના ટોળા આવે અને મહા ઉપસર્ગ અને પરિષહ પડે. નહિ, તને આનંદ નથી, તારો આત્મા આનંદ નથી, તેં આનંદનો અનુભવ નથી કર્યો (એમ કોઈ કહે તોપણ) ત્રણ કાળમાં ડગે નહિ. મેં જાણ્યું છે આનંદ સ્વરૂપ એ ત્રણ કાળમાં ફરે નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

અનુભવરસમેં રોગ ન શોકા, લોકવાદ સબ મેટ્યા જી..
કેવળ અચળ અનાદિ અબાધિત, કેવળ અચળ અનાદિ અબાધિત
શિવશંકરકા ભેટા, અબધુ અનુભવ કલિકા જાગી..
મતિ મેરી આતમ સુમરન લાગી, મતિ મેરી ચૈતન્ય સ્મરણ લાગી,
અબધુ અનુભવ કલિકા જાગી..

જંબુપ્રસાદજી! એ અંતર આનંદનો અનુભવ. આહાહા..!

ગગનમંડલમેં અધબીચ કૂવા, જહાં હૈ અમીકા વાસા જી...

સગુરા હોવે સો ભર ભર પીવે, નગુરા જાયે પ્યાસા.

કૂવો, કૂવો છે, આનંદનો કૂવો છે. કૂપ ભવગાન આત્મા.

ગગનમંડલમેં અધબીચ કૂવા, વહાં હૈ અમીકા વાસા..

સગુરુ હોવે સો ભર ભર પીવે...

વિકલ્પ રહિત દૃષ્ટિ કરાવવા સમજાવ્યું છે કે તારા વિકલ્પથી પણ તારો પત્તો નહિ લાગે. આનંદકંદની દૃષ્ટિ થાય... એવો 'સગુરા હોવે સો ભર ભર પીવે, નગુરા જાય પ્યાસા'. સમજાય છે કાંઈ? કૂવા પાસે જઈને પણ તરસ્યો પાછો જાય. એને અંદર કંઈ અસર થતી નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

**'અનુભવ થતાં નયોની લક્ષ્મી ઉદય પામતી નથી,...'** નયોની લક્ષ્મી. નિશ્ચયથી હું સામાન્ય છું, પર્યાયથી વિશેષ છું એવા જે નયના વિકલ્પ હતા તે ઉત્પન્ન જ થતા નથી. એ વિકલ્પ ઉત્પન્ન જ નથી થતા. આહાહા..! સૂક્ષ્મ છે, ભાઈ! ગાથા. આવી છે બહુ સારી. **'उदयति न नयश्रीरस्तमेति प्रमाणं'** આહા..! ભાઈ! એની પહેલી રીત છે, વિધિ છે તેનો તો એણે પાકા નિર્ણયનો સ્તંભ રોપવો જોઈએ. પાકા નિર્ણયના સ્તંભ વિના એને અનુભવ કદી થતો નથી. સમજાય છે કાંઈ? **'નયોની લક્ષ્મી ઉદય પામતી નથી,...'** ભગવાન આત્મા નિજ શુદ્ધ સ્વરૂપ જ્ઞાયક સ્વરૂપ એકરૂપ, એનો અંતર અનુભવ કરતાં નયની ઉત્પત્તિ થતી નથી. વિકલ્પાત્મક નય તો પહેલાં વિચાર કરવાના કાળમાં હતા. પહેલાં હતા.

મુમુક્ષુ :- પછી નથી હોતા.

ઉત્તર :- નહિ. ઈ તો દૃષ્ટાંત આપ્યું હતું ને. માલ લે છે તો પહેલા ભાવ પૂછે છે. ત્રાજવું. ધડો કરે છે. અને તોલ. પાંચ શેર, બે શેર તોલ હોય ને? પાકું છે કે નહિ? સરકારની છાપવાળી પાંચ શેરી. લાવ પાંચ શેર માલ. માલ લીધો, ભાવ દીધો, ભાવ પૂછીને એને આપી દીધા. પચીસ રૂપિયા પાંચ શેરના, લો. અને ધડો પણ કર્યો. પછી ખાતી વખતે યાદ કરે એને? પછી તો એકલું ખાવું જ રહી ગયું. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે.

મુમુક્ષુ :- નય જે છે તે પહેલાં છે.

ઉત્તર :- પહેલાં વિચારના કાળમાં હતા. બીજાથી–અજ્ઞાનીઓ આત્મા કહે છે તેનાથી, સર્વજ્ઞ જેવું કહે છે એવા નિર્ણયના કાળમાં સાધક અવસ્થામાં ઈ આવે છે. પણ એને છોડીને એકલો અનુભવ કરવામાં એ નય, નિક્ષેપ રહેતા નથી. આહાહા...!

મુમુક્ષુ :-

ઉત્તર :- નિર્ણય તો પહેલા કરે ને. ભાવ પૂછે, કેટલા રૂપિયે શેર છે? આ સાલમપાક હોય ને? સાલમપાક. શિયાળામાં નથી કરતા? શિયાળાને શું કહે છે? જાડે કે દિન. સાલમપાક નથી કરતા? સાલમ, મૂસળીપાક. દસ દસ, પચીસ પચીસ રૂપિયાનો શેર, હોં! એક એક

શેર! સાલમ કરે ને. પંજાવાળો સાલમ થાય છે. આ શેઠિયા બહુ ખાય શિયાળામાં. શિયાળો સમજો છો? ઠંડીમાં. દસ-દસ રૂપિયા, પંદર-પંદર રૂપિયાનો એક શેર, હોં! એક શેર. બદામ તો સાધારણ છે. એમાં સાલમ થાય છે. ધોળા સાલમ થાય છે, આમ પંજાદાર. અમારી દુકાનમાં એ બધું હતું ને. જેને પંજાબી સાલમ કહે છે. એને ઘૂંટીને કરે છે તો બહુ મોંઘુ પડે. બહુ મોંઘું પડે. દસ દસ રૂપિયે શેર. અહીં એક ફેરી તો સાંભળ્યું હતું. ઘણાં વર્ષ પહેલાં. સવા પાંચનું શેર અહીં ગામમાં આપતા હતા. સવા પાંચનું શેર. હવે તો દસ, પંદર, વીસ રૂપિયાનું શેર થઈ ગયું. બહુ મોંઘું થઈ ગયું. તો કહે છે કે, ભાવ પૂછ્યો કે કેટલા રૂપિયે શેર? એકવીસ રૂપિયે શેર. લાવો, પાંચ શેર લાવ. પાંચ શેર તોળી દો. ત્રાજવાનો ધડો કરો. સાલમપાક થાય છે. તમે સાંભળ્યું નથી? એ કરિયાણામાં ગંધિયાણામાં એક સાલમ થાય છે, આવો પંચવાળો. એવો પંજાદાર સાલમ, સાલમ. વનસ્પતિ થાય છે. એ તો શબ્દ છે. સાલમ બહુ ઊંચી ચીજ હોય છે. અમે તો બધું જોયું છે ને, અમે તો બધું જોયું છે. કહે છે કે પહેલાં ભાવ પૂછી લે. પહેલા તોળી લે, પહેલા નક્કી કરી લે. પછી ખાતી વખતે (એનો સ્વાદ જ છે). સમજાય છે કાંઈ?

એમ '**અનુભવ થતાં નયોની લક્ષ્મી ઉદય પામતી નથી,...**' નયની લક્ષ્મી ઉદય નામ નય ઉત્પન્ન જ નથી થતા કે હું શુદ્ધ છું કે આનંદ કરું છું એવો વિકલ્પ પણ ત્યાં નથી. સમજાય છે કાંઈ? ઓહોહો..! હજી આ શ્રદ્ધાની ખબર નથી કે આમ થાય પછી અનુભવ કરે તો સમ્યગ્દર્શન થાય. એમ જેની શ્રદ્ધા નથી અને આ અમે આમ કરીએ, આમ કરીએ, કરતાં કરતાં સમ્યગ્દર્શન થશે, અધ્યાત્મ થશે. ધૂળમાં નહિ થાય મરી જાય તોપણ.

મુમુક્ષુ :- આ તો સાતમા ગુણસ્થાને થાય.

ઉત્તર :- અરે..! ચોથા ગુણસ્થાનની વાત છે અહીંયાં. સમજાય છે કાંઈ? ચોથાની વાત છે. એ તો મુનિ છે એટલે મુનિપણાની દૃષ્ટિથી વાત કરે છે. અહીં તો અનુભવની વાત છે. સમજાય છે કાંઈ? કોઈ 'છ ઢાળા'માં કહે છે ને કે મુનિને સ્વરૂપનો અનુભવ તો પછી થાય છે. ચોથે નહિ. તને ખબર નથી, સાંભળ તો ખરો.

અનંત ગુણ આત્મામાં છે એ બધા ગુણનો સ્પર્શ થવાથી પર્યાયમાં બધા ગુણનો અંશ પ્રગટ ન થાય તો દ્રવ્યની દૃષ્ટિ થઈ નથી. સમજાય છે કાંઈ? દ્રવ્યમાં જેટલા અનંત ગુણ છે એટલા ગુણમાં જ્યાં દૃષ્ટિથી સ્પર્શ થયો તો અનંત ગુણના અંશની વ્યક્તતા એમાં આવી જાય છે. તો આનંદ વ્યક્ત થાય છે એ ચોથા ગુણસ્થાને દ્રવ્યદૃષ્ટિમાં થાય છે એમ સિદ્ધ કરવું છે. શું કહ્યું? દ્રવ્ય જે છે એમાં અનંત ગુણ છે. આનંદ છે, શાંતિ નામ ચારિત્ર છે, પ્રભુતા છે, સ્વચ્છતા છે, વિભુતા છે બધું. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન ષટ્કારકની અંદર શક્તિ પડી છે. એવા અનંત ગુણ છે. તો અનંત ગુણના પિંડને દ્રવ્ય કહે છે. તો જ્યારે દ્રવ્યની દૃષ્ટિ થઈ, વિકલ્પને તોડીને દ્રવ્ય ઉપર દૃષ્ટિ થઈ તો દ્રવ્યમાં જેટલા ગુણ

છે, એટલા એક અંશમાં વ્યક્ત થયા વિના રહેતા નથી. સમજાય છે કાંઈ? નહિતર દ્રવ્યની દૃષ્ટિ થઈ નથી. આહા..! દ્રવ્યની દૃષ્ટિ થઈ તો આનંદ દ્રવ્યમાં છે તો એટલો પ્રગટ થયો. ચારિત્રની શાંતિ છે તો એટલું સ્વરૂપાચરણ થયું. પ્રભુતા છે તો પ્રભુતાનો અંશ પર્યાયમાં આવ્યો કે હું પ્રભુ છું. આવું પૂર્ણ પ્રભુ દ્રવ્ય છે. એમ પર્યાયમાં અનુભવ થયો. સમજાય છે કાંઈ? અને હું જ મારા સ્વરૂપનો કર્તા અને સ્વરૂપનું કાર્ય મારું. કારણ કે કર્તા, કર્મ શક્તિ મારા દ્રવ્યમાં છે. તો દ્રવ્યની દૃષ્ટિ થઈ તો દ્રવ્યમાં જેટલા ગુણ છે, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ, સ્વસ્વામીસંબંધ. બધા અનુભવમાં આવી ગયા. તો પર્યાયમાં એમ થયું કે હું મારા સ્વનો સ્વામી છું. રાગનો, વ્યવહારનો હું સ્વામી નથી. એમ સ્વની-દ્રવ્યની દૃષ્ટિ થવાથી દ્રવ્યમાં જેટલા ગુણ છે, તે બધા અંશે વ્યક્ત થઈ જાય છે. તો આનંદ વ્યક્ત ન થાય તો દ્રવ્યની દૃષ્ટિ થઈ નથી. આ તો સિદ્ધ કરવું છે ચોથા ગુણસ્થાનથી આનંદ. ભાઈ! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..સ્વાધીન છે.

ઉત્તર :- હા, સ્વતંત્ર દ્રવ્ય છે. એક સમયમાં પરિપૂર્ણ પ્રભુ પડ્યો છે. પહેલી દૃષ્ટિ કર. જેટલા ગુણ દ્રવ્યમાં છે તે દૃષ્ટિ પ્રગટ થવાના કાળમાં બધા ગુણોના અંશ પ્રગટ થઈ જશે. આનંદ આવ્યો નહિ તો દ્રવ્યની દૃષ્ટિ થઈ નથી. ચોથે ગુણસ્થાને (માત્ર) પ્રતીત.. પ્રતીત.. (થઈ છે) એમ નથી. પ્રતીત તો એક શ્રદ્ધાગુણની પર્યાય થઈ. આનંદગુણ છે, દ્રવ્યદૃષ્ટિ થઈ તો આનંદગુણનું શું થયું? એકલું દુઃખ રહ્યું?

મુમુક્ષુ :- એકલું દુઃખ રહ્યું?

ઉત્તર :- બિલકુલ નહિ. આહાહા..! વાત તો એમ છે કે દ્રવ્ય છે કે નહિ? વસ્તુ. તો વસ્તુમાં અનંત ગુણ છે. આનંદ છે, શાંતિ છે, શ્રદ્ધા છે, જીવત્વ છે, પ્રભુતા છે, સ્વચ્છતા છે, વિભુતા છે, સર્વજ્ઞ, સર્વદર્શિ શક્તિ છે. એવી અનંત શક્તિનું એકરૂપ દ્રવ્ય, જ્યારે પર્યાયદૃષ્ટિ હતી, રાગને અને એક અંશને જ્યાં સુધી માનતો હતો ત્યાં સુધી તો કોઈ ગુણનો વ્યક્ત શુદ્ધતાનો અંશ હતો નહિ. પણ જ્યારે અંદર દૃષ્ટિ થઈ, સમ્યગ્દર્શન (થયું), ચૈતન્યમાં દૃષ્ટિ થઈ તો એમાં અનંત ગુણ છે તો જેમ દૃષ્ટિમાં શ્રદ્ધાગુણની પર્યાય પ્રગટ સમ્યક્ થઈ તો આનંદગુણમાં પણ પ્રગટ આનંદ આવ્યો. સ્વચ્છતા ગુણની સ્વચ્છતા પ્રગટ થઈ. સર્વજ્ઞ શક્તિની પ્રતીતિ થઈ ગઈ કે હું સર્વજ્ઞ છું. સર્વદર્શિની પ્રતીતિ થઈ કે હું સર્વદર્શિ છું. સમજાય છે કાંઈ? આહાહા..! પોતાની પ્રભુતા જોઈ. ઓ..હો..! આ આત્મા આવો પ્રભુ! દૃષ્ટિમાં તો પ્રભુતા પણ જોઈ. તો પ્રભુતાનો અંશ પણ પર્યાયમાં આવી ગયો. હું પામર નહિ. વસ્તુમાં હું પામર નથી. હું પ્રભુ પૂર્ણ પરમાત્મા છું. આહાહા..!

મુમુક્ષુ :- ખજાનો મળી ગયો.

ઉત્તર :- ખજાનો છે. એ 'પદ્મનંદી આચાર્યે' કહ્યું છે, હે નાથ! 'ઋષભદેવ'ની સ્તુતિ

કરે છે. હે નાથ! આપે આત્માના ખજાના ખોલી નાખ્યા. કોણ એવો પ્રાણી છે કે જગતના ખજાના-ધૂળને છોડીને આત્માના આનંદનો ખજાનો કેમ ન અનુભવે? સમજાય છે કાંઈ? આહાહા..! તારી પાસે મોટો ખજાનો પડ્યો છે. ખૂટે નહિ. કેવળજ્ઞાન કાઢીને અનંત આનંદ, અનંત ચતુષ્ટય છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય અને અનંતઆનંદ. એ એક સમયનો છે. બીજો કાઢ, ત્રીજો કાઢ, સાદિ અનંત કાળ કાઢ તોપણ અંદરમાં ખજાનો ખૂટતો નથી. આહાહા..! પણ ખબર નહિ, ખબર નહિ એને. બહારની મહિમા આવે છે અને અંતરની મહિમા આવતી નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

'**નયોની લક્ષ્મી ઉદય પામતી નથી,...**' અર્થાત્ અનુભવ પ્રગટ થયો ત્યાં વિકલ્પ પ્રગટ થતા નથી, એમ કહે છે. અનુભવ પ્રગટ થયો ત્યાં અનંત ગુણનો પિંડ જેટલા ગુણ છે તે બધાનો અંશ ત્યાં અનુભવમાં આવ્યો તો વિકલ્પ થતાં નથી. આહાહા..! '**પ્રમાણ અસ્તથાને પ્રાપ્ત થાય છે...**' પ્રમાણ અસ્ત-આથમી જાય છે. પ્રમાણ આથમી જાય છે. પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રમાણના જે વિકલ્પ હતા તે આથમી જાય છે અને નાશ પામી જાય છે. આહાહા..!

મુમુક્ષુ :- ત્યારે તો મહારાજ! આનંદ જ આનંદ રહે છે.

ઉત્તર :- આનંદ જ આનંદ રહે છે. આહા..! એ વસ્તુ આનંદ છે. પ્રભુ! વસ્તુ નિત્યાનંદ છે ઈ કોને કહે? આત્મા નિત્યાનંદ છે, સચ્ચિદાનંદ છે. સત્ શાશ્વત જ્ઞાન અને આનંદકંદ છે. અંતર દૃષ્ટિ વિના આનંદ ન આવે તો દ્રવ્યની પ્રતીતિ થઈ ક્યાં? દ્રવ્યના અનંત ગુણ છે અને અનંત ગુણની એકરૂપની પ્રતીતિ ક્યાં થઈ? અનંતા ગુણ છે એ અંશે પ્રગટ થઈ ગયા. પ્રતીતિમાં આવી ગયું કે ઓહો..! આત્મા અનંત ગુણનો પિંડ આવો જ છે. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે. વાત અલૌકિક છે, લોકોત્તરની વાત છે. લૌકિક તો આખી દુનિયા કરે છે, વીતરાગ સિવાય. સર્વજ્ઞ પરમેશ્વર સિવાય લૌકિક તો આખી દુનિયા કરે છે. આમ કરો ને તેમ કરો ને આમ સુધારો ને આ સુધારો ને ધૂળ કરો. એ મિથ્યાત્વને તો અનંત કાળથી કરી કરીને મરી ગયો. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :-

ઉત્તર :- પણ હોય ત્યારેને? ફોતરા ખાંડવાથી કાંઈ દાણા નીકળે?

ભગવાન આત્મા.. આહાહા..! હો, હોય છે વિકલ્પ પણ એનો આશ્રય કરીને અંદરમાં દૃષ્ટિ થાય છે એમ નહિ. અહીં તો પ્રમાણ, નય, નિક્ષેપના વિકલ્પનો આશ્રય કરવાથી પણ અનુભવ નથી થતો તો બીજાની તો વાત ક્યાં રહી? ઈ તો બતાવ્યું હતું, નહિ? 'નાટક સમયસાર'નું. 'બનારસીદાસ'નું. આમાં જ છે. '**उदयति न नयश्री**'. ઈ છે ને? આત્માનુભૂતિ.. '**અનુભવની દશામાં સૂર્યનું દૃષ્ટાંત**'. આ અનુભવ કહ્યો ને.

'**જૈસૈં રવિ-મંડલકે ઉદૈ મહિ-મંડલમૈં,...**' રવિનો ઉદય થયો આ મહિ મંડલ ઉપર. '**આતપ અટલ તમ પટલ વિલાતુ હૈ.**' પ્રકાશ થતાં તમનો (-અંધકારનો) નાશ થાય છે.

તમનો નાશ થઈ જાય છે. '**તૈસૈં પરમાતમકૌ અનુભૌ રહત જૌલૌં... તૈસૈં પરમાતમકૌ અનુભૌ રહત જૌલૌં, તૌલૌં કહૂં દુવિધા ન કહૂં પચ્છપાતુ હૈ.**' બે વાત–હું અનુભવ કરું છું એવો વિકલ્પ પણ ત્યાં નથી. નય પક્ષપાત. '**નયકૌ ન લેસ પરવાનકૌ ન પરવેસ, નિચ્છેપકે વંસકૌ વિધુંસ હોત જાતુ હૈ.**' આ ઈ જ શ્લોકનું છે. '**उदयति न नयश्री**' શ્લોકનું જ પદ છે.

'**જે જે વસ્તુ સાધક...**' નય, નિક્ષેપ, પ્રમાણ આમ વીતરાગ કહે છે એવો નિશ્ચય કરે છે. બીજા અજ્ઞાની કહે તેમ નહિ, વીતરાગ સર્વજ્ઞ કહે એમ. નય, નિક્ષેપ, પ્રમાણથી નિશ્ચય કરે છે. '**જે જે વસ્તુ સાધક હૈં તેઊ તહાં બાધક હૈં, બાકી રાગ દોષકી દસાકી કૌન બાતુ હૈ.**' બીજા રાગ ને કષાય મંદ ને દયા કરે ધૂળ કરે, ત્યાં તો છે જ નહિ. એનું સાધન–ફાધન અંદરમાં છે નહિ. સમજાય છે કાંઈ? આ એનો જ અર્થ છે. '**उदयति न नयश्री**'નો જ અર્થ છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– સારું છે ને. એમાં તો ઘણું લીધું છે. સમજાણું? એમ કરીને વચ્ચે યાદ કર્યું. એ તો આખું વંચાઈ ગયું છે. જુઓ! શું કહે છે અહીંયાં?

'**अस्मिन् धाम्नि अनुभवमुपयाते द्वैतमेव न भाति**'. ઈ પહેલો શબ્દ છે. '**આ–સ્વયંસિદ્ધ ચેતનાત્મક જીવવસ્તુ...**' ભગવાન સ્વયંસિદ્ધ ચૈતન્યસૂર્ય '**પ્રત્યક્ષપણે આસ્વાદ...**' અનુભવની વ્યાખ્યા. ભાઈ! અનુભવનો અર્થ '**પ્રત્યક્ષપણે આસ્વાદ...**' આનંદનો સ્વાદ. અતીન્દ્રિય આનંદનો અનુભવ–સ્વાદ (આવવો) એનું નામ સમ્યગ્દર્શન છે.

મુમુક્ષુ :– અનુભવ પ્રત્યક્ષ છે? મહારાજ!

ઉત્તર :– હા, જુઓ! '**પ્રત્યક્ષપણે આસ્વાદ આવતાં...**' '**उपयाते**'. અનુભવ '**उपयाते**' છે ને અહીંયાં? અહીંયાં આવ્યું ને? '**અનુભવ થતાં...**' '**આસ્વાદ આવતાં...**' '**द्वैतम् एव**' '**સૂક્ષ્મ–સ્થૂળ અન્તર્જલ્પ અને બહિર્જલ્પરૂપ બધા વિકલ્પો નથી શોભતા.**' ત્યાં હોતા જ નથી. ત્યાં છે જ નહિ. વિકલ્પની શોભા છે જ નહિ. ભગવાન આત્મા... પહેલાં નિર્ણય તો કરે કે આવી દશા થાય ત્યારે અનુભવ થાય છે અને સમ્યગ્દર્શન થાય છે. એ વિના એમ માને કે આમ કરે તો થાય એમ ત્રણ કાળમાં નથી. સમજાય છે કાંઈ? ૯૬ હજાર સ્ત્રીના વૃંદમાં પડેલો ચક્રવર્તી પણ સમકિતી થઈ જાય છે. ઈન્દ્રના ઈન્દ્રાસનમાં પડેલો ઈન્દ્ર પણ સમકિતી થઈ જાય છે. એ તો સમકિતી છે. બહારની વસ્તુ ક્યાં એમાં નડે છે? રાગ છે થોડો એ આસક્તિ ચારિત્રનો દોષ છે. અંતરમાં અનુભવમાં એ ચારિત્રના દોષનો પણ લેપ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

'**ભાવાર્થ આમ છે–અનુભવ પ્રત્યક્ષ જ્ઞાન છે, પ્રત્યક્ષ જ્ઞાન છે એટલે વેદ્ય–વેદકભાવપણે આસ્વાદરૂપ છે;...**' શું કહે છે? વેદનાર હું અને વેદાવાયોગ્ય પણ હું. અનુભવ કરનારો

હું અને અનુભવ પણ હું. અહીંયાં અભેદને આનંદનો અનુભવ કહે છે. આહાહા..! **'તે અનુભવ પરસહાયથી નિરપેક્ષપણે છે.'** એ અનુભવ વિકલ્પ અને પરસહાયથી નિરપેક્ષ છે. નય, નિક્ષેપ, પ્રમાણનું જ્ઞાન વિકલ્પથી કર્યું તેનાથી પણ નિરપેક્ષ. આહાહા..! અરે..! એ રીતની વિધિ પણ એની શ્રદ્ધામાં ન લે અને એને સમ્યગ્દર્શન થઈ જાય, ત્રણ કાળ ત્રણ લોકમાં થતું નથી. **'આવો અનુભવ જોકે જ્ઞાનવિશેષ છે...'** અનુભૂતિ જ્ઞાનવિશેષ છે. **'તોપણ સમ્યક્ત્વની સાથે અવિનાભૂત છે,...'** અનુભૂતિ જ્ઞાનની પર્યાય છે પણ સમ્યગ્દર્શન સાથે છે. તો અનુભવથી સમ્યગ્દર્શનનો ખ્યાલ કરાવે છે.

**'કેમકે તે સમ્યગ્દષ્ટિને હોય છે,...'** જુઓ! આ સમ્યગ્દષ્ટિને હોય છે. **'મિથ્યાદષ્ટિને નથી હોતો એવો નિશ્ચય છે.'** સમકિતીને હોય છે. એકલા મુનિને હોય છે એમ નહિ. **'આવો અનુભવ થતાં જીવવસ્તુ પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રત્યક્ષપણે આસ્વાદે છે.'** શું કહ્યું? **'આવો અનુભવ થતાં જીવવસ્તુ પોતાના શુદ્ધ (-નિર્મળ) સ્વરૂપને પ્રત્યક્ષપણે આસ્વાદે છે.'** કેટલું સ્પષ્ટ કર્યું છે. આમાંથી ભૂલ કાઢવી છે. કાલે એક પત્ર આવ્યો છે કે, 'કળશટીકા'માં ઘણી ભૂલ છે. રતનચંદજી, એમાંથી અને પંચાધ્યાયીમાં ઘણી ભૂલ છે એ શોધીને કાઢે છે. કલકત્તામાં. કલકત્તાથી કાલે કાગળ આવ્યો છે. આહાહા..! આ વાત બેસે નહિ.

**'તેથી જેટલા કાળ સુધી અનુભવ છે તેટલા કાળ સુધી વચનવ્યવહાર સહજ જ અટકી જાય છે,...'** નય, નિક્ષેપના વચન, વિકલ્પને વ્યવહાર કહે છે. વચનવ્યવહાર. **'કેમકે વચનવ્યવહાર તો પરોક્ષપણે કથક છે. આ જીવ તો પ્રત્યક્ષપણે અનુભવશીલ છે.'** અનુભવશીલ છે, અનુભવ .. સ્વભાવ થઈ ગયો. સ્વરૂપમાં નિર્વિકલ્પ અનુભૂતિ થઈ. અનુભવશીલ છે, એમાં વિકલ્પ નથી. **'તેથી (અનુભવકાળમાં) વચનવ્યવહાર પર્યંત કાંઈ રહ્યું નહિ. કેવી છે જીવવસ્તુ? બધા પ્રકારના વિકલ્પોની...'** જુઓ! **'सर्व कषे'** **'ક્ષયકરકણશીલ છે.'** ભગવાન આત્માની દૃષ્ટિ અનુભવ કરવાથી વિકલ્પમાત્રનો ક્ષયકરણશીલ આત્મા છે. રાગમાત્રનો, ભેદમાત્રનો નાશકરણશીલ સ્વભાવ છે. નાશકરણશીલ-એનો નાશ કરવો એવો આત્માનો સ્વભાવ છે. રાગને રાખવો એવો સ્વભાવ નથી. સમજાય છે કાંઈ? બહુ સરસ ટીકા કરી છે. એમાંથી લોકો ભૂલ કાઢે છે. ભૂલ છે, ભૂલ છે. એમાં લખ્યું છે ને? સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનમાં જીવ ક્યારે મોક્ષ જશે એની નોંધ છે. નોંધ છે. કહ્યું હતુંને? ચોથા કળશમાં. નિશ્ચય છે. નોંધ નામ જ્ઞાનમાં છે. આ જીવ આ ભવે મોક્ષ જશે, આ સમયે જશે. કેવળજ્ઞાનમાં બધી નોંધ ત્રણ કાળની પડી છે. સમજાય છે કાંઈ? આહાહા..! જીવ પોતાના પુરુષાર્થથી કામ લે છે.

**'તેમ અનુભવ પણ સમસ્ત વિકલ્પોથી રહિત જ છે. અહીં કોઈ પ્રશ્ન કરશે કે અનુભવ થતાં કોઈ વિકલ્પ રહે છે કે જેમનું નામ વિકલ્પ છે તે બધાય મટે છે?'** બધાય વિકલ્પ મટે છે. **'જે અનુભવ આવતાં પ્રમાણ-નય-નિક્ષેપ પણ જૂઠાં છે. ત્યાં રાગાદિ વિકલ્પોની**

**શી કથા?'** ભાઈ! વસ્તુ એવી છે. વસ્તુ આવી છે એનો પહેલાં નિશ્ચય તો કરે-નિર્ણય તો કરે. ભૂમિકા શુદ્ધ તો કરે. સમજ્યા? એ વિના એને અનુભવ થાય નહિ. **'રાગાદિ તો જૂઠા જ છે, જીવસ્વરૂપથી બાહ્ય છે. પ્રમાણ-નય-નિક્ષેપરૂપ બુદ્ધિ દ્વારા એક જ જીવદ્રવ્યના દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ ભેદ કરવામાં આવે છે તે બધા જૂઠા છે.'** બધા જૂઠા છે. આ દ્રવ્ય, આ ગુણ, આ પર્યાય ભેદ વિકલ્પ છે એ તો, જૂઠા છે. ઈ તો અભેદ છે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય જૂઠા છે. આહાહા..! રાડ નાખે.

**'આ બધા જૂઠા થતાં જે કંઈ વસ્તુનો સ્વાદ છે તે અનુભવ છે. યુગપદ્ અનેક ધર્મગ્રાહક જ્ઞાન, તે પણ વિકલ્પ છે. વસ્તુના કોઈ એક ગુણનું ગ્રાહક જ્ઞાન; તે પણ વિકલ્પ છે. ઉપચારઘટનારૂપ જ્ઞાન; તે પણ વિકલ્પ છે. ભાવાર્થ આમ છે કે અનાદિ કાળથી જીવ અજ્ઞાની છે, જીવસ્વરૂપને નથી જાણતો. તે જ્યારે જીવસત્ત્વની પ્રતીતિ આવવી ઈચ્છે ત્યારે જેવી રીતે પ્રતીતિ આવે તેવી જ રીતે વસ્તુસ્વરૂપ સાધવામાં આવે છે. તે સાધના ગુણ-ગુણીજ્ઞાન દ્વારા થાય છે.'** એમ કહે છે. પહેલા જ્ઞાન દ્વારા નિર્ણય કરે છે. **'તેથી વસ્તુસ્વરૂપને ગુણ-ગુણીભેદરૂપ વિચારતાં પ્રમાણ-નય-નિક્ષેપરૂપ વિકલ્પો ઊપજે છે. તે વિકલ્પો પ્રથમ અવસ્થામાં ભલા જ છે તોપણ સ્વરૂપમાત્ર અનુભવતાં જૂઠા છે.'** કેટલી ટીકા (સ્પષ્ટ છે)! ૧૬૦૫ લગભગ છે. છે ને? ત્યારે બનાવી છે. ભાઈ! 'કળશટીકા' ૧૬૦૫ કે ૧૬૦૯ છે. છે ને? નાગનું નથી અમારી પાસે? એમાં છે ઈ. ત્રણેનું. આ ૧૬૦૫ ને 'બનારસીદાસે' બનાવ્યું ઈ ૧૬૯૩. પછી આ 'સમયસાર નાટક' ૧૬૯૩ એમાંથી કાઢ્યું છે. ઈ છે ને, કાલે બતાવ્યું હતું. અહીં નથી.

**'નિક્ષેપોનો સમૂહ ક્યાં જતો રહે છે તે અમે જાણતા નથી.'** આહાહા..! ભાવપર્યાય આવી છે ને સ્થાપના આવી છે ને દ્રવ્ય આવું છે. આ ભગવાનની મૂર્તિ છે ને ભગવાનના સમવસરણમાં ભાવલિંગી ભાવપર્યાય ભાવનિક્ષેપથી કેવળજ્ઞાની છે. એ બધા વિકલ્પ છૂટી જાય છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ક્યાં ચાલ્યા જાય છે?

ઉત્તર :- ચાલ્યા ક્યાં જાય, નાશ થઈ જાય છે. અંતરમાં ઉત્પન્ન નથી થતાં. આનંદના અનુભવમાં વિકલ્પ ઉત્પન્ન થતા નથી.

મુમુક્ષુ :- આનંદનો સ્વાદ લે છે કાઢવાનો...

ઉત્તર :- કાઢે શું, અંદરમાં છે નહિ. અભેદમાં નથી. અબુદ્ધિપૂર્વક હો, ભલે રહ્યા.

**'આથી અધિક શું કહીએ? દ્વૈત જ પ્રતિભાસિત થતું નથી.'** એક આત્મા સિવાય આ ગુણ છે અને આ ગુણી, આ ગુણી આત્મા અને આનંદ એનો ગુણ, એવો દ્વૈત અનુભવમાં નથી આવતો. દ્વૈત નથી દેખાતો. આહાહા..! આ આત્મા આનંદમૂર્તિ અને હું આનંદ અનુભવું છું એવો વિકલ્પ નથી. એવો દ્વૈત પણ નથી. આહાહા..! વસ્તુ છે તે તરફની દૃષ્ટિ થઈ,

નિર્વિકલ્પ અનુભવ થયો ત્યાં બે ભેદ ક્યાં છે? કે આ આનંદ છે અને આ આત્મા આનંદદાતા છે. આત્મા આનંદદાતા છે અને આ આનંદ છે, એ તો વિકલ્પ થયો. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- એટલો વિકલ્પ પણ નથી.

ઉત્તર :- એટલો પણ નહિ. આહાહા..! દુનિયાને ક્યાં જાવું અને ક્યાં માર્ગ.

મુમુક્ષુ :- જૈનધર્મને સમજ્યા જ નથી.

ઉત્તર :- જૈનધર્મ સમજ્યા જ નથી. સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા કહ્યો અને એ આત્માની વિધિ કહી એને સમજે નહિ અને તેનાથી ઊંધું માને. સર્વજ્ઞને જ ઊંધા માને. તમે કહો છો એમ નહિ, અમે કહીએ છીએ તેમ છે. આહાહા..! સીધુ એમ ન કહે, પણ માન્યતામાં સર્વજ્ઞથી વિરુદ્ધ કહે. એકવાર કહ્યું હતુંને? 'દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા કહો કેમ રહે? કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો...' ભગવાન નિર્વિકલ્પ શુદ્ધ શ્રદ્ધામાં આનંદનો ભાસ થાય છે એવી શ્રદ્ધા વિના 'દેવ-ગુરુ-ધર્મની...' દેવની શ્રદ્ધા ને ક્યાંથી થઈ? દેવે તો એ કહ્યું છે. ગુરુની શ્રદ્ધા તને ક્યાં રહી? ગુરુએ તો એમ કહ્યું છે, નિર્વિકલ્પ સમ્યગ્દર્શન કહ્યું, શાસ્ત્રએ પણ એ કહ્યું.

'દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા કહો કેમ રહે? કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો.
શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ ક્રિયા કરે, છાર પણ લીંપણું તેહ જાણો.'

છાર સમજો છો? રાખ. રાખ નથી હોતી? રાખ. ચૂલાની ભસ્મ. શું કહે છે? રાખ નથી કહેતા? નથી સમજતા? આ રાખ આટલી પાથરી હોય. ચૂલાની રાખ, આટલી રાખ પાથરી હોય પછી ઉપર ગાર કરે, ગાર. ગારને શું કહે છે? લીંપણ લીંપણ રહે? ક્યાંથી રહે? રાખ ઉપર લીંપણ નહિ રહે. દેખાતું નથી, લીંપણ ઉખડી જાય, પોપડા ઉખડે. એમ ભગવાન દેવ-ગુરુ-શાસ્ત્રની પણ તને શ્રદ્ધા નથી અને આત્માની શુદ્ધ શ્રદ્ધા કર્યા વિના તારી ક્રિયા છાર પર લીંપણું છે. ધૂળમાં છે રાખમાં, તારા આત્માને કાંઈ લાભ નથી. એવા અનુભવમાં દ્વૈત જ ભાસતું નથી. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૧, શુક્રવાર તા. ૩૦–૦૯–૧૯૬૬**
**શ્લોક–૯–૧૦ પ્રવચન–૬૨**

'સમયસાર' ચાલે છે. ૧૩મી ગાથાનો ૯મો કળશ. એનો ભાવાર્થ. ૯મા કળશમાં શું કહ્યું એનો ભાવાર્થ કહે છે. જરી સૂક્ષ્મ છે. એમાં એમ કહ્યું કે આત્મા અનંત ગુણ સંપન્ન એક સ્વરૂપ પદાર્થ–દ્રવ્ય છે. એમાં અનંત ગુણની પર્યાય છે અને રાગાદિ પણ છે. પણ જ્યારે શુદ્ધનયનો વિષય કરીને પોતાનું એક સ્વરૂપ શુદ્ધ ચૈતન્યની અંતર દૃષ્ટિ કરીને અનુભૂતિ નામ અનુભવ કરવામાં આવતા રાગ–દ્વેષ તો ભાસતા નથી, પર્યાય ભાસતી નથી, નય, નિક્ષેપ, પ્રમાણના વિકલ્પ પણ ભાસતા નથી, પણ દ્વૈત પણ ભાસતું નથી એમ કહ્યું છે. આ એનો ભાવાર્થ લખે છે. સમજાય છે કાંઈ?

ફરીથી. આત્મા જ્યારે પ્રથમ સમ્યગ્દર્શન પામે છે, પ્રથમમાં પ્રથમ ધર્મ દૃષ્ટિ, ધર્મ દૃષ્ટિ પ્રથમ થાય છે તે વખતે આત્મા એક સમયમાં શુદ્ધ અખંડ અનેક ગુણ સંપન્ન પણ એકરૂપ છે એમ અંતરમાં જ્ઞાયકભાવ તરફની એકત્વ દૃષ્ટિ થવાથી અનુભવમાં રાગ તો ભાસતો નથી, પર્યાયનો ભેદ ભાસતો નથી, ગુણનો–ગુણીનો ભેદ ભાસતો નથી, પ્રમાણ, નય, નિક્ષેપનો વિકલ્પ જે હતો તે ભાસતો નથી, પણ દ્વૈત ભાસતું નથી. સમજાય છે કાંઈ? એવો અદ્વૈત આત્મા અંતર અનુભવમાં આવે છે. સમજાય છે કાંઈ? હવે એનો ખુલાસો કરે છે. તમે અદ્વૈત કહ્યો તો વેદાંતી પણ અદ્વૈત કહે છે. વેદાંતી અદ્વૈત કહે છે ને?

**ભાવાર્થ :– 'ભેદને અત્યંત ગૌણ કરીને કહ્યું છે...'** આ મહા સિદ્ધાંત છે. એમ ને એમ વાંચી જાય તો સમજાય એવી વસ્તુ નથી. ભાવાર્થની પહેલી પંક્તિ. '**ભેદને અત્યંત ગૌણ કરીને...**' ભેદ ગુણ–ગુણી છે, પર્યાય છે, રાગ છે. સમજાય છે કાંઈ? છતાં ભેદને, પર્યાયને, રાગને, ગુણ–ગુણી ભેદને અત્યંત ગૌણ કરીને. પ્રમાણ, નય, નિક્ષેપથી વસ્તુની સિદ્ધિ ભગવાનના આગમ પ્રમાણે પહેલા કરી હોય તે વિકલ્પને પણ અત્યંત ગૌણ કરીને. સમજાય છે કાંઈ? બહુ ઝીણી વાત છે. ભેદને ગૌણ કરીને એમ નથી લીધું, ભાઈ! અત્યંત કેમ કહ્યું છે? કેમ કે પેલા દ્વૈત નથી ભાસતું એમ કહ્યું ને? એટલે અહીંયાં અત્યંત શબ્દ વાપર્યો છે.

ભગવાન આત્મા નિજ શુદ્ધ ચૈતન્ય આનંદકંદમાં જ્યારે અંતર સમ્યગ્દર્શન પ્રથમ ભૂમિકા પ્રગટ થાય છે ત્યારે અનુભૂતિમાં આત્મામાં દ્વૈત–બેપણું ભાસતું નથી. બે નામ આ ગુણી છે, આ ગુણ છે, હું અનુભવ કરનાર અને અનુભવ, એવો દ્વૈત પણ અંતર અનુભવમાં ભાસતો નથી. ત્યારે એને આત્માનો અનુભવ–અનુભૂતિ થઈ એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? તો કહે છે, ભેદ ક્યાં ગયા? આ અનંત દ્રવ્ય છે. ભગવાને તો અનંત

આત્મા કહ્યા છે. અનંત પરમાણુ કહ્યા છે, ભેદ ક્યાં ગયા? અને ભગવાને તો આત્મામાં અનંત ગુણ કહ્યા છે અને અનંતી પર્યાય એક સમયમાં કહી છે. એ બધું ક્યાં ગયું? સાંભળ તો ખરો. ભેદને અત્યંત ગૌણ કરીને, અભાવ કરીને નહિ. સાંભળો! અભાવ કરીને નહિ. અનંત દ્રવ્ય પોતાના આત્માથી ભિન્ન છે તેનો અભાવ કરીને નહિ. પોતાની પર્યાયમાં અનંત ગુણની પર્યાય છે તેનો અભાવ કરીને નહિ, અત્યંત ગૌણ કરીને. આત્મામાં અનંત ગુણ છે, એ અનંત ગુણ-ગુણીનો ભેદ છે. એ ભેદ છે તેનો અભાવ કરીને નહિ પણ એને અત્યંત ગૌણ કરીને, લક્ષમાં નથી લેવા તો અત્યંત ગૌણ કરીને કહ્યું છે. સમજાય છે કાંઈ? શેઠ! બહુ ઝીણી વાત છે.

ભેદને.. ભગવાન આત્મા પોતાનું એક સ્વરૂપ અનંત ગુણનો પિંડ પ્રભુ, જ્યારે અંતર સમ્યગ્દર્શનમાં અનુભૂતિમાં એકપણાનો અનુભવ થાય છે ત્યારે ત્યાં બેપણાનો ભાસ, ભાન રહેતું નથી. તો એનો અર્થ શું થયો? કે બે ગુણ-ગુણી નથી? પર્યાય નથી? રાગ નથી? અન્ય દ્રવ્ય નથી? છે. સમજાય છે કાંઈ? પણ એ બધાને ગૌણ કરીને ત્યાંથી લક્ષ છોડાવીને એક સ્વરૂપ ચૈતન્ય ઉપર દૃષ્ટિ કરાવવા અનુભૂતિમાં સમ્યગ્દર્શન આમ થાય છે. સમજાય છે કાંઈ? કેમ વાર લાગી? સેઠી! કેટલો વખત ગયો. તત્ત્વની વાત ચાલી ગઈ. વૃદ્ધ છે ને, વૃદ્ધ. સમજાય છે કાંઈ? ઘણી વાત ચાલી ગઈ. કેટલો વખત થઈ ગયો? દસ મિનિટ. કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આવી ગયું.

**'ભેદને અત્યંત ગૌણ કરીને કહ્યું છે...'** સમજાય છે કાંઈ? **'પ્રમાણ, નયાદિ ભેદની તો વાત જ શી?'** અહીં તો ઈ બતાવવું છે. આત્મા પહેલા સમ્યગ્જ્ઞાનનું પ્રમાણ, વિકલ્પાત્મક જ્ઞાન હોં, હજી, સમ્યગ્જ્ઞાન નહિ. વિકલ્પ નામ રાગના જ્ઞાન દ્વારા આત્મા કેવળજ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોક દેખે છે, એક સમયમાં અનંતા દ્રવ્ય અને ત્રિકાળ દેખે છે એમ વિકલ્પ દ્વારા પહેલા કેવળજ્ઞાનનો નિર્ણય કર્યો છે. એમ પાંચ જ્ઞાનનો નિર્ણય વિકલ્પ દ્વારા કર્યો છે. અને નય દ્વારા એક એક ગુણનો અને એક એક ભેદનો નિર્ણય કર્યો છે અને નિક્ષેપ દ્વારા જ્ઞેયના ચાર પ્રકાર-સંજ્ઞા, સ્થાપના, યોગ્યતા અને પ્રગટ (પર્યાય) એવા પ્રકારથી પહેલા વિકલ્પથી નિર્ણય કર્યો છે. એની તો વાત જ શું? એનું તો લક્ષ છોડાવ્યું છે.

**'શુદ્ધ અનુભવ થતાં...'** નિજ આત્મા આનંદ સ્વરૂપમાં પૂર્વાપર વિરોધ રહિત પહેલી દૃષ્ટિ-શ્રદ્ધા થઈ છે પછી જ્યારે અંતરમાં અનુભવમાં આવે છે તો **'દ્વૈત જ ભાસતું નથી,...'** બેપણું જ ભાસતું નથી. સમજાય છે કાંઈ? **'એકાકાર ચિન્માત્ર જ દેખાય છે.'** ભગવાન આત્મા સમ્યગ્દર્શનની પહેલી ધર્મ ભૂમિ, પ્રથમ ધર્મ ભૂમિ. પહેલી ભૂમિકામાં-ધર્મની પહેલી સીડીમાં એક એકાકાર-એક આકાર નામ એક સ્વરૂપ ચિન્માત્ર-જ્ઞાનમાત્ર અભેદ, એવો દેખાય

છે. તેને અનુભૂતિ અને તેને સમ્યગ્દર્શન કહે છે. સમજાય છે કાંઈ? નંદલાલભાઈ! આ ઝીણું છે ભઈ. ... દરકાર કરશે કે નહિ? કહો, સમજાય છે કાંઈ?

અહીં તો 'જયચંદ્ર પંડિત' એમાંથી-શ્લોકમાંથી કાઢે છે. હવે કહે છે, જુઓ! '**અહીં વિજ્ઞાનાદ્વૈતવાદી...**' જગતમાં માની લે કે જગત વિજ્ઞાન જ છે, એમ બૌદ્ધ માને છે. આખું જગત વિજ્ઞાન છે, બીજી કોઈ ચીજ નથી. અને વેદાંતી આત્મા એક જ છે, અદ્વૈત છે એમ માને છે. '**છેવટ પરમાર્થરૂપ તો અદ્વૈતનો જ અનુભવ થયો.**' અમે કહીએ છીએ કે એક છે, એમ તમારે પણ એકમાં આવવું પડ્યું. સમજાય છે કાંઈ? અમે પહેલેથી કહીએ છીએ, આત્મા અદ્વૈત.. અદ્વૈત. બ્રહ્મ એક બ્રહ્મ છે, બ્રહ્મના બધા (અંશ છે). એકો અહં બહુસ્યામિ. હું એક હતો એ બહુરૂપ થયો છું. તો એકરૂપ તારે થવું. એકરૂપ આત્મા છે ઈ તો અમે કહેતા હતા. એમ તમે જૈન પણ અંદર લાવ્યા. છેવટ તો તમે ઈ લાવ્યા ને. '**અદ્વૈતનો જ અનુભવ થયો. એ જ અમારો મત છે;...**' વેદાંત કહે છે. 'તમે વિશેષ શું કહ્યું?' એમાં તમે જુદું શું કહ્યું? અમે કહીએ છીએ, એક જ આત્મા.. એક જ આત્મા.. એક જ આત્મા ઈ તમે કહ્યું. '**એનો ઉત્તર :–**' સાંભળો. મહા સિદ્ધાંત કહે છે.

'**તમારા મતમાં સર્વથા અદ્વૈત માનવામાં આવે છે.**' તમારા મતમાં સર્વથા એક માનવામાં આવે છે. '**જો સર્વથા અદ્વૈત માનવામાં આવે....**' એક જ સ્વરૂપ સર્વથા માનવામાં આવે '**તો બાહ્ય વસ્તુનો અભાવ જ થઈ જાય,...**' તો અનંત આત્માઓ છે, અનંત રજકણ છે. સમજાય છે કાંઈ? એ બધાનો લોપ થઈ જાય. એમ છે નહિ. હજી કહેશે. '**બાહ્ય વસ્તુનો અભાવ જ થઈ જાય અને એવો અભાવ તો પ્રત્યક્ષ વિરુદ્ધ છે.**' અનંત આત્મા છે, અનંત રજકણ છે, અસંખ્ય કાળાણુ છે. સ્વતંત્ર અનંત દ્રવ્ય અનાદિથી છે. એમ સર્વજ્ઞ ભગવાને કહ્યું અને એમ છે. '**અમારા મતમાં નયવિવક્ષા છે...**' જુઓ! અમારામાં નયથી કથન છે. '**તે બાહ્ય વસ્તુનો લોપ કરતી નથી.**' અનંત આત્માઓ છે, અનંત પરમાણુ છે એનો લોપ નથી કરતી. સમજાય છે કાંઈ? બધા અનંત આત્મા છે, અનંત રજકણ છે, સ્વતંત્ર પોતાની પર્યાયથી બધા પરિણમી રહ્યા છે.

'**જ્યારે શુદ્ધ અનુભવથી વિકલ્પ મટી જાય છે ત્યારે આત્મા પરમાનંદને પામે છે...**' બાહ્ય વસ્તુ છે. હમણાં કહેશે. સાંભળો! બાહ્ય વસ્તુ જો ન હોય.. નીચે કહેશે, હોં! '**જો બાહ્ય વસ્તુનો લોપ કરવામાં આવે તો આત્માનો પણ લોપ થઈ જાય...**' એમ કહેશે. એમાં મોટો સિદ્ધાંત છે. કેમ? આત્માની એક પર્યાયમાં છ દ્રવ્ય જાણવાની તાકાત છે. જો એક પર્યાયને ન માની, એક પર્યાયમાં છ દ્રવ્ય ન માન્યા. સાંભળો! જરી સૂક્ષ્મ વાત છે. જેણે આત્માની એક જ્ઞાનની પર્યાય, એક જ શ્રુતજ્ઞાનની પર્યાયને જેણે માની તેણે છ દ્રવ્ય માન્યા. છ દ્રવ્યમાં અનંત આત્મા, અનંત રજકણ ભિન્ન ભિન્ન પોતામાં કાર્ય કરી રહ્યા છે. અનંત માન્યા ને? અનંત. તો અનંત પરમાણુ અનંતપણે રહે છે, અનંત આત્માઓ,

કોઈ દ્રવ્ય કોઈ બીજાનું કાંઈ કરે એમ શ્રુતજ્ઞાનની પર્યાયમાં માનવામાં આવતું નથી સમજાય છે કાંઈ? શું કહ્યું? હજી તો પર્યાયની વાત કરે છે. એક સમ્યગ્જ્ઞાનની નહિ પણ સાધારણ જ્ઞાનની, સામાન્ય શ્રુતજ્ઞાનની પર્યાય, એક પર્યાય છ દ્રવ્ય અનંત આત્મા, અનંત રજકણ છે એમ જાણે છે. જો એમ ન માને તો પોતાની પર્યાયને જ ન માની. દ્રવ્ય તો પાછળ રહ્યું. સમજાય છે કાંઈ? એ 'કળશટીકા'માં પાછળ બહુ સ્પષ્ટ કર્યું છે. એક મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની એક સમયની પર્યાય અનંત સિદ્ધ, અનંત રજકણ, અનંત આત્માઓ છે અને જ્યારે અનંત છે તો અનંત પોતપોતાની પર્યાયનું કાર્ય કરે છે. પોતાનું અસ્તિત્વ અનંત રાખે છે તો કોઈના અસ્તિત્વથી કોઈનું અસ્તિત્વ છે નહિ. કોઈ પદાર્થની પર્યાયથી કોઈ પદાર્થની પર્યાયનું અસ્તિત્વ છે એમ માને તો અનંત અનંતપણે રહેતા નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

એક જ્ઞાનની પર્યાયમાં એટલી કબુલાત તો પહેલા આવે છે, હજી તો મિથ્યાદૃષ્ટિ છે ભલે, સમજાય છે કાંઈ? અનુભૂતિ થઈ નથી, છતાં છ દ્રવ્ય જેણે ન માન્યા તેણે પોતાની પર્યાય ન માની. આહાહા..! સમજાય છે કાંઈ? અને છ દ્રવ્ય અનંત છે. છ દ્રવ્ય તો જાતિએ છ, સંખ્યાએ અનંત છે. તો અનંત અનંત તરીકે ન માને તેણે પોતાની પર્યાયને ન માની. એક સમયની પર્યાયને, હોં! અમરચંદભાઈ! આહાહા..! એક સમયની પર્યાયમાં એટલી તાકાત છે કે અનંતા જ્ઞેયો છે તેને જાણવાની શક્તિ છે. તો એક પર્યાયને ક્યારે માની કહેવામાં આવે કે અનંત દ્રવ્ય, અનંત આત્મા, અનંત પરમાણુ, એના અનંતા અનંતા ગુણ એક એકના અને અનંતી પર્યાય, બધા પોતપોતાથી અસ્તિ છે. કોઈ દ્રવ્યથી કોઈની પર્યાય થાય છે એમ માને તો તેણે અનંતા દ્રવ્ય છે એમ પર્યાયમાં પ્રતીતિ થઈ નહિ. તો પર્યાયની તાકાત અનંતને પૃથક્ પૃથક્ માનવાની છે. એમ જેણે ન માન્યું તેણે પોતાની પર્યાયને જ ન માની. સૂક્ષ્મ વાત, ભારે વાત, ભાઈ! સમજાય છે કાંઈ? એ 'કળશટીકા'માં ઘણું આવી ગયું છે.

ભગવાન આત્મા, એની એક સમયની જ્ઞાનની (પર્યાય), શ્રુતજ્ઞાન ભલે અજ્ઞાન હો, પર્યાય છે ને? એક સમયની પર્યાય. એક સમયની પર્યાયમાં છ દ્રવ્ય, અનંત આત્માઓ, કેટલા? સમજાણું? જેટલા અત્યાર સુધી સિદ્ધ થયા તેના કરતાં અનંતગુણા આત્મા સંસારી છે. અને તે અનંત અનંતપણે રહે છે. અનંતમાં એક આત્મા બીજા આત્માની પર્યાયની ઘૂસી જાય અને કામ કરે તો અનંત રહેતા નથી. અને એનાથી અનંતગુણા રજકણ છે. તો રજકણ પણ અનંત પરમાણુ છે. એમાં એક પરમાણુની પર્યાયને બીજો કરે તો અનંત પરમાણુની પર્યાય સ્વતંત્ર ભિન્ન રહેતી નથી. એક પરમાણુની પર્યાય બીજી પર્યાયને કરે તો એવી એવી અનંતી પર્યાય પરને કરે તો અનંત દ્રવ્યનો લોપ થઈ જાય છે. અહીં કહે છે કે એવો અનંત દ્રવ્યનો લોપ અમારામાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ? સૂક્ષ્મ

વાત છે, ભાઈ! જૈન પરમેશ્વર સર્વજ્ઞનો માર્ગ વ્યવહારથી સમજવો પણ કઠણ છે. નિશ્ચયથી તો વાત દૂર રહી. વ્યવહાર વ્યવહાર કહે છે ને? વ્યવહાર વ્યવહાર. શું વ્યવહાર તારો? આહાહા..!

અહીંયાં કહે છે કે જુઓ! '**બાહ્ય વસ્તુનો લોપ કરતી નથી.**' જ્ઞાનની પર્યાયમાં અનંત દ્રવ્ય છે એમ અમારી પર્યાય માને છે. જિનેશ્વરદાસજી! આહાહા..! અને માને છે તો ક્યારે માન્યું કહેવાય? અનંત આત્મા નિગોદમાં પણ છે અનંત આત્મા, તો અનંત આત્મા પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં જ છે. બીજાના દ્રવ્ય-ગુણ-પર્યાયથી એમાં કાંઈ નથી આવતું. કર્મની પર્યાયમાંથી કોઈ આત્મામાં આવી જાય અને આત્માની પર્યાયમાંથી કોઈ જડમાં આવી જાય, આત્માની પર્યાયથી આ જડ હલી જાય અને જડની પર્યાય હલે તો આત્મા હલી જાય એમ થાય તો એક પર્યાય બીજી પર્યાયમાં ઘૂસી ગઈ. તો અનંત દ્રવ્ય પોતાનું અસ્તિત્વ રાખતા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? હીરાભાઈ! સમજાય છે કે નહિ? આ બધું ઝીણું છે, ભારે ઝીણું, ભાઈ! એવું બહુ ઝીણું બોટાદમાં મૂકે તો ચાલે નહિ, હોં! માંડ માંડ સમજે. આહાહા..! હજી પ્રવૃત્તિ એટલી બધી. નિવૃત્તિ લઈને આ શાંતિથી સમજે તો સમજાય. આ તો અલૌકિક ચીજ છે. એનો જૈનનો વ્યવહાર સમજવો કઠણ છે.

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ કેવળજ્ઞાનીએ વ્યવહાર જેને કહ્યો એ વ્યવહાર કોને કહ્યો? કે એક સમયની પર્યાયમાં અનંતા દ્રવ્ય પૃથક્ પૃથક્ છે એમ માને તો તે પર્યાયને વ્યવહાર કહેવામાં આવે છે. કારણ કે ત્રિકાળ દ્રવ્યની દૃષ્ટિને નિશ્ચય કહે છે. પર્યાયની દૃષ્ટિને વ્યવહાર કહે છે. સાંભળો!

મુમુક્ષુ :- આપ તો વ્યવહાર માનતા નથી.

ઉત્તર :- અત્યંત ભેદ કરીને કહ્યું. અનંત માનતા નથી? અનંત પદાર્થ એ નથી માનતા કે જે અનંત આત્મા છે એમાં એક આત્મા બીજાનું કાંઈ કરી દે. એક આત્મા બીજા રજકણનું કરી દે, તો એ અનંત માનતો જ નથી. તો એને વ્યવહારની ખબર નથી અને એની વ્યવહારની માન્યતા ખોટી છે. તો નિશ્ચયની દૃષ્ટિ છે નહિ. મૂઢ છે. સમજાય છે કાંઈ? સેઠી! અજ્ઞાની મૂઢ. 'સમયસાર'માં આવે છે. પરને જીવાડે, મારે તો અજ્ઞાની મૂઢ. તેનાથી વિપરીત તે જ્ઞાની છે. પરને હું જીવાડી શકું છું, પરને હું મારી શકુ છું, મૂઢ છે. દ્રવ્યની પર્યાય પોતપોતાથી થાય છે તો તું એની પર્યાય કરી દે છે? શું એ દ્રવ્ય ગુણ-પર્યાયથી અસ્તિત્વ નથી રાખતું? પ્રત્યેક પદાર્થ પોતાનું દ્રવ્ય, પોતાના ગુણ અને પોતાની પર્યાયથી અસ્તિત્વ રાખે છે. તું ક્યાં એની પર્યાયનું અસ્તિત્વ રાખવામાં ઘૂસી ગયો? મૂઢ છો, એમ કહ્યું છે.

મુમુક્ષુ :- પરોપકારી જીવ તો કહ્યો.

ઉત્તર :- પરોપકારી મૂઢ છે. પરોપકારી કેવો? મૂઢ જીવ છે. એ.. સેઠી! ઈ અહીંયાં કહે છે, અમારો તો પર્યાયમાં છ દ્રવ્યની માન્યતાનો વ્યવહાર છે. સમજાય છે કાંઈ? એ

વ્યવહારનું લક્ષ છોડી નિશ્ચયનો અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા..! સમજાય છે કાંઈ? જરી આમાં તો બહુ ગૂઢ ભરી દીધું છે. આ શ્લોકમાં તો. 'જયચંદ્ર પંડિતે' પણ આવા અર્થ ભર્યા છે.

ભાઈ! અમારે તો નય વિવક્ષા છે. વ્યવહારનયથી પર્યાયમાં છ દ્રવ્ય અને રાગાદિ છે તે પર્યાય જાણે છે. રાગાદિ છે, દયા, દાનનો રાગ છે એ પર્યાય જાણે છે. સમજાય છે કાંઈ? અને નય, નિક્ષેપ, પ્રમાણથી વિકલ્પાત્મક જે નિર્ણય કર્યો તે પણ પર્યાય જાણે છે. એ પર્યાયમાં એટલી તાકાત છે. વિષય એવો આવ્યો છે જરી. અહીં તો અદ્વૈત ભાસે છે અને દ્વૈત નથી ભાસતું એના ઉપરથી કાઢ્યું છે.

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ સો ઈન્દ્રની ઉપસ્થિતિમાં સમવસરણમાં ફરમાવતા હતા. સાંભળ! જેને આત્માની એક સમયની પર્યાયની શ્રદ્ધા છે તેની પર્યાયમાં, છ દ્રવ્ય અનંત ભિન્ન ભિન્ન છે એવી શ્રદ્ધા એને પર્યાયમાં આવી જાય છે. ત્યાં સુધી હજી મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? પર્યાયને માની. એવી અનંત પર્યાયનો પિંડ એક ગુણ છે. એવા અનંત ગુણનો પિંડ એક દ્રવ્ય છે. આહાહા..! એ.. શેઠ! પૈસા એકદમ થઈ ગયા ને એટલે જાણે અહીં ઝટ દઈને ધર્મ થઈ જશે. એવું નથી. આહાહા..!

ભાઈ! તને હજી સર્વજ્ઞના વ્યવહારની પણ ખબર નથી. નિશ્ચયની તો ખબર નથી પણ સર્વજ્ઞ વ્યવહાર કોને કહે છે (એની પણ ખબર નથી). ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ સમવસરણમાં મહાવિદેહ ક્ષેત્રમાં ફરમાવે છે, એવા અનંત તીર્થંકરો થઈ ગયા, આ તો બિરાજમાન છે. સર્વજ્ઞ. અનંત કાળમાં કદી ત્રણ કાળમાં ત્રણ કાળને જાણનારનો વિરહ હોય નહિ. શું કહ્યું? ત્રણ કાળમાં ત્રણ કાળને જાણનારનો વિરહ જગતમાં કદી હોય નહિ. ત્રણ કાળમાં ત્રણ કાળને જાણનારનો અભાવ કદી થયો નથી. અનાદિથી સર્વજ્ઞ છે, અનાદિથી સર્વજ્ઞ થઈ રહ્યા છે. બીજા સર્વજ્ઞ, ત્રીજ એમ અનંત થયા, અત્યારે છે અને ભવિષ્યમાં થશે. કોઈ કાળમાં જગતમાં સર્વજ્ઞ ન હોય એમ ત્રણ કાળમાં બને નહિ. ત્રણ કાળમાં ત્રણ કાળને જાણનાર ભગવાન જગતમાં ન હોય એવું કોઈ ક્ષેત્ર નથી, એવો કોઈ કાળ નથી. સમજાય છે કાંઈ? જિનેશ્વરદાસજી! એવું કોઈ ક્ષેત્ર નથી. મહાવિદેહ ક્ષેત્રમાં સદાય કેવળજ્ઞાન છે. કોઈ ક્ષેત્રમાં નથી, કોઈ ઠેકાણે કેવળજ્ઞાન છે જ નહિ, બધા જ ક્ષેત્રમાં કોઈ નહિ હોય એમ નથી. અમુક ક્ષેત્રમાં તો સદાય છે અને અમુક કાળમાં નથી એમ પણ નથી. ત્રણે કાળમાં સર્વજ્ઞ છે. અનાદિથી સર્વજ્ઞ છે, અત્યારે સર્વજ્ઞ છે, ભવિષ્યમાં થશે. સમજાય છે કાંઈ?

એ સર્વજ્ઞ ભગવાન વાણી દ્વારા એમ ફરમાવે છે, ભગવાન! સાંભળ તો ખરો. તારી એક સમયની પર્યાયની સામર્થ્યતા, એક સમયની પર્યાયની સામર્થ્યતા, પર્યાયની સામર્થ્યતા, હોં! છ દ્રવ્ય અનંત અનંતગુણા. સિદ્ધ કરતાં અનંતગુણા સંસારી, સંસારી કરતાં અનંતગુણા

પરમાણુઓ, સમજાય છે કાંઈ? એથી અનંતગુણા ત્રિકાળના સમય, એનાથી અનંતગુણા આકાશના પ્રદેશ, એનાથી અનંતગુણા એક દ્રવ્યના ગુણ. એ બધાને તારી પર્યાયમાં વિકલ્પ સહિત પ્રતીત કરવાની તાકાત છે. આહાહા..! એટલી પર્યાયની તાકાત માને ત્યારે તો હજી મિથ્યાદૃષ્ટિનો વ્યવહાર છે. આહાહા..! પંડિતજી! એવી વાત છે, ભગવાન! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મિથ્યાદૃષ્ટિ છે. હજી દ્રવ્યની દૃષ્ટિ થઈ નથી. એક સમયની પર્યાયની વાત ચાલે છે. 'સમ્યગ્જ્ઞાન દીપિકા'માં લીધું છે. છ દ્રવ્ય જે ન માને તેને આત્માનું જ્ઞાન કદી થતું નથી. સમજાય છે કાંઈ? કારણ કે પર્યાયનું સામર્થ્ય છે કે જેવા ભગવાને છ દ્રવ્ય જોયા, અનંત ભિન્ન ભિન્ન આત્મા છે. કોઈની સાથે કોઈને સંબંધ નથી. એક પરમાણુ બીજા પરમાણુને ત્રણ કાળમાં ચુંબતો નથી. તો રજકણ આત્માને અડે અને આત્મા રજકણને અડે, મૂઢ મિથ્યાદૃષ્ટિ (છે, એને) અનંત પદાર્થ ભિન્ન ભિન્ન છે એની પણ પર્યાયમાં એને માન્યતા નથી. તો એના વ્યવહારમાં પણ મિથ્યા દૃષ્ટિ તીવ્ર છે. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં તો કહે છે, પેલા વેદાંતીએ કહ્યું કે અંતે તો તમે અદ્વૈત લાવ્યા. અરે..! સાંભળ તો ખરો. અદ્વૈત અમે કેવી રીતે લાવ્યા? અમારા અદ્વૈતનો પ્રકાર જુદો છે, તારા અદ્વૈતનો પ્રકાર જુદો છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, પરમાણુ અડતો નથી, ચુંબતો નથી. ત્રીજી ગાથામાં બતાવ્યું હતું ને. બધા પદાર્થ પોતાના અનંત ધર્મને ચુંબે છે પણ પરપદાર્થને અડે એમ ત્રણ કાળમાં ત્રણ લોકમાં થયું નથી. બીજાને અડે તો બે પદાર્થ એક થઈ જાય છે. પૃથક્ રહેતા નથી. એમ સર્વજ્ઞ ભગવાને કહ્યું એવું આગમમાં કહ્યું, એવું દ્રવ્યમાં છે. આવું ન માને તો એને તો પોતાની પર્યાયની પ્રતીત નથી. આહાહા..! સમજાય છે કાંઈ? અમારે તો નય વિવક્ષા છે એમ કહે છે. અમે વ્યવહારનયથી પર્યાયમાં એમ છે એમ માનીએ છીએ. અનંત છે એમ માનીએ છીએ, પર્યાયમાં આટલી તાકાત છે એ અમે માનીએ છીએ. પણ એટલી તાકાત માનવાથી સમ્યગ્દર્શન થતું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? અમરચંદભાઈ!

શું કહ્યું? જુઓ! '**બાહ્ય વસ્તુનો લોપ કરતી નથી. જ્યારે શુદ્ધ અનુભવથી વિકલ્પ મટી જાય છે...**' પર્યાયમાં ખ્યાલ છે કે છ દ્રવ્ય છે, અનંત છે, પર્યાય એમ માને છે, રાગ આવે છે તેને પર્યાય જાણે છે. સમજ્યા? પણ એ પર્યાયનું લક્ષ છોડી, ભેદનું લક્ષ છોડી, નય, નિક્ષેપ, પ્રમાણથી પોતાની વસ્તુ જેવી છે, ભગવાને કહી તેવી, એમ જે વિકલ્પથી સિદ્ધ કર્યું હતું તે છે, તેનું લક્ષ છોડાવ્યું છે. '**ત્યારે આત્મા પરમાનંદને પામે છે...**' અંતરમાં અદ્વૈત ચૈતન્ય ઉપર દૃષ્ટિ હોવાથી આત્માના અનુભવમાં આનંદ આવે છે. '**તેથી અનુભવ કરાવવા માટે...**' કહ્યું છે. એવો અનુભવ કરાવવા માટે કહ્યું છે કે '**શુદ્ધ અનુભવમાં દ્વૈત**

**ભાસતું નથી**'. સમજાય છે કાંઈ? આજે ક્ષમાપનાનો દિવસ છે ને.

બધા અનંત દ્રવ્ય છે એમ તું સ્વતંત્ર છો, એમ વ્યવહારથી માનવું તો એણે અનંત દ્રવ્યને ક્ષમાપના આપી. ક્ષમા તારી ચીજને. તારી પર્યાય તારાથી સ્વતંત્ર છે, બીજાથી તારી થતી નથી. એમ વ્યવહારથી તો ક્ષમાપના પરને કરી. આહાહા..! સમજાય છે કાંઈ?

'**જો બાહ્ય વસ્તુનો...**' જુઓ, આવ્યું. '**જો બાહ્ય વસ્તુનો લોપ કરવામાં આવે આત્માનો પણ લોપ થઈ જાય...**' જુઓ! કેમકે બાહ્ય વસ્તુને જાણનારી જ્ઞાનની એક સમયની પર્યાય છે. બાહ્ય વસ્તુ નથી તો પોતાની પર્યાય નથી એમ થઈ જશે અને પર્યાય વિના દ્રવ્ય હોતું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? કેમ ધરમચંદજી! સમજાય છે કે નહિ? થોડું થોડું. આહાહા..! કહે છે કે '**જો બાહ્ય વસ્તુનો લોપ કરવામાં આવે તો આત્માનો પણ લોપ થઈ જાય અને શૂન્યવાદનો પ્રસંગ આવે.**' શૂન્ય થઈ જશે. આહાહા..! તારી દૃષ્ટિમાં શૂન્ય થઈ જશે, મિથ્યાત્વ તીવ્ર થઈ જશે. આહાહા..! સત્તાને .. જ્યાં ત્યાં અનંત સ્વતંત્ર સત્તા પડી છે. એમ અનંત આત્માઓ, અનંતા પરમાણુઓ, એના અનંતા ગુણ, એની અનંતી પર્યાય પૃથક્ પૃથક્ પોતાનું કામ કરે છે તો અનંતતા પોતામાં રાખે છે. અનંત અનંતપણે રહીને સત્તાનો સ્વીકાર છે એમ પર્યાયમાં સ્વીકાર ન હોય તો પર્યાયનો નાશ થાય છે. તો આત્માનો પણ નાશ થાય છે. બાહ્ય વસ્તુનો નાશ કરવાથી તારો નાશ થઈ જશે. આહાહા..! આત્મા જ્ઞાનપ્રમાણ, પંડિતજી! ઈ (આવે છે ને). જ્ઞાન જ્ઞેયપ્રમાણ. જ્ઞેય લોકાલોક (પ્રમાણ). જુઓ! લોકાલોક છે. આત્માની પર્યાયમાં ભાસ્યમાન એટલું જ્ઞાન થાય છે. લોકાલોક છે એમ વિકલ્પથી પણ જ્ઞાનપર્યાયની કબુલાત ન કરે તો વ્યવહારની શ્રદ્ધાનું ઠેકાણું નથી. એ વ્યવહાર છે. પેલા કહે, કરો વ્યવહાર તો નિશ્ચય થઈ જશે. મૂઢ છે, મરી જઈશ તોય નહિ થાય. સાંભળને હવે. પેલા કહે કે, વ્યવહાર કંઈક કરો ને તો નિશ્ચય પ્રાપ્ત થશે. એ વ્યવહારાભાસી નથી. એ નિશ્ચયાભાસી નથી. નિશ્ચયાભાસી તો વ્યવહારથી કાંઈક લાભ થાય છે એમ માને તો નિશ્ચાભાસી નહિ. વ્યવહારથી લાભ માને તો નિશ્ચયાભાસી (નહિ), વ્યવહારથી લાભ માને તો બરાબર છે, નિશ્ચય વ્યવહાર બરાબર છે. અરે..! સાંભળ તો ખરો. તને એકેય ભાન ન મળે. દયા, દાનના વિકલ્પ વ્યવહારની તો અહીંયાં વાતેય નથી. એનું જ્ઞાન કરવાની જે પર્યાય છે... આહાહા..! સમજાય છે કાંઈ? જ્ઞાનની પર્યાયમાં તાકાત છે કે પોતાને જાણે અને પરને જાણે. એ પર્યાયમાં પૃથક્ પૃથક્ રાગ, પૃથક્ પર્યાય, પૃથક્ દ્રવ્ય, પૃથક્ કાર્ય એવો સ્વીકાર કરે ત્યારે તો પર્યાયને માની કહેવાય. જો બાહ્ય દ્રવ્ય નથી એમ કહે તો તારી પર્યાયનો લોપ થઈ જાય છે. પર્યાયનો લોપ થવાથી તારા દ્રવ્યનો પણ લોપ થઈ જાય છે. કેમકે પર્યાય વિના દ્રવ્ય રહેતું નથી. સમજાય છે કાંઈ? બનારસીદાસજી! વાત એવી છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા.. સમજાય છે કાંઈ? આહાહા..!

'દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ, ભાવ ગુણ રાજનીતિએ ચાર ... ' 'દેવચંદજી' 'શિતલનાથ'ની

સ્તુતિ કરે છે. 'દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ ભાવ ગુણ' પદાર્થ દ્રવ્ય છે. એનું ક્ષેત્ર છે, એની અવસ્થા છે, એની શક્તિ છે. દરેક 'દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ ભાવ ગુણ, રાજ નીતિ..' જગતની નીતિ અનાદિથી આવી છે. 'ત્રસ વિના જડ ચૈતન્ય પ્રભુની કોઈ ન લોપે કાર..' ભગવાનની આજ્ઞા સર્વજ્ઞમાં જે જણાયું છે એમ જડ ચેતન પોતાની પર્યાયથી ત્યાં પરિણમી રહ્યા છે. આજ્ઞા બહાર કોઈ કામ થતું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? 'ત્રસ વિના જડ ચૈતન્ય પ્રભુની કોઈ ન લોપે કાર..' કાર સમજો છો? આજ્ઞા. સર્વજ્ઞે પર્યાયમાં જેવા દ્રવ્ય-ગુણ-પર્યાય જોયા છે, એમ ત્યાં થઈ રહ્યું છે. પોતાને કારણે. ભગવાનની આજ્ઞા વિરુદ્ધ-સર્વજ્ઞની પર્યાય વિરુદ્ધ કોઈ પર્યાય બીજી રીતે થાય એમ બનતું નથી. તે પણ ત્રાસ વિના. એણે જોયું છે માટે નહિ, પોતાની પર્યાયનો એવો સ્વભાવ છે કે દ્રવ્યમાં ગુણની પર્યાય સ્વતંત્ર પોતાની પર્યાયમાં દરેક રજકણ અને આત્મામાં થાય છે. સમજાય છે કાંઈ? એમ કહે પણ પાછા વિચારે નહિ. વળી પાછા (કહે), ભગવાનની પૂજા કરવાથી સંવર થાય ને આમ થાય, ધૂળમાંય થતું નથી. સાંભળ તો ખરો. એમ લગાવે કે ભગવાનની પૂજા કરવાથી સંવર થાય છે. અરે..! ભગવાન તો પરદ્રવ્ય છે. એની પૂજાના લક્ષમાં તો શુભભાવ છે. સંવર, નિર્જરા ક્યાંથી આવ્યા? સમજાય છે કાંઈ? આહાહા..! પરદ્રવ્યનો દયાનો શુભભાવ છે તે શુભ આસ્રવ છે, પુણ્ય છે. એમ ભગવાનની પૂજાનો ભાવ શુભ છે, પુણ્ય છે. ધર્મ-સંવર, નિર્જરા નહિ. સમજાય છે કાંઈ? એમ એક સમયની પર્યાયમાં એટલું જાણવું કે રાગ છે, આ છે, દ્રવ્ય છે, ગુણ છે, પર્યાય છે અને પુણ્ય પણ બંધનું કારણ છે એમ એક સમયની પર્યાય જાણે તો તો એણે આત્માની એક પર્યાય-એક અંશ માન્યો. તોપણ એ સમ્યગ્દર્શન નહિ. કારણ કે અંશમાં સમ્યગ્દર્શન નથી, પર્યાયાશ્રિત સમ્યગ્દર્શન થતું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? અરે..! ભગવાનનો માર્ગ સર્વજ્ઞનો માર્ગ શું, એને વ્યવહારની ખબર ન મળે. સમજાય છે કાંઈ?

અહીં કહે છે કે અમારામાં વ્યવહાર ઊડી જાય છે પણ વ્યવહાર રાખીને ઊડી જાય છે. અનંત છે, અનંત છે. એનું લક્ષ છૂટી જાય છે. પર્યાય છે, પણ એનું લક્ષ છૂટી જાય છે. ગૌણ, અત્યંત ગૌણ કરી નાખે છે. નથી એમ નહિ. પર્યાય જ નથી, અનંત પણ નથી તે તો વ્યવહાર ભ્રષ્ટ છે. સમજાય છે કાંઈ? તેને તો વ્યવહાર સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ છે. નિશ્ચય સમ્યગ્દર્શન તો છે નહિ. સમજાય છે કાંઈ?

**'જો બાહ્ય વસ્તુનો લપ કરવામાં આવે તો આત્માનો પણ લોપ થઈ જાય અને શૂન્યવાદનો પ્રસંગ આવે.'** શૂન્ય થઈ જશે. કેમકે એ જેટલા જ્ઞેય છે તે પ્રમાણે તારા જ્ઞાનમાં જાણવાની લાયકાત છે. જો જ્ઞેયને ઊડાવી દે તો તારી જ્ઞાનની પર્યાય ઊડી જાય છે. જ્ઞાનની પર્યાય ઊડી જવાથી તારી અનંત પર્યાય ઊડી જવાથી તારો ગુણ ઊડી જશે અને તારું દ્રવ્ય પણ ઊડી જશે. આહાહા..! સમજાય છે કાંઈ? ઝીણું છે આ, નંદલાલભાઈ! આજે

આવ્યું છે બરાબર ઝીણું, ભઈ. આવે ઈ આવે ને. જે ... એ થાય ને. આહાહા..! ભારે. દ્વૈત નથી ભાસતું એમાંથી આટલું કાઢ્યું. સમજ્યા ને? આહા..! '**न्ननुभवमुपयाते भाति न द्वैतमेव**'. '**भाति न द्वैतमेव**'. એટલે એનો એકાંત ન થઈ જાય તેનો ખુલાસો કર્યો છે. સમજાય છે કાંઈ?

સર્વજ્ઞ ભગવાન પરમેશ્વરના જ્ઞાનમાં અનંતા આત્મા, અનંત પરમાણુ પૃથક્ પૃથક્ અનંતપણે અનંતપણે અનંત રહીને ભાસ્યા છે. જેવા અનંતપણે છે એમ પોતાની પર્યાય કબુલે. નહિતર સત્‌નો એક અંશ છે ઉત્પાદનો, તે બીજાથી થાય તો એના ઉત્પાદના અંશનો નાશ થાય છે. બીજા દ્રવ્યથી બીજાનો ઉત્પાદ થાય-પર્યાય થાય-કાર્ય થાય તો એના ઉત્પાદકાર્યનો નાશ થાય છે. કાર્યનો નાશ થવાથી અનંત કાર્યનો નાશ થયો, અનંત કાર્યનો નાશ થયો તો દ્રવ્યનો પણ નાશ થઈ ગયો. તો પર્યાયમાં જેટલા અનંતા દ્રવ્યને ભિન્ન ભિન્ન માનીએ છીએ. પર્યાયમાં કબુલ કરીએ છીએ. પર્યાયમાં છે એવી માન્યતા અમે પછી ઊડાવી દઈએ છીએ. અત્યંત ગૌણ કરી નાખ્યું. પર્યાયને ગૌણ કરીને દ્રવ્યની દૃષ્ટિ કરી. પર્યાય નથી, અનંત દ્રવ્ય નથી એમ માનીને અનુભવ કર્યો, એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

'**જો બાહ્ય વસ્તુનો લોપ કરવામાં આવે તો આત્માનો પણ લોપ થઈ જાય...**' શું કહ્યું સમજાણું? માપ કરનાર જ્ઞાનની પર્યાય પ્રમાણ છે ને? પ્રમાણ પર્યાય. પ્રમાણ છે કે નહિ? પર્યાયમાં જ્ઞાન પ્રમાણ છે કે નહિ? તો પ્રમાણ જેટલું પ્રમેય છે.. સમજાણું? તેટલા અનંત પ્રમેયને જેમ છે તેમ એટલું બરાબર કબુલ કરે છે. તો એ પર્યાયમાં વ્યવહાર આવી ગયો. એ પર્યાય જ વ્યવહાર છે. સમજાય છે કાંઈ? '**માટે તમે કહો છો તે પ્રમાણે વસ્તુસ્વરૂપની સિદ્ધિ થઈ શકતી નથી.**' તું કહે છે કે એકલો આત્મા, એકલો આત્મા. એવી વસ્તુસ્થિતિ હોતી નથી. એકલું વિજ્ઞાન છે ને એક આત્મા છે ને બધા એક આત્મા છે, એક બ્રહ્મ છે એ રીતે વસ્તુની સિદ્ધિ થતી નથી. તારા આત્માનો એવી રીતે પત્તો લાગશે નહિ. મૂઢ થઈ જઈશ, એમ કહે છે. આહાહા..!

'**અને વસ્તુસ્વરૂપની યથાર્થ શ્રદ્ધા વિના...**' જુઓ! વસ્તુસ્વરૂપની.. અનંત આત્માઓ છે, અનંત રજકણો છે તેને જાણવાની પર્યાયમાં તાકાત છે. સાથે રાગ છે, પરલક્ષી રાગ છે, પ્રમાણ, નય, નિક્ષેપથી નિર્ણય કરવામાં પણ રાગ છે, એવી વસ્તુ છે. એવી વસ્તુની શ્રદ્ધા વિના '**જે શુદ્ધ અનુભવ (-જ્ઞાન) કરવામાં તે પણ મિથ્યારૂપ છે;...**' અમે શુદ્ધ અનુભવ કરીએ છીએ. શું અનુભવ? શૂન્ય-ખાલી છે. બધા કહે છે ને, વિકલ્પ છોડી દો. પણ વિકલ્પ છોડે તો શું વસ્તુ છે? વસ્તુનું અસ્તિત્વ શું છે? એના અસ્તિત્વમાં મોજૂદગીમાં એક સમયની પર્યાયમાં ત્રણ કાળ ત્રણ લોક અનંત દ્રવ્ય જાણવાની મોજૂદગી, એવી અનંતી પર્યાયની મોજૂદગી એક ગુણમાં છે. એવા અનંત ગુણની મોજૂદગી એક દ્રવ્યરૂપ છે. સમજાય છે કાંઈ? આવી '**શ્રદ્ધા વિના જે શુદ્ધ અનુભવ કરવામાં આવે...**' હું શુદ્ધ જ છું, શુદ્ધ

છું, શુદ્ધ છું. તને શુદ્ધ અનુભવ નહિ થાય. સસલાના શિંગડા જેવું થઈ જશે. બફમ બફમ થઈ જશે, મરી જઈશ, નિગોદમાં ચાલ્યો જઈશ. અમે ધ્યાન કરીએ છીએ, બસ, શૂન્ય થઈ ગયા, અમને તો બીજું ભાસતું જ નથી. સમજાય છે કાંઈ? પોપટભાઈ!

'**શૂન્યનો પ્રસંગ હોવાથી તમારો અનુભવ પણ આકાશના ફૂલનો અનુભવ છે.**' આકાશના ફૂલનું જેમ જ્ઞાન ન હોય, (કેમકે) એ જગતમાં છે જ નહિ. એમ જગતમાં ચીજ જ ઊડાડી દે, કે બધા દ્રવ્ય નથી, અનંત નથી, પર્યાય આટલી તાકાતવાળી નથી, એકલો આત્મા છે. આકાશના ફૂલ જેવો તારો અનુભવ છે. બસ, અમે તો અનુભવ કરીએ છીએ. કંઈ ભાસતું નથી. એક આત્મા. આકાશના ફૂલ જેવો તારો અનુભવ છે, મૂઢ જેવો અનુભવ છે. સમજાય છે કાંઈ? આહાહા..! 'જયચંદ્ર પંડિતે' દ્વૈત ભાસતું નથી એમાંથી આટલું કાઢ્યું. સ્પષ્ટ કરવા માટે. સમજાય છે કાંઈ? વેદાંત આદિ કહે છે ને? સર્વ બ્રહ્મ.. અહં એકો, અહં .. સર્વ વ્યાપક એક જ છે. બીજો છે જ નહિ. બે આત્મા નથી, બે ગુણ નથી, પર્યાય નથી. એ બધા નિશ્ચયાભાસી વ્યવહારની પર્યાયની તાકાત અને અનંતા દ્રવ્યની તાકાત પર્યાયમાં માનતો નથી, એનો અનુભવ તો આકાશના ફૂલ જેવો છે. અનુભવ-આત્માનો સાક્ષાત્કાર થઈ ગયો. શું છે? છ દ્રવ્ય છે કે નહિ? નહિ, નહિ, કાંઈ નથી. મૂઢ છો તું.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- લક્ષ છોડવું પણ વસ્તુ નથી? અને જ્ઞાનની પર્યાયમાં પ્રતીતિ થઈ ગઈ છે. લક્ષ છોડવું એટલે કે વસ્તુ છોડવી? છે જ નહિ? ઈ તો કહ્યું, '**ભેદને અત્યંત ગૌણ કરીને...**' ભેદનો અભાવ કરીને એમ નહિ. આહા..! શબ્દમાં રહસ્ય ભર્યું છે. એમ ને એમ વાંચી જાય એમ નહિ. એક એક શબ્દમાં બધું રહસ્ય ભર્યું છે. સમજાય છે કાંઈ? એમ તો 'સમયસાર' ઘણાં વાંચે છે. એક જણો કહેતો હતો, સમયસારને? નવ તત્ત્વને? પંદર દિવસમાં વાંચી નાખ્યું. બહુ સારી વાત છે. એક શ્લોકનો એક અર્થ વાંચતા તને આવડતો નથી. સાંભળને હવે. વાંચ્યા, ધૂળ વાંચ્યા? શું ભાવ છે એની ખબર નથી. પંદર દિ'માં વાંચી ગયો. એક જણો કહેતો હતો. 'સમયસાર' નવ તત્ત્વની વાત. છે તો નવ નહિ, એક જ તત્ત્વની. લે ને. આત્માની. ભાઈ! આત્મા પરમબ્રહ્મ બાદશાહ, જેની એક પર્યાયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણવાની તો એક પર્યાયમાં તાકાત છે. કેવળજ્ઞાન પ્રત્યક્ષ જાણે છે, શ્રુતજ્ઞાન પરોક્ષ જાણે છે. બેયના જાણવામાં ફેર નથી. આહા..! સમજાય છે કાંઈ? એવી પર્યાયની તાકાત છે.

આ પરમાણુનું હું કરી દઉં છું, આ જીવને હું સુધારી દઉં છું એ તો અનંત દ્રવ્યને જ માનતો નથી. એનો અર્થ કે અનંત દ્રવ્યની પૃથક્તા પર્યાયમાં માનવી જોઈએ એ પોતાની પર્યાયને જ માનતો નથી. તો દ્રવ્ય તો ક્યાંથી માને? સમજાય છે કાંઈ? આહાહા..! અરે..! અનંત કાળ આવા મૂઢપણે વીતાવ્યો. માનતો હતો કે હું કાંઈ કરું છું, હું કાંઈક કરું છું.

હું છું. હું છું-આકાશનું ફૂલ. સમજાય છે કાંઈ? જુઓ! **'શૂન્યનો પ્રસંગ હોવાથી તમારો અનુભવ પણ આકાશના ફૂલનો અનુભવ છે.'** સમજાય છે કાંઈ?

'કળશટીકા'માં તો એમ લીધું છે કે પર્યાય માની એટલે છ દ્રવ્ય માન્યા. પર્યાય ન માની એણે છ દ્રવ્ય ન માન્યા. એમ લીધું છે. કળશટીકા છે ને? 'રાજમલે' બહુ ભરી દીધું છે. સમજાય છે કાંઈ? ઈ તો સૂક્ષ્મ વાત છે. એ તો ચાલે ત્યારે ઝીણી વાત ચાલે. એ તો એક સમયની પર્યાયને ન માને તો છ દ્રવ્ય નથી માન્યા. છ દ્રવ્યને માન્યા એને કહીએ કે પર્યાયને માને. અને એ પર્યાયને માને ત્યારે પણ હજી મિથ્યાદૃષ્ટિ પર્યાયદૃષ્ટિ છે. સમજાય છે? એ વ્યવહાર છે. વ્યવહારનું લક્ષ છોડી.. ઈ વ્યવહાર, હોં! દયા, દાન, વ્રત, ભક્તિ કરવા ને કષાય મંદની ક્રિયા કરવી એ વ્યવહાર-ફ્યવહાર ક્યાંય નથી તારો. સાંભળ તો ખરો હવે. એ તો વિકાર છે. સમજાય છે કાંઈ? સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર એણે કહેલા તત્ત્વોને યથાર્થ માને ત્યારે તો તેની વ્યવહાર જ્ઞાનની પર્યાય, એણે વ્યવહાર જ્ઞાનની પર્યાય માની. પણ એ પણ હજી પરલક્ષી છે. સમજાય છે કાંઈ? એ પરનું લક્ષ છોડાવવા ભેદને અત્યંત ગૌણ કરીને અંતર દૃષ્ટિમાં દ્વૈત ભાસતું નથી, અદ્વૈત ભાસે છે એમ કહેવામાં આવ્યું છે. તું કહે છે એવું અદ્વૈત નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નિષેધ. પદાર્થ છે જ નહિ, મારી પર્યાય નથી, ગુણ નથી. એક છે. મૂઢ છો. મૂઢ થઈ જઈશ. નિગોદમાં ચાલ્યો જઈશ શૂન્ય થઈને. સમજાય છે કાંઈ? તારી ભૂમિકા નિગોદમા ચાલી જશે. પર્યાયની અશાતના કરે છો? એક સમયની પર્યાય એટલી તાકાતવાળાની તું અશાતના કરે છો તો આખા દ્રવ્યની મોટી અશાતના કરી. સમજાય છે કાંઈ? આહાહા..! લ્યો, ઈ ભાવાર્થનો એટલો અર્થ થયો. ભાવાર્થ છે ને. ભાવ અર્થ છે ને. એમાં છે જ.

દ્વૈત ભાસતું નથી. .. અંતે તો એક થવું છે ને. અરે..! સાંભળ તો ખરો. એ તો વિકલ્પ છોડાવવા અદ્વૈત ભાસે છે એમ કહ્યું છે. વસ્તુ છૂટી જાય છે અને જગતમાં શૂન્ય થઈ જાય છે અને તારી પર્યાયમાં છ દ્રવ્યને જાણવાની તાકાત છે એ પર્યાય ચાલી જાય છે, એમ નથી. સમજાય છે કાંઈ?

**'આગળ શુદ્ધનયનો ઉદય થાય છે...'** લ્યો. હવે ૧૪મી ગાથાનો ઉપોદ્‌ઘાત કરે છે. ૧૪મી ગાથા છે ને? એનો ઉપોદ્‌ઘાત કરે છે. એ તો ૯મો શ્લોક થઈ ગયો. હવે ૧૦મો શ્લોક છે ને? ૧૪મી ગાથાનો ઉપોદ્‌ઘાત, ઉપોદ્‌ઘાત. બોલો.

**आत्मस्वभावं परभावभिन्न-**
**मापूर्णमाद्यन्तविमुक्तमेकम्।**
**विलीनसङ्कल्पविकल्पजालं**
**प्रकाशयन् शुद्धनयोऽभ्युदेति।।१०।।**

વાહ! **શ્લોકાર્થ :- 'શુદ્ધનય...'** શુદ્ધનયનો અર્થ જે જ્ઞાનનો અંશ વર્તમાન પર્યાયને છોડીને, રાગને છોડીને, છ દ્રવ્યનું લક્ષ છોડીને, ગુણભેદનું લક્ષ છોડીને, અનંત એકરૂપ સ્વભાવને જે લક્ષમાં લે છે તેને અહીંયાં શુદ્ધનય કહેવામાં આવે છે. **'શુદ્ધનય આત્માના સ્વભાવને...'** ભગવાન આત્મા પરમપારિણામિકભાવ અંદર કહેશે, હોં! પારિણામિક ત્રિકાળ ભાવ. એક સમયની પર્યાય નહિ, ગુણભેદ નહિ. પારિણામિક ભાવ તો છએ દ્રવ્યમાં છે. પરમાણુ પણ પારિણામિક ભાવે છે. અને ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ પણ પારિણામિક ભાવે છે. ચાર દ્રવ્ય તો એકલા પારિણામિક ભાવે છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ. દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણે પારિણામિક ભાવે છે. એક પુદ્ગલમાં પારિણામિકભાવ ઉપરાંત કર્મની પર્યાય જે થાય છે તો એને અપેક્ષાથી ઉદયભાવ કહ્યું છે. 'ધવલ'માં, ભાઈ! એ કર્મના રજકણોમાં વિભાવરૂપ પર્યાય થાય છે. કર્મની, હોં! કર્મની. જડની જડમાં. તેને પારિણામિક અને ઉદય બે ભાવ કહ્યા છે. ચારમાં તો એકલો પારિણામિકભાવ છે. અને આત્મામાં પાંચ ભાવ છે. સમજાય છે કાંઈ? આત્મામાં પર્યાયમાં ચાર ભાવ છે અને વસ્તુમાં પારિણામિકભાવ ત્રિકાળમાં છે. આત્મામાં પાંચ ભાવ છે. પર્યાયમાં ચાર અને ત્રિકાળ દ્રવ્યમાં એક પારિણામિકભાવ.

અહીંયાં તો ચાર ભાવનું જ લક્ષ છોડાવવું છે. પર્યાય પોતામાં છે. એનું પણ લક્ષ છોડાવવું છે અને એકરૂપ ચિદાનંદ જ્ઞાયક, પારિણામિકભાવ કહ્યું. જ્ઞાયક પારિણામિક. પારિણામિક કેમ કહ્યું? એ તો રાગ અને ચાર ભાવનો નિષેધ કરવા. જ્ઞાયકભાવ એકરૂપ પરમસ્વભાવ જ્ઞાયક. જેમાં ગુણભેદ નહિ, પર્યાયભેદ નહિ, રાગ નહિ, નય, નિક્ષેપ, પ્રમાણના વિકલ્પનો જ્યાં આશ્રય નથી. એકલો ચૈતન્ય સ્વભાવ. આહાહા..! પણ એ બધો વ્યવહાર કબુલ કર્યા પછીની વાત છે, હોં!

**'આત્માના સ્વભાવને પ્રગટ કરતો ઉદયરૂપ થાય છે.'** પ્રગટ થાય છે. આત્મા શુદ્ધનય પ્રગટ થાય છે એમ કહે છે. સમજાય છે કાંઈ? શુદ્ધનય થયો એમ કહ્યું ને? શુદ્ધનય પ્રગટ થાય છે એમ કહ્યું છે. નય કેવો? શુદ્ધનય પ્રગટ થાય છે એમ કહ્યું. એઈ..! પંડિતજી! શુદ્ધનય પ્રગટ થાય છે. એનો અર્થ કે સ્વભાવની દૃષ્ટિ થાય છે તો શુદ્ધનય પ્રગટ થાય છે એમ કહેવામાં આવે છે. આહાહા..! દ્રવ્ય પ્રગટ થયું ને. દૃષ્ટિમાં આવ્યું તો દ્રવ્ય પ્રગટ થયું (એમ કહ્યું). દૃષ્ટિમાં નહોતું, દૃષ્ટિમાં આવ્યું તો પ્રગટ થયું. ૧૧મી ગાથામાં કહ્યું ને? જ્ઞાયકભાવ આવિર્ભાવ થાય છે. તો કાંઈ જ્ઞાયકભાવ આવિર્ભાવ થાય છે? જ્ઞાયકભાવ તો ત્રિકાળ છે. પણ દૃષ્ટિમાં નહોતો, દૃષ્ટિમાં ભેદ, રાગ અને નિમિત્ત હતા તો એ જ્ઞાયક અપ્રગટ તિરોભાવ થઈ ગયો હતો. આહાહા..! એ દૃષ્ટિમાં આવ્યો તો જ્ઞાયકભાવ આવિર્ભાવ થઈ ગયો. આવિર્ભાવ તો પર્યાયનો થાય છે. પણ એ જ્ઞાયક ત્રિકાળ ચૈતન્યજ્યોત પર્યાયની તાકાત રાખવાવાળો, એટલી પર્યાયની તાકાત કે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક અને

બધા દ્રવ્ય. એવી અનંતી પર્યાય જેની અંદર ઘૂસી ગઈ. એવો એકલો જ્ઞાયકભાવ, પરમપારિણામિકભાવ. સમજાય છે? એ પ્રગટ થાય છે. અર્થાત્ એ તો છે જ. દૃષ્ટિ એમાં ગઈ તો પ્રગટ થયો એમ કહેવામાં આવે છે. જે તિરોભાવ હતો, દૃષ્ટિમાં તિરોભાવ હતો તે દૃષ્ટિમાં આવિર્ભાવ થઈ ગયો. વસ્તુ તો છે ઈ છે. એ કંઈ પર્યાયમાં આવી જાય છે અને વસ્તુ ઢંકાઈ જાય છે એમ ત્રણ કાળમાં નથી. સમજાય છે કાંઈ?

ફરીથી. જ્ઞાયકભાવ ધ્રુવ પરમસ્વભાવ પારિણામિકભાવ છે એમાં તો ઉદયભાવ નથી, ઉપશમભાવ નથી, ક્ષયોપશમભાવ નથી, ક્ષાયિકભાવ નથી. કેમકે ચારેય ભાવ તો પર્યાય છે. એ વસ્તુ તો જેવી છે તેવી જ છે. તેને આવરણ પણ નથી અને પ્રગટપણું પણ નથી. આવરણ પણ નથી અને પ્રગટ પણ નથી થતી. વસ્તુને આવરણ નથી. વસ્તુને આવરણ હોય તો અવસ્તુ થઈ જાય. આહાહા..! અને વસ્તુ પ્રગટ થતી હોય તો વસ્તુ પહેલા નહોતી અને પ્રગટ થઈ એમ પણ હોતું નથી. આહાહા..! અમરચંદભાઈ! ભાઈ! પરમેશ્વર સર્વજ્ઞ ત્રિલોકનાથ, એનો વ્યવહાર અને નિશ્ચય સમજવા મહા મહા (કઠણ). લોકો તો બસ, આપણે વ્યવહાર કરીએ છીએ ને વ્યવહાર શ્રદ્ધા કરતાં કરતાં નિશ્ચય થઈ જશે. અમારો નિશ્ચય પણ સાચો છે, અમારો વ્યવહાર પણ સાચો છે. અને આ લોકો તો એક નિશ્ચય (કહે છે). વ્યવહારથી કંઈ લાભ થતો નથી. દયા, દાન, ભક્તિ કરતાં કરતાં કોઈ લાભ થશે. ત્રણ કાળમાં લાભ નથી. આ દેરાસર ને મંદિર, કોઈ એમ કહે કે અમે બનાવ્યા. મૂઢ છે. કોણ બનાવે છે? એની મેળાએ પરમાણુની પર્યાયથી ખડકાઈ ગયું છે. પુદ્ગલની પર્યાય પરાવર્તન થઈને આવી ગઈ છે. બીજો જીવ કહે કે મેં બનાવ્યું. મૂઢ છે. અને રોકે, ત્યાં બનતી પર્યાયને રોકે કે મેં રોકી દીધી. એ પણ મૂઢ પર પર્યાયનો કર્તા થાય છે. શું રોકે? કોને બનાવે? કોને રોકે? આહાહા..! શુભભાવ આવે છે. શુભ આવે છે, શુભ. તો ભાવ આવ્યો તો મંદિર બન્યું એમ ત્રણ કાળમાં નથી. ત્રણ કાળમાં નહિ. પોતાનો શુભરાગ અહીંયાં છે, પેલી જડની પર્યાય ત્યાં રહી. એ શુભરાગ સ્પર્શ કરતો નથી અને બનાવ્યું ક્યાંથી તેં? પર્યાય બનાવી? મૂઢ છો. કોણ બનાવે? ત્યાં એ દ્રવ્યમાં પર્યાય રચવાની પરમાણુમાં તાકાત નથી? પરમાણુ સમયે સમયે ઉત્પાદરૂપ કાર્ય કરે છે. એ કાર્ય શું તું કરી દે? તારી વ્યવહારની શ્રદ્ધાનું ઠેકાણું નથી. આહાહા..! પહેલા એ કહ્યું.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ વસ્તુ વિજ્ઞાન છે. આવું મંદિર બનાવ્યું, ભગવાનને આમ પધરાવ્યા. અને બધા માણસો એનો લાભ લેશે, લાભ લેશે. શું તેનાથી લાભ થાય છે? એ તો શુભભાવ આવે છે તો ત્યાં લક્ષ જાય છે. એટલું છે. પણ શુભભાવથી ત્યાં બની જાય, ઈ છે તો શુભભાવ થાય છે, એમ ત્રણ કાળમાં નથી. જિનેશ્વરદાસજી! ક્યાં ગયા કે નહિ? જવાના હતાને શું થયું? આ બેઠા હજી. કોઈ બનાવશે નહિ ત્યાં. બનવાનું હશે એ બન્યા વિના

ત્રણ કાળમાં નહિ રહે. મલૂકચંદભાઈ! ભલે અહીંથી ન્યાં ન જાય અને .. કરે. સમજાણું? બેય વાત આવે ન્યાં. ઈ બનવાના રજકણોનું પુદ્ગલ પરાવર્તન પરમાણુનો સમૂહ પરાવર્તન કરતાં કરતાં જ્યાં ક્ષેત્રાંતર થવાનું છે ત્યાં થાય છે. અને બને છે. બીજો મૂઢ જીવ કહે કે મેં બનાવ્યું. તે વ્યવહારશ્રદ્ધાથી ભ્રષ્ટ છે. નિશ્ચયશ્રદ્ધા તો છે જ નહિ. એ.. પોપટભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ શું કહે છે સમજાણું? .. હમણાં વાંધો નહિ, ન બને તો. આ એમ કહે છે, આ દલાલ છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ બીજી વાત કરે છે. ઈ તો અમારે મલૂકચંદભાઈને મંદિર બનાવવું છે ને. તો બનાવી શકતો નથી એમ કહો તો એનાથી હૈયાધારણ તો રહે કે ત્યાં ન બને તો વાંધો નહિ. એના દીકરા પાસે બે કરોડ રૂપિયા છે. એક મોટા દીકરા પાસે એક કરોડ છે. એ સ્વીટઝરલેંડ રહે છે. બીજા દીકરા પાસે બે કરોડ છે. એ મુંબઈ રહે છે. એની પાસે પૈસા માંગે કે થોડા દે તો આ મંદિર ... આહાહા..! અરે..! ભગવાન! એ તો થવાનું હોય તે થશે અને નહિ થવાનું તે નહિ થાય. કોનાથી બને છે? પૈસાથી પણ મકાન બને છે એ વાત ખોટી છે. પૈસા ભિન્ન ચીજ છે, પરમાણુનું મકાન થયું એ ભિન્ન ચીજ છે. અનંતને અનંત ભિન્નરૂપે ન માને એની વ્યવહાર શ્રદ્ધાનું ઠેકાણું નથી. એઈ..! ન્યાલભાઈ! પરમસત્ય? ગિરનાર જાય ને સમેદશિખર જાય ને ન્યાંથી મળશે. મળે કયાં? એ તો શુભભાવ હોય તો લક્ષ જાય છે. એમાં ક્યાં ત્યાંથી મળે છે? કાંઈ અનુભવમાં આત્માની શાંતિ ત્યાં નથી. એમાં નથી, ઈ તો અહીંયાં છે. સમજાય છે કાંઈ? લાખ વાર સમેદશિખર જાય ને લાખ વાર શેત્રુંજય ઉપર ચડે તો આત્માનું સમ્યગ્દર્શન થાય છે. ત્રણ કાળ ત્રણ લોકમાં નહિ. એઈ..!

મુમુક્ષુ :- સમેદશિખર ન હોય ત્યાં ધર્મ જ ન થાય.

ઉત્તર :- થઈ રહ્યું. અરે..! ભગવાન! તને ખબર નથી. એ રાગ હો, એ ચીજ હો. એને કાળે થાય છે. એટલો સંબંધ જાણવાલાયક છે. પણ આત્માની અંદર દૃષ્ટિ શુદ્ધ ચૈતન્ય ભગવાનની દૃષ્ટિ અભેદ કર્યા વિના ત્રણ કાળમાં ધર્મની-સમ્યગ્દર્શનની શરૂઆત થતી નથી. ઈ કેવી છે, ઈ વાત કરશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ૐ

હું પરમાત્મા છું એમ નક્કી કર.
હું પરમાત્મા છું એમ નિર્ણય કર.
હું પરમાત્મા છું એમ અનુભવ કર.